1933 — 1933

(1)

યુવક પરિષદ્‌ની આવશ્યકતા (૧)

Reg. No. B. 2917
Tele. Add. 'Yuvaksangh'

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

છુટક નકલ ૧ આનો | વાર્ષિક રૂા. ૨-૮-૦ | શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર. | તંત્રી:—ચન્દ્રકાન્ત વી. મુતરીયા. | વર્ષ ૨ જું, અંક ૧૧ મો. | શનીવાર તા. ૭-૧-૧૯૩૩.

આપણી જવાબદારી.

આજની સમાજની પરિસ્થિતિ જોઇ કોને દુઃખ ન થાય? જેને સમાજની સ્થિતિનો વિચાર હોય, હિત હૈડે હોય, તેને પોતાનો સક્રિય ફાળો સમાજ અને ધર્મની ઉન્નતિ માટે આપવોજ જોઇએ. સમાજની આ પરિસ્થિતિનો અંત કઇ રીતે આવે એ સંબંધી શામાટે એકત્રિત થઇ આપણે વિચાર ન કરવો?

આપણે એવા જીવન અને મરણના પ્રસંગમાંથી પસાર થઇએ છીએ કે જે આપણું અસ્તિત્વ કાયમને માટે ભૂસાડી દેશે. આજે સમાજના દરેક અંગો પુનરૂત્થાન માંગે છે. સમાજનું સારૂંયે અંગ સડીગયું છે તેમાંથી લોહી સૂકાઇ ગયું છે. અને કેવળ હાડપિંજર બાકી રહ્યું છે. એ હાડપીંજરમાં લોહી અને માંસની આવશ્યકતા છે. સમાજના લોહીના તરસ્યાઓએ પણ સમજવું ઘટે કે હાડપીંજરમાંથી તેમને કશુંએ નહિ મળે, પરંતુ એ હાડપીંજરને પુનઃ પલ્લવીત બનાવશો, તેમાં લોહી અને માંસની ભરતી થાય તેવા પ્રયત્નો કરશો, તોજ ભવિષ્યમાં જેની તમને તરસ છે તે છીપાશે. હજુ હાડપીંજરમાં જ્યાંસુધી આત્મા છે, ત્યાંસુધી સમય હાથથી ગયો નથી, પરંતુ જ્યારે તેમાંથી આત્મા ઉડીજશે ત્યારે બાજી હાથમાંથી સરી જશે. આ બાબત ખૂબ સમજવી ઘટે.

સમાજને હવે એ જણાવવાની ભાગ્યેજ જરૂર છે કે તેના લોહીની તરસ કોને છે? જગત પણ સંપૂર્ણ સમજી ચૂકયું છે. કે જૈન સમાજની પડતીનું મૂળ કારણ કોણ છે? આ બધી પરિસ્થિતિ ખુલ્લી છતાં સહેજે એ પ્રશ્ન ઉદ્‌ભવે છે કે યુવકો જૈન કેમ છે? શું તેમનામાં ઉત્સાહ નથી? આત્મભોગ આપવાની ભાવના નથી? ધર્મ અને સમાજની ઉન્નતિની તમન્ના નથી? ના, તેવું કશું ય નથી. તેમાં વ્યવસ્થાની જ ફકત ઉણપ છે. આ વ્યવસ્થાની જો પૂરતી કરવામાં આવે તો યુવકોમાં બધું જ છે સમાજના સમગ્ર અંગોને સાફ કરવા માટે તેમની પાસે પૂરતી શકિત છે, એ શકિતનો અગર એ ઉપયોગ કરવાનો નિશ્ચય કરે તો સમાજની આ સ્થિતિ જરાયે ન ટકે. જગતના ઇતિહાસો એ પોકારી પોકારીને કહે છે કે અન્યાયો અને અત્યાચારો સામે હંમેશા યુવકો એજ માથું ઉચકયું છે, અને તેમાં તેણે સંપૂર્ણ સફળતા મેળવી છે, આજે મેળવી રહ્યા છે. અને ભવિષ્ય માટે વ્યૂહો રચાઇ રહ્યા છે, શામાટે આપણે તેમાંથી પ્રેરણા ન મેળવીએ? આપણે જો આ બાબતમાં શાંતિથી વિચાર કરીશું તો આપણને આપણી જવાબદારીનું ભાન થશે, આપણા કર્તવ્યની ઝાંખી થશે. આપણે યુવક તરીકે જીવવું હોય તો આપણું સંગઠન કરી રચનાત્મક કાર્યક્રમ અમલમાં લાવ્યેજ છુટકો છે. શું જૈન સમાજના યુવકો માટે આ બાબત અશકય છે? જોકે આપણી યુવક શકિત પણ અનેક વિભાગોમાં વિભકત છે, તેમાં પણ વિચાર ભેદ તો છેજ, પરંતુ એ વિચાર ભેદો પાછળ પ્રમાણિકતા છે, એટલે એ વિચાર ભેદોનો પ્રમાણિકતાથી આપણે નિકાલ લાવી શકીએ છીએ. કેવળ વિચાર ભેદને ખાતરજ આપણું સંગઠન પડી ભાંગે, આપણી શકિત વેડફાઇ જાય અને સમાજ અધોગતિ તરફ ધસડાય, એ કોઇપણ રીતે ઇચ્છવા યોગ્ય નથી. માટે કોઇપણ ભોગે આપણે યુવક શકિતને એકત્રિત કરી સમાજને અવનતિના પંજામાંથી છોડાવી ઉન્નતિના માર્ગ તરફ વાળવોજ જોઇએ, એ આપણી ફરજ છે.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર)

પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૭-૧-૩૩.

યુવક પરિષદની આવશ્યકતા.

(૧)

સંગઠ્ઠન એ એક એવો વિષય છે કે, તેનાથી ધાર્યું કાર્ય થઇ શકે છે. આપણી સ્હામે આપણે દરરોજ જોઇએ છીએ કે સુતરના એક બે કે ત્રણ તાંતણાં હોય તો આપણે આસાનીથી તોડી શકીએ છીએ. પણ જુદા જુદા તાંતણાં એકત્રીત થઇ મજબુત દોરડાના સ્વરૂપમાં દેખાય છે, ત્યારે તો મોટા મોટા બળવાનોને પણ એ દોરડાં તોડવાં અશક્ય જણાય છે. એટલું જ નહિ પણ તે દોરડાંથી કોઇને બંદીવાન બનાવવો હોય તો પણ ઉપયોગી નીવડે છે. તેમ એક જ માણસ કિંવા વ્યક્તિ કશું કરી શકિત નથી. સમૂહબળથી જે કાર્ય થાય છે તે જ કાર્ય ટકે છે, અને તે મક્કમ બને છે, જૈન સમાજનું જ્યારે સંગઠ્ઠન હતું, તે જ્યારે વ્યવસ્થિત હતો, ત્યારે તેના દરેક અંગો સુદ્રઢ અને મજબુત હતાં. એટલું જ નહિ પણ વ્યાપાર, હુન્નર, ઉદ્યોગ અને રાજકરણમાં તે અજોડ મનાતો, આજે પણ એ કહેવત સંભળાય છે કે "વાણીયા વગર રાવણનું રાજ્ય ગયું" આ લોકોક્તિ ખોટી નથી. વ્યાકરણ, ન્યાય, કાવ્ય, કોષ, નાટક, ચંપુ, અલંકાર, જ્યોતિષ, વૈદ્યક વગેરે વિષયો જૈન સમાજના બાળકો ભણતાં, તેમને ભણવાની ફરજ પાડવામાં આવતી હતી, અને ત્યાર પછી હુન્નર, ઉદ્યોગ અને રાજકરણનું જ્ઞાન આપવામાં આવતું હતું, શસ્ત્રવિદ્યા પણ શીખવાતી હતી. આ બધા વિષયોમાં નિષ્ણાત થયા પછી જ લગ્ન કરાતાં, એટલે શરીર પણ સુદ્રઢ રહેતાં, વ્યાયામ પણ ચાલુ જ હતો, આવા યુવકોથી સુશોભિત બનેલ સમાજ તે વખતે કેટલો ઉન્નત હશે! એ કલ્પનામાં પણ આવી શકતું નથી. ત્યારે આજની સ્થિતિનો જરા વિચાર કરી લઇએ.

પ્રથમ તો આજે આપણે સંગઠ્ઠિત નથી, અંદર અંદરના ઝઘડાઓને લઇને આપણી શક્તિ ક્ષીણ થઇ ગઇ છે. આપણા ધાર્મિક તેમ જ સામાજીક ખાતાઓ આપણી તકરારને અંગે સડાઈ રહ્યાં છે, એટલું જ નહિ પણ બેકારીનો બાહુ આપણી સ્હામે એટલો મજબુત ખડો છે કે આપણે આપણી આજીવિકાની પણ ચિંતા થઈ પડી છે, તેમાં આપણે આપણા બાળકોને જેને કેળવણી કહેવામાં આવે છે તે કઈ રીતે આપી શકીએ? કદાચ તેને સ્કૂલમાં બેસાડીએ તો, ત્યાં ગુલામી માનસ સિવાય બીજી કશી કેળવણી મળી શકે તેમ નથી. એટલે ગુલામી માનસમાં ઉછરેલ યુવાન સમાજનું શું ભલું કરી શકવાનો હતો? સંઘ સત્તા નિષ્ફળ નિવડી છે, આપણા પવિત્ર તીર્થો ઉપર બીજા લોકો આક્રમણ કરી રહ્યા છે, સાહિત્ય ઉપર પણ ઘણા આક્ષેપો થયા છે, અમુક અમુક મન્દિરોનાં વિપુલ દેવદ્રવ્યનો બીજાઓ પોતાના અંગત સ્વાર્થમાં ઉપયોગ કરી રહ્યા છે, જ્યારે કેટલાક મન્દિરો પૈસાના અભાવે બીલકુલ વ્યવસ્થિત નથી. ખૂબ આશાતના થઇ રહી છે, કેટલાએ અપ્રસિદ્ધ ગ્રંથો કે જે આપણા પૂર્વજોનો વારસો છે, તે ભંડારોમાં સડી રહ્યાં છે, છતી સંપતીએ સંપતી છીનવાઈ રહી છે, અને દેવ, ગુરૂ અને ધર્મ ઉપર આજે આક્રમણ થઈ રહ્યું છે, આમાં જરાયે અતિશયોક્તિ નથી. બાળલગ્ન અને વૃધ્ધલગ્ન દિન પ્રતિદિન વધતાં જ જાય છે. આ બધી બાબતો આજે સમાજનું જીવન ચૂસી રહી છે. શું આ સ્થિતિ આપણને સાલતી નથી? આ બધાનું કારણ આપણે શા માટે શોધી ન કાઢવું?

આ પરિસ્થિતિનો અંત લાવવા આપણે માંગતા હોઇએ તો આપણે સંગઠ્ઠિત થઇ જવું જોઇએ, પૂર્વની પદ્ધતિ અત્યારે સાનુકૂળ ન હોય તો અત્યારની પદ્ધતિએ પણ આપણું બંધારણ ઘડી કાઢવું જ જોઇએ.

સમાજમાં સુધારક સંસ્થાઓ લગભગ સો સવાસો હશે. સુધારક વિચાર ધરાવનારની સંખ્યા પણ લાખોની હશે છતાં સુધારા કેમ અમલમાં આવતા નથી? એ એક અણઉકેલ કોયડો છે. આ કોયડાનો ઉકેલ કર્યે જ છૂટકો છે, સુધારક દરેક સંસ્થાઓ ઉપર અત્યારે મહાન જવાબદારીઓ રહેલી છે. તેમણે એ જવાબદારીને સંપૂર્ણપણે અદા કરવી જ જોઇએ. સુધારક પક્ષની જેટલી સંસ્થાઓ છે તે એકત્રિત થાય તો સમાજ પાછો પોતાના પૂર્વસ્થાનમાં આવી જાય, તેની નષ્ટ થએલ જાહોજલાલીનાં પુનઃ દર્શન કરી શકાએ. પણ તેમ કરવા માટે આપણે પ્રયત્નશીલ બનવું જોઇએ. જુદા જુદા ગામના લગભગ લાગવગવાળા પચ્ચીશેક વકરે મળી જાય તો આ કાર્યનો પ્રારંભ થઈ શકે. શું આટલા કાર્યકર્તાઓ જૈન સમાજમાંથી ન મળી શકે? સમાજની આ સ્થિતિ માટે ઘેર ઘેર જઇ લોકમત કેળવવાની જરૂર છે, અને તે માટે પેપર અને પ્લેટફોર્મ બંધ કરવાં પડશે, તેમાં કાર્યકર્તાઓ અને નાણાં એ બન્નેની જરૂર છે. કાર્યકર્તાઓ હશે તો નાણાંનો ટોટો નથી. એટલે આપણે કાર્યકર્તાઓને શોધવો રહ્યો, શું જૈન સમાજમાં આત્મભોગી પચ્ચીશ યુવાનો ન નીકળી શકે?

આજે જગતમાં શું ચાલી રહ્યું છે, યુવાન શક્તિ શું કાર્ય કરી રહી છે, ધર્મ, દેશ અને સમાજ માટે મરી ફીટનાર યુવકો જ હોય છે. જે સમાજ ધર્મ કિંવા રાષ્ટ્ર ઉન્નત દેખાતા હોય તો તેના યુવકોના ભોગ અને સંગઠ્ઠનને આભારી છે. આપણે પણ જો ભોગ આપવાનો નિર્ધાર કરી લઇએ. આપણું સંગઠ્ઠન બળ જમાવીએ તો આપણે માટે પણ ઉન્નતિ અશક્ય નથી. આપણે આપણી ઉન્નતિ સાધી ન શકતા હોઇએ તો આપણામાં આત્મભોગ આપવાની તાકાત નથી. એમ નથી, પરંતુ સંગઠ્ઠન નથી, એ છે. એટલે આપણે એક જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક યુવક પરિષદ ભરવી જ જોઇએ, અને તેમાં સામાન્યતઃ જે રીતે આપણે એક વિચાર ઉપર આવી શકીએ તેવો ઠરાવ ગ્રહણ કરી, તેને અમલમાં મૂકવા પ્રયત્ન કરવો આવશ્યક છે, પરિષદ ક્યાં ભરવી, કઈ રીતે કાર્ય લેવું, એ વગેરે બાબતો આવતે અંકે વિચારીશું.

સ્વીકાર અને સમાલોચના.

મુંબઇનું ચતુર્માસ:—સંગ્રાહક અને પ્રકાશક લાલજી કેશવજી શાહ. વન્દ્રાવન મદનજી શાહ, રણછોડલાલ છોટાલાલ શાહ અને દુર્લભદાસ ઝવેરચંદ શાહ. ઠે-કોટ મુંબઇ.

સં. ૧૯૮૭ ની સાલમાં મુનિરાજ શ્રી ન્યાયવિજયજીએ મુંબઇ કોટમા ચાતુર્માસ કર્યું હતું. તે પ્રસંગે તેમણે આપેલ વ્યાખ્યાનોનો આમાં સંગ્રહ છે, તે સિવાય બીજી પણ કેટલીક બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે, ઉપરોક્ત મુનિશ્રી જૈન સમાજમાં એક ક્રાન્તિકારક તરિકે પંકાયા છે, તેમણે સમાજમાં ક્રાન્તિની ચીનગારીઓ અનેક વખત મૂકી છે, મુંબઇના ચાતુર્માસ દરમ્યાન તેમણે સમાજને ખૂબ સણાવી છે, એકંદર પુસ્તક સંગ્રહવા લાયક છે.

ધર્મોપદેશ:—સંગ્રહ કરનાર રાવબહાદુર ગોવિંદભાઇ હાથીભાઇ દેશાઇ, બી. એ. એલ. એલ. બી. નાયબ દિવાન (નિવૃત્ત) વડોદરા રાજ્ય. પ્રસિદ્ધ કર્તા પુસ્તકાલય સહાયક—સહકારી મંડળ લીમીટેડ, વડોદરા. કિમ્મત બાર આના.

શ્રી હેમચંદ્રાચાર્ય કૃત ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાંથી કેટલાક ઉતારા તારવવામાં આવ્યા હતા તેનો આ સંગ્રહ છે. પુસ્તક ઘણું જ મનનીય છે. રાવબહાદુર ગોવિન્દભાઇએ આવો સંગ્રહ બહાર પાડી જૈન સમાજ ઉપર નહિ પરંતુ સમગ્ર જનતા ઉપર મહાન્ ઉપકાર કર્યો છે.

સામાજીક ભડકા:—યાને સંસારની આંટીઘુંટી. લેખક શ્રી પદ્મકુમાર, પ્રકાશક શ્રી સ્થંભતીર્થ જૈન મંડળ, મુંબઇ.

રા. પદ્મકુમાર એક પીઢ લેખક છે, સમાજની પરિસ્થિતિનો તેમને અચ્છો ખ્યાલ છે. આજની સમાજની પરિસ્થિતિ શું છે, તે સંબંધી લેખકે સામાજીક ભડકાદ્વારા ખૂબ જણાવી છે. વસ્તુ સંકલના ઘણી સરસ રીતે થયેલ છે, જો કે આ એક કાલ્પનીક નોવેલના રૂપમાં રજુ કરવામાં આવેલ છે. છતાં પ્રાસંગિક વિવેચનોમાં લેખકે કમાલ કરી છે. પ્રણાલિકાવાદ અને રૂઢીચુસ્તતા આપણા સમાજમાં એટલી જડ ઘાલીને રહી છે કે તે વિભાગના કાર્યકર્તાઓને તે સહામે બળવો ઉઠાવવા કેટલી જહેમત ઉઠાવવી પડે છે અને કેવા સંયોગોમાં મૂકાવવું પડે છે, એ બહુ સરસ રીતે બતાવાયું છે, એટલે સામાજીક દૃષ્ટિએ આ નોવેલ અજોડ છે. આર્થે સ્થંભતીર્થ મંડળ અને ચૈત્ય. વ્ય. કમીટિનો સં. ૧૯૮૫-૮૬-૮૭ નો રિપોર્ટ પણ છે.

પર્યૂષણ પર્વના વ્યાખ્યાનો:—પ્રકાશક શ્રી જૈન યુવક સંઘ. ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટ મુંબઇ નં. ૩ કિમ્મત છ આના.

હમણાં હમણાં પર્યૂષણ પર્વમાં ચાલતા કલ્પસૂત્રના, વ્યાખ્યાનોથી સંતોષ ન પામી કેટલાક વિચારકોએ, અમદાવાદમાં બે વર્ષથી "પર્યૂષણ વ્યાખ્યાનમાળા" શરૂ કરી છે, આ વખતે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી પંડિત સુખલાલજીને આમંત્રણ મળતાં આ વર્ષે મુંબઇમાં પર્યૂષણ વ્યાખ્યાનમાળા ચાલુ થઈ હતી. તેમાં જુદા જુદા વિચારકો, વિદ્વાનો, પુરાતત્ત્વવેત્તાઓ અને અધ્યાત્મવાદીઓ દ્વારા વ્યાખ્યાન શ્રેણી નક્કી કરી હતી. ખાસ કરીને પંડિત દરબારી લાલજી, પંડિત સુખલાલજી વગેરે વિદ્વાનોએ જીજ્ઞાસુઓની વૃત્તિઓને પોષવા ઠીક જહેમત ઉઠાવી છે. વ્યાખ્યાનો બધા વિચારણીય, નૂતન અને તુલનાત્મક દૃષ્ટિથી થયેલ છે. એટલે વ્યાખ્યાનમાળા સંગ્રહવા લાયક છે.

અમદાવાદના.....અવનવા.

મોહનસૂરિના ભૂતપૂર્વ ભક્તના માનસમાં પરિવર્તન થવાથી સૂરિજી અમદાવાદ આવે એ પોતાને સંપૂર્ણ અરૂચિકર હોવાનો જહેમણે સૂરિજીને સ્પષ્ટ પત્ર લખી નાંખ્યાથી. સૂરિજીએ પોતાના એક પંડિતને અમદાવાદ મોકલેલ છે. જે અહિં નાગજી ભૂધરની પોળમાં ઉતરેલ છે. તેહેણે ગમેતેમ કરીને સૂરિજીને બોલાવવા અને રાખવા ત્રણ ચાર અનુરાગી ભક્તોને અત્યંત આગ્રહ કરવા માંડયો છે. આ પ્રમાણે 'માન ન માન મેં તેરા મહેમાન' વાળી સૂરિજીની મનોવૃત્તિ ક્યાંસુધી સફળ નીવડે છે તે જોવાનું રહે છે હાલતો તેહેમના એક વખતના મહાન ભક્તોમાં પણ સૂરિજી માટે અપૂર્વ સંક્રોચવૃત્તિ જોવું હોય એમ સ્પષ્ટ દેખાય છે. (૨) વીરચંદ દીપચંદ લાયબ્રેરીનો ગયા માસમાં આસરે અઢારસે વાંચકોએ લાભ લીધો હતો. (૩) સમેત શિખર સ્પેશ્રીયલ તા. ૧૮ મીએ નિકળનાર છે. મજકુર ટ્રેઇનમાં ત્રીજવર્ગના યાત્રિકો માટે વ્યવસ્થા થઇ શકશે. એમ જણાય છે. (૪) શ્રી જીવદયા પ્રચારિણી મહાસભાના ઉપદેશકોના ઉપદેશને પ્રભાવે છોટા ઉદેપુરના કેટલાક અજૈન ભાઇઓએ જીવનપર્યંત સપ્તવ્યસન ત્યાગની બાધાઓ લીધી છે. (૫) યંગમેન્સ જૈન સોસાયટી વાળાઓએ ધર્મના નામે અનેક ભયંકરમાં ભયંકર ઘોર અધર્મી કપટપ્રપંચો આચરેલ છે. એવી કેટલાક સભ્યોને નિરતિશય પ્રતીતિ થવાથી જહેમણે સોસાયટીવાળાઓની અનીતિ અને અધર્મ આચરણો સામે વિરોધ તરીકે સોસાઇટીમાંથી રાજીનામાં આપ્યાં છે. સોસાયટીના કાર્યકર્તાઓએ મજકુર રાજીનામાઓના સંબંધમાં કેમ મૈન સેવ્યું છે? એમ જણાય છે કે સોસાયટી વાળાઓ વચ્ચે અંદર અંદર ખૂબ સળગી છે. તેથી રાજીનામાઓને લગતી સવિસ્તર હકીકત થોડાજ સમયમાં નિઃસંશય બહાર આવશે. એમ જણાય છે. સોસાયટી બાઇનાં ઘણાં પાપો પીપળે ચઢી પ્રકાશી નિકળ્યાં છે. એ સ્થિતિમાં તેનાથી છુટા-છેડા કરનાર ભાઇઓએ સોસાયટી રૂપી રાક્ષસીના પાપના ઘડાઓનું બને તેટલું સ્ફોટન કરવું. એ પુણ્યમાર્ગ છે એ સમાજનો કલ્યાણકારી આત્મધર્મ છે. અને બુદ્ધિપૂર્વક સમજી લઈ તે પ્રમાણે સત્વર વર્તન કરવું. એ જહેમને માટે અત્યંત ઇષ્ટ છે. ધર્મોથી અનેક પાપકર્મો આચરનાર અને પ્રપંચો ચલાવનાર સોસાયટીને તેના અસલ સ્વરૂપમાં જગજાહેર કરવી જોઇએ. જેણે સમાજના ઘેર ઘેર દાવાનળ સળગાવ્યો છે. નિકટના આપ્ત જનોમાં પણ ખટરાગ ઉત્પન્ન કરી અધિકાર પોકરાવ્યો છે. જેણે ધર્મના નામે લાખોનું પાણી કર્યું છે. એવી ઘોર કાર્ય આચરનારી સંસ્થા હવે થોડા દિવસમાં જ જડમૂળથી ઉચકાઇ જવી જોઇએ. જહેનું નાસ્તિત્વ એ જૈનો માટે ખરો કલ્યાણકારી માર્ગ છે. જહેની પ્રવૃત્તિઓ કોઇપણ રીતે અટકી પડે તેવા પ્રયત્નો થવા જરૂરી છે સંભળાય છે કે આર્થિક પરિસ્થિતિને અભાવે સોસાયટીનું કાર્ય વિકટ પ્રસંગોમાંથી પસાર થઈ રહ્યું છે. આ કાર્ય કાયરાતે બંધ કરવું તે સંબંધમાં તેના આગેવાનો વિચારો રહ્યા છે.

—અખબારપત્રો.

ચોપડીઓ આવી ગઈ છે.

પજુસણ વ્યાખ્યાન માળાની ચોપડીઓ છપાઇને આવી ગઇ છે. ગ્રાહકોએ યુવક સંઘની ઓફીસમાંથી લઇ જવા મહેરબાની કરવી

જૈન જગત્.

ખડનગરઃ–(માળવા) વ્યાખ્યાનવાચસ્પતિ મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજ અત્રે પધારતાં જૈન તેમ જ જૈનેતર વર્ગમાં સારો ઉત્સાહ વ્યાપ્યો, મહારાજશ્રીએ અહિં લગભગ દશેક જાહેર ભાષણો આપી ખડનગરની જનતાને ઘેલી કરી મૂકી છે. ખડનગરની જાહેર જનતા તરફથી તેમને માનપત્ર આપવામાં આવ્યું. કેટલાક સ્ત્રીપુરૂષોએ બ્રહ્મચર્ય અને બારવ્રતો ગ્રહણ કર્યાં. ખાસ કરીને અહિં લગભગ દશેક વર્ષથી તપાગચ્છમાં બે તડાંઓ હતાં તે મહારાજના પ્રયાસથી એક થયાં, આથી સંઘમાં અપૂર્વ ઉત્સાહ પ્રગટયો હતો ત્યાંથી મુનિશ્રી બદનાવર પધાર્યા છે.

રાજકોટઃ–શાંતમૂર્તિ મુનિરાજ શ્રી જયન્તવિજયજી મહારાજ આદિઠાણા ત્રણ રાજકોટથી કાર્તિક વદી ૭ ના વિહાર કરતાં આખોયે સંઘ તેમની શાન્તિ પ્રિયતાની કદર કરી વળાવવા ગયો હતો, કેટલાક રાજ્યાધિકારીઓ પણ મહારાજશ્રીના દર્શનાર્થે પધાર્યા હતાં, મહારાજશ્રીને રાજકોટ રોકવાની સંઘે ઘણી વિનંતિ કરી હતી, પરંતુ મહારાજશ્રીને પાલીતાણા જવાનું હોવાથી સંઘની વિનંતિ સાદર માન્ય કરી નથી ત્યાંથી મહારાજશ્રી ગારિયાધાર, પરવડી, સરધાર વિગેરે સ્થળે થઈ પાલીતાણા માગશર વદી ૧૧ ને શુક્રવારે પધાર્યા છે. ઓશવાળ જ્ઞાતિ તરફથી મુનિરાજશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મહારાજશ્રીએ અમરચંદ જસરાજ વોરાની ધર્મશાળામાં મુકામ કર્યો છે.

ગૌતમપુરાઃ–(માળવા) અહિં એક દક્ષિણી બ્રહ્મચારીએ અતિરૂદ્ર નામનો યજ્ઞ કર્યો હતો, તેમાં મુનિશ્રી વિદ્યાવિજયજીના શિષ્ય ન્યાય, સાહિત્યતીર્થ, મુનિશ્રી હિમાંશુવિજયજીએ બે જાહેર ભાષણો આપ્યાં હતાં. આ યજ્ઞમાં લગભગ બહારથી પાંત્રીસ હજાર માણસ આવ્યું હતું, તેમાં અનેક વિદ્વાનો પણ હતા. આવા મોકાના સ્થળે એક જૈન મુનિ વ્યાખ્યાન આપે એ નજીવી બાબત નથી, સદીઓ પહેલાં આવા કિસ્સાઓ બનતા પણ વીસમી સદીમાં તો આ પહેલો જ કિસ્સો છે. મુનિશ્રીના વ્યાખ્યાનથી જનતા ઉપર સારો પ્રભાવ પડયો હતો, અને યજ્ઞના આચાર્યે મુનિશ્રીનો ઉપકાર માન્યો હતો.

ભરૂચઃ–વેજલપુરમાં ઓચ્છવને આંગે ખંભાતથી વિજયલબ્ધિસૂરિ પોતાના સૈન્ય સહિત આવવાના છે એ વાત સાંભળી અહિંના સંઘમાં વિસ્મયતા ફેલાઇ છે, તેઓનું અહિં સ્વાગત ન થાય તે માટે પ્રયત્ન થઈ રહ્યા છે, કેટલાક લોકોનાં ભડકતો ઓટો આડંબર કરી સંઘના નામથી સ્વાગત કરવાની તૈયારી કરી રહ્યા છે, તે માટે સંઘે એક ઠરાવ કરવાની જરૂર છે કે "સંઘની સમ્મતિ વગર મહારાજશ્રીનું કોઇએ સામૈયું કરવું નહિ" છતાં પણ કોઇ સંઘ ઉપરવટ થઇને સામૈયું કરશે તો સંઘનો તે ગુન્હેગાર ગણાશે."

શ્રીમાન શેઠ ગોરધનદાસ કરશનદાસ તરફથી મહા શુદિમાં ઓત્સવો કરવાની વાત બહાર આવી છે, કયા આચાર્યના સાનિધ્યમાં એ થશે એ નક્કી નથી, તિલકશ્રી સાધ્વી અત્રે આવ્યાં હતાં, તેમણે સુરતની કોઈ યુવાન બાળાને એક દિવસ અને રાત અટકાવી હતી. સુરતની સી. આઇ. ડી. તથા અત્રેની પોલીસે છોકરીનો કબજો મેળવી, સુરત રવાના કરી દીધી છે. શિકાર હાથમાંથી ગયો જાણી તિલકશ્રી સાધ્વી વિહાર કરી ગયાં છે.

ઝઘડીઆ સંઘનો મનાઇ હુકમઃ–પં. ભક્તિવિજયજી અત્રે એક બાળકને દીક્ષા આપવાના હતા, પરંતુ અત્રેના સંઘના મનાઇ હુકમથી છોકરાને ગુમાનદેવ રવાના કરી દીધો છે, ત્યાંથી કયાં ગયો, તેની ખબર નથી. મહારાજશ્રી સુરત મહોત્સવ હોવાથી સુરત જવાના છે. છોકરાની જોડે જેને લાગતું વળગતું હોય તે તપાસ કરશે તો જરૂર પત્તો મળશે.

કચ્છી વીશા ઓશવાળ મિત્રમંડળઃ–ના પ્રમુખ વીરજી પાલણ નાગડા લખી જણાવે છે કે આ મિત્રમંડળની સ્થાપના ગયા અષાઢ માસમાં થઇ. તેનો ઉદ્દેશ કુરૂઢીઓને હાંકી કાઢવાનો છે. એટલે તાજેતરમાં થતાં વૃદ્ધ લગ્નોને અટકાયત કરવાનું કામ મંડળે હાથ ધર્યું. પ્રથમ કચ્છના આગેવાનોને અપીલ કરવામાં આવી, કાગળો અને તારો કર્યા, કશો જવાબ મળ્યો નહિ, પરંતુ અમારા મંડળ વિરૂદ્ધ ભોળી પ્રજાને ઉશ્કેરી મૂકી. જો કે આ મંડળનો ઉદ્દેશ આગેવાનો સાથે રહી કામ કરવાનો હતો કારણ કે ન્યાતને ચોપડે કન્યાવિક્રય ન કરવો "વૃધ્ધ લગ્ન ન કરવું" એ ઠરાવો મોજુદ છે, આ ઠરાવોનો અમલ આગેવાનો કરાવી શકયા નથી, એટલે તેનો અમલ કરાવવા યુવકો અને વૃધ્ધો એકત્ર થાય તો શકિતશાળી બને, પરંતુ વૃધ્ધોને આ ન ગમ્યું, એટલે આવી રૂઢી રાક્ષસીઓને નાબુદ કરવા માટે કોર્ટનો આશ્રય લેવાની જરૂર પડી, અને તેમાં સફળતા મળી, કચ્છની કોર્ટો તરફથી કેટલાક પરણનારાઓ અને કન્યાઓના વાલી પ્રત્યે લગ્ન નહિ કરવાના મનાઇ હુકમ છુટયા છે, એટલે હાલ તુરત તો લગ્ન થતાં અટકયાં છે, પરંતુ વૃધ્ધો આ બાબત સહન નહિ કરે એમ માનવાને કારણ છે. સાંભળવા પ્રમાણે કેટલાક આગેવાનોએ વૃદ્ધ વરરાજાઓની બ્રીફ ઉઠાવી લીધી છે, આથી સર્વે ભાઇઓ તથા બહેનોને મારી એટલી જ અરજ છે કે જે કાર્ય મંડળે ઉપાડી લીધું છે તે પરણનારાઓ પ્રત્યે દ્વેષભાવથી નહિ પણ સમાજના ભલા ખાતર આ કામ ઉપાડયું છે. શરૂઆતમાં તો આ કાર્ય માટે એક નાનું ફંડ ઉભું કર્યું હતું, પણ તે બધું ખર્ચાઇ ગયું છે કોર્ટોમાં કેસો ચાલુ જ છે, એટલે ખર્ચ પણ થવાનું. આ પરિસ્થિતિ માટે અમે આપ જનતા તરફ ખૂબ આશા રાખીએ છીએ, આવા કાર્ય નાણાના અભાવે બંધ ન થવાં જોઇએ. અમને આશાછે કે સમાજ હિતેચ્છુઓ અમારા ઉત્સાહને વધાવી અમારી અપીલ તરફ ધ્યાન આપશે.

અમારૂ ઠેકાણું:–૩૦૯/૧૧ હુંગરી સ્ટ્રીટ મુંબઈ નં ૩.

તા. કચ્છથી હમણાં સમાચાર મળ્યા છે કે ના. માંડવી કોર્ટે બંન્ને જવાબદારો પાસેથી મનાઇ હુકમનો ભંગ ન થાય તે માટે દોરી એક એક હજારના જામીન લીધા છે.

મુંબઇઃ–કોટથી શ્રી જૈન મિત્ર સભા તરફથી તેમના મંત્રી શ્રીયુત વન્દ્રાવન મદનજી લખી જણાવે છે કે, આ સભાના બત્રીશમાં વાર્ષિક મહોત્સવની ખુશાલીમાં સં. ૧૯૮૯ ના પોષ શુદ ૧૨ ને રવીવારે તા૦ ૮-૧-૩૩ ના દિને કોટ શ્રી શાન્તિનાથજી મહારાજના દેરાસરમાં સવારના આઠ વાગે પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવશે તથા રાત્રે આંગીરચાશે. રાત્રીના સાડા સાત વાગે નીચેના ઉપાશ્રયમાં આ સભાની જનરલ મીટીંગ મળશે, જે વખતે નીચે મુજબ કાર્ય રજુ કરવામાં આવશે.

૧. આ સભાનો સં. ૧૯૮૮ ની સાલનો આવક જાવકનો હિસાબ, સરવૈયું તથા કમીટિનો રિપોર્ટ પાસ કરવા ૮૯ ની સાલ માટે મેનેજીંગ કમીટિ અને ઓડીટરની નીમણુંક કરવામાં આવશે. આ સિવાય પ્રમુખ તરફથી અગત્યનું કાર્ય રજુ કરવામાં આવશે. ત્યાર બાદ પ્રભુ સ્તવનાદિ રાગરાગણીમાં ગાવામાં આવશે, આ પ્રસંગનો લાભ લેવા સર્વ ભાઇઓને વિનંતિ કરવામાં આવે છે.

ભેદી પત્રો.

સાગરજીની હદ વગરની બીરૂદાવલી ગાનાર, તેમની ક્રિયાઓ અંગે વર્તમાનપત્રમાં બનતું કરવા ખડેપગે ઉભા રહેનાર, તેમની આજ્ઞાનુસાર હેન્ડબીલો મોકલનાર, મુંબઈ સમાચારના રીપોર્ટર, તટસ્થતાનો દંભ સેવનાર, મેસમેરીઝમના જાણકાર, ઘડીયાળીની અટકથી ઓળખાતા મી. સાકળચંદ માણેકચંદે સાગરાનંદ ઉપર લખેલા કાગળોઃ—

(૮)

મુંબઈ, ૩.

તા. ૧૫-૪-૧૮

સ્વસ્તિશ્રી પાર્શ્વજિન પ્રણમ્ય શ્રી સુરત બંદરે પંચ મહાવ્રતધારી, ત્રણ ગુપ્તિવાળા, પાંચ સમિતીવાળા, છકાયના રક્ષક, આઠ મદના ટાલણહાર. નવવાડ વિશુદ્ધ બ્રહ્મચર્યના પાલણહાર, દશવિધ, યતિ ધર્મના પાળનાર, સત્તર ભેદ સંયમના પાલણહાર, સૂર્યનીપેરે તેજસ્વી, ચંદ્રની માફક શીતળ. રત્નાકરની પેરે ગંભીર કંચન, કામીનીના ત્યાગી, મહાવૈરાગી, સમકિતસંગી, વિવિધ ભંગે વ્રતધારક, શુદ્ધ દયાધર્મ પ્રતિપાલક, જીન શાસન પ્રભાવક વિનય મૂળધર્મ આરાધક મહાશાંત, દાન્ત, વિશુદ્ધ જ્ઞાન ધ્યાન ચારિત્રમય શુદ્ધ સ્યાદ્વાદ માર્ગ વહન કરવામાં ધૂરંધર ધોરી સમાન એવા અનેક શુભ ગુણાલંકૃત શ્રી શ્રી શ્રી ૧૦૦૮ આચાર્યશ્રી આનંદ સાગરજી મહારાજના પાદ કમળમાં, યોગ્ય શ્રી મુંબઇથી લી. સાકરચંદ માણેકચંદ ઘડીયાલીની વંદણા ૧૦૦૮ વાર અવધારશોજી.

બીજું હું આપશ્રીના દર્શન અર્થે સુરતમાં આવ્યો હતો તે વખતે આપશ્રી સાથે "ગુજરાતી"ની ભેટની ચોપડી સંબંધમાં કેટલીક વાતચીત થઇ હતી. તે સંબંધમાં આપશ્રી તરફથી કાંઇ તજવીજ થઇ હોય તો લખશોજી, કે જેથી મારાથી બનતી સેવા હું પણ કરી શકું.

બીજું વૈશાખ માસમાં જે ક્રિયાઓ વગરે થનાર છે તે

(૯)

પારસી ગલી, મીરઝા સ્ટ્રીટ, મુંબઇ.

આચાર્ય મુનિરાજ શ્રી ૧૦૦૮ શ્રી સાગરાનંદ સુરીશ્વરજી ની સેવામાં

જત અત્રે સઘળા કુશળ છે. આપની આજ્ઞાનુસાર કેટલાક હેન્ડબીલો મોકલ્યાં છે. તે સંભાળી લેશોજી.

માણેકજી પારસીને દિક્ષા અપાઈ નથી એવી ખબર મળી છે કેમકે સંઘે સખ્ત વાંધો ઉઠાવ્યો હતો હાલ એજ ધર્મસેવા ફરમાવશો.

લી

સાકરચંદ માણેકચંદ ઘડીયાળીની.

૧૦૮ વાર વંદણા

સંબંધમાં, વર્તમાન પત્રો વિગેરેમાં મારાથી બનતી દરેક સેવા કરવા હું તૈયાર છું, તો તે સંબંધમાં જે કાંઇ કામકાજ હોય તે સત્વર લખશોજી.

આપ તથા સર્વશિષ્યવર્ગ સાતામાં હશો સર્વને મારી વંદણા.

મારા સરખી સેવા ફરમાવશોજી.

લી૦

સાકરચંદ માણેકચંદ ઘડીયાલીની

૧૦૦૮ વાર વંદણા.

ઉદ્દેશ ઉપર અંધકાર.

કાર્યવાહકો અજવાળું પાડશે?

લેખકઃ-**મહાસુખભાઇ ચુનીલાલ-વીસનગર.**

જૈન સમાજમાં રૂઢીચુસ્તોની "**ધી યંગમેન્સ જૈન સોસાયટી**" નામની સંસ્થા સ્થપાએલી છે, જે શાસનપ્રેમી અને ધર્મી તરીકે પોતાને ઓળખાવે છે. તે સંસ્થાના ઉદ્દેશની ચોથી કલમ નીચે પ્રમાણે છેઃ—

"કોઇ પણ સાધુ કે સાધ્વીપરના આક્ષેપો જાત તપાસથી કે પત્ર વ્યવહારદ્વારા ખાત્રી કર્યા વિના સાચા માનવા નહિ, અને તે આક્ષેપો સત્ય જણાયે પણ તેમની જાહેર પત્રોદ્વારા વગોવણી કરવા કરતાં તેમને ખાનગી રીતે સમજાવવા પ્રયત્ન કરવો, અને તે પ્રયત્નોમાં નિષ્ફળ ગયે મુખ્ય કાર્યાલયને ખબર આપવી. (નોટમાં) નં. ૪ તા સિદ્ધાંતમાં સત્ય શિવા દયાવવાનો સંસ્થાનો આશય નથી."

આ પ્રમાણે ઉદ્દેશ જાહેર પાડેલો છે, આ સંસ્થાના અગ્રગણ્ય સંચાલક શ્રી ચીમનલાલ કેશવલાલ કડીઆ છે. (જે એક વખત પક્કા સુધારક હતા, અને હૃદય પલટો થવાથી કેટલાક વખતથી રૂઢીચુસ્ત અને શાસનપ્રેમી થયા છે, એમ તે જાહેર નિવેદનમાં જણાવે છે.) તે સંસ્થાનું મુખપત્ર "સોસાયટી સમાચાર" નીકળે છે તેના તે તંત્રી છે. એટલે સંસ્થાની નૌકાનું સુકાન તેમના હાથમાં છે તેથી તેમની પાસેથી ખુલાસો મેળવવો યોગ્ય ધારી તે ઉદ્દેશ સંબંધી નીચે પ્રમાણે ખુલાસો માગું છુંઃ—

(૧) કોઇ પણ સાધુ કે સાધ્વીપરના આક્ષેપો આપની જાણમાં આવ્યા છે?

(૨) આવ્યા હોય તો જાત તપાસથી કે પત્રદ્વારા ખાત્રી કરી છે?

(૩) જેની જેની ખાત્રી થઇ હોય તે સાચા માન્યા છે?

(૪) સાચા માન્યા હોય તો ખાનગી રીતે સમજાવવા પ્રયત્ન કર્યો છે?

(૫) પ્રયત્નમાં નિષ્ફળ ગયા હો તો મુખ્ય કાર્યાલયને ખબર આપવામાં આવી છે?

(૬) ખબર આપવામાં આવી હોય તો તેનું શું પરિણામ આવ્યું?

(૭) પ્રયત્નમાં સફળ નિવડ્યા હો તો તે બાબત શું પગલાં ભર્યાં?

(૮) જાહેર વર્તમાન પત્રોમાં જે બિનાઓ પ્રગટ થાય છે તે સંબંધી તપાસ કરી છે? તપાસ કરી હોય તો તે કેવા પ્રકારની તે જણાવશો?

ઉચ્ચ કેળવણી પામેલ વર્ગની સમાજહિત પ્રત્યે ક્રૂર બેદરકારી.

— એક આશા ચિન્હ — "નાનાલાલ દોશી."

વર્તમાન પરિસ્થિતિ.

આજે જેના જેના હસ્તકમાં જૈન સંસ્થાઓનું સુકાનીપણું સોંપાએલું છે, તેઓની એક મોટી ફરીયાદ એછે કે જૈન પ્રજાએ જે જે પૈસો ઉચ્ચ કેળવણી પાછળ ખર્ચ્યો છે તેનો સમાજને યોગ્ય બદલો મળ્યો નથી. આ ફરીયાદ તદ્દન અસ્થાને તો નથી જ પરંતુ વધારે અતિશયોક્તિ ભરેલી તો છે જ! તેમજ આ ફરીયાદ સામે બે અગત્યની દલીલો પણ મૂકી શકાય તેમ છે. ૧ એકતો આપણો વર્ગ બહુજ થોડા વખતથી કેળવણી પામવા માંડ્યો છે અને દરેક વ્યક્તિ પગભર ન થઇશકે ત્યાંસુધી તેની પાસેથી બહુ આશા તાત્કાલીક નજ રાખી શકાય ૨. અને બીજી દલીલ એ છે કે એક બાજુ આજના રૂઢીચુસ્ત વર્ગને દરેક પળે નમતું આપવું અનીશ્કે તેમ નથી અને જ્યારે કોઇ નીડરતા પૂર્વક તેમની સામે ઝુંબેશ માંડે છે ત્યારે તે પાંચડીવાળો વર્ગ તે ઉત્સાહી વ્યક્તિને આગળ લાવવાને બદલે બાજુ ખસેડવાનો જ પ્રયત્ન કરે છે.

આ કડવું સત્ય કેટલાકને નહિ ગમે પરંતુ કોઇપણ કાર્ય માટે વ્યવસ્થિત સાધન ન હોય ત્યાંસુધી વિચારકોના વિચારોનો અમલ ન થઇશકે તેમજ ક્રાન્તિ પણ નજ લાવી શકાય. યુવાનોએ અને કેળવાએલ વર્ગે સંપૂર્ણ ઉત્સાહથી જૈન સમાજના દરેક પ્રશ્નમાં રસ લઇ તેના નિરાકરણ માટે વ્યવસ્થિત બનવું જોઇએ. અને તેવીજ રીતે તેમના વિચારોને માન આપી વડીલોએ આ યુવાનોને પંક્તિસ્થિત કરવા જોઇએ.

નવા સુકાનીઓની આવશ્યક્તા:-

ક્રૂર બેદરકારી મારે એટલા માટેજ કહેવી પડે છે કે જ્યારે જૈન જગત કલહથી અને ધાર્મીક તેમજ સામાજીક મતભેદોથી અપૂર્ણ બન્યું છે, ત્યારે કોઇપણ એવા ઝંડાધારી યુવકો બહાર આવી આ અંત વગરની તકરારનો નથી નિવેડો લાવતા તેમજ નથી કંઇ કાર્ય દિશા સુજાડતા.

નેતૃત્વના અભાવે બેઉ બાજુનીપક્ષો સમાજમાં કડવાશ પેદા કરીરહ્યા છે. મનુષ્યમાં મહાન શક્તિ છે તેને માટે કશું અશક્ય નથી. નીડર અને ચારિત્રશાળી મનુષ્ય પોતાની પ્રતિભાથી સમાજના પાપ ધુએ છે. આજે એવાજ કેડધારી યુવકોની સમાજને જરૂર છે. એશ-આરામી પ્રજા નથી આત્માનું સ્વાતંત્ર્ય મેળવી શકતી કે નથી પોતાના સમૂહનું સ્વરાજ્ય મેળવી શકતી. **ધનીક વર્ગ તેમના ભંડારો ખૂલ્લા મૂકી કેળવાએલ વર્ગની સલાહે ચાલી ઉદાર મનથી સામાજીક ક્ષેત્રમાં કાર્ય કરશે તો લક્ષ્મી અને સરસ્વતીના સંયોગથી સમાજનું ખરેખરૂં હિત થશે.** તે વિષે વધારે ભારપૂર્વક કહેવાની આવશ્યકતા નથી જ.

વિચારશીલ અને ખંતીલા યુવાનો વખતનો થોડોઘણો ભોગ આપી સમૂહનું હિત હૈડે ધરે તો આપણી ભૂતકાળની જાહોજલાલી બેશક પુનઃ સંપાદિત થાય.

આપણું સંખ્યાબળ ઘટતું જાય છે. એ બાબતપર રોદણાં રોવા કરતાં કંઇક સંગીન કાર્ય થશે તો ઓછી સંખ્યામાં તે કાર્ય દીપી નિકળશે, તદુપરાંત જૈન સઘમાં શાંતિનું સામ્રાજ્ય સ્થપાશે.

આજતો જ્યાં ત્યાં ફરાવો કરી, ઝુમો પાડી, અગ્રગણ્યો બાજુ ખસીજાય છે. અને વર્ષને અંતે મોમાં મોટા ઓવાળોથી બહારપાડે છે. આવી રીતે દંભ અને પ્રમાણીકતા, જ્યાં ત્યાં પ્રવર્તી રહી છે એ સુ વિદિત છે.

આપણી શીક્ષણ સંસ્થાઓ તેમજ અન્ય સંસ્થાઓમાં ખરોપ્રાણ ત્યારેજ પૂરાશે અને ખરી પ્રગતિ ત્યારેજ સધાશે કે જ્યારે શિક્ષણના આદર્શોથી જ્ઞાત વર્ગ તેમનો વહિવટ સ્વહસ્ત સિધ્ધ કરશે.

જે માણસ અમુક અમુક સમૂહ વચ્ચે જન્મ ધારણ કરે છે તેને ઋણ હોય છે, અને તે ઋણ ભર્યા વિના તેનું દેવું ઉભું રહે છે. આપણા મૂઢીવાદી સમાજમાં અજ્ઞાન વર્ગને ઉંચો લાવવો એ શિક્ષીત સ્વયંસેવકોનું મહાકાર્ય છે. આ વિષે વારંવાર લખાયું છે એટલે વિશેષ લખવું ઉચીત નથી.

મહાવીર વિદ્યાર્થી મંડળ.

ગયા માસમાં **મહાવીર જૈન વિદ્યાલયના જુના વિદ્યાર્થીઓએ** તેમનું મંડળ સ્થાપ્યું છે. શ્રી ચીમનલાલ પરીખ અને શ્રી અમૃતલાલ શાહ તે મંડળના મંત્રીઓ છે. ઉદ્દેશો સુન્દર છે. આ ઉદ્દેશો માટે તનમનથી મથવા અને સમાજ હીતની નવી નવી યોજનાઓ ઘડી કંઇ રચનાત્મક કાર્ય કરવા આ મંડળ બીડું ઝડપે તો તેનું અસ્તિત્વ સમાજ માટે અગત્યનું છે. જેટલી આશા આ મંડળ પાસેથી રાખી શકાય. તેટલી આશા બીજી કોઇપણ સંસ્થા પાસેથી ન રાખી શકાય આ સંસ્થા પાસે નવું લોહી તુતન વિચારો અને સમૂહ બળ છે.

વિદ્યાલયના તંત્રે આ પ્રત્યે સાચકા બાળકની વાત્સલ્યતા દાખવી તેને ઉત્તેજન આપવું જરૂરી છે.

"યુવક નવસૃષ્ટિનો સરજનહાર છે." એ સૂત્ર જો આ ઉત્સાહી બંધુઓ શોભાવશે તેવી શુભેચ્છા પ્રદર્શીત કરી વિરમીશ.

---

(૬) આ બાબતમાં અત્યાર સુધી આપની તરફથી કાંઇ પણ હિલચાલ થઇ હોય તેમ જણાતું નથી ઉલટું ઉદ્દેશની નોટ "સિદ્ધાંતમાં સત્ય બિના દબાવવાનો સંસ્થાનો આશય નથી" એવી જે ભારે દંભને જણાવવામાં આવે છે તેના વિરૂદ્ધ સંસ્થાનું વર્તન જૈન સમાજ જોઇ રહ્યો છે. કુસુમવિજય, કાન્તિલાલના દીક્ષા ત્યાગ સંબંધી અમદાવાદમાં મેળસ્ટ્રેટે આપેલા જજમેન્ટમાં તે સંબંધી ટીકા પણ કરી છે, એટલે મારે કહેવું પડે છે કે આપની સંસ્થાના ઉદ્દેશ ઉપર અંધકાર છવાઇ રહ્યો છે, માટે જાહેર જનતા આગળ ખુલાસો કરો, જેથી સમગ્ર સાધુ સંસ્થાને કલંક લગાડનાર એવા કોણ કોણ સાધુ-સાધ્વીઓ છે તે જણાઇ આવે, અને જનતાને સાવચેત રહેવાની સમજ પડે, ખાત્રી છે કે ભાઇશ્રી ચીમનલાલ ઉપર પ્રમાણે પૂછેલા પ્રશ્નોનો ખુલાસો આપી આભારી કરશે.

તા૦ ૧-૧-૩૨ વીસનગર.

લોક સાહિત્ય અને જૈનો.

લેખકઃ-
નિશાકાન્ત.

(તા૦ ૧૦-૧૨-૩૨ ના અંકથી ચાલુ.)

કવિ મેઘાણી જ્યારે જૈન સાહિત્યનો આશ્રય લે ત્યારે તેનો અર્થ શું હોઇ શકે. મેઘાણીની દરમ્યાનગીરી અર્થાત જૈન લોક-સાહિત્યકારોનો અભાવ. આ વિષે એક જ સીધો અને સરળ પ્રશ્ન હોઈ શકે કે તમારા સ્વામિત્વની વસ્તુ વિકાસ માટે બધી શક્તિ અન્ય વ્યક્તિ તરફથી ખર્ચવામાં આવે તો નથી લાગતું કે તમે પ્રસ્તુત વસ્તુનું સ્વામિત્વ ભોગવવા માટેની લાયકાત મેળવી નથી તેમ જ જો જૈન સાહિત્યમાં શ્રી મેઘાણીજી દરમ્યાનગીરી કરે તો એ માનવું યોગ્ય નથી કે જૈનત્વનું આપણે ભાન ગુમાવ્યું નથી. જૈન તરીકેના આપણા મમત્વનો ભાવાર્થ શું હોઇ શકે જૈન સાહિત્યના ઉંડા અને અંગ અભ્યાસી થવું જોઇએ, કારણ કે જીગજીની ભારતની સંસ્કૃતિની રચનામાં જૈનત્વે પણ ફાળો સમર્પ્યો છે. આપણી સંસ્કૃતિ અસ્તિત્વ ભોગવતી હોય તો ભારતના અધ્યાત્મવાદને આભારી છે. જ્યારે જૈનધર્મે સદાય અધ્યાત્મવાદનું જ પ્રબોધન કર્યું છે. કૃષ્ણ યુગથી માંડી સાંપ્રત યુગ સુધીનું આખુંય લોક-સાહિત્ય અવલોકશું તો તેમાંથી શ્રંગાર, વીર, કરૂણ કે બીજા તેવા રસોનું સંમિશ્રણ હશે પરંતુ આજ સુધીના લોક-સાહિત્યના ઇતિહાસમાં ભક્તિરસે જોઇએ તેટલું સ્થાન મેળવ્યું નથી. જ્યારે જૈન સાહિત્ય નર્યું ભક્તિરસથી તરબોળ છે. આજ કારણને લઇને જૈન સાહિત્ય પ્રજાવાદને પ્રગતિના પંથે તેના ભક્તિરસદ્વારા માર્ગદર્શક થઇ પડે એમાં શંકાને જરાએ સ્થાન ન હોય. પરંતુ સાહિત્યકારોના અભાવને અંગે જૈન સાહિત્યમાં છુપાયેલું લોક-સાહિત્ય દિન પ્રતિદિન કરમાતું જાય છે.

આજે તો આપણને આપણું પોતાનું સાહિત્ય અને સંસ્કૃતિ વિષે જરાય અભિમાન નથી. આજે તો આપણે ગૌણ પ્રેમ વિષય કંકાસ થઇ પડયો છે. આપણને આજે એક બીજા સાધુઓ સામે ગાળી પ્રદાન કરવાનો તેમ જ અયોગ્ય લેખો લખવાનો ભયંકર અને ચેપી રોગ લાગુ પડયો છે. નથી સંસ્કૃતિ કે સાહિત્યનું અભિમાન રહ્યું આપણને. પરંતુ આપણે કંકાસ ગ્રંથથી જોડાઇ આપણી આશાભરી પ્રેરણાત્મક ઉદબોધદાક્ષીની સંસ્કૃતિનો સંહાર કરવા બેઠા છીએ.

આમ સંહાર કરી આપણે સાચું જૈનત્વ ગુમાવવા બેસીએ એ આજના વિપ્લવ સંક્રાંતિ અને ચેતનપ્રેરક યુગમાં કેમ પાલવી શકે, એ આજના યુગ સૂત્રવાહક યુવાનો પળવાર પણ કેમ નભાવી લે. જૈનત્વ રાષ્ટ્ર કે સમાજને કદી પણ વિઘાતક નિવડયું નથી તેનો સાક્ષાત્કાર જૈન સાહિત્ય છે. જૈન સાહિત્યે તો એકતા સાધના પ્રત્યે ઉંડી દીલસોજી જ સમર્પી છે પરંતુ આજની કેટલીક અંધકારના સાંનનો ટોપલો ઉપાડનારી સમય ધર્મના સૂત્રોથી વંચિત રહેનારી અવિચારી સંકુચિત વિચારની વ્યક્તિઓએ જૈન સાહિત્યના વિપુલ અભ્યાસથી વંચિત રહી જૈન સાહિત્યનો અર્થ કરવામાં પોતાનું મનસ્વિપણું વાપર્યું છે એ ખરેખર પૂરાતન જૈન સાહિત્યકારોને અન્યાય કરવા બરાબર છે. પ્રાચિન કાળમાં સાહિત્યનો વિકાસ થતો તેનું કારણ શું એ એક અગત્યનો પ્રશ્ન છે. પ્રાચિન ભારતના જૈનો કળા સાહિત્ય અને શાસ્ત્રના પરમોપાસકો હતા ભલે તેઓ તે વિષયમાં વિશારદ ન હોય. પરંતુ તેથી જ્ઞાન કે કળા પ્રત્યેની તેમની અભિરૂચી ન્હોતી, તે તો ન જ કહી શકાય. દેલવાડા અને આબુના જૈન મંદિરો, ઉત્તર ગુજરાતને સીમાડેથી ઉભા ઉભા પણ એ સાદ પૂરે છે. અરે શિલ્પીઓને ઓરસમાંથી જેટલી કોરણી પડે તેના ભારોભાર સોનું આપતા. આનું પરિણામ શું આવ્યું? શિલ્પ શાસ્ત્રીઓ અને સ્થાપત્યકારોએ મંદિરની ગૌરવવર્ધક કળામાં પોતાની કળા પ્રત્યેની ભવ્યભાવના રેડી, પરંતુ વસમી વીસમી સદીના શ્રીમંતો કે જેના દેહના એકેએક અણુમાં મુડીવાદના આવરણો બંધાયા છે. તેને નથી પડી કળાની કિંમત કરવાની કે નથી પડી સાહિત્યનો ઉદ્ધાર કરવાની. એ તો પોતાનું મનસ્વિપણું વધારે તેજસ્વી અને ચંચળ કેમ બને એજ પ્રકારની ભાવનાને વાંચ્છી રહ્યા છે. હું પૂછું છું કે આજના કયા જૈન શ્રીમંતે, જૈન સાહિત્ય અને જૈન સંસ્કૃતિના વિકાસઅર્થે પોતાનો જીવનકાળ સમર્પ્યો છે? તેઓ તો કેવળ લક્ષ્મીના ગુલામો બની જૈન સાહિત્ય કે જૈન સંસ્કૃતિનું ગમે તે થાય તેની લેશ માત્ર પરવા કર્યા વિના પૈસા પાછળ દિવાના બન્યા છે. આમ સંગીન આર્થિકશક્તિ હોવા છતાં પણ જૈન સાહિત્ય પ્રત્યે પોતાની ફરજ બજાવવામાં નિષ્ફળ નિવડી એ શ્રીમંતો સમાજને કલંક તેમજ ભારરૂપ થઇ પડયા છે, આજે જો તેમને જગડા લડવા દો તો તેમાં જરાય પાછા નહિ પડે. આમ તેમની વિલીન થતી શક્તિ જોઇ ખેદ ઉત્પન્ન થાય એટલું જ નહિ પરંતુ સમાજ તેમજ રાષ્ટ્રને માટે પણ શરમનો વિષય પણ ગણી શકાય.

લોક સાહિત્યના મોંઘા અભિપ્રાય આપણો પ્રજાવાદ પામી શક્યો નથી, તેનું કારણ શ્રીમંતોની તુમાખીજ કહી શકાય, શિષ્ટ અને સંસ્કારી સાહિત્ય હું પ્રથમ ભાગમાં જણાવી ગયો તેમ ભાષા શાસ્ત્રો, અક્ષર શાસ્ત્રી અને શબ્દ શાસ્ત્રીઓએ જ રચ્યું છે. આ વર્ગ શ્રીમંતો સાથે નીકટ પરીચયમાં આવતો હોઇ કેટલાક શ્રીમંતોની સહાયથી આ વર્ગનું સર્જીત શ્લેષાર્થી સાહિત્યમાં પ્રજા જીવનનું સાચુ ચિત્ર આલેખી શક્યો નથી તેનું કારણ તેને સામાન્ય અને દલીત પ્રજા વચ્ચે રહી જીવનનો મહામૂલો આદેશ આલેખવાનો અવનવો અવસર તેને સાંપડયો નથી. જ્યારે લોક સાહિત્ય લોક જીવનની સાચી છાયાનુંજ દીગ્દર્શન કરાવે છે. લોક સાહિત્યકારનો મોટાં સમુહ પ્રસ્તુત વર્ગમાંથી પરિણમ્યો છે આથી તેમના સર્જેલા સાહિત્યના ગદ્ય પદ્યનાં વિષયમાં લોક જીવનનું સાચું ચીત્ર આલેખાયું છે જ્યારે એક પ્રખર સાહીત્યકારની વીચાર સૃષ્ટીમાં એ વસ્તુ પરિણમતી નથી, અરે લોક કવીઓએ તો લોક જીવનના મોંઘા અભિલાષો સરજાવતા અનેક રડતાં હૃદયોને હસતાં કર્યાં છે અને હસતાને રડાવ્યા છે પરંતુ પ્રખર સાહિત્યકારમાં હું હજી સાચાં ચિત્રો-લેખન જોઇ શક્યો નથી પણ અફસોસ એટલો જ છે કે એવા લોક કવી કે સાહિત્યકારોને જોઇએ તેટલો આદર મલતો નથી અને આદરના અભાવે કરીને. હજી કેટલુંક સાહિત્ય ચીમળાઇ જાય છે. અને જે સાહિત્ય કેક લોક કવીઓ કે સાહિત્યકારોના હૈયે જન્મી હૈયે મરે છે, તેની સર્વ જવાબદારી આપણા શ્રીમંતોમાં રહેલી ઘૃણાત્મક દ્રષ્ટિ જ ગણી શકાય. જેઓએ હજી સુધી લોક

धर्मों में भिन्नता.

धर्मोंमें भिन्नता होसक्ती है या नहीं–इस प्रश्नका उत्तर देनेके पहिले संक्षेप में यह विचार करलेना उचित है कि धर्म क्या है ? और उसकी आवश्यकता क्यों हुई ? जिस कार्य के लिये धर्मकी आवश्यकता हुई धर्मोंकी भिन्नता उसकार्यमें साधक है या बाधक ? यदि बाधक है तो वह भिन्नता नष्ट की जा सकती है या नहीं ? अथवा उसकी बाधकता का लोप किया जा सकती है या नहीं ?

साधारण लोगोंकी मान्यता यह है कि धर्म परलोक के लिये है यह बात मानी जा सकती है कि धर्मसे परलोक सुधरता है, परन्तु धर्मोंकी उत्पत्ति लौकिक आवश्यकता का ही फल है। पारलौकिक फल तो उनका आनुषङ्गिक फल है। जैन धर्मके अनुसार जिस समय यहां भोगभूमिथी अर्थात् युगलियोंका युग था उस समय यहां पर कोई भी धर्म नहीथा –यहाँतक कि जैनधर्म भी नहीं था ? इसका कारण यही है कि उस समय मनुष्य को कोइ लौकिक कष्ट नहीथा ! उस समय साम्यवाद इतने व्यापक रुपमें था कि प्राकृतिक दृष्टिसे भी लोगोंमें कोइ विषमता नहीं थी। जैनशास्त्र कहते हैं कि उस समय स्त्री पुरुषोंके शरीरकी दृढता में भी विषमता नहीं थी, उस समय कोई राजा या अफसर नहींथा, वैयक्तिक सम्पत्ति नहीं थी, अत्याचार अनाचार आदि नहीं था, स्वामी सेवकका भेद न था ! जैनशास्त्र उस कालको पहिला आरा या सबसे अच्छा काल कहते है और कहते है कि उस समय वहां कोइ धर्म नहींथा। जैनशास्त्रोके इस वर्णन के पोषणमें आज हम ऐतिहासिक प्रमाण भलेही न देसके परन्तु उससे इतना तो मालूम होता है कि जैन धर्मके संस्थापक प्रवर्तक और संचालक जिसे सबसे अच्छा काल कहते ह वह काल धर्म रहित था, श्रीमानों और गुरुओंके बोझसे रहित था। जैनधर्मके अनुसार जब यह काल नष्ट हो गया तब राजा श्रीमान् आदि पैदा हुए, कष्ट बढे। उसके बाद अनेक धर्म पैदा हुए। इससे यह बात सिद्ध होती हैं कि जबतक समाजमें विषमता पैदा नहीं होती, समाज दुःखी नहीं होता, तब तक कोइ धर्म पैदा नहीं होता। धर्मकी उत्पत्ति दुःख को दूर करनेके लिये ही हुई। गीता का यह पसिद्ध श्लोक भी इस बातका समर्थक है:–

यदा यदाहि धर्मस्य ग्लानि र्भवति भारत।
अभ्युत्थानमधर्मस्य तदात्मानम् सृजाम्यहम् ॥

ईश्वरको अगर हम धर्म प्रवर्तक मानेतो इसका यही अर्थ है कि दुःखको दूर करने के लिये ईश्वरका या धर्मका अवतार होता हैं। महात्मा बुद्धने संसारको दुःखसे छुडानेके लिय एक धर्म संस्थाको जन्म दिया। महात्मा ईसा, महापुरुष मुहम्मद आदि, संसारके सभी धर्म संस्थापकोने दुःखी समाजके दुःखको दूर करनेके लिये धर्मसंस्थापना की है और अपना जीवन अर्पण किया है।

धर्म सुखके लिये इस सर्वसम्मत बातको सिद्ध करनेके लिये अधिक प्रमाणदेनेकी तो जरुरत ही नहीं है किन्तु साथही उपयुक्त वक्तव्यसे यह बातभी सिद्ध होती है कि धर्म, समाज के ऐहिक (वर्तमानके) दुःखोंको दूर करनेके लिये पैदा होता है।

धर्मकी आवश्यक्ता क्योंहुई–जब हमें यह बात मालुम होगइ तब, धर्म क्या है, इसके समजनेमें कठीनाई नही रहजाती ! क्योंकि धर्म जब दुःख दूर करनेके लिये है तबजिन कार्यों से दुःख दूर हो सकता है वे कार्य धर्म कहलाये। जब सभी धर्म दुःख दूर करनेके लिये है, तब उनमें परस्पर विरोधता होनाही न चाहिये उनमें जो भिन्नता होगी वह तात्त्विक भिन्नता न होगी, किन्तु उनके व्यवहारिक रुपोंकी भिन्नता होगी, इतना ही नहीं किन्तु व्यावहारिक रुपों के बाह्य कारणोकी भिन्नता होगी। —अपूर्ण.

साहित्यने जोईतो आवकार आप्यो नथी. कोइ भोजक के ढोकार नवो छंद रची लावेतो तेनी कणानी कदर करवामां आवशे नहि. परंतु तेने अवगणवामां आवशे आवा प्रसंगे उपस्थीत थतां अनेकगणुं लोक–साहित्य दटाइ जाय छे. अने तेथी ते साहित्यमां रहेली विशिष्टानो सामान्य प्रजाने लाभ मणी शकतो नथी. कोइ पूछशे के अहि जैन साहित्य क्यां आव्युं. ? केटलुंके जैन साहित्य एवुं छे के जेने जैन तेम ज जैनेतर प्रजा पण गाय छे तेम ज वांचे छे. आनंदघनजीना पदो तेम ज वीरविजयजी, यशोविजयजीना स्तवनो तेम ज सझायो एवां छे के जेमांथी लोक–साहित्यमां एक नवो ज रस दाखल करी शकाय. एटलुं ज नहि परंतु भारतनी संस्कृतिनी पुनर्रचना माटे केटलांक ज्वलंत दृष्टांतो पण संप्राप्त करी शकाय. जो के आ स्तवन अने सझायोमांनुं केटलुंक साहित्य जैन जैनेतर समाजमां पण गवाय छे परंतु समाज पासे नथी लोक–साहित्यकार के नथी तेवा साहित्यकारोने आश्रयदाताओ, जो आ बन्ने वस्तु सांपडे तो भारतीय संस्कृतिना इतिहासमां सुंदर सफो उमेरनार जैन साहित्य साहित्यनी आलमभां अनोखुं अमरत्व भोगवे अने जैन साहित्यमां रहेलुं विशिष्ट जगतनी प्रजा पण जाणे.

विद्वानोने खुश खबर.

(न्यायनो अपूर्व ग्रंथ)

जेनी लांबा समयथी राह जोवाइ रही हती अने जे कलकत्ता, मुंबइ अने बीजी अनेक युनिवर्सिटीना ग्रेजुयेटना कोर्समां न्याय प्रथमामां, अने ग्रेजुयेशन बोर्डमां दाखल थयेल छे, ते न्यायनो अद्वितीय ग्रंथ "प्रमाणनयत-त्त्वालोकालंकार" (प्रमाणनयतत्त्वालोकालंकार) के जेने न्यायशास्त्रना धुरंधर विद्वान् वादिदेवसूरिओ बनावेल छे. ते सरल अने सुंदर भाषाबोधिनी नामनी तद्दन नवी अप्रसिद्ध टीका साथे थोडा समयमां बहार पडशे. आ ग्रंथने न्याय–काव्यतीर्थ, तर्कालंकार मुनिराजश्री हिमांशुविजयजीओ एडीट करेल छे अने जेमां नोट, पाठांतर, अनुक्रमणिका आदि आपी प्रस्तावनामां ग्रंथ, ग्रंथकार अने जैन न्यायना विषयमां सारो प्रकाश पाडयो छे. अढावीश रतली सुंदर कागळामां, क्राउन सेाळपेजी साइजमां लगभग सवाणसो पृष्ठना दळदार ग्रंथनी किम्मत मात्र रु. ०–१४–० चौदआना छे. पोस्टेज अलग.

मळीवानुं ठेकाणुं:—

मेसर्स ए. एम. एन्ड कुं. मु. पालीताणा. (काठीआवाड) | श्रीविजयधर्मसूरि ग्रंथमाळा छोटा शराफा उज्जैन (मालवा)

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3. and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay, 3.

યુવક પરિષદની આવશ્યકતા (૨)

Reg. No. B. 2917
Tele. Add. 'Yuvaksangh'

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

છુટક નકલ ૧ આનો | વાર્ષિક રૂા. ૨-૮-૦ | શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર. | તંત્રી:-ચન્દ્રકાન્ત વી. સુતરીયા. | વર્ષ ૨ જું, અંક ૧૨ મો. | શનીવાર તા. ૧૪-૧-૧૯૩૩.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.

સામાન્ય સભા.

સર યુલ્લર

બ્હેનો અને ભાઇઓ,

વિ. વિ. સાથે વિજ્ઞપ્તિ કે મજકુર સભાની એક મીટીંગ તા. ૨૨-૧-૩૩ રવિવારના રોજ રાત્રીના આઠ વાગે (સ્થા. ટા) શ્રી સંઘની ઓફીસમાં નીચેનું કાર્ય કરવા મળશે. તે પ્રસંગે વખતસર જરૂર પધારશો.

૧ કાર્યવાહક સમિતિએ પાસ કરેલ ઓડીટ થએલ હિસાબ તથા રિપોર્ટ પાસ કરવા.
૨ ઉમેદવાર પત્રો ઉપરથી, કાર્યવાહક સમિતિ, મંત્રીઓ અને ઓડીટરોની ચુંટણી કરવા.
૩ આપણા સંઘના ધારાધોરણમાં સુધારો વધારો સુચવનો ભાઇ મનસુખલાલ હીરાલાલ લાલનનો ખરડો રજુ કરવામાં આવશે.

લી૦ સેવકો.
મંત્રીઓ.

તા. ક:-સંઘના સભ્યનું તથા "પ્રબુદ્ધ જૈન"નું જેઓએ લવાજમ ન ભર્યું હોય તેઓ સાથે લેતા આવવા મહેરબાની કરે.

ઓડીટ થએલા ચોપડા શ્રી સંઘના સભ્ય માટે જોવાને ઓફીસમાં ખુલ્લા છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને અગત્યની સૂચના

શ્રીમતી
શ્રીમાન્

વિ. માં વિજ્ઞપ્તિ કે મજકુર સંઘની તા. ૮-૧-૩૩ ના રોજ મળેલ કાર્યવાહક સમિતિએ ચાલુ સાલના વહીવટ માટે નવી કાર્યવાહક સમિતિની ચુંટણી કરવાનું ધોરણ ઉમેદવાર પત્રપર નકકી કર્યું છે ને તે લેવાની છેવટની તારિખ ૨૨-૧-૩૩ નકકી કરી છે, તેથી આપને ઉમેદવારી કરવી હોય તો નીચે મુજબ પત્ર ભરીને મુકરર કરેલ મુદત પહેલાં મોકલી આપશો. અને જેવણ આપના યુવક સંઘના સભ્ય હોય તેવા કોઇપણ ભાઇની ટેકો આપનાર તરીકે પત્રકમાં સહી કરાવશો.

લી સેવકો.

ઉમેદવાર પત્ર.

મુંબઇ તા. – –૧૯૩૩

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના મંત્રીઓ જોગ,

મુંબઇ

વિ. માં હું નીચે સહી કરનાર શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો સભ્ય છું. અને કાર્યવાહક સમિતિની નવી ચુંટણીમાં મારી ઉમેદવારી જાહેર કરૂં છું તેની નોંધ લેશો.

લી.

ટેકો આપનાર સભ્યની સહી

ઉમેદવારી કરનાર સભ્ય શ્રી જૈન યુવક સંઘના સભ્ય છે અને તેઓને હું ટેકો આપું છું.

લી૦

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર)

પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૧૪-૧-૩૩

યુવક પરિષદની આવશ્યકતા.

(૨)

ગતાંકમાં યુવક પરિષદની આવશ્યકતા શા માટે છે, તે આપણે વિચારી જોયું, હવે કયાં ભરવી, કઇ રીતે ભરવી વગેરે પ્રશ્નો આજે વિચારી જોઇએ.

પ્રથમ તો યુવક પરિષદ્ એવા સ્થાનમાં ભરવી જોઇએ કે જ્યાં સ્વતંત્ર વાતાવરણ હોય, કાર્યવાહકો ઉત્સાહી હોય, સેવાભાવી, શાસન અને સમાજોન્નતિના પિપાસુ હોવા જોઇએ. મુંબઇ આ બાબત માટે કેન્દ્ર છે. દુનીયાની દરેક પ્રવૃત્તિના પડઘા પહેલાં અહિંજ પડે છે, અહિંથીજ વિધવિધ પ્રવૃત્તિનાં રૂપમાં તે હિન્દુસ્તાનનાં દરેક વિભાગમાં ફરી વળે છે. યુવક શક્તિનું મૂર્તિમંત સ્વરૂપ જોવું હોય તો અહિંથીજ મળી શકશે. આ યુવક શક્તિનો સદુપયોગ કરવાનો કોઇ ભાવનાશાળી નિશ્ચય કરી આગેવાની લે તો જરૂર તે સમાજ અને શાસન માટે આવકારદાયક થઈ પડે, તેમાં જરાયે શંકા નથી. મુંબઇને આંગણે અનેક વખત આવી પરિષદો ભરાઇ છે, તેનાં યુવકોને એ બાબતનો સંપૂર્ણ અનુભવ છે. જો કે પરિષદોમાં કઇક વખત આપણી દૃષ્ટિએ નિષ્ફળતા સાંપડે છે, પરંતુ પ્રમાણિક ઉદ્દેશથી જે કાર્ય કરવામાં આવે છે તે કદિ નિષ્ફળ નિવડતુંજ નથી. આપણે ફરી વાર શા માટે પ્રયત્ન ન કરવો ?

બીજે નંબર વડોદરા અમારી દૃષ્ટિ સમક્ષ તરવરે છે વડોદરા એ દરેક બાબતમાં ગુજરાતની મોખરે છે, સામાજીક અને રાજકીય, બન્ને સુધારાઓમાં મોખરેજ રહે છે, ત્યાંના યુવકોમાં શક્તિ છે, ઉત્સાહ છે, જોમ અને કાંઇ કરવાની તમન્ના છે, વડોદરા જો ધારે તો સમગ્ર જૈન સમાજનાં યુવકોનું એ સંગઠન કરી શકે, મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મહારાજ જો આ બાબત માટે નિશ્ચય કરે તો કાંઈ અશકય નથી.

ત્રીજે નંબરે ખંભાત આવે છે જો કે અહિં નવા અને જુના જ્ઞાનનું સમાન બળ છે. પરંતુ સમાજના ઇતિહાસમાં ખંભાતનું સ્થાન કંઇ ઉતરતું નથી. પ્રસિધ્ધ જૈન પુરીઓમાં પણ ખંભાતનું સ્થાન અપૂર્વ છે. ભૂતકાળમાં અનેક વખત સમાજના અધિષ્ઠાતાઓએ અહિંથીજ પ્રેરણા મેળવી સમાજની સ્થિતિમાં ફેરફારો કર્યા છે. ધર્મ, સમાજ અને રાષ્ટ્ર, દરેક માટે અહિંથી આપણે ખૂબ પ્રેરણાઓ મળી છે. આજે તે કાં પહેલ ન કરે ? ત્યાં પણ ઉત્સાહી અને આત્મભોગી યુવાનોનું અસ્તિત્વ જરૂર છે, "ચોકસી" જેવા જો વિચાર કરે તો જરૂર આ લાભ મેળવી શકે, ખંભાત એટલે નવી અને જુની બન્ને સંસ્કૃતિઓનું કેન્દ્ર. અહિંના વાતાવરણમાં જે વિચારણા ચાલશે, જે રાહ નક્કી થશે તે સર્વમાન્ય થશે કારણ કે ત્યાં પ્રત્યાઘાતી બળનું પણ અસ્તિત્વ છે.

ચોથે નંબરે ઉજ્જૈન આવે છે, આર્યાવર્તનું આ પુરાણું નગર હજી પણ વિદ્યા અને ક્રાન્તિનું કેન્દ્ર છે, હિન્દુ સંસ્કૃતિમાં આ નગરનું અનોખું સ્થાન છે, તેને પવિત્ર તીર્થ પણ માનવામાં આવ્યું છે. દર બાર વરસે અહિં એક મેળો ભરાય છે, જેને કુંભનો મેળો એ નામથી ઓળખવામાં આવે છે, આ મેળામાં બહારથી એટલે કે હિન્દુસ્તાનના જુદા જુદા સ્થળેથી લગભગ દશથી બાર લાખ માણસ ભેગું થાય છે. તેમાં અનેક સાધુઓ પણ આવે છે, આ બધાને સીધું સ્ટેટ પુરૂ પાડે છે, એટલે ગ્વાલીયર સ્ટેટને આ મેળાને અંગે લગભગ પંદરથી વીશ લાખનું ખર્ચ કરવું પડે છે. આ શિરસ્તો રહુમ મહારાજના વખતથી ચાલ્યો આવે છે, ને ત્યાં દરેક ધર્મના કેમ્પો પડે છે, આ પ્રસંગનો લાભ લેવા ખાસ કરીને વ્યાખ્યાન ચુડામણિ શાસનદીપક મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજ ઉપર દૃષ્ટિ ઠરે છે. તેમનામાં ઉત્સાહ છે, સમાજ અને ધર્મને ઉન્નત બનાવવાની ભાવના છે, ભૂતકાળમાં યુવકોને અનેક વખત પ્રેરણા આપી છે, તેઓ જો ધારે તો આ પ્રસંગનો લાભ જૈન સમાજને જરૂર મેળવી આપે કારણ કે ગ્વાલીયરની મહારાણી સાહેબ તથા ત્યાંની ગવર્નમેન્ટમાં તેમની પૂરેપૂરી લાગવગ છે એટલે પૂરતી સગવડ સાથે આપણે ત્યાં સારામાં સારો સ્વતંત્ર જૈન કેમ્પ ઉભો કરી શકીએ, જો કે ગુજરાતીઓ માટે આ સ્થળ દૂર જરૂર છે પણ ઉજ્જૈન એ ઐતિહાસિક દૃષ્ટિએ બહુજ મહત્વનું શહેર છે, વળી કુંભનો મેળો છે, અનેક પુરાણા સ્થાનો ઉજ્જૈનમાં જોવા જેવાં છે, ત્યાંના ખંડિયેરો આજે પણ કાળનો પડઘો ઝીલતાં શૌર્ય અને જાહોજલાલીનું મૂર્તિમંત સ્વરૂપ બહુ કરે છે. આપણે ત્યાં પણ ઉજ્જૈન તીર્થ તરીકે મનાયું છે. એવંતી પાર્શ્વનાથનું એ ધામ છે, સિદ્ધસેન દિવાકર જેવા મહર્ષિઓએ વિક્રમ જેવા પ્રતાપી રાજાઓને અહિંથીજ પ્રતિબોધિત કર્યા હતા, એટલે આ સ્થાન પણ કંઇ જેવું તેવું નથી. વળી મુનિરાજ શ્રી વિદ્યાવિજયજીનો પણ આપણે પૂરેપૂરો લાભ લઇ શકીએ. માળવાના યુવકોમાં અગર મુનિશ્રી આ બાબત પ્રેરણા રેડે તો જરૂર સમાજને આવશ્યકીય લાભ થાય.

આ ચાર સ્થળો શિવાય મારવાડનો ગોડવાડ પ્રાંત પણ અગર ધારે તો આ કાર્ય હાથમાં લઇ શકે, ત્યાં અનેક સુધારાઓને અવકાશ છે, ત્યાં પણ અમુક કાર્યકર્તાઓ છે કે જેઓ આવું સંગઠન ઇચ્છે છે. ખાસ કરીને સોહનલાલજી અને પુખરાજજી ઇચ્છે તો તેમને માટે આ કાર્ય બહુજ સરળતા ભર્યું છે. આ બધાં સ્થાનો યુવક પરિષદ્ માટે અનુકૂળ છે, આવા કાર્યો જે સ્થાનિક યુવકો હાથમાં લે તો ખર્ચ માટે તો ચિંતાજ ન હોય, કારણ કે સ્વાગત સમિતિમાંથી ખર્ચ ઉભો થઇ શકે છે. જોઇએ છીએ આટલા સ્થાનોમાંથી યુવક પરિષદ્ ભરવા કોણ પહેલ કરે છે ?

ચોપડીઓ આવી ગઈ છે.

પજુસણ વ્યાખ્યાન માળાની ચોપડીઓ છપાઇને આવી ગઇ છે. ગ્રાહકોએ યુવક સંઘની ઓફીસમાંથી લઇ જવા મહેરબાની કરવી

પા....ટ....ણ....ના....પ....ત્ર.

જૈન સમાજની હસ્તી, કીર્તિ વિ. જે કહો તે તેના જૈન મંદિરો અને જ્ઞાન મંદિરો છે, એમ કહીએ તો ખોટું નથી. આ બન્ને મંદિરોમાં જૈન મંદિરોમાં પૈસાની દ્રષ્ટિએ શહેરની સ્થિતિ સારી ગણાય, ત્યારે ગામડાની સ્થિતિ ઘણે ભાગે સારી ન ગણાય. જ્ઞાન મંદિરોની સ્થિતિ શહેર કે ગામડે કોઇ સ્થળે સમાજને શોભાવે તેવી તો નહિજ. જ્ઞાન મંદિરોમાં આપણું પાટણ અગ્રસ્થાન ભોગવે છે. અહિં ઘણાજ કિમ્મતી અને બેનમુન જ્ઞાન ભંડારો છે. તે જૈન સમાજ તો શું પણ જૈનેતરો અરે પાશ્ચાત્ય વિદ્વાનો પણ જાણે છે.

પેરીસમાં રહેતા ડો. સીલ્વનલેવી જૈન સાહિત્યના અભ્યાસી ગણાય છે, તેમને જૈન સાહિત્ય માટે માન છે, એટલે પાટણના જ્ઞાનભંડારો અંગે માન હોય તેમાં નવાઇ શી? તેમણે પેરીસમાં નામદાર ગાયકવાડ સરકારની લીવેલ મુલાકાતમાં સાહિત્યની વાતચીત કરેલી એટલે તેમાં પાટણના ભંડારો અંગે પણ વાત થઇ હોય તો બનવાજોગ છે.

નામદાર ગાયકવાડ સરકાર સાહિત્યના રસિયા અને કિંમત આંકનારા રાજવી છે, એટલે એમને સાહિત્યના ફેલાવા અંગે એમના રાજ્યમાં અનેક સગવડો કરી છે, પછી તેમનીજ હકુમતના શહેરમાં બેનમુન પુસ્તકોના ભંડારો હોય તે જોવાની કે તપાસવા ઇચ્છા થાય એ બનવાજોગ છે, એટલે તે તપાસી તેમ આજસુધી પ્રગટ થયા ન હોય તેવા અગત્યના હસ્તલેખિત પુસ્તકો પ્રગટ કરવાને તેઓએ શ્રી ભટ્ટાચાર્ય, પંડિત શ્રી લાલચંદભાઇ, શ્રી ભાટે સાહેબ, રા. રા. મહાસુખભાઇ વિગેરેની એક કમીટિ નીમી. આ કમીટિએ પાટણ પધારીને તા૦ ૪-૧-૩૩ ના રોજ સાગરના ઉપાશ્રયમાં બિરાજતા શ્રી પવર્તક કાન્તિવિજયજી મહારાજની મુલાકાત લીધી. અને તેવણની સાથે વાટાઘાટ બાદ મુનિરાજ શ્રી ચતુરવિજયજી તથા મુનિરાજ શ્રી પુણ્યવિજયજી તેમ નગરશેઠ કેશવલાલ ભાઇ, રા. વિદ્યાધિકારી અને રા. વહિવટદાર સાહેબ વિગેરે મંડળી જ્ઞાન ભંડારો જોવા નીકળી.

પહેલે દિવસે એટલે તા૦ ૪-૧-૩૩ ના રોજ વખતજીની શેરી અને સંઘવીના પાડાના જ્ઞાન ભંડારોનું નિરીક્ષણ કર્યું, જે ભંડારો માટે શ્રી પવર્તક કાન્તિવિજયજીના પ્રયાસથી તેના ઉધ્ધારનું કામ ચાલુ થઇ કબાટો તૈયાર થઇ ગયાં છે. લાકડાનાં ડબ્બાઓનું કામ ચાલુ છે એટલે ટુંક વખતમાં તે ભંડારો કંઇક વ્યવસ્થિત થઇ જશે એમ લાગે છે.

બીજે દિવસે ઝવેરીવાડામાં શ્રી વાડી પાર્શ્વનાથજીના દહેરાસરજીનો ભંડાર અને તેની વ્યવસ્થા જોઇ. સાથે ભૂતકાળમાં લાકડ કામની ઉત્તમ કારીગરીથી શોભતા દહેરાસરની જગ્યાએ પાષાણમય ગગનચુંબી મંદિરમાં પ્રાચિન પાષાણ પરિગ્રહ અને પ્રતિમાઓ જોઈ હર્ષ થયો, પરંતુ જુના મંદિરના લાકડ કામના બેનમુન કળામય નમુનાઓનો સંગ્રહ ન જોતાં ખેદ થયો. જેને કળાની કિંમત નથી, કારીગરીની પિછાણ નથી, તેવાઓ તેનો સંગ્રહ કરે કે પૈસા ઉપજાવી લે? આપણી કમનશીબી છે કે તેવા કળામય મંદિરોના વિભાગો સાચવવાની કાળજીવાળા અથવા તેની કિંમત આંકનારા ઘણા ઓછા છે.

વાડી પાર્શ્વનાથનો ભંડાર જોયા પછી ફોફળીયાવાડામાં પોળની શેરીનો ભંડાર જોયો, મકાનમાં શરદીનો ભાગ વિશેષ અને પુસ્તક સાચવવાની કાળજી ઓછી એટલે કમીટીએ સ્થળ બદલવાની સૂચના કરી. બેનવસીના પાડામાં ભંડાર જોવા ઉપડ્યા. આ ભંડારમાં લગભગ પોણાસો તાડપત્ર ઉપર લખાએલ કિંમતી પુસ્તકો સાધ્વીના ઉપાશ્રયમાં એક કબાટમાં અંદર પડેલાં જોયાં. સંઘ સોસાયટીના ઝઘડા અંગે પુસ્તકોનું લીસ્ટ જોવા ન મળી શકયું એટલે થોડાક પુસ્તકોના બંધનો છોડી જોયાં તો કેટલાક પુસ્તકોમાં ઉધેઇએ ઘર કરી બરાબરી કરી છે છતાં બેતરવસીના પાડામાં આવેલ ઉપાશ્રયનાં ટ્રેકેદાર શ્રી ધર્મવિજયજીએ તેમના અને તેમની સાધ્વીઓના ઉપાશ્રયમાં પોતાના નામની તકતીઓ મારવામાં જેટલી કાળજી અને ચોકસાઇ બતાવી છે, તેટલી ચોકસાઇ આ બેનમુન ગ્રંથ માટે બતાવી હોત તો જેની કિંમત પણ આંકી શકાય નહિં તેવા રત્નમય ગ્રંથોની આ સ્થિતિ થાત નહિં. પુસ્તકોની આ સ્થિતિ સંઘ સોસાયટીના ઝઘડાએ નથી કરી. પરંતુ સાધુ અને શ્રાવકોની બેકાળજી કહો–કમ અકકલ કહો, ગમે તેમ પણ તે પુસ્તકોના ઉદ્ધારની જેમ અને તેમ તાત્કાલીક જરૂર છે. જો ઢીલ થશે તો ભૂકકો થઇ જવા સંભવ છે. એટલે તેના વહીવટકર્તાઓનો અથવા જે સાધુની સત્તા હોય તેમને વિનવિએ છીએ કે આ પુસ્તકોનો જલદી ઉદ્ધાર કરે.

બપોરના સાગરના ઉપાશ્રયનો નાનો ભંડાર જોયો. મહારાજશ્રીની દેખરેખથી સાચવણી સારી છે. પરંતુ ચોમાસામાં ઉપાશ્રયનાં છાપરામાંથી પાણી પડતું હોવાથી પુસ્તકોના કબાટને નુકશાન પહોંચે છે. તો ઉપાશ્રયના સંચાલકો આ બાબત કાળજી રાખશે. નહાના ભંડારને નીહાળી, ભાભાના પાડે આવેલ જ્ઞાન ભંડારને જોયો. ત્યાં હસ્તલેખીત પ્રતો સારા પ્રમાણમાં છે. પણ અવ્યવસ્થીતતાને લીધે વ્યવસ્થિત કરવાની જરૂર છે.

આ પ્રમાણે પાટણના જ્ઞાન ભંડારોનું નિરીક્ષણ કરી કમીટિએ જે સૂચનાઓ કરી તેમાંની મુખ્ય સૂચનાં એ હતી કે "દશ પંદર હજાર ખર્ચી એક નાનકડું જ્ઞાન મંદિર બાંધી પાટણના તમામ ભંડારોનો તેમાં સંગ્રહ કરી સ્ટીલના કબાટોમાં લાકડાના ડબ્બાઓ અંદર પુસ્તકો રાખી કેન્દ્ર બનાવવામાં આવે તો તે માટે જોઇતી સલાહ, સૂચના અને જરૂર પડે તો તે આવીને જાતે કામ કરી જવાની પંડિતજી અને ભટ્ટાચાર્યે ખુશી બતાવી.

જેવી રીતે પાટણ જ્ઞાન ભંડારો માટે પ્રખ્યાત છે. તેવીજ રીતે લક્ષ્મી ભંડારો માટે એટલે ધનીકો માટે પણ જાણીતું છે. અને તેમાં પણ આપણી સમાજ અગ્રસ્થાન ભોગવે છે. છતાં લક્ષ્મી નંદનો! બેપરવાહ છે અથવા અણમૂલ જ્ઞાનની કિમ્મત નથી. નહિ તો પાટણમાં દશ પંદર હજાર શું? લાખના ખર્ચે તમામ સગવડવાળું સુંદર જ્ઞાન મંદિર ઉભું થઈ જાય. ઉજમણાં માંડીને, સંઘો કાઢીને, બે ટંક મીસ્ટાન્ન ઉડાડીને, હુંસાતુંસી કરીને, લાખોના ખર્ચ કરનારાઓ જ્ઞાન મંદિરની મહત્તા વિચારશે? જે વખતે જ્ઞાન ભંડારોનાં અનેક કિમ્મતિ ગ્રંથો જીવાતોના ભોગ બની ભૂકકા બની જવાથી નદીમાં પધરાવાતા, તે વખતે તે ભંડારોના ઉદ્ધાર માટે પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજ પાટણ રહીને પુસ્તકોની સુધારણા કરી ઉદ્ધાર અર્થે અવારનવાર ઉપદેશો આપ્યાજ કરે છે. ત્યારે પાટણમાં ચોમાસાં રહીને ઉપાશ્રયો ગજવનારા બીજાઓ મૌન સેવે, એ કેવી નવાઇ? પાટણના લક્ષ્મીનંદનોને અને પાટણ આવતા મુનિરાજોને વિનવિએ છીએ કે પાટણના જ્ઞાન ભંડારો માટે વેલાસર બેને અને પાટણના આંગણે નમુનેદાર જ્ઞાનમંદિર ઉભું કરીદે, નહિંતો જે સ્થિતિ છે. તે કાયમ રહેશે, અગર તેમાં બગાડો થશે તો, પુસ્તકો રહ્યાં છે તે નષ્ટ થઈ જશે. તો આપણા જૈનોને કપાળ સંભાળવું પડશે.

અમદાવાદના.....અવનવા

(૧) આણંદજી કલ્યાણજીની પેઢીનાં જે નોકરોનો પગાર વધુ પડતો હતો, તેમના ઉપર કાપકુપની કાતર ચાલી છે. કેટલાક ફાલતુ નોકરોને કમી કરવા માટે પેઢી ગંભીર પણે વિચાર કરી રહેલ છે એમ લાગે છે. (૨) માજી સરકારી વકીલ રા. બ. મણીલાલ ભગુભાઇ ઝવેરી પંચત્વ પામ્યા છે. (૩) રૂઢીચુસ્ત પક્ષની નાની છાવણીઓએ આત્મ વિસર્જન કરવા માંડયું છે. (૪) રા. કાન્તિલાલ સવચંદે સ્વ. મુહિસાગરજીએ મહુડીથી કરેલ વિહારના સંબંધમાં જે આક્ષેપો કર્યા હતા તે આક્ષેપોના સંબંધમાં એક જાહેર ખુલાસો બહાર પાડી કેટલેક અંશે નમતું આપ્યું છે. (૫) પોલ પત્રિકાના ભાવિ પ્રકાશનના ભણકાર માત્રથી રૂઢીચુસ્ત વર્ગને ગગન વજ્ર સમો પ્રચંડ આઘાત થયો છે. (૬) સ્વ: શેઠ લાલભાઇ દલપતભાઇના માતુશ્રી ધર્માત્મા શેઠાણી ગંગાબાઇનું સ્વાસ્થ્ય લથડયું છે. (૭) મુનિ મહારાજ શ્રી ચંદ્રવિજયજી પધાર્યા છે. (૮) આણંદજી કલ્યાણજીની પેઢીની ઝાંગડા ખાતેની કમીટિ દેરા વિગેરેનો ગેરવહિવટ ચલાવે છે, અને દેરાસર વિગેરેનો હિસાબ બહાર પાડતી નથી, એ વાતની પોતાને જાણ હોવા છતાં પેઢી તે સંબંધમાં કેમ અખાડા કરે છે એ સમજાતું નથી. (૯) આદી તેમજ અસ્પૃશ્યતા નિવારણની તરફેણનો જે ઉપદેશ મુનિશ્રી જીનચંદ્રજી આપતા હતા, તે કેટલાક ભાઇઓને ન ફાવ્યાથી મુનિશ્રીને હાલ તુરત અમદાવાદ છોડવું પડયું છે. (૧૦) રૂઢીચુસ્ત પત્રોનો એક લેખકને લીલું નાળીયેર મળ્યું છે, અને કડીયાજી એક બીજા લેખકની શોધમાં પડયા છે. (૧૧) ધોળકા વ્યાયામ મંડળના યુવકોએ શુદ ચતુર્થીને દિને શ્રી મૂળચંદ આશારામ ઝવેરીના પ્રમુખપદે મળેલી સભા સમક્ષ વ્યાયામના અત્યંત મોહક પ્રયોગો કરી બતાવ્યા હતા. (૧૨) રા. મણીલાલ સાકળચંદની કાપડની દુકાનનો બહિષ્કાર ચોરીવસ્ત્ર માટે એ ભાઇઓની ધરપકડ થઈ છે. (૧૩) શ્રી મોહનલાલ મગનલાલ ઝવેરી ડીસાવાળા એક ભવ્યપ્રતિમા ગિરિરાજ શ્રી સિધ્ધગિરી ઉપર પધરાવવા ઇચ્છે છે. (૧૪) ગાંધી કારાવાસ સંવત્સરી દીનની ઉજવણી નિમિત્તે જે ભાઇઓની ધરપકડ થઇ હતી તેમને છોડી મૂકવામાં આવ્યા છે. (૧૫) એમ. વાડીલાલની કંપનીનાં સ્વાતંત્ર્ય શહીદ ભગતસિંહનાં ફોટાવાળા કાર્ડો જપ્ત થયાં છે. (૧૬) મોહનસૂરિનું આગમન થાય તો તેમનું કાળા વાવટાઓથી સ્વાગત કરવાનો વિચાર કેટલાક ભાઇઓના મનમાં આજથીજ ગુંજી રહ્યો છે. (૧૭) બે ભાઇઓને સટ્ટો બેસવા માટે દરેકને એક અઠવાડીયાની કેદ અને ૫૦૦ રૂપીયા દંડ. દંડ ન ભરે તો અઠવાડીયાંની વધુ કેદની સજા ફરમાવેલ છે. (૧૮) શ્રી દયાપ્રચારીણી મહાસભાના ઉપદેશકોએ જેતપુર, પાવી, બોડેલી, આદિ ગામોમાં કરેલું પ્રચારકાર્ય અત્યંત પ્રશંસનીય નિવડયું છે. જાંબુઘોડા રાજ્યમાં પ્રચારકાર્ય થવાની વકી છે. (૨૯) અમદાવાદ કેન્દ્રરૂપ હોવાથી તેમજ અમદાવાદનું વાતાવરણ દિન પ્રતિદિન સુંદર અને દરેક રીતે અનુકૂળ થતું જતું હોવાથી અમદાવાદના યુવકોના અગ્રગણ્ય કાર્યકરોએ યુવક પરિષદનું અધિવેશન અમદાવાદમાં ભરવાની ચળવળ સત્વર ઉપાડો લેવાની અત્યંત આવશ્યકતા છે. યુવક સંઘ અને યુથ લીગના નેતાઓ આ દિશામાં કંઇ પહેલ કરે એ સર્વથા ઇચ્છવા યોગ્ય છે. (૨૦) આ વખતે થએલા ઉપધાનોનો ખર્ચ લગભગ લાખ સવાલાખનો અડસટવામાં આવ્યો છે. આટલી મોટી રકમનું આંધણ મૂકનારાઓને હાઇ સ્કૂલ કે કોઇ સારી લાયબ્રેરી સ્થાપવા કે શ્રાવીકાશાળા બોર્ડીંગ આદિને મદદ કરવાનો વિચાર સરખોયે ન આવ્યો એ જ્ઞાન વિષયક બાબતોમાં ઉપધાન કરનાર તેમજ કરાવનારાઓની એકંદર મનોદશા કેવી વિચિત્ર હોય છે તે પ્રતિતી કારક છે. જ્ઞાન પ્રત્યે આવી ભયંકર ઉપેક્ષાવૃત્તિ હોય એ જેવું તેવું શોચનીય નથી. (૨૧) પોતે ફરીયાદ માંડવા કે પિતા કે કોઇ બીજા આણંદ ફરીયાદ મંડાવવાની જયાશ્રીએ સાફ ના પાડયાથી જયાશ્રીના પિતા વિલે મ્હોંએ પાછા ફર્યા છે, વળી ફરીયાદ માંડવા માટે પોતે તત્પર હોવાનું જયાશ્રીના પિતાએ એક દૈનિક પત્રમાં એકાદ માસ ઉપર પ્રગટ કર્યું હતું. તે લાગતા વળગતાઓને એક બોટી ધમકી રૂપ હતું એમ સ્પષ્ટરીતે જણાવ્યું છે. જયાશ્રીની ચોક્કસ મનોવેધક પ્રતિકૃતિ (ફોટો) જેથી ફરીયાદ કરનારનો પરાજય થાય તે હાલ એક સુયોગ્ય સ્થળે છે. અને થોડા વખતમાં બહાર પડશે એવી વાત બહાર આવી છે. (૨૨) રામવિજયાદિ સાધુઓ અને કડીયાજી વિગેરે સોસાઇટીના કાર્યકરો વચ્ચે થોડા દિવસ ઉપર પાલીતાણામાં જે વિષ્ટિ થઈ હતી. તેને પરિણામે રામવિજયાદિ કોઇ નવો દાવ ખેલવા માંગે છે. એમ જણાય છે. (૨૩) સુધારકમાંથી રૂઢીચુસ્ત બનેલા કડીયાને ધર્મવીર મહાસુખભાઇ જેવાના પ્રશ્નોના જવાબ આપવાનું અત્યંત મુશ્કેલ થઇ પડયાથી, પોતે એક મીલટરી માણસ છે. એટલે સૈનીકને ખુલાસા કરવાનું કે જવાબ આપવાનું નજ હોય. એમ તેમણે જણાવ્યું છે એજ કહી બતાવે છે કે કડીયાજી સૈનીકનો સ્વાંગ છોડી હવે થોડા દિવસમાં ચતુર્થ સ્વરૂપ ધારણ કરનાર છે! ધન્ય છે કડીયાને.

અમરપત્રી

સ્વીકાર અને સમાલોચના.

શ્રી પ્રશ્નોત્તર પ્રકાશ:–દ્વિતીય ભાગ, લેખક મુનિશ્રી સાગરચંદ્રજી મહારાજ, પ્રકાશક ગોકળદાસ મંગળદાસ લુહારની પોળ અમદાવાદ પોસ્ટ ખર્ચની એક આનાની ટીકીટ બીડવાથી ઉપરોકત ટ્રેકટ મોકલી દેવામાં આવે છે. આમાં સુખલાલ ખૂબચંદ નામના કોઈ માણસે તા૦ ૧૩–૫–૩૨ ના વીરશાસનમાં મુનિશ્રી સાગરચંદ્રજીને પચીશ પ્રશ્નો પૂછ્યા હતા તેના આમાં ઉત્તરો છે.

શ્રી નડિઆદ હિન્દુ અનાથાશ્રમ:–નો વાર્ષિક રિપોર્ટ સં. ૧૯૮૭ ની સાલનો અમને અવલોકનાર્થે મળ્યો છે. આજના સમયમાં કે જ્યારે હિન્દુ સંસાર અનેક બદીઓથી સળગી રહ્યો છે ત્યારે આવા આશ્રમો આશીર્વાદ સમાન નીવડયા છે, આવા આશ્રમોને પોષવા એ જનતાની ફરજ છે, રિપોર્ટ જોતાં સંસ્થા સારી પ્રગતિ કરી રહી છે તે બદલ તેના કાર્યકર્તાઓને ધન્યવાદ.

વીર વિભૂતિ–મૂળ લેખક ન્યાયતીર્થ મુનિશ્રી ન્યાયવિજયજી. અને અંગ્રેજી ભાષાન્તર કર્તા. બી. ભટ્ટાચાર્ય એમ. એ. પી. એચ. ડી. રાજરતન ડીરેકટર ઓરીજીનલ ઇન્સ્ટયુટ બરોડા પ્રકાશક શ્રી જૈન યુવક સંઘ વડોદરા મુળ લેખક મુનિરાજ શ્રી ન્યાયતીર્થ ન્યાયવિજયજી મહારાજે સત્તાવન શ્લોકોમાં વીરવિભૂતિ નામનું નાનું શું અપૂર્વ કાવ્ય રચ્યું હતું તેનું આ ઇંગ્લીશ ભાષાન્તર છે. કોલેજોનો માટે આ ઘણુંજ ઉપયોગી છે.

જર્મનીથી પત્ર ચોથો.

ઓત (જર્મની) તા૦ ૨૯-૧૨-૩૨

પ્રિય ભાઇ!

ગયા વખતે નેપલ્સ પહોંચ્યા સુધીનું વર્ણન લખી પત્ર બંધ વાળ્યો હતો. અમે નેપલ્સ સવારમાં પહોંચ્યા હતા. પણ જ્યાં સુધી ઇટાલીયન સરકારનો પાસપોર્ટ અમલદાર અમને ગામમાં જવાની રજા ન આપે ત્યાં સુધી અમારાથી શહેરમાં પગ દેવાય તેમ ન હોતું. અમારો પ્રાંત-પ્રવેશ અનુજ્ઞાવિધિ પૂરો થયો ત્યારે સાડા આઠ ઉપર વાગ્યા હતા. નેપલ્સ કે જેના ઇતિહાસ વિષે અનેક પુસ્તકો અને લેખો વાંચેલા તે જોવાને મન તલસી રહેલું. વિસુવિસ, પોંપાઇ, નવું ઇટાલી-(Fascist) વિગેરેને ઝીણવટથી જોવાની દરેક યાત્રિકની મહત્વાકાંક્ષા હોય છે, તેથી જે થોડા ક્ષણોમાં જેટલું વધારે નિરિક્ષણ કરી શકાય તેટલું કરવા અમે પ્રવેશ-અનુજ્ઞા મળ્યે સ્ટીમરમાંથી દોડવા માંડયું. અમે આઠથી દશ જણા સાથે જનાર હતા. સ્ટીમરપરથી નીચે ઉતર્યા એટલે કેટલાય ભોજિયાઓએ ઉત્સાહભેર અમને વધાવ્યા, તેમની અતિ ઓછી માગ, તેમનું અતિ ગહનકાર્ય, જોવાની અનેક વસ્તુઓ, ટુંક સમયમાં સર્વ જ્ઞાન આપવાની શક્તિ વિગેરે વિગેરે ભાવાર્થના વાક્યોએ જે લગભગ કાંઇ વકતાની યાદ આપતા હતા. અમને કંઈ ખાસ અસર કરી નહિ. કારણ કે અમને તરતજ જણાયું કે આ ગૃહસ્થ જણાતા અમારા યજમાનો આગળ જણાવી ગયો હું તે વેપારીઓ કરતાં પ્રમાણિકતામાં બહુ ચઢી જાય તેવા ન હતા.

અમે મોટર કરી. દરેકમાં પાંચ પાંચ જણા બેસી પોંપાઇ તરફ સીધાવ્યા. શરૂઆતમાં અમારી મોટર ઠીક ઠીક ચાલવા લાગી. પણ એવું સાધારણ બને છે, કે જ્યારે આપણે કોઇ વસ્તુઓ માટે પહેલાંથી અનેક ચિત્રવિચિત્ર તરંગો બાંધી રાખીએ. તેજ વસ્તુ પ્રાપ્ત થતાં આપણને વધારેમાં વધારે વિઘ્ન નડે છે. મોટરના મશીનને કંઇક થયું, અને રસ્તામાં એક હોટેલ કે જેની અગાસી ઉપરથી વિસુવિઅસના દર્શન થઈ શકતાં, ત્યાં આગળ આવીને અટકી, બીજી મોટર ન મળે ત્યાં સુધી આગળ વધવું અસંભવીત હતું, અને મોટર રહેજે મળે એવી આશાજ નહોતી. મોટર ડ્રાઇવરે મશીન સુધારવાના અનેક પ્રયત્નો કર્યા, લગભગ અડધા કલાક પછી અમારી વિહ્વળતા વધી પડી, અમારા ક્ષોભમાં અમે કંઇક સાધન મેળવવાના અયોગ્ય પ્રયત્નો કરવા માંડયાં. પૂછતાં પૂછતાં ખબર મળી કે હોટેલમાં એક ટેલીફોન છે. અમારામાના એક જણે જઇને મેનેજરને અમારી કફોડી સ્થિતિ મુશ્કેલીથી સમજાવી. મેનેજરે પોંપાઇ નેપલ્સ કરતાં નજીક હોવાથી કોઇ ટેક્ષીવાળાને ફોન કર્યો. અમારા કમનશીબે તેજ વખતે ફોન પણ બગડેલો હતો. ટેલીફોનથી નિરાશ થઇને અમે બહાર આવ્યા. અમારી મોટરની હજી મૃત સ્થિતિ હતી. ડ્રાઇવર પંપ લઈ કશાકમાં હવા ફુંકારતો હતો. લગભગ દોઢેક કલાક હોટેલમાં બેઠા હોઇશું. ત્યાં સ્ટીમરમાંના એક ઉતારની મોટર ત્યાં આવી. અમે તેમને પોંપાઇ પહોંચીને અમારા માટે એક ટેક્ષી મોકલવા વિનંતિ કરી, તેઓ થોડીવાર માટે હોટેલમાં વિશ્રાંતિ કરવા ગયા. અમે પણ બહાર એક એક ચાનો કપ મંગાવી અમારી મોટરના સામે નિરાશ દૃષ્ટિએ બેઠા.

દૂર વિસુવિઅસ વૃક્ષવેષ્ટિત તળેટી ઉપર વધેલો જણાતો હતો. ધુમાડાનું ચિન્હ માત્ર ન હોતું. માત્ર તાપને લીધે જરા તેના ઉપર ઝાંખારા વળી હતી. આજ વિસુવિઅસે લગભગ બે હજાર વર્ષ ઉપર એક મહાનગરની સંસ્કૃતિનો વિનાશ કર્યો હતો. પણ અત્યારે તેનો કંઈ ઉત્તાપ જણાતો ન હતો. કોણ કહી શકે કે તેને એક વખત મનુષ્ય પ્રલયની ભૂખ લાગી હતી? સૂતેલા સિંહને જોઇને જેવી પ્રતિમાનો આભાસ થાય તેવીજ કેટલીક લાગણીઓ આ મહાગિરીને જોઇને થતી હતી.

"મોટર સારી થઈ ગઈ છે" અમારામાંના એક સાથી કે જે મોટરની તહેનાતમાં અત્યાર સુધી ઉભેલા, તેણે આવીને કહ્યું, અમે અમારા ટેબલ ઉપરથી એકદમ કુદ્યા, લગભગ શીકારીના હાથથી છુટેલા હરણની માફક, અમને કોઇને ઉપર જણાવેલ ઉતારને મોટર માટે ના કહેવાની પણ સુઝ પડી નહિ.

મોટરે અમને પોંપાઇ આણ્યા, અમે ઉપર ગયા. જલ્દી જલ્દી જોવા માંડયું. પણ મને ઉતાવળ કરવામાં ઠીક ના પડવા માંડયું, તેથી મેં પાછળ રહી જવાની દરકાર કર્યા વિના જરા ધીરે ધીરે નિરિક્ષણ કરવા માંડયું.

શહેરની રચના અને મકાનો મારા મનમાં ખાસ રસ નહોતાં ઉત્પન્ન કરતાં, પણ તેમને જોઇને તેમના એક વખતના જીવનને લગતા કલ્પના તરંગો મને આ સમયે તે સાદા, સીધા રસ્તાઓ ઉપર સ્થિર કરી રાખતા. લગભગ આખું શહેર ખોદી શોધવામાં આવ્યું છે. પ્રાયઃ સંપૂર્ણ રચના હજી જેવી હશે તેવીજ દેખાય છે. તેથી એક રીતે અનેક જીંદગીઓનો નાશ કરવા છતાં વિસુવિઅસે ઉપકાર પણ કર્યો છે. પ્રાચિન સંસ્કૃતિ વિષયક શોધોમાં મોટો ભાગ કલ્પના અને જુજ ભાગજ સ્પષ્ટ હકીકત હોય છે. પોંપાઇ વિષયક શોધમાં મોટો ભાગ હકીકત અને થોડો ભાગજ કલ્પના છે. અને તેથી કેટલાંક બીજાં સુંદર તર સંશોધનો કરતાં, પ્રાચિન સંસ્કૃતિ વિષયક સ્મારકોમાં તેનું સ્થાન અદ્વિતીય છે. મને પોંપાઇના રસ્તાઓ અને મકાનો કોઈ આધુનિક પ્રવૃત્તિના જેટલાંજ જીવંત લાગ્યાં. પોંપાઈ છોડવાનું મન ન થયું, પણ છોડ્યા વિના છૂટકો નહોતો. સ્ટીમર ચાર વાગે ઉપડવાની હોઇને વખતસર પાછા ફરવું પડયું. મોટરની દુર્ભાગ્ય ઘટનાના લીધે નેપલ્સના એક રસ્તા સિવાય વધારે ન જોઈ શક્યો.

આખો દિવસ અને રાત મન પોંપાઇના વિચારોમાં વ્યગ્ર રહ્યું. સમુદ્રમાં તરંગ-મસ્તી તો લગભગ હંમેશ થતી હશે, પણ તેની જ્યાં સુધી તે આપણા પોતાના જીવન પ્રવાહને સ્પર્શ ન કરે ત્યાં સુધી કોણ નોંધ લે છે? મારું પણ એમજ થયું, જ્યાં સુધી પોંપાઇ નહોતું જોયું ત્યાં સુધી તેના વિષયક ભાગ્યેજ વિચારો આવતા. વળી એક વખત અમુક વસ્તુ આપણા જીવનનાં પરિચયમાં આવે છે, ત્યારે શા માટે તે અમુક ચોક્કસ સ્થાન લઇ લેતું હશે? કોઈ પ્રેમપાત્રની માફક તે દિવસે તો પોંપાઇ મનઃ પ્રદેશમાંથી ખસ્યુંજ નહિ. આગળ વધતી સ્ટીમરના અગ્ર ભાગમાંથી હું દૂર અંકિત પોંપાઇ અને વિસુવિઅસની દિશામાં બદ્ધ દૃષ્ટિએ જોઇ રહ્યો.

બીજે દિવસ પ્રભાતે જીનોવા આવવાનું હતું, જીનોવા આવવાની સાથે અમારા સમુદ્ર પ્રવાસનો અંત થવાનો હતો. જ્યારે ઘણી વખત સમુદ્રમાં હતા ત્યારે ભૂમિ ઉપર ઉતરવાનું મન અનેકવાર થઇ આવતું. તેમ છતાં જલયાત્રા શેષ થશે, એ વિચારે હૃદય જરા ખિન્ન થયું, કારણ કે જલયાત્રાના અવસાન સાથે અનેક કુદરતી દૃશ્યોનો અંત થવાનો હતો. હવે જલાકાશ રક્ત કરતું પ્રભાતકિર્ણ વારિસમૂહ ઉપર હીલોળાં ખાતી જ્યોત્સ્ના અને સમુદ્ર તરંગોનું અનવરતખેલન ફરી કયારે જોવા મળવાનું?

લી૦ શાંતિ.

જૈન મંદિરોમાં શ્રાવકોદ્વારા-પૂજાતાં શિવલિંગો.

શ્રાવકોએ હવે સાવધાન રહેવાની અગત્ય.

મુનિરાજશ્રી જયન્તવિજયજી મહારાજ.

–તા૦ ૧૨–૧૧–૩૨ ના અંકથી ચાલુ–

(૭) જૈન મંદિરની અંદર જ, તેનાં કંપાઉંડમાં જ અથવા જોડાજોડ શિવલિંગો છે તેને માટે ઉપરના થોડા દાખલા ટાંકયા છે. બાકી શ્રાવકોએ હિંદુઓના મુખ્ય મુખ્ય દેવોનાં અને જાણ્યા અજાણ્યા નાના મોટા અને હલકા દેવ–દેવીઓનાં મંદિરો, દેરીઓ વિગેરે બંધાવ્યા છે તેની વિગત લખવા બેસીએ તો ખાસ્સું એક પુસ્તક લખાય તેમ છે.

મહામાત્ય વસ્તુપાલ–તેજપાલ વિગેરેએ પોતાની તથા જૈન ધર્મની ઉદારતા જણાવવાને માટે, કીર્ત્તિને માટે, સાર્વજનિક પ્રેમ અને સૌજન્યતાને ખાતર અન્ય ધર્મનાં દેવળો બંધાવ્યાં, સમરાવ્યાં તેમાં મદદ કરી તે એક જુદી વાત છે.

અને અન્ય ધર્મની શ્રદ્ધાથી, અજ્ઞાનતાથી, અંધશ્રદ્ધાથી કે આર્થિક લાલચથી તેમ કરવું એ બીજી વાત છે. છતાં પણ જૈન મંદિરો અને તેના કંપાઉન્ડની બહાર અન્ય ધર્મીઓનાં મંદિરો, દેહરીઓ વિગેરે બંધાવે કે મૂર્ત્તિઓ વિગેરે સ્થાપન કરે તો તે ધણીની ખુશીની વાત છે. તેમ કરવાથી લાભ કે નુકશાન જે થાય તે બંધાવનાર કે સ્થાપન કરનાર ધણીને જ થાય છે. તેની સાથે સકલ જૈન સંઘને કંઈ લાગતું વળગતું નથી. પણ ખાસ જૈનમંદિરોની અંદર જ અન્ય ધર્મી દેવ–દેવીઓની દહેરીઓ કરાવવી કે મૂર્ત્તિઓ બેસાડવી, તેમાં પરિણામે જૈન પ્રજાને–જૈન સંઘને ખુબ આપત્તિ સહન કરવી પડે છે અને આગળ ઉપર વધારે સહન કરવી પડશે. માટે આ જમાનાના અનુસારે જે જે ગામનાં જૈન મંદિરો કે તીર્થોમાં અન્ય ધર્મી દેવ–દેવીઓનાં મોટાં કે નાનાં સ્થાનો, ગોખલાઓ કે મૂર્ત્તિઓ હોય તે ગામના સંઘો આગેવાનો સાવધાન થઇ પહેલેથીજ સાવચેત થઇ સાવચેતીથી શાંતિપૂર્વક તે બાબતનો યોગ્ય નિકાલ લાવશે, તો ભવિષ્યમાં જૈન સંઘને ચારૂપ તથા શત્રુંજય વિગેરે સ્થાનો જેવો કડવો અનુભવ આપણે કરવો નહિ પડે.

અંતમાં પૂજ્ય મુનિરાજે, જૈન કોન્ફરન્સના ઉપદેશકો, પ્રસિદ્ધ વક્તાઓ અને પ્રચાર કાર્ય કરનારાઓ આગેવાનો–યુવકો વિગેરે પોતાના પ્રવાસ દરમ્યાન આ વિષય ઉપર પુરતું ધ્યાન આપીને જ્યાં જ્યાં આવી વસ્તુ સ્થિતિ જોવામાં આવે, ત્યાં ત્યાંના આગેવાનોને ભારપૂર્વક ચેતવણી આપીને પહેલાંથી જ સુવ્યવસ્થા કરાવવા લક્ષમાં લેશે તો ભવિષ્ય માટે તે ઘણું જ લાભદાયક થઇ પડશે.

"સર્વ દેવ સાચા" આવી શ્રદ્ધા રાખનારા મારવાડી શ્રાવકોએ એક વાત અવશ્ય યાદ રાખવી જોઇએ કે–**ઉપર પ્રમાણેની શ્રદ્ધા રાખવાથી આલોક સંબંધી કે પરલોક સંબંધી કલ્યાણ થવાનું નથી** જ્યાં સુધી એક ધર્મ અને એક દેવ ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખવામાં ન આવે ત્યાં સુધી કોઇ પણ કાર્યની સિદ્ધિ થતી નથી. તમારી સુખ સંપત્તિને પૂરવા-વાળા મિથ્યાત્વી દેવો છે, જૈન ધર્મમાં એવાં કોઇ દેવ–દેવીઓ નથી, એમ તમો માનતા હો તો તે મોટી ભૂલ છે. જૈનધર્મમાં પોતાના ભક્તોને ઇચ્છિત સુખ દેવાવાળા એક એકથી સવાયા અનેક દેવ–દેવીઓ છે. માટે ચિન્તામણિ રત્ન સમાન જૈનધર્મ પ્રાપ્ત કરવા છતાં આમ જ્યાં ત્યાં અથડવા–ભટકવાથી ઉભય ભ્રષ્ટ થવાશે. "**ન મિલ્યા રામ, ન મયા કામ**" એવી દશા થશે. માટે "**ધોબીનો કુતરો ઘરનો હિ તેમ ઘાટનો નહિ.**" એવી દશા ન થવા દેતાં કલ્પવૃક્ષ સમાન પ્રાપ્ત થએલા પોતાના જૈન ધર્મને જ વળગી રહેવા સાથે તેમાંના કોઇ પણ એક દેવની સંપૂર્ણ શ્રદ્ધાપૂર્વક આરાધના કરશો તો ઇચ્છિત ફલ પ્રાપ્તિ જરૂર મેળવી શકશો. **ઇતિશમ્.**

શ્રીમહારાષ્ટ્રીય જૈન વિદ્યાભુવન જુન્નેર

તુરતમાં ખોલવાની ઉગ્ર ઉકંઠા.

સંવત ૧૯૮૯ ના માગશર શુદી ૧૪ ને રોજ અત્રેના શાહ પોપટલાલ છગનલાલના ભાણેજના શુભ લગ્ન જૈન વિધિથી થયાં હતાં તે વખતે જૈન અને જૈનેત્તરની સારી મેદની વચ્ચે અત્રેની પાઠશાળાના માસ્તર સાહેબ ભગવાનદાસભાઇએ ભૂવનની ખાસ આવશ્યકતા છે એવા રૂપમાં નીચેના સારાશનું ભાષણ આપ્યું હતું.

આધુનિક જાગૃતિના યુગમાં–સર્વ કેળવણી દ્વારાએ પ્રગતિ સાધવાના સુંદર પ્રયત્નો સેવાઇ રહ્યા છે, કેળવણીની મહત્વતા વધી છે, આજે કેળવણી એટલે વિદ્યાભ્યાસ નહિ પણ કેળવણી એટલે સર્વાંગીવિકાસ, તેમજ વિદ્યાભ્યાસ સાથે, માનસિક, શારિ-રિક, આધ્યાત્મિક, નૈતિક તેમ ઔદ્યોગીક કેળવણીની અગત્યતા સર્વાનુમતે સ્વીકારવામાં આવી છે. આવી કેળવણી મનુષ્યને ખરો મનુષ્ય બનાવે છે.

જુન્નેર અને તેની આસપાસનાં ગામડામાં સુકેળવણીના અભાવે ઘણા જૈન વિદ્યાર્થીઓની જીંદગી બરબાદ થાય છે તેથી હરકોઇનું હૃદય પીગળ્યા વગર રહેતું નથી, આવી દયાજનક સ્થિતિ દૂર કરવા એક સ્વતંત્ર સ્કૂલ સાથે ભૂવન ૩૦ વિદ્યાર્થી ઘણા થોડા વખતમાં ખોલવા નક્કી કર્યું છે. ઉદ્દેશ–જૈન કોમમાં ધાર્મિક, વ્યવહારિક અને નૈતિક કેળવણીનો પ્રચાર કરવો. શિક્ષણ યોજના–પ્રાથમિક અને આધ્યાત્મિક શિક્ષણ એટલે મરાઠી ચોથા ધોરણથી ઇંગ્રેજી સાત ધોરણ સુધી હાલની સામાજીક પદ્ધતિ અનુસાર વ્યાપારિક, વ્યવહારિક, ઔદ્યોગિક, વ્યાયામ, સંગીત અને જૈન ધર્મનું ઉચ્ચ જ્ઞાન ખાસ તે તે વિષયોના વિદ્વાન, અનુભવી અને સેવાભાવી શિક્ષકો રોકી ચાલુ કરવાની તૈયારી છે. અનેક સાહેરો પૂજ્ય મુનિ મહારાજો અને કેળવણીકારોની ભૂવન શરૂ કરવાની સહાનુભૂતિ આવી ગઈ છે. સલાહકાર મંડળના સભ્યો બનાવવા વિનંતિપત્રો લખવા શરૂ કર્યા છે, વ્યવસ્થા, ધારાધોરણ, ફંડની યોજના ઘડાઇ ચૂકી છે. જે મીટિંગમાં પસાર થઇ છે.

ચર્ચા પત્ર.

આ ચર્ચાપત્રમાં આવતી હકીકત સાથે અમે સમ્મત છીએ તેમ કોઇએ માની લેવું નહિ.

આમાં આવતી ચર્ચાઓ સંબંધી બંને બાજુઓને યોગ્ય સ્થાન અપવામાં આવશે. –તંત્રી.

શીહોરની જૈન જ્ઞાતિઓમાં કલહનો દાવાનળ.

આચાર્ય નેમિસૂરિજીએ સમાધાન કરાવવાની જરૂર.

શીહોરમાં ઉપધાનની જંગી મેદનીમાં ગઈ માગશર શુદ ૭ ને દિને ચંદુલાલ નામના એક ઓશવાળ છોકરા ઉપર "બાબુ" નામના એક વીશાશ્રીમાળી યુવકે ચપ્પુથી હિંસક હુમલો કર્યો હતો, અને એ હુમલાને પરિણામે ચંદુલાલનું એક દિવસ બાદ મૃત્યુ થયું, એ બિના સુવિદિત છે. આ હુમલાને લગતો કેસ કોર્ટની દેવડીએ ચઢી ચુકયો છે. એ વાત પણ જગજાહેર છે. આ પ્રાણઘાતક હુમલા બાદ ઓશવાળ અને વીશાશ્રીમાળી જ્ઞાતિઓમાં કલહનો દાવાનળ જાગ્યો છે. આ કલહથી બન્ને જ્ઞાતિઓના હિતને દિનપ્રતિદિન જબરૂ નુકશાન પહોંચે છે. તેથી કલહની શાન્તિ થવાની અનિવાર્ય અગત્ય છે.

આચાર્ય નેમિસૂરીશ્વરજી જેઓ હાલ એક પ્રતિષ્ઠા નિમિત્તે પાલીતાણા ખાતે બિરાજે છે, તે ધારે તો આ કલહનું નિવારણ કરી શકે તેમ છે. આચાર્યશ્રીની પ્રતિભા અને તટસ્થ વૃત્તિ સુવિખ્યાત છે. અને તેથી તેમનું વજન ઘણું પડી શકે એ દેખીતું છે. બારી રીતે જોતાં કલહનું નિવારણ મોહનસૂરિએ કરવું જોઇતું હતું, પણ હેમણે તો આડાઅવળમાં તણાઇને શીહોરનો સત્વર ત્યાગ કર્યો, અને તેઓ પાલીતાણે જઇ વસ્યા છે.

બન્ને જ્ઞાતિઓ વચ્ચે સમાધાન થાય તે માટે ધૈર્ય અને હિંમતથી તેમણે કોઇ ઉચિત માર્ગ લેવો જોઇતો હતો. અને જરૂર જણાયે સત્યાગ્રહ કરવાની પણ તેમને જરૂર હતી. પણ સૂરિજીતો પોતાનું કર્તવ્ય ચુકયા છે. અને તેથી નેમિસૂરીશ્વરજીને બન્ને જ્ઞાતિઓ વચ્ચે સમાધાન કરાવવાનું કર્તવ્ય કરવાનું રહે છે.

આચાર્ય વર્ય શ્રી નેમિસૂરીશ્વરજી શીહોરની બન્ને જ્ઞાતિઓમાં સમાધાન થવાની સત્વર જરૂર છે. એમ સમજી સમાધાન થાય તે માટે તુરત પગલાં લે તો કેવું સારૂં ? શીહોરની બન્ને જ્ઞાતિઓ વચ્ચે જે ભારે વૈમનસ્ય ઉત્પન્ન થયું છે. તે દૂર કરવાની સર્વથા ઇષ્ટ છે. હાલ અશાન્તિવાળા વાતાવરણને લઇને બન્ને જ્ઞાતિવાળાઓ, ધાર્મીક ક્રિયાઓ, જમણવારો, વિગેરેમાં એક બીજાથી તદ્દન અલગા રહે છે. જે બીલકુલ ઇચ્છવા યોગ્ય નથી. આથી આચાર્યશ્રી સમાજના ભલા માટે બન્ને જ્ઞાતિઓમાં સમાધાન કરાવવાની બાબત ઉપર ખાસ લક્ષ આપશે. એવી મારી તેમને નમ્ર પ્રાર્થના છે. એક બીજી વાત: કેસ કોર્ટે ચઢયા પછી વીસાશ્રીમાળી ભાઇઓ ખુબ દોડાદોડી કરી રહ્યા છે. આમ છતાં ભાસ્કરરાવ જેવા સત્યનિષ્ઠ સેસન્યાયાધિશ હોવાથી ન્યાય સારી રીતે તોળાશે. તેમાં શક શાનો હોય ?

લી. સંઘ સેવક
વીશાશ્રીમાળી જૈન યુવક.

પાલીતાણામાં ચાલતી પતીતદશા

જગમશહુર મોહનસૂરિની વાલીબાઇ નામે એક અનુરાગી ભકતાણી સૂરિજી હાલ પાલીતાણામાં હોવાથી પાલીતાણે આવી રહેલ છે, અને તે હઠીભાઇની ધર્મશાળામાં ઉતરેલ છે. તેના સગાઓએ જાતે આવી તેને પાછી આવવા ઘણુંએ સમજાવ્યું પણ તેમાં તેઓ નિષ્ફળ નીવડેલ છે. બીજીબાજુ સૂરિજી પોતાના સંઘાડાના કલ્યાણશ્રી નામે એક સાધ્વી. તેમજ બીજાઓ મારફત મજકુર વાલીબાઇને દીક્ષા અપાવવા, તેમજ દીક્ષાબાદ પોતાની સાથે રાખવાનો મનોરથ સેવી રહ્યા છે. એમ કહેવાય છે દીક્ષા વિગેરે નિમિત્તે ૫-૧૦ હજારનું પાણી કરાવવાનો સૂરિજીનો નિરધાર હોય એમ પણ કહેવાય છે. આ બધી વાતોની સત્યાસત્યતા વિષે ઘણો ઉહાપોહ થતાં વાલીબાઇ અને કેટલીક સાધ્વીઓને હઠીભાઇની ધર્મશાળામાંથી કાઢી મૂકવા માટે એ ધર્મશાળાના કાર્યકરો વિચાર કરી રહ્યા છે આનું શું પરિણામ આવે છે તે જોવાનું રહે છે.

ક્રેન્ડ કંપનીવાળા મી. જયંતિલાલ કુંવરજી પણ પાલીતાણામાં ચાલતી પતીત દશાનું ભાન કરાવી રહ્યા છે. તેઓ છોકરીઓના સંસર્ગ ન છોડવા લાડુ બગરાવવા વિગેરે બહાને છોકરીઓને બહારગામ પણ લઇ જાય છે. કોઇવાર સંડાસમાં આવી જાય તો પોતાની ભૂલો કબુલ કરી દે છે. લાગતા વળગતાઓની આંખો હજુ કેમ ખુલતી નથી.?

ગુપ્તચર.

સ્વ. નગીનદાસ સ્મારક ફંડમાં મળેલી ભેટની નોંધ.

૫-૦-૦	શાહ કૃષ્ણજી ભીખાજી	વલસાડ.
૫-૦-૦	,, સાકરચંદ ખીમજી	,,
૫-૦-૦	,, લલ્લુભાઇ દુર્લભદાસ	,,
૫-૦-૦	,, ગુલાબભાઇ દેવચંદ	,,
૫-૦-૦	,, ટેકચંદ ભાણજી	,,
૫-૦-૦	,, ગાંડાભાઇ ગુલાબચંદ	,,
૫-૦-૦	,, નાથાલાલ ખુબચંદ	,,
૫-૦-૦	,, મગનલાલ ખુબચંદ	,,
૫-૦-૦	,, ભૂદરજી ભગવાનજી	,,
૫-૦-૦	,, મેઘાજી તારાજી	,,
૫-૦-૦	,, દુલભ રૂપાજી	,,
૫-૦-૦	,, જેચંદ જવેરચંદ હ. ફકીરભાઇ	વલસાડ.

સ્થાનિક સભ્યો પોતાની સલાહનો, જાત મહેનતનો, સુવિચારોનો સારો ફાળો આપે છે, ને તુરતમાં ભૂવન બોલાય તેવી ઉતકંઠા ધરાવે છે. વિદ્યાર્થીઓના વાલીને પોતાના બાળકોને મોકલવા વિનંતિ કરવામાં આવે છે. અંતિમ નિવેદન, આપણા સમાજની ધાર્મિક, માનસિક શારીરિક ઉન્નતિ ચાહે છો ? આપણી સમાજના બાળકો ભવિષ્યના શહેરી બને એમ આપ ઇચ્છો છો ? આપ જૈન કોમની આર્થિક અવનતિ અને અજ્ઞાન વિહારવા આકાંક્ષા ધરાવો છો ? તો તમોએ આરંભેલાકાર્યમાં જેમ અત્રે ભરાયેલ ૧૩ મી જૈન કોન્ફરન્સના દરેક કાર્યો સફળ કરવા સાથમાં જે જે સેવા બજાવી છે, તે અત્યુત્તમ છે, તેટલીજ બલકે તેથી વધારે સેવા અમારી સાથમાં રહી, અમને દરેક કાર્યમાં, પ્રોત્સાહન આપી, દરેક બાબતની સલાહ આપતા રહેશો, અને સક્રિય સહાનુભૂતિ, નિર્દોષ સલાહ, પ્રેમાદ્રોહન અને વિશુદ્ધ નિર્ણયો આ કાર્યને અવલંબે છે.

છેવટે એક તાલુકાના શાહ બાલુભાઇ મગનલાલ અને અત્રેના શાહ પોપટલાલ છગનલાલ જુન્નેરકર બન્ને તરફથી સંસ્થાની શરૂઆત કરવા રૂ. ૫૧) એકાવન આપ્યા હતા. છેવટે પ્રાંત, ગુલાબ લઈ મેળાવડો વિસર્જન થયો હતો.

अखिल भारतवर्षीय पोरवाल सम्मेलन अपीलपर सम्मति.

गत १५-११-३२ को समाज सुधारक हितैषी, श्री. समरथमलजी सिंधीजीने पोरवाल महा सम्मेलन भरनेके लिये एक निवेदन प्रगट किया है, उस विषयमें हम नीचे लिखे सही करनेवाले बडे मानपूर्वक अपनाते हुए साथ २ अपनी सम्पत्ति प्रगट करते है।

पोरवाल महा सम्मेलन यह शब्द "श्वेताम्बर जैन" पत्रके अंकमें पढते ही बडी प्रसन्नता हुई। इस समाज का अबतक कोइ सम्मेलन ही नहीं हुआथा। आज हमारे उत्साही नव युवकनें सम्मेलनकी आवश्यक्ता बतातें हुए जो निवेदन किया है वह मानो समाजके अन्धकार को दूर करनेकी किरण निकली है।

पोरवाल भाइयो। कृपाकर आप इसकी ओर ध्यान दें, गतांकमें आपने सिधींजीका निवेदन पढा होगा, उसमे अपने से अपील की है, उन्होंने कितनी बातो पर ध्यान खींचा है. उसपर ध्यान देना जरुरी है। तमाम पोरवालभाई अपने २ गांवकी सहीसे, अपनी सम्मति वर्तमान पत्रोंमें प्रगटकेर।

हमारी सम्मति यह है कि, "पोरवाल सम्मेलन' जरुरी मिलना चाहीये। मिलना कहां? तो उत्तरमें मालुम हो, स्थल पवित्र भूमि वामणवाडजीमे झंडा रोपें और चैत्र मासमें तिथि मुकरर करें तो, अति सुभीता है। एक वक्त भगवान महावीर देवने इस स्थल पर विहारकर भूमि पवित्र कीथी, इसीसे हम आज तक इस जगहको पवित्र तीर्थ मानते आये है, और भगवान महावीरका जन्म इस चैत्र मासमें ही हुआथा, और तीन लोकके अन्धकारमें प्रकाश चमक उठा था, इन्हीं चिर-स्मरणीय पवित्र दिनोंमें अन्धकार भगानेको प्रकाशरुपी प्रस्ताव बहार पडें तो, समाज बचसके, जिसमें सन्देह नहीं। हालतो हम अपने भाइयोंसे यह निवेदन करते है कि तुरत ही अपने २ ग्रामसे तमाम सज्जनोकी सही लेकर उपरोक्त महाशयजी के निवेदन की मान पूर्वक पुष्टि करें, यही हमारी आग्रह पूर्वक विनति हैं।

शा. मंखालाल हंसराजजी, देलेन्दर.
,, शंकरलाल मनरुपजी, वराडा.
,, जवेरचन्द वनाजी, ,,
,, चमनलाल रुपाजी, ,,
,, कपुरचन्द मनरुपजी, जावाल
,, केशरीमल पन्नाजी, ,,
,, फूलचन्द बीसाजी, बरलूट
,, रघुनाथजी रतनचन्द, ,,
,, एल. देवीचन्द जैनी, करनूल
,, एल. डी. जैनी कालन्द्री
,, देवीचंद कपूराजी ,,
,, केसरीमल हिन्दूजी, पाडिव
,, सरेमल धूडाजी अगवरी
,, नवलमल दानाजी, वेलोंगरी
,, शंकरलाल हिन्दूजी, ,,
,, वरदीचंद धूडाजी, कलापरी
,, शोकलचंद धूडाजी, सिआणी
,, पुनमचंद धन्नाजी, मनोडा

" आवश्यकता "

श्री श्वेताम्बर जैन कन्या पाठशाला मु. गुढाबालोतरा (मारवाड) के वास्ते एक सुयोग्य अध्यापिका कि जो जैन मूर्ती पूजक हो व उन्की उम्र कमसे कम ३५-४० वर्षकी हो, विचारशील हो। जो हिन्दि, गणीत, व धार्मिक विषयमें पंच प्रतिक्रमण, जीवविचार, एंवं सीना,पोना, गूंथना, आदि उद्योगीक विषयकी जानकर हो, आगे किस जगह पढाती थी सो भी लिखे, वेतन योग्यतानुसार दिया जायगा।

शाह एस. टी. पोरवाल, अमलोत्रा सुहाग
संचालक श्री सेवा समिति नव युवक मण्डल
मु. पो. गुढाबालोत्तरा, स्टेशन एरणपुरा रोड (मारवाड)

विद्वानोने खुश खबर.

(न्यायनो अपूर्वग्रंथ)

જેની લાંબા સમયથી રાહ જોવાઇ રહી હતી અને જે કલકત્તા, મુંબઇ અને બીજી અનેક યુનિવર્સિટીના ગ્રેજ્યુએટના કોર્સમાં' ન્યાય પ્રથમામાં, અને ગ્રેજ્યુકેશન બોર્ડમાં દાખલ થયેલ છે, તે ન્યાયનો અદ્વિતીય ગ્રંથ "प्रमाणनयत-त्वालोक" (प्रमाणनय-तत्त्वालोकालंकार) કે જેને ન્યાયશાસ્ત્રના ધુરંધર વિદ્વાન્ વાદિ-દેવસૂરિએ બનાવેલ છે. તે સરલ અને સુંદર બાલબોધિની નામની તદ્દન નવી અપ્રસિદ્ધ ટીકા સાથે થોડા સમયમાં બહાર પડશે. આ ગ્રંથને ન્યાય-કાવ્યતીર્થ, તર્કાલંકાર મુનિરાજશ્રી હિમાંશુ-વિજયજીએ એડીટ કરેલ છે અને જેમાં નોટ, પાઠાંતર, અનુ-ક્રમણિકા આદિ આપી પ્રસ્તાવનામાં ગ્રંથ, ગ્રંથકાર અને જૈન ન્યાયના વિષયમાં સારો પ્રકાશ પાડયો છે. અઠાવીશ રતલી સુંદર કાગળમાં, ક્રાઉન સોળપેજી સાઇઝમાં લગભગ સવાબસો પૃષ્ઠના દળદાર ગ્રંથની કિમ્મત માત્ર રૂા. ૦-૧૪-૦ ચૌદઆના છે. પોસ્ટેજ અલગ.

મળવાનું ઠેકાણું:—

મેસર્સ એ. એમ. એન્ડ કું. મુ. પાલીતાણા. (કાઠીઆવાડ) } શ્રીવિજયધર્મસૂરિગ્રંથમાળા છોટા શરાફા ઉજ્જૈન (માળવા)

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3, and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay, 3.

ફેશરીયાજી પ્રકરણ.

Reg. No. B. 2917
Tele. Add. 'Yuvaksangh'

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

છુટક નકલ ૧ આનો વાર્ષિક રૂા. ૨-૮-૦	શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર. તંત્રી:-ચન્દ્રકાન્ત વી. સુતરીયા.	વર્ષ ૨ જું, અંક ૧૩ મો. શનીવાર તા. ૨૧-૧-૧૯૩૩.

આઝાદીના દુશ્મનોની અવદશા.

"તુરંગ"

"સમુદ્રનાં નીર સ્વતંત્રપણે વહેતાં હતાં, આનંદની છોળો ઉડતી. ઉલ્લાસની ઉર્મિ ઉછળતી. ત્યાં મુક્તિ અને જેમના ઉછાળા હતા. એ નિર્બંધ આઝાદી! પરદેશી ખડકે સમુદ્રના પ્રદેશમાં પગરણ કર્યાં. સ્વતંત્ર વ્હેણને ખાળવા, માર્ગ પ્રતિબંધ કરવા, વ્હેણે જડ સત્તા જમાવી. નીરની આઝાદ પ્રકૃતિ ગુલામી કાંખી કેમ શકે? એ ક્ષુદ્ર ગુલામી સ્હામે ઝઝુમવા સમુદ્રમાં બળવો પ્રજળી ઉઠયો. પ્રકોપ ફાટયો. ક્રોધની ઝડીએા ઝરવા લાગી બંડખોર નીર ખડક ઉપર ધસી આવ્યાં. સંગીનના બળે ખડકે વ્હેમને પાછળ હડસેલ્યા, કેટલાંક પડયાં, કેટલાંક ઘવાયાં. અફળાયાં, ઝીકાયાં, પાછળ હઠયાં, પ્રથમ પ્રયાસમાં પાછીપાની કરવી પડી, પીછે હઠ થઇ, પરંતુ આઝાદીની લગની નહિ ઓસરી; ખડકને એ યુધ્ધમાં ઘા વાગ્યા કેટલાક લૂલા થયા. કેટલાકને ઉઝરડા પડયા, આઝાદીનો જુવાળ પાછો ચઢયો. સમુદ્રનાં નીરે જન્મસિધ્ધ મુક્તિ માટે ફરી પાછો પ્રચંડતાથી ધસારો કર્યો. ખડકના સાંધા ઢીલા પડયા. પાયો હલવા લાગ્યો, ને કડડ ભૂસ કરતો નીચે તૂટી પડયો. આજે એ સ્વતંત્રતાનો શત્રુ સમુદ્રના કાંઠે લોકના પગવતી કચડાય છે. જગતલોક કહે છે કે એ દરીયાની ઝીણી રેતી. સમુદ્રનીર અટ્ટ હાસ્ય કરે છે. આઝાદીના સર્વ દુશ્મનોની આ વલે!"

આઝાદીના દુશ્મનોને સમુદ્ર પણ પડકારે છે કે વ્હેમારી સ્થિતિ મ્હારી મર્યાદામાં જે સ્થાન રેતી ભોગવે છે. વ્હેના કરતાં પણ બુરી થશે, સમાજની આઝાદી સ્હામે જેમણે અનેક વખત મોરચા માંડયા છે, સુધારકો સામાં જેમણે અનેક વખત કાંટાએા વેર્યા છે. એટલું જ નહિં પણ સમાજની ઉન્નતિનાં પ્રમાણિક ઉદ્દેશથી જેમણે પ્રયત્ન કર્યો છે. વ્હેમને અંગત ભાંડવામાં પણ મણા રાખી નથી. એવા એ મદાંધ અધિષ્ઠાતાએો સમુદ્રના મૂક પડકારને પણ નહિં સમજે? જડ પ્રકૃતિ પોતાનું કાર્ય કર્યે જ જાય છે, અનંત કાળના વ્હેણ સાથે કઇક મદાંધોને પ્રકૃતિ હડપ કરી ગઇ છે, એ નગ્ન સત્ય સ્હમજાતું નથી? એજ ગગન, એજ પૃથ્વી, અને એજ સૂર્ય ચંદ્ર. એ પલટાતા નથી, સમય પલટાય છે, વ્હેની જોડે માનવ પ્રકૃતિપણ પલટાય છે, આ પલટા સ્વાભાવિક છે, તે કોઇથી એ રોકાતા નથી. વ્હેમાં અનંત શક્તિ ભરેલી હોય છે, વ્હેની સ્હામે થવાની જે જે હામ ભીડે છે, વ્હેનો નાશ થએ જ છૂટકો છે. ભૂતકાળનો ઇતિહાસ એ બાબતની સાક્ષી પૂરે છે. વર્તમાન કાળ ચક્ષુ સમીપ જ છે. અને ભવિષ્ય કાળ એજ ઇતિહાસનું પુનરાવર્તન કરશે.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર)

પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૨૧-૧-૩૩.

કેસરીયાજી પ્રકરણ.

જગતમાં જે નિર્બળ હોય છે, તેને જીવવાનો પણ હક્ક નથી. જ્યાં ત્યાં તે હડધૂત થાય છે, આજે વીસમી સદી જેવા કાયદાનાં કડક શાસન હોવા છતાં પણ કાયદો બળવાનના પક્ષમાં ઉભો રહે છે, નિર્બળને તે જરાયે રક્ષણ આપતો નથી. જૈન સમાજ આજે નિર્બળ બન્યો છે, તેનાં અંગો શિથિલ બન્યાં છે. અંદરો અંદરની તકરારોને લઇને તેની રહી સહી શક્તિ પણ ક્ષીણ થઇ રહી છે, તે સ્થિતિનો લાભ લેવા આજે ઇતર સમાજ તરફથી પ્રયત્નો થઇ રહ્યા છે, કેસરીયાજી પ્રકરણ તેનો જીવતો જાગતો પુરાવો છે.

કેસરીયાજી તીર્થ આપણામાં પ્રાચીન મનાય છે, આપણાજ વડવાઓનું એ પુરાણી જાહોજલાલીનું અવશેષ છે, મેવાડની પૂનિતભૂમિ ઉપર એ તીર્થની આજે હજારો વર્ષ થયાં સ્થાપના થઈ છે, અને અત્યાર સુધી એ આપણુંજ તીર્થ મનાતું આવ્યું છે, અત્યાર સુધી આપણી સ્વતંત્ર સત્તા એ તીર્થ ઉપર હતી. પરંતુ આપણી નિર્બળતાનો લાભ લઇ જેને આપણે આશ્રય આપ્યો એ પંડ્યાઓ તે તીર્થ પચાવવા તકપાપર થઇ રહ્યા છે. પ્રથમ ભંડારમાંથી ધન, દેવદ્રવ્ય લેવાની યુક્તિ રચી અને તેમાં આપણી બેદરકારીથી ફાવ્યા, એટલે આખુયે તીર્થ જૈનોનું નથી પણ અમારું છે, એટલે વૈષ્ણવોનું છે, ભાગવતમાં વર્ણવેલ આઠમો અવતાર શ્રી ઋષભદેવજી છે, તે આજ છે, માટે આ તીર્થ જૈનોનું બીલકુલ નથી. માત્ર વૈષ્ણવ તીર્થ છે, આના ઉપર જૈન સંઘની બીલકુલ માલીકી નથી. આવા પ્રકારનો દાવો દાખલ કર્યો છે. તેમજ ભંડારમાંથી દ્રવ્ય લેવાનું તથા ઓલીની આવકમાંથી હિસ્સો લેવાનું તો ચાલુ કરી દીધું છે. એમ વર્તમાનપત્રો વાંચવાથી માલમ પડી આવે છે. આવાં તો અનેક તીર્થો માટે આપણે લડીએ છીએ, અત્યાર સુધી તો દિગંબરો આપણા તીર્થમાં હસ્તક્ષેપ કરતા હતા. હવે વૈષ્ણવો પણ કરવા લાગ્યા, અને આવતી કાલે સારીયે દુનીયા આપણામાં પાણી નહિ હોય તો પચાવી જશે. આપણે ત્યાં આશ કરીને દેવ મંદિરના પૂજારી તરીકે બ્રાહ્મણોની પહેલી પસંદગી કરીએ છીએ અને મંદિરમાં પૂજન વગેરે આ લોકોજ કરે છે, બ્રાહ્મણો શીવમતાનુયાયી તેમજ બીજા દેવી દેવતાઓને માનતા હોવાથી તેઓ આપણા વિશ્વાસનો લાભ લઇ જીવના લીધે કે બીજા ભળતાજ દેવી દેવતાની આપણા મંદિરમાં સ્થાપના કરી દે છે, વખત જતાં આપણા લોકો પણ અજાણતાને વશ થઈ તેવા દેવી દેવતાઓને પૂજે છે, આમ અમુક સમય વ્યતીત થયા પછી આ લોકો મંદિરના માલિક બની જાય છે. પરિણામે મહાદેવજીના લિંગ અને બીજા દેવી દેવતાનો હવાલો આપી પોતાની માલેકી સિધ્ધ કરે છે. એ બાબતમાં મુનિરાજ શ્રી જયન્તવિજયજી મહારાજે "જૈન મંદિરમાં પૂજતાં શીવલીંગો" એ મથાળા નીચે ખૂબ લખ્યું છે, આ બાબતમાં જો આપણે ધ્યાન નહિ આપીએ તો આપણે માટે ભવિષ્ય બહુ બરાબ છે, એમ સમજવું ઘટે. આમ આવાં મહાતીર્થ ઉપર ધાડ આવે છતાં પણ આપણી કલેશાત્મક પ્રવૃત્તિ બંધ ન પડે. અયોગ્ય દીક્ષા બંધ ન થાય, સંઘ સત્તાની અવગણનાજ કરાય. આપણી બધી શક્તિ આમાંજ વેડફાય તો આપણે સમજવુંજ રહ્યું કે આપણો નાશ નજીકજ છે. ભવિષ્યના ઇતિહાસકારો કહેશે કે જૈન સમાજ ગુણનો પૂજારી મટી વ્યક્તિનો પૂજારી બન્યો, તેથી તેનો નાશ થયો. શું એ સ્થિતિ આપણે ઉપસ્થિત કરવા માંગીએ છીએ?

આપણે જીવનના ભોગે પણ કેસરીયાજી તીર્થ બચાવવુંજ રહ્યું. આજે કેસરીયાજી ઉપર ધાડ આવી હોય તો તેમાં કેવળ પંડ્યાઓનોજ હાથ નથી. પરંતુ તેની પાછળ કોઇ જબરજસ્ત શક્તિ કામ કરી રહી છે, સંભળાય છે કે ના. વાઇસરોય જ્યારે ઉદેપુર પધાર્યા ત્યારે લગભગ આઠ નવ લાખ રૂપીઆનો ધુમાડો કર્યો હતો. સ્ટેટ પાસે તો પૈસા ન હતા, પરંતુ કેસરીયાજીના ભંડારમાંથી ચાર લાખ રૂપીઆ લેવામાં આવ્યા છે, જો આ બાબત સાચી હોય તો જૈનોને પૂછ્યા શિવાય એક દમડી પણ લેવાનો રાજ્યને હક્ક નથી. શું આ બાબતને ગૌણ બનાવવા તો એ બધી ધમાધમ નથીને! શા માટે આ બાબતમાં સત્તાવાર ખબર આપણી આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી બહાર પાડવામાં આવતી નથી. આણંદજી કલ્યાણજીની પેઢીએ હવે પોતાનું મૌન તોડવુંજ જોઇએ. તીર્થો ઉપર જ્યારે ધાડ આવતી હોય, સમાજની જ્યારે અંદરો અંદર કલહના લીધે છિન્નભિન્ન સ્થિતિ હોય ત્યારે એવી મોભાદાર સંસ્થા મૌન રહે, એમાં પણ કંઇ અર્થસૂચક જરૂર છે. પણ એટલો ખ્યાલ રાખવો જરૂરી છે, કે કોઇ પણ તીર્થ ઉપર ધાડ આવે તો તે બાબતમાં લોકમત કેળવી નાખવાની અનિવાર્ય આવશ્યકતા છે, કાયદાની બાબતમાં આપણા સમાજમાં વકીલો બેરીસ્ટરો અને સોલીસીટરોનો તોટો નથી. હેમણે કાયદાની દૃષ્ટિએ કેસરીયાજી માટે લડવું જોઇએ, લક્ષ્મીનંદનોએ લક્ષ્મીનો ભોગ આપવો રહ્યો અને યુવકોએ આત્મભોગ આપવાને માટે કટિબધ્ધ થઇ જવું જોઇએ. સમગ્ર સમાજનું કેન્દ્ર આજે કેસરીયાજી બનવું જોઇએ. યાદ રાખવું જોઇએ કે અત્યારે આપણે કશો પ્રયત્ન નહિ કરીએ તો આપણા હાથમાં આપણા પૂર્વજોનો જે વારસો છે, કળાના જે અનમુન ખજાનાઓ છે તો લુંટાઇ જશે, બરબાદ થઈ જશે. શું આ સ્થિતિ આપણે લાવવીજ છે? જો ન લાવવી હોય તો આજેજ કમર કસો. આપણા સ્થાવર અને જંગમ બન્ને તીર્થ ઉપર ધાડ આવી રહી છે, સ્થાવર તીર્થ ઉપર જૈનેતરો અને જંગમ તીર્થ ઉપર ખુદ સાધુતાના લેબાશમા કેટલાક લેભાગુ શયતાનો જુલમ ગુજારી રહ્યા છે, આ બન્નેનો સામનો આપણે કરવો જોઇએ. શું હજુ પણ લાગતા વળગતાઓ મૌન રહેશે? કેશરીયાજી માટે આટલું તો જરૂર કરવું જોઇએ:-

સાધુઓએ કલહ અને કંકાસને તિલાંજલી આપી સ્થળે સ્થળે કેસરીયાજી માટે લોકમત કેળવવો, અને ગમેગામના સંઘો દ્વારા ઠરાવ કરાવી વાઇસરોય અને ઉદેપુરના રાણા ઉપર એ ઠરાવની નકલ મોકલી. સમાજની દરેક સંસ્થાઓએ ઠરાવો કરી ઉપરોક્ત બન્ને સ્થળે મોકલી આપવા.. યુવકોએ જરૂર પડે તો આત્મભોગ આપવાની તૈયારો કરી રાખવી. શું આ આશા વધારે પડતી છે?

શાસ્ત્ર અને શસ્ત્ર વચ્ચે શો ફેર?

"સુખલાલ"

હિન્દુસ્તાનમાં શાસ્ત્રને ઉત્પન્નકરનાર, તેને સાચવનાર, વિકસાવનાર, અને તે દ્વારા શક્ય હોય તેવી બધી પ્રવૃત્તિ કરનાર જે વર્ગ તે બ્રાહ્મણ તરીકે મુખ્ય પણે જાણીતો છે. એજરીતે શસ્ત્રરાખનાર, વાપરનાર, જે વર્ગ તે મુખ્યપણે ક્ષત્રીય તરીકે જાણીતો છે. શરૂઆતમાં બ્રાહ્મણ વર્ગનું કાર્ય શાસ્ત્રદ્વારા લોક-રક્ષા એટલે સમાજ રક્ષા કરવાનું હતું. શાસ્ત્રદ્વારા સમાજ રક્ષણ અને શસ્ત્રદ્વારા સમાજ રક્ષણ એ બંન્ને રક્ષણ છતાં તેનું સ્વરૂપ મૂળમાં જુદું હતું. શાસ્ત્રમૂર્તી બ્રાહ્મણ જ્યારે કોઇને બચાવવા માગે ત્યારે તેના ઉપર શાસ્ત્રનો પ્રયોગ કરે, એટલે તેને હિતબુદ્ધિથી, ઉદારતાથી અને સાચા પ્રેમથી વસ્તુસ્થિતિ સમ-જાવે. આમકરી તે પેલા આડે રસ્તે જનારાને કદાચ બચાવીજ લે, અને તેમ કરવામાં સફળ ન થાય તો પણ તે પોતાની જાતને તો ઉન્નત સ્થિતિમાં સાચવી રાખેજ. એટલે શાસ્ત્રનું કાર્ય મુખ્યપણે વકતાને બચાવવાનુંજ રહેતું. સાથે સાથે શ્રોતાને પણ બચાવી લેવાનું બની આવતું. અને જો કોઇવાર તેમ ન બને તો શ્રોતાનું અનિષ્ટ થાય તેવો ઉદ્દેશતો નજ રહે. શસ્ત્રમૂર્તી ક્ષત્રીય જો કોઇના આક્રમણથી પોતાની જાતને બચાવવાનો હોય તો તે શસ્ત્રદ્વારા પેલા આક્રમણ કારીને મારીને અગર હરાવીને-જ નિર્બળને બચાવીશકે, એટલે શસ્ત્રં રક્ષણમાં એકની રક્ષા કરવા જતાં મોટે ભાગે બીજાનો નાશ સંભવે છે. એટલે કે સામાના ભોગેજ આત્મરક્ષા કે પરરક્ષા સંભવે છે. આટલા તફાવતને લીધેજ શાસ્ત્રનો અર્થ એવો કે શાસનકરી એટલે સમજાવીને કોઇને બચાવવાની શક્તિને જે ધરાવે તે શાસ્ત્ર, અને બીજાને હણી એકને બચાવવાની શક્તિ જેમાં હોય તે શસ્ત્ર આ તફાવત સાત્વિક અને રાજસ પ્રકૃતિના તફાવતનું સૂચક છે. એ તફાવત હોવા છતાં બ્રાહ્મણ અને ક્ષત્રિય પ્રકૃતિ જ્યાં સુધી પોતાના સમાજ રક્ષાના ધ્યેયને યથાર્થપણે વફાદાર રહી ત્યાંસુધી તે બન્ને પ્રકૃતિએ પોતાની મર્યાદા પ્રમાણે નિઃસ્વાર્થપણે કામ બજાવ્યા કર્યું, અને શસ્ત્રને શાસ્ત્રનો મોભો સચવાઇ રહ્યો.

પણ વખતજતાં એ શાસ્ત્રદ્વારા પ્રાપ્ત થએલ પ્રતિષ્ઠાના ફળો આસ્વાદવાની ક્ષુદ્રવૃત્તિ જન્મી. પરિણામે ધીરે ધીરે સાત્વિક અને રાજસ પ્રકૃતિનું સ્થાન તામસ પ્રકૃતિએ લીધું, અથવા તેમાં તામસપણું દાખલ થયું, અને એવી સ્થિતિ આવી કે શાસ્ત્રમૂર્ત્તિ વર્ગ શાસ્ત્રજીવી બની ગયો અને શસ્ત્રમૂર્ત્તિ વર્ગ શસ્ત્રજીવી બની ગયો. એટલે કે બન્નેનું મુખ્ય ધ્યેય રક્ષણ મટી આજીવીકા પુરતું થઇ ગયું.

શાસ્ત્ર અને શસ્ત્રદ્વારા મુખ્યપણે આજીવીકા સાધવી, પોતાની ભોગવાસના તૃપ્ત કરવી એવી વૃત્તિ જન્મતાંજ શાસ્ત્ર-જીવી બ્રાહ્મણવર્ગમાં તડાં પડ્યાં, એક બીજાની અદેખાઇ કરવા લાગ્યા. ભટ્ટો, અનુયાયીઓ, અને શિષ્યો કે જેમને અજ્ઞાન અને કુસંસ્કારથી બચાવી લેવાનું પવિત્ર કામ બ્રાહ્મણ વર્ગને સોંપાએલું હતું તેઓને તે રીતે બચાવવાને બદલે પેલો શાસ્ત્ર-જીવી વર્ગ પોતાના હાથમાં પડેલા અભણ, અને ભોળાવર્ગની સેવા શક્તિનો અને તેટલો પોતાના લાભમાં વધારેમાં વધારે ઉપયોગ કરવાની હરીફાઇમાં પડ્યો. એટલે બીકારીની પેઠે એક શાસ્ત્રજીવી પોતાની શાસ્ત્ર જાળમાં અને તેટલા વધારેમાં વધારે અનુયાયીઓને બાંધી રાખવા બીજા શાસ્ત્રજીવી સાથે વિવિધ રીતે કુસ્તીમાં ઉતરવા લાગ્યો, અને આચાર્ય સિદ્ધસેન કહે છે તેમ એક માંસના ટુકડા માટે લડનાર બે શ્વાનોમાં કયારેક મૈત્રી બંધાય પણ બે સગાભાઇ શાસ્ત્રજીવી એટલે વાદી હોય તો તેમાં મૈત્રીનો કદિજ સંભવ નથી હોતો. એ સ્થિતિ સમા-જમાં આવીને ઉભી રહી. બીજી બાજુ શસ્ત્રમૂર્ત્તિ વર્ગ પણ શસ્ત્રજીવી થઇ ગયો હતો. એટલે તેમાં પણ ભોગ વૈભવની હરી-ફાઇ અને કર્તવ્યચ્યુતિ દાખલ થઇ હતી, તેથી અનાથ અગર આશ્રીત પ્રજાવર્ગનું પાલન કરવામાં પોતાની શક્તિ રોકવાને બદલે એ વર્ગ સત્તા અને મહત્તા વધારવાની પાછળ ગાંડોતુર થયો. પરિણામે એક શસ્ત્રજીવી અને બીજા શસ્ત્રજીવી વચ્ચે કોઇ અનાથ અગર નિર્બળની રક્ષાને કારણે નહિ પણ અંગત દ્વેષ અને વૈરને કારણે યુદ્ધ શરૂ થયાં અને એ યુદ્ધાગ્નિમાં જે લાખો અને કરોડોની રક્ષાને વાસ્તે તે વર્ગો સર્જાયા હતા અગર જેઓની રક્ષાને નિમિત્તે તે વર્ગને આટલું ગૌરવ પ્રાપ્ત થયું હતું તેજ લાખો અને કરોડો લોકો હોમાયા. આ રીતે આપણા આર્યાવર્તનો ઇતિહાસ, શાસ્ત્ર અને શસ્ત્ર બંન્ને દ્વારા વિશેષ કલુષિત થયો અને પોતાની પવિત્રતા અખંડ રાખી ન શક્યો. એજ સબબ છે કે આ દેશમાં લાખો નહિ પણ કરોડો શાસ્ત્રજીવી વર્ગની વ્યક્તિઓ હોવા છતાં અજ્ઞાન અને વિષ-વાદનો પાર નથી. એટલુંજ નહિ પણ ઉલટું એ વર્ગે અજ્ઞાન અને વિષવાદ વધારવામાં કે પોષવામાં પણ **નાનો-સુનો** ભાગ નથી ભજવ્યો. શૂદ્ર અને સ્ત્રીવર્ગને તો જ્ઞાનના અનધિ-કારી ગણી તે વર્ગે તેમની પાસેથી માત્ર સેવાજ લીધી છે. પણ ક્ષત્રિય અને વૈશ્યવર્ગ જેમને જ્ઞાનના અધિકારી ગણ્યા હતા તેમનામાંથી પણ અજ્ઞાન દૂર કરવાનો પેલા શાસ્ત્રજીવી વર્ગે પોતાનાથી શક્ય હોય તેવો કોઇ અવસ્થિત પ્રયત્ન આપક રીતે કરેલો નથી. શસ્ત્રજીવી વર્ગ પણ અંદરો અંદરની અદેખાઇ, ભોગવિલાસ અને કલેશને પરિણામે પરરાષ્ટ્રના આક્રમણથી પોતાના દેશને બચાવી ન શક્યો અને છેવટે પોતે પણ ગુલામ થયો. વંઠવાઓએ હાથમાં શાસ્ત્ર કે શસ્ત્ર લેતી વખતે જે ધ્યેય રાખેલું તે ધ્યેયથી તેમની સંતતિ ચ્યુત થતાંજ તેનું અનિષ્ટ પરિણામ એ સંતતિ અને એ સમાજ ઉપર આવ્યું. શાસ્ત્ર-જીવી વર્ગ એટલોબધો નબળો અને પેટભરૂ થઇ ગયો કે તે પૈસા અને સત્તા માટે સ્વયં વેચવા લાગ્યો. તે શસ્ત્રજીવી રાજા મહારાજાઓની ખુશામત કરે, અને મોટપ માને. શસ્ત્રજીવી વર્ગપણ કર્તવ્યપાલનને બદલે દાન દક્ષીણા આપીનેજ પેલા ખુશામતી વર્ગદ્વારા પોતાની ખ્યાતિ સાચવી રાખવાનો પ્રયત્ન કરવા લાગ્યો. આમ બન્ને વર્ગની બુદ્ધિ અને સત્તાના તેજમાં બીજા આશ્રિત લોકો અંજાઇ ગયા અને છેવટે આખો સમાજ નિર્બળ થઇ ગયો.

આપણે આજેપણ મોટે ભાગે જોઇએ છીએ કે કોઇ ઉપનિષદ અને ગીતા પાઠી, તે શાસ્ત્રો વાંચી પાછળ હિંસાથ મૂકે છે: હિંસામાં દોષ ઉત્પન્ન થયું. સપ્તાહમાં ભાગવત

અમદાવાદના.....અવનવા

(૧) શા. કેશવલાલ તારાચંદ સોમાણીને ચળવળને અંગે બે માસની સજા થઈ છે. (૨) પોતાનું જબરૂં દેવું ચુકવવાથી દીક્ષા લેનાર રામપાર્ટીના એક સાધુ થોડા સમયમાં દીક્ષાનો પરિત્યાગ કરનાર છે. મજકુર સાધુએ છેલ્લા બે ત્રણ માસમાં રામટોળીને ખૂબ ચગદોળે ચઢાવી છે, એ ખાસ નોંધવા જેવું છે. (૩) સાધુઓના પ્રપંચો અને ધાંધલો ઓછાં થાય, એમાં જેમના સ્વાર્થને મોટું નુકશાન પહોંચે છે, એવા ૨-૩ રૂઢીચુસ્ત ગૃહસ્થોની દોરવણીથી ચૈત્ર માસની ઓળીના દિવસો દરમ્યાન તાલધ્વજગીરીની છત્રછાયામાં કંઈક ખટપટ થવાની છે. સમાજે ચેતવું જોઇએ. (૪) મારવાડના કેટલાક મંદિરોના જીર્ણોધ્ધાર માટે આર્થિક મદદ મેળવવા માટે આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી સ્તુત્ય પ્રયાસ થઈ રહ્યો છે. (૫) વીશા શ્રીમાળી દવાખાનાનો ગયા મહિનામાં ચાર હજાર દરદીઓએ લાભ લીધો હતો. (૬) એક ઢાકરડીને જૈન ગૃહસ્થ જોડે પરણાવવાના આરોપસર રા. સકરચંદ ધરમચંદની ધરપકડ થઈ છે. (૭) ઉદરપોષણ નિમિત્તેજ જેમણે સાધુવેષ ભાળવી રાખ્યો છે, એવા કેટલાક સાધુઓ દીક્ષા છોડતાં સામાન્ય આર્થિક સહાય મળી શકે તો દીક્ષાને તિલાંજલી આપવા તત્પર છે એવી બાબત બહાર આવી છે. (૮) શ્રી દયાપ્રેચારિણી મહાસભાના પ્રયત્નથી મારવાડના કેટલાક ઠાકોરોએ પોતપોતાના પ્રદેશમાં જીવહિંસા બંધ કરાવી છે. (૯) નાગજી ભૂધરની પોળમાં ઉત્સવ ઉજવાઇ ગયો. (૧૦) અનેક કાલિમાયુકત કલંક કથાવાળા મોહનસૂરિ અમદાવાદ આવતાં અચકાતા હોય એમ જણાય છે. (૧૧) શ્રીમતિ નિર્મળા બેન બકુભાઇએ નરોડામાં તા૦ ૧૧ મીએ થયેલ હરિજન પ્રસંગે અસ્પૃશ્યતા નિવારણની તરફેણમાં પ્રસંગોચિત સુંદર ભાષણ આપ્યું હતું. (૧૨) જે મહારાજો વર્ષોથી અમદાવાદમાં પડયા પાથર્યા રહે છે તેમણે વિહાર કરવાની જરૂર છે. (૧૩) ઉપાધ્યાયજી શ્રી કનકવિજયજીને સિદ્ધિસૂરિને વરદ હસ્તે વદ સાતમના રોજ આચાર્ય પદ્વી અપાઈ હતી. લાયકાત કરતાં પોતાના પક્ષમાં એક આચાર્ય વધારવ ના ઉદ્દેશથી આ પદ્વીપ્રદાન થયું હોય એમ જણાય છે. (૧૪) રાષ્ટ્ર હિતૈષી નરવીરો શેઠ અંબાલાલ સારાભાઇ અને કસ્તુરભાઇ લાલભાઇએ અસ્પૃશ્યતા નિવારણ સંઘને પાંચ પાંચ હજાર રૂપીઆ આપી અનુકરણીય ને પ્રશંસનીય દાખલો બેસાડયો છે. (૧૫) સમેતશિખર રેપેસ્યલ તા૦ ૬૮ મીની રાત્રે ઉપડી ગઈ. યાત્રિકોની સંખ્યા લગભગ સાડાત્રણસો જેટલી થઇ છે. (૧૬) બે ભાઇઓને સટ્ટો રમવા બદલ દશ દશ રૂપીઆનો દંડ થયો છે. (૧૭) સુધારકવીર શ્રી વીરચંદભાઈ ગોકળભાઇ ભગતનું સ્વાસ્થ્ય સુધારા ઉપર છે. (૧૮) યંગમેન્સ સોસાયટીમાં કેટલાક વધુ સભ્યોએ રાજીનામાં આપ્યાં છે. (૧૯) જયાશ્રીને સંસારી બનાવવા કેટલાંક આપ્તજનો વગેરે પ્રયત્ન કરી રહ્યા છે. કેટલાંક વિશિષ્ટ કારણોને લઈને જયાશ્રી સાધુ વેશમાંજ રહેવાનું પસંદ કરે છે કે પુનઃ સંસારમાં પ્રવિષ્ટ થાય છે તે જોવાનું રહે છે. (૨૦) અસ્પૃશ્યતા નિવારણનો ખરડો ધારાસભામાં રજુ કરવા દેવા માટે જે મીલ માલેકોએ નામદાર વાઇસરોયને વિનતિ કરી છે તેમાં શેઠ અંબાલાલ સારાભાઇ સામેલ થયા છે. જ્યારે કેટલાક મીલ માલેકોએ ખરડો ધારાસભામાં રજુ ન કરવા દેવાની નામ૦ વાઇસરોયને અરજ પણ કરી છે. (૨૧) રા. મયાભાઇ મણીભાઇની દુકાનનો બહિષ્કાર પોકારવા માટે બે ભાઇઓની ધરપકડ થઇ છે. (૨૨) મણીભાઇ સાકળચંદના ઘેર બહિષ્કારના પોકારો કરવા માટે બે ભાઇઓ પકડાયા છે. (૨૩) વીરચંદ દીપચંદ લાયબ્રેરીનો વહીવટ સુધરે એ ઉદ્દેશથી ટ્રસ્ટીઓ જેઓ મુંબઈ રહે છે. તેમને વસ્તુસ્થિતિથી વાકેફ કરવાની લાગતા વળગતાઓને અત્યંત જરૂર છે. (૨૪) મોહનસૂરિને અમદાવાદમાં સ્થાન ન મળે તેમ હોવાથી તેઓ પાટણ જવા માટે ખૂબ પ્રયત્ન કરી રહ્યા છે, પરિણામ શું આવે છે તે જોવાનું રહે છે. (૨૫) રામપાર્ટીએ પોતાની ઉભેદ પાર પાડવા ચૈત્ર માસની ઓળી માટે તળાજાની પસંદગી કરી છે. શ્રી વિજયનેમિસૂરિને આગળ કરી એ પાર્ટી પોતાના દાવ બેસી શકે તે પહેલાં સમાજને યથેચ્છ જાગ્રત થવાની અત્યંત આવશ્યકતા છે. (૨૬) સોસાયટીની લગભગ બધી પ્રવૃત્તિઓ બંધ પડી ગયાથી પ્રવૃત્તિઓ આગળ ધપાવવા માટે રામવિજયના આગ્રહપૂર્વક પત્રો આવવા લાગ્યા છે. હવે આગળ વધવાનું મુશ્કેલ છે એવો જવાબ અપાઇ ગયો છે. કડીઆ અને ગણધરલાલ ઉપરજ સોસાયટીની હવે બધી આશાઓ અવલંબી રહી છે.

અભયપત્રી.

વાંચનાર બ્રાહ્મણની દ્રષ્ટિ માત્ર દક્ષિણા તરફ હોય છે. અભ્યાસના બળે શ્લોકો ઉચ્ચારે જાય છે, અને આંખ કોણે દક્ષિણા મૂકી અને કોણે ન મૂકી એ જોવા તરફ કર્યા કરે છે.

દુર્ગાસપ્તશતીનો પાઠ કરનાર મોટે ભાગે દક્ષિણા આપનાર માટે કરે છે. ગાયત્રીના જપો પણ દક્ષિણા દેનાર માટે થાય છે. એક યજમાન પાસેથી દક્ષિણા મેળવવા શાસ્ત્રીજીની વર્ગની અને એક યજમાનને ત્યાંથી સીધુ મેળવવા તે વર્ગની અંદરો અંદર જે મારામારી થાય છે તેને એક ટુકડા માટે લડતા બે શ્વાનો સાથે સરખાવી શકાય. જમીનના એક નજીવા ટુકડા માટે પણ બે શાસ્ત્રીજીઓ હવે કોર્ટે એજરીતે લડે છે. વિશેષ શું ? શાસ્ત્રીજીની વર્ગમાં જે સ્વાર્થ અને સંકુચીતપણાનો દોષ દાખલ થયો તેની અસર બૌદ્ધ અને જૈનના ત્યાગી ગણાતા ભિક્ષુક વર્ગ ઉપર પણ થઈ. આ બે વર્ગમાં અંદરો અંદર કુસંપ અને વિરોધ દાખલ થયો. ન અટકતાં તે તેના પેટા ભેદોમાં પણ દાખલ થયો. દિગંબર જૈન ભિક્ષુ શ્વેતાંબર ભિક્ષુને અને શ્વેતાંબર ભિક્ષુ દિગંબરને હલકી દ્રષ્ટિથી જોવા લાગ્યો. ઉદારતાને બદલે બંન્નેમાં સંકુચીતતા વધવા અને પોષવા લાગી, અંતે એક શ્વેતાંબર ભિક્ષુ વર્ગમાં પણ શાસ્ત્રને નામે ખૂબ વિરોધ અને તડ જન્મ્યાં અને આધ્યાત્મિક ગણાતા તેમજ આધ્યાત્મિક તરિકે પૂજાતાં શાસ્ત્રોનો ઉપયોગ એક યા તો બીજી રીતે દ્રવ્ય ઉત્પન્ન કરવામાં, વિરોધ સાથે કડવાશ વધારવામાં અને પોત પોતાની અંગત દુકાનો ચલાવવામાં થવા લાગ્યો. આ રીતે શાસ્ત્રે શસ્ત્રનું સ્થાન લીધું. અને તે પણ ખરી રીતે તો શુદ્ધ શસ્ત્રનું નહીં પણ ઠેરી શસ્ત્રનું સ્થાન લીધું. તેથી જ આજે જે કલેશ કંકાસનાં બીજ વધારે દેખાતાં હોય, અગર વધારે વ્યાપકરીતે કલેશ, કંકાસ, ફેલાવવાની શકયતા દેખાતી હોય તો તે ત્યાગી કહેવરાવા છતાં શસ્ત્રજીવી વર્ગમાંજ છે, અને એની અસર જ્યાં ત્યાં આપણા સમાજ ઉપર વ્યાપેલી છે.

"પર્યૂષણ વ્યાખ્યાન માળામાંથી"

દીક્ષા અને તેનું શાસ્ત્ર.

લેખક:-
કેશવલાલ મંગળચંદ શાહ.

"कारणिआ चउत्थीवि अज्जकालएहिं पवत्तिता। कहं पुण? उज्जेणीए णगरीए बलमेत्त भाणुमेत्तारायाणो। तेसि भाइणेज्जो अज्जकालओ निव्विसतो कतो। सो पइट्ठाणं आगतो तत्थ सातवाहणो राया सावगो। तेण समण पूयणट्ठणो पवत्तितो अंतेउरं च भणितं-अट्ठमिमादिसु उक्वासकाउ अमावसाए उववासं काउं इति पाठांतरं पारणए साहूणभिक्खं दातुं पारिज्जह। अन्नया पज्जोसमणा दिवसे आसण्णे आगते अज्जकालएण सातवाहणो भणितो-भद्दवता! जोण्हस्स पंजमीए पंज्जोवसणास रण्णा भणितो तद्दिवसं मम इंदो अणुजातव्वो होहितितोण पज्जुवासिताणि चेतियाणि साधुणो य भविस्संति त्तिकातुंतो छट्ठीए पज्जोवसणा भवतु। आयारिएण भणितं न वट्टति अतिक्कमेतु। रण्णा भणियं तो चउत्थीए भवतु। आयरियेण भणितं-एवं होउत्ति-चउत्थीए कता पज्जोवसणा। एवं चउत्थी विजाता कारणिता (दशाचूर्णिः पत्र ४५)

—શ્રી કાલિકાચાર્યે કારણસર ચોથ પણ કરી છે. કેવી રીતે? ઉજ્જયિની નગરીમાં બલમિત્ર અને ભાનુમિત્ર નામના રાજાઓ છે. તેમનો આર્ય કાલકાચાર્ય ભાણેજ હતો. જેને દુરાચાર કર્યો તે ત્યાંથી પ્રતિષ્ઠાનપુર આવ્યા. ત્યાંનો શાલિવાહન રાજા શ્રાવક છે. તેણે સાધુપૂજાનો મહોત્સવ ચાલુ કર્યો. પોતાના અંતઃપુરને કહ્યું કે-અષ્ટમી આદિ દિવસે ઉપવાસ કરીને-'અમાસને દિવસે ઉપવાસ કરીને' એવો પાઠાંતર છે-પારણાને દિવસે સાધુઓને ભિક્ષા આપીને પારણું કરજો. એક દિવસે પજુસણ નજીક આવ્યાં ત્યારે કાલકાચાર્યે શાલિવાહન રાજાને કહ્યું કે-ભાદરવા શુદિ પાંચમે પજુસણ છે, રાજાએ કહ્યું-તે દિવસે મારે ઇંદ્ર પૂજવાનો છે એટલે ચૈત્ય-મંદિર અને સાધુઓની ભક્તિ દર્શન નહિ કરી શકાય માટે ચોથના પજુસણ કરો. આચાર્યે કહ્યું-એમ થાઓ. એમ કહી ચોથને દિવસે પજુસણ કર્યાં. **એ રીતે કારણસર ચોથ** પણ થઇ.

યાદ રહે કે કેવળ પાંચમના દિવસે રાજાને ઇંદ્રપૂજા કરવાની હોવાથી રાજાની સગવડ ખાતરજ ચોથ કરી અને સ્પષ્ટ શબ્દોમાં કહીદીધું કે-**"एवं चउत्थी विजाता कारणिता"**એ રીતે કારણસર ચોથ પણ થઇ. એક રાજાની સગવડ ખાતર દિવસ ફરી શકે છે, એ ઉપરથી નથી સમજી શકાતું કે આમાં રાજાની સગવડ સિવાય બીજો કોઇ પણ હેતુ નથી. એટલે આ પરિવર્તન સગવડ માટે જ થયું છે. એમ ના પણ કેમ પાડી શકાય. આ જાતનો બીજો દાખલો પણ શ્રીમદ્ કાલિકાચાર્યનો જ છે. જુઓ અંચલમત દલન પત્ર ૧૭.

त्रीणि चातुर्मासकानि अपि युगप्रधान श्री कालकगुरुणैव लोकानां संलग्न बृहत्पाक्षिक चातुर्मासिक प्रतिक्रमणद्वय पष्ठतपः करणाशक्ति प्रमादाद्यवलोक्य पूर्णिमायाश्चतुर्दश्यामाचीर्णानि "

"યુગપ્રધાન શ્રી કાલિકાચાર્યે ત્રણ ચોમાસીઓ એક સાથે પાક્ષિક અને ચોમાસી પ્રતિક્રમણ તથા છઠ્ઠતપ કરવાની અશક્તિ પ્રમાદ આદિ જોઇને પુનમને બદલે ચૌદશની કરી"

"पज्जोसवणाकप्पो दिवसओ कट्ठिउं नचेव कप्पइ" ઇત્યાદિ નિશીથ ચૂર્ણિ ૧૦ ઉદ્દેશાયુક્ત પર્યુષણાધિનાયર્વાગ્ ચતુર્દિને નિશા પ્રતિક્રમણાનન્તરંકર્પણમાર્ગ પરિત્યજન દિવા શ્રાદ્ધ સમક્ષ વાચનં સમહોત્સવ ચરિત્ર જાગરણ મયુર પિચ્છ દણ્ડાસનકાદ્યર્થ પગમન માચરણતિ ॥ અંચલમત દલન પત્ર ૨૫.

"કલ્પસૂત્ર દિવસે વાંચવું કલ્પે નહિં" ઇત્યાદિ નિશીથ ચૂર્ણીનો દશમા ઉદ્દેશમાં કહેલ, પર્યૂષણા દિવસના પહેલા ચાર દિવસમાં રાત્રિના પ્રતિક્રમણ બાદ કલ્પસૂત્ર સાંભળવાની રીતને છોડવી અને દિવસે શ્રાવકો આગળ વાંચવું, મોરપિંછાં દંડાસણ રાખવા ઇત્યાદિ આચરણથી જાણવું.

કલ્પસૂત્ર દિવસે વાંચવાની નિશીથ ચૂર્ણીમાં મનાઈ કરેલી હોવા છતાં લાભાલાભની દૃષ્ટિએ આગમોક્ત નિષેધ વિરુધ્ધ શ્રાવકો સમક્ષ કલ્પસૂત્ર દિવસે વાંચવાનું કોઇ પૂર્વાચાર્ય ફરમાવે છે.

સગવડ અને લાભાલાભની દૃષ્ટિથી પરિવર્તનો થવાના દાખલાઓ જાણ્યા છે એ ઉપરથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે પૂર્વાચાર્યોએ જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે ત્યારે આગમોક્ત આદેશ કે નિષેધાત્મક વિધાનોની વિરુધ્ધ જતાં વિધાનો કર્યાં છે.

શ્રાવકોથી આગમો વાંચી શકાય નહિં તેવા પાઠ આગમોમાં હોય એમ આપણે સ્વીકારી લઇએ, તો પણ આજે શ્રાવકો આગમો વાંચી શકે તેવી છૂટ આજના આચાર્યો આપે તેમાં લાભ છે કે કેમ? એટલો જ પ્રશ્ન વિચારવાનો રહે છે. કારણ આજે ભલે આગમો, મૂળ ભાષામાં વાંચનારા શ્રાવકો ગણ્યા ગાંઠ્યા હોય, પરંતુ આજે જર્મન, ઇંગ્રેજી વિગેરે ભાષામાં આગમોનાં ભાષાંતરો થએલાં છે અને તે જૈન નહિં પણ જૈનેતર ગૃહસ્થો છુટથી વાંચી શકે તેમ છે, એટલુંજ નહિં પરંતુ વંચાય છે, એટલે સાંપ્રદાયિક પરિભાષાથી જે શંકા સમાધાન શક્ય હોવાના અભાવે દેખીતી રીતે લાભને બદલે હાની છે, એટલે મૂળ ભાષામાંજ શ્રાવકોને વાંચવાની છૂટ આપી. શ્રાવકોને આજના આચાર્યો કે ઉપાધ્યાયો વંચાવતા હોય તો એમાં લાભજ છે. અસ્તુ. આ વિષય અત્રે નહિં હોવાથી મૂળ વિષય ઉપર વિચારીશું તો જણાશે કે જૈન શાસનમાં પરિવર્તનને સ્થાન છે, અને જ્યારે જ્યારે જરૂર જણાઇ ત્યારે ત્યારે પરિવર્તનો થયાં છે એટલે પરિવર્તનો નજ કરી શકાય એ કહેવું તે જૈન દૃષ્ટિથી, જૈન શાસ્ત્રથી વિરુદ્ધજ છે. અર્થાત્ જૈન શાસ્ત્ર સમયાનુકૂળ પરિવર્તનની શક્યતા સ્વિકારે છે.

(અપૂર્ણ)

ચોપડીઓ આવી ગઇ છે.

પજુસણ વ્યાખ્યાન માળાની ચોપડીઓ છપાઇને આવી ગઇ છે. ગ્રાહકોએ યુવક સંઘની ઓફીસમાંથી લઇ જવા મહેરબાની કરવી.

વર્તમાન જૈન દીક્ષા અને તેમાં થવું જોઇતું પરિવર્તન.

લેખક:—કાન્તિલાલ ભોગીલાલ શાહ માજી કુસુમવિજયજી.

ભાગવતી દીક્ષા બોધનો નમી જનને સ્વીકાર
સારાસાર વિવેકમય કુંક જણાવું સાર.

(આ લેખમાળા લખવાનો ઉદ્દેશ એજ છે કે–શ્રમણ ભગવાન શ્રી મહાવીરની પવિત્ર દીક્ષામાં જે વિકારો ઉત્પન્ન થયા છે અને એને પરિણામે એ પવિત્ર ભાગવતી દીક્ષા પ્રત્યે જનતાના હૃદયમાં જે અણગમો વધતો ચાલ્યો છે. એટલુંજ નહિ પણ એ પવિત્ર પ્રવ્રજ્યા દ્વેષના કારણરૂપ બની ગઇ છે. એ સ્થિતિ નાબુદ થાય, અને સત્ય વસ્તુસ્થિતિ સમજાય એ ઉદ્દેશ આ લેખમાળાનો છે. કોઇ એમ ન માને કે–કોઇને પણ ઉતારી પાડવાનો કે કોઇની પણ અયોગ્ય ટીકા કરવાનો લેશપણ ઇરાદો છે. આ લેખમાળાદ્વારા એટલુંજ ઇચ્છું છું કે–સૌ ખરી વસ્તુસ્થિતિથી પરિચિત થાય અને સારાસારની પરીક્ષા કરી સાચા સાધુના ઉપાસક બને તેમજ સાધુઓ પણ પોતામાં વધી પડેલ ગંભીર શિથિલતાઓ અને દોષોને દૂર કરે અને જૈન સમાજ અત્યારની પરિસ્થિતિથી વાકેફગાર થઇ સુધારણાનો માર્ગ લે.)

વાસ્તવિક દીક્ષા.

દીક્ષા એ જીનેશ્વર દેવોએ ફરમાવેલી છે. અને દીક્ષા શબ્દ "दीक्ष्" ધાતુ ઉપરથી બનેલો છે. સંસ્કૃતમાં "दीक्ष्" ધાતુનો અર્થ "સર્વ પાપોથી વિરામ" એ છે. જે દીક્ષામાં સર્વપાપોથી વિરામ હોય તેવી દીક્ષાથીજ જૈનશાસન વિજયવંત રહે એમાં કોઇ ઇન્કાર કરી શકે તેમ નથી કારણ કે જૈન શાસનના દીક્ષાપાલનના નિયમો સર્વોત્તમ છે. જે નિયમો પાંચ-પાંચથી જ જૈન શાસન કોઇપણ આત્માને માટે કેવું જીવન જીવવાનો ઉપદેશ આપે છે તે જોઇ શકાય. અને આવું જ જીવન જીવવું જોઇએ એમ કોઇપણ સજ્જન કબુલ્યા વિના નહિ રહે.

જૈન શાસ્ત્રકારોનો જીવન જીવવાનો ઉપદેશ.

જૈન શાસ્ત્રકારો દિક્ષિત આત્માઓનાં જીવન ઉપર એટલો અંકુશ મૂકે છે કે કોઇ પણ જીવની હિંસા કરવી નહિ. કોઇને પણ હિંસાનો ઉપદેશ આપવો નહિ અને જેઓ હિંસા કરતા હોય તેઓને ઉચ્ચ માનવા નહિ. એટલુંજ નહિ પણ એ શાસ્ત્ર કારો એથી એ આગળ વધીને એટલે સુધી કહે છે કે–કોઇપણ આત્માને દુઃખ થાય તેવું એક પણ કર્મ કરવું નહિ. ૨ ગમે તેવા પ્રસંગે હાંસી આદિથી પણ મૃષાવાદ (અસત્ય) બોલી શકાય નહિ. કોઇને પણ બોલવાનો ઉપદેશ કરીશકાય નહિ. અને મૃષા બોલનારને સારો પણ મનાય નહિ. એજ પ્રમાણે ચોરી, મૈથુન તથા પરિગ્રહને માટે પણ જાણવું. જેમ આ દીક્ષિત આત્માઓ માટે મુખ્ય ઉપદેશ છે. પરંતુ ગ્રહસ્થોને માટે પણ આવું જ જીવન જીવવાની ભાવના રાખવાનો ઉપદેશ કર્યો છે. અને આત્મપ્રગતિના આ કિરણો ધીમે ધીમે જીવનમાં ભરવાં જોઇએ.

વર્તમાન દીક્ષા સામે વિરોધ.

આવા ઉચ્ચ જીવનનો કોણ વિરોધ કરી શકે તેમ છે? અત્યારે સુધારકોનો શું દીક્ષા સામે વિરોધ છે? તેઓને શું દીક્ષા વસ્તુ ગમતી નથી? નહિજ. યુવાનો દીક્ષાને બરાબર માને છે. પરંતુ આજના મહત્વાકાંક્ષી સાધુઓએ દીક્ષા વસ્તુને તદ્દન મામુલી અને કિંમત વિનાની બનાવી દીધી છે. તેથીજ આજે યુવાનોને તેવી દીક્ષા સામે જાહેર વિરોધ છે. શું અત્યારે યુવાનો શાસ્ત્રને મુઠ્ઠીમાં વાતો કરે છે? નહિજ. યુવાનો પણ શાસ્ત્રોને સંપૂર્ણ રીતે માને છે. માત્ર યુવાનો ઉપધાન ઉજમણાં વિગેરે પુસ્તક, અંગરચના વિગેરે અનેક બાબતોમાં જે અણઘટતા ફેરફારો કે વધારાઓ થયા છે તેમાં શાસ્ત્રાનુસાર સુધારો માગે છે. અને સમયબળનો વિચાર કરીએ તો સુધારો આવશ્યક છે.

હવે આપણે મુખ્ય વિષય ઉપર આવીએ કે યુવાનોનો વિરોધ વર્તમાન દીક્ષા પ્રત્યે શા માટે છે?

દીક્ષા વિકારના દ્રષ્યાન્તો

આપણે જાણી ગયા કે–જૈન શાસ્ત્રકારો દીક્ષા લેનાર માટે વ્રત પાલનના ઘણા ઉચ્ચ આદર્શો રજુ કરે છે. એ આદર્શો વર્તમાન દીક્ષાઓમાં સચવાય છે કે નહિ? એ વિચાર હું નીચેના દાખલાઓ ટાંકીને બતાવું છું.

શ્રીમાન્ દાનસૂરિના સમુદાયમાં રહેતા શ્રી રામવિજયજી જ્યારે અમદાવાદથી વઢવાણ તરફ વિહાર કરી રહ્યા હતા ત્યારે ખામગામમાં આવતાં એક માણસ રામવિજયજીને મળ્યો. એ માણસે દીક્ષા લેવાની ભાવના વ્યક્ત કરી, રામવિજયજીએ એ માણસ માટે પોતાના ભક્તને પૂરતી ભલામણ કરી અને તે માણસને વઢવાણ લખિવામાં આવ્યો. ત્યાં તેને દીક્ષા આપવામાં આવી, દીક્ષા લીધાને હજુ ત્રણ કે ચાર રાતો ગઇ હશે ત્યાં એ માણસ દીક્ષા છોડીને ચાલ્યો ગયો. શા માટે? કારણ એજ કે–દીક્ષાના પવિત્ર ઉદ્દેશો સમજાવવામાં આવતા નથી. લેનારની યોગ્યતાનો ખ્યાલ કરાતો નથી અને કેવલ પંથ મોહની ઇચ્છાનેજ તૃપ્ત કરવામાં આવે છે. આથી ઉદ્ધાર નથી થતો દીક્ષા લેનારનો કે દીક્ષા આપનારનો. માત્ર જૈન શાસનની હેલણા સિવાય કશુંએ પરિણામ નથી આવતું.

(અપૂર્ણ)

ભરૂચના શ્રી સંઘને ચેતવણી?

દેવસૂરગચ્છના અગ્રગણ્ય વિચારવંત સભાસદો જોગ:

મુનિસુવ્રત સ્વામીના દહેરાસરના ચોગાનમાં શેઠ ગોરધનદાસ કરસનદાસના મકાનની બારીઓ પડે છે, જે બારીઓ બંધ કરાવવા અગાઉ ગચ્છ જોગો થયો હતો. અને છેવટે ઘણું કરીને એવો ઠરાવ થયો છે કે બારીઓ આયુષ્ય કર્મ લખાણ કરાવી લેવું અથવા સદંતર બંધ કરાવવી. સભ્યમ કે જો બારીઓ હોય તોજ રાત્રે મળમૂત્ર નાંખવા ઉપયોગ થાય. તો હવેનાં કરતાં સદંતર બંધ કરાવવી ઠીક. ગઇ સાલ આ બાબતનો નિકાલ કર્યા વગર ગચ્છ જમણ જમ્યો હતો, આ સાલ એમને ત્યાંજ ઉજમણું અને ઉત્સવ છે આ વખતે જો ગચ્છ જાગ્રત થઇને ઉપરોક્ત બાબતમાં કંઇ કરવા માગશે, તો જરૂર કરી શકશે. આશા છે કે ગચ્છ આ બાબતમાં ઘટતું કરશે.

—ભરૂચ નિવાસી.

જર્મન દૃષ્ટિએ જૈનધર્મ

લેખક:
મહાસુખભાઈ ચુનીલાલ-વિસનગર.

જર્મનીના બર્લીન શહેરના પ્રોફેસર હેલ્મુટ ગ્લાઝેનાથ નામના પ્રોફેસરે જર્મન ભાષામાં "જૈનીઝમ્સ" (Jainisums) નામનો ગ્રંથ સન ૧૯૨૫ માં પ્રગટ કરેલો, તે બહુજ ઉપયોગી જણાયાથી સર કીકાભાઈ પ્રેમચંદ રાયચંદની આર્થીક મદદથી ભાવનગરની શ્રી જૈનધર્મ પ્રસારક સભાએ તે ગ્રંથનું ગુજરાતી ભાષાંતર કરાવી "જૈનધર્મ" નામનો પાંચસો પૃષ્ઠનો ગ્રંથ પ્રસિદ્ધ કરેલો છે. તેમાંથી જૈન જનતાને તેમજ જૈનેતરોને પણ ઘણીજ જાણવા જેવી હકીકતો મળી આવતી હોવાથી તે વાંચકો આગળ રજુ કરું છું, લેખકે સાત અધ્યાયમાં તેનો સમાવેશ કરેલ છે. પહેલામાં ભૂમિકા, બીજામાં ઇતિહાસ, ત્રીજામાં ગ્રંથો, ચોથામાં સિદ્ધાંત, પાંચમામાં સંઘ, છઠ્ઠામાં કર્મકાંડ અને સાતમામાં સમાપ્તિ. આ ગ્રંથ લખવામાં લેખકને મળેલી મદદના સંબંધમાં આભાર પ્રદર્શિત કરતાં શરૂઆતમાં તે લખે છે કે:—

હિન્દુ અને બૌદ્ધ ધર્મની તુલનામાં ભારત વર્ષમાં જન્મ પામેલા ત્રીજા ધર્મ "જૈન ધર્મ" વિષે પશ્ચિમમાં જોઇએ તેટલું ધ્યાન નથી અપાયું, જો કે એ ધર્મે ગંગા ભૂમિનાં ઇતિહાસ, સાહિત્ય તથા કલા ઉપર કાંઇ ઓછો પ્રભાવ નથી પાડયો, અને તેના વિશિષ્ટ વિચારો અને આચારો વિષે ધર્મ સંશોધકોને બહુ મહત્વનો રસ પડે એમ છે. આ પુસ્તક એ ખાત્રી કરવાની અને વર્તમાન જૈન ધર્મ વિષે સારી રીતે સાચી હકીકતોનું યથાશક્ય સંપૂર્ણ ચિત્ર આપવાની ઇચ્છા રાખે છે. મારા આ કાર્યમાં મને જૈન સંઘના પ્રસિધ્ધ પુરૂષોની સહાયતા મળી છે, તેમણે મને અનેક ગ્રંથો જોવા આપ્યા છે અને પ્રશ્નોના ઉત્તર આપ્યા છે. એ સહાયતા માટે મારે તેમનો આભાર માનવો ઘટે છે. ધર્મમૂર્ત્તિ શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરિ, ધર્મમૂર્ત્તિ ઇતિહાસ તત્ત્વમહોદધિ વિજયેંદ્રસૂરિ, મુનિ હંસવિજયજી, શ્રીયુત એસ. કે. ભંડારી. (ઇન્દોર) શ્રી અનારસીદાસ જૈન (લંડન) શ્રી સંપતરાય જૈન (હરદોઇ) શ્રી છોટાલાલ જૈન (કલકત્તા) શ્રી લક્ષ્મીચંદ જૈન (અલ્હાબાદ) શ્રી સી. એસ. મલ્લીનાથ જૈન (મદ્રાસ) શ્રી પન્નાલાલ જૈન (દીલ્હી) રા. બા. જગમંદરલાલ (ઇંદોર) શ્રી પુરણચંદ નાહાર (કલકત્તા) તેમજ અખીલ ભારત જૈન મંડળ (ઇંદોર) રાઈટ ઓનરેબલ મી૦ યાકોબીએ અને પ્રોફેસર આર. સીમોને આ પુસ્તક ભલે ભાવે સુધારી આપ્યું છે. પ્રો. કીર્ફલે. પ્રો. શુબ્રીંગ, પ્રો. એલ. સુઆલીએ, ડો. એફ. ડબલ્યુ થોમ્સે મને જોઇતી વિગતો આપી છે. ડો. ડબલ્યુ કોને, રાઇટ ઓનરેબલ મી૦ ડ્રોસે, બ્રુકલીન ઇન્સ્ટીટયુટ મ્યુઝયમે, ઇન્ડીયન ઇન્સ્ટીટયુટે, માનવ શાસ્ત્ર વિષેના સરકારી મ્યુઝીયમે તથા વિકટોરીયા અને એલ્બર્ટ મ્યુઝીયમનાં ભારત વિભાગે પોતાની પાસેના સુંદર સાહિત્યના સંગ્રહમાંથી મને ઉતારા કરી લેવા દીધા છે. મારા પિતાએ જૈન કાવ્યોના ગ્રંથોના ઉતારા આપ્યા છે. એ માટે એ સૌનો આ સ્થળે આભાર માનું છું"

પ્રોફેસર હેલ્મુથ ગ્લાઝેનાથ ગ્રંથના બીજા અધ્યાયમાં ઇતિહાસની નોંધ લેતાં જણાવે છે કે:—

"જૈનોના ઇતિહાસ સંબંધી હકીકતો મેળવવા માટે જે સાહિત્યો મળી આવે છે તે આ છે:—ગ્રંથો, શિલા લેખો અને સ્થાનો, સ્મરણ મંદિરો, શિક્ષકાઓ આદિ સંશોધને—પ્રયોજને ગ્રંથો બહુ કામમાં આવે એમ છે. જૈનોએ પોતે ધર્મના ઇતિહાસ વિષે ગ્રંથોનું સૂત્ર સળંગ રાખ્યે જવાના પ્રયત્નો કર્યા છે. યુરોપીયનના શાસ્ત્રીય વિવેચનની દૃષ્ટિએ આ ગ્રંથોનું મહત્વ બેશક જુદુંજ છે × × × જૈન ધર્મનો ઇતિહાસ જૈનોના હાથે જે પુસ્તકોમાં લખાયો છે, તેમાંનો મોટો ભાગ કથામિશ્રિત છે. ઐતિહાસિક હકીકતો વર્ણવાય તેના કરતાં શ્રદ્ધાળુ વાંચકને એકાદ કલાક ધાર્મિક વાંચન આપી શકાય એ હેતુએ એ પુસ્તક લખાયાં હોય એમ એના ઉપર દૃષ્ટિ નાખતાં જણાઈ આવશે. મારા હાથમાં એવાં અનેક પુસ્તકો આવેલાં છે કે, જેમાંની હકીકતો આજ સુધી શુદ્ધ ઐતિહાસિક મનાતી આવી છે, તેમાં પણ યુરોપીયનની દૃષ્ટિએ વિચારીએ તો કથા ભાગનો ઝોક વધારે છે. અને આ ખાત્રી છતાંએ જૈનોના ઘણા ઇતિહાસ ગ્રંથોમાં મહત્વનું સાહિત્ય ભરેલું છે. અને વિવેચન દૃષ્ટિ રાખીને ચાલીએ તો તેમાંથી ઉપયોગી અનેક વસ્તુઓ પ્રાપ્ત થાય. × × × અમુક સાધુ સંઘના ગુરૂ પરંપરાના પત્રકમાંથી જેને પટાવલી કહે છે, તેમાંથી પ્રખ્યાત પુરૂષોના જીવનકાળ વિષેના નિર્ણય કરવા માટેના ઉપયોગી સાધન મળી આવે છે, પણ ત્યાં એ વિશ્વાસ તો વિચારીનેજ મેલવો. કારણ કે લેખકો પોતાને લાગતી ઉણપો પોતાની કલ્પનાએ પૂરી કાઢે છે. અને એવી રીતે એ લેખકોએ મહાવીર સુધીનો અથવા એમનીયે પૂર્વે થઇ ગએલા પાર્શ્વનાથ સુધીનો ઇતિહાસ દોરી કાઢયો છે. જૈનોના ઇતિહાસ ગ્રંથોમાં આપેલી હકીકતોને આપણે કસોટીએ ચડાવી લેવી જોઇએ, અને બ્રાહ્મણોના, બૌધોના અને બીજા ગ્રંથોની હકીકતોની સાથે તોળી પારખી લેવી જોઇએ. આ ગ્રંથોની વાસ્તવિકતા પણ બેશક અનેકવાર શંકાશીલ છે. કારણ કે જૈનોના પ્રતિસ્પર્ધી હોવાથી તેમના ઉપર અસત્યો અને અપરાધો આરોપવાનાં પ્રયત્નોમાં તેઓ મિત્રો અને પ્રશંસકોની પેઢિજ વારંવાર સત્યથી વિમુખ થઇ ગયા છે.

ગ્રંથોની જેટલી વિપુલ તો નહિં, પણ અનેક રીતે વિશ્વાસપાત્ર માહીતી શિલાલેખોમાંથી મળી આવે છે. અમુક ઘટનાને પ્રસંગે લેખો કોતરવામાં આવેલ હોય છે, ત્યારે આ લેખોને અમૂક તાજ અને સાચી હકીકતો સાથે સંબંધ હોય છે. અને તે હકીકતો પછીના સાહિત્યમાં નોંધાય છે. ઘણાખરા લેખો ધર્મપ્રિય રાજાઓએ કે શેઠ શાહુકારોએ કોતરાવેલા હોય છે, ને તેમાં દેવાલય કે દેવપ્રતિમા કરાવાની ભૂમિદાન કર્યાની કે ન્યાય આપ્યાની હકીકતો નોંધેલી હોય છે. તેમાં આવતા રાજ્યકર્તા અને તેની પૂર્વેના રાજાઓનાં નામ, દાન આપેલા સાધુના અને તેમનાં ગુરૂઓનાં તથા પૂર્વાચાર્યોનાં નામ, અને તારિખો આપણને ઇતિહાસનું કાંઇ બાંધવામાં બહુજ ઉપયોગી થાય છે. કારણ કે એના ઐતિહાસિક સત્ય વિષે ઘણું કરીને શંકા લેવા જેવું

સમાજકે વીર યુવકોંસે અપીલ.

(લેખકઃ-શ્રી ભૈંવરમલ સિંઘી.)

વિશ્વ કે અન્યાન્ય યુવક એક તરફ ઔર જૈન નવયુવક દૂસરી તરફ! લજ્જા કષ્ટ, ક્ષોભ, ઉદ્વિગ્નતા સારે અપની લાલ ૨ આંખે દિખા કર ઇસ જૈન સમાજ કો વિનાશ કી પ્રબલ આંધી મેં ઉડા લે જાના ચાહતે હૈ। હજારોં વિધવાએ રો રહી હૈ। ઉનકે કરુણ-ક્રન્દન સે ઇસ જર્જરિત સમાજ કા નાશ હોને વાલા હૈ। સમાજ કા શરીર સૂખ ગયા હૈ ઔર ક્ષયરોગસે પીડિત યહ સમાજ અપને અન્તિમ સાંસ ગિન રહા હૈ।

સહસ્રોં બાલ-વિધવાઓં કી હૃદય-વિદારક આહેં ઇસ પાપી નર સમાજ કો ભસ્મ કર દેનેવાલી હૈ। ઉનકે આંસુઓં કા અવરુદ્ધ પ્રવાહ ઇસ બાત કા સંકેત કર રહા હૈ કિ જૈન જાતિ શીઘ્ર હી નષ્ટ હોને વાલી હૈ। હજારોં અબલાએ પતિ-વિયોગ કે અસહ્ય શોક સે મૃતપ્રાય હોકર ઇસ પાપી સમાજ કે બનાયે હુએ જ્વલન્ત નર્કકુણ્ડ મેં પડ કર પરમ યાતના સે વ્યથિત હોકર ઉન ધુરન્ધર 'લડડૂ પુજારી' મહારથિયોં ઔર નર-હિંસક દલાલોં કો પગ ૨ પર ધિક્કાર દેતી ઔર અપને દારુણ પ્રલાપ સે ઉનકે વજ્ર હૃદયોં કો વેધતી હુઈ માનવ યાતનાઓં કો પૂરી કરતી હૈ। વાહ રે। સમાજ। તુઝે લજ્જા નહીં આતી। તેરા પાષાણ-હૃદય ચૂર ૨ નહીં હો જાતા!!! હરી વનસ્પતિ ઔર ફલાહાર મેં પાપ સમઝને વાલે સમાજ તુઝે અબલાઓં કા-બાલ અબલાઓં કો ખા જાને મેં પાપ નહીં હોતા? પાપી પંચો! તુમ હી ભગવાન્ મહાવીર કી સંતાન હો? કિસ મુહસે-કિસ નાક સે-ઐસા કહતે હો? પંચો! અપને કો પહચાનો! મહાવીર કે પુત્રોં કો યહ અભિનય શોભા દેતા।। કન્યા દલાલો! તુમ્હેં સૌ કિતની બાર ધિક્કાર દૂં? ઐસે નીચ નિર્દયી કાર્ય કે લિએ તો જડ લેખની મેં ભી સામર્થ્ય નહીં હૈ। ક્યા Trade depression કો પૂરા કરનેકા યહી સાધન હૈ? સચ કહતે હૈ તુમ તો જાનવરોં સે ભી ગયે બીતે હો।

ઇસસે બઢ કર ક્યા હો સકતા હૈ? અબોધ બાલિકાઓં કા બૂઢે નર પિશાચ, ક્ષત વીર્ય પુરુષોં કે સાથ-મૃત્યુ શય્યા પર પડે હુએ ભ્રષ્ટાચારિયોં કે સાથ-બ્યાહકર, વિધવા હો જાને રાંડ ઔર પતિ-ભક્ષિણી કે Titles દેકર સત્કાર કિયા જાય। અંધે સમાજ! કંબ તક તેરી બલિ-વેદી પર અબોધ અબલાએ નિરપરાધ અબલાએ-પ્રાણ દેતી રહેગી? કલ્પના ભી ભયંકર હૈ।

યુવકો! ઇસ નગ્ન પાશવિકતા કો હમારી અધગ આંખે દેખતી હૈ, હમારે નિર્લજ્જ કાન સુનતે હૈ। જૈન સમાજ કા કિતના ભૈંયંકર પતન હૈ? યુવક શબ્દ કે વિદ્યમાન રહતે હુએ નિર્દોષ બહિનેં Dumb Driven Cattle કી તરહ કાટદી જાવેં-યહ યુવકોંકી ભીરુતા હૈ। યહ અત્યાચાર કી કહાની કબી સમાપ્ત નહીં હો સકતી યહ અસીમ હૈ અનન્ત અપરિમિત હૈં યહ કરુણ સે અધિક કોમલ, આહ સે અધિક દુખમય હૈ!

મૈંને આજ યહ મૂક અશ્રુપાત, અવ્યક્ત રોદન તથા મૂંગે કષ્ટોં કી મર્મભેદી કહાની જહાં જીવન કે પ્રત્યેક પલ મેં નિરાશા કી નિસ્તબ્ધ તરઙ્ગ ઉઠતી હૈ ઔર ઉઠ કર હૃદય સ્થિત સભી લાલસાઓં કો અપને અન્તરાલ મેં અન્તર્હિત કરલેતી હૈ—ક્યોં સુનાઈ? યહ અનન્ત, અવર્ણનીય, ઔર સીમારહિત કહાની ક્યોં બખાની? ઇસ લિએ કિ આજ પોરવાલ કન્યા કસાઈ કે બકરે કી તરહ નષ્ટ કી જા રહી હૈ।

યાદ રખિયે! આપ નવયુવક હૈ ઔર નવયુવક કહલાને કા દાવા કરતે હૈં આપ ઉન્હીં વીરો કી સંતાન હૈ જિન્હોંને હંસતે ૨ જાતિ કે ઉત્થાન કે લિયે પ્રાણ ન્યોછાવર કર દિયે થે પ્રત્યેક સ્થાન કે નવયુવકોં કા, પ્રત્યેક જૈન સંસ્થા કા કર્ત્તવ્ય હૈ કિ ઐસે વિવાહ કો રોકને મેં સહાયતા કરે.

ઇસ કાર્ય મેં સમાજ કે સારે યુવકોં કા સાથ દેના જરુરી હૈ મારવાડ કે નવયુવકો સે ઔર જૈન નવયુવક મંડલ, ગુઢા બાલોતરા સે આશા હૈ કિ વ ઇસ કાર્ય મેં પૂરી તરહ ભાગ લેંગે ક્યોંકિ યહ કાર્ય ઉન્હીં કે પ્રાન્ત મેં હો રહા હૈ.

કશું હોતું નથી. આજસુધી ટકી રહેલા વિવિધ પ્રકારના સ્થાનો અને દેવાલયો ઉપર જેમના નિર્વાણના કે જીર્ણોદ્ધારના લેખો કોતરેલા હોય તો તે પણ ઐતિહાસિક વિષયને સ્વચ્છ કરવાને બહુ કામ લાગે. એ લેખ ખાસ ઉપયોગના તો એટલા માટે છે કે ભૂતકાળનાં માણસોનું, વસ્તુઓનું, અને સ્થિતિનું સજીવ ચિત્ર એ આપણી સામે ખડું કરે છે, અને તેથી પ્રાચીનકાળ સંબંધના પુસ્તકો વિગેરેથી આપણને પ્રાપ્ત થએલા જ્ઞાનને સ્વચ્છ કરી શકાય છે.

છેલ્લા સૈકામાં અનેક સંશોધકોએ, આ કઠણ કાર્ય કરવામાં જે ગ્રંથમથન કરી છે, તે બેશક મહત્વનાં પણ, છતાંએ જૈનધર્મના ઇતિહાસ સંબંધી કાંઈ નિર્ણીત ચિત્ર દોરી શકાય એટલાં પ્રમાણ હજી મળી શક્યાં નથી, તેમાં અનેક સ્થાને અનેક છિદ્રો છે, અનેક અસ્પષ્ટતાઓ છે, એ ધર્મની ઉત્પત્તિ અને તેના આચાર વિચારના વિકાસ સંબંધી જે સૌ વાતો આજે અંધકારમાં છે તેના ઉપર પૂર્ણ કિરણો પ્રકાશ પાડી શકાય કે કેમ એતો ઘણી શંકાનોજ વિષય છે. ત્યારે જૈનધર્મના સ્વરૂપનું ચિત્ર આંકવા આજસુધી જે બધા પ્રયત્નો થયા છે, તે હજુ તો વિરલ ઐતિહાસિક ઘટનાઓને, શંકાસ્પદ વાતોઓને, અને ઘણી ધાર્મિક તથા સામાજીક કથાઓને એકઠી કરીને ઐતિહાસિક સત્રમાં ગુંથવા પૂરતાજ થયા છે. તેવીજ રીતે ગયા અનેક સૈકામાં જૈનોએ જે ચડતી પડતી જોઇ છે, તેના ઇતિહાસનું ચિત્ર આંકવાનો આ ગ્રંથમાં જે પ્રયત્ન કર્યો છે. તે પણ તેમના ઇતિહાસનું સંપૂર્ણ ચિત્ર આપવાનો દાવો કરતો નથી.-ચાલુ

એ કોણ હતા?

શિહોર (કાઠીઆવાડ)માં ઉપધાન મહોત્સવને શુભનિમિત્તે એક ગરીબ ઓશવાળનો છોકરો ધર્મસ્થાનકમાં ઘોળે દિવસે થયો અને મોટો થયો, આને લગતો કેસ હજી ચાલે છે. દરમીયાન ભાવનગરવાળા શ્રી હરજીવન દીપચંદ અને છોટાલાલ નાનચંદ ઓશવાળોને રમત રમાડવાના અનેકવિધ નવનવા અખતરાઓ અજમાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ ભાઇઓ કોઇ રીતે ફાવ્યા નહિ. એટલે ગયા સોમવારે ભાવનગરથી ખાસ મોટર લઇને વોરા જીવાભાઇ સાકળચંદ, દોશી કુંવરજી આણંદજી, શેઠ નાનચંદ કુંવરજી, શેઠ હરજીવન દીપચંદ તથા શાહ ફતેહચંદ ઝવેરભાઇ આવ્યા હતા, તેઓ શિહોરના નગરશેઠ ત્રિભુવનદાસ પરમાણંદદાસને ઘેર ઉતર્યા હતા હેમણે ત્યાં આવી ખૂબ આગમ નિગમની વાતો કરી, પરંતુ કોઇ ભાઇએ એ બંધુઓને જણાવ્યું કે તમારા ઘરમાંજ કલહ છે, પગ તળે બળતું ડારવાની તમારી એ પહેલી ફરજ છે, એમ શીખામણ આપી. જતાં જતાં રા. જીવાભાઇએ વાતચીતમાં ઘણીયે વાતો કહી. એ વાતચીતનો સાર એ હતો કે:-"ભેદકારક બનાવ બની ગયો. એ બનાવના દુઃખનું વર્ણન થઇ શકે તેમ નથી. વળી એ બનાવ કોઇ રીતે વિસરી શકાય તેમ નથી. પણ હવે શિહોરમાં પ્રતિષ્ઠીત ધર્મ કાર્યો થવાનાં છે. તો એવાં સારાં કાર્યો માટે વૈમનસ્ય ભૂલી જવું જોઇએ. તમારું વૈમનસ્ય દૂર થાય તે માટે અમારા બંધાનું આવવું થયું છે. વીસા શ્રીમાળી ભાઇઓએ અંતીમ ક્રિયા વખતે આશ્વાસન રૂપે પણ ભાગ ન લીધો તે બહુ ખોટું થયું છે. હવે સંઘની ફરજ એ છે કે ગઇ ગુજરી ભૂલી જઇ મરનારના કલ્યાણ માટે સમારક થવું જોઇએ." ચાલતા કેસે આવી દોડાદોડી અને ધમાલ કરનાર ભાઇઓ કોણ હતા. અને હેમનો હેતુ શું છે? એમ કેટલાક ભાઇઓ જાણવા માંગે છે. આ બધી ધમાલ કયા પ્રકારના સમાધાન માટે હતી, તે વિષે લાગતા વળગતાઓ ખુલાસો કરશે કે?

—જૈન યુવક.

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3, and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh, at 26-30, Dhanji Street Bombay, 3.

સસ્તું સાહિત્ય.

Reg. No. B. 2917
Tele. Add. 'Yuvaksangh'

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

છુટક નકલ ૧ આનો | શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વર્ષ ૨ જું, અંક ૧૪ મો.
વાર્ષિક રૂા. ૨-૮-૦ | તંત્રી:-ચન્દ્રકાન્ત વી. સુતરીયા. | શનીવાર તા. ૨૮-૧-૧૯૩૩.

વડોદરા દીક્ષા સમિતિએ દોરેલી કાયદાની રેખા

દીક્ષા સદંતર બંધ કરવા માટે નહિ પરંતુ કુમળી વયના બાળકોને અપાતી અયોગ્ય દીક્ષા બંધ કરવા માટે કાયદાની અગત્ય છે. માટે સરકારે કરવા ધારેલ આ કાયદાનું નામ "સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ" રાખવું.

(૧) "દીક્ષા લેનારની કમીમાં કમી ઉંમર કેટલી હોવી જોઇએ (૨) દીક્ષા લેનારે દીક્ષા લેતાં માબાપ વગેરેની સંમતિ લેવી જોઇએ કે કેમ ? આ બે બાબતો દીક્ષાના પ્રશ્નને અંગે વિચારવાની રહે છે આ માટે કમિટિનો અભિપ્રાય છે કે:—

'કમીમાં કમી જે ઉંમરે છોકરો કે છોકરી પોતાની જાતે કાયદા પ્રમાણે સંમતિ આપી શકતાં હોય તે ઉંમર લક્ષ્યમાં રાખીને વિચાર કરતાં એમ લાગે છે કે ૧૮ વરસ જેટલી નહિ પણ સોળ વરસથી કમી ઉંમરનાને દીક્ષા આપવાનું બંધ કરવામાં આવે તેજ યોગ્ય છે."

(૨) દીક્ષા લેવાની ઇચ્છા કરનાર પુરૂષને સ્ત્રીએ લગ્ન કરેલ હોય અને સ્ત્રી કે ધણી હયાત હોય તો પોતાની સ્ત્રી કે ધણીની સંમતિ વગર દીક્ષા લેવાને તેને પ્રતિબંધ કરવો એ વ્યાજબી અને તેટલા માટે જોકે ૧૬ વરસ તથા તે ઉપરની વયનો શખ્સ દીક્ષા લેવા લાયક ગણાય છે તો પણ જો તેની સ્ત્રી કે ધણીની સંમતિ ન હોય તો દીક્ષા લેવાનો પ્રતિબંધ થાય તેવી કલમ કાયદામાં હોવી જોઇએ'

(૩)" દીક્ષા લેનાર કોઇપણ શખ્સ દીક્ષા છોડી પાછો સંસારમાં આવે ત્યારે મિલકતનો હકક તેને ફરીથી મળવો ન જોઇએ."

(૪) "અયોગ્ય દીક્ષા અપાયાના ગુન્હા માટે પ્રથમ ફોજદારી ન્યાયાધીશ વર્ગ ૧ લા આગળ ફરીયાદ રજુ કરવી. અને [અ] અજ્ઞાનને આપેલ દીક્ષા બદલ એક વરસની ગમે તે પ્રકારની કેદ અને રૂ. ૫૦૦ ના દંડ સુધીની શિક્ષા કરવી. જ્યારે [બ] સજ્ઞાન શખ્સે લેખ કરીઆપ્યા સિવાય લીધેલ દીક્ષા અગર તેણે લેખ કરી આપ્યો છે, એવી ખાત્રી કર્યા વગર આપેલી દીક્ષાના ગુન્હા બદલ છ માસ સુધીની આસન કેદની અગર પાંચસો રૂપીઆ સુધીના દંડની શિક્ષા થવી જોઇએ"

ચોપડીઓ આવી ગઇ છે.

પજુસણ વ્યાખ્યાન માળાની ચોપડીઓ છપાઇને આવી ગઇ છે. ગ્રાહકોએ યુવક સંઘની ઓફીસમાંથી લઇ જવા મહેરબાની કરવી.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર)

પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૨૮-૧-૩૩

સસ્તું સાહિત્ય.

કોઇ પણ દેશ, ધર્મ, રાષ્ટ્ર કે સમાજને ઉન્નતિ સાધવી હોય, પોતાના સિધ્ધાંતોનો ફેલાવો કરવો હોય તો પ્રચારકો અને સાહિત્ય આ બન્ને વસ્તુની જરૂર છે. જેમ રાજ્ય ચલાવવામાં કલમ અને તલ્વાર એ બન્ને વસ્તુની જરૂર છે, તેમ પોતાના સિદ્ધાંતો ફેલાવવામાં, રાષ્ટ્રની પ્રગતિ કરવામાં, સમાજ અને ધર્મની ઉન્નતિ કરવામાં સસ્તું સાહિત્ય અને તેના પ્રચારકોની અનિવાર્ય આવશ્યકતા છે. યુરોપમાં આજે એટલાં બધાં કાર્ય કરી રહ્યાં છે કે જનતા વિશ્વાસણુમાં પડી છે, તેનું મુખ્ય કારણ સાહિત્ય અને પ્રચારકો છે. રશીયા આજે સમગ્ર જગતને ધ્રૂજાવી રહ્યું હોય તો તેના સાહિત્ય અને પ્રચારકોને આંગે. આજે એવો કોઈ દેશ, શાસન કે રાષ્ટ્ર નહિ હોય કે જ્યાં બોલ્શેવીઝમની કડક ટીકા નહિ થતી હોય, છતાં પણ ધીમે ધીમે મક્કમ પ્રગતિ એ સાધ્યેજ જાય છે. ગઇ કાલના જર્મનીમાં જ્યાં કોમ્યુનિષ્ટના નામથી પણ ભડકતા હતા ત્યાં આજે લાખો નહિ બલ્કે કરોડ સુધી એ માન્યતા ધરાવનાર સમૂહ અસ્તિત્વ ધરાવે છે. ફ્રાંસ અને ઇગ્લાંડ પણ એનાથી બાકાત નથી. ઇટાલીમાં ફેસીસ્ટપક્ષે જે વિજય મેળવ્યો હોય તો તેમાં પણ તેનું સાહિત્ય કારણભૂત છે. સારીયે દુનીયામાં પોતાના વિચાર ફેલાવવાને તદનુસાર સર્જાયેલ સાહિત્ય અજોડ હથીયાર છે. જગતનાં મહાન પુરૂષો મહાવીર, ગૌતમબુદ્ધ, મહમ્મદ પયગંબર, ઇસુ, વગેરે એ હથીયારથીજ સમગ્ર જગતમાં આજે વ્યાપક બન્યા છે, છેલ્લે મહાત્માજીએ પણ એજ હથીયારનો ઉપયોગ કરી જગતમાં પોતાની સર્વોપરિતા સિધ્ધ કરી છે. એટલે સાહિત્ય એ પ્રચારકોનું અણમોલું સાધન છે.

આપણે ત્યાં પણ સાહિત્યનો તોટો નથી. અનેક ગ્રંથો આજે જુના ભંડારોમા પવન પણ મેળવી શકતા નથી. સંખ્યાબંધ ગ્રંથો કે જેમાં અપૂર્વ સાહિત્ય ભર્યું છે તે અપ્રસિદ્ધ હસ્ત લિખિત પ્રતોમાં દટાયેલ છે, સમયને જેટલો વ્યય ઝઘડા અને ટંટાઓમાં આપણે કરીએ છીએ એનો થોડો ભાગ પણ આવા સાહિત્યની પાછળ કરીએ તો સાહિત્યનો ઉદ્ધાર શીઘ્ર થાય એમાં જરાયે શક નથી.

થોડા સમયથી આર્ય દેશમાં આવેલા પ્રકાશ મીશનો આજે કેવાં વ્યાપક થઇ રહ્યાં છે એ કહેવાની ભાગ્યેજ જરૂર છે. અહિં લગભગ સાડાત્રણથી ચાર કરોડ માણસો ઇસાઇ પંથને માનતાં થયાં છે, તેનું મુખ્ય કારણ તેના સાહિત્યનો પ્રચાર છે. ગઇ કાલનો આર્ય સમાજ આજે આશ્ચર્યજનક પ્રગતિ કરી રહ્યો છે. તે પણ તેના પ્રચારકો અને સાહિત્યને આભારી છે, ત્યારે અનાદિકાળથી જે ધર્મ ચાલ્યો આવે છે તે સંકુચિત વૃત્તિવાળા વાડામાં કેમ ગોંધાઇ રહ્યો છે, તેનાં કારણો શોધવાની પણ કોઇએ દરકાર કરી છે? કરોડોની સંખ્યામાં એક વખત જે ધર્મ વ્યાપક હતો તે આજે લાખોની સંખ્યામાં વ્યાપક નથી. ક્યાંથી હોય? આપણને એ બાબતની દરકાર ક્યાં છે? આપણે તો આપસમાં લડવું છે, દીક્ષા અને દેવદ્રવ્યમાં અટવાઇ રહેવું છે, પૂરાણા રીતરિવાજ અને કુરૂઢીઓમાં મસ્તાન બનવું છે. એને બહારની દુનીઆનું ભાન ક્યાંથી હોય? એક એ પણ સમય હતો કે બંગાળ જેવા દેશમાં ગૌતમ ઇદ્રભૂતિના પચાસ હજાર શિષ્યો અહિંસા મહાધર્મનો વાવટો ફરકાવતા હતા, આજે એ બંગાળમાં જૈનોનું ઇતર દેશીય સિવાય જરાયે અસ્તિત્વ નથી. તેનું કારણ આપણા પ્રચારકો અને સાહિત્યનો અભાવ 'એ' છે. આ ઉણપ આપણે શા માટે પૂરવી ન જોઇએ. આપણે ત્યાં વિદ્વાનોનો તોટો નથી. સાધુઓ જો આ કાર્ય ઉપાડી લે, તો ધર્મ અને સમાજ બન્ને બહુ સારી રીતે પ્રગતિ સાધી શકે. મુનિરાજોએ હવે સામાજીક ટંટાઓમાંથી હાથ ઉઠાવી આ બાજુ ધ્યાન આપવાની ખાસ જરૂર છે અને તેમણે આટલું તો કરવુંજ જોઇએઃ—

જે જે ગામમાં તેઓ વિચરે ત્યાં જે જે ગ્રંથ ભંડારો હોય તેનું લિષ્ટ બનાવે, તેને વ્યવસ્થિત કરે, જે જે અપ્રસિધ્ધ ગ્રંથો હોય તેને આધુનિક દૃષ્ટિએ એડીટ કરી પ્રસિદ્ધ કરે, આમવર્ગને જે ગ્રંથો ઉપયોગી હોય તેનું ભાષાન્તર કરાવી પ્રગટ કરે અને પાણીનાં મૂલ્યે તેને વેચાતી તેનો પ્રચાર કરે. આધુનિક પદ્ધતિથી જૈન દૃષ્ટિએ પ્રચાર કરવા નવું સાહિત્ય સર્જન કરે, એટલે નોવેલદ્વારા કે સામાન્ય શિષ્ટ સાહિત્યદ્વારા કે જે આમવર્ગ હોંસે હોંસે વાંચે. આટલું જો થશે તો સમાજે સાહિત્ય પ્રત્યે પોતાની ફરજ બજાવી એમ ગણાશે.

પ્રાસંગિક નોંધ.

રાષ્ટ્ર હિતૈષી.

અમદાવાદથી એક બંધુ અમને રાષ્ટ્ર હિતૈષીની વ્યાખ્યા પૂછે છે. તેનાં જવાબમાં જણાવવાનું કે જગતમાં એવો કયો કમભાગ્ય મનુષ્ય હશે કે જે પોતાના રાષ્ટ્રનો હિતૈષી નહિ હોય, રાષ્ટ્રનું હિત એટલે આપણા ભાઇ ભાંડું કુટુંબ કબીલાનું હિત દેશનું હિત, કોઈ પણ માણસ આપણા દેશમાં અન્ન અને વસ્ત્ર વગર ન રહેવો જોઇએ એવી મનોદશા ધરાવતો હોય અને દેશ પોતાના પગ ઉપર કેમ ઉભો રહે તેવા પ્રયત્નો તરફ સહાનુભૂતિ ધરાવનાર તેમજ તે બાબતમાં રચનાત્મક કાર્યક્રમમાં સાથ દેનાર હોય તે રાષ્ટ્ર હિતૈષી કહેવાય. કોઈ પણ માણસ પોતે જે બાબતમાં દેશોન્નતિના વિચાર ધરાવતો હોય અને તે કોઈ પણ જાતના અંગત સ્વાર્થ વગર અમલમાં મૂકવાનો પ્રયત્ન કરતો હોય, તેટલા અંશે તે દેશ હિતૈષી કહેવાય. અલબત્ત સર્વાંશે કહાય દેશ હિતૈષી ન કહેવાય પરંતુ તેથી તે દેશદ્રોહી તો નથી કરી શકતો. એટલે દેશ હિતૈષીનું ટાઇટલ કહાય આવા કામગારની આગણ લાગે તો તેમાં ખોટું નથી. કોઇને સંપૂર્ણ ભોગ આપવાની તાકાત ન હોય તેવા માણસો સહાનુભૂતિ બતાવીને પણ દેશ પ્રત્યેની ફરજ અદા કરે છે, એથીએ દેશનો દુશ્મન થઇ શકતો નથી. કોઇ અસ્પૃશ્યતા નિવારણમાં માનતા હોય અને તેમાંજ પોતાનો આત્મા રેડે તો એ પણ દેશહિતૈષીજ કહેવાય. અમે ધારીએ છીએ કે આટલો ખુલાસો ઉપરોકત બંધુને પૂરતો છે.

સાચી માનવતા.

—નાનાલાલ દોશી.

ગાંધીજીની તપશ્ચર્યાનાં ફળરૂપે હિન્દના ઇતિહાસમાં માનવ પ્રગતિનું જે નવું પ્રકરણ ઉમેરાયું છે, તે વિષે પ્રબુદ્ધ જૈનના કોલમમાં આજે વધુવાર ચર્ચા કરવા પ્રેરાયો છું. ગાંધીજી કદાચ તેમના ગાંધીવાદના સિદ્ધાંતો માટે કે તેમના નૈતિકબળ માટે હજારો વર્ષ જતાં ભૂલાઇ જાય તો તે માની શકાય, પરંતુ અંત્યજોદ્ધારના ભગીરથ પ્રયાસ માટે તેઓ કદિ નહિ ભૂલાય. તેમણે આ તપથી હિન્દને સામાજીક કે રાજકીય વમળમાંથી બહાર કાઢયું છે, તેટલુંજ નહિ પરંતુ સાચી દયા, સાચો પ્રેમ, સાચો પશ્ચાતાપ અને સાચી માનવતા શું છે! તેનો અજોડ પાઠ સમજીજનોને આપ્યો છે, પ્રભુ મહાવીરના વખતમાં પણ તેમના મતથી વિરૂધ્ધ થનાર હતા, તો ફકત માનવીની શક્તિવાળા ગાંધીજી સામે કશો ઉહાપોહ આ વિષયમાં થાય તો તેમાં કશું આશ્ચર્ય થવા જેવું નથી, ગુલામોના વેચાણનો પ્રશ્ન જેટલો મહત્વનો આજથી વર્ષો અગાઉ હતો, તેવોજ આ હિન્દના અંત્યજોનો પ્રશ્ન છે. હિન્દની પ્રજા એકી અવાજે આ પ્રશ્ન વધાવે તો તેણે અત્યારની જગતપર વસતી પ્રજાઓને સમાનતાનો અમુલો પાઠ શીખવ્યો છે તેમ કહેવાશે, કારણ કે આજે દરેક સુધરેલ દેશમાં એક કે બીજા પ્રકારે સામાજીક અસ્પૃશ્યતા ચાલી રહી છે. આપણે એ અસ્પૃશ્યતાને ધાર્મિકરૂપ આપેલ તેથી તેનાં મૂળ વધારે દૂર દૂર પ્રસર્યા હતાં. આ શિવાય બીજી વસ્તુ એ નરી આવે છે કે બહું આત્મબળ હંમેશ વિજયવંત નિવડે છે. જે વસ્તુ હજારો વર્ષનાં શાસ્ત્રાર્થોથી કે અનેક સંપ્રદાયોના પ્રયાસોથી શક્ય ન બની તે એક વ્યવહાર અને કુશળ રાજ પુરૂષે પોતાની નૈતિક હિંમતથી સિદ્ધ કરી તે અત્યંત આશ્ચર્યની બીના છે, હિન્દની સંસ્કૃતિમાં આજે ખરો નવયુગ શરૂ થયો છે, તેમ કહેવામાં જરાયે અતિશયોકિત નથી. જે વાત વર્તમાન કાળે મગજને ન સમજાતી હોય તે આવતી કાલના ઇતિહાસકારને અને હવેની ઉઘડતી પ્રજાને બહુજ સ્પષ્ટ દેખાશે તેમાં શક નથી.

આપણે એવી સ્થિતિએ આવી પહોંચ્યા હતા કે હિન્દુઓ અને દલિતવર્ગના જુદા જુદા વર્ગ પડતા, તેટલુંજ નહિ પરંતુ આજે જે જુદી જુદી કોમોના અસ્તિત્વથી રાજદ્વારી કોકડું ગુચવાયું હતું તેવોજ અઘરો પ્રશ્ન હિન્દની ભવિષ્યની પ્રજાને ઉકેલવાનો રહેત, અને રાષ્ટ્રત્વની ભાવનાને બદલે કોમી ભાવના વધારે વધારે પગપેસારો કરત.

આજે ધર્મ નાયકો આ બાબતથી ભડકતા હોય તો અમને તેમની પરવા નથી, કોઈ તટસ્થ વિચારકને જરૂર લાગશે કે આવી પોપશાહી પાલવે તેમ નથી. દેવદ્રવ્ય કે દીક્ષા જેવા પ્રશ્નમાં અમે માથું મારીએ તો હજી અમને અજ્ઞાનતાના પડળનો આક્ષેપ સહન કરવાની કંઇક શક્તિ છે, પરંતુ છતી આંખે જેમાં અધર્મ જેવી વસ્તુ છે, તે વસ્તુને ધર્મને નામે લેખવાના પ્રયાસો થાય તેમાં અમાનુષીપણાની અવધિ છે. નરી અંધશ્રદ્ધા છે.

સ્વચ્છ અને સુઘડ મનુષ્યને પછી તે બ્રાહ્મણ હોય કે અંત્યજ તે સૌને ભેદભાવ વિના મંદિર પ્રવેશ કરવાની છૂટ ન હોય ત્યાં તે મંદિર નથી પરંતુ વેચાતી અને લાગસન્સ વાળાઓનેજ જોવાની મૂર્તિઓ છે. ફકત ચાર દિવાલોની બહાર ન જોનાર આ પ્રશ્ન કદિ નહિ સમજી શકે. આજે ગાંધીજીએ કર્યું એટલેજ સાચું છે એમ નથી પરંતુ આ પ્રશ્ન કેટલાયે સમય પહેલાં પૂરેપૂરો ઉકેલવાની જરૂર હતી. ધાર્મિક મતમતાંતરોથી જે માનસ પર હોય તેજ આ પ્રશ્નનું બહું રહસ્ય સમજી શકે, ધર્મો પ્રત્યેની સમાન વૃત્તિજ આવો ભગીરથ પ્રયત્ન સફળ કરી શકે. આજના ધર્મ નાયકોને હવે અમે અરજ નહિ કરીએ, અમે તો તેમને હવે એમ કહીએ કે કાં તો તમે સાચી માનવતા કે સાચો ધર્મ શું છે? તે સમજો. ફકત પુસ્તકો અને શાસ્ત્ર, એટલે કે જુનો ઇતિહાસ જુની કથાઓ અને મહાપુરૂષોનાં આખ્યાનો તેમની આજ્ઞાઓ જે માનવ પ્રગતિમાં બાધકારક ન હોય તેમ અમે માનીએ છીએ તે સમયાનુસાર સમજી અનુયાયીઓને સમજાવો અને આત્મ કલ્યાણ કરતાં કરતાં જન કલ્યાણ ન ભૂલો: નહિ તો કોઈ વ્યકિત નહિ, સમૂહ કે સંઘ નહિ પરંતુ હંમેશ હંમેશ ઉપસ્થિત થતા સંજોગો એવી સામાજીક અને ધાર્મિક ક્રાંતિ લાવશે કે જેની કલ્પના કરવી અત્યારે મુશ્કેલ નથી. **તમારું માનસ ખુલ્લાં રાખો, તમારાં જ્ઞાન સંગ્રહો, માનવહિત માટે બુલ્લાં મૂકો, અને રાગ કે દ્વેષ રહિત પ્રભુનાં દર્શન કરવાની ઇચ્છા ધરાવનારને તમારાં મંદિરોમાં આવકાર આપો, તેમાંજ તમારી ઉદારતા છે, તમારા ધર્મ અને શાસ્ત્રોની મહત્તા છે, તેમાંજ માનવપ્રેમની ભાવનાનો પુરાવો છે.**

કોનો વાંક?

—ભોગીલાલ પેથાપુરી.

જીવનમાં ઘણી મુશ્કેલીઓ તેમજ સંકટો આવે છે, પરંતુ તેની પરિસ્થિતિમાંથી પાર ઉતરે છે અને હૃદયમાંજ વિષાદ છવાય છે, હૈયું વર્ણન થઇ શકે તેમ નથી. મુશ્કીબતો સામે ઝઝુમતા ઝઝુમતા એ ચિંતાગ્રસ્ત અને ઘણી વખત દુઃખી બને છે. અને મુશ્કેલીઓમાંથી પાર ઉતરવા મધુરાં સ્વપ્નાં સેવે છે, કે ભવિષ્ય કેટલું સુખી, કેટલું આનંદી, અને કેટલું સંતોષી નિવડશે? પરંતુ જ્યારે તે અમલમાં આવે છે, ત્યારે સત્ય વસ્તુનું નિરાકરણ કરે છે, દુઃખની છાયા લય પામે છે, ઉદારતા ઢળવાય છે, અને સત્ય તેમજ નીતિમય કાર્યની પાછળ મંડ્યા રહી તેને પાર ઉતારવાની ઉમેદ રહે છે.

એવી આબાદ સ્થિતિ (કહેવાતા અધર્મી) સુધારકોની થયેલી છે. ધર્માંધ લોકો નાસ્તિક, અધર્મી અને ધર્મને લજ્જાવનાર માને છે. ઘણા બાદી વાપરનારને પાપી માને છે, ઘણા હાલની લઢતને તિરસ્કારે છે, અસ્પૃશ્યોને મંદિરોમાં દાખલ કરાવતાં શબ્દોનો મારો ચલાવી ધર્મોનો નાશ માને છે, વર્ષોને નાતબહાર મૂકવા સુધી પહોંચે છે, ઘણા આ બાજુ બેદરકાર રહે છે, ઘણા તટસ્થ વૃત્તિ સેવે છે, અને ઘણા બાદ પી આની પાછળ મંડ્યા રહે છે.

પરંતુ તેઓને એ વાત નથી સમજાતી કે અત્યારે આપણે જૈન પ્રજામાં વિપ્લવનો જ્વાળામુખી ફાટી નિકળ્યો છે. તેઓની

(અનુસંધાન માટે જુઓ પૃ. ૧૦૯)

પત્રકારના ખુલાસા કે સત્ય છુપાવવાના ફાંફાં!

—કેશવલાલ મંગળચંદ શાહ.

શ્રી સિદ્ધચક્ર પત્રના તંત્રી સિધ્ધચક્ર પત્રના અંક ૬ માં પૃષ્ઠ ૧૪૩ ઉપર તેમજ અંક ૭ માંના પૃષ્ઠ ૧૬૬ ઉપર "પત્રકારના ખુલાસા" એ શિર્ષક હેઠળ પોતાના માનેલા ગુરૂ સાગરાનંદની ઉત્સૂત્ર પ્રરૂપણા ઉપર ઢાંકપીછેડો કરી "સત્ય છુપાવવાનાં ફાંફાં" મારવાનો જે પોકળ પ્રયત્ન કર્યો છે તેથી ખરેખર દુઃખ થાય છે. એટલુંજ નહિ પરંતુ આ રીતે સત્યને છુપાવવાનો પ્રયત્ન કરી જનતાને અસત્યના પંથે ઘસડી જઇ નર્યો અસત્યનો પ્રચાર કરવામાંજ તંત્રી મહાશયને શાસન રસીકતા કે ધર્મપ્રેમી પણું પણ જણાતું હોય અને તેમાંજ પોતાની ગૌરવતા દેખાતી હોય તો તેમાં સાચું ધર્મપ્રેમીત્વ નથી, કે નથી ભગવાન્ મહાવીરના શાસન પ્રત્યે પ્રેમ, કે નથી શાસન રસીકતા. પરંતુ કેવળ નર્યો દંભજ છે એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી એ સહુ કોઇ સ્વીકારશે.

સત્ય છુપાવવાનાં ફાંફાં.

(૧) સિદ્ધચક્ર તા૦ ૧૫-૧૦-૩૨ ના અંક ૧ ના પૃષ્ઠ ૧૩ ઉપર "સાગર સમાધાન" પ્રશ્ન ૪૭-ધર્મબિન્દુમાં દીક્ષા માટે ૬ માસની પરીક્ષા રાખી છે તેનું શું? એ પ્રશ્નના સમાધાનમાં સાગરાનંદે જનતાને શાસ્ત્રનાં નામે આડે રસ્તે દોરવી પોતાની ચેલાકાંક્ષી વૃત્તિને પોષવા શાસ્ત્રોકત કથનને ધરાદાપૂર્વક મચડી નાંખી કેવળ ઉત્સૂત્ર પ્રરૂપણાજ કરી છે. તેથી સદરહુ સમાધાન કપોલ કલ્પિત હોવાથી "સાગરજી સત્ય સ્વીકારશે કે ઉત્સૂત્ર ભાખી કહેવરાવશે?" એ શિર્ષક હેઠળ તા૦ ૪-૧૨-૧૯૩૨ ના જૈન પત્રમાં પૃષ્ઠ ૮૪૫ ઉપર શાસ્ત્રોના આધારો સહ એક લેખ લખી પ્રતિપાદન કરેલું કે "ધર્મબિન્દુ" "પંચ વસ્તુ" "ધર્મસંગ્રહ" આદિ શાસ્ત્રોમાં ૬ માસની પરીક્ષા પ્રશ્નમનીજ એટલે કે વડી દીક્ષા પહેલાની દીક્ષા આપતાં અગાઉ લેવાની છે,-નહિ કે સાગરજી કહે છે તેમ વડી દીક્ષા માટે ૬ માસની પરીક્ષા છે. પરંતુ મારો સદરહુ લેખ જો ખોટો હોય તો સાગરાનંદે મેં આપેલા શાસ્ત્રાધારો ખોટા છે એમ બતાવી આપી, પોતાનું મંતવ્યજ શાસ્ત્રોકત છે એ સિધ્ધ કરી આપવું જોઇતું હતું. પરંતુ "એ દિન કહાંસે કે મીંયા કે પાંઉમે જુત્તિયા!" સાગરાનંદને સાચેજ જ્ઞાનનો મદ થયો છે અને એથી એ એમ માને છે કે શાસ્ત્રને નામે ગમે તેમ ફેંકે રાખીશું તો પણ આપણું ભક્તો હાજી-હજુર કહી બાળા વાક્ય પ્રમાણજ કરવાના છે. એટલે હાંકે રાખવામાંજ આખાએ જગતમાં પોતાના ભક્તોની માફક બીજાઓને પણ મૂર્ખ કે અજ્ઞાન સમજી જે ચાલબાજી ખેલે છે તેમાં સપડાઇ જતા પોતાના ભક્તોમાં પોતાની પ્રતિષ્ઠા કાયમ રાખવા અગર તો ભક્તોના મનનું સમાધાન કરવા બિચારા તંત્રી મહાશયના નામે ખુલાસો કરી ભક્તોને હવાલો આપી સમાધાન કરી દેવામાં જે હુશિયારી વાપરી પોતાની સાબુતા (હતીજ ક્યાં કે ફીકર હોય!) ને એમ લગાડી, પોતાની વૃધ્ધાવસ્થાને પણ લાંછન લગાવી રહ્યા છે, એ અતિ શોચનીય છે. સાગરજી શા માટે પોતાનાં નામે ખુલાસો નહિ કરતાં પત્રકારના ખુલાસામાં યદ્વાતદ્વા લખી મારે છે? પોતાને સાચી પ્રતીતીજ હોય તો પછી સત્ય ખુલાસો કરવામાં પડદા બીબી બની બીચારા પત્રકારના લેખાસમાં ખુલાસો કરવો સાગરાનંદને માટે ઉચીત નથી, એટલુંજ નહિ પરંતુ દયાને પાત્ર છે. સાગરાનંદ તથા મી૦ પત્રકારને આથી હું આવ્હાન આપું છું કે તા૦ ૨૭-૧૨-૩૨ ના સિધ્ધચક્રના અંક ૭ ના પૃષ્ઠ ૧૪૩ ઉપર 'પત્રકારના ખુલાસા' એ શિર્ષક વિષે જે ખુલાસો કરવામાં આવ્યો છે કે "ધર્મબિન્દુ-પ્રંચ વસ્તુ" વિગેરેમાં પરીક્ષાનો જે કાળ છે તે દીક્ષા અને વડી દીક્ષા વચ્ચેનો છે. અને તે પ્રમાણે દીક્ષા અને વડી દીક્ષા વચ્ચેનોજ પરીક્ષાનો કાળ હોવા વિષેની જાહેરાત પોતપોતાની સહી સાથે બહાર પાડો, કે જેથી જગત્ સન્મુખ સાગરાનંદની ધરાદાપૂર્વકની શાસ્ત્ર વિરૂદ્ધ ઉત્સૂત્ર પ્રરૂપણાની સાબીતી કરી આપી. સાગરાનંદને એમના મૂળ સ્વરૂપમાં રજુ કરવાનો ફોળો મ્હારા શીર આવે. આથી ફરીને પણ પત્રકાર ભાઇને સૂચના કરૂં છું, કે તમો તો સાગરાનંદના હથિયાર છો, એટલે તમારા ગુરૂ સાગરાનંદની સહી સાથે જાહેરાત આપો અને તમારાજ સિધ્ધચક્રમાં પ્રગટ કરો એટલે તમારા સાગરાનંદને ઉત્સૂત્રભાષી સાબીત કરી આપી ઉત્સૂત્રભાષી પ્રત્યેના વ્યવહારનો સાગરાનંદે જે સ્ફોટ કર્યો છે તેને લાયક સાગરાનંદ પોતેજ છે એમ સાબીત કરી આપવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થાય. માટે ફરીને પણ સૂચવું છું કે તમારા સાગરાનંદની સહીથી પ્રગટ કરાવો કે પરીક્ષાનો કાળ દીક્ષા અને વડી દીક્ષા વચ્ચેનો છે.

(૨) સિધ્ધચક્ર તા૦ ૧૫-૧૦-૩૨ ના પ્રથમ અંકમાં સાગર સમાધાનના પ્રશ્ન-૫૫. ચોમાસાની દીક્ષા માટે કયા શાસ્ત્રમાં વિધાન છે? એના સમાધાનમાં સાગરજી કહે છે કે "ચોમાસાની દીક્ષાનો પાઠ નીશીથચૂર્ણિ ઉદ્દેશો ૧૧ ગા. ૫૬૫," અને વિજયદાનસૂરિ વીરશાસન પત્ર પુસ્તક ૮ અંક ૧૬ પૃષ્ઠ ૨૬૮ ઉપર કહે છે કે "ચોમાસામાં દીક્ષા આપવાની જિનેશ્વર દેવોએ મનાઇ કરી છે" આથી "આમાં સાચું કોણ?" એ મથાળા નીચે તા૦ ૧૮-૧૨-૧૯૩૨ ના જૈન પત્રમાં પૃષ્ઠ ૮૩૩ ઉપર મેં એક લેખ લખેલો. તે ઉપરથી સિદ્ધચક્રના તંત્રી તા૦ ૧૧-૧-૩૩ ના સિદ્ધચક્રના અંક ૭ ના પૃષ્ઠ ૧૬૮ ઉપર પત્રકારના ખુલાસાના શિર્ષક હેઠળ મલીન માન્યતાના અનુક્રમ નં. ૨૪. "વગર કારણે અન્ય ધર્મીને ચોમાસામાં દીક્ષા ન દેવાય એવી માન્યતામાં પરસ્પર મતભેદ પડાવવા મથવું" પત્રકારને હું પુછું છું કે પક્ષ ૫૫ માં પ્રશ્નકારના પ્રશ્નમાં "વગર કારણે અન્ય ધર્મીને ચોમાસામાં દીક્ષા ન અપાય કે અપાય એ કયા શાસ્ત્રમાં છે?" એ જાતનો પ્રશ્ન નથી. સાગરાનંદજીનો જવાબ પણ તે જાતનો નથી કે "વગર કારણે અન્ય ધર્મીને દીક્ષા ચોમાસામાં આપવાનો કે ન આપવાનો પાઠ નીશીથ ચુર્ણિમાં છે." વિજયદાનસૂરિ વીરશાસનમાં એમ નથી લખતા કે "વગર કારણે ચોમાસામાં અન્ય ધર્મીને દીક્ષા ન આપવા શ્રી જિનેશ્વર દેવોએ ફરમાન કરેલું છે." ત્યારે આ જાતની માન્યતા કોની છે? શું વિજયદાનસૂરિની એ જાતની માન્યતા છે કે "વગર કારણે ચોમાસામાં અન્ય ધર્મીને દીક્ષા ન આપી શકાય." અને એ જાતની એ માન્યતા ઉપર જણાવેલ વીરશાસનનાં લેખમાં વિજયદાનસૂરિએ બતાવીજ નથી એ

મેં મારા લેખમાં સાબીત કરી આપેલું છે. તો પછી અહિં જેની હયાતીજ નથી તેની બાબત રજુ કરી સત્ય છુપાવવાના ફાંફાં મારી સત્ય બતાવનારને આ રીતે ખોટી રીતે મલીન માન્યતાવાળો ઠરાવવામાંજ ભાઇ પત્રકાર તમને તમારા ગુરૂ સાગરાનંદ ને મહદ્‌પૂણ્ય પ્રાપ્તિ બતાવી હશે? ભાઇ આ રીતેજ તમારા શાસન પક્ષમાં પૂણ્ય પ્રાપ્તિ થતી હોય તો દેવલોક નવા વસાવવાં પડશે; કારણ કે આ રીતે પૂણ્ય કમાવવા માટે તો દરરોજ લાખો માણસો પ્રયત્ન કર્યાજ કરે છે. કવચીતજ કોઇ મળશે કે જે સત્ય તે સત્યજ કહેનારો નીકળશે. એટલે તમારા ગુરૂની બુદ્ધિને માટે ધન્યવાદ કે સત્ય વસ્તુ છુપાવી, સત્ય બતાવનારનેજ મલીન માન્યતાવાળો ચીતરી, જગતમાંથી સત્યનેજ અસત્ય અને અસત્યનેજ સત્ય પ્રસિદ્ધ કરવાનું તમારા ગુરૂશ્રી સાગરાનંદ તથા વિજયદાનસૂરિના અધ્યક્ષતા નીચેના કહેવાતા શાસનપક્ષમાં હોય તો તે તમને મુબારક હો! તંત્રી મહાશયજી! આ રીતે શબ્દ જાળ બીછાવી બિચારા ભોળા અને અજાન લોકોને ભ્રમણામાં નાંખી, મારા જેવા ઉપર ખોટા અને પ્રપંચી આક્ષેપો કરવામાં તમારી ધર્મપ્રિયતાજ છે એ જાતનું સર્ટીફીકેટ તમારા ગુરૂ સાગરાનંદ સિવાય બીજો કોઈ નહિજ આપે, એ ફરી ફરીને પણ કહું છું. અને આમાંજ તમે ધર્મ માનતા હો તો માર્ગ ભૂલ્યા છો. એમ કહેવામાં જરાએ અતિશયોક્તિ નથી. તો કોઇ સદ્‌ગુરૂને શોધી તેના આશ્રયે જાઓ. બાકી સાગરાનંદ પાસેથી તમે આનાથી કાંઇ વિશેષ મેળવવાના નથી. કારણ કે શ્રીજીનું જીવનજ એ રીને વ્યતિત થયું છે. એટલે હજી ચેતો. નહિતર જેમ તમે જે એક પછી એક ભૂલો સાગરાનંદને આશ્રીને કરી રહ્યા છો એ વધેજ જશે. જુવો બીજી એક ભૂલ તમારી થઇ છે તે મારી દૃષ્ટિએ બતાવું છું, પરંતુ તમારી દૃષ્ટિએ એ ભૂલ નજ હોય તો પછી મારે કાંઇ કહેવાનું રહેતુંજ નથી. કારણ કે એ ભૂલ છે કે નહિ એ આખુયે જગત જાણે સમજી શકે તેમ છે એટલે વિશેષ ઉહાપોહ કરવાનું કારણ નથી. મુનિ રામવિજયના શિષ્ય કુસુમવિજયજી તે હાલના કાન્તિલાલે રામવિજયને કેટલાક પ્રશ્નો પુછેલા, તે જૈન તથા પ્રબુદ્ધ જૈનમાં પ્રગટ થએલા. તે પ્રશ્નો પૈકા પ્રશ્ન ૬ માં આ જાતનું વાક્ય હતું કે "પોતાને માતા પિતા પછી પ્રાણપ્રિય સ્ત્રી હોય કે નહિ?" આ ઉપરથી સિદ્ધચક્રનાં અંક ૭ ના પ્રશ્નકારના ખુલાસામાં મલીન માન્યતાના શિર્ષક હેઠળ અનુક્રમ નં. ૭ "સ્ત્રીને પ્રાણપ્રિય જાહેર કરવી." ભાઇ કાન્તિલાલે સ્ત્રીને પ્રાણપ્રિય કહી એ શું તમારી દૃષ્ટિએ મલીન માન્યતા છે? એમ તમે હજી પણ માનતાજ હો તો મારે એક પ્રશ્ન પુછવો પડે છે કે 'સંસારીઓને માતાપિતા પછી સ્ત્રી પ્રાણપ્રિય ન હોય તો શું સ્ત્રીને વીકારોની તૃપ્તિ કરવાનું મશીન માનવું, એ શુદ્ધ માન્યતા કહેવાય?" તંત્રી મહાશયજી! આ જાતની માન્યતા જો તમારી હોય તો આ માન્યતા તમારે સુધારવીજ રહી. હું નથી માનતો કે તમે આ જાતની માન્યતાને શુદ્ધ માન્યતા કહેતાજ હો. છતાં તમારી એજ માન્યતા હોય કે સ્ત્રીને પ્રાણપ્રિય માનવી એ મલીન માન્યતા છે તો તંત્રીજી આવતા અંકમાં ખુલાસો કરશો કે તમે તમારી સ્ત્રીને પ્રાણપ્રિય નહિ માનતાં વિકારોની તૃપ્તિનું સાધન માત્ર માનો છો કે કેમ? જો જો ભુલતા. તંત્રીજી! જરૂર જાહેર કરજો-જરૂર ખુલાસો કરજો કે આપશ્રી આપેશ્રીની સ્ત્રીને કઇ રીતે માનો છો.

તંત્રીજીની કદાચ એ જાતની માન્યતા હોય તો ના પણ ન પાડી શકાય, કારણ કે હદીયુસ્તોમાં સ્ત્રીઓનું સ્થાનજ એથી વિશેષ નથી હોતું. એટલે તંત્રી મહાશયે પણ એ માન્યતાએ આ શબ્દોને મલીન માન્યતા તરીકે ઠરાવી દીધા હોય તો એમાં તંત્રીજીની ભૂલ છે એમ કહી શકાયજ નહિ. કારણ કે એ એ રીતેજ જીવે છે-એ રીતેજ પોષાયા છે અને હજી એમના ગુરૂ સાગરાનંદ એ રીતેજ જીવવા ઉપદેશ આપી રહ્યા છે, એટલે બિચારા તંત્રીજીનો દોષ પણ નજ કાઢી શકાય.

તંત્રીજીને એક વિનંતિ કરી લઉં છું કે તંત્રીજી તમારા ગુરૂએ આ રીતે સત્ય છુપાવવામાંજ ધર્મ શીખવાડ્યો હોય તો એમાં નથી તમારૂં કલ્યાણ કે નથી તમારા ગુરૂનું કલ્યાણ. એ મિત્રભાવે સૂચવી અત્રે વિરમું છું.

(૧૦૭૭ મા પૃષ્ઠ નું અનુસંધાન)

ધર્મ ઘેલછાથી ધર્માચાર્ય બનાવવાની આતર યાતો મોટપની શોધમાં તણાઇ અગ્નિમાં ઘી હોમી આગને વધુ તેજવાન બનાવે છે. સમસ્ત પ્રજા આથી ખળભળી ઉઠી છે, તીવ્ર આંદોલનો શરૂ થઈ ચૂક્યાં છે, નવયુવાનોએ સમાજને અંધકારમાંથી પ્રકાશમાં લાવવાનું બીડું ઝડપ્યું છે, કઇક યુવાનો અત્યારે હસ્તે મુખડે ધર્મ ઘેલાઓના વાક્પ્રહારો ઝીલી રહ્યા છે, કટાક્ષ યુવાનો અંધ શ્રદ્ધાળુઓથી તિરસ્કારાય છે, ઘણા અપહારા પણ નિંદાય છે, છતાં પણ આજનો વીશમી સદીનો યુવક સત્ય અને નીતિથી ચાલવામાં આવાની દરકાર નથી કરતો.

પહેલાના નાયકો તથા ધર્માચાર્યો સમાજમાં સુધારાનું બી રોપવામાં અગ્રગણ્ય પાઠ ભજવતા, ક્રાન્તિના આંદોલનો ફેલાવવામાં પણ તેમના પ્રથમ પગરણ મંડાતા, અને ધર્મનું સત્ય સ્વરૂપ સમજાવી જનતાને ઉન્નતિના માર્ગે દોરતા. હાલની માફક વિલાસી, ધર્મદ્રોગી કે સ્વાર્થી ન હતા, આચાર્ય કે પંન્યાસની પદવી ધારણ કરી શ્રીમંતોની હાજી 'હા' કરનાર નહોતા, માનની આતર અંદરો અંદર લડી નબળા નહોતા પડતા, ચેલાઓના લોહી ચુસી સાધુપણાનો દાવો નહોતા કરતા, કોઇને બળજબરીથી ભેખધારી કરવા નહોતા મથતા, તેમજ સાધુપણાના પવિત્ર પોશાકમાં રહી કષાય વર્ધક પ્રસંગોને નહોતા પોષતા; તેઓને સ્પષ્ટ સમજાતા કે શ્રેષ્ટમાં શ્રેષ્ટ **માનવ ધર્મ છે, પ્રભુની સાચી ભક્તિ છે.** જો તમે સાચા ધર્મપ્રેમી હો તો દીન દુઃખીની ખબર લો, જૈન બચ્ચો રિબાતો હોય તેની દરકાર લો, અને મનુષ્ય સેવા માટે તમારૂં સર્વસ્વ અર્પણ કરો. ભાઇ ભાંડુ કે પ્રત્યેક આત્માને માટે મરી ફીટવા તૈયાર થાઓ! અને મનુષ્ય પ્રેમી બની આત્માની ઉન્નતિ સાધો.

ત્યારે કહો ભલા કયાં છે આવા નાયકોની કે ધર્માચાર્યોની કર્તવ્યગારી? કયાં છે આવાં બલિદાન આપવાની ભાવના? અને કયાં છે તેમની મનોવૃત્તિ? જ્યારે આ વસ્તુનો અભાવ હોય, તેમાંનું એક બિન્દુ પણ નજરે ન આવતું હોય ત્યાં હાલનો વિચારક ન્યાયી અને સત્ય બુદ્ધિવાળો જ્યારે આવાઓને ન માને તેમાં દોષ કોનો? તે આવા નાયકો અને સાધુઓનો કે સુધારક પક્ષનો?" અને એ તો તાનું બચ્ચું પણ કબૂલ કરશે કે કોમમાં દાવાનળ પેદાપનાર આવા ઢોંગીક નાયકો અને સાધુઓ છે. છતાં એજ નવાઇની વાત છે કે હજુ સુધી સમાજ તેવાઓને પોષી રહી છે-પોષે છે, તેમાં દોષ તેઓનો નથી પણ તેમની અંધ-શ્રધ્ધાનો છે. હજી પણ જનતા આંખ ઉઘાડે, આવા સાધુઓ અને નાયકોથી ચેતતી રહે, અને જૈન શાસનની સાથે જૈન કોમની અધોગતિ થઇ રહી છે તેમાંથી બચાવે.

સાધુતાની શોધમાં.

—લાલચંદ જયચંદ વોરા.

[મુનિ રામવિજયજી સાથેનાં ટુંક પરિચય પછી ઉપજેલા વિચારો]

કેટલાએક સાધુઓ આપણી પાસે ધર્મની અને આત્માની મોહક વસ્તુઓ મૂકે છે, અને તેમની વાકચાતુર્યતાથી તેમજ વિદ્વતાથી પોતાનો પ્રભાવ પ્રજા ઉપર પાડવા ઇચ્છે છે; કેટલાક પોતાની તપશ્ચર્યા યાને ઉપવાસાદિ બાહ્ય કૃત નિયમોથી પોતાની પ્રતિષ્ઠા જાળવી રાખવા પ્રયત્ન કરે છે, અને કેટલાક પોતાની પુરાણી પધ્ધતિને વળગી રહેવા માટેજ અનેક દાવ ખેલે છે.

મુનિ રામવિજયજી જેવા રૂઢીભક્ત સાધુઓ પોતાના ધર્મ વિષે ગમે તેટલા પ્રમાણિક વિચારો ધરાવતા હોય, પણ જ્યારે સમાજ વ્યવસ્થા, માનવપ્રેમ અને સર્વ ધર્મપ્રતિ સમભાવની વાતો નિકળે ત્યારે તેઓ જરૂર પાછા હટશે અથવા તો તેઓનું નબળું માનસ બહાર દેખાઈ આવશે.

સાધુ થવું સહેલ છે, પણ સાધુતા પ્રકટવી અને તે નિભાવવી મુશ્કેલ છે. એમ સામાન્ય માણસ પણ સહેજે બોલી ઉઠશે.

આ રૂઢી પરંપરાના સાધુઓ સંસારી જનો ઉપર પોતાનું પાંડિત્ય જરૂર ફેંકે છે પણ તે તિરસ્કારની દૃષ્ટિએ. આ સાધુઓ સંસાર સામે દયાની નજરે નિહાળવા તૈયાર નથી, પણ ધિક્કારની દૃષ્ટિથી જુવે છે અને તેથી સંસારીજનો ઉપર–સંસારીજનોના હૃદય ઉપર કોઈ છાપ પાડી શકતા નથી. સંસાર અસાર છે, તેથી સંસારીજનો તુચ્છ પ્રાણીઓ છે. એ એમની મનોદશાજ ઉચ્ચ-નિચના ભેદો દેખાડે છે અને જનસમાજને સુસાધુ, કુસાધુનું સાચું ભાન થઇ આવે છે, અને એવા સાધુઓની દયા ખાવાનું મન થાય છે. તેઓ વખતો વખત એવા પ્રકારનું ઉપદેશે છે કે 'તમો સંસારી, આ મોહ-પાશમાં શા માટે પડી રહ્યા છો? સાધુઓની માફક અહાર નીકળી વંદનીય બનો. મરવાનો ભય તમને કેમ નથી? પરભવમાં તમારું શું થશે? વીશ વર્ષનો એકનો એક દીકરો ગુજરી જાય તો કેમ સાંખી લ્યો છો? તો પછી જન્મ-મરણનો ફેરો ટાળવા આ મોહ છોડો અને સાધુ થવા પહેલાં નીતિ-ધર્મની વાતજ ફોકટ છે, કારણ કે તમે દેવ-ગુરૂની પૂજાદિ જે કાંઇ કરો છો તે અમુક સંસારી સ્વાર્થ માટે કરો છો. એટલે જ્યાં સુધી સર્વ ત્યાગ (દીક્ષા) ઉપર ન આવો ત્યાં સુધી આત્મધર્મ કેમ પામી શકાય?' વગેરે.....

આ વિચારો પરથી સ્પષ્ટ પારખી શકાય છે કે, તેઓ સરકારના સિંહાસનપરથી બધી વાતો કરે છે. માનવ જાત અને સંસારીજનો પ્રત્યે તિરસ્કાર દાખવી, બુદ્ધિનો એક ટુકડો ફેંકવાથી સમાજમાં પરિવર્તન લાવી શકાય તે સંભવીત નથી. સંસાર ભાવને તેઓ નિંદે એ સમજી શકાય છે, પણ સંસારી જનોને તુચ્છ માની પોતાને અનંત જ્ઞાનીના ઉપદેશ આપવાના અધિકારી માની લેવા, ત્યારેજ ભેદભાવના દેખાય છે.

બાહ્ય દૃષ્ટિએ તેઓ બધા સાધુઓ છે, પણ સાધુતાની મૂર્તિઓ નથી. કાઠિયાવાડ-ગૂજરાતમાં ફેર ફેર શિષ્યોની માગણી અર્થે ભમે છે, પણ એક જીવ સુધરતો નથી ત્યારે હતાશ થઇ, કોઇવાર પશ્ચિમ સંસ્કૃતિનો દોષ કાઢે છે ને કોઇ વાર મહાત્મા-જીની સ્વરાજ કે સ્વતંત્રતાની ચળવળ સામે તીરછી નજર ફેંકે છે અને પછી હતાશ થઇ અંદર સમસમે છે. ઘણીવાર શ્રોતાઓને કપટો આપી કહે છે કે 'આ તમને બધાને શું થઇ ગયું? તમને આમ કોણે ભરમાવ્યા કે તમે દેવ, ગુરૂ અને શાસ્ત્રોથીજ ભડકતા ભાગો છો અને એ બધા કલેશના કારણો માનો છો? શું આવી મહાન વસ્તુઓનો નાશ કરવાથી જગતમાં શાન્તિ ફેલાવાની છે?' વગેરે.....

સમાજ તો સાધુતાને ઝંખે છે, દીક્ષા-ભાવનાને પણ ઝીલે છે, પણ જ્યાં નબળું માનસ અને ભયભીત મનોદશા હોય છે, ત્યાં સામે પડવો પડવો અશકય બને છે. મહાત્મા ગાંધી હાકલ પાડે અને લાખો માણસો પોતાના પરિગ્રહો નથી ત્યજતા? દીક્ષા ગમન નથી કરતા? પુરાણી પ્રથાને વળગી રહેનારા રૂઢી ભક્ત સાધુઓ બાહ્યાચાર અને રૂઢીને ધર્મ માની, પોતાને અનુસરવા સહુ કોઇને કહે છે; પણ જે વસ્તુ દેશકાલને અનુકૂલ નથી, ધર્મ-સંસ્થાપન માટે અવ્યવહારૂ છે, ત્યાગ માર્ગમાં 'આ મારૂં એજ સાચું છે' અને સંસારીજનો બધા તુચ્છ-કીચડમાં પડેલાં માનવીઓ છે.' એવી મનોવૃત્તિ શા માટે હોય? આવા રૂઢીભક્ત સાધુઓ પોતાને આસ્તિક કહેવડાવે છે, પણ આ દૃષ્ટિએ તો ખરેખર તેઓજ નાસ્તિક છે કે, જેને માણસ જાત ઉપર શ્રદ્ધા કે સાચો પ્રેમ નથી. સાચા અહિંસકને અમુક વાડા કે ગચ્છ નજર હોઇ શકે. અસ્પૃશ્યતાને તે કેમ સંધરી શકે? તેઓ દલીલ કરે છે કે 'અન્ય જ્ઞાતિઓ કે અસ્પૃશ્ય જાતિનો કોઇ માણસ જૈન ધર્મ સ્વીકારે તે ન તો જૈન મંદિરમાં પ્રવેશી શકે કે ન તો નોકારશીમાં સાથે (એક પંગતે) ભોજન કરી શકે! પણ હા, જો તે ક્રીશ્ચીયન અથવા મુસ્લિમ બને અને એક વાર ધર્મ પરિવર્તન કરે અને પછી જૈન ધર્મ અંગીકાર કરે તો મંદિરમાં આવી શકે. અને ભોજન વ્યવહારમાં તો અનાદિથી આમ ચાલતું આવ્યું છે તે પ્રમાણેજ કરવાનું રહે. બાકી સ્વચ્છંદી માણસો જેમ અત્યારે કરી રહ્યા છે તેમ જો બનવા લાગે તો આપણે શું કરીશું? અને બધો સમાજ પલટી જાય તો પછી જરૂર જૈનોએ એ સ્વિકારવું પડશે.'

આ માનસિક ગુલામીમાં જકડાયેલા મનુષ્યોદ્વારા નવસર્જનની-સમાજના માનસિક આરોગ્યની શી રીતે આશા રાખી શકાય? જ્યાં સુધી 'જી હા' કરનારા મેંદાઓ તેમને મળી આવવાના છે, જ્યાં સુધી અજ્ઞાન સમાજ તેમના સન્મુખ નિકળે છે, ત્યાં સુધી તેઓ પાંગરવાજ. તેઓ મહારાજશાહી કે સોહેબશાહી ચલાવી સમાજને દબાવી તેમનું માનસિક આરોગ્ય ટોળી રહ્યા છે, અને ભયભિતતાથી ધર્માંધતા વિસ્તારી રહ્યા છે.

જેમ અસ્પૃશ્યતા નિવારણ યાને ગરીબ, અજ્ઞાન અને નબળા જનસમાજનાં ચેતન રેડી તેમને ઉંચે લાવવાનું તેમનું બળ નથી, તેમજ બાદી વિષે છે. બાદી એટલે રેંટીઓ. આ રેંટીઓ અને મીલ એ વસ્તુમાં કઇ વસ્તુ તેમને બાહ્ય લાગે તે જણાવવા તેઓ તૈયાર નથી. અલબત્ત તેઓએ એટલું સ્વીકાર્યું

ઘોઘારી વીશાશ્રીમાળી જૈનોમાં તડ.

ઐક્ય માટે હૃદય શુદ્ધિની જરૂર.

ઘોઘારી વીશાશ્રીમાળી જૈન ભાઇઓનો ઘોળ કાઠીઆવાડમાં બહુ વ્યાપક છે, એ ઘોળમાં આશરે ૫૦૦ ગામોનો સમાવેશ થાય છે, ઘોળની એકસંપી વરસો સુધી બહુ સારી રીતે જળવાઈ હતી. આમાં ભાવનગરી ભાઇઓએ બહુસારો ભાગ ભજવ્યો હતો, અને તેથી તેઓ એકસંપી માટે મશહુર થયા હતા.

પણ વળી મુકામે થોડા વર્ષ ઉપર ઘોળનું સંમેલન થયું. અને તેમાં એક પોરવાળ ભાઇને ઘોળમાં લેવાના પ્રશ્ન ઉપર મતભેદ પડયો અને પછી ઘોળમાં જે તડાં પડયાં છે, તે હજુ સુધી સંધાયાં નથી. ભાવનગરના જાણીતા નેતા શ્રી જીવાભાઇ વહોરાએ સંમેલનને અરજી કરનાર પોરવાડ બંધુને ઘોળમાં લેવાના સમર્થનમાં અત્યંત સુંદર ભાષણ આપ્યું હતું. પણ તેમના તે વિચારો સંમેલનની બહુમતિને નાપસંદ પડયા હતા. અને સંમેલનની થયેલી અરજ આખરે નિષ્ફળ નિવડી હતી, એટલે કે તે નામંજુર થઇ હતી, એક પોરવાડ બંધુને આ પ્રમાણે ઘોળમાં લેવાનો પ્રયત્ન નિરર્થક ગયાથી ભાવનગરના કેટલાક ગૃહસ્થોને જુની ગાદી ફેરવવા માટે પ્રયત્ન કરવાનો વિચાર થયો આથી સંમેલનને કરેલી અરજીમાં નિષ્ફળ નિવડેલ પોરવાડ ભાઇને ભાવનગર એકડા રાખવા માંગે છે. એમ કહી જો ભાવનગર એ પ્રમાણે ઉપરોકત પોરવાડ ભાઇને ભેગા રાખવાનું કરે તો ઘોળના ૧૮ તાલુકાઓનું તે સંબંધમાં કેવું વલણ છે તે સર્વત્ર ફરી જણાવવાનું શિહોરવાળા રા. મૂળચંદદાસ ગોરધનને કહેવામાં આવ્યું. આ ઉપરથી મૂળચંદભાઇ બધે ગયા અને પાલીતાણાના શેઠ રજા આપતા હોય તો પોતાને કંઈ વાંધો નથી એવો દરેક દરેક તાલુકાનો અભિપ્રાય તેઓ મેળવી શકયા.

આ પછી પાલીતાણાના નગરશેઠના સલાહકાર રા. લક્ષ્મીચંદ ભગુભાઇનું મન મનાવી લેવાની જરૂર પડી અને રા. લક્ષ્મીચંદભાઇનું મન મનાવાયું. એટલે ઉપરોકત પોરવાડભાઇને ન્યાતમાં લેવા સબંધી ભાવનગરવાળાઓએ બધા તાલુકાને પત્ર લખી ભેળવ્યા, આથી તાલુકાઓમાં ખળભળાટ થયો ને પક્ષો પડયા, જે બાદ એવું બન્યું કે રા. મૂળચંદ ગોરધનને રા. લક્ષ્મીચંદભાઇ સાથે કંઇક આર્થિક કારણે વિરોધ પડયો એટલે પોરવાડ ભાઇને ન્યાતિમાં લેવા સંબંધી રા. લક્ષ્મીચંદ ભગુ સાથેનો ભાવનગરવાળો ખાનગી પત્ર વ્યવહાર બહાર આવતાં ન્યાતિમાં બે તડાં પડી ગયાં આ ઉપરથી ઘોઘારી વીશાશ્રીમાળી જ્ઞાતિમાં તડ પડાવવામાં મુખ્યત્વે કોણે ભાગ લીધો છે એ સહજ સમજી શકાશે.

આ પ્રમાણે પક્ષો પડી ગયા પછી સામસામા ખુલ્લા પત્રો તેમજ હેન્ડબીલો ઘણા વખત સુધી બહાર પડયાં હતાં જેથી કલહમાં ઓર વધારો થયો હતો. આ પ્રમાણે કલહ ચાલુ રહે અને જ્ઞાતિ છિન્નભિન્ન દિશામાં રહે એ કેટલાક સમજુ ભાઇઓને ઇષ્ટ ન લાગવાથી તેમણે એકસંપી માટે ચળવળ શરૂ કરી છે. એ ખુશી થવા જેવું છે. બગડા પાર્ટી (ભાવનગર ની લઘુમતિ પાર્ટી)એ પણ એક સોસાઇટીને નામે હેન્ડબીલો બહાર પાડી સમાધાનની વાત આગળ કરી છે. વળી સમાધાનના કહેવાતા ઉદ્દેશથી થોડા દિવસ ઉપર ભાવનગરના નગરશેઠના પ્રમુખપણા નીચે સભા મળી હતી. મજકુર સભામાં એકડાવાળા ભાઇઓ ઓછી સંખ્યામાં આવ્યાથી નગરશેઠે ખુલાસો માંગતાં એક ભાઇએ જણાવ્યું હતું કે અમારી એકતા માટે હિલચાલ ચાલે છે વહાણ લગભગ કીનારા ઉપર આવી પહોંચ્યું છે પણ તેને ડૂબાડી દેવા માટે બગડાવાળાઓનો પ્રયત્ન થઇ રહ્યો છે. આમ સ્પષ્ટ વાતો થવાથી ભાવનગરની પ્રતિષ્ઠા ખાતર બંને પક્ષોએ હૃદયશુદ્ધિ કરી તુરત એકસંપી સાધી લેવી જોઇએ એવી સુંદર સલાહ આપી નગરશેઠ ચાલી ગયા હતા.

દરેક જ્ઞાતિબંધુ તડા બંધ કરવાના ઉદ્દેશથી નગરશેઠની સલાહ અનુસાર એકતાને પંથે ચાલે એવી મારી નમ્ર પ્રાર્થના છે

—જ્ઞાતિ યુવક.

કે રેંટીઆમાં મીલની અપેક્ષાએ અલ્પ હિંસા છે, પણ તેઓ સમાજને અલ્પ હિંસાવાળા વસ્ત્રો સ્વિકારવાનું પ્રબોધી શકે નહિ અને સમાજમાં વધી રહેલા ભૂખમરાને આવા ગૃહ-ઉદ્યોગો સ્વીકારવી શકે નહિ. જ્યાં આટલી બધી નબળાઇઓ ભરી હોય ત્યાં તેઓને સમાજના 'તારક' કહેવા એ ખરેખર સમાજ માટે બેહુંદુ લેખાય. જ્યાં રક્ષકોજ ભક્ષકો બની રહ્યા છે,-ઉપદેશકોજ સમાજનું આધ્યાત્મિક આરોગ્ય બગાડી રહ્યા છે ત્યાં સમાજે બંડ કર્યા સિવાય આરો આવવાનો નથી.

વિદ્વાનો! ચેતો, ચારિત્ર સંપન્ન ધર્મગુરૂઓ! જાગો, અને અમારા કુળી રહેલા નાવને હંકારવામાં સાથી બનો. રૂઢીચુસ્તતા સામે બંડ ઉઠાવો અને દેશકાળ અનુસાર પુરૂષાર્થ ખેડી નવસર્જન કરવામાં પાછી પાની ન કરો. આમ કરતાં અલબત્ત થોડું સહન કરવું પડશે, તપશ્ચર્યા કરવી પડશે; પણ એજ જૈન શાસનનો સાર છે. 'અસ્તુ.'

અમદાવાદના જૈનોમાં સનસનાટી

છોકરીઓને અપાયલી ગુપ્ત દીક્ષા.

માબાપે રાત્રે ઘેર આણી સંસારી કપડાં પહેરાવ્યાં.

અમદાવાદ તા. ૨૧-૧-૩૩

એમ જણાવવામાં આવે છે કે કાલે બે જૈન છોકરીઓ નાનીમાની પોતાનું ઘર છોડી જઈ જૈન સાધ્વી તરીકે દીક્ષા લીધી હતી. મોડી રાત સુધી તે ઘેર પાછી ન ફરી ત્યારે તેમના માબાપે તપાસ કરી તો તેઓ ઉપાશ્રયમાંથી મળી હતી. તેમને સાધ્વીના પોષાકમાં ઘેર લાવવામાં આવી. એ કપડાં ત્યાગી તેમને પાછા સંસારીનાં કપડાં પહેરાવવામાં આવ્યાં આ બનાવથી અમદાવાદના જૈનોમાં ભારે સનસનાટી ફેલાઇ છે.

શાહપુર ચુનારાના ખાંચે રહેતી બે જૈન બાળાઓ શાન્તા અને કાન્તા દીક્ષા લીધેલાં કપડામાં પોતાને ઘેર પાછી ફરતાં અત્રેના જૈન સમાજમાં ભારે ખળભળાટ થયો હતો. આ બાબતમાં વીગત એવી છે કે ચુનારાના ખાંચામાં રહેતા એક જૈન ગૃહસ્થ શા. મોહનલાલ કરમચંદની ૨૦-૨૧ વર્ષની કુંવારી પુત્રો શાન્તાનું મન કેટલાક વખતથી મુનિ ભકિતવિજયજીના ઉપદેશથી દીક્ષા તરફ વળ્યું હતું. બાઇ શાન્તા પોતાના પાડોશી મી. નાથાલાલની આશરે પંદર વર્ષની પુત્રો સાથે ગઇ કાલે બપોરે બે વાગે પોતાના ઘેરથી દીલ્હી દરવાજા બહાર હઠીભાઇની વાડીએ પહોંચી ગઇ અને ત્યાં હાલમાં રહેતા મુનિ ભકિતવિજયજીના સંઘાડાના સાધ્વી સંઘાણશ્રીજીના હસ્તે દીક્ષા લેવામાટેના કપડાં પહેર્યાં હતાં આ વાતની બે છોકરીઓના સગાવહાલાઓને ખબર પડતાં હઠીભાઇની વાડીએ પહોંચી ગયાં હતાં. અને બન્ને છોકરીઓને દીક્ષાના કપડાંમાં પાછાં લઈ આવ્યા હતા.

पोरवाड ज्ञातिका दिग्दर्शन.

(हिम्मतमल रूपचंदजी)

यह एक सृष्टिका अविचल नियम है कि जो जितनी उन्नति को प्राप्त करता है वह एक वार उतनी ही अवनति को प्राप्त होता है। ठीक यही नियम प्रत्येक देश, धर्म, समाज एवं व्यक्ति के उपर जीवन में एक वार नहीं किन्तु अनेक वार अवश्य ही आता है, मैं जिस ज्ञाति का दिग्दर्शन पाठकों को कराना चाहता हूं वह जाति भी ठीक इसी दशा को प्राप्त हुइ है।

पोरवाड शब्द यह प्राग्वट जाति का अपभ्रंश है, इस के मूल स्थापक आचार्य श्री स्वयंप्रभसूरि (पार्श्वनाथ के पांचवे पट्टपर) थे। श्रीमालनगर के राजा व प्रजा को जैन बना कर आप पद्मावती नगरी, कि जहां का राजा पद्मसेन किसी देवी के उपसर्ग को शान्त करने के लिये अश्वमेध यज्ञ करनेवाला था उस पर अपने अतुल विद्याबलद्वारा अंतरमुहूर्त में ही पहूंच गये।

मुनि क्रिया से निवृत्त हो राजसभा में जाने के लिये कटिबद्ध हो गये। राजसभा में पहूंचते ही राजा व प्रजाने आप का उचित सत्कार किया! सभामंडप प्रेक्षकों से चकारबद्ध भर गया। राजा के पास वे यज्ञाध्यक्षक (यज्ञ करनेवाले) भी बेठे गये। तत्पश्चात् आचार्यदेवने अपनी दिव्य वक्तृत्व शक्ति-द्वारा जनता के समक्ष "अहिंसा परमो धर्मः" का विस्तृत विवेचन ऐसी शैलीद्वारा किया कि वहां उपस्थित श्रोतागणों के वज्र सादृश्य हृदय भी कोमल हो गये। उन्हों को यज्ञ जैसे निर्दय निष्ठुर कार्यप्रत्ये घृणा उत्पन्न होने लगी।

उसी वख्त राजा प्रधानादि ४५००० घरोंने सूरिजी के पास जैन धर्म स्वीकार किया। सूरिजीने उनका नाम प्राग्वट वंश से उद्घोषित किया।

पोरवाड जाति को अंबिका देवी के दिये हुए सात वरदानो को पोरवालोंने ठीक चरितार्थ कर दिखाये थे।

सप्तदुर्गप्रदानेन, गुणसप्तकरोपणात्।
पुटसप्तकवसोऽपि, प्राग्वट ज्ञाति विश्रुता॥
आद्यं प्रतिज्ञानिर्वाही, द्वितीय प्रकृतिः स्थिरा।
तृतीय प्रौढवचनं, चतुर प्रज्ञा प्रकर्षवान्॥
पंचम प्रपंचज्ञ, षष्टं प्रबलं मानसम्।
सप्तमं प्रभुताकांक्षी, प्राग्वट पुटसप्तकम्॥

(विमलचरित्रम्)

अर्थ—(१) प्रतिज्ञाका पालन करना (२) प्रकृति के स्थिर अर्थात् धैर्यवत शांतचित्त से कार्य करना (३) प्रौढवचन (४) बुद्धिमता (५) प्रपंचज्ञ—सर्व कार्य करने में कुशल (६) मन की मजबूती (प्रभुताकांक्षी) प्रभुता प्राप्ति की इच्छावाले।

वि. सं. १०८ के अंदर जावडशा और भावडशा नाम के रत्न पोरवाड ज्ञाति में उत्पन्न हुए थे कि जिन्हाने पवित्र तीर्थाधिराज शत्रुंजय का उद्धार कराया था! ऐसे बहुत से रत्न पोरवाड जाति में पेदा हुए हैं कि जिनका यदि पूर्ण इतिहास लिखा जाय तो बडा भारी ग्रंथ बन जाय! यहांपर तो कुछ वीरो का ही परिचय दिलाना ही उपयुक्त होगा।

प्राग्वाटवंशीय वीर नोना, लेहरीने पाटनाधिपति वनराज चावडे के सेनापति के पद रह कर बडे २ वीरता के कार्य किये थे। इन्हों के वंश में ही विमलशा नाम के महादानेश्वरी नरकेशरी पैदा हुए थे कि जिन्होंने केवल पोरवाड ज्ञाति को ही नही परंतु सारे जैन समाज को उन्नति के शिखर चढा दिया था और उन के बनाये हुए आबु व कुम्भारियाजी के जिनालय सिर्फ भारत में ही नहीं परंतु उन्हों की शिल्पकला युरोप-अमेरीका तक प्रसिद्धि पा चूकी है, विमलशा के परिचय के लिये उन शुभ नाम ही पर्याप्त होगा, उन की वीरता, धैर्यता, धर्म व राष्ट्रसेवा किसी इतिहासज्ञों से छीपा नहीं है!

जिन्हों की शौर्यता, वीरता, उदारता, परोपकारता, धर्म व राष्ट्रसेवारूप कीर्ति जगत्विख्यात है, जिन्होंने अपनी असंख्य लक्ष्मी सद्कार्य में व्यय की है व नररत्न वीरशिरोमणी वस्तु-पाल-तेजपाल इसी जाति में उत्पन्न हो कर, संसार को बता दिया था कि जैन धर्म कायरों का नहीं परंतु शुरवीरों का धर्म है।

जिन्होंने राणकपुरजी का भव्य जगत्विख्यात जिनालय बंधाने का साभाग्य प्राप्त किया वे इसी वंश के नररत्न धना सा थे, और भी आसोसा असंख्य नररत्नोंने धर्म, समाज और राष्ट्र की सेवा बजा कर जो सौभाग्य प्राप्त किया था वह भी इतिहासक्षेत्र में अपना गौरव बतला रहे है, कहां तो उपरोक्त प्राग्वटवंशीय नरवीरों की वीरता, शौर्यता, परोपकारता, उदारता, धर्म व राष्ट्रसेवा और कहां आज उपरोक्त भावनाओं की मंदता व दिनपरदिन घटती हुई संख्या और अंदर ही क्लेश-कदाग्रहादि?

हे पोरवाड ज्ञाति के अग्रेसरो! अब उठ कर कर्मक्षेत्र में आगे पेर बढाओ और जनता के समक्ष अपने पूर्वजों का इतिहास उपस्थित करो कि अब भी हमारे में पूर्वजो का गौरव नसोनस में भरा हुआ है।

अतएव उन्नति व अभ्युदय के लिये अपने पूवजों का इतिहास को जानना प्रत्येक देश व ज्ञाति के लिये अनिवार्य है। किसी अंग्रेजी कविने बहुत ही ठीक कहा है—

A people which takes no pride in the achievements of remote ancesters will never achieve anything worthy to be remembered with pride by remote descendents.

अर्थात् जो अपने पूर्वजों का श्रेष्ट कार्यों का अभिमान और स्मरण नहीं करती वह ऐसी कोई बात न कर सकती जो कि बहुत पीढी पीछे उन की संतान से सगर्व स्मरण करने योग्य हो।

Printed by Lalji Harsey Ealan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3. and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay, 3.

Reg. No. B. 2917
Tele. Add. 'Yuvaksangh'

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

છુટક નકલ ૧ આનો | વાર્ષિક રૂા. ૨-૮-૦ | શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર. તંત્રી:-ચન્દ્રકાન્ત વી. સુતરીયા. | વર્ષ ૨ જું, અંક ૧૫ મો. શનીવાર તા. ૪-૨-૧૯૩૩.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

સામાન્ય સભા.

સરકયુલર

બ્હેનો અને ભાઇઓ,

વિ. વિ. સાથે વિજ્ઞપ્તિ કે મજકુરે સભાની મુલતવી રહેલી એક મીટીંગ તા૦ ૮-૨-૩૩ બુધવારના રોજ રાત્રીના આઠ વાગે (સ્ટા. ટા.) શ્રી સંઘની ઓફીસમાં નીચેનું કાર્ય કરવા મુકરર થઇ છે. તે પ્રસંગે સવિનય સરકયુલર પધારશો.

૧ કાર્યવાહક સમિતિએ પાસ કરેલ ઓડીટ થએલ હિસાબ તથા રિપોર્ટ પાસ કરવા.

૨ ઉમેદવાર પત્રો ઉપરથી, કાર્યવાહક સમિતિ, મંત્રીઓ અને ઓડીટરોની ચુંટણી કરવા.

૩ આપણા સંઘના ધારાધોરણમાં સુધારો વધારો સુચવતો ભાઇ મનસુખલાલ હીરાલાલ લાલનનો ખરડો રજુ કરવામાં આવશે.

લી૰ સેવકો,
મણીલાલ એમ. શાહ.
અમીચંદ ખેમચંદ શાહ.
રતીલાલ સી. કોઠારી.
મંત્રીઓ.

તા૦ ક૦-સંઘના સભ્યનું તથા "પ્રબુદ્ધ જૈન"નું જેઓએ લવાજમ ન ભર્યું હોય તેઓ સાથે લેતાં આવવા મહેરબાની કરે

ઓડીટ થએલા ચોપડા શ્રી સંઘના સભ્ય માટે જોવાને ઓફીસમાં ખુલ્લા છે.

લોક સેવા.

દુઃખના ડોળને વશ થઇને આપણી દયા અપાત્રે જવાની કલ્પના અથવા અભાવને લીધે સેવાની પ્રેરણાઓની અવગણના કરવી જોઇએ નહિ; પરંતુ તે વૃત્તિને બને તેટલી ખીલવો અને સાચા ગરીબ પ્રત્યે દયા બતાવો.

જગતનું બંધારણ અને માણસોની સ્થિતિ એવી છે કે જો સર્વ સંબંધો યોગ્ય રીતે જાળવવામાં આવે તો ગરીબને પૈસાદારની ઉદારતાથી જેટલો લાભ થાય તેના કરતાં પૈસાદારને ગરીબના સાનીધ્યથી વધારે લાભ થાય છે. દયાનું વહેણ દેવાથી તનમનનું આરોગ્ય ખીલતું ચાલે છે, અને તેને રોકવાથી નૈતિક બંધારણમાં નુકસાનકારક સડો પેસે છે.

માતાને પોતાની છાતીપર ઝુલતા અને પોતાની પાસેથીજ પોષાણ મેળવતા નહાના નિરાધાર બાળકના સહવાસથી જે આરોગ્ય અને સુખ મળે છે તે તેના અભાવથી મળનાર નથી, તેમ આપણને પણ ગરીબો સાથે સહવાસ અને ઉદારતા રાખવાથી જે આનંદ હિત અને આશિષો મળે છે, તેથી તે ઝરાને અટકાવીને નાશ કરવો જોઇએ નહિં. આપણને એ આખા ઝરણની જરૂર છે, માટે તેને યોગ્ય રસ્તે વાળીને વહેતોજ રાખો.

પરોપકારી વ્યવસ્થિત મંડળોને ટેકો આપીને તમે જે કંઇ સેવા કરો તે ઉપરાંત દુઃખીના નિકટ સંબંધમાં આવીને સ્વતંત્ર રીતની સેવાપણ તમારે કરવી જોઇએ. મંડળો અને આર્થિક ફાળો જોકે તમને રસ્તે ઉપયોગી છે. છતાં દાતાને આ પ્રણાલિકાઓથી ઉચ્ચતર પ્રકારનો લાભ મળતો નથી. આંખે આંખના, હાથે હાથના અને હૃદયે હૃદયના અંગત સંબંધ પૂર્વક જે સેવા અથવા સહાય થાય છે તેજ પરોપકાર કરવાનો અને આશિષો મેળવવાનો સૌથી ઉત્તમ પ્રકાર છે. અને તેથી કરીને યુવાન અને વૃદ્ધે, રંક અને રાજાએ દરેકે એવી રીતે પણ બને તેટલી લોકસેવા કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. ઇચ્છાવાળાને માટે તો આવા અસંખ્ય પ્રસંગો મળી શકે છેજ જગતમાં એવી રીતે જીવો કે જેથી આ લોકમાંથી જ્યારે જાઓ ત્યારે જગતને તમારી ખોટ પડે. —રે. ડ. આ.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं इतर ॥

હે મનુષ્યો ! સત્યને જ પરાયર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર)

પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૪-૨-૩૩.

આપણી આર્થિક સ્થિતિ.

આપણી આર્થિક સ્થિતિ આજે કયે ચીલે છે તેનો વિચાર કરવાની નથી આપણને ફુરસદ, નથી સમાજને ફીકર, કે નથી આપણા સાધુઓને તેની કંઈ પડી. ઉલ્ટું સાધુ અને તેના એજન્ટો આપણી સ્થિતિને વધારે કઢંગી બનાવી રહ્યા છે. આપણી આર્થિક સ્થિતિની ખરાબી થવામાં બાકી રહી નથી. હવે તો આપણે જો આપણી આ બગડેલી બાજીને સુધારવા માગતા હોઇએ–આર્થિક સ્થિતિને ઉન્નત બનાવવા માગતા હોઇએ તો, સામાજીક, રાજકીય, પંથીય, કે ધાર્મિક સડાઓને પહેલી તકે દફનાવવાની જરૂર છે. ભલે આજે ગામમાં પૈસાદારો હોય, કરોડાધીપતિ અને લાખોપતિઓ હોય, ભલે મોટા વેપારો અને સટ્ટા ખેલનાર–સટોડીયા પડયા હોય. પણ સમાજનો મોટો વર્ગ–મોટો વર્ગ શા માટે આખો સમાજ કહોને–આજે આર્થિક રોગથી પીડાય છે. હવે તો કોઇ રામબાણ દવાની જરૂર છે. આજે એક ટુકડા રોટલાને માટે મનુષ્યને કેટકેટલાં ફાંફાં મારવાં પડે છે ! આજીજી કરવી પડે છે ! બન્ને પેટ પૂરતો રોટલો કેમે કરી મળતો નથી ! તેમ નથી મળતો રોજગાર. મનુષ્ય રોટલાના ટુકડા માટે રોજગારની શોધમાં સટ્ટે–જુગારે ચઢે છે અને બુચ્ચાર થાય છે. સ્ત્રીના સૌભાગ્યરૂપ ગણાતા કંકણોરૂપી છેલ્લું તણખલું પણ સટ્ટે ચઢી ગુમાવે છે. પૈસા ગયા, રોટલો ગયો, તેમજ ઓટલા ગયા પછી તે એક મૃત્યુનું શરણ શોધે છે. અને કેટલાક હિંમત હારી જવાથી કમે તે મરે છે. આજે સમાજની આ સ્થિતિ છે. ત્યારે સમાજના મોવડીઓમાં કોઈ નફટ બનીને પોતાને ત્યાં લગ્ન પ્રસંગે તાયફાના મજરા અને મહેફીલો ઉડાડી પૈસાના ધુમાડા કરે છે. ત્યારે કોઇ પોતાને ત્યાં થયેલ હરાવ પ્રમાણે જાહેરાત કરી દીક્ષા લે અને નોકારશી, વરઘોડા, ઓચ્છવો, પ્રભાવના પાછલ ગમે તેટલા પૈસા ઉડાડે તેને વધાવી લે છે, કોઇ મૂર્ખ શિરોમણી, ઉપદેસકો પેદા કરવાના બ્હાને સ્વચ્છંદી સાધુઓના મોઢે મ્હોટા કરવા લોકોને લલચાવી ઉંધે રસ્તે દોરવા મહેનત કરે છે.

સમાજની આર્થિક સ્થિતિ જોતાં આ પ્રમાણે પૈસાનો મોટો વ્યય કરવો સમાજને લગારે પાલવે તેમ નથી. જેઓ સમાજના હિતાહિતનો વિચાર કરી શકતા હોય–સમાજ માટે અંતર વલોવાતુ હોય તેવા યુવાનોએ આવા મોટા ખર્ચ સામે જરૂર થવું જોઇયે. અને સમાજના વેડફાઇ જતા પૈસાને સમાજ હિતાર્થે ખરચાવવા લાગવગ–પ્રચાર વિગેરે કરવું જોઇએ. તેનાથી માન બેસી રહેવાય નહિ, પછી ભલેને પાટણ હોય કે પાલનપુર સિદ્ધપુર હોય કે લાલપર હોય, ગમે તે શહેર હોયકે વ્યકિતગત હોય.

આજે સમાજની આર્થિક સ્થિતિએ જે ગંભીર સ્વરૂપ પકડયું છે, તેનો શ્રીમંતોએ કે જેઓ શાસનના સુકાનીઓનો ઘાવો કરે છે તેવા સાધુઓએ કદી વિચાર સરખોય કર્યો છે? આજે સમાજના લાખ્ખો મનુષ્યો બેકારીને ભોગ બન્યા છે. ત્યાં આપણા બાળકોમાં તેજ, હોશ કે તાકાત કયાંથી હોય? જ્યાં પેટ માટે રોટલાના સાંસા ત્યાં હોશ કયાંથી હોય તેમના પર કે તેમના માબાપ પર! આપણી ઉત્પન્ન શક્તિ ઘટી ગઇ છે, અને આપણા બાંધા માયકાંગલા થઇ ગયા છે. એતો જરા વિચાર કરો અને ભૂખ્યાને અન્ન આપવું–એટલે ધંધે લગાડવા એજ ખરી ફરજ છે, એમ સમજો.

બે ચાર શહેરોના ડાકડમાલ, પૂજા આરતીમાં બોલાતાં ઘી, રેલ્વે રસ્તે નિકળતા સંઘો. સામૈયાના વરઘોડા, મેફીલો, વિગેરે પાછળ થતા ખરચો ઉપરથી રખે ભુલતા કે જૈન સમાજ માલેતુજ છે. તેમાં બેકારી છેજ નહિ. તેની બેકારી જેવી ગામડાંઓમાં છે તેથી શહેરોમાં લગારે ઓછી નથી. તેનો અભ્યાસ કરનાર નીકળે તો તેની ખાત્રી થાય કે સમાજમાં કેટલી બેકારી છે!

વડોદરા નરેશનું પ્રશંસનીય પગલું.

હજી તો બ્રિટીશ હિન્દ સામાજીક કાનુનોમાં પડવું કે ન પડવું તે વિચારે છે ત્યાં તો વડોદરા રાજ્ય, એની હંમેશની રીત મુજબ એમાંય મોખરે ઉભું રહે છે. ગયા અઠવાડીએ વડોદરા સ્ટેટની એસેંબલીએ ત્રણ નવવિધાયક ઠરાવો પસાર કરી સમસ્ત હિન્દુ સમાજ પર આશિર્વાદ વરસાવ્યો છે. સૌથી અગત્યનો કાનુન આજના જુવાનો માંગી રહ્યા છે તે, અઢાર વર્ષ કે તેથી અંદરની બાળાને પીસ્તાળીસ વર્ષના પુરૂષને પરણાવવાની મનાઇ કરે છે–તે છે. આ. કાનુન ફર્સ્ટકલાસ મેજીસ્ટ્રેટોને ગુન્હાની તપાસ કરવા નીમે અને અટકાવવાની સત્તા આપે છે, આ પગલું આવશ્યક અને આવકારદાયક છે.

આજે જૈન સમાજમાં લક્ષ્મીના જોરે કેટલાય બાળુચકોને પરણતાં આપણે હૃદયે વ્યથા અનુભવતાં છતાં અટકાવી નથી શકતાં. કાનુનની સહાય વિનાના આપણે અશકત બની જોયા કરવું પડે છે. અને એવા વૃદ્ધ લગ્નોથી અત્યાચાર, વ્યભિચાર, અને વિશ્વરાજ્યોનું પ્રમાણ વધતું જાય છે, પ્રતિદિન હિન્દુ સમાજ ઘસાતો જાય છે, આવે ટાણે વડોદરા રાજ્યનું આ પગલું અમે મુક્ત કંઠે વધાવી લઇએ છીએ.

દીક્ષા અને તેનું શાસ્ત્ર.

લેખક:-
કેશવલાલ મંગળચંદ શાહ.

(તા૦ ૨૧-૧-૩૨ ના અંકથી ચાલુ)

દીક્ષાના શાસ્ત્રોક્ત વિધાનોના મૂળ ભૂતઉદ્દેશ.

શાસ્ત્રકાર મહારાજાઓ જ્યારે જ્યારે આદેશ કે નિષેધાત્મક વિધાનો કરે છે, ત્યારે ત્યારે તે હેતુ એટલે ઉદ્દેશ વિના તો નથીજ કરતા, કારણ કે, કાર્યની ઉત્પત્તિ કારણ વિના સંભવતીજ નથી હોતી. એટલે દીક્ષા અંગે કરાએલા વિધિ-વિધાનોમાં પણ ઉદ્દેશ તો હોવોજ જોઇએ એ નિર્વિવાદ પણે કહેવામાં એમત તો નજ હોઇ શકે. આથી કહેવાનું તાત્પર્ય એજ છે કે, દીક્ષાના પ્રશ્ન અંગે જે વિવાદ ઉપસ્થિત થએલો છે, તેમાં બન્ને પક્ષો તરફથી પોતપોતાના સમર્થનમાં શાસ્ત્રોક્ત આધારો રજુ કરવામાં આવે છે; એટલુંજ નહિ પરંતુ રૂઢીચૂસ્ત વર્ગ કે, જે પોતાને શાસનપ્રેમી કહેવરાવે છે, તે પક્ષ કહે છે કે, સુધારકો જે આધારો રજુ કરે છે તે આધારો વાસ્તવિક રીતે આધારો હોતાજ નથી, પરંતુ પોતાને અનુકુળ અવતરણો જ્યાંથી પ્રાપ્ત થાય ત્યાંથી મેળવી લઇ શાસ્ત્રના નામે જનતાને ઉંધે રસ્તે દોરવવા રજુ કરે છે. આ જનતની પરિસ્થિતિમાં આજે જનતાને સત્ય સમજવામાં શાસ્ત્રો ઉપર પણ વિશ્વાસનીય વિશ્વાસ નથી રહેતો. કારણ સ્પષ્ટ છે કે, જનતાનો એ જાતનો એટલે શાસ્ત્રોનો અભ્યાસજ નથી હોતો અને જ્યારે બન્ને પક્ષો શાસ્ત્રોનાજ નામે પોતપોતાના પક્ષનું સમર્થન કરે ત્યારે સત્ય શું? એ પ્રશ્ન સહેજે ઉદ્‌ભવે. આથી પ્રસ્તુત લેખમાં હું એ વસ્તુ પ્રતિપાદન કરવા ઇચ્છું છું કે, શાસ્ત્રકાર મહારાજાએ જે-જે આદેશ કે, નિષેધાત્મક વિધાનો કરેલા છે તે ઉદ્દેસાનુસારજ કર્યા છે. એટલે શાસ્ત્રકાર મહારાજાએ જે ઉદ્દેસની પૂર્તિ માટે આદેશ કે, નિષેધાત્મક વિધાન કર્યા હોય તે ઉદ્દેશની સિદ્ધિ માટે વર્તમાનમાં અવકાશ ખરો કે નહિ? અને જો અવકાશ હોય તો આજે જે રીતે શાસ્ત્રના નામેજ બધું કહેવામાં આવે છે તે ખરેખર સત્ય છે કે કેમ? એ આપોઆપ સમજાઇ જશે કે, આ જાતનું કૃત્ય તે કર્તવ્ય છે અને આ અકર્તવ્ય છે.

શાસ્ત્રકારોએ અઢાર પ્રકારના પુરૂષો, વીસ પ્રકારની સ્ત્રીઓ અને દસ પ્રકારના નપુંસકો દીક્ષાને માટે નાલાયક ગણાવ્યા છે. તે અડતાલીસ પ્રકારનાં મનુષ્યો દીક્ષા માટે નાલાયક છે, એવું શ્રી પંચકલ્પ ચૂર્ણિ-ભાષ્ય-નિશીથ ચૂર્ણિ-ભાષ્ય તથા આચાર દીનકર, પ્રવચન સારોદ્ધાર અને છેલ્લે ઉપાધ્યાય શ્રી માનવિજયજી મહારાજે ધર્મ સંગ્રહમાં જણાવ્યું છે. તેથી તો એમજ કહી શકાય કે અઢાર પ્રકારના પુરૂષો, વીસ પ્રકારની સ્ત્રીઓ તથા દસ પ્રકારના નપુંસકો દીક્ષાને માટે નાલાયકજ હોવા જોઇએ-પરંતુ તેમ નથી. આ જાતના અઢાર પ્રકારના પુરૂષોનું વર્ણન કરતા નિશીથ ચૂર્ણિકાર પોતાની ટીકામાં એટલે વિવરણમાં અઢાર પૈકી સત્તરમાં મયણ ના વિવરણમાં કહે છે કે

મયગો चउव्विहो--दिवसमयगो जत्ताभयगो-कव्वालभयगो उव्वत्तायभयगो य। एस ताव संखेवतो चउव्विहो वि न कप्पति दिक्खेउं॥ एतेसिं च उण्ह वि. सरूवमिप्पं-कालो छिन्नो-सव्वदिणं धणं पि छिन्नं रूपगे हिं, मे मम कम्मं कायव्वं एवं दिणे दिणे भयगो घेप्पति, सो दिणे अपुण्णे णो कप्पति पव्वावेउं १। इमो जत्ताभयगो-दस जोयणाणि मे मम सहायणे एगागिणा वा गंतव्वं, एत्तिएण धणेण, ततो परं ते इच्छा, अन्ने उभयं भणंति-गंतव्वं कम्मं च से कायव्वंति २ इमो कव्वालभयगो-कव्वालो खितिखाणतो उट्ठमादि, तस्स कम्ममप्पिणिज्जा ति, दो तिन्नि वा हत्था छिन्नं, अच्छिन्नं वा एत्तियं ते धणं दाहा मित्ति ३। इमो उवत्तायभयगो-तुमे ममं एच्चिरं कालं कम्मं कायव्वं जं जं अहं भणामि, एत्तियं ते धणं दाहामित्ति ४॥ इमा जत्ताभयगो पव्वावणनिहि-कयाए जत्ताए गहिए मोल्ल अगहिए वा मोल्ले कप्पइ पव्वावेउं: गहिए मुल्ले अकयाए जत्ताए णो कप्पति। कव्वालो वि एवं चेव। उव्वतभयगो वि काले अपुन्ने णो दिक्खिज्जाति॥ इयाणिं जे कांवति जेन कप्पंति वा ते मिगाविप्पेण विसेसिता भण्णंति छिण्णो वावारो छिण्णो कालो छिण्णं धणं छिन्नं नाम अमुगं कम्मं कायव्वं एतिगं कालं एतिएणं धणेणं ति। एस पढमभंगो। बितियभंगे धणं अच्छिन्नं ति एवं अट्ठभंगा कायव्वा। एतेसिं अट्ठण्हं भंगाणं वावारे छिन्ने अछिन्ने वा काले वि छिण्णाछिण्णे सक्खीण पुरतो सावितेधणे छिन्ने गहिते अकए य कम्मेण दिक्खिंति, सेसेसु दिक्खेंति। तेय सेसा बिचउत्थ छठ्ठ-ऽट्ठमभंगा अधवा. सेस ति अट्ठसु वि भंगेसु सक्खि पुरतो असाविए धणे छिन्ने अछिन्ने वा अगहिए कए अकए वा कम्मे दिक्खंति॥ इयाणिं पुणो एयं चेव विसेसेति-पढम-तातिय-पंचम-सतमेय वावार कालेसु छिण्णाछिण्णेसु सक्खि पुरतो सावितेसु गहिते अ गहिते वा छिण्णाधणे ण दिक्खेति। किं कारणम्? उच्चते-सो-भणेज्ज, मए सक्खिपुरतो सावितं ति। अन्नंचमए अन्नो वि न गहितो तुब्भ आसाए ति। अच्छिण्णे पुणधणे कप्पति, किं कारणम्? जम्हा मोल्लस्स परिमाणं न कयं। अकते य परिमाणे ववहारो लब्भति। धणं च छिन्नं, बहुं च कम्मं कयं, थोवं सेसं, कालो वि थोवं अच्छति एरिसे कम्मे कप्पति-जदि अणीसरो तो दिक्खिज्जति, ईसरो पुण थोवं कम्मसेसं बला बंधितुं पिकारवेज्ज किं कारणम् इस्सरे ण काप्पयति? अणीसरे कप्पइ? इतो भन्नइ-तं पव्वाविते सहे सो दरिद्दो सयं अप्पणा चे-तुमसमत्थो, अध सो दरिद्दो सयं अप्पणा चे-तुमसमत्थो अध सो दरिद्दो रायकुलं गच्छति दूतगेण कड्ढति तत्थ धणकखतो भवति, द्रव्याभावात् तं न करोति। फेल्लो दरिद्दो तस्स तेण कप्पति। ईसो पुण कड्ढइ अभिणिवेसा उक्कोडं पिदातुं। जो पुण दरिद्दो रोद्द उरस्से ण वा बलेण चुतो मा वधबंधो वहवणं करेस्सति तेण पेल्लस्स वि ण कप्पति। मयणत्ति गतं॥

निशीथ चूर्णि द्वितीय खंड पत्र ३३-३४

ભાવાર્થ:-

ભૃતક ચાર પ્રકારનો-દિવસ ભૃતક, યાત્રાભૃતક કવ્વાલ ભતક અને ઉવ્વત્તાય ભતક-ટુંકમાં આ ચારે પ્રકારનો ભતક દીક્ષાને યોગ્ય નથી. આ ચારેનું સ્વરૂપ આ પ્રમાણે-કાળ નક્કી કર્યો હોય, આપ્યા દિવસના બદલામાં આપવાનું ધન રૂપીઆમાં નક્કી કર્યું હોય-મારું કામ કરવું પડશે એમ નક્કી કર્યું હોય. આ રીતે દરરોજ ભૃતક લેવાય છે એને દિવસ પુરો થયા

સિવાય પ્રવ્રજ્યા આપવી કલ્પે નહિ. ૧ યાત્રાભતક આ–દશ યોજન મારા સહાયક રૂપે અથવા એકલાએ જવું, આટલું ધન આપીશ, કામ થયા પછી તારી ઇચ્છા. બીજા આચાર્યો એ વાત કરે છે–જવું અને કામ પણ કરવું. ૨ કવ્વાલ ભતક આ–કવ્વાલ એટલે જમીન ખોદનાર ઓડ આદિ તેને કામ સોંપવામાં આવે, બે ત્રણ હાથ નક્કી કરેલ હોય, અથવા નક્કી કર્યા સિવાય (ઉચ્ચક) આટલું ધન આપીશ. ૩ ઉવ્વત્તાય ભતક–તારે મારૂં કામ અમુક મુદ્દત સુધી હું જે જે કહું તે કરવું. આટલું ધન આપીશ. ૪ યાત્રાભતકને દીક્ષા આપવાની વિધિ–યાત્રા પુરી થાય તે પછી મૂલ્ય લીધું હોય કે ન લીધું હોય તો પણ દીક્ષા આપવી કલ્પે મૂલ્ય લીધું હોય અને યાત્રા પૂરી ન થઈ હોય તો દીક્ષા આપવી ન કલ્પે. કવ્વાલને માટે પણ એમજ જાણવું. ઉવ્વત્તભતકને મુદ્દત પુરી થયા અગાઉ દીક્ષા ન અપાય. હવે જે, દીક્ષા માટે કલ્પે અને ન કલ્પે તેને ભંગ વિશેષથી કહેવામાં આવે છે. વ્યાપાર–કામ નક્કી કર્યું હોય, મુદ્દત નક્કી કરી હોય અને પૈસા નક્કી કર્યા હોય. છિન્ન એટલે અમુક કામ કરવું, આટલી મુદ્દત સુધી અને આટલા ધનથી. આ પહેલો ભંગ–વિકલ્પ. બીજા વિકલ્પમાં પૈસા નક્કી કર્યા હોય. એ રીતે આઠ વિકલ્પો કરવા. આ આઠે વિકલ્પોમાં નક્કી કર્યું હોય કે ન કર્યું હોય, મુદ્દત પણ નક્કી કરી હોય કે ન કરી હોય, પણ સાક્ષીઓ પાસે જાહેર કર્યું હોય અને ધન નક્કી કરીને લઇ લીધું હોય તો કામ પુરૂં કર્યા વિના દીક્ષા ન આપે. બીજા વિકલ્પોમાં આપે. તે બીજો–ચોથો–છઠ્ઠો અને આઠમો વિકલ્પ. અથવા બીજા એટલે આઠે વિકલ્પોમાં સાક્ષીઓ આગળ જાહેર કર્યું ન હોય અને નક્કી કરેલ કે નક્કી નહિ કરેલ પૈસા લીધા ન હોય તો કામ પુરૂં કરે કે ન કરે તો પણ દીક્ષા આપી શકાય છે. હવે આજ વાતને વિશેષથી કહે છે.–પહેલા, ત્રીજા, પાંચમાં અને સાતમાં વિકલ્પમાં કામ અને તેની મુદ્દત નક્કી કરી હોય કે ન કરી હોય પણ સાક્ષી આગળ જાહેર કરી દીધું હોય તો–શરત પ્રમાણેના પૈસા લીધા હોય કે ન લીધા હોય–પણ દીક્ષા ન આપી શકાય. શું કારણ? કારણ–તે કહે કે–મેં સાક્ષી આગળ જાહેર કર્યું છે અને મેં તારી આશાથી બીજે રાખ્યો નથી. પૈસા નક્કી ન કર્યા હોય તો દીક્ષા આપી શકાય. શું કારણ? કારણ કે મહેનતાણું નક્કી કર્યું નથી. મહેનતાણું નક્કી કરેલ નહિ હોવાથી ન્યાય મેળવી શકાય. ધન નક્કી કર્યું હોય, ઘણું કામ કરી લીધું હોય, થોડું બાકી હોય, મુદ્દત પણ થોડી બાકી હોય તો આ રીતે દીક્ષા આપવી કલ્પે–જો ગરીબ હોય તો દીક્ષા આપી શકાય. ધનવાન હોય તે તો થોડા બાકી રહેલા કામને બળજબરીથી માંધીને પણ પુરૂ કરાવે. શું કારણ? કે ધનવાન હોય તો ન આપવી અને ગરીબ હોય તો આપવી? એ કહીએ છીએ–તે દીક્ષિત શિષ્યને તે ગરીબ પોતે પકડવા માટે અસમર્થ છે. અને જો સરકારમાં જાય અને પકડાવે તો તેમાં ધનનો ખર્ચ થાય. પૈસા ન હોવાથી તે સરકારમાં ન જાય. માટે ગરીબ હોય તો દીક્ષા આપવી કલ્પે. ધનવાન હોય તો હડમાં આવી, યાદ રાખજે. કરી પકડાવે માટે તેના અને જે ગરીબ હોય પણ જબરો હોય, જ્ઞાતીનો બળીઓ હોય ને મારપીટ આદિ નુકશાન કરે તેમ હોય તો તે ગરીબના પણ કામ કરનારને દીક્ષા ન આપવી.

ઉદ્ધાર સમાપ્ત.

જર્મનીથી પત્ર પાંચમો.

એન, તા૦ ૧૬–૧–૩૩.

પ્રિય ભાઇ!

જીનોવા સવારના પહોરમાં આવ્યું. ઇષદ્ મેઘાચ્છાદિત આકાશમાંથી પ્રભાતની આછી રકતભા જલરાશિને રંજીત કરતી હતી. સ્ટીમર હજુ બંદરમાં નહોતી પહોંચી. પાઇલટ હોડીની રાહ જોઇને લગભગ સ્થિર ઉભી રહી હતી. સામે સમુદ્ર તટે અચિંત શહેરની હર્મ્ય રેખા દૂર દૂર જઇ જલધિમાં લીન થતી હતી. જીનોવા તે ઇટાલીનું એક મહા બંદર છે, અને કાંઇક અંશે પાશ્ચાત્ય જગતનું પ્રવેશદ્વાર ગણી શકાય. તેથી અનેક દેશથી આવતી જતી નૌકાઓનો જથ્થો સુવ્યવસ્થિત બંદરમાં ગોઠવાએલો હતો. નૌકારાશિમાંથી ઇટાલીનું "ગૌરવ રેકસ" ઉંચા વધેલા મુખસ્તંભ વડે દૂરથી પોતાની મહત્તા બતાવતું હતું.

છેવટે સ્ટીમરે બંદરમાં પ્રવેશ કર્યો. અને અમે બધા તૂતક ઉપરથી નીચે કેબીનમાં વિહારની તૈયારી કરવા ગયા. જેમ સ્ટીમર ઉપર મુસાફરીના પ્રથમ દિવસે ધમાલ હોય છે, તેવીજ રીતે મુસાફરીના છેલ્લા દિવસે ઉતરવાની અને નૌકાના કાર્યચારિગણમાં પોતાના વહાલેરાઓને મળવાના ઔત્સુક્યને લીધે વ્યગ્રતા જણાતી હતી. સ્ટીમરનું બીલ વગેરે ચુકવી દરેક પોતપોતાના યજમાનની શોધમાં નીકળી પડયા.

લગભગ પંદર દિવસ સુધી ભેગા રહેલા સાથીઓ થોડાક કલાકમાં પોતપોતાના રસ્તે પડી જવાના હોવાથી વિદાય શિષ્ટાચાર કર્યા પછી અમે પાંચ–સાત જણ સાથે, સામાન લઇને બહાર નીકળ્યા; પ્રવાસ વ્યવસ્થા પેઢીદ્વારા અમારા પ્રવાસ સ્થળોની ટીકીટોનું નક્કી કર્યા પછી શહેરમાં એકાદ ચક્કર લગાવવા બહાર પડયા. મિલાન જવાની ગાડીને હજુ વાર હતી. રસ્તામાં અગવડ ન વેઠવી પડે તેથી અમે અહિંજ થોડું ઘણું જમી લીધું અને ગાડીના વખતે સ્ટેશન ઉપર ગયા. કેટલીક નજીવી મુશ્કેલીઓ વટાવી અમે જીનોવા છોડયું.

આટલા દિવસની સ્ટીમરની મુસાફરી પછી રેલ્વે પ્રવાસ વેગવાન લાગ્યો. ટ્રેઇન પર્વતની હારમાંથી પસાર થતી હતી. દૂર દૂર હજુ શિયાળાને ઘણી વાર હોવાથી, પુષ્પ અને ફળવાળાં વૃક્ષોથી સુશોભીત બગીચાઓ અને ક્ષેત્રો પથરાએલા ગાલીચા જેવા લાગતા હતા. વચમાં વચમાં ગ્રામ્ય–ગ્રહ દશ્યો, ગાડીને વેગને લીધે ક્ષણવારમાં વિલુપ્ત થતાં હતાં.

ક્ષેત્ર, પહાડ અને બગીચાનું બાહુલ્ય છતાં હિન્દમાં જે જાતનાં ઝુંપડા હોય છે, તે જાતનાં ઝુંપડાનો અભાવ અમારા મનમાં એક જાતની શંકા ઉત્પન્ન કરતો; શું યુરોપમાં ગામડાંજ નહિ હોય? દરેક ઠેકાણે સુંદર રસ્તાઓની બે બાજુએ ઇંટ–ચુનાથી ચણેલા દેખાવડા ઘરો નજરે પડે, કોઇ ઠેકાણે ઘાસના છાપરાંવાળા કુબાનું નામ નહિ! કેવું વિચીત્ર!

લગભગ ચાર વાગે અમે મિલાન પહોંચ્યા. કેટલીક ભાંજગડને અંતે સ્ટેશન પાસેની એક હોટલમાં જઇ ઉતરવાનો અમે ઠરાવ કર્યો અને મિલાનના સુશોભિત ચિત્રાંકિત ભવ્ય સ્ટેશનમાંથી બહાર નીકળી નજીકના વિશ્રાંતિ ગૃહમાં પડાવ કર્યો. ચાહ પાઉંનો નાસ્તો કરી રહ્યા ત્યારે પાંચ ઉપર વાગી ગયા હશે. જો થોડો વખત રહ્યા હતો તે દરમ્યાન કંઇક જોવાની ઇચ્છાએ અમે બહાર નીકળ્યા ને ટેક્ષી કરી મિલાનના સુવિખ્યાત ચર્ચમાં ગયા.

આ ચર્ચ તેની વિશાળતામાં અદ્વિતીય છે તે વિષે જરાયે શંકા નહિ પણ આકૃતિની સમાનતા (Monotonousness) ના લીધે કેટલીક વખત કંટાળો ઉત્પન્ન કરતું. અંદર દિવાલો ઉપર કાચમાં સુંદર ચિત્રકામ સંધ્યાના સુવર્ણ પ્રકાશમાં અજબ દીપી નીકળતું હતું. જ્યારે વેદી આગળી પહોંચ્યા ત્યારે એક પાદરી, ક્રોસ ઉપર લટકાવેલી ક્રાઇસ્ટની મૂર્તિ આસપાસ રાખેલા મીણબત્તી–દંડો સળગાવતો હતો. તેનું પ્રચંડ શરીર અને તેમાંય ખાસ કરીને ઉદર પરિધ જોઇને અમે મહા પ્રયત્ને અમારું હાસ્ય રોકી શકયા. ઇટાલી કે જ્યાં ફેસીસ્ટ રાજ્ય પ્રણાલી અંગીકૃત થએલી છે, અને જે કંઇક અંશે આ પાદરીઓથી વિરૂદ્ધ હોવા છતાં, આ લોકોને આટલા પ્રમાણમાં વર્તવાનો અવકાશ મળ્યો છે તે જોઇ આશ્ચર્ય થયું. અમને આવેલા જાણી તે ઉત્સાહભેર (અમને) ચર્ચ બતાવવા તત્પર થયો અને ચર્ચની એક બાજુએ આવેલા કમરામાં સંગ્રહિત પુરાણી છબીઓ અને દાગીનાઓનો, અંગ્રેજી–લેટીન મિશ્ર ભાષામાં પરિચય આપવા માંડયો. તેના શબ્દો એક મંત્રોચ્ચારના જેવા ગૂઢ, અમારા કાન ઉપર અથડાઈ અસર કર્યા વિના લુપ્ત થઇ ગયા. કેટલાક પરિચિત નામોને લીધે અમે અટકળ કરી કે અમુક વસ્તુ અમુક વ્યકિતને લગતી છે. દશ મિનિટમાં દેખાડવાનું પતાવી તેણે અમારી પાસે સીધીજ માગણી કરી "ક્રાઇસ્ટના નામે કંઇ આપશો?"

અમારો કંઈ આપ્યા વિના છુટકો નહોતો! અમે મનેકમને કંઈક આપી છુટા બારી મેળવી. ક્રાઇસ્ટે જેમને પોતાનો ઉપદેશ ફેલાવવાનું કાર્ય સોંપ્યું, તે લોકોના આ જાતના તાગડધિન્ના જોઇને તેણે ક્રોસ ઉપર ચઢવા પહેલાં આત્મઘાતનો વિચાર કર્યો હોત. જે ગરીબોને માટે તેણે શૂળી સ્વીકારી તે ગરીબોને તેના સિદ્ધાંત પ્રચારકો પીડન કરશે એવો તેને સ્વપ્ને પણ ખ્યાલ નહિ હોય! પણ હું આ જગાએ તે વિષે વધારે નહિ લખું, કારણ કે લગભગ બધેજ આ જાતની કફોડી સ્થિતિ થવા પામી છે. માત્ર બીજાના દોષ જોવા તે અન્યાય છે.

ચર્ચમાંથી બહાર આવી, શહેર જોવાના ઇરાદાથી અમે વાહન ન કરતા અમારા મુકામ સુધીનું અંતર ચાલી નાંખવાનું ઠરાવ્યું. અમે જ્યારે બજારમાં ચાલતા હતા ત્યારે એક વિચિત્ર ઘટના બની: અમે ચર્ચમાં રહ્યા તેટલી વારમાં આખા શહેરમાં અમારા આગમનની ખબર પડી ગઈ. અમારી સાથે હિન્દી પોષાકમાં બે બહેનો હતી તેથી તેમને જોવાના કુતૂહલમાં અનેક લોકો ભેગા થયા. વાત એટલે સુધી વધી પડી કે, છેવટે અમારે ન છુટકે ટેક્ષી કરવી પડી, કારણ કે ટેક્ષી ન કરીએ તો ટ્રાફીકના રોકાણને લીધે પોલીસના કોપનો અમને ભય લાગ્યો. ઘેર આવી અમે વાળુ કર્યું.

રાતના મિલાનની મઝા ઔર તરહની હતી. અમે ત્રણ–ચાર જણ લગભગ સાડાદસ વાગે હિસાબ પતાવી બજારમાં ફરવા નીકળ્યા. રસ્તા ઉપર કાફે અને રેસ્ટોરામાંથી આવતો નૃત્ય સંગીતધ્વની, રમોકિંગમાં આખા દિવસના કર્યા–તે સહેજ આરામાર્થે કાફેમાં જવા નીકળેલો જનસમુદાય, શહેરની દીપકસરણી, ભભકાદાર દુકાનોના પ્રદર્શન–ગૃહો વગેરે અતિ આકર્ષક હતું. લગભગ સાડાબારે અમે પાછા ફર્યા.

બીજે દિવસે કોઈ દસ, કોઇ બાર, કોઇ બે એમ જુદે જુદે સમયે પોતપોતાની ટ્રેઇનમાં પ્રયાણે સીધાવ્યા. મારી ટ્રેઇન

એક મુનિની કરૂણ કથા.

ચન્દ્રવિજય.

(સાધુ સંસ્થામાં અંદર પેઠે ખટપટો અને બેપરવાઇથી, અળખામણા સાધુઓની કેવી સ્થિતિઓ થાય છે, તેનું દર્શ્ય રજુ કરતો આ આખોય કાગળ સમાજ આગળ રજુ કરીએ છીએ, તે વાંચકો વાંચે અને સાધુસંસ્થાનો સડો વિચારે. —તંત્રી.)

સંસારીપણામાં આત્મકલ્યાણ સાધતો હતો અને યથાશક્તિ ધર્મધ્યાન કરતો હતો, તે અરસામાં પન્યાસજી ભક્તિવિજયજી ગણિ અને મેરૂવિજયજી પન્યાસના સમાગમમાં આવ્યો. તેમની ઇચ્છા મને સાધુ બનાવવાની હોવાથી મને અનેક પ્રકારની લાલચો આપી, અને ઉંધુ–ચતુ સમજાવી સાધુ બનાવવાની તરકીબો કરી, અને હું તૈયાર થયો. મારા બનેવીની ના છતાં તેમની ઉપરવટ થઇ, મારી પાસે જે ચાર–પાંચ હજારની મુડી હતી તે સાધુ થવાના ખર્ચમાં ખરચી નાખી. સાધુપણું અંગીકાર કરી શ્રી મેરૂવિજય પન્યાસનો હું શિષ્ય થયો.

દીક્ષા–બાદ થોડાક દિવસ તો ઠીકઠાક ચાલ્યું; પણ જેમ વખત જતો ગયો તેમ તેમ વિટંબણાઓની શરૂઆત થઇ. સાધુઓની અંદર અંદરની ખટપટના પરિણામે મને જુદો કહાડયો. છતાં મહારે તો ચારિત્ર પાળવું જ હતું એટલે એક ગૃહસ્થની ભલામણથી સમીવાળા શ્રી ભક્તિવિજયજીના શિષ્ય શ્રી સુમતિવિજયજી સાથે રહેવાની ગોઠવણ થઇ અને હું તેમની સાથે ચોમાસુ રહ્યો. છતાં મારા ગુરૂ મેરૂવિજયજી–મને હેરાન કરવો હોય કે ગમે તે બુદ્ધિએ–મને જે રાખે તેમને આડુઅવળું લખે અને રહેવા ન દે. ચોમાસુ પુરૂં થયું કે, જે ગૃહસ્થે ભલામણ કરીને મને સુમતિવિજય સાથે રખાવેલ તેમણે મારા ગુરૂને લખ્યું કે, તેમનું ચોમાસું પુરૂ કરાવ્યું છે, હવે બોલાવી લઈ સાથે રાખો.' મારી માન્યતા હતી કે, 'જેવી લાગણીથી મને શિષ્ય બનાવ્યો છે, તેવી લાગણીથી જરૂર સાથે રાખશે.' પરંતુ હું જેવો રાધનપુર ગયો કે, ધક્કો મારી વદાય કર્યો અને કહ્યું કે, 'અમારે તારો ખપ નથી, તારે જવું હોય ત્યાં ચાલ્યો જા.' જ્યારે મેં ખુબ કાલાવાલા કર્યા ત્યારે કહ્યું કે, તારા બનેવીને બોલાવી લાવ. તેઓ આવ્યા અને આજીજી કરી ત્યારે મારા જામીન માગ્યા—આ પહેલી વાર નહિ, એકવાર રાજપર મુકામે માગેલા, ત્યાં આપેલા. તેના બદલામાં મારા ઉપર દસ હુકમો કહાડેલ, તેમાંના બે–ત્રણ મુખ્ય છે તે જણાવું: "ત્રણ ઘડા પાણીના હંમેશ લાવવા, મોટા સામું બોલવું નહિ અને બોલે તો એક ઉપવાસનો દંડ, વિહારમાં એકાસણાં–આંબીલ કરવાં." આવા પ્રકારની દસ કલમોનો દસ્તાવેજ કરી મારી સહી લીધેલી

લગભગ ચાર વાગે હોવાને લીધે થોડા કલાકને માટે મારે માત્ર એકલા રહેવું પડયું. બધાને એકે એકે છોડતાં જરા દુઃખ થયું. છેવટે મેં પણ વખત થયે મિલાન છોડયું.

આવતે વખતે આલ્પ્સનું વર્ણન લખીશ. આજે થાકી ગયો છું. આલ્પ્સના વર્ણનનાં અંતે મારી ભ્રમણ કથા પુરી થશે. તે પછી જર્મની વિષે અવાર નવાર લખતો રહીશ. અને ત્યારે કદાચ પંદર દિવસને બદલે એક માસના અંતરે લખવાનું બનશે.

લિ૰ **શાંતિ.**

અસલ નકલનું અંધારૂં.

લાલચંદ જેચંદ વહોરા.

સ્વદેશી એ શુદ્ધ અને સ્વાભાવિક ધર્મ છે; છતાં અત્યારે આપણી માનસિક વૃત્તિઓ એટલી પરાધીન થઇ ગઇ છે કે, સ્વદેશીનો સંદેશ ઠોકોઠોકીને દેતાંય આરો નથી આવતો. અરે! સંદેશ દેનારાઓમાંય કેટલી પરાધીન મનોદશા છુપાએલી હોય છે! આપણી નાદુરસ્તીની આ બદી દૂર કરવા માટે ખૂબ ધીરજ જોશે. આયુર્વેદિક ઉપચાર જોશે. 'સ્વદેશીનું સેવન' એ એવો ઉપચાર છે કે, તેમાં આખી સમાજ વ્યવસ્ત રીતે સુધરતી જાય છે.

સ્વદેશીના ઉત્પાદન એને પ્રચારમાં બહિષ્કાર આવીજ જાય છે. યુદ્ધના ક્ષણિક કાળમાં કોઇ વેળા બહિષ્કારરૂપી તિવ્ર ઓપરેશન કરવું આવશ્યક હોય છે; પણ સ્વદેશીના સૂત્રમાં બહિષ્કાર સહજ અને સ્વભાવીક છે.

તેની નકલ માગતાં હજી સુધી મળીજ નથી–એટલે આપીજ નથી. તેમણે લખાવેલી કલમો પ્રમાણે તેમના હુકમ ઉઠાવું, સેવા બરદાસ કરૂં છતાં મરજી આવે ત્યારે ધક્કા મારી કાઢી મુકે, મારપીટ કરે, એ દરેક સહન કરવું પડે. છેવટે અત્રે પણ જમીન માગ્યા, ત્યારે મને તેમના ઉપર ભરૂસો ન હોવાથી આપવા ના પાડી કે તરત શ્રાવકો રૂબરૂમાં મને કહેલ કે, "મેં તને ચારિત્ર ગ્રહણ કરાવેલ છે, પણ હવે તને પાર ઉતારવાની પોચ્ય રહી નથી માટે મારી વસ્તુઓ મને સોંપી દે." પણ જ્યારે મેં તેમના કહેવા પ્રમાણે તેમને, તેમની વસ્તુઓ પાછી ન સોંપી ત્યારે મને ડરાવીને હાથોહાથ લઇ લીધી. એટલે 'ઓઘો' લઇ લીધો. હું મુંઝાયો ને બેભાન જેવી સ્થિતિમાં ત્યાંથી હું ભાગ્યો ને એક ગૃહસ્થ પાસે ગયો. તેમણે મને શાન્તિ આપી અને સાગરના ઉપાશ્રયે લઇ ગયા, ત્યાં પન્યાસ લાભવિજયજી બિરાજમાન છે. તેમણે મારા હિતનો વિચાર કરી, મારાજ ભલાની ખાતર રાત્રે એક વાગે 'ઓઘો' 'મુહપતિ' આપી, મને ચારિત્રમાં રાખી મારી ઉપર મહાન ઉપકાર કર્યો. મારે લખવુંજ પડે છે કે, જો-જે ગૃહસ્થે મને લાભવિજયજી પન્યાસનો ભેટો કરાવી આપ્યો તે ગૃહસ્થ અને પન્યાસ લાભવિજયજી ન મળ્યા હોત તો મારે કુવો–અવાડોજ કરવો પડત. હાલ તો હું પન્યાસ લાભવિજયજી પાસેજ રહું છું અને આત્મકલ્યાણ સાધુ છું.

પન્યાસ ભક્તિવિજય અને શ્રી મેરૂવિજયના સમુદાયમાં મારીજ આ સ્થિતિ થઇ છે તેમ વાચક ન સમજે, પણ મારી પેઠે ચાર-પાંચ સાધુઓને ધમકાવીને, મારીને કાઢી મુકયા છે. મને નવાઇ તો એ થાય છે કે, દીક્ષા માટે આકુબ્યબળું સમજાવી શિષ્યો બનાવ્યા પછી તેમની આવી સ્થિતિ કરવામાં એટલે તેમને મારપીટ કરી કહાડી મુકી રઝળતા કરવામાં તેમની શોભા વધતી હશે?

સાધુ સમુદાયમાં દીક્ષા અંગે જે સ્થિતિ ઉભી થઇ છે, તેમ શિષ્યો માટે જે મુંગી મુંઝવણોના ડુંગરા ઉભા કરવામાં આવે છે તે દરેકમાં સુધારો થવા અથવા શાસનને નિંદામાંથી બચાવવા, દીક્ષા લેનારને દીક્ષા આપનારની લાયકાત માટે દરેક સંઘે કાયદા કરવાજ જોઇએ. અને બન્નેની યોગ્ય તપાસ થયા પછીજ દીક્ષા અપાય તોજ શાસનની ઉન્નતિ છે.

અત્યારે આપણી ભાવના અને વિચારશ્રેણી સ્વદેશી પ્રત્યે આપણને દોરી જાય છે, તે માત્ર સ્વદેશાભિમાનજ નથી, પણ આપણા સ્વભાવમાં રહેલો આત્મિય ગુણજ છે.

પરદેશી વસ્તુઓ અને સત્તાથી આપણા દેશમાં અજ્ઞાનતાના અને સ્વાર્થદૃષ્ટિનાં પડળ વળ્યા છે. Devide & Rule (ભાગલા પાડી રાજ્ય કરવા) ની રાજનીતિ આપણા દરેક ઘરમાં ફરી વળી છે, અને સવળી નીતિથી હવે આપણે વિશેષપણે પુરૂષાર્થ કરવાનું હોય તો, તે એ છે કે, આપણા ઘર સાફ કરવાં જોઇએ. સ્વદેશીનો પ્રશ્ન વ્યાપક કરવો પડશે. અત્યારે કાપડનાં વેપારીઓ લોકમતને અનુસરી, પરદેશી વસ્તુને સ્વદેશી કહીને આપે છે, અને હજુ થોડાજ વર્ષ પહેલાં સ્વદેશી વસ્તુનેજ પરદેશી અથવા અસલ વિલાયતી કહીને વેચતા. એટલે જે સ્વદેશીને આપણે સાચી પ્રતિષ્ઠા આપવા માગતા હોઇએ તો તેની ઉત્પત્તિનાં સ્થાન આપણે જોવા જોઇએ,–એ આપણી પડોશમાં હોવા જોઇએ. આપણે, આપણે ત્યાં એ ઉપજની શક્તીએ અને કદાચ એ જરા નબળી વસ્તુ થાય તો તેનાથીજ ચલાવી લેવું જોઇએ.

હજુ થોડા સમય પૂર્વેજ આપણે સ્વદેશીને ગામડી અથવા કન્ટ્રી કહી નિંદતા. આજે આપણી ભાવનામાં પલટો આવ્યો હોય તો અસલ એ આપણુંજ હોવું જોઇએ. આમાં સ્વાભિમાન છે, આપણામાં ઉપજેલો આત્મ-વિશ્વાસ રહેલ છે. અને આથી કરીને નવી પ્રજામાં સાચી સર્જન શકિત પ્રગટ થશે.

કેટલેક ઠેકાણે ગ્રાહકો એટલેથી સંતોષ માને છે કે, તેમણે અમુક પ્રતિષ્ઠિત ભંડારમાંથી માલ ખરીદ્યો છે, પણ આટલેથી કોઇએ ન અટકવું જોઇએ. જો એ ભંડાર સ્વદેશી હોય તો તેમણે તેમના વિષે જવાબદાર થવું જોઇએ અને તેની શુદ્ધ સેવા કરવાને માટે ચોકી કરવી જોઇએ. જો એ સાચી વસ્તુ હશે તો ભંડારમાં કોઇ વસ્તુ વિદેશી નજ હોવી જોઇએ. અ યારે આપણે એવું પણ જોઇએ છીએ કે, માત્ર બાદી પહેરે એટલે બીજી અનેક વિધ વસ્તુઓ પાછળ ગમે તેટલું દ્રામ પરદેશ મોકલે તે ઢંકાઈ રહે છે. આ વસ્તુ આપણે જાતે નીરખવી જોઇએ, અને અસલ સ્વદેશી કોને કહેવું અને કેમ ખરીદવું, એ આપણા મિત્ર-મંડળામાં જાહેર કરવું જોઇએ.

દેશમાં કેટલીએય નબળાઇ આવી ગઇ છે. એ નબળાઇ–અજ્ઞાનતાનો લાભ લેવા અનેક સાચા–ખોટા વેપારીઓ ફાંફાં મારી રહ્યા છે. ખોટા વેપારીઓ પારખી શકાય છે, પણ અર્ધ સાચા કે, અર્ધ ખોટા વેપારીઓ નકલી વેશ કરી અસલી વસ્તુને અને તેના ધંધાને દગો દે છે. આ વસ્તુથી સચેળા ચેતવાની જરૂર છે. વેપારીઓમાં ઉત્પાદન શક્તિ રહી નથી, તેથી અવળા ધંધા કરી, ગરાગને આંખે પાટા બાંધી તેઓ જુદા વહેપાર પાછળ દેશનું દ્રવ્ય વેડફી રહ્યા છે.

ઇશ્વર વેપારીઓને કુમાર્ગેથી બચાવે એજ પ્રાર્થના.

જર્મન દૃષ્ટિએ જૈનધર્મ

લેખક:
મહાસુખભાઇ ચુનીલાલ-વિસનગર.

(તા૦ ૨૦-૧-૩૩ ના અંકથી ચાલુ)

જર્મન પ્રોફેસર હેલ્મુથ ગ્લેઝેનાથ જણાવે છે કે-કોલબ્રુક જેવા કેટલાકે એમ માન્યું કે બૌદ્ધધર્મનો જન્મ જૈન ધર્મમાંથી થયો છે, ત્યારે વીલ્સન, લાસન અને એવેબર જેવાએ એમ માન્યું કે બૌધ્ધ ધર્મમાંથી જૈન ધર્મનો જન્મ થયો છે, પણ સન ૧૮૭૯ માં યાકોબીએ બતાવી આપ્યું કે આ છેવટની કલ્પના તો માત્ર નિરર્થક દેખાવ ઉપરથી અને આકસ્મિક સમાનતા ઉપરથીજ કરી લેવામાં આવી છે, યાકોબીએ નિશ્ચિત સાબીત કરી દીધું છે, કે જૈન અને બૌદ્ધ એ બે એકબીજાથી સંપૂર્ણ રીતે સ્વતંત્ર ધર્મસંઘ છે, અને મહાવીર તથા ગૌતમબુદ્ધ એ બે સમકાલિન ભિન્ન મહાપુરૂષો હતા.

અનેક પંડિતોના સમર્થ પ્રયત્નનાં પરિણામે જૈન ધર્મના ઇતિહાસ અને પુસ્તકો વિષેનું જ્ઞાન તો ખૂબ વિસ્તાર પામ્યું પણ છતાંયે એ ધર્મના હૃદય-તેનાં સિદ્ધાન્તો સંબંધનું જ્ઞાન તેના શુદ્ધ સ્વરૂપમાં ઘણા વખત સુધી યુરોપમાં પ્રગટ થયું નહિ, આ વસ્તુ સ્થિતિનું મુખ્ય કારણ તો એ હતું કે, ઘણા ખરા સંશોધકોનો ઝોક તત્વજ્ઞાન અને સંસ્કૃતિ તરફ કરતાં પુરાતત્વ અને ભાષાંતર તરફ વધારે હતો. અને વળી વધારે સબળ કારણ તો એ હતું કે શરૂઆતના સંશોધકોએ જૈન ધર્મના સિદ્ધાન્તનું જ્ઞાન પ્રતિસ્પર્ધિ બ્રાહ્મણ ધર્મના પુસ્તકમાંથી કંઇક અંશે અને જૈન ધર્મના ગ્રંથોમાંથી કંઇક અંશે પ્રાપ્ત કરવાના પ્રયત્નો કર્યા, પણ બ્રાહ્મણ ગ્રંથોમાં અસ્પષ્ટ અને જૈન ગ્રંથોમાં અવ્યવસ્થિત હકીકતો હોવાથી એ પ્રયત્નો સફળ નિવડેલ નહિ. તથાપિ ૧૯૦૬ માં આ અનિશ્ચિત સ્થિતિનો અંત આવ્યો. એ વર્ષમાં યાકોબીએ પછીના કાળના જૈન સિદ્ધાન્તના અવ્યવસ્થિત ગ્રંથનો-ઉમાસ્વાતિના તત્ત્વાર્થાધિગમસૂત્રનો અનુવાદ કર્યો અને નિશ્ચિત જ્ઞાન-ક્ષેત્રમાં એક પગલું આગળ ભર્યું. આ પુસ્તકે પ્રથમજવાર જૈન સિધ્ધાન્તોના સમગ્ર ક્ષેત્ર ઉપર સ્વચ્છ અને સંપૂર્ણ દૃષ્ટિ આપી અને ત્યાં સુધી અંધારામાં રહેલા ઘણા મહત્વના પ્રદેશો વિષેના જ્ઞાનની ગાંઠ ખોલી આપી. યાકોબીના શિષ્યોએ પોતાના ગુરૂને માર્ગે ચાલી જુદીજુદી દિશાઓમાં પ્રયાણ કર્યું છે. હાલમાં જૈન સંશોધનનું પશ્ચિમના ઘણા ખરા દેશોમાં વિવિધ પરિણામ થવા લાગ્યું છે. જર્મનીમાં હુબ્રેખ્ત, શ્રાડર, શુબ્રીંગ, યાકોબીનો શિષ્ય કિર્ફેલ અને બીજા, સ્વીડનમાં કાર્યટીયર, હોલેન્ડમાં ફ્રાડેંગોન, ઇંગ્લેન્ડમાં બાર્નેટ ફ્લીટ, સ્મિથ, શ્રીમતિ સ્ટીવન્સન વગેરે, ઇટલીમાં બ્રાલિની, બેલોની, કીલીવી, પ્રાવોલીની, પુસે વગેરે, નોર્થ અમેરિકામાં બ્લુમફીલ્ડ વગેરે ઘણા સંશોધકો પ્રયત્ન કરી રહ્યા છે.

ગયા સૈકાના છેલ્લા દશકામાં તો ભારત વર્ષના જૈનોએ પણ પોતાના ધાર્મિક અને સાંસારિક જ્ઞાન ગ્રંથોને છપાવવા માંડયા, પોતાના સાધર્મિઓ તેમજ બીજા લોકો પોતાના ધર્મના તત્ત્વો જાણતા થાય તે હેતુથી સાથે સાથે પુસ્તકો અને નિબંધો અંગ્રેજી ભાષામાં પ્રગટ કરવા માંડયા. વળી ભાંડારકર, ભગવાનલાલ ઇંદ્રજી, ભાઉદાજી, સતીષચંદ્ર વિદ્યાભૂષણ, એસ. એન. દાસગુપ્તા વગેરે હિન્દુઓ પણ ધીમે ધીમે એ ક્ષેત્રમાં વધારે કાર્યકર્ત્તા થયા છે. ભવિષ્યમાં યુરોપના અને ભારતના પંડિતો વચ્ચે આ કાર્યમાં ગાઢો સહકાર થાય એવી આશા રાખવામાં આવે છે. "યુરોપીઅનોની ગ્રંથ વિવેચનની પ્રણાલિ અને ઝીણવટથી, ભારત પંડિતો સાચું અને વિવેચક કાર્ય કરી શકશે. ભારત પંડિતોના સહકારથી યુરોપીઅનોની દૃષ્ટિ વિવિધ પ્રકારે ખુલશે." એ પ્રમાણે કેટલીક હકીકત ભૂમિકાના અધ્યાયમાં જણાવી પ્રોફેસર હેલ્મુથ ગ્લાઝેનાથ બીજા અધ્યાયમાં પૂર્વ ઇતિહાસ ઉપર નજર કરતાં જણાવે છે કે:-

જૈનો પોતાના ધર્મને શાશ્વત અને અવિચળ માને છે, અને સમયે સમયે લુપ્ત થાય છતાંયે કદાપિ એનો અંત આવવાનો નથી, ફરી ફરી પ્રવર્તના અમુક જુગોની અંદર અજ્ઞાન છાવરી અંધકાર પ્રવર્તવે, પણ પાછું એ અજ્ઞાન ટળી જાય ને જૈન ધર્મનો પ્રકાશ ફરી પ્રકટાય તેવાં તેનાં કિરણો ફરી વિસ્તરે એવી રીતે આજે આપણે એવા જુગમાં છીએ કે જ્યારે ધર્મજ્ઞાન પામીએ છીએ. ત્યાર પછી એવો જુગ આવશે કે જ્યારે જૈન ધર્મલુપ્ત થશે. ત્યાર પછી વળી એવો જુગ આવશે કે જ્યારે એ ધર્મ નષ્ટપ્રાય થશે. પણ ખરી રીતે તો એ ધર્મ કદાપિ નષ્ટ થવાનોજ નથી. પણ વળી પાછો નવી જુવાનીમાં શાશ્વત સૌંદર્ય ખીલશે જેમ ઋતુઓમાં દર વર્ષે વસંત પાછી ખીલતી આવે છે તેમ જ્યારે સમય આવે છે ત્યારે અમુક વર્ષોને અંતરે એક પછી એક એમ ચોવીશ તીર્થંકરો પ્રગટે છે, તે સત્ય ઉપરના આવરણને સંહારે છે, આપણા આ જુગમાં પણ એવા ચોવીશ ધર્મજ્ઞાતા અને ધર્મ દાતા પ્રકટયા છે, જૈનો એમનાં નામ જાણે છે, અને એમનાં જીવનના પ્રસંગ વર્ણવે છે. એમાંના ઘણા ખરા વિષે જે વર્ણન આપવામાં આવ્યું છે, તે સાવકથાજનિત છે. પહેલા તીર્થંકર ઋષભદેવનું આયુષ્ય ચોરાશી લાખ પૂર્વનું હતું. એ પાંચશો ધનુષ ઉંચા હતા, અને જો કે એક પછી એક તીર્થંકરનું આયુ અને પુદ્ગળ ઘટતું ચાલે છે છતાંયે બાવીશમાં તીર્થંકર અરિષ્ટનેમિનું આયુ એક હજાર વર્ષનું હતું અને તેમનું પુદ્ગળ દશ ધનુષનું હતું. આ ક્રમમાં આવતાં માત્ર છેલ્લાં બે તીર્થંકરોનાં આયુ અને પુદ્ગળ માની શકાય એવા આરોપાયાં છે, તેવીસમાં તીર્થંકર પાર્શ્વનાથનું આયુ સો વર્ષનું હતું તથા તેમનું પુદ્ગળ નવ હાથનું હતું. ચોવીશમાં તીર્થંકર મહાવીરનું આયુ બોત્તેર વર્ષનું હતું તથા તેમનું પુદ્ગળ સાત હાથ હતું, વળી જૈનો જુદા જુદા જે તીર્થંકરોનો સમય બતાવે છે તેમાંથી માત્ર પાર્શ્વનાથનોજ ને મહાવીરનો સમય ઇતિહાસથી નિર્ણત થઈ શકે તેમ છે. મહાવીર સન પૂર્વે આશરે પાંચશો વર્ષ ઉપર અને પાર્શ્વનાથ સન પૂર્વે આશરે ૭૫૦ વર્ષ ઉપર થઇ ગયેલ એમ મનાય છે. પણ અરિષ્ટનેમિ પાર્શ્વનાથની પૂર્વે ચોરાશી હજાર વર્ષ ઉપર નિર્વાણપદ પામ્યા માનવામાં આવે છે. અને તેમની પૂર્વના તીર્થંકરોને અનુક્રમે એટલે દૂર મૂકવામાં આવે છે કે તેની કાળગણના થવી પણ અશક્ય થઇ પડે. આ સ્થિતિમાં યુરોપીયન સંશોધકે પહેલા બાવીશ તીર્થંકરોને ઐતિહાસિક પુરૂષો માનવાનું કારણ નથી. અને માત્ર છેલ્લા બે તીર્થંકરોના ઇતિહાસ સંબંધી સંશોધન કરવા ધ્યાન આપવું જોઇએ.

(અપૂર્ણ.)

धर्मों में भिन्नता.

(अंक ११ थी चालु.)

वर्षा का शुद्ध जल दो तरह का नहीं होता, किन्तु पात्रों के भेद से उसमें भेद हो जाता है। इसीप्रकार धर्म दो तरहका नहीं होता किन्तु पात्रों के भेदसे या, जैनशास्त्रों के शब्दोंमें, द्रव्य क्षेत्र काल भावके भेदसे उसमे भेद होता है द्रव्य क्षेत्र काल भावका भेद, विरोध का कारण नहीं होता, इतना ही नहीं बल्कि इसप्रकार की द्विविधताको हम दो धर्म भी नहीं कह सकते। वे एकही धर्मके अनेक रूप हैं, दुनिया में अनेक धर्म है—जैन, बौद्ध, वैदिक, ईसाई, इस्लाम आदि। परन्तु जिस प्रकार इन धर्मों के संप्रदाय है उस प्रकार हिंसा धर्म, असत्यधर्म, अक्रोधधर्म, विनयधर्म, आदिके सम्प्रदाय नहीं हैं, मैं जैन हूं, तू बौद्ध है इस प्रकार के धर्माभिमान से लोग लडे हैं, परन्तु मैं अहिंसाधर्मी हूं, तु सत्यधर्मी है इस प्रकार के धर्माभिमानसे कोई नहीं लडा, हर एक धर्म अपने को न्यूनाधिक रूपमें अहिंसा, सत्य आदिका पोषक कहता है। इससे मालूम होता है कि अहिंसा, सत्य आदि असली धर्म है और इनमें विरोध नहीं है। विरोध है उसके विविध रूपोंमें अर्थात् सम्प्रदायों में। कहने का तात्पर्य यह हैं कि धर्म सुख के लिये है और विविध सम्प्रदाय धर्म के लिये है। सम्प्रदाय स्वयं परिपूर्ण धर्म नहीं है-वे अहिंसा आदि धर्मोंके लिये है इसलिये यह कहना बिलकुल ठीक है कि धर्मोंमें, भिन्नता या विरुद्धता नहीं हो सकती। हमने धर्म के लिये उत्पन्न होने वाले या उसके एक रूपको बतलाने वाले सम्प्रदायों को धर्म कहा इसलिये यह प्रश्न खडा हुआ कि धर्मों में भिन्नता हैं या नहीं ?

जुदे जुदे धर्मों में जो हमें परस्पर विरोध मालूम होता हैं वह अनेकान्त अर्थात् स्याद्वाद दृष्टि के न प्राप्त करने का फल है। मैं यह नहीं कहता कि प्रत्येक धर्मका प्रत्येक सिद्धांत वैज्ञानिक दृष्टि से सत्य है। मनुष्य प्रकृति का विचार करके हर एक धर्म में वैज्ञानिक असत्यको स्थान मिला हो परन्तु वह असत्यभी धर्मके लिये ही लाया गया है, अधर्म के लिये नहीं इस बात को स्पष्ट करने के लिये एक उदाहरणमाला को उपास्थित करने की आवश्यकता होगी। पहिले ईश्वरकर्तृत्व के विषय को लीजिये।

एक सम्प्रदाय कहता है कि जगत्कर्ता ईश्वर है; दूसरा कहता है कि जगत्कर्ता ईश्वर नहीं है। निःसन्देह इन दोनें में से कोई एक असत्य हैं। परन्तु इन दोनों वादों का लक्ष्य क्या है ? ईश्वर-कर्तृत्व वादी कहता है कि अगर तुम पाप करोगे तो ईश्वर तुम्हें दण्ड देगा, नरकमें भेजेगा; अगर तुम पुण्य करोगे तो वह खुश होगा, तुम्हें सुख देगा, स्वर्ग में भेजेगा। ईश्वर-कर्तृत्व विरोधी जन कहेगा कि अगर तुम पाप करोगे तो अशुभ कर्मों का बन्ध होगा, खाये हुए अपथ्य भोजन के समान उसका तुम्हें दुःखमय फल मिलेगा, तुम्हें बुरी गति में जाना पडेगा। अगर तुम पुण्य करोगे तो तुम्हें शुभ कर्मों का बन्ध होगा, खाये हुए पथ्य भोजन के समान उससे तुम्हारा हित होगा आदि। एक धर्म लोगों को ईश्वर-कर्तृत्ववादी बनाकर जो काम कराना चाहता है दूसरा धर्म लोगोंके ईश्वर-कर्तृत्वका विरोधी बनाकर वही काम कराना चाहता है। यहां धर्म में क्या भिन्नता है ? भिन्नता उसके साधनों में है। परन्तु भिन्नता होने से विरोध होना चाहिये, यह नहीं कहा जा सकता। विरोध वहां होता है जहां दोनोंका उद्देश्य एक दूसरे का विघातक हो परन्तु यहां दोनो का उद्देश्य एक ही है। इसलिये हम इन्हें विरोधी धर्म नहीं कह सकते। उनमें से अगर हम ईश्वर-कर्तृत्ववाद को वैज्ञानिक दृष्टि से असत्य मानलें तो भी वह अधर्म नहीं कहा जा सकता। जिन लोगों का बुद्धि की अपेक्षा मानसिक विकास अधिक हुआ है अर्थात् जो भावुक है उनके लिये ईश्वर-कर्तृत्ववाद अधिक उपयोगी है व यह सोचते है कि ईश्वरके भरोसे सब छोड देने से हम निश्चिंत हो जाते है, हममें कर्तृत्वका अहंकार पैदा नहीं होता पुण्य-पापका विचार रहता है जिनकी बुद्धि अधिक विकसित है, वे तर्कसिद्ध न होने से ईश्वर को नहीं मानते वे सोचते है कि ईश्वर को कर्ता न माननेसे हम स्वावलम्बी बनते है-हम ईश्वरको प्रसन्न करनेकी कोशिश करनेकी अपेक्षा कर्तव्यको पूर्ण करनेका प्रयत्न करते हैं; हमारे पापों को माफ करनेवाला नहीं है, इस विचार से हमें पापसे भय पैदा होता है। जिस धर्मने ईश्वरको माना है उसने भी इसीलिये माना है कि मनुष्य पाप न करे। जिसने ईश्वरको नहीं माना उसने भी इसीलिये नहीं माना कि मनुष्य पाप न करे दोनों का लक्ष्य एक है और दोनों ही प्राणियों को सुखी बानाना चाहते है, और एक अंश में उन्हें सफलता भी मिली है इतना ही नहीं, परलोक को न माननेवाले नास्तिकों ने भी परलोकको नहीं माना उसका कारण सिर्फ यही था कि मनुष्य समाज सुखी रहे। जब परलोक के नाम पर एक वर्ग लूट मचाने लगा और भोले भाले लोग ठगे जाने लगे, विवेकशून्य होकर दुःख सहने को जब लोग पुण्य समझने लगे तब नास्तिक धर्म पैदा हुआ। इस प्रकारे आस्तिकताकी सीमा पर पहुंचे हुये ईश्वर-कर्तृत्ववादी और नास्तिकताकी सीमा पर बैठे हुए परलोकाभाववादी अपने अपने धर्मका प्रचार सिर्फ इसीलिये करते थे कि मनुष्य निष्पाप बने, एक प्राणी दूसरे प्राणीको न सतावे, यह हो सक्ता है कि इनमें से कोई धर्म कर्म सफल हो कोई अधिक, कोई अल्पकालिक हो कोई चिरकालिक; परन्तु यह निश्चित है कि अपने अपने देशकाल में सब धर्मोंने मनुष्य समाजको सुखी बनानेकी और समाजके दुःखमूलक विकारोंको दूर करने की चेष्टा की है।

पंडित दरबारीलालजी.

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3 and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay, 3.

પ્રબુદ્ધ જૈનનો વધારો.

શાસનપ્રેમીને ત્યાં ધાડ!

એક દિવસના સાધુ સંસારી બન્યા.

મુબાઇમા સાગરાનંદના ચુસ્ત હીમાયતી અને કહેવાતા શાસન રસિક સંઘના આગેવાન સંઘવી જીવણચંદ નવલચંદના આસરે ૨૨ થી ૨૫ વર્ષના દીકરા ભાઇ જેચંદને–જેઓનું લગ્ન દોઢેક વર્ષ પર થયું હતું, તેમને મુનિ સાગરાનંદના સાગ્રિતોએ વિલાપારલામા સાધુનાં કપડાં મહા સુદી ૧૦ ને વાર રવીવારે બપોરના પહેરાવ્યાં હતાં. આ તો ઘરનો છોકરો હતો એટલે દીક્ષા આપવી કેમ પાલવે! તે નિયમ અનુસાર એ જેચંદના સગા વહાલાંઓએ દોડવામ શરૂ કરી અને મહા સુદ ૧૧ ને સોમવારે એ સાસનના સ્તંભોએ સંતાકુકડીની રમત રમી દીક્ષા લેનાર જેચંદને તેની માતા તથા પત્નિ સાથે સાજે ચાર વાગે ઘેર લાવવામાં આવ્યો. આ રીતે એક શ્રીમંતનો દીકરો ઘેર પાછો આવ્યો, પણ કેટલાય શાસનના થઇ બેઠેલા ઇજારદારો અને ધર્મના નામે પારકા છોકરાને જતી કરવાનો ધંધો લઇ બેઠેલા ધર્માંધોને અમે પુછીએ છીયે કે શું જેની લાગવગ નથી તેવા રાંડીરાંડાના છોકરાઓને સંતાડવામાંજ તમે બહાદુર હતા? એતો જ્યારે ઘરપર ઘોડા આવે ત્યારેજ બીજાના દુઃખો શું હોય છે તે સમજાય. ઓ ધર્માંધો! અને તેને પોસતા શ્રીમંતો! ચેતો નહિ તો આવીરીતે કાળ તમને યાદ રાખ્યજો કે જરૂર ઠેકાણે લાવશે.

મહેન્દ્ર પ્રીન્ટીંગ પ્રેસ, માંડવી–મુંબઇ.

આપણી આર્થીક સ્થિતી

Reg. No. B. 2917
Tele. Add. 'Yuvaksangh'

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

છુટક નકલ ૧ આનો | વાર્ષિક રૂા. ૨-૮-૦ | શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર. | તંત્રીઃ-ચન્દ્રકાન્ત વી. સુતરીયા. | વર્ષ ૨ જું, અંક ૧૬ મો. | શનીવાર તા. ૧૧-૨-૧૯૩૩.

ખરા લડવૈયાની ખુબીઓ

તેઓ સમાધાન માગતા નથી, પણ ઉન્નત્તિ માગે છે. તેઓ યુધ્ધ માગે છે, નહિ કે કીર્તિ. તેઓ લડે છે, મહેનત કરે છે, સહામે થાય છે, વળગી રહે છે, અને જ્યાંસુધી સાધ્ય ન સધાય ત્યાંસુધી તેમાં મંડ્યા રહે છે; પરંતુ તેઓ નકકી કરેલા નિયમ પ્રમાણેજ રમે છે. शठं प्रति शाठ्यं कुर्यात्, એ નિયમને તેઓ માનતા નથી. તેઓ અનીતિથી મળતી જીતની ના પાડે છે, તેઓ અન્યાયી વિજય કરતાં ન્યાયી પરાજયને વધારે પસંદ કરે છે. અડચણો તેમના રસ્તામાં ધારેલાં પ્યાદાં છે. તેઓ વિરોધના વિકટ પ્રસંગોની પ્રથમથીજ ગણત્રી કરે છે. તેઓ લાંચ આપતા નથી તેમ સ્વીકારતા પણ નથી. પ્રપંચ કરતાં નથી પણ પ્રમાણીક પણેજ હારવાનું અથવા જીતવાનું પસંદ કરે છે.

સખ્ત પરિસ્થિતિઓથી તેઓ પરિષિષ્ટ હોય છે અને જેઓ તેમની સ્પર્ધામાં ઉતરે છે તેમનામાં તેટલીજ ધૈર્યની ઓશા રાખે છે. તેઓ જુઠાણાથી, ધાકધમકીથી ગભરાતા નથી, તેમ છેવટના નિર્ણયમાં સત્યનેજ વળગી રહે છે.

તેઓ પોતાના પ્રમાણીક હથિયારપર કાટના ડાઘ લાગવા નહિ દેવામાં સખ્ત માણસ હોય છે.

તેઓ રસ્તાના બનાવનાર અને દરિયાના ખેડનારા હોય છે, અને તેઓ તેમની પોતાની તૈયાર કરેલી યોજનાઓનેજ અનુસરે છે.

તેઓજ સાચાવીર હોઇ, સાચા સુધારક હોય છે,—સમાજના શુધ્ધ વિર્યરૂપ હોય છે. અંતરાત્માથી તેઓ એટલા બધા બીએ છે કે, લાલચ તેમને લોભાવી શકતી નથી કે ધમકી ડરાવી શકતી નથી.

તેઓજ અંધકાર સામે રોશની ધરીને ઉભા રહે છે તેઓજ લાખો રૂઢીચુસ્તો સામે ટટાર ઉભા રહી ઉન્નત્તિના ચણતર ચણી શકે છે. તેઓજ હિંસામાં ધર્મ માનનારા વેદી-આઓ સામે અહિંસાની જ્યોત પ્રગટાવી શકે છે. તેમણેજ રૂઢી બંધનો અને પોપ-શાહીઓને તાબે નહિ થતાં હિંમતભર્યો સામનો કર્યો હતો. તેમણેજ ભયંકર રિપુઓની સામે વિજય મેળવવા ઘોર તપસ્યાઓ આદરી હતી. અને તેમણેજ અનિશ્ચિતતાને તાબે થવા કરતાં પોતાની જીંદગીને હોમી હતી. તેવા મહાપુરૂષોના—વીરોના ધૈર્યની કીર્તિ અવીનાશી છે.

તેઓ કોઇ અમુક જાતીના અથવા અમુક સંપ્રદાયના મનુષ્યો નથી. તેઓ ઉમરાવોમાં તેમજ ખેડુતોના ઘરોમાં પણ જન્મ લે છે. તેમનું મહત્વ જન્મને લીધે અથવા તેમના ધન કે શરીરને લીધે નથી, પરંતુ 'મહત્વાકાંક્ષી'ને લીધે છે. 'ફરજ' એ તેમનું ધર્મકાર્ય છે અને તેની પૂર્ણતા એ તેમની અંતીમ આશા છે.

જ્યાંસુધી કસોટીમાંથી પાર ઉતરે નહિ ત્યાંસુધી તેઓ વિશ્રાંતિ લેતા નથી.

—યુવકરત્ન

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं इतर ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર)

પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૧૧-૨-૩૩.

આપણી આર્થિક સ્થિતિ.

૨.

મંદીનું મોજું સારાયે જગત પર ફરી વળેલું હોવાથી ધંધા રોજગાર ઉપર તેની માઠી અસર થઈ છે, તેમાંય આપણી સમાજ વ્યાપારી કોમ હોવાથી બીજાના મુકાબલે તેના ઉપર વધારે અસર થવાથી તે બેકાર અને બે બનવાજોગ છે. અને કેળવણીમાં પછાત હોવાથી ન છુટકે સટ્ટે વળગે એ પણ સમજી શકાય તેવું છે. એટલે આ સ્થિતિમાંથી સમાજને બચાવવા ઉદ્યોગ મંદિરો, શાળાઓ અને મહાવિદ્યાલયોની પહેલી તક જરૂર છે.

આ વસ્તુને પહોંચી વળવા પહેલી તક પૈસાની ને મકાનની દરેકને જરૂર લાગશે. દરેક જાણે છે કે આપણા લાખો ને કરોડો રૂપીયા લોનોમાં અને વ્યાજમાં ફરે છે, પણ તેનો ઉપયોગ સમાજની અવદશાને સુધારવા માટે કરતાં તમો પાપ જુવો છો ! સમાજની આર્થિક સ્થિતિ બગડતી હોય, સાધનોના અભાવે અજ્ઞાનના ભોગવાતી હોય ત્યારે આપણા પૈસે બીજા તાગડધીન્ના કરે, સટ્ટા બેલે, ગમે તે ધંધા કરે તે તમને ખમાય છે, પણ તમારાજ જ્ઞાતિ ભાઈની સ્થિતિ તમારા આ પૈસે ઉન્નત બનાવવામાં તમો પાપ જુવો છો, તેમાં તમોને ધર્મનું ઘોર બંધન થઈ જતું હોય તેવું લાગે છે અને તે તમને ખમાતું નથી ! કાગળીયાં લેતાં કે બીજાને ત્યાં વ્યાજે મુકતાં દેવદ્રવ્યનો ખ્યાલ આપણને નથી થતો, તેમાં આપણે પાપ નથી સમજતાં. પણ કંઈ તે મુદ્દો, સમાજના હિતાર્થે ઉદ્યોગ મંદિર, કેળવણીમંદિર કે સહકારી બેન્ક બોલવામાં આવે તો જાણે દેવદ્રવ્ય ઉચાપત કરવાનું મોટું પાપ ન કરતાં હોઈએ ! દહેરાં અને ઉપાશ્રયની નકામી પડી રહેલી મુડીને સમાજની દુર્દશા સુધારવાને વ્યાજે રોકવાનું કોઈ કહેશે તો સમાજનો દરેક દરેક વર્ગ–પછી ભલે તે શ્રાવક હોય કે શ્રાવિકા, સાધુ હોય કે સાધ્વી,–બોલી ઉઠશે કે દેવદ્રવ્ય ઉપાડવાનું મહા મોટું પાપ કરો છો. બીજાઓ ભલે આપણે પૈસે લહેર કરે, પણ સમાજના બંધુની સ્થિતિ સુધારવાનું કામ કહે તો તે સાંખી શકાતું નથી. કારણ કે સમાજના બંધુઓનું હિત આપણે હૈડે ઓછું છે. અહિં દહેરાં કે ઉપાશ્રયોના પૈસા બાધ જવાની વાતજ નથી. પણ કહેવાની મતલબ એજ છે કે, બીજાને ત્યાં એ પૈસા વ્યાજે મુકાય, કાગળીયાં લેવાય, તો પછી સમાજને માટે ઉદ્યોગ મંદિરો અને શાળાઓ બોલવામાં તમો શું પાપ જુવો છો તે સમજાતું નથી. દહેરાંઓની મુડી આ રસ્તે વ્યાજે ધીરાય તો કાંઇ ઘટવાની નથી પણ વધવાનીજ છે. ઉદ્યોગ મંદિરો બોલવાથી સમાજની બેકારી દૂર થશે, શાળાઓથી સમાજ કેળવાયલી બનશે, અને આગળ વધશે. તમે જેમ બીજે વ્યાજ ઉત્પન્ન કરવાને મુડી રોકો છો તેમ આ ક્ષેત્રમાં મુડી રોકો. ભલે જરાક વ્યાજ ઓછું આવે તેની પરવા ન કરો. સમાજ ઉન્નત બનશે તો દહેરાં અને ઉપાશ્રયો પોષાશે. નહિ તો જેવી સમાજની સ્થિતિ તેવી ધાર્મિક સંસ્થાઓની સ્થિતિ થતાં વાર લાગશે ?

મહાવિદ્યાલયો, શાળાઓ અને ઉદ્યોગ મંદિરો બોલવાને નથી આપણે મકાનોની જરૂર. જૈનો પાસે ગામે ગામે ઉપાશ્રયો અને ધર્મશાળાઓના પુષ્કળ મકાનો છે. આ ઉપાશ્રયો અને વધારા પડતી ધર્મશાળાઓ વગેરેની જગ્યાઓનો, ઉદ્યોગ મંદિરો અને કેળવણીની સંસ્થાઓ બોલવામાં ઉપયોગ કરી શકાય તેમ છે. તમે કહેશો કે ઉપાશ્રયો સાધુઓ માટે છે અને ધર્મશાળાઓ યાત્રાળુઓ માટે છે. પણ કહેવાની જરૂર છે કે તમારા કેટલાએ ઉપાશ્રયો લગભગ બારે માસ બંધ જેવાજ રહે છે. કેટલાક તો મહેલાતો જેવડા હોય છે. બે કે ચાર સાધુઓ આવતા હોય તો હવેલી જેવડા ઉપાશ્રયોને તેમને કરવાં છે શું ? અમુક સાધુઓને રહેવા પુરતી જગ્યા બાદ કરી, ઉપાશ્રયોને શાળાઓ અને ઉદ્યોગ મંદિરના રૂપમાં ફેરવી શકો છો, અને તે જરાકે અશક્ય નથી.–કોઇ પણ વર્ગને હાની કરતાં નથી. ધર્મશાળાઓ પણ કેટલીક એવી છે કે જ્યાં આવતાં યાત્રાળુઓ કરતાં જગ્યા વધારે હોય છે. આવી જગ્યાને ઉપયોગમાં લઇ શકાય છે. આથી સમાજની ઉન્નત્તિ માટે શ્રીમંતો પર આધાર રાખીને બેસી રહેવું નહિ પડે, તેઓજ તમારૂં દાળદર મટાડી દેશે તેવી આશા રાખતા હો તો જરાકે ન રાખતા. તેમને તમારી બેટલી બધી પડી. બેટલે સમાજના સંચાલકો ધારે અને મહેનત કરે તો સમાજની સંસ્થાઓદ્વારા ઉન્નત્તિ સાધી સકે તેમ છે.

સમાજના બંધુઓ વિચારે કે ધાર્મિક ક્રિયા કરવા માટે ઉપાશ્રયો, વાડીયો તેમજ જીનાલયોનો ટોટો નથી તેમની સંખ્યા લગભગ બેડ્યા લાખ ઉપર થવા જાય. છતાં ઘણાએ નવા જીનાલયો અને ઉપાશ્રયો પ્રતિવર્ષે બંધાય છે. જ્યારે સમાજની આર્થિક સ્થિતિ જોખમાઇ રહી હોય જ્યારે એનું મુખ્ય અંગે સડી રહ્યું હોય–ત્યારે, દહેરાં અને ઉપાશ્રયો નવા બાંધી વધારો કરવા એ સમાજ ઉપર નથી બોજો છે. એટલે નવા બંધાવનારા બીનજરૂરી પૈસા બરબે છે એમ કહેવામાં શું બોટું છે ?

સમાજનું દુઃખ જો હૈડે હોય તો સમાજની અધોગતિનો વિચાર કરો. ઘેર ઘેર જઇ દરેકની સ્થિતિ તપાસો. ત્યાં તમે શું જોશો ? "રોજના રોટલાની રોજ ઉડીને કડાકૂટ !" આમ બેઠ બાજુ જ્યારે રોટલાની પડી હોય ત્યારે 'ધડમ' 'ધડમ'ની વાતો કરવી અને ધર્મને નામે અધર્મ સેવવો તે બરોબર નિંદનીય છે. આજે આપણે ધર્મને બેટલે કર્તવ્યને નામે અધર્મ સેવી રહ્યા છીએ. આજનો 'કાળધર્મ' બેજ સમજાવી રહ્યો છે કે સમાજ અને દેશનું હિત કરવું તેજ આજે ખરૂં કર્તવ્ય છે–ખરો ધર્મ છે. અરે ! તેમાંજ સાચી અહિંસા છે અને તેમાંજ લોકકલ્યાણની ચાવી છે.

હાલના જમાનામાં નવા ઉપાશ્રયો, નવા જીનાલયો, ઉજમણાંઓ, વરઘોડાઓ અને ગુરૂ મંદિરો સમાજને લાભદાયક

નથી. જુના મંદિરોને નભાવી રાખીએ એજ વધારે ઉત્તમ છે. આજે તો કાળધર્મ ઓળખવો રહ્યો, સાધુઓએ સમાજની ઉન્નત્તિ અર્થે પોતાની શક્તિનો વ્યય કરવો રહ્યો. જે સાધુઓ એમ કહેતાં હોય કે, "અમનેં તમારી પરવા નથી, અમે તમારૂં હિત ન વાંછીએ." તો કહેવું પડે છે કે તેઓ સાધુઓ નથી પણ પેટભરા છે. તેવા પેટભરાને નીભાવવા તે પાપ છે. સમાજને આવા પેટભરા પાયમાલ કરવામાં મુખ્ય ભાગ ભજવે છે. આજનો સમજી જુવાનવર્ગ એવા પાખંડીઓને નજ નભાવી શકે.

આજકાલની વાહ વાહમાં સમાજના પૈસાનો મોટો દુરૂપયોગ થાય છે. ઉજમણાં, વરઘોડા, સ્વામિવાત્સલ્ય, સંઘ વગેરેના સાચા મહત્વો ભુલાઇ ગયાં છે અને લીસોટા રહી ગયા છે. અત્યારનો જમાનો ઉજમણાં, વરઘોડા વગેરે નથી માગતો. તે આ બધા તરફ થતો વ્યય સમાજની આર્થિક ઉન્નતિ તરફ માગે છે. પ્રભુ પ્રત્યે માણસ પોતાની ભક્તિ સારી રીતે મનથી કરી શકે છે; તેમાં કંઈ પૈસાની જરૂર નથી પડતી. બાહ્ય આડંબર નકામો છે. આપણે બાહ્યાડંબરમાં લાખ્ખો રૂપીઆનો વ્યય કરી તેમાં ધર્મ માની રહ્યા છીએ અને ખરો ધર્મ શું છે તેનો વિચાર કરતાં નથી. મરતાને બચાવવા જેવો બીજો ઉત્તમ ધર્મ કયો છે? પ્રભુ મહાવીરનો સિદ્ધાંત અહિંસાનો છે, આપણે આપણી જાતને અહિંસાના પૂજારીઓ તરીકે ઓળખાવીએ છીએ, કીડી, મંકોડીને બચાવીએ છીએ, પશુઓ તરફ કરૂણા આણીએ છીએ; પણ મનુષ્ય કે આપણાજ બંધુઓ માટે આપણા દીલમાં દયા કયાં છે? નથીજ. બીજાઓના હથિયાર બની એક બીજાની સામે નજીવા પ્રશ્નો માટે સામનો કરી વૈર વાળવાની મનોવૃત્તિ આપણામાં દાખલ થઇ છે: પછી ભલેને આપણે મોટા હોઇએ કે નાના, શ્રાવક હોઇએ કે શ્રાવીકા, સાધુ હોઇએ કે સાધ્વી! આજે આપણે અંદર અંદર લડી રહ્યા છીએ અને સમાજમાં સંગઠ્ઠન કરવાને બદલે સમાજને છીન્ન ભીન્ન કરી રહ્યા છીએ, એટલે ચગદાયેલી સમાજને વધારે ચગદી રહ્યા છીએ. ખેદની વાત તો એ છે કે, પીડાતી, દુઃખી, બેકાર સમાજને ઉદ્ધારવાની નથી આપણામાં કે નથી આપણા સાધુઓમાં તાલાવેલી. સમાજની જેટલી અધોગતી સામાજીક અને રાજકીય સદીઓએ કરી છે, તેટલીજ અધોગતી સાધુઓએ કરવામાં બાકી નથી રાખી.

પ્રાસંગિક નોંધ.

હવે તો સમજો-

'સંસાર અસાર છે, તેમાં રહેવાથી અધોગતિ છે; ઉન્નત્તિ તો સાધુતામાંજ છે.' આવી વાતો કરનારા ગુરૂઓના બકતો પણ ગુરૂની વાણી પાછળ પાગલ બની એજ વાતો કર્યા કરે છે, એટલુંજ નહિ પણ સાગરાનંદ જેવા શિષ્ય-લોભીયા કોઇને નસાડે, ભગાડે કે કાલની પરણેતરને મૂકીને કોઈ આવે તો એ પૈસા ખરચીને પણ રાચનારાઓને જ્યારે પુછવામાં આવે છે કે, તમે કેમ પડયા રહ્યા છો? ત્યારે 'ઉદય નથી આવ્યાની' દંભીક વાતો કરે છે; પણ જ્યારે તે દંભીયાના ઘર ઉપર ધોડા દોડે છે ત્યારે તેમના દંભ ખુલી જાય છે અને કહેવું પડે છે કે, આ તો પારકા છોકરાનેજ જતી કરનારા છે. બાકી પોતાને વૈર આવે ત્યારે એ ત્યાગ ને વૈરાગ્યની ડાહી વાતો સમી જાય છે ને તેથી ઉલ્ટું સ્વરૂપ પ્રગટે છે.

ગયા અકવાડીઆમાંજ અત્રે એક શાસનપ્રેમીને ત્યાં નામચીન સાગરજીએ છાની ધાડ પાડી એક પંખેરૂને સપડાવી, કળી સરખી એક વરસની પરણેતરના સંસારને ધુડધાણી કરી નાંખવાનો કરેલો કીસ્સો નીચે મુજબ છે-

મુંબઇમાં સાગરાનંદના ચુસ્ત હિમાયતી અને પરમ ભકત, અરે! તેમના બોલે બડે પગે ઉભા રહેનાર, આપમેળે બની બેઠેલા શાસનરસીક સંઘના અગ્રગણ્ય જીવણચંદ નવલચંદ ઝવેરી, જેઓ સુરતની વીશા ઓસવાળ જ્ઞાતિના છે, તેમના દીકરા ભાઇ જેચંદને જેઓનું વર્ષ પર લગ્ન થયું છે તેમને સાગરાનંદજીએ સાગ્રીતો મારફતે મહા સુદ ૯ ના દિવસે નસાડી પરામાં સંતાડેલા અને બીજેજ દિવસે કોઇપણ જાતની ધામધુમ સિવાય ચુપચાપ માથુ મુંડાવી શિષ્યમાં વધારો કરી દીધો. આતો સાગરજીએ ભકતોનાજ ઘર ભાંગવા માંડયા એ કેમ પાલવે! તરતજ શાસનરસીક સંઘના સ્થંભો-જેચંદના સગાસ્નેહીઓની દોડાદોડી શરૂ થઇ અને સુદ ૧૧ ના ચાર વાગે સાધુનો વેશ ઉતરાવી ઘેર લાવ્યા-એટલે પંદર વર્ષની બાળાના જીવતરને ધુળમાં રોળાતું બચાવી લેવાની હિંમત બતાવી પ્રશંસનીય પગલું ભર્યું.

સાધુઓની આવી ધાડપાડુ વૃત્તિને પોષી, ધર્મના નામે પારકા છોકરાને જતી કરવાનો ધંધો લઇ બેઠેલા ધર્માંધોને અમે પુછીએ છીએ કે, જ્યારે દરેક પત્નિને પોતાનો પતિ પ્રાણથી વ્હાલો છે, દરેક માતાને પોતાનો પુત્ર પ્રાણથી વ્હાલો છે, તેમાં ગરીબ તવંગરનાં ભેદ નથી, ત્યારે શું ગરીબો અને જેનો વગ વસીલો નથી તેવાઓના બાળકોને મુંડી નાંખવામાં તમે ધર્મ સમજો છો? આ તમારી મનોદશાનો કંઇ વિચાર કરશો કે સમજો! જેના માટે તમારા ગુરૂઓની બીક લઇ લડી રહ્યા છો, તેજ તમારા ગુરૂઓના પંજા તમારા ઘર પર જ્યારે પડે છે ત્યારે તમને પારકાના દુઃખનું જરૂર ભાન થતું હશે!

સાગરાનંદ જેવા ધાડપાડુઓની ભુંડી વૃત્તિને પોષવી કે લેશ પણ મદદ કરવી એ સમાજ દ્રોહ છે. એટલે ચેતો અને જે દુઃખ તમને થાય છે તેવુંજ દરેકને થાય છે એમ સાચો ખ્યાલ કરો!

ખોટી ભભકી.

જેઓ પડદા પાછળ ઉભા રહી ગોઠવેલા મહોરા મારફત કે રોકેલા ભાડુતો મારફત મનમાનતા ઠરાવો કરાવી જાહેર પેપરોમાં મોકલવામાં પાવરધા છે, તેવાઓની ગોઠવણ અનુસાર કહેવાતા ગુલાલ વાડીના સંઘના નામનો વડોદરા સરકારને સત્યાગ્રહની ધમકી આપતો એક ઠરાવ પેપરોમાં બહાર આવ્યો છે. એ કોઇના ભેજામાંથી ઉડેલો ગપગોળો લાગે છે કારણ કે મુંબઇ શહેરમાં "ગુલાલવાડી જૈન સંઘ" જેવી કોઇ સંસ્થા હસ્તીજ ધરાવતી નથી. પછી તેના મંત્રી કે પ્રમુખ હોયજ શાના? છતાં જનતાને ખોટે રસ્તે દોરવવા એક જાતનું જુઠાણું ફેલાવવામાં આવ્યું છે. મુંબઇ જેવા જૈન શહેરમાં કોઈ પણ સંઘની જાહેર સભા મળે તો તેના હેન્ડબીલો બહાર પડે છે, દહેરાસરે સરકયુલરો લાગે છે. અને પદ્ધતિસર કામકાજ થાય છે, એ સૌ જાણે છે. પરંતુ જ્યારે ગુલાલવાડીના જૈન સંઘના નામનો ઠરાવ બહાર આવે છે ત્યારે તો એ ઠરાવ મોકલનારની અક્કલ માટે હાસ્યજ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.

સામાન્ય સભા.

તા૦ ૮-૨-૧૯૩૩ ને બુધવારના રોજ વાર્ષિક સામાન્ય સભાની મુલતવી રહેલી એક મીટીંગ સંઘની ઓફીસમાં, વીરજીભાઇ લાધાભાઇ શાહના પ્રમુખપણા નીચે રાત્રીના આઠ (સ્ટા. ટા.) વાગે મળી હતી. તેમાં સર્વાનુમતે નીચે મુજબ કામકાજ શરૂ થયું હતું.

ગઇ મીટીંગની મીનીટ વંચાયા બાદ, પ્રમુખશ્રીની સહી થયા પછી સર્વાનુમતે નીચે મુજબ ઠરાવ થયા હતા.

૧. સંવત્ ૧૯૮૮ ના કારતક સુદ ૧ થી આસો વદ ૦)) સુધીનો ઓડીટ થએલો હીસાબ, સરવૈયું અને રીપોર્ટ, ભાઇ કેશવલાલ મંગળદાસની દરખાસ્તથી અને ગોકળદાસ મગનલાલના ટેકાથી સર્વાનુંમતે પાસ કરવામાં આવ્યો હતો.

આવે છે, કારણ કે તે પડદા ખીણીને એટલી પણ સુજ ન પડી કે આવો ગપગોળો ઉડાડવો એ આ વીસમી સદીમાં કેટલીવાર ટકશે. પણ એ તો 'ભણ્યો પ્રોપટ શ્રીરામ' જેવી સ્થિતિમાં હશે. એટલે દોરી સચાલ પ્રમાણે ના. ગાયકવાડ સરકારને ધમકી આપવાનો નુકસો અજમાવી જોયો, આવી ખોટી ભભકીઓની મતિ વિચારકોને નજ સુજે!

સંગઠન કરો

યુવાનો! અત્યારે સમાજની જે સ્થિતિ ઉત્પન્ન થઇ છે તે તમારા ખ્યાલમાં આવે છે? તેનો તમે વિચાર કર્યો છે? ન કર્યો હોય તો સાંભળો! આજે સમાજની આર્થિક સ્થિતિ દિવસે દિવસે બગડતી જાય છે, રૂઢીના બંધનો અવનતિની ઉંડી ખાઇમાં સમાજને ધકેલી રહ્યા છે; દીક્ષાના હિમાયતીઓ જે આવે તેને સંતાડીને, નસાડીને મુંડી નાંખવાને તાંડવ નૃત્ય કરી રહ્યા છે; સમાજના હજારો ને લાખો રૂપીઆ વેડફાઇ રહ્યા છે. ભાઇ-ભાઇ, પતિ-પતિ, અને બાપ-બેટા વચ્ચે ધર્મના કહેવાતા પ્રેમીઓએ કલહ જગાવ્યો છે; એટલે સમાજનું સુકાન ભરદરિયામાં ઝોકાં ખાઇ રહ્યું છે. ત્યારે તે સુકાન હાથમાં લઇ સમાજ ઉન્નતિની ઇચ્છા થાય છે? આજે દરેક સમાજ આ વીસમી સદીનું નવચેતન રેડતો પ્રાણવાયુ પ્રાપ્ત કરીને ગમે તે રીતે આગળ વધવાનો પ્રયત્ન કરી રહ્યા છે. અત્યારે આપણે જે સ્થિતિમાં છીએ તે સ્થિતિમાંથી બહાર આવવા એકત્ર થવાની જરૂર છે. એકત્ર થયા વિના અનેક સળગતા પ્રશ્નોના તોડ નહિ લાવી શકાય. આથી જ્યાં અનુકૂળતા હોય ત્યાંના યુવાનોએ, શ્વેતાંબર મૂર્તિપૂજક યુવાનોને એકત્ર કરી સુકાનને પ્રગતિના પંથે લઇ જવાની જરૂર છે.

આ જમાનો વાતોનો કે ખુણે ભરાઈ બેસી રહેવાનો નથી પરંતુ સંગઠનનો છે, વ્યવસ્થાનો છે, કર્તવ્ય બજાવવાનો છે, સડાઓ નાબુદ કરવાનો છે; તેવા જમાનામાં જેને નવસૃષ્ટિનો સરજનહાર કહેવામાં આવે છે તે યુવાન કે યુવતિ હાથ જોડીને નહિ બેસી રહેતાં સંગઠન કરવાના કાર્યમાં જરૂર લાગી જશે. યાદ રાખજો કે, જ્યાં સુધી યુવાનોનું સંગઠન નહિ થાય ત્યાં સુધી કશું થઇ શકવાનું નથી.

૨. સંવત્ ૧૯૮૮ ની સાલની કાર્યવાહક સમિતિએ કરેલ ઠરાવ મુજબ ઉમેદવારોના જે પત્રો આવેલાં તેના ઉપર વાટાઘાટ થયા બાદ બાદ મનસુખલાલ હીરાલાલ લાલનની દરખાસ્તથી અને ભાઇ મોહનલાલ પાનાચંદના ટેકાથી ઠરાવ થયો કે આવેલા ઉમેદવાર પત્રો પાસ કરવા અને બાકીનાં ખૂટતા સભ્યો આજની સભાએ ચૂંટી લેવા.

ઉપરના ઠરાવ અનુસાર નીચે મુજબ ૨૦ ભાઇઓની ચૂંટણી કરવામાં આવી.

૧ મણીલાલ એમ. શાહ.
૨ વલ્લભદાસ પુલચંદ મહેતા.
૩ અમીચંદ એમચંદ શાહ.
૪ મનસુખલાલ હીરાલાલ લાલન.
૫ રતિલાલ એલ. શાહ.
૬ માણેકલાલ એમ. ભટેવરા.
૭ મોહનલાલ પાનાચંદ શાહ.
૮ તારાચંદ લક્ષ્મીચંદ ઝોહારી.
૯ પુનમચંદ મોતીલાલ શાહ.
૧૦ ગોકળદાસ મગનલાલ શાહ.
૧૧ રતિલાલ સી. ઝોહારી.
૧૨ ચીમનલાલ એમ. પરીખ.
૧૩ મોહનલાલ દીપચંદ ચોકસી.
૧૪ જમનાદાસ અમરચંદ ગાંધી.
૧૫ વીરજીભાઇ લાધાભાઇ શાહ.
૧૬ પરમાણંદ કુંવરજી કાપડીઆ.
૧૭ કેશવલાલ મંગળચંદ શાહ.
૧૮ ચન્દ્રકાન્ત વી. સુતરીઆ.
૧૯ વીરચંદ પાનાચંદ શાહ.
૨૦ વીરજી પાલણ નાગડા.

૩. ભાઇ કેશવલાલ મંગળચંદની દરખાસ્તથી અને માણેકલાલ એ. ભટેવરાના ટેકાથી સેક્રેટરીઓની નીચે મુજબ ચુંટણી કરવામાં આવી.

૧ જમનાદાસ અમરચંદ ગાંધી.
૨ મણીલાલ એમ. શાહ.
૩ અમીચંદ એમચંદ શાહ.
૪ રતિલાલ સી. ઝોહારી.

૪. ભાઇ વલ્લભદાસ પુલચંદ મહેતાની દરખાસ્તથી અને રતિલાલ સી. ઝોહારીના ટેકાથી ઓડીટરોની નીચે મુજબ ચૂંટણી કરવામાં આવી.

૧ છગનલાલ નાનચંદ શાહ.
૨ કાન્તિલાલ ઇશ્વરલાલ મોરડીઆ.

૫. બંધારણમાં ફેરફાર કરવા અંગે ભાઇ મનસુખલાલ હીરાલાલ લાલનનો કાગળ રજુ કરવામા આવ્યો અને ઠરાવ થયો કે બંધારણની કલમ અનુસાર આ સભામાં તે ઉપર નિર્ણય કરી શકાય નહિ. તેથી તેને હવેથી પહેલી મળનાર કાર્યવાહક કમિટિમાં રજુ કરવો એમ ઠર્યું.

૬. ગતવર્ષની કાર્યવાહક કમિટિ અને ઓડીટરોનો તેમણે કરેલ કામકાજ માટે આભાર માનવામાં આવ્યો. બાદ પ્રમુખશ્રીનો ઉપકાર માની મોડેથી સભા વિસર્જન થઈ હતી.

આસ્તિક અને નાસ્તિક શબ્દની મીમાંસા.

[લેખક : પં. સુખલાલજી.]

બહુ જૂના વખતમાં જ્યારે આર્ય ઋષિઓએ પુનર્જન્મની શોધ કરી ત્યારે પુનર્જન્મના વિચાર સાથેજ તેમને કર્મના નિયમો અને આ લોક તેમજ પરલોકની કલ્પના પણ આવી. કર્મતત્ત્વ, આ લોક, અને પરલોક એટલું તો પુનર્જન્મ સાથે સંકળાએલું છેજ. આ વસ્તુ એકદમ સીધે સીધે અને સૌને સહેલાઇથી ગળે ઉતરે તેવી તો નથીજ એટલે હંમેશા એને વિષે ઓછેવત્તો મતભેદ રહે છે. તે જૂના જમાનામાં પણ એક નાનો કે મોટો એવો વર્ગ હતો કે જે પુનર્જન્મ અને કર્મચક્ર વગેરે માનવા તદ્દન તૈયાર ન હતો. અને પુનર્જન્મવાદીઓ સાથે વખતે ચર્ચા પણ કરતો. તે વખતે પુનર્જન્મશોધક અને પુનર્જન્મવાદી ઋષિઓએ પોતાના મંતવ્યને ન માનનાર પુનર્જન્મવિરોધી સામા પક્ષને નાસ્તિક કહી ઓળખાવ્યો, અને પોતાના પક્ષને આસ્તિક તરીકે જણાવ્યો. આ શાન્ત અને વિદ્વાન ઋષિઓએ જ્યારે પોતાના પક્ષને આસ્તિક કહ્યો ત્યારે એનો અર્થ એટલોજ હતો કે અમે પુનર્જન્મ કર્મતત્ત્વ માનનાર પક્ષના છીએ અને તેથીજ જે પક્ષ એ તત્ત્વ નથી માનતો તેને માત્ર અમારા પક્ષથી ભિન્ન પક્ષ તરીકે ઓળખાવવા 'ન' શબ્દ ઉમેરી નાસ્તિક કહીએ છીએ. એ સમભાવી ઋષિઓ તે વખતે આસ્તિક અને નાસ્તિક એ બે શબ્દ માત્ર અમુક પ્રકારના બે ભિન્ન પક્ષને સૂચવવા માટેજ વાપરતા. તે સિવાય એથી વધારે એ શબ્દના વાપરની પાછળ કાંઇ અર્થ ન હતો. આ શબ્દો ખૂબ ગમ્યા અને સૌને અનુકૂળ થઇ પડયા. વખત જતાં વળી ઇશ્વરની માન્યતાનો પ્રશ્ન આવ્યો. ઇશ્વર છે અને તે જગતનો કર્તા છે એમ માનનાર એક પક્ષ હતો. બીજો પક્ષ કહેતો કે સ્વતંત્ર અલગ ઇશ્વર જેવું તત્ત્વ નથી અને હોય તોપણ તેને જગતના સર્જન સાથે કાંઇ સંબંધ નથી. આ બે ભિન્ન પક્ષો અને તેની અનેક શાખાઓ અસ્તિત્વમાં આવી ત્યારે પેલા આસ્તિક અને નાસ્તિક શબ્દ જે એક વખતે માત્ર પુનર્જન્મ-વાદી અને પુનર્જન્મ-વિરોધી પક્ષ પૂરતાજ હતા તે બન્ને શબ્દો ઇશ્વરવાદી અને ઇશ્વર-વિરોધી એ બે પક્ષ માટે પણ વપરાવા લાગ્યા. આ રીતે આસ્તિક અને નાસ્તિક શબ્દના અર્થનું ક્ષેત્ર પુનર્જન્મના અસ્તિત્વ નાસ્તિત્વથી વધારે વિસ્તૃત ઇશ્વરના અસ્તિત્વ નાસ્તિત્વ સુધી ગયું. હવે પુનર્જન્મ માનનાર વર્ગમાં પણ ઇશ્વરને માનનાર અને ન માનનાર એ પક્ષો પડી ગયા હતા એટલે પોતાને આસ્તિક તરીકે ઓળખાવનાર આચાર્યોની સામે પણ પોતાની પરંપરામાં બે ભિન્ન 'પાર્ટી'ઓ હતી અને તે વખતે પણ તેઓને ઇશ્વર ન માનનાર પક્ષ જો કે તે પક્ષ પુનર્જન્મવાદી હોઇ પોતાની આસ્તિક શ્રેણીનો હતો છતાં તેને નાસ્તિક કહેવાની એટલે કે તેને નાસ્તિક તરીકે ઓળખાવવાની ફરજ પડી. પરંતુ હજી સુધી એ શબ્દોની પાછળ અમુક માનવું અને અમુક ન માનવું એટલા ભાવ સિવાય બીજો વધારો ખાસ ભાવ ન હતો. તેથી આ હિસાબે પુનર્જન્મવાદી આર્ય પુરૂષોએ પોતાનાજ પક્ષના પણ ઇશ્વરને ન માનનાર પોતાના ભાઇઓને ફકત પોતાનાથી અમુક માન્યતામાં જુદા પડે છે એટલુંજ જણાવવા નાસ્તિક કહ્યા. તે રીતે સાંખ્ય, મીમાંસક, જૈન, અને બૌદ્ધ એ બધા પુનર્જન્મવાદીઓ પણ એક રીતે આસ્તિક છતાં બીજી રીતે નાસ્તિક કહેવાય.

વળી એક બીજો પ્રશ્ન ઉભો થયો હતો અને તે શાસ્ત્રના પ્રામાણ્યનો. વેદશાસ્ત્રની પ્રતિષ્ઠા ઘણી થઈ ગઇ હતી. પુનર્જન્મ માનનાર અને ઇશ્વરતત્ત્વને પણ માનનાર એક એવો મોટો પક્ષ હતો કે જે વેદનું પ્રામાણ્ય પૂરેપૂરું સ્વીકારતો. તેની સાથેજ એક એવો પણ મોટો અને પ્રાચીન પક્ષ હતો કે જે પુનર્જન્મમાં માનતો, વેદનું પ્રામાણ્ય સંપૂર્ણતયા સ્વીકારતો છતાં ઇશ્વરતત્ત્વમાં ન માનતો. હવે અહીં આસ્તિક નાસ્તિક શબ્દનો ભારે ગોટાળો થયો. ઇશ્વરને ન માનવાથી જો નાસ્તિક કહેવામાં આવે તો પુનર્જન્મ અને વેદનું પ્રામાણ્ય સ્વીકારનાર પોતાના સગા ભાઇ મીમાંસકને પણ નાસ્તિક કહેવા પડે એટલે મનુ મહારાજે આ ગૂંચમાંથી મુક્તિ મેળવવા નાસ્તિક શબ્દની ઝીણી વ્યાખ્યા કરી દીધી અને તે એ કે વેદનિંદક હોય તે નાસ્તિક, આ હિસાબે સાંખ્ય લોકો જે નિરીશ્વરવાદી હોઇ એકવાર નાસ્તિક ગણાતા તે પણ વેદનું અમુક અંશે પ્રામાણ્ય સ્વીકારતા હોવાથી ધીરેધીરે નાસ્તિક કહેવાતા મટી આસ્તિક ગણાવા લાગ્યા, અને જૈન, બૌદ્ધ જેવા જે વેદનું પ્રામાણ્ય તદ્દનજ ન સ્વીકારતા તેઓ નાસ્તિક પક્ષમાં રહ્યા. અહીં સુધી તો આસ્તિક નાસ્તિક શબ્દના પ્રયોગ વિષે થયું.

હવે બીજી બાજુએ, જેમ પુનર્જન્મવાદી અને વેદવાદી લોકો પોતાથી વિભિન્ન એવા પક્ષને માટે ઓળખાણ ખાતર નાસ્તિક શબ્દ વાપરતા અને વ્યવહારમાં કોઇક શબ્દ વાપરવાની જરૂર તો પડેજ, તેમ પેલા વિભિન્ન પક્ષવાળાઓ પણ પોતાના પક્ષને અને સામા પક્ષને ઓળખાવવા અમુક શબ્દો વાપરતા. તે શબ્દો બીજા કોઇ નહિ પણ સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ પુનર્જન્મને માનવા છતાં પણ કેટલાક વિચારકો પોતાના ઉંડા વિચાર અને મનનને પરિણામે એમ જોઇ શકયા હતા કે સ્વતંત્ર ઇશ્વર જેવી વસ્તુ નથી; અને તેથી તેઓએ ભારેમાં ભારે વિરોધ અને જોખમ વહોરીને પણ પોતાનો વિચાર લોક સમક્ષ મૂકયો હતો. એ વિચાર મૂકવા જતાં છેવટે વેદોનું પ્રામાણ્ય સ્વીકારવાની ના પાડી હતી. એ લોકો એમ ધારતા અને સાચેજ પ્રામાણિકપણે ધારતા કે તેઓની દૃષ્ટિ એટલે માન્યતા સમ્યક્ એટલે સાચી છે, અને સામા વેદવાળા પક્ષની માન્યતા મિથ્યા એટલે ભ્રાન્ત છે. તેથી માત્ર સમભાવે તેમણે પોતાના પક્ષને સમ્યગ્દૃષ્ટિ અને સામાને મિથ્યાદૃષ્ટિ તરીકે ઓળખાવ્યો. આ રીતે જેમ સંસ્કૃતજ્ઞ વિદ્વાનોએ પોતાના પક્ષ માટે આસ્તિક અને પોતાથી ભિન્ન પક્ષ માટે નાસ્તિક એ શબ્દો વ્યવહાર ખાતર યોજ્યા હતા તેમ પ્રાકૃતજ્ઞ જૈન અને બૌદ્ધ તપસ્વીઓએ પણ પોતાના પક્ષ માટે સમ્યગ્દૃષ્ટિ (સમ્માદિટ્ઠિ) અને પોતાથી ભિન્ન પક્ષ માટે મિથ્યાદૃષ્ટિ (મિચ્છદિટ્ઠિ) શબ્દ યોજ્યા. પણ એટલાથી કાંઇ અંત આવે તેમ થોડું હતું? મત અને મતભેદનું વટવૃક્ષ તો જમાના સાથેજ ફેલાતું જાય છે એટલે જૈન અને બૌદ્ધ બન્ને વેદવિરોધી હોવા છતાં તે બન્ને વચ્ચે પણ પ્રબળ મતભેદ હતો.

ચોવીસ કલાકની દીક્ષાની કરૂણ કથા.

ગમે તેટલી મહેનત કરો, ગમે તો ભોંયમાં ઘાલો, પણ એ પુંછડી તો વાંકીજ રહે. તેમ સાગરાનંદજીને ચેલકાઓની જે ઘેલછાનો રોગ લાગ્યો છે, તેના ગમે તેટલા ઉપચારો કરો છતાં તે રોગ તો સુધરવાને બદલે દિવસે દિવસે ભયંકર રૂપ લેતો જાય છે. એટલે જેવી રીતે પોતાની પ્રજ્ઞાના રક્ષણાર્થે ના. ગાયકવાડ સરકાર 'દીક્ષા પ્રતિબંધ નિયમ' નો ખરડો બહાર મૂકયો છે, તેવી રીતે જ્યારે દરેક રાજ્યો કરશે ત્યારે આ અયોગ્ય દીક્ષાનો વધતો રોગ અટકશે.

સાગરજીએ પોતાની શિષ્ય-કેમ્પમાં એવાં પણ નંગો એકઠાં કર્યાં છે કે જેઓ સગીરો તેમજ નવપરણીતોને નસાડવાના, સંતાડવાના અને જંગલોમાં મુંડીનાંખવાના કારસ્તાનોમાં પાવરધા છે. બીજું બધું પછી-પહેલા ગુરૂની લાલસા પુરી કરવી એજ એમનું કામ, એજ એમનો ધર્મ, એથી તો આ મંડળી ઘણુ ભાગે શિષ્યોની શોધમાંજ ઘુમતી રહે છે. ઘાટકોપરના ઉપધાનમાં એકેક એક મારવાડી છોકરાને ઉપધાનમાંથીજ ઉપાડી કુંડલા આજુ બાજુના જંગલમાં મુંડીનાંખી શાન્તાકુઝ પારલામાં ઉપાડી ગયા. વાલી વારસોએ ઘણુંએ કાલાવાલા કર્યા, છતાં સાગરજીના અંતરમાં, દયાની ઉણપને લીધે કંઇ જ અસર ન થઈ. અને મારવાડીઓમાં ખરૂ સ્વરૂપ જોયું નહિ એટલે સાગરજીને એ છોકરો આબાદ પચ્યો.

ગયાજ પખવાડીઆમાં જીવણચંદ નવલચંદ સંઘવી. જેવણ સુરતની વીશા ઓશવાળ જ્ઞાતિના આગેવાન, સાગરજીના પરમ ભકત, તેમ કહેવાતા શાસન રસીક સંઘના આગેવાન છે; વળી જેવણ દીક્ષાના ચુસ્ત હિમાયતી છે. તેવણનાજ દીકરા જેચંદભાઇ જેવણના થોડાક માસપર લગ્ન થયાં છે તેવણને પિતા અને પત્નિની ગેર હાજરીનો લાભ લઇ મહાસુદ ૯ ના દિવસે એક સુરતી શેઠીઆની મોટરમાં નસાડી પરામાં સંતાડવામાં આવ્યા. બીજીબાજુ ચન્દ્રસાગરની આગેવાની નીચેની ટોળી તો તૈયારજ હતી. એટલે મહા સુદ દશમે વાંદરા અને શાન્તાકુઝના વચમાં જેચંદભાઇનું માથું મુંડાવી, શિષ્ય મંડળીમાં એકનો વધારો કરી પાર્લા પહોંચી ગયા.

વાત વાયરો લઇ જાય તેમ સુરતી ભકતોમાં આ સમાચારથી સનસનાટી ફેલાઇ. સુરત તાર છુટયા. જેચંદના પત્નિ, પિતા, સસરા વગેરે આવી પહોંચ્યા. સાગરજી સાથે મંત્રણાઓ ચાલુ થઇ. પણ સાગરજી દાદ આપે ખરા? અને પાછા આતો ભકત એટલે સાગરજીએ ઉગ્ર થઇ ભકતોને પડકાર્યા ત્યાંજ એક ભકતે સુણાવી, મહારાજ! એ નહિ ચાલે? જેચંદને ઘેર લાવેજ છુટકો! વાતાવરણ વધુ ગરમાં ગરમ થતાં ભકતો વિખેરાયા અને પાર્લે ચડાઇ લઇ જવાની તૈયારીમાં પડયા.

જેચંદના પત્નિની આગેવાની નીચે એક મંડળી પાર્લા ઉપડી અને ચન્દ્રસાગરજીની ટોળી પડેલી ત્યાં પહોંચતાં જ કાલાવાલા અને કરગરવાની પ્રથાને તીલાંજલી આપી બાઇએ જેચંદનો હાથ ઝાલ્યો. એકબાજુ પોતાના પતિને બાઇ ખેંચે અને બીજી બાજુ ચન્દ્રસાગર ખેંચે. આમ જેચંદભાઇની ખેંચમતાણી સાથે બોલાચાલી અને ધોલધપાટની વહેંચણી પણ થઈ. તેમાં ચન્દ્રસાગર અને તેની ટોળીના ભાગે આ લહાણી વિશેષ આવી સંભળાય છે. આખરે પત્નિનાં તેજ આગળ પેલા સાધુઓ ઢીલા પડી ગયા અને જેચંદભાઇને ચોવીસ કલાકમાંજ ગુમાવી બેઠા. બિચારાઓને સ્વપ્ને પણ ખ્યાલ નહિ હોય કે આ રીતે ચોવીસ કલાકમાંજ ભકતો ચડી આવશે અને કર્યું કારવ્યું ધુળમાં મેળવી દેશે!

જેચંદભાઇના બહાદુર પત્નિ, પિતા અને સગા સ્નેહીઓ, જેચંદભાઇને લઇને ઘેર આવ્યા કે જેચંદભાઇની માતાએ દાતણ-પાણી કરી અન્ન લીધું. બીજે દિવસે સવારેજ જેચંદભાઇ અને તેમના પત્નિ હવા ખાવા કુમસ ઉપડી ગયાં. બીજી બાજુ એ વચન કહેવા માટે પેલા મોટરવાળા શેઠીઆની શોધ ચાલી, નામનો પત્તો લાગ્યો. પરંતુ શેઠીઆ શોક ખાતર-શરમ ખાતર કે ગમે તેમ એ દિવસ માટે ઓઝલ પડદે રહ્યાનું સંભળાય છે.

જેચંદભાઇ સાધુ થયા અને પાછા ઘેર આવ્યા. છતાં બીજાઓ ઘેર આવે છે ત્યારે સુરતીલાલાઓમાં જેઓ બહુ ડાહી ડાહી ત્યાગ-વૈરાગ્યની વાતો કરે છે અને કોઇ વાર તો બાંહો ચડાવવા સુધી ઉતાવળ કરે છે તેઓ આ વખતે એકદમ ચૂપચાપ છે, કારણ કે એ તો ઘર ઉપર ઘોડાને!

આ વર્તુણુંકથી સાગરજી બહુજ ખીજાયા અને વ્યાખ્યાન-પીઠ ઉપરથી ખુબ વરાળ કાઢી એટલે બીચારા ભકતોમાં જેઓ આંધળા રાગી છે તેમણે અને જેચંદને ઘેર લાવવામાં પૂરા સામેલ હતા તેવાઓમાંથી કોઇએ ગુરૂજી પાસે જઇને કહેવાય છે કે માફી માગી મહેરબાની મેળવવી.

આ મહેરબાની મેળવવામાં શું સંકેત હશે તે તો બહાર આવે ત્યારે વાત.

તેથી જૈનોએ માત્ર પોતાનાજ પક્ષને સમ્યગ્દૃષ્ટિ કહી વેદનું પ્રામાણ્ય ન સ્વીકારવામાં સગા ભાઇ જેવા પોતાના બાહ્ય મિત્રને પણ મિથ્યાદૃષ્ટિ કહ્યા. એજ રીતે બૌધ્ધોએ માત્ર પોતાને સમ્યગ્દૃષ્ટિ અને પોતાના મોટા ભાઇ જેવા જૈન પક્ષને મિથ્યાદૃષ્ટિ કહ્યો. ખરી રીતે જેમ આસ્તિક અને નાસ્તિક તેમ સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ એ બે શબ્દો પણ ફકત અમુક અંશે ભિન્ન માન્યતા ધરાવનાર બે પક્ષો પૂરતાજ હતા, જેમાં એક સ્વપક્ષ અને એક પરપક્ષ. દરેક પોતાના પક્ષને આસ્તિક કે સમ્યગ્દૃષ્ટિ કહે અને પરપક્ષને નાસ્તિક કે મિથ્યાદૃષ્ટિ તરીકે ગણાવે. અહીં સુધી તો સામાન્ય ભાવ કહેવાય.

(પર્યુષણ વ્યાખ્યાન માળામાંથી)

ચોપડીઓ આવી ગઇ છે.

પજુસણ વ્યાખ્યાન માળાની ચોપડીઓ છપાઇને આવી ગઇ છે. ગ્રાહકોએ યુવક સંઘની ઓફીસમાંથી લઇ જવા મહેરબાની કરવી.

ભેદી પત્રો.

સંઘ સમક્ષ પંચ મહાવ્રત ધારણ કરનાર તમામ સાધુઓ ત્યાગી, વૈરાગી અને પંચ મહાવ્રત ધારીજ છે તેવી ભ્રમણામાં ભમતાં માનવો નીચેનાં કાગળો વાંચે અને સમજે કે, તેમાં પણ આચાર્યો, પ્રવર્તકો. ને ઉપાધ્યાયના બિરૂદ ધારીઓમાં સાધુતાનું લીલામ કરનાર કેવાં નંગો પડ્યા છે!

-તંત્રી.

વેશને લજવતા હાલના આચાર્ય મોહનસૂરિએ દશ વર્ષ પહેલાં સુરતથી તેમની સાધ્વીઓ ઉપર જુનાગઢ લખેલો પત્ર.

૧૦

ૐ

-પત્ર પહોંચ્યો સમાચાર સર્વ જાણી આનંદ તમો જે અવસરે બહુ વિશેષ પ્રેમ સાથે રહેવા જણાવતાં હતાં. વારંવાર ભાવના ભાવતા હતાં. જેથી અવસર અત્યારે અનુકૂળ સમજી આ તરફ વિહાર કરવાં જણાવ્યું હતું. પરંતુ તેં લખ્યું જે મને ઉધરસ આવે છે, મંગળશ્રી ત્રણ ગાઉ ચાલુ છે તીહાં તાવ ચઢી જાય છે. તો તમારા શરીરને દુઃખ પડે તેમ જરા પણ કરવાં જરૂર નથી. શરીરને તથા મનને જ્હાં સારૂ રહે તીહાં ખુશીથી રહો-ઇંહાં કદી જરૂર હશે તો જીમ તીમ નભાવી લેશું-ચલાવી લેશું બહુ જરૂર હશે તો તાર કરીશું. વાસ્તે મહાસતીજી શાંતિમાં રહો ખુશીમાં રહો. સવા બસો ગાઉ એંચાજ્યે નહિં-શરીર હશે તો બધું થઈ રહેશે. વાસ્તે શરીરને જરાપણ મહેનત પડે તેમ વિહાર કરજો નહિં. બરેબર સ્ત્રિઓ ગરજે ઉપર પડે અને બોલાવીએ ત્યારે દૂર નાસે એ વાક્ય સત્યજ છે. જ્યારે સ્ત્રિઓને પોતાને આવવું હોય ત્યારે દૂર હોય તોહી પણ નજીક ગણે. શરીર નરમ હોય તો પણ સારૂં માને અર્થાત્ કોઈ વાત દુર્લભ નહિં તેહીજ પોતાને ન કરવું હોય તો શરીર નરમ થાય. નજીક હોય તો પણ દૂર ગણાય. જ્યારે જુનાગઢથી સુરત સવાસો ગાઉની અંદર છે તો અત્યારે સુમતાશ્રીને સવા બસો થયું. વાહરે વાહ સુમતા-જુનાગઢથી ૪૦ કોશ સિધુ લીંબડી-લીંબડીથી ૨૫ ખંભાત. ખં-થી ૩૦ ભરૂચ, ભ-થી. ૨૫ ની અંદર સુરત છે. એકંદર સવાસોની લગભગ છે. એકમાસથી સવા માસનો વિહાર છે તેમાં કેટલુ બધુ લખવુ પડ્યું વાસ્તે હવે લાંબો વિહાર કરજો નહિં. થાકી જશો, આનંદમાં રહો જત્રા કરતાં યાદ કરજો, શરીરને સારી રીતે સાસવજો મંગળીને જરા પણ તાવ આવે તેવું કોઇ કહાડો થવા દેજો નહિં. પત્ર વાંચીને તુરત ઇંહાં મોકલાવી દેજો.

મીતિ-શ્રા-૧૩ ઃ પોતે.

આચાર્ય મોહનસૂરિના ઉપાધ્યાય પ્રતાપ વિજયે શ્રાવીકા ઉપર લખેલો પત્ર.

૧૧

શ્રી સિહોરથી લી૦ ઉપા. શ્રી. પ્રતાપ વિજયજી આદિ તત્ર દેવગુરૂ ભક્તિકારક સુશ્રાવક...તથા...તથા તમારા +++ વિગેરે યોગ્ય ધર્મ લાભ વાંચજો. અહિં દેવ ગુરૂ પસાયથી સુખ શાંતિ છે-પૂજ્યપાદ આચાર્ય મહારાજ સાહેબજી તથા નાના મહારાજ વિગેરે બધા સુખ શાંતિમાં છે. તમારો પત્ર પહોંચ્યો સમાચાર જાણ્યા. તમોએ લખ્યું જે આ વખતે ત્યાં આવવાનું થયું પરંતુ મારે જે કાંઇ વાત કરવી હતી તે થઇ નહિં. તો લખવાનું જે મહોચ્છવની ધામધુમ તેમજ પાંજરાપોળના કામને અંગે માણસોની વિશેષ આવક જાવક હોવાથી વખત મળ્યો નથી. તમારે પત્ર લખવા લાયક હોય તો લખી જણાવજો નહિં તો વળી પછી કોઈ વખતે ભેગા થયે ત્યારે ખુલાસો કરજો. અહિં અઠ્ઠાઇ મહોચ્છવ-શાંતિસ્નાત્ર વિગેરે ઘણીજ ધામધુમથી થયું છે. વરઘોડો પણ ઘણાજ ઠાઠથી ભાવનગરથી એન્ડ વાજું મંગાવીને ચઢાવ્યો હતો. દેવદ્રવ્યની ઉપજ પણ લગભગ બે હજાર રૂપીઆ જેટલી થઇ છે. નવકારશી માટે પણ સંઘમાં જે પરસ્પર તકરારો હતી તે બધી શાંત કરીને એક ભાઈ તરફથી નવકારશી પણ ઘણા આનંદથી થઈ છે. એકંદર બધું બહુ સારૂ થએલ છે. ભાઇઓનો ઉત્સાહ ઘણો સારો હતો. ગઇ કાલે સાંજે પાલીતાણાના શેઠીઆઓ ચોમાસાની વિનંતિ માટે અહિં આવ્યા હતા. પરંતુ હજુ કાંઇ નક્કી થયું નથી આગ્રહ ઘણો છે. ફરસના હશે ત્યાં બતશે. ધર્મકાર્યમાં ઉજમાળ રહેવું.૦૦૦ અહિં હમેશાં આવે છે અને ખુશી આનંદમાં છે. શાંતિસ્નાત્ર વખતે તેના તરફથી ત્રણ રૂપીઆનું ઘી અમો બોલ્યા છીએ. અને તેને સ્નાત્રોઆમાં ઉભો રાખ્યો હતો અહિં અમારા સર્વના શરીરે સારૂ છે. ત્યાં +++ વિગેરે સંભારનારને ધર્મ લાભ કહેજો.

વૈ-વદ-૬૪ દા. ધર્મ. વિ. ના ધર્મ લાભ.

(સં. ૧૯૮૮)

આચાર્ય મોહન સૂરિના પ્રવર્તક ધર્મવિજયજીએ શ્રાવિકા ઉપર લખેલો પત્ર.

૧૨

શ્રી. સિહોરથી લિ૦ પ્ર-ધર્મવિજયજી યશોવિજયજી આદિ તત્ર દેવગુરૂ ભક્તિકારક સુશ્રાવક શાહ...તથા...તથા તમારા ++વિગેરે યોગ્ય ધર્મ લાભ વાંચજો. અહિં દેવગુરૂ પસાયથી સુખ શાંતિ છે. પુજ્યપાદ આચાર્ય મહારાજ સાહેબજી સુખ શાંતિમાં છે તમને ધર્મલાભ લખાવ્યા છે. તમારો પત્ર પહોંચ્યો. સમાચાર જાણ્યા. તમોએ લખ્યું જે-અમારે આવવાની ઘણી ભાવના છે. પણ ઘરમાં બીજું કોઇ માણસ નહિં એટલે મન પાછું પડી જાય છે, તો લખવાનું જે બીજું માણસ નવું કોઇ થોડુ .આવવાનું છે-જે છે તે છે-માટે તમારે પજુસણ કરવા નહિં અથવા પાલીતાણા બેમાંથી એક ઠેકાણે જરૂર આવવાનું છે. ત્યાં કોઇ સાધુ મહારાજ પણ નથી જેથી આવશો તો વ્યાખ્યાન વાણી સંભલાશે. પજુસણ પર્વનું આરાધન થશે. ઘણા ભાગે- - -શેઠનું ત્યાંથી++પણ આવવાની છે, તે પ્રમાણે - - -શેઠનો પત્ર હતો,+++ને પણ અમે સુચના કરી હતી કે પજુસણ કરવા આવવું હોય તો અવસર સારો છે પણ તેમનું નામ +++ હોવાથી તેમને માન બહુ હોય. એટલે કોણ જાણે આવે પણ ખરા ને નપણ આવે. ભલે બીજા ગમે તેમ આવે ન આવે પણ તમારે તો અને ત્યાં સુધી જરૂર લાભ લેવા ભાગ્યશાળી થવું. છેવટે અમારા ૦૦૦ તથા ૦૦૦ ને જરૂર મોકલજો તમારે ન આવવું હોય તો ન આવશો. અહિં આવશો તો અહિં બેનનું ઘર છે અને પાલીતાણામાં પણ તમારૂં પોતાનું ઘર છે. માટે ભાવના જરૂર રાખજો, અમે તો અવસર હોય એટલે લખી જણાવીએ. આજે .....નો જન્મ દિવસ છે ગઇ સાલ મહુવામાં વ્યાખ્યાનમાં પ્રભાવના વિગેરે કરી જન્મ દિવસ ઉજવ્યો હતો. પણ અહિં કોણ ઉજવે—હજુ આજે

વધુ માટે જુઓ પૃષ્ઠ ૧૨૮ મું.

मरुधर प्रान्तमें धर्मके नामपर घोर हिंसा.

मरते हुये पशुधन को बचाओ और बचाने में मदद करो।

सैकडों पशुओं के भयंकर कत्ल के दिन नजदीक आगये हैं।

अहिंसा परमो धर्म के हिमायती जैन व जैनेतर सज्जनों को घोर निद्रा से जाग्रत हो जाना चाहिये। बिचारे सैकडों बकरे, पाडे, भैसे, आदि मूक पशुओं को देवी, भेख, मोमा, खेतला जुंजार आदिके सम्मुख तीक्ष्ण तलवार से कत्ल होते हुओं को बचाकर अभयदान देने का सु अवसर नहीं खोना चाहिये।

श्री जीवदया ज्ञान प्रचारक मंडल.

अपने समीप के गामों में जाकर उपदेश द्वारा पशुओं की जान बचाने में प्रति वर्ष सफलता प्राप्त करता है। आपको भी चाहिये कि मंडल की सहायता कर हिंसा रोकने में भाग लीजिये।

प्रति वर्ष पशुवध तिथियां नीचे मुजब हैं-

माघ शुक्ल २ से ८ तक व सख्त दिवस ९-१०-१२ १३-१४ चैत्र शुक्ल १ को स्थापना से नव रात्रि से स्कती दिवस १०-१२-१३-१४ वैशाख शुक्ल २ से ८ तक सख्त दिवस ९-१०-१२-१३-१४ अशाड शुक्ल २ से ८ तक सख्त दिवस ९-१०-१२-१३-१४ भाद्रवा शुक्ल २ से ८ तक सख्त दिवस ९-१०-१२-१३-१४ आश्विन शुक्ल १ को स्थापना ८ होमा अष्टमी ९-१० दशहरा से १२-१३-१४ तक कार्तिक शुक्ल २ से ८ तक सख्त दिवस ९-१०-१२-१३ १४ इन दिनों में पशुवध बहुत होता है। अन्य मास व दिनों में उपरोक्त दिनों का अपेक्षा हिंसा कम होती है।

पशुबध के स्थानों की सूची—

परगना जालोर ग्राम जालोर के सुन्दरा तालाबके किनारे चामुंडा माता पुगला. और मांमा आदि स्थान है। ग्राम सियाना के बाहिर खेतला जुंजार आदि के स्थान ह। गाम आहोर के बाहिर चामुंडा माता और कालिका देवी माता मोमा आदिके स्थान है। ग्राम वीटुडा क बाहिर अरट बावी व तालाबके किनारे माताजी, मोमाजी खेतला वीर जुंजार आदि के स्थान है। ग्राम शंखवाली के बाहिर अरट व पेचके पर मोमाजी आसिया तालाबके किनारे धेणाका मो जी वीर आदि के स्थान हैं। ग्राम भाद्राजनके पहाड पर चौधरा माता घुंवडा मोमा आदिके स्थान है। परगना सिवाणागढ ग्राम मोकलसर स्टेशनके नजदीक बोंडा जरणा खेतला वीर माताजी व मोमाजी मोमी आदि के स्थान ह। परगना जसवंतपुरा पर सुन्दा पहाड पर सुन्देस्वरी माता का स्थान है। परगना बाली गाम बिटिया पहाड के पास बिटियाका स्थान है। गाम बालाणा के बहिर खेतला वीर व चौधरा माता व मोमा आदि के स्थान ह। गाम कोहरा तालाब के किनारे खेतला वीर व चमुंडा माता आदि स्थान है। गाम केरार के पेचके पास हिंगोली वीर का स्थान है। गाम पावाके बाहिर चामुंडा माता व खेतला वीर जुंजार आदि के ६ स्थान है। गाम कोशिलाव तालाबके किनारे चामुंडा माता व पहाड पर मोमा आदिके स्थान है। गाम मुंडार के बाहिर मुंडारा माता का स्थान है। गाम सेवाडी के बावडी के पास खेतलावीर का स्थान है। परगना देसूरी गाम किरवा के बाहिर मुंडारा माताजी व तालाबके किनारे बिढूडा वीरका स्थान है गाम पीरोंका बिढूडा तालाब के किनारे बिढूडा वीर का स्थान है। बिकानेर स्टेटके गाँव देसून् गाम मे करागी माताका स्थान है।

उपरोक्त गोंवो के सिवाय अन्य छोटे बडे गामो में भी माता मामा खेतला जुंजार भैरव आदि के स्थानोंपर अज्ञानी अनपढ मांस लोलुपी मनुष्य धर्मके नाम पर बेचारे निर्दोष मूक पशुओंकी कत्ल करते है। इस लिये वे बेचारे निर्दोष पशुओंको अभयदान दिलाने का हर एक अहिंसा प्रेमी का कर्त्तव्य है। परम पूज्य मुनि महाराजा वसीवर्य व साध्विओं आर समस्त जैन संघ वं सज्जनोंसे प्रार्थना है कि इन दिनों व मासों में ऐसे दिनोंमें अभयदान का लाभ अवश्य ले। श्री जीवदया ज्ञान प्रचारक मंडल को ओ सज्जन आर्थिक सहायता देगें वे उपरोक्त पुण्य कार्यका यश दोनों ही प्राप्त कर सकेंगे अपनी शक्ति के अनुसार सहायता भेजने की अवश्य कृपा कीजीये जिस मंडल सदस्य जीवों के प्राण बचाने में पूर्ण सफलता प्राप्त करसके।

नोट ऐसे घोर हिंसा के दिनों में पशुओंका जीव बचाने के लिये बध स्थानों पर हमारे मंडल के सदस्य पिकेटिंग करने के लिये व उपदेश के साथ अभयदान दिलानेको जाते है। सो शिवाधारी दयाप्रेमी मित्र मंडल व स्वयंसेवकों व आदि सज्जनोंसे घोर प्रार्थना है कि मंडल के सदस्य के साथ सेवा करनेको साथ होतो जरूर पधारिये। नहीं तो अपने समीप गामों में ऐसे बध स्थानों के पास जाकर अभयदान देनेका लाभ अवश्य लीजीये।

કપુરચંદ ખુશાલજી શાહ.
ઉ. મંત્રી શ્રી જીવદયા મંડળ,
સ્ટેશન હરતપુરારોડ, ગુડાબાલોતરા.

વાંદવા પણ નથી આવેલ વહેલો મોડો આવશે ખરો. એજ ધર્મ કાર્યમાં ઉજ્વાળ રહેવું ××× ××× ++× ××× ××× ××× ××× વિગેરે સંભાનાર બધાને તેમજ ××× ને પણ ધર્મલાભ કહેજો.—

ઃ ધર્મના ધર્મ લાભ.
શ્રાવણ સુદ ૭ સોમવાર
(૧૯૮૮)

પાલીતાણામાં બધા સુખ શાંતિમાં છે. અને આનંદ વર્તે છે—

નોંધઃ—જે સ્થળે ટપકાં કર્યાં છે તે સ્થળે બાળકનાં નામ છે, બોકડી સ્થળે બહેનોના નામ છે અને લાઇનનીજ્યાએ પુરૂષના નામ છે, તે પ્રસંગે જરૂર જણાશે તો બહાર મૂકશું. —તંત્રી.

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3 and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay, 3.

આપણી આર્થીક સ્થિતી

Reg. No. B. 2917
Tele. Add. 'Yuvaksangh'

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સામાહિક.

છુટક નકલ ૧ આનો
વાર્ષિક રૂા. ૨-૮-૦

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર.
તંત્રીઃ-ચન્દ્રકાન્ત વી. સુતરીયા.

વર્ષ ૨ જું, અંક ૧૭ મો.
શનીવાર તા. ૧૮-૨-૧૯૩૩.

લોક વાયકાને ગણકારતા નહિ.

વાદળાનાં ગડગડાટ બીજી ઇજા કરી શકતા નથી. પણ ઘોંઘાટ કરી ફક્ત ચીડવે છે. લોકવાયકા એ માત્ર અદેખાઇ અને દોષનો અવિર્ભાવ છે, તેમ જેઓ તેને કુંકી કુંકીને સળગાવ્યા કરે છે તેને માટેજ તે ભયંકર નીવડે છે. દાંત વગરના કુતરાઓ ખાલી ભસભસાટ કરવામાંજ મરદાનગી સમજે છે, એટલે કરડી શકતા નથી; અને મહાસાગરમાં ડાટ મૂકનાર અજગરને ચે-ચેં કરનાર પક્ષીઓ ઇજા કરી શકતા નથી.

બોયાં અવલંબનો ઉરાડનાર કે અકૃવા ઉરાડનારની અધમતા તેના શબ્દોમાંજ રહેલી છે. એટલે એવો જીભનો ઉપયોગ કરનાર, નિંદા ને અદેખાઇનાજ પાયા ઉપર ઉભેલા હોવાથી તેને નાહેજ છુટકો છે.

પોતાની સત્તાને સરી જતી બચાવવા તમારી વિરૂધ્ધ જેટલી અસત્ય વાતો ફેલાવવામાં આવે તે તમારા લાભમાંજ છે; કેમકે તેથી તમે ઇચ્છો તો તમને સત્ય સાબીત કરવાની, તમે હો તેવા દર્શાવવાની તક મળે છે. સમાજની વરિષ્ટ કોર્ટમાં ફક્ત સત્ય વસ્તુનીજ ગણત્રી થાય છે અને તેનુંજ વજન પડે છે.

જો તમારામાં સત્ય અને ઇચ્છા હશે તો તમને વારંવાર તમારૂં ખરૂં સ્વરૂપ દર્શાવવાના પ્રસંગ મળશે. અને કયાં તથા કયારે તમારી ભૂલ થાય છે તે પણ તમે જાણી શકશો.

તમે પૂર્ણ ડાહ્યા હોઇ શકો નહિ, અને જેટલા પ્રમાણમાં ડહયા હો તેટલા પ્રમાણમાં બધા માણસો તમને તેવા જાણી શકે નહિ. આ દુનિયામાં એટલા બધા નિર્બળા, દોઢ ડાહયા, વાંદરા જેવા, મગજ ચસકેલા, નકામાં માથાં મારનારા, મિજાજી, દ્વેષી અને ઢોંગી વસે છે કે કોઇ પણ કાર્ય સર્વ કોઇને સંગીન અને સારૂં લાગી શકેજ નહિ.

જો તમે એટલા બધા પોચા અને લાગણીવાળા હો કે જેથી, માણસોની શંકાથી તમે અટકી પડો, અને તેમની મશ્કરીથી રસ્તો બદલો તો તમારે માટે વધારે સારૂં એજ છે કે તમે તમારી મહત્વાકાંક્ષાને ત્યજી દો, કાર્યક્ષેત્રમાંથી વાનપ્રસ્થ થાઓ, અને તમારૂં મમત્વ જીતવાને તમે અશકત છો એમ આરંભમાંજ કબુલ કરો.

કોઇ માણસે, માણસોની ટીકાને પાત્ર થયા સિવાય કંઇ પણ અસાધારણ કાર્યને માટે જીવન ગાળ્યું નથી. તે (ટીકા) તો વ્યકિતગત પ્રગતિની અનીવાર્ય સહચારી છે.

જેઓમાં શકિત નથી તેઓ તેમનાં કરતાં વધારે શકિતવાળાની મહત્તાનો સ્વીકાર કરતા નથી, મૂર્ખને તેની ખાત્રીજ થતી નથી, અને જે શકિતઓની તેને સમજણ પડતી નથી તે શકિતઓને તે મેળવી શકતો નથી.

જો તમે પ્રગતિ કરવાનોજ નિશ્ચય કર્યો હોય તો તમારે પ્રથમ ઉપયોગી અને બીન ઉપયોગીને પારખતાં શીખવું જોઇએ. અને હલકાં લોકોના અભિપ્રાયની ચિંતા રાખી તમારી કીંમતિ શકિત ગુમાવી દેવી જોઇએ નહિ. તમારે તમારી શકિતનો અને વિચારનો ઉપયોગ અગત્યની અને મહત્વની બાબતો પાછળજ કરવો જોઇએ.

—યુવકરત્ન.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं इतर ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર)

પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૧૮-૨-૩૩

આપણી આર્થિક સ્થિતિ.

૩.

આર્થિક સ્થિતિ અને સામાજીક પ્રશ્નોને એક બીજા સાથે સંબંધ હોવાથી હવે આપણે આર્થિક દૃષ્ટિએ સામાજીક પ્રશ્નોને વીચારશું. અન્ય સમાજની દેખા દેખીથી આપણી સમાજમાં ભજીલ ખર્ચો પાછળ આપણી અધોગતિ થવામાં જરાયે બાકી રહી નથી. સડેલા રિવાજો-લગ્ન, સીમંત અને મરણ વગેરેના નકામા ખર્ચાઓએ સમાજના એકે એક અંગને ફોલી ફોલીને સાફ કરી નાખવાથી આપણી કોમ વધારે ને વધારે આર્થિક રોગથી પીડાઇ રહી છે. આ રોગમાંથી ઉભા થવાની તાકાત આપણામાં નથી રહી. બેકારી પણ દિવસે દિવસે ભયંકર રૂપ પકડતી જાય છે. જો આ બેકારીનાં ઉપાયો વેળાસર નહિ યોજવામાં આવે તો શું પરીણામ આવશે તે કલ્પી શકાતું નથી. કુટુંબનું અને પોતાનું ભરણપોષણ કોમ કરવું અને નાત જાતનો જુલમી વ્યવહાર કોમ ચલાવવો એ પ્રશ્ન આજે માનવીને મુંઝવી રહ્યો છે. ડગલે ને પગલે ન્યાતના વ્યવહારો માટે પૈસાની જરૂર. તે પૈસા લાવવા ક્યાંથી? ધંધા રોજગાર ઠંડા, નોકરી શોધી જડે નહિ, કાંઇ હુન્નરે ઉધોગ મળે નહિ, તો પછી કરવું શું? પૈસા કોમ મેળવવા-ધનીકોએ દાખલ કરેલો, નાતના મોવડીઓએ પેષેલો જેને વ્યવહાર કહે છે તે કોમ જાળવવો અને કોમ કુટુંબનું ભરણપોષણ કરવું? કાંઇ ન હોય તો પછી બૈરીનાં દાગીનાં અને ઘરવખરી વેચીને પણ સમાજ આજે કહેવાતા વ્યવહાર પરાણે પળાવે છે. બિચારા માનવી પાસે વેપાર કરવાને પૈસા ન હોય, છોકરાં-છૈયાંને કેળવણી આપવા સાધન ન હોય, પેટે ગાંડો વાળી બે પૈસા બચાવ્યા હોય તો તે, નહિ તો દેવાં કરીને પણ નાતજાતના લોકોને, મરણ, સીમંત કે લગ્ન પ્રસંગે મિષ્ટાન્ન તો ખવરાવવાંજ જોઇએ! ભલેને પછી માણસ ફના થઇ જાય! એક બે દિવસ તે કલ્પાંતનાં-લોહીનાં-લાડુ જમી આપણી કોમના વડેરાંઓ હોંશિયાં કરતાં કરતાં અને પોતાને કૃતાર્થ માનતાં ઘેર સીધાવે છે. આખી સમાજનું માનસ આજે આ પ્રકારનું થઈ ગયું છે. સમાજથી, પરાણે પળાવાતો આવો જાલીમ વ્યવહાર ક્યાં સુધી સહન થઇ શકે?

શ્રીમંતોએ સામાજીક સડાઓ નાબુદ કરવામાં પહેલ કરવાની જરૂર છે કારણ કે આ સામાજીક સડાઓ જે આપણી કોમની આર્થિક સ્થિતિ ખરાબ કરી રહ્યા છે તે, સામાજીક સડા વાહ વાહ કહેવરાવવા ખાતર-ધનીકોને લાંથીજ શરૂ થયા છે, અને મૂર્ખાઇને લીધે કહો કે દેખાદેખીને લીધે સામાન્ય વર્ગને ગળે વળગ્યા છે. એટલે તેઓએ જે પ્રથાના મૂળ ઘાલ્યાં છે, તે મૂળ ઉખેડવાને ખાતર પણ તેઓએ પોતાને ઘેરથીજ દરેક પ્રકારના સામાજીક ખોટા-ઉડાઉ ખર્ચાઓ બંધ કરી દાખલો બેસાડવાની જરૂર છે. જો શ્રીમંતો આવા ખોટાં ખર્ચો કરતાં અટકશે તો આપોઆપ સમાજમાંથી ખોટા ખર્ચાઓનો અંત આવશે અને સમાજના બીજા સડાઓ પણ નાબુદ થતાં વાર નહિ લાગે. કેટલાક બિચારાઓને કુટુંબની આબરૂને ખાતર શ્રીમંતો પાછળ તણાવું પડે છે, પણ જો શ્રીમંતો આવા ખર્ચાઓ બંધ કરે તો પછી ખોટી આબરૂ માટે તેમને તણાવવાનું નહિ રહે. સમાજની આર્થિક સ્થિતિ કફોડી હોવા છતાં આવી વાહ વાહ, પાછળ આપણા લાખ્ખો રૂપીયાનો ધુમાડા થાય છે, તે બચાવવા ધનીકો પહેલ કરશે?

યુવાનો! તમારે તો સામાજીક સડાઓ સામે બંડ જગાવવાની જરૂર છે. તેણે આપણી આર્થિક સ્થિતિ બગાડી છે, તેણે સમાજના ઉપયોગી સાધનોને જબરજસ્ત ફટકો લગાવ્યો છે. એટલે હવે તમે સમાજની જોહુકમીને દફનાવી દ્યો, સમાજના પંચાતિયાઓને તિલાંજલી આપી દ્યો, અને સમાજની લગામ તમારા હાથમાં લઈ સમાજની આર્થિક સ્થિતિને બેહાલ કરતા તમામ ખર્ચાળ રિવાજો નાબુદ કરી સમાજને ઉન્નત બનાવો.

સમાજના હાનીકારક રિવાજો-બાળ લગ્ન, વૃદ્ધ લગ્ન, કજોડાં વગેરે પણ સમાજની આર્થિક સ્થિતિને આડકતરી રીતે નુકશાન કર્તા છે. આવા લગ્નોથી આપણી પ્રજા નિર્વિર્ય અને માયકાંગલી પેદા થાય છે, આયુષ્ય ટુંકા થાય છે, તાકાત ઘટી જાય છે, અને કામ કરવાની શકિત મંદ પડી જાય છે. એટલે આપણી શકિત ઘટી ગઈ છે, તેનું કારણ બાળલગ્ન, વૃદ્ધલગ્ન અને કજોડાં છે!

સમાજની આર્થિક સ્થિતિ સુધારવા ખાતર આવાં લગ્નો અને લખલૂટ ખર્ચાઓ બંધ કરવાની પહેલી જરૂર છે. અત્યારે તો શ્રીમંતો તેમજ સામાન્યવર્ગ એક દમડી પણ કોઇ પણ પ્રકારના જમણવારોમાં, લગ્ન મંડપોમાં, કે વરઘોડા કાઢવામાં ખર્ચે તે નરી મૂર્ખાઇ છે અને બુદ્ધિનું પ્રદર્શન કરવા જેવું છે.

આપણી અધોગતિનું બીજું કારણ આપણામાં કેળવણીનો અભાવ તે પણ છે. આજે વહેપારી મનાતી આપણી સમાજમાં નથી એક આદર્શ યુનિવર્સિટી કે નથી આદર્શ શાળા કે કન્યા શાળા! જૈનો જે કે લાખો રૂપીઆના દાન પ્રતિવર્ષ કરતાં હોવાનું કહેવાય છે. પણ તે બધા સમજ્યા વગરનાં. એટલે કેળવણી પાછળ જે ખર્ચાવવું જોઇએ તે ખરચાતું નથી. આપણા વિદ્યાર્થીઓ ગમે તેટલા હોંશિયાર હોય છતાં આર્થિક સ્થિતિ અને પૈસાના અભાવે અભ્યાસ મૂંકી દેવો પડે છે. આપણું માનસ આજે એવું થઇ ગયું છે કે ક્રિયાકાંડ અને વરઘોડા, લગ્ન વગેરેમાં હજારોના ધુમાડા કરીશું પણ આવા કોઇ વિદ્યાર્થીને ભણાવવા પરદેશ મોકલતાં કોડીનાં હીસાબ મૂકશું. અથવા આડાં અવળાં બહાનાં કહાડી છટકવાના પેતરા માંડશું. તમે તમારી સમાજની ઉન્નતી ઇચ્છતા હો તો સારાસારનો વિચાર કરો તેમ નાતીલાની સહેમાં તણાયા વગર, જેને તમે માંગલીક પ્રસંગો કહો છો તે માંગલીક

દીક્ષા અને તેનું શાસ્ત્ર.

લેખકઃ-
કેશવલાલ મંગળચંદ શાહ.

(તા૦ ૪-૨-૩૩ ના અંકથી ચાલુ)

આથી એક વાત સ્પષ્ટ થાય છે કે ભતક એટલે નોકર દીક્ષાને માટે નાલાયક તો ઠરાવ્યો, પરંતુ કયો ભતક અને તે શા માટે એ આપણે વિચારીશું તો જણાશે કે યાત્રાભતકને યાત્રા પૂરી થયા પછી મૂલ્ય લીધું હોય પણ યાત્રા પૂરી ન થઇ હોય તો દીક્ષા આપવી ન કલ્પે. આ એ સૂચવે છે કે યાત્રા પૂરી થઇ ગઇ હોય અને પૈસા ન લીધા હોય તેવા ભતકને દીક્ષા આપવામાં વાંધો નથી, કારણ કે તે ભતકની સાથે નક્કી કરનારને તો યાત્રા એટલે કામ સાથેજ સંબંધ હતો એટલે એ, તે ભતકની દીક્ષા થાય તો પણ પોતાને નુકશાન ન હોવાથી કોઇ પણ જાતનો વિરોધ કરવાનું કારણ રહેતું નથી. પરંતુ ઉલટું એથી પૈસા લીધા હોય અને યાત્રા એટલે કામ પુરૂં ન થયું હોય તો તેવાને દીક્ષા ન આપવાનું કારણ, તે ભતક પૈસા લઈ લીધા છે. પરંતુ કામ પુરૂં કરેલું નહિ હોવાથી દીક્ષા આપવામાં આવે તો પૈસા આપનાર થયેલા કરાર મુજબ કામ કરાવવા સાધન સંપન્ન હોય તો સરકાર-દરબારમાં જાય અને સાધન સંપન્ન ન હોય પરંતુ બળવાન હોય, છાતીનો બળીઓ હોય તો મારામારી કરીને યાતો તોફાન આદિ કરીને બળજબરીથી લઇ જાય તો તે બન્ને પ્રસંગે ધર્મની-શાસનની નિંદા થવાનો સંભવ હોવાથીજ શાસ્ત્રકાર મહારાજાએ દીક્ષા આપવાની મનાઈ કરી છે એ જોઈ શકાય છે; કારણ ધર્મની-શાસનની નિંદા, જનતાને ધર્મ તરફ અરૂચી ઉત્પન્ન કરી ધર્મથી પરાંગમુખ થવામાં કારણભૂત બને છે. તેથી ધર્મના સંરક્ષક, ધર્મ સંસ્થાના સ્થંભરૂપ ગણાતા સાધુઓએ ધર્મની-શાસનની નિંદા થાય તેવું એક પણ કાર્ય નજ કરવું જોઇએ. અને તેજ ઉદ્દેશને લક્ષમાં રાખી ઉપર મુજબ વિધાન શાસ્ત્રકારોએ કર્યું છે એ સહેજે સમજી શકાય છે. ધર્મ સંરક્ષક અને ધર્મસંસ્થાના આધારભૂત સ્થંભ જેવા સાધુઓએ ધર્મની-શાસનની નિંદા કે હેલણા થાય તેવું એક પણ કાર્ય ન કરવું જોઇએ. આ સંબંધમાં શ્રી હરિભદ્રસૂરિશ્વરજી ૨૩ મા અષ્ટકમાં કહે છે કે-

य शासनस्य मालिन्येऽनाभोगेनापि वर्तते ॥
सतन्मिथ्यात्वहेतुत्वादन्येषा प्राणिना ध्रुवम् ॥ १ ॥

ભાવાર્થ-શાસનની-મલીનતા (નિંદા અગર લોક વિરૂદ્ધ આચરણદ્વારા જીન પ્રવચનની હાણી) ભૂલે ચૂકે પણ કરે તો તે બીજા પ્રાણીઓને મિથ્યાત્વનું કારણ હોવાથી પોતે પણ સંસારના કારણભૂત તથા અનર્થના મૂળભૂત એવા મિથ્યાત્વને બાંધે છે.

આ ઉપરથી પણ જોઇ શકાય છે કે શાસ્ત્રકાર મહારાજોને મૂળભૂત ઉદ્દેશ તો ધર્મની-શાસનની નિંદા કે હેલણા થતી અટકાવવાનો અને તે એટલાજ કારણસર કે કોઇ પણ પ્રાણી તેથી અધર્મ ન પામે, ધર્મ તરફ અરૂચીવાળો ન થાય અને પરીણામે ધર્મથી પરાંગમૂખ થઇ પોતાની અધોગતિને ન નોતરે.

ભતકનેજ દીક્ષા આપવામાં મારામારી કે સરકાર દરબારમાં જવાના સંભવનીય પ્રસંગે દીક્ષા ન અપાય તો બીજાજ તેથી જુદીજ જાતનાં કારણો ઉત્પન્ન થવાના કલેપ, કંકાસ, મારામારી કે સરકારમાં જવાના પ્રસંગો નજરે દેખાતા છતાં દીક્ષા આપી તે પ્રસંગોને નોતરવામાં આવતા હોય ત્યાં શાસ્ત્રકાર મહારાજોનો ઉદ્દેશ નથી સચવાતો એટલુંજ નહિ પરંતુ શાસ્ત્રની વિરૂધ્ધ જઇનેજ, કેવળ શિષ્ય મોહમાં અંધ બનીનેજ દીક્ષાઓ અપાય છે એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથીજ. ભતકમાં જે ઉદ્દેશથી કે કારણોથી દીક્ષા આપવાની મનાઇ કરી તેજ ઉદ્દેશ કે કારણ જો બીજા પ્રસંગોમાં પણ હોય તો તે વિચારવું જોઇએ તે બુદ્ધિમાન પુરૂષોનું કર્તવ્ય છે, એમ કોઇથી પણ ના પાડી શકાય તેમ નથી. આજે શું બની રહ્યું છે તે વિચારતાં સહેજે કમકમા આવે છે. આજે નથી રહ્યો ધર્મની-શાસનની નિંદા થવાનો ભય, કે નથી રહ્યો ધર્મપરાંગમૂખતાનો ભય, ખરેખર આ શોચનીય છે. આજે નજર કરશો તો જણાશે કે આજની દીક્ષા પ્રવૃત્તિથી કેટલાએકોને ધર્મ તરફ અરૂચી થઇ છે, કેટલાએક ધર્મથી પરાંગમૂખ થયા છે. એનો હિસાબ કાઢવાની જરૂર નથી પરંતુ નરી આંખે જોઇ શકાય છે છતાં આ જાતની પ્રવૃત્તિ શાસ્ત્ર આશ્રયથી કરવામાં આવે છે એજ દુઃખનો વિષય છે.

ઉપર મુજબના આધારો ઉપરથી તો એ સ્પષ્ટ રીતે આપણે જોઇ ગયા કે જ્યાં કલેપ થવાનો, મારામારી થવાનો, બળજબરીથી પાછા લઈ જવાનો કે સરકાર દરબારમાં જવાને

પ્રસંગોએ તમારા પૈસાનો સદુપયોગ કેળવણી પાછળ મદદ કરવામાં કરો. આજે સમાજને મફત કેળવણી અને હુન્નર ઉદ્યોગની ખાસ જરૂર છે. તે વગર સમાજની આબાદી નથી થવાની-કેળવણી વિના એકડા વિના મીંડા જેવું છે.

જે પાછળ લાખો ખરચાય તેવા ધાર્મિક અને સામાજીક શોષણથી બચવું તે આપણા હાથની વાત છે. ધાર્મિક અને સામાજીક શોષણો બંધ કરવામાં દરેક માનવીએ પોતાનો યત્કિંચિત ફાળો આપવો જોઇએ. આ બે શોષણો જો આપણે બંધ કરાવી શકીએ તો પણ આપણી બગડેલી બાજી કેટલેક દરજ્જે સુધારી શકીએ છીએ, અને સમાજને સારી સ્થિતિમાં મુકી શકીએ છીએ.

સમાજની દરેક દરેક વ્યકિતને આજે એકજ અરજ છે-હવે મંદિરો અને હવેલી જેવાં ઉપાશ્રયો નવા બંધાવવા બંધ કરો. ઉપાશ્રયોને-વિદ્યાલયો, મહાવિદ્યાલયો અને ઉદ્યોગ મંદિરોના રૂપમાં ફેરવી નાંખો. સાધુઓ! તમારે હવેલી જેવડા ઉપાશ્રયોની શી જરૂર છે? તમો પણ હવે નકામા, મફતના રોટલા ખાઇ આળોટયા ન કરો. જનસમુહનું હિત જો તમારે હૈયે હોય તો વિદ્યાલયો અને મહાવિદ્યાલયોમાં શિક્ષકોનું કામ કરી સાચું જ્ઞાન તમારી કોમના બાળકોને આપો અને ધર્મ પ્રત્યે આકર્ષો. અને તેવી રીતે સમાજને અને દેશને ઉત્તમ નાગરિકો પુરા પાડવામાં તમારી શકિતનો વ્યય કરો. મંદિરોના સંચાલકો! લાખો રૂપીઆની કેપીટલને એમને એમ ન સડાવો. સમાજના હિતાર્થે તેને રોકો. હે નાતિલાઓ! તમારી કોમમાંથી સડેલા રીવાજો અને લખલૂટ ખર્ચાઓ પહેલી તકે બંધ કરો દો. જો આટલું કરશો તો જરૂર આર્થિક સ્થિતિ ઉન્નત બનશે.

લઈ જવાનો સંભવ હોય તેવા પ્રસંગો ઉત્પન્ન ન થાય અગર તેવા પ્રસંગો ઉપસ્થિત થશે તેમ દેખાતું હોય તો તેવા પ્રસંગે દીક્ષા ન આપવી જોઇએ તેવું શાસ્ત્રકાર મહારાજનું ફરમાન છે, અને તેમાં ઉદ્દેશ છે ધર્મની-શાસનની નિંદાનો-હેલણાનો કે જેથી કોઇ પણ ધર્મપરાંગમુખ થઇ અધર્મ ન પામે.

આથી એ નિર્વિવાદ કહેવું પડે છે કે જ્યાં જ્યાં કલેષ, કષાયો કે પરને પરોપતાપ ઉત્પન્ન થાય તેવા પ્રસંગો પણ ઉપસ્થિત ન થાય તે માટે બહુજ કાળજીપૂર્વક સાવચેતી રાખીને દીક્ષા આપનારે દીક્ષા આપવી જોઇએ અને દીક્ષા લેનારે લેવી જોઇએ. કારણ, મૂળ દીક્ષાજ કર્મબંધન તોડવા માટે છે, ત્યાંજ કર્મના બંધ રૂપ કષાયો થાય તેવા પ્રસંગે દીક્ષા નજ આપી શકાય. દીક્ષા જેવી સાક્ષાત્ મોક્ષ મેળવવાની અદ્વિતીય અને એકાંત કારણરૂપ ધર્મક્રિયા અંગીકાર કરનાર ભવ્ય, સંસ્કારી અને ભાગ્યશાળી જીવ કયા જીવને દુઃખ ઉત્પન્ન કરવાનું કારણ બને? અરે! જે ચારિત્ર અંગીકાર કરીને સ્થાવર જીવોને પણ દુઃખ ન થાય તે માટે પ્રમાદ રહીત જાગતો રહે, અને તેઓના દુઃખનું નિમિત્તભૂત પણ ન થઈ જવાય એવી સંભાળ રાખે, તેવો મહા ભાગ્યવાન જીવ પોતાના ચારિત્ર અંગીકારના પ્રસંગે પોતાના સ્વજનાદિને શોકાદિકથી દુઃખ ઉત્પન્ન કરાવવાને કારણભૂત ન બને, તે ખાતરજ કેવળ સંયમમાં રમતા મુનિરાજને દીક્ષા આપવાથી દૂર રહેવા પુરતું આ સૂચન છે એમ કહેવામાં શું ખોટું છે? પંચસૂત્રમાં, પંચસૂત્રના કર્તા અને તેની ટીકામાં ભગવાન હરિભદ્રસૂરિશ્વરજી મહારાજ કહે છે કે-

परिभावेए साहुधम्मे जहोदिअगुणे जइज्जा सम्ममेअं पडिवज्जित्तए अपरोवतावं । परोपतावो हि तप्पडिवत्तिविग्घं, अणुपाओ खु एसो न खलु अकुसलारंभओ हिअं ॥

ભાવાર્થ-સાધુધર્મ વિચારે સતે સંસાર વિરક્તાદિક ગુણવાળો થયો સતો બીજાને ઉપતાપ-સંતાપ ન થાય તેવી રીતે સમ્યક્ પ્રકારે એટલે વિધિ પ્રમાણે આ ધર્મ અંગીકાર કરવા માટે યત્ન કરે. કારણ કે પરને ઉપતાપ-સંતાપ કરવો તે ધર્મ અંગીકાર કરવામાં વિઘ્ન રૂપ છે. આ પરોપતાપ ધર્મ અંગિકારમાં અનુપાપજ છે, ઉપાપ રૂપ નથીજ, કેમકે નિશ્ચે અકુશળ-પાપ આરંભથકી પ્રાણીનું હિત થતું નથી. એટલે કે ધમ અંગીકાર કરવામાં પરોપતાપ કરવો તે અકુશળારંભજ છે.

આ સ્પષ્ટ શબ્દોમાં કહી દે છે કે-ધર્મ અંગીકાર કરવામાં પરને સંતાપાદિક થાય તો તે પાપ-અકુશળારંભ છે. એટલુંજ નહિ પરંતુ સાથે સાથે એ પણ કહે છે કે-ધર્મ અંગીકાર કરવામાં પરને સંતાપ ઉત્પન્ન ન થાય તેવી થાય તેવી રીતે યત્ન કરે. આથી પણ એ નિશ્ચિત થાય છે કે-દીક્ષાના પ્રસંગે કોઇ પણ જીવને દુઃખ, સંતાપ, કલેશ, કંકાસાદિ ન થાય તે, તેમજ સરકાર દરબારમાં જવાના પ્રસંગો ઉત્પન્ન ન થાય તે ખાસ લક્ષમાં રાખી ધર્મની-શાસનની નિંદા-હલણા ન થવા દેવી એજ દીક્ષાના શાસ્ત્રોમાં શાસ્ત્રકાર મહારાજાઓનો મૂળભૂત ઉદ્દેશ છે.

અપૂર્ણ.

સ્વ. નગીનદાસ સ્મારક ફંડમાં મળેલી વધુ ભેટની નોંધ.

૫૧-૦-૦ ગોવિંદજી નથુજી શાહ.
૧૧-૦-૦ રા. મોતીલાલ છગનલાલ.

શિ....હો....૨....નો....પ....ત્ર.

જે શહેરમાં શાન્તિ અને સુસંપનું ઉત્તમ વાતાવરણ હતું તે શહેરમાં શ્રી મોહનસૂરિના પગલાં મુકાયાં ત્યારથી કંકાસ શરૂઆત તો થયેલી તેમ ઉપધાનની ઉછાણી વેળા જેની કથની લખતાં દીલકંપી જાય, એવું એક ગભરૂ બાળકનું કરપીણ ખુન થયું-કમોતીયું મોત થયું. એટલે સંઘમાં ભયંકર કુસંપ પેઠો. છતાં તેમાં સુસંપ કરવો તો બાજુએ રહ્યો પણ સાધુ-સાધ્વીઓના ટોળા સાથે જેવી રીતે ગુપચુપ શિહોર છોડયું તેવી રીતે એ નામધારી સૂરિજી પાલીતાણામાં પેસી ગયા.

જે કારણે શિહોર સંઘમાં કલેષની હોળી સળગી છે તે હોલવાઇ તો છે નહિ ત્યાં કલેષોત્પાદકના બીરૂદ ધારીઓને, રામ-સાગરના ગણ્યાં ગાંઠ્યા બે ત્રણ ભકતોએ આમંત્રણ કર્યાં કે દાનસૂરિ સમુદાય સાથે શિહોરમાં પધાર્યા. અત્યારે સંઘના સનસનાટી ભરેલા વાતાવરણથી મોટા ભાગની ઇચ્છા સામૈયું કરવાની ન હોતી. છતાં 'હું' 'આવા' ને 'મંગળદાસ'ને લાગ્યું કે આપણા ગુરૂનું સામૈયું ન થાય તો આપણું નાક જાય, કારણ કે અત્યારે નાક, ઇજત જે કહો તે ગુરૂના સામૈયામાંજ આવીને રહી છે ને (!) એટલે ત્રણ-ચાર ભકતો સામૈયાનો ઠાઠ કરી નાકે જઇને બેઠા. પણ બન્યું એવું કે 'હું' 'આવો' ને 'મંગળદાસ' ઉત્તરમાં જઇને બેઠા ને તેમના ગુરૂજી દક્ષિણ દીશામાં થઇ ગામમાં પેઠા, અને દહેરાસરજી આવ્યા. નાકે બેઠેલાને સમાચાર મળતાં દહેરાસરે આવી પહોંચ્યા ને તેમના ગુરૂનું સામૈયું બડા ઠાઠથી (!) ધર્મશાળા સુધીનું કહાડયું. આવા આડંબરોથી સંઘ તો અગાઉથીજ વિરૂધ્ધ હતો, એટલે સામૈયામાં ગણ્યાગાંઠ્યા પુરૂષો અને ગણીગાંઠી ભકતાણીઓ હતી. એ ટોળા સાથે સૂરિજી ધર્મશાળામાં ગરી ગયા.

અત્રે લોકોને નવાઇ તો એ લાગે છે કે, પાલીતાણામાં મહા પ્રતિષ્ઠા વિગેરે ખુબ ધામધુમ છે-તેના તે પુરા હિમાયતી છે, છતાં તે છોડીને દાનસૂરિ આવી પહોંચ્યા ને રામવિજય આવી પહોંચવા વકી છે. કોઈ કહે છે, "કોઇએ ધડો કર્યો નહિ;" કોઇ કહે છે, "અંદર અંદર ખટપટ જાગી;" કોઇ કહે છે, "વડોદરૂં સર કરવા એટલે અયોગ્ય દીક્ષાના નિષેધ સામે મોરચા માંડવા જાય છે;" સાચું ખોટું તો તેઓ જાણે, પણ પાલીતાણા છોડવામાં જરૂર ભેદ છે, તેમાં જરાયે શંકા નથી!

અમારા સંઘનો મોટો ભાગ, આડંબરો અને ધર્મના નામે થતાં ખોટા ખરચોથી થાકી ગયો છે, છતાં સંઘના નામે બે ચાર ભકતો તેમના ગુરૂઓની ઓલ્યાલા ખાતર પ્રબંધો કરે છે. છતાં સંઘના આગેવાનો કેમ મૌન સેવે છે? શું તેમને સંઘમાં શાન્તિની જરૂર નથી લાગતી? હું તેમને વિનવું છું કે સંઘના ભલાના ખાતર હવે આવી લે-ભાગુ પ્રવૃત્તિઓ દાબી દઇ સંઘમાં સંપ અને શાન્તિ થાય તેવા ઉપાયો યોજાય તો સારૂં. નહિ તો કલેષ-ઉત્પાદકો એમનાં પગલાંથી બગડેલા વાતાવરણને ઓર બગાડશે. માટે સંઘના આગેવાનો અને યુવાનો ચેતે!

અત્રે માળ વખતે જે કમોતીયું મોત થયું છે તે કેસની પ્રથમ મુદત તા૦ ૨૩-૧-૩૩ ની હતી, તે તારીખે કેસ ન ચાલતાં તા૦ ૯-૨-૩૩ ઉપર રહેલો. પણ તે દિવસે પણ તે

સડેલા સમાજનું દીગ્દર્શન.

લેખકઃ-
ભોગીલાલ પેથાપુરી.

કુદરતનો એવો કાનુન છે કે જ્યારે જ્યારે ધર્મના નામે, સમાજના નામે દંભ, અત્યાચાર, અધર્મ માઝા મૂકે છે, ત્યારે ત્યારે અદ્‌ભૂત દૈવી શક્તિ ધારણ કરનાર, મહા પ્રતાપી શક્તિ પ્રગટ થાય છે, અને થતાં દંભ, અત્યાચાર, અધર્મમાં રચીપચી રહેલાઓનો નાશ કરી વાતાવરણ શુદ્ધ, પવિત્ર, અને સંસ્કારીક બનાવે છે.

આ કથન આપણે સત્ય માનીએ તો, આજે આપણા જૈન સમાજમાં સળગતા દાવાનળ તરફ દૃષ્ટિ કરતાં સ્પષ્ટ જણાય છે કે દિન પર દિન વધતાં જતાં કલેષ કંકાસના જાળાં, સ્વાર્થતા ભરેલા કલુષિત ઉપદેશો, અને કષાય વર્ધક આક્રમણોથી નિર્દોષ જનસમુદાયની રક્ષા કરવાની એ સમર્થ વિભૂતિએ સાક્ષાત પરચો બતાવવાની જરૂર છે. આજે સમાજમાં બેકારોની ફોજીઆરી ચારે દિશાઓથી કાનમાં ગુંજારવ કરી રહી છે. સ્વાર્થલંપટ શ્રીમંતો પોતાની શ્રીમંતાઇના જોર પર માનાપમાનનું પુછડું પકડી સમાજમાં આગ પેટાવી રહ્યા છે; નીતિ અને સત્યના શુદ્ધ કાનુનનો ભંગ કરી, ફક્ત બાહ્યાડંબરથી જનતાને વિનાશના પંથે દોરી રહ્યા છે; સત્ય, ન્યાય અને નીતિની એમની પાસે સલામતી નથી.

આટલુંજ કંઇ પુરતું ન ગણી શકાય, તેમ ધર્મગુરૂઓને સાધુ પુરૂષો માની વસવાટ અર્થે જોઇતી સામગ્રી અને ઇન્દ્રીઓ સંતોષવા માટે પૂરતી સામગ્રો તૈયાર કરી આપવામાં આવે છે, અને તે પવિત્ર સ્થાનમાંથી આજે કલુષિત ઉપદેશના બણગાં ફુંકાય છે, નવીન નવીન ઓર્ડીનન્સ નીકળે છે, દંભના નાટક ભજવાય છે અને વધુમાં સંસાર વ્યવહારની સંચાર દોરી પણ એ પવિત્ર સ્થાનમાંથી ખેંચાયા કરે છે. આ બધામાં મુખ્ય એવા ધર્મ ગુરુઓને ચારિત્રવાન તથા પૂજ્ય માની ભક્તોએ તેમનામાં સંપૂર્ણ શ્રદ્ધા આરોપીઃ એટલે કે ધર્મના નામે વધુને વધુ દંભને પોષણ આપતા ગયા. સાથે સાથે હલકી મનોવૃત્તિઓ પોષાતી ગઇ, અને છેવટે જનતા સમક્ષ આદર્શ ગુરૂ મનાવવા ખાતર અનેક કાવાદાવા ખેલાવા લાગ્યા તે આજે જૈન પ્રજા સારી રીતે જાણે છે.

પારકાના કાજે દુઃખ ભોગવવું એ જેની ફરજ છે, તેઓ જાતેજ જ્યારે જનતાને વિનાશ અને અધોગતિની ઉંડી ખાઇ તરફ દોરી જાય ત્યારે અધર્મની પરાકાષ્ટા આવી છે એમ કબુલવા કોણ ના પાડી શકે તેમ છે ?

અત્યારે 'ધર્મ' 'ધર્મ'ના પોકારો સંભળાય છે, ત્યારે પ્રશ્ન આ ઉભો થાય છે કે ધર્મ એટલે શું ? જે કહેવાતા વર્તમાન ધર્મ ગુરૂઓના વર્તન ઉપરથી ધર્મની વ્યાખ્યા કરવામાં આવે તો આપણને નીરાશા સિવાય બીજું કંઇજ ન મળી શકે. ખરી રીતે ધર્મ એ છે કે જે **'માનવ જાતીને ઉન્નત પંથનું સાચું માર્ગદર્શન કરાવે,** અસંતોષ કે દુઃખી હૃદયોને સાચું જ્ઞાનદાન આપી તેને સચ્ચિદાનંદનો માર્ગ બતાવે.' સાથેજ ધર્મી એટલે કંઇ નામધારી ધર્મગુરૂઓ અને તેમની પાછળ દોડતાં ટોળાંની માફક દોડતાં ચેલાઓનું અને ભક્તોનું ટોળું નહિ, ધર્મી એટલે ઉપાશ્રયના પાટીયાપર બેસી સ્વાર્થી ઉપદેશ ધારાએ વાતાવરણ કલુષિત કરનાર કે તેને પોષનાર નહિ, ધર્મી એટલે ટીલાં ટપકાં કરી સમાજને ઠગનાર બાહ્યાડંબરી ક્રિયાધારી અંધ શ્રદ્ધાળુઓની ટોળી નહિ, પણ સાચો ધર્મી તો એજ છે કે જેના આદર્શનીય શુદ્ધ આચારણથી મનુષ્ય ઉન્નત બની મોક્ષગામી બનવાનો અભિલાષી બને.

જેઓ પવિત્ર પોશાકમાં હોવા છતાં પ્રત્યેક મીનીટે અધઃપતનનું માર્ગદર્શી જીવન ગુજારે છે તેઓ માનવ સમાજ આગળ પોતાને ધર્મગુરૂ કહેવરાવવા લાયક કેવી રીતે હોઈ શકે ? એવાને ધર્મગુરૂઓ તરીકે માનવા એ પણ નુકશાન કર્તા છે એટલુંજ નહિ પણ પરમાત્માનો ગુન્હો છે. તેઓ પોપટની માફક મોઢે સૂત્રો બકે છે પરંતુ તેમનું આંતરીક જીવન એટલુંજ સડેલું હોય છે કે તેવા ધર્મગુરૂઓનો સમાજે કાયમ માટે સંબંધ ત્યાગવો જોઇએ.

આજે સમાજમાં આંખ ઉઘાડી તપાસીએ કે આપણે જેમને ધર્મગુરૂઓ માની બેઠા છીએ, તેઓ કેવું જીવન જીવી રહ્યા છે. પ્રભુ મહાવીરના પોષાકધારી થવાથી એ ફરજ અદા થતી નથી. તેની પાછળ શુદ્ધ ભાવના હોવી જોઇએ. શુદ્ધ ભાવના કેળવ્યા બાદ તે પ્રમાણે આચરણ થવું જોઇએ અને જ્યારે તે બન્નેનો સંયોગ થાય છે ત્યારે જે ફરજ ઉપર તે આવે છે તે ફરજ બરાબર અદાકરી શકે છે. ધર્મની વિશુદ્ધિની જેને દરકાર નથી એવાને ધર્મી માનવાજ કેવી રીતે ? એ તો ખુલ્લો સમાજને ભમાવવાનો દંભનો સોદ્દો છે. અને આપણે એમ માનીએ કે આ દરેક સહ્ય છે તો આજે સમાજમાં આગ પેટાવી ઠંડા કલેજે જોયા કરે છે તે બને. તેઓ જ્યારે સમાજે સોંપેલી જવાબદારી ભૂલે, તેમના પર મૂકેલા વિશ્વાસનો ખૂલ્લો ભંગ ન કરે એટલુંજ નહિ પણ તેમનું શરણ શોધતા તેમના અંધ ભક્તોને અને બીજાઓને અધોગતિની ઉંડી ખાઇમાં ધકેલવા લાગ આવે તૈયાર પણ થાય અને જ્યારે આવી રીતે બને છે ત્યારે સ્થંભ તરીકે માનવાને એ કારણ મળે છે કે આવા ધર્મગુરૂઓ ધર્મના તો શું પરંતુ એક મનુષ્ય તરફ જેટલી પ્રેમ દૃષ્ટિથી જોવાએ તેથી સહેજ પણ વધુ પ્રેમ દૃષ્ટિથી નિહાળવાને લાયક નથી.

મારૂં કહેવું એવું નથી કે સમાજમાં દરેક આવા ધર્મગુરૂઓ છે. જેઓ ઉપર કહ્યા પ્રમાણે જીવન જીવી જાણે

સ્થિતિ થવાથી તા૦ ૨૭-૨-૩૩ ની મુદત પડી છે, તે દિવસે જે થાય તે ખરૂં.

અમારા શહેરના વાતાવરણને ગંદુ બનાવી ભાગી ગયેલ મોહનસૂરિએ દાઢાવાળા છોકરાને ભગાડીને રાખ્યો હતો તે લાગ મળાતાં નાસી છુટયો છે અને કોઇ ઠેકાણે ધંધે લાગી ગયાના સમાચાર સંભળાય છે. બિચારા સૂરિજી એ પંખેરૂનો કબજો લેવા તલપાપડ થઇ રહ્યા છે પણ પંખેરૂ એવે ઠેકાણે બેઠું છે કે સૂરિજીને લેવા જતાં ગભરાટ છુટે છે. હાલ એજ.

શહેરવાસી.

ઉધા૨.....ધ૨્મ નો.....અ ગ્નિ કું ડ!

એકાદ ધર્મગુરૂ, કે ઉપદેશકના આદેશ અનુસાર આજની તમારી ખરા પસીનાની મેળવેલી હજારોની મિલ્કત લૂંટાવી દો! કાલે-(કાલને અન્તે તે કાલે)-હવામાં અધ્ધર લટકતો કોઇ પ્રભુ કાલે તમને અનેકગણું આપશે!...**તમારા વયોવૃધ્ધ માતપિતાને રઝળાવી, તમારાં ભાંડુઓને રોતાં છોડી, ગઇ કાલની તમારી તાજી પરણેતર સ્ત્રીને-છતા પતિએ વૈધવ્ય આપી,** અને જો બની શકે તો તેથીયે આગળ વધી-તમારી તમામ મિલ્કતનું જાહેર લીલામ કરી બધી ધર્માદાની ટીપો તાજી કરી, 'પ્રભુ'ના પોકળ નામ પાછળ બાવા બની ચાલી નીકળો; તમારા સર્વનાશ અને તમારા ખુદના મૃત્યુ બાદ તમને આવતા ભવમાં સ્વર્ગની રિદ્ધિ અને અપ્સરાઓનો આનંદ મળશે! (વગેરે).....એવું કંઇક ઉધાર ધર્મના ઇજારદારોના ચોપડા પૂકારી રહ્યા છે! કપાળના હાડકાની પાછળ ભરાઇ બેઠેલા પ્રારબ્ધના નામે અપાતા વજ્જુદ વિનાના લૂખ્ખા દિલાસા અને પ્રલોભનો આ 'ઉધાર ધર્મ'ની રકમના સરવાળામાં કંઇ ઓર વધારો કરી મૂકે છે!

અનેક **નવકારસીઓ** અને **ચોરાસીઓ** જમી, અનેક મઠો અને મન્દિરો બંધાયા, અનેક જણ સંસારની છતી સગવડતાઓ છોડી વનમાં વસ્યા, અનેક **નિર્દોષ અબળાઓ** 'સતી'ના નામે મૃતપતિ પાછળ જીવતાંજ બળી મૂઇ, એકજ પોકળ ધ્યેયની પાછળ અનેક યુદ્ધ થયાં, અનેક ભાવિકભક્તોએ પોતાની **સગી પરણેતર સ્ત્રીઓને ગુરૂદેવના ચર્ણોમાં સમર્પણ કરી-** જાણ્યો છો?...આ બધું કોને ખાતર?...એકજ પેલા ભવિષ્યમાં આવી મળનારા 'ઉધાર ધર્મ' ને ખાતર!.....

યુગયુગની આદિ પહેલાનું અકળાઇ જવાહીર અને ક્રાંતિ બલિદાનો લઇ ચાલી નીકળેલું ઉધાર ધર્મનું એ પુરાણું નાવડું કાલ ગંગાને કયે કાંઠે...કોને લાધશે...એનો તોડ હજુ સંસારના ચતુરો કાઢી શક્યા નથી!

હવે આ ઉધાર ધર્મની સંગીનતા ભણી નજર કરો!

મન્દિરને પૂજનાર મસ્જિદમાં જાય તો નાસ્તિક કરે, ઇસ્લામી હિન્દુને આદર આપે તો કાફર બને, **એક જૈન અન્ય ધર્મવાળાઓની અનુમોદના કરે તો અવિચાર નડે...** ખાવા પીવામાં, બોલવા ચાલવામાં, સૂવા બેસવામાં અર્થાત્ જીવન કલહના પ્રત્યેક વ્યાપારમાં પૂર્વના ધર્માચાર્યોએ દોરેલી લીટીની બહાર જાણ્યે-અજાણ્યે ભૂલથી જરા પગ પણ મૂકાય તો, તર્તજ ધર્મનું આ પ્રાચિન કાળનું પુરાણું નાવડું ભાંગી ભૂકો થઇ જાય...હાજતે ગયા પછી ગુદાને બદલે કેવળ લોટોજ સાડીસત્તર વખત મંજાય, પચ્ચીસ વર્ષનું પુરાણું બદબો અને રોગી જંતુઓના સંગ્રહસ્થાન જેવું એક અબોટિયું પહેરીનેજ રંધાય, લાકડાં ચોકખા પાણીએ ધોઇનેજ ચૂલામાં મૂકાય, કોઇનો રહેજ સ્પર્શ થતાં વેંતજ ખરો સનાતની જમતાં જમતાં ચોકમાંથી ઉઠી ઉભો થાય! ઉધાર ધર્મની એવી વ્યવહારૂ વિધિઓના પાલનમાં વર્તમાન ભારત વાસીઓ સમય અને શક્તિનો દુર્વ્યય કરી રહ્યા છે!

ભોળી જનતાના માથે પરાણે ઠોકી બેસાડેલી ધર્મભ્રષ્ટતાની ભીતિ પ્રત્યેક વ્યક્તિને વિશાળ વાતાવરણમાં આવતાં અંતરાય કરે છે!

આવી ધર્મઘેલછાઓ અને ધતીંગો બુદ્ધિશૂન્ય મગજોમાં જ્યારથી ઘુસવા પામી ત્યારથીજ વ્યક્તિ સ્વાતંત્રય અને દેશની દિવ્યતાનો નાશ થઈ રહ્યો છે!

દારૂ, માંસના તત્વોથી બનેલી દવાઓ પીતાં ધર્મભ્રષ્ટ ના થાય, છળ-પ્રપંચ અને અત્યાચાર કરતાં ધર્મભ્રષ્ટ ના થાય, વ્યભિચાર-પાખંડ અને જૂઠાણાં સેવતાં ધર્મભ્રષ્ટ ના થાય, કેવળ **શિષ્ય મોહને ખાતર સંતાકુકડીની હીચકારી રમતો રમતાં રમતાં ધર્મભ્રષ્ટ ના થાય,** કરોડોના ભૂખ્યા પેટપર પાટુ મારી જીવનની જરૂરીઆત ચીજોના ભાવ વધારી મૂકતાં ધર્મભ્રષ્ટ ના થાય, ચોરી-જુગાર, દેશદ્રોહ અને ગર્ભપાતો કરતાં ધર્મભ્રષ્ટ ના થાય.....ત્યારે, એકજ પરમ પિતાના વિખુટા પડેલા પુત્રો આપસમાં હળીમળી રહેવા પ્રયત્ન કરે-એક બીજા પ્રત્યે સદ્ભાવ અને સમવૃત્તિ દાખવે-મુફલીસ મદારીઓના ડુગડુગી ઉપર નાચવાનું 'ના' કહે, તો ધર્મભ્રષ્ટ થાય એ કયાંનો સિધ્ધાંત?... કયાંનો ન્યાય?.....કહો કહો! એ કયા મૂર્ખાઓનાં જોડી કાઢેલાં પાપ પૂરાણો??

ખચીતજ ધર્મ જો એવા કાચા સુતરના તાંતણાથીય કમજોર અને પતંગિયા કાગળ કરતાંય પાતળો હોય તો, એ ધર્મ જગતનું શું ઉકાળવાનો હતો? એવા પામર ધર્મની સ્વપ્નેય ઇચ્છા ના થાઓ! ના થાઓ!!

એવા ધર્મની પાછળ સર્વસ્વ અને શક્તિનો ભોગ આપી મરી ફીટવું એ મૂર્ખાઇભરેલા આત્મઘાત સિવાય બીજું શું છે?

ભારતની વર્તમાન અવનતિ આ ઉધાર ધર્મને આભારી છે! આ ઉધાર ધર્મના ઇજારદારોએજ ભારતને ગુલામીની જંજિરોમાં જકડી દીધું છે! **અનેક મતમતાંતરો-વાડાઓ અને ફીરકાઓમાં વહેંચાઇ ભારતનો વર્તમાન માનવ સમાજ સડી (!) સર્વનાશની પાયરીએ પહોંચ્યો છે!...** ભૂતકાળે ઉધાર ધર્મની બેંકમાં રોકેલી મૂડીના વ્યાજના લોભે, હવાઇ આશામાં આજના ક્રિયા શૂન્ય મુડદાલ ભારત વાસીઓ આકાશ ભણી મ્હોં વિકાસી જોઇ રહ્યા છે!

એજ ઉધાર ધર્મના ઓઠા નીચે સાધુ સંતનું નામ ધારણ કરી, **મૃત્યુની આળસે જીવનારા છપ્પન લાખ એદીઓ દેશની દરિદ્રતામાં વધારો કરી રહ્યા છે!** એજ 'ધર્મ' નામધારી

છે તેવાઓને તો અમારા વંદન હો! પરંતુ અમારો રોષ આવા નામધારી ધર્મગુરૂઓ પર છે કે જેઓ સમાજને એક અધોગતિના કારણરૂપ બન્યા છે.

મારી જૈન પ્રજાને નમ્ર વિનંતી છે કે આવા ધર્મગુરૂઓથી સદા દૂર રહે અને સાચા માર્ગદર્શી ગુરૂને ઓળખી પોતાનું કલ્યાણ સાધે એમ ઇચ્છું.

(અપૂર્ણ)

આસ્તિક અને નાસ્તિક શબ્દની મીમાંસા.

[લેખક: પં. સુખલાલજી.]

— ગતાંકથી ચાલુ —

પણ મનુષ્ય પ્રકૃતિમાં જેમ મીઠાશ તેમ કડવાશનું પણ તત્ત્વ છે. આ તત્ત્વ દરેક જમાનામાં ઓછું વત્તું દેખાય છે. શબ્દો કાંઈ જાતે સારા કે નરસા નથી હોતા. તેના મધુરપણા અને કડવાસપણાનો અથવા તો તેની પ્રિયતા અને અપ્રિયતાનો આધાર તેની પાછળના મનોભાવ ઉપર અવલંબિત હોય છે. આ વસ્તુ આપણે થોડાક દાખલાઓથી વધારે સ્પષ્ટ કરીને સમજી શકીશું. નાગો, લુચ્ચો અને બાવો એ શબ્દો લ્યો અને વિચારો. નાગો સંસ્કૃતમાં નગ્ન અને પ્રાકૃતમાં નગિણ. લુચ્ચો સંસ્કૃતમાં લુંચક અને પ્રાકૃતમાં લુંચઓ. બાવો સંસ્કૃતમાં વમા અને પ્રાકૃતમાં વંપા અથવા બપ્પા.

જે માત્ર કુટુંબ અને માલમત્તાજ નહિ પણ કપડાં સુધ્ધાંનો તદ્દન ત્યાગ કરી આત્મશોધન માટે નિર્મમત્વ વ્રત ધારણ કરતો અને મહાન આદર્શ નજર સામે રાખી જંગલમાં એકાકિ સિંહની પેઠે વિચરતો તે પૂજ્ય પુરુષ નગ્ન કહેવાતો. ભગવાન મહાવીર આજ અર્થમાં નગ્ન તરીકે પ્રખ્યાતિ પામ્યા છે. પરિગ્રહનો ત્યાગ કરી અને દ્વેહદમનનું વ્રત સ્વીકારી આત્મસાધના માટે જે ત્યાગી થતો અને પોતાના મસ્તકનાં વાળને પોતાનેજ હાથે ખેંચી કાઢતો તે લુંચક અર્થાત્ લોચ કરનાર કહેવાતો. એ શબ્દ શુધ્ધ ત્યાગ અને દ્વેહદમન સૂચવનાર હતો. બાવા એટલે સર્જક અને સર્જક એટલે વડિલ અને સંતાનનો પૂજ્ય. આ અર્થમાં બપ્પા અને બાવા શબ્દ વપરાતો. પરંતુ હમેશાં શબ્દોના વપરાશની મર્યાદા એક સરખી નથી રહેતી. તેનું ક્ષેત્ર નાનું મોટું અને વખતે વિકૃત થઈ જાય છે. નગ્ન એટલે વસ્ત્ર રહિત તપસ્વી: ને આવો તપસ્વી એટલે માત્ર એક કુટુંબ અગર એકજ પરિવારની જવાબદારી છોડી વસુધા કુટુંબિક બનનાર અને આખા વિશ્વની જવાબદારીનો વિચાર કરનાર. પરંતુ કેટલાક માણસો કુટુંબમાં એવા નીકળે કે જેઓ નગ્નાદને લીધે પોતાની કૌટુંબિક જવાબદારી ફેંકી દે છે, અને તેની જગોએ વધારે સારી અને વધારે વ્યાપક જવાબદારી સ્વીકારવાને બદલે આળસ અને અજ્ઞાનને લીધે તેઓ પોતાના કુટુંબને અને પોતાની જાત સુધ્ધાંને બીનજવાબદાર થઈ ભટકતા અને રખડતા રામ થઈ જાય છે. આવા માણસો અને પેલા જવાબદાર નગ્ન તપસ્વીઓ વચ્ચે ઘર પ્રત્યેની બીનજવાબદારી પુરતું, ઘર છોડી ગમે ત્યાં ભટકવા પૂરતું સામ્ય હોય છે. આટલા સામ્યને લીધે પેલા બીનજવાબદાર માણસોના લાગતાવળગતાઓએ તે રખડતા રામને તિરસ્કારસૂચક તરીકે અગર પોતાની અરૂચિ દર્શાવવા તરીકે નાગો (નગ્ન) કહ્યો. આ રીતે વ્યવહારમાં જ્યારે કોઈ એક જવાબદારી છોડે, આપેલું વચન ન પાળે, માથેનું ફરજ અદા ન કરે, તેને દાદ ન આપે ત્યારે પણ તે તિરસ્કાર અને અણગમાના વિષય તરીકે નગ્ન કહેવાયો. બસ! ધીરે ધીરે પેલો મૂળ નગ્ન શબ્દ પોતાના મહાન તપ, ત્યાગ અને પૂજ્યતાના અર્થમાંથી સરી ધીરે ધીરે માત્ર બીનજવાબદાર એ અર્થમાં આવીને અટક્યો અને આજે તો એમ બની ગયું છે કે કોઈ ત્યાગી સુધ્ધાં પોતાને માટે નાગો શબ્દ પસંદ નથી કરતો. દિગંબર ભિક્ષુકો જેઓ તદ્દન નગ્ન હોય તેઓને પણ જો નાગો કહેવામાં આવે તો તેઓ પોતાનો તિરસ્કાર અને અપમાન માને. લુંચક શબ્દે પણ પોતાનું પવિત્ર સ્થાન ગુમાવ્યું છે, અને કહેલું ન પાળે, બીજાને ઠગે તેટલાજ અર્થમાં સ્થાન લીધું છે. બાવો શબ્દ તો ઘણીવાર બાળકોને ભડકાવવાના અર્થમાંજ વપરાય છે, અને કેટલીકવાર તો કશીજ જવાબદારી ન ધરાવતો હોય તેવા આળસી અને પેટભરૂ માટે પણ વપરાય છે. આ રીતે ઉપયોગની પાછળના સારા કે નરસા, આદર કે તિરસ્કાર, સંકુચિત કે વિસ્તૃત ભાવને લીધે શબ્દો પણ એકજ છતાં કયારેક સારા, કયારેક નરસા, કયારેક આદરસૂચક, કયારેક તિરસ્કારસૂચક અને કયારેક સંકુચિત અર્થવાળા તેમજ વિસ્તૃત અર્થવાળા જોવામાં આવે છે. આ દાખલાઓ આપણને પ્રસ્તુત ચર્ચામાં બહુ કામના છે.

સ્મશાનમાં સમાજના શયતાનો ચાર ક્રોડ બાળ વિધવાઓના જીવનને સળગાવી રહ્યા છે! એજ ઉધાર ધર્મના અગ્નિકુંડમાં કરોડો રૂપીઆનો ધુમાડો થઈ રહ્યો છે!...આવાં અનેક અનિષ્ટ દશ્યો-એ બધી ઉધાર ધર્મની મહેરબાણ છે!!

જ્યારે એક બાજુ દેશ દેશના રાષ્ટ્ર વિધાતાઓ **સમસ્ત એશિયાનું ઐકય સાધવા ભગીરથ પ્રયાસો કરી રહ્યા છે,** ત્યારે બીજી બાજુ ભારતના ધર્મધુરંધરો ન્યાય, નીતિ અને સદાચારના નામે, પુણ્ય અને પવિત્રતાના નામે, પ્રત્યેક માનવ સંતાનોને એક બીજાથી છુટા પાડવાની વેતરણમાં છે.

ઉધાર ધર્મના આ ઇજારદારો, અનેક **ધર્મઘેલુડાઓ** ઉપર પોતાની માયાવી જાળ બીછાવી તે દ્વારાએ પોતાનાં પાપ અને અને પોતાની પામરતાને વિશ્વવ્યાપી બનાવવા તલસી રહ્યા છે!

જેઓને સમાજના સંતાનોના સુખ દુઃખમાં કે નફા તોટામાં કંઈએ લેવા દેવા નથી, જેઓને પારકા પૈસા અને પસીના પર તાગડધીન્ના કરવાનું છે, જેઓને મન્ને બાજુની ઢોલકીઓ કૂટી જીવન સંગ્રામની કટોકટિની છેક અણીની વખતે 'ત્યાગી'ના નામના બચાવથી હાસી છુટવાનું છે, એવાઓને હંડે કલેજે આ ઉધાર ધર્મના રાજ્યા ગાઇ ભારતની આઝાદીના યજ્ઞમાં વિક્ષોભ ઉભો કરવો છે!-ડગલે ને પગલે દેશની પ્રગતિને દગો દેવો છે! અને પછી નરવા ઘુપ જેવા છેટે ઉભા રહી કાખલીઓ કુટી મઝા મહાણવી છે!...ધીકકાર હો (!) એમના એ કહેવાતા ધર્મીપણાને! આગ લાગો (!) એમની એ થાયાત ભાવનાઓને (!) પુળો મુકાઓ (!) એમની એ કહેવાતી ધાર્મિક પવિત્રતાઓમાં!!

ઓ! દેશના આશા કેન્દ્ર યુવાનો! આપણે ઉધાર ધર્મની આશામાં બહુજ ગુમાવ્યું: લડ્યા-પડ્યા અને મર્યા...હવે તો આપણા પોતાના વિશાળ દેશને ખાતર, આવતી કાલની ઉગતી પ્રજાને ખાતર **"પોલાદી સાંકળ જેવો મજબુત અને વિશ્વ જેટલો વિશાળ" એવા નગદ ધર્મની સ્થાપના કરવી જોઇએ!** એવા નગદ ધર્મથીજ આપણે આગળ વધી ઉન્નતિ કરી શકીશું! અન્યથી નહિજ! —સ્વપ્ન દ્રષ્ટા.

જર્મન દ્રષ્ટિએ જૈનધર્મ

લેખક:
મહાસુખભાઇ ચુનીલાલ-વિસનગર.

(તા૦ ૨૧-૧-૩૩ ના અંકથી ચાલુ)

જૈન ગ્રંથોમાં મહાવીર વિષે ઘણા વિશ્વાસ યોગ્ય લખાણો મળી આવે છે, એટલુંજ નહિ પણ જૈનેતર ગ્રંથોમાં પણ એમને વિષે ઉલ્લેખ મળી આવે છે, તેથી એ તો નિશ્ચિત છે કે મહાવીર ઇતિહાસકાળમાં થઇ ગયા. બૌધ્ધોએ અને જૈનોએ પરસ્પરને સત્યધર્મના શત્રુ માન્યા છે, અને એટલા માટે પરસ્પર વાદવિવાદ ઉઠાવ્યા છે. છતાં બૌધ્ધોએ મહાવીરને પોતાના ગુરૂ ગૌતમબુદ્ધના સમકાલીન પુરૂષ હતા એમ ઉલ્લેખ કરેલ છે, અને એમ એમના અસ્તિત્વની સાખીતી આપી છે. મહાવીરની પૂર્વે થઇ ગયેલા પાર્શ્વનાથની ઐતિહાસિકતા વિષે પણ શંકા લેવાનું કશું કારણ નથી. બેશક એમના સંબંધી આપણે જૈન ગ્રંથોમાંજ ઉલ્લેખો જોઇએ છીએ અને એ ઉલ્લેખોમાં એમનો વિષે જે વર્ણન છે, તે ધાર્મિક કથાઓથીજ ભરપૂર છે. છતાંયે આ મહાન્ પુરૂષના વર્ણન સ્વરૂપની આસપાસ વળગેલી ઉંચાઇએ એના ઐતિહાસિક ગર્ભનો નાશ નથી કરી નાંખ્યો. તીર્થંકરોની ઐતિહાસિકતા સંબંધી સૌથી વધારે અગત્યની વાત તો એ છે કે એમના વ્યક્તિત્વ અને એમના સિદ્ધાંતો વિષેના આપણા જ્ઞાન વડે એમનું જે ચિત્ર બહુ થતું હોય તે ચિત્રને ભારતવર્ષના ધાર્મિક સિદ્ધાન્તોના વિકાસની શાસ્ત્રીય ઘટનાઓની કસોટીએ ચડાવી લેવું જોઇએ ત્યારે આ વિકાસની ઘટનાઓને ઇતિહાસ ક્રમે તપાસી જઇએ. ક્રાઇસ્ટની પૂર્વેના બીજા સૈકાના અંતે ભારતના ધાર્મિક જીવનમાં ગંભીર પરિવર્તન થયાં. પ્રથમ આવેલા આર્યોના સરળ અને ઇશ્વરવાદને યજ્ઞ આદિ કર્મકાંડે નવો વિકાસ આપ્યો. તેથી દેવોની સત્તા તેમના ભક્તોને મન ધીરે ધીરે સંકોચાતી ચાલી, અને તેને બદલે દૈવી સત્તાઓ અદ્‌ભૂત શક્તિ ધરાવનાર ગુરૂઓનાં અલૌકિક કર્મકાંડમાં આવતી મનાવા લાગી. આથી ગુરૂપદના સ્થાનને ચિર મહત્વ મળ્યું, તેઓ ઉંચે ચઢયા ને ધીરે ધીરે વર્ણ વ્યવસ્થાનો ઉપયોગ કરીને પોતે શ્રેષ્ઠ બન્યા. આ માર્ગે ચાલતાં એક નવો સિધ્ધાંત જન્મ પામ્યો, અને તેણે સમાજશ્રેણિના બળને અનુસરીને ધાર્મિક સ્વરૂપ પકડયું એ સિધ્ધાન્ત તે કર્મનો-કર્મના ફળનો અને તેને અનુસરતો પુનર્જન્મના સિદ્ધાન્તનો.

પ્રત્યેક ભવ પોતે સ્વતંત્ર નથી પણ સમસ્ત ભવશ્રંખલાનો એક આંકડો છે, એ સિદ્ધાન્ત ઉપરથી ગંભીર પ્રકૃતિના મનુષ્યને એ પ્રશ્નજ ઉદ્‌ભવે કે જન્મ મરણની અવિરત ઘટમાળમાં ફરી ફરી અવતરવા જીવવું એ શું યોગ્ય છે? ધાર્મિક વૃત્તિનો મનુષ્ય તો આ પ્રશ્નનો ઉત્તર નકારમાંજ આપશે, તે તો નવી તૃષ્ણાનો તથા નવાં દુઃખનો નાશ થાય એટલા માટે જન્મ મરણની પારની સ્થિતિ પ્રાપ્ત કરવા ભૌતિક ઋદ્ધિની પેઠેજ થોડાજ સમયમાં નાશ પામતું નથી એવું ઉત્તમ પદ પ્રાપ્ત કરવા મથશે."

સ્ટેન્ડીંગ કમીટિની બેઠક.

બનારસ યુનિવર્સિટીમાં જૈન પંડિતની નીમણુંક અંગે આપણી શ્રીમતી ક્રોન્ફરન્સ દ્વેવીની સ્ટેન્ડીંગ કમીટિની બબેવાર મીટીંગ મળીને નિર્ણય કર્યા વિના વિખેરાયેલી છેવટે ભાઇ લલુભાઇ કરમચંદના પ્રમુખપણા નીચે ત્રીજી વારની મળેલ કમીટિએ ખુબ ચર્ચા કરેલી. જે વખતે એક બે સભ્યો પ્રોટેસ્ટ તરીકે ચાલી ગયેલા. છેવટે સર્વાનુમતે પંડિત સુખલાલજીને રોકવાનો ઠરાવ કરેલો.

બાદ ત્રીજેજ દિવસે બહારથી મિત્ર પણ અંદરથી ક્રોન્ફરન્સના શત્રુએ રોજીંદાપત્રોમાં છપાવેલું કે "કેસ કોર્ટે જવાની વકી છે. દસ બાર સભ્યોએ રાજીનામાં આપ્યાં છે." અને આપનારનાં નામ પણ રજુ કરેલાં, એ બિચારાને લાગ્યું હશે કે વહીવટ થંભી જશે અને આપણને ખોરાક મળશે. કોર્ટનું જે ગુલબાન ઉડાડેલું તે તો બાજીએ રહ્યું. પરંતુ જેવણે રાજીનામાં આપેલ તેવણે પાછાં ખેંચી લીધાં. અને જે રૂપીયા પચાસ કુંડમાંથી આપવાના હતા તેના બદલે ક્રોન્ફરન્સના મહામંત્રી ભાઇશ્રી રણછોડભાઇ રાયચંદ તરફથી માસીક પચ્ચાસ રૂપીયા આપવાની જાહેરાત થઇ. અને જે ઠરાવ થયેલો તે બહાલ રહ્યો. ક્રોન્ફરન્સને હલકી પાડી તેના કામની વગોવણી કરવાનો આ નુકસો પહેલો નથી પણ આવા નુકસા તો તે બિચારાએ ઘણી વાર અજમાવ્યા છે. પરંતુ તેનું પરિણામ સૂરજ સામે ધુળ ઉડાડવા જેવું આવ્યું છે. B.

ઉપર કહેલ નાસ્તિક અને મિથ્યાદૃષ્ટિ શબ્દની શ્રેણીમાં વળી બીજા બે શબ્દો ઉમેરવા જેવા છે. તેમાંનો એક નિન્હવ શબ્દ છે જે શ્વેતાંબર શાસ્ત્રમાં વપરાએલો છે અને બીજો જૈનાભાસ શબ્દ છે જે દિગંબર ગ્રન્થોમાં વપરાએલો છે. આ બન્ને શબ્દો પણ અમુક અંશે જૈન છતાં બીજા કેટલાક અંશોમાં વિરોધી મત ધરાવનાર માટે વપરાએલા છે. નિન્હવ શબ્દ તો જરા જૂનો પણ છે પરંતુ જૈનાભાસ એટલે કૃત્રિમ જૈન એ શબ્દ એટલો જૂનો નથી અને તે વિલક્ષણ રીતે વપરાએલો છે. દિગંબર શાખાની મૂળ સંઘ, માથુર સંઘ, કાષ્ઠા સંઘ એવી કેટલીક પેટા શાખાઓ છે તેમાં જે મૂળ સંઘનો ન હોય તે હરકોઇને જૈનાભાસ તરીકે ઓળખાવવામાં આવ્યો છે જેમાં શ્વેતાંબરો પણ આવી જાય છે. શ્વેતાંબર શાસ્ત્રકારોએ જૂના વખતમાં તો અમુકજ મતભેદ ધરાવનાર અમુકજ પક્ષોને નિન્હવ કહેલા પણ પાછળથી જ્યારે દિગંબર શાખા તદ્દન જુદી પડી ત્યારે તેને પણ નિન્હવ કહી. આ રીતે આપણે જોઇ શકીએ છીએ કે બે મુખ્ય શાખાઓ શ્વેતાંબર અને દિગંબર એક બીજાને પોતાનાથી ભિન્ન શાખા તરીકે ઓળખાવવા અમુક શબ્દો યોજે છે અને પછી ધીરે ધીરે એકજ શાખામાં જ્યારે પેટા ભેદો થવા લાગે છે ત્યારે પણ કોઇ એક પેટા ભેદ બીજા પેટા ભેદો માટે તે શબ્દો વાપરે છે. અપૂર્ણ.

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3. and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh, at 26-30, Dhanji Street Bombay, 3.

Reg. No. B. 2917.
Tele. Add. 'Yuvaksangh'

પ્રબુદ્ધ જૈન નો વધારો નં. ૧

છુટક નકલ એક પૈસો. | તંત્રી : ચંદ્રકાન્ત વી. સુતરીયા. | બુધવાર તા૦ ૨૨-૨-૩૩

જૈન સમાજને ચેતવણી.

વડોદરા રાજ્યનો 'સન્યાસ દીક્ષા નિયામક નિબંધ' જ્યારથી બહાર આવ્યો છે, ત્યારથી તેના વિરોધીઓએ તેની સામે અનેક સાચી ખોટી રમતો આદરી છે. તેવી એક રમત "વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટી"ના ઓઠા નીચે મજકુર નિબંધ વિરૂદ્ધના દેખાવોનો કાર્યક્રમ તા૦ ૨૬-૨-૩૩ ને રવિવારનો જાહેર કર્યો છે. તેથી અમો સમગ્ર જૈન સમાજને ચેતવીએ છીએ કે, વડોદરા રાજ્યની જૈન પ્રજાનો મોટો ભાગ તે નિબંધની તરફેણમાં છે, એટલે તેનો સામનો કરવા વડોદરા રાજ્યની સમગ્ર જૈન પ્રજાએ કમીટી નીમીજ નથી-છેજ નહિ. અને જે બહાર આવી છે તે ગણ્યા ગાંઠયા અયોગ્ય દીક્ષાના હિમાયતીઓ-એટલે સાધુઓના અંધભકતો-તે પણ વડોદરા રાજ્ય બહારના પડદા પાછળ ઉભા રહી વડોદરા રાજ્યની જૈન પ્રજાના નામનો દુરૂપયોગ કરનારા છે તે જનતા સમજે અને તેવા ખોટા ગુલબાનોથી જાગતી રહે. તેમ તેવાઓને કોઇ જાતનો સાથ ન આપે.

લી૦ સેવકો,
મંત્રીઓ.
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

Printed by Lalji Harsey Lalan at Mahendra Priuting Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3 and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh, at 26-30, Dhanji Street Bombay, 3.

સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ.

Reg. No. B. 2917
Tele. Add. 'Yuvaksangh'

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

છુટક નકલ ૧ આનો | વાર્ષિક ફા. ૨-૮-૦

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર.
તંત્રી:-ચન્દ્રકાન્ત વી. સુતરીયા.

વર્ષ ૨ જું, અંક ૧૮ મો.
શનીવાર તા. ૨૫-૨-૧૯૩૩.

વડોદરા રાજ્યના પ્રજાપાલક રાજવીના સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ.

વડોદરા રાજ્યના પ્રજાપાલક રાજવી શ્રીમંત સરકારના હુકમથી તા૦ ૯ : ફેબ્રુઆરી : ૧૯૩૩ ની આજ્ઞાપત્રિકામાં 'સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ' પ્રસિધ્ધ થયો છે. સાથે તા૦ ૮-૩-૩૩ સુધી એટલે એક માસમાં સૂચનાઓ લેવાનું જાહેર કર્યું છે. એથી અમે સમગ્ર જૈન સમાજને વિનવીએ છીએ કે, જેઓ તમારા બાળકોને લલચાવી, નસાડી, સંતાડી, મૂંડી નાંખતા તેવાઓથી તમારા બાલબચ્ચાનાં રક્ષણાર્થે આ કાયદો ઘડાયો છે, તેથી દરેક જૈન સૂબાઓ મોકલે કે 'વડોદરા રાજ્યના પ્રજાપાલક રાજવીએ અમારાં બાલબચ્ચાંના હિતાર્થે આવો કાયદો ઘડી તેમનું રક્ષણ કર્યું છે તેથી અમો તેને વધાવીએ છીએ.' અને હિન્દુસ્થાનના રાજવીઓમાં, પોતાના રાજ્યમાં સમાજ સુધારા દાખલ કરવામાં જેઓ અગ્રસ્થાન ભોગવે છે તે શ્રીમંત વડોદરા નરેશને અમો ધન્યવાદ આપીએ છીએ.

ત્યાગનાં લીલામ !

સૂરીજી હોડીમાં !

આચાર્ય વિજયધર્મસૂરી (!) ભરૂચથી અંકલેશ્વર જતાં નદીના પૂલનો ઉપયોગ ન કરતાં હોડીમાં બેસીને નદી ઉતર્યા. શરીર ભારે એટલે ગભરાયા કે છેદસૂત્રમાંથી કંઇ બોળી કહાડી હોડીમાં બેસવાની મોજ ઉડાવી? ધન્ય! સૂરજી!

નવ અંગે પૂજા.

જંબુસરમાં લબ્ધિસૂરી (!) એ નવ અંગે પૂજા કરાવી. વાહ! સૂરજી વાહ! તમે પણ નવા નવા નુસ્કા અજમાવે જાઓ છો અને ભગતડાં રાચે છે-માંચે છે, સૂરજી! તમને પતિત કરતી તમારી લીલાઓ ભલે તમે અને તમારા ભક્તો ન જોઈ શકો પણ જગત જોઇ શકે છે અને જરૂર કોક દિ હીસાબ માંગશે.

દીક્ષા છોડી ઘેર આવ્યા.

શિહોરના શામજી ભાઇએ થોડા દિવસ પહેલાં એમના સગીર પુત્ર મણીલાલને ઓઘો પકડાવી પોતે પણ પકડેલો. પરંતુ થોડાજ દિવસમાં પુત્ર તો દીક્ષા છોડી ઘેર ચાલ્યો આવ્યો અને શામજીભાઇ કાપ કહાડવામાં, મોરીયા ઉંચકવામાં સલવાઇ રહ્યા. તેમ તેમના મતિવિજય (મણીલાલ) ઘેર જવાથી ગુરૂજી આગલ અળખામણાં થઇ પડયા, કારણ કે હમણાં સાધુઓને બાળક શિષ્યો બહુ વહાલાં લાગે છે. એટલે શામજી ભાઇને પાણીચું પકડાવી દીધું પણ તે શિહોરના હોવાથી શિહોરમાં આવીને પડયા છે. જેને તેને મૂંડી નાંખનારા અને નખાવનારા આવી રીતે અનેકના જીવન પાયમાલ બનાવે છે.

કાવાદાવાની શરૂઆત.

નામીચા દાનસૂરિ (!) શિહોરથી નીકળતાં એ ત્રણ ભગતડાને સમજાવતા ગયા છે કે "કાયદાનો વિરોધ દેખાડનારા સંઘના નામે તારે કરજો કાણે જેવા આવે છે એમ પણ ગામડેગામડેથી બનશે એટલા તારો અને કાગળો મોકલાવતા રહેજો." (જો આ પ્રમાણે કાવાદાવા ન કરે તો સગીરોને ઉંચકવાનો ધંધો પડી ભાગે ને!)

સગીર બાળાની દીક્ષા.

થોડા દિવસો પહેલાં વડોદરાની બાજુમાં છાણી ગામે એક નવ વરસની બાળાને ગુપ્ત પણે સાધ્વીજીનાં કપડાં પહેરાવી દેવામાં આવેલાં પણ તેના સગાવહાલાંઓને ખબર મળતાં તરતજ ઘેર પાછાં લઇ આવ્યાં. નાનાં બાળકોને સાધુ સાધ્વી પાસે મોકલતાં વિચાર જો અને ચૂકયા તો ગુમાવી બેઠા સમજજો

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मार तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર)

પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૨૫-૨-૩૩

સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ.

તે કાયદાનું રૂપ કયારે લેશે ?

જેટલું જલ્દી લે તેટલું સારૂં.

વડોદરા રાજ્ય તરફથી સંન્યાસ દીક્ષા પ્રતિબંધક નિબંધના મુસદ્દા ઉપર વિચાર કરવા નિમાયલી સમિતિનું જે નિવેદન આપણી પાસે પડેલું છે તે તપાસી જોતાં દીવા જેવું સ્પષ્ટ જણાય છે કે આવો કાયદો જલ્દી પસાર થાય તે ઇચ્છવાજોગ છે એટલુંજ નહિ પણ અતિ આવશ્યક છે. અને ૧૯૨૯ માં વડોદરા રાજ્યની ધારાસભામાં રજુ થયેલી દરખાસ્ત એવા કારણે પાછી ખેંચી લેવાઇ હતી કે દીક્ષા ઉપર કંઇ કાયદેસર અંકુશની જરૂરીઆત છે કે કેમ તેની પ્રથમ તપાસ કરવી અને ૧૯૩૧ માં નિબંધ ઘડાયો અને તેની તપાસ કરવા માટે ઉપર જણાવેલી સમિતિ નીમાઇ અને મજકુર તપાસના મીઠાં ફળ રૂપે આ સુંદર નિવેદન સમાજને પ્રાપ્ત થયું.

મજકુર નિવેદનમાં સમિતિ સ્પષ્ટ ભાષામાં કહે છે કે "અમારો અભિપ્રાય એવો થાય છે કે કાયદો કરકરવાની જરૂર છે. કાયદો થવાથી હાલ દીક્ષા સંબંધે ચાલતા ઝગડા, સાધુઓ ઉપર મૂકાતા અપવાદો અને કુટુંબમાં થતો કલેશ પણ બંધ થશે અને જેઓ સમાજ અને લાગતા વળગતાની સમતિથી દીક્ષા લેવા યોગ્ય હશે તેજ દીક્ષા લઇ શકશે. આથી દીક્ષાનું મહત્વ ઘટવાને બદલે વધશે; સાધુ સંસ્થા કંઇ બંધ નહિ થઇ જાય પણ તેમાં દાખલ થવા લાયક હશે તેજ દાખલ થઇ શકશે અને તેથી સાધુસંસ્થા પ્રત્યે જૈન સમાજની હાલ જે ભાવના છે તેમાં ઘટાડો થવાને બદલે ઉલટો વધારો થશે."

આવો દૃઢ અભિપ્રાય જૈન સમાજે-સમાજના બન્ને પક્ષોએ વધાવી લઇ મજકુર સમિતિનો જાહેરમાં આભાર માનવો જોઇએ અને એવી ઇચ્છા જલ્દી પ્રગટ કરવી જોઇએ કે વડોદરા રાજ્ય તો આ કાયદો જલ્દી ઘડેજ, એટલુંજ નહિ પણ બીજા રાજ્યોમાં પણ આવો કાયદો તુરતજ હસ્તીમાં આવે કે જેથી સમિતિની તપાસના મધુમાં ફળનો સંપૂર્ણ લાભ સમાજને જલ્દી મળે.

પણ એ દિવસ કયાંથી કે 'મીયાંકે પાછમેં જુતીયાં !' જ્યારથી આ નિવેદન પ્રસિધ્ધ થયું છે ત્યારથી જૈન સમાજમાં પોછા શોરબકોર ચાલુ થયો છે. 'ધર્મ સ્વાતંત્રય'ને નામે બખાળા બહાર પડવા લાગ્યા છે. દીક્ષા ઘેલા આચાર્યોની દોડધામ શરૂ થઇ છે. કાવાદાવાઓના કારસ્તાનો ઘડાઇ રહ્યાં છે. 'અમે સાધુઓની સહીઓ લાવી આપીએ, કે બાળ દીક્ષા હવેથી બંધ અને માત્ર ઉપાશ્રયમાંજ દીક્ષા અપાય' એવી એવી વાટાઘાટો પણ ચાલે છે કે જેથી આ નિબંધ કાયદાનું રૂપ ન લે. બહારગામના રૂઢીચુસ્તો હવે તો વડોદરામાં ભેગા થવા લાગ્યા છે અને કાયદો થવા સામે વિરોધ કરવા કટીબંધ થયા છે.

અને આ ધમાલ સંબંધમાં મજકુર સમિતિએ સાચુંજ કહ્યું છે કે "અમુક ઉમરનાને દીક્ષા નહિ આપવાનો કાયદો સરકાર કરે તો કદાચ કેટલાક જુના વિચારના લોકોને શરૂઆતમાં તે સખ્ત લાગશે અને સરકારે ધર્મના કામમાં હાથ ઘાલ્યો એવો કકળાટ પણ તે કરશે **તો પણ જનસમાજના મોટા ભાગને તે વ્યાજબીજ લાગશે.** અને થોડા વખતમાં એવો સમય પણ આવશે કે જ્યારે કાયદાનો કંઇ પણ અમલ કરવાની જરૂર ન રહેતાં **બધાં લોકો પોતાની મેળેજ તે પ્રમાણે વર્તતા થશે.** અને કાયદો માત્ર કાગળ ઉપર રહેશે."

કાયદાની આવશ્યકતા અને તેથી થનાર લાભો આમ ખુલ્લા દીલથી જણાયા પછી પણ કાયદો થવા સામે વિરોધ કરવો એ માત્ર બાલીશતાજ છે. અને એ પણ યાદ રાખવાનું છે કે તેવા બાલીશોની સંખ્યા નહિવતજ છે. સમાજનો ઘણો મોટો ભાગ કાયદો થવાની તરફેણમાંજ છે અને વડોદરા સરકારને આવા ઉંચા કાર્યમાં મદદ કરવા હમેશ ખડે પગે તૈયારજ છે અને કાયદો જલ્દી પસાર થાય તેની અહર્નિશ વાટજ જોયા કરે છે.

સમિતિની ભલામણો બહેજ સરળ, સાધારણ અને તદ્દન વ્યવહારૂ છે; અને સમિતિના છેવટના અભિપ્રાય સાથે અમે સંપૂર્ણ રીતે મળતા થઇએ છે કે મજકુર ભલામણો સ્વીકારવાથી સંન્યાસ દીક્ષા જેવી મહત્વની અને ઉચ્ચ ધર્મની બાબતમાં હાલ જે મલીનતા દાખલ થયેલી છે તે દૂર થઇ, જેવા પ્રકારનો હાલ દીક્ષિત વર્ગ છે તેના કરતાં આગળ ઉપર વધારે શુધ્ધ અને સારો થશે.

લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોઢું સંતાડવા જવા જેવું પગલું જનસમાજ કદી નહિંજ ભરે.-સાચું સત્વરજ સ્વીકારશે.

કાયદો થવા સામે વ્યર્થ કોલાહલ મચાવવો તેના કરતાં કાયદો કાગળ ઉપરજ રહે તેવાં રચનાત્મક પગલાં લેવાં એજ ખરો ડહાપણભર્યો માર્ગ છે. કાયદા-પોથીમાં કાયદો દાખલ થયો તેથી સમાજને કંઇ હીણપત નથી. કાયદાના ઉદ્દેશ અને હેતુઓ સમજી, એવા રચનાત્મક પગલાં લેવા ઘટે છે કે જેથી શિક્ષાને લાયક કોઇ બનાવજ ન બને પણ તેવાં શુભ પગલાં લેવાના કાર્યમાં પડવાને બદલે માત્ર કોલાહલજ થશે તો તેમાંજ સમાજને હીણપત જેવું છે. સાધુ સંમેલન, દીક્ષા નિયમાવલી, સંઘ બંધારણ, સાધુઓ અને સાધ્વીતાના ઉમેદવારો માટેની સુવ્યવસ્થિત શાળાઓ જેવા પગલાં લેવા માટે પ્રયત્નો શરૂ થવા ઘટે છે. સ્થાનકવાસી સાધુઓનો ઉજળો દાખલો અનુસરવો ઘટે છે અને જ્યારે એવા સંગીન, સમાજોપયોગી બાતાંઓ બોલવાના નિચારો

ચલાવાશે અને અમલમાં મુકાશે ત્યારેજ કાયદાએ ફરમાવેલી શિક્ષાઓને લાયક કોઇ પણ અનિષ્ટ બનાવ સમાજમાં નહિ બને અને કાયદો માત્ર કાગળ ઉપરજ રહેશે. પણ ત્યાં સુધી તો, અત્યારની પરિસ્થિતિમાં, સમિતિની ભલામણો મુજબ કાયદાની જરૂર છે અને કાયદો થશે તોજ દીક્ષાને અંગે જે મલીનતા દાખલ થઇ છે તે દૂર થશે. અથવા દૂર કરવાના પગલાં લેવાશે.

છેવટે અમો આશા રાખીએ છીએ કે દીક્ષાના અંગે દાખલ થયેલી મલીનતા દૂર કરવા આ કાયદો જલ્દી પસાર થાય અને તેનો અમલ એકદમ શરૂ થાય. કે જેથી દીક્ષાનું મહત્ત્વ વધે અને સાધુ સંસ્થા સુપ્રતિષ્ઠિત બને.

પ્રાસંગિક નોંધ.

જૈન સમાજ સાવધાન.

એક અવસર એવો હતો કે ભારતના બધા ધર્મોના સાધુઓ, ફકીરો વિગેરેમાં જૈન સાધુઓની ત્યાગવૃત્તિ અનેકગણી ઉચ્ચ કક્ષાએ ગણાતી હતી. આખોયે જૈન સમાજ એને મહા મુલી રીતે પૂજતો અને ગૌરવભરી રીતે દરેક જૈન કહી શકતો કે અમારા ગુરૂની અડગ ત્યાગવૃત્તિ આર્યાવર્તમાં અજોડ છે.

આજે એ અજોડ ગણાતી સાધુતા, કેટલાએ નામધારી સાધુઓની પાખંડી વૃત્તિથી અને ગુરૂપદની આડંબરી ભાવનાથી, તિરસ્કાર પદને પ્રાપ્ત છે, એટલુંજ નહિ પણ સારાયે જૈનત્વને ઝાંખપ લગાડી છે, ધર્મના નામે ભોળા જનોને ફસાવી એમને ધીકતો ધંધો પોતાના અધશ્રધ્ધાળુ મારફત ચાલુજ રાખ્યો છે. છતાંયે વૃદ્ધ માનસ ધરાવતા કેટલાયે વૃધ્ધો, અને તેમજ જુવાનો કહેતા કે 'ભાઇ પીળા કપડાં ધારી એટલે તો પંચમહાવ્રતધારી પ્રભુ મહાવીરનો અવતાર! આજે નહિ તો કાલે સુધરશે!' એમના આવા માનસનો પુરેપુરો લાભ એ કહેવાતા સાધુઓ લેતા આવ્યા છે અને લઈ રહ્યાં છે. અને આ રીતે દિનપર દિન સગીરોને મુંડવાના, ઉઠાવવાના, સંતાડવાના અને છતાં ઘણીએ નવપરણીત સ્ત્રીઓને વૈધવ્ય અપાવવાના કરૂણ કીસ્સા વધવા માંડ્યા, કોર્ટોમાં કેસોની શરૂ થઇ, અને જૈન સાધુને કોર્ટનાં પગથીયાં ચડવા એ તો એક સામાન્ય વસ્તુ થઇ પડી; એક અને બે દીવસની દિક્ષા છોડીને પલાયન કરી જવાના કીસ્સા ઉપરા ઉપરી બનવા માંડ્યા. તે છતાં પોતાનો કક્કો પકડી રાખી એ ધર્મધોએ છડે ચોક વેશને બાજુ પર રાખી, પોતાના ત્યાગીપણાની હદ ઓળંગી, અછેદસૂત્ર અને એવા એવા ગપગોળા ફેલાવી શિષ્ય વધારવાનો પોતાનો નામાંકિત ધંધો ચાલુ રાખ્યો. આ ધાડુપાડુ વૃત્તિથી સૌ ગભરાયું અને ઘર સાચવવાની ફીકરમાં પડ્યું, ને સમાજ છીન્ન ભીન્ન થતો ગયો.

આજનો નવજવાન આ ચલાવી લેવા તૈયાર ન હતો અને નથીજ. એથી યુવાનોએ એમને અનેક ચેતવણી આજ પર્યંત આપી, છતાં પણ ગણ્યા ગાંઠ્યા ભકતો અને ભકતાણીઓની મદદથી ત્યાગના મુખ્વા નીચે સતાયેલા, સમાજને ભયંકર અને ભારરૂપ મહાન્ રોગીઓ-અનેક સાચી ખોટી રમતો રમી પોતાનુંજ ધાર્યું કરવા મથી રહ્યા. આ રીતે સમાજના સારાયે ઝઘડાનું મૂળ "અયોગ્ય દીક્ષા" છે એ દીવા જેવું ચોકખું છે. એટલે તેનાથી સમાજને જાગ્રત કરવા જૈન યુવક સંઘોએ શંખનાદો ફૂંકયા અને કહ્યું કે 'તમારા આંગણે આવતા આવા વેશધારીઓ તમને ન ફસાવી જાય! માટે ચેતતા રહો! યોગ્ય નિયમન કરો.' અને એ આધારેજ કેટલાંક ગામડાંઓ અને શહેરોએ અયોગ્ય દીક્ષા માટે નિયમન કર્યું. બીજી બાજુ જૈન સમાજના સાગરાનદો(!) એ અને રામવિજયો (!) એ ધર્મના નામે ધમપછાડા શરૂ કર્યા, સંઘ સત્તાને અવગણી, જૈનોને અંદર અંદર લડાવી, કલેશની હોળીઓ સળગાવી, વિધવાનાં એકતા એક આશાભર્યા બાળકોને ઝુંટવ્યાં, અનેક સગીરોને સંતાડ્યા, ભગાડ્યા, પૈસાની લાલચો આપી મુંડી નાંખ્યા, અને સારીએ જૈન અને જૈનેતર આલમમાં પ્રભુ મહાવીરના પવિત્ર વેશની મશ્કરીઓ કરાવી.

આથી અયોગ્ય દીક્ષાનો પ્રશ્ને ગુજરાતમાં ગંભીર સ્વરૂપ પકડ્યું. નામદાર ગાયકવાડ સરકારનું ગુજરાતમાં મહારાજ્ય. એટલે એક રાજ્યકર્ત્તાની પવિત્ર ફરજ અને સમાજ સુધારક અજોડ રાજવી તરીકે તેમણે તે પ્રશ્ન ઉપાડ્યો. પોતાની પ્રજાના રક્ષણ માટે 'સંન્યાસ દીક્ષા નિયામક નિયંધ' બહાર પાડ્યો. ત્યારથી અયોગ્ય દીક્ષાના હિમાયતીઓ તેમની પહતી પ્રમાણે વિરોધના સૂરો કહાડ્યાજ કરતા હતા. ફરી તપાસ અર્થે સદર નિયંધ એક માહિનાની સૂચનાઓ સાંભળવાની શરતે બહાર મૂકાયો ત્યારથી રૂઢીચુસ્તોની ચારેબાજુ દોડધામ અને દાવપેચ શરૂ થઇ ગયા છે. જેઓ છડેચોક અયોગ્ય દીક્ષા આપે છે તેવા સાધુઓ તેમના ધંધાને કાયમ રાખવા વડોદરા તરફ જવા નીકળી ચુકયા છે. બીજી તરફ તેમની દોરવણી પ્રમાણે તેમના ભકતો, વડોદરા રાજ્યની જૈન પ્રજાના નામે ભોળી જનતાને ખોટે રસ્તે દોરવા જુદા કાર્યક્રમો જાહેર પેપરોમાં છપાવવા શરૂ કરી ચૂકયા છે. ત્રીજી બાજુ મુંબઇ જેવા શહેરમાં સુલેહના શીરસ્તાઓને હાથમાં લઈ સુલેહ કરવાનો પ્રયાસ શરૂ કર્યો—પણ અમે પુછીયે કે જેઓના માથે આરોપ છે તેવા આચાર્યો સહીઓ કરી આપવા તૈયાર છે? સુલેહની ધજા લઈ નીકળેલા આગેવાનો પહેલા બરાબર સમજી લે અને વિચારે કે જ્યાં સુધી જેઓ આ ઝઘડાના મૂળ છે તેમની પાસેથી પહેલાં પાકે પાયે બોળાધરીઓ લઇ લેશે નહિ, તો વઢવાણમાં જેમ રામવિજયે ફીરચંદભાઇને બનાવ્યાં તેમ તમે પણ બનીજશો.

વડોદરામાં શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજીના સંઘાડાએ દીક્ષા અંગે હરાવો કરેલા, પણ તેને ટેકો આપનારાજ સાધુઓ છડે ચોક તેનો ભંગ કરી રહ્યા છે તે સમાજની ધ્યાન બહાર નથી. એટલે સમાજ કોઇપણ જાતની ખોટી વાતોથી છેતરાય નહિ અને બરાબર સાવધાન રહે, નહિ તો જેઓ કુટનીતિમાં પાવરધા છે તેઓ અનેક વાતો કરી તમારા નામનો દુરૂપયોગ કરવાના પેતરાં રચશે. તેનાથી બરાબર ચેતતા રહેવાની જરૂર છે.

અયોગ્ય દીક્ષાના પ્રશ્ને સંઘ સત્તાની અવગણના કરી છે, સમાજને છીન્ન-ભીન્ન કર્યો છે અનેક ઘરોમાં કલેસ-કંકાસ ઉત્પન્ન કરાવ્યો છે. તે પ્રશ્નનો નામદાર ગાયકવાડ સરકારે કાયદો ઘડીને નિકાલ લાવવાનું પ્રશંસનીય કાર્ય કરી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે, એમ કહ્યા વગર નહિજ ચાલે. અમને ખાત્રી છે કે તેઓ તેમની પ્રજાના ભલા ખાતર તા૦ ૯-૩-૩૩ થી તેને કાયદા તરીકે જાહેર કરી જૈન સમાજમાં સળગતા પ્રશ્નોમાંના એક મહાન પ્રશ્નને ઓલવી તેમની પ્રજાને આભારી કરશે.

વડોદરા રાજ્યનો સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ.

આજ્ઞા પત્રિકામાં પ્રગટ થયેલ જાહેરનામું.

વિષય–સુચના–સંન્યાસ દીક્ષા નિયામક નિબંધના મુસદ્દા ઉપર મોકલવા બાબત.

જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું કારણ.

૧. સંન્યાસ દીક્ષા નિયામક નિબંધનો મુસદ્દો શ્રીમંત સરકાર મહારાજ સયાજીરાવ ગાયકવાડ, સેનાખાસખેલ, સમશેર બહાદુર, જી. સી. એસ. આય.; જી. સી. આય. ઇ.; ફરજંદે–ખાસ–ઇ–દૌલતે–ઇંગ્લીશિયા એમના હુકમથી તમામ લોકોની માહિતી માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

મુદત.

૨. આ મુસદ્દા સંબંધે જે કાંઇ સૂચના મોકલવાની હોય તે આ મુસદ્દો આજ્ઞા પત્રિકામાં પ્રસિદ્ધ થયાની તારીખથી એક માસની અંદર ન્યાયમંત્રીની કચેરીમાં મોકલવી. તારીખ ૬ માહે ફેબ્રુઆરી સન ૧૯૩૩.
પુ. વ. મહેતા.

વિ. કૃ. ધુરંધર,
ન્યાયમંત્રી.

શ્રી.

સંન્યાસદીક્ષા નિયામક નિબંધ.

ઉદ્દેશ.

સાધુ, સંન્યાસી, યતિ, યોગી, વિગેરે પોતપોતાના ધર્મના અનુયાયીઓને સંન્યાસદીક્ષા આપે છે તેમાં કોઇ કોઇવાર દીક્ષા એટલે શું એ સમજે નહિ એવાં કુમળી વયનાં બાળકોને પણ દીક્ષા આપવામાં આવે છે અને કોઇ કોઇવાર એવી દીક્ષા તેમનાં વાલીની સંમતિ લીધા વગર અને ઉમેદવાર લાયક હોય અને વિવાહિત હોય ત્યારે તેની સ્ત્રીની અગર પતિની સંમતિ વગર દીક્ષા આપે છે અને તેથી કલહ, ઝઘડા, ટંટા, ફિસાદ, ફરિયાદો વિગેરે થાય છે તે અટકાવવા આ બાબતમાં કાયદાથી નિયમન કરવું ઇષ્ટ જણાયાથી શ્રીમંત સરકાર મહારાજ સયાજીરાવ ગાયકવાડ સેનાખાસખેલ સમશેર બહાદુર જી. સી. એસ. આય., જી. સી. આય. ઇ., ફરજંદે–ખાસ–ઇ–દૌલતે–ઇંગ્લિશિયા એમણે નીચે મુજબ ફરમાવ્યું છેઃ–

પ્રકરણ ૧ લું.

પ્રાથમિક.

સંજ્ઞા.

૧. (૧) આ નિબંધને "સંન્યાસદીક્ષા નિયામક નિબંધ" કહેવો.

(૨) આ નિબંધ તારીખ માહે સન થી અમલમાં આવશે.

શરૂઆત.

૨. પૂર્વાપર સંબંધ ઉપરથી બાધ આવતો ન હોય તો

વ્યાખ્યા.

(૧) "અજ્ઞાન" એટલે જેની ઉમરનાં ૧૬ વર્ષ પૂરાં થયાં ન હોય એવો સખસ સમજવો;

(૨) "નોંધણી કામદાર" એટલે દસ્તાવેજ નોંધણી સંબંધી નિબંધ અન્વયે દસ્તાવેજો નોંધવા માટે નિમાયલો નોંધણી કામદાર;

(૩) "સજ્ઞાન" એટલે જે સખસ અજ્ઞાન ન હોય તે સમજવો;

(૪) "સંન્યાસદીક્ષા" એટલે કોઇ પણ ધર્મના
(૧) સંન્યાસી,
(૨) યતિ,
(૩) આચાર્ય,
વિગેરે લોકો, કોઇ સખસને,
(ક) મંત્ર આપવાની,
(ખ) મુંડવાની,
(ગ) કફની ઓરાઢવાની અગર
(ઘ) એવીજ બીજી
શિષ્ય, ચેલો કે સાધુ બનાવવાની ક્રિયા કરીને પોતાના વર્ગમાં દાખલ કરે કે જેના પરિણામે તે સખસે સંસારનો ત્યાગ કરેલો ગણાય તેવી કોઇ ક્રિયા સમજવી.

પ્રકરણ ૨ જું.

સંન્યાસદીક્ષાનું નિયમન.

અજ્ઞાનને સંન્યાસદીક્ષા આપવી નહીં.

૩. કોઇ પણ અજ્ઞાન સખસને સંન્યાસદીક્ષા આપી શકાશે નહીં.

સંન્યાસદીક્ષા લેનારે લેખ કરવા વિષે.

૪. (૧) (ક) જે સજ્ઞાન સખસની સંન્યાસદીક્ષા લેવાની ઇચ્છા હશે તેણે તે બાબત નમૂના અંક ૧ પ્રમાણેનો લેખ કરવો જોઇએ.

પ્રસંગ.

(ખ) તે જો વિવાહિત હોય તો
(૧) તેની પત્નીની સંમતિ સિવાય અને

પરિણામ.

(૨) પત્નીના અને છોકરાંનાં ભરણપોષણની વ્યવસ્થા કર્યા સિવાય તે સંન્યાસદીક્ષા લઈ શકશે નહિ.

દીક્ષાના લેખ ઉપર કયા સખસોની સહી હોવી જોઇએ.

(૨) (અ) પેટા કલમ (૧) પ્રમાણેના લેખ ઉપર
(ક) તેની સહી હોવી જોઇએ તથા
(ખ) (૧) માતાપિતાની અગર તેમના પૈકી જે હયાત હોય તેની અગર ન્યાતના બે આગેવાનની અને
(૨) તે ઉપરાંત, તે વિવાહિત હોય તો, તેની પત્નીની સાખ હોવી જોઇએ,
(આ) પત્ની અજ્ઞાન હોય તો તેની વતી
(૧) તેના પિતાએ અને

(૨) પિતાના અભાવે તેની માતાએ અને
(૩) તેના અભાવે કોઇ નજીકનાં બે સગાએ
સાક્ષ કરવી.

લેખ નોંધાવવો જોઇએ.

(૩) (ક) સદરહુ લેખ તાલુકાની નોંધણી કચેરીમાં નોંધાવવા માટે દીક્ષા લેનારે રજૂ કરવો.
(ખ) નોંધણી કામદારે તે લેખ ઉપરની સહી તથા સાક્ષી ખરી હોવા બદલ ખાત્રી કરી, તે લેખ નોંધી આપવો.

નિયમ કરવા.

(૪) આવા દસ્તાવેજોની નોંધણી સંબંધી જરૂર જણાય તેવા નિયમો નોંધણી ખાતાના મુખ્ય અધિકારી હજૂર મંજૂરીથી કરી શકાશે.

લેખ કર્યાની ખાત્રી કર્યા વગર દીક્ષા આપવી નહિં.

૫. સંન્યાસ દીક્ષા લેવાની ઇચ્છા રાખનારે કલમ ૪ માં ઠરાવ્યા પ્રમાણે લેખ કરી નોંધાવ્યો છે એવી ખાત્રી કર્યા વગર કોઇપણ
(ક) સાધુએ,
(ખ) સંન્યાસીએ અગર
(ગ) આચાર્યે
સંન્યાસ દીક્ષા આપવી નહીં.

કલમ ૩-૪ ના ઠરાવ વિરૂધ્ધ આપેલી દીક્ષા નિરર્થક ગણાશે.

૬. (ક) કલમ ૩ ના ઠરાવ વિરૂદ્ધ અજ્ઞાન સભ્યસને સંન્યાસ દીક્ષા આપી હશે તે તથા

પ્રસંગ.-(ખ) કલમ ૪ ના ઠરાવ પ્રમાણે લેખ નોંધાવ્યા સિવાય સજ્ઞાન સભ્યસે સંન્યાસદીક્ષા લીધી હશે તે

પરિણામ-સર્વ કારણ માટે નિરર્થક ગણાશે, એટલે કે-
(અ) તેવી દીક્ષા અપાયલા સભ્યસને
(૧ સંપ્રાપ્ત થયેલા અગર
(૨) ભવિષ્યમાં સંપ્રાપ્ત થનારા વારસાહના અગર બીજા કોઇ પણ પ્રકારના કાયદેસર હકકને બાધ આવશે નહીં, તેમ
(આ) (૧) તેના આશ્રિતોનું ભરણપોષણ કરવાની અગર
(૨) બીજો કોઇ
કાયદેસર જવાબદારીમાંથી તે મુક્ત થયેલો ગણાશે નહીં.

કલમ ૩ વિરૂધના ગુન્હા બદલ શિક્ષા.

૭. (૧) જે સભ્યસ
(ક) કલમ ૩ ના ઠરાવ વિરૂદ્ધ કોઈ અજ્ઞાન સભ્યસને સંન્યાસ દીક્ષા આપશે તે તથા
[ખ] ફોજદારી નિયમમાં આપેલી વ્યાખ્યા મુજબ તેવા કોઇ કૃત્યમાં મદદગારી કરશે તે
એક વર્ષ સુધીની ગમે તે પ્રકારની કેદની તથા રૂપિયા ૫૦૦ સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

કલમ ૫ તથા ૪ વિરૂધ્ધના ગુન્હા બદલ શિક્ષા.

[૨] જે સભ્યસ
[ક] કલમ ૫ ના ઠરાવ વિરૂધ્ધ બીજા કોઇ સભ્યસને સંન્યાસદીક્ષા આપશે તે તથા
(૨) જે સભ્યસ કલમ ૪ ના ઠરાવો વિરૂદ્ધ સંન્યાસ દીક્ષા લેશે તે તેમજ
[ખ] ફોજદારી નિયમમાં આપેલી વ્યાખ્યા મુજબ તેવા કોઇ કૃત્યમાં મદદગારી કરશે તે
૬ માસ સુધીની આસાન કેદની અગર રૂપિયા ૫૦૦ સુધીનાં દંડની અગર એ બન્ને શિક્ષાને પાત્ર થશે.

ગુન્હાનું સ્વરૂપ.

૮. કલમ ૭ મુજબનો ગુન્હો
[ક] જામીન લઇ શકાય એવો તથા
[ખ] પકડહુકમ વગર પકડાય નહીં એવો
છે એમ સમજવું.

ઇન્સાફનો અધિકાર.

૯. [૧] કલમ ૭ મુજબના ગુન્હાનો ઇન્સાફ પહેલા વર્ગના હકુમતવાળા ફોજદારી ન્યાયાધીશથી થઈ શકશે.

પરવાનગી વગર કામ ચલાવવું નહીં.

[૨] પરંતુ સદરહુ ગુન્હા માટે કામ ચલાવવાની પ્રાંત ફોજદારી ન્યાયાધીશ વર્ગ ૧ ની મંજુરી વગર કામ ચાલી શકશે નહીં.

ફરિયાદ પ્રાંત ફોજદારી ન્યાયાધીશ વર્ગ ૧ તરફ કરવી.

૧૦. [૧] [ક] કલમ ૭ મુજબના ગુન્હાની ફરિયાદ જે તે પ્રાંતના પ્રાંત ફોજદારી ન્યાયાધીશ વર્ગ ૧ તરફ, ગુન્હાની તારીખથી એક વર્ષની મુદત અંદર કોઇપણ સભ્યસ કરી શકશે.
[ખ] રકમ [ક] માં ઠરાવેલી મુદત બહારની ફરિયાદ દાખલ કરવી નહીં.

પ્રાંત ફોજદારી ન્યાયાધીશ વર્ગ ૧ એમણે ચોકશી કરવી.

[૨] [ક] સદરહુ ફરિયાદ ખરી છે કે કેમ તેની ખાત્રી કરવા સારૂ પ્રાંત ફોજદારી ન્યાયાધીશ વર્ગ ૧ પોતાને યોગ્ય લાગે તેવી તાંત્રિક ચોકશી કરવા મુખ્યત્યાર છે;
[ખ] આવી ચોકશીમાં સાક્ષીઓની જુબાની તથા આરોપીઓનો ખુલાસો લઈ શકાશે.

પ્રસંગ:: ખાત્રી થાય તો શું કરવું.

[૩] પેટા કલમ (૨) પ્રમાણે ચોકશી કર્યા પછી, ફરિયાદ ખરી હોવાની પ્રાંત ફોજદારી ન્યાયાધીશ વર્ગ ૧ ની ખાત્રી થાય તો તેમણે

પરિણામ. [ક] આરોપીઓ ઉપર કામ ચલાવવાની પરવાનગી આપ્યાનો હુકમ કરવો અને
[ખ] ફરિયાદ તથા બનેલા કાગળો હકુમતવાળા પહેલા વર્ગના સાધારણ ફોજદારી ન્યાયાધીશ તરફ મોકલી આપવા.

સાધારણ ફોજદારી ન્યાયાધીશે કરવાની તજવીજ.

[૪] પેટાકલમ [૩] પ્રમાણે પોતાના તરફ કાગળો આવે એટલે સાધારણ ફોજદારી ન્યાયાધીશે બીજી ફરિયાદોની માફક પોતાની નોંધવહીમાં તે દાખલ કરી આગળની રીતસર તજવીજ કરવી.

(અનુસંધાન.....પૃષ્ઠ ૧૪૪ મે.)

આસ્તિક અને નાસ્તિક શબ્દની મીમાંસા.

[લેખક: પં. સુખલાલજી.]

— ગતાંકથી ચાલુ —

અહીં આપણે એક બાબત ઉપર લક્ષ આપ્યા સિવાય રહી શકતા નથી અને તે એ છે કે આસ્તિક અને નાસ્તિક શબ્દોની પાછળ માત્ર હકાર અને નકારનોજ ભાવ છે, જ્યારે સમ્યગદૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ શબ્દની પાછળ તેથી કાંઇક વધારે ભાવ છે. તેમાં પોતાનું યથાર્થપણું અને બીજા પક્ષનું ભ્રાન્તપણું ખાત્રીથી સૂચવાય છે. એ ભાવ જરા આકરો અને કાંઇક અંશે કડવો પણ છે. એટલે પ્રથમનાં શબ્દો કરતાં પાછળના શબ્દોમાં જરા ઉગ્રતા સૂચવાય છે. વળી જેમ જેમ સાંપ્રદાયિકતા અને મતાંધતા વધતી ચાલી તેમ તેમ કટુકતા વધારે ઉગ્ર બની. તેને પરિણામે નિન્હવ અને જૈનાભાસ જેવા ઉગ્ર શબ્દો સામા પક્ષ માટે અસ્તિત્વમાં આવ્યા. અહીં સુધી તો માત્ર આ શબ્દનો કાંઇક ઇતિહાસજ આપ્યો. હવે આપણે વર્તમાન સ્થિતિ ઉપર નજર કરીએ.

અત્યારે આ શબ્દોમાં ભારે ગોટાળો થઇ ગયો છે. એ શબ્દો હવે તેના મૂળ અર્થમાં નથી રહ્યા, તેમજ નવા અર્થમાં પણ ચોક્કસ અને મર્યાદિત રીતે નથી યોજાતા. ખરું કહીએ તો અત્યારે એ શબ્દો નાગો, લુચ્ચો અને બાવો શબ્દની પેઠે માત્ર ગાળ રૂપે અથવા તિરસ્કાર સૂચક રીતે હરકોઇ વાપરે છે. સાચી બાબત રજુ કરનાર અને આગળ જતાં જે વિચાર પોતાને અગર પોતાની સંતતિને અવશ્યમેવ સ્વીકારવા લાયક હોય છે તે વિચાર મૂકનારને પણ શરૂઆતમાં દૂરંદેશી, સ્વાર્થી અને અવિચારી લોકો નાસ્તિક કહી ઉતારી પાડવા પ્રયત્ન કરે છે. મથુરા વૃન્દાવનમાં મંદિરોના ઠેકા ખડકી તે દ્વારા માત્ર પેટ ભરનાર અને ઘણીવાર તો ભયંકર અનાચાર પોષનાર પંડ્યા કે ગોંસાંઇઓના પાખંડનો મહર્ષિ દયાનંદે વિરોધ કર્યો અને કહ્યું કે આ તો મૂર્તિપૂજા નહિ પણ ઉદરપૂજા અને ભોગપૂજા છે. વળી કાશી અને ગયાના શ્રાદ્ધ સરાવી તાગડધીન્ના કરનાર અને વધારામાં અનાચાર પોષનાર પંડ્યાઓને સ્વામિજીએ કહ્યું કે આ શ્રાદ્ધપિંડ પિતરોને નથી પહોંચતો પણ તમારા પેટમાં જરૂર પહોંચે છે. એમ કહી સમાજમાં સદાચાર, વિદ્યા અને જ્ઞાનનું વાતાવરણ સરજવાનો જ્યારે પ્રયત્ન કર્યો ત્યારે તુરતજ પેલા વેદપુરાણમાની પંડ્યા-પક્ષે સ્વામિજીને નાસ્તિક કહ્યા. એ લોકોએ સ્વામીજીને માત્ર પોતાથી ભિન્ન મતદર્શક છે એટલા અર્થમાં નાસ્તિક કહ્યા હોત તો તો કાંઇ ખોટું ન હતું, પણ જૂના લોકો જે મૂર્તિ અને શ્રાદ્ધમાં મહત્ત્વ માનતા તેમને ભાંડકાવવા અને તેમની વચ્ચે સ્વામિજીની પ્રતિષ્ઠા ઘટાડવા એ નાસ્તિક શબ્દ વાપર્યો. એજ રીતે મિથ્યાદૃષ્ટિ શબ્દની પણ કદર્થના થઇ. જૈન વર્ગમાં કોઇ વિચારક નિકળ્યો અને કોઇ વસ્તુની ઉચિતતાનો વિચાર તેણે મૂક્યો કે તરતજ રૂઢીપ્રિય વર્ગે તેને મિથ્યાદૃષ્ટિ કહ્યો. એક જતિ કલ્પસૂત્ર જેવાં પવિત્ર પુસ્તકો વાંચે અને લોકો પાસે તેની પૂજા કરાવી જે દાન-દક્ષિણા આવે તે પોતે સૂચવી લે; વળી બીજો જતિ મંદિરની આવકનો માલિક થાય અને એ પૈસાથી અનાચાર વધારે; આમ બનતું જોઇ તેની અયોગ્યતા જ્યારે કોઇએ બતાવવા માંડી ત્યારે શરૂઆતમાં તો પેલા સ્વાર્થી જતિઓએ એ વિચારકને પોતાના વર્ગમાં ઉતારી પાડવા મિથ્યાદૃષ્ટિ સુદ્ધાં કહ્યો. આ રીતે શરૂઆતમાં નાસ્તિક અને મિથ્યાદૃષ્ટિ શબ્દો સુધારક અને વિચારક માટે વપરાવા લાગ્યા, અને હવે તો તે એવા સ્થિર થઇ ગયા છે કે જે મોટે ભાગે વિચારશીલ, સુધારક અને કોઇ વસ્તુની યોગ્યાયોગ્યતાની પરીક્ષા કરનાર માટેજ વપરાય છે. જૂનાં બંધનો, જૂનાં નિયમો, જૂની મર્યાદાઓ અને જૂનાં રીતરિવાજો દેશકાળ અને પરિસ્થિતિને લીધે અમુક અંશે બંધ બેસતાં નથી. તેના સ્થાનમાં અમુક પ્રકારનું બંધન અને અમુક પ્રકારની મર્યાદા રાખીએ તો સમાજને વધારે લાભ થાય. અજ્ઞાન અને સંકુચિતતાની જગોએ જ્ઞાન અને ઉદારતા સ્થાપીએ તોજ સમાજ સુખી રહી શકે. ધર્મ એ જો વિગ્રહવાદ વધારતો હોય તો તે ધર્મ હોઇ ન શકે; એવી સીધી, સાદી અને સર્વમાન્ય બાબતો કહેનાર કોઇ નીકળ્યો કે તુરતજ અત્યારે તેને નાસ્તિક, મિથ્યાદૃષ્ટિ અગર જૈનાભાસ કહેવામાં આવે છે. આ રીતે શબ્દોના ઉપયોગની અંધાધુંધીનું પરિણામ એ આવ્યું છે કે હવે નાસ્તિક શબ્દનીજ પ્રતિષ્ઠા વધી ગઇ છે. એક વખતે રાજમાન્ય શબ્દની અને લોકમાન્ય શબ્દની પ્રતિષ્ઠા હતી. પણ સમાજ ઉંચો ઉઠ્યો ત્યારે તેને રાજમાન્ય શબ્દ ખટક્યો અને રાજમાન્ય થવામાં ઘણીવાર સમાજદ્રોહ તેમજ દેશદ્રોહ પણ જણાયો; અને રાજદ્રોહ શબ્દ જે એકવાર ભારે ગુનાહિત માટેજ વપરાતો અને અપમાનસૂચક દેખાતો તેની પ્રતિષ્ઠા વધી પડી. આજે દેશ અને સમાજમાં એવું વાતાવરણ પેદા થયું છે કે તે રાજદ્રોહ શબ્દને પૂજે છે અને પોતાને રાજદ્રોહી જાહેર રીતે કહેવરાવવા હજારો નહિ પણ લાખો સ્ત્રી અને પુરૂષો બહાર આવે છે અને લોકો તેમને સત્કારે છે. માત્ર હિન્દુસ્તાનનોજ નહિ પણ આખી દુનિયાનો મહાન સંત એ મહાન રાજદ્રોહના અર્થમાંજ રાજદ્રોહી છે. આ રીતે નાસ્તિક અને મિથ્યાદૃષ્ટિ જે એક વખતે ફક્ત પોતાથી ભિન્ન પક્ષ ધરાવનાર માટે વપરાતા અને પછી કાંઇક કદર્થનાના ભાવમાં વપરાતા તે અત્યારે પ્રતિષ્ઠિત જેવા થતા જાય છે. "અંત્યજો એ પણ માણસ છે. એની સેવા લઈ એનો તિરસ્કાર કરવો એમાં એવડો ગુનો છે; વૈધવ્ય એ મરજીઆત હોઇ શકે, ફરજીઆત નહિ." એવા વિચાર ગાંધીજીએ મૂક્યા કે તેમને પણ મનુના વારસદાર કાશીના પંડિતોએ પ્રથમ નાસ્તિક કહ્યા, બીજા શબ્દમાં આર્ય સમાજિક કહ્યા અને કોઇએ ક્રિશ્ચિયન કહ્યા. વાંદરા અને વાળંદની ચર્ચા આવી કે વળી કોઇએ તેમને હિંસક કહ્યા; અને ખરેખર ગાંધીજી જો રાજપ્રકરણમાં પડ્યા ન હોત અને આવડી મોટી સલ્તનત સામે ઝઝુમ્યા ન હોત તેમજ તેમનામાં પોતાના વિચારો જગદ્વ્યાપી કરવાની શક્તિ ન હોત તો તેઓ અત્યારે જે કહે છે તેજ અંત્યજ અને વિધવા વિષે કહેતા હોત છતાં ભારે નાસ્તિક અને મૂર્ખ મનાત અને મનુના વારસદાર તેમનું ચાલત તો શૂળીએ પણ ચડાવત.

અપૂર્ણ.

વર્તમાન જૈન દીક્ષા અને તેમાં થવું જોઇતું પરિવર્તન.

દ્રષ્યાંત ૨ બીજું.

– તા૦ ૨૬-૧-૩૩ ના અંકથી ચાલુ –

પાટણમાં કનાસાના પાડામાં સ્વરૂપચંદ ઘેલાચંદ (પ્રચલીત નામ બકાચંદ) કરીને એક ભાઈ છે. તેમના પુત્ર સેવંતીલાલને, શ્રીમાન્ રામાવજયજીને પાટણ આવ્યા તે અરસામાં દીક્ષા આપવાની ઇચ્છા થઇ. સેવંતીલાલની ઉંમર તે વખતે આશરે ૧૩ વર્ષની હતી. તેમના પિતા સ્વરૂપચંદને, સેવંતીલાલને દીક્ષા અપાવવી નહોતી. સેવંતીલાલની માતા ગુજરી ગયા છે. તેમના ઘરમાં એમની ફોઇ (જેઓ સેવંતીલાલની માતાના સ્થાને છે) ની પણ દીક્ષા આપવા બાબત રજા નહોતી. છતાં પણ રામવિજયજીની સમજાવટથી સેવંતીલાલ પંદરે ને પંદરે દિવસે ઘેરથી નાસી જઇ રામવિજયજી જે સ્થાને હોય તે સ્થાને આવતા. વિહાર દરમ્યાન જે ગામડામાં હોય તે ગામડામાં પણ આવતા. તેમની પાછળ તેમના પિતાશ્રીને આવવું પડતું ને વખતો વખત ખર્ચમાં ઉતરવું પડતું. સેવંતીલાલના પિતાશ્રી પણ સેવંતીલાલને ન મળી શકે તેટલા માટે રામવિજયે, સેવંતીલાલને ગામડામાં સંતાડવાનો વિચાર કર્યો, અને એ વિચાર આસરે પાંચ છ સાધુ સમક્ષ વ્યકત પણ કર્યો, પરંતુ તેમના ગુરૂ શ્રી પ્રેમવિજયજીના નિષેધથી રામવિજયજી તે વિચારને અમલમાં લાવી શકયા નહિ. રામવિજયજી અમદાવાદ આવ્યા તે અરસામાં સેવંતીલાલ ઘેરથી નાસીને આવ્યા. રામવિજયજીએ સેવંતીલાલને અમદાવાદ બહાર જૈન સોસાયટીમાં ભકતોદ્વારા સંતાડયા. સેવંતીલાલના પિતાશ્રી પણ અમદાવાદ આવ્યા. સેવંતીલાલને શોધવા માટે ઘણીજ મહેનત તેમણે કરી. છતાં તેઓ સેવંતીલાલને શોધી શકયા નહિ. આખરે સોસાયટીના આગેવાનોને ઘણીજ અજીજી કરી ત્યારે તેઓએ સેવંતીલાલનો મેલાપ કરાવ્યો. તે પછી અમદાવાદથી રામવિજયજી વિહાર કરીને સાણંદ આવ્યા. ત્યાં પણ સેવંતીલાલ ઘેરથી નાસીને ગયા. તેમની પાછળ તેમના પિતાશ્રી સાણંદ આવ્યા, ત્યાં તેમણે રામવિજયજીને પોતાના પુત્રને ન સંતાડવા માટે ઘણાજ સમજાવ્યા, છતાં તેમણે સેવંતીલાલના પિતાનું કહેવું ન ગણકાર્યું. પાટણની સોસાયટી તરફથી પણ એક ભાઈ સેવંતીલાલના પિતાની સાથે સાણંદ ગયા. તેમણે પણ રામવિજયજીને કહ્યું કે–"સેવંતીલાલના નાસવાથી શાસન હેલણા થાય છે તો આપશ્રી સેવંતીલાલ નાસીને ન આવે તેમ કહેશો." આ પ્રમાણે સોસાયટી તરફના માણસનું કહેવુ પણ ન ગણકાર્યું, કારણ કે–સાણંદથી વિહાર કરીને રામવિજયજી વઢવાણ આવ્યા ત્યાં સુધી પણ સેવંતીલાલ ઘેરથી નાસી જઇ રામવિજયજીને મળ્યા હતા–ત્યાર બાદ રામવિજયજી વઢવાણ ચોમાસુ રહ્યા. ત્યાં પણ સેવંતીલાલ ઘેરથી નાસીને બે ત્રણવાર આવ્યા હતા. હવે અત્યારે સેવંતીલાલને પુછવામાં આવે છે ત્યારે સેવંતીલાલ દીક્ષા લેવા માટે નિષેધ કરે છે.

શાસ્ત્રકારો તો ભાર દઇને કહે છે કે–જેઓ સિંહ સમાન થઇને દીક્ષા લેતા હોય તેઓને માટે અનર્થ ઉત્પત્તિનો–ફરી સંસાર પ્રવેશનો સંભવ સેંકડે ૯૯ ટકા રહેતો નથી. પરંતુ જેઓ એ વૃત્તિ કેળવી શકતા નથી. તેઓ શિયાળ થઇને એટલે કે–વૈરાગ્ય વાસિત થયા સિવાય દીક્ષા લે છતાં સમય જતાં તેઓને ક્ષણિક સંસાર સુખ ફરી યાદ આવે અને સંયમથી પતિત થાય માટે વૈરાગ્ય વાસિત કરીનેજ દીક્ષા આપવી એ શ્રેયસ્કર છે.

જો શ્રી રામવિજયજીએ ભાઇ સેવંતીલાલના વૈરાગ્યની બરાબર પરીક્ષા કરી હોત તો અનેકવાર પ્રવ્રજ્યા લેવા માટે નાસ ભાગ કર્યા પછી ભાઇ સેવંતીલાલની દીક્ષા માટે આવી પ્રસંગમુખતા ન દેખાત. મને તો લાગે છે કે આવી રીતે શાસ્ત્રકારોની મર્યાદાઓનો લોપ કરીને દીક્ષા આપવા માટે ધમાલ કરવામાં કદાચ કાકતાલીય ન્યાયે દીક્ષા લેવાય કે અપાય તેમ છતાં એ દીક્ષા લીધા પછી વૈરાગ્ય ભાવના ભાગ્યેજ કાયમ રહે કે વધે–અથવા એમ કહી શકાએ કે–મોટે ભાગે વૈરાગ્ય ભાવના ભૂસાઇજ જાય છે.

આ દૃષ્ટાંતમાં રહેલી એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે "પાટણની સોસાયટી તરફથી એક માણસ જાય છે અને તેજ ભાઇ સેવંતીલાલને નસાડવા માટે નિષેધ કરે છે." આ ઉપરથી સૌ કોઇ સમજી શકશે કે સોસાયટીમાં રહેનારાની દશા કેવી અને કેટલી દ્વિમુખી થએલી છે! એક તરફથી તેઓ જોરશોરથી કહે છે કે "બીજાના કલ્યાણ માટે નસાડવા ભગાડવામાં શાસ્ત્રકારોને જરાએ વાંધો નથી. અને જેઓ તેમ કરવા માટે નિષેધ કરે છે તેઓ ધર્મદ્રોહી છે." જ્યારે બીજી તરફથી પોતાના ઘરના કે સંબંધીઓના માટે તેઓ પ્રસંગ આવે તે વખતે કેવી ધમાલ અને દોડાદોડ કરી મૂકે છે. આ ઉપરથી એમ માનવાને કારણ રહે છે કે સોસાયટીના શાસન રસિક માનવંતા મેમ્બરો ધર્મપ્રેમી નહિ પણ માત્ર સગવડીયા ધર્મપ્રેમીજ છે. ખરી હકીકત તો એ છે કે સોસાયટીનો માણસ પોતે જઇને શ્રી રામવિજયજીને, સેવંતીલાલને ન નસાડવા માટે કહે છે એ શું દર્શાવે છે? શ્રી રામવિજયજી આદિ દીક્ષા લેનારાઓને નસાડે ભગાડે છે, એથી ધર્મની હેલણા થાય છે માટે દીક્ષા લેનારને નસાડવા ભગાડવાની રીત શાસન રસિકોને પસંદ નથી. તેમ છતાં શાસન રસિકોના ટોળામાં ભળ્યા એટલે તેમને તેમનું ગાવું-ગાવુંજ પડે છે.

હવે એક વાત કહેવી જોઇએ કે સોસાયટી પોતાના ઉદ્દેશમાં જણાવે છે કે, શાસન સામે જેટલું હલકટ પ્રચારકાર્ય થાય તેનો સામનો કરવા અને બનતા પ્રયાસોયે સડાને દૂર કરાવવો તો સોસાયટીઓ આવા સડાઓ દૂર કરી-કરાવરાવી શાસન સેવાનો લાભ લેવા તૈયાર થાવ. જો અન્ય શહેરો અથવા ગામોની સોસાયટીઓને શાસન સેવાનો લાભ લેવાની ઇચ્છા ન હોય તો અને પાટણની સોસાયટી આવા દાખ્લાતોથી ચેતે અને તેને માટે યોગ્ય ઠરાવો કરે કે જેથી જૈન શાસ્ત્રકારોની આજ્ઞાઓને અદા કરી કહેવાય, કારણ જૈન શાસ્ત્રકારો જણાવે છે કે 'જેને પોતે ગુરૂ તરીકે માન્યા હોય તેઓના પણ જ્યારે દોષો જણાવામાં આવે તો તે દોષોને સુધારવા ગુરૂને વિજ્ઞપ્તિ કરે અને કહેવા છતાં પણ દોષોને ન સુધારે તો એનો વિરોધ કરે અને ભોળી જનતાને ચેતવે.' આથી એજ જણાવવાનું કે પાટણની સોસાયટીએ જૈન શાસ્ત્રકારોની આજ્ઞાના પહેલા પગથીયાનું પાલન કર્યું છે. જ્યારે પહેલા પગથીયાના પાલનનું ફલ જોવામાં નથી આવતું તો હવે બીજા પગથીઆનું પાલન કરવા પહેલીજ તક તૈયાર થાય એજ અભિલાષા. (અપૂર્ણ)

કાન્તિલાલ ભોગીલાલ શાહ માજી કુસુમવિજયજી.

વિજયનેમીસૂરિનું ઘોર અપમાન !

પોતાના ભક્તો મારફતે જગતગુરૂ અને શાસન સમ્રાટનું બીરૂદ લલકારનાર વિજયનેમીસૂરિનું શાસન પ્રેમીઓએ કેવી રીતે ઘોર અપમાન કર્યું તે આ પ્રમાણે છેઃ વિજય નેમીસૂરિએ ચીઠી આપીને બહુચરાજી પાસે સંખલપુર ગામમાં સંપ્રતિ મહારાજાએ ભરાવેલ શ્રી મહાવીરસ્વામિનું બિંબ લેવા માટે પોતાના ભક્તોને મોકલ્યા. નેમીસૂરિના ભક્તોએ સંખલપુર ગામના શેઠીઆઓને ઘણી વિનંતિ કરી અને કહ્યું કે તમારા દહેરાસરમાં સમારકામ માટે રૂા. ૨૦૦૦ આપીએ પણ તે ગામના લોકોએ ના પાડી, એટલે નેમીસૂરિના ભક્તો અમદાવાદમાં સોસાયટીના કેટલાક આગેવાનોને મળ્યા અને કહ્યું કે કદંબગીરીના તીર્થ ઉપર જો સંપ્રતિ રાજાની બનાવેલી પ્રતિમાની પ્રતિષ્ઠા મુલનાયક તરીકે થાય, તો સોનામાં સુગંધ મળે તેવું થાય. આથી સોસાયટીના કેટલાક આગેવાનો સંખલપુર વિજયનેમીસૂરિના ભક્તો મારફતે બીજીવાર નેમીસૂરિની ચીઠી સાથે ગયા–અને એવા સમાચાર બહાર આવે છે કે અમદાવાદના સોસાયટીના આગેવાનોએ તે સંપ્રતિની મૂર્તિના રૂા. ૧૫૦૦૦) ની માગણી માટે, સંખલપુર ગામના જૈનોને ખાનગીમાં સલાહ આપી.

શંખલપુર ગામનો મોટો ભાગ સોસાયટીવાળો છે અને ત્યાં સાંભળવા પ્રમાણે સોસાયટીની સ્થાપના પણ છે. એટલે સોસાયટી સરકારના ખાલી ખીસ્સા તર કરવા માટે હવે મૂર્તિઓની કીંમત વધારી તેનો ઉપયોગ જેમ ફાવે તેમ દીક્ષા ઝગડામાં કરવો હશે? રૂા. ૧૫૦૦૦) ની માગણી જ્યારે સંખલપુરમા જૈનો તરફથી માંગવામાં આવી ત્યારે નેમીસૂરિના ભક્તો વીલે મોઢે અમદાવાદ પાછા આવ્યા. અને તે શેઠીઆઓ પોતાની રહેતી સુરત નેમીસૂરિને બતાવવા માટે કદંબગીરી ઉપડી ગયા.

આ બનાવથી એકતો નેમીસૂરિજીનું ઘોર અપમાન થયું, અને મૂર્તિના રૂા. ૧૫૦૦૦) ની માગણીથી જણાઇ આવ્યું કે સોસાયટી સરકાર મૂર્તિઓ વેચીને પણ નાણું ભેગું કરવા માગે છે.

અમદાવાદી જૈન,
તા૦ ૨૩-૨-૩૩.

પાટણના જૈનોની જાહેર સભા.

મહાવદીતેરસને બુધવાર તા૦ ૨૨-૨-૩૩ ની રાત્રે સાડા સાત વાગે પંચાસરાજીના ચોકમાં **વાયુ સાહેબ દોલત ચંદજી અમીચંદજીના પ્રમુખપણા** નીચે મળી હતી તે વખતે નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતા.

(૧) વડોદરા રાજ્ય આજ્ઞાપત્રિકા તા. ૯-૨-૧૯૩૩ ના અંકમાં પ્રસિધ્ધ થયેલ **દિક્ષા નિયામક નિયમના મુસદ્દાને પાટણના જૈનોની આ જાહેર સભા વધાવીલે છે.** જૈનશાસ્ત્રોથી વિરૂદ્ધ વર્તીને કેટલાક સાધુઓએ અને તેમના ભક્તોએ ઉભી કરેલી હાલની ભયંકર પરિસ્થિતિમાં સુલેહ શાંન્તી સ્થાપનારો અને સગીરોનું હીત સાચવનારો આ એકજ નિયમ હોઇ હવે વધુ ઢીલ નહિ કરતા તાકીદે આ નિયમ મંજુર કરવા **દયાળુ રાજ્ય-પિતા શ્રીમંત સરકાર સયાજીરાવ ગાયકવાડ મહારાજાને પાટણ શહેરના જૈનોની આ સભા આગ્રહ પૂર્વક વિનંતિ કરે છે.**

(૨) પરહદના કેટલાક ચળવળીઆઓની ઉશ્કેરણીથી જૈન સમાજમાં દીક્ષાના બહાને ભયંકર પરિસ્થિતિ ઉભી કરનાર કેટલાક સાધુઓના હથીઆર બની અયોગ્ય દિક્ષાને ઉતેજન આપવા આ વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટીના ખોટા નામ નીચે પોતાની મેળે ઉભી થયેલ ટોળીનો પાટણના જૈનોની આ જાહેર સભા ખુલ્લી રીતે અસ્વિકાર કરે છે. અને વડોદરા રાજ્યની જૈન પ્રજાએ નહિ નીમેલી એવી આ ટોળીનો વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટી તરીકે અસ્વીકાર કરવાની અમો **દયાળુ રાજ્યપીતા શ્રીમંત સરકાર ગાયકવાડ મહારાજાને નમ્રતા પૂર્વક અરજ કરીએ છીએ.**

(૩) ઉપરના ઠરાવો યોગ્ય જગ્યાએ ઘટતી રીતે મોકલી આપવાની આ સભા પ્રમુખશ્રીને સત્તા આપે છે.

[૧૪૦ મા પૃષ્ઠ થી ચાલુ]

ફોજદારી નિયમ પ્રમાણે ફરિયાદ ચાલવા બાધ નથી.

૧૧. આ નિયમ વિરૂદ્ધ ગુન્હો બનતો હોય તે ઉપરાંત ફોજદારી નિયમ વિરૂધ્ધનો પણ ગુન્હો બનતો હોય તો તે નિયમ પ્રમાણે તે ગુન્હા બાબત ફરિયાદ ચાલવાને આ નિયમના કોઇ ઠરાવથી બાધ આવે છે એમ સમજવું નહીં.

તારીખ ૬ ઠે ફેબ્રુઆરી સન ૧૯૩૩.

પુ. વા. મહેતા. વિ. કૃ. ધુરંધર,
ન્યાયમંત્રી.

નમૂનો નિશાની ૧.
(જુઓ કલમ ૪.)

૧ હું જ્ઞાતે રહેવાસી ના/ની છું

૨ હું આ લેખથી જાહેર કરૂં છું કે

[ક] આ સંસાર તરફ વિતરાગ આવવાથી હું મારી રાજીખુશીથી સંન્યાસ દીક્ષા લઉં છું.

[ખ] મારી ઉંમર પૂરાં વર્ષની છે.

(ગ) મારા માતા પિતા હયાત છે નથી.

(ઘ) હું કુંવારો/કુંવારી છું.

(ઙ) હું વિધુર/વિધવા છું.

[ચ] હું પરણેલો/પરણેલી છું.

* [છ] મારી સ્ત્રી તથા છોકરાંના ભરણપોષણ માટે મેં યોગ્ય વ્યવસ્થા કરી છે, તે અર્થે મારી સ્ત્રીએ આ લેખ ઉપર સાક્ષ સહી કરી છે.

તારીખ સહી.
સાક્ષ

* દીક્ષા લેનાર સ્ત્રી હોય તો આ રકમ છેકી નાંખવી.

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3. and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay, 3.

ધર્મના નામે ધમપછાડા.

Reg. No. B. 2917
Tele. Add. 'Yuvaksangh'

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

છુટક નકલ ૧ આનો
વાર્ષિક રૂા. ૨-૮-૦

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર.
તંત્રીઃ-ચન્દ્રકાન્ત વી. સુતરીયા.

વર્ષ ૨ જું, અંક ૧૯ મો.
શનીવાર તા. ૪-૩-૧૯૩૩.

આટલું તો જરૂર કરો.

ત્યાગના બહાના નીચે બાળકોને ઉઠાવી જવાના ચોંકાવનારા કીસ્સાઓથી સમાજ ખળભળી ઉઠયો હતો, અને સાધુશાહી તેને ઠોકરે મારી અટ્ટહાસ્ય કરી રહી હતી. તે વખતે સુધારાના પ્રખર હિમાયતી નામદાર ગાયકવાડ સરકારે પ્રજાના રક્ષણાર્થે સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ બહાર પાડયો છે.

તમારા બાલ–બચ્ચાં તમને વહાલાં હોય, ધાડપાડુઓના પંજામાંથી તેમનું રક્ષણ કરવા માગતા હો તો, નિબંધને ટેકો આપવા

આટલું તો જરૂર કરો—

૧ અયોગ્ય દીક્ષાના હિમાયતી સાધુઓ, તેમ તેમના તરફથી ફરતા એજન્ટોના કાવાદાવાથી ચેતતા રહો.

૨ જાહેર સભાઓ ભરી સહાનુભૂતિના ઠરાવો કરો.

૩ સંસ્થાઓ તેમજ વ્યકિતઓ. તાર કે કાગળ દ્વારા સહાનુભૂતિના સંદેશા મોકલો.

દિવસો ગણ્યાંગાંઠયા બાકી છે; અયોગ્ય દીક્ષાના હિમાયતીઓ ગામડે ગામડે ઘુમી અનેક જાળો બીછાવી રહ્યા છે. એટલે વખત ગુમાવ્યા સિવાય તમારા અંતર અવાજને માન આપી વાલી તરીકેની ફરજ અદા કરો.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं इतर ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર)

પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૪-૩-૩૩.

ધર્મના નામે ધમપછાડા.

અયોગ્ય દીક્ષાના હિમાયતીઓની બેમરિયાદ વર્તણુંકને લીધે જૈન સમાજમાં કુસંપ, કલેશ અને કંકાસે ઘર કર્યું હતું; ભાઇ-ભાઇની વચમાં, પિતા-પુત્રની વચમાં, પતિ-પત્નિની વચમાં કડવાશના બીજ રોપાઇ રહ્યા હતા; મારામારી, કોર્ટ-દરબાર વિગેરે પાંગળી સમાજનું બળ ખર્ચાઇ રહ્યું હતું. સમાજ છીન્ન ભીન્ન સ્થિતિમાં મૂકાઇ ગયો હતો; કહો કે સમાજનું નાવ સુકાની વિહોણું ભર દરિયે ઝોલાં ખાઇ વિનાશના આરા તરફ ધસડાઇ રહ્યું હતું. તેનું મુખ્ય કારણ મધ અયોગ્ય દીક્ષા. તેમાંથી ઉગારવા સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ બહાર પાડી નામદાર ગાયકવાડ સરકારે જૈન સમાજમાં સળગતા દાવાનળને બુઝવી દેવાનું પ્રસંસનીય પગલું ભર્યું. એમ કહીયે તો લગારે ખોટું નથી.

જે આવ્યો તેને મુંડી નાંખવામાં પાવરધી બનેલી રામ-સાગરની મંડળીથી અને તેમનીજ મોરલી પર નાચતા સાધુ વર્ગથી અને ધર્માંધ શ્રાવક વર્ગથી કહેવાતા શાસન પ્રેમીઓથી આ સહ્યું કેમ જાય! એ નામચીન સાધુ સમુદાય આજે ધમપછાડા કરતો પૂરપાટ. જાણે મીર મારવા જતો ન હોય તેમ વડોદરા તરફ ધસી રહ્યો છે અને ગામડાં અને શહેરોમાંના ભોળા લોકોને સમજાવી રહ્યો છે કે "આ નિબંધ, 'આત્માઓની આધ્યાત્મિક ઉન્નતિના માર્ગને રૂંધનારો અને ધર્મની સ્વતંત્રતા ઉપર ત્રાપ મારનારો છે' માટે તેની સામે ઝુંબેશ ઉઠાવો, નહિ તો સાધુ વર્ગ નાશ પામી જશે." આવા ખોટા ગપાટા હાંકનાર એ ગપ્પીદાસોએ ક્યાંતો નિબંધ વાંચ્યો નથી અને જો વાંચ્યો છે તો સ્વાર્થને ખાતર ભોળી જનતાને ધર્મ રક્ષણને નામે ખોટે રસ્તે દોરે છે.

તેમની વડોદરા તરફથી કુચ ધર્મ માટેની નથી, પણ સ્વાર્થ અંગેની હોવાથીજ ગામડે ગામડે ભટકી તેમને વડોદરા જવાનું સૂઝયું છે. ગમે તે ભોગે નિબંધ રદ કરાવવાના આ તેમના પેતરા છે. જો આ પેતરા ન રચાય તો મોરીયા ઉંચકનારા, કાપ કહાડનારા, પગચંપી કરનારા, વગેરે કામો માટે પોતાની ઇચ્છાઓ તૃપ્ત કરનારાઓની જમાત મહોટી શી રીતે કરી શકાય? એટલેજ આ નિબંધ સામે ધમપછાડા અને કુચ કદમો શરૂ થઈ છે, એમને સાચા સાધુઓની જરૂર નથી પણ ટોળાની જરૂર છે, એટલે ભોળી જનતાને ધર્મના નામે ભમાવવાની ચાલ આદરી છે.

ધર્મના નામે ઘોષણા કરતા આ મહાત્મા (!) ઓને પાલીતાણા વખતે ધર્મ ઉપર ઘાડ નહોતી દેખાઇ. તે વખતે તો તેઓ અને તેમના ભકતો મૈાનજ સેવી રહ્યા હતા; જ્યારે આ અવસરે શોરબકોર કરવા મંડી પડયા છે. અરે! વડોદરા ઉપર ચડી જવા સુધીની ચેસળામાં ઉતર્યા છે. આ ઉપરથીજ આ ભાઈ સાહેબોના માનસનું માપ માપી શકાય છે કે, તેઓ ધર્મ માટે ધાંધલ કરી રહ્યા છે કે, સ્વાર્થ માટે! તે હવે સમાજને સમજાવવું પડે તેમ નથી.

ઓગસ કમીટી–વડોદરા રાજ્યમાં લગભગ પીસ્તાલીસ હજાર જૈનોની વસ્તી છે. તેનો મોટો ભાગ આ નિબંધની તરફેણમાં હોવાથી બહારના ધાંધલીઆઓએ થોડા વખત પહેલાં ઉંશ વિરતિ નામનું એક નાટક મહેસાણામાં ભજવેલું તેવુંજ એક નાટક 'વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટીની સ્થાપનાનું તા૦ ૧૬-૨-૩૩ ના રોજ મહેસાણામાં કોઇના ઘરની અંદર 'હું' 'આવો' ને 'મંગળદાસે' ભેગા થઇ ભજવ્યું છે. અને જગત આગળ એવો દેખાવ કરવામાં આવ્યો છે કે વડોદરા રાજ્યની જૈન પ્રજાના પ્રતિનિધિઓની હાજરીમાંજ આ કમીટીની સ્થાપના થઇ છે. ત્યારે અમારે થોડાક પ્રશ્નો પુછવા પડે છે.

૧. વડોદરા રાજ્યની જૈન શ્વે મૂર્તિપૂજક પ્રજાના નામની જે કમીટી નીમવામાં આવી છે એ કમીટી વડોદરા રાજ્યની સમગ્ર જૈન પ્રજાએ નીમી છે? કે વડોદરા રાજ્યમાં જે બસો પાંચસો ફદીયુસ્તો છે તેણે નીમી છે?

૨ મહેસાણાના પુલચંદ, સરૂપચંદ, ઉત્તમચંદ કે બબલચંદ માંથી કોઇ ખુલાસો કરશે કે આપે આમંત્રણો કોને મોકલેલા? કયારે મોકલેલા? વડોદરા રાજ્યની જૈન પ્રજાના કેટલા પ્રતિનિધિઓએ હાજરી આપેલી? કયા સ્થળે સભા ભરેલી? કયા મહા પુરૂષ પ્રમુખ સ્થાને બીરાજેલા? જે કમીટી નીમાઇ છે તેમાં કોણ કોણ સભ્યો છે? એ નીમવાના દરખાસ્ત ટેકા કોણે મૂકેલા? આનો હેવાલ કોઇ પેપરમાં બહાર નથી આવ્યો તો તેને કેમ છુપાવી રાખવામાં આવ્યો છે? શાથી બહાર નથી મૂકતા? કંઇ ભેદ છે? કે બધું તુત છે તેથી બહાર નથી મૂકતા?

જૈનોની જાહેર સભા

રવિવાર તા૦ ૫-૩-૩૩ ફાગણ સુદ ૯ રાત્રીના ૮ કલાકે પાયધુની આદીશ્વરજીની ધર્મશાળાના વ્યાખ્યાન હોલમાં "વડોદરા રાજ્ય સન્યાસ દીક્ષા નિબંધને અનુમોદન આપવા જૈનોની જાહેર સભા મળશે. જાણીતા વકતા યોગ્ય વિવેચનો કરશે સંમતી ધરાવતા દરેક ભાઇ બહેનોને પધારવા વિનંતી છે.

લિ૦

મુંબઈ જૈન યુવક સંઘ.

મુંબઇ તા૦ ૨૭-૨-૧૯૩૩.

શ્રીમંત સરકાર ગાયકવાડ વિ મે. રા. રા. વડોદરા રાજ્યના ન્યાયમંત્રી સાહેબની હજુરમાં,

મુ. વડોદરા.

સેવામાં અરજ કે—

આપ નામદાર તરફથી તા૦ ૯ માહે ફેબ્રુઆરી સન ૧૯૩૩ ની આજ્ઞા પત્રિકામાં સંન્યાસ દીક્ષા નિયામક નિબંધનો મુસદ્દો પ્રગટ કરવામાં આવેલો હોવાથી તેનો વિરોધ કરવા આ વખતે શ્રી વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટીના નામનો આશ્રય લેવામાં આવેલો છે તે કેટલો પોકળ છે તે આપ નામદારની નીગાહમાં રહે તે ખાતર આ પત્ર લખવા અનિવાર્ય ફરજ અદા કરવી પડી છે.

મુંબઇ સમાચાર સોમવાર તા૦ ૨૦ મી ફેબ્રુઆરી સને ૧૯૩૩ ના પૃષ્ઠ ૩ ઉપર "ધર્મ. મૂ. જૈનને પ્રજાને" શ્રી વિજય સિદ્ધિસૂરિશ્વરજી મહારાજનો સંદેશ "ધર્મ સ્વાતંત્રય રીત" "સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ સામે વિરોધ" એ શિર્ષક હેઠળ જે કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. તે વાસ્તવીક રીતે વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટીનો નથી, પરંતુ શિષ્ય લોભમાં અંધ બનેલા કેટલીક અમારા આચાર્યો તથા સાધુઓના અંધશ્રધ્ધાળુ ભક્તોના નામે વડોદરા રાજ્ય બહારની સાધુઓના શિષ્ય લોભમાં મદદ કરનારી સંસ્થાનો છે. કારણ આપ નામદારની સમિતિએ તૈયાર કરેલા નિવેદનમાં આપેલા પુસ્તક પાન ૫૧ પરિચ્છેદ ૬૭ ની લાઇન ૨૭ માં જણાવેલું છે કે "વડોદરા રાજ્યના જૈન લોકોનો મોટો ભાગ કાયદો કરવાની તરફેણમાં છે. કાયદા સામે જેમના તરફથી વધારે વિરોધ થયો છે તે વડોદરા રાજ્ય બહારનો છે" આ જનતની માન્યતા ખોટી છે અને જે વિરોધ છે તે વડોદરા રાજ્યની પ્રજાનોજ છે એમ જણાવવા ખાતરજ વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટીના નામે વ્યવસ્થિત રીતે વિરોધ ઉઠાવવાનો કાર્યક્રમ ગોઠવાયો છે.

મુંબઇ સમાચાર સોમવાર તા૦ ૨૭ મી ફેબ્રુઆરી સન ૧૯૩૩ ના પેજ ૧૪ ઉપર "મતભેદ બાજુએ મૂકી કાર્ય કરો, વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટીની સુચના" એ શીર્ષક હેઠળ શેઠ પુલચંદ ઝાંઝા અને અંબાલાલ લલ્લુભાઇ પટવા પેરેગ્રાફ બીજામાં જણાવે છે કે "શ્રી વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટીની નીમણુંક મહેસાણા જૈન ઉપાશ્રયમાં તા૦ ૧૬-૨-૩૩ ના રોજ વડોદરા રાજ્યના જાણીતા શહેરો અને ગામોના આસ બોલાવેલા આગેવાન જૈન ગ્રહસ્થોની મીટીંગમાં થઇ હતી."

આથી એ નિશ્ચિત થાય છે કે વડોદરા રાજ્યની જૈન પ્રજાની જાહેર આમંત્રણ દ્વારા પરિપદ કે સમેલન બોલાવીને વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટી નીમવામાં આવી નથી પરંતુ 'હું, ભાવો ને મંગળદાસ' એ રીતે શિષ્ય લોભી સાધુઓના અંધશ્રધ્ધાળુ કદીચુસ્તોએજ ભેગા થઇને નીમેલી અમુક કદીચુસ્તો જૈનોનીજ આ કમીટી છે. અને તે કમીટી સમસ્ત વડોદરા રાજ્ય જૈન પ્રજાની નથીજ અને તે કમીટીમાં વડોદરા રાજ્યની સમસ્ત જૈન પ્રજાનો અવાજ છે તેમ પણ નથી. કારણ કે વડોદરા રાજ્ય જૈન પ્રજાના નામે બોલવાનો અધિકાર તો ફકત વડોદરા રાજ્યની સમસ્ત જૈન પ્રજાએ નીમેલી કમીટીનેજ છે એ તો આપ નામદાર પણ સ્વિકારશો.

સંન્યાસ દીક્ષા પ્રતિબંધક નિબંધના મુસદ્દા ઉપર સુચનાઓ માગવામાં આવતાં આપ નામદાર તરફ સદરહુ મુસદ્દાનો વિરોધ કરનારા તારો, કાગળો વિગેરે એકજ જનતના કોપી-ટુ-કોપી આવેલા હોવાથી આપ નામદારની સમિતિના પ્રમુખ મે. રાવ-બહાદુર ગોવિંદભાઇ સાહેબે ખાસીક ઝુબાનીમાં શ્રીયુત્ ભાઇશ્રી ચીમનલાલ કેશવલાલ કઠીયાને પ્રશ્ન પુછયો હતો. એ આપ નામદારના સ્મરણ બહાર તો નહિજ હોય. હું ન ભુલતો હોઉં તો આપ નામદારની સમિતિએ ફરમાવ્યું કે વડોદરા રાજ્ય બહારનોજ વધારે વિરોધ છે તેનું કારણ પણ એજ હોવું જોઇએ કે એકજ જનતના ફરાવો અને તારો એકજ સંસ્થા કે વ્યક્તિ દ્વારા થવાનું આપ નામદારની સમિતિને ખાત્રી થતાં સદરહુ સંસ્થા કે વ્યક્તિ વડોદરા રાજ્ય બહારની હોવાનું આપ નામદારની સમિતિ પાસે પુરવાર થએલું હોવાથીજ આપ નામદારની સમિતિ નિર્ણય ઉપર આવી કે-(આપેલા નિવેદનનું પુસ્તક પાન-૨૧) "કાયદા સામે જેમના તરફથી વધારે વિરોધ થયો છે તે વડોદરા રાજ્ય બહારનાનો છે" આ જનતની ખાત્રી આપ નામદારની સમિતિને થઇ તેવી રીતેજ હું ન ભુલતો હોઉં તો મહેસાણા મુકામે નીમાએલી કમીટી એ નામનીજ કમીટી છે. અને એનો આત્મા તો વડોદરા રાજ્ય બહારનોજ છે. વડોદરા રાજ્યમાં પણ શિષ્યલોભી સાધુઓના અંધશ્રદ્ધાળુ ભકતો નજર હોય એમ કહી શકાયજ નહિ, એટલે વડોદરા રાજ્યના શહેરો કે ગામોમાંથી તેવા ભકતોનો સાથે લઇ વડોદરા રાજ્ય બહારની અમુક શિષ્યલોભી સાધુઓના શિષ્ય લોભમાં મદદ કરી ધર્મ માનનારી વ્યવસ્થિત રીતે સ્થપાએલી સંસ્થાએજ યોજેલી-કાર્યવાહી હોવાનું માનવાને કારણ છે. અને તે કાર્યવાહી પ્રમાણે મુસદ્દાનો વિરોધ કરનારા ફરાવો વડોદરા રાજ્યના શહેરો કે ગામોમાંથી, તે તે શહેરો કે ગામોના ચતુર્વિધ સંઘ કે સંઘના નામે આવશે એમાં શક નથી.

સંન્યાસ દીક્ષા નિયામક નિબંધને પહેલી તક કાયદાનું સ્વરૂપ આપવામાં આવે એ વિનંતી સાથે જણાવવાનું કે અમારા એ શિષ્ય લોભી સાધુઓ શિષ્ય લોભ માટે નહિ પરંતુ કલ્યાણ ખાતરજ દીક્ષા આપવામાં આવે છે એમ કહી જનતાને ભ્રમમાં નાંખી જે લાભ લેવે છે તે કેટલો પોકળ છે તે માટે મુની કુમુમવિજય તે હાલના કાંતિલાલ ભોગીલાલ શાહના આ સાથે રજુ કરેલા લેખો ઉપરથી જોઇ શકાશે.

સદરહુ કુમુમવિજયજી આપ નામદારની સમિતિએ તૈયાર કરેલા નિવેદનના આપેલા પુસ્તક પા. ૫૪ પરિચ્છેદ ૧૫૦ જણાવેલ કુમુમવિજય છે કે જેઓ વડોદરા રાજ્ય-પ્રાંત મહેસાણાના શહેર પાટણના રહીશ છે. તેની સગીર ઉમ્મરનો લાભ લઇ મુંબઇને બદલે અમદાવાદ મોકલી મુનિ રામવિજયજીએ પોતાનાજ

જૈન સમાજ અને દીક્ષા.

વડોદરા રાજ્ય તરફથી જાહેર પાડવામાં આવેલા સંન્યાસ દીક્ષા નિયામક નિયમોથી જૈન સમાજમાં ભારે ખળભળાટ મચી રહ્યો છે. ધાર્મિક વિષયમાં ગમે તેવા સારા કે અત્યંત જરૂરી સુધારાઓનો પણ ધર્મને નામે વિરોધ કરવો એ તો હવે રૂઢીચુસ્ત વર્ગોને માટે એક પ્રકારની ફેશન થઇ ગઇ હોય એમ લાગે છે જેમ હિન્દુ સમાજમાં તેમ જૈન સમાજમાં પણ એવો એક વર્ગ છે કે જે ગમે તેવા સંજોગોમાં પુરાણી ધાર્મિક રૂઢીઓને ચુસ્તપણે વળગી રહેવામાંજ ધર્મનું સાચું પાલન અને રક્ષણ માને છે. આ વર્ગ આજના યુગપ્રવાહને કે આજે જગતના સમાજોમાં થઇ રહેલા પરિવર્તનને સ્વીકારવા તો શું પણ પિછાણવા પણ તૈયાર નથી. મુંબઇમાં વસતા જૈનોમાં આવા એક વર્ગ તરફથી વડોદરા રાજ્યના એ સંન્યાસ દીક્ષા નિયામક કાયદા સામે વિરોધ ઉઠાવવા રવિવારે હીરાબાગમાં યંગ મેન્સ જૈન સોસાઇટીના આશ્રય નીચે એક સભા બોલાવવામાં આવી હતી. જૈન સમાજના યુવાન વર્ગની આવી સભા પ્રત્યે સહાનુભૂતિ હોય એવું અમે માની શકતા નથી અને સભાના હેવાલ ઉપરથી જણાય છે કે વસ્તુતઃ સભા જૈન સમાજના શ્રીમંત અને વયોવૃદ્ધ વર્ગ તરફથી બોલાવવામાં આવી હતી. સભામાં મોટે ભાગે જુની અને જાણીતી દલીલોજ કરવામાં આવી છે કે એ નવો કાયદો જૈન ધર્મોના સિધ્ધાંતોની વિરૂદ્ધનો છે; એવો કાયદો ઘડવામાં વડોદરા રાજ્ય જૈનોની ધાર્મિક લાગણી દુઃખવે છે તેમજ ધાર્મિક વિષયમાં ડખલગીરી કરે છે. સભામાં ઠરાવો પણ નિયમ પ્રમાણે એ કાયદા સામે વિરોધ દર્શાવી, તે પડતો મૂકવાની ભલામણ કરનારા હતા; અને જૈન સમાજના શ્રીમંત વર્ગનો આ કાર્યમાં મુખ્ય હાથ હોઇ એક સારૂં ફંડ ઉભું કરવામાં આવે એ પણ તદ્દન દેખીતું છે.

પરંતુ એ સભા બોલાવનારાઓએ કે સભામાં ભાષણ કરનારાઓએ એવો વિચાર સુદ્ધાં કરવાની જરાયે તકલીફ લીધી છે કે વડોદરા રાજ્યને એવો કાયદો ઘડવાની ફરજ શા માટે પડે છે? વળી જેઓ આવા જૈન સમાજને નામે એ કાયદાનો વિરોધ કરે છે તેઓ સમાજના યુવક વર્ગ તેમજ સુધારક વર્ગની તદ્દન અવગણનાજ કરે છે, પરંતુ આજના સમયમાં અને ઝડપથી પરિવર્તન પામતી દુનિયામાં કોઇ પણ સમાજને માટે યુવાન વર્ગની અવગણના કરવી લાંબો વખત પરવડે તેમ નથી એ તેઓએ ભુલવું નથી જોઇતું. આજે કદાચ સંખ્યાબળ કે નાણાંબળને કારણે રૂઢીચુસ્ત વર્ગ સુધારકોનો અવાજ ઢાંકી દેવામાં સફળ થતો હોય તો પણ હવે તેમનું એ બળ લાંબો સમય ટકી શકે તેમ નથી, કારણ કે યુવાન વર્ગ ધીમે ધીમે પણ મક્કમપણે આગળ વધતો જાય છે અને અલ્પ સમયમાં તેમનું નાણાંબળ નહિ તો સંખ્યાબળ તો જરૂર વધવાનું છે, અને રૂઢીચુસ્ત વર્ગના ગમે તેવા અને ગમે તેટલા પ્રયત્નો એ બળને રોકી શકવાના નથી એ વાતનું જેટલું તેમને સત્વર ભાન થાય તેટલું સમાજને માટે હિતકર છે.

વડોદરા રાજ્યના ખરડાનો વિરોધ કરતાં એક વકતાએ એવી દલીલ કરી છે કે આ કાયદા સંબંધી તપાસ કરવા માટે ના૦ ગાયકવાડ સરકારે નીમેલી કમીટી જૈન ધર્મના સિદ્ધાંતોનું જ્ઞાન ધરાવનારા જૈન મુનિમહારાજો અને આચાર્યોની જુબાની લેવામાં નિષ્ફળ નિવડી હતી. પરંતુ જેઓ એ ખરડાની ઉત્પત્તિનો ઇતિહાસ જાણે છે તેઓ વડોદરા રાજ્યને એ અનિષ્ટને મૂળમાંથીજ દાબી દેવાની જરૂર શા માટે પડી તે તેઓ સારી રીતે સમજે છે. બાળ દીક્ષાના પ્રશ્નની ચર્ચા અંગે જૈન સમાજમાં અને ખાસ કરીને જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજમાં જે ઝઘડાઓ થયા છે તે જાણીતા છે અને તે બતાવી આપે છે કે જૈન સમાજનો એક જાગૃત વર્ગ એવા કૃત્યોથી સખ્ત વિરૂધ્ધ છે. દીક્ષાની હિમાયત કરનારાઓને અમે પૂછીએ છીએ કે શું જૈન ધર્મમાં નાની વયનાં બાળકોને, તેમના માબાપ કે વાલીવારસની સંમતિ વિના છુપી રીતે દીક્ષા આપવાનું ફરમાવ્યું છે? જૈન ધર્મના સિધ્ધાંતોનું જ્ઞાન ધરાવનારા મુનિમહારાજો અને આચાર્યોને અમે પૂછીએ છીએ કે શું જૈન ધર્મના સિદ્ધાંતો જે નાના બાળકોને ધર્મનું પુરૂં જ્ઞાન પણ ન હોય અને જેમની બુદ્ધિશક્તિ પોતાનું હિતાહિત વિચારવા જેટલી હદે ખીલી ન હોય તેમને, તેમના માબાપ કે વાલીવારસની સંમતિ વિના દીક્ષા આપવાની સંમતિ આપે છે કે? સંસાર માત્રનો ત્યાગ કરવાનો દાવો કરનારા મુનિરાજો માટે ચેલાઓની સંખ્યા વધારવાનો મોહ રાખવો એ શું ધર્માનુસાર છે? ઉપરાંત અમે દીક્ષાના હિમાયતીઓનું જૈન સમાજનું કેટલાક દીક્ષિતોએ સંન્યસ્તનો ત્યાગ કરી કરી સંસાર ગ્રહણ કર્યાના જે ઉપરાઉપરી બનાવો બન્યા છે તરફ ધ્યાન ખેંચીએ છીએ, અને એવી ઘટનાઓ ઉપરથી સાચી વસ્તુસ્થિતિ સમજવા આગ્રહ કરીએ છીએ.

શિષ્ય તરીકે આચાર્ય સિદ્ધિસૂરીજી પાસે દીક્ષા અપાવરાવી હતી. અને ૧૯૩૨ ના નવેમ્બરમાંજ વઢવાણ મુકામેથી તેઓ રામવિજય પાસેથી સાધુ વેશ ત્યાગી ચાલી નીકળ્યા હતા; તેથી એનો કબજો લેવા અમદાવાદના સ્ટેશન ઉપર પોલીશની ડખલગીરી સાથે અમદાવાદના સીટી મેજીસ્ટ્રેટની કોર્ટમાં કામ ચાલ્યું હતું. તો આપ નામદારની સ્મરણ બહાર તો નહિજ હોય.

આ સાથે નીચે મુજબ લેખો સામેલ છે.

૧. મુનિ કુસુમવિજય તે હાલના કાંતિલાલ બેગીલાલ શાહના લેખો.

અ પ્રબુદ્ધ જૈન તા૦ ૩૧-૧૨-૩૨ પેજ ૭૯.

બ પ્રબુદ્ધ જૈન તા૦ ૨૧-૧-૩૩ પેજ-૧૦૨.

ક પ્રબુદ્ધ જૈન તા૦ ૨૫-૨-૩૩ પેજ-૧૪૩.

૨. મુંબઇ સમાચાર તા૦ ૨૭ મી ફેબ્રુઆરી સને ૧૯૩૩ ને સોમવાર.

હું છું આપ નામદારનો સેવક,
આપ નામદારની સમિતિ સમક્ષ જુબાની આપનાર

મુંબઇ પોસ્ટ નં. ૪
ગોળપીઠા હરવાળા
બીલ્ડીંગ નં. ૧૧
રૂમ નં. ૬૨.

કેશવલાલ મંગળચંદ શાહ.
મંત્રી શ્રી પાટણ જૈન યુવક સંઘ.
રાજ્ય વડોદરા-પ્રાંત મહેસાણા.

સંન્યાસ દીક્ષા સંબંધે—જ્ઞાન ચર્ચા.

[વડોદરા ખાતે, વ્યાકરણાચાર્ય શ્રીયુત પં. અંબાલાલ શાસ્ત્રીએ સંન્યાસ દીક્ષા-પ્રશ્ન પર મુનિ મહારાજશ્રી ન્યાયવિજયજીનો લીધેલો ઇન્ટરવ્યુ.]

સ૦–બાલદીક્ષા શું શાસ્ત્રસિદ્ધ નથી?

જ૦–બાલદીક્ષા વિરલ વસ્તુ છે. અને અસાધારણ સંયોગમાં તેની શાસ્ત્ર સિદ્ધતા છે.

સ૦–અસાધારણ સંયોગ કયા?

જ૦–પૂર્વ સંસ્કારના મહાન્ યોગે જેનામાં સાચી જ્ઞાનદૃષ્ટિ અને વાસ્તવિક વૈરાગ્ય ભાવના જાગૃત થયાં હોય તેવો કોઇ મહાન્ બાળક હોય તો તેવાને અનુકૂળ સંયોગે વિશિષ્ટ ગુરૂ દીક્ષા આપી શકે.

સ૦–ગુરૂમાં વિશિષ્ટતા શી?

જ૦–વિમળ ચારિત્ર યોગમાં રમણતા અને જેમાં નિમિત્તાદિ જ્ઞાનનો રૂડો પ્રકાશ જાજ્વલ્યમાન હોય એવી બહુ શ્રુતવશક્તિ.

સ૦–પાંચમાં આરામાં બાલદીક્ષાઓ તો બહુ થઇ છે એનું કેમ?

અમે જાણીએ છીએ ત્યાં સુધી ગુજરાત કાઠિયાવાડના કેટલાક ગામોના સંઘોએ બાળ દીક્ષાના કાર્યને વખોડી કાઢયું છે એટલુંજ તહિ પણ એવી પ્રવૃત્તિ કરનાર કોઇ પણ મુનિ-મહારાજના કાર્યમાં સાથ આપવાની સાફ ના પાડી છે અને કોઇ પણ સમજદાર, વિવેકી અને બુદ્ધિશાળી સમાજ માટે એજ પગલું વ્યાજબી અને સ્તુત્ય છે. જો આખો જૈન સમાજ એવી ડહાપણભરી બુદ્ધિથી વર્તે અને અયોગ્ય રીતે કે અણઘટતી વયે દીક્ષા આપવાના કાર્યને સંમતિ કે સાથ ન આપે તો કોઇ પણ રાજ્યને કાયદો ઘડવાની જરૂર નજ રહે એ સૌ કોઇ સમજી શકે એવી વાત છે; પરંતુ જ્યાં સુધી રૂઢીચુસ્ત અને પુરાણપ્રિય વર્ગ, ધર્મને નામે ધર્મમાં જેને કદિ સંમતિ આપવામાં આવી ન હોય એવું વર્તન કરવાનો આગ્રહ રાખશે ત્યાં સુધી તો સમાજ સુધારા માટે કાયદાઓ ઘડવા એ સાજ્યની અનિવાર્ય ફરજ થઇ પડશે.

જૈન સમાજના રૂઢી રક્ષકોએ સમજવું જોઇએ છે કે બાળદીક્ષા એ માત્ર અયોગ્યજ નહિ પણ સામાન્ય માનવતાની દૃષ્ટિએ અનિચ્છનીય છે. એવા કાર્યોથી ધર્મનું ગૌરવ વધતું નથી, પરંતુ ઘટે છે. જ્યારે રૂઢીચુસ્ત વર્ગ વડોદરા રાજ્યના એ કાયદાનો વિરોધ કરવાનો શોરબકોર મચાવી રહ્યો છે, ત્યારે **સુધારક વર્ગે અને ખાસ કરીને યુવાન વર્ગે પોત પોતાના વિચારો વ્યકત કરવા ન જોઇએ? વડોદરા રાજ્યને તેમજ આખા જૈન સમાજને સાચી વસ્તુસ્થિતિનું ભાન કરાવવું એ તેમની ફરજ છે, અને જો તેઓ બાળ દીક્ષાના સંબંધમાં જૈન કોમની સાચી લાગણી જાહેર કરવામાં નિષ્ફળ જશે તો તેઓ પોતાની ફરજ ભુલ્યા છે એમ કહેવાશે. અમે આશા રાખીએ છીએ કે જૈન સમાજ કે જેને સંન્યાસ દીક્ષાના વડોદરા રાજ્યના કાયદા સાથે લાગેવળગે છે તેઓ હવે ઉદાસીનવૃત્તિ ત્યાગી સાચો પ્રજામત પ્રગટ કરવાની હિમ્મત દાખવી જૈન ધર્મનું ગૌરવ જાળવશે. એ તેમનું કર્તવ્ય છે; એજ તેમનો ધર્મ છે, એવી અમારી નમ્ર માન્યતા છે.**

—નવ ભારત.

જ૦–થઇ છે પણ સિધ્ધાન્તદૃષ્ટિએ એવાં બધાં ઉદાહરણોનું અવલંબન ન લેવાય. હેમચંદ્ર કે વજ્ર વિગેરેનાં ઉદાહરણ–આદર્શ ઉદાહરણ છતાં વિરલ કોટીનાં ગણાય. એવી અસાધારણ સ્થિતિની બાળદીક્ષા કવચિત્ બને. ધોરી માર્ગના વિચાર પર એવી ઘટનાઓ કામ ન આવે.

સ૦–ત્યારે દીક્ષા બાબત ઉમ્મરની બાબતમાં કેટલી કરાવવી યોગ્ય ધારો છો?

જ૦–બાલદીક્ષા એ વસ્તુ સ્વભાવે વિરલ હોઇ રાજમાર્ગની દૃષ્ટિના ધોરણે બાળ વયઃ વિષે દીક્ષા રખાય એમ હું માનું છું.

સ૦–બાલ વયઃ કયાં સુધી?

જ૦–મારા મત પ્રમાણે "સોળે શાન" એટલે સોળ વર્ષ થતાં બાળ વય બંધ થાય.

સ૦–બાલ વય વીત્યા પછી દીક્ષા માટે વડીલ આદિની પરવાનગી લેવાની જરૂર ખરી?

જ૦–નૈતિક ધોરણે માતા-પિતા આદિ વડીલોની અનુમતિ લેવી આવશ્યક છે. ધર્મ શાસ્ત્રમાં પણ તેનું ફરમાન છે.

સ૦–તેઓ પરવાનગી ન આપે તો?

જ૦–તો તેમને વિરકત-ઉમેદવાર પ્રબોધવા પ્રયત્ન કરે. ધીરજ રાખી તેમને સમજાવે, યોગ્ય ઉપાયો ગ્રહણ કરે અને તેમના મન પર અસર કરવા ત્યાગવિધિને વધુ પોષે તો નવાણું ટકા અનુમતિ મળેજ.

સ૦–પણ તેમ કરતાંયે કદાચિત્ એક ટકાના સ્થાને અનુમતિ ન મળે તો? પછી કેમ કરવું?

જ૦–તો 'શિવકુમાર' કે 'કુર્મપુત્ર'ની પેઠે ઘરમાં રહી ચારિત્ર પળાય. પણ મહોપકારી માતાપિતાને સન્તાપમાં બળાત્કારે દીક્ષા ગ્રહણ કરવી એ તો અયુકત છે, અને 'પંચસૂત્ર' એને સ્પષ્ટ શબ્દોમાં વખોડે છે.

સ૦–પણ 'પંચસૂત્ર'માં "જ્ઞાનોપધ્યવત્ ત્યાગઃ" કહ્યું છે ને? અર્થાત્ ઔપધોપચાર ખાતર જ્ઞાનને છોડી જવું પડે, તેમ માતાપિતા કોઇ રીતે ન માને તો દીક્ષા ખાતર તેમને તજે એમ નથી?

જ૦–પણ સઘળા ઉપાયો અજમાવ્યા પછી, અને તે પણ માતાપિતાની હિતદૃષ્ટિ ધ્યાનમાં રાખીનેજ, અર્થાત્ તેમને કકળાતા મૂકીને તો નહિજ. શાન્ત અને મંગળ દીક્ષા જે સર્વસત્ત્વ હિતાવહ છે. અને જેને ગ્રહણ કરી સર્વભૂત દયાનો મહાન્ ધર્મ સાધવાનો છે. તે મહાન્ દીક્ષા ગ્રહણ કરતાં પોતાના સર્વોત્કૃષ્ટ ઉપકારી માતપિતાને પરિતાપના કુંડમાં પટકે તો તે દીક્ષા કેમ યોગ્ય ગણાય? એટલાજ માટે પરોપતાપ ન થાય તેમ દીક્ષા ગ્રહણ પર 'પંચસૂત્ર' ભાર મૂકે છે.

સ૦–ઉમેદવાર વિવાહિત હોય તો તેણે પોતાની પત્નિની સમ્મતિ લેવી ખરી કે?

જ૦–એમાં તે શું પૂછવું? દમ્પતિ વિવાહ વખતે પરસ્પર જવાબદારીથી બદ્ધ થાય છે. એટલે દીક્ષા માટે પોતાની પત્નિને પતિએ અને પોતાના પતિને પત્નિએ પૂછવું અને સુલેહથી કામ લેવું જોઇએ અને વ્યવસ્થા કરવાની જરૂર હોય તે પાર પાડીને દીક્ષા લેવી શોભાસ્પદ છે, એ પુરૂષે ધ્યાનમાં રાખવું ઘટે—

તા૦ ૨૭-૨-૩૩ } મંત્રી.
વડોદરા. } શ્રી જૈન યુવક સંઘ.

આસ્તિક અને નાસ્તિક શબ્દની મીમાંસા.

[લેખક : પં. સુખલાલજી.]

— ગતાંકથી ચાલુ —

આ રીતે જ્યારે આવેશથી પુરાતન પ્રેમીઓએ આવેશમાં આવી વગર વિચારે, ગમે તેવા વિચારી અને ગમે તેવા લાયક માણસને પણ ઉતારી પાડવા અને તેની વિરુદ્ધ લોકોને ઉશ્કેરવા નાસ્તિક જેવા શબ્દો વાપર્યા ત્યારે તે શબ્દોમાં પણ ક્રાન્તિ દાખલ થઈ અને તેનું 'અર્થચક્ર' બદલાતાં મહત્તાચક્ર બદલાવા લાગ્યું, અને સ્થિતિ લગભગ એવી આવી ઉભી છે કે રાજદ્રોહની પેઠે નાસ્તિક, મિથ્યાદૃષ્ટિ આદિ શબ્દો માન્ય થતા ચાલ્યા છે. કદાચ જોનારના પ્રમાણમાં માન્ય ન થયા હોય તોપણ હવે એનાથી કોઈ ભાગ્યેજ ડરે છે. ઉલટું પોતાને રાજદ્રોહી કહેવડાવવા જેમ ઘણા આગળ આવે છે તેમ ઘણા તો નિર્ભયતા કેળવવા પોતાને નાસ્તિક કહેવડાવતાં જરાય અચકાતા નથી અને જ્યારે સારામાં સારા વિચારકો, લાયક કાર્યકર્તાઓ અને ઉદાર મનના પુરુષોને પણ કોઈ નાસ્તિક કહે છે ત્યારે આસ્તિક અને સમ્યગ્-દૃષ્ટિ જેવા શબ્દોનો અર્થ બદલાઈ જાય છે અને હવે તો આસ્તિક તેમજ સમ્યગ્દૃષ્ટિ શબ્દનો લગભગ વ્યવહારમાં લોકો એજ અર્થ કરે છે કે જે આપ્યા કે બોટી ગમે તેવી જૂની રૂઢીને વળગી રહે, તેમાં ઉચિતપણા અનુચિતપણાનો વિચાર ન કરે, સાચું કે બોટું કાંઈ પણ તપાસ્યા સિવાય તથા વિચાર, નવી શોધ અને નવી પદ્ધતિ માત્રથી ભડકે અને જ્યાંય કાળક્રમે એને પરાણે વશ થતો જાય તે આસ્તિક, તે સમ્યગ્-દૃષ્ટિ. આ રીતે વિચારક અને પરીક્ષક અગર તર્ક–પ્રધાન અર્થમાં નાસ્તિક આદિ શબ્દોની પ્રતિષ્ઠા જતમતી જાય છે અને કદાગ્રહી, જડની એવા અર્થમાં આસ્તિક આદિ શબ્દોની દૃઢશા થતી દેખાય છે. આ જમાનામાં જ્યારે શસ્ત્રથી લડવાનું ન હતું ત્યારે દરેકને માટે લડવાની વૃત્તિ તૃપ્ત કરવાનો આવો શાબ્દિક માર્ગ રહ્યો હતો અને નાસ્તિક કે મિથ્યાદૃષ્ટિ શબ્દોના ગોળા ફેંકાતા. પણ આ અહિંસક યુધ્ધે જેમ શસ્ત્રને નિષ્ક્રિય કર્યાં તેમ પેલા નાસ્તિક આદિ શબ્દો જે વિષમય અસ્ત્રની પેઠે ફેંકાતા તેને પણ નિર્વિષ અને ઘણીવાર તો જીવનપ્રદ અમૃત જેવા બનાવ્યા. આ ક્રાન્તિ યુગનો પ્રભાવ છે, પણ આથી કોઈ વિચારક કે સુધારક હરપળ પોતાનું કર્તવ્ય ભૂલી જવાનું નથી. ઘણીવાર ક્ષુલ્લક વિચારકો અને ભારે સ્વાર્થી સુધારકો પોતાને નાસ્તિક કહેવડાવીને પણ સામા પક્ષને અન્યાય કરવા તૈયાર થાય છે, તેઓએ પણ ચેતવાનું છે. ખરી રીતે કોઈ પક્ષકારે આવેશ કે ઝનૂનમાં આવી જઈ બીજા પક્ષને માત્ર વગોવવા ખાતર કોઈ પણ જાતના શબ્દનો પ્રયોગ કરવો એ તાત્ત્વિક દૃષ્ટિએ હિંસાજ છે. પોતાનાથી ભિન્ન વિચાર ધરાવનાર માટે સમભાવે અને પ્રેમથી યોગ્ય શબ્દ વાપરવો એ એક વાત છે અને ઝનૂનમાં આવી બીજાને ઉતારી પાડવા હદ બહારના શબ્દો વાપરવા એ બીજી વાત છે; છતાં દરેક બોલનારને મોઢે કાંઈ તાળું દેવાતું નથી અગર દરેક લખનારના હાથ કાંઈ બંધાતા નથી, એટલે કોઈ ઉતાવળિયાઓ જ્યારે ભિન્ન મત ધરાવનાર માટે અમુક શબ્દ વાપરે ત્યારે ભિન્ન મત ધરાવનારની અહિંસક ફરજ શી છે તે છેવટે આપણે વિચારી જવી જોઇએ.

પહેલું તો એ કે પોતાને માટે જ્યારે કોઇએ નાસ્તિક કે એવો બીજો શબ્દ વાપર્યો હોય ત્યારે એટલુંજ વિચારવું કે તે સામા ભાઇએ મારે માટે ફકત જુદો મત ધરાવનાર અથવા એના મતને ન માનનાર એટલાજ અર્થમાં સમભાવે અને વસ્તુસ્થિતિ–સૂચક શબ્દ વાપર્યો છે. એ ભાઇની એ શબ્દ વાપરવાની પાછળ કોઈ દુર્વૃત્તિ નથી એમ વિચારી તેના પ્રત્યે પણ પ્રેમવૃત્તિ અને ઉદારતા કેળવવી.

બીજું એ કે જો એમજ લાગે કે અમુક પક્ષકારે મારે માટે આવેશમાં આવી નિંદાની દૃષ્ટિથી અમુક શબ્દ વાપર્યો છે, ત્યારે એમ વિચારવું કે એ ભાઇની ભૂમિકામાં આવેશ અને સંકુચિતપણાનાં તત્ત્વો છે, એ તત્ત્વોનો એ માલિક છે અને જે વસ્તુનો જે માલિક હોય તે માણસ તે વસ્તુનો મરજી પ્રમાણે ઉપયોગ કરવા સ્વતંત્ર છે. તેનામાં જો આવેશનું તત્ત્વ હોય તો ધીરજ ક્યાંથી આવવાની? અને જો સંકુચિતપણું હોય તો ઉદારતા ક્યાંથી પ્રગટવાની? અને જો આવેશ અને સંકુચિતતાના સ્થાનમાં ધૈર્ય અને ઉદારતા તેનામાં લાવવાં હોય તો, તો તે એજ રીતે આવી શકે કે તેણે ગમે તેવા કડવા શબ્દો વચ્ચે પણ પોતાનામાં ધીરજ અને ઉદારતા કેળવવી; કારણ કે કાદવ કોઇ બીજા કાદવથી ન ધોવાય પણ પાણીથીજ ધોવાય.

ત્રીજું એ કે જ્યારે કોઇ પોતાના મત અને વિચારની વિરુદ્ધ આવેશ કે શાન્તિથી કાંઇ પણ કહેતો હોય ત્યારે તેના કથન ઉપર સહાનુભૂતિથી વિચાર કરવો. જો સામાના આવેશી કથનમાં પણ સત્ય લાગે તો તેને પચાવવાની ઉદારતા રાખવી અને પોતાના વિચારમાં સત્ય દેખાય તો ગમે તેટલો પ્રચંડ વિરોધ છતાં પણ અને ગમે તેટલું જોખમ આવી પડે છતાં પણ નમ્ર ભાવે એજ સત્યને વળગી રહેવું.

જો આ રીતે વિચારવામાં અને વર્તવામાં આવે તો શબ્દની મારામારીનું ઝેર ઓછું થઇ જાય. ભાષા સમિતિની અને વચનગુપ્તિની જે પ્રતિષ્ઠા લગભગ લોપ પામતી જાય છે તે પાછી જામે અને શાન્તિનું વાતાવરણ ઉભું થાય. સંપૂર્ણ.

(પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો વર્ષ ત્રીજા પરથી.)

મહુવામાં બે બાળાને નસાડવાનો નિષ્ફળ પ્રયત્ન.

બાળાઓ સ્ટેશનેથી પાછી આવી.

થોડા વખત અગાઉ મહુવામાંથી બે કુમારીકાઓને દીક્ષા માટે નસાડવાનો નિષ્ફળ પ્રયત્ન કરવામાં આવ્યો હતો. બન્ને બહેનોએ પોષધ કરેલ હતો અને રાત્રીના, બીજાના સાથે સ્ટેશને પહોંચી ગઈ હતી. પરંતુ તેમનાં સંબંધીઓને ખબર પડી જતાં, રસ્તે ઉપરે તે પહેલાં સ્ટેશનેથીજ પાછી આવેલ છે.

લગભગ બોદ પંદર વર્ષની બાળાઓને નસાડવાના પ્રયત્ન તરફ અણગમો બતાવવા અને તેમાં સામેલ થનારને નાયત કરવા સંઘરૂપે એકત્ર થયો હતો. કેટલીએક ઉહાપોહ પછી ચોક્કસ સાબીતીના અભાવે હાલ કાંઇ પણ પગલું ભરાયું નથી.

યુવાન કુમારીકાઓને નસાડવામાં કેટલું ભયંકર દુઃખ સમાયેલું છે તે કહેવાતા સાધુ, સાધ્વીઓ વિચાર કરતા નથી એ ખરેખર શોચનીય છે.

જૈન સમાજ ચેતશે?

વડોદરા તરફ કવીક માર્ચ કરતી સાધુઓની ફોજ.

સંભળાય છે અને ચોક્કસ પાયે એમ જાણવામાં આવ્યું છે કે, ચારેય દિશામાંથી ને ખુણે ખુણેથી અયોગ્ય દીક્ષાના હિમાયતી સાધુ-બાળાઓની કવીક માર્ચ કરતી સેનાઓ વડોદરા ઉપર ધાડ પાડવા ઉથલી પડી છે. મુંબઇથી સાગરજી, સાગર ડોળવા દંડ-કમંડળ લઇને ચતુરંગ સેનાથી સજ્જ થઇ દોડતા આવે છે; પાલીતાણાથી રામવિજયજી અને જ્ઞાનવિજયજી ભાગ્યા ભાગ્યા આવે છે; અને સુરતથી લબ્ધિવિજયજી પણ અવિશ્રાન્ત પગલાં પાડતાં, સેનાને તૈયાર કરતાં કરતાં તે ધર્મઘેલી પ્રજામાં રણશીંગડા ફૂંકતાં ફૂંકતાં દોટે દોટે દોડયા આવે છે. દૂર દૂરથી વડોદરા સરકારને દમદાટી અને ધોટી, ધમકીઓ દઇ રહ્યા છે. સાધુ મહારાજોને હવે ધર્મને બહાને સ્વાર્થનું રક્ષણ કરવાની તિવ્ર તાલાવેલી લાગી છે, અને ભોળી જનતામાં ભુંસુ ભર્યું છે કે, 'વડોદરા સરકાર આવો કાયદો કરી અમારૂં સર્વસ્વ લૂંટી રહ્યા છે-ધર્મનો નાશ કરી રહ્યા છે!'

પણ ભાઇઓ! એમનો ધર્મ શું? એ જિનેશ્વર ભગવાને ભાખેલો ધર્મ નહીં પણ ચેલાઓના મોહથી પોષાતી સ્વાર્થવૃત્તિનું પોષણ એ એમનો ધર્મ થઇ પડયો છે.

જિનેશ્વર ભગવાને ભાખેલા ધર્મનું રક્ષણ કરવાનો જમાનો પાલીતાણામાં શત્રુંજયની યાત્રા બંધ થઈ ત્યારે હતો. પણ તે વખતે તો શિયાળીયાં અને હરણીયાં ઝાડીમાં ભરાઇ જાય તેમ આ સાધુ-બાવાઓ ઉપાશ્રયની દિવાલોમાં ગોંધાઇ રહ્યા હતા. તે કોણ કયાં છે તેનો પત્તોય લાગતો ન હતો; કારણ કે, તે વખતે તો કોરા ચણા ફાકવાના હતા અને પગ પર કુહાડી લેવાની હતી.

પણ આજ તો એમના ચેલાઓ અટકી પડે છે, એટલે બધાય ઝાડીઓની માફક ઉભરાઇ રહ્યા છે અને ચારેય તરફથી બકરાઓના ટોળાંની માફક નીકળી પડયા છે. કારણ કે અહીં તો પોતાના સ્વાર્થ પર ઘા પડે છે.

વિચારમાં પડયા છે કે, 'હવે અમે ચેલાઓની વાસનાને કેમ તૃપ્ત કરીશું? અને ગૃહસ્થોના કુમળી વયનાં બાળકોને સંતાડવા **છાણી** જેવાં ગામ હવે કયાં ગોતવા જઇશું?'

આવા વિચારોથી બધાય, જાણે કે ગવર્મેન્ટનું રાજ્ય લૂંટવું હોય તેટલી તૈયારીઓ કરી રહ્યા છે; કોથળીઓ તૈયાર રાખવાનો ઉપદેશ અપાઇ રહ્યો છે; વડોદરાની પ્રજાને નામે બહારની પ્રજાને આગળ કરી દાવ ખેલાઈ રહ્યા છે અને કાગારવ મચાવી મૂકયો છે.

હોળી ઉપર ફાગ ગાવા જેટલો તૈયારી કરી રહ્યા હોય તેમ ચારે તરફથી દોડાદોડ થઇ રહી છે: **સાધુઓ સાવધાન! શ્રાવકો સાવધાન! નાણાં કોથળી સાવધાન!** ના ગુંજારવ થઈ રહ્યા છે; ગાયકવાડી સેનાને હંફાવવા આકાશ પાતાળ એક કરી રહ્યા છે.

પણ આવા ધર્મપછાડા ધર્મને ખાતર નહીં, જિનેશ્વર દેવની આજ્ઞા ખાતર નહીં, ધર્મ રક્ષાને માટે નહીં પ...ણ ચેલાઓની વાસના પોષવા અને સ્વાર્થને સિદ્ધ કરવાની ખાતર!

પણ સંભાળજો! વડોદરામાં ખરતાં સરવસો ન નીકળે! ફરીને અપમાનિત થઇને તીક્ષણવું ન પડે! ભુંડે હાલે ભાગવું ના પડે! માટે ચેતજો.....!

મગનલાલ ડી. શાહ.

ધર્મ સ્વાતંત્રય દિનની ફજેતી ભરી ઉજવણી.

સગીર દીક્ષા પ્રતિબંધ કાયદા સામે વિરોધ દાખવતી પેલી કહેવાતી કમીટીએ જે ફરમાન બહાર પાડયું હતું તેનું પરિણામ સુન્ય જેવું આવ્યું છે.

મુંબઇ-પ્રચાર અને દેકારામ છતાં મુંબઇના ધંધા રોજગાર બંધ ન જ રહ્યા; માળે અને બજારે ફરીને ભીક્ષા ઝોળી ઉઘરાવવાના સેવેલા મનોરથો પડતાં મૂકવામાં આવ્યા. હીરાબાગમાં સભા થઇ, મુંબઇની જૈનોની વસ્તીના હીસાબે ત્રીસ-પાત્રીસ બહેનો અને સો-સવાસો ભાઇઓની હાજરીમાં ભાષણ ઝોરી ચાલી, ધર્મ રસાતાળ જવાનાં બણગા ફૂંકાયા. એમ વાણી વીલાસની મોજ ઉડાવ્યા પછી પૈસાની માંગણી થઇ અને રૂઢી ચુસ્તોએ એટલે સોસાયટીનાં સ્થંભોએ અંદર અંદર ટીપ કરી નાણું એકઠું કર્યું આ સિવાય મુંબઇ શહેરમાં હડતાલ, ભીક્ષા ઝોળી, વગેરે એમનાં કાર્યક્રમમાં જણાવેલું, છતાં કોઇએ સાથ દીધો નહિ એટલે મુંબઇના આંગણે તો એમની ઉજવણી ફજેતી ભરેલી ઉજવાઇ એમ કહેવાય.

અમદાવાદ-સોસાયટીનું હેડ ઓફીસનું ધામ અને દરેક સોસાયટીના સંચાર દોરીના સાંધા રૂપ અમદાવાદને સગીર દીક્ષા પ્રતિબંધ નિબંધ સામે વિરોધ દાખવવા અનેક હુકમો છુટેલા તે હુકમોનું ઉલ્લંઘન થવા જેવું પરિણામ આવ્યું. ઘણાં પ્રયત્નો કર્યા જતાં ૨૬ મીએ ધર્મ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી પણ ફજેતી ભરેલી નીવડી. સવારે વિદ્યાશાળામાં મળેલી મીટીંગમાં અમદાવાદના જૈનોની વસ્તીના હીસાબે માત્ર એક ટકા જેટલાજ જૈનોએ હાજરી આપી હતી. કોઇપણ પ્રતિષ્ઠિત શેઠીઆએ એ સભામાં હાજરી આપી ન હતી. અનેક પ્રકારની ઘોષણાઓ કર્યા છતાં કોઇ ભાઇએ હડતાળ પાળી ન હતી. એટલે કે પાપી પાળી નહતી. આ રીતે અમદાવાદના રૂઢી ચુસ્ત જૈનો જેઓ મહીનાઓ થયાં વડોદરા રાજ્યના મજકુર નિબંધ સામે ખુબ પોકાર કરતા હતા તેમની મજકુર તીથીએ પીછે હઠ થઇ છે.

પાલીતાણા-રૂઢીચુસ્તોના ધર્મ સ્વાતંત્ર્ય દિને આયંબીલ, એકાસણા ઉપવાસ આદિની ઉદ્ઘોષણા કરવામાં આવેલી છતાં કદંબગીરીની પ્રતિષ્ઠા અંગે હજારો માણસ મીઠાઇઓ જમ્યા અને તેપણ રૂઢીચુસ્તોજ. એટલે જાહેર રીતે ઘોષણાનો અનાદર થયો.

સમાજ સમજે છે, નિબંધ તરફ સહાનુભૂતિ ધરાવે છે, એટલેજ આ એમના કહેવાતા ધર્મ સ્વાતંત્રય દિનનો અસહકાર થયો. કોઇપણ સ્થળે તેનો યોગ્ય સત્કાર થયો હોત તો લાંબા લાંબા રીપોર્ટો તાર દ્વારા પેપરમાં આવત. પરંતુ જ્યાં સમાજ નિબંધની તરફેણમાં હોય ત્યાં રૂઢીચુસ્તોની ગણત્રા ખોટીજ ઠરે. દીક્ષા અંગે સાધુઓના કાવાદાવા અને છળપ્રપંચથી સમાજ ધરાઇ ગયો છે. એટલે આવી ખોટી ઘોષણાઓથી છેતરાય તેમ નથી.

ચોપડીઓ આવી ગઇ છે.

પજુસણ વ્યાખ્યાન માળાની ચોપડીઓ છપાઇને આવી ગઇ છે. ગ્રાહકોએ યુવક સંઘની ઓફીસમાંથી લઇ જવા મહેરબાની કરવી

વડોદરા નરેશના દીક્ષા નિયામક નિબંધને ટેકો.

મુંબઇના કચ્છી જૈનોની જાહેર સભા.

નાના બાળકોને દીક્ષા આપવી એ જૈન સમાજને અધોગતી પર લઇ જનારૂં છે.

મુંબઇના શ્રી. કચ્છી જૈન યુવક સંઘના આશ્રય નીચે કચ્છી જૈનોની એક જાહેર સભા મંગળવાર તા૦ ૨૮ મીની સાંજે ૭ વાગે માંડવી ગાયા બિલ્ડીંગમાં શ્રીયુત દામજી રવીજી શાહના પ્રમુખપણાનીચે મળી હતી. જે વેળાએ વડોદરા રાજ્ય તરફથી સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ પ્રગટ થયો છે તે પર વિચાર કરવામાં આવ્યો હતો.

શરૂઆતમાં પ્રમુખે જણાવ્યું કે વડોદરા રાજ્યે જે ઠરાવ કર્યો છે તે જૈનોના હિતનો છે અને સાધુઓ નાના બાળકોને લઇ જઇ તેમને દીક્ષા આપે તે કાર્ય જૈન સમાજને અધોગતી પર લઈ જનારૂં છે. પ્રમુખે વધુમાં વડોદરા રાજ્યનું અનુકરણ કરીને તેમના જેવા ઠરાવો રાજ્યમાં ચાલુ કરવા માટે કચ્છ નરેશને અપીલ કર્યા બાદ દીક્ષાથી જૈન સમાજને થતા ગેરલાભોનું ટુંકમાં વિવેચન કરી બતાવ્યું હતું.

ત્યાર પછી શ્રીયુત્ હીરજી ચના સાવલાએ પોતાના ભાષણમાં જણાવ્યું કે લગભગ એક સૈકા પહેલાં કચ્છ રાજ્યે દીક્ષા પ્રતિબંધ પગલું ભર્યું હતું પણ સંજોગોવશાત્ તેનો અમલ થવો બંધ થઇ ગયો હતો, તો અત્યારે પાછો એવો ઠરાવ કરવાની તાત્કાલીક આવશ્યકતા ઉભી થઇ છે. એ વેળાએ કચ્છ રાજ્ય વગર વિલંબે વડોદરા રાજ્યના આ સ્તુત્ય પગલાંને આવકાર દાયક લેખીને પોતાના રાજ્યમાં આ કાર્ય કરીને આ ત્રાસદાયક રૂઢીને અટકાવી દેશે એવી અમારી તેઓશ્રીને અરજ છે.

ત્યારબાદ શ્રીયુત્ એલ. એચ. લાલને જણાવ્યું કે દીક્ષાને માટે વડોદરા રાજ્યે જે કાનુનો કરેલા છે તે અમલમાં મૂકવાની આવશ્યકતા છે. અને કચ્છમાં પણ આ દીક્ષાની રૂઢી ઉત્તરોત્તર વધતી ચાલી છે, તેના ઉપર પણ સખ્ત પ્રતિબંધ મૂકવાની અમે નામદાર કચ્છના મહારાજા સાહેબને વિનંતિ કરીએ છીએ. તેમણે વધુમાં કચ્છી પ્રજાદીય પરિષદને આવા ઠરાવો કચ્છમાં દાખલ કરાવવા માટે પ્રયાસો કરવાની વિનંતિ કરી હતી.

ત્યાર બાદ નીચેના ઠરાવો રજુ કરવામાં આવ્યા હતા.

(૧) પ્રથમ ઠરાવ શ્રી. લાલને રજુ કર્યો હતો કે વડોદરા રાજ્ય આજ્ઞાપત્ર તા૦ ૯-૨-૩૩ ના અંકમાં પ્રગટ થયેલ દીક્ષા નિયામક નિબંધના મુસદ્દાને શ્રી કચ્છી જૈન યુવક સંઘની આ જાહેર સભા વધાવી લે છે અને જૈન શાસ્ત્રોથી વિરૂધ્ધ વર્તનને કેટલાક કહેવાતા સાધુઓએ અને તેમના આંધળા ભક્તોએ ઉભી કરેલી હાલની ભયંકર પરિસ્થિતિમાં સુલેહ શાંતી સ્થાપવાનો અને સગીરોનું હિત સાચવનારો આ એકજ નિબંધ હોઇને હવે વધુ દીક્ષા નહિ કરતાં તાકીદે આ નિબંધ મંજુર કરવા શ્રીમંત સરકાર સયાજીરાવ મહારાજાને કચ્છી જૈનોની આ જાહેર સભા વિનંતિ કરે છે અને એ નામદારનું અનુકરણ કરવાની શ્રી. કચ્છ નરેશને વિનંતિ કરે છે, શ્રી. એલ. એચ. લાલને આ ઠરાવ રજુ કર્યા બાદ શ્રી. હીરજી ચના સાવલાએ તેને ટેકો આપ્યો હતો અને તે સર્વાનુમતે પસાર થયો હતો.

(૨) બીજો ઠરાવ શ્રી. કે. એમ. શંઘોઇએ રજુ કરતાં તેને એન. ડી. મહેતાએ ટેકો આપ્યો હતો. એ ઠરાવમાં એમ જણાવ્યું હતું કે પરહદના કેટલાક જૈન સમાજના રૂઢીચુસ્તો દીક્ષાની અયોગ્ય રૂઢીથી ઉદ્ભવી પરિસ્થિતિ ઉભી કરનાર કેટલાક થઇ પડેલા સાધુઓના હથીઆર બની અયોગ્ય દીક્ષાને ઉત્તેજન આપવા વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટીના ઉપજવી કાઢેલા નામ નીચે પોતાની મેળે ઉભી થયેલી ટોળીનો કચ્છી જૈનોની આ જાહેર સભા ખુલ્લી રીતે અસ્વીકાર કરે છે. અને વડોદરા રાજ્યની જૈન પ્રજાએ જાહેરમાં નહિ નીમેલી એવી આ ટોળીનો વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટી તરીકે અસ્વીકાર કરવાની અમે શ્રીમંત ગાયકવાડ મહારાજાને નમ્રતાપૂર્વક અરજ કરીએ છીએ.

ઠરાવો ઉપર મત લેવાતાં તે સર્વાનુમતે પસાર થયા હતા. અને પ્રમુખનો આભાર માનીને સભા વિસર્જન થઇ હતી.

જૈન સમાજને નમ્ર નિવેદન.

વડોદરા રાજ્ય જૈન કમીટીને નામે વડોદરા રાજ્યે પ્રસિદ્ધ કરેલા "સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ" સામે વિરોધ દર્શાવવા જૈન સમાજમાં પ્રચાર કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. જૈન સમાજ જાણે છે કે વડોદરા રાજ્ય જૈન કમીટી નીમાઇજ નથી. તેવી કમીટીના પ્રમુખ, સેક્રેટરી કે મેમ્બરો કોણ છે? એની જૈન સમાજને ખબર નથી. છતાં આવી કમીટીને નામે પ્રચાર કાર્ય કરી શ્રીમંત ગાયકવાડ સરકારે લોકહિત માટે કરેલા નિબંધ સામે જૈન સમાજનો વિરોધ બતાવવાનો ખોટો પ્રયત્ન ચાલી રહ્યો છે.

જૈન સમાજ જાણે છે કે દીક્ષા એ આત્મોન્નતિના માટે છે. દીક્ષા એ વ્યાપાર નથી કે છાશવારે ને છાશવારે બાળ યા પ્રૌઢ દીક્ષા આપવાથી ધર્મનું શ્રેયઃ થાય યા દીક્ષા લેનારનું શ્રેયઃ થાય! જૈન સમાજના થોડા મુનિમહારાજો કે જેઓ આત્માની ઉન્નતિનો માર્ગ છોડી દીક્ષાનો વેપાર કરી રહ્યા છે. તેનાથી સમાજને કે મુનિ મહારાજોને કંઇ પણ ફાયદો થયો નથી. ઉલટું ધર્મની ગ્લાનિ થાય છે. અને અન્ય સમાજમાં મુનિવર્ગ નિંદા પામે છે.

આવી સ્થિતિમાંથી મુનિવર્ગ અને સમાજનો બચાવ કરવો એ દરેક જૈન સંઘ, યુવક સંઘ અને પ્રત્યેક વ્યક્તિની ફરજ છે. તેને માટે વડોદરા સરકારે પ્રસિધ્ધ કરેલા 'સન્યાસ દીક્ષા નિયામક નિબંધ'ને ટેકો આપનારા ઠરાવો કરી તા૦ ૮ મી માર્ચ ૧૯૩૩ સુધીમાં મે. રા. રા, ન્યાયમંત્રી સાહેબ, વડોદરા, એમના ઉપર મોકલી આપવા આગ્રહપૂર્વક વિનંતિ કરીએ છીએ—

મંત્રીઓ,

શ્રી જૈન યુવક સંઘ, વડોદરા.

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3 and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay, 3.

સ્ત્રી જગતમાં ખળભળાટ.

Reg. No. B. 2917
Tele Add. 'Yuvaksangh'

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

છુટક નકલ ૧ આનો
વાર્ષિક રૂા. ૨-૮-૦

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર.
તંત્રીઃ-ચન્દ્રકાન્ત વી. સુતરીયા.

વર્ષ ૨ જું, અંક ૨૦ મો.
શનીવાર તા. ૧૧-૩-૧૯૩૩.

જૈન પ્રજાને વિજ્ઞપ્તિ.

લેખકઃ ભોગીલાલ પેથાપુરી.

અત્યારે આપણે એક વસ્તુ વિચારવી ઘટે છે કે, શ્રીમાન્ વડોદરા નરેશે જે **સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ** પ્રજાના અવાજને માન આપી અમલમાં મુકવાની જરૂરીયાત પીછાની, તે વિરૂદ્ધ આજે જૈન સમાજનો અમુક ભાગ કે જે (શાસનપ્રેમી કે ધર્મપ્રેમીને નામે ઓળખાવવા માગે છે) આ કાયદાની વિરૂદ્ધ પડી પાંચ દશ માણસો યાતો કોઇ ગામમાં એક મનુષ્ય પણ સંઘના નામે વિરોધ દર્શાવવા લાગ્યા છે, પરંતુ તેમાં ખરી વસ્તુસ્થિતિ શું છે એ વિચારવાની જરૂર છે.

પ્રથમ તો આ કાયદામાં સડોવાએલી સમસ્ત રાજ્યની પ્રજા છે, તેમાં આ કાયદાનો વિરોધ કરનાર એક જૈન સમાજ અને તેમાં પણ અમુક વ્યક્તિઓજ છે. તે પણ વડોદરા રાજ્યમાં વસતી પ્રજા હોય તો જાણે સમજી શકાય તેમ છે, પરંતુ પરરાજ્યના ભાંડુતીઓ આ રાજ્યના જૈન સમાજની અમુક વ્યક્તિઓને ધર્મના નામે ઉશ્કેરી વિરોધ દર્શાવવા પૈસાનું પાણી તેમજ સમયનો વ્યય કરી રહ્યા છે. વડોદરા રાજ્યના નામદાર ન્યાયમંત્રીજી તેમજ માનવંતા નરેશ શ્રીમાન્ સયાજીરાવ મહારાજા સાહેબ પણ સમજી ચૂકયા છે કે આ ધાંધલીઓની ધાંધલ પોકળ છે, કાયદાની જરૂરીયાત છે. અને કાયદો અમલમાં આવવાથી પ્રજામાં વધતી જતી દ્વેષની જ્વાળાઓ, નાસભાગ અને બળજબરીથી બનાવતા ભેખધારીઓની સંખ્યા ઓછી થશે અને સાથે સાથે સમાજમાં પેઠેલી તંટા ફીસાદની આગ પણ કાયદો અમલમાં આવવાથી નાબુદ થશે; માતાપિતા સ્ત્રીની રોકકળ અને ધર્મના નામે પોષાતા અનાચારો ઓછા થશે અને પ્રજા આશિષ દેશે.

બીજી વસ્તુ એ છે કે ગમે તેટલાં જુઠાણાં **વીરશાસન** દ્વારાએ યા તો એવાં બીજા પેપરદ્વારાએ પ્રસિધ્ધ કરી જનતા તેમજ શ્રીમાન્ નરેશપર પોતાના અવળા વિચારોની છાપ મારવાના ઇરાદે એવાં બીજાં આડંબરી સરઘસો કે સભાઓ ભરી ઠરાવો કરવામાં આવે તો પણ જ્યાં સુધી એ પ્રજા પાલક નરેશને પ્રજાનું ભવિષ્ય ઉજળું જોવાની હોંસ છે, પોતાની કકળાતી પ્રજાને સંતોષ આપી દુવા લેવાની અભિલાષા છે અને પ્રત્યેક કોમમાં સહચાર અને ભલી લાગણી ફેલાવવાની ઉત્કંઠા છે, ત્યાં સુધી એ પ્રજાપાલક નરેશ પર એવાં મેંકડો છાપાઓ એમના સામે મુકવામાં આવે અને એવી બાહ્ય આડંબરથી હજારો સભાઓ અને સરઘસો કાઢવામાં આવે તો પણ એ ન્યાયી રાજવી પર કોઇ જાતની અસર થશે નહિ.

હિન્દુ સમાજ ગણો કે જૈન સમાજ ગણો પરંતુ એ અજોડ ગણાતી સાધુતા કેટલાક નામધારી પાખંડી સાધુઓએ પોતાનાં પાશવિક તાંડવનૃત્ય સમાજ આગળ ધર્મના નામે મૂકી તે દ્વારાઆરથી સમાજમાં આગ પેટાવી પોતે તટસ્થવૃત્તિ ગાળતા થયા, અને સાધુસંસ્થા આવી રીતે નસાડી ભગાડી યા તો લાયકાત વિના બળાજબરીથી ભેખધારી બનાવવાથી તે સડેલી બનતી જાય છે, એ નરેશે બરાબર નિરક્ષણ કરી આવી સડેલી સંસ્થા ઉન્નત અને આદર્શમયી બને, તે માટે આ કાયદો અમલમાં લાવવાની જરૂર છે.

હું પણ એ પ્રજાપાલક નરેશને આ કાયદો કરી પ્રજાને સંતોષ અને ધીરજ આપી, પ્રજાનોજ સહકાર મેળવ્યો છે, તે બદલ ધન્યવાદ આપ્યા સિવાય રહી શકતો નથી. અને આવાંજ બીજા સમાજ સુધારણા અર્થે નવીન કાયદાઓ અમલમાં આવે તેમ ઇચ્છું છું, તેમ બીજા રાજવીઓને પણ વિનંતિ છે કે આવી રીતના પગરણને વધાવી લઈ સમાજ સેવા કરવા તત્પર થાય અને છેવટમાં જૈન પ્રજાને પણ વિનંતિ કરી લઉં કે આ કાયદો અમલમાં ન આવે તે માટે થતા ખોટા ખર્ચાળાથી, તેમ સભા સરઘસોથી ન દોરાતાં શ્રીમાન્ વડોદરા નરેશે પ્રસિદ્ધ કરેલા નિબંધને માન આપી અભીનંદન પાઠવે એજ અભિલાષા.

ગ્રાહકોને સૂચના.

૧ આવતો અંક વી. પી. કરવામાં આવશે. એટલે જેઓને વી. પી. ના ખરચમાં ન ઉતરવું હોય તેઓ લવાજમ મનીઓર્ડરથી મોકલે, તેમ જેઓને ગ્રાહક તરીકે ન રહેવું હોય તેઓ મહેરબાની કરીને ખબર આપે.

૨ સ્થાનીક ગ્રાહકોનું લવાજમ માણસદ્વારા વસુલ કરવામાં આવશે.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર બેઠો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર)

પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૧૧-૩-૩૩.

સ્ત્રી જગતમાં ખળભળાટ.

આપણા સમાજમાં આજે અયોગ્ય દીક્ષાના ત્રાસથી નારીઓનાં હૃદય કેટલાં વલોવાય રહ્યાં છે તે સંબંધી શ્રી જૈન મહિલા સમાજના ઉપપ્રમુખ શ્રીમતિ લીલાવતી દેવીદાસ કાનજીએ ના. ન્યાયમંત્રી બરોડા સ્ટેટ ઉપર એક અંગ્રેજીમાં પત્ર લખ્યો છે, તે જનતાની જાણ માટે અત્યંત ઉપયોગી હોય અત્રે રજુ કરીએ છીએ.

"અમે નીચે સહી કરનાર ઘણી નમ્રતા અને માન સાથે નીચેના થોડા શબ્દો આપ માયાળુ નામદારના ધ્યાનમાં લેવા વિનંતી કરીએ છીએ.

તા૦ ૯ મી ફેબ્રુઆરીના દીક્ષા નિબંધ કે જે આપની સમિતિ તરફથી બહાર પાડવામાં આવ્યો છે તેના સંબંધમાં અમે આપને નિવેદન કરવા રજા લઇએ છીએ કે તેને અમે સહૃદય વધાવી લઇએ છીએ.

તાજી પરણેતર કન્યાઓના પતિઓના, જાહેર જનતાના સંરક્ષણની ખાતર તેમજ વિધવાઓના સગીર બાળકોની સહિસલામતિ ખાતર અમે આ દીક્ષા નિબંધને અમલમાં મૂકવા આ નમ્ર અરજ આપ નામદારની હજુરમાં રજુ કરીએ છીએ.

આજકાલ કહેવાતા આચાર્યો અને બીજા સાધુઓનું એક મોટું ટોળું પોતાના ફંદીબુસ્ત, તથા **ભાડુતી ભકતો સાથે** જેઓ બાળકોને અને નવપરિણીત નારીઓના પતિઓને અયોગ્ય દીક્ષા આપનાર **સોનેરી ટોળી તરીકે ઓળખાય છે** અને જેઓ જૈન કોમને માત્ર ત્રાસદાયક છે તેઓ દીક્ષા નિબંધ સામે મોટો વિરોધ દર્શાવવા વડોદરા મળ્યા છે.

આ કહેવાતા પાષાણ-હૃદયના સાધુઓ પોતાની જૈન કોમ પ્રત્યે મનુષ્યત્વની લાગણી વગરના છે. કારણ કે તેઓએ તદ્દન નજીકના સગા વહાલાઓમાં પણ તેમના બાળકોને દીક્ષા માટે નસાડી અને પોતાના અજ્ઞાન અને અભણ ભકતોની જમાત વધારી અંદરો અંદર કંકાસતા બીજ રોપ્યાં છે.

અયોગ્ય દીક્ષાનો એક કિસ્સો એક ૨૫ વર્ષના યુવાનને દીક્ષા આપવાનો કે જે ૯ મી ફેબ્રુઆરીએ અપ્યો છે તે તરફ આપ નામદારે લક્ષ્ય આપવા જેવો છે.

વડોદરામાં મળેલા આચાર્યોમાં એક સાગરાનંદ ૨૫ વર્ષના એક નવપરિણીત-શેઠ જીવણચંદ નવલચંદ સુરતવાલા કે જે સાગરાનન્દના ચુસ્ત ભકત છે તેમના દીકરાને તેની પત્નિ અને પિતા પાસેથી રાત્રે ઉપાડી જઇ મુંબઇના પંજે વીલેપારલેમાં અયોગ્ય દીક્ષા આપેલી. તેની પત્નિ અને પિતા પોતાના વ્હાલા પુત્રના કમનશીબ બનાવથી આખા દિવસનો ઉપવાસ કરી તે જગ્યાએ આવી પહોંચ્યા. અને પોતાના પુત્રનો કબજો લઇ એક પળ પણ ન ગુમાવતાં પાછા લઇ આવ્યા અને આ ગુનેહગાર ધાડપાડુ સાધુને સખત મારવામાં આવેલા.

વ્હાલા સાહેબ, આપ સાહેબનું ખાસ ધ્યાન ખેંચવા માગીએ છીએ, કે ઉપર જણાવેલ જુવાન પૈસાદારનો પુત્ર હોઇ તેના પિતા વગેરે બળજબરીથી તેને સાધુઓ પાસેથી પાછો લઈ આવ્યા. ગરીબ માણસની આ જગાએ શી વલે થાય? તેની જુવાન સ્ત્રીને એક ખુણે આંસુ સારવા સિવાય બીજો શો રસ્તો? તેથી સાધુ વેષમાં સાગરાનંદની જેમ રહેલા લફંગા આચાર્યો કે જેઓ જૈન સમાજને ભયંકર ત્રાસ આપી રહ્યા છે તેમનો સમાજને મોટો ભય છે.

તેથી ગરીબ અને અનાથને આ ત્રાસમાંથી બચાવવા આપ નામદારને દીક્ષા નિબંધ તુરત અમલમાં મૂકવા અમે અરજ ગુજારીએ છીએ.

અમે બધા સાચી દીક્ષા કે જે અમારા ધર્મનો એક મંગળ અવસર છે તેને હૃદયથી માનીએ છીએ પણ અયોગ્ય દીક્ષા કે જે કહેવાતા આચાર્યોથી અપાય છે તેમને અમારા સંપૂર્ણ હૃદયથી ધિક્કારીએ છીએ."

ઉપરોકત પત્રથી આજનું નારી જગત કઈ બાજુ વહી રહ્યું છે તેનો સંપુર્ણ ખ્યાલ આવી શકે છે. આપણા સમાજમાં ઉપરોકત લેભાગુ સાધુઓને કોઇ સાથ દેતું હોય તો તે કેટલીક અંધશ્રદ્ધાળુ બહેનો છે. આવી અંધશ્રદ્ધાળુ બહેનો આ પત્રનું હાર્દ સમજે અને ના૦ ન્યાયમંત્રી પણ આ પત્રની પાછળ રહેલા ઉદ્દેશને સમજે એટલું જણાવી સમાજને ચેતવીએ છીએ કે હવે સાધુઓ ઉપર જો યોગ્ય અંકુશ નહિ મૂકાય તો સમાજનું નારી જગત એ કાર્ય કરશે.

"શ્રી ઘોઘારી વિશા શ્રીમાળી જૈન ડીસ્પેન્સરી"ના માનદ્ મંત્રીઓ, મજકુર સંસ્થાને અપાયલી નીચે મુજબની ભેટ આભાર સાથે સ્વીકારી લે છે.

રૂા. ૨૫૦) શેઠ પ્રાગજી ઝવેરભાઇ
રૂા. ૧૦૧) શેઠ માણેકચંદ જેચંદ
રૂા. ૫૧) શેઠ ઓધવજીભાઇ ધનજી

માનદ્ મંત્રીઓ.

શ્રી ઘોઘારી વિશા શ્રીમાળી જૈન ડીસ્પેન્સરી.

થરાદ જૈન સંઘનો તાર:—

વડોદરા રાજ્યના માનવંતા ન્યાયમંત્રી સાહેબ,

વડોદરા.

થરાદ જૈન સંઘ, વડોદરા રાજ્ય તરફથી બહાર પડેલ સંન્યાસ દીક્ષા નિયામક નિબંધને હૃદયથી વધાવી લે છે આ પગલું ઘણું જ સુંદર અને યોગ્ય છે, અને તે જૈન સમાજમાં તેમજ પબ્લીકમાં ઘણું લાભદાયક થઇ પડશે.

આ સિવાય બારડોલી, માંડવી, વાંકાનેર. વાલોડ, બાજીપુરા, ઓદાણ, કડોદ, વગેરે ગામના જૈનોએ ગયા રવિવારે સભા ભરીને દીક્ષા નિયામક નિબંધને ટેકા આપ્યાના સમાચાર આવ્યા છે.

તરૂણ ભારત જૈન કલબનો તાર:—

ન્યાયમંત્રી,

તરૂણભારત જૈન કલબ દીક્ષા નિયામક નિબંધને ટેકો આપે છે ને જલ્દી અમલમાં મુકવા વિનંતિ કરે છે.

સંન્યાસ દીક્ષા નિયામક નિબંધને સ્થળે સ્થળેથી મળેલો ટેકો.

નામદાર વડોદરા નરેશને મજકુર નિબંધ તાત્કાળીક અમલમાં મુકવાની વિનંતિ.

બલોલના સંઘનો ટેકો—તા. મહેસાણા. તા. ૩-૩-૧૯૩૩.

શ્રીમંત સરકાર ગાયકવાડ મે. રા. રા. ન્યાયમંત્રી સાહેબની હજુરમાં.

મુ૦ વડોદરા.

અમો—ગામ બલોલનો જૈન સંઘ—નમ્રતા પૂર્વક અરજ કરીએ છીએ કે "આજ્ઞા પત્રિકામાં પ્રગટ થએલ સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ" ને હર્ષથી વધાવી લઇ પહેલી તકે કાયદા તરીકે અમલમાં મૂકવા વિનંતિ કરીએ છીએ."

વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટી એ વડોદરા રાજ્યની જૈન પ્રજાએ નીમેલી નથી અને એમાં અમારો અવાજ નથી. એવી અમારી અરજ છે.

જૈન મહિલા સમાજ અભિનંદે છે

પ્રજાવત્સલ નામદાર શ્રીમંત સરકાર, સયાજીરાવ મહારાજા સાહેબ—વડોદરા. નમ્ર વિનંતિ સાથે લખી જણાવવાનું કે આપ સાહેબના રાજ્ય તરફથી સગીર બાળકોનું અને જૈન જનતાનું રક્ષણ કરનારો જે "દીક્ષા નિયામક નિબંધ" બહાર પડેલો છે. તે ઠરાવને અમે "શ્રી જૈન મહિલા સમાજ" તરફથી સંપૂર્ણ ટેકો આપીએ છીએ અને તે ઠરાવને સત્વર કાયદાના રૂપમાં મૂકવા અરજ ગુજારીએ છીએ.

અમારી "શ્રી જૈન મહિલા સમાજ" ની સંસ્થા મુંબઇમાં છેલ્લા ત્રેવીસ વર્ષ થયા જૈન સ્ત્રીઓની ઉન્નતિ અર્થે કામ કરી રહી છે, અને ત્રણસો ઉપર સુશિક્ષિત બહેનો આ સંસ્થાના સભાસદ છે. આ સમાજનું પ્રતિનિધિત્વ ધરાવતી શ્રી જૈન મહિલા સમાજની કાર્યવાહક સમિતિ તરફથી જૈન જનતાનું રક્ષણ કરનારા આ ખરડાને અમે હાર્દિક અભિનંદન આપીએ છીએ.

તા૦ ૨-૩-૩૩ ના રોજ શ્રી કચ્છભોજાય જૈન મિત્ર મંડળની એક સભા મળી હતી. જે વખતે સંન્યાસ દીક્ષા નિયામક નિબંધને વધાવી લેતો નીચે મુજબનો ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

"આપ નામવરને વિનંતિ કે" વડોદરા રાજ્ય આજ્ઞા પત્રિકામાં 'સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ' નો મુસદ્દો પ્રગટ કરવામાં આવ્યો છે તેને અમારી કમીટી વધાવી લે છે અને સંપૂર્ણ ટેકો આપી સદરહુ મુસદ્દો તાકીદે કાયદાનું સ્વરૂપ લે એવી વિનંતિ કરે છે.

ઉનાવા સંઘના અભિનંદન

તા૦ સિદ્ધપુર તા. ૨૫-૨-૩૩.

મહેરબાન રા. રા. વડોદરા રાજ્ય સન્યાસ દીક્ષા નિયામક નિબંધ કમિટીના ન્યાયમંત્રી સાહેબ. વડોદરા.

વિનય પૂર્વક જણાવવાનું કે, અમો ઉનાવા ગામમાં વસતો સમસ્ત જૈન પ્રજા સંઘ—અભિનંદન સાથે નીચે પ્રમાણે કરેલા ઠરાવો આપ નામદારની હજુરમાં રજુ કરીએ છીએ.

ઠરાવ ૧

જૈન શાસ્ત્રો વિરૂદ્ધ થતી અયોગ્ય દીક્ષાને અનુમોદન આપતા કેટલાક સાધુઓ સાથે, આંધ્ર શ્રધ્ધાળુ ભકતોએ સામેલ થઇ જે ભયંકર પરિસ્થિતિ ઉત્પન્ન કરી છે તેને દૂર કરતો અને અમારા જૈન ધર્મને અને દીક્ષાના સાચા સ્વરૂપને નિંદાતું અટકાવતો તેમજ સગીરોનું હિત સાચવતો તા. ૯-૨-૩૩ ની વડોદરા રાજ્ય આજ્ઞા પત્રિકામાં પ્રસિદ્ધ થએલા દીક્ષા નિયામક નિબંધના મુસદ્દાને અમારો સંઘ હાર્દિક અભિનંદન સાથે વધાવી લે છે અને તે મુસદ્દાને સત્વર મંજુર કરવા દયાળુ રાજ્ય પિતા શ્રીમંત સરકાર સયાજીરાવ ગાયકવાડ મહારાજા સાહેબને આગ્રહ ભરી વિનંતિ કરે છે.

ઠરાવ ૨.

અમારા જૈન સમાજમાં શાસ્ત્ર વિરૂદ્ધ થતી અયોગ્ય દીક્ષાને ઉત્તેજન આપવા માટે કેટલાક સાધુઓની ઉશ્કેરણીથી નિમિત્ત રૂપ બનેલા ગણ્યાં ગાંઠ્યા જૈનોની એક "વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટી" એ નામથી ઉત્પન્ન થયેલ ટોળી તે અમોએ અમારી જૈન પ્રજા તરફથી નીમેલી નથી. જેથી અમો તેનો અગર તે તરફથી થતા કોઇ પણ વર્તનનો સ્વીકાર કરતા નથી અને આ ટોળીને અમારી વડોદરા રાજ્યની જૈન પ્રજા તરફથી ઉત્પન્ન થયેલી ટોળી તરીકે અસ્વિકાર કરવા માટે અને તે ટોળી તરફથી દીક્ષા નિયામક નિબંધ વિરૂધ્ધ થતી હીલચાલનો પણ અસ્વિકાર કરવા માટે દયાળુ રાજ્ય પિતા શ્રીમંત સરકાર સયાજીરાવ ગાયકવાડ મહારાજા સાહેબને અમારી નમ્રતા પુર્વક વિનંતિ છે.

મહેસાણા પ્રાન્તના જૈનોનો ટેકો.

મહેસાણા પ્રાન્તના મુંબઇમાં વસ્તા જૈનોની મળેલ સભાએ દીક્ષા નિયામક નિબંધને ટેકો આપતો ઠરાવ પસાર કરી નીચે મુજબનો તાર નામદાર ગાયકવાડ સરકાર ઉપર મોકલી આપેલ છે.

મહેસાણા પ્રાન્તના જૈન રહીશોની એક સભા આજે મુંબઇમાં મળી હતી. તેમાં સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો છે કે મહેસાણામાં સ્થપાયેલી વડોદરા રાજ્ય પ્રજા કમીટી કે જે દીક્ષા પાર્ટનાજ સભ્યોની બનેલી છે તેની તરફથી જે દીક્ષા નિયામક નિબંધ વિરૂધ્ધ પ્રચાર કરવામાં આવ્યો છે તેનો આજની સભા સખ્ત વિરોધ દર્શાવે છે અને શ્રીમંત સરકાર ગાયકવાડને નમ્ર વિનંતિ કરે છે કે ઉપરોકત નિબંધ બનતી ત્વરાએ કાયદાના રૂપમાં અમલ કરવામાં આવે એવી શુભ ઇચ્છા દર્શાવે છે.

શ્રી જૈન યુથલીગનો ટેકો, અમદાવાદ.

અમદાવાદ જૈન યુથલીગ.

રીચી રોડ, અમદાવાદ.

નેક નામદાર મહારાજા સાહેબ ગાયકવાડ.

અમદાવાદ જૈન યુવક સંઘ દિક્ષા નિયામક કાયદા ને આવકાર આપે છે અને કદર કરે છે. તેમજ સગીરોના હિતની ખાતર રૂઢીચુસ્તોના મનને નમતું નહિ આપવા આગ્રહપૂર્વક વિનંતિ કરે છે.

અનુસંધાન.....પૃ. ૧૬૦ મે

મુંબઇમાં જૈનોની જાહેર સભા.

સંન્યાસ દીક્ષા નિયામક નિબંધને સંપૂર્ણ ટેકો.

અયોગ્ય દીક્ષાના હિમાયતીઓને ચેલેન્જ.

"અંધશ્રદ્ધાળુઓ પર નિરભર થવાના દિવસો વહી ગયા છે."

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે તા.૫-૩-૩૩ ને રવિવારના રોજ રાત્રીના આઠ વાગે શ્રી આદિશ્વરની ધર્મ શાળાના વિશાળ હોલમાં શ્રીયુત્ ઓધવજી ધનજી શાહ સોલી-સીટરના અધ્યક્ષપણા નીચે મુંબઇના જૈન ભાઇઓની એક જાહેર સભા વડોદરા રાજ્યના સંન્યાસ દીક્ષા નિયામક નિબંધને અનુમોદન આપવા મળી હતી. જેમાં સમાજના અગ્રણીય ગ્રહસ્થો અને અન્ય ભાઇ બહેનોથી હોલ ભરાઇ ગયો હતો.

સભાની શરૂઆતમાં યુવક સંઘના મંત્રી શ્રીયુત્ રતિલાલ સી. ઝોહારીએ સરકયુલર વાંચી સંભળાવ્યા બાદ, પ્રમુખશ્રી એ જણાવ્યું કે જ્યારે જ્યારે આપણે અયોગ્યદીક્ષાના અનિષ્ટ પરિણામોનો વિચાર કરવા એકત્ર થઇએ છીએ ત્યારે દીક્ષાના વિરોધી તરીકે સંબોધવામાં આવે છે. પણ મારે કહેવું જોઇએ કે આપણા વિરોધનો અર્થ જ તેઓ બરાબર સમજતા જણાતા નથી. આપણે યોગ્ય દીક્ષા સામે કદિએ વિરોધ કર્યોજ નથી અને એમ કરવાની આપણી ઇચ્છાએ નથી. યોગ્યદીક્ષાના ઉપાસકો સામે અમારો વિરોધ કે વાંધો નથી; તેમનાં પ્રત્યે અમારી સંપૂર્ણ સહાનુભૂતિ છે. અમારો વિરોધ અયોગ્ય દીક્ષા સામેજ છે. કુંમળી વયના બાળકોને નસાડીને, ખરીદીને, અને પુખ્ત વયના અજ્ઞાન માણસોને ભરમાવીને તેમના કુટુંબની રજા વગર તેમની પત્નિ અને બાળકોને નીરાધાર સ્થિતિમાં મૂકી દઇને છુપી રીતે ગમે તે સ્થળે લાવી જઇને મૂંડી નાંખવામાંજ સાધુઓ પોતાની સાધુતા સમજે છે.–તેની સામે વિરોધ છે.

અમે આ સ્થળેથી જાહેર સમાજને વિદીત કરીએ છીએ કે અમારો વિરોધ ધર્મ સામે નથી કે યોગ્ય દીક્ષા સામે નથી; પણ દીક્ષાની અયોગ્ય રૂઢી અને તેની પદ્ધતિ સામે છે. વિરોધી વર્ગનો આપણા ઉપર એવો આક્ષેપ છે કે આપણે સાધુ સંસ્થાઓનું અસ્તિત્વ મીટાવી દેવા માગીએ છીએ. પણ આવો આક્ષેપ કરનારાઓ ગંભીર ભૂલ કરે છે, અથવા તો આપણા વિરોધને ન સમજી શકવાથી કે અંધશ્રદ્ધાથી અવળો અર્થ કરે છે. મારે કહેવું જોઇએ કે સાચી દીક્ષાના સાચા ઉપાસકો આપણેજ છીએ. તેમ અમે સહૃદયતાથી માનીએ છીએ કે સાચા સાધુઓની સાધુ સંસ્થા સમાન ત્યાગવાળી સંસ્થા ધર્મના ક્ષેત્રમાં અન્ય કોઇ નથી. બીજી કોમો સાથે સરખાવી જોશો તો જણાશે કે ત્યાગની ભાવનાથી ભરેલી સાધુ સંસ્થા ધરાવવાનું સદ્ભાગ્ય જૈન સમાજનેજ સાંપડયું છે. બીજી કોમના સાધુઓ ગૃહસંસાર ભોગવી શકે છે, જ્યારે જૈન સમાજ એકજ એવી છે કે જેની સાધુ સંસ્થા ત્યાગની ભાવનાજ સેવે છે.

સાચી દીક્ષાની જવાબદારી સમજી, પંચ મહાવ્રતને પાળનાર સાચા સાધુને અમારા દંડવત છે–વંદન છે તેઓના ચરણમાં અમારૂં શીર ઝુકી પડે છે, પણ અયોગ્ય દીક્ષા સામે તો અમારો વિરોધજ છે. અને તે પદ્ધતિ નાબુદ નહિ થાય ત્યાં સુધી રહેશે અને રહેશેજ. આવી દીક્ષાના હિમાયતી સાધુઓ એમ સમજાવે છે કે સોળ વર્ષનાં માણસને દીક્ષા આપવી શાસ્ત્ર સંમત છે. તેથી કોઈ પણ રાજ્યને વચમાં દખલગીરી કરવાની જરૂર નથી. પણ આ દલીલ નથી. આતો અર્થ વગરની વાત છે. સાધુ તો તે કહેવાય કે જે રાજા અને પ્રજામાં પ્રતિષ્ઠા પામેલો હોય, નીડર હોય, કર્મની સામે યુધ્ધ કરનાર યોધ્ધો હોય, આત્મસમર્પણી હોય, આદર્શવાદી હોય, અને જગતના ભલા માટે ખપી જનારો હોય. એજ સાચો સાધુ છે.

જે સગીર બાળકોને દીક્ષા આપી દેવામાં આવે છે તેનું જ્ઞાન તો જુઓ! મુખાકૃતિ તો જુવો! જેને હજી સારાસારનો વિચાર કરવાની શકિતપણ ખીલી નથી, જેને ધર્મનું રહસ્ય પણ સમજાયું નથી, તેવાં બાળકોને મુંડી નાંખવાથીજ માત્ર શો લાભ છે તે સમજી શકાતું નથી. આજે એથીજ જૈન કોમ અને જૈન ધર્મ જાહેરમાં વગોવાય છે, નિંદાય છે. આ વસ્તુ-સ્થિતિ અટકાવવાનો પ્રયાસ છેલ્લા પાંચ વર્ષથી ચાલુજ છે અને એનાં વિરોધમાં એમ કહેવામાં આવે છે કે, એથી સાધુ સંસ્થાનો લોપ થઇ જશે. આ અર્થ વગરની સ્વાર્થી વાત છે. દીક્ષા નિયામક નિબંધ સામે રૂઢી ચુસ્તોએ અને અયોગ્ય દીક્ષાના હિમાયતી સાધુઓએ પ્રચાર કાર્ય ઉપાડયું છે. ભલે તેમની દૃષ્ટિએ ગમે તેટલું નકકર લાગતું હોય પણ તે પોલું છે, એટલે એની પોલ ગમે ત્યારે ખુલ્લી તો થવાની જ.

સન્યાસ દીક્ષા નિબંધનો વિરોધ કરનારને સમિતિનો રીપોર્ટ વાંચી જવાની હું ભારપૂર્વક ભલામણ કરૂં છું. વડોદરાની ધારાસભામાં શ્રી લલ્લુભાઇ કાશીરામભાઇ પટેલે એક ઠરાવ રજુ કર્યો હતો પણ નજીકનાંજ ભવિષ્યમાં વડોદરા રાજ્યે તે માટે ખાત્રી આપવાથી તે પાછો ખેંચી લેવામાં આવ્યો હતો. તે પછી રાવબહાદુર ગોવીંદભાઇ હાથીભાઇના પ્રમુખપદે નીમાયેલી વિદ્યમાન સમિતિએ તૈયાર કરેલો રીપોર્ટ વાંચવાથી આ અનીષ્ટ રૂઢીની અનર્થ પરંપરા તમારી સમજમાં આવશે. તેમ એમાં દીક્ષાનો ઇતિહાસ આપવામાં આવ્યો છે. અયોગ્ય દીક્ષા નિયામક નિબંધ પ્રગટ કરવા માટે અમે નામદાર વડોદરા નરેશને અભિનંદન આપવા સાથે એને જેમ બને તેમ જલદી અમલમાં મૂકવા વિનંતી કરીએ છીએ.

ત્યાર બાદ ભાઇશ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ જેઓ

સત્યાગ્રહની લડત અંગે કારાવાસમાંથી હમણાંજ છૂટીને આવ્યા છે તેમણે નીચે મુજબ ઠરાવ રજુ કર્યો હતો.

"જૈનોની આ જાહેર સભા વડોદરા રાજ્ય તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલા સંન્યાસ દીક્ષા નિયામક નિબંધને અંતઃકરણ પૂર્વક અનુમોદન આપે છે, અને કેટલાક રૂઢીચુસ્ત બંધુઓના વિરોધને ધ્યાનમાં ન લેતાં સમાજ અને દેશનું જેમાં સાચું શ્રેય રહેલું છે તેવા સુધારાઓને દૃઢતા પૂર્વક અમલમાં મૂકતા રહેવાની રાજનીતિને માટે નામદાર શ્રીમંત ગાયકવાડ સરકારને આ સભા સહર્ષ અભિનંદન આપે છે."

શ્રીયુત્ કાપડીઆએ ઠરાવ ઉપર બોલતાં જણાવ્યું કે દીક્ષા માટે જે કાંઈ વિચારો દર્શાવાય છે કે વિરોધ થાય છે તે અયોગ્ય દીક્ષા અંગેજ છે. છતાં રૂઢીચુસ્ત વર્ગ એવો આક્ષેપ કરે છે કે આપણે દીક્ષાનાજ વિરોધી છીએ. પણ વસ્તુસ્થિતિ એથી તદ્દન ઉલટીજ છે. આપણી સંસ્કૃતિનો પાયો દીક્ષા ઉપર રચાયેલો છે. સાચી દીક્ષા અમને અવશ્ય સ્વીકાર્ય છે. પણ મતભેદ માત્ર ગમે તેમ મુંડી નાખવામાંજ છે. અયોગ્ય દીક્ષા બે પ્રકારની છે–સગીરની અને પુખ્ત વયની. આ બન્નેને માબાપની સંમતી વગર અને સગાં સંબંધીઓનાં વિરોધ છતાં દીક્ષા આપી દેવામાં આવે છે તે સામે આ વિરોધ છે. કુટુંબની વ્યવસ્થા કર્યા સિવાય સ્ત્રી બાળકોને અનાથ દશામાં મૂકી દઇને નાસભાગની રીતિથી જે દીક્ષા અપાય છે તે જરાયે ખપવા યોગ્ય નથી.

સાચી દીક્ષાને આપણું અંતઃકરણ નમે છે. પણ અયોગ્ય દીક્ષા સામે એજ અંતઃકરણ બળવો કરી ઉઠે છે. સમાજનું ચાલુ બંધારણ જાળવવાનો આગ્રહ એનું નામ સામાજીક અંતઃકરણ, પણ એને અવગણીને જે દીક્ષા લે છે તે અયોગ્ય છે એટલુંજ નહિ પણ **"એ એક સામાજીક ગુન્હો છે."** આપણા કેટલાક ભાઇઓના ભેજામાં દીક્ષાનું ભૂત ભરાયું છે કે કોઇ પણ પ્રકારની દીક્ષા માટે વાંધો નથી. આ સામાજીક ગુન્હો અટકાવવા વડોદરા રાજ્ય પ્રેરાયું છે, રાજ્ય પણ યોગ્યા યોગ્યનો સ્વીકાર કે અનાદર કરે છે. આના સંબંધમાં વિરોધી વર્ગની એવી દલીલ છે કે આ ધર્મ ઉપર સીધું આક્રમણ છે. ધર્મ તો મનુષ્ય માત્રને સ્વેચ્છાથી પાળવાની છુટ હોવી જોઇએ. અને આ એક મોટું રાજ્ય તેના પર આવું આક્રમણ કરે તેનો વિરોધ કરવો જોઇએ.

આ માટે હું પ્રથમ મારૂં મંતવ્ય આપને જણાવીશ કે આક્રમણ ધર્મ પર નથી પણ રૂઢી પર છે. ધર્મ સામે કોઇ પણ રાજ્યનો વિરોધ નથી. વડોદરા રાજ્યને જૈનો સામે કાંઇ દ્વેષ નથી કે નથી તિરસ્કાર, પણ ખોટી રૂઢી પર રાજ્ય જો નિયમન ન કરે તો જગતના અન્ય સમાજો સાથે પ્રગતિ કરવામાં જૈન સમાજ જરૂર પાછળ પડી જાય. સુધારા સામે વિરોધ થયાજ કરવાનો છે. શારદા એક્ટ સામે સનાતનીઓ અને મુસ્લીમોએ ધર્મને નામેજ વિરોધ કરેલો. અસ્પૃશ્યતાના સંબંધમાં પણ સનાતનીઓ ધર્મને નામેજ વિરોધ કરે છે. આજે આપણે સ્વતંત્રતા માગીએ છીએ તો તે મેળવવા માટે આપણા સામાજીક બંધારણોમાં મહત્વના ફેરફાર કરવાની આવશ્યકતા નથી શું?

એક એવી દલીલ પણ કરવામાં આવે છે કે અ. બાબતનો નિર્ણય અ.પણે આપસમાં કરી લેવો પણ રાજ્યને તેમાં વચ્ચે આવવા ન દેવું. દલીલ તો ઘણીજ સુંદર છે. પણ એનો વિચાર વહેવારિક દૃષ્ટિએ કરવો જોઇએ. આપણે એમ જરૂર ઇચ્છીએ પણ એમ કરવું આપણે માટે શક્ય છે ખરૂં? કોણ કોનાવતી કબુલાત આપી શકે એમ છે? એક બીજા સંઘોને કઇ રીતે લાગુ પાડવા? કોઇનું પ્રતિનિધિત્વ મંડળ નથી. ત્યાંસુધી રાજ્યની મદદ વગર આ નિયમન થઇ શકેજ નહિ એવો મારો દૃઢ અભિપ્રાય છે.

આ ઉપરાંત એવી પણ ધમકી આપવામાં આવે છે કે વડોદરા રાજ્ય આને માટે કાયદો કરશે તો અમે બીજા રાજ્યમાં જઇને એ કરશું. પણ આ ધમકી નિરર્થક છે કારણ કે વડોદરા રાજ્યે કરેલી પહેલનું અનુકરણ બીજા રાજ્યો અને બ્રિટીશ સરકાર પણ જરૂર કરશે.

એક વધુ દલીલ વળી એવી પણ કરવામાં આવે છે કે જે ત્યાગની ઉંચી ભાવના પર જૈન ધર્મ રચાયો છે તેનો પણ તમે વિરોધ કરો છો. હું કહું છું કે ત્યાગ સમાજ અને દેશને બન્નેને એટલોજ આવશ્યક છે, ત્યાગ અને વૈરાગ્યનું મૂલ્ય કોઇ ઓછું આંકતું નથી, પણ એ ભાવના સ્વીકારવી એ એક વસ્તુ છે અને તેને કઇ રીતે કેળવવી અને કેવા સંજોગોમાં સ્વીકારવી તે બીજી વસ્તુ છે. વિચારપૂર્વકનો ત્યાગ ધર્મમાં પ્રશંસનીય માન્યો છે. પણ આજે જે ત્યાગની ભાવના છે તેનો તો પલટાવી નાંખ્યેજ છુટકો છે. સાધુ જીવન ત્યાગ માટે અનુકૂળ છે એ વાતનો હું સ્વીકાર કરૂં છું. પણ ત્યાગ એક આંતરિક પટો છે. એ બાહ્ય રંગ નથી પણ અંતરનો છે. સંસારમાં રહીને પણ ત્યાગની ભાવના કેળવી શકાય છે અને આચરી શકાય છે. વિચાર વગરનો ત્યાગ એ તો નરી જડતા સિવાય બીજું કાંઇજ નથી.

જે અનુકૂળ સંજોગો ઉત્પન્ન કરીને ત્યાગ કરે છે તેજ સાચો વૈરાગી છે. એને સમાજમાં કોઇ પણ રોકી શકતું નથી. કાચો વૈરાગ્ય કશોયે ફળદાયી નથી. અને એથીજ ત્યાગનો સર્વદેશી દૃષ્ટિએ પણ વિચાર કરવાની જરૂર છે. શાસ્ત્રોના પ્રમાણ આપીને સાધુઓ હેમચંદ્રાચાર્યનો દાખલો આપે છે. એનો સામાન્ય ઉત્તર એટલોજ છે કે એ અપવાદરૂપજ છે. સગીર વયે દીક્ષા આપવાનો માતા પિતાને અધિકાર નથી. પણ આ ગરીબ દેશમાં એમ કરવું અશક્ય નથી.

સામાન્ય જનસમાજ મોટી વયે થતાં લગ્નોમાં માનતો થયો છે એજ રીતે દીક્ષાનું પણ છે. સમાજમાં દીક્ષા અને ત્યાગની અગત્ય છે પણ એને માત્ર મૂંડી નાખવા કરતાં બાલકોને ધાર્મિક શિક્ષણ લેવાની સગવડો આપવી એની એથી પણ વધુ અગત્ય છે. જૈન સમાજના ઉત્કર્ષ માટે સર્વનું એકજ ધ્યેય છે. જે સમાજ દેશકાળને અનુસરતા ફેરફારો કરતો જશે તેનુંજ અસ્તિત્વ ટકી રહેશે એ પણ એટલુંજ સત્ય છે. સુધારા વગર એનું અસ્તિત્વ અશક્ય છે.

આવા પ્રકારની અયોગ્ય દીક્ષા પર યોગ્ય નિયમન કરવાની પહેલ કરવા માટે ગાયકવાડ રાજ્યને ખરેજ ધન્યવાદ ઘટે છે. સામાજીક સુધારાની પહેલ તેઓજ કરે છે અને આપણે આશા રાખીએ છીએ કે નામદાર ગાયકવાડ સરકાર મતભેદોને લક્ષમાં ન લેતાં વસ્તુતઃ સમાજનું શ્રેયજ વિચારશે. આ માટે આપણે તેઓ નામદારને જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછોજ છે અને એ બાબતમાં રૂઢીચુસ્ત સાધુઓ જે ચેલેંજ આપી રહેલા છે કે "અમે તો નસાડશુંજ" એ ચેલેંજ લાંબો વખત ચલાવી શકાશે નહિ. આથી સર્વ આ ઠરાવને અનુમોદન આપશો.

ત્યારબાદ શ્રી. મોહનલાલ મણીલાલ પાદરાકરે ઠરાવને ટેકો આપતાં જણાવ્યું કે ત્યાગ વગર ધર્મ ટકી શકે નહિ. પાટણમાં મળેલી સભામાં મેં મારા વિચારો દર્શાવ્યા છે. જો જૈન સમાજને જીવવું હોય તો તે માટે એકજ માર્ગ છે કે હૃદયનું પરિવર્તન. દીક્ષાના હિમાયતીઓ વડોદરા નરેશને સમજાવવાની ધમાલ કરી રહ્યા છે પણ એ કાયદો હવે દૂર થવાનો નથી એ નક્કી છે.

તે પછી શ્રી. ચન્દ્રકાંત સુતરીઆએ ઠરાવને ટેકો આપતાં જણાવ્યું કે ત્યાગ કોને કહેવાય, તે સંબંધી દેશ માટે ફનાગીરી વ્હોરનાર એક સાચા ત્યાગી ભાઇ પરમાનંદે તમારી પાસે ખુબ ચર્ચા કરી છે, આપણા ધર્મમાં એક એવો ડર છે કે પીનલકોડની કલમમાં જેમ હજારો ગુન્હેગારો ભલે છુટી જાય પણ એક બીન ગુન્હેગાર ન માર્યો જવો જોઇએ તેમ એક જીવ ધર્મ ન પામે તો કંઇ નહિ પરંતુ હજારોને અધર્મ નહિ પમાડવા જોઇએ. આપણા સાધુઓ તરફથી આ સૂત્રનું આજે ઉન્મૂલન થઇ રહ્યું છે, એક જીવને ખાતર આજે હજારોને દીક્ષા પ્રતિ તિરસ્કાર ઉત્પન્ન કરાવાય છે, આજથી દશ વર્ષ પહેલાં જે સાધુઓનું સ્થાન અને માન હતું તે આજે નથી તે માટે તેઓ સુધારકો ઉપર દોષનો ટોપલો ઓઢાડે છે પણ તેઓ પોતાનો દોષ જોઇ શકતા નથી. સાધુઓ ઉપરથી સમાજની શ્રદ્ધા ઉઠાડનાર કોઇ પણ હોય તો તે ખૂદ સાધુઓજ છે, તેમણે પોતાના પગ ઉપરજ કુહાડો માર્યો છે, આજની આ સ્થિતિ પ્રવૃત્તિ રહી હોય તો તેમાં સાધુઓ પોતેજ કારણભૂત છે, શા માટે તેમણે લોકની વિરૂદ્ધ આચરણ આચરવાં જોઇએ? આજે સંન્યાસ દીક્ષા પ્રતિબંધ નિયંધને આપણે એટલા માટેજ ટેકો આપીએ છીએ કે આપણી પાસે સાધુઓની સ્વછંદતા ઉપર કાપ મૂકવાને કોઈ પણ સત્તા નથી, સાધુઓની સ્વચ્છંદતાથી સમાજનું અસ્તિત્વ ભયમાં આવી પડયું છે, આજનો સામાન્ય માણસ યા બાળક દીક્ષા લેવાથી સારાયે સમાજને પૂજ્ય બને છે, તેથી યોગ્યાયોગ્યતા જોવાની સમાજની ફરજ છે, અને એ ફરજ અદા કરવાની સમાજની શક્તિ ન હોય તો એ ફરજ અદા કરવાની રાજ્ય ઉપર ફરજ આવી પડે છે, શ્રીમંત નામદાર ગાયકવાડ સરકારે આ નિયંધ ઉપસ્થિત કરી પોતાની ફરજ અદા કરી છે, હું ઇચ્છું છું કે આ નિયંધને જલ્દીથી કાયદાના રૂપમાં ફેરવી નાખવામાં આવે.

વધુમાં આ ઠરાવને પાટણવાલા શ્રી. લહેરૂ ભાઇએ ટેકો આપતાં જણાવ્યું કે સંઘની સત્તાને કોઇ માનતા નથી એટલેજ આપણે કાયદાને ટેકો આપવો પડે છે. શ્રીયુત મૂલચંદભાઇ માંગરોલ નીવાસીએ જણાવ્યું કે આ બાબતમાં સાધુઓનો કેવળ હઠાગ્રહજ છે માટે સાચા સાધુઓને ઓળખતા શીખવું જોઇએ.

આ ઉપરાંત, વીસનગરના બાબુભાઇ હીરાલાલ, મહેસાણાના ચંદુલાલ નગીનદાસ, વીજાપુરના અમૃતલાલ ડાહ્યાભાઇ, નરોત્તમ બી. શાહ, માણેકલાલ એ ભટેવરા જયચંદ માધવલાલ, અમીચંદ એમચંદ, શાહ વગેરેએ ટેકો આપ્યો હતો.

તે પછી શ્રી. સવાઇલાલ જગજીવનદાસે જણાવ્યું કે વડોદરામાં જે સાધુઓ અને ગ્રહસ્થો આવે છે તેઓને વડોદરાના સંઘ તરફથી કોઇએ આમંત્રણ કર્યું નથી. વડોદરામાં ફકત એક યુવકસંઘ કામ કરે છે. બીજી કોઇ સોસાયટી જેવું કાંઇ ત્યાં છેજ નહીં. આ કાયદો પસાર થવાનો છે અને વડોદરાની પ્રજા તરીકે હું તેને ટેકો આપું છું. શ્રી. તારાચંદ કોકારીએ ઠરાવના ટેકામાં ટુંક ભાષણ કર્યા બાદ પ્રમુખે ઠરાવ પર મત લેતાં તે સર્વાનુમતે પસાર થએલો જાહેર કરવામાં આવ્યો હતો.

પ્રમુખે તે બાદ ઉપસંહારમાં જણાવ્યું કે ભાઇ પરમાનંદે ખરી દીક્ષાનું રહસ્ય સમજાવ્યું છે. કેટલાકો એમ દલીલ કરે છે કે નાની વયમાં દીક્ષા આપવામાં આવે તો હેમચંદ્રાચાર્ય જેવા નીકળી આવે પણ ત્રીજા ચોથા અને પાંચમા આરામાં દીક્ષા લેનાર ભાઇઓ પરણ્યા પછીજ દીક્ષા લેનાર હતા. હેમચંદ્રાચાર્ય જેવો દાખલો જવલેજ મળી આવશે. છાણી, ડભોઇ અને ચાણસ્માના દીક્ષાના બનાવો વિષેનો કેટલોક રિપોર્ટ વડોદરા રાજ્યે નિમેલી કમીટીના રિપોર્ટમાંથી સભામાં વાંચી સંભળાવ્યો હતો. બાદ સભા બરખાસ્ત થઇ હતી.

મહેસાણા સંઘ.....અનુ. પૃષ્ઠ ૧૫૯ થી

ભળતા લખાણો બહાર પાડી સમાજમાં પોતાનાજ દૃષ્ટિબિન્દુનો ફેલાવો કરે છે. માટે આ ઉપરથી "શ્રી ચતુર્વિધ સંઘ" એટલે મ્હેસાણાના સમગ્ર જૈન સંઘ એમ સમજવાનું નથી. અગાઉ મારા કહ્યા મુજબ રૂઢીચુસ્ત પક્ષના વિચારોથી મોટો ભાગ મ્હેસાણામાં વિરૂદ્ધ છે. માટે આ ખુલાસો મારે કરવો પડયો છે. તા૦ ૨૩ મીએ મળેલી મ્હેસાણાની સભામાં મ્હેસાણા સકળ જૈન સંઘ સમ્મત છે. એમ કોઇએ સમજવાનું નથી.

અમદાવાદની શ્રી યંગમેન્સ જૈન સોસાયટી પક્ષવાળા દરેક ગામમાં જઇ આવી વાતો ઉભી કરે છે. સમગ્ર સંઘના નામે એકજ જાતનું લખાણ પ્રગટ કરવામાં આવે છે. મ્હેસાણામાં પણ એમજ થવા પામ્યું છે, અત્યારે મ્હેસાણાના જૈન સંઘમાં સંપ નથી અને એ પ્રસંગનો આ પક્ષ ગેરલાભ લઇ રહ્યો છે, એ જાણી ખેદ થાય છે.

મ્હેસાણાના વતની તરીકે મને વધુ ખેદ થાય છે કે, અમારા વડોદરા રાજ્ય તરફથી બહાર પડેલ "સંન્યાસ દીક્ષા નિયામક નિયંધ" ઉપર કેવળ અણઘટતા આક્ષેપો થાય છે. જ્યારે એ નિયંધમાં રહેલી ન્યાયશીલતા અને ચારીત્રપદ પ્રત્યે બહુ માન આ રૂઢીચુસ્ત પક્ષ જોઇ શકતો નથી. અને "આધ્યાત્મિક પ્રગતિના ન્યાયપૂર્વકના માર્ગને રૂંધનારા હોવાથી આત્મઘાતક છે." "ધર્મ સ્વતંત્રતા ઉપર ત્રાપ મારનાર તેમજ ચારિત્રપદનો નાશ કરનાર" ચારિત્રપદ ઉપર કાયદો કરવો તે દ્વેષ પદને હણવા બરોબર છે" આવા આક્ષેપો કયારે થઇ શકે? આ નિયંધમાં એવું નથી. સમાજ સુધારક, પ્રજા વત્સલ, દયાળુ નામદાર ગાયકવાડ સરકારે આવો નિયંધ ઘડવાનું યોગ્ય શા માટે ધાર્યું? એ ઇતિહાસ જો જણાય તો આ બાબત માટે નામદાર ગાયકવાડ સરકારને તો ધન્યવાદજ આપવો ઘટે.

આશ્ચર્ય તો એ છે કે "સંન્યાસ દીક્ષા નિયામક નિયંધ" રદ કરાવવા નિમાયેલી શ્રી વડોદરા રાજ્ય જૈન પ્રજા કમિટી કે જેની મુખ્ય ઓફીસ મ્હેસાણામાં રાખવામાં આવી છે અને આ કમિટી તરફથી તા૦ ૨૬-૨-૩૩ રવિવારનો દિવસ પાળી તરીકે પાળવા જાહેર કરવામા આવ્યું, છતાં ખુદ મહેસાણામાંજ પાળી પળાઇ નથી. આથી વધુ આશ્ચર્ય શું હોઇ શકે? અને આ ઉપરથી જાહેર જનતા જોઇ શકશે કે મહેસાણાની જૈન સંખ્યા આ નિયંધના વિરોધમાં કેટલી સામેલ હશે. એ વાત દીવા જેવી સ્પષ્ટ છે કે દીક્ષા જેવી પવિત્ર અને ઉત્તમ ધર્મારાધન માટેના સાધન માટે રાજ્યને વ્યવસ્થા કરવી પડે તે જેવી તેવી બાબત નથી, રૂઢીચુસ્તોના ઉન્માદનું એ પરિણામ છે. પરંતુ રાજ્ય પોતાની ફરજ બજાવતાં ભુલ્યું નથી તેથી રાજ્યને તો આ વસ્તુ ખરેખર શોભાવનારીજ છે. જ્યાં સુધી યોગ્ય સંપ સંઘમાં ન થાય ત્યાં સુધી "સંન્યાસ દીક્ષા નિયામક નિયંધ" જેવા નિયમોનો અંકુશ સ્વીકાર્યા વિના સિદ્ધિ નથી.

સડેલા સમાજનું દિગ્‌દર્શન.

લેખકઃ ભોગીલાલ પેથાપુરી.

– તા૦ ૧૮-૨-૩૩ ના અંકથી ચાલુ –

ધર્મ કેવો જોઇએ?

આજકાલ પેપરોનાં પાનાં ઉઘાડતાં એજ વાંચવામાં આવે છે કે સુધારકો ધર્મનો નાશ કરવા બેઠા છે. અધર્મી થએલા છે, અને સાધુ ઉપર કે ગુરૂ ઉપર કે ખુદ પરમેશ્વર પરથી પણ શ્રદ્ધા ઉઠાવી લીધી છે, અને નાસ્તીક જીવન જીવી રહ્યા છે, આવા પોકારો સવાર ઉઠતાં કાનપર આવે છે, આનંદની વાત છે કે ઉપદેશમાં યાતો તેમના મુખપત્રદ્વારાએ પોતાના સડેલા ભેજામાંથી પણ આવું ગાંડુ-ઘેલું લખાણ નીકળે છે, પરંતુ આ કથનમાં કેટલું સત્ય છુપાએલું છે તે આપણે વિચારવાની જરૂર છે.

જેઓ અધર્મો કરે છે અને જેને સંબોધી કહેવામાં આવે છે એ બન્નેના વર્તન વ્યવહારમાં કેટલી ત્રૂટીઓ છે. એ તપાસી હોય તો જરૂર એ લખનાર તેમજ જે પેપરમાં પ્રસિદ્ધ થાય છે તેના તંત્રી સાહેબના ગરમ ભેજામાંથી આવી રીતના વિચારો ન નીકળે, પરંતુ તેમની આંખે કમળો છે. પોતે પોતાનો ઉપરથી જગત પીછાણે છે, પરંતુ એ સાહેબ જો હૃદયપૂર્વક કબુલ કરે કે ધર્મી સામાયિક પ્રતિક્રમણ પ્રભાવના પૂજા આદિ કરે છે, એ વાત ખરી પરંતુ આખા દિવસનો જીવનક્રમ ત્રાજવામાં તોલવામાં આવે તો જરૂર તે ક્રિયાઓ કરવા છતાં અધોગતિની ઉંડી ખાયમાં ઉતરતો જાય છે, કારણ એ છે કે ઉપરની ક્રિયામાં નથી શુદ્ધતા કે નથી હૃદયની સાચી ભક્તિ. ફકત બાહ્ય આડંબર અને લોક આચાર સિવાય ઉંડો અર્થ કંઇજ નથી, આજનો જમાનો બાહ્ય ક્રિયાઓ આડંબરને પોષે છે, અને ક્રિયા બાહ્ય દેખાવ અને વાહ વાહ બોલાવવા પૂરતીજ કરવામાં આવે છે, ન મળે તેમાં શુદ્ધ ભાવના કે ન મળે શુદ્ધ પ્રેરણા. માત્ર ગાડરીયા પ્રવાહની માફક કરતા આવવાનુંજ. અને એને આજની સમાજ ધર્મિષ્ઠ ગણે છે, જ્યારે સુધારક ગણો કે નાસ્તિક ગણો, પરંતુ તે બાહ્ય ક્રિયાને પુરતું માન નથી આપતા પણ હૃદયમાં શુદ્ધતા હોય છે, બીજાના દુઃખની કદર કરે છે. અને અંતઃકરણ પૂર્વક ચિંતન કરે છે કે કુકર્મોથી બચાવ. સત્ય અને નીતિના પાઠ ભણાવ. જ્યારે કહેવાતા ધર્મી અને ધર્મનું ખરૂં સ્વરૂપ છોડી બાહ્ય આડંબરને ધર્મ માને છે ત્યારે નાસ્તિક બાહ્ય આડંબર છોડી સત્ય સ્વરૂપ પકડવા માગે છે.

ઘણા એમ પણ માને છે કે ભલેને ગાડરીયા પ્રવાહની માફક ક્રિયા કરતો હોય છતાં કોઇ દિવસ સાચા ભાવ જાગે આ કથન સત્ય માનીએ તો આજે સમય વ્યતિત થએ જાય છે. કાળના વહેવા સાથે જો આવી રીતે જ્ઞાન પ્રાપ્ત થતું હોય તો કોઇએ સત્ય વસ્તુ શોધવાની તસ્દીજ ન લીધી હોત, એની મેળેજ આંધળી, અજ્ઞાનપણાથી કરેલી ક્રિયા ફળદાયી થતી હોય તો, પરમાત્મા મહાવીર સ્વામી કે મહાન આચાર્યો સત્ય સ્વરૂપ જાણી મોક્ષગામી થવાની તસ્દી ન લીધી હોત, ત્યારે ખરી વસ્તુ તો એ છે કે પરમેશ્વરની ભક્તિ કરવી તે જ્ઞાન અને શુદ્ધ હૃદયપૂર્વક સમજીને કરવી જે જોશે તે અમલમાં આવતા મનુષ્ય નિર્મળ અને આત્મા ઉર્ધ્વગામી બની રહે.

જૈન મહેસાણા સંઘ અને દીક્ષા વિરોધી પ્રચારકાર્ય.

ગઇ તા૦ ૨૭ મી ફેબ્રુઆરીના મુંબઇ સમાચારમાં "મહેસાણામાં શ્રી ચતુર્વિધ સંઘે સર્વાનુમતે પસાર કરેલો ઠરાવ" એ મથાળાં નીચે એક લખાણ પ્રગટ થયું છે. આ લખાણના અંગે જાહેર પ્રજામાં ગેરસમજ ઉભી થવા સંભવ હોવાથી તે બાબત સ્પષ્ટ કરવી જરૂર જણાવાથી નીચે મુજબ એ બોલ જાહેરને જણાવું છું.

વર્તમાન સમયમાં જૈન સમાજમાં બે પક્ષ પડ્યા છે. અને એ પક્ષો કયા મંતવ્યના આધારે ઉત્પન્ન થયા છે, એ વસ્તુ હવે જગજાહેર થઇ ચૂકી છે. તેમાંનો કટ્ટીચુસ્ત પક્ષ વડોદરા રાજ્ય તરફથી પ્રગટ થતા સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ અંગે વિરોધ કરી રહ્યો છે. આ પક્ષ પોતાના મંતવ્ય બાબત કોઇ પણ સત્ય પ્રયત્ન કરે એ સાથે અમને કશો વિરોધ નજ હોય. પણ પોતાના મંતવ્યની સિદ્ધિ માટે એક ગામમાં તેનાથી મોટો ભાગ વિરૂદ્ધ છતાં ગામના "સકળ સંઘ"નો નામે જાહેર પેપરોમાં બાબતો બહાર પડે ત્યારે તેનો સત્ય ખુલાસો કર્યા વિના ચાલતું નથી.

ગયા સોમવારના પેપરમાં પ્રગટ થયેલ લખાણમાં જે "શ્રી ચતુર્વિધ સંઘે સર્વાનુમતે કરેલા ઠરાવો" એમ મથાળું બાંધેલ છે. એ વાક્યને અંગે ગેરસમજ થવા સંભવ છે. ઉપર કહ્યા મુજબ કટ્ટીચુસ્ત પક્ષ સંઘની વ્યાખ્યામાં માત્ર ચારજ વ્યક્તિ હોય તો પણ તેને ચતુર્વિધ સંઘ કહે છે અને તેના નામે

(અનુસંધાન.....પૃષ્ઠ ૧૫૮ મે.)

આપણે દરેક ધર્મ ધર્મ કરીએ છીએ પરંતુ આપણે ધર્મ એવો જોઇએ છે કે **જ્યાં કલેશ, સંતાપ કે રાગદ્વેષની ઝાંખી ન હોય;** આપણે એવો ધર્મ જોઇએ છીએ કે **એને શરણે જવાથી માનવજાતને આધિવ્યાધી ઉપાધીમાંથી શાંતિ મળે.** અને આ મેળવવા માટે ભગવાનને લાલચ આપવા કે મંદિરોમાં ભેટ મૂકવાની જરૂર ન હોય. આપણે ગરીબ છીએ, અનાથ છીએ; ઇશ્વરજ અમારો સ્વામી છે ત્યાં ભેટ આપી રીઝવનાર આપણે કોણ? સાચા ધર્મને રસ્તે લઇ જનાર ધર્માચાર્યોની જરૂર આજે સમાજને છે; નિસ્વાર્થભાવે સુખ દુઃખ સહન કરી માનવજાતની મુક સેવા કરનાર સેવા ભાવી ધર્માચાર્યોની આજની સમાજ રાહ જોઇ રહી છે.

આપણે ધર્મ જોઇએ છીએ, પરંતુ અમુક વર્તુલમાં ભરાઇ બેઠેલો નહિ, ઉપાશ્રયના ખુણામાં પણ ભરાઇ બેઠેલો નહિ, અજ્ઞાનના આવરણને વધુ ગાઢો કરતો નહિ, ભક્તોની ભાવનાઓનો ગેરલાભ લેતો નહિ, તરકટી અને પ્રપંચીની ઉપદેશદ્વારાએ પોસાએલો નહિ, કારણ એ ધર્મ નથી પણ હડહડતો અધર્મ છે. પરંતુ સાચો ધર્મ તો એ છે કે એ સત્ય ગુંજનોતો તો હરકોઇ વ્યક્તિ ઝીલી શકે છે. મોહ, માન, માયા, રાગદ્વેષ જેવા પ્રચંડ શત્રૂને મુઠીમાં રાખી ફરે છે, અને શુદ્ધ અને સાચા હૃદયથી. એના પગલે ચાલે તો મનુષ્ય સેવાભાવી, અની ઉચ્ચ પદ પામવાને લાયક બની શકે, કહોને કયાં છે આજના કહેવાતા ધર્મીઓની આવી ભાવના, અને જ્યારે વર્તન અને ઉપદેશમાં જુદુ સ્વરૂપ છે ત્યારજ જીવનને સડેલું કહેવામાં આવે છે.

સંન્યાસ દીક્ષા.....પૃષ્ઠ ૧૫૫ થી

વડોદરા રાજ્યની આજ્ઞા પત્રિકામાં તા. ૯-૨-૩૩ ના અંકમાં પ્રસિદ્ધ થયેલ દીક્ષા નિયામક નિબંધનો મુસદ્દાને બંબાત જૈન યુથલીગ વધાવી લે છે. અને તેને કાયદા તરીકે સત્વર અમલમાં લાવવા આગ્રહ પૂર્વક વિનંતિ કરે છે.

મુંબઇ જૈન સ્વયંસેવક મંડળનો ઠરાવ.

મુંબઇ તા. ૮-૩-૩૩.

મુંબઇ જૈન સ્વયંસેવક મંડળની મળેલી સાધારણ સભામાં નીચેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો છે.

"દીક્ષા નિયામક નિબંધને શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ અંતઃકરણ પૂર્વક ટેકો આપે છે અને તેને સત્વર કાયદા તરીકે બહાર પાડવા વિનંતિ કરે છે.

નવસારીનો તાર-

નવસારી તા. ૨૮-૨-૩૩,

નવસારીના જૈનો તરફથી નીચેનો તાર રવાના કરવામાં આવ્યો છે.

ન્યાયમંત્રી સાહેબ,

વડોદરા,

નવસારી પ્રાન્તની જૈન કમીટી મેસાણામાં સ્થપાએલ જૈન કમીટીનો વિરોધ કરે છે અને દીક્ષા નિયામક નિબંધને સંપૂર્ણ ટેકો આપે છે.

જામનગરના તારો:—

જામનગરથી-જૈન સંઘ, શાન્તિ પ્રચારક મંડળ, યુવકસંઘ, વિશાશ્રીમાળી જૈન યુવક મંડળ, આ સંસ્થાઓ તરફથી દીક્ષા નિયામક નિબંધને ટેકો આપતા તારો ન્યાયમંત્રી સાહેબ ઉપર કરવામાં આવ્યા છે.

વડોદરાના નાગરીકોનો ટેકો.

તા૦ ૭-૩-૩૩ ના રોજ સાંજે ૬॥ વાગતા શહેરના નાગરિકોની એક જંગી સભા ભરવામાં આવી હતી. જેમાં "દીક્ષા નિયામક નિબંધને ટેકાના ઠરાવો પસાર થયા હતા. તેના પ્રમુખ સ્થાને માટે ડો. **સુમન્ત મહેતા**ને ખાસ અમદાવાદથી બોલાવવામાં આવ્યા હતા. વડોદરાના મુખ્ય મુખ્ય નેતાઓ; નગરશેઠ ડાહ્યાભાઇ, લલીતચંદ દીવાનજી ડો. પ્રાણલાલ શ્રી પ્રાણલાલ મુનશી, વકીલ છોટાલાલ સૂતરીયા, ડો. નાનુભાઇ, ડો. ચંદુલાલ, વકીલ યુનીભાઇ, વકીલ શ્રી નિકેતે વિગેરે હાજર હતા કુલ સંખ્યા ૭૦૦, ૮૦૦ હતી જેમાં ૧૦૦, ૧૫૦ મહિલાઓએ પણ હાજરી આપી હતી.

શરૂઆતમાં શ્રી મોતીલાલ મગનલાલ મોદીએ સભાનો હેતુ સમજાવવા સાથે પ્રમુખની દરખાસ્ત મુકી હતી અને ઝવેરી લાલભાઇએ તેને અનુમોદન આપ્યું હતું.

ડો. સુમન્ત મહેતાએ પ્રમુખસ્થાન સ્વીકારતાં જણાવ્યું હતું કે આ સભા એકલા જૈનો માટે નથી. અને મુસદ્દો પણ જૈનો માટેજ નથી. પણ સમસ્ત હિંદુઓને માટે છે એટલે આ સભા સમસ્ત શહેરીઓની છે. હું કોઇ એક પક્ષ તરફથી નહીં પણ તટસ્થ રીતેજ પ્રમુખ પદ લેવા આવ્યો છું. સમાજ અને રાજદ્વારી જીવનમાં ભારે પલટો થઇ રહ્યો છે. આજની જાગ્રતિ કેવળ શહેરોમાંજ નહીં પણ ગામડાઓમાંય મેં અનુભવી છે. સ્ત્રીઓમાં પણ ભરપુર જાગૃતિ આવી છે. સમાજ અને કુટુંબ જીવનમાં પણ ભારે જાગૃતિ અને પરિવર્તનશીલ ભાવનાઓ ફેલાઇ રહી છે. વિગેરે પ્રાસ્તાવિક પ્રવચન સાથે પ્રમુખપદ સ્વીકાર્યું હતું. આજે જે ઠરાવ રજુ થવાનો હતો તે જનતા સમક્ષ વાંચી સંભળાવ્યો હતો:

શ્રી. સુતરીઆએ પોતાના ઠરાવ પર વિવેચન કરતાં કહ્યું કે આ મુસદ્દો સમસ્ત હિંદુ કોમ માટેનો હોવા છતાં જૈનોમાંજ મોટો કોલાહળ મચ્યો છે. સરકારનો હેતુ દીક્ષા અટકાવવાનો નથી પણ અયોગ્ય દીક્ષા પર મોટો અંકુશ મૂકવાનો છે. સરકારે દખલ ન કરવી જોઇએ. પણ આપણે આપણું હિત ન સમજી શકીએ તો સરકારને દરમ્યાનગીરી કરવાની જરૂર રહે છે.

બાદ અનુમોદન આપતા ડો. ચંદુલાલે કહ્યું કે મેં એક બીના જોઇ-એક નવદીક્ષિત બાળક, બાળક બુદ્ધિને અનુસાર પોતાના સ્વચ્છંદ વર્તન પ્રમાણે અજ્ઞાનપણે ઢોલ વગાડનારા પાસે દોડી આવ્યો ને ઢોલ વગાડવા મંડી પડયો. બીજા મુનિરાજે તેને સમજાવી ધમકાવીને અંદર લઇ ગયા. કહેવાની મતલબ એ કે આવા બાળકને વિકસવા દીધા વિના દીક્ષા આપવી એ અત્યાચાર છે. આવા બાળકોને દીક્ષા ન આપે તો મહાવીરનો ધર્મ જતો રહે છે? વગેરે કહી યુવક સંઘના ધગશભર્યા કામને અભિનંદન આપતાં વિવેચન બંધ કર્યું હતું.

વચમાં સુંદરલાલ કાપડીઆએ પોતાનો અભિપ્રાય જાહેર કરતાં કહ્યું કે ૧૬-૧૮ વર્ષની ઉપરના માટે સંમિત ન હોવી ઘટે. કારણ કે ઘણીને સ્ત્રી દીક્ષા લેવા માટે સંમતિ ન આપે.

બાદ પં. લાલચંદ ભગવાનદાસે જણાવ્યું કે મારા પચીસ વર્ષના શાસ્ત્રના અનુભવમાં મને માલમ પડયું છે કે એવા ઘણા દાખલાઓ શાસ્ત્ર આપણને પૂરા પાડે છે જેમણે સ્ત્રીની સંમતિપૂર્વક દીક્ષા લીધી છે. અને સ્ત્રીની સંમતિ લેવી હું આવશ્યક સમજુ છું.

પ્રમુખ મહાશયે આ સંબંધી લંબાણથી ખુલાસો કર્યો હતો. અને ભાઇ સુંદરલાલે પોતાનો અભિપ્રાય સરકારને જણાવવો ઘટે અને તેના પર વિચાર ચલાવવા યોગ્ય કરે.

અંતે તે ઠરાવ પસાર થઇ ગયો હતો.

બીજો ઠરાવ નગરશેઠ ડાહ્યાભાઇએ મુકયો હતો. અનુમોદન ઝવેરી કલ્યાચંદ કેશવચંદે આપ્યું હતું અને ઠરાવ પસાર થઇ ગયો હતો.

ઠરાવ ૩ જો. ડો. પ્રાણલાલ મુનશીએ વાંચ્યો હતો અને દાખલા દલીલો સાથે જુસ્સાપૂર્વકથી, લંબાણથી અને અસરકારક વ્યાખ્યાન આપી જનતાને ખુબ ખેંચી હતી.

ડો. શ્રી નિકેત વકીલે અનુમોદન આપ્યું હતું અને ઠરાવ પસાર થઇ ગયો હતો.

બાદ ચોથો ઠરાવ શેઠ હરગોવિંદદાસે મૂકયો હતો. અનુમોદન ડો. નાનુભાઇએ આપ્યું હતું અને ઠરાવ પસાર થઇ ગયો હતો.

આમ લગભગ ૨॥ કલાક સભાનું કામ ચાલ્યું હતું અને પ્રમુખ મહાશય તેમજ નાગરિક જનતાનો આભાર માની સભા વિસર્જન થઇ હતી.

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3 and Published by Shivlal Jhaverchand Sanghvi, for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay, 3.

ઓશવાળ યુવક પરિષદ.

Reg. No. B. 2917
Tele. Add. 'Yuvaksangh'

પ્રબુદ્ધ જૈન.

તંત્રીઃ રતીલાલ સી. કોઠારી. સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ.

છુટક નકલ ૧ આનો | વાર્ષિક રૂા. ૨-૮-૦ | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વ્યવસ્થાપકઃ-અમીચંદ ખેમચંદ શાહ. | વર્ષ ૨ જું, અંક ૨૧ મો. | શનીવાર તા. ૧૮-૩-૧૯૩૩.

વિ ચા ર ના.....વ ડે ણ મા.

તારાચંદ.

ચેલા-ધનની ઘેલછા.

શાસ્ત્રોનાં પુરાણ શોધી શોધી, કેટલીય વખત એનો અનર્થ નિપજાવી, બાળ દીક્ષા શાસ્ત્ર માન્ય છે એમ આપણને બતાવવામાં આવે છે. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનું જવલ્લે જડી આવતું દૃષ્ટાંત રજુ કરવામાં આવે છે.

શાસ્ત્રનાં એ પ્રમાણો અને હેમચંદ્રાચાર્યનો એ દીક્ષા પ્રસંગ એ એ કાળના સમય સંજોગ અનુસાર આજની હશે. પણ અનેક વર્ષોના વહન પછી, સમયને સામાજીક નિયમનના સાંગ પલટા પછી, પણ એમને એમ એ પુરાણ ઉક્તિઓ આપણને મંજુર કરવાનું કહેનાર નર્યો મૂર્ખ છે અને એની બુદ્ધિએ દેવાળું કાઢયુ હોય છે.

મુનશી કહે છેઃ

"પૂજ્ય ભાવ એટલે કદર. પ્રણાલિકા એટલે અંધ શ્રધ્ધા. જે પૂજ્ય ભાવ રાખે તે પ્રાચીનો પર પ્રેમ રાખે, તેમનો સમય અને સંજોગો સમજવા મથે. પણ જ્યારે તે પ્રણાલિકા-વાદી બને છે ત્યારે તે માત્ર પ્રાચીનો પાછળ ઘેલો બની તેમના અને પોતાના સંયોગોનો વિચાર કરવો વિસરી જાય છે. પુરાણી પ્રણાલિકાને તે સ્વતઃ સિધ્ધ ધોરણ માને છે. અને તેનાથી વિરૂધ્ધ દરેક વસ્તુનો તે દ્વેષ કરે છે. વર્તમાન જીવનને ભૂતકાલના સંયોગો નથી, અને પરિણામે તે સંયોગોથી મળતી પ્રેરણા નથી. ભૂતજીવનપર રચાયલી પ્રણાલિકાઓ નવું જીવન ઘડવામાં થોડોકજ ભાગ ભજવે છે. નવું જીવન ઘડવામાં ખરો ભાગ તો વર્તમાનના સંયોગો અને પ્રેરક બળોજ ભજવે છે. દરેક જીવંત વ્યકિત ને, રાષ્ટ્રને, સમાજને કે સંસ્કૃતિને ટકવા માટે પોતાના સંયોગોનેજ સાનુકૂળ થવું પડે છે. એક ચીજ એક જમાના માટે સારી હોય, છતાં જમાનો પલટાતાં તે શા સારૂ સારી લેખાવી જોઇએ? હું બદલાયો, સંસાર ને સમય બદલાયો, છતાં શા સારૂ પુરાણા ધોરણપર જીવન ઘડવું?"

વર્ષો પહેલાં જુગલ જોડીનાં લગ્ન થતાં અને ભગવાન રૂષભદેવ એમની સગી બહેન સાથે પરણ્યા હતા. આજે સંયોગો બદલાતાં, એજ વસ્તુનો પુનરાવૃત્તિ કરનારને લોક ગધેડેજ બેસાડે એમાં શંકા નથી. પાંચ પતિ તો શું પણ એવી કલ્પના કરનાર કોઇક દ્રૌપદી જેવી છોકરીની શી દશા થાય એ કલ્પતાંયે કમકમાં આવે.

આજની જયમ, પૈસાની ભુખે સામાજીક તરછોડાટે, સાધુ થવા નીકળેલા, કોઈ શાસ્ત્રમાંથી કે એ યુગના ઇતિહાસમાંથી બતાવી શકશે નહિ. આજની જયમ લુંટફાટ ને દગલબાજીથી, ચોરીને વેશ પલટાથી **ધર્મનો ઉધ્ધાર** કરવા નિકળેલા આચાર્યદેવો એ સમયમાં શોધ્યા જડશે નહિ.

આમ આજની ને એ વેળાની પરિસ્થિતિ આજ જુદી છે. લોક મંતવ્યો જુદાં છે. સામાજીક બંધનો જુદાં છે. દીક્ષા લેવાનાં કારણો જુદાં છે. અને દીક્ષા આપનારના 'ધર્મલાભ' ની પાછળ **ચેલા-ધન** વધારવાની પાગલ ઘેલછા છે. એટલે શાસ્ત્રોની એ 'સાખીતીઓ' આજના જુવાનને મંજુર નથી.

બેવકુફીનું પ્રદર્શન

દીક્ષા પ્રબંધક નિબંધથી તિમીર અંધકારમાં સડતાં તામસ તગતગી ઉઠે છે. પેલું પાંજરાપોળમાં વસી વસી બુદ્ધિએ ઠીંદાળુ બની રહેલું સાત વારીયું, જાણે ધર્મ રસાતાળ જતો હોય તેમ **'કર્તવ્યની ચીસ'** પાડે છે. ધર્મના ધુરંધરો કહેવડાવતા સ્વાર્થવશ સાધુઓ ટોળેબધ્ધ થઈ વડોદરા જઇ પહોંચે છે. અને આમ વડોદરામાં 'બેવકુફીનું પ્રદર્શન' ભરાયું છે.

ચેલા ધન એકઠું કરવાની પાગલતાને રોધવા સર સયાજીરાવ આગળ આવે છે. એ ભાનભુલ્યા સાધુઓની પાગલતાથી પાયમાલ થયેલાં સેંકડો નરનારની વેદના ભરી ચીસ હમદર્દીથી એ સાંભળે છે. ધાર્મિક બીનાઓથી પર, સામાજીક છિન્ન વિછિન્નતા અટકાવવા એ રાજવી તરીકેની એની ફરજ સમજે છે.

અને આ પ્રદર્શનો પાછળની સ્વાર્થવશ ધાંધલ સમજી શકે એટલા એ નિપુણ છે.

તેથી સર સયાજીરાવના હાથમાં આજના જુવાનોનો પ્રશ્ન સાવ સહિસલામત છે. અને ધર્મના નામે ધતિંગો કરવાનો જમાનો હવે વહી ગયો છે. એ સત્ય આ પ્રદર્શન-પ્રેરકોને થાપટ પડતાં કપરી રીતે સમજવું જરૂરનું છે.

અસંગતતા.

'આ પ્રભુને ઢોળવાનાં ચમ્મર જંગલી ગાયની બળાત્કારે કાપેલી પુચ્છોના વાળનાં બનાવવામાં આવે છે. એટલે કે એ ગાયોનાં પુચ્છ કાપવાનાં કૃત્યના તમે સીધા જવાબદાર છો.' એક અજૈન મિત્રે કહ્યું તે સાચું હોય તો આ પ્રણાલિકા એકાએક રદ થવીજ જોઇએ. અહિંસા પરમો ધર્મના ઉપાસક આપણે આવી અસંગતતા કેમ કરી ચાંખી શકીએ?

સંગઠન.

ભરતપુર, કરૌલીના શ્રીમાળ-ઓસવાળોનાં સંગઠનના સમાચાર જૈન સમાજની પ્રગતિ સૂચવે છે, ન્યાતો અને તડોમાં ગોંધાઈ રહેલા આપણે, એ નહાનકડા-અર્થ વિનાના ભિન્ન ભાવ ભૂલી એકત્રીત થઈ, બળ જમાવીએ ને વિકાસ સાધીએ નહિ તો આંતર કલહનો ધસારો આપણા સર્વ નાશ મુખી અટકવાનો નથી.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર બેઠો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર)

પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૧૮-૩-૩૩

ઓશવાળ યુવક પરિષદ્.

સમસ્ત જગતમાં આજે યુવાનીનો તનમનાટ, અનેરો ઉત્સાહ અને ગગનચુંબિત ભાવનાના પૂર ફરી વળ્યાં છે, યુવાનીની વસંત ચારે બાજુ ખીલી રહી છે, આશ્ચર્યની વાત તો એ છે કે સાઠ સાઠ વરસના જીવનની સંધ્યામાં જઈ પહોંચેલા માનવીઓ પણ પોતાને યુવક તરીકે ઓળખાવવામાં મગરૂરી લે છે, એટલુંજ નહિ પણ પોતાના જીવનમાં એવો ઉત્સાહ અને ખંત દાખવે છે કે પચીસ પચીસ વરસના જુવાનોને શરમાવું પડે. આવું યુવાનીનું એક મોજું આર્યાવર્તમાં પણ આવી ચઢયું છે, લોકોમાં અનેરો ઉત્સાહ વ્યાપ્યો છે, પુરાણી સંસ્કૃતિના અવશેષોમાંથી નૂતન સંસ્કૃતિનો જન્મ થઇ રહ્યો છે. જૈન સમાજ અને તેની આંતરજ્ઞાતીઓ ઉપર પણ તેનો પ્રભાવ પડ્યા વગર રહી શકયો નથી. તેનો જીવતો પુરાવો શ્રી અખિલ ભારત વર્ષીય ઓસવાળ નવયુવક પરિષદના મંત્રી શ્રીયુત્ સિદ્ધરાજજી ઢઢ્ઢાએ એક નિવેદન બહાર પાડયું છે, તે છે. તે નિવેદનમાં તેઓશ્રી જણાવે છે કે "આપણા સમાજમાં અજ્ઞાનતાને વશ થઇ કુરૂઢીઓ અને કુરીતિઓએ વાસ કર્યો છે, સંકુચિત મનોદશાથી સાંપ્રદાયિક મમત્વ અને આપસની ફૂટે સમાજ ઉપર પોતાનું સામ્રાજ્ય જમાવ્યું છે. સમાજની આવી શોચનીય દશા જોઇને નવયુવકોના હૃદય ખળભળી ઉઠ્યાં છે, તેનાં ફળરૂપે દેશના પ્રત્યેક ભાગમાં નવયુવકોની સંસ્થાઓ જોઈ શકાય છે. પરંતુ એક દેશ વ્યાપી કોઇ પણ સુસંગઠિત આંદોલનનો અભાવથી છુટી છવાઇ શક્તિનું ફળ સમાજને બરાબર મળ્યું નથી, અને તેટલાજ ખાતર જનતા આજે યુવકો ઉપર એ આક્ષેપ કરી શકે છે કે યુવકો વાતો તો મોટી મોટી કરે છે, પરંતુ કંઇ કાર્ય કરતા નથી. આ વસ્તુને ટાળવાને માટે અને સમગ્ર ઓશવાળ નવયુવકને સુસંગઠિત કરી તે સંગઠન દ્વારા સમાજને ઉન્નત બનાવવાની ધગશથી પ્રેરાઇને આવી પરિષદ્ બોલાવવાનું નક્કી થયું છે. એમાં કયો રાહ નક્કી કરવો તે જણાવાનું કાંઇ પણ સાધન નથી. અને તે રાહ તો એક બીજાના વિચારોની આપલેથીજ નક્કી થઇ શકે છે.' આ નિવેદનથી એટલું તો જરૂર જણાય આવે છે કે સમાજનો નવયુવક વર્ગ હવે કેવળ વાતો કરવાનો નથી. પરંતુ કંઇક રચનાત્મક કાર્યક્રમ તરફ વળ્યો છે. આવા સંમેલનો સમાજ માટે જરૂર આવકારદાયક છે, કારણ કે તેનાથી ભવિષ્યનો કાર્યક્રમ નક્કી કરી શકાય છે. પરંતુ કાર્યકર્તાના લક્ષ ઉપર એ વાત લાવવી જરૂરી છે કે આપણે રાહ નક્કી કરવામાં જેટલા શક્તિવાન થઇએ છીએ તેટલા તે રાહમાં આગળ વધવામાં શિથિલ છીએ તે ભૂલવું જોઇતું નથી. આપણે ફરાવોની પાછળ ઉત્પન્ન કરવું જોઇતું પીઠબળ ઉત્પન્ન કરી શકતા નથી એ આપણામાં ઉણપ છે. આ ઉણપને દૂર કરવા માટે આપણે નીચેની બીનાઓ ધ્યાનમાં રાખવા જેવી છે.

૧. સંમેલન સ્થળ એવું જોઇએ કે ભારત ભરના નવયુવાનોને આવવું સુગમ પડે, એટલે કે રેલ્વે, તાર, ટપાલ વગેરે સવડવાળું મધ્યસ્થ સ્થળ જોઇએ.

૨. તે માટે પૂરેપૂરો લોકમત કેળવવો જોઇએ. જેથી સમાજનો તમામ વર્ગ તેમાં સાથ આપે.

૩. ફરાવોની હારમાળાનો મોહ ન રાખતાં જેટલા આચારમાં મૂકી શકીએ અને જે શકય હોય તેવા ફરાવો કરવા કે જેથી જનતાનું પીઠબળ ઉભું કરી શકાય.

૪. જેટલું પતન સહેલું છે તેટલી ઉન્નતિ કઠીન છે. એ બાબત ધ્યાનમાં લઇ કોઇ એવું ઉતાવળીયું પગલું ન ભરવું કે સમાજને અલગ રાખીને આપણે કાંઇ પણ કરવું પડે, કારણ કે સમાજના સાથ વગર આપણે કોઇ પણ કાર્યમાં સફળતા મેળવી શકીએ નહિ, એ બાબત સ્પષ્ટ છે.

જો કે હજુ પરિષદ્ કયારે અને કયાં ભરાશે તે નક્કી નથી, પરંતુ મુંબઇ ઇલાકાના કોઇ પણ સ્થળમાં જયાં અખિલ ભારતવર્ષીય ઓશવાળ મહા સંમેલન ભરાશે ત્યાંજ આ પરિષદ્ ભરવી એવો તેના કાર્યકર્તાઓએ નિશ્ચય કર્યો છે. અમને એ જાણીને બહુ આનંદ થાય છે, કે બંધારણમાં ઓસવાલનો અર્થ એકલા ઓશવાળોજ એમાં ભાગ લઇ શકે 'એ' નથી પરતુ તેમાં પોરવાડ, શ્રીમાળ આદિ તમામ જ્ઞાતીઓ ભાગ લઇ શકે એવી વિસ્તૃત વ્યાખ્યા કરવામાં આવી છે. આ દૃષ્ટિએ આ પરિષદ્ ઘણીજ આવશ્યક છે, એટલુંજ નહિ પરંતુ જેટલો સહકાર આ પરિષદ્ને આપી શકાય તેટલો આપવો એ દરેક યુવકની સામાન્ય ફરજ થઇ પડે છે. એ ખૂબ ધ્યાનમાં રાખવું જોઇએ કે કેવળ જાગૃતિજ એકલી સમાજોન્નતિ કરી શકતી નથી. પરંતુ તે જાગૃતિનો સદુપયોગ કરી સમાજને વ્યવહારૂ કાર્યમાં ઉતારવાથી ઉન્નતિ થઈ શકે છે. આપણા સમાજમાં અનેક પરિષદો, કોન્ફરન્સો, સંમેલનો વગેરે થયાં છે. જાગૃતિ પણ ખુબ આવી છે, પણ તેનું ફળ સમાજને મળ્યું હોય તેમ ઇતિહાસ સ્પષ્ટ ના સુણાવે છે. આમ કેમ બન્યું તે શોધવા જવું પડે તેમ નથી. આપણે અત્યાર સુધી વ્યાખ્યાન બાજી અને ફરાવો પસાર કર્યા એટલે આપણી ઉન્નતિ થઇ ગઈ એમ માનતા હતા. પણ અત્યારે એ સ્થિતિ નથી આપણી અત્યાર સુધી પ્રગતિ ન થઇ હોય તેમાં ઉપરોકત માન્યતાજ કારણભૂત હતી. સદ્ભાગ્યે આપણી આજે એ બાબતમાં આંખ ઉઘડી છે.

અમે આશા રાખીએ છીએ કે ઉપરોકત બીના અખિલ ભારતવર્ષીય ઓશવાળ નવયુવક પરિષદ્ના કાર્યકર્તાઓ લક્ષમાં લે અને જે ત્રુટી પોતામાં દેખાય તે દૂર કરી સમાજને પ્રગતિકારક રાહમાં યોગ્ય યશ મેળવે.

ચોપડીઓ આવી ગઈ છે.

પજુસણ વ્યાખ્યાન માળાની ચોપડીઓ છપાઇને આવી ગઇ છે. ગ્રાહકોએ યુવક સંઘની ઓફીસમાંથી લઇ જવા મહેરબાની કરવી

પ્રાસંગિક પ્રબોધન.

યુગબળના મૂલ્ય.

સમસ્ત આર્યાવર્તના સ્થા.જૈન મુનિયોનું મહા સંમેલન ભરવા માટે ચૈત્ર સુદી ૧૦ નો દિવસ નક્કી કરવામાં આવ્યો છે. મળતા સમાચારો પરથી જણાય છે કે, ઉપરોકત સંમેલનમાં ભાગ લેવા દૂર દૂરથી અનેક મુનિવરોએ વિહાર કયારનોએ શરૂ કરી દીધો છે જૈન સમાજના ચોપડે આવો અમૂલો અવસર ફરી ફરી દેખાતો નથી. તેમાંય આજના કલહપ્રિય યુગમાં એક સંઘાડાનો સાધુ બીજા સંઘાડાના મુનિવર સાથે બેસે, આહાર લે, અને અરસપરસ આંતરિક મલીનતા દૂર કરી મળે તે એક આનંદદાયક અને ચિરસ્મરણીય બનાવ ગણાય. ભાઈબંધ ફોમનું "જૈન પ્રકાશ" પત્ર તેમજ બીજી રીતે જોતાં યોગીઓનું આ મહા સંમેલન જરૂર પ્રભુ મહાવીર સમવસરણની અદ્ધાંશે યાદ આપશે. સંમેલનને સફળ બનાવવા એમના સંચાલકો તનતોડ મહેનત કરી રહ્યા છે.

વિરલ ત્યાગી મુનિવરોએ અનેક મુશીબતોનો સામનો કરી દૂર દૂરથી અજમેર પહોંચવાને ઝડપભેર આગળ વધી રહ્યા છે. આપણા મૂર્તિપૂજક સમાજના કેટલાક લેભાગુ મુનિઓની માફક ભાઇબંધ ફોમના પૂ. મુનિવરો એમ નથી કહેતા કે અમારે સંઘની જરૂર નથી, શ્રાવકોની મદદની અપેક્ષા નથી. પણ તેઓએ તો શ્રાવકોને હાથમાં લઇ ભાવીના જૈનત્વને ઉજ્વલ બનાવે તેવી ફપરેખા દોરવા નક્કો કર્યું છે. સ્થા. સમાજનું આ એક પરમ સૌભાગ્ય છે ક્રાન્તિકારી ભગવાન મહાવીરના બન્ને સંતાનો-સાધુ અને શ્રાવક-હાથમાં હાથ મીલાવી કાર્ય કરે તેનાથી કયા હતભાગીની છાતીગર્વથી નહિ ઉછળે ?

તે ઉપરાંત સ્થા. જૈન કોન્ફરન્સના કાર્યવાહકોએ તેનું નવમું સંમેલન ભરવાનો નિરધાર કર્યો છે એ માટે ૨૨-૨૩-૨૪ એપ્રિલ ની તારીખો નક્કી કરી છે. આ બન્ને સંમેલનો માટે અજમેરમાં અપૂર્વ તૈયારીઓ થઇ રહી છે. જોસભેર પ્રચાર કાર્ય શરૂ કર્યું છે. આ ઉત્સવભર્યા પ્રસંગે સૌ એક તારની માફક સાથ આપવા તલસી રહ્યું છે, એ જાણી કયા જૈનને ગૌરવનો અનુભવ ન થાય ! જેઓએ આ સુંદર યોજના ઘડી છે અને જહેમત ઉઠાવી છે તેમની દરેક મુરાદ એ પરમ શકિત પર લાવે એમ અમે ઇચ્છીએ છીએ, સાથે સાથે મૂર્તિપૂજક સમાજમાં શિષ્ય મોહ અને પદવી મોહના ટુકડા ખાતર લડતા સાધુઓ આ સફળ સંમેલન પરથી ધડો લે, તેમજ તેમને સાથ આપતા ધર્માંધ શ્રાવકો પણ યુગબળનાં મૂલ્ય આંકતા શીખે. આટલું ઇચ્છી અત્યારે તો વીરમીએ છીએ.

ગોડીજી ટ્રસ્ટીઓ

યુવક સંઘ પત્રિકાની શરૂઆતમાં એક વહીવટી યોજના તેમાં રજુ કરવામાં આવી હતી, તેનો કાંઇક અંશે અમલ થવાની આગાહી સાંભળી આનંદ થાય છે અને જે રથળે તે યોજના તૈયાર થયાનું સાંભળ્યું છે તેમ તેમાંની થોડીક મૌખીક હકીકતો મળી છે તે ઉપર નીચે મુજબ સૂચનાઓ કરીએ છીએ.

૧ દેવસૂર સંઘના વહિવટનીચે શ્રી ગોડીજીનું દહેરાસર છે તેના વહીવટ અંગે એક વહીવટી યોજના તૈયાર કરવામાં આવી છે. તેને જાહેર પત્રોમાં મૂકી સમાજના અભિપ્રાય મા-ગવા જોઇયે તેમ તેની એક એક નકલ દેવસૂર સંઘમાં જેને મત આપવાનો અધિકાર છે તેને મોકલી આપી. અમુક મુદત અંદર સુધારા વધારાની માગણી કરવી એ તમામ સુધારા વધારા ઉપરથી એક ખરડો તૈયાર કરી દેવસૂર સંઘની મહામીટીંગમાં રજુ કરી પાસ કરાવવો જોઇયે.

> ☞ જરા આ તરફ.
>
> કેટલાંક વાંચકો એમ માને છે કે પ્રબુદ્ધનું વર્ષ ચૈત્ર સુદ ૧ થી શરૂ થાય છે. એ સમજફેર દૂર કરવા અમે ખુલાસો કરીએ છીએ આ પત્રનું કાર્તિક માસથી આષો સુધીનું છે. પણ કામકાજની અગવડને લઇને અત્યાર સુધી વી. પી. નહોતા કર્યા, એટલે જે ગ્રાહકો અમને લવાજમ મનીઓર્ડરથી અથવા બીજી રીતે મોકલી આપશે તેમના સિવાય દરેકને વી. પી. કરવામાં આવશે માટે જેઓ ગ્રાહક તરીકે રહેવા ઇચ્છતા ન હોય તેઓ મેહરબાની કરી આજ સુધીનું ચોલું છ માસનું લવાજમ જવાબની સામે મોકલી આપે, એટલે નકામાં ખર્ચથી સંસ્થા બોટમાં ન ઉતરે.
>
> આપ જાણતા તો હશોજ કે સેવાની ભાવનાથી સમાજમાં અર્વા લવાજમે ચાલતું આ એકજ પત્ર છે. અને તેને દરેક રીતે સાથ આપવો તે સૌની ફરજ છે.
>
> વ્યવસ્થાપક.

૨ ટ્રસ્ટીઓની નિમણુંક અમુક વર્ષો માટે નક્કી થવી જોઇએ. દાખલા તરીકે ત્રણ કે પાંચવર્ષ માટેજ દેવસૂર સંઘ નિમણુંક કરે તેમાં પેઢી ઉતાર કરતાં લાયકાત પ્રમાણેજ મુદત પૂરી થતાં નવી નિમણુંક થવી જોઇયે.

૩ કોઇપણ સંજોગોમાં મુદત અંદર ટ્રસ્ટીની જગ્યા ખાલી પડે તો તે જગ્યા પૂરવાનો અધિકાર ટ્રસ્ટીઓને ન હોવો જોઇએ. પરંતુ જે જગ્યામાંથી ચુંટાયા હોય તે જગ્યાને જણાવવું જોઇયે અને તેઓ ચુંટીને મોકલે. તેમ કરવામાં તેઓ પ્રમાદ કરે તો દેવસૂર સંઘની મીટીંગે તે જગ્યામાંથી (જે જગ્યામાંથી જગ્યા ખાલી પડી હોય તે નિમણુંક કરી લેવી જોઇયે.

૪ પહેલી હસ્તકની તમામ મીલકત દેવસૂર સંઘની ગણાય એટલે તેનો વહીવટ કરવાનો અધિકાર દેવસૂર સંઘને છે એટલે તેના ટ્રસ્ટીઓ તો દેવસૂર સંઘમાંથીજ આવવા જોઇયે બીજા નીમાય તે લગારે ન્યાયોચ્ય નથી જ્યાં જેઓ દેવસૂર સંઘમાં હક ભોગવતા નથી તેવાઓમાંથી તો તેઓ બહુ ત્યારે મતદારનો હક ભોગવી શકે તેમાંય દેવસૂર સંઘના મતદારોની સંખ્યાતો વધુજ હોવીજ જોઇયે. એટલે બીજાઓને અમુક સંખ્યા સુધીજ ઉમેરી શકાય.

૫ કોઇપણ વ્યક્તિ પાસે લહેણું હોય તો તે માંડીવાળવાની સત્તા ટ્રસ્ટીઓ ને ન હોવી જોઇયે. પરંતુ લહેણામાં જે નહાની રકમો હોય દાખલા તરીકે સો અદરની લહેણી રકમો ટ્રસ્ટીઓ માંડી વાળીશકે બાકી મોટા રકમો માટેતો મહામીટીંગના હાથમાં સત્તા હોવી જોઇયે.

૬ ટ્રસ્ટીઓની સંખ્યા અગીયારની નક્કી કરવામાં આવી છે. એટલે દરેક પેટા વિભાગને બરાબર ન્યાય મળે. તે ખાતર ૪ ગુજરાતી, ૪ મોઘારી, બે સુરતી અને એક કાપરીયા એ પ્રમાણે મુકરર થાય તેજ વધારે વ્યાજબી છે.

અનુસંધાન.....પૃષ્ઠ ૩૬૭

અયોગ્ય દીક્ષા પદ્ધતિ એ સામાજિક બદી છે.

(તા૦ ૫-૩-૩૩ ના રોજ મુંબઇમાં મળેલી જાહેર સભામાં શ્રી પરમાનન્દ કાપડીઆએ 'અયોગ્ય દીક્ષા' અંગે જે મંતવ્યો રજુ કર્યા, તે સમાજ આગળ વિગતવારથી અત્રે રજુ કરીએ છીએ. –તંત્રી.)

આપણી ઉપર સામાન્યતઃ એવો આક્ષેપ કરવામાં આવે છે કે આપણે ત્યાગની વિરૂધ્ધ છીએ, દીક્ષાની વિરૂધ્ધ છીએ, વૈરાગ્યની વિરૂધ્ધ છીએ. આ સંબંધમાં આપણે સ્પષ્ટ કહી દઇએ કે અમે ત્યાગની વિરૂધ્ધ નથી પણ ત્યાગની અમુક પદ્ધતિની વિરૂદ્ધ છીએ; અમે દીક્ષાની વિરૂદ્ધ નથી પણ જેને આજે અયોગ્ય દીક્ષાના નામે ઓળખવામાં આવે છે તેની વિરૂદ્ધ છીએ, અમે વૈરાગ્યની વિરૂધ્ધ નથી પણ વૈરાગ્યના બળ નીચે અજ્ઞાનથી ભરેલાં નાનાં બાળકોને દીક્ષા જેવા જીંદગીભરના કઠણ વ્રતથી બાંધી લેવામાં આવે છે તેની વિરૂધ્ધ છીએ.

અયોગ્ય દીક્ષાને સંક્ષિપ્તમાં વર્ણવીએ તો એમ કહી શકાય કે નાની ઉમ્મરના છોકરાઓને ભગાડી નસાડીને સાધુ બનાવવામાં આવે છે તેમજ મોટી ઉમ્મરનાં બૈરાં છોકરાંઓને રખડતાં મુકી છુપી રીતે નાસી ભાગી દીક્ષા લે છે તે અયોગ્ય દીક્ષા કહેવાય.

જો દીક્ષા સ્વતઃ આદરણીય પ્રવૃત્તિ છે તો પછી અમુક પ્રકારની દીક્ષાને આજે આપણે વખોડી કેમ રહ્યા છીએ? તેનું કારણ એ છે કે આપણા દરેકમાં "સામાજિક અન્તઃકરણ" રહેલું છે તે આવી દીક્ષાઓથી ખૂબ દુભાય છે. "સામાજિક અન્તઃકરણ" એટલે શું? સમાજ એટલે વ્યક્તિઓનો સમૂહ. સમાજ અને વ્યક્તિનો સંબંધ શરીર અને અવયવ જેવો છે. સમાજનું કલ્યાણ કેમ થાય અને સમાજની વ્યવસ્થા કેમ જળવાય એ ચિન્તા દરેક વ્યક્તિમાં સ્વાભાવિક પણે રહેલી હોય છે કારણ કે સમાજના કલ્યાણ–અકલ્યાણ કે વ્યવસ્થા સાથે નિર્ભર પણે વ્યક્તિના કલ્યાણ–અકલ્યાણ કે વ્યક્તિના જીવનની વ્યવસ્થા જોડાયલાં છે. આ કારણથી જે પ્રવૃત્તિ સમાજ વ્યવસ્થાની બાધક હોય તેની સામે સ્વાભાવિક રીતે આપણું ચિત્ત બળવો કરે છે. અયોગ્ય દીક્ષા એક એવી પ્રવૃત્તિ છે કે જેની સામે આપણા ચિત્તમાં બળવો થયા વિના રહે તો જ નથી. કોઇ પણ કારણે–પછી તે દીક્ષાના નામે હો કે વ્યાપારના નામે હો કોઇનાં છોકરાંઓ ભગાડવામાં આવે, નસાડવામાં આવે, છુપાવવામાં આવે તેને આપણું સામાજિક અંતઃકરણ–સમાજના હિતાહિત સાથે જોડાયલી આપણી ચિત્તવૃત્તિ–સાહી શકતું જ નથી આપણને કુદરતી રીતેજ એમ થાય છે કે આ પ્રવૃત્તિની કોઇ પણ હીસાબે અટકાયત થવી જ જોઇએ. આવીજ રીતે ત્યાગ અને વૈરાગ્યના બહાના નીચે જે પુરૂષો પોતાના સ્ત્રી બાળકોને નિરાધાર મૂકી ચાલી જાય છે અને છુપી રીતે દીક્ષા લઇ બેસે છે તેઓ પણ સમાજના મોટા ગુન્હેગાર બને છે. જે લોકો પોતાના માથે પડેલી અને હાથે સરજેલી જવાબદારી આમ ફેંકીને ચાલી જઇ શકે છે તેઓ દીક્ષાને લગતી વધારે ગંભીર જવાબદારી શી રીતે નિભાવી શકવાના હતા? **દયા અને અહિંસા ધર્મના ઓઠા નીચે આ નરી નિષ્ઠુરતા નહિ તો બીજું શું છે?** સમાજમાં આવા બનાવો સદ્‌ભાગ્યે હજુ અપવાદ રૂપ છે તે એ સામાન્ય બની જાય તો સમાજની શી દશા થાય? વર્તમાનકાળમાં અયોગ્ય દીક્ષાના આવા બનાવો વધતા જતા હોવાથી સમાજનું તે તરફ સહેજે ધ્યાન ખેંચાયું છે અને તે વિષયમાં યોગ્ય પ્રતિબંધો મૂકવાનું ભિન્ન ભિન્ન રાજ્યો વિચારી રહ્યાં છે. **ગાયકવાડ સરકારે કરવા ધારેલ કાયદા આ દિશાએ પ્રથમ પગથિયું છે.**

પ્રસ્તુત નિબંધના પ્રતિપક્ષીઓની મુખ્ય દલીલ એ છે કે, આ નિબંધ આપણા ધર્મના ક્ષેત્ર ઉપર આક્રમણ કરી રહેલ છે, જે હજુ સુધી કોઇ કાળે બન્યું જ નથી અને તેથી તેવા નિબંધ સામે આપણે બળવાન વિરોધ કરવો જોઇએ, રાજ્યના ધર્મ ઉપરના આક્રમણનો પ્રશ્ન જરા ઝીણવટથી વિચારવો ઘટે છે, કારણ કે સામાન્ય નજરે કોઇને પણ એમ લાગે તેમ છે કે રાજ્યે ધર્મની બાબતમાં દખલગીરી કરવી ન જોઇએ અને તેમ છતાં પણ ધર્મની કંઈ કંઈ બાબતોમાં કાળે કાળે રાજ્ય તંત્રને દખલગીરી કરવાની ફરજ પડતી રહી છે અને સમાજે કેટલીક વારતે તેવી દરમ્યાનગીરીને નિમંત્રણ આપ્યું છે. ધર્મ એક વસ્તુ છે અને ધર્મના નામે ચાલતી પ્રથા બીજી વસ્તુ છે. ધર્મ અને તેના સિધ્ધાંતો શુદ્ધ કાંચન સમા નિર્મળ હોય; ધર્મની કાળે કાળે બદલાતી અને નવી ઉભી થતી પ્રથાઓ નિર્દોષ તેમજ સદ્દોષ પણ હોય; વળી કોઇ પ્રથા મૂળમાં નિર્દોષ હોય પણ પાછળથી સદ્દોષ બની જાય, આવી સદ્દોષ પ્રથા ધર્મ, સંપ્રદાયને વાંધા ભરી લાગતી ન હોય છતાં સમાજ શ્રેયની ભારે બાધક અને ઘાતક હોય એમ સંભવે છે દાખલા તરીકે બાળ લગ્ન કે અસ્પૃશ્યતાની પ્રથા. આવી પરિસ્થિતિમાં સમાજ અને રાજ્ય શું હાથ જોડીને બેસી રહે? પૂર્વકાળમાં સતી થવાની પ્રથા ધર્મના નામેજ ચાલતી હતી. તે બંધ કરનાર સરકારને શું કહિ કોઇએ દોષ પાત્ર ગણી છે ખરો? આપણા દેશમાં અનેક ધર્મો અને ધર્મના નામે ચાલતી અનેક રૂઢીઓ છે, તેમાંની કેટલીક રૂઢીઓ એવી ઘાતક છે કે તેની કાયદાથી અટકાયત કર્યા સિવાય છુટકોજ નથી, સમાજને આગળ વધવું હોય દેશને અન્ય આગળ પડતાં દેશોની હરોળમાં ઉભા રહેવું હોય, જો સ્વરાજ્ય જોઇતું હોય અને સ્વરાજ્ય મળે ત્યારે તેને ટકાવવું હોય તો આપણી સમાજિક વ્યવસ્થામાં અનેક ફેરફારો કરવાજ પડશે. અને આપણી રૂઢિઓના કેટલાંય બંધનો તોડવા પડશે. દેશ અને સમાજનાં અંતિમ શ્રેયને જે પોષક ન હોય તેવી રૂઢી, પ્રથા કે પરંપરા–પછી તે ધાર્મિક હો, સામાજિક હો, કે પ્રાન્તિક હો, તે સર્વનો છેદ કર્યેજ છુટકો છે અલબત્ત, જો કોઇ રાજ્ય કોઈ અમુક ધર્મના જ અસ્તિત્વને હાની પહોંચાડે અન્ય ધર્મના સવિશેષ પ્રચારના આશયથી કોઇ અમુક ધર્મની પરંપરા ઉપર આક્રમણ કરે, કોઇ અમુક ધર્મ પ્રત્યેના અંગત દ્વેષથી પ્રેરાઇને જ કોઇ કાયદા કાનુન કરવા માંગે તો તેનો આપણે જરૂર વિરોધ કરવો જોઇએ. પણ અહિં એવો આક્ષેપ તો કોઇ પણ માણસ નામદાર, ગાયકવાડ સરકાર ઉપર કરી શકે તેમ છે જ નહિ. અહીં તો દીક્ષા દેવાના સંબંધમાં કેટલાક સાધુઓ જે કેટલાક વખતથી બીન જવાબદાર વર્તન ચલાવી રહ્યા છે. તેની ઉપર બ્યાજબી અંકુશ મૂકવો એવો પ્રસ્તુત નિબંધનો આશય છે, આજે જૈન દુનિયામાં ચારે બાજુએ દીક્ષાના

અનુસંધાન.....પૃ. ૧૬૬ મે.

ન્યા ત ની ની.....બે ઠ ક.

લે-**પદ્મકુમાર.**

(આજનો સમાજ (ન્યાત કે જમાત) એટલે સમયની કિમ્મત આંકવામાં પાંગળું ને સામાન્યને દંડવામાં શુરૂ, છતાં ધનિકની સ્હેમાં તણાઈ ન્યાયનીતિને ધરાણે મુકનારૂં એક ટોળું. –પ્રાસંગિક.)

"ચાલો, ચાલો ચંદ્રકાંતભાઇ સમય થવા આવ્યો છે. આપણા કેટલાક સભ્યો તો પરભાર્યા ત્યાં પહોંચી ગયા હશે!" શરતચંદ્રે ઉતાવળ કરતાં ગુમ પાડી.

"ભાઇ શરત? હારી ઝડપ તો સદાયે પંજાબ મેલની રહી! જરા ઉપર આવતો, આટ વાગ્યામાં તે કોણ આવ્યું હશે? હજુ શેઠનું તો પડિકમણું ચાલતું હશે?" શરતના પિતાએ કહ્યું.

"કાકાથી, ગોર તો સાડાઆઠ વાગ્યાનું કહી ગયા છે ને?"

"એ તો એમજ કહેવાય, બાકી આ કંઇ મંડળની સભા કે મુન્સફની કોરટ નથી, કે જે વખત પ્રમાણે કામ ચલાવે. સાડાઆઠના સાડાનવ તો સમજજ લેવાના! પછી ધીમે ધીમે મોટેરાઓના કદમ થવા માંડે, મારા કાળાનાં ધોળાં થયાં, ત્યાં લગી મને પણ એમાં રસ હતો, એટલે એમ ન સમજતો કે મારી વાત ઉપર છલ્લી છે. આ તો જ્યારથી મામા માસીના થવા માંડયા ત્યારથી મેં સાજનાને (ન્યાતને) નવ ગજના નમસ્કાર કર્યા, માટે જરા એસ. પાણીબાણી પી, પાન સોપારી લે, પછી જાવ. જશો તો પણ ઓટી તો થવાનું છે."

"મુરબ્બી, ત્યારે તો જરૂર આજે એક કે બે વાગવાના! ઉજાગરો પણ થવાનો, સમયની કાંઇ કિમ્મતજ ન મળે."

"શરત, એમાં સંદેહ શો?" ચન્દ્રકાન્તે આવતાંજ ઉચ્ચાર્યું.

"આ તો વિલાયતની પાર્લામેન્ટને ટપી જાય તેવી સમાજ એમાં પતી જાય તો ભાગ્યશાળી, અગાઉ એકવાર સવાર પડેલી." "અને ઉજાગરાથી અકળાય તો કંઇ કરી શકવાના નહીં: મંડળને કામ કરતું બતાવવું હોય તો આવા કેટલાયે ઉજાગરા દરેકને વેઠવા પડશે. જ્યાં સુધી એ પટેલશાહી જડમૂળથી ઉખેડી નાંખવામાં આવશે નહિ, ને બંધારણને ચુંટણીના ધોરણ પર ઘડવામાં નહિ આવે, ત્યાં લગી તમોને એક ડગલું પણ આગળ વધવા દે એ માનવું તે ઘુમાડાના બાચકા ભરવા જેવું છે! પેલા કલ્યાણચંદને: ધંધોજ છિદ્રો શોધવાનો છે, એને તોડફોડમાંજ રસ પડે છે, કાચા હૃદયનાંને તો એ ઉભવાજ દે તેમ નથી." અનોપચંદ કાકાએ પોતાનો અનુભવ કહ્યો.

શરત અને ચન્દ્રકાન્ત જ્યાં વાડીના ઉંબરામાં પગ મેલે છે ત્યાં તો પિતાશ્રીની વાત સો ટચની લાગી. કેટલાક સભ્યો સિવાય ને એકાદ બે હાજીઆ સિવાય કોઇ નજરે નજ ચઢયું, એકે સમાચાર સંભળાવ્યા કે હજુ તો બજારમાં ચર્ચાએ: ચાલે છે, ને બધાંને આવતાં સહેજે કલાક લાગશે. મળેલા સમયનો ઉપયોગ સભ્ય મંડળીએ દેશના નવા જુના વિચારવામાં કર્યો. દશના ટકોરે શેઠ થોડા પાઘડીવાળા સાથે આવી પહોંચ્યા, તથા સંખ્યાબંધ ટોપીવાળાથી સ્થાન ભરાવા માંડયું. લાઇનસર બેઠકની આશા ન્યાતની બેઠકમાં તો રખાય! મરજી માફક નાના મોટા કુંડામાં ગોઠવાઇ સૌ કોઇ કાનકુસી કરવા લાગ્યા. શેઠ તો આવ્યા છતાં ધરાર પટેલ કલ્યાણચંદ કયાં? સૌ વાંકા વળી જોવા મંડયા. ગોર, જરા જુઓ તો કલ્યાણચંદ બહાર એટલે તો નથીને?

ત્યાં તો ફાંડી વેગે પગલાં મૂકતા કલ્યાણ કાકા આવી આગળ ગોઠવાયા, ગોરે કામ શરૂ કરતાં જણાવ્યું:

૬ તારકપુરના કુરજીશા સામે તેમની પુત્રવધુની અરજી એમાં વહુએ પોતે વિધવા થઇ હોવાથી પોતાના પલ્લાં પહેરામણીના રૂપીઆ તથા ભરણપોષણ સંબંધી માંગણી કરેલી છે, માંગણી કર્યા છતાં દાદ ન મળવાથી ન્યાતનું શરણું શોધવું પડયું છે.

એક અવાજ—"આખી અરજી વાંચી જાવ."

શેઠ—"બોલો કુરજીશા, તમારો શો જવાબ છે?"

કલ્યાણચંદ વચમાંજ બોલી ઉઠયા–"આ સવાલમાં આને શા સારૂં માથું મારવું જોઇએ? ન્યાયની અદાલતો ખુલ્લી છે. શા સારૂ બાઇ પગલાં ભરતી નથી?"

શરત—કાકા, તમો વચમાં શા સારૂં બોલો છો? કુરજીશાના વકીલ તો નથીને?

બાઇનો ભાઇ—"શેઠ સાબ, આજે ન્યાય મોંઘો થઇ પડયો છે ને વિધવા બાઇ પાસે વકીલાતની ફી ભરવાના પૈસા બાંધી નથી મેલ્યા. ન્યાત ગંગા છે, ન્યાય કરે. શા સારૂં કોરટના બારણા બખડાવવા જવું ને ભૂંડાશ વહોરવી?"

કુરજીશા—બાધા બોરાકી માંગતાં લાજ નથી આવતી! મારે ઘેર રહે ને બાય પીએ, એમાં કે દિ ના પાડી છે? પલ્લા પહેરામણીના રકમ તો જમે છે ને તેનું બ્યાજ ચઢે છે. બાકી જુવાનજોધ બાઇના હાથમાં એ રકમ સોંપાયજ કેમ? કંઇ વિપરીત કરી બેસે તો? દયા બાવા સહુ તૈયાર, પણ કોની આબરૂને બટ્ટો લાગે તેનો વિચાર કર્યો? ધરમમાં કહ્યું છે કે "સ્ત્રી જાતનો વિશ્વાસ ન કરવો, તેને તો અંકુશમાંજ રાખવી."

છેલ્લી લીટી સાંભળતાંજ સભ્યોના પેટનું પાણી હાલી ઉઠયું, શરતને માંડમાંડ ચંદ્રકાન્તે થંભાવી રાખ્યો, ત્યાં તો ઇંદુ ધડાકો કરતાં ફફડી ઉઠયો.

"કાકા, જરા બતાવશો કયા ધરમમાં તમોએ કહ્યું તે કહેલું છે? જરા મારા સામું જોઇ જણાવશો કે પલ્લા પહેરામણી પર હક કોનો? વળી વિપરીત કરનારને આબરૂ વહાલી નહિજ હોય એમજ ને! પૈસા હોય તોજ વિપરીત કરી બેસે નહિ તો નહિ કરશે એની કંઇ બાત્રો?"

કલ્યાણચંદ ને મલુકચંદ સાથેજ ભભડી ઉઠયા–"તને કોઇએ પૂછ્યું? ધરમ સાંભળવો હોય તો સવારે બ્યાખ્યાનમાં આવજે. નાના મોટાનો જરા સરખો વિનયજ ન મળે!"

એક કહેવાતો ધર્મી—કરો એને ન્યાત બહાર! આ મંડળવાળા તો ધરમ અને વહેવારનું સત્યાનાશ વાળવા બેઠા છે! બસ મરજી માફક વર્તવું અને ગમે તેમ લવવું."

બસ ધર્મીબંધુના ધબારા સાથેજ વાતાવરણમાં ગરબડ વધી પડી, હો હા થવા માંડી. પરસ્પર ઘુરકાઘુરકી ચાલી રહી. શાન્ત થવાના પોકારો પડી રહ્યા.

–ચાલુ.

શ્રીમંત વડોદરા નરેશની ચાણસ્મામાં પધરામણી.

દરબારમાં નગરશેઠ રવચંદભાઇએ કરેલી અરજ.

મહારાજનના દરબારમાં શિષ્ટાચાર થયાપછી શ્રીમંતે લોકોને કહ્યું કે તમારે કંઇ અરજ કરવી છે? કંઇ કહેવું છે? તો ખુશીથી કહો. મને ઉતાવળ નથી. હું તમને સાંભળવાજ આવ્યો છું. તે ઉપરથી નગર શેઠ રવચંદભાઇએ ઉભા થઇ દીક્ષા પ્રતિબંધના મુસદ્દા સંબંધમાં વિનંતિ કરી કે દીક્ષા એ ધર્મને સદાચારની સંસ્થા છે, તે માટે સજા થાય તેથી અમારી લાગણી દુભાય છે.

શ્રી૦—પણ સગીર છોકરાં ધર્મ કે સંસ્કાર ન સમજી શકે. તેમનું રક્ષણ કરવાનો રાજ્યનો હેતુ છે.

શેઠ૦—અમે ઘરમાંજ શીક્ષણ આપીએ છીએ કે જેથી નાની ઉમરમાં સેવા, સંસ્કાર અને લાયકાત આવે છે.

શ્રી.—જૈન ધર્મ હીંદુ ધર્મના સુધારા રૂપે છે. તત્વોમાં ફરક નથી. મને જૈન ધર્મ માટે એટલુંજ માન છે. પાટણના અમૂલ્ય ભાંડારોમાંથી મેં સંશોધન કરાવી પ્રચાર માટે પ્રયત્ન કર્યો છે. આમાં સગીરોના હીતનો સવાલ છે.

શેઠ.—અમારા આચાર્યો વગેરેને સાંભળી તે કરો તો સારૂં.

શ્રી.—તમને સાંભળવા માટે તો મેં ખાસ કમિટી નીમી છે અને તેણે બધાંને સાંભળ્યા છે. પછી આવી વાત કરો તો કામનો અંત કયાંથી આવે? દરેક કામને યત્તા જોઇએ ને?

શેઠ.—અમે ૧૬ વર્ષની અંદરનાને દીક્ષા આપતા નથી. આતો સંસ્થા છુંદી નાંખવાનો હેતુ છે.

શ્રી.—સંસ્થા છુંદી નાંખવાનો હેતુ નથી પણ સુધારવાનો હેતુ છે. છતાં તમારે જે હરકત હોય તે ખુશીથી લખીને આપજો મનમાં ન રાખશો કે મહારાજે ધ્યાન દીધું નહી. તમારી અરજી હું વાંચીશ. ભુલી નહી જાઉં એ ખાત્રી રાખજો. (સયાજી વિજય.)

(નોંધ—શેઠ રવચંદભાઇના ચાણસ્મા ગામમાંજ એક નારંગી નામની ૧૦॥ સાડાદસ વરસની કુમળી બાળાને દીક્ષા અપાઇ છે. તે ઉપરાંત વડોદરા રાજ્યની દીક્ષા તપાસ સમિતિ આગળ સોળ વરસની અંદરના છોકરાઓને દીક્ષા આપ્યાના બનાવો સાબીત થઇ ચુકયા છે. છતાં વકીલ શ્રીમંત મહારાજા આગળ કહે છે કે "અમે સોળ વરસની અંદરનાને દીક્ષા આપતા નથી." ધન્ય છે!! શું આવા જુઠાણાથી જૈન ધર્મની ઉન્નતિ થવાની છે? મને લાગે છે કે ધર્મના કામે જુઠું બોલવાની તેમના અયોગ્ય દીક્ષાના હીમાયતી ગુરૂઓ તરફથી છુટ આપવામાં આવી હશે. અને તેવી છુટનો આ પ્રસંગે ઉપયોગ કર્યો જણાય છે. લી૦ સયાજી વિજય પત્રનો એક વાચક.)

પ્રજાબની ધારાસભામાં શ્રીયુત મોહનલાલજીના મૃત્યુપછી ખાલી પડેલી જગ્યાએ લાલા સુમતિ પ્રસાદજી વકીલ (અંબાલા સીટી) ના ધર્મપત્નિ શ્રીમતિ લેખવતીએ ઉમેદવારી માટે અરજી કરી છે. આ ઉત્સાહી જૈન બહેન સામાજીક અને રાષ્ટ્રીય વિષયોમાં ઠીક ભાગ લે છે અગાઉ તેઓ ડીસ્ટ્રીક કોંગ્રેસ કમીટીના ઉપપ્રમુખ હતાં.

શ્રી કચ્છી જૈન યુવક સંઘની જાહેર સભા.

તેનો વિરોધ કરનારાઓ કોણ છે?

સાહેબ—શ્રી કચ્છી જૈન યુવક સંઘની એક જાહેર સભા તા૦ ૧-૩-૩૨ ના રોજ શ્રીયુત દામજી શીવજીના પ્રમુખપણા હેઠળ મળી હતી તે સભા બોલાવ્યા પહેલાં તેનો યોગ્ય રીતે જાહેર સરકયુલર ફેરવવામાં આવ્યો હતો અને તેની યોગ્ય જાહેરાત વર્તમાનપત્રો મારફતે આપવામાં આવી હતી. એટલે તે સભા જાહેરજ હતી અને તેમાં વિરોધીઓને આવવાનો પૂરતો હક્ક હતો. સાંજ વર્તમાન તા૦ ૮-૩-૩૩ ના અંકમાં મજકુર સભા સામે કોઈ આઠ ભાઇઓએ સભા ભરી હતી કચ્છી જૈનોની સમગ્રસભા નહિ હતી એવો બળાપો જાહેર કર્યો છે. આજકાલ જૈન સમાજ દીક્ષાના દાવાનળમાં સળગી રહ્યો છે તે અયોગ્ય દીક્ષાના હિમાયતીઓની ધર્માંધ શ્રીમંત પાર્ટી જૈન સમાજના સુધારાને દરેક રીતે અટકાવવા અને સુધારકોની પ્રવૃત્તિઓને હલકી પાડવાના પ્રયાસો કરી રહેલ છે અને તેઓ નામદાર ગાયકવાડ સરકારે મંજુર કરેલ "દીક્ષા નિયામક નિષેધ" સામે નિરર્થક કોલાહલ કરી રહ્યા છે તે ધર્માંધતા પોષણ હજારો રૂપીયાનો વ્યય કરી રહ્યા છે.

અમારા સંઘની જાહેર સભા સામે બડબડાટ કરી એ સભા સાથે કચ્છી જૈન ભાઇઓને કાંઇ લેવા દેવા નથી એમ કહેવા પડનારાઓ શું લાયકાત ધરાવે છે તે અમો જાણતા નથી. કચ્છી જૈનોમાં સેંકડો વેપારીઓ, શ્રીમંતો, સુધારકો અને લાગવગ ધરાવનારા અનેક આગેવાનો મોજુદ છે તેમ છતાં જાહેર જીવનમાં પ્રથમજ દર્શન દેતા આઠ ભાઇઓ ભાતબજાર પરના પુરાવા પાસે એવી આવો એક કહેવાતો વિરોધ વર્તમાનપત્રોમાં મોકલી આપે એની શું કિમ્મત હોઇ શકે. અમો જાહેરે જનતાને તેમાં ખાસ કરીને કચ્છી જૈન યુવકોને ખાત્રી આપીએ છીએ કે અમારી સંસ્થા દિનપ્રતિદિન આગળ પ્રગતિ કરી રહેલ છે તેની ઉન્નતિ અયોગ્ય દીક્ષાના હિમાયતી પં. રામવિજયજી તથા આચાર્ય શ્રી સાગરજીના આંધળા ભકતો સાંખી નહિ શકવાથી અનેક જાતના કાવાદાવા કરી રહ્યા છે તે સામે અમો કચ્છી જૈનોને ચેતવણી આપીએ છીએ.

લી૦ અમો છીએ,
હીરજી ચના સાવલા.
એલ. એચ. લાલન.
ઓ. સેક્રેટરીઓ.

શ્રી કચ્છી જૈન યુવક સંઘ, ફે૦ ગાયા બિલ્ડીંગ, મરજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, ૩.

અયોગ્ય દીક્ષા.....પૃષ્ઠ ૧૬૪ થી.

પ્રશ્ને કોલાહળ કરી મૂકયો છે દીક્ષા આપવાના આશયથી છોકરાંઓને ભગાડવા, નસાડવા તથા છુપાવવામાં જે છળ પ્રપંચ તથા અસત્ય સેવવામાં આવે છે તે આજે તો સર્વત્ર જગજાહેર થયું છે. આ પરિસ્થિતિ વચ્ચે ગાયકવાડ સરકાર જે કાયદો ઘડવા માંગે છે તેને તો આપણે વધાવી લેવો ઘટે છે. તેની સામે 'ધર્મ જોખમમાં' એવો શંખ ફુંકી કોલાહલ કરી મુકવો એ તો ચાલી રહેલ અંધેર સામે આંખ આડા કાન કરવા બરોબર છે. —ચાલુ.

ચર્ચા પત્ર.

વિરોધ નથી ?

વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ પ્રસિધ્ધ નામ ભગવતી સૂત્રના પદની સંખ્યા સમવાયાંગના મૂળમાં ૮૪ માં સમવાયમાં ૮૪૦૦૦ બતાવી છે. તેમાં એ વિષે આ પ્રમાણે લખ્યું છે કે "**वियाह पन्नत्तीए णं भगवतीए चउरासीइं पयसहस्सा पयग्गेणं।**"

વળી તેજ સૂત્રમાં જ્યાં દ્વાદશાંગીના પરિમાણનો પરિચય આપવામાં આવ્યો છે ત્યાં વ્યાખ્યા પ્રજ્ઞપ્તિના ગ્રંથમાનો પરિચય આપતાં પદોની સંખ્યા પૂર્વ પ્રમાણે બતાવેલી છે.

વ્યાખ્યા પ્રજ્ઞપ્તિના મૂળસૂત્રના અંત ભાગમાં એક ગાથા મૂકેલી છે જ્યાં ૮૪૦૦૦૦ પદો બતાવેલાં છે. ગાથામાં એ વિષે આ પ્રમાણે લખ્યું છે કે "**चुलसीय सय सहस्सा पदाण पवरवर नाणदंसीहिं।**"

શ્રી નંદી સૂત્રમાં જ્યાં દ્વાદશાંગીનો પરિચય આપ્યો છે ત્યાં વ્યાખ્યા પ્રજ્ઞપ્તિમાં ૨૮૮૦૦૦ પદો છે એમ લખેલું છે. આ રીતે ત્રણેય મૂળ આગમોમાં વ્યાખ્યા પ્રજ્ઞપ્તિના પદપરિમાણ બાબત એક વાકયતા નથી, તેનો નિકાલ શી રીતે આવે ?

હવે એ વિષે ટીકાકાર અભયદેવનો ઉલ્લેખ જોઇએ. વ્યાખ્યા પ્રજ્ઞપ્તિના ૧ લા શતકની શરૂઆતમાં મંગલની ચર્ચા થઇ રહ્યા પછી વ્યાખ્યા પ્રજ્ઞપ્તિના પદની સંખ્યા આપતાં ટીકાકાર '**अष्टा शीति सहस्राधिक लक्षद्वय प्रमाण पदशेा।**' એક વિશેષણ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિને આપીને તેના પદો ૨૮૮૦૦૦ જણાવે છે અને આજ ટીકાકાર ભગવતીમૂળસૂત્રની પૂર્વોકત અંતીમ ગાથાનો અર્થ કરતાં ૮૪ લાખ પદો બતાવે છે એ રીતે એકજ ટીકાકાર એક ઠેકાણે ૨૮૮૦૦૦ પદોની વાત કરે છે અને બીજે ઠેકાણે ૮૪ લાખ પદોની વાત કરે છે, વળી સમવાયાંગ સૂત્રની ટીકામાં આજ ટીકાકાર ૮૪૦૦૦ પદોની વાત કરે છે. આ ત્રણેય જુદી જુદી વાતોમાં વિરોધ નથી? ટીકાકારે સમવાયાંગ સૂત્રની ટીકામાં 'મતાન્તર' કરીને સંખ્યાભેદનો ખુલાસો આપવા પ્રયત્ન કર્યો છે પણ તે પુરતો સંતોષકારક લાગતો નથી તેથી કોઇ આગમધર ખુલાસો કરશે ?

જિજ્ઞાસુ.

પાલણપુર-(૧ સ્વ. ચંદુલાલ ફોજદારી બાલ મંદિરની મુલાકાતે અમદાવાદ શારદા મંદિરના અધિષ્ટાત્રી પોતાના બાલ શિષ્ય પરિવાર સાથે આબુની મુસાફરીએ જતાં આવ્યાં હતાં. (૨) શાન્તીલાલ ભુખણદાસ નામના એક શ્રીમંત જૈન નબીરાયે કહેવાય છે કે, ખાટકી વિગેરેની મદદ મેળવી પોતાના ઘેર બોલાવી તેની પાસે માંગતા રૂપીઆ મળી ગયા છે તેવી પાવતી લખી આપવા ધીરજલાલ છગનલાલને છરી બતાવી ધમકી આપી અને સંભળાય છે કે સ્વ બચાવમાં ધીરજલાલને વાગ્યું. મામલો પેલીસ કોર્ટે ચઢયો છે. શાન્તીલાલ વિગેરે ચાર જણને પકડવામાં આવ્યા, તેઓએ જમીનપર છુટવા અરજી કરી પણ છોડવામાં આવ્યા નથી. ભૂતકાળનું ક્ષાત્ર તેજ વર્ષો પછી જાગ્રત્ હશે શું?

એક ખુલાસો.

તા૦ ૧૫-૩-૩૩ ના '**મુંબઇ સમાચાર**'માં મુનિશ્રી વિદ્યા વિજયજી મહારાજના સંબંધમાં એવી હકીકત પ્રગટ થઇ છે કે, વડોદરા સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ વિષે તેમનો અભિપ્રાય પૂછતાં તેમણે અભ્યાસ કર્યા વિના અભિપ્રાય ઉચ્ચારવાની ના પાડી હતી.

પરંતુ **આ હકીકત સત્યથી વેગળી છે.** પ્રસ્તુત દીક્ષા નિબંધ સંબંધે તેમનો અભિપ્રાય પૂછવાજોગ નથી. અને પૂછવાની જરૂરજ ન હતી, કારણ કે તેમણે દીક્ષા સંબંધી વિચારો 'સમયને ઓળખો' નામના પોતાના પુસ્તકમાં જાહેર કરેલાજ છે. જે પુસ્તક સમિતિમાં દાખલ થઇ ગયું છે.

પ્રબુધ્ધના કાર્યમાટે નિયુકત થયેલી ઓર્ડ નીચે પ્રમાણે:—

તંત્રીઃ રતીલાલ સી. ફોજદારી.
સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ.
વ્યવસ્થાપકઃ અમીચંદ ખેમચંદ શાહ.
પ્રકાશકઃ ગોકળદાસ મગનલાલ શાહ.
ઓર્ડના સભ્ય શ્રી ચંદ્રકાન્ત સુતરીયા.

પ્રાસંગિક પ્રબોધન ચાલુ પાને...૧૬૬ થી.

ભોજનશાળા.

સામાન્યતઃ આજે દરેક જગ્યાએ બેકારીનો બાહુ જગતને મુઝવી રહ્યો છે. અને એના પંજામાંથી સમાજ અલગ નથીજ, આ બર્બાળ યુગમાં ચાલુ બર્બરાઓ નિભાવવા એ મુશ્કેલી ભર્યું કામ છે. સાધારણ વર્ગની આમાં બૂબ કફોડી સ્થિતિ છે. નથી તેનાથી કોઇની પાસે હાથ લંબાવાતો અગાઉ આપણા સમાજમાંથી ગુપ્ત દાનની પ્રથા ચાલતી તે લગભગ નષ્ટ થઇ ગઇ છે. ધનીકોને પોતાની મહેફીલો આગળ બીજાના દુઃખોની બબર નથી, તેમ તે તો તેમના ગાડી, ઘોડા, વાડી ને બગીચાનીજ પડી છે. આ સંબંધમાં એક સમાજના મુંગા સેવકે ફંડની યોજના તૈયાર કરી છે. અને બીજા શહેરો જેવા કે પાટણ, અમદાવાદ, સુરત, મહેસાણા વિગેરે સ્થળોએ ચાલે છે. તેવી રીત પર પંદરેક હજારના ફંડની શરૂઆત કરી એક ભોજનશાળા ખોલવાનું નક્કી કર્યું છે. આ ભોજનશાળા દ્વારા સાધારણ જનતાને ટેકો મળે બહારગામથી આવનારાઓની અગવડ ઓછી થશે, અને તેના માટે તે ભાઇએ ફંડની શરૂઆત પણ કરી દીધી છે. અત્યારે લગભગ પાંચ હજાર ભરાયા છે. અમને વિશ્વાસ છે કે સમાજે જેમ આ ભાઇને પાયધુનીપર ચાલતા દવાખાનામાં સાથ આપ્યો તેમ આપશે એમ અમે આશા રાખીએ છીએ.

જોઇએ છે?

પ્રબુધ્ધ માટે વિશ્વાસુ બબરપત્રીઓ અને સમાચાર આપનારા સેવા ભાવી યુવકો, પોષ્ટેજ આપવામાં આવશે.

લખો,
વ્યવસ્થાપક પ્રબુધ્ધ જૈન.

સમાચાર.

હુબ્બલી-(ધારવાડ) મારવાડીભાઇઓ તરફથી એક મંદીરની સ્થાપનાનો મહોત્સવ ફાગણ સુદી ત્રીજનાં રોજ થયો. તે વખતે શેઠ નરપાર વશાયા (કચ્છ જખૌ) તરફથી અંત્યજોને તેમજ ગરીબોને અન્નદાન અપાયેલ. આમ આપણા સામાજિક તહેવારોમાં અંત્યજ સેવાના પગલા માંડવા શ્રી. નરપારભાઇને અભિનંદન.

વડોદરા--(૧) ના. ગાયકવાડ સરકારના દિવાન સાહેબે મુનિ રામવિજયને મુલાકાત આપી હતી. શું નીકળ્યુ કોથળામાંથી...? (૨) પાટણ નિવાસી શ્રીયુત્ કેશવલાલ મંગળચંદ શાહે, ઘડીયાળી પોળના ઉપાશ્રયમાં અયોગ્ય દીક્ષા પર નિયમની જરૂર એ વિષય પર જાહેર વ્યાખ્યાન આપ્યું હતું જેમા રૂઢી પૂજકોની દલીલો શાસ્ત્રાધારના સબળ પૂરાવાઓથી સીધ્ધ કરી આપી હતી.

મુંબઇ-રા. રા. નરોત્તમ ભગવાનદાસ શાહ જેઓ ટાઇમ્સ ઓફ ઇન્ડીયામાં વર્ષો સુધી નોકરી કરી હમણાં પેન્સન ઉપર રીટાયર થયા તેઓ તથા શ્રી નરોત્તમ ભવાનદાસ શાહ એ બન્ને ભાઇઓએ આજ પર્યંત જૈન સમાજની અનેક મુંગી સેવાઓ બજાવી છે. તે બદલ તેઓને અભિનંદન આપવાનો એક મેલાવડો તેમના મિત્રો તરફથી જૈન સેનેટરી એસોસીએશનમાં શ્રી કે. બી. વકીલના પ્રમુખપણા નીચે તા૦ ૧૨-૩-૩૩ ના રોજ કરવામાં આવ્યો હતો તે વખતે અન્ય વકતાઓએ તેમની સેવાના વખાણ કર્યા હતા અને ભવિષ્યમાં વાનપ્રસ્થ અવસ્થામાં જૈન કોમની સારી સેવા બજાવશે એવી આશા રાખવામાં આવી હતી. (૨) મહાવીર સ્ટુડન્ટસ યુનીયનનો વાર્ષિક સમાપ્તિનો ઉત્સવ પ્રો. મેકેનઝી (વાઇસ ચેન્સેલર) જેઓ ચાલુ વર્ષના યુનીયનના પ્રમુખ હતા તેઓના પ્રમુખપણા નીચે ૧૧ મી માર્ચના રોજ ઉજવવામાં આવ્યો હતો અને પ્રમુખશ્રીની દેશયાત્રાની સફળ સફર ઇચ્છી હતી.

કઈ પરિસ્થિતિમાં!

સારોય જૈન સમાજ અસ્તવ્યસ્ત થઇ ગયો છે. પિતા મહાવીર, જહેના પુનરોધ્ધારના પુરોગામી હતા તે સમાજ પ્રતિદિન ધસાતો જાય છે. વિમળશા, વસ્તુપાળ, તેજપાળ, ભામાશાના વારસો ભાનભુલ્યા નાયકની જયમ, નાવની કીસ્તી છોડી મુંઝાતા લાગે છે.

ધ્રુતિર સમાજની સરખામણીએ, સંખ્યા શકિતને વ્યાપારમાં આપણી પીછે હઠ થતી રહી છે. **સામાજીક બદીઓએ આપણને વિનાશની છેલ્લી પગથારે ધકેલ્યા છે.**

માનવપ્રેમી વિશ્વધર્મ-જ્ઞાતિઓ, પેટાજ્ઞાતિઓ વાડાઓ અને તડોમાં લુપ્ત થયો છે. ધર્મ ધર્મ મટી સંપ્રદાયનાં સડેલાં કલેવરમાં પ્રેત શો ફસકાઇ પડયો છે. કુરૂઢીઓમાં આજનાં જુવાનો ત્રાસ પામતાં સડી રહ્યાં છે. કુસંપથી તડ-ફોટો મોટી થતી જાય છે.

કોઇક સાગરાનંદો કે ખાબોચીયાનન્દો, કોઇક રામવિજયો કે હરામવિજયો-ધર્મને નામે નિર્ભેળ લુંટ, ને પાશવી તાંડવ નૃત્ય આદરે છે.

ત્યારે,

આવા કપરા સંજોગોમાં, આમ્નાય સમાજને વ્યવસ્થિત કરવા, નવપલ્લવિત કરવા, સમાજના ઝીણુવટભર્યા પ્રશ્નોના અભ્યાસની જરૂર હતી. જૈન સમાજને 'પ્રબુદ્ધ' કરવા માટે વિશાળ વાંચન ભર્યા, સામાજીક દર્દોના કોઇક નિષ્ણાત વૈદની જરૂર હતી.

આને બદલે

પત્રકારિત્વથી અજાણ્યા, અને અંગત મુશ્કેલીઓ ને વશ થઇ જાહેર જીવનમાંથી હાલ તુરત નિવૃત્તિ ઇચ્છતા, મહારા જેવાના 'હાથમાં 'પ્રબુદ્ધ'નું સુકાન સોંપવામાં આવે એ અજાયબી અને અપ્રાસંગીક ગણાય.

ભાઇ ચંદ્રકાન્ત ઝવેરીઆએ અંગત કારણોથી એક વર્ષ બાદ રાજીનામું આપ્યું અને કાર્યવાહક સમીતિએ ના ન પાડી શકાય એવા આગ્રહથી **મહારે માથે આ ભાર લાદી દીધો.**

'પ્રબુદ્ધનું કાર્ય મહારી શકિત બહારનું છે એટલે કેટલે અંશે સફળ થવાય એ તો ભાવિ કહેશે. છતાં **જે શ્રધ્ધાથી મિત્રોએ કામ સોપ્યું છે તે, તહેમના સહકારથી, યતકિંચીત પાર પાડવા પરમ શકિત બળ** પ્રેરે!

જૈન સમાજના સૌ વિચારકો, સમાજને નવપલ્લવિત કરવાના આ પ્રયાસમાં સહકાર આપશે એવી મારી આશા અસ્થાને નથી એમ હું માની લઉંછું.

રતીલાલ.

(૩) **શ્રી હરિલાલ શાહને** મહાવીર સ્ટુડન્ટસ યુનીયન તરફથી મહાવીર જૈન વિદ્યાલયના સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે બજાવેલી સુંદર સેવા બદલ માન પત્ર ઉત્સવના સભા પતિ રેવન મેકેન્ઝી સાહેબના હાથે ચાંદીનાકાસ્કેટમાં આપવામાં આવ્યું હતું. પ્રસંગને અનુસરી બીજા વકતાઓએ વિવેચન કર્યા હતા.

બનારસ-વિશ્વ વિદ્યાલયમાં પં. સુખલાલજીની જૈન પંડિત તરીકેની નીમણુંકનો કરાવ શ્વે. જૈન કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમિટીએ સર્વાનુંમતે કર્યો છે.

અજમેરમાં ભરાનારી શ્વે. સ્થા. કોન્ફરન્સના પ્રમુખસ્થાને શેઠ વેલજી લખમશી નપ્પુની તેમજ મહિલા પરિષદના પ્રમુખસ્થાને શ્રી કેશરબાઇ અમૃતલાલ ઝવેરીની વરણી કરી છે. (૨) સ્થા. સાધુ સમેલન તા૦ ૫-૪-૩૩ થી શરૂ થશે અને કોન્ફરન્સનું નવમું અધિવેશન તા૦ ૨૨-૩-૩૪ એપ્રીલ ભરવા નક્કી થયું છે.

લંડન-બેરીસ્ટર ચંપતરાયજી દ્વારા સંચાલિત ઋષભ જિન ફ્રી લાયબ્રેરીમાં ધાર્મિક વર્ગનો લાભ સારો લેવાય છે.

બ્રાહ્મણવાડા-(મારવાડ) પોરવાડ સંમેલન તેમજ ચૈત્ર માસની આયંબીલની ઓળીમાં પુષ્કળ માણસો આવનાર હોઇ મોટા પાયાપર તૈયારીઓ થઈ રહી છે.

જયપુર-શ્રી અખિલ ભારત ઓસવાળ નવયુવક પરિષદ ભરવા માટેની પ્રાથમિક તૈયારીઓને લગતું નિવેદન તેના મંત્રી શ્રી સિદ્ધરાજ ઢઢ્ઢાએ બહાર પાડયું છે. પત્ર વહેવાર કરનારે ચૌડા રસ્તા જયપુર સીટીના શીરનામે કરવો.

ગોધરા મુનિશ્રી વિદ્યાવિજયજી મહારાજનું તા. ૧૨ મીએ ગોધરા આવી પહોંચતા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તેઓએ ત્યાં બે ભાષણો આપ્યાં હતા. વડોદરાથી પ્રતિનિધિ મંડળ તેમને આમંત્રણ આપવા ગયેલું. તેઓ બારીયા થઈ ચૈત્રમાં વડોદરા જશે.

આ પત્ર લાલજી હરશી લાલને મહેન્દ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બિલ્ડીંગ મસજીદ બંદર રોડ, મુંબઇ, ૩ માં છાપ્યું છે. અને જોકલદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ-૩, માંથી પ્રગટ કર્યું છે

દાનની દિશા બદલો.

Reg. No. B. 2917
છુટક નકલ ૧ આનો

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

તંત્રીઃ રતિલાલ સી. કોઠારી. સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ. | શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર. વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦ | વર્ષ ૨ જું, અંક ૨૨ મો. શનીવાર તા. ૨૫-૩-૧૯૩૩.

[ના૦ વડોદરા નરેશની ૭૧ મી જન્મ જયંતિ ઉજવવાનો એક ભવ્ય મેલાવડો ગયા શનીવારે સાંજે રોયલ ઓપેરા હાઉસમાં મુંબઇની પચરંગી આલમે કર્યો હતો. જે વખતે તેઓ નામદારને માનપત્ર તેમજ ગૌરવગ્રંથ અપણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જુદા જુદા ચાલીશ મંડળો તરફથી (જેમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પણ હતું) તેઓ નામદારને હારતોરા એનાયત કરવામાં આવ્યા હતા. યુગબળને ઓળખી સામાજિક સુધારાઓને વેગ આપનાર એ ઉદ્ગાર રાજવીના ભાષણમાંથી નીચેની કણીકાઓ અત્રે મુકીએ છીએ.]

"કાયદાને વ્યક્તિગત સ્વતંત્ર્ય પરના પ્રતિબંધ તરીકે નહિ પણ સમાજની સ્વતંત્રતાના સિદ્ધાંતના સહાયક તરીકે ગણવા જોઇએ."

× × ×

"કેટલાક સામાજિક અને ધાર્મિક રીતરિવાજો, વહેમી માન્યતાઓ અને પુરાણા કાયદાઓ જે પ્રગતિના માર્ગને અવરોધે છે તેને દુર કરવામાં ન આવે ત્યાં સુધી સાચી પ્રગતિ સાધી શકાય તેમ નથી."

× × ×

"મારા આદર્શ અને ભાવના નહિ સમજનારા લોકો મારી અનેક વિધ પ્રવૃત્તિઓનું રહસ્ય વખતે નહિ સમજતા હોય અને લોક કલ્યાણની મેં અખત્યાર કરેલી રાજનીતિનો તેમણે વખતે તેમની ગેરસમજથી અવળો અર્થ કર્યો હશે. પણ મારે જણાવવાનું જરૂરનું છે કે એવા અલ્પજ્ઞ લોકોની ઝાઝી પરવા કર્યા વિના હું મારૂં કર્તવ્ય આગળ ધપાવ્યાજ કરૂં છું



પ્રખર સુધારક

સર સયાજીરાવ ગાયકવાડ.



ને કરીશ, ને મારી ખાત્રી છે કે યોગ્ય વખતે આવા લોકો પોતેજ કબુલ કરશે કે તેઓ પોતે ગંભીર ભુલ કરતા હતા."

× × ×

"મતમતાંતરના આગ્રહથી ગ્રેરાઇ કે પછી ન્યાતના ક્ષુદ્ર અભિમાનથી ગ્રેરાઇ જેઓ કુરબાની કરે છે તેઓ ખરેખરી જનસેવાની વિશાળ દ્રષ્ટિ ભુલી જાય છે."

× × ×

"ધાર્મિક ઝગડાનો નિકાલ કરનારા અને સમાજની અનિષ્ટ રૂઢીઓ, બંધનો, વહેમો અને બદીઓ ટાળવાના ઉપાય શોધનારા મારી યાદીમાં હોય છે."

× × ×

"અસ્પૃશ્યતા નિવારણના કામે લોકનિંદાની પરવા નહિ કરનારા આગેવાનો તેમજ આધ્યાત્મિક વિદ્યાના અભ્યાસીઓ પણ હું નજરમાં રાખું છું.

પ્રૌઢ અને પરિપકવ વિચાર થયા સિવાય સાધુ અગર સંન્યાસી થવાની વાત ખોટી છે. વિરકિત પણ કોને કહે છે એની જેને કલ્પના પણ નથી હોતી તેવા નાની વયના સાધુ વધારીને એવી લોકોની સંખ્યા વધારાય છે અને તેથી સમાજનું અહિત થાય છે.

—સર સયાજીરાવ.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર.)

પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૨૫-૩-૩૩.

દાનની દિશા બદલો.

આપણામાં ધર્મધિતા ખૂબ છે. માંડ માંડ ખર્ચો મેળવી જીવન નિર્વાહનું નાવ હાંકતા માનવીઓ પણ પૈસો પૈસો મંદિરના ગભારામાં નાખે છે. એ બીચારા એ વિશ્વાસથી નાંખે છે કે એ ધર્મ કરે છે. એવી એમની ચોકખી માન્યતા હોય છે અને તેથી ઓછું ખાઇને, કંગાળીયત ભીષણ ચકકીમાં પીસાઇ ને પણ એ ગભારામાં પૈસો નાંખવાનાંજ. અને પૈસા પૈસામાંથી–ટીપે ટીપે ભરાયલા એ લક્ષ્મીના સાગરો કયા ધર્મ અર્થે વપરાય છે? કઇ ને કોની ઉન્નતિ સધાય છે? કોઇ પુરા તત્વાંદી સંશોધન આદરે અને કોઇ પગ પારખું એ લક્ષ્મીનાં પગ ઓળખી શોધી કાઢી એનાં પરિણામ પ્રજાને જણાવે તો આખો સમાજ ચમકી ઉઠે. એક એક પૈસાથી એકઠી થયેલી એ લક્ષ્મી આપણાં ઉજળાં કપડાં પહેરી ફરતા આગેવાનોએ સાવ પચાવી દીધી છે. કંગાળ આદમીઓએ ધર્મની લાગભાવના સ્વીકારીને, અતિ જરૂરીઆત છતાં એ પૈસા પરનો હક્ક જતો કરીને, ધર્મભાવે દિધેલા પૈસાના કાંતો જનતાને નિરર્થક એવા ઢગ ખડકાયા છે અને કાંતો કોઇકના ખીસ્સામાં જઇ પડયા છે.

વહીવટી ચોપડાં બતાવો.

આ કથન સાવ સાચું છે. નિર્ભેળ લુંટના આ આંકડાઓ આજના મંદિરના ચાલકો આપણને બતાવવા નથી ઇચ્છતા, લૂંટાયલી લુંટ માફ કરીએ તો પણ હવેથીય એ હિસાબ બ્હાર પાડવાનો ચોકખો વિરોધ દર્શાવે છે. પ્રજાને માટે બે રસ્તા ખુલ્લા છે. કાંતો વહીવટી ચોપડાં જોવા માંગવા એટલે કે વર્ષોનો રીપોર્ટ બ્હાર પાડવા આગ્રહ કરવો અગર તો એ ભંડારોમાં પૈસા નાંખવા નહિ. અને એ પૈસા વાપરવાનાં હોય તો જીવતા દેવોને પીડાતાં બંધુઓને મદદ કરવા પાછળજ ખર્ચવા જોઇએ છે.

આણંદજી કલ્યાણજીની પેઢી.

એક આણંદજી કલ્યાણજીની પેઢીનોજ દાખલો લ્યો જૈન શ્વેતાંમ્બર કોન્ફરંસના ખાસ અધિવેશન વખતે એ પેઢીના વહિવટની વાત ઉપડી હતી તે યાદ આવે છે. શ્રી. મણીલાલ કોઠારી અને શ્રી. અમૃતલાલ શેઠ જેવા આગેવાન રાષ્ટ્રીયવાદી જૈનોને એ પેઢીના વહિવટ અંગે ખૂબ ફરીઆદો છે. સારાય જૈન સમાજને પણ 'આજે પાલીતાણા રાજ્ય સાથેની તકરાર પટાવી લઇએ. પછી અંદર અંદર આપણે સહમજી લઇશું' એમ વચગાળેની મુત્સદીગીરી ચલાવી એ વાત એ વેળા ઠંડી પાડવામાં આવેલી. અને પછી તો રાષ્ટ્રીય જુવાળ ઉપડયો એટલે 'અંદર અંદર સમજવાની' એ વાત લાંક પીછોડો ઓઢાડવો શકય બન્યો.

આજે કોઇ એનો હિસાબ માંગો. કોઇ તટસ્થ હોશીયાર ઓડીટર પાસે એનો હિસાબ તપાસરાવો. એ પૈસા કોને ત્યાં કેમ રોકાયા છે તે અને કેટલા પાછા જરૂર પડે તો આવી શકે એમ છે હેનું સરવૈયું કાઢો. ધીરાયલા એ પૈસામાંથી મીલોના સંચાઓ પાછળ અને ચરખીનાં પીંપો પાછળ કેટલા પૈસા રોકાય છે તે શોધી કાઢો અને ધર્મને નામે આપણે દિધેલા પૈસા માટે આપણને પ્રશ્ચાતાપ થશે.

તમે જાણો છો ?

કેટલીય શતાબ્દિઓ પહેલાં પુનિત પ્રભાતે જગતનું કલ્યાણ કરવા જન્મેલા પિતા મહાવીરનો

જન્મોત્સવ દિન નજીક આવે છે.

વીરના સાચા સંતાનોને ફીરકા ભેદ ન હોય !

એ યાદ રાખીને

ઉત્સાહ અને ઉલ્લાસ ભર્યા હૈડે દરેક જૈન એકત્રીત થાય,
અને એ જગાડનારી જ્યોતને સન્મુખ રાખી,
ક્રાન્તિકારીના વિકટ પંથે ચાલવાના

સપથ લેવાનું રખે ચૂકે !

જૈનોનો એક પણ જાહેર તહેવાર પળાતો નથી.
એકત્ર અવાજ રજુ કરી આ પૂણ્ય પ્રભાતને
જાહેર દિન ગણવાનો ઠરાવ કરી મોકલવાનું
ધ્યાનમાં રાખજો.

દાનની દીશા બદલો.

અને એ જોયા પછી આપણને ખાત્રી થશે એ પૈસાના દુરૂપયોગની અને દાનની દીશા આપણે બદલવી જોઇએ એમ લાગ્યા વિના રહેશે નહિ. મુંબઇમાં પારસી, ભાટીઆઓ પૈસા ખર્ચે છે–જ્ઞાતિની દૃષ્ટિએ, જ્ઞાતિની ઉન્નતિ કેમ થાય, કેમ કરી આપણે જ્ઞાતિભાઇ ભુખે રિબાય નહિ કે ભીખ માંગતો ન કરે એ દૃષ્ટિએ એ વિચારે છે. સસ્તી ચાલીઓ બંધાવે છે. હોસ્પીટલો બંધાવે છે–કેળવણીનો વિકાશ સાધે છે અને અપંગ અને વિદ્વાઓને અનાજ પૂરૂં પાડે છે. સાચું દાન શું ! ચારે બાજુ ભુખથી પીડાતા ભાંડુઓ પડયા હોય, વેદનાભરી સુવાવડી બ્હેનને સુવાનું કેકાણું ય ન હોય, જૈન જુવાનો ધંધા વિના પેટે પાટા બાંધી ધંધો શોધવા રખડતા હોય ત્યારે આપણું કર્તવ્ય શું? લક્ષ્મીના એ ગંજેમાં કોઇની ઉઠાઉગીરી પોષવા પૈસા આપવા કે નામની તકતી રહે એ ખાતર મંદીરો કે ધર્મશાળા બંધાવવાં કે આ જીવતાં ભાંડુઓને મૃત્યુની ખાઇમાંથી હુન્નર ઉદ્યોગ વિકસાવી, ભણવાનાં સાધન પૂરાં પાડી, હોસ્પીટલો બનાવી બચાવવાં?

આપણે આ વિચારી લેવાનું જ છે. આપણા દાનની દીશા આપણે નક્કિ કરી લેવાની છે. કોમનું સાચું દર્દ અને એનું ઔષધ આપણે શોધીજ લેવાનું છે.

અયોગ્ય દીક્ષા પદ્ધતિ એ સામાજિક બદી છે.

(તા૦ ૫-૩-૩૩ ના રોજ મુંબઇમાં મળેલી જાહેર સભામાં શ્રી પરમાનન્દ કાપડીઆએ 'અયોગ્ય દીક્ષા' અંગે જે મંતવ્યો રજુ કર્યાં, તે સમાજ આગળ વિચારાર્થે અત્રે રજુ કરીએ છીએ. –તંત્રી.)

ગતાંકથી ચાલુ.

કેટલાક કેફાણેથી એમ સૂચવવામાં આવે છે કે આ પ્રશ્નની પટાવજ આપણે અંદર અંદર કરવી જોઇએ અને તેને લગતા નિયમો આપણેજ ઘડી કાઢીને પાળવા પળાવવા જોઇએ. આ વિચાર–આ સૂચના ખરેખર સુંદર અને આવકારદાયક છે. પણ હું એમ માનું છું કે તે વ્યવહારૂ છે ખરી? અત્યારના જૈન સમાજની અને તેના અગ્રગણ્ય સાધુઓની અતંત્ર દશા વિચારતાં અંદર અંદરની સમજુતી અને તેનું પાલન બીલકુલ શક્ય છેજ નહિ અને તેથીજ આ બાબતમાં રાજ્ય તરફથી નિયમો ઘડવાની અને કાયદાકાનુન થવાની ખાસ જરૂર છે. ગામ ગામના સંઘો જુદા છે, તેમાં કયા સંઘની કયા સંઘ ઉપર આણ વર્તે છે? વળી સંઘની સત્તા કેટલાક સાધુઓ પણ આજ કાલ સ્વીકારવાની ચોકખી ના કહે છે. સાધુ સાધુ અંદર પણ કેટલા કેટલા પક્ષો અને મતભેદો છે? તેમાં કોણ કોનું કહ્યું માને છે? આ બધું જોતાં પણ દીક્ષાને લગતા કાયદા સિવાય આપણા સમાજમાં વ્યવસ્થા જાળવવાનો બીજો ઉપાય છેજ નહિ.

કોઈ વળી એવી દલીલ કરે છે કે તમો તો સ્વતંત્રતાના પક્ષકાર છો અને આતો આપણી વ્યક્તિગત સ્વતંત્રતા ઉપરજ આવતા નિયંત્રણનો બચાવ કરો છો એ અસંગત છે. આનો જવાબ તો એજ છે કે અમે જે સ્વતંત્રતા માગીએ છીએ તે દરેક વ્યક્તિને ફાવે તેમ કરવાની તથા બોલવાની છુટ મળે તેવી સ્વતંત્રતા નહિ પણ અમારી ઉપર જે પારકી અને પરદેશી સત્તા રાજ્ય ચલાવે છે તેને બદલે અમેજ અમારી ઉપર રાજ્ય ચલાવીએ અને અમારૂં નિયમન અમેજ કરીએ. એવી સ્વતંત્રતા માટે લડીએ છીએ. વ્યક્તિને ફાવે તેમ કરવાની છૂટ મળે તો તે સર્વત્ર સ્વચ્છંદતા પ્રવર્તે. માટે ઉપરની દલીલ પ્રસ્તુત વિષયમાં અર્થ વિનાની છે.

હવે આપણે ત્યાગની ભાવનાનો જરાક વિચાર કરીએ. શાસ્ત્રમાં ત્યાગની આટલી બધી પ્રસંશા કરી છે તે બાબે તે પ્રકારના ત્યાગની. નહિ પણ સમ્યક્ પ્રકારે થયેલી ત્યાગની જો એમજ હોય તો આપઘાત કરનાર પણ ત્યાગજ કરે છે; બોંબ ફેંકનાર ફાંસીએ ચઢનારો પણ ઐરી, છોકરાં માલ મીલ્કત તેમજ પોતાના દેહનો ત્યાગજ કરે છે; જેમ જે તે જ્યાં ત્યાં ફેંકી દેવું કે જેને તેને દઇ દેવું તે દાન નથી, જેમ મગજમાં નવલ કથાઓ અને ડીટેકટીવની વાતોનો ખુબ કચરો ભરાવો તે કાંઇ જ્ઞાન નથી તેમ મગજમાં ધુન આવી અને ઘર છોડીને ભાગવું તે કાંઇ ત્યાગ નથી. અલબત્ત સાધુ જીવનમાં આધ્યાત્મિક સાધના માટે જેટલી અનુકુળતા છે તેટલી બીજા કોઇ જીવનમાં સંભાળતી નથી એમ છતાં પણ આજે આપણે જેને ત્યાગીઓ ગણીને વંદન કરી રહ્યા છીએ તે સર્વ કાંઇ સાચા ત્યાગી નથી. આપણે જાણીએ છીએ કે બેકાર સ્થિતિ કે નિરાધાર સ્થિતિના કારણે પણ ગૃહસ્થ જીવનની સંકટ મયસ્થિતિ કરતાં દીક્ષાની સ્થિતિમાં વધારે સુખ સગવડ છે. એમ જોઇ સમજીને પણ દીક્ષા લેનારા કેટલાક ભાઈ બહેનો છે, આતો એક સ્થિતિનો ત્યાગ અને અન્ય સ્થિતિનો અંગીકાર શુદ્ધ વૈરાગ્ય પ્રેરિત નથી પણ તેની પાછળ ભૌતિક સુખ સગવડ મેળવવાનીજ કલ્પના રહેલી છે. આ ત્યાગીને આપણે ત્યાગી કેમ કહી શકીએ? વળી આપણા ચિત્ત ઉપર એમ જે ઠસાવવામાં આવે છે કે કેવળ સાધુ દશામાંજ સાચો ત્યાગ સંભવે છે અને ગૃહસ્થ જીવનની દશા એટલે તો ભોગ, ભોગ અને ભોગ અને સરવાળે સંસારનું સદાકાળ પરિભ્રમણ –ત્યાગ ખરીરીતે વેશપલટામાં નથી રહેલો પણ આન્તર પલટામાં રહેલો છે તેથી આવો આન્તર પલટો પામેલો પુરૂષ યા સ્ત્રી ગૃહસ્થ જીવનને–સંસારી જીવનને–પણ ત્યાગના તેજથી ઓપી શકે છે. ત્યાગ ભાવનાની–વૈરાગ્યની–અનાસક્તિની ગૃહસ્થ જીવનમાં પણ ખુબ બીલવણી થઇ શકે તેથી દીક્ષાલ્યો અને નહિ તો મુવા પડ્યા છો એવો એકદેશીય ત્યાગધર્મ જૈન જેવો અનેકાંત ધર્મ પ્રરૂપતો હોય એમ હું નથી માનતો.

વળી ત્યાગ અને વૈરાગ્ય વિષે આપણા કેટલાક ભાઇઓમાં એવી કલ્પના ભરેલી છે કે ત્યાગ વૈરાગ્યનો દિલમાં ભાવ આવ્યો કે એક ક્ષણભર વિલંબ નહિ કરતાં તરતજ ઘરબાર છોડી ચાલી નીકળવું જોઇએ. આનો અર્થ હું સમજીજ શકતો નથી. શું સાચો વૈરાગ્ય તે ખડના ભડકા જેવો છે, દારૂના નીશા જેવો છે કે જેમણે વૈરાગ્ય આવે તે ક્ષણે માણસ ઉઠીને ચાલતો થાય? તો પછી તેના માટે કંઇ આશા જેવું રહેતુંજ નથી? અલબત્ત, સ્મશાનવૈરાગ્યનાં અનેક દૃષ્ટાંતો જોવામાં આવે છે પણ તેવા વૈરાગ્યના હડસેલાથી દીક્ષા લઇ લીધેલા માણસની દશા **अतो भ्रष्ट ततः भ्रष्ट** જેવી થાય છે. સાચો વૈરાગ્યતો લાંબા અનુભવ અને ઉંડા જ્ઞાનમાંથી ઉદ્‌ભવે છે અને આવો વૈરાગ્ય ચિત્તમાં એક વખત ઉદ્‌ભવ પામ્યાબાદ પાકા રંગની માફક કદિ ખસતો નથી. આ વૈરાગ્યથી રંગાયલા આત્માને કોઇપણ કારણ સંસારમાં લાંબો વખત રોકી શકતુંજ નથી. અને તે સંસારમાં રહે છે તો પણ તેનું જીવન ત્યાગી જેવુંજ બની રહે છે કારણ કે સંયોગ વશાત્ તે જે ખાય છે, પીએ છે, કે કાર્ય કરે છે તેમાં તેને જરા પણ રસભાવ હોતોજ નથી.

વળી માણસને વૈરાગ્ય આવ્યો એનો અર્થ એમ નથી થતો કે તેણે જે પૈતાની આસપાસ ઉપાધી અને જવાબદારીઓનાં ઝુંગરાઓ ઉભા કર્યા હોય છે તે જ્યાં ત્યાં, જેમ તેમ ફેંકી દઇને તરતજ ત્યાગી સાધુ બની બેસવાનો અધિકાર તેને પ્રાપ્ત થાય છે? જેમ નફો ન આપનાર વ્યાપાર કે પેઢી વ્યાપારી શાન્તિથી, સમતાથી ધીરજથી સંકેલી છે તેમ સંસારથી વિરક્ત પામનારે પોતાને આધારે પડેલાંની યોગ્ય વ્યવસ્થા કરી સર્વ કોઇની સંમતિ મેળવી ત્યાગના માર્ગે વિચરવું ઘટે છે. જે આપણી સાથે સ્નેહ બંધને જોડાયલા હોય તેને એકદમ તરછોડવામાં મને તો સાચો દયા ધર્મજ દેખાતો નથી. ભગવાન મહાવીર જેવાને સંસારમાં ઘડીભર ખોટી થવામાં કોઈ પણ કારણ ન હોતું છતાં મોટાભાઇના સ્નેહીઓને વશ થઇને એક વર્ષ વિરક્ત ગૃહસ્થની માફક રહ્યા એ દૃષ્ટાંત શું સૂચવે છે?

દીક્ષા શાસ્ત્રનું રહસ્ય.

[મી૦ ફતેહચંદ ખેલાનીએ બહાર પાડેલ ઉપલી પુસ્તિકાની નોંધ શારદા માસીકના માર્ચ માસના અંકમાં તેના તંત્રી શ્રી રાયચુરાએ કરી છે. બહારના પત્રો દીક્ષા અંગે શું મંતવ્યો રજુ કરે છે તે વાંચકોની જાણ માટે નીચે પ્રગટ કરીએ છીએ. —તંત્રી.]

બાળદીક્ષા પ્રકરણ હાલમાં સર્વનું ઠીક ધ્યાન ખેંચી રહ્યું છે. દીક્ષા એ પરમ પવિત્ર અને નિર્મળ ભૂમિ હોઇ તે મેળવવા માટે પાત્રતા ખૂબ હોવી જોઇએ. ધર્મને બાજુએ મૂકીને નાનાં બાળકોની અજ્ઞાનતાનો લાભ લઇને જ્યારે તેમને ગુપચુપ ભગાડીને દીક્ષા દેવાના પ્રસંગો વધુ પ્રમાણમાં ઉપસ્થિત થવા લાગ્યા, ત્યારે જૈન ધર્મના અભ્યાસકોને ધર્મના નામે થતાં ધતીંગો ખૂંચવા લાગ્યાં, અને તેમણે ઊહાપોહ કરી, ધર્મના સ્થાને સ્થપાઇ ચુકેલી રૂઢીને યેનકેન પ્રકારેણ નાબુદ કરવાના પ્રયાસો આદર્યા. શરૂઆતમાં લોકમત કેળવવા માંડયો અને ધીમે ધીમે બાળદીક્ષા લેનાર અને દેનારના ઢોંગ ધતીંગ બહાર પાડતાં. આ પ્રવૃત્તિ પગભર થઈ રહી, અને આવા મજબુત પક્ષના અસ્તિત્વથી છાની અપાતી દીક્ષા સામે બાળકોના વાલી વારસો વગેરેને રાહત મળવા લાગી: પરંતુ આ હીલચાલથી લોભી જનોએ સામું પ્રચાર આદર્યું અને સામસામા વિવાદ અને વિખવાદના પ્રસંગો ઉપસ્થિત થવા લાગ્યા.

શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડ એમના સુધારક વિચારોથી જગત જાણીતું છે. ધર્મની બાબતમાં અયોગ્ય રીતે કદી તે ડખલ કરતા નથી, પરંતુ સમાજનું હિત સચવાતું ન હોય, ધર્મના ખરા રહસ્યનું પાલન થવાને બદલે તેનો અનર્થ થતો હોય, જાહેર જનતાને કનડગત કે અન્યાય થતો હોય તો ધર્માંધ માણસોની લાગણીની પરવા કર્યા સિવાય અનેક સુધારા દાખલ કરવા માટે નામદાર ગાયકવાડ સરકાર જગવિખ્યાત છે.

પ્રસ્તુત બાબતમાં એકદમ માથું ન મારવાના ડરાદથી ખરી વસ્તુસ્થિતિ ભેગી કરીને ભલામણ કરવા માટે તેઓશ્રીએ રાજ્યના માજી નાયબ દિવાન અને મુખ્ય ન્યાયાધિશના પ્રમુખપણા નીચે ન્યાય ધુરંધરોની એક સમિતિ નીમી, જેણે બન્ને પક્ષોની જુબાનીઓ ભેગી કરીને તેના ઉપર દીક્ષા પ્રતિબંધ નિબંધની જરૂરીઆતની ભલામણ કરી આ સમિતિએ લંબાણથી દરેક મુદ્દાની ચર્ચા અને વિગત આપીને પછી વિષયવાર નિર્ણય આપેલા છે. સદર નિવેદન અતિ મહત્વનું, વિદ્વતાભરેલું અને માહિતી પૂર્ણ હોઇ, દાખલા દલીલોથી ભરપૂર છે.

સદર નિવેદન ઉપર દીક્ષાપ્રેમી ગ્રહસ્થો અને સાધુઓનો કોપ સ્વાભાવિક રીતે ઉતર્યો અને પરિણામે યંગમેન્સ જૈન સોસાયટીએ તેની સમાલોચના કરી તેનું ખંડન કરવા પ્રયત્ન કરેલો.

આ સમાલોચના સામેની મીમાંસા એટલે પ્રસ્તુત ગ્રંથ.

સદર પુસ્તિકામાં લેખકે બહુ અચ્છી રીતે મીમાંસા કરીને સમાલોચનના રદીઆનો સચોટ જવાબ આપ્યો છે. સમાલોચક સરકારની દખલગીરી ધાર્મિક બાબતમાં ન જોઇએ એવી દલીલ કરીને, બીજા પ્રસંગે જૈનોનું પંચ નીમવાની સરકારને ભલામણ કરે છે. આ વિસંગતપણું ખૂબ સચોટ રીતે પ્રસ્તુત ગ્રંથમાં ઉઘાડું પાડવામાં આવ્યું છે. મહાવીર સ્વામિના દીક્ષા સંબંધના પ્રસંગો વગેરેનાં વર્ણન આપીને, માતપિતાના સ્વર્ગવાસ સુધી દીક્ષા ન લેવાની પ્રતિજ્ઞા અને પાછળથી વડીલ બંધુની વિશેષ એ વર્ષની મુદતની આજ્ઞાનો પ્રસંગ ખૂબ અસરકારક હોઇ, દીક્ષાના સંબંધમાં ધર્મ સ્થાપકનો હેતુ સમજાવવા માટે બસ છે.

મોટી ઉમરના માણસો માટે દીક્ષા એ શક્ય હોઇ શકે, પરંતુ કુમળી વયનાં બાળકો જેમણે સંસાર જોયો, જાણ્યો કે અનુભવ્યો નથી તેમને વૈરાગ્ય શાનાં ઉપર ઉપસ્થિત થાય તે અમે સમજી શકતા નથી.

વળી, માતાપિતાની આજ્ઞા સિવાય દીક્ષા લઇ શકાય નહિ એવું ધર્મનું ચોખ્ખું ફરમાન હોવા છતાં, તેને અવગણીને દીક્ષા આપવા માટે દીક્ષા લેવડાવનારને દોડાદોડ શા માટે કરવી પડતી હશે અને છાની દીક્ષાઓ શા માટે અપાતી હશે? અન્ય ધર્મના કુમળી વયનાં બાળકોને વૈરાગ્ય ઉત્પન્ન થતો નથી તો પછી જૈન ધર્મમાંજ નાનાં ભૂલકાંઓને સંસાર અસાર શાથી જણાતો હશે તે અમારી સમજ બહારની વસ્તુ છે. ટુંકામાં આ મીમાંસા દાખલા દલીલોથી ભરપુર હોઇ દીક્ષાના સંબંધમાં પૂર્ણ પ્રકાશ પાડી, સમિતિના કાર્ય અને ઉદ્દેશ, ધર્મના ફરમાન, 'દીક્ષા'ના તત્વનો દુરૂપયોગ, દીક્ષા પ્રેમીઓનો દુરાગ્રહ અને ધર્મના નામે ચલાવાતી ઘેલછા બહાર પાડવામાં લેખકને સંપૂર્ણ સફળતા મળી છે-દીક્ષાના પ્રકરણમાં રસ લેનારાઓએ આ પુસ્તિકા વાંચવા સરખી છે.

ત્યાગ એટલે પ્રેમનો તિરસ્કાર નહિ પણ પ્રેમનો વિસ્તાર સાધુનું જીવન એટલે સંસારીથી પણ વધારે સંકીર્ણ જીવન નહિ પણ જગતના સર્વ જીવોને પ્રેમભાવથી સ્પર્શનારૂં વ્યાપક અને વિસ્તિર્ણ જીવન. સાચો ત્યાગી એવી રીતે સંસારને ત્યાગે કે તેના ત્યાગમાં જરા પણ કર્કશતા કટુતા કે કલુષિત્તતા ન દેખાય; તેના ત્યાગમાં શુધ્ધ પ્રેમમાં રહેલી મધુરતા-પ્રસન્નતાજ અનુભવાય. જો વૈરાગ્ય એ સંસારનાં ઉંડા અનુભવ અને વિશાળ અવલોકનનું ફળ હોય; જો વૈરાગ્ય સત્ય જ્ઞાનમાંથી સ્વાભાવિક રીતે સ્ફુરતી અને આત્મોન્નતિના માર્ગે લઇ જનારી મનોવૃત્તિ હોય તો તેવા વૈરાગ્યને પામેલા ભવ્ય આત્માએ બાહ્ય ત્યાગ માટે કરી પણ દોડા દોડ કે નાસભાગ કરવાની જરૂર છેજ નહિ. જો તેવા વૈરાગ્ય વાસિત આત્માને સંસારરાગ કોઇ રોકી શકતુંજ નથી એવી આપણને પ્રતિતી છે તો તેવા માણસે ઘરમાંથી એકદમ ભાગીને ઉપાશ્રયમાં પુરાઇ જવાની ઉતાવળ કરવાને કશું કારણ છેજ નહિ.

(ચાલુ.)

જોઈએ છે?

પ્રબુદ્ધ માટે વિશ્વાસુ ખબરપત્રીઓ અને સમાચાર આપનારા સેવા ભાવી યુવકો, પોષ્ટેજ આપવામાં આવશે.

લખો,

વ્યવસ્થાપક પ્રબુદ્ધ જૈન.

ન્યા ત ની.....બે ઠ ક.

લે-પદ્મકુમાર.

આજનો સમાજ (નાત કે જમાત) એટલે સમયની કિમ્મત આંકવામાં પાંગળું ને સામાન્યને દંડવામાં શુરૂ, છતાં ધનિકની રહેમાં તણાઈ ન્યાય નીતિને ધરાણે મુકનારૂં એક ટોળું.

– ગતાંકથી ચાલુ –

"ભાઇઓ, શાંતિ રાખો. એક પછી એક બોલો તો કંઈ સંભળાય પણ ખરૂં." વયોવૃદ્ધના શબ્દોથી બધું પાછું શાંત થયું ને વાત આગળ ચાલી. કુરજીશાની પુત્રવધુ ઘુમટો તાણી એક ખુણેથી કહેવા લાગી.

"મારે તો જુદા રહેવું છે. ન્યાત વચ્ચે મારા સસરાના ઘરની આબરૂ ઉઘાડી પાડવાનું મને વ્યાજબી નથી લાગતું, બાકી તો બળતા હૃદયે કહું છું કે જેઓ સ્વાર્થવશ પ્રપંચો કરી મુજ સરખી બાળાઓના જીવતર બાળે છે તેમની પાસેથી ભાગ્યેજ સુખપૂર્વક રોટલાની આશા રાખી શકાય. વિધવા એટલે આખાયે ઘરની ગુલામડી, સૌ કોઇ એના પર હુકમ ઉઠાવતું જ આવે. એના નસીબમાં દુધ કે ઘી નજ હોય, સારા કામોમાં એ અપશુકનીયાળી મનાય, વૈતરૂં કરી થાકી જાય છતાં એનો ભાવ સરખો પણ ન પુછાય! આટલું છતાંય એને માટે કુળકલંકનો વહેમ આ જીવતર પશુ કરતાં પણ અકારૂં નથી?"

"મને મારા માબાપ અને ધણીની આબરૂ વહાલી છે અને છેલ્લા શ્વાસમાં પ્રાણ હશે ત્યાં સુધી તેમજ રાખીશ; બાકી તમારા સરખા મોટેરાઓ તો જાણે રામનાજ અવતાર હશો એમજને! કુંકમાં મારી એટલીજ ન્યાતને વિનંતિ છે કે મારા ભાઇને રકમ સોંપાવો ને બરચ બંધાવી આપો."

આવી સાદી ને સીધી માંગણી છતાં પટલાઇના એકલદોકલ ઇજારદારો કલ્યાણચંદ, જુઠાશા, પેથાશા ને સુરચંદશાના પેટનું પાણી હાલી ઉઠયું. બાર્ઇ માણસ થઇ આવી હિંમત કરે એ તેમના મને નેવના પાણી મોભે જાય છે તેમ લાગ્યું! કુલીનતાના પાણી ઓસરતાં જણાયાં! એમના કારભારમાં આ અચ્છેરા જેવો બનાવ. આજ સુધીમાં તેમના હાથે કેટલાય ઉંધાચતાં થઇ ચુકેલા, એટલે દલીલનો આશરોજ નહિ. આખું તંત્ર સત્તાના કોયડે નભતું.

આમ છતાં આજે તેઓ ખામોશી રાખી રહ્યા, નહિ તો જુવાનવર્ગના જબરા યુથ આગળ રેવડી દાણાદાણા થઇ જવાનો સો ટકા સંભવ હતો! પણ મીઠું બોલી આબાદ વાતને ટોલ્લે ચઢાવી, બાઇનો હક સ્વીકાર્યા છતાં ઘરમેળે સમજુતી કરવા સલાહ આપી કલ્યાણચંદે કલ્યાણનો માર્ગ દાખવ્યો, આખરે તો ન્યાત ચુકાદો આપવા બેઠીજ છે એમ કહી હાલ તો કેસ બોરંભે નાંખ્યો.

એક અવાજ–"આવો ગોળમટોળ જવાબ કંઇ મુદત ખરી?" શેઠે ફેરવી તોળ્યું–"આટલો સમય ગયો ત્યારે પંદર દિન વધારે, કુલીન જ્ઞાતિમાં ચૂકાદા તડફડ ન થાય."

કચરાશાનો કાળ–

"હું બીજીવાર પરણ્યો ને કન્યા આપનારો મારી ખાનદાની જોય તેમ કર્યું એમાં કેટલાક લફંગાઓનું પેટ દુખ્યું, તેથી મારા સામે વિરોધ બતાવી, છાપાના પાના કાળા કર્યા જો કે મેં તો કામ સાંધી લીધું છે ને તે રાંકડાઓ હાથ ઘસતા રહી ગયા છે, છતાં આવી રીતે કોઇ બીજાને તેઓ કનડે નહિ માટે જ્ઞાતિએ તેઓને નસિયત કરવી જોઇએ."

સુરચંદશા–"વાત તો દીવા જેવી છે. પુરૂં કરવાની તાકાતવાળો કોઈ પણ લગ્ન કરી શકે છે. આ કચરાશા છે, પણ ઇચ્છા થાય તો આ લલ્લુ ડોસા પણ ઘોડે ચઢી જાય. કન્યા આપનાર જોઇએ અને તેમનામાં પાળવાની હામ જોઇએ."

જુઠાશા–પુરૂષ પ્રધાન ધર્મ છે. તો બીજી બધી બાબતમાં તેની શ્રેષ્ઠતા હોય એમાં શું આશ્ચર્ય? ક્યાં દૂર જવાની જરૂર છે? કલ્યાણજી ભાઇનો વંશ વેલો બીજીથીજ થયો ને, અને આ ટોકરશી બીજી લાવ્યા, તો આજે ઘર ઉઘાડું છે, નહિ તો તાળાજ દેવાત! એતો કુદરતી માયા!"

લલ્લુશા–"શેઠ, હવે તો હદ થાય છે! આ જુવાનીઆઓને દાબવાની જરૂર છે. તેઓ મરજી માફક ચિતરે જાય એ કેમ ચલાવાય? જુઓને મારો ભાઇ ગ્રેજ્યુએટ ને છોકરો મેટ્રીક છે છતાં આવા સુધારક નથીજ. કેવો વિનય, ઝટ કહ્યું કે મતુ મારો આપતાં વાર નહી."

કીર્તિલાલ–"આ બધો વાણી વિલાસ શા પર ચાલે છે? આ બધા મુરબ્બીઓ શેનો ગણગણાટ કરી રહ્યા છે? તેઓ એમ સમજતા લાગે છે કે 'પોતાની બુધ્ધિને ધરાણે મૂકી તેમની મોરલીએ દરેકે નાચવું.' આવા કાગળતો સ્વાર્થી સાધુઓ લખ્યા કરશે અને એ વાત જેમને નહિ ગમે તેઓ તેનો વિરોધ પણ કરશે ન્યાત ક્યાં હાથ દેવા જશે?"

કપુરચંદ–"હવે એસો જાવ ડહાપણ ડોળતા, મોટાનો જરા વિવેકતો..."

વૃધ્ધ ટોળુ–(મોટા અવાજે) "કરોએ નાસ્તિકને ન્યાત બહાર હરા....."

યુવક જુથ–"છે તાકાત, કે ખાલી ભસો જાણો છો? માઇના પુત હો તો કરો દેખાડો!"

શેઠ–"સાંભળો, ભાઇઓ! આમ હોંસાતોસાં ન કરો." એમ કહી ચંદ્રકાન્ત તરફ મુખ કરી બોલ્યા "ચન્દ્રકાન્ત, આમ આવો. તમારા જેવા સમજુ ગૃહસ્થ પ્રમુખ તાંરકે હોય, ત્યાં આપણાજ ન્યાત ભાઇઓની હલકાય દેખાય તેવા કરાવ થાય તે શું વ્યાજબી છે? છાપા છાપીમાં પડવાથી આત્મ કલ્યાણ થવાનું?"

ચન્દ્રકાન્ત–"મુરબ્બી, આપની વાત એક પક્ષી છે. જો પાંસઠવર્ષની વયે બૈાદ વર્ષની બાળાનો ભવ બાળવા તૈયાર ન થાત તો કોણ વિરોધ કરવા નવરૂં હતું? બાકી સમજાવ્યા છતાં જેના કાન દેવાય ગયા હોય તેને છાપે ચઢાવેજ છુટકો, જગત તો વાંચીને જરૂર બરા બોટાનો તોલ કરશે. આવી બાળાઓ રાંડતાં છુપા પાપ થાય તેમાં શો નવાઇ?"

શેઠ–"જો તમો અરસપરસ ન્યાય તોલવા મંડી જશો તો પછી ન્યાતની બેઠક મેળવવાની કંઇ જરૂરજ નહિ રહે. મરજીમાં આવે તેમ સૌ વર્તવા લાગી જશે"

અનુસંધાન.....પૃ. ૧૭૬ મે.

સ્વીકાર અને સમાલોચના.

શ્રી પ્રમાણ નયતત્વાલોકઃ–કર્ત્તા શ્રી વાદિદેવસૂરિ, સંશોધક ન્યાયસાહિત્યતીર્થ મુનિરાજ શ્રી હિમાંશુવિજયજી. પ્રકાશક શ્રીયુત દીપચંદ બાંઠીયા. મૂલ્ય ૦–૧૪–૦ ચૌદ આના મળવાનું ઠેકાણું "શ્રી વિજયધર્મસૂરિ ગ્રંથમાળા, મુ. ઉજ્જૈન (માળવા).

જૈન ન્યાયના ગ્રંથોમાં શ્રી વાદિદેવસૂરિ કૃત ઉપરોકત ગ્રંથ બહુજ મહત્વનું સ્થાન ભોગવે છે. આ ગ્રંથ કલકત્તા, મુંબઇ અને બીજી અનેક યુનવર્સીટીના ગ્રેજ્યુએટના કોર્સમાં, ન્યાય પ્રથમામાં અને એજ્યુકેશન બોર્ડમાં દાખલ થયેલ છે. એજ એ ગ્રંથની ઉપયોગિતા સિદ્ધ કરે છે. મુનિરાજશ્રી હિમાંશુવિજયજીએ તેને નૂતન દૃષ્ટિથી એડીટ કરેલ છે, એટલુંજ નહિ પણ નોટ, પાઠાંતર, અનુક્રમણિકા આદિ આપી ગ્રંથ, ગ્રંથકાર અને જૈન ન્યાયના વિષયમાં સારો પ્રકાશ પાડયો છે. સાથે શ્રી રામગોપાલાચાર્ય કૃત બાલબોધિની નામની એક અપ્રસિદ્ધ ટીકા પણ છે કે જે ગ્રંથની શોભામાં ઓર વધારો કરે છે. એકંદરે જૈન ન્યાયમાં રસલેતા દરેક વિદ્યાનો માટે આ ગ્રંથ આશીર્વાદ સમાન છે. મુનિરાજ શ્રી હિમાંશુવિજયજીની આ સાહિત્ય સેવા પ્રારંભિક છે, છતાં તેમણે ઠીક ઉન્નતિ સાધી છે એમ કબુલ્યા સિવાય ચાલી શકે તેમ નથી.

દીક્ષા શાસ્ત્રનું રહસ્યઃ–લેખક–ન્યાય–વ્યાકરણતીર્થ કેસરીચંદ બેલાની. પ્રકાશક શ્રી જૈન યુવક સંઘ–ઘરડીઆળી પોળ વડોદરા.

વડોદરા સ્ટેટે નીમેલી સંન્યાસ દીક્ષા અંગેની કમીટીના નિવેદન ઉપર શ્રીમતિ ધી યંગ મેન્સ જૈન સોસાયટી તરફથી પ્રકાશીત થયેલ "નિવેદનની સમાલોચના" ઉપર આ નાનકડો નિબંધ ઠીક પ્રકાશ નાંખે છે આખીયે સમાલોચના કોઇ અસદ્ પાયા ઉપર રચાયી હોઇ એમ સાબીત કરવામાં ભાઇ બેલાણીએ આ નિબંધમાં ઠીક સફળતા મેળવી છે.

સ્થુલીભદ્રની સંસાર નૌકાઃ–લેખક શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી. પ્રકાશક જૈન સસ્તી વાંચનમાળાના માલીક ભાઈ અચરતલાલ જગજીવન મું. પાલીતાણા (કાઠીયાવાડ) મૂલ્ય રૂા. ૧–૪–૦ સવા રૂપીઓ.

થોડા વર્ષો પહેલાં ભાઈ અચરતલાલે, સમાજ, સાહિત્યમાં કઇરીતે રસ લે તે સંબંધી એક યોજના વિચારી હતી. અને તેના પરિણામમાં જૈન સસ્તી વાંચનમાળા અસ્તિત્વમાં આવી હતી. તેનું વાર્ષિક લવાજમ ત્રણ રૂપીઆ રાખવામાં આવ્યું અને એ ત્રણ રૂપીઆમાં એક હજાર ઉપરાંત પાનાનાં પાકા પુંઠાના ઐતિહાસિક નવીન પુસ્તકો દર વર્ષે એ આપે છે. ભાઈ અચરતલાલ સારા સારા લેખકો પાસે મહેનતાણું આપી જનતાની અભિરૂચી અનુસાર ઐતિહાસિક પુસ્તકો લખાવે છે. એના પુરાવામાં એ વાંચનમાળાના સંખ્યાબંધ પુસ્તકો અમારી સમક્ષ સમાલોચના માટે પડયા છે તે છે. ઉપરોકત પુસ્તક સંવત ૧૯૮૫ ની સાલમાં અપાયેલ પુષ્પ પહેલું વાંચનમાળાનુ છે. આપણામાં સ્થુલી ભદ્રનું સ્થાન અજોડ છે. એક માનવ અનુકૂળ સંયોગોમાં તો ગમેતેવી રીતે ઇચ્છાનો નિરોધ કરી શકે છે, પરંતુ પ્રતિકૂળ સંયોગોમાં ઇન્દ્રિયો ઉપર કાબુ મેળવવો એ તો વિરલ છે. જંગલમાં રહીને બ્રહ્મચર્યની સાધનાનો દરેક મનુષ્ય કરી શકે છે પણ વેશ્યગારમાં રહીને ષટરસયુકત ભોજન તેમજ કામોદ્દીપક સામગ્રીનો પ્રતિદિન સહકાર હોવા છતાં બ્રહ્મચર્યની સાધના તો સ્થુલિભદ્રજ કરી શકે તે સિવાય બીજા પણ કેટલાક પ્રસંગો પ્રકરણોના રૂપમાં આપી ભાઇ "ચોકસી" એ પુસ્તકને સર્વાંગ સુંદર બનાવવામાં ઠીક જહેમત ઉઠાવી છે. એકંદરે પુસ્તક સંગ્રહવા લાયક છે.

ચંપકશ્રેષ્ઠી યાને ભાવિની પ્રબળતાઃ—લેખક મણીલાલ ન્યાલચંદ શાહ પ્રકાશક ઉપરોકત જૈન સસ્તી વાંચનમાળા મું. પાલીતાણા કાઠિયાવાડ મૂલ્ય રૂા. ૧–૪–૦ સવા રૂપીઓ સંવત ૧૯૮૫ ની સાલની વાંચનમાળાનું આ બીજું પુસ્તક છે.

સંવત ૧૬૫૩ માં શ્રી પ્રતિવિમલ ગણીએ સંસ્કૃત પદ્યમાં લખેલ શ્રેષ્ટિ કથાનકનું આ નોવેલની દૃષ્ટિથી ભાષાંતર કરાયેલ છે. પાંચ કારણો પૈકી 'ભાવિનત્યતા'ને આમાં પ્રધાન સ્થાન આપવામાં આવ્યું છે. નૈતિક અને ધાર્મિક દૃષ્ટિએ આ પુસ્તક વાંચવું જરૂરી છે.

ચિત્રસેન પદ્માવતી—લેખક નેમચંદ ગીરધરલાલ. પ્રકાશક ઉપરોકત વાંચનમાળા પાલીતાણા કાઠિયાવાડ. મૂલ્ય રૂા. ૧–૦–૦ એક રૂપીઓ સવત ૧૯૮૫ ની સાલની વાંચનમાળાનુ આ ત્રીજું પુસ્તક છે.

આ પુસ્તકમાં શિયળનો મહિમા બતાવવામાં આવેલ છે. સાથે મિત્રસ્નેહ, ધર્મપ્રીતિ, શૌર્ય, ધીરજ, આપત્તિમાં કસોટી, પતિપ્રેમ, પૂર્વ ભવના સંસ્કારો વગેરે ચર્ચાયેલ છે. એટલે પુસ્તક સુંદર છે. કથાની દૃષ્ટિએ પણ અપૂર્વ છે. સસ્તી વાંચનમાળાએ આવા નૈતિક પુસ્તકો બહાર પાડી સમાજની સારી સેવા બજાવી છે. એમ માનવાની ફરજ પડે છે.

શ્રી. વાણિજ્ય વિદ્યામંદીર.

સાધારણ સ્થિતિના વિદ્યાર્થીઓને વ્યાપારી જ્ઞાન આવશ્યક હોવાથી તેની વ્યવસ્થા એક વર્ષથી શરૂ થઇ છે.

અભ્યાસક્રમ ત્રણ વર્ષનો છે. પ્રથમ વર્ષની ફી રૂા. ૨, બીજા વર્ષની ફી રૂા. ૩, અને ત્રીજા વર્ષની ફી રૂા. ૪, માસિક છે. પ્રથમ વર્ષમાં અંગ્રેજી, પત્રવ્યવહાર, ગુજરાતી, હિન્દી, ગણિત, લેખા, દેશી અને અંગ્રેજી નામુ, વ્યાપારના મૂળ તત્વો હિંદનું રાજ્ય બંધારણ, વેપારી ભૂગોળ, અને ટાઇપ રાઇટીંગનું શિક્ષણ આપવામાં આવે છે. બીજા વર્ષમાં ઉપરના વિષયો ઉપરાંત આર્થિક પ્રશ્નો અને જાહેર આવક અને ખર્ચ તથા અર્થશાસ્ત્ર શીખવવાનો પ્રબંધ છે. ત્રીજા વર્ષમાં પણ તેજ વિષયો રહેશે. શાળા છેલ્લી પરીક્ષા લઇ પોતાનું 'વાણીજ્ય વિનિત'નું પ્રમાણપત્ર આપશે; તે ઉપરાંત ધી ઇન્ડીયન મરચન્ટસ ચેમ્બર ઓફ કોમર્સની પરીક્ષા આપવા માટે પ્રબંધ કરવાનો ઇરાદો છે. શિક્ષકો તરીકે બે અનુભવી બી. કોમ અને બીજા શિક્ષકોની ગોઠવણ કરવામાં આવી છે. દાખલ થનારની લાયકાત અંગ્રેજી ચોથા ધોરણ પસાર કર્યાની છે. નવા વર્ગો એપ્રીલ ૧ લી થી શરૂ થશે; તા૦ ૨૦ મી એપ્રીલ પછી દાખલ કરવામાં નહિ આવે. દાખલ થવાની અરજી તથા વિશેષ માહિતી માટે મળો યા લખોઃ—

મંત્રીઓ, **શ્રી વાણિજ્ય વિદ્યા મંદીર,**
પ્રીપળાનોશેર પાર્શ્વણ (ઉ. ગુ.)

हिन्दी विभाग.

भारतवर्षीय पोरवाल महासम्मेलन पर सम्मति.

गत ता. १५-१२-३२ के 'प्रबुद्ध जैन' के अंकमें श्रीयुत समाज हितैषी समरथमलजी सींधीने. पोरवाल महासंमेलन होनेके लिये जो निवेदन प्रगट किया है। उसपर निम्नोक महाशयो के तर्फसे सुसम्मतियें दी गई है। हर्षका विषय है कि पोरवाल संम्मेलन अभीतक कभी नहि हुवाथा वो होता हैं इसमें समरथमलजी सींधी जीने जो परिश्रम उठाया है यह धन्यवादके लायक है। नवयुवकोंको विनयपूर्वक प्रार्थना है कि पोरवाल महा संमेलन पर अपनी अपनी सुसंमतिमां प्रगट करे आशा है कि कुरीतीयां मिटानेसे अपनी उन्नति होगी अपनी समाज में कन्याविक्रय; बाललग्न वृद्धलग्न आदि जितने हानीकारक रिवाज है फिजुल खर्च दिनदिन बढता गया है, उन सबका नाश करनेके लिये संमेलनका अच्छा मौका है और सबको भाग लेनेके लिये सूचित कियाजाता है आपका शीवराज चेतल और दुसरा पश्चीस जुदे जुदे गांवोके सद्गृस्थो की सही है।

होली नहीं मनाई गई.

परतावगड (मालवा) में "जैन श्वे० मित्र मंडल" की तरफ से एक अपिल छपवाकर जनता में वितीर्ण कराई गईथी परिणाम स्वरुप होली के दिनों गाली आदि बिभत्स वर्ताव बंद रहा।

कन्या--विक्रय

परतावगड (मालवा) यहाँ वीसा हुमड जाति में धडाधड कन्या-विक्रय हो रहे है। विशेष परिचय के लिये आगामी अंक देखो।

भरतपुरमें-श्रीमाल और ओसवाल भाईयों में बेटी व्यवहार चालु हो गया। फाल्गुन सुदी २ को एक विवाह आनंद पूर्वक हुवा, दोनो जाति के सज्जनोंने वैवाहिक कार्यों में समाधान पूर्वक भाग लियाथा।

पीपाड शहर-(जोधपुर स्टेट) के अंदर बडी न्यातके ओसवालोंमे कर सज्जन ऐसे अत्याचारी है जो अपनी बहन बेटी को रूपया लेकर बेचते है याने कन्या-विक्रय बढाकर समाजको बिल्कुलही डूबाना चाहते है और उन रूपयोंसे आप माल मलीदा उडाते है। यह समाजके लिये बहुत दुःखकी बत है इसलिये यहांकी जाति का फर्ज है कि ऐसे घोर अत्याचार बंध करवाके समाजको उन्नतिके राह पर पहूंचाये।

आगरा-ता २ फरवरीसे आठ फरवरी तक श्री जन पंचकल्याण के महोत्सव बडीधामधूमसे मनाया गया इसमें दीगंवर जैन श्रीयुत बिहारीलालजी जैसवाल और उनकी भगिनी श्रीमति लाडोबाईने मिलकर करीव साढेतीन लाख रूपया खर्च किया। सातदिनमें धार्मिक अनुष्ठानके बहाने साडेतीन लाख रूपया स्वाहा होगया इससे समाजको कुछ फल प्राप्त नहि हुवा। यदि इन साढतीन लाख रूपयोसे जन समाजमें एक कोलेज स्थापित कियाजाता तो समाजको कितना लाभ मिलता?

रतलाम-जबलपुरके एक धनिकने यहांकी विधवा की पुत्रीके साथ काफी संपतिसे सोदा तयकर सादी करने आयेथे स्थानिक जनताने उनका खूब विरोधकिया पुलिस बुलाई गई और खूब मारपीट हूई और अंतमे पुलीसके सहयोगसे उस बालिकाका लग्नवेदीपर बलिदान दियागया कहते है कि स्थानिक महाजन विसुरथे इनसे उपरवट होकर विधवाने अपनी पुत्रीका ब्या करदीया और महाजनके कितनेक आदमीको तिरस्कार कराया है। समाज सावधान।

अखिल जनोका दैनिकपत्र- दिगंबर श्वेतांबर और स्थानकवासी समस्त जनोकी औरसे 'वीर' नामक एक हिंदी उर्दुका दैनिक पत्र देहलीसे निकालनेकी योजनाकी जा रही है इसके लिये एक लाख रूपये के सेर बेचकर एक लीमीटेड कंपनीद्वारा प्रेस खोला जायगा इसका उद्देश होगाकि राष्ट्रीयता की रक्षा करते हुए जैन मात्रका संगठन और उसके अधिकारोंकी रक्षा करना।

हाला-(सिंध)में मुनिश्री विनय विजयजीके सदुपदेशसे यहांके संघने सर्व संमतिसे निचेलिखे हुए ठराव पास कीये। विदेशी खांड कोई भाई न मंगवावे, मृत्युभोज औसर मुक्का एकदम बंद करदिया जाय विवाहमें गालियां गाना एकदम बंद करदियाजाय, विवाहमें जो खर्च होता था उसमें कमी करदिया जाय और इससे जो रकम बचे उसको साधारण खातेमे दे दीजाय। सब मुनीराजोंको चाहिये के ऐसे अनुकरणीय उपदेश दे कि जिससे समाजकी उन्नति हो।

कुचेरा-यहांके जैनमंदिरमें रात्रिके समय चोर ५ ताले तोडकर २५०) का माल चूरा ले गये, पुलिस पत्ता लगा रही है अभीतक चोरीका पत्ता नहि मिला है।

मोटर सर्व्हीस-उदेपुर मेवाड और राणकपुर पंचतीर्थके बीच मोटर सर्वीस चालु की गई है उदेपुरसे सिर्फ छ घंटेमें राणकपुर मोटर पहूंचती है केसरीयाजी और मारवाडकी पंचतीर्थोमे यात्रा करनेवाले को यह सुभीता होगया है उदेपुरसे राणकपुरजीका साढेतीन रूपया किराया नियत कियागया है।

बागणवाड-(मारवाड) में पोरवाल संमेलन व चैत्र मासकी आर्यावलकी ओलीपर बहुतसे. आदमी आयगें इसलिये बडी तैयारी चल रही है। आचार्य विजयवल्लभसूरि और अनेक साधुभी यहां उपास्थित होगें समाजकी उन्नति चाहनेवाले सभी भाइओंको चाहिए कि वे इस अवसर पर बामनवडाजी पहुंच जाय और मारवाडमें जो कुरुढियां और वहमों ने अपना साम्राज्य जमा रक्खा है उसको उखाडकर फेंकदे और समाजोन्नतिमें आगे बढे।

आवश्यक सूचना

"प्रबुद्ध" में हिन्दी विभाग रखनेका निश्चय किया गया है इसलिये 'हिन्दी' लेखकों और संवाद दाताओं की आवश्यक्ता है. समाचार देनेवाले सेवाभावी युवकों को पोष्ट खर्च दिया जायगा।

लेखकासे-समाज की उन्नति कैसे हो, कुरुढिया और पोपशाही का नाश कैसे हो आदि जुदे जुदे विषयपर लेख भेजें लेख शुद्ध हिन्दी में कागज के अेक बाजु शाहीसे लिखा हो, नाम प्रगट नहीं करना हो तो लिखना चाहिये।

ग्राहकोंसे-'प्रबुद्ध' का आगामी अंक वी. पी. से भेजा जायगा, जो ग्राहक न रहना चाहते हो वे कृपाकर लिख भेजे वृथा पोष्ट खर्च नहो।

संपादक.

સમાચાર.

સ્થાનિક–શ્રીમંત મહારાજા સર સયાજીરાવ ગાયકવાડની ૭૧ મી જન્મ-જયંતિ ઉજવવાનો ભવ્ય મેળાવડો ઓપેરા હાઉસમા થયો હતો. મહારાજાને માનપત્ર અપાયા બાદ લગભગ ચાળીસેક મુંબઇની જુદી જુદી સંસ્થાઓએ હારતોરા અર્પણ કર્યા હતા. જેમાં મુંબઇ જૈન યુવક સંઘ, તરૂણ ભારત જૈન કલબ, પાટણ જૈન મંડળ, તથા પાટણ જૈન મંડળ બોર્ડીંગ વગેરે જૈન સંસ્થાઓ પણ હતી. (૨) બોમ્બે ફ્લાઇંગ કલબ લીમીટેડ તરફથી શાન્તાક્રૂઝ ખાતે મુંબઇના ગવર્નર સાહેબની હાજરીમાં મેળાવડો થયો હતો. તમાં ૩૦૦૦ ફીટ ઉંચેથી એક છત્રીની મદદથી નીચે ઉતરવું, ઉંધુ એરોપ્લેન ઉડાડવું વગેરે દિલ થડકાવનારા પ્રયોગો થયા હતા.

વડોદરા–શાસનસેનાની ટુકડી પડાવ નાંખી પડી છે. નાણાંની ઝોળીઓ જનતા પાસેથી ભરાવી તેનો સદ્વ્યય થાય છે!! (૨) દીક્ષા નિયામક નિબંધ અંગે તા૦ ૨૭-૪-૩૨ ને દિવસે ધારાસભામાં રજુ થશે. (૩) સાગરજી આજ કાલ વડોદરા આવવા વકી છે. (૪) જૈન યુવકસંઘ વડોદરા તરફથી મુનીશ્રી ન્યાયવિજયજીના અધ્યક્ષપણા નીચે પંડિત દરબારીલાલજી ન્યાયતીર્થ અને પં. લાલને દીક્ષાના વિષય પર ઝળહળતો પ્રકાશ પાડયો હતો.

ભોંયણી–દહેરાસરવાળી ધર્મશાળામાં ત્યાંના ઠાકરડાઓની અંદરોઅંદરની તકરારમાં એક ઠાકરડાનું મરણ નીપજેલું છે. તે બાબતનો કેશ અમદાવાદ ડી. જજની કોર્ટમાં ચાલે છે.

સિહોર–આચાર્ય મોહનસૂરિના નેતૃત્વ નીચે થયેલ ઉપદ્યાન વખતે ભાઇ ચંદુલાલનું ખૂન થયું હતું તેના કેસનો ચુકાદો અપાઇ ગયો છે. આરોપી બાબુ જમનાદાસ જીવાન અને બાનદાન કુટુંબનો છે તે લક્ષ્યમાં લઈ તેને ૧ વર્ષની સખ્ત જેલ અને રૂપીઆ ૨૦૦ દંડ થયો છે. દંડ ના ભરે તો ત્રણ મહિના વધારે સજા ભોગવે. આરોપી તરફથી અપીલ થયાનું સંભળાય છે.

નાગપુર-શેઠ પુનમચંદજી રાંકા જેઓ જેલમાં ઉપવાસ કરે છે તેમની મુશ્કેલીઓ દૂર કરવાની મધ્ય પ્રાંતની સરકારને અરજ કરવા એક જાહેર સભામાં ઠરાવ કરવામાં આવ્યો હતો.

અમાલી–(ગોધરા) એક બાબો પોતાને એક નકલંકી અવતાર કહેવડાવી અંધ ભક્તોને છેતરતો એ ધુતારો સાધુ છ માસથી અડો જમાવી પડેલો. કોઇને એક વાર વાતચીતમાં ભેદ લાગવાથી મહંત (!) ગુસ્સે થયા. તેમના લાડી ધારી શિષ્યોએ બે માણસોને સખ્ત ઇજા કરી. પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટે મહંતને ગીરફતાર કર્યો. ગોધરાની કોર્ટમાં કેસ નોંધાયો છે

આલમને એ વારે–

—નરેન્દ્ર મંડળની વાર્ષિક બેઠક. ભારે દબદબાથી દિલ્હી બાતે ના૦ વાયસરોયે બૂલી મૂકી

—શ્વેતપત્ર બહાર પડયો ને જનતામાં ગંભીર અસંતોષની લાગણી પ્રગટી છે. સમસ્ત જગતના બુણે બુણામાંથી વિરોધનો વંટોળ ઉઠ્યો છે.

—જાપાનને પ્રજાસંઘમાંથી બસી જવું એવા સરકારના નિર્ણયને જાપાનની પ્રીવી કાઉન્સીલે બહાલી આપી છે.

ન્યાતની બેઠક.....અનુસંધાન પૃષ્ઠ ૧૭૪ થી

ચન્દ્રકાન્ત–તો શા સારૂ આવા મહત્વના પ્રશ્નો માટે માટે કંઈ નિયમ નથી બાંધતા? પુરૂષ અને સ્ત્રી જાતિમાં આત્મા સરખો હોવા છતાં ઉભય માટે ન્યાય તોલવાના કાટલાં કેમ જુદા રખાય છે? લલ્લુ કાકાને ઘોડે ચઢવાનું સર્ટીફીકેટ વગર માંગે આપી દેવાય, પણ જેને પતિની સેજ પર પગ સરખો મૂકયો નથી, એવી બાળા રંડાય એટલે એને માટે બીજો રસ્તોજ ન મળે; તેને શું કામની પીડા નહિ દુઃખ દેતી હોય! વિધવા થઇ એટલે બ્રેલ બ્લાસ, પછી ભલેને પંદર વર્ષનીજ હોય, સંસાર ને દંપતી જીવન શું ચીજ છે તે જાણતી પણ ન હોય! છતાં એના માથા પર ફરજીયાત વૈધવ્યના બીલા ઠોકી દેવા આપણે તૈયાર! બાકી ઘરમાં એક બાયડી જીવતી હોય પણ છોકરાં ન થતાં હોય તો તરત બીજી કરવાનો આપણને પરવાનો! કદાચ મરી જાય તો કામતૃપ્તિ અર્થે સ્મશાનમાં પણ બોલ બોલવામાં આપણી માણસાઇ! એ સામે કંઇ બંધનજ નહિ! કેવો કાયદો! જરા કહેશો કે આપણો ધર્મ માને છે કે છોકરાં વિના ગતી ન થાય. અને વૃદ્ધવય તે વિલાસ માણવા માટે કે ધરમ આચરવા અર્થે?

હાલના ધર્માધ્યક્ષો

માહાત્માજીનું મંતવ્ય.

ત્રીવેંદ્રમ, તા૦ ૨૧ સ્થાનીક વકીલ શ્રી આર. ટ્રેામલે મહાત્માજીને પ્રશ્ન પુછયો હતો કે "હાલના ધર્મા ધ્યક્ષોને તમે માન્ય રાખો છો?"

આ પ્રશ્નના જવાબમાં મહાત્માજીએ ઉત્તર આપ્યો કે "હાલના ધર્માધ્યક્ષોની વર્તણુંક પાયમાલીના પંથ તરફ દોરે છે જો તેમ નહિ હોત તો હિંદુ ધર્મને આપણે હાલમાં છે તે કરતાં કાંઇક ઉંચી કક્ષામાં જોઇ શકત."

બહલ, આ તો હજુ પાશેરામાં પહેલી પુણી છે. પહેલો કેસ હતો માટેજ વિરોધ, પણ હવે પછી તો એ સામે મોરચા મંડાશે. એ બુઢ્ઢાઓ લ્હાવા લેવા નીકળશે તે પૂર્વે તો કંઈ કંઇ વીતકો વીતશે, એ સ્થિતિમાંથી ઉગરવું હોય તો ન્યાતે સત્વર એ સંબંધી કાનુન ઘડવાની જરૂર છે. પરણવાની પણ કાંઇ મર્યાદા હોવી ઘટે. નિયમો દેશકાળને અનુરૂપ ઘડાય અને તે પ્રૌઢ યુવાનના સહકારથીજ. બેટા હાઉ દેખાડવાના દહાડા હવે ગયા.

ચન્દ્રકાન્તના વિવેચને તો સૌ કોઇની આંખ ઉઘાડી મેલી, શાંતિ તો એવી પથરાઇ હતી કે સોયનો અવાજ પણ સંભળાય. પટેલીયાઓ તો પોંચા કરવા મંડી પડયા. જો સોળમી સદી હોત તો આટલું બોલવાજ ન દેત. કયારનો એને ન્યાત બહાર હડસેલી દીધો હોત! પણ આ તો વીસમી સદી ને વળી ગાંધી યુગ. બહાર આડંબર ગમે તેટલો રાખે પણ અંતરમાં ઢીલાપ. કાયદાનું નામ સાંભળતાં પાણી છુટે. જુવાનોનો ભરૂશો શો?

શેઠ–" નિયમન સંબંધમાં આપણે ફરીથી વિચાર કરીશું. આટલી ચર્ચા ચાલી એ પરથી જુવાનો જરૂર ધડો લેશે ને પુનઃ આવું ન કરે એવી મારી ફરમાસ છે."

–ચાલુ.

આ પત્ર લાલજી હરજી લાલને મહેન્દ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બિલ્ડીંગ મસજીદ બંદર રોડ, મુંબઇ, ૩ માં છાપ્યું છે. અને ગોકલદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ-૩, માંથી પ્રગટ કર્યું છે.

આજના અંકનો વધારો.

ભાઇ 'પટણી' ને આહ્વાહન.

મુંબઇ, તા૦ ૨૫-૩-૧૯૩૩.

વીરશાસન તા. ૧૭ મી માર્ચ ૧૯૩૩ ના પેજ ૩૭૩-૩૭૪ ઉપર "પાટણના જૈનો પ્રત્યે" એ શિર્ષક હેઠળ ભાઇ, પટણીએ, જાહેર હિંમતના અભાવે પોતાની ફેાઇએ પાડેલ નામ છુપાવીને "એક પટણી" ના નામે એક લેખ લખી મારા તેમજ પાટણ જૈન યુવક સંઘ ઉપર આક્ષેપો કરવામાં ભાન ભૂલી જઇ પાટણ જૈન યુવક સંઘના કાર્ય કર્તાઓની બદનક્ષી કરવા સુધી જઇ પહોંચ્યા છે. ભાઇ શ્રી પટણીએ ઇરાદા પૂર્વકજ આક્ષેપ કર્યા છે, એમ કહેવા કરતાં દલીલોના અભાવે પોતાના ગુરૂઓ તરફથી વારસામાં મળેલ સિદ્ધાંતોનો અમલ કર્યો છે એમ કહેવામાં જરાએ અતિશયોક્તિ નથી.

ભાઇ પટણી આવેશમાં હદ ઓળંગી ગયા છે તે તેઓના નીચેના વાકય ઉપરથી જોઈ શકાય છે. "આ પ્રમાણે ભેગા કરેલા પૈસાનો ઉપયોગ એક નિર્દોષ સાધુને ભર બજારમાં બેડી પહેરાવીને લઇ જવામાં" આ જાતનો આક્ષેપ કરીને ભાઇ શ્રી પટણી એમ કહેવા માંગે છે કે—"પાટણ જૈન યુવક સંઘના કાર્ય કર્તાઓએ ભેગા કરેલા પૈસાનો ઉપયોગ પાટણ સીટી ફેાજદારને લાંચ આપી એક નિર્દોષ સાધુને બેડી પહેરાવવામાં કર્યો હતો, પરંતુ ભાઇ પટણી ભૂલી જાય છે કે આ લખાણની કઇ જાતની અસર થાય છે. આ લખાણથી અમો યુવક સંઘના કાર્ય કર્તા ઉપર પાટણ સીટી ફેાજદારને લાંચ આપવાનો આરોપ મૂકાય છે, એટલુંજ નહિ પણ તેથી એ ભાઇ અમારી બદનક્ષી કરી રહ્યા છે અને અમારામાંથી કોઇ પણ ભાઇ પટણી ઉપર કાયદેસર પગલાં ભરે તો ભાઇ પટણીને ભારે થઇ પડે એ સહેજે સમજી શકાય તેમ છે, છતાં ભાઇ પાટણીની ચોક્કસ માન્યતાજ હોય તો વડોદરા રાજ્યના કાયદા મુજબ લાંચ લેનાર અને લાંચ આપનાર ગુન્હેગાર બને છે તો અમારા ઉપર લાંચ આપવા બદલનો આરોપ મુકી ફરીયાદ કરી શકે છે. આશા છે કે ભાઇ પટણી પોતાને ધર્મપ્રેમી અને શાસનપ્રેમી કહેવડાવનારા ટોળાનાજ હોવાથી સદરહુ ટોળાની નીતી અને રીતી મુજબ કોર્ટે જવામાં અને સમાજના પઇસાનો તે રીતે દુર્વ્યય કરવામાં જરાયે બાધ જોતા નથી, એટલે જરૂર હીંમત બહાદુર બની પડદો ચીરી પોતાના અસલ સ્વરૂપમાં પ્રગટ થઈ અમારા ઉપર પાટણ સીટી ફેાજદારને લાંચ આપવાની ફરીયાદ કરશે અને અમો અમોને તે બદલના સમન્સ કે પકડ હુકમ મળે તેની રાહ જોવામાં ભૂલ નથીજ કરતા એ સાબીત કરી આપશે. હું લાચાર છું એટલે મગરૂર છું કે અમારી નીતી તેથી વિરૂદ્ધ હોઇ અમારી ઇરાદા પૂર્વકની કરવામાં આવેલી બદનક્ષી બદલ કોર્ટમાં જઈ શકતો નથી. કારણ અમે એમ માનવાવાળા છીએ કે સમાજ કે ધર્મની સેવા કરવાનું વૃત લેનાર માટે આ જાતના આક્ષેપો કે તેની બદનક્ષી કરવાના કૃત્યો બને તેમાંજ તેની નિર્મળતા અને સેવાની કસોટી છે અને વધુમાં તેવી ક્ષુલ્લક બાબતમાં સમાજના પઇસાનો ખોટો વ્યય કરાવવો એ એક સાચા સમાજ-સેવક કે ધર્મ સેવકને શરમાવનારૂં હોઇ ભાઇ પટણી વિરૂદ્ધ આ લખાણ બદલ કાંઇ પણ પગલાં લઇ શકતા નથી; પરંતુ ભાઇ પટણી જરૂર અમારા ઉપર ફરીયાદ કરી અમારી કસોટી કરાવવાની એને સત્ય હકીકત પુરવાર કરી આપવાની તક અમને જરૂર આપશે તેવી આશા છે.

ભાઇ પટણી પેરીગ્રાફ ૧ માં બાસ મ્હને ઉદ્દેશીને લખે છે કે "યુવક સંઘના મંત્રી કેશવલાલ મંગલચંદે દાંભીક રીતે કહ્યું હતું કે અમારો યુવક સંઘ ધર્મની બાબતમાં તેમજ ચાલુ દીક્ષાની બાબતમાં પણ કાંઇ કરવા નથી માગતા, માત્ર તેનો તો ધ્યેય હાલના જૈનોની ઉન્નતિ થાય તેવા પ્રયત્નો કરવાનો છે. અત્યારે આપણે સહુ કોઇ જોઇ શકીએ છીએ કે-પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ સમક્ષ ઉચ્ચારેલા વચનથી ઉપર્યુક્ત મંત્રીશ્રી તદ્દન વિરૂદ્ધ રીતે વર્ત્યા છે" ભાઇ પટણીમાં સહેજે સમજ શક્તિ હોત તો તેઓ આ પ્રમાણે લખતજ નહિ કારણ પાટણ જૈન યુવક સંઘની સ્થાપના વખતેજ તેના ઉદ્દેશો નક્કી કરવામાં આવેલા હતા અને સદરહુ ઉદ્દેશો યુવક સંઘના સભાસદ થવાના છાપેલા ફેાર્મમાં છાપેલા પણ છે અને તેથી ભાઇ પટણીની સોસાયટીની વડી ઓફીસના મંત્રી ભાઇ ચમનલાલ કેશવલાલ કડીયા યુવક સંઘના ઉદ્દેશોમાં ધાર્મિક સુધારણાનો ઉલ્લેખ હોવાથી મારે ઘેર આવી બે થી ત્રણ કલાક સુધી ચર્ચા કરી હતી, એટલે યુવક સંઘની સ્થાપના સાથેજ તેના ઉદ્દેશો નક્કી કરવામાં આવેલા હોઇ અમારા ઉદ્દેશો અનુસાર અમારા ધ્યેયને પુગવા અમારી પ્રવૃત્તિ થયેલી છે, એટલે ભાઇ પટણી! આ વાત તમારી ગેરસમજ ઉત્પન્ન કરનારી છે અને પ્રવર્તક શ્રી કાંતિવિજયજીની રૂબરૂ મે એ પ્રમાણે કહ્યુંજ નહોતું અને મ્હને કહેવાનો હક્ક પણ શું હતો? છતાં આ સંબંધે પ્રથમે હીન્ડણીલ બાજી ચાલેલી હોવા છતાં કાંઇ પણ સત્ય તારવી શકાયું હોય તેમ બન્યું નથી, માટે આ સંબંધે પરસ્પર લેખો લખીને ખોટી રીતે શક્તિનો અપવ્યય કરવા જેવું છે.

(10)

ત્રીજી બાબતમાં ભાઇ પટણીનો એ આક્ષેપ છે કે પાટણ જૈન યુવક સંઘનો પંચાંગી સહીત પીસ્તાલીસે આગમો માનવાનો ઢંઢેરો જનતાને છેતરનારો હતો, કારણ તેજ શાસ્ત્રોમાં જણાવ્યા મુજબ થતી દીક્ષાઓને અટકાયત કરનારા ધર્મ વિરોધી કાયદાનો ટેકો આપી પોતાની દાંભીક પ્રવૃત્તિથી જૈન સમાજને છેતરવાનો પ્રયત્ન કર્યો છે. વિગેરે હકીકત લખી વિશેષમાં જણાવે છે કે—" અમોને જણાવતાં અત્યંત હર્ષ થાય છે કે—તેમની આવી ઢંઢેરારૂપી વાતલમાં કોઇ પણ પાટણનો જૈન ફસાયો નથી." ભાઇશ્રી ! આ પણ તમારૂં લખવું સત્યથી કેટલું વેગળું છે, એ લખી બતાવવા કરતાં સાબીત કરી બતાવવામાંજ શોભા છે. પાટણ જૈન યુવક સંઘની ઉપયોગીતા પાટણના જૈનો સ્વિકારે છે કે નહિ ? અને પાટણના જૈનોનો યુવક સંઘ ઉપરનો વિશ્વાસ હજુ કાયમ છે કે નહિ ? એ તમારી ચર્મચક્ષુ ઉપરથી પક્ષપાતરૂપી અસત્યના ચશ્મા ઉતારી નાંખશો તો સહેજે જોઇ શકશો. વડોદરા રાજ્યનો પ્રગટ થએલો સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ શાસ્ત્રોક્ત ધોરણ મુજબ ઘડાએલો હોવાથી અમારો ટેકો છે. એટલે શાસ્ત્રોકત રીતે થતી દીક્ષાઓ અટકાવવાનો કે અટકાયત કરનાર આ નિબંધ નથીજ, પરંતુ શાસ્ત્રના નામે શાસ્ત્ર વિરૂદ્ધ શિષ્યમોહને ખાતરજ અપાતી દીક્ષાની અટકાયત કરનાર હોવાથી તેવી દીક્ષા અટકાવનાર કાયદાને એકેએક જૈન સહર્ષ વધાવી લે અને ટેકો આપે તે સ્વાભાવિક હોવાથી અમે અમારો ટેકો આપવામાં જરાએ દંભ નથી સેવ્યો એમ હીંમતપૂર્વક કહી શકીએ છીએ. એટલે અમોએ પ્રગટ કરેલો ઢંઢેરો અમારી સત્ય માન્યતાને સુચવનારોજ હતો.

ભાઇ પટણી, આપે જે જાતના ઉપર મુજબ ત્રણ આક્ષેપો કર્યા છે તે સાચાજ છે અને તે પૂરવાર કરી આપવાની આપશ્રીમાં હીંમત હોય તો પાટણના નાગરીકોની જાહેર સભામાં આપને બન્નેને યોગ્ય લાગે તે મધ્યસ્થની રૂબરૂ કે આપણે બંને જૈનેત્તર મધ્યસ્થની ચુંટણી કરી સદરહુ ચાર મધ્યસ્થોની રૂબરૂમાં તમે વાદી તરીકે તમારા આક્ષેપો સિદ્ધ કરી આપવા તઇઆર હો તો સેવક પોતાનો બચાવ કરવા તઇઆર છે, એટલુંજ નહિ, પરંતુ તમારા આક્ષેપો હડહડતા જુઠા અને તરકટી છે એમ સિદ્ધ કરી આપવા તઇઆર છે, તો વિનંતિ કે તમોને અનુકૂળ ચૈત્ર માસની કોઇપણ મીતી નકકી કરી જાહેર કરશો તો સેવક તઇયાર છે. આ સાંપડેલી તક નહિ જવા દો અને તમારી દ્રષ્ટિએ દેખાતું સત્ય સિદ્ધ કરી આપવા તઇયાર થશો તેવી આશા છે. તમારે સિદ્ધ કરી આપવાના આક્ષેપો નીચે મુજબ છે.

૧ મેં પ્રવર્તક શ્રી કાંતિવિજયજી રૂબરૂ ધર્મ કે દીક્ષાની બાબતમાં કાંઇ પણ કરવા ના પાડી હતી.

૨ પાટણ જૈન યુવક સંઘના ભેગા કરેલા પૈસાનો પાટણ સીટી ફોજદારને લાંચ આપી એક નિર્દોષ સાધુને ખેડી પહેરાવવામાં ઉપયોગ કર્યો હતો.

૩ પંચાંગી સહીત પીસતાલીસ આગમો કે તેને અંગેના શાસ્ત્રો વિરૂદ્ધ સન્યાસ દીક્ષા નિયામક નિબંધ છે.

ઉપર મુજબના તમારા આક્ષેપો તમારે સિધ્ધ કરી આપવાના છે. અને પ્રતિવાદી તરીકે તમારા ઉપર મુજબના આક્ષેપો સત્યથી તદ્દન વેગળા છે એટલુંજ નહિ પરંતુ હડહડતા જુઠા અને સમાજને ઇરાદાપૂર્વક ઉંધે રસ્તે દોરવનારા છે તે ઉપર મુજબની સરતે હું પાટણના નાગરીકોની જાહેર સભા સમક્ષ બન્ને પાર્ટી તરફથી નીમાએલા બંધે મધ્યસ્થની મધ્યસ્થના નીચે ચૈત્ર માસની કોઇ પણ મીતીએ સાબીત કરી આપવા તઇયાર છું. તો ભાઇ પટણી જરૂર તમારા અસલ નામે આ તક નહિ ગુમાવતા સ્વીકારી લઇ મીતી જાહેર કરશોજ.

પરસ્પર લેખોદ્વારા કોઇ દીવસે સત્ય પ્રગટ થતું નથી અને તેમાં શકિતનો બોટો વ્યય છે એટલે આ સંબંધે લેખોના જવાબ આપવામાં હું કાંઇ પણ હીત જોતો નથી માટે સત્ય વસ્તુજ હોવાનો દાવો કરનારે તો સત્યતા પૂરવાર કરવા બહાર આવવું એજ આવશ્યક છે એટલે આ સંબંધે હેન્ડબીલબાજી ચલાવવી કે લેખનપટ્ટી ચલાવવી જરૂરી નથી. અસ્તુ.

લી૦ સંઘનો સેવક,

કેશવલાલ મંગળચંદ શાહ,

મંત્રી, શ્રી પાટણ જૈન યુવક સંઘ.

શ્રી જૈન ભાસ્કરોદય પ્રેસ, ધનજી સ્ટ્રીટ-મુંબઇ, ૩.

વિવેકની ન્યુનતા.

Reg No. B. 2917
છુટક નકલ ૧ આનો

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતન યુગનું જૈન સાપ્તાહિક.

તંત્રીઃ રતિલાલ સી. કોઠારી.
સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર.
વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦

વર્ષ ૨ જું, અંક ૨૩ મો.
શનીવાર તા. ૧-૪-૧૯૩૩.

જૈનો ને અસ્પૃશ્યતા.

જૈનોમાં તો અસ્પૃશ્યતાની ગંધ સરખીયે ન હોવી જોઇએ એમ જૈન પુસ્તકોના અને જૈન મિત્રોના પરિચયથી જાણ્યું છે. પણ અસ્પૃશ્યતાનો સ્પર્શ તો જૈનને પણ સારી પેઠે લાગેલો છે. કવિશ્રી રાજચંદ્ર કહેતા કે જૈન મત મુખ્યત્વે વણીકવર્ગમાં પ્રસર્યો તેથી જેમાં સર્વશ્રેષ્ઠ વીરતા હોવી જોઇએ તેમાં લિરૂતા આવી વસી, અને જેમાં ઉત્તમ જ્ઞાન હોવું જોઇએ તેમાં શુષ્કતા આવી ગઇ, અને જ્ઞાનહિન તપનો કશો પ્રભાવ ન રહ્યો. જૈનોનો સારો પરિચય હોવાથી આ આરોપમાં જે સત્ય ભરેલું છે તેનો હું સાક્ષી છું ને તેથી મને હંમેશાં દુઃખ રહ્યું છે. અહિંસા ધર્મ જૈનોએ પોતાનો ઈજારી માન્યો છે, પણ તેનું ખરૂં સ્વરૂપ તો છેક ઢંકાઇ ગયું છે. મનુષ્યેતર જીવો પ્રત્યેની દયાએ પણ વક્ર સ્વરૂપ પકડ્યું છે, ને તેનો અમલ બળાત્કારે કરાવતાંયે ઘણા જણ અચકાતા નથી. જો જૈનોમાં અહિંસા શુદ્ધ રૂપે જીવતી હોત તો અસ્પૃશ્યતાની ગંધ સરખી જૈનોમાં ન હોત ને જૈન માત્ર પ્રેમની મૂર્તિરૂપે જોવામાં આવત અને જૈનોમાંથીજ સેવકો ને સેવિકા ઢગલાબંધ નીકળી પડત.

મોહનદાસ ક. ગાંધી.

[હરિજન બંધુમાંથી]

હું નાશ માગું છું.

હું આજની આપણી એ સમાજ-રચનાનો નાશ માગું છું કે જે સમાજ-રચના બાંધવતાને માટે સરજાયેલી માનવજાતની અંદર પરસ્પર વિરોધી વર્ગો ઉભા કરે છે; જે સબળા અને નિર્બળાના વાડા પેદા કરે છે, શ્રીમંત અને મુફલીસના ભેદભાવોને જન્મ આપે છે, અને જે માનવીઓને વિશિષ્ટ અને અનિષ્ટજનાવે છે. કેમકે આ જાતનાં વર્ગીકરણ આપણને સહુને સાચેસાચ અભાગી બનાવે છે.

આજના સમાજ તંત્રમાં કરોડો માનવીઓ મુઠ્ઠીભર માનવીઓની ગુલામી બરદાસ કરે છે, અને એ મુઠ્ઠીભર માનવીઓ પોતાની દોલતની ગુલામી ઉઠાવે છે. હું આજના આવા સમાજ-તંત્રનો નાશ માગું છું.

હું એ તંત્રનો નાશ માગું છું કે જે તંત્ર મજૂરીમાંથી મોજ હરી લ્યે છે, જે તંત્ર મજૂરીને ગુલામી સમી બનાવે છે અને મોજને દુર્ગુણ સમી બનાવે છે. આજના એ તંત્રનો નાશ માગું છું કે જે એક માનવીને જરૂરત કરતાં ખૂબ ઓછું આપીને કંગાલ રાખે છે અને બીજા માનવીને જરૂરત કરતાં ઘણું વધારે આપી ચિન્તાતુર બનાવી દ્યે છે.

હું આજના એ સમાજ તંત્રની ઇમારતને જમીનદોસ્ત કરવા માગું છું કે જે તંત્ર અર્થહીન ચીજોની પાછળ, મરેલા માણસોની પૂજા પાછળ, માનવજાતની સર્વોત્તમ રચના શક્તિ વેડફી નાંખે છે.

જે તંત્ર માનવજાતના એક ભાગને અર્થહીન ધંધાઓમાં પરોવી રાખે છે, જે તંત્ર લશ્કરી, કારકુની, સટ્ટાખોરી, વ્યાજખોરી અને એવાં બીજાં અનેક સુસ્ત કામકાજોની પાછળ, હજારો માનવીઓ પાસે એમની જુવાનીનાં જેમનું બલિદાન અપાવે છે, અને આ તિરસ્કાર યોગ્ય ધંધાઓમાં સામેલ નહિ એવી શેષ માનવજાત પાસે અસહ્ય મજૂરી કરાવી એમની જીંદગીનો તમામ રસ લૂંટી લ્યે છે. હું એ તંત્રનો નાશ માગું છું.

બલાત્કાર, જુલ્માણું, આંસુ, ગમગીની, ત્રાસ, દુઃખ કંગાલિયત, દગાખોરી અને ગુન્હેગારીની ઇંટોથી ચણાયેલી, સન્નિપાતના ઓથાર સમી આજના સમાજ-તંત્રની ઇમારતનું નામોનિશાન રદ કરવાની મને તમન્ના છે. એ સમાજ તંત્રની એકેએક યાદગીરીનો હું નાશ ચાહું છું.

[પુલ્લાઅ માંથી]

રિચર્ડ વાગ્નર.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર.)

પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૧-૪-૩૩

વિવેકની ન્યુનતા.

ધર્મને નામે ઉજવાતા ઉત્સવો કે રૂઢીઓ હજુએ એની એ ધરેડે ચાલે છે. એમાં સુધારાને અવકાશ છે. એમાં સંગીન દીશાફેરની આવશ્યકતા છે. છતાં લાભ-હાનીનો હિસાબ કાઢનાર વણીકો આજે પોતાની વિવેક શક્તિ ગુમાવી દઈ 'આગેસે ચલી આતી હૈ' એ કહેવત અનુસાર જાણે કે એમાં પરિવર્તન કે સુધારણાને જરાએ અવકાશજ ન હોય તેમ વિચાર શૂન્ય બની એની એ સ્થિતિમાં ચલાવ્યાજ કરે છે. એ અતિ દુઃખદાયક છે. શાસ્ત્રકાર મહારાજતો કહે છે કે **तम्हा सव्वानुन्ना सव्वनिसहो अ पवयणे नत्थि, आयं वयं तुलिजा लाहकंखिव्व वाणियओ ॥** ભાવાર્થ "જૈનદર્શનમાં એકાંત કોઇ પણ કોઇ બાબતની અનુજ્ઞા એટલે ફરમાન અને નિષેધ નથી. પણ લાભને ઇચ્છનાર વાણીયાની જેમ લાભ અને હાનીનો વિચાર કરવાનું કહી જૈન દર્શનમાં એકાંતે આદેશ કે નિષેધ નથી એમ બાપોકાર જાહેર કરે છે ત્યારે આપણે વાણીયાઓ એટલે વ્યાપારીઓ લાભ હાનીનો વિચાર કરવામાં ધર્મના નામે ઉજવાતા ઉત્સવો કે રૂઢીઓ સંબંધે લાભ-હાનીનો બીલકુલ વિચાર કર્યા સિવાય ચલાવી લઇએ તો તેમાં આપણી વિવેક શૂન્યતાજ કહેવાય.

આપણે જો વિચાર કરીશું તો જણાશે કે આપણા ધાર્મિક ઉત્સવોમાં-પર્યૂષણ પર્વ લ્યો કે આપણા ઓચ્છવો જુવો, આપણા ઉજમણા જુવો કે ઉપધાન જુવો, દરેકમાં વિકૃતિ સિવાય કાંઇ નજરે નહિ પડે. આનું કારણ ફકત એકજ છે અને તે એજ કે આપણને **ધર્મ કરતાંએ આપણા યશની-કીર્તિની ફીકર છે.** જો ધર્મના ખાતરજ આ ઉત્સવો કે રૂઢીઓ પોષાતી હોત તો આપણે વિચાર શૂન્ય બની એને ન પોષત; પરંતુ આપણું ધ્યેયજ લગભગ આપણી નામદારી કરવાનું હોય છે એટલે જન સમુદાયમાં સારૂં શું કહેવાશે, લોકોમાં વાહવાહ શી રીતે થશે એ દૃષ્ટિથીજ તે પ્રસંગો ઉજવાતા હોવાથીજ આપણે તેનો આત્મા ગુમાવી દઈ કલેવરનેજ પૂજી રહ્યા છીએ. એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી.

ધાર્મિક તહેવારો, ઉત્સવો કે રિતરિવાજોમાં ઉજમણાં સંબંધમાં હાલ તુર્ત વિચાર કરીશું તો જણાશે કે એમાં મોટે ભાગે વાહવાહ અને સસ્તી કીર્તિ મેળવવા સિવાય બીજું કશો હેતુ નથી. કદાચ એમ કહેવાને લલચાઇએ કે કોઇ મહાપૂણ્યશાળી જીવ ઉજમણામાં મૂકાએલ મુનિના ઉપકરણ માત્રથી ચારિત્રની ઇચ્છાવાળો થાય તો તે મહાલાભનું કારણ છે. મ્હારે કહેવું જોઇએ કે આ લાભ આપણે સ્વીકારી લઇએ તો પણ એ કદાચિત્ બનનાર પ્રસંગ છે. એટલે દરેક ઉજમણામાંથી આ જાતનો લાભ મળશે એમ નજ કહી શકાય અને તેવા કવચિત્ મળતાં લાભ ખાતર દર વર્ષે લાખો રૂપીઆનો ખર્ચ કરવો એ કેવળ વિવેક શૂન્યતાજ છે.

લાભને ઇચ્છવાવાળો વાણીઓ લાભ-હાનીનો વિચાર પ્રથમથીજ કરે તેમ ઉજમણાના સંબંધમાં વણીક વૃત્તિવાળા આપણે લાભહાનીની દૃષ્ટિથી વિચાર કરીએ તો જણાશે કે ઉજમણું એટલેજ ઉજવવું, ઉજમણાની શરૂઆત કયારથી થઇ એ ઐતિહાસીક વિષય છે એટલે એ વિષયની અનભિજ્ઞતા-થીએ ન કહી શકીએ તો પણ એટલું તો ખરૂંજ કે વર્તમાનમાં જે રીતે ઉજમણા કરવામાં આવે છે તે રીતે તો નહીજ થતાં હોય, કારણ આજની માફક કેવળ ચંદરવા પુંઠીયામાંજ ઉજમણાની ઇતિ કર્તવ્યતા નહિજ ગણાતી હોય. આજે તો ઉજમણાની વાસ્તવીક કિંમત એમાં બાંધેલા ચંદરવા પુંઠીયાની કિંમતમાંજ આવીને રહે છે. ચંદરવા, પુંઠીયા અને અમુક ઉપકરણો એજ ઉજમણાની વિશેષતા નજ હોય, એ સહેજે વિચારી શકાય તેમ છે. એટલે અમને એમ લાગે છે કે ચૈત્યવાસીઓએ પોતાનું પોષણ કરવા જે જુદી જુદી આચરણાઓ શરૂ કરેલી તેમાંની આ પણ એક હોય તો ના ન કહી શકાય. આ કેવળ અનુમાનજ છે. સત્યા સત્ય જ્ઞાની ગમ્ય છે. ગમે તેમ હોય તેની સાથે નીસ્બત નથી પરંતુ વર્તમાનમાં ઉજવાતા ઉજમણાઓથી શાસનને, ધર્મને કે ઉજમણું કરનારને લાભ છે? અને હોય તો કેટલો? એજ વિચારવાના મુદ્દા છે.

અમારે કહેવું જોઇએ કે આથી ધર્મને કે શાસનને કશો પણ લાભ નથી ઉજમણું માંડનારને લાભ હોય તો ફકત એટલોજ કે જેટલા પ્રમાણમાં વધુ આડંબર કરવામાં આવ્યો હશે તેટલા પ્રમાણમાં વધુ વાહવાહ મેળવી નામદારી યાને કીર્તિ મેળવશે. એ દૃષ્ટિએ લાભ તો ખરોજ એમાં કોઇથી પણ ના કહી શકાય તેમ નથી. પરંતુ એ નામદારી કે કીર્તિ ધર્મના નામે મેળવાય છે એ ભૂલી જવા જેવું તો નથીજ.

ધર્મના નામે શું કમાવાનું હોય? ધર્મના નામે તો તોડવાના હોય કર્મના બંધ કોઇ મહાપુરૂષ બતાવશે કે ચંદરવા પુંઠીયારૂપી ઉજમણાથી પૂણ્ય કમાવાય છે કે ધર્મનાં બંધ તૂટે છે?

અમારી દૃષ્ટિએ તો લાગે છે કે જ્ઞાન નિમિત્તે થતા તપની પૂર્ણાહુતી પછી તેના ઉજવવામાં આવતા ઉત્સવનેજ ઉજમણું કહેતા, અને તેવા ઉજવવામાં આવતા ઉજમણાથી ધર્મને, શાસનને લાભ થાય એ પણ તેમાં હેતુ હતો. ઉજમણા જ્ઞાન નિમિત્તે થતાં હોવાથી ઉજમણાના બહાને તે કાળના જમાનામાં જ્ઞાનની પૂજા નિમિત્તે આગમો અને શાસ્ત્રીય ગ્રંથો લખાવીને તેનું બહુમાન કરવા ખાતર વરઘોડા વગેરે ચઢાવીને, પુસ્તકોને સુંદર માંડવા વિગેરેમાં કીંમતી ચંદરવા પુંઠીયા બાંધી લોકોના દર્શનાર્થે (સદ્ધર્મ લખાયેલા) પુસ્તકો પધરાવવામાં આવતાં અને ઉત્સવ મનાવાતો, આથી એમાં એ હેતુ સિદ્ધ થતો કે પોતે જ્ઞાન પ્રાપ્તિ નિમિત્તે જ્ઞાનાવર્ણીય કર્મના ક્ષયોપશમ માટે તપશ્ચર્યા કરી જ્ઞાનને મેળવે અને સાધન સંપન્ન હોય તો બીજાઓ પણ જ્ઞાનનો લાભ લઇ શકે. પોતાની શક્તિ અનુસાર જ્ઞાનનો ફેલાવો કરવા ખાતર પુસ્તકો લખાવી આ પ્રમાણે તેનું બહુમાન કરે કે જેથી બીજાઓને એ રીતે જ્ઞાન મેળવવામાં અને જ્ઞાનના સાધનો રૂપ પુસ્તકોનો ફેલાવો કરવાના

અયોગ્ય દીક્ષા પદ્ધતિ એ સામાજિક બદી છે.

(તા૦ ૫-૩-૩૩ ના રોજ મુંબઇમાં મળેલી જાહેર સભામાં શ્રી પરમાનન્દ કાપડીઆએ 'અયોગ્ય દીક્ષા' અંગે જે મંતવ્યો રજુ કર્યાં, તે સમાજ આગળ વિચારથી અત્રે રજુ કરીએ છીએ. –તંત્રી.)

ગતાંકથી ચાલુ.

આ તો મોટી ઉંમરે દીક્ષા લેનારની ત્યાગ ભાવનાનું વિવરણ કર્યું, પણ નાની ઉંમરના અજ્ઞાન છોકરાઓને દીક્ષા આપી દેવાનો આપણા કેટલાક સાધુઓને શા માટે આટલો બધો આગ્રહ બંધાયો છે તે મારી સમજમાંજ આવતું નથી. કેટલાક સાધુઓ તો એમ માની રહ્યા છે કે દીક્ષા આપવા ખાતર કોઈના પણ છોકરાને ભગાડવામાં, નસાડવામાં, છુપાવવામાં, તેની ખાતર લાંચો આપવામાં અને ગમે તેવા માયામૃષાવાદ સેવવામાં કશો દોષજ લાગતો નથી. આતે જૈન ધર્મની કઈ જાતની સમજણ છે એ કોઈ સમજાવશો? આમાં સાધુના પંચ મહાવ્રતનું કઈ રીતે પાલન થાય છે તે સમજવામાં આવતું નથી. આમાં અહિંસા કયાં જળવાઈ? સત્ય કયાં જળવાયું? અસ્તેય કયાં રહ્યું? અપરિગ્રહવ્રત શી રીતે રક્ષાયું? આતે કઈ જાતનું ગાંડપણ સમજવું? આ છોકરાઓને સમજણ પૂર્વક અને માબાપની સંમતિથી દીક્ષા આપવામાં આવતી હોય તો પણ તે દીક્ષા એકદમ વાંધા પડતી છે, કારણ કે દીક્ષાનો પાયો વૈરાગ્ય છે. અને વૈરાગ્યનો પાયો અનુભવ છે. કેવળ પોપટીયા જ્ઞાનથી 'સંસાર અસાર છે' એમ બોલનારને વૈરાગી કહેવો તે પોતાની તેમજ સમાજની વંચના કરવા બરોબર છે. આવી રીતે દીક્ષા જેવા કડક વ્રતથી અજ્ઞાન બાળકોને જીવનભરની પ્રતિજ્ઞાથી બાંધી લેવાનો કોઇ પણ સાધુ યા શ્રાવકને અધિકાર નથી. એટલુંજ નહિ પણ તે બાળકના માતા પિતાને પણ તેવો અધિકાર છેજ નહિ. કેટલાક મધ્યમ માર્ગી સાધુઓ એમ સૂચવે છે કે માબાપ રજા આપે તો પછી આપણે બાળ દીક્ષા સામે વાંધો લેવો ન જોઇએ. આના જવાબમાં જણાવવાનું કે પ્રથમ તો માબાપને આ રીતે પોતાના બાળકોને જીંદગીભર કડક જીવનની પ્રતિજ્ઞાથી બાંધી લેવા દેવાનો અધિકારજ નથી. જેવી રીતે આજે બાળલગ્ન નિષેધ સંબંધમાં સમજી સમાજમાં બે મત રહ્યાજ નથી, તેવીજ રીતે બાળદીક્ષાને પણ આજની વિચારક દુનિયા કદિ સંમતિ આપી શકે તેમ છેજ નહિ. બીજું આજ બાબતમાં એ જણાવવાનું છે કે આપણા ગરીબ, દરિદ્ર અને અધઃ–પતિત દેશમાં માબાપની સંમતિ ખરીદી શકાય છે એ શું આજે કોઇને અજાણ્યું છે? હજી થોડાજ વર્ષો પહેલાં કન્યા વિક્રયની પ્રથા આપણા સમાજમાં શું ઓછી પ્રચલિત હતી? તેથી માબાપની સંમતિ હો યા ન હો–બાળ દીક્ષાને આજના કાળમાં કોઈ રીતે સંમતિ આપી શકાય તેમ છેજ નહિ.

આ વિચાર સામે કેટલાક લોકો પૂર્વકાળમાં બાળવયે દીક્ષા લઇને આગળ ઉપર બહુ સુપ્રસિધ્ધ બનેલા આચાર્યોના દાખલા ટાંકે છે અને ખાસ કરીને શ્રીમદ્ હેમચંદ્રાચાર્યનો દાખલો આગળ ધરે છે. આના જવાબમાં જણાવવાનું કે શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય અને તેમના જેવા અન્ય મહાન્ આચાર્યો સામે આપણે કશું કહેવાનું છેજ નહિ. પણ મારો સામે પ્રશ્ન છે કે પૂર્વકાળમાં બાળ લગ્નથી ગ્રથિત થયેલા છતાં આગળ ઉપર ખુબ મહાન પદને પહોંચેલા અનેક મહાપુરૂષોના નામ આગળ ધરવામાં આવે તેથી આપણે કદિ પણ બાળ લગ્નને સંમતિ આપીશું ખરા? પૂર્વાચાર્યો કે પૂર્વ શાસ્ત્રકારોને આક્ષેપ કે કશું પણ બોલવાનો આપણને અધિકાર નથી. પહેલાં કદાચ નાની ઉંમરે દીક્ષા આપવાની પ્રથા હશે; આજ એ પ્રથામાં છેલ્લા છેલ્લાં પચાસ સો વર્ષના અનુભવ ઉપરથી આપણે ફેરફાર કરવા માંગીએ છીએ. ધાર્મિક પ્રથામાં ફેરફાર માંગવો એમાં ધર્મના અંગભૂત તત્વોને કશો બાધ આવતોજ નથી.

આ સંબંધમાં બાળ દીક્ષા આપવાને અધીરા બનેલા સાધુઓને મારો તો એ પ્રશ્ન છે કે જે આવ્યું તેને તેની ઉંમર, સંયોગ કશું પણ વિચાર્યા સિવાય તમને દીક્ષા આપી દેવાનો આટલો બધો આગ્રહ કેમ બંધાયો છે? તેમ બાળકો કે જેને તમે દીક્ષા આપવા ઇચ્છતા હો તેને સાથે રાખો, કેળવો, ધર્મશાસ્ત્રોનું સંગીન જ્ઞાન આપો, અને તે બધી રીતે તૈયાર થાય અને યોગ્ય ઉમ્મરનો થાય એટલે દીક્ષા આપો. દીક્ષા આપવાને ઉત્સુક સાધુઓ તેમજ ગૃહસ્થો શા માટે દીક્ષાને માટે તૈયાર કરે એવી કેળવણીની સંસ્થા કાઢતા નથી, અને આવી સંસ્થામાં પાંચ પાંચ કે દશ દશ વર્ષની સાંગોપાંગ કેળવણી આપી તેમજ ભિન્ન ભિન્ન ધર્મો, દર્શનો, તથા ભાષાઓમાં નિષ્ણાત બનાવી પરિપક્વ વયે તેની યોગ્યતા તપાસી તેને સાધુ પદે આરૂઢ કરવાની યોજના વિચારતા નથી? આવી યોજનાને સૌ કોઇ બનશે તેટલો સહકાર આપશે, શું તમે એમ માનો છો કે આપણને સાચા સાધુ નથી જોઇતા? સાચા સાધુ એ તો ધર્મનો ખરો આધાર છે. સાચા ત્યાગી અને વૈરાગી વિના સંસારનો ઉત્કર્ષ અસંભવિત છે. અયોગ્ય દીક્ષા સામેના વિરોધના મૂળમાં ખરી રીતે સાચા સાધુને પ્રાપ્ત કરવાનીજ તિવ્ર ઝંખના રહેલી છે. આ સૌ કોઇ સમજે.અને ચાલુ પરિસ્થિતિમાં પ્રસ્તુત નિબંધ વર્તમાન દેશકાળ વિચારીને જે કાંઇ ફેરફાર કરવા માંગે છે તેને સહર્ષ સૌ કોઇ વધાવી લે એ સર્વ જૈન બંધુ ભગિનીઓને મારી નમ્ર ભાવે વિજ્ઞપ્તિ છે. સંપૂર્ણ.

કાર્યમાં અનુકરણીય બને. આ હેતુથી ઉજમણું કરવામાં આવે તો જ્ઞાનનો ફેલાવો થઇ ધર્મને કે શાસનને જરૂર લાભ થાય અને સાથે સાથે બીજાઓને અનુકરણીય બની ફળભાગી બને.

આજે પુસ્તકો લખાવવાને બદલે છપાવી શકાય છે. એટલે અપ્રકટ અને પ્રકટ થયેલા પુસ્તકોનું સંશોધન કરાવી ઉજમણામાં પધરાવવામાં આવે અને પછી તે પુસ્તકોનો બહોળો ફેલાવો થાય તેમ એની વ્યવસ્થા કરવામાં આવે તો સમાજને કેટલો લાભ થાય, એ સહેજે કલ્પી શકાય તેમ છે. આપણે આજે ઉજવાતા ઉજમણામાં ચંદરવા પુંઠીયા પાછળ હજારો અને લાખો રૂપીઆનો થતો ખર્ચ પુસ્તક પ્રકાશન નિમિત્તે ખર્ચી તેના ઉત્સવમાં બાકીનો ખર્ચ કરવામાં આવે તો પરિણામે પોતાને, ધર્મને–શાસનને ઉપયોગી અને લાભદાયી થઇ પડે.

ન્યાતની બેઠક.....અનુ. પૃષ્ઠ ૧૮૨ થી

મોતીચંદ–"મારી રકમ ભરાવા આવતાં મેં તો પરખાવી દીધું કે પ્રથમ શેઠના ભરાવી લાવો પછી વાત! ઘોળીયા કંઇ મફત નથી પડયા."

હનુમાનના પુંછડા પ્રમાણે એક પછી એક મહાશયોના ટેકા શેઠની 'હા' માં ભળતા જોઇ રસિકની ધીરજ ખુટી ગઇ. તે પોકારી ઉઠયો.

"આટલી રકઝકમાં વખત ન ગુમાવતાં વાંચવા માંડોને. એમાં તે કયો તમારો કીર્તિનો ફોટ તૂટી પડવાનો છે?"

એટલામાં નાનુ આગળ આવી નમ્રતાથી બોલ્યોઃ—

"શેઠ સાહેબ, વિદ્યાર્થીની અરજી તો મેં લખી છે. મારે અભ્યાસ આગળ વધારવો છે. તે ખાતર થોડી રકમની મદદ માંગી છે. મેટ્રીક પસાર કરી જ્યાં હું કમાતો થયો કે તમારી રકમ હપતાથી ભરપાઇ કરીશ. આ પરમાર્થનું કામ હોઈ અગત્યનું છે. માટે એને અભરાઇ પર ન ચઢાવો. કેળવણી વિના આપણા સમાજનો ઉદ્ધાર નથીજ."

ધરમચંદ–"જેના નામે હમણાંજ રાળ્યા ગવાયા એવી નાસ્તિક બનાવનાર કેળવણી સારૂ ન્યાતના પૈસા અપાય! હરગીજ ન બને. જેને જરા પણ ધરમ વહાલો હશે તે કદી પણ હકારો ભણશેજ નહિં."

એક યુવક–"ધર્માકાકા, તમો સાચું બદો છો (!) તમારા સરખા ધર્મી (!) ભણવામાં સહાય કરે તો પાપ લાગે, પણ કોરટમાં કેસ લડવા સારૂ હજારોનું આંધણ મૂકે, દીકરીના ખાવા લેનારની ન્યાત જમે, જ્ઞાન ખાતાના ચંદરવા હોયા કરી જનારના મલીદા ઉડાવે, અને શરમમાં ધરમાદાના પૈસા ઢૂલાવા દે, એ બધામાં આનંદથી ભાગ લીધા છતાં પાપનું નામ ન ગણાય! અરે એ તો મહાન 'ધરમ' કર્યો એમ ગણાય નહિં વારૂ?"

એક ડોશાજી ક્રોધથી રાતાપીળા થઇ બરાડી ઉઠયાઃ–

"કોણ છે એ હરામખોર? અમને બધાને ભાજી મૂળા સમજી લવારો કર્યે જાય છે, એટલે શું? શેઠ, પરથમ એનો વહેવાર કાપો.'

"ખુર્શીજી, ચુપ રહો, નહિં તો યાદ રાખજો કે આજે રેવડી દાણાં દાણ કરી નાંખીશું. વાતવાતમાં યુવાનો સામે આંગળાં ચીંધવા માંડો છો, તેનું શું પ્રયોજન? શું ન્યાતના માલીક બાલીક છો?" યુવાનો એકદમ ગર્જી ઉઠયા. ઘડીભર ધોંધાંટ મચી રહ્યો. કેટલાક તો સમય જોઇ વંજે માપી ગયા.

શેઠ–"જો આમ બધાને તકરારો કરવી હોય તો હું ઉઠી જાઉં. આ તો ન્યાત છે. એમાં સુધરેલી સીસ્ટમ કયાંથી હોય! જુવાનોએ ઘરડાનું માન રાખવુંજ જોઇએ. જવાદો એ કાગળોની વાત હવે જે કહેવાનું છે તે આજ મુદ્દાપર છે. કેટલાક ગૃહસ્થોનો એવો નિશ્ચય થયો છે કે જુવાનો મર્યાદા ઓળંગી ગમે તેમ લખે છે ને સ્વછંદતાથી હરાવો કરે છે. જુવેાને પેલા કાન્તિલાલે મુંબઇ બેઠાં કેવું ચીતરી માર્યું છે! વળી આ ચન્દ્રકાન્તના મંડળે વિરોધની સભા ભરી એવોજ ભમરડો વાળ્યો છે. એથી ન્યાતને નીચું જોવું પડે છે, દેશાવરમાં આપણી હલકાઇ કહેવાય છે. કદાચ એકવાર બોલું બન્યું હોય તેથી ઉધાડુ પાડવામાં શું લાભ! એમ કરવાથી તો આપણીજ જાંઘ ઉઘાડી પડી છે! કેટલાક તો મને એ બધાની સખત ખબર લઇ નાંખવાનું ફરમાવે છે, પણ નકામો કદાગ્રહ વધે નહીં, તેથી આજે હું એ વાત સાફ સાફ કહી દઉં છું કે એવી પ્રવૃત્તિથી પાછા હઠાય એમાંજ શ્રેય છે."

ચન્દ્રકાન્ત–"મુરબ્બી, આપના કહેવા મુજબ તો ખરી વાત પણ ન કહેવાય. પોતાના અંતરને સત્ય લાગે તે પણ

કદમ્બાગીરી.

સામાન્ય સ્થળ કોઇ સુભગ ઘડીએ મહાન્ અને પ્રખ્યાત થઇ પડે છે. તેમ જૈન યાત્રાનું એક સ્થાન હમણાં વધ્યું છે. એજન્સી તાબાના ચોક થાણાના ગામ બોદાનાનેસ પાસે કમળાનો ડુંગરો એક ટેકરી જેવો દેખાય છે. ત્યાં હુતાસણીને આગલે દિવસે કામળીયા આહેર લોકો પોતાની કુળદેવીનું સ્થાન હોઇને હુતાસણી પ્રકટાવે છે ને વાળાક–ઉંડ તથા ડુંગરવાળાના લોકો છેટેથી દર્શન કરી સાંજે જમે છે. તે જગ્યાને કદમ્બાગીરી ઠરાવી જૈનાચાર્ય નેમાવિજયજીએ ઇંદ્રશલાકા યજ્ઞ કરી પ્રતિમા પધરાવી છે. એક જુની વાવ ઉલેચાવતાં તેના પાણીથી હજારો માણસોને કોલેરા થઈ આવ્યું. પણ પાલીતાણા સ્ટેટે દવા અને ડાકટરની વખતસર મદદ પહોંચાડી, એટલે સારૂં થયું. ઓછામાં પૂરૂં માવઠું કહે મારૂં કામ–એટલે પુષ્કળ માણસો દુઃખી થાત. સારા નશીબે તુરતજ તંબુની સગવડ પાલીતાણા રાજ્યે કરી આપી. શેત્રુંજયની સ્પર્ધામાં એજન્સીની હદમાં આવી રીતે નવુ તીર્થસ્થાન ઉધાડવાની વાતો બોલાય છે. પણ રાજ્યે ઉદાર ધોરણ રાખી તેવું કશું મનમાં ન લાવતાં દરેક પ્રકારની સગવડ પહોંચાડી તે બદલ ધન્યવાદ ઘટે છે. ભાંગડા રાજ્યનો હાથી પ્રદક્ષિણા તથા વરઘોડા માટે લાવેલા. બધી ચીજોના કોન્ટ્રાકટ અપાયલા, એટલે મોદીઓએ સેળભેળ માલની રમતો પણ કરેલી. વરઘોડાને પ્રદક્ષિણા વખતે રકમો દેવાના ચઢાવા થયેલા તેમાં એક બાજીએ રૂ. ૪૨ હજાર આપ્યાનું સંભળાય છે. અમદાવાદની આણંદજી કલ્યાણજીની પેઢીને બદલે અહિં જીનદાસ ધર્મદાસની પેઢી એવું નામ રાખેલું. ગુજરાત વિરૂદ્ધ મારવાડી જૈનોએ જુદું જાત્રાસ્થળ બનાવ્યું એમ કેટલાંક પંખીડાંઓ ફફડી રહેલાં સંભળાણાં. ત્યાં તો અમદાવાદથી સારાભાઇ શેઠ ખાસ વિમાનમાં બેસીને આવ્યા અને સમજાવટ કરી આણંદજી કલ્યાણજીની પેઢીની શાખા ઠરાવી એક કલાકમાં પાછા ઉપડી ગયા. કદમ્બાગીરી ઉપર પાલીતાણાના બારોટોનો લાગો શત્રુંજયની માફક કશો રાખ્યો નથી. એટલે એ લોકોએ એજન્સમાં અરજ કરેલી કહેવાય છે. કોળાંબાનો ડુંગર અથવા કમળાની ટેકરી સામાન્ય સ્થળમાંથી આવી રીતે કદમ્બાગીરી બને છે.

[ગુજરાતી પત્રના તા૦ ૨૬–૩–૩૩ ના અંકમાં પ્રવાસી ઉપરના સમાચાર કદંબાગીરી અંગે બહાર પાડે છે. આ નવા તીર્થના વહીવટની વ્યવસ્થા અંગે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી આજ સુધી કશું સત્તાવાર નિવેદન બહાર પડયું નથી તેમ તે પેઢીના બધાય વહીવટદારો આમા બતાવેલી વ્યવસ્થા જાણે છે કે નહિ તે પણ અણઉકેલ લાગે છે. માટે સમાજની જાણ ખાતર આ સંબંધમાં તાત્કાલિક ખુલાસો કરવાની અમે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટદારો પાસે માગણી કરીએ છીએ. –તંત્રી.]

કોઇની અંગત ટીકા વગર ન લખવું એમજને! પોલ ચાલવા દેવી! આપ સમજી થઇને કેમ ભૂલો છો કે દરદને દબાવવા થી વૃદ્ધિ પામે છે."

કલ્યાણચંદ–"દલીલ બાજીમાં અમારે નથી ઉતરવું. સમજશો તો ઠીક છે, નહીં તો એ માટે અવરય ન્યાત વિચાર ચલાવશે. અમે કાંઈ બંગડીયો નથી પહેરી.

શરતચંદ્ર–"કાકાશ્રી, થાય તે કરી લેજો. ડર દર્શાવવાના દહાડા હવે વહી ગયા છે. હૃદયને સાચું લાગે તે જરૂર કહેવાના. સાચને જરા પણ આંચ આવતી નથી." સંપૂર્ણ

સમાચાર.

આલમને ઓવારે.

—શ્રી. વીઠ્ઠલભાઇ પટેલને અમેરીકાએ કોઇ હિન્દીને નહિ મળેલું એવું અપૂર્વ માન આપ્યું છે. ત્યાંથી તેઓ ઇગ્લાંડ આવવા નીકળ્યા છે.

—પરદેશમાં યાહુદિ લોકોએ જર્મન માલનો બહિષ્કાર કર્યો છે. આની સામે આખા જર્મનીમાં યાહુદિઓની દુકાનોનો બહિષ્કાર પોકારવા દસ હજાર સભાઓ મળશે. મ્યુનિચ કે જે નાઝીઓનું મથક છે ત્યાં આ હિલચાલની તૈયારીઓ ચાલે છે.

—પેરૂથી (ન્યુયોર્ક તા૦ ૨૯) એવા ખબર મલ્યા છે, કે ભયંકર રીતે જમીન ધસી પડવાના અકસ્માતથી એક કામમાં લગભગ ૧૦૦૦ માણસોના જાન ગયા છે.

—શ્રી સુભાષચંદ્રબોઝની મુલાકાતે વીયેનાના લોર્ડ મેયર ગયા હતા. અને કલકતા શહેરની મ્યુનિસીપાલીટીના વહીવટ અંગે વાતચીત કરી હતી.

—૬ ઠ્ઠી એપ્રીલ **શ્વેતપત્ર વિરોધ દીન** તરીકે પાળી દેશ ભરમાં વિરોધ સભાઓ ભરવાનો હિંદુ મહાસભાની કાર્યવાહી સમિતિએ ઠરાવ કર્યો છે.

—(૧) વીજયા બ્હેન (દુર્લભજી ઉમેદચંદના પત્ની) પરીખને પોલીસે અટકમાં રાખ્યા છે. (૨) કેશરીચંદ કલ્યાણજી નામનો ચાર વર્ષનો જૈન છોકરો ૩ જી અગ્યારી ગલીમાં પહેલા માળની બારીમાંથી જમીન પર પડી મરણ પામ્યો. (૩) જૈનોના ત્રણે ફીરકામાં સંગઠન કરવાના હેતુથી "જૈન જાગ્રતી" નામનું માસીક મહાવીરજયંતીથી શરૂ કરવામાં આવનાર છે. આ પત્રના મુખ્ય તંત્રી શ્રી ડાહ્યાલાલ મ. મહેતા છે.

કલકત્તા: (૧) કોઇપણ જાહેર અને બાનગી મકાનનો કબજો લેવાની, ટેલીફોન સંબંધ બંધ કરવાની, તારો અટકાવવાની અને યોગ્ય લાગે તેવી વ્યકિતગત અને સામુદાયિક ચળવળ પર અંકુશ મુકવાની સત્તા મેજીસ્ટ્રેટો અને અમલદારોને આપવાની જાહેરાત થઇ છે.

(૨) પોલીસની સખત તકેદારી છતાં તા. ૧-૪-૩૩ ને રોજ સાંજે ચાર વાગે હિન્દી રાષ્ટ્રીય મહાસભાનું ૪૭ મું અધિવેશન કલકત્તામાં ભરાયું હતું. બેઠક ભરાયાં પહેલાં અને પછી મળી

સગીરને ભગાડવાનો કીસ્સો.....અનુ પૃષ્ઠ ૧૮૪ થી

ના રોજ દિક્ષા અપાવવાનું કબુલ કરો તો છોકરાને પાછો બોલાવવા ચીઠી કરી આપું, તે સિવાએ છોકરો પાછો નહી આવે. મેં કહ્યું કે સાહેબ આવી આકરી શરત ન કરો, મ્હારા ભાઇ સાથે વાતચીત કરી જો તેમનું મન હશે તો અમે ખુશીથી છ મહીના પછી દિક્ષા અપાવીશું પણ તેઓ એકના બે ન થયા. આ ઉપરથી દેશાઇ નરોતમદાસ વીરચંદ વગેરેને સાથે લઇને હું શ્રી ભકતી વિજયજી પાસે ગયો અને બુધ્ધિવીજયજી ને સમજાવવા કહ્યું, ભકતીવિજયજી બુધ્ધિ વિજયજી ને બોલાવી કહ્યું કે તમે જાણતા હોવ તો ચીઠી કરી આપો અને જબજસ્તી શા માટે કરવી જોઇએ, એ ઉપરથી બુધ્ધીવીજયજીએ ચીઠી કરી આપી.

તેજ દિવશે છોકરો અને તેને લઇ જનાર ઉંટવાલો પાછો આવ્યો, તેથી અમને હર્ષ સાથે આશ્ચર્ય થયું કારણ એવું બન્યું કે છોકરો ઉંટ ઉપરથી ભીલડીયાજી જતો હતો રસ્તે રઇઓ ગામ આવે છે ત્યાં મારો ભાઇ રાયચંદ તેને મલ્યો, છોકરાને એકલો ઉંટ ઉપર જોઇને તેના મનમાં વીચાર આવ્યો કે આ છોકરો એકલો કયાં જાય છે? માટે એને પુછી જોઉ?

ઉંટવાલાને પુછ્યું કે છોકરાને એકલો કયાં લઇ જાય છે? જવાબમાં ઉંટ વાલાએ કહ્યું કે તે દિક્ષા લેવા માટે ભીલડીયાજી જાય છે. રાયચંદે આ ઉપર થી ઉંટવાલાને ધમકાર કરી સમજાવ્યુ કે ભીલડીઆજી લઇ જવાનો ડોલ કરીને ગમે તે રીતે તેરવાડે લઇ જા, એ ઉપરથી છોકરો મારે ઘેર તેરવાડે આવી ગયો, અને તેને પુછતા તેણે બધી હકીકત કહી અને કહ્યું કે મને બુધ્ધિવિજયજીએ વાટ ખરચ માટે રૂ ૧૨) પંડીત પાસેથી અપાવ્યા હતા.

બીજે દિવસે છોકરો પાછો આવી ગયાની મહારાજ બુધ્ધિવિજયજીને ખબર પડી તેમણે મને બોલાવીને કહ્યું કે મારી ચીઠી અને પાછી આપો મેં આવું અવલું બ્હાનું કહાડી ચીઠી નહીં આપવાથી મહારાજ અહારપાણી કીધાવીના વિહાર કરી જતા હતા.

ઉપરાંત રૂ. ૧૨) પાછા અપાવવા બાબદ તેમણે ખુબ દબાણ કર્યું. મેં તેમની દરકાર ન કરીને કહ્યું કે આપ તેમજ પંડિત એમ કહેતા હતા કે અમે કશું જાણતાજ નથી અને હવે રૂપીયા પાછા શોરીતે માંગો છો.

મહોત્સવનો પ્રસંગ હતો અને સાધુ આમ વિહાર કરી જાય તેથી ગામવાળાને દુઃખ થવા લાગ્યું એટલે મારે નમતું આપવું પડયું ને ૧૨) પાછા આપવા પડયા. ને મહારાજ બુધ્ધિવીજયજીના કહેવાથી તેમની રૂબરૂમાં અત્રેના કોઠાર સાહેબના કારભારી મિ અંબાલાલ ઝુમચંદના હાથમાં આપ્યા વલી દુઃખાતા મને પ્રસંગને ઓળખી ને અંતરઆત્માની વિરૂદ્ધ એક માફી પત્ર પણલખી આપ્યું.

ઉપરની હકીકત આપણી સમાજના કેટલાક દિક્ષાઘેલા સાધુઓ પ્રસંગ આવે સમાજ ઉપર કેવી શત્તાશાહી ચલાવે છે અને સમાજને કેવીરીતે મને કે કમને નભાવી લેવી પડે છે તેનુ તાદ્રશ દ્રષ્ટાંત પૂરૂ પાડે છે.

તે સમાજની જાણ માટે રજુ કરવા ફરજ પડે છે ખાત્રી છે કે કેટલાક ભાઇઓને આવી સત્ય રજુઆત પણ ખૂચશે પણ સમાજે હવે સારા સારનો વિચાર કરવાની જરૂર છે.

આ હકીકત મારા પોતાના અનુભવની છે અને મહોત્સવ પ્રસંગે પધારેલા બહાર ગામના ઘણા ભાઇઓ જાણે છે.

તેરવાડા તા ૨૨ માર્ચ ૧૯૩૩

લી૦ સેવક,

કોઠારી અમૃતલાલ સોભાગચંદ.

ઉપરની હકીકત અમારી માહીતી મુજબ બરોબર છે અને જે પ્રમાણે હકીકત બનેલ તે પ્રમાણે અક્ષરસઃ છે.

દ. અંબાલાલ ઝુમચંદ પોતે

કુલ્લે ૧૭૫૦ કોંગ્રેસમેનોને પકડવામાં આવ્યા હતા. લાઠીચાર્જ થયો હતો અને પરિણામે દશ જણને ઇજા થતાં હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. ડેલીગેટોની ધરપકડ થયાં પહેલાં ચોકકસ ઠરાવો પાસ કરવામાં આવ્યા હતા.

ધુળીઆા:-એક મારવાડીએ રખાત રાખી પોતાની સ્ત્રી રાધાને બહુ દુઃખ આપવાથી ચુની નામના મહારાજ સાથે દુઃખમાંથી છુટા થવા રાધા પોતાના બાપને ત્યાં જવા નાસી છુટી. પરંતુ ચુની મહારાજે તેને એક હજાર રૂપીએ એક નાગરને વેચી. છેવટે ભોપાળુ ફુટયું ને ચુની તથા નાગરને સજા થઇ છે. પુરૂષોના જુલ્મોથી કંટાળી કંઇક સ્ત્રીઓ ધર્મ ભ્રષ્ટ થાય છે, ને કુટણખાના ચાલે છે.

ઉમરાવતી:-એક મારવાડીએ પ્રેતભોજન કર્યું તે પર મરણ ભોજન પ્રતિબંધક મંડળના યુવાનોએ ફ્રેતબંદ પીકેટીંગ કર્યું.

બામણવાડા:-શ્રી અખિલ ભારતવર્ષિય પોરવાડ સમ્મેલન ના પ્રમુખ તરીકે શેઠ દલીચંદ વીરચંદની વરણી થઇ છે. સમ્મેલન માટે ભવ્ય મંડપ રચાયો છે. જનાર માટે સુંદર સવડો કરવામાં આવી છે.

અમદાવાદ:-કુ. મૃદુલા બહેનને બેલગામની હદ નહિ છોડવા હુકમ મળ્યો છે.

પાટણ:-જેસંગલાલ છોટાલાલ ઝવેરીની વહુ, કાળીકા આગળના કુંડમાં પડી ગુજરી ગઇ છે. હેના મગજનું બરાબર ઠેકાણું ન હતું એમ કહેવાય છે.

ભાવનગર:-(૧) સ્ટેટની શાળાઓ અને હોસ્પીટલો અસ્પૃશ્યો માટે ખુલ્લી મુકવાની જાહેરાત થઇ છે.

ભાવનગર

(૨) વડવામાં એક વૃદ્ધ મુનીના રૂા. ૩૦૦ એક ગૃહસ્થની પેઢીમાં હતા તે કહેવાય છે કે એક સહાયકની મારફત વૃદ્ધ સાધુને સમજાવી તે પૈસા પોતાના પુત્રના લગ્નમાં વાપરી નાખ્યા. પેલો સાધુ રૂપીયાની રોજ માંગણી કરે છે પણ દાદ મળતી નથી.

(૩) મોહનસૂરિના શિષ્ય પ્રિતિવીજય ગુરૂથી એકલા વિહાર કરે છે. તેમની રહેણી કરણી શંકાભરી ને અસંતોષ ઉપજાવનારી છે. આમ સાધુનો વેશ કયાં સુધી રાખવો છે?

(૪) અહિં ચાલતા જ્ઞાતિકલેશનું સમાધાન કરવા ન્યાયમૂર્તિ જીવરાજભાઇ તથા વોરાખાંતિલાલને નીમવામાં આવ્યા છે. બંન્ને પક્ષોને લવાદ નીમ્યા છતાં હજી સુધી કશી પ્રગતી થઇ નથી.

પાટણ

(વેરાવળ) આચાર્ય **મોહન સૂરિએ** એક બાઇને દીક્ષા આપી. (૨) એક પરદેશી અજાણ્યા માણસને મુંડી નાખવા સૂરિજીને સંઘની રજા ન મળતાં ગામથી બે ત્રણ ગાઉ દુર જઇ કપડાં પહેરાવી દઇ ટોળામાં એકેનો વધારો કર્યો. સૂરિજી વિહાર કરતાં પોતાની વહાલી સાધ્વીઓને છુટી મુકતાં નથી. (૩) એક વધારે ચેલી મુંડવાની લાલચે સૂરિજી પાલીતાણા ઝડપભેર કૂચકદમ કરે છે.

વડોદરા

રામવિજયજીએ જૈન યુવક સંઘ સાથે અથડામણ ઉભી કરવા જૈન યુવક મંડળ સ્થાપ્યું છે. અગાઉ મુંબઇમાં પણ આ હેતુપર યુવક સંઘના સામે સ્થાપ્યું હતું. જૈન સમાજ આવા ભળતા નામોથી સાવધાન રહે. અહિંનો યુવક સંઘ આ સાધુઓ વિરૂદ્ધ પ્રચાર કરી લોકમત કેળવે છે. તે માટે પોસ્ટરો છપાવી લોકોને ખરી વસ્તુ સ્થિતિ સમજાવવા પ્રયત્ન કરે છે. (૨) મુનિશ્રી વિદ્યાવિજયજીએ ગોધરાથી આ તરફ આવવા વિહાર શરૂ કર્યો છે. તેઓ આઠમ લગભગ આવી પહોંચશે.

અજમેર

સ્થા. કોન્ફરંસના નવમા અધિવેશનના પ્રમુખ તરીકે ભાવનગર સ્ટેટના ડેપ્યુટીમેનેજર શ્રી હેમચંદ્ર રામજીભાઇ મહેતાની વરણી થઇ છે. પ્રતિનિધિઓના ઉતારા માટે વીશાળ જગ્યામાં લોંકાનગર બાંધવામાં આવ્યું છે.

પાલીતાણા:—પ્રેમકુંવર નામે એક બાઇને તેના ધણી કાન્તિલાલ વ્હોરાએ બહુ દુઃખ આપ્યાનું કહેવાય છે. આને અંગેની કેફીયત મહાજનની સભા સમક્ષ બહેન પ્રેમકુંવર રજુ કરે છે. મહાજન ન્યાય આપશે કે?

કોંકચ (ભાવનગર-કુંડલા):—અહિંના યુવાનોએ **વાઇના રોગવાળા** એક ભાવનગરના વરરાજા કે જે પાનાચંદ ગીગાને ત્યાં પરણવા આવેલા તેમને વગર પરણ્યે પાછા કાઢયા છે.

ઉદેપુર:—કેસરીયાજીના તીર્થના સંબંધમાં શ્રી ઋષભદેવજી મહારાજના ઓસરાવાળા સમસ્ત પૂજારીઓએ એક જાહેર નિવેદન છાપાઓ દ્વારા બહાર પાડયું છે અને તેમાં જણાવ્યું છે કે આ તીર્થ જૈન કોમનું નથી પણ દરેક કોમનું છે. તેમાં મોચીયોને પણ દર્શન કરવાનો હક્ક છે. એ વિષયમાં રાજ્ય પુરાણી માન્યતામાં લોકો સાથે સહમત છે. આ બાબતમાં જૈન શ્વે. છાપાઓમાં જે આક્ષેપો થાય છે તે સત્યથી વેગળાં છે અને તેનો ઉત્તર આપવા અમે તૈયાર છીએ. તેથી આ જાહેર નિવેદન દ્વારા જનતાને અમે અમારી પાસેની પ્રમાણભુત સાબીતીઓ જાણવાની વિનંતિ કરીએ છીએ.

(મંદિરના પૂજારીઓનો પડકાર નિદ્રા લાગી જૈન સમાજ જોશે તો જરૂર લાગશે કે આપણી નિર્બળતાને લઇનેજ આજ સુધી આપણે ખુબ ચુસાવ્યું છે. આ આખીયે ઘટના પાછળ કોઇ જબરજસ્ત શક્તિ કામ કરી રહી છે. હિન્દુસ્તાનના તીર્થોનો વહીવટ કરતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી જેવી મોભાદાર સંસ્થાએ મૌન તોડવું જોઇએ અને આપણા હાથમાંથી કળાનો આ એનમુન ખજાનો અને આપણા પૂર્વજોનો વારસો સરી જાય તે પહેલાં આ સંબંધમાં લોકમત કેળવવો જોઇએ. ગામે ગામના સંઘો અને સંસ્થાઓએ ઠરાવો કરી જોરદાર આંદોલન ખડું કરવું જોઇએ. કુંભકર્ણની નિદ્રા અમારા આગેવાનો ત્યાગશે કે? ધર્મનો ઇજારો લઇ બેઠેલા કહેવાતા શાસનપ્રેમીઓ દીક્ષાના નામપરજ ધમપછાડા કરવા કરતાં પોતાની શક્તિનો વ્યય આ તરફ કરશે કે? તંત્રી.)

સ્વીકાર અને સમાલોચના.

નીચેના પુસ્તકો સમાલોચના અર્થે રાષ્ટ્રી વાંચનમાળાવાળા ભાઈ અચરતલાલ જગજીવન તરફથી અમોને મળ્યા છે. આ પુસ્તકો જૈન સસ્તી વાંચનમાળા મુ૦ પાલીતાણા (કાઠીયાવાડ) એ સરનામે મળી શકશે.

અજારા પાર્શ્વનાથ ચરિત્ર:–લેખક મણીલાલ ન્યાલચંદ શાહ. કિંમત સવા રૂપીઓ રૂ. ૧-૪-૦

અજારા પાર્શ્વનાથનું તીર્થ આપણા સમાજમાં પ્રાચીન મનાયું છે, હેનો ઇતિહાસ જાણવો જરૂરી છે, આ પુસ્તકમાં એ તીર્થની ઉત્પત્તિ કેમ થઇ? અજય રાજાનું વર્ણન, ઉન્નતપુર, દેલવાડ, દ્વીપદ્વીવ અને કોડીનાર અને છેલ્લે કોડીનારના જગત પ્રસિદ્ધ અંબિકા દેવીનું પણ વર્ણન આપવામાં આવ્યું છે, એકંદરે પુસ્તક દરેકને માટે ઉપયોગી છે.

કીર્તિશાળી કોચર:–લેખક રા. સુશીલ. કિંમત બાર આના ૦-૧૨-૦ આપણા સાહિત્યમાં કોચર વહેવારીયાનો રાસ કે જે ઐતિહાસીક છે. તેના ઉપરથી પ્રસ્તુત નવલકથા ઉતારવામાં આવી છે. રા. સુશીલની કલમ આમાં ઠીક ઠીક ઝળકી ઉઠે છે. નવલકથા પ્રેમીઓને આ પુસ્તક વાંચવાની અમે ભલામણ કરીએ છીએ.

શ્રી ચંદ્રકુમાર ચરિત્ર ભાગ ૧:–કિંમત સવા રૂપીઓ રૂ. ૧-૪-૦

ચંદ્રકેવળીનો રાસ દરેક રાસોમાં પ્રધાનસ્થાન ભોગવે છે, હેના મૂળ રચયિતા શ્રી વિમળ સૂરિના રાસ ઉપરથી આ નવલકથા તૈયાર કરવામાં આવી છે, આ નવલકથા એટલી તો પ્રિય લાગે છે કે એક વખત હાથમાં લીધા પછી પૂરી કર્યા વગર છોડવાનું મન થતુ નથી. ગ્રંથમાં મુખ્ય વસ્તુની પુષ્ટિ માટે પ્રસંગે પ્રસંગે જે સુબોધકારક ગાથાઓ અને અસરકારક શ્લોકો મૂકેલ છે, તે પુસ્તકની શોભામાં ઓર વધારો કરે છે.

શ્રી ચંદ્રકુમાર ચરિત્ર ભાગ ૨:–કિંમત દોઢ રૂપીઓ રૂ. ૧-૮-૦ ઉપરોકત પુસ્તકનો આ બીજો ભાગ છે, આખુયે ચરિત્ર બીજા ભાગમાં સમાપ્ત થાય છે. અને પહેલા ભાગ જેટલુંજ આકર્ષક અને મનોગ્રાહ્ય છે.

જૈન સતી રત્નો:–સચિત્ર કિંમત ૧-૪-૦ સવા રૂપીઓ.

પ્રાતઃકાળમાં ઉઠીને આપણે જે સોળ સતીઓના નામ લઇએ છીએ તે બ્રાહ્મી, સુંદરી, ચંદનબાળા, રાજીમતી, દ્રૌપદી, મૃગાવતી, સુલસા, સીતા, સુભદ્રા, શિવા, કુંતી, શીલવતી, દમયંતી, પદ્માવતી, અંજના સુંદરી અને કલાવતી, એ સોળ મહા સતીઓનું આમાં વિસ્તૃત જીવન આપવામાં આવ્યું છે.

ચમત્કારિક યોગી:–યાને પ્રત્યેક બુદ્ધ ચરિત્ર લેખક મોહનલાલ દીપચંદ ચોકસી કિંમત સવા રૂપીઓ રૂ. ૧-૪-૦

આ પુસ્તકનું પંડિત સમયસુંદર મહારાજ કૃત 'ચાર પ્રત્યેક બુદ્ધ ચોપાઇ' ઉપરથી સર્જન થયું છે, આમાં કરકંડુ પ્રમુખ ચાર પ્રત્યેક બુધ્ધોનું ચરિત્ર આપવામાં આવ્યું છે, સંસારની વિનશ્વરતા અને વૈરાગ્ય ડગલે ને પગલે ભરેલ છે. હાર્દિક શાંતિ માટે આ પુસ્તક ઘણુંજ ઉપયોગી થઇ પડે તેવું છે.

જૈનોના પ્રભાવિક પુરૂષો:–કિંમત દોઢ રૂપીઓ રૂ. ૧ ૮-૦

આપખુદીના દોર. લે-ભોગીલાલ પેથાપુરી.

કુદરતનો એવો નિયમ છે કે જમાનાના પરિવર્તન સાથે મનુષ્ય પોતાના વિચારોનું પરિવર્તન ન કરીશકે તો તે પોતાની જાતને કફોડી સ્થિતિમાં લાવી મૂકે છે. આજે જૈન સમાજમાં એક એવો વર્ગ અસ્તિત્વમાં છે કે જે હજારો વર્ષ પૂર્વે બંધાએલા રિતરિવાજો યાતો ક્રિયાપદ્ધતિ ચાલુ રાખવા આપખુદીનો દોર ચલાવી રહ્યો છે. આજે દીક્ષા જૈન શાસનમાં મહાનમાં મહાન આદર્શ ભાવના રજુ કરતી ક્રિયા છે. તે ક્રિયા ફકત હાલના જમાનામાં નામનીજ રહેવા પામી છે. નથી જણાતો તેમાં તે ભાવનાનો શુધ્ધ હેતુ યા નથી જણાતું તેમાં તે ક્રિયાની આંતરીક ભાવનાનું મનન, ફકત એ શબ્દની સાથે આપખુદીનો દોર ચલાવી એને અમલમાં મૂકવા હજારો વર્ષ પૂર્વેની તે ક્રિયાની ભાવનાનું ઓહું આગળ કરી ગભરૂ બાળકો યાતે અજ્ઞાન કે તે વસ્તુથી તદ્દન અજાણ છે તેવાને અણજાણરોથી તે મહાન સિધ્ધાંત ને લાદવા આજે સમાજમાં હોળી પેટાવી રહ્યા છે.

આટલુંજ એમના માટે કંઇ પુરતું નથી. પણ તેની સાથે સંસ્થાઓમાં ધર્મના નામે એકઠો કરેલો ધનસંચય પાણીને રેલે ખરચતાં પણ અચકાતા નથી. તેનું કારણ ખુલ્લું છે. જુઠના પાયાપર રચાએલો સિદ્ધાંત સત્ય તરીકે જનતાના હૃદયમાં ઠસાવવા દરેક પ્રયત્ન કરવા પડે છે. અને તેથી ગમે તેટલા ધમપછાડા કે બરાડા પાડવા છતાં હાથ હેઠાજ પડે છે.

વડોદરા રાજ્ય તરફથી પ્રસિદ્ધ થએલા દીક્ષા નિયામક નિબંધ બાબતમાં પણ તેવીજ સ્થિતિ છે. પોતે સારીરીતે સમજે છે કે આ વસ્તુ ન્યાય દૃષ્ટિથી તપાસતાં સાચી છે. પરંતુ **જે મોઢે રામ કહ્યા તે મોઢે ફરીથી રહેમાન કેવી રીતે કહેવાય?** આવી હાંવાદ સ્થિતિ તેમને સત્યને વળગી રહેતાં અચકાવે છે અને એની પાછળ ઘણાં જુઠાણાં પણ પ્રકાશમાં લાવવાં પડે છે. અને આખરે જ્યારે તે બીજી જનતા ન માને ત્યારે તેની વચ્ચે વિરોધનાં બીજી રોપી ધર્મને તેમજ સમાજને કફોડી સ્થિતિમાં લાવી મૂકે છે.

આજે એ વસ્તુ સ્પષ્ટ થઇ ચુકી છે અને જનતા સારીરીતે સમજી શકી છે કે શ્રીમાન્ વડોદરા નરેશે દીક્ષા નિયામક નિબંધ પ્રસિધ્ધ કરી જૈન ધર્મની મહાન સેવા બજાવી છે. તેને આજે આંગળીના ટેરવે ગણી શકાય તેટલા મનુષ્યો તેનો વિરોધ કરવા બહાર પડી (વડોદરા) ખુદ પાટનગરમાં ધમાલ મચાવી ઘણા સાધુઓને એકઠા કર્યા છે. પણ આથી શ્રીમાન નરેશ પર કોઇ જાતની અસર થાય તેમ નથી કારણકે સત્યનો જ સદા જય છે. આરંભે જુઠ કદાચ જોરે ફાવી જાય પરંતુ સત્યજ પૂજાય છે એ ભુલવાની જરૂર નથી

અને ભલે તેઓ ધર્મના નામે સમાજમાં આપખુદી ચલાવે છતાં આજનો સમાજ તે સહન કરવા તૈયાર નથી એ સમજી જાય તો નકામી ધમાલો કરવાની જરૂરીઆત ન રહે અને પોતાનો સમય બીજા ઉન્નત કાર્યમાં વ્યતીત થાય.

આમાં ભરત, બાહુબળી, શ્રેયાંસકુમાર. સૂર્યયશા, સુકોશલ, નંદીષેણ કુરઘટ, ઢંઢણ, ગજસુકુમાળ, પ્રદ્યુમ્ન, સ્કંદકસૂરિ વિષ્ણુકુમાર, વંકચૂલ, મૂળદેવ, અન્નિકાપુત્ર, ઉભય, નાગદત્ત, કેશીમુનિ, પરદેશી રાજા, એલાચીકુમાર, ચીલાતીપુત્ર, યુગબાહુ, અને અરણિક મુનિ વગેરેના જીવનની આછી આછી રૂપરેખાઓ અંકિત કરેલ છે. આ પ્રયાસ સ્તુત્ય છે.

ન્યા ત ની.....બે ઠ ક.

લે-પદ્મકુમાર.

આજનો સમાજ (નાત કે જમાત) એટલે સમયની કિમ્મત આંકવામાં પાંગળું ને સામાન્યને દંડવામાં શુરૂ, જ્યાં ધનિકની રહેમાં તણાઈ ન્યાય નીતિને ધરાણે મુકનારૂં એક ટોળું.

૩

ગોર-બાઈ તારાની અપીલ.

"મારા ધણીને આપણા ગુરૂમહારાજે ભગાડી દીક્ષા આપી દીધી છે. આ વાતથી મને સાવ અંધારામાં રાખવામાં આવી છે. ન્યાત ગંગાસ્વરૂપ કહેવાય છે, તો મારૂ આ કષ્ટ કાપવા કંઈ માર્ગ દેખાડશે?"

શેઠ–"બ્હેન, આમાં બીજું તે શું થાય? હું જાતે મહારાજને મળેલો, પણ જ્યાં રમણનેજ ત્યાગ રૂચ્યો ત્યાં અન્ય ઈલાજ શો?"

કલ્યાણચંદ–"શા સારૂ આ સવાલ ન્યાતમાં આવે? ધરમના કાર્યમાં હાથ ઘલાયજ શી રીતે? મને તો અજાયબી લાગે છે કે આતે કેવો વાયુ વાયો છે કે કદિ ઉંબરા બહાર પગ મુકે નહિં, તેવી કુલીન બાળાઓ આજે રાત્રીના સમયે ન્યાતમાં હાજર થાય છે અને પુરૂષો સમક્ષ મર્યાદાને અળગી મૂકી અપીલ કરે છે!"

જુઠાશા–અને એમાં તો કેવો પહાડ તુટી પડયો છે? બનતું આવ્યું છે, તે બન્યું છે, આ તો ધર્મ પ્રભાવના ગણાય! પુન્યશાળીનેજ સંયમ ઉદય આવે."

સુરચંદશાહ–ઘણી ગયો તે હવે પાછો આવવાનો છે? મરી જાય છે તેને શું કરીએ કીએ? એમ મન વાળીને રહેવાનું. હા, ભરણ પોષણનું દુઃખ હોય તો વિચાર કરી તોડ અણાય."

વૃધ્ધ ટોળું–"બાપરે, હડહડતો કળિયુગ આવ્યો છે! તે વિના ભાગવત દીક્ષા જેવા પવિત્ર કાર્યને ભગાડવાની ઉપમા અપાય! એનાં તે આવા યુંથણા થાય! કયાં પૂર્વકાળની સતીઓ નાગિલા, રૂક્ષ્મણી વિગેરે ને કયાં આજની આ વેજ્મઓ! કન્યાશાળામાં ધાર્મિક અભ્યાસ છતાં તેમની આ મનોદશા! જોકે બાધાપીધાનું દુઃખ નથી જ, પણ કદાચ હોય તોયે શું થયું? ગુરૂદેવે જે કર્યું તે સવાશીશ ગણી તહત્તિ કરવું જોઇએ!"

"મુરબ્બીઓ, મારે વિનય પૂર્વક કહેવું જોઇએ કે આજે તમો ગમે તેમ ધર્મનીતિના નામે મણકા મુકો પણ યાદ રાખજો કે આ સંબંધમાં જરૂર તમારે વિચારવું પડશે. મને આશ્વાસન આપવાનું તો દૂર રહ્યું પણ એને બદલે ઉપાલંભનો મારા પર વર્ષાદ? કેમ જાણે હુંજ ગુન્હેગાર હોઉં? તમ સરખા પ્રજ્ઞા સંપન્ન મારા દુઃખ વિષે કંઈ પુછે છે પણ ખરા? નહાના મોંઢે શું વર્ણવું? જરા કહેશો કે પેલા ડોસાજી પાંસઠ વર્ષે ઘોડે ચઢયા ને આ પટેલ થોડા વરસ પર બીજી લાવ્યા, તેનું શું કારણ? ભલા, તમારામાંના કેટલાક એકની રાખ સુકાયા વગર કેમ બીજીવાર વિવાહથી મંડાઇ જાય છે? શું બ્રહ્મચર્ય કે શિયળવ્રત મારા સરખી અબળાઓ કે બાળાઓ માટેજ રીઝર્વડ રખાયલું છે? શું કંદર્પની વ્યથા કેવળ મરદોનેજ અનુભવવી પડતી હશે? આ કાયદાને તે કઇ ઉપમા અપાય."

–પ્રાસાંગિક.

"જરા આપવીતી કથવા એકાદ નારી ઉભી થઇ કે એના સામે ધર્મનીતિની તલ્વાર ઉંચકાય! ચોપગા પ્રાણી કરતાં પણ એની હાલત બુરી! ગુરૂદેવ પર ઓવારી જનારા આ સાહેબ શિખામણ આપ્યા મુજબ ઘેર વર્તે છે ખરા? એમાંના કોઇ વહુ દિકરીને સંયમ લેવો હોય છે તો રજા આપતાં વર્ષોના વહાણા વિતાવી દે છે અને કેટલીક વાર તો મારઝુડ કરી એ વિચારજ બાપડીનો ચુંગળાવી દે છે, એ શું જગતથી અજાણ્યું છે?"

"પુરૂષનો વિચાર થાય તો સ્ત્રીને પૂછવા પણ થોભે નહીં ભલેને પછી પેલી બાયડી અનજળ વિના રખડતી મરે! પણ એથી ઉલ્ટું જો બાઇનો વિચાર થાય તો વાયદા પર વાયદા કરવામાં આવે, બળજબરીનો પાર પણ ન રહે. એ સમયે ગુરૂદેવ, ને ધર્મનીતિને તો કયાંય વિસારી દેવાય!"

કલ્યાણચંદ–"ધરમ તો પુરૂષ પ્રધાન છે. અનાદિ કાળથી આમજ બનતું આવ્યું છે. પુરૂષ તે પુરૂષ, એની બરાબરી સ્ત્રીથી ન કરાય ને નજ થાય."

એક યુવાન–"વાહ કાકા! પુરૂષ એટલે તો સીધો સ્વર્ગમાંથી ઉતરી આવેલ એમજ ને! પુરૂષ પ્રધાન એટલે એના સારૂ સર્વ દરવાજા ખુલ્લા, એના શિરે કાંઇ બંધનજ નહિ! ભલે આવો ગંદુ ન્યાય તમારે ત્યાં ચલાવાય! બાકી કર્મનો કાયદો તો સરળ છે."

ચંદ્રકાન્ત–"બ્હેન, મેં તો મૂળથીજ કહેલું કે આ તલમાંથી તેલ નહિ નીકળે. ધર્મને નામે હાંકનારાઓ જ્યાં જોતાજ નથી કે ધર્મ શી વસ્તુ છે, ત્યાં શી દાદ મળવાની? અંધ શ્રદ્ધાથી જેમના હાથપગ મુસ્કેટાટ કસાયલા છે તે બીજાને શું માર્ગદર્શક થઇ પડવાના હતા? જે માર્ગ હને ઉચિત જણાય તે ગ્રહણ કર, કિંવા નારી સમુદાયને જાગ્રત કરવા ઉદ્યમશીલ બન તો અવશ્ય કંઈ કલ્યાણનો પંથ નીકળી આવશે."

શેઠ–"એક નનામો પત્ર તેમજ બીજો વિદ્યાર્થીએ લખેલ પત્ર વખતના અભાવે અને ઝાઝી વજુદના ન હોવાથી હું રદ કરૂં છું."

ઇન્દુલાલ–"આ બાબતથી ન ગણાય. ન્યાત પરના દરેક પત્ર વાંચવા ઘટે. વળી આખા પત્રો વંચાતા નથી માત્ર ભાવાર્થ જણાવાય છે, એટલે ઝાઝીવાર થવાની નથી. એમાં મહત્વ છે કે નહિં એ સાંભળ્યા વગર કેમ કહેવાય?"

મલુકચંદ–"એસને હવે, શું શેઠ કરતાં તું વધારે સમજે?"

પ્રેમચંદ–"નહિં જેવી વાતમાં ઝટ થયા ઉભા, આ તે હડકવા કે શું?"

કરમચંદ–"એવાઓને જવાબ શું કરવા શેઠ આપે છે? છોને બબડે."

કલ્યાણચંદ–"અરે જવા દોને કંઇ કહેવાપણું નથી રહ્યું! આપણને ઉંધતા મેલી એ ધર્મ નાશ કરનારી કેળવણી માટે પૈસા ઉઘરાવાય છે." [વધુ માટે જુઓ પૃષ્ઠ ૧૮૦]

हिन्दी विभाग.

संकुचित वैवाहिक क्षेत्र.

क्या कारण है, जब पिछले दस वर्ष में भारत की जन संख्या ३३ करोड से ३५ करोड हो गई, तब जैनों की संख्या १२ लाख से ११ लाख रह गई? जैन समाज नाना विध छोटा जातियों में छिन्नभिन्न है, और जाति-वाडा-बंदी समाज के हास का मुख्य कारण है। जैन धर्म अंगीकार करने वालों का जैन जातियों में स्थान न देने के सिवाए जैन अंतर-जाति विवाहों की मनाई भी हास के कारणों में एक प्रबल कारण है। यही जहर है जो कन्या-विक्रय और बाल-विवाह जैसी निंदनिय और नाशकर प्रथाएँ प्रचलित है। मेरी चर्चा का विषय कन्या-विक्रय है और वह जैन समाज की अंगरुप विसा हुमड जाति के संबन्ध में है।

इस प्रथा से सारी इज्जत, सारी प्रतिष्ठा का नाश हो गया है और धर्मका मानना ढोंग बन गया है। विसा हुमड जैन युवक मंडल के सतत चार वर्ष पर्यन्त इस रुढी के विरुद्ध घोर आन्दोलन जारी रहते भी इस जाति में केवल पतावगड में ही मात्र दो महीने के अन्दर कन्या-विक्रय के चार बनाव बनजाना एक शर्म का विषय है और इसकी गंभिरता इस कारण अधिक भयानक नजर आती है कि यह मामले जाति के उन आगेवानों के लिये हुवे है जो आबरुदार सदगृहस्थों की श्रेणी में गीने जाते है और धार्मीक विषयों में अच्छा दखल रखते है। मेरा इरादा इस दुखकर विषय की चर्चा में उतर कर किसी का दिल दुखाने का नही है, वरन् मे इसके कारणों को बताते हुये दिखाना चाहता हुं कि आखिर ये बनाव क्यों बनते है?

क्षेत्र की संकुचितता के कारण समाज के आगेवान दूर दर्शी ५-७ वर्ष के बच्चों का गठजोडा सगाइ से करदेना आवश्यक समझते है और इसका कारण योग्य वर नहीं मिलने का बताया जाता है, दुसरी पंक्ती के वे आगेवान है जो अयोग्य बालकोका गठजोडा कन्या विक्रयसे करते है, कितनेक ऐसे युवानों के लिये लडकियों की कमी है जो अपनी जबाबदारी समजे हुवे बशर ओकात की शक्ति रखते है, कितनेक ऐसे है जो अपनी जरुरीयात को पूरा करने पैसा देते है और लेते है।

वीसा हुमड जातिकी कुल मनुष्य संख्या ३२६७ तमामप्रान्तो से संबन्ध जारी न होने के कारण परतावडग वालों का संसार मात्र ६०७ मनुष्यों में समाजाता है। क्षेत्र विस्तीर्ण करने के लिये आगेवानोंन प्रयास नहीं किया और जीन अभ्यासियाने इसके लिये प्रयत्न किये उनका विरोध उन आगेवानों ने किया जिन्हें कठीनाई नहीं पडती। ऐसी न्यून संख्यक जाति में उपर बयान किये बनाव बनना मामुली बात है।

इसका उपाय मात्र वैवाहिक क्षेत्र विस्तीर्ण करना है और इस मकसद की पूर्तीके लिये जातिके आगेवानों द्वारा दूसरी जातियों के साथ शदेश चलाने के सीवाऐ यह ठराव किया जाना आवश्यक है कि "किसी भी जन कामकी खान्दान कन्या के साथ विवाह किया जा सके और देने वालों को उनकी जाति वाडा बंदीसे बंद करे तो उसे अपनी जातिमें स्थान दिया जाय। जाति के बंद वस्तुस्थिति के अभ्यासियों ने इस मर्जकी यही दवा बताइ है।

विसा हुमड युवक मंडल की 'हम क्या चाहते है' नामक पत्रिका मने पडी है और उसपर गंभिरता से विचार किया है, विसा हुमड जाति की वर्तमान परिस्थिति के साथ तुलना करते मेरा अभिप्राय है कि परिस्थिति का सामना करने के लिये पत्रिका कारगार है।

अंत में तमाम जैन बन्धुओं से अपील करता हुं कि यह दशा केवल विसा हुमड जाति की ही है ऐसा न माने सारे जैन समाज की यही दशा है और सबके लिये वैवाहिक क्षेत्र जितना अधिक विस्तीर्ण होगा इतनी ही अधिक सुविधा वर कन्या की पसंदगी के लीये प्राप्त होगी। संबन्ध इसी प्रकार जोड ने ओर परिस्थीती का सामना करने के लिये तैयार रहना चाहिये।

ले० अभ्यासी।

જોઈએ છે—

પ્રબુધ્ધ માટે વિશ્વાસુ ખબરપત્રીઓ અને સમાચાર આપનારા સેવા ભાવી યુવકો, પોષ્ટેજ આપવામાં આવશે.

લખો,

વ્યવસ્થાપક પ્રબુધ્ધ જૈન.

જ્યાં ભગવાન મહાવીરના કર્ણમાં ખીલ્યા નાખ્યાનો ઉપસર્ગ થયો હતો તે પવિત્ર પૂનિત તીર્થ

શ્રી બ્રામણવાડજીમાં

જવાનું રખે ચૂકતા!

હજારો યાત્રાળુ આવશે. ચૈત્રી ઓલી વિધિ વિધાન પૂર્વક ઉજવાશે આ આત્મ કલ્યાણના ઉત્સવમાં તમને આવવા

નિમંત્રણ છે.

આચાર્ય વિજય વલ્લભ સૂરિશ્વરજી આદિ મુનિઓના દર્શન કરવાનો લાભ મળશે વિમળ મંત્રીના વંશજોની અખિલ ભારત પોરવાડ પરિષદ મળશે

સાથે સાથે

જ્ઞાતિ સુધારણા કરવાની આ સુંદર તક છે. સૌને ઉપરના ઉત્સવે પધારવાનું ખાસ આમંત્રણ છે.

સગીરને ભગાડવાનો કીસ્સો.

જુઠા સાધુઓને જડબાંતોડ જવાબ.

[ના૦ ગાયકવાડ નરેશ જ્યારે સગીરોના હીતાર્થે કાયદો કરે છે. ત્યારે કેટલાય ધર્મમાં અન્ધ બનેલા ભકતો અને સાધુઓ કહે છે કે અમે કોઇને નસાડી, ભગાડી દીક્ષા આપતાજ નથી. તે સૌને જડબાંતોડ જવાબરૂપે તાજેતરમાંજ તેરવાડા ગામમાં બનેલો બનાવ શ્રી અમૃતલાલ કોઠારી જૈન સમાજની જાણ માટે અમને પ્રગટ કરવા મોકલાવે છે. જે અમે નીચે છાપીએ છીએ આ આખ્યાય નિવેદનમાં અત્યારના સાધુઓ કેવી ચાલબાજી અને સંતાકુકડીની રમતમાં પાવરધા બની ગયા છે. તેમ આવા પ્રસંગોમાં કેવા ભેદી પત્રો લખે છે, વિગેરે બાબતો પર લેખક ઠીક ઠીક પ્રકાશ પાડયો છે. –તંત્રી.]

વ્હાલા સાહેબ,

આપના અંકમાં નીચેનું નિવેદન પ્રગટ કરી આભારી કરશોજી.

અમારા ગામમાં ગત ફાગણ સુદી ૩ ના રોજ મહાન મંગલકારી અષ્ટોતરી સ્નાત્ર મહોત્સવ હતો અને તે પ્રસંગે આજુ બાજુના ગામોમાંથી આસરે બે હજાર જૈનો આવ્યા હતા, તેમજ સાધુ મુનિરાજના પણ સોલેક થાણાં પધાર્યા હતા, તે પૈકીના મુનિ મહારાજ બુદ્ધિવિજયજી ભાભરવાળાએ દીક્ષાના અંગે એક ખટપટ જગાડી હતી તે અંગે જુદી જુદી જાતની વાતો ફેલાતી હોવાથી અને આ ખટપટના ભોગ થતા મારા ભાઇને અટકાવવા માટે મ્હારે કેટલોક ભાગ ભજવવો પડેલો હોવાથી, મારા જાણમાં આવેલી હકીકત જૈન જનતાની જાણ માટે નીચે લખી મોકલું છું.

મારો ભાઈ ભાભેરથી આ મહોત્સવ પ્રસંગે પંદરેક દિવસ અગાઉ આવ્યો હતો, અને જ્યારથી બુદ્ધિવિજયજી વગેરે અહીં આવ્યા ત્યારથી અવારનવાર તેમની પાસે જતો આવતો હતો, તે શું કામે તેમની પાસે જાય છે તેની મને શંકા પણ ન હતી. એકાએક મહા વદી ૧૧ ના દિવશે વ્હેલી સવારે પ્રતિક્રમણ કરવાના હેતુથી મહારાજ પાસે ઉપાશ્રયે ગયો અને પાછો આવી મને ખબર ન પડે તેવી રીતે છાનો માનો કપડા લઇ ચાલ્યો ગયો, સવારના આઠેક વાગ્યા સુધી તે જ્યારે ન દેખાયો ત્યારે મને વિચાર થયો કે ચીમન કયાં ગયો છે? ત્યાંસુધી પણ મહારાજ બુદ્ધિવિજયજીએ એને ભગાડયો હશે તે વિચાર સુધ્ધાં ન આવ્યો.

ગામમાં આડુ અવળુ પુછ્યું તો મને શંકા થઈ કે રખેને જેમ બહાર ગામમાં સાધુઓ સગીર છોકરાઓને ભગાડે છે તેમ આમણે પણ એમ કર્યું ન હોય ને? એ ઉપરથી મહારાજ પાસે પુછવાનો વિચાર થયો, વલી વીચાર થયોકે તેની પાસે પૈસા ન હતા અને શી રીતે ગયો હશે? તપાસ કરતાં પૈસા પણ મહારાજે અપાવ્યા છે એમ જણાવ્યું. આ ઉપરથી હું મહારાજ બુધ્ધિવીજજી પાસે ગયો અને તેઓશ્રીને વીનતી કરી કે સાહેબ, ચીમન કયાં ગયો છે? તેની આપને ખબર છે? અને તેની પાસે પૈસા ન હતા તો કોઇની પાસેથી લીધાનુ આપ જાણો છો?

મહારાજે સ્પષ્ટ રીતે ના સંભળાવતા બાજુમાં બેઠેલા તેમના પંડીતને પુછ્યું કે તમો કાંઈ જાણો છો? તેમણે પણ મહારાજ જેવો નકાર સંભલાવી દીધો.

મહારાજ પણ કાંઈ ન જાણવાનું કહે છે અને પંડીત પણ તેમજ કહે છે, ગામમાંથી વાત સંભળાય છે કે એ મહારાજની ખટપટ છે, સાચી હકીકત શું છે તેમ વીચાર આવવાથી હું મુંઝાયો કે હવે કરવું શું? અને છોકરાનો પત્તો કેમ મેલવવો? માત્ર પંદર વર્ષનો છોકરો કોને પુછશે? કયા જશે? વીગેરે વિચારોથી મનમાં વધુ ચીન્તા થવા લાગી?

આ બધી હકીકત મેં અત્રેના–હાલ મુંબઇમાં ઝવેરાતનો ધંધો કરતા નરોતમદાસ વીરચંદ દેશાઇને કહી જે મહારાજને સમઝાવવા કહ્યું, તેમણે મહારાજને ખુબ કહ્યું કે સાહેબ, આ ઠીક થતું નથી, માટે આપ જાણો છો ને કહી દો. ગામમાં ચૌદ પંદર ઘર આનંદ કરશે અને એક ઘર બેદ કરશે તે સારૂ નહી કહેવાય, વલી આગળ જાય તો આપને અને સંઘને હેરાનગતી!

ઉપરની વાત થયા પછી બુદ્ધિવીજયજી મ્હારે ત્યાં આવ્યા અને મને કહ્યું કે જો તમે તમારા હાથે ફાગણ સુદી ૨

જુઓ પાનુ ૧૮૦ ક

ભેદી પત્ર.

શ્રી તેરવાડાથી લિ૦ બુદ્ધિવિ. આદિ ઠાણા શ્રી ભીલ્લડીયાજી મધ્યે શુશ્રાવક દેવગુરૂ ભક્તિકારક મુજપરા ચમનલાલ યોગ્ય–ધર્મ લાભ સાથે લખવાનું કે અત્રે સાતા છે. ધર્મના કાર્ય કરતાં રહેવું. બીજું તમારે ભીલ્લડીયાજીથી આગળ નહિ જતાં આવેલ ઉંટ તથા માણસની સાથે પાછા અહીં આવવું. અને તેની સાથે તમારૂં ધારેલ કાર્ય ફતેહ થશે. આ કાગળ દેખત આગળ વધવું નહિ ને પાછું આવવું. મહા વદ ૧૧ સોમવાર વિક્રમસાલ્દ ૧૯૮૯

લી૦ **બુદ્ધિવિજયના ધર્મલાભ વાંચશો.**

લોખંડી મુકકીના પ્રભાવે.

ગામ તેરવાડા મુકામે મુની મહારાજ બુદ્ધિવિજયજી મહારાજની સેવામાં વંદણા પૂર્વક લી૦ કોઠારી અમૃતલાલ સૌભાગ્ય ચંદ ચીમનને બોલાવવા બાબત માટે નો કાગળ આપે લખી આપેલ હતો તે કાગળ ચીમનના આવવાથી ફાડી નાંખેલ છે માટે પાછો આપી શકાયો નથી, છતાં પણ એ કાગળ બાબતની આપને શંકા રહેલ છે, તેથી આપને અરજ કરવાની કે કાગળ ફાડી નાંખેલ છે તે નકી વાત છે. માટે ક્ષમા કરશોજી.

ચીમનલાલની બાબતની વાતચીતમાં આપને કાંઇ અણઘટતું બોલાયું હોય તો ક્ષમા કરશો. ને આપની બે હાથ જોડીને માફી માગું છું. માટે આપ ક્ષમા કરશો. એ અરજ માહ વદી ૧૨ મંગળવાર

લી૦

અમૃતલાલ સૌ૦ કોઠારી.

આ પત્ર લાલજી હરજી લાલને મહેન્દ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બિલ્ડીંગ મસજીદ બંદર રોડ, મુંબઇ, ૩ માં છાપ્યું છે. અને ગોકલદાસ ભગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬–૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ–૩, માંથી પ્રગટ કર્યું છે.

જગતનો ઉદ્ધારક.

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

તંત્રીઃ રતિલાલ સી. કોઠારી. | સહતંત્રઃ કેશવલાલ મગળચંદ શાહ | શ્રી મુબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦ | વર્ષ ૨ જું, અંક ૨૪ મો. શનીવાર, તા૦ ૮-૪-૩૩.

વંદન હો! માનવ જાતના ઉદ્ધારકને.

ભારતવર્ષમાં ધર્મના નામે યજ્ઞની હિંસાએ કારમુ રૂપ ધર્યું હતું. કુમળી કળી સરખાં બાળકો નિષ્ઠુરપણે હોમમાં હોમાતા હતા; માતા, પિતા, ભાઇ, બહેન, ઇત્યાદિ સ્વજનોનો ધર્મના નામે વધ થઇ રહ્યો હતો; અનાથ પશુઓની હિંસાથી નદીઓના કાચ સરખાં પાણી લોહીથી લાલ રંગના બની રહ્યાં હતાં; ચારે કોર હિંસાના નામે જ સ્વર્ગના પરવાના ફાટવાની રોમાંચક ઘટનાઓ બની રહી હતી.

પૂરોહિતો, રાજાઓ અને મૂડીદારો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રના કીલ્લાઓ ઉભા કરી જ્ઞાતિવાડાના બીજને સીંચી ઉંચ-નીચના ભેદની છાપો મારી રહ્યા હતા. દેશભક્ષક રૂઢિયો, પ્રણાલિકાઓ અને વિધિઓ જે વખતે લોહીથી પોતાનું બખ્ખર ભરી રહી હતી તે વખતે સારાયે દેશનું વાતાવરણ ધર્મના નામે—હિંસાના પાપમય પંથે વળેલું હતું, તેમાં જ ધર્મ મનાતો ત્યારે જગતને સાચા રસ્તે વાળનાર એક મહા પુરૂષની જરૂર હતી. નબળા પોચાની નહિ, પણ અથાગ હિમ્મતના બળે ગમે તેવા સંકટો સહન કરીને પણ પાપના રાહુથી ઘેરાતા જગતનો ઉધ્ધાર કરનાર એક મહા-વીરની જરૂર હતી. તેવા પ્રસંગે જેની ચમાં ગંગા વહી રહી છે તેવા નવ પલ્લવ મગધ દેશમાં સિદ્ધાર્થ રાજાને ત્યાં રાણી ત્રિશલા દેવીની કુક્ષિએ ચૈતર સુદ તેરશની રાત્રિએ એક મહા પુરૂષનો જન્મ થાય છે. તેમનું નામ વર્ધમાન.

ત્રીસ વર્ષ સુધી સંસારના સુખ વૈભવ ભોગવી યોગ્ય ઉમ્મરે મહાન સાધનાર્થે—જગતના કલ્યાણ અર્થે સંસાર છોડીને સંન્યાસ ધર્મનો સ્વીકાર કરી ઘોર તપ આદરે છે. કલ્પનામાં પણ ન આવી શકે તેવાં ભયંકર દુઃખો પડે છે છતાં અડગતાથી સ્વબળથી સહન કરી મહાવીર તરીકે પ્રખ્યાતીમાં આવે છે.

આખો દેશ કળા કૌશલ્યમાં સર્વોપરી હતો. ધનધાન્યથી કુબેર ભંડારીના ભંડાર સરખો ભરપૂર હતો. છતાં વિધિઓ પ્રણાલિકાઓ અને મુડદાલ રૂઢિઓ પાછળ તે પાગલ બની અધર્મના રસ્તે વળેલો હતો, ત્યારે એકજ મહાવીરે તેની સામે સમર્થ ક્રાન્તિકારી તરિકે ઉદ્ઘોષણા કરી.

"હિંસાથી ભરેલા હોમ—હવન, કે ક્રિયાકાંડથી બરો ધર્મ નથી થતો પરંતુ આત્મશુદ્ધિ કરવાથી બરો ધર્મ પ્રાપ્ત થાય છે." "સદ્ગુણી છે, તે ઉંચ છે અને દુરાચારી છે, તે નીચ છે—શુદ્ર છે." "આત્મશુધ્ધિથી દરેક પુરૂષ મહાન થઇ શકે છે—શું બ્રાહ્મણ? શું શુદ્ર? શું પુરૂષ? શું સ્ત્રી?"

"અહિંસા એજ પરમ ધર્મ છે."

"આત્માનો પુરેપુરો વિકાસ થતાં કોઇપણ મનુષ્ય પરમાત્મા બની શકે છે."

આ પ્રમાણે ત્રીસ વર્ષ સુધી દેશના જુદા જુદા ભાગોમાં ફરીને લોક ભાષામાં એકધારો ઉપદેશ-સતત વિહાર, અને પરિશ્રમ વેઠીને હિંસા સામે ઘોર બંડ જગાડી અહિંસાનો ડંકો બજાવ્યો. સ્ત્રી-પુરૂષના સમાન હક્ક સાબિત કર્યા. મુડીવાદની સામે વાડ બાંધી. અવળા રસ્તે વળેલા જગતના નાવને સવળા રસ્તે વાળી. સડેલા સમાજના ચારે વર્ણમાંથી આદર્શ જીવન ગાળનારનો સંઘ સ્થાપી વર્ણાશ્રમની દિવાલો તોડી નાંખી મહાન સુધારક કહેવાયા. અગણીત વંદન હો! એ માનવ જાતિના ઉદ્ધારકને.

રાષ્ટ્રીય સપ્તાહમાં ખાદી ખરીદી દેશનું ધન દેશમાં રાખો.

पुरिसा ! सच्चमेव समभिजागाहि ।
सच्चवस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥
(આચારાંગ સૂત્ર.)

પ્રબુદ્ધ જૈન.

શનીવાર, તા૦ ૮-૪-૩૩.

જગતનો ઉદ્ધારક.

ઇસ્વીસન પૂર્વે છ સદી ઉપરનો એ સમય હતો. ઉચ્ચ, નીચ અને જાતિ સંપ્રદાયોમાં માનવ રક્તનું શોષણ થઇ રહ્યું હતું. સમાજ વ્યવસ્થા તાંડવ નૃત્ય કરી રાક્ષસી સ્વરૂપમાં પ્રકાશી ઉઠી હતી, દીન અને દુઃખીયાઓનો આર્તનાદ અરણ્ય રૂદન નીવડતો હતો, ત્યારે કુંડ ગામના રાજા સિદ્ધાર્થને ત્યાં વર્ધમાનનો જન્મ થયો હતો. એ વાતને આજે પચીસો વર્ષનાં વહાણાં વહાયાં છતાં જગતથી ભૂલી શકાયું નથી. તેનું કારણ તેમનું આખુંયે જીવન લોક સેવામાં ઓતપ્રોત હતું તે છે. ભગવાન ગૌતમ બુદ્ધ જ્યારે બોધીજ્ઞાન પ્રાપ્ત કરી આર્યસત્યોની પ્રરૂપણા કરી રહ્યા હતા, ત્યારે વર્ધમાનનો બાલ્યકાળ હતો. વૈશાલીના સ્વતંત્ર વાતાવરણમાંથી એમના જીવન તત્વોને પોષણ મળ્યું હતું. ભર યુવાન વયે એ લોકોત્તર પુરૂષે રાજ્યપાટનો ત્યાગ કરી પૂર્ણ જ્યોત પ્રગટાવવા કોઇ અજ્ઞાત અને અમર પંથે વિહાર કર્યો. જગતના ઉદ્ધારનું બીડું ઝડપી માનવતાની છેલ્લી ટોચ સુધીનો વિકાસ સાંધ્યો અને દુઃખમય સંસારને ઉંચા પ્રકારના સુખનો અનુભવ કરાવવા સુંદર સ્વપ્ન સૃષ્ટિઓમાં પરિભ્રમણ કર્યું અને લોકને મૂર્તિમંત સ્વરૂપ આપવા અનેક પ્રકારના માર્ગો નિયત કર્યા.

જગતના તે વખતના તમામ ફિલસુફરો અને ધર્મપ્રવર્તકોમાં વર્ધમાનનું સ્થાન અજોડ હતું; કારણ કે બીજા ફિલસુફરો અને ધર્મપ્રચારકો જ્યારે એકાન્તવાદની પ્રરૂપણા કરતા હતા, ત્યારે વર્ધમાને દરેક દર્શનોનો સમન્વય કરી એકાન્તવાદ–સ્યાદ્વાદની શોધ કરી જગતને ધાર્મિક ઝગડાઓથી બચાવવા પ્રચંડ પ્રયત્ન કર્યો હતો. આ સ્યાદ્વાદ અલૌકિક છે. યુક્તિવાદના પાયા ઉપર તેનું ચણતર કરવામાં આવ્યું છે. એટલે કે અમુક અપેક્ષાએ દરેક દર્શનકારોના સિદ્ધાન્તોને અપનાવી, ધાર્મિક સંઘર્ષણ તોડી પાડયું હતું, અને લોક સેવાના કાર્યમાં પોતાનું જીવન યોજી દીધું હતું.

મૂડીવાદનું પ્રભુત્વ અનંતકાળથી ચાલ્યું આવે છે. વર્ધમાનના સમયમાં પણ એ પ્રભુત્વ કાયમ હતું. વર્ધમાનને એ માનવતાનું દુશ્મન જણાયું એટલે તેમણે લોકોની ભીષણ લાલસાઓને અટકાવવા 'પરિગ્રહ પરિમાણ' નો ઉપદેશ કર્યો. અસંતોષની તીવ્ર આગથી પ્રજ્વલિત થએલ એ મૂડિવાદનાં અનિષ્ટ પરિણામો લોકો સમક્ષ ધરવા લાગ્યા અને જરૂરત કરતાં વધારે રાખવું એ 'પાપ' છે, એમ બાપોકાર જાહેર કર્યું. આજના સામ્યવાદના સિદ્ધાંતો અને વર્ધમાનના પરિગ્રહ પરિમાણમાં ઘણીજ સામ્યતા જણાય છે. ફરક માત્ર એટલોજ છે કે આધુનિક સામ્યવાદ યંત્રવાદના પાયા ઉપર રચાયો છે, જ્યારે તે વખતે યંત્રવાદનો અભાવ હતો, એટલે કે વર્ધમાનનો સામ્યવાદ અધ્યાત્મના પાયા ઉપર રચાયો છે તેથીજ 'આત્મવત સર્વભૂતેષુ' એવાં સૂત્રો અસ્તિત્વમાં આવ્યાં છે.

ત્યાગની વૃત્તિ કેળવવી એમાંજ સામ્યવાદનો સંપૂર્ણ વિજય છે. વર્ધમાને પોતાના જીવનને ત્યાગ માર્ગથી રંગી જગત સમક્ષ ત્યાગનું દૃષ્ટિ બિંદુ રજુ કર્યું અને તેની જોડેજ ઉંચ નીચના ભેદભાવોનું ઉન્મૂલન કર્યું. જાતિને પ્રધાનતા ન આપતાં ગુણને પ્રધાનતા આપવામાં આવી અને જગતના તમામ જીવો માટે દ્વાર ખુલ્લાં રાખ્યાં વર્ધમાનના સમયમાં સ્ત્રી અને ક્ષુદ્રોનું મનુષ્યત્વ છીનવી લેવામાં આવ્યું હતું ગૌતમ બુધ્ધે આ વસ્તુ વિચારી હતી અને તેનું મનુષ્યત્વ બીલવવા ખુબ પ્રયાસ સેવ્યો હતો. વર્ધમાને તેને મૂર્તિમંત સ્વરૂપ આપ્યું. તેથીજ આપણે મેતારજ અને હરિકેશ જેવા નીચ જાતિના મનુષ્યોને પણ તેના શિષ્ય જગતમાં સ્થાન પામતા જોઇએ છીએ રૂદ્ધિ રક્ષકોનું અસ્તિત્વ તે વખતમાં પણ હતું. એટલે વર્ધમાનની વિપ્લવકારી પ્રવૃત્તિને તેમાંથી ખુબ વેગ મળ્યો હતો. લોક માનસનું પરિવર્તન કરવા માટે તેમને પ્રચંડ પ્રયત્ન કરવો પડયો હતો. તેમાં તેમને ખુબ સફળતા સાંપડી હતી. આમ વર્ધમાનની પ્રવૃત્તિ વ્યાપક સ્વરૂપમાં કેંદ્રિત થઇ, જગતને નૂતન માર્ગ બાધ્યો. જનસમૂહ તેને અપનાવવા લાગ્યો. તેમાંજ તેને પોતાની ઉન્નતિનાં દર્શન થયાં. લાખ્ખો સ્ત્રી પુરૂષોએ એ પુરૂષોત્તમના આંતરનાદને પીછાન્યો, અપનાવ્યો અને તેને વ્યવહારૂ બનાવવા તમામ સફળ પ્રયત્નો કર્યા, વર્ધમાનની ફિલસુફીમાં કેટલીક એવી વિશેષતાઓ છે કે તેનાં મુળમાં ઉતરતાં આપણું મસ્તક સહેજે એ મહાપુરૂષ તરફ ઢળી પડે છે.

બીજા દર્શનોમાં સેવ્ય સેવકના ભેદભાવ અંત સુધી નજરે પડે છે. જ્યારે વર્ધમાન એમ કહે છે કે દરેક સેવ્ય બની શકે છે. મનુષ્ય પોતાનું મનુષ્યત્વ બીલવે, તો જરૂર સેવ્ય થઇ જાય છે. આમ પ્રભુત્વની છેલ્લી કોટીમાં પણ સામ્યવાદનો સમન્વય કરે છે, આ વિશેષતા અપૂર્વ છે. જગતના કોઇ પણ દર્શનમાં આ વિશેષતા નહિ. મળે. રાજાથી તે રંક સુધીના દરેક મનુષ્યોના મનુષ્યત્વનો આમાં સ્વીકાર કરવામાં આવ્યો છે. જગતનો તમામ માનવસમૂહ ઇશ્વર બની શકે છે તેવી ઉદ્ઘોષણા કરવામાં આવી છે. વિશ્વબંધુત્વ અને માનવતાનું દિવ્ય સંગીત આમાં સંભળાય છે.

બીજી વિશેષતા મંડનાત્મક નીતિથી એમના સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું છે, એ છે તેમાં તેઓશ્રીએ સહનશીલતાની પરાકાષ્ટા દાખવી છે. વર્ધમાનના પટ્ટધર ઇન્દ્રભૂતિ વર્ધમાનને પૂછે છે કે 'હે ભગવંત ! જીવ, અજીવ, પુણ્ય, પાપ, લોક, અલોક, આશ્રય, સંવર, નિર્જરા, મોક્ષ વિગેરે તત્વો નથી. એમ કેટલાક કહે છે એ શું સત્ય છે ? વર્ધમાન તેના ઉત્તરમાં કહે છે કે 'હે ગૌતમ ! જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, મોક્ષ, લોક, અલોક, વગેરે તત્વો છે. નથી એમ કહીશ નહિ.' આમ ઇન્દ્રભૂતિ ગૌતમને સમજાવવામાં આવ્યા પણ એ તત્વોને નહિ માનનારા ઉપર એમણે કદિ હુમલો કર્યો નથી. આ સહનશીલતાને અંગેજ જીજ્ઞાસુઓ તેમની

નોંધ—

પોરવાડ મહાસંમેલન પર દ્રષ્ટિપાત.

લાંબા સમય સુધી ઘોર નિદ્રાવસ્થા પસાર કર્યાબાદ સમાજ કંઈક આળસ મરડીને ઉઠયો હોય તેમ હમણાનાં સંમેલનો ઉપરથી જણાય છે. સ્થાનકવાસીઓ મુનિસંમેલન અને ફ્રાન્ફરન્સ ભરી ઉન્નતિના રાહ નક્કી કરે છે, ત્યારે ઓશવાલો પોતાનું મહાસંમેલન ભરવાની ઉદ્ઘોષણા કરે છે, અને પોરવાડ સંમેલન પૂરતી તૈયારી પછી તા. ૧૧-૧૨-૧૩ એપ્રીલ સન ૧૯૩૩ના દિવસોમાં ભરવાનું નક્કી થઇ ગયું છે. તેનો ડ્રાફ્ટ અમને અવલોકનાર્થે મળ્યો છે. આમ સમાજ વિભક્ત રીતે પણ પોતાની અજ્ઞાનતા જોઇ શકયો છે અને એ અજ્ઞાનતાને વિદારવા કટિબદ્ધ થઇ રહ્યો છે, એ આપણું સદ્‌ભાગ્ય ગણાય.

આટલી પ્રસ્તાવના પછી આપણે પ્રસ્તુત વિષય ઉપર આવીએ. ડ્રાફ્ટ રેઝોલ્યુશનના પહેલા ઠરાવમાં મહારાજા શિરોહીને ધન્યવાદ આપવામાં આવ્યો છે. બીજામાં કેળવણીની આવશ્યકતા સ્વીકારી વિદ્યાલય, હાઇસ્કુલ, બોર્ડિંગ, કન્યાશાળા, ગુરૂકુલ, સ્કોલરશીપ, વ્યાયામશાળા વગેરે ખોલવા માટે આગ્રહ કરવામાં આવ્યો છે. ત્રીજા ઠરાવમાં સ્ત્રીઓ માટે પણ કેળવણીની જરૂરીઆત પીછાણવામાં આવી છે અને તેને વ્યવહારૂ રૂપ આપવા એક મહિલા વિદ્યાલય સ્થાપવા માટે કમીટી નીમવામાં આવે અને આગામી અધિવેશન ઉપર તે કમીટી પોતાનો રિપોર્ટ રજુ કરે એમ જણાવાયું છે. ચોથામાં મૃતભોજન જૈન સિદ્ધાન્તથી વિરૂદ્ધ અને સમાજને હાનિકારક હોઇ બંધ કરવા માટે સૂચન કરવામાં આવ્યું છે. પાંચમામાં દેશ અને સમાજની આર્થિક સ્થિતિને અનુલક્ષીને લગ્નાદિ પ્રસંગોમાં જે ખર્ચ કરવામાં આવે છે, તે કમી કરવો, તે માટે નીચેની બાબતો ઉપર સમાજનું ધ્યાન ખેંચવામાં આવ્યું છે. વાજાં ગાજાનો આડંબર કમી કરવો, વેશ્યાનૃત્ય, આતસબાજી અને પુલવાડી બીલકુલ બંધ કરવી, દાંતનો ચૂડો બંધ કરવો, ફકત લગ્ન વખતે કન્યા પહેરી શકશે. જનૈયાની સંખ્યા કમ કરવામાં આવે, કેવળ કૌટુંબિક પચાશ માણસોથી વધારે ન હોવા જોઇએ, જમણ ખર્ચ ઓછો કરવો, લગ્ન પ્રસંગે રેશમી કપડાંનો ખર્ચ ન કરવો, છઠ્ઠામાં કન્યા વિક્રયને ઘૃણાની દ્રષ્ટિથી જોવામાં આવે છે અને યુવાન તથા યુવતીઓને કહેવામાં આવ્યું છે કે તેઓ કોઇ પણ સંજોગોમાં એ પરિસ્થિતિને આધીન ન બને અને એ રાક્ષસી પ્રથાનો નાશ કરવાની ઘોષણા કરી છે. સાતમામાં વૃદ્ધ વિવાહને રોકવાને માટે લગ્ન કરવાની ઉંમર ચાલીસ વર્ષ સુધીની ઠરાવવામાં આવી છે અને બાળલગ્નના પ્રતિબંધ માટે અઢાર વરસથી કમ ઉમરનો યુવાન અને ચૌદ વરસથી કમ ઉંમરની યુવતિના વિવાહ ન કરવામાં આવે. આ પ્રસ્તાવને મહત્વપૂર્ણ સમજવામાં આવ્યો છે અને તેને અમલમાં મૂકવા માટે સમાજને અનુરોધ કરવામાં આવ્યો છે. આઠમામાં અજ્ઞાનતાના આવરણથી દિવસે દિવસે સંબંધ અને લગ્નના ક્ષેત્રો સંકુચિત થતાં જાય છે, એટલે દેશકાળની હાલની સ્થિતિનો વિચાર કરી સમાન આચાર અને સમાન વિચારવાળા સમાજના જુદા જુદા અંગ છે. તેને અવિભક્ત બનાવી રોટી બેટી વ્યવહાર ચાલુ કરવાનો નિશ્ચય કરે છે, એવો પ્રસ્તાવ રજુ કરવામાં આવ્યો છે. નવમામાં સંમેલનના ઉદ્દેશ અને ઠરાવોનો પ્રચાર કરવા માટે એક મુખ પત્ર ચાલુ કરવાની આવશ્યકતા સમજી તેને સંમેલનની ઓફીસમાંથી પ્રકાશિત કરવું, તે માટે દરેક વ્યકિતને ગ્રાહક બનવાની પ્રાર્થના કરવામાં આવી છે. દશમામાં સંમેલનની કાર્યવાહિ અને કર્તવ્ય બજાવવા ફંડની અપીલ કરી તેમાં યથાશકિત મદદ કરવા માટે જણાવવામાં આવ્યું છે. અગ્યારમામાં એક પ્રબંધકારિણી સમિતિ નીમવાનું કહેવામાં આવ્યું છે અને તેને આગામી અધિવેશન સુધી સંમેલનનું કાર્ય આગળ ધપાવવાનું, તેનું બંધારણ તૈયાર કરી બીજા અધિવેશનમાં રજુ કરવાનું વગેરે કાર્ય કરશે. બારમામાં, પોરવાડ સમાજ વ્યાપારી કોમ હોવાથી તેની ઉન્નતિ મુખ્યતયા દેશના ધંધા અને ઉદ્યોગ ઉપર આધાર રાખે છે એટલે સ્વદેશી વસ્તુઓ વાપરવા માટે સૂચવવામાં આવ્યું છે. આમ બાર પ્રસ્તાવોમાં મારવાડમાં પ્રચલિત કુરીતીઓ, વ્હેમ અને અજ્ઞાનતાનો નાશ કરવા માટે ઠીક ઠીક જોર આપવામાં આવેલ છે. છતાં પણ બે ત્રણ પ્રશ્નો રહી જાય છે, તે માટે અમો સંમેલનના કાર્યકર્તાઓનું લક્ષ ખેંચીએ છીએ. અયોગ્ય દીક્ષાનો પ્રશ્ન આજે સમાજમાં ખૂબ ચર્ચાઈ રહ્યો છે. આ પ્રસંગે સંમેલન આ બાબત માટે કંઇ નીર્ણય કરે એ આવશ્યક છે. તે સિવાય સંઘ સત્તાને પણ સ્વીકારવી જોઇએ, દેવ દ્રવ્યના પ્રશ્ન માટે પણ વિચારણા જરૂરી છે. આ વિચારણીય મુદ્દાઓ કંઇ સાંપ્રદાયિક નથી. એટલે સંમેલન આ બાબત જો હાથ ધરે તો તેમાં સલામતિને આંચ આવતી નથી. તે સિવાય બેકારીનો પ્રશ્ન પણ જરૂર ગંભીર છે. સમાજનો મોટો ભાગ આ રાહુથી ગ્રસિત છે. તેનો નિકાલ લાવવો એ પણ સંમેલનનું કર્તવ્ય છે, તે માટે બાદીને સંપૂર્ણ અપનાવવી જોઇએ, કારણ કે તેમાં ઉપરોકત પ્રશ્નો વ્યવહારૂ ઉપાય છે. ત્રીજા ઠરાવમાં સ્ત્રી શિક્ષણની જોડે પડદાનો રિવાજ નાબુદ કરવાનો પણ સમાવેશ કરવો જોઇએ કારણ કે એ રાક્ષસી પ્રથા છે. આટલું સૂચવ્યા પછી અમે આશા રાખીએ છીએ કે સંમેલનના કાર્યકર્તાઓ ઠરાવોની લાંબી હારમાળા તરફ મોહ ન ધરાવતાં જેટલા ઠરાવો અમલમાં મૂકી શકાય, પીઢબળ ઉત્પન્ન કરી વ્યવહારૂ સ્વરૂપમાં મોજી શકાય તેવા ઠરાવો પસાર કરી પોરવાડ સમાજની ઉન્નતિ સાધશે.

તરફ પ્રેરાયા હતા અને તેમના અજોડ તત્વજ્ઞાનનું પાન કરી મનુષ્યત્વની અનેરી ટોચ ઉપર જઇ સાધ્યને સિદ્ધ કર્યું હતું.

આમ વર્ધમાન મનુષ્યત્વને સંપૂર્ણ રીતે ખીલવી પરમાત્મા મહાવીરના રૂપમાં પરિણમ્યા. તેમનાં અનંત જ્ઞાન, અનંત દર્શન અને અનંત ચારિત્રે લોકોમાં નવચેતન આણ્યું. આધિ, વ્યાધિ અને ઉપાધિથી ત્રાસિત જગતને તેમાંથી શાન્તિનો સંદેશ મળ્યો. તેમના જીવન મંત્રમાં અહિંસા, સત્ય અને સંતોષને પ્રધાન સ્થાન આપવામાં આવ્યું છે, ઉપયોગે ધર્મ, ક્રિયાએ કર્મ, અને પરિણામે બંધ, એ સૂત્રોનો તેમણે ખૂબ ફેલાવો કર્યો છે. જૈન દર્શનનું એ દોહન છે. કષાયની મુક્તિમાંજ સાચી મુક્તિ માનવામાં આવેલ છે. આમ એ આપબળે પરમાત્મા પદ ઉપર આરૂઢ થયેલ વર્ધમાન જગદુદ્ધારના માર્ગને સંપૂર્ણ બનાવી જગદુદ્ધારક બન્યા. વંદન હો આવા લોકોત્તર પુરૂષને.

સામ્યવાદ જૈનોનો પ્રધાન સિદ્ધાંત છે

લે. લક્ષ્મીચંદ હેમરાજ કોઠારી

પ્રભુ મહાવીરનું પ્રવચન વિશ્વગામી, વિશ્વોપયોગી અને વિશ્વ કલ્યાણકારક છે. એમ તટસ્થ દ્રષ્ટિએ જોનાર કોઇ પણ વિચારક કહી શકશે. તેનું તત્વજ્ઞાન એટલું બધું ગંભીર અને ગહન છે કે જે દુનીયાના મોટા ભાગને નવીન જેવું લાગે. કર્મના સિદ્ધાંતોના વિષયમાં તેનું વિવેચન એટલું બધું બારીક અને વિસ્તૃત્વ છે કે જગતના મોટા મોટા તત્વજ્ઞાનીઓને પણ વિસ્મયાવહ થઈ પડે. એ વિતરાગની પ્રવચન ધારામાં જે વિતરાગ ભાવો ભર્યા છે તે મહાન આકર્ષક છે અને રાગાદિમલ ક્ષાલનનું કામ વિશિષ્ટ રૂપે સધાય એ સ્વાભાવિક છે.

પ્રભુ મહાવીર વૈષમ્યવાદને વખોડી કાઢે છે. સામ્યવાદ એ તેમનો પ્રધાન સિદ્ધાન્ત છે. તેમનું સ્પષ્ટ ફરમાન છે કે દુનિયાનો કોઇ પણ માણસ તેમના શાસન ક્ષેત્રમાં પ્રવેશ કરી શકે છે. તેમનું શાસન જાતી ભેદથી નીયંત્રિત નથી. ગમે તે જાતિ, ગમે તે વર્ણ અને ગમે તે દેશનો માણસ તેમના શાસનનો અનુયાયી થઇ શકે છે. ચાંડાલો અને અંત્યજો પણ જૈન ધર્મના અનુયાયી થઇ શકે છે. મોક્ષ માર્ગ અને મોક્ષ ચાન્ડાલો અને અંત્યજોને માટે પણ તેટલાજ ઉઘાડા છે જેટલા વાણીયા, બ્રાહ્મણ અને ક્ષત્રિયો માટે ઉઘાડા છે.

મહાવીર પ્રવચનના અધિકારી અસ્પૃશ્યો પણ તેટલેજ દરજ્જે છે, જેટલે દરજ્જે બ્રાહ્મણો, ક્ષત્રિયો, અને વૈશ્યો છે.

સમ્યકત્વ, શ્રાવક ધર્મ, સાધુ ધર્મ અને શ્રેણી-અવસ્થા જેમ વાણીયા, બ્રાહ્મણો અને ક્ષત્રિયો પામી શકે તેમ અસ્પૃશ્યો પણ પામી શકે.

વારની વ્યાખ્યાન પરિષદમાં બધાને સ્થાન છે. તેમની આ સામ્યદૃષ્ટિ છે, આ તેમનો સ્યાદ્વાદ છે, આ તેમના શાસનની પ્રાણશક્તિ છે. તેમના લક્ષાવધિ વ્રતધારી શ્રાવકોમાં ઉત્કૃષ્ટ ગણાતા શ્રાવકો પણ કણબી, કુંભાર જેવી વર્ણના છે.

પ્રભુ મહાવીર અહિંસાની દેદીપ્યમાન મૂર્તિ છે, અહિંસા ધર્મના પ્રચારકોમાં પ્રભુ મહાવીર સહુથી પુરોગામી છે મહાવીરની અહિંસા વીરત્વ પૂર્ણ છે અને તેનું સ્પષ્ટિકરણ અન્ત્રે અસ્યાને નથી. ખાસ કરીને દેશ અને સમાજની વર્તમાન ગંભીર સ્થિતિ અને પ્રવૃત્તિ લખવા પ્રેરે છે. વાસ્તવમાં જે સમાજ અને વ્યક્તિ બળવાન અને બહાદુર હોય, યોદ્ધા અને યોદ્ધા હોય તેજ અહિંસા ધર્મનું પાલન બહુ સારી રીતે કરી શકે છે, જીવી શકે છે અને બીજાઓને પણ જીવાડી શકે છે. "અહિંસા એ સામ્યવાદનું સર્વસ્વ છે."

અસ્પૃશ્ય જૈનોઃ—

કેટલાક લોકોનો એવો ખ્યાલ છે કે વૈશ્ય જાતિ શિવાય કોઇ પણ જાતિમાં જૈન ધર્મને માનનારા નથી. અસ્પૃશ્યો જૈન હોવાનું અત્યારે તદ્દન અશક્ય છે, પણ તે ભ્રમ છે, બીજી જાતિઓમાં પણ જૈનો અનેક છે, સન ૧૯૨૧ની સરકારી મનુષ્ય ગણનામાં અસ્પૃશ્ય જૈનોની સંખ્યા સ્ત્રી પુરૂષ બને મળીને ૧૬૧૩ની બતાવવામાં આવી છે, તેમાં વૈરાગી, ભીલ, ચમાર, દરોગા, ફકીર, ગંડા, ગૌર, ધાંચી, હજામ મચ્છીમાર, જોગી, જોલાહા, કહાર, કલવાર, કોવી, કુંભાર કુનબી, તેલી, સાધ, રાવલીઆ વગેરે જાતિનો સમાવેશ છે. કુનબી જાતિમાં તો સંખ્યાબંધ જૈનો છે.—**'વીર'**

આત્મ-વ્યથા.

લે:-મનસુખલાલ લાલન.

હે જગન્નિયંતા પ્રભો! સંસારાબ્ધિમાં ભમતા પૂર્વના કોઇ પુણ્યના અનુપમ યોગે તહારા મનોહર મંદિરના દર્શન થયાં. એ પતિત પાવન ધામમાં આતુર હૃદયે તારો સાક્ષાત્કાર કરવા પગલાં માંડયાં, પરંતુ હે પ્રભો! જે ભાવથી, જે આશાથી, જે પ્રેરણાથી આવવા આતુર હતો તે ભાવના તે આશા તે પ્રેરણા તહારા ઉંબરમાં પગ મૂકતાંજ ભાંગી ગયા, તહારા મંદિરમાં શુદ્ધ સ્ફટિકને બદલે વિલાયતી લાદીઓ, અનુપમ શિલ્પ કળાને બદલે રંગોના લપેડા અને સાદાઇને બદલે આડંબરોના દર્શન થતાંજ ક્ષણભર મનને ભાસ થયો કે હું જિનેશ્વર ભગવાનના દરબારમાં છું કે કોઈ રંગ મહેલમાં છું?

પ્રભો! શું કહું? કહેતાં હૃદય બળે છે, વ્યથા વૃદ્ધિ પામે છે. ક્યાં તહારૂં શાંત વૈરાગ્યમય બિંબ અને ક્યાં આ રાજમહાલય જેવા ઠાઠ? તહારી ધ્યાનાવસ્થાના દર્શન કરવાને બદલે જ્યારે પુષ્પોના ઢગના દર્શન થાય છે, ત્યારે મન મુંઝાય છે, અક્ષિત ભગવાનની ધ્યાનસ્થ મૂર્તિ, વીતરાગ સ્વરૂપનું સંપૂર્ણ ભાન કરાવનાર પ્રતિમાને બદલે વિધવિધ અલંકારો હીરા, માણેકો અને કટોરીઓથી જગાહજાતા બદનને જોતાં મન એ વીતરાગના દર્શન ઉપરથી ખસી આભૂષણોના વર્ણન તરફ ધસે છે અને હે પ્રભો! જ્યારે સુખડ અને ચંદનના લેપોને બદલે વીલાયતી રંગબેરંગી કાગળોમાંથી કાપી બનાવેલા કમળ, કમરપટ્ટા અને અંગરખાં નીહાળું છું ત્યારે તો હદ થાય છે; અંતરાત્મા કકળી ઉઠે છે અને ક્ષણભર મુંઝાઈ વિચારમાં પડે છે કે આ તે જિનેશ્વર ભગવાનનું જિનાલય છે કે વિષ્ણુ-કૃષ્ણનું મંદિર છે?

હે પ્રભો! આજના ભક્તિ ઘેલડા શ્રાવકો ભક્તિનો અતિરેક કરી બાહ્યાડંબરોના પુંજના પુંજ ખડકી તહારા મનોહર શાંત નિવાસને ધાંધલનું આભૂષણોનું અને હજારો ઇલેકટ્રીક બત્તીનું ધામ બનાવી જગતને ઉલ્ટા ભક્તિ માર્ગથી વેગળા લઇ જાય છે, એનું એમોને કયાંથી ભાન હોય?

આજે તારી નવે અંગ પૂજાને બદલે કેટલાક શોખીનો કમળ, અંગરખાં કાતરવાનું સાધન તને બનાવી રહ્યા છે. તો કોઇ પુષ્પ ઢગલા તારી પાસે ભરવામાંજ પોતાને મોક્ષના ગામી માની રહ્યા છે, તો કોઇ વળી પોંચી, હીરાના હાર કે ઘડીયાલ તારા વીતરાગમય બિંબ પર લટકી પોતાને અહોભાગ્ય માને છે તો કોઇ વળી તારા પાસે ઘૃતના નામના દીપકની સાથે હજારો ફેન્ડલ પાવરની લાઇટો બાળી તારા મુળગભારાને શાંતિના સ્થાનને બદલે ઉકળાટનું ધામ બનાવી રહ્યા છે.

પ્રભો! આ બધા ઉપરાંત જ્યારે રંગમંડપમાં કેટલીયે વાર ભક્તિપ્રેરક સ્તવનોને બદલે નાટકના સંગીતના ગાયનો, નાટકીય ચાળા અને નાટકીય હાવભાવ સાથે 'પ્રભો તુજ વિણ સેજ સુની' આવા અર્થહીન અને નિર્લજ્જ ગાયનો સાંભળું છું ત્યારે મનને શુંયે થઇ જાય છે, પરંતુ નાથ! આ વ્યથા-આ હૃદયની વેદના કોને કહું? પ્રભો! બહુ વિચારું છું, માર્ગ શોધું છું. પરંતુ કોઇ માર્ગ નથી મળતો, ઇચ્છું છું કે નાથ! મહારાજાં એટલું આત્મબળ સમર્પ કે જેથી મારી હૃદય વેદના બીજાઓને સમજાવી ભક્તિની અતિરેકતાથી ભુલાયેલો માર્ગ મારા બંધુઓને પુનઃ પ્રાપ્ત કરાવું. ઇતિ.

પ્રભુશ્રીના જીવનમાંથી-

એ પુણ્યશ્લોકી મહાન્ વિભૂતિના જીવનમાંથી શું શું આપણે ગ્રહીશું? એમનું જીવન એ સાદુ, અમૃતતુલ્ય જળ-ભર્યા વિશાળ સરોવર સમુ છે, પણ સાચી તૃષા વિના એ પાણીની કિંમત અંકાય શી રીતે? એમનું જીવન એ વિવિધ ફળઝાડોથી શોભતા અને ઉત્કટ સૌગંધિથી સુવાસિત બનેલા મનોહર ઉદ્યાન જેવું છે પણ જ્યાં લગી આપણામાં થાકેલા પથિક માફક વિશ્રામ માટેની તાલાવેલી જન્મે નહિ ત્યાં લગી એ શીતળતા કેવી અનન્ય છે તે કયાંથી સમજાય?

સામાન્ય ગ્રામ્યવાસી માનવી ને કાષ્ટવાહકનું જીવન જીવનાર આત્મા અજબ પ્રગતિ સાધી પોતાની જાતને વિશ્વવંદ્ય પણાની કોટીમાં લાવી મૂકે છે અરે કર્મના નિબિડ જાળમાંથી કાયમને સારૂ મુકત બની જાય છે એ મહાત્માના ચરિત્રમાંથી આપણા સરખા અંતિમ વિચારના મનુષ્યોને એક બે નહિ પણ સંખ્યાબંધ બોધપાઠો લાભી શકે છે.

સત્તાવીસ ભવનો ઇતિહાસ એ એક રીતે કહીયે તો અનુભવની ડાયરી રૂપ છે. ભવસાગર સમા વિસ્તૃત પ્રદેશમાં ભ્રમણ કરનાર આત્માએ કેવી રીતે પોતીકી નાવ હંકારવી કે જેથી ખરાબા-ટેકરા અને ખડકોમાંથી સહીસલામત તરીપાર થઈ શકાય તે સંબંધે એમાં ઠીક ઠીક નુકતેચીની છે. એમાં શું નથી ભર્યું? અભિમાનની ટોચે પહોંચ-વાંથી કેવો પાત થાય છે એ જોવું હોય તો વાસુદેવ તરિકેના જીવનને ઉકેલો, કુળગર્વ અને દહીદુધીયા વૃત્તિના દર્શન કરવા હોય તો ચક્ષુ સામેજ મરિચીભવના ચિત્રો ખડાં છે. તપતપ્યા છતાં પૌદ્ગલિક સુખોની વાંછા ન છુટતી હોય તો નિયાણુ કરનાર વસુભૂતિને યાદ કરો. અસ્તોદયના ચક્રપર અથડાઈ, કુટાઇ ને અટવાઈ કંટાળ્યા હોય અને જીવન સુધારણાની ઉત્કૃષ્ટ ભાવના જન્મીજ હોય તો નંદનભવ તરિકેનું સારૂયે જીવન વિલોકો. એ વેળાની તપકરણી અને પ્રાંતે કરેલી સંલેખના હૃદયપટ પર કોતરી રાખો. મહાવીર થવાના દૃઢ મંડાણ ત્યાંજ થયેલાં છે. આ તો પૂર્વ સામગ્રીની વાત થઈ, પણ એકલા સત્તાવીશમા ભવમાં–અરે શ્રી વીર તરિકેના જીવનમાં પણ કયાં શિક્ષાસૂત્રોની ખામી છે?

શ્રી વીર યાને વર્ધમાન કુંવર એટલે પ્રથમ માનવ અને આખરે થયેલ પ્રભુ. આત્મામાંથી પરમાત્માપણું પ્રાપ્ત કરેલું. જગત પરના કૈા કોઇ જીવો એ જીવનનું અવલંબન લઈ શકે એટલુંજ નહિ પણ એવું જીવન જીવી પણ શકે અને જાતે મહાવીર બની શકે–અમરતામાં પદસંચાર કરવાના પરવાના જૈન દર્શનમાં નથીજ. લાયક બનો અને પ્રગતિ સાધો એજ સંદેશ.

ઉન્નત પંથના મુસાફરનું જીવન નિહાળતાં પહેલીજ નજર ભક્તિ અને વિનય સમા મહાગુણો પર પડે છે. માતાની ભક્તિ તો ચીરસ્મારણીય બની છે, પણ મોટા ભાઇ પ્રત્યેનો વિનય અને આજ્ઞાપાલન અર્થે બે વર્ષ ગૃહવાસમાં વધુ રોકાવું એ વાત પણ કયાં વીસરાય તેવી છે? તેવુંજ એ મહાન વ્યક્તિનું ગૃહસ્થ જીવન–આજના માનવો માટે–ગૃહસ્થા-વાસ સામે ખોટો ઉહાપોહ ઉઠાવનારા માટે–સમજવા જેવું છે. છતાં એ નિરખવા સારૂ પક્ષપાત રહિત આંખો જોઇએ, તે છે ખરી?

એ હોત તો આજે દીક્ષાના કલહને નામે આટલા બધા વરઘોળા કયાંથી સંભવે! શબ્દોની બડાઇ હોયજ શેની! પ્રભુશ્રી એ વર્ષ થોભ્યા ને સાધુ જીવનનો અભ્યાસ આદર્યો એટલા ઉપરથીજ આજે પણ એવી સંસ્થા ઉભી કરવામાં આવી હોત કે જ્યાં દીક્ષાના ઉમેદવારો એકઠા બની, એ પવિત્ર પદ માટેનો અભ્યાસ આદરી, એ માટેની લાય-કાત સિદ્ધ કરી, આત્મકલ્યાણનો માર્ગ નિષ્કંટક બનાવી શકત અને જગતના ચોકમાં એક અનેરી ભાત પાડત–પણ એ વાતના હાલ તો સ્વપ્ના સેવવા રહ્યા. આપણે તીર્થ-પતિના નામે સાકમારીઓ ચલાવવી છે. એમના નામે પોતાના તરાપા તરાવવા છે અને પોતપોતિકા કક્કા ખરા કરવાં છે, ત્યાં પછી ઉંડા ઉત-રવાની કે સમ્યક્ અવલોકવાની વાત કયાં કરવી?

ગૃહસ્થ મટી ત્યાગી થનાર એ મહાત્માએ સહન કરેલા ઉપસર્ગોની હારમાળા જુઓ કે ત્યાર-પછી પ્રાપ્ત કરેલ કેવળીપણાની સામી દશા અવલોકો. એમાંજ જીવન પ્રગતિકારક ઇતિહાસ ભર્યો છે. પદે પદે ત્યાંથી પ્રેરણાના મીઠા ઝરણાં વહી રહ્યાં છે. સાધ્ય સિદ્ધ કર્યા છતાં પણ એ અનુપમ સત્ય જગત સન્મુખ ધરવા સારૂ, વર્તી રહેલ અજ્ઞાનતારૂપ અંધકાર દૂર કરવા સારૂ એ મહાત્માએ ઓછી

અનુસંધાન.....પૃષ્ઠ ૧૯૨ મે

લોહીનાં આંસુ.

"હું ખાનદાન કુટુંબનો છું. એક વખત માસિક સો-દોઢસો કમાતો. આજે બેકાર છું. ૭ મહિનાથી આશામાં ને આશામાં દિવસો કાઢયા. ગયે મહીને બાકી રહેલ છેલ્લું ઘરેણું ભારે હૃદયે વેચી દીધું. શું કહું? બાળકોને દુધનું ટીપું નથી મળતું; રોટલાને ખીચડીથી–ઘી વિના ચલાવ્યું. હવે આશા નથી રહી, પાંચ–દશ ભાઇઓને નોકરી માટે કહ્યું પણ કાંઈ વ્યવસ્થા ન થઇ. ફેરી કરવાની મને શરમ નથી, પણ કયાંથી કરૂં? ઘણી વખત આત્મઘાત કરી છુટવાનું મન થઇ જાય છે; પણ વૃદ્ધ માતા, પત્નિ અને બે બાળકોને કોને સોંપુ? આજ પાંચ દિવસથી એક શ્રીમંતને ત્યાં આંટા ખાઉં છું. તે મને જાણે પણ છે. આજ પરમાત્માનું નામ લઇ હિંમત રાખી ગયો! બસ હવે નથી બોલાતું! અરે! હું ભીખ માંગવા નહોતો ગયો. મારે ખાતે થોડા રૂપીયા મળે તો લેવા હતા. મને પૈસા ન આપ્યા તેનું કાંઇ નહિ, પણ મને બે આશ્વાસનના શબ્દો પણ ન મળ્યા. મને હડ-ધૂત કર્યો, ભીખારીને દઈ શકાય તેવી ગાળો દીધી. અને પછી જીવવા કરતાં મરવાનું શું ખોટું?

મારા મિત્રની આંખ ભરાઇ ગઇ. ફુલ પાંખડી આપી દેશમાં મોકલ્યા.

ભગવાન મહાવીરના પુત્રોની સેવા–મહા-વીરની સેવા નથી શું? **'મહુવાકર,'**

સમાજ રચના અને વ્યક્તિ સ્વાતંત્ર્ય.

લેખકઃ—નાનાલાલ દોશી.

શુદ્ધ વ્યવહાર કે નીતિના સિધ્ધાંતો મુજબ સમાજરચના એવી ન હોવી જોઇએ કે જે વ્યક્તિગત વિકાસમાં બાધરૂપ નિવડે. સમાજની ડખલગીરી એટલે સુધીજ મર્યાદીત હોઇ શકે જે વ્યવસ્થા સાચવવા પુરતીજ હોય. એવું બને છે ત્યારે વર્ષો વર્ષથી ચાલી આવતી પ્રથા રૂઢિ, યાતો ચૂસ્ત નિયમ તરીકે દાખલ થઇ અનેકોની માનસભૂમિકા પર અંકુશ મૂકે છે. હું અમૂક પ્રકારની સમાજ રચનાનો હિમાયતી નથી; હું માનુ છું કે કોઇ પણ માનવ-સંસ્થાના હિત માટે કોઇ વ્યવસ્થિત સંચાલક કાર્ય થતું હોય તો તે અનુચિત નથી. સમપ્રદેશના રક્ષણ અને વિકાસ માટે જેમ રાજ્યની યાતો પ્રતિનિધિ સંસ્થાની આવશ્યકતા છે. તેમ વ્યક્તિ સમૂહના કલ્યાણ માટે તેવીજ રચના હોય તો તે ખોટું નથી. પરંતુ ઉપરોકત ઉદ્દેસ ભૂલાઇ જતાં જ્યારે સમાજનું સંચાલક તંત્ર અજ્ઞાન અને દિર્ઘદૃષ્ટિ વિહોણા વ્યકિતઓથી ભરપૂર હોય ત્યારે તે સમાજરચના તિરસ્કારને પાત્ર બને છે. આજની જ્ઞાતિઓના મૂડીવાદી આપખુદ આગેવાનો તે આ દુર્ગંધ મારતા સમાજ શરીરના નાયકો છે. આજે દરેક માણસો લગ્ન, મરણ અને અનેક એવા પ્રસંગોમાં વ્યકિતગત ભાવો છોડી જે દંભ સેવવો પડે છે તેમાં અમૂક પ્રકારે નૈતિક બળની ખાત્રી છે. હવે એ સમય આવી પૂગ્યો છે જ્યારે નૂતન ભાવનાઓનો પ્રચાર કરવા પ્રત્યેક શિક્ષિત વ્યકિતએ–સમૂહબળને સુમાર્ગે દોરી બરોબર કેળવવું જોઇએ છે. પાશ્ચાત્ય સંસ્કૃતિમાં એક કોઇ વિશેષ આકર્ષક તત્વ હોય તો તે વ્યકિત સ્વાતંત્રયનું છે. એ ઘણુંજ જરૂરી છે કે જેમ જેમ સમય પરીવર્તન થાય તેમ તેમ સમાજ રથનાં સંધળાએ ચક્રોમાં ગતિ આવવી જોઇએ અને પ્રત્યેક અંગમાં ચેતન અને સ્ફુર્તિ પ્રસરવી જોઇએ. જ્યારે જ્યારે ધાર્મિક, સામાજીક કે રાજકિય સંસ્થાઓ યા પક્ષો આ વિચાર પરિવર્તનને પચાવી નથી શકતા ત્યારે ત્યારે તેમનામાં ક્ષયપેસે છે અને માનવ સમૂહ નવાજ વિચાર વાહકોનું સુકાનીપદ માન્ય રાખી તેની પાછળ મરી ફીટે છે. એટલું સત્ય છે કે **આ પરિવર્તનકારો સમાજથી અમૂક સમય માટે તિરસ્કારાશે શ્રાપિત થશે, પરંતુ વખત જતા તેમની દીર્ઘ દ્રષ્ટિ માટે એજ માનવ સમૂહ આંધી દુર થતાં તેમનાં સન્માન કરશે.** આજે ડગલે અને પગલે આપણે સમાજના મોટા ભયથી ભીરૂ બની "કોઇ આમ કહેશે તો યા તેમ ટીકા કરશે તો" એવી રીતે વીચારી આપણાં કેટલાંએ હીતકારક કાર્યોને રોકીએ છીએ. પરંતું વીસમી સદીનો પ્રધાનસૂર વ્યકિત સ્વાતંત્રય છે અને તે સ્વતંત્રય દરેક યુવકે અને યુવતીએ પૂર્ણ જવાબદારી ધ્યાનમાં લઇ દીપાવવું જોઇએ. સમાજમાં એવો એક પક્ષ તો રહેવાનોજ જે કોઇ પણ નવા કાર્યને વખોડશે. પરંતુ જેમને પોતાનું અસ્તિત્વ દીપાવવું છે તેવા વિચારવંત માણસોએ તો તે આવા બીન જરૂરી સલાહકારોની ગમતી કે અણગમતી ટીકાને અવગણી પોતાના અંતિમ ધ્યેયબિંદુ પ્રતિદ્રષ્ટિ રાખી હિંમતથી આગળ વધવામાં જરાયે પાછી પાની ન કરવી જોઇએ.

સંઘકુનની આવશ્યકતા.

—શાંન્તીકુમાર.

કોઇપણ સંસ્થા, સમાજ કે શહેરનાં અસ્તિત્વ અને આબાદી સુરક્ષિત રાખવાં હોય તો તેના બંધારણની સુવ્યવસ્થાને બાબી આવવી ન જોઇએ. આબાદીના કારણભૂત મૂળ તત્વોનું આરોગ્ય જાળવી રાખવાની જવાબદારી મૂળ સંચાલકો અને સુત્રધારો ઉપર આવી પડે છે. જૈન ધર્મના ઇતિહાસના અભ્યાસી ઓથી એ વસ્તુ અજ્ઞાત નહિજ હોય કે જ્યારે જ્યારે આવશ્યકતા ઉભી થઇ છે. ત્યારે ત્યારે દેશકાળને અનુસરીને બંધારણમાં જરૂરી સુધારા વધારા કરવામાં આવ્યા છે. ચાલ્યા આવતા ચીલાનેજ "આપના કુવામાં ડૂબી મરવાના" ન્યાયે વળગી રહેવામાં ગૌરવ સમજવામાં આવતું ન હતું. ક્રિયાકાંડની જડતાને કે શુષ્ક જ્ઞાનને વળગી રહી વિકાસને અવરોધવાનું કોઇએ ઉચિત માન્યું ન હતું.

જ્યારથી આ વિચાર શ્રેણીનો અંત આવ્યો છે, ત્યારથી જૈન સમાજની પડતીના ગણેશ મંડાયા છે એમ કહી શકાય મતમતાંતર તેમજ ગચ્છો અને ઉપગચ્છોના વાડા વધતા ચાલ્યા છે જેના પરિણામે સંઘબળ નાશ પામતું આવ્યું છે અને આપણે જોઇએ છીએ કે આવાં આવાં અનેક કારણોસર જૈન સમાજની ભૂતકાળની જાહોજલાલી અને પ્રતિભા એક સરખી જળવાઇ નથી રહી. સંખ્યા તેમજ સમૃદ્ધિની દ્રષ્ટિએ જૈન સમાજ ઘસાતો જાય છે એમ કહેવામાં જરાયે અતિશયોકિત ન ગણાય.

એતો સ્પષ્ટ છે કે જ્યારે એકજ વસ્તુના અનેક વિભાગો થાય છે. ત્યારે તેનું મહત્વ ઓછું થતું જાય છે એટલે આજે સૌથી પ્રથમ અને અગત્યનું કાર્ય આ અનેક વિભાગોને એકત્ર જોડી સાચું સંઘબળ ઉભું કરવાનું છે. દુઃખની વાત છે કે આ આધાર ભૂત તત્વની અવગણના કરી આજે કેટલાક સ્થળોએ અને કેટલાક કિસ્સાઓમાં અંદર અંદર કલેશ કરવામાં આવે છે. મધ્યસ્થ ભાવનાથી વિચારણા કરી તોડજોડની નીતિ અખત્યાર કરવાના બદલે દ્વેષ બુદ્ધિથી પ્રવૃત્તિયો આદરવામાં આવે છે. જૈન વર્ગનો મૂળ સિદ્ધાંત સ્યાદ્વાદ અથવા અનેકાંતવાદ છે. છતાંયે એ દ્રષ્ટિએ વિચારણા કરવાના અખાડા કરીને એક અથવા બીજા પ્રકારના મોહ અને કદાગ્રહને પોષવામાં આવે છે એથી પ્રેમથી વિરોધીઓને વશ કરવાના સ્થાને કડવાશના વાતાવરણે સ્થાન લીધું છે. આવા સંજોગોમાં અભ્યુદયની આશા રાખવી એ સ્વપ્નવત્ છે.

આપણે દર વર્ષે ભગવાન મહાવીરની જયંતી ઉજવતા આવીએ છીયે પણ અમે નથી માનતા કે જયંતીનું સાચું રહસ્ય સમજીને તેની ઉજવણી કરવામાં આવતી હોય શિષ્ટાચાર કે વ્યવહાર હોય તે પ્રમાણે મોટાભાગે વેરૂપજ એ 'ઉત્સવ' કરવામાં આવે છે પછી કયાંથી સમાજનું કોઇપણ સાર્થક થાય આવા અર્થ વિનાના વ્યવહારને બેગમો મૂકી રચનાત્મક કાર્ય કરવાની દ્રષ્ટિએ આ પ્રસંગની મહત્તા સમજવાની આવશ્યકતા છે.

મહાવીર જયંતીના શુભ પ્રસંગે જયંતી ઉજવનારી વ્યકિતઓએ અને સંસ્થાઓએ સમાજની પ્રગતિ અને વિકાસ માટે રચનાત્મક કાર્યની પોતાનાજ હાથ ધરવી ઘટે છે. પ્રગતિને

યુવકો અનુકરણ કરે તો!

સમસ્ત આર્યવૃત ઉપર યજ્ઞાદીમાં પશુ હિંસા અને સમાજમાં મનુષ્ય હિંસાનું ઘોર વાતાવરણ પથરાઇ રહ્યું હતું તે વખતે બે મહાનુભાવોએ જન્મ લીધો. એક પીતા મહાવીર અને બીજા બુદ્ધદેવ. પીતા મહાવીરના જન્મ ચરિત્ર, તેના ત્યાગ, તેણે સમાજ માટે આપેલા ભોગ, અહિંસાથી રંગાઇ સાડાબાર વરસ કરેલી ઘોર તપસ્યા અને હિંસામય વાતાવરણને અહિંસા, સત્ય, પ્રેમ આદિથી દુર કરી શાંતીનું રાજ્ય સ્થાપવા માટે ભગીરથ પ્રયત્નો કરનાર અહિંસા સત્ય ઉપર સમાજ બંધારણનો પાયો રચનાર એ પિતાને જૈન સમાજ ઉપરાંત વિશ્વપ્રેમી જગતના તમામ વિદ્વાનો એક તપસ્વી તરીકે ઓળખે છે. યુવાની ચઢતી યુવાનીના પુર બહારમાં આત્મશ્રધ્ધાના, આત્મબળના, આત્મશકિતના, એકજ અજીત હથીયારથી તમામ જનતાને શાંતીમય સુખ આપવા સાડાબાર વરસની મૈાનવૃતની તપસ્યા ગ્રહણ કરે છે. મૈાન દશામાં રહેવું કેાઇને પણ હરકત, અડચણ કે દુઃખ ઉત્પન્ન થાય એવી દરેક ક્રિયાને તિલાંજલી આપી, ભોજન વહેવારનો ટાઇમ પુરો થયા બાદ શુદ્ધ આહાર ને કાંઇ મળે તે ગૃહણ કરી આત્મસંતોષ પામવો. અનેક જીવોના કલ્યાણ માટે પોતે દેહ કષ્ટ ભોગવવા. અને "શવીજીવ કરૂ શાસન રસી"નો મંત્ર રગેરગની અંદર ઓતપ્રોત કરી સંભાળપૂર્વક આત્મોન્નતિમાં આગળ વધી કૈવલ્યપદ પ્રાપ્ત કરી તિર્થંકરની ભુમી પામે છે. આ વખતની દેશના અમૃતધારા બને છે. સાડાબાર વરસની મૈાન દશામાં મેળવેલું, અનુભવેલું, ઉત્તમ જ્ઞાન જીવોની આગળ જાહેર કરે છે. અને એ અમૃતજ્ઞાન, અમૃતવાણીનું પાન, જન્મના વિરોધી જીવો પાસે બેસી ગૃહણ કરે છે. આજ તેમની તપસ્યાનું મહાન ફળ. અને સમાજનું તે પાયા ઉપર ચણતર થયું છે.

પીતા મહાવીરે યુવાનીમાં રંગાઈ જે મહાકાર્યો કર્યા છે. તેના અલ્પ પ્રમાણમાં હાલના યુવાનો જો કાર્ય કરે તો હાલ સમાજની અનેક તરફથી થતી હાલ હવાલી બચવા પામે. મહાવીર પીતાએ મૈાન દશામાં જે આત્મજ્ઞાન પ્રાપ્ત કરી આત્મબળ પારખ્યું એજ રીતે આપણે મુકદશામાં સમાજ સેવા કરી આપણામાં રહેલા બળની કસોટી કરીએ. સમાજ સેવાનાજ કાર્યમાં રંગાઈ તેમાં ઓતપ્રોત થઇને સમાજને બચાવી લેવા માટે ભગીરથ પ્રયત્ન કરીએ અને જરૂર પડતાં જે ભોગ આપવા પડે તે સ્વેચ્છાથી આપીએ તોજ પીતા મહાવીરના ત્યાગનું ગૈારવ આપણે કાંઇક સમજ્યા કહીએ એમ કહી શકાય.

-મણીલાલ.

બાંધક ભેદભાવો અને મતભેદો ને નિર્મૂળ કરવા માટે સબળ પ્રયાસો કરવા ઘટે છે. સહિષ્ણુતાકે હૃદયની ઉદારતા દાખવ્યા વિના માત્ર ટીકાઓ કરવામાંજ સમય શકિત અને સંપત્તિનો અપવ્યય કરવાથી કશો લાભ થવાનો નથી.

જગત જ્યારે આગળ ધપે છે ત્યારે જો આપણે અંદર અંદરના ઝઘડાઓના વર્તુલમાંજ અટવાઇ રહીશું તો આપણું સ્થાન કયાં હશે એની કલ્પના કરવી મુશ્કેલ નથી.

માટેજ મહાવીર જયંતીના ધાર્મિક અવસરે મારી પ્રાર્થના છે કે આમાં જૈન સમાજનું સંઘટ્ટન કરવાના હેતુથીજ સક્રિય યોજના ઉપાડવામાં આવે અને વિરોધાત્મક વલણને તજીદઇ ઐકયને પોષક તત્વોના વિકાશની દિશા એજ પગલાં માંડવામાં આવે. આધ્યેય મૂર્તિમંત કરવાનો સાચો નિર્ધાર સાચ્ચા હૃદયથી કરવામાં આવે અને તેને અનુરૂપ વ્યવસ્થિત પ્રવૃતિ આદરવામાં આવે તો તેનાથી થતો લાભ સમાજને ઉન્નતિના માર્ગે થોડો ઘણો પણ આગળ લઇ જશે અને જો એક વખત સાચું સંઘબળ ઉભું કરી શકાય તો ઉજવળ ભાવિ નજીક દેખાશે કેમકે

संघ शक्ति कलियुगे ।

જૈન સમાજ અને રચનાત્મક કાર્ય.

સમાજની આજની પરિસ્થિતિ ભારે વિષમ છે અંગે-અંગમાં વિકૃતિ જોઇ શકાય છે. હજારો વર્ષની ઉચ્ચ સંસ્કૃતિ સમું જૈન સમાજ મંદિર જાણે કે સળગી રહ્યું છે. સર્વનાશ અને સત્યાનાશને આરે ધસડાઇ રહ્યું છે. કલેશનો દાવાનળ સમાજને ભસ્મ કરી રહ્યો છે. અજ્ઞાનતા, બેકારી, લોહીપીતા રિવાજો, સમાજના પ્રાણ કોતરી ખાય છે. આ પરિસ્થિતિ જોઇને વિચારકો કે સમાજના સેવકો કેમ મૌન જણાય છે?

કામ થાય છે પણ તે સમાજને પ્રાણવાન બનાવવા માટે પુરતું નથી આપણી શકિતઓ નકામા અને નજીવા કામ માટે ખુબ ખર્ચાય છે. સમાજની જાગૃતિને માટે તો રચનાત્મક કાર્યની દીશા નક્કી કરી, તે માર્ગે ખૂબખૂબ ઝડપથી એક નિશ્ચય અને નીડરતાથી ધપવું જોઇએ સમાજને ઉન્નત કરવો હોય તો આવશ્યક કાર્ય માટે મરી ફીટવાની તમન્ના જાગવી જોઇએ.

ભગવાન મહાવીરનો સિદ્ધાંત "જીવો અને જીવવા દ્યો" (Live and let live) ભુલાઈ ગયો છે.

સમાજ પોતાના બાળકોને ભૂખે મરતાં, અજ્ઞાન, અને દુઃખી જોઇને ધર્મની વાતોથી કે ઝગડાથી કલ્યાણના માર્ગે શી રીતે જઇ શકે?

જે ધર્મ સમાજને નવજીવન ન આપે જે ધર્મમાં કલેશને સ્થાન હોય, જે ધર્મ સમાજના બાળકોના કલ્યાણ માટે સક્રિય કાંઇ ન કરીશકે તેને ધર્મ કહેવો કે નહિ તેજ શંકા છે.

જે ધર્મગુરૂઓ સમાજના કલ્યાણનો વિચાર પણ ન કરી શકે, સમાજને ઉન્નત બનાવવાની પોતાની ફરજ ન સમજે, જે ધર્મગુરૂઓમાં ઉચ્ચ જવલંત ચારિત્ર ન હોય, સમભાવ ન હોય તે ધર્મગુરૂની સંસ્થા કેમ પ્રગતિ અને પ્રતિષ્ઠા સાધી શકે?

ભૂતકાળની જાહોજલાલીની પ્રશસ્તિઓ હવે શા કામની જ્યારે વર્તમાનની ચિકિત્સા થાય નહિ. સડેલા ભાગને કાળજીપૂર્વક કઢાય નહિ અને સમાજમાં પ્રાણપૂરક તત્વ સીંચી શકાય નહિ?

ધર્મના ઝગડા માટે લાખ્ખોનાં પાણી થાય, તેની પાછળ હજારો માણસોના સમય, શકિત અને સંપત્તિ વેડફાય અને ધર્મના ઉચ્ચતાનાં બણગાં એ રીતે ફુંકાય એનો અર્થ શુ?

પરિસ્થિતિ હાથમાં રહે ત્યાસુધી જો ચેતાશે નહિ તો પછી સમાજના ઉદયની આશા સ્વપ્નવત્ સમજવી.

હજુ પણ ઘણું થઇ શકે તેમ છે. એકજ નિશ્ચય યુવક હૃદયોનો હોવો જોઇએ કે સમાજને રચનાત્મક કાર્ય દ્વારા ઉન્નત બનાવવા એસી જવું. જ્યાં સુધી સમાજને ઉપયોગી શિક્ષણ પથ્ય સુધાર અને ધાર્મિક જીવન તરફ નહિ દોરવામાં આવે તે પાછળ ભેખ લઇને પાંચ-દશ યુવક હૃદયો દટાઈ નહિ જાય ત્યાંસુધી સમાજને જીવંત રાખી શકાશે નહિ. સળગતા સમાજને શન્તિને માર્ગે દોરવા કોઇ આવશે કે?

આવતો અંક મહાવીર જયંતિ અંગે બંધ રાખવામાં આવશે. -તંત્રી.

વિચારનાં વહેણ

—તારાચંદ.

જયંતિ ઉજવવાની લાયકાત

ભગવાન મહાવીરની જયંતિ વર્ષોવર્ષ ઉજવાય છે તેમ આ વેળાયે પણ ઉજવાશે. ખૂબ શાંતિપૂર્વક, જયંતિનો મોહ વિદારીને આપણે વિચારીએ તો પ્રતિવર્ષ ઉજવતી એ જયંતિઓ ઉજવ્યા સિવાય આપણે કાંઇ પ્રગતી કરી નથી. આજે ભગવાન મહાવીરના પુત્રો પિતાના સૂત્રો વિસારી જુઠ, કપટ, ને લુચ્ચાઇથી મોટા 'ભા' બની ફરે છે અને સ્વાર્થની નરી સપાટીપર કેટલાય જૈન ભાઇઓના ભોગે મસ્ત બની ઘુમે છે. ભગવાન મહાવીરનો સમાનતાનો આદર્શ અને માનવતાનો પ્રેમ એમને નથી આકર્ષતો અને એમને આકર્ષે છે બાહ્ય કર્મકાંડો, મ્હોટાં ટીલાંઓ અને ભાવિક ગણાવવા મંદિરમાં બેસી ભક્તિભાવના દંભ કરવાનું. આજે કર્મકાંડોની પાછળનું ભવ્ય માનસ–ભગવાન મહાવીરનું જવલંત ચિત્ર દ્રષ્ટિ સમક્ષ નથી.

આ બધું છોડી દઇને આપણે મહાવીરના પુત્રો કહેવડાવવાની લાયકાત મેળવીએ, એનો જવલંત આદર્શ સમય ને સંજોગોએ શકય તેટલો જીવનમાં ઉતારવા પ્રયત્ન કરીએ અને દંભની જવનિકા ચીરી વાસ્તવીક જીવનમાં કંઇક કરી છુટીએ તો પિતા મહાવીરની જયંતિ ઉજવવાની લાયકાત આપણામાં આવે.

* * * *

સાન બુદ્ધિ વિનાનું

પાંજરાપોળી સાત વારીયામાં 'પ્રસંગ રંગ' કેરી 'રંગીલ' રેલાવે છે. રસ મસ્તીમાં રચ્યો રહેનાર એવા રસ મસ્તીના પ્રસંગોમાં સારા સારનો વિચાર સુધ્ધાંય ન કરી શકે એ સમજી શકાય તેવી વાત છે. ઘણી વખત ઘણા બુદ્ધિ વૈભવ ભર્યા મહાનુભાવો પણ જ્યારે 'રંગ' રેલાવે છે, ત્યારે નાના બાળકથીય નપાવટ બની જાય છે એ આપણા અનુભવની વાત છે. અને એ રીતે 'રંગીલ' એની સાનબુદ્ધિ ગુમાવી બેસે એમાં તાજુબ થવા જેવું નથી. વિચારનાં વહેણનો સિધ્ધો પ્રત્યુત્તર તો આપી શકાય તેમ છેજ નહિ. એટલે એને ભાનભૂલી ગમે તેમ લખ્યા સિવાય છુટકો નહતો અને એ રીતે એણે એની ફરજ બજાવી છે. એ ગાળો દે છે ને એ સિવાય એ બીજું કરે પણ શું?

* * * *

સાધુનો સ્વાંગ.

આજે આપણને કહેવામાં આવે છે કે સાધુઓને પૂજો; એમને સાધનો પૂરાં પાડો. અને ગામે ગામનાં અજ્ઞાન, ધર્માંધ ભાઇબ્હેનો એ પ્રમાણે કરે પણ છે. આ સ્થિતિ એકદમ ઉંધેલ માંગે છે. માત્ર સાધુના સ્વાંગની પાછળ પૂજ્ય ભાવ નથી. એમ તો ગમે તે રખડતો આદમી દીક્ષાના બ્હાના હેઠળ એની બેકારીના કારણે સાધુ થાય તો આપણે તેને પુજવાને, ખાવાનું આપવાને બંધાયલા નથી. આપણે હંસની સંશોધક દ્રષ્ટિથી દુધ ને પાણી જુદાં પાડવાનાં છે. આપણે સમજવાનું છે લાયકની ખારખ કરવાનું અને એ રીતે તોળાતાં ઉંચ જણાય તેનેજ આપણે મસ્તક નમાવી સેવા આપવાની છે. અને એવાં ન જણાય તેને આંગળી ચીંધી ગામ બહાર જવાનો રસ્તો બતાવવાની હિંમત આપણે કેળવવી જોઇએ છે. આપણે સાફ કહી દેવાનું છે કે લાંચ, ને દગા કપટ, ચોરીને છીનાળવા છોડી તમે ચાલ્યા આવો અમે તમને અપનાવવા તૈયાર છીએ. પણ આ વસ્તુ હજુ આપણામાં આવી નથી. હજુ તો તેરવાડામાં કોઇક બુદ્ધિવિજયો વિહાર કરવાનો ડર બતાવી છોકરાં ભગાડે છે, રીસાય છે અને જૈનોની ધર્માંધતાનો વ્યાપાર કરે છે. આ આપણે મુંગે મોંઢે સહન કરવાનું નથી. બુદ્ધિવિજયો ચાલ્યા જાય તો સમાજ રાંડવાનો નથી એ સત્ય સમજી લેવાનું છે.

* * * *

સામાજીક દ્રવ્યનો દુરૂપયોગ.

જૈન સમાજમાં અગીઆર લાખ માનવોની વસ્તી છે. તેમાં કાંઇ નહી તો ત્રણેક લાખ માનવીઓને પેટ ભરવાનાંય સાધન નથી. પણ આપણાં શ્રીમંતોને અને સમાજનાં આગેવાનોને મન એ મહત્વનો પ્રશ્ન નથી. એ તો કદમ્બગીરીમાં ત્રણ લાખ રૂપીઆનો વ્યય કરે છે. આજે મંદિરોનો ટોટો નથી. છતાં નવાં મંદિરો ખડાં કરવાનો મોહ હજુ મુકાતો નથી. સમાજના પૈસાનો એ સાવ દુરૂપયોગ છે. નવા મંદિરોની જરૂરત નથી એટલે આવા પૈસા કોઇ બીજા ઉપયોગમાં વપરાય તે ઇચ્છવા જોગ છે.

પ્રભુશ્રીના જીવનમાંથી.....અનુ. પૃષ્ઠ ૧૮૯ થી.

જહેમત નથી ઉઠાવી. **परोपकराय सतां विभूतयः** એ સૂત્ર સાર્થક કરી બતાવી ચોતરફ પ્રવર્તી રહેલ હિંસાનો દાવાનળ બુઝવવામાં એમના પ્રયાસ સહ તુલનામાં અન્ય કોણ ટકી શકે તેમ છે? આમ અહિંસાના સાચા અવતારના વારસો તરિકેનું બિરૂદ ધરાવનાર આપણે જે વેળા રાષ્ટ્રપર મહાન સંકટ આવ્યું હોય અને ચોગરદમ ખાદી પરિધાનની હાકલ વાગી રહી હોય તે વેળા વિદેશી હિંસામય વસ્ત્રોના વેપાર કરીએ કિંવા એ વસ્ત્રોની મોહકતામાં લટટુ બની એને પહેરવામાં આનંદ માનીએ તેવું આપણને શોભે છે? સાચા વીર સંતાનનું એ કર્તવ્ય હોઇ શકે?

જયન્તિ ઘણી ઉજવી અને ચરિત્ર વારંવાર સાંભળ્યા છતાં જો સ્વજીવનમાં એનો તલભાર પણ ઉતાર ન કરાય તો સમજી રાખવું કે એનું ફળ કંઇજ નથી.

મહાન્ પુરૂષનાં જીવન માત્ર સાંભળી રહેવાથી અને એમાંથી રંચ માત્ર ગ્રહણ ન કરવાથી, મહાન્ બની શકાતું નથીજ. એ તો જે માર્ગે તે ગયા તે માર્ગે આપણે પણ જવાના વ્રત આદરી દેશકાળ જોઈ યથા શકિત યત્ન આદરીશું તો અવશ્ય વહેલા મોડા પણ તેમના જેવા જરૂર થઇશુંજ.

શ્રી વીરના જેવા થવુંજ હોય તો વીરતાના પ્રદેશમાં એક ડગલું આગળ વધી આજેજ પાપમય વસ્ત્રોનો ત્યાગ કરી ખાદી ધારી થવાનાં વ્રત લ્યો.

આ નાની શરૂઆત પણ આજના પવિત્ર પ્રસંગે મહાન્ ફળદાયક છે. નાના બીજમાંથીજ મોટા વૃક્ષો નિપજે છે એ વાત રખે વીસરી જતા–સુજ્ઞેષુ કિંબહુના?

આદર્શ સુધારક શ્રી મહાવીર.

લેખક:
ઉમેદચંદ દોલતચંદ બરોડીયા બી. એ.

ગુણનિધિ શ્રી મહાવીરના જીવન વિષે વિવેચન કરવું એ કાંઇ જેવું તેવું મુશ્કેલ નથી. કલ્પાન્ત કાળના પવનથી ઉછળી રહેલા પ્રચંડ મોજાવાળા સમુદ્રને બે હાથે તરવા જેટલું જ તે વિકટ છે, કારણકે અહીં બાહ્ય દુનિયાના પરાક્રમો નથી, પરંતુ અંદરના છે. નથી તે માટે મારામાં જરૂરી આવડત કે નથી તિવ્ર બુધ્ધિ. આ તો નહાનાશા બાળકનો ભાંગ્યો તુટ્યો પ્રલાપ. શ્રી મહાવીર જઅન્તિનો પવિત્ર દિવસ વીરસ્તુતિ કરવામાં કોને વાચાળ નથી કરતો ? આમ્રતરૂની મધુર મંજરી કોયલ પાસે મંજુલ ગાન કરાવે જ એમાં શુ આશ્ચર્ય ? પરમાત્મા પ્રત્યેનો પૂજ્યભાવજ અત્રે કંઇક લખાવે છે.

વસ્તુસ્થિતિ યાને તત્વની યથાર્થતા પ્રત્યે જ શ્રી મહાવીર જેવા કેવળજ્ઞાનીઓના ઉપદેશનું લક્ષ્ય હોય છે. અને સર્વે તત્વોમાં આત્મતત્વ ઉચ્ચ સ્થાન ભોગવે છે. શ્રી આનંદઘનજીએ સાચું જ કહ્યું છે કે આત્મતત્વ જાણ્યા વિના ચિત્તની સમાધિ થતી નથી. તે તત્વનો ઉદય કરવો, તેને સતત જાગ્રત રાખવું, તેની શુધ્ધિ કરવી અને તેમાંજ રમણતા કરવા એજ તે જ્ઞાનીઓના જીવનનો મુખ્ય ઉદ્દેશ છે અને એ અર્થે જ તેઓનો ઉપદેશ છે.

સિધ્ધાંત એક જ છે, માર્ગ એક જ છે, પરન્તુ તે માટે ઉપદેશો અને ક્રિયાઓ અનેક હોય છે, દેશ, કાળ, પાત્રતા આદિ જોઇને આત્મતત્વની જાગ્રતિ અર્થે બીજા તીર્થંકરોની માફક શ્રી વર્ધમાને પણ અનેક ઉપાયો યોજ્યા છે.

સંસાર સરિતામાં રાગ દ્વેષ અને મોહની રેલ અહેનિશ આવ્યા જ કરે છે. તેના પ્રચંડ પ્રવાહની પેલેપાર જવા માટે. વિછિન્ન થએલ તીર્થની જગ્યાએ શ્રી વર્ધમાને નવું તીર્થ રચ્યું, તીર્થનો હેતુ તારવાનો અને તરવાનો હોય છે. તે હેતુ સિદ્ધ કરવા ક્રિયાઓ ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે. તપાસો શ્રી ઋષભદેવનો સમય, નહોતાં તે વખતે ગામ કે શહેર, હતાં માત્ર ઝાડ નીચે રહેતાં સરલ યુગલીઆઓ. નહોતી કોઈ કળા કે કેળવણી. ગૃહસ્થ અને રાજા તરીકે શ્રી ઋષભદેવે સ્ત્રી પુરૂષોને અનેક કળાઓ અને વિવિધ વિદ્યાઓ શિખવી. પંચેન્દ્રિય લગ્નપ્રથા તેમના હાથેજ શરૂ થઇ, રાજ્ય બંધારણનો આરંભ તેમનાથી થયો, અને છેવટે પોતે તો ત્યાગ માર્ગ સ્વીકાર્યો. વણાટ કામ અને કુંભાર કામના શિખવનારે વસ્ત્રો અને પાત્રોમાં મોહ ન રાખ્યો. તે પણ ત્યાગ્યાં અને સર્વ પ્રકારે નિર્ગ્રંથ થયા, આ રીતે ગૃહસ્થ ધર્મ તેમજ યતિધર્મ બન્નેને તેઓશ્રીએ દીપાવ્યા.

તેમના પછી જ્ઞાન, કળા વધારે ખીલ્યાં, ભણતર, પઠન પાઠન વધ્યાં; સાથે લોકોનો જ્ઞાન ભંડોળ વૃદ્ધિ પામ્યો, વચલા બાવીસ તીર્થંકરોનાં શાસનોમાં સાધુઓ વસ્ત્રો રાખતા. તેઓ તો હતા સુજ્ઞ અને સરળ, મોહ મુર્છા તેઓ સમજતા અને દૂર કરતા. વસ્ત્રોનો પરિગ્રહ તેમને બહુ નડતો નહોતો. આવશ્યક ક્રિયા તેમને માટે ફરજીયાત ન હતી. પછી આવ્યો વક્રતા અને જડતાનો જમાનો. શ્રી મહાવીર પ્રભુ તો મહા સુધારક હતા શ્રી પાર્શ્વનાથના તીર્થમાં તે સમયે ચાલતો વસ્ત્ર પરિગ્રહનો મોહ જોયો. દેશની પરિસ્થિતિ નીરખી સર્વ સંજોગો તપાસી તેઓશ્રીએ ચાર મહાવ્રતનાં પાંચ મહાવ્રત કર્યાં. એટલે બ્રહ્મચર્યના સ્પષ્ટ બે વિભાગ કર્યા–અમૈથુન અને અપરિગ્રહ. પોતે વસ્ત્રો અને પાત્રો બન્ને ત્યજ્યાં. પ્રતિક્રમણ જે નૈમિત્તિક હતું તેને દૈનિક ક્રિયા બનાવી અને વિવિધ આચારના નિયમો ઘડ્યા, ધર્મમાં વર્ણભેદ–જ્ઞાતિભેદને બિલકુલ સ્થાન નથી એમ ઉપદેશ કર્યો. વિશાળ રીતે સાંપ્રદાયિકતા અને સંકુચિતતા વગરનું ધર્મતત્વ સમજાવ્યું. સર્વ પ્રત્યે સમાનભાવ, અદ્વેષ, પરમત સહિષ્ણુતા, વિચાર સ્વાતંત્ર્ય આદિ સ્થાપવા સ્યાદ્વાદ શૈલી બતાવી અને સમજાવી, સદા ફરતા જતા આ જગતમાં શ્રી મહાવીરે આ સર્વે પોતે જીવી બતાવ્યું. આ જ્વલંત જીવન દ્રષ્ટાંત હજી પણ હજારો વર્ષ સુધી ઝળકવાજ કરશે. કુળવણીના વિરોધીઓને જેમ શ્રી ઋષભદેવનું ઉપલું દ્રષ્ટાંત સચોટ જવાબ છે, તેવીજ રીતે સુધારાના વિરોધીઓને ચુપ કરવા શ્રી વીરનું દ્રષ્ટાંત પૂરતું છે, ઉચ્ચ હેતુ લક્ષમાં રાખી દેશ, કાળ, પાત્રતા જોઈ સમય ઓળખી ઉપદેશ આપવો. અને સુધારા કરવા એ અતિ આવશ્યક છે.

છેવટે એટલુંજ કહેવાનું કે, મોક્ષના માર્ગ બે નથી. શ્રી મહાવીરાદિ જે વાટે ગયા તે વાટે જ શ્રી શ્રેણિકાદિ તરશે. તે માર્ગમાં મતભેદ નથી. તે સરળ માર્ગ છે, સમાધિ માર્ગ છે. સર્વ તીર્થંકરોએ સહસ્ર ક્રિયાઓ અને ઉપદેશો તે એક જ માર્ગ બતાવવા માટે કહ્યાં છે. અને **તે માર્ગને અર્થે જ** તે ક્રિયાઓ અને ઉપદેશો ગ્રહણ થાય તો જ તે સફળ છે. તે માર્ગ આત્મામાં રહ્યો છે. આત્મત્વ ઉદય પામશે ત્યારે જ તે વાટ મળશે, ત્યારે જ મતભેદાદિ ટળશે, મતભેદ રાખી કોઇ મોક્ષ પામ્યા નથી. શ્રી સંઘમાં હાલ ચાલતા અતિ તિવ્ર મતભેદો દૂર કરવા શ્રી સંઘે વીર્ય સ્ફુરાવવાની અતિ જરૂર છે.

તુટવાની રાહ જોયા કરવી તેના કરતાં ઉદ્યમ સેવવો એ વધારે શ્રેયસ્કર છે.

અયોગ્ય દીક્ષા પ્રેમીઓ સાવધાન.

ગામ બીવાઈ પોષ્ટ બરનાવા જીલ્લા મેરઠ યુ-પીનો રહીશ જાતે અગ્રવાલ વાણીયો નામ બનારસીદાસ, મુખ ઉપર માતાનાં ઝીણાં ઝીણાં ચાઠાં ઉમર લગભગ ચાલીશની, શરીરનો ન પાતળો ન જાડો ઘણે રથાને ઠગાઇ કરતો ફરે છે. માટે દરેક સાધુ-સાધ્વીએ તેમજ શ્રાવક શ્રાવિકાએ સાવધાન રહેવાની જરૂરત છે, ખાસ કરીને ગુરૂ બનવાની લાલસાવાળાએ તો વધારે સાવધાન રહેવાની જરૂરત છે. સાંભળવામાં આવેલ છે કે કંઈ ગુરૂ ધારણ કરી ચુકેલ છે. અને કંઇ ધારવાની અભિલાષા રાખે છે. મતલબ ઠગો કરવાનો દાવ સાધે છે, બીમાર પણ બની જાય છે. દેવતા-ભૂત વગેરેનો ઢોંગ પણ કરવામાં કસર કરે તેમ નથી. બે બે દિવસ ત્રણ ત્રણ દિવસ અચેત બેભાન પણ થઇ જાય છે. અયોગ્ય દીક્ષાના ભૂતાવળો આવા ઠગારાઓથી સાવધાન રહે. એજ ભાવના.

ખબરદાર.

અ.....વ.....ન.....વા.

આલમને ઓવારે—

—મૌલાના શૌકતઅલી વિલાયતની મુસાફરીયેથી આવ્યા બાદ પં. માલવીયાજી ફેડરેશન સંગઠ્ઠન અંગે વાટાઘાટ આગળ ચલાવવાનો ઇરાદો રાખે છે.

—મહાસભાના અધિવેશન વખતે પકડાયેલા બધા ડેલીકેટોને તેમજ શ્રીમતી નલીની સેનગુપ્તા વગેરેને છોડી મુકવામાં આવ્યા છે.

—મદ્રાસ પાસે તીરૂવન માળીની પવિત્ર ટેકરીની તળેટી આગળથી બેકારીની ખાતર આપઘાત કરેલા એક આખાયે કુટુંબના સાતે માણસોના કરૂણા ઉપજાવે તેવી સ્થિતિમાં શબો મળી આવ્યાં છે. મૃત શરીરોમાં ૧૯ અને ૧૫ વર્ષની ઉંમરના બે છોકરાઓ, ૧૫ અને ૧૨ વર્ષની ઉંમરની બે છોકરીઓ, એક ૧૮ મહીનાનું બાળક, પ્રૌઢ વયની એક સ્ત્રી દરેક દાતરડાથી કપાયલાં હતાં. સાતમું શબ એક પુખ્ત વયના મરદનું ઝાડ ઉપર લટકતું હતું. મરેલા માણસ પાસેથી મળી આવેલા કાગળમાં અતિશય ગરીબાઇના પરિણામે આખા કુટુંબે આપઘાત કર્યાનું જણાવ્યું હતું. હાય ગરીબાઇ !

—આખી દુનિયાનું મોટામાં મોટું અમેરીકાનું વીમાન (આકરોન) તુટી પડયું હતું, જેની અંદર ૧૯ અધિકારીઓ, ને સત્તાવાન માણસો, ૪ હેાદેદારો અને સબબાબંધ મુસાફરો હતા. આકરોન ઇ. સ. ૧૯૩૧ માં શરૂ કરવામાં આવ્યું હતું. અને તેની દશ લાખ ને પચે તેર હજાર પૌંડની કીંમત બેઠી હતી.

—મુંબઇના બાગમાંથી અત્યાર સુધીમાં ૧,૧૭,૯૭,૬૮૩૧૦ નું સોનું સીધાવ્યું છે.

—એવરેસ્ટ ઉપર બે વિમાનોએ ઉડન ક્રિયામાં ફતેહ મેળવી હતી. અને એ હાઉસ્ટનનો કાફલો ૩૫૦૦૦ ફીટની ઉચાઇએ પહોંચી ત્રણ કલાક ઉપર રહ્યો હતો.

સ્થાનીક—

શ્રી જૈન સ્વયં સેવકમંડળના આશ્રય નીચે વીરજયંતિ પાયધુની મહાવીર સ્વામીના દહેરાસરના ઉપાશ્રયમાં ઉજવવામાં આવશે.

અજમેર—સ્થા. કોન્ફરન્સમાં નામદાર લીંબડીના મહારાજા સાહેબ તથા નામદાર મોરબીના મહારાજા સાહેબ તરફથી પ્રતિનિધિઓ તેમજ સર પ્રભાશંકર પટ્ટણી અને પ્રતિષ્ઠિત પરોણા તેમજ જુદા જુદા ઠાકોરોને આમંત્રણ આપવામાં આવ્યા છે. (૨) ટ્રેનીંગ કોલેજના વિદ્યાર્થીઓનું સમેલન, સ્થા. યુવક પરિષદ, મહિલા પરિષદ અને શિક્ષણ પરિષદ ભરવામાં આવનાર છે. (૩) સ્થા. સાધુ સંમેલનનું કામકાજ શરૂ કરવામાં આવ્યું છે. ભવ્ય સરઘસ કાઢવામાં આવ્યું હતું, આ સંમેલનનું કાર્ય પંદર દીવસ ચાલશે.

આગ્રા—શ્રી અચલસિંહજી જૈન ને ૧ એપ્રીલે લખનૌ સેન્ટ્રલ જેલમાંથી મુકત કરવામાં આવ્યા છે. તેઓની તબીયત બીમાર છે.

નાગપુર—શેઠ પુનમચંદજી રાંકાને જેલમાં બળજબરીથી ખોરાક આપવામાં આવે છે. સ્ત્રીઓની જેલના ડોકટરે ખંડવા જેલના ડોકટરને આ પ્રમાણે ખોરાક આપવાનું ચાલુ રાખવાની સલાહ આપી છે. આજે તેમના ઉપવાસનો ૩૪ મો દિવસ છે. બધું મળી તેમણે ૫૦ રતલ વજન ગુમાવ્યું છે.

સુરત—નગીનચંદ હોલમાં શ્રીનંદનાથ કેદારનાથ દિક્ષીતના અધ્યક્ષપણા નીચે વિરજયંતિ ઉજવવામાં આવશે. જે વખતે પંડિત દરબારી લાલજી, પ્રોફેસર મોહનલાલ પાર્વતીશંકર દવે વિગેરે વકતાઓ વિવેચન કરશે.

વાંકલી (મારવાડ) આચાર્યશ્રી વિજય વલ્લભસુરિજી બાડમેર, વાંકુડા, જલોર, ઉમેદપુર, વિગેરે સ્થળોએ વિહાર કરતાં પધાર્યા હતા. ઠેકાણે ઠેકાણે તેમનું અપૂર્વ સ્વાગત કરવામાં આવ્યુ હતું, દરેક જગ્યાએ ધર્મ દેશના વખતે અન્ય ધર્મીઓએ પણ વ્યાખ્યાનોનો સારો લાભ લીધો હતો. વાંકલી ગામમાં ચૌદ વર્ષથી ચાલી આવતો ઝગડો અથાગ પરિશ્રમ લઇને મહારાજજીએ પતાવ્યો અને સુમેહસંપ કર્યો, ઝગડાખોર સાધુઓ આમાંથી કોઇ મેળવશે ? મહારાજશ્રી શીવગંજ થઇ ફાગણ સુદ ૨ ના રોજ જામણવાડજી આવી પહોંચ્યા છે.

બાલી (મારવાડ) એક વર્ષની બાળાનો પીસ્તાલીસ વર્ષ ઉમરના બુઢ્ઢા જોડે ૪૧૦૦૦ ની મોટી રકમથી સોદો થયાનું સંભળાય છે યુવાનો આ સંબંધમાં કંઇ કરશે કે ?

બેરાળુ—મોહનલાલજી મહારાજના પટ્ટધર પ્રવર્તક કાન્તિ મુનીજી ચૈત્રસુદ બીજના દીવસે કાળ ધર્મ પામ્યા છે.

વડોદરા—મુનિરાજશ્રી વિદ્યાવિજયજી દશમે વડોદરા પહોંચ્યા અને તેમનું અપૂર્વ સ્વાગત વડોદરાના સંઘે કર્યું હતું.

દીલ્હી—થોડા વખત પર સાત વર્ષની એક બાળાએ પુરે પુરા નવ મહીને એક બાળાને જન્મ આપ્યો હતો. જન્મ વખતે બાળકનું વજન ચાર પૌંડનું હતું. બાળક માતા ઉછેરી રહી છે. બે માસ પછી બાળકનું વજન છ પૌંડ જેટલું થયું છે.

અમદાવાદ—ધોરના ચતરા લક્ષ્મણની કેસર નામની છોકરીને ફોસલાવી લાવી અમદાવાદમાં લુણસાવડામાં રહેતા ઓસવાળ વાણીયા સકરચંદ કસ્તુરચંદ મલીચંદ સાથે રૂા. ૬૦૦ લઇ પરણાવવા માટે, રૂખમલ બળદેવ નામનો ધસમ પકડાયો છે કેસર ચમાર હોવાનું કહેવાય છે. (૨) મીલમાલીક મંડળીની નવી સાલનાં ઉપ-પ્રમુખ તરીકે શેઠ કસ્તુરભાઈ લાલભાઈ ચુંટાયા છે.

ભાવનગરથી—એક ભાઇ લખી જણાવે છે કે મોહન સુરિના શિષ્ય પ્રિતિવિજય સંબંધમાં આવેલું લખાણ અસત્ય છે. પ્રિતિવજયજીને મોહનસુરિથી જુદા પડવાનું ખાસ કારણ તેમને સ્ત્રીઓનો પરિચય બહુ છે, તે છે. હજુ તેમણે તે પરિચય છોડયો નથી. આમણે તદ્દન રાખ્યો નથી. વળી તેઓ એકલા વિચરતા પણ નથી અને બે શિષ્યો સાથે રાખે છે.

—વાંચકોને —

તમારા ગામના વિશ્વાસુ સમાચારો સાફ અક્ષરે લખી મોકલો.

વ્યવસ્થાપક, પ્રબુદ્ધ જૈન.

भगवान महावीर और युवकोंका कर्त्तव्य.

ले.पंडित दरबारीलालजी न्यायतीर्थ.

भगवान महावीर का जीवन एक महान् क्रान्तिकारी का जीवन है. भगवान की क्रान्ति सफळ हुइ, क्यों की वे तीर्थंकर थे अथवा ये कहना चाहिए की वे तीथकर थे इस लीये उनकी क्रान्ति सफळ हुइ. प्रत्येक तीर्थकर का जीवन एक महान क्रान्तिकारी का जीवन होता है, अगर हम तीर्थंकर के उपासक हैं तो इसका अर्थ यह हुवा कि हम एक महान क्रान्तिकारी के उपासक हैं. इसीलीये हमे क्रान्तिका सदा स्वागत करना चाहिए, भर जवानीमें भगवान महावीरने क्रान्तिका बीडा उठाया, और इसीकेलीये उनने गृह त्याग कीया. बारा वर्ष तपश्चर्या करके उनने सफळता प्राप्त की, भगवानके युवावस्थाके अदम्य उत्साहके सामने संसारके विघ्नों और प्रलोभनोंने शीर झुका दीये. भगवानकी विजय हुइ. इसीसे वे जिन कहलाइ. भगवान महावीर भगवान पार्श्वनाथके अनुयायी थे, इतने पर भी उनने भगवान पार्श्वनाथके तीर्थके नीयमोको बदल दीया. क्योंकी उस समय क्रान्तिकी आवश्यकता थी. खूब शिथिलाचार बढ गया था. अनेकांत को लोग भूल गये थे, उसकी जगह पर एकांत स्थापनकर रहा था, संघकी व्याख्या भष्टप्रायः हो गइ थी, श्रावक और साधुओंका संबंध तूट गया था, स्त्रीयोकी कोइ आवाज नहीं थी, वर्ग युद्ध भयानक अट्टहास्य पर पहोंच गया था. चारोतरफ अन्याय, अत्याचार और अशान्तिका साम्राज्य था. इस अंधकार के भीतर हम जोस ज्योतिर्मय मूर्तिका दर्शन करते हय वह भगवान महावीरकी मूर्ति थी उसके प्रकाशसें सब चमक उठे.

भगवानने शिथिलाचारको रोक कर साधुओंको सचा साधु बनाया. साधु संघकी सुव्यवस्था के साथ साध्वी संघ, श्रावक संघ, श्राविका संघ की रचना की. स्त्रीयों और शुद्रोंको मनुष्यत्वके अधिकार दीये. वर्ग युद्धको हठाया, इस प्रकार नवयुग ला दीया.

ढाइ हजार वर्ष वीत गये अनेक संस्कृतियां पैदा हुइ. और नष्ट हो गइ. किन्तु वे अपनी कुछ न कुछ असर छोड गइ. काल के इन प्रबळ परमाणुओनें कहींकी चीज को कहीं कर दीया. इस लीये यह मंजुर नहीं था की भगवान महावीर के द्वारा प्रज्वलीत की हुइ क्रान्तिपर इसका कुछ प्रभाव न पडता, वह पडा. और ढाइ हजार वर्षके उत्थान पतन के बाद हम इस परिस्थितिमें आ गये हैं की भगवान महावीर के द्वारा प्रज्वलित की गइ क्रान्तिका स्फुलंग लेकर फिर क्रान्तिकी धूम मचाकर यौवनका परिचय दें.

जीन विकट समस्यायोंको पूर्ण करने के लीये भगवानने क्रान्तिका बीडा उठाया वे अबभी खडी है और उस समयसें भी बुरे रुपमें खडी हे. आज साधु समाजकी अव्यवस्था उस समयसें कइ गुणी अधिक है. वे भगवान महावीर के नामपर हो भगवान महावीरके आदर्श जीवनकों सक्रिय तिरस्कार करतें हे. आज वर्ग युद्धके साथ ही वर्गोंकी संख्या अगणीत हो गइ है, युद्धके कारणोकी संख्या बी वड गइ है, वैधव्यकी ओडमें स्त्रीओपर अत्याचार हों रहे है इसी लीये यह आवश्यक हे की हममेंसे कोइ महावीर बने, यदि नहि, संभव नहीं हे तो युवकोंको भगवान महावीरके जीवनका अनुकरण करना चाहीयें, एक व्यक्ति आज महावीरका कार्य नहीं कर सकती तो हम सब मीलकर अवश्य ही वह कार्य कर सकते हें 'संघे शक्तिः कलौ युगे ' अर्थात् कलिकालमें शक्ति संघमें होती हे, आज इश्वरता और दिव्यता संघमें अवश्य होती हे, युवको ! समय आ गया हे उठो ! काम पडा हे. संगठित बनो, निर्भय बनो, बिचारक बनो. सत्यके लीये मर मीटनेकी शक्ति पैदा करों अर्थात सब मिलकर महावीर बनो. यही महावीर जयंतिका मनाना हे यह मगवान महावीरकी सच्ची पूजा है ।

પંદર વર્ષે પ્રીવી કાઉન્સીલના ચુકાદાથી આવેલો અંત.

અમદાવાદ, તા૦ ૨

લગભગ પંદર વર્ષને અંતે સમેત શિખરની જાણીતી પારસનાથની ટેકરીના સંબંધમાં શ્વેતામ્બર અને દીગમ્બર જૈનો વચ્ચે જે ઝઘડો ચાલતો હતો તેનો અંત પંદર વર્ષ સુધી જુદી જુદી કોર્ટોમાં લઢ્યા પછી પ્રીવી કાઉન્સીલમાં શ્વેતામ્બર જૈનના લાભમાં આવ્યો છે.

બંગાળમાં આવેલી પારસનાથની ટેકરી પાલગંજના મહારાજાની મીલ્કત હતી. અને તે જપ્તીમાં હતી. દીગમ્બરોએ તે જપ્તી છોડાવી બંગાળના તે વખતના લેફ્. ગવર્નરની મારફતે કાયમી પટે લીધી હતી. આ સામે શ્વેતામ્બર જૈનોએ તે વખતના વાઇસરોયને અરજ કરી હતી અને તેમણે ઠેરવ્યું હતું કે લેફ્. ગવર્નરને ટેકરી કાયમી ભાડે આપવાની સત્તા ન હતી. અને પ્રથમ હક્ક શ્વેતામ્બર જૈનોનો હતો. આથી શ્વેતામ્બરોએ એ ટેકરી પાલગંજના મહારાજાના વહીવટદારો પાસેથી રૂા. સાડા ત્રણ લાખમાં વેચાતી લીધી હતી. પાછળથી એ વેચાણ ખત રદ કરવાને પાલગંજ મહારાજાએ હુન્દરી બાગની કોર્ટમાં દાવો કર્યો હતો પરન્તુ એ દાવો કોર્ટે રદ કર્યો હતો અને વેચાણ કાયમ રાખ્યું હતું આ ઉપર પટણા હાઇકોર્ટમાં અપીલ કરવામાં આવતાં તે રદ થઇ હતી. તે પછી પ્રીવી કાઉન્સીલમાં અપીલ કરવામાં આવી હતી અને પ્રી૦ કાઉન્સીલે હમણાં જ ચુકાદો આપી હાઇ કોર્ટનો ચુકાદો કાયમ રાખ્યો છે. એટલે શ્વેતામ્બર જૈનોએ ખરીદેલી ટેકરી ઉપર તેમનો હક્ક કાયમ રહ્યો છે અને વેચાણ રદ થઇ શકયું નથી.

આ કેસનો ચુકાદો હીન્દુસ્તાનના શ્વેતામ્બર જૈનોને ઘણો અગત્યનો છે. કેસમાં પ્રતીવાદી તરીકે અત્રેની આણંદજી કલ્યાણજીની પેઢીના શેઠ કસ્તુરભાઇ મણીભાઇ હતા, અને પહેલેથી છેક છેલ્લે સુધી આ કેસને પંદર વર્ષ થયાં છે.

हिन्दी विभाग.

—श्री महावीर जयन्ती और जैनोंके कर्तव्य—

(ले. पं. विद्यालंकार यतिवर्य्य श्री हीराचंद्रजी महाराज, मु. काशी.)

चरम तीर्थंकर शासन नायक प्रभु महावीरस्वामी का पवित्र जन्म दिन किन को नही आल्हादकारी होगा? जैन संसार में इस प्रसंग पर आनंद उत्साह धार्मिक भावनाये सर्वत्र सर्व नगर गामो में फलेगी, और संघटित होकर वीर जयन्ती उजवी जायगी, प्रभुवीर हीकि एक जयन्ती उत्सव है जिस में सर्व जैन संप्रदाय प्रभुवीर ही को अपना प्राचीन आदर्श समझते है, और उन्ही के प्रणीत आगम उपदेशो को श्रद्धा के साथ धारण करते है. वीर जयन्ती ही जैनो के लिए प्राचीन प्रसंग है जिस में सर्व जैन संप्रदायों की एक सरीखी भक्ति और पूज्य भावपूर्वक संप्रदायिक भेद प्रभेदों को भूल कर एक जगह एकत्रित होते है, जैन मात्र प्रभु वीर पर अनन्य श्रद्धा भक्ति रखता है. क्यों न हो, प्रभु वीर का जन्म ही ऐसा है कि त्रिलोक के जीवों को शान्ति प्राप्त होती है, जिस परम कारुण्य निधि भगवान् महावीर ने त्रिलोक के बन्दनीय पूजनीय सर्वदर्शी हो करके भी विश्वहित के लिये अन्तिम निर्वाण के समयमे भी १६ प्रहर की देशना दी, जडवाद में लुब्ध अज्ञानी जीवों को आत्मानुभव, आत्मस्वातंत्र का अनुभव कराया, चार गति ८४ लक्ष जीवायोनिरूप भवचक्र से अनेक आत्माओं को मुक्तिपद प्राप्त कराया, अनंत जन्म जरा मरण आधि व्याधि उपाधि दुःखों से पीडित आत्माओं को सदुपदेश द्वारा संयमी सदाचारी तपस्वी त्यागी बना कर सदा के लिये अनंत ज्ञान, अनंत दर्शन, अनंत सुख, अनंत पराक्रमरूप आत्मशुद्धि के भोक्ता बन दिये विश्वप्रेममय अहिंसा, सत्य और सदाचार का उपदेश देकर सम्राट्, चक्रवर्ती, राजा महाराजा, शेठ, साहुकार से लेकर यावत् गरीब से गरीब प्राणियों का समभाव से कल्याण किया, गुण कर्म पर स्थापित चारो वर्ण व्यवस्था को कुगुरुओने स्वार्थ सिद्ध के लिये अपने प्रभुत्व को टिकाय रखने की लालसा के वशीभूत होकर जन्मतः ज्ञातिवाद को स्थापित कर जप, तप, आदि धर्मानुष्ठान के अधिकारी ब्राह्मण ही हो सकता शास्त्रादिक का पठन पाठनादि कार्य ब्राह्मण ही कर सकते अन्य इस के अधिकारी नही हो सकते. यदि करें तो अधर्म और घोर पाप होता है, इस पाखंड को तोडकर चारों वर्णोकी व्यवस्था गुण कर्म पर फिरसे निर्धारित कर त्राणीमात्र के लिये प्रभुवीर ने धर्मशासनके द्वार खोल दिये. प्रभुवीर नेउ पदेश मात्र देकर के ही इति कर्तव्यता नहीं करी, किन्तु यथार्थ में उसका पालन में लीया. वर्णाश्रम की मायावी जाल को तोडकर चतुर्विध जैन संघ रूप तीर्थ की स्थापना कर गृहथो के लिये द्वादशव्रत रूप श्रावक धर्म और साधुओ को पंचमहाव्रत रूप १७ तरह का संयम धर्म का उपदेश देकर आध्यात्मिक राष्ट्रिय, सामाजिक, नैतिक, शारिरिक आदि सर्व दृष्टियो से मनुष्योका कल्याण किया, गृहस्थो का सम्यक्त्व मूल द्वादशव्रत का यथार्थ मनन करने से उपरोक्त विषय के ठीक समझमे आ सकता है, गुण कर्म, और सदाचार पर ही इस तीर्थ का महत्व है, चतुर्विध जैन संघ रूप तीर्थ की सत्संगती से अनेक जीवो का कल्याण हुआ है. ४ गति ८४ लक्ष जीवायोनि के प्राणियों को यही तीर्थ आधार है. इस परसे समझ सकते है कि प्रभुवीरने स्त्री पुरुषो को सुसंय भी बना कर जगत का अनन्य उपकार किया है. इन्द्रभूति आदि प्रखर विद्वान् ब्राह्मणोने, श्रेणिक कौणिक चेडा, उदायन आदि क्षत्रिय राजा महाराजाओने, जंबु, धन्ना, शालिभद्र, आदि वैश्य महाजनोने, मैतार्य चित्र, संभूति, हरिकेशी, दृढप्रहारी ऐसे अस्पृश्यों को और आर्द्रककुमर सरिखे यवनोंको इसी पवित्र जैन संस्कृतिके छत्र तल नीचे आने पर पवित्र भागवती दीक्षा के अधिकारी होकर जगत पर महान् धर्माचार्य का काम करके कितनेही सिद्ध बुद्ध हो गये कितनेक भवान्तरो में सिद्धबुद्ध हो गये देवताओको भी वंदनीय पूजनीय और स्तवनीय हो गये. मनुष्यों को पूजनीय हो इस में आश्चर्य ही क्या है? यह सर्व विषय उत्तराध्ययन सूत्र में स्पष्ट चर्चा गया है. इस पर से वीर शासन का ध्येय क्या है यह प्रत्येक को स्पष्ट समझ में आ सकता है. तीर्थंकर नाम कर्म भी "सब जीव करुं शासनरसी ऐसी भावदया मन उल्लसी" इस तरह की आदर्श विशाल भावदया के कारण ही से बंधता है, तीर्थंकर नाम कर्म उदय आने पर समवसरण में १२ परखदाओं के द्वार सभी वर्णो के मनुष्य देव तीर्यंचो, तक के लिये खुले रहते है, समभाव से विश्व कल्याण का उपदेश तीर्थंकर देव करते है, इसी से "जैन धर्म" विश्व धर्म हो, सकता है जैन शासन के इस आदर्श को आज जैन संघ कहां तक भूल गया है यही इस प्रसंग पर लक्ष्य में लेनेका है.

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩ માં છાપ્યું છે. અને ગોકલદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

અર્થ વગરનો શિલાલેખ.

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બળવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

તંત્રીઃ રતિલાલ ચીમનલાલ ડોઢારી. | સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦ | વર્ષ ૨ જું, અંક ૨૫ મો. | શનીવાર, તા૦ ૨૨-૪-૩૩.

ઝેર કે અમૃત ?

આજનું સામ્યવાદી રૂશીયા પોકારે છે–

"ધર્મ એ માનવજાતને માટે ઝેર છે."

તેણે જોયું કે–

"માણસજાતને સત્યવાદી, પ્રમાણીક અને નમ્ર બનાવવામાં ધર્મ, ગુઢ તત્વજ્ઞાન રૂપી બોજો, પૂજા, પ્રાર્થના, દેવળો, મંદિરો વિગેરે નિષ્ફળ નીવડયાં છે"

અને એ નગ્ન સત્ય ઉચ્ચાર્યું.

"જગતના સર્વ ધર્મોના ઇતિહાસ તપાસો. તેના પાને પાને એ મહા સત્ય મળી આવશે. તમે જોશો કે ધર્મ એ, જુલમ, ચૂસણનીતિ, અસમાનતા અને માનવ-ગુલામીનું મોટામાં મોટું હથિયાર બન્યું છે."

આજે પણ શું છે ?

"આજે ધર્મ આપણી સમક્ષ રૂદ્રરૂપ ધારણ કરી માનવ કલ્યાણના તાંડવ નૃત્ય પર અટ્ટહાસ્ય કરતો ઉભો છે. મનુષ્યે જેટલા જેટલા ધર્મો સ્થાપ્યા છે, તે બધાય માનવ વિકાસની આડે આવ્યા છે. આજ એના નાશનું કારણ છે. આજનો યુવાન જાગ્યો છે. ધર્મનાં વિષને ઢોળી નાંખે છે"

આવતી કાલે 'ધર્મ' નામપર પ્રલયના પૂર ફરી વળે તે પહેલાં ધર્મને કરૂણ અને કુદરતી વિનાશમાંથી બચાવવાની તમન્નાવાળા જૈન યુવાનો જાગે! મુઠ્ઠીભર સ્વાર્થ લોલુપ વ્યક્તિ-ઓએ ધર્મને નામે સમાજને પાયેલા ઝેર ઉતારે અને જગતને પડકારે કે–

"ધર્મ એ અમૃત છે."

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चवस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥
(આચારાંગ સૂત્ર.)

પ્રબુદ્ધ જૈન.

શનીવાર, તા૦ ૨૨-૪-૩૩.

અર્થ વગરનો શિલાલેખ.

કદંબગિરિ ઓદ્વાના નેસમાં નવા બંધાયેલા જીનાલયનો એક શિલા લેખ હાલમાં બહાર આવ્યો છે મંદિરો અને તીર્થોમાં ઇતિહાસ જાળવી રાખવામાં શિલા લેખો, તામ્રપત્રો અને મુદ્રાઓએ ઘણો મોટો ભાગ ભજવ્યો છે. ઇતિહાસની ટુટતી કડીઓ આ પ્રાચીન શિલાલેખો વિગેરેએ જ જોડી દીધી છે. પરંતુ હજી તો ગઇ કાલેજ બંધાયેલા ઓદ્વાનાનેસના જીનાલયમાં જે શિલાલેખ કોતરાવીને મુકવામાં આવ્યો છે તે આજ સુધીના બધા શિલાલેખો કરતાં જુદીજ કોટીનો છે એમ કહ્યા વિના નથી ચાલતું. બીજા શિલાલેખો મદ મૃદુ સ્વરમાં ઇતિહાસ કયા ઉચ્ચારતા હોય છે ત્યારે કદંબગિરિનો આ શિલાલેખ એના અક્ષરે અક્ષરે પોતાના સ્વામીના હુંપદ અને અભિમાન ઉચ્ચારતો હોય એમ લાગે છે. ખરૂં જોતાં એ શિલાલેખજ નથી. અભિમાન અને વૈભવ જાણે કે અર્થ વગરની વાણી વદે છે.

ટુંકામાં શિલાલેખનો સાર આ પ્રમાણે છે :—

"શ્રી વિજયનેમીસૂરીશ્વરજીના સદુપદેશથી આ જાવન જીનાલય તથા દેરીઓ વિગેરે શ્વે. મૂ. તપાગચ્છીય શ્રાવકોએ બંધાવ્યું છે. નીચેની તથા ઉપરની તમામ જમીનો તપાગચ્છીય જુદા જુદા શ્રાવકોના નામથી વેચાણ લીધેલી છે. જીવનદાસ ધર્મદાસ નામની કલ્પિત પેઢી, એ બધાનો વહીવટ કરશે અને તેનુંજ અધિપતિપણું રહેશે પ્રતિનિધિઓ તપાગચ્છના જ શ્રાવકો થશે. તપાગચ્છની ક્રિયા કરનાર તથા તપાગચ્છની પૂર્ણ શ્રદ્ધાવાળા હશે તેને તપાગચ્છના ગણવામાં આવશે. દેરાસરો, ધર્મશાળા, કુંડો વિસામા વગેરે પેઢીની ખાનગી મિલ્કત રહેશે. અસ્પૃશ્ય જાતિનાં કોઇને મંદિરમાં પ્રવેશ કરવાનો હકક નથી. કોઇ પણ પ્રતિનિધિને કોઇ પણ કાળે પુરાતન કાળથી આજ સુધી ચાલી આવેલી જૈન લોકોની પ્રણાલિકાથી વિરૂદ્ધ વર્તવા દેવાનો હકક નથી, અને નવો વિચાર કરનાર કોઇ નીકળે તો તેજ ટાઇમે તેને પ્રતિનિધિપણાથી રદ સમજવો."

શિલાલેખમાંની ઝીણવટ અને ચોકસાઇ ઘડીભર માન ઉપજાવે, પરંતુ બહુ ઝીણવટ કરવા જતાં અંદરથી આખો આત્મા અથવા અર્થજ ઉડી જવા પામ્યો છે. એ જોયા પછી શિલાલેખના સ્વામીને પણ ખેદ થયા વિના નહીં રહે. પહેલી વાત સૂરિશ્વરજીના નામ આગળ અને પાછળ વપરાએલા વિશેષણોની હારમાળા અમારે મન બહુ મહત્વની નથી સૂરિશ્વરજી તો જૈન સમાજના એક પ્રતિષ્ઠિત અને ધુરંધર પુરૂષ છે, પણ આજે તો એક બાળકોથીનો નહાનો નિશાળીયો પણ પોતાના નામ આગળ મન પસંદ ઉપાધિઓ ઉમેરી શકે છે, કારણ કે એ ઉપાધિઓનો કાંઇ અર્થજ નથી રહ્યો. જુના કાગળ–પત્રોમાં "સ્વસ્તિ શ્રી થી" શરૂ થતા અને "પૂજ્યારાધ્યે સર્વ શુભોપમા લાયક શ્રી" પાસે પુરા થતાં વિશેષણો કરતાં આ ઉપાધિઓ જરાયે વધુ મહત્વવાળી નથી.

વહીવટને અર્થે એકાદિ પેઢી ઉપજાવવી પડે એ સમજી શકાય, પણ વહીવટદારને "અધિપતિ" બનતી એસવાનો શું હકક મળી જતો હશે તે નથી સમજાતું. વહીવટદાર એટલેજ અધિપતિ અને માલેક એવો જો અર્થ કરવામાં આવે તો અમે માનીએ છીએ કે દુનિયાના બધા તંત્રો ઉલટ–પાલટ થયા વિના ન રહે. બહુ ચોકસાઇ કરવા જતાં આખું કલેવર નિષ્પ્રાણ શી રીતે બની જાય તેનો આ એક નમુનો છે.

પ્રતિનિધિઓ તપાગચ્છના જ રહેશે એ વાત ઠીક છે; પણ એ પ્રતિનિધિ તપાગચ્છની ક્રિયા કરતો હશે અને તપગચ્છની શ્રદ્ધા પૂર્ણ પણે ધરાવતો હશે કે કેમ એ નકકી કરવા એકાદા નવીન યંત્રની શોધ થવી જોઇએ. "એકસ–રે" વડે જેમ શરીરના અંદરના ભાગની તસ્વીર લઇ શકાય છે તેમ પૂર્ણ શ્રદ્ધાની તસ્વીર ઉતારવાનું યંત્ર મળી આવે તોજ પ્રતિનિધિની પસંદગી કરવામાં કંઇક અનુકુળતા મળે, બાકી તો ક્રિયા અને શ્રદ્ધા એ બન્ને અહીં અર્થ વગરનાં છે.

તપાગચ્છના જુદા જુદા શ્રાવકોએ ખરીદેલાં મકાનો, જમીન વગેરેને પેઢીની ખાનગી મિલ્કત ગણાવવી એ પરસ્પર વિરૂધ્ધ વાત છે. પેઢી પોતેજ એક જાહેર સંસ્થા છે. તે સમાજને જવાબદાર છે. શિલાલેખમાં "ખાનગી સંસ્થા" જેવા અક્ષરો ઉમેરવાથી એ પોતાની ગંભીર જવાબદારીમાંથી રજ માત્ર પણ છટકી શકતી નથી. એ આ શિલાલેખના સર્જકે સમજી લેવાની જરૂર હતી રાજમાં પણ રાજની ખાનગી સંસ્થા નથી રહ્યાં, તો સમાજના આશ્રય અને ટ્રસ્ટથી પોષાતી સંસ્થા છેક બીનજવાબદાર અને ખાનગી શી રીતે રહી શકે ? એ એક પ્રકારની મુસદ્દીગીરી હોય તો પણ એનો કાંઇ ખાસ અર્થ નથી.

અંત્યજોની આભડછેટે તો શિલાલેખની મર્યાદાનો ઉઘાડો ભંગ કર્યો છે, અંત્યજ અને ઉચ્ચ કોમના ભેદ ભૂલાતા જાય છે. જૈન અને બૌધ્ધ દર્શને એક કાળે જગતને એજ સ્વર્ગીય સંદેશ સંભળાવ્યો હતો. એજ દર્શનના એક ધુરંધર આચાર્ય શિલાલેખની સહાયથી અંત્યજો પ્રત્યેનો અભાવ દર્શાવે એને કાળની લીલા સિવાય બીજું શું કહીએ ? બાકી રહી "પુરાતન કાળથી ચાલી આવતી પ્રણાલિકા" ની વાત પ્રણાલિકા માત્ર પુરાતન કાળથી એકધારી વહી આવી હોય એમ હમેશા નથી બનતું એકજ પ્રણાલિકાના અનેકવાર નવા અવતાર થયા છે અને થાય છે. પ્રતિનિધિઓને પુરાતન કાળની પ્રણાલિકાનો નિર્ણય કરવામાં અનેકવિધ વિઘ્નો નડશે. પણ અહિ તો નવો વિચાર સરખો કરનારને પણ પ્રતિનિધિના પદેથી હડસેલી કેઢા નાખી દેવાની સત્તા સમાયેલી છે. પ્રતિનિધિઓ પોતે એક વાર આ સંસ્થાના અધિપતિ હોવાનું કહે છે, સંસ્થા ખાનગી હોવાનો એકરાર કરે છે, છતાં બીજીજ ઘડીએ જાણે ગુલામી દસ્તાવેજ ઉપર સહી કરતા હોય તેમ પોતેજ પોતાની પામરતાની બાંગ પુકારે છે, પુરાતન કાળની પરંપરાનો નિર્ણય

વિધવા બ્હેન જડાવની કરૂણ કથની તમારા હૃદયને અશ્રુપાત કરાવશે

ભ્રષ્ટાચારીઓની ભઠ્ઠીમાં.

સાધુનો અનાચાર સાધ્વીનું વેચાણ નકલી માબાપ રોમાંચક સત્ય ઘટના.

(અમારા ખાસ પ્રતિનિધિ દ્વારા)

[આ કથની કાલ્પનીક કે સીનેમા નાટકના તકતાપર ભજવાતા નાટક જેવી નથી તેમ નવલકથાની વાર્તા પણ નથી; પણ સમાજની સડેલી કુપ્રથાથી, તેમજ ધર્મના કહેવાતા ઠેકેદારોની હવસખોરીથી બેહાલ થયેલ વિધવા બ્હેન જડાવની સત્ય ઘટનાવાળી અશ્રુ કથા છે. આ આખીએ ઘટનાના ભણકારા અમારી ઓફીસમાં એક વર્ષ પહેલાં અર્ધ દગ્ધ રીતે મળ્યા. તેની પાછળ સતત તપાસો કરી, પરંતુ આખીએ ઘટના દાબી દેવામાં પાવરધા બનેલા અંધ ભક્તોએ અંધારામાં રાખી હતી. વિગતોના અભાવે એ બહાર પડી શકી નહોતી, આખરે બામણવાડામાં બનવાના પ્રસંગોનો અભ્યાસ કરવા તેમજ સમાચારો મેળવવા અમારી તરફથી પ્રતિનિધિઓ ગયેલા, તેઓને રસ્તામાં આબુ રોડ સ્ટેશનથી બામણવાડ જતાં કેટલાક ભાઇઓ મળ્યા. તેમની પાસેથી મળેલી અનેક વાતોના દોહનમાંથી જેની એક વર્ષથી અમે શોધમાં હતા તે સાધ્વીના વેચાણની કલંક કથા, શીરોહીના એક સમાજ સુધારક ભાઇએ (જેટલી ખબર હતી તેટલા પ્રમાણમાં) દુઃખી હૃદયે કહી. અને એ ઉપરથી અમારા પ્રતિનિધિઓએ ખાસ ખરેડી જઈ બાઇને રૂબરૂ મળીને જે હકીકત મેળવી છે તે રજુ કરીએ છીએ.

તંત્રી.]

મારવાડી બંધુએ કહેલી કથનીથી વાકેફગાર થવાની તિવ્ર ઇચ્છાએ મન ખરેડી તરફ દોડતું હતું; પરંતુ ગાડી તો કાળી નાગણની પેઠે સુસવાટા કરતી બામણવાડા તરફ દોડી રહી હતી. એટલે મનને મનાવી બામણવાડે પહોંચ્યા. ત્યાંનું કામ પુરૂં થયે ખરેડી ઉતરી અમારા અંતરની વિહ્વળ વેદના પુરી કરવા, અનેક તપાસો ચલાવી અને કેટલાક ભાઇઓને પુછપાછ કરવા છતાં દાદ ન મળી. આખરે ધર્મશાળાના એક માણસ દ્વારા બ્હેન જડાવના સ્થળની માહેતી મેળવી મુસ્લીમ લત્તાની એક ખુણાની નાનીશી ઓરડીમાં પહોંચ્યા, ત્યાં બ્હેન જડાવ ફાટેલી તુટેલી ગંદી કાથા જેવી ગોદડીમાં વિશ્રામ લેવા પડી હતી. ઓરડીની અંદર પાંચ-સાત માટીના વાસણો અસ્તવ્યસ્ત સ્થિતિમાં પડયાં હતાં. અમે ઓરડીમાં પગ મુકયો કે, એ બાઇ બેઠી થઇ, અને અમને બેસવા માટે નહાનો શો કોથળો આપ્યો, જેના ઉપર અમે બેઠક લીધી અને ગોઠવાયા. ગરીબાઇ અને દુઃખથી પીડાતી આ બાઇ વીસ વર્ષની હોવા છતાં ત્રીસથી પાંત્રીસની લાગતી. શરૂઆત કરવાના વિચારે અમને બે મીનીટ મૌન રાખ્યા. આખરે અમે મૌન તોડયું અને બ્હેનને પૂછયું:

"બ્હેન ! તમે કોણ છો ? "

બાઇએ બેપરવાઈ અને શરમથી અમારી સામે જોયું, ત્યાં જવાબ ન આપવાની તેની ઇચ્છા દેખાઇ. છતાં તેણે કહ્યું:

"તમારે શું કામ છે ? "

બ્હેન ! અમારે કશુંયે કામ નથી, પરંતુ તમારા વિષે કંઇક જાણવા મળ્યું છે. એટલે વિશેષ જાણીને તમને સુરક્ષિત બનાવવા તેમ બનતી મદદ કરવાના હેતુથી તમારા પાસે આવ્યા છીએ.

આથી બાઇને પોતાના દિલની વાત કરવાની ઇચ્છા થઇ હોય તેમ જણાયું. તેણે દુઃખ ભર્યો અવાજે અને ગદ્‌ગદીત કંઠે કહ્યું: "ભાઇ તમારે એ વાત સાંભળીને શું કામ છે ? છોડી દો એ વાતને ! યાદ કરવામાં કંઈ માલ નથી ! તમે તમારા કામે ચાલ્યા જાઓ ? "

" બ્હેન ! અમે મુંબઇથી આવીએ છીએ અને બામણવાડે સંમેલનમાં ગયા હતા. ત્યાં તમારા વિષે કંઇક સાંભળેલું તેથી અહિં ઉતર્યા છીએ."

આથી તેને કંઇક વિશ્વાસ બેઠો, અને પોતાના હૃદયની વેદના ખાલી કરવાની તક લાગવાથી અમે ફેર પ્રશ્નો પૂછવા માંડયા.

"બ્હેન ! ફેસરવિજયના સંઘાડાના હીરાશ્રી તેમજ ધનરૂપ-વિજય નામના સાધુને ઓળખો છો ? "

કમકમતા અંતરે જવાબ આપ્યો, " હા ભાઇ. "

" બ્હેન, સાદડીવાળા રૂષભદાસ સરદારમલને ઓળખો છો.? "

" હા ભાઇ. "

આ બેજ પ્રશ્નોના જવાબ આપતાં તેની આંખમાં ઝળ-ઝળીયાં આવી ગયાં. અને તેના અંતરમાં છુપાયેલી મનોવ્યથા, અમારા પ્રત્યે બેઠેલા વિશ્વાસે, તેનું મુખ ઉઘાડી નાંખ્યું અને ભીની આંખે તેણીએ પોતાની કરૂણ કથા કહેવી શરૂ કરી.

" દક્ષિણ મહારાષ્ટ્રમાં પુનાથી પચાસ માઇલ છેટે **જુન્નેર** ગામ છે, જે શિવાજી મહારાજની જન્મભૂમિ તરીકે ઓળખાય છે. તે જુન્નેરથી આઠ દશ માઇલ છેટે **"ઘુલેદુ હીમરૂ"** નામના ગામમાં જૈન ધર્મ પાળતા વીસા ઓસવાળને ત્યાં હું જન્મી, મારૂં નામ જડાવ પાડયું. મને યાદ નથી આવતું તેવા બચપણમાં અમારા ગામથી થોડે છેટેના એક ગામમાં મારા બાપે મને પરણાવી દીધી. હું પરણ્યા પછી સાસરે પણ ગઇ નથી. જે છોકરા સાથે મને પરણાવેલી તે છોકરો થોડા વખત પછી મરણ પામ્યો. એટલે તેર વર્ષની ઉંમરે વિધવા થઇ. અને આપણા સમાજમાં વિધવા માટે જે સ્થાન છે, તે સ્થાને મારી આ દશા કરી. આવી રીતે તો મારા જેવી કેટલીએ દુઃખી જૈન બ્હેનોની મારા દેખતાં જીંદગીઓ બરબાદ થઇ છે,

---

કરવા સૂરિશ્વરજીએ એકાદું પંચ નીમ્યું હોત અને પચનો અહેવાલ પ્રતિનિધિઓને સોંપ્યો હોત તો તે પ્રમાણે વર્ત્તવામાં એ લોકોને ઘણી મદદ મળત. એકંદરે આ શિલાલેખ સાવ અર્થ વગરનો છે. ડહાપણ કે દક્ષતાને સ્થાને બાલીશતા પોતેજ છુપે પગલે આવીને બેસી ગઇ છે; એ શિલાલેખ કુપમંડુકતાના એક નમુના રૂપે પણ જાળવી રાખવા જેવો ખરો.

વેચાઈ છે, પરધર્મમાં ગઇ છે અને ખોટા રસ્તે ગઇ છે.

વિધવા થયા પછી, અમારા ગામ ઉપરથી જતી આવતી સાધ્વીઓની નજર મારા ઉપર પડતી, અને મોક્ષની તેમ બીજી લાલચમાં મને લલચાવવાની પેરવીઓ થતી. આખરે કેસર-વિજયના સંઘાડાના હિરાશ્રી નામનાં સાધ્વી અમારા ગામે આવ્યાં, અને તેની ફરેબ ભરેલી વાતોમાં મને ફસાવી, એક દિવસે મને મુંડી નાંખી, મને લઇને ચાલ્યાં. વાલીવારસોએ, વિધવા એટલે અપશુકનીયાળ, નકામી, તેમ સાધુ સાધ્વી એ ધર્મનાં પુતળાં, આવી ખોટી માન્યતાથી મને જતી કરી અને હું પણ ઓઘો લઇને હિરાશ્રી સાથે નીકળી પડી—એક ભઠ્ઠીમાંથી છુટી.

ત્યારપછી છ માસ વિત્યા અને મને જણાયું કે મારી ગુરૂણી અને ધનરૂપવિજય વચ્ચે પત્ર વહેવાર છે. બે ત્રણ વર્ષ સુધી મહારાષ્ટ્રમાં ફરતાં ફરતાં અમે પાલણપુર પહોંચ્યા. ત્યાં ધનરૂપ વિજયનો અમને મેળાપ થયો, તેઓ અવારનવાર મળતાં. છતાં મારા મનમાં કશોયે વસવસો કે શંકા નહોતી; કારણ કે બચપણમાંથીજ મારા ઉપર એવી છાપ પડેલી કે આપણા સાધુ સાધ્વી પવિત્રજ હોય. એટલે હું પણ ગુરૂજી કહે એ સત્ય વાત સમજતી.

એક દિવસ હું અને મારા ગુરૂણી પાલણપુર છોડી મારવાડના રસ્તે પડયા, ત્યાં પાલણપુરથી બીજે વિસામે ધનરૂપ વિજય સાથે થયા. ખરેડી પહોંચતા મને ખાત્રી થઇ કે મારા ગુરૂણી અને ધનરૂપવિજય વચ્ચે આડો વહેવાર છે. તેમ તે બન્નેને પણ ખાત્રી થઇ કે હું આ વાત જાણું છું. એટલે તે હવસે મારી તરફ કુદ્રષ્ટિ કરી.

હું એમ માનતી હતી કે વિધવાઓ માટે ધર્મસ્થાનો, ધર્મક્રિયાઓ અને સાધ્વીઓનો સહવાસ એજ વધારે ઉત્તમ છે, કારણ કે આ લોકો નીતિના પૂજારીઓ છે, નીતિના સ્થાપકો છે, નીતિના પિતા છે. એટલેજ મેં દીક્ષાનો માર્ગ લીધેલો. પણ એ તો વ્યભિચારનો અખાડો નીકળ્યો. કદાચ તમને એ સ્થાનોની ખબર નથે પડે–પણ મારા જેવી દુઃખી વિધવાઓનેજ પડે. પીળા કપડાનાં ઝેરી ઝબ્બા નીચે અને ઓઘાના ઓઠા નીચે ધનરૂપવિજય જેવા હવસખોરે એક દિવસ લાગ સાધીને મારી આબરૂ પાડી–મને પતિત કરી. મેં એ હવસખોરના હાથમાંથી છુટવા ઘણુંયે બળ વાપર્યું. પરંતુ આખરે એ હવસખોરનો વિજય થયો.

આ પ્રમાણે અમારી ત્રણ જણની અધોગતિથી ધર્મના ઇજારદારોની શ્રેષ્ટતાનો તમને ખ્યાલ આવતો હશે. આ વાત આટલેથી અટકે તેમ નહોતી, કારણ કે અમારી પાસે પૈસાનો અભાવ હતો. એટલે પૈસા મેળવવા માટે ધનરૂપવિજયે અને હિરાશ્રીએ કારસ્થાન રચ્યું અને મને વેચી નાંખી પૈસા મેળવવાનું સાધન કર્યું, બાદ અમે ત્રણે જણે કપડાં ઉતારી નાંખ્યાં. એટલે પિળાં કપડાંને તિલાંજલી આપી સંસારી કપડાં પહેર્યાં. પેલો ધનરૂપ વિજય, કાઠિયાવાડી લેબાસમાં ભાવનગરના વતની તરીકે અમૃતલાલ જગજીવન નામ રાખી મારો 'બાપ' બન્યો. હિરાશ્રી મારી 'મા' બની, અને મારૂં નામ મણી પાડી દલાલો અને ખરીદી કરનારાઓની શોધ ચલાવી. આખરે સાદડીવાળા ઋષભદાસ સરદારમલ નામના ચાળીશ વર્ષના મુરતીયા સાથે 'પાંચ હજારમાં' મારો સોદો થયો. મહિકાંઠા એજન્સીનાં **પોસીના** ગામમાં ઋષભદાસ સાથે મારાં લગ્ન થયાં કે પાંચ હજારની રકમ મારા બનાવટી માબાપોને હવાલે થઇ. તેમાંથી ત્રીજા હીસ્સા તરીકે મને પંદરસો આપવામાં આવેલા. જે પોસીનાના રહીશ અને સાદરીમાં ધંધો કરતા એક જૈન ગૃહસ્થને ત્યાં જમે મૂકેલાં.

અમારી લગ્નગાંઠ દોઢ વર્ષ નભી ત્યાં તો ઋષભદાસ મૈયત થયા. એટલે હું વિધવા થઇ, કે તરતજ મારા સાસુજીની જુલ્મી ઝંડી શરૂ થઇ. મારી પાસે પેદા પંદરસો લઇ આવવાની માગણી થઇ. મેં પણ સાસરામાં સુખે રહેવા ખાતર જેને ઘેર જમે મુકેલા તેને ત્યાં ઉઘરાણી કરતાં ચીનના શાહુકારની પેઠે આપી દીધાની વાત કરી ગળે પડવા લાગ્યો. એટલે સાસુજીની પંદરસોની આશા તૂટી પડવાથી મને ઘરમાંથી હાંકી મુકવાની ચાલબાજીની શરૂઆત થઇ. અને એક દિવસ જોર-જુલ્મથી ઘરમાંથી કહાડી મૂકી.

ત્યાંથી અહિં આવીને રહી છું અને મજુરી કરીને પેટનો ખાડો પુરૂં છું."

અમારા અંતરને વલોવી નાખે તેવી ભયંકર ઘટનાઓવાળું વૃત્તાન્ત કહેતાં બાઇ ઉઠી અને એક ખુણામાંથી ચોપડી લાવી જેમાં સંતાડેલો પત્ર બતલાવ્યો, જે મારવાડી ભાષામાં લખેલો છે. જે પત્ર પોસીનાના રહીશ અને સાદડીમાં ધંધો કરતા જૈનને ત્યાં મુકેલા રૂપીયાની પહોંચ જેવી હતી અને તેમાં લગ્નના સાટા સંબંધી લખાણ હતું. એ જોયાબાદ ફેર પ્રશ્નાવલી શરૂ કરી.

"શું ! મજુરી કરો છો ?"

"ધર્મશાળામાં જે યાત્રાળુઓ આવે છે તેના વાસણ માંજવા, પાણી ભરવું."

"તમે ધર્મશાળામાં જ કેમ મજુરી કરો છો ?"

"ધર્મશાળામાં મજુરી કરવાનો એ હેતુ છે કે જેઓએ ધર્મના બાના નીચે મારી આ દશા કરી છે. તે ધનરૂપવિજય અને હીરાશ્રી એટલે મારાં નકલી માલીકોની શોધ ખાતર."

"અહિં તમારી કોણ ખબર અન્તર રાખે છે ?"

"એક મુસ્લીમ બાઇ"

તમને આ સ્થિતિમાં રહેવું પસંદ છે ?

"ન રહું તો કરૂં શું ! સમાજમાં મ્હારા જેવી દુઃખી-યારીયોનું કયાં સ્થાન છે ! કોને અમારી પડી છે.?"

એના આ આરોપથી અમને લાગ્યું અને અમે ખુલ્લા દીલે કરાર કર્યો કે સમાજ માટે તમે જે કહો તે સત્ય છે, બ્હેન, તમને કશુંયે કહેવાનો અમને અધિકાર નથી, છતાં તમારા હિતની દ્રષ્ટિએ કંઇક કહીએ તે માનશો ?

"કહો ખુસીથી કહો."

"તમને આ ખરાબ વાતાવરણ અને ખરાબ પાડોસમાંથી છુટા કરી કોઇ સુરક્ષિત ઠેકાણે લઈ જવા માગીએ છીએ. આવશો ?"

"તમારા જેવી લાગણીવાળા ભાઇઓ મોડા મલ્યા, છતાં હું આવત, પણ જે મુસ્લીમ મહારી ખબર અન્તર રાખે છે તેની રજા સિવાય હું આવી શકું નહિ, તેમ તે હાલ બહાર-ગામ છે. એટલે તમારી સાથે આવી શકું તેમ નથી."

બાઇના આ જવાબથી અમે હતાશ બન્યા છતાં અમે એને ખુબ સમજાવી. પણ લુટાયેલી, ગભરાયેલી અને અવિશ્વાસુ થયેલી બાઇને સાથ આપનાર મુસ્લીમ ઉપરજ શ્રદ્ધા હોવાથી

(અનુસંધાન પૃ. ૨૦૩ ઉપર જુઓ.)

શ્રી. દલીચંદ શ્રોફના મનનીય ઉદ્‌ગારો.

(તેમના પ્રમુખ સ્થાનેથી વક્તવ્યમાંથી)

જૈન સમાજે પણ જુગજુના પ્રમાદને ખંખેરી નાંખી જાગૃત થવાની જરૂર છે. જૈનોનું ગૌરવ એ આજકાલનો વિષય નથી. એનો પ્રતિભાશાળી અને જવલંત ઇતિહાસ જગતના સાથે શરૂ થાય છે. એ ધર્મના અચલ, અબાધિત અદ્વિતીય સિદ્ધાંતો જગતને દિવ્ય વારસા રૂપે છે અને આજે પાશ્ચિમાત્ય પ્રજાઓ ઘોર રણસંગ્રામોથી કંટાળીને તેનો આશ્રય લેવા તત્પર બની છે. મહાત્મા ગાંધીજીએ તેજ સિદ્ધાંતોને જગત સન્મુખ રજુ કરીને, અહિંસાનો દિગ્વિજય કરી આપીને જૈનધર્મના અનુયાયીઓ ઉપર ભારેમાં ભારે ઉપકાર કર્યો છે. એ સુચવે છે કે જૈનધર્મ વિશ્વધર્મ હતો અને તેમ થવાને સર્જાયેલો છે. આપણે આવી અનુપમ તકનો પૂરેપૂરો લાભ લેવો જોઇએ.

* * *

આજે આપણે કેવી પરિસ્થિતિમાં મૂકાયલા છીએ! અનેક ફિરકાઓ, ગચ્છો અને જ્ઞાતિઓના તડોમાં આપણે છિન્ન ભિન્ન થઇ રહેલાં છીએ. દ્રવ્ય વિહીન, અને વિદ્યારહિત બની પામર દશાને આપણે પ્રાપ્ત કરી રહ્યાં છીએ. આપણા સમાજને જીવલેણ દર્દ લાગુ પડેલું છે. અને તેથી આપણી વસ્તી દિનપ્રતિદિન ઘટતી જાય છે. એટલું જ નહીં પણ આપણે માનસિક, શારીરિક અને આધ્યાત્મિક અવનતિના ઉંડાણમાં સરતા જઇએ છીએ આ દર્દના પૃથક્કરણની જરૂર છે. તેની તાત્કાલિક ચિકિત્સા કરી ભારેમાં ભારે ઉપાય લેવાની પરમ આવશ્યકતા છે. ધર્મપ્રેમી અને સમાજ હિતચિંતકનું એ પરમ કર્તવ્ય છે. આધુનિક યુગ એ સંક્રાન્તિકાળ છે અને એ ઉપાય આજેજ યોજવામાં નહીં આવે તો ભવિષ્યમાં આવો અનુપમ પ્રસંગ ફરીથી મળવો અશકય છે.

* * *

આ યુગ ક્રાન્તિનો યુગ છે, દરેક સમાજ પ્રગતિ તરફ આગળ ધપી રહ્યો છે. આ પ્રવાહનો આપણા લોકોએ યોગ્ય લાભ ઉઠાવવો જોઇએ અને તે એ છે કે જે વ્યકિતઓ સમાન ગુણ અને ધર્મની હોય તેમની સાથે રોટી અને બેટી વ્યવહાર શરૂ કરવો. આ બાબત શ્રેષ્ઠ પ્રકારની છે. તે સાથે જૈનશાસ્ત્ર સર્વથા સમ્મત અને અનુકુળ છે. અમુક સમયે કોઇપણ કારણ સર વૈમનસ્ય ઉત્પન્ન થવાથી અગર દૂર દૂરના દેશોમાં જઇ વસવાથી બેટી-વ્યવહાર બંધ થઇ ગયો હશે; પરંતુ હવે એ કારણનું અસ્તિત્વ નહિ હોવાથી તેમની સાથે સર્વ પ્રકારનો સબંધ અને વ્યવહાર પુનઃ શરૂ કરવો જોઇએ. વિવાહ-ક્ષેત્ર વિસ્તૃત બનાવવા થી સંતાન નિરોગી અને શક્તિવાન બનશે અને કુટુમ્બીઓનું પરસ્પર વૈમનસ્ય ઘટી જશે

* * *

કહેવાતા અસ્પૃશ્યોની અવગણના અને તેમના તરફ દર્શાવતું અધમ વર્તન એ પણ એક મહાન સામાજીક કલંક છે. કયા જમાનામાં અને કેવા પ્રકારે આવી નિંદ્ય રૂઢી સમાજમાં પ્રવેશી એના ઐતાહાસિક ઉતારા આપવા નિરર્થક છે હિંદુ અને અન્ય શાસ્ત્રોમાંથી ક્ષેપક શ્લોકો વીણી કાઢી તેના સમર્થન યા વિરોધ માટે આપની સમક્ષ રજુ કરવા અનાવશ્યક છે. આવા પ્રશ્નોનું સામાન્ય અક્કલથી નિરાકરણ કરવું ઘટે છે. "આત્મવત્ સર્વભૂતેષુ" એ સર્વ ધર્મોનો મુખ્ય સિદ્ધાંત છે. જૈન શાસ્ત્ર " મિતિ મે સવ્વ ભૂયેષુ " નો સિદ્ધાંત પરિપાલન કરવાનું ફરમાવે છે.

* * *



શેઠ દલીચંદ વીરચંદ શ્રોફ–પ્રમુખ પોરવાડ સંમેલન.

આપણા બાળકો આજે જ્ઞાન માટે તલસે છે, જ્ઞાનના સાધનોના અભાવે તેની જીંદગી પુરી બદામના જેટલી થઇ પડે છે, તેને ઘરઘર ટુકડા માંગવાનો, આજીવિકા માટે કનિષ્ઠ નોકરીઓ શોધવાનો અને અધમ પ્રકારનું જીવન ગાળવાનો સમય પ્રાપ્ત થયા કરે છે. છતાં સમાજના નેતાઓ ગાઢ નિદ્રા ત્યાગતા નથી. આજે આપણી જ્ઞાતિમાં આદર્શ છાત્રાલયોની ઘણી જરૂર છે, જ્યાં તેમને કેળવણીના સર્વ સાધનો સહેલાઇથી મલી શકે, તેમના પર બચપણમાં સારા સંસ્કારો પડે અને ભવિષ્યમાં પોતાનો રસ્તો તેઓ નિડરતાથી, સરળતાથી અને બુદ્ધિપૂર્વક કાપી શકે. આવા છાત્રાલયો દરેક પ્રાંતમાં સ્થાપવાની જરૂર છે.

* *

"યુવાનો તમે ક્રામ અને સમાજની આશા છો, દિવ્ય ભાવનાઓની જવલંત મુર્તિ છો અને ચેતનના તથા પ્રગતિના આદર્શ દ્રષ્ટાંત છો. તમે સમાજમાં આંદોલનો રેડનાર, તેને પ્રેરણા પાનાર, અને વેગવાન બનાવનાર શક્તિ છો. તમારા ઉપર જ્ઞાતિજનોની સમગ્ર આશા અવલંબે એમાં આશ્ચર્યને સ્થાન નથી. વૃદ્ધોને માન આપી તેમના પ્રખર અને પરિપક્વ અનુભવોનો લાભ લઇ અને તેમની આદર્શ દ્રષ્ટિ હૃદયમાં ઉતારી ક્રામી સુધારણાના અતિ મહત્વના કાર્યમાં આગળ વધો. ભૂતકાળનો ઇતિહાસ વિચારી, વર્તમાનમાં સ્થિત રહી ઉજ્વળ ભવિષ્યના સ્વપ્નો સિદ્ધ કરવા કમર કસો. અન્ય દેશો, સમાજો અને સંપ્રદાયોમાંથી "સારૂં તે મારૂં" કરી, આપણા સમાજ–દુર્ગમાં પડેલાં ગાબડાંઓ સમારી, તેને ઉન્નત કીર્તિવંત અને આદર્શ બનાવવા આત્મસમર્પણ કરો અને વિજય તમારો છે.

વીરનગરના જુદા જુદા પ્રસંગો.

(અમારા ખાસ પ્રતિનિધિ દ્વારા)

સૂરિજીનું પ્રવચન:—

ચૈત્રી પૂર્ણિમાના દિને નવપદજી-ઉત્સવની પૂર્ણાહૂતિ પ્રસંગે સૂરિજીનું પ્રવચન યોજવામાં આવ્યું. માનવભેદની વચ્ચે તેઓશ્રીએ જણાવ્યું કે આત્માના ઉત્કર્ષ માટે નવપદજીનો મહિમા અપાર છે. આવા શુભ ઉત્સવનું આરાધન આટલા ઉત્સાહ અને સમજપૂર્વક થતું જોઈ મને આનંદ થાય છે. બાદ નવપદનું મહાત્મ્ય સમજાવી, આજની પરિસ્થિતિ પર બોલતાં જણાવ્યું કે, આજે આપણી શક્તિનો વ્યય અવિચારણીય રીતે થઈ રહ્યો છે. ભરતામાં ભરતી કરવી અને સુકાયેલને સુકાતા દેવું એ આપણી પ્રકૃતિમાં વસી ગયું હોય તેમ આપણે માત્ર દેવદ્રવ્યની વૃદ્ધિના જ દાન-પ્રવાહો ચાલુ રાખીને બેસી ગયા છીએ, અને તેની વ્યવસ્થા કે વાસ્તવિકતાનો વિચાર સરખો પણ કરતા નથી. આપણા પૈસાનો ઉપયોગ અને તેની વ્યવસ્થા સુયોગ્ય થાય છે કે કેમ? આ પ્રશ્ન વિચારવાની જરૂર છે.

કેસરીયાજી તરફ જુઓ:-

બહુ દૂર નહિ પરંતુ જરા કેસરીયાજી તીર્થ તરફ નજર કરો, આપણી કરોડોની દેવદ્રવ્યની આજે ત્યાં શું દશા છે? તમારા જ પૈસા, તમારું જ લાખોનું દેવદ્રવ્ય, આજે તમારા સામેની લડતમાં વપરાય છે. એ મંદિરના પંડ્યાઓ તમારા સામે ઉભા છે. અરે! આગળ ચાલીને ત્યાં સુધી કહેવામાં આવે છે કે આ તીર્થ જૈનોનું નહિ પરંતુ વૈષ્ણવોનું છે-સર્વ કોમનું છે. કેસરીયામાં આપણા પૈસાનો આપણી જ સામે આમ દુરૂપયોગ થઈ રહ્યો છે, ત્યારે આપણી ફરજ છે કે ત્યાં કોઇએ એક પાઇ પણ પંડયાને કે મંદિરમાં આપવી નહિ અને તીર્થનો કબજો લેવા પ્રયાસ કરવો. દરેક મારવાડી ભાઇઓને કહું છું કે કેસરીયાજીના લાખો રૂપિયા જે તમારા ચોપડામાં જમે હોય તે ત્યાં ન આપવા ધ્યાન ખેચું છું.

આપણા અન્ય ક્ષેત્રોની અપેક્ષાએ દેવદ્રવ્ય સમુદ્ર છે સમુદ્રમાં સરિતા ભળે યા ન ભળે એ બહુ મહત્વનું ન ગણાય; પરંતુ એજ સરિતા, એજ દાન-પ્રવાહની નીકો સુકાતા ક્ષેત્રમાં વહે તો તે ક્ષેત્ર જરૂર નવપલ્લવિત બને. સમાજની અજ્ઞાનતા તપાસો. મારવાડી ભાઇઓમાં શિક્ષણના સંસ્કાર ન હોવાથી તમારી શું સ્થિતિ છે તે વિચારો. મરૂધરવાસીઓ પાસે ધન, પુષ્કળ છે અને ઉદારતા પણ છે અત્રે સારા પ્રસંગે એકત્ર થયા છો તો કોઈ સદ્કાર્ય કરો એવી મારી ભલામણ છે.

આયંબિલની ઓળી.

શ્રી બામણવાડજીમાં આયંબિલની નવપદજીની ઓળીની સમારાધના ઘણાજ ઠાઠમાઠથી થઇ હતી, જેમાં મુનિ મહારાજો, સાધ્વીજીઓ તેમજ શ્રાવક શ્રાવિકા આદિ મળી ૪૦૦૦ ભાઇ બહેનોએ લાભ લીધો હતો, આવો પ્રસંગ મારવાડની ભૂમિ માટે અપૂર્વ હતો, અને એ ધાર્મિક ક્રિયાના અંગે જે ઉત્સાહના પૂર પ્રસર્યા હતાં તેનું વર્ણન સંપૂર્ણ રીતે તો થઇ શકે તેમ નથીજ. આવા પ્રસંગો યોજાય એ ખરેખર ઇચ્છનીય છે અને એથી આત્મસાધનાના માર્ગ ખુલ્લા થાય છે, પરંતુ કેટલીક વખત આવા પ્રસંગો અતિ અર્થાળ બની જાય છે, જેમાં કાર્યવાહકોએ જેમ બને તેમ કરકસર કરી આવા કાર્યોને વધારે સરલ અને સર્વ કોઇ તેનો લાભ લઇ શકે એવા કરવા જોઇએ. આ પ્રસંગને પ્રગતિમાન કરવાનું ખરું માન શ્રી હજારીમલ ગુલાબચંદ બેડાવાલા તથા શ્રી શાંતિનાથજીની નવપદ આરાધક ટોળીને ઘટે છે.

બહેનોમાં જાગૃતિ.

તા. ૧૨-૪-૩૩ ના રોજ સવારમાં મહિલાઓની સભા મળતાં સૌ રૂક્ષ્મણી બહેન દલીચંદની પ્રમુખ તરીકે દરખાસ્ત મૂકતાં વરણી થઇ હતી. વિવેચન કરતાં તેઓએ કહ્યું હતું કે,

આપણે ઓસવાલ-પોરવાડ એ બધા તડોમાં શ્રાવક તરીકેજ છીએ. સામાજીક કુરિવાજો તરફ લક્ષ ખેંચી સુધારવાનું કહ્યું હતું.

કુ. સરસ્વતી મણીલાલ પરીખે ભાષણ કરતાં સ્વદેશી કપડાં વાપરવા આગ્રહ કર્યો હતો. શ્રી. કૌશલ્યા બહેને જણાવ્યું કે તમારે પહેરવેશમાં, સ્વચ્છતાની અને સગવડતાની દૃષ્ટિએ ફેરફાર કરવા જોઇએ. દાગીનાનો મોહ છોડવો જોઇએ. એકલા તમારા દાંતના ચુડામાંજ ૬૦૦૦૦ હાથીઓ મારવામાં આવે છે, શારિરીક સ્વાસ્થયની દૃષ્ટિએ તમારે બદલાવું જોઇએ. છોકરીઓ વેચીને આપણે દાગીના પહેરવા જોઇએ નહિ દાગીનાથી શારિરીક વિકાસ અટકે છે અને શરિરને ઘસારો લાગે છે, એના મેલથી અંગો સડવા માંડે છે.

મોંઘી બહેને જણાવ્યું હતું કે અહિંની બહેનોને ભણાવવાની જરૂર નથી એવો જનની આપણી માન્યતા છે પણ સૌ શિક્ષકોની ગરજ એક ભણેલી માતા સારે છે. અને છોકરીઓની એક પાઠશાળા બોલવી જોઇએ. પૈસા તો આપનારા આપે છે પણ સ્ત્રીઓ ભણવા આવતીજ નથી.

પ્રમુખે પૂર્ણાહુતી કરતાં જણાવ્યું કે તમને બધાંને એકઠાં થએલાં જોઈ અને બહેને પ્રમુખપદ આપ્યા બદલ હું આપનો આભાર માનું છું અને સામાજીક સુધારા પર ભાર મુકીને કેળવણીનો પ્રચાર કરવાનો આગ્રહ કર્યો હતો.

પદવીદાન યાને-ઉપાધિસમર્પણ.

શ્રી બામણવાડજી જેમ આયંબિલની ઓળી અને પોરવાળ સંમેલનના કાર્યો માટે પ્રતિષ્ઠિત થયું તેથી પણ વિશેષ મહત્વનું એક કાર્ય આ પ્રસંગે એજ ભૂમિ ઉપર થયું હતું. જે કાર્ય જેટલું આનંદદાયક હતું તેટલુંજ મહત્વપૂર્ણ હતું. આ પ્રસંગે આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી કે જેમની કેળવણી ના ક્ષેત્રમાં મહાન સેવાઓ છે જેઓએ જૈન બાળકોની કેળવણી માટે અથાગ પરિશ્રમો વેઠી ગુરૂકુળો આદિ સ્થાપી જૈન જનતા ઉપર મહાન ઉપકારો કર્યા છે તેમની, તેમજ અહિંસાને માટે સતત ઉપદેશ આપનારા અને યોગવિદ્યામાં અપૂર્વ રસ લેનાર મહારાજશ્રી શાંતિવિજયજીને તેમની સેવાઓ માટે તથા પંન્યાસજી શ્રી લલિતવિજયજીને તેમની સેવાઓ માટે જુદી પદવીઓ આપવાનો સમારંભ કરવામાં આવ્યો હતો જેને ત્યાં મળેલા તમામ સંઘે તાળીઓના ગડગડાટ વચ્ચે વધાવી લીધો હતો.

વિમળશાહના વંશને પ્રગતિના પંથે.

પ્રથમ પોરવાલ અધિવેશન.

(અમારા ખાસ પ્રતિનિધિ તરફથી)

શ્રી આમણવાડજી તીર્થમાં આયંબિલની ઓળીના ઉત્સવ પ્રસંગે અખિલ ભારતીય પોરવાડ સંમેલન ભરવાનું યોજવામાં આવ્યા મુજબ ઉત્સાહ ભર્યા દેખાવો વચ્ચે તેનું કાર્ય તારીખ ૧૧-૪-૩૩ થી શરૂ કરવામાં આવ્યું હતું. સંમેલન માટે ખાસ મંડપ ઉભો કરવામાં આવ્યો હતો, પ્રથમ દિવસે પ્રમુખ શ્રી તેમજ સંભાવિત ગૃહસ્થોનું તથા ડેલીગેટોનું સ્વાગત સમિતિ તરફથી હૃદયસ્પર્શી સ્વાગત કરવામાં આવ્યું હતું. મંડપની બહાર કેટલાક ચોકસ મતભેદોના કારણે વિરોધી દેખાવો થોડો વખત થયાં હતા, આ વિઘ્નનો પૂજ્ય શ્રી વિજય વલ્લભસૂરિજીની સફલ સમજાવટથી તુરતજ અંત આવી ગયો હતો. અને પરિષદનું કામકાજ ત્રણ વાગે શરૂ કરવામાં આવ્યું હતું. શરૂઆતમાં મહામંત્રી શ્રી સમરથમલજીએ આમંત્રણ પત્રિકા વાંચ્યા બાદ સ્વાગતાધ્યક્ષ શ્રી ભભૂતમલજીનું ભાષણ વંચાયા પછી પ્રમુખશ્રીની વરણી થઈ હતી

ઉપરના પ્રસંગે જુદા જુદા રથળોએથી પરિષદની કૃતેહ ઇચ્છતા તારો અને સંદેશાઓ આવેલા તે વાંચી સંભળાવવામાં આવ્યા હતા.

ત્યારપછી પ્રમુખશ્રીએ પોતાનું ભાષણ વાંચી સંભળાવ્યું હતું. (જે આખું અન્ય પત્રોમાં આવી જવાથી અમોએ તેના માત્ર ઉપયોગી ફકરા અન્ય રથળે આપ્યા છે.) બાદ સબજેકટસ કમીટીની ચુંટણી કરવામાં આવ્યા પછી પ્રથમ દિવસની બેઠકનું કામ સમાપ્ત થયું હતું.

દિવસ બીજો.

બીજા દિવસની બેઠકની શરૂઆતમાં મંગલાચરણ થયા બાદ નીચે પ્રમાણે ઠરાવો પાસ થયા હતા.

પરિષદના પ્રસ્તાવો.

(૧) આ રાજ્યમાં પ્રથમ સંમેલન મેળવવાની તક પ્રાપ્ત થયા બદલ નાં. મ. શ્રી શિરોહી નરેશને ધન્યવાદનો.

(૨) શિક્ષણને અંગેની ત્રુટીઓ દૂર કરવા માટે આ મહા-સંમેલન વિદ્યાલય, હાઈસ્કુલ, બોર્ડીંગ, કન્યાશાળા, ગુરૂકુલ, શિષ્યવૃતિ, વ્યાયામશાળા અને મહિલા વિદ્યાલય આદિ સંસ્થાઓની અગત્ય સ્વીકારે છે. આ માટે યોગ્ય કરવા નીચેની કમીટી નિયુક્ત કરવામાં આવે છે કે જે આગામી અધિવેશનમાં પોતાનો રીપોર્ટ રજુ કરે.

કમીટીના સભ્યોઃ–શેઠ દલીચંદ વીરચંદ, શેઠ રણછોડભાઈ રાયચંદ, શેઠ ભભૂતમલજી ચતરાજી, શેઠ તારાચંદજી પ્રેમ-ચંદજી, ઠાકુર લક્ષ્મણસિંહજી દેવાસ, શેઠ હરતાલશારજી પન્ઢાના, શેઠ મોતીલાલજી, શેઠ મદનસિંહજી કોઠારી, શેઠ મણીલાલ બાલાભાઇ, શેઠ મથુરાલાલજી, શેઠ ચુનીલાલજી બુધમલજી, શેઠ ધન્નાજી દીવાજી.

(૩) આ સંમેલન મૃત્યુને અંગેના કોઇપણ જાતના જમણને બીનજરૂરી, હાનીકારક અને સમાજપર ભારરૂપ સમજે છે માટે ઠરાવે છે કે આવા કોઇપણ જમણ બંધ કરવા.

(૪) આ સંમેલન કન્યાવિક્રયની નિંદનીય પ્રથા તરફ ઘૃણાની દ્રષ્ટિએ જોવે છે. આ પ્રથાથી ઘણાં યુવકો કુંવારા રહે છે અને ઘણી બ્હેનો નાની વયે વિધવા બને છે. આ રીવાજ બંધ કરવા માટે આ સંમેલન ભારપૂર્વક ઠરાવ કરે છે.

(૫) વૃદ્ધલગ્નના પ્રતિબંધ માટે ૪૦ થી વધારે વયના અને બાલલગ્નના પ્રતિબંધ માટે ૧૮ વર્ષની નીચેના યુવક અને ૧૪ વર્ષની નીચેની યુવતીના લગ્ન ન કરવા એમ આ સંમેલન માને છે, અને તેના અમલ માટે આગ્રહ કરે છે.

(૬) આ સંમેલન પોતાના આદર્શ અને ઠરાવોના પ્રચારકાર્ય માટે એક મુખપત્ર પોતાની ઓફીસ તરફથી પ્રગટ કરવાની અગત્ય સ્વીકારે છે.

(૭) આ પરિષદ ઠરાવ કરે છે કે હાથી દાંતનો ચુડો બીલકુલ વાપરવો નહિ, અને કદાચ જરૂર જણાય તો લગ્ન વખતે એક વખતજ કરાવવો તે શિવાય કદાપિ કરાવવો નહિ.

સાતમો ઠરાવ શ્રી શાન્તિવિજયજીએ મુકયો હતો. જે પૂરઉત્સાહપૂર્વક પાસ કરવામાં આવ્યો હતો. અને તે વખતે ઘણા ભાઇઓએ પ્રતિજ્ઞા લીધી હતી.

ઉપરના ઠરાવો પરત્વે જુદા જુદા વક્તાઓએ યોગ્ય વિવ-ચનો કર્યા હતાં. ત્યારપછી યોગનિષ્ઠ મુનિ શ્રી શાંતિવિજયજી પ્રવચન કરવા માટે પ્લેટફોર્મ પર આવ્યા તે વખતે થોડી અવ્યવસ્થા થઇ ગઇ હતી. શાંતિ પથરાયા પછી મુનિશ્રીએ પોતાનું પ્રવચન શરૂ કરતાં કહ્યું કે, વિઘ્નસંતોષીઓની પરવા કર્યા વિના શાંતિ પૂર્વક જે કાર્ય તમે શરૂ કર્યું છે તે બદલ હું ધન્યવાદ આપું છું. કાતર કપડાને કાપે છે. પણ સોય કપડાંને સાંધવાનું જ કામ કરે, અને એથીજ સોયને લોકો માથા ઉપર રાખે છે. હું કોઇ પણ પક્ષને માનતો નથી, સત્યનો સેવક છું. પોરવાલ સંમેલનની રૂપરેખા તમો જાણો છો એટલે મારે વધુ કહેવાનું હોય નહિ.

પ્રિય ભાઇઓ! મરૂભૂમિમાં આ મહોત્સવ એ ભાગ્યનો પ્રસંગ છે. ઉનાળામાં હવાખાવાના રથળે લોકો જાય તેના બદલે આ મરૂભૂમિમાં દૂર દૂરથી નામાંકિત પુરૂષો આવ્યા છે, એ સમાજનું સદ્‌ભાગ્ય ગણાય. આપણે આપણી ત્રુટિઓને પિછાનતા થવું જોઇએ. સંમેલન એ સમાજનો કયાસ કાઢવાનું દુર્બીન ગણાય. ત્યારબાદ કેટલાક દાખલાઓ શ્રોતાગણને સમજાવી પોતાનું વ્યાખ્યાન પૂર્ણ કર્યું હતું.

બાદ મહારાજશ્રીના જયઘોષ વચ્ચે બીજા દિવસની બેઠકનું કામકાજ પૂર્ણ થયું હતું.

દિવસ ત્રીજો.

ત્રીજા દિવસે વાદળ ઘમઘોર હતું વરસાદ પણ પરિષદના કાર્ય પહેલાં પડી જવાથી મંડપ પાણીથી તરબોળ થઇ ગયો હતો. તેમજ તે દિવસે વિજયવલ્લભસૂરિજી તથા યોગનિષ્ઠ

શ્રી શાંતિવિજયજી તથા પન્યાસજી શ્રી લલિતવિજયજીને ઉપાધિ સમર્પણની ક્રિયામાં ઘણો સમય નિકળી જવાથી બપોરના મોડેથી બેઠક મળી હતી, જેમાં બાકી રહેલા ઠરાવો ઉતાવળેથી પાસ કરવામાં આવ્યા હતા.

બાદ પરિષદની પૂર્ણાહુતિ કરતાં પ્રમુખશ્રીએ ઉપસંહારનું ભાષણ કરતાં જણાવ્યું કે—

પૂજ્યપાદ ગુરૂ મહારાજાઓ સ્વાગત સમિતિના સભાપતિ મહાશય, પ્રતિનિધિ બંધુઓ આમંત્રિત સજ્જનો અને બ્હેનો,

શાસનદેવની કૃપાથી આપણા અખિલ ભારતવર્ષીય પોરવાળ મહાસંમેલનનું કાર્ય ઘણી સફળતાથી પાર ઉતર્યું છે એ જોઇને સર્વ સહૃદય સજ્જનો જરૂર આલ્હાદિત થશે.

આ સંમેલનમાં દૂર દૂરથી ભિન્ન ભિન્ન પ્રાન્તોમાંથી આપણા પોરવાળ બંધુઓ ભાગ લેવા પધારેલા છે તેઓએ અતિશય તકલીફ ઉઠાવી, સગવ, શક્તિ અને દ્રવ્યનો ભોગ આપી પોતાના જ્ઞાતિજનોના ઉદ્ધારઅર્થે જે તમન્ના બતાવી છે તે ખરેખર પ્રશંસાને પાત્ર છે અને આપણા ઉજ્વળ ભાવિની આગાહી આપે છે. તેમણે તથા અન્ય ગૃહસ્થો અને બ્હેનોએ સંયમ અને ખામોશ દાખવી, સંપૂર્ણ સહકાર અને ભાઇચારાથી દરેક બાબત શાંતિપૂર્વક શ્રવણ કરી છે અને સંમેલનને સફલ બનાવવા મને જે હાર્દિક સહકાર આપ્યો છે તેની કદર કરવાને મારી પાસે પૂરતા શબ્દો નથી.

આપણા ગુરૂવર્યોએ પોતાના અમુલ્ય સમયનો ભોગ આપી અને વિહારની વિટંબના વેઠી સમ્મેલનને પોતાના પુનિત પગલાંથી પાવન કર્યું છે, એટલુંજ નહિ પણ પોતાની અમૃતમય દેશનાથી સભાજનો ઉપર અને ખાસ કરીને સ્ત્રી વર્ગ ઉપર જે પ્રેરણાત્મક સંગીન અને સનાતન અસર કરી છે તે કદિ પણ ભૂલાય એવી નથી. અને તેમનો તે કાર્ય માટે જેટલો આભાર માનીયે તેટલો ઓછો છે.

જો કે આ પહેલુંજ અધિવેશન છે, છતાં વ્યવહારિક દ્રષ્ટિએ જોતાં, કાર્ય કર્તાઓની કાર્યદક્ષતા નિહાળતાં અને આપણા ભાઇઓની રસવૃત્તિ નિરખતાં આપણી જ્ઞાતિએ અદ્‌ભુત પ્રગતિ કરી છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી, સંમેલનમાં જે જે ઠરાવો કરવામાં આવ્યા છે તે સર્વ બહુજ અગત્યના અને મુદ્દાસર છે, તેમાં ખાસ કરીને વિદ્યાલય, હાઇસ્કૂલ, બોર્ડિંગ, ગુરૂકુલ, છાત્રવૃત્તિ, મહિલા વિદ્યાલય, વ્યાયામશાળા, વિગેરે સંસ્થાઓ ખોલવા બાબતનો ઠરાવ ઘણોજ જરૂરી છે. અને તેની સ્થાપના કરવા સંબંધમાં જે મહાશયોની કમિટી નીમાઇ છે. તેનો આગામી અધિવેશન વખતે રજુ થનારો રિપોર્ટ જ્ઞાતિને ઘણો ઉપયોગી અને માર્ગદર્શક થઇ પડશે. તે ઉપરાંત દાંતના ચુડા અને રેશમી કપડાં નહિ વાપરવા બાબત, સ્વદેશી વસ્તુઓના ઉપયોગ બાબત, કન્યાવિક્રય, અને ટાણા મોસરનો પ્રતિબંધ, વૃદ્ધલગ્ન નિષેધ, સમાજમાં રોટી બેટીના વ્યવહાર સંબંધી નિશ્ચય, અને છેવટે ફોગનું મુખ પત્ર કઢવા, અને ડીરેકટરી બનાવવા સંબંધી ઠરાવો સમાજને માટે ઘણાજ ઉપયોગી અને ઉન્નતિના માર્ગે લઇ જનારા છે. અને તેનો બનતી ત્વરાએ અમલ કરવામાં આવશે એવી આશા રાખવામાં આવે છે.

કેળવણી ફંડ અને ચુડાનો ત્યાગ એ આ સમ્મેલનના સુંદર તાત્કાલિક ફળો છે. પૂજ્યપાદ આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરીજીએ આ જીલ્લાની કેળવણી માટે દર્શાવેલા અનહદ પ્રેમનો એ સચોટ પૂરાવો છે.

સાથે સાથે મહિલા પરિષદ પણ યોજવામાં આવવાથી અને અનેક બ્હેનોએ પોતાના વક્તૃત્વથી સ્ત્રીઓ ઉપર ઉપજાવેલી સુંદર અસરથી આપણી જ્ઞાતિની સ્ત્રીઓ હવે કુરૂઢિઓને કુરૂઢિઓ તરીકે જાણતી થઇ છે. આ પરિષદમાં આપણી જ્ઞાતિની સ્ત્રીઓના પહેરવેશ, ઘરેણાંનો બોજો, કન્યાવિક્રય વિગેરે બાબતો પર પુષ્કળ અજવાળું પાડવામાં આવ્યું હતું. અને સ્ત્રીઓએ અપાર ઉત્સાહ દાખવી તેમાં સમયોચિત સુધારો કરવા કબુલ કર્યું હતું.

આ સંમેલનને અંગે પોરવાડ સિવાય અનેક બહારના પ્રતિષ્ટિત ગ્રહસ્થો ખાસ આમંત્રણથી પધાર્યા હતા. અને તેઓએ પણ આપણી જ્ઞાતિમાં પ્રવેશેલી અનેક બદીઓ તથા તેમાં કરવા જોઇતા સુધારા ઉપર સુંદર પ્રભાવશાળી વ્યાખ્યાનો આપ્યાં હતાં.

આ સર્વ ઉત્સાહ અને સેવાની ધગશ ચાલુ રાખવા અને જ્ઞાતિ સુધારાની રાહપર ધીમે ધીમે લઇ જવા સ્થાનિક કાર્યકર્તાઓને કટિબદ્ધ થવાની ખાસ જરૂર છે, જે પ્રદેશમાં વિદ્યાનો અભાવ છે અને સામાજિક બદીઓ ઉગ્ર સ્વરૂપમાં વ્યાપેલી છે ત્યાં સુધારણાનું કાર્ય ઘણુ કઠિન હોય છે અને લાંબે સમયે ફળદાયી બને છે આથી જ્ઞાતિને ઉન્નતિના ચક્રસ માર્ગે ધપાવવા આવું કાર્ય સતત ચાલુ રાખવાની અત્યંત આવશ્યકતા છે એટલે આપણે આ સંમેલનના ત્રણ દિવસના કાર્યની સમાપ્તિ પછી ફરીથી કુંભકર્ણની નિદ્રામાં પડી જવાનું નથી, પરંતુ હરહમેશ જાગૃત રહી સંમેલને પ્રસાર કરેલા સર્વ ઠરાવો અમલમાં મૂકવા અને મૂકાવવા વર્ષે દરમ્યાન તનતોડ જહેમત ઉઠાવી આપણે કરેલા કાર્યનો સુંદર અહેવાલ આવતા અધિવેશન વખતે રજુ કરવાનો છે.

મહાવિર વિદ્યા પીઠ

બ્રાહ્મણવાડાંમાં મહાવીર વિદ્યા પીઠ ખોલવા લગભગ નિર્ણય થયો છે, હાલ તુરત લાખ રૂપીયા ઉપરાંતના વચનો મળ્યા છે, ચોક્કસ રકમ પૂર્ણ થયે વિદ્યાપીઠ શરૂ કરવામાં આવશે.

* * જે રાજ્યની છાત્ર છાયા નીચે આપણે અધિવેશન ભર્યું તેમણે અનેક સાધનો અને સગવડો પૂરી પાડીને આપણા ઉપર ભારે ઉપકાર કર્યો છે તેની આપણે સહર્ષ નોંધ લેવી ઘટે છે.

આ રથળે નવપદ આરાધક ઓળી તેમજ સંમેલન પ્રસંગે અત્રે પધારનાર અસંખ્ય જૈન બંધુઓ અને બ્હેનોને માટે ત્રણ દિવસ સુધી નોકારશીનું જમણ આપનાર શ્રીમાન્ સજ્જનો શેઠ જીતાજી ખુમાજી, કવરાડા, સંઘવી ચેનાજી કસ્તુરજી લુણાવા શેઠ જસાજી તારાચંદ ભેંસવાડાંવાળાનો હું સહૃદય આભાર માનું છું.

આપણે સહૃદય ઇચ્છીશું કે અન્યોન્ય ગમે તેટલા વિરોધી અને વૈમનસ્ય હોવા છતાં આપણે શાંતિ અને સહનશીલતાથી આપણા સંમેલનનું કાર્ય ફતેહમંદીથી પાર ઉતારવા જે પ્રકારે શક્તિવંત બન્યા છીએ તેજ રીતે ભવિષ્યમાં આપણી જ્ઞાતિની ઉન્નતિનું આપણે ઉપાડેલું કાર્ય સત્વર પાર પડો અને આપણી જ્ઞાતિ પોતાની પૂર્વ જાહોજલાલી પ્રાપ્ત કરો. સાશન દેવ સર્વને સન્મતિ આપો અને આપણી જ્ઞાતિનું કલ્યાણ કરો!

....અ....વ....ન....વા....

આલમના ઓવારે—

—અમેરીકાએ સોનાનું ધોરણ તજી દીધું છે. હવેથી સોનાની ઉથલપાથલ ફ્રોમસ્ટેટ પર ન રહેતાં ફ્રાંન્સના ફ્રાંન્ક પરજ રહેશે.

—ઠેર ઠેર પ્રભુ મહાવીરની જયન્તિઓ પુર ઉત્સાહ ભેર ઉજવાઇ હતી.

—ભાવી સુધારાની સંયુકત સમિતીના હિંદી પ્રતિનિધિઓની નામાવલીમાં ૨૮ સભ્યોને પસંદગી આપવામાં આવી છે

—ગયે અઠવાડીએ રૂા ૬૧૮૪૪૯૧ ની કીંમતનું સોનું મુંબાઇના બારામાંથી ગયું.

—અમેરીકાની બધા ધર્મોની પરિષદમાં ચંપતરાયજી બેરીસ્ટરને આમંત્રણ મળ્યું છે. તેઓ જુન માસમાં અમેરીકા જશે.

અજમેર—પૂજ્ય શ્રી મુન્નાલાલજી અને પૂજ્ય શ્રી જવાહરલાલજી મહારાજ શ્રીએ નીમાયેલા લવાદ મંડળનો ચુકાદો માન્ય રાખી બૃહત્સાધુ સંમેલનમાં એકતાનો પાયો રચ્યો છે. ભવિષ્ય માટે આકજ યુગાચાર્ય શ્રી ગણેશીલાલજી મહારાજને નીમ્યા છે. લાંબા સમયથી ચાલતા ઝગડાનું આ રીતે સંતોષ જનક પરિણામ આવ્યું છે. (૨) સાધુ સંમેલનના ઉત્સાહી મંત્રી શ્રી દુર્લભજી ઝવેરીને નવરત્નનો ચાંદ એનાયત કરવામાં આવશે. (૩) સાધુ સંમેલનનું કાર્ય દરરોજ પાંચ કલાક નિયમિત રીતે ગુપ્તપણે ચાલે છે. છતાં મળતા સમાચારો પરથી જણાય છે કે સુદ્રઢપણે આગળ વધી રહ્યું છે. અજર, અમર એવું ત્રીસે સંપ્રદાયોની એકતાનું મહાન કાર્ય અજમેરને આંગણેથી જરૂર થશે. (૪) શાન્તિ નીકેતનના પ્રોફેસર અને જૈન કેળવણી પરિષદના ચૂંટાયેલા પ્રમુખ પં. જીનવિજયજી અને પંડિતવર્ય સુખલાલજી વિ. આવી પહોંચ્યા છે. સ્ટેશન પર તેમને હર્ષભેર આવકાર આપવામાં આવ્યો હતો. તા. ૨૧ ના રોજથી આ પરિષદનું કાર્ય શરૂ થાય છે. (૫) તા. ૨૫ મી એ મળનારી યુવક પરિષદના પ્રમુખ તરીકે આગ્રા નિવાસી શ્રી અચળસિંગજી ચુંટાયા છે અને તા. ૨૪ મીએ મળનારી મહીલા પરિષદના પ્રમુખ શ્રીમતી અચળસિંગજી નિમાયા છે. (૬) જુદી જુદી પરિષદોમાં ભાગ લેવા માટે દૂર દૂરથી પુષ્કળ જૈનો આવ્યા છે ને દરરોજ આવ્યે જાય છે. (૭) સાર્વજનિક વાંચનાલયમાં જૈન પત્રોનું પ્રદર્શન ભરવાનું નકકી કર્યું છે.

ભાવનગર—અત્રેની કોર્ટમાં શિહોર ઉપધાનની માળાના મુહુર્ત પ્રસંગે થયેલ મૃત્યુ માટે બાબુ જમનાદાસને એક વર્ષની સજા થયેલી તે માટે હજુર કોર્ટમાં અપીલ થયેલ બન્ને પક્ષની જુબાનીઓ સાંભળી નામદાર હજુરશ્રીના આવ્યા બાદ ચુકાદો આપવાનું મુલતવી રહ્યું છે.

ખંડવા—તા. ૨૦-જેલમાં કેદીઓના વર્ગીકરણ સામે વિરોધ તરીકે ઉપવાસપર ઉતરેલા શેઠ પુનમચંદજી રાંકાની તેમના પત્નિએ મુલાકાત લીધી હતી. તેમનું વજન ૬૨ રતલ ઘટી ગયું છે. જો સરકાર વર્ગીકરણની પદ્ધતિ નાબુદ કરવાની બાંહેધરી નહિ આપે (જેથી ક વર્ગના રાજદ્વારી કેદીઓ તરફની વર્તણુંકમાં સુધારો થાય) તો ગઇ કાલ સુધી આપવામાં આવતું થોડું દુધ પણ તેઓ બંધ કરશે એમ સમજાય છે.

સુરત—શેઠ નવલચંદ હેમચંદના સ્મરણાર્થે સ્થપાએલ દવાખાનાનો અનેક દર્દીઓ જાતિ ભેદ વગર લાભ લ્યે છે. દેશી દવાઓ વાપરવામાં આવે છે. ૧૯૩૨ માં ૪૬૭૧૧ દર્દીઓએ લાભ લીધો હતો.

રાધનપુર—પાટણથી શ્રી મલુકચંદ દોલતચંદની આગેવાની નીચે શંખેશ્વરજીનો સંઘ આવ્યો હતો. સભામાં નાગદાર નવાબ સાહેબ તરફથી ચા, નાસ્તો આપવામાં આવ્યો હતો. બાદ સંઘ રાધનપુર આવતાં સ્વાગત કરવામાં આવ્યું હતું. જીવતલાલ ચન્દ્રભાણ ફોજદારી તરફથી ત્રીજે દીવસે જમણ આપવામાં આવ્યું હતું.

વડોદરા—છેલ્લા દશેક મહિનાથી વડોદરામાં જ્ઞાનામૃત વરસાવતા ન્યાયવિશારદ ન્યાયતીર્થ મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મહારાજ તબીયતના કારણે ચૈત્ર વદિ બીજ બુધવારના દિને ઝઘડીઆ તરફ વિહાર કરતાં વડોદરાના જૈન જૈનેતરોની માનવમેદિની ઉલટી પડી હતી. તેઓશ્રીને વિદાયગીરીનું માન આપવા શ્રી સંઘના લગભગ ત્રણસો માણસોએ હાજરી આપી હતી. મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મહારાજે જણાવ્યું હતું કે "સત્ય અને નીતિના માર્ગોને વળગી રહી અત્યાર સુધી સંઘમાં જે સંપ જાળવી રાખ્યો છે તેમજ હવે પછી પણ એજ રીતને વળગી રહેજો." છેવટે શ્રી સંઘે તેઓશ્રીને તબીયત સુધર્યા પછી અત્રે પધારવા આગ્રહ કર્યો હતો. (૨) દીક્ષા નિયામકનો કાયદો તા. ૨૬-૨૭ એ ધારાસભામાં આવશે. સામા પક્ષ તરફથી અનેક દોડધામો અવર જવરો શરૂ થઈ ચુકી છે.

વઢવાણ—યુવક સંઘમાં ફાટફુટ પડી છે. સુખલાલ શાહ, ન્યાલચંદભાઇ વગેરે કાર્યકર્તાઓ છુટા થયા છે. ભેદ ઉકલાશે?

(અનુસંધાન પૃ. ૨૦૦ થી)

અમારી સાથે આવવાની ના પાડી, છતાં ફરી ફરીને સમજાવી તોએ એકજ જવાબ મળવાથી આખરે ભાગ્યા હૃદયે ત્યાંથી ઉઠયા. અને જાહેરમાં પૂજ્યપણ કરતાં જણાયું કે તેની ઉપર મુસ્લીમનો ઉપકાર ભર્યો હાથ છે. તેથી તે દબાયેલો રહે છે. તેમ આજુબાજુનું વાતાવરણ મુસ્લીમોનુંજ છે. આ બધા સંજોગો જોતાં લોકોનું એમ માનવું છે, કે તેને મુસ્લીમ બનાવશે, પરંતુ બાઇનો સહકાર ન હોવાથી હજુ મુસ્લીમ બની નથી, પણ એવા અનેક સંજોગો દેખાય છે કે નજીકના દિવસોમાં બાઇને મુસ્લીમ બનાવવામાં આવશે એમ લાગે છે.

આ સ્થિતિમાં એક બાઇનું જીવન તોલાઈ રહ્યું છે. તેમાંથી તેને બચાવવા અનેક પ્રયત્નો કરવાની જરૂર છે, અમે અમારા પહેલા પ્રયાસમાં નિષ્ફળ થયા છીએ, છતાં અમારા પ્રયત્નો ચાલુજ છે તેમ દરેક લાગતા વળગતાઓને વિનંતિ છે કે એ બાઇને બચાવવા બનતું કરે.

સમાજે વિધવાઓને હડધૂત ન કરી હોત, અને તેમને પણ મનુષ્ય તરીકે જીવવા દીધી હોત તો **જૈન** ધર્મના જંગમ તીરથ તરીકે ગણાતા અને સાધુ સાધ્વી તરીકે પંકાયેલામાંના પાખંડીઓની હવસખોરીનું સાધન આ બહેન ન બનત.

"સ્થાનીક ગ્રાહકોને સૂચના"

"સ્થાનીક ગ્રાહકોએ પોતાનું ચાલુ સાલનું લવાજમ પ્રબુદ્ધની ઓફીસે આવી ભરી જવું. અગર તો અમારો માણસ આવે તેને મળી જાય એવી ગોઠવણ કરવા મહેરબાની કરવી."

વ્યવસ્થાપક "પ્રબુદ્ધ જૈન."

આવતા અંકમાં—શ્રી ગામણવાડજીમાં બનેલા બનાવોના જે રીપોર્ટો અમે આ અંકમાં છાપ્યા છે, તે ઉપરથી ઉપજતા અમારા મંતવ્યો આવતા અંકમાં આપવામાં આવશે.

हिन्दी विभाग.

उपाधियों की व्याधि.

अब समयने पलटा खाया है. जैन समाज अपने उत्थानके लिये प्रयत्न करने लगा है. सभी संप्रदाय अपनी अपनी ओर से कुछ न कुछ कर रहे हैं. ऐसे समय यदि समाज को उस के दोषों से परिचित न किया जावे तो क्या समाज का अधःपतन होकर वह नष्ट भ्रष्ट होने के पश्चात किया जावे?

पूर्व कालिन इतिहास हमे बताता है कि समाज का उत्थान वा पतन उस के गुरु या साधु वर्ग पर ही विशेषतः निर्भर होता है. यदि साधु आचार या क्रिया भ्रष्ट हो जावें तो गृहस्थ या समाज पर उनके उपदेशका प्रभाव नहीं गिर सकता, किन्तु उसका दुष्परिणाम सारे समाज पर होता है. दुर्भाग्यवश ऐसे चिन्ह जैन साधुओमें इस समय दिखाई देने लगे हैं. काम, क्रोध, लोभ, मोहादिका उन पर परिणाम हो रहा है. यही कारण है कि उन के संबंध में समाजकी सद्भावनामें तृटि दिखाई देने लगी है. श्रद्धा में अविश्वास घर कर रहा है और जिन जिन बातों की वे वांछा करते हैं वे सब उन से दूर जाना चाहती हैं. इतना होते हुए भी सम्मान की लालसा इतनी बढ रही है कि किसी दिन उसकी सीमा न रहेगी. इस मानके हस्ती पर सवार होने पर उनके चारीत्र पालन में क्या क्या दोष लगते हैं इसका दिग्दर्शन करनेसे न करना ही ठीक. उपाधि की उपाधि भी दिन दूनी बढ रही है. कोई व्याकरणाचार्य है तो कोई कवि रत्न. कोई श्री पूज्य कोई युवराज. इतना ही होकर रहता तो ठीक परंतु इन पदवियोंकी पूंछ अब हनुमानजी की पूंछ जैसी बढती ही जा रही है. योग्यायोग्यता का प्रश्नही नहीं. उपाधि मात्र होना चाहिये और वह भी लंबी लंबी. यहां तक कि तीन तीन लकारोंमें भी वे पूरी न हो सके.

इस में उपाधि धारियों को भी अधिक दोष नहीं दिया जा सकता, साधुओंकी अनिच्छा होते हुए भी हम भक्तजन उनके सिर ऐसी उपाधियां बलात् जड देते हैं, और उन्हें विवश होकर वे स्वीकार करनी होती है. श्रद्धावान शिष्यवृंद अत्यादर और भक्तिवशता में तल्लीन हो ये उपाधियां गुरुजनों की तपश्चर्या, समाज वा धर्मकार्यके उपलक्ष में जबरदस्ती ही उनके गले लटका देते हैं. परंतु ऐसे अवसर पर जैन सिद्धांतिक वचन और साधुओं के आचार विचार के नियमोंका उल्लंघन न हो इसका भान रखने की आवश्यकता है. जिन सत्कर्मों के उपलक्ष में उपाधियां दी जाती हैं उन कर्मों का प्रायः ये उपाधियां स्वीकार करने से विक्रय सा हो जाता है, और इतने समय तक किये हुए आत्मोद्धार के प्रयत्न को स्वल्प में निष्फल कर दिये जाते हैं. वर्षों से किये हुए कर्मों का इस प्रकार अंत करना याने सब दिन चले और ढाई कोस वाली उक्ति जैसा होता है. यदि दिक्षा ग्रहण पंच महाव्रत पालन, तप संयमादिका, अंतिम ध्येय मोक्ष साधन है तो यह उपाधि की व्याधि साधु मुनिराजों के मत्थे मढ कर उन्हें उनके ध्येयसे पतित करने में श्रावकोंको लाभ क्या? अच्छा हो यदि ये उपाधिदान की क्रिया भविष्य में सर्वथा त्याग दी जावे आत्मोद्धार के मार्ग में ऐसी कृतियां हमेशा कंटकरूप हुआ करती हैं. अतःसुज्ञजनों के लिये कंटक उठा कर यदि मार्ग स्वच्छ कर लीया जावे तो आशा है कि जैन समाज निकट भविष्य में फिरसे अपने गौरव और उन्नतिको पहुंच जावेगा.

यदि जैन समाजको अपना पुनरुत्थान करना है, अपना गत गौरव प्राप्त करना है तो वर्तमान में साधुश्रावकों के आचार में जो शिथिलता आ गई है, धर्मके मूल सिद्धान्तो का मर्म न समझ कर उसके विकृतार्थसे समाज निस्सत्व वीर्य हीन निरुत्साही और सत्पथच्युत हो रहा है उस में तात्विक देश कालानुसार सिद्धांतो का शुद्ध परिवर्तन कर जैन समाज को सत्पथ गामी बनानेकी बहुत अवश्यकता है. आशा है कि हमारे परम पूज्य गुरुजन और समाजके सूज्ञ नेता अपनी संकीर्ण दृष्टि और सांप्रदायिक वृथाभिमान को त्याग कर भारतीय उत्थानकी धुडदौड में कदापि पीछे न रहेंगे. अस्तु.

—ठाकुर लक्ष्मसिंहजी चौधरी

बामणवाडजीमें केसरीयाजीके लिये किया हुवा ठराव.

"अपने श्री केसरीयाजी तीर्थकी व्यवस्था जिस प्रकार बहुत समयसे होती आ रही थी। उसके विरुद्ध पंडोने राज्यसे एक तरफा हुकम प्राप्त कर लिया है कि पूजन प्रक्षालन और बोलियां का कुल रुपया पडों को ही मिला करे। यह हुक्म बिलकुल अनुचित और जैन समाज की धार्मिक लागनी को दुःखाने वाला है, अतः यह पंदरह हजार जैनो की यह सभा श्रीमान् महाराजा साहिब उदयपुरसे प्रार्थना करती है कि इस अनुचित हुक्म को शीघ्र ही रद करनेकी कृपा करें और अब तक हमारा पैसा तीर्थके भंडार में है जमा न होने लगे तब तक सब यात्रियों को चाहिए कि तीर्थ पर किसी प्रकार की बोली न बोले और वहां एक पैसा भी खर्च न करें।"

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩ માં છાપ્યુ છે. અને ગોકલદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

કન્યા કેળવણી.

Reg. No. B. 2917.

છુટક નકલ ૧ આનો.

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

તંત્રીઃ રતિલાલ ચીમનલાલ કોઠારી. | સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦

વર્ષ ૨ જું, અંક ૨૬ મો. | શનીવાર, તા૦ ૨૯-૪-૩૩.

નક્કરતા.

અયોગ્ય દીક્ષાની પાછલ પાગળ બનેલા જે આવ્યો તેને મુંડી નાખવાની સંતાકુકડીની રમતોને, પતિતોની પતિત દશાને, ખુલ્લી પાડવાનું કાર્ય પ્રબુદ્ધ કરે જાય છે, તે સમાજ સમજે છે ત્યારે તેના હીમાયતીઓની ટોળીને ખટકે તે બનવા જોગ છે. છતાં દીવા જેવી વસ્તુને ઓઢી પાડી બુદ્ધિવિજયને સતા ઠરાવવા. શુકરવારીયું તેના તા. ૨૧-૪-૧૯૩૩ ના અંકમાં મુજબના ચીમનલાલ નેમચંદની સહીથી સ્ટેટમેન્ટ બહાર પાડે છે, અને પ્રબુદ્ધના ઉપર તરકટી, બનાવટી વિગેરે આક્ષેપો કરે છે.



પ્રબુદ્ધની સામે ખોટા આક્ષેપોવાળા સ્ટેટમેન્ટો બહાર પાડવાં, અને મનમાન્યો વાણી વિલાસ સેવવો એ તો એના વિરોધીઓને ટેવ પડી છે, કારણ કે સમાજ આગળ પ્રબુદ્ધ જે કીસ્સા મુકે છે તે નક્કર સાધનોના આધારે જ મૂકે છે. ત્યારે તેના વિરોધીઓ નક્કરતાના અભાવે કાં તો ધુળ ઊડાડે છે, અગર ગબડુઓને હથિયાર બનાવી બનાવટી, તરકટીની બાંગ મૂકે છે. કારણ કે જેઓ અયોગ્ય દીક્ષાના હિમાયતીઓ છે. તેઓ તેમની પોલ ખુલી થતાં તેના ઉપર ઢાંક પીછોડો કરવામાં, લોકોને ખોટે રસ્તે દોરી જવામાં, બીજાના ગળામાં ખોટી રીતે ટાંટીયા ઘાલવામાં રીઢા બની ગયેલા હોય છે, એટલે તેમને સત્ય અસત્ય જોવાનું નથી રહેતું. આથી સમાજના મનમાં વસવસો રહે તે બાતર બુદ્ધિવિજયના કાગળનો બ્લોક કરાવી આ સાથે મૂકયો છે તે સૌ વાંચે અને તેમાં લખાયેલા નીચેના ભેદી શબ્દો ઉપર વિચાર કરે.

"ભીલડીયાજીથી આગળ નહિ જતાં આવેલ ઉંટ તથા માણસ સાથે પાછા અહિં આવવું."

"આ કાગળ દેખત આગળ વધવું નહિ ને પાછું આવવું."

ઉપરના શબ્દોથી જનતા સમજી શકે તેમ છે કે ભગાડયા સિવાય આવી ચીઠી લખાય જ નહિ. તેમ ભાઇ અમૃતલાલ કોઠારીના સ્ટેટમેન્ટ પર સાક્ષી તરીકે સહી કરનાર ભાઇ અંબાલાલ ઝુમચંદ જેઓ તેરવાડા ઠાકોર સાહેબના કારભારી છે. આ બધી નક્કરતા ઉપરથી તરકટનું તોલ કરવાનું વાંચકો ઉપર છોડી દઇએ છીએ.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चवस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥
(આચારાંગ સૂત્ર.)

પ્રબુદ્ધ જૈન.

શનીવાર, તા૦ ૨૯-૪-૩૩.

કન્યા કેળવણી.

માનવ જાતને પ્રગતિના પથે દોરવામાં સ્ત્રીઓનો મુખ્ય હીસ્સો છે. છતાં આપણે તેમને કેળવણી આપવા તરફ તદ્દન દુર્લક્ષ્ય કરીએ છીએ. સ્ત્રી કેળવણી સિવાય કોઇપણ સમાજ, ધર્મ, રાષ્ટ્ર કે કુટુંબની ઉન્નતી થવાની નથી એ નિઃશ દેહ છે. આપણા સમાજમાં એક પણ આદર્શ કન્યાગુરૂકુળ, છાત્રાલય કે શિક્ષણશાળા નથી. સમાજમાં આટ આટલા લક્ષ્મી–કુબેરો છતાં મરવાની આળસે પ્રાથમિક કન્યાશાળાઓ અને તે પણ ફક્ત પાંચ છ જીવતી હશે. ભાઇબંધ કોમોની મરખામણીમાં આપણે ત્યાં સખાવતનો ઝરો કાંઇ નાનો સુનો નથી. વર્તમાન જગતમાં સ્થાન જાળવી રાખવું હોય તો આપણા ધનવાનોએ પોતાની સખાવતની દિશા આ તરફ બદલવી જોઇએ. સમાજના વિદ્વાન વર્ગે માલદાર થવામાં કે પ્રુરસદના ટાઇમે આગળ આવવા, પોતાના ધંધાની જાહેરાત માટે જાહેર પ્લેટફોર્મની કે હોદ્દાની ખુરશી ભાંગવાને બદલે વખતનો ભોગ આપવાની જરૂર છે. વિચારકો સમયનો ભોગ આપી આ વસ્તુને ધ્યાનમાં લેશે તો આપણા સમાજમાં કન્યા કેળવણીનું જે કંગાળ સ્થાન છે તે નહિં રહે.

એ વસ્તુ તો શંકા રહીત છે કે એક છોકરાને કેળવવાથી ફક્ત એકજ વ્યક્તિ કેળવાય છે, જ્યારે એક બાળાને કેળવણી આપવાથી આખું કુટુંબ કેળવાય છે. બાળકોના જીવન પર અસર કરવામાં પિતા કરતાં માતાનો મુખ્ય હિસ્સો છે. કેળવાયલી માતાનું બાળક સંસ્કારી, સુધડ અને ઉત્તમ શહેરી બની શકે છે. માતા જો કેળવાયલી હશે તો ગૃહ-રાજ્ય, સમાજ કે દેશમાંથી અજ્ઞાનતાના પડળ તોડી નાંખવામાં વખત નહિં જાય, અને ઝડપી સુધારાઓ કરી શકાશે. યાદ રાખજો કે જે માબાપો પોતાની પુત્રીઓને કેળવણી આપવામાં અખાડા કરે છે, એવાઓના પાપે જ સમાજની નેવુ ટકા બેનો કેળવણીથી અજ્ઞાત રહે છે. અને ત્યાં સુધી જૈન સમાજનું શ્રેય કોઇપણ દિવસ થવાનું નથી.

જે સમાજમાં મોટો ભાગ અજ્ઞાત બહેનોનો વસે છે, તેમાં ક્રાન્તિની સુધારાની, ઉન્નતિની, જાહોજલાલીની આશા રાખનારાઓ હવાઇ કિલ્લાના બાચકા ભરવા સિવાય કશું મેળવતા નથી. દાખલા તરીકે જે બહેનોએ પુરતી કેળવણી લીધી છે તે તરફ જુઓ. વર્તમાન ઇતિહાસ તમારી નજર સામે છે. સમાજ અને દેશની પ્રગતિમાં તેમનો કેટલો સુંદર હીસ્સો છે. આ બધું જાણતા છતાં કેટલાક વાહીયાત દલીલો કરતાં કહે છે કે "છોકરીઓને ભણાવવાથી ફેશન, એશઆરામ, અવિવેક, સ્વચ્છંદતા ઇત્યાદિ દોષો તેમનામાં પ્રવેશે છે. " તેમાંય બીજો વિભાગ તદ્દન અર્થહીન બકવાદ કરીને આગળ વધતાં કહે છે કે "શું ! તેમને દુકાનો ચલાવવી છે? શું ! બારીસ્ટારભાર કરવો છે? વકીલ બનવું છે? છાપાં ચલાવવાં છે? ભાષણો કરવાં છે? આ બધું નકામું છે. એ તો લખતાં વાંચતાં આવડયું એટલે પત્યું ! નહિ તો ઘર કામ મૂકી, બાળકોને રઝળતાં મુકી, જ્યાં ત્યાં ભમશે. ચોપડીઓ ને છાપા વાંચવામાં વખત ગુમાવશે. એથી ઘર ગધેડે ચડશે. એ તો પારકા ઘરની વસ્તી." વગેરે વગેરે આવી જાતની દલીલો તદ્દન વિચાર વગરની અને બુદ્ધિ હીન છે. નથી એમાં વિચારકતા કે દલીલો. નરી મુર્ખતા સિવાય આમાં કશુંય દેખાતું નથી. સમાજમાં આવી મુર્ખાઇ ભરેલી માન્યતાઓએ ઘર કર્યું છે. આ વિચારોનું પરિવર્તન કરાવવા માટે અમે ઉપર કહ્યું તેમ વિદ્વાનોએ પોતાના અંગત સ્વાર્થમાંથી વખત કાઢી સમાજના ચરણે ભોગ આપવાની જરૂર છે. આ પ્રગતિના યુગમાં ફક્ત સુંદર રીપોર્ટો છપાવે, હેન્ડબીલો છપાવે, કે મેળાવડાઓ કર્યેથી સમાજની ઇતિશ્રી માનનારાઓ ભુલ ખાય છે. આપણી જૈન મહાસભા હસ્તક જે 'એજ્યુકેશન બોર્ડ' છે, તેણે ધાર્મિક અભ્યાસો ગોઠવવામાં, પરીક્ષાઓ લેવામાં, અત્યાર સુધી કાર્ય કર્યું છે. તેના કાર્યવાહકોએ આ દિશા તરફ દૃષ્ટિ દોડાવવી જરૂરી છે. પ્રથમ કેળવણીકારો જેઓ અભ્યાસક્રમો વગેરેમાં રસ લ્યે છે તેવા ભાઇઓ તેમજ બહેનોનું સંમેલન ભરી તેને લગતા પ્રશ્નોની વિશાળ દૃષ્ટિએ ચર્ચાઓ કરી છાત્રાલયો, કન્યાશાળાઓ, હાઇસ્કુલો વિગેરેના અભ્યાસ માટે કમિટી નીમવી જોઇએ. તે કમિટી સંસ્થાઓનો અભ્યાસ કરી ટુંક વખતમાં રીપોર્ટ કરી બોર્ડ આગળ મુકે. પછી તેમાં ઉપયોગી સુધારા વધારા કરે તે ઉપરાંત કન્યાશાળા, હાઇસ્કુલો વિગેરે માટે અભ્યાસક્રમ તૈયાર કરાવવાનું કામ ઉપાડી તો જરૂર જૈન કોમની સાચી એજ્યુકેશન બોર્ડ બને. સમાજને આવી બોર્ડની ખાસ આવશ્યકતા છે.

એ ધનરૂપ વિજય કોણ ?

જરૂરી ખુલાસો.

આચાર્ય કેસરવિજયજીના સંઘાડામાંથી તેમના એક શિષ્ય લખી જણાવે છે કે "અમારા સમુદાયમાં ધનરૂપવિજય નામના કોઇ સાધુ નથી. પણ જે ધનરૂપવિજયે **"જડાવની"** કરૂણ હાલત ઉભી કરી છે તે 'દેડકાચાર્ય" નામે પ્રસિદ્ધ થયેલ (!) **"સ્વ. ખાંતિવિજયજી"**ના ગુરૂભાઇ છે, ને પન્યાસ **ઉમેદવિજયજીના** શિષ્ય હતા, અને જે હીરાશ્રી નામની સાધ્વીના અંગે લખાણ છે તે સાધ્વીને આઠ વર્ષ ઉપર અમારા સમુદાયથી બહાર કરેલ છે. ઉપરના સાધુએ ૧૯૭૦ની સાલમાં અમદાવાદમાં શેઠ મનસુખભાઇ ભગુભાઇના બંગલે દહેરાસરમાંથી સવારમાં દાગીના ચોર્યા હતા. બબર પડવાથી તેમની ધડપકડ થઇ હતી ને ધમાલ પણ થઇ હતી, સાધુ જાણીને તે વખતે છોડી દેવામાં આવ્યા હતા, આવા સાધુઓને વીણી વીણીને—કાંડુ ઝાલીને સમાજમાંથી દૂર કરવા જોઇએ, જ્યાં સડો પેઠો હોય ત્યાંથી તે જો દૂર કરવામાં ન આવે તો તે સડો સડાને વધારે છે. × × ×

વીર બંધુઓ ! જેવું સુધારાનું બીડું ઝડપ્યું છે તેવા સુધારાનું કાર્ય ચાલુ રાખશો. પાખંડને પોષશો નહિ અને બીનપાખંડીને છેડશો નહિ."

જવાહરલાલજીનો લાઉડ-સ્પીકર સામે વાંધો.

એજ્યુકેશન બોર્ડની સ્થાપના

ઉત્સાહભર્યા દેખાવો.

સ્થાનકવાસી પરિષદ્

અમારા પ્રતિનિધિ દ્વારા

દીક્ષા માટે સોળ વર્ષની ઠરાવેલ ઉમ્મર.

ત્રણે ફીરકાની ઐકયતા.

વીર સંઘની સ્થાપના.

અત્યાર અગાઉની પરિષદો કરતાં અજોડ ઉત્સાહ વચ્ચે અજમેરમાં સ્થા. નવમી પરિષદ મળી હતી. સમસ્ત હિન્દુસ્તાનમાંથી લગભગ ચાળીસથી પચાસ હજાર ભાઇ બ્હેનો, મુનીવરોના દર્શનનો લાભ લેવા તેમજ પરિષદમાં સાથ આપવા આવ્યા હતા.

આ પરિષદ ભાવનગર રાજ્યના વડા ઇન્જનેર શ્રી હેમચંદ ભાઇ રાગજીભાઇ મહેતાના પ્રમુખપણા નીચે ભરવામાં આવી હતી. પરિષદ માટે લોંકાનગર કુશળ ઇન્જનરોના હાથે બાંધવામાં આવ્યું હતું. તેમજ ખાસ મંડપ ઉભો કરવામાં આવ્યો હતો. મંડપમાં લાઉડસ્પીકરોની ગોઠવણ હોવાથી આવડી મોટી સંખ્યા હોવા છતાં સારાયે પ્રેક્ષક વર્ગને જરાપણ અગવડ વેઠવા વગર સુંદર રીતે સંભળાતું હતું. સૈનિકોની માફક બ્હેનોના વિભાગમાં સેવિકાઓના ખાસ સૈન્યે અજબ નિયમન જાળવી વ્યવસ્થા જાળવવાના કામમાં સરસ ફાળો આપ્યો હતો. બાસો ઉપરાંત મુનિરાજો પધાર્યા હતા અને તેઓશ્રીઓનું પરિષદ મંડપમાં ખાસ ભાષણ રાખવામાં આવ્યું હતું. ભાષણ કરતી વખતે મુનિરાજોએ લાઉડસ્પીકરનો ઉપયોગ કર્યો હતો, પણ પૂજ્ય જવાહરલાલજીએ "વાયુ કાયના જીવો હણાય છે!" તે તે ખાતર વાંધો લીધો હતો અને મંડપમાંથી તેમને ચાલી જવું પડયું હતું; કારણ કે લાઉડસ્પીકર વિના લોકો કશું સાંભળી શકે તેવી સ્થિતિમાં નહોતા. પરિષદમાં ખાસ ભાગ લેવા માટે પરોણાઓ તરીકે નામદાર લીંબડીના ઠાકોર સાહેબ, શ્રી જીતવિજયજી, પં. સુખલાલજી, ગૌરીશંકર ઓઝા, કવીશ્રી ન્હાનાલાલ વગેરે અનેક સન્માનીત ગૃહસ્થો આવ્યા હતા.

આ પ્રસંગે અનેક ઠરાવો થયા હતા, તેમાં ખાસ કરી નીચેના અગત્યના ઠરાવો અને બીજો હેવાલ પ્રગટ કરીએ છીએ.

આ કોન્ફરન્સ એવો ઠરાવ કરે છે કે હીંદમાં શ્રી. સ્થાનકવાસી જૈનોની જ્યાં જ્યાં ધાર્મિક અને વ્યવહારિક સંસ્થાઓ ચાલતી હોય અથવા નવી શરૂ થાય તે સંસ્થાઓ તરફથી શિક્ષણક્રમ પાઠય પુસ્તક, ફંડ આર્થિક સ્થિતિ બાલક બાલિકાઓની સંખ્યા આદિ આવશ્યક માહિતિ મંગાવીને એકઠી કરી અને શિક્ષણ પરિષદના ઠરાવ પર ધ્યાન આપીને અત્યારે કયું કામ કરવા યોગ્ય છે તે પર સલાહકાર અને પરિક્ષક સમિતિ જેવી સંપૂર્ણ રીતે કામ કરવા માટેની એક બોર્ડ નિમવી અને તે બોર્ડમાં દરેક પ્રાંત તરફથી અકેક સભ્ય નિમવા અને બધી શિક્ષણ સંસ્થાઓએ મળીને પોતાના પાંચ સભ્યોને આ બોર્ડમાં મોકલવા.

ધાર્મિક અને સાંસારિક સુધારાની હિમાયત કરવામાં આવી છે. પરિષદ અને તેની પ્રવૃત્તિઓના લાભાર્થે 'પાઇ ફંડ" સ્થાપવામાં આવ્યું છે, અને સાધુ સંમેલનનો રિપોર્ટ જેમાં દિક્ષા માટે ૧૬ વર્ષની વયની હદ ઠરાવવામાં આવી છે તે બહાલ રાખવામાં આવે છે.

ત્રણે ફીરકાની ઐકયતા.

જૈનોના બધા ફીરકામાં પરસ્પર પ્રેમ વધારવાથી જૈન ધર્મ પ્રગતિ પામીને આગળ વધી શકે છે એવું આ કોન્ફરન્સ માને છે અને એ માટે આ કોન્ફરન્સ પ્રયત્ન કરે છે કે જૈનોના અન્ય ફીરકાઓને તેમની કોન્ફરન્સ દ્વારા પ્રેમ વધારવા તથા મતભેદ ભુલીને ઐકય સાધનાથી જે જે કાર્ય સંયુક્ત બળથી થઇ શકે તે બધાં કાર્યો કરવાની વિનંતિ કરે છે. (આ પ્રવૃત્તિ કોન્ફરન્સ ઓફીસ કરશે)

સાધુઓ વચ્ચે સમાધાન—૪૦ દિવસે છોડેલા ઉપવાસ.

કોન્ફરન્સમાં એમ જાહેર કરવામાં આવ્યું હતું કે, જવાહરલાલજીની આગેવાની હેઠળના તેમજ મુન્નાલાલજીની આગેવાની હેઠળના સાધુઓના બે હરીફ પક્ષો વચ્ચે સમાધાન થવા પામ્યું છે એ સાંભળી બીજાવર બાતે મુનિ મીશરીલાલજી ૪૦ દીવસ થયાં જે ઉપવાસ કરતા હતા તે તેમણે આજે સહવારે છોડયા છે આ બે હરીફ પક્ષો વચ્ચે સમજુતી કરાવવામાં જૈન પરિષદના પ્રમુખ શ્રી હેમચંદભાઇ મહેતાએ અગત્યનો ભાગ ભજવ્યો છે.

શ્રી. દુર્લભજી ઝવેરી અને શ્રી. નાથાભલ ચોરડીઆને પદવીઓ.

જૈન ધર્મ અને સમાજની બજાવેલી સેવાઓ માટે પરિષદે શ્રી. દુર્લભજી ઝવેરીને નવરત્નનો ચાંદ તેમજ "જૈન સમાજ ભુષણ" નો ખેતાબ આપ્યો છે તેમજ શ્રી. નાથાભલ ચોરડીઆને પણ "જૈન સમાજ ભુષણ"નો ખેતાબ આપ્યો છે.

જૈન કન્યા ગુરૂકુલ.

છેવટે જાહેર કરવામાં આવ્યું હતું કે, પ્રમુખે પરિષદના સામાન્ય ફંડમાં રૂા. ૩૦૦૦ અને શ્રી. નાથાભલ ચોરડીઆએ જૈન કન્યા ગુરૂકુલ માટે રૂા. ૭૦૦૦૦ આપ્યા છે.

વીરસંઘ અને બ્રહ્મચારી વર્ગ.

શ્રી શ્વેતાંબર સ્થાનકવાસી જૈનોના હીતને માટે પોતાનું જીવન સમર્પણ કરનારા સજ્જનોનો 'વીરસંઘ' અને બ્રહ્મચારી વર્ગ સ્થાપવાની આવશ્યકતા આ કોન્ફરન્સ સ્વીકારે છે. તે માટે કયાં કયા સાધનોની આવશ્યકતા છે તે સાધનોને કેવી રીતે એકઠાં કરવાં કયા કયા સેવકોની કેવી કેવી યોગ્યતા હોવી જોઇએ, સંઘનો ક્રમ અને તેના નીયમો વગેરે દરેક બાબત નક્કી કરવા માટે નીચલા ભાઇઓની એક કમીટી નિમવામાં આવે છે. આ બને વર્ગો દ્વારા જૈન ધર્મનો પ્રચાર પણ કરવામાં આવશે માટે એ સંબંધે ૩ માસની અંદર આ કમીટી પોતાની યોજના તયાર કરીને 'પ્રકાશ'માં પ્રગટ કરે. આ સંબંધમાં જે કંઇ સુચના કરવી હોય તે કમીટીના મંત્રીને મોકલવી.

પ્રમુખ-શ્રી. હેમચંદભાઇ રામજી મહેતા.
મંત્રી-શ્રી ચીમનલાલ પોપટલાલ શાહ.
સભ્યો-મી૦ વેલજી લખમશી નપુ, મોતીલાલજી મુથા, જેઠાલાલ રાગજી, અમૃતલાલ રાયચંદ ઝવેરી, લાલા જગન્નાથજી જૈન, ડોકટર વરજલાલ મેઘાણી, દુરલભજી ત્રીભુવન ઝવેરી.

(અનુસંધાન પૃ. ૨૧૧ ઉપર)

સાચું જૈનત્વ ક્યાં છે?

જૈનત્વને જગાડનાર પિતા મહાવીરના પ્રરૂપેલા વિશ્વવ્યાપી અહિંસાના સિદ્ધાંતો આજે ચોવીસો ને ઓગણસાઠ સંવત્સરોના વ્હાણાં વીત્યા પછી પ્રતિદિશાએ કૂચ કરતાં જણાય છે, 'જૈનત્વ' નો બોજો લઇને ફરતા જૈનો આજે મતમતાન્તરોના વિક્ષેપોમાં સાચું જૈનત્વ સમજી બેઠા છે. રાગદ્વેષનાં જળાંને તોડનારાઓ આજે રાગદ્વેષને નામે જૈનત્વમાં હણી રહ્યા છે. ક્રોડીમ ક્રોડીના પાલક જૈનો આજે પરના ભોગે જીવતાં અહિંસાના મૂળભૂત સિદ્ધાંતોની અવગણના કરી રહ્યા છે. ક્ષમા અને શાન્તિની મધુરી ફોરમો વિશ્વભરમાં ઉડાડનાર પિતા મહાવીરના અનુયોએ આજે ઉદ્વેગ અને વિદ્રોહમાં સાચાં વીરત્વને વીસારે મૂક્યો છે.

જ્ઞાતિ, તડ, પંથ કે વર્ણની માનવજાતે સર્જેલી સંકુચિત ભાવનાઓને ટકાવતી દિવાલોના ચૂરેચૂરા જે કર્મવીરે કર્યા અને જેણે વિશ્વબંધુત્વવાળો જૈન આદર્શ પ્રરૂપ્યો, તેનાંજ સંતાનો આજે મતાગ્રહના ચેપી રોગમાં સડી મરે છે. અહંભાવે અનેક ગચ્છ, તડ અને પંથમાં જૈનત્વને વહેંચી દીધું છે. દિગમ્બર, સ્થાનકવાસી, અને શ્વે. મૂર્તિપૂજકના ત્રણે વીરકાઓ આજે જૈનત્વને નથી અજવાળતા. જૈન આદર્શ વિશ્વમાંથી ભૂલાઇ ગયો છે. સંકુચિત મનોદશાના આંધળા આવરણોને વિદારી એકત્રિત શક્તિથી ગબડાય તોજ સાચા વીરત્વને અજવાળી શકાય.

અખંડ જૈનત્વને જીવાડતું, અસ્ખલિત વીરત્વને અજવાળતું અને પ્રેમભાવથી પ્રેરાયેલું આપણું સમાજ જીવન કોઇ આંગળીઓના વેઢા જેટલા માનવીઓના પાપના ભોગે આજે કલહ અને કંકાસમાં ખાખ થઇ રહ્યું છે. ચાર સંઘોને સ્થાપન કરી માનવ માનવ વચ્ચેના ભેદભાવોને કાપનાર વીરના નામે કોઇ સમાજના સૂત્રધારોએ અહંભાવને ટકાવવામાં પરના ભોગે જીવન જીવતાં આખાયે સમાજનાં જીવનો શુષ્ક કરી દીધાં છે

આપણા આદિ તીર્થંકર ઋષભદેવના સમયથી દુનિયા પ્રગતિનો માર્ગ શોધતી આવી છે, તો શાને માટે માનવ સર્જીત નિયમોના બંધનોમાં શક્તિ અને સાધનથી મનુષ્યત્વને કેળવતા જીવનને બાંધી દેવામાં આવે છે? જૈનત્વના ભોગે કોઇ કીર્તિના કળશ ઢોળાવવાના મોહમાં શાને માટે આટલા બધા ધમપછાડાઓ અને આટલી બધી મરતીઓની ધૂન મચાવી સમાજ જીવનને ખાખ કરવામાં આવે છે.

દીક્ષા જેવું કોઇ ઉચ્ચગામી જીવન કોઇ નરરત્ન પામે, તેને બદલે અયોગ્ય રીતે મૂંડી નાખી દીક્ષાને ચારણીયે ચળાવવામાં ધર્મના પ્રીરસ્તાઓ કઇ રીતે મહાવીરના ભેખને અજવાળે છે? દીક્ષાને નામે ચાલી રહેલા ઉલ્કાપાતોથી દુનિયાનાં ધર્મ ચક્ષુઓમાં વિષ વ્યાપવામાં કઇ રીતે મહાવીરના આદર્શો અને દીક્ષાનું ગૌરવ મૂર્તિમંત બને છે? મમત્વ અને કદાગ્રહની વ્યક્તિગતની ભડભડતી હોળીઓ જૈનત્વને ખાખ કરી રહી છે.

આજે રહ્યાં સહ્યાં મુઠ્ઠીભર હાડકાંના માળાને ટકાવવા મહાવીરના સંતાનોને મુઠ્ઠી ધાન્ય માટે ફાંફા મારવા પડે છે. સવાર સાંજ હાડચામના શુષ્ક દેહને જીવાડવા ટુકડા રોટલા માટે ઘેર ઘેર ગુલામીના કાળા કોરડામાં સપડાએલા જૈન બંધુઓના કમકમાટી ઉપજાવે તેવાં જીવનો જોવાં પડે છે. હૃદયનાં ભાવોને મારી કોઇ વિધવાઓ દુઃખીયારાં જીવનો જીવતી કાંઇક કાળે દેહને ટકાવવા પાપીઓનાં પંજામાં સપડાઇ પડે છે. અજ્ઞાનતાના અંધારામાં સાધન સંપત્તિના અભાવે અનેક શક્તિવંતા બાલુડાં અથડાઇ મરે છે. અપંગ અને શક્તિહીન માનવીઓને ભૂખમરામાં રીબાઇ રીબાઇ દેહનાં બંધનો તૂટે મરવું પડે છે. તીર્થોના ઝઘડાઓ જીતવામાં લાખો અને કરોડો રૂપીઆનું આંધણ મુકાઇ રહ્યું છે. તદુપરાંત જમણોના એઠવાડમાં હજારો રૂપીયાનો ધુમાડો પ્રતિ વર્ષે કોઇ ઇચ્છત કીર્તિના પ્રલોભનમાં થઇ રહ્યો છે. કીર્તિનો પુંજ એકઠો કરવામાં કેટલું અહિંસા તત્વ હણાય છે તેની કોને પડી છે? તેજ રીતે કીર્તિપૂંજના ભૂખ્યા કોઇ સાધુઓ 'વીરત્વ' ને નામે લાખો રૂપીયાની રેલમછેલ કરાવે છે.

ક્રોડીમ ક્રોડીનો બચાવ કરવામાં જે રીતની વ્યવસ્થિત શક્તિઓ ખર્ચાય છે, પાંજરાપોળની પાછળ અથાગ જહેમત લેવાય છે, અને અંધશ્રદ્ધાને નામે ધર્તીંગો પોષવામાં પાણીને મૂલે જે રીતની શક્તિ અને દ્રવ્ય વહેંચાય છે તે રીતેની અલ્પ માત્ર શક્તિ પણ માનવ જાતના કલ્યાણ અર્થે ખર્ચાતી હોત તો જૈનજીવન આટલી બેહુદી હાલતે ન આંબી પહોંચત. જેટલી પાંજરાપોળો ચાલે છે, તેના ચોથા ભાગનાયે અનાથાશ્રમો, વિધવાશ્રમો, હુન્નરશાળાઓ, હોસ્પીટલો, વ્યાયામશાળાઓ, કન્યાશાળાઓ, છાત્રાલયો કે ભોજનાલયો નભાવવામાં જૈનત્વના ધનરક્ષકોએ કાંઇક વ્યવસ્થિત શક્તિ ખર્ચી હોત તો તે ઉગી નીકળત.

આ બધા આડંબરો સ્વર્ગના કયા ખુણામાં માનવીને બેસી લેશે તે સમજી સકાતું નથી. અંતરમાં જામેલાં આંધળા આવરણોને વિદાર્યા વિના બાહ્યાડંબરોમાં શાને માટે અંધશ્રદ્ધાની ઘેલછામાં દેહ અને આત્માની શક્તિઓને ખુવાર કરવામાં આવતી હશે?

જે પ્રભુએ રાગદ્વેષની ભયંકર બેડીઓને તોડી "સ્યાદ્વાદ" ભાવનાનું મીઠું અને મધુરું જૈનત્વ પાયું છે, જેણે એકાન્તના આંધળા પડળોમાં જૈનત્વને ન સપડાવતા અનેકાન્તવાદનું મીઠું પિયણ પાઇ જૈનત્વને ઉજળું બનાવ્યું છે, તેજ વીરના નામની માળાઓ ફેરવનારાઓ તેનાજ સિદ્ધાંતોની ગડેચોક અવગણના કરી રહ્યા છે. અહંભાવ અને મમત્વના કદાગ્રહમાં કોઇ વિચારકના પ્રાણપૂરક વિચારોને અપનાવવા એમની તાકાત બહારની વસ્તુ થઇ પડી છે. જૈનતત્વના ગૌરવને મુર્તિમંત કરતાં અને વીરત્વને અજવાળતાં કોઇ છુટાં છવાયાં જૈન રત્નો આજે પણ મળી આવે છે. સમાજ અને ધર્મના પ્રેરણાત્મક અને ચેતનવંતા વિચારો પચાવવાની શક્તિ અંધશ્રદ્ધાની ઘેલછામાં જૈન સમાજે કેળવી નથી એ પણ તેનું દુર્ભાગ્ય છે.

સંકુચિત મનોદશાના વાડામાં ગંધાવા કરતાં મહાવીરે પ્રરૂપેલા વિશાળ જૈનત્વનો આદર્શ મુર્તિમંત કરવા સેવાભિલાષીઓએ તટસ્થ વૃત્તિને કેળવવી અનિવાર્ય છે. સારાયે જૈન જીવનને સ્પર્શતા સમાજના સળગતા પ્રશ્નો વ્યવહારૂ દ્રષ્ટિએ ચર્ચાય, જૈન-જીવન વિકાસને પંથે દોરે તે રીતે કેળવણીના પ્રશ્નો ચર્ચાય અને જૈનત્વને જગાવે તે રીતે ધર્મના પ્રશ્નો ચર્ચાય તો વીરના આદર્શો મુર્તિમંત બને ખરા.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને વિજ્ઞપ્તિ.

અમે, શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વર્તમાન વિદ્યાર્થીઓ નીચેની થોડીક લીટીઓ પર વિજ્ઞપ્તિરૂપે લક્ષમાં ધ્યાન ખેંચવાની વિનંતિ કરીએ છીએ. તા. ૬ ઠ્ઠી એપ્રીલે સંસ્થાના મંત્રીની સહીથી એક નોટીસ સંસ્થાના નોટીસ બોર્ડપર મૂકવામાં આવી હતી, જે તમારી જાણ માટે હું નીચે પ્રમાણે આપું છું:-

આથી સંસ્થાના લોન અને હાફપેઇંગ વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે, ને વખતસર નોંધ લેવાનું કહેવામાં આવે છે કે:-

૧ સંસ્થાની આર્થિક સ્થિતિ ગંભીર છે અને તેને પહોંચી વળવા સામાન્ય સમિતિ સખ્ત ઉપાયો યોજે એટલા માટે તે સમિતિ આગળ વિચારણા માટે બધી પરિસ્થિતિઓ, સૂચનાઓ સહિત મૂકવામાં આવશે, તેમાંની એક સૂચના એ છે કે આખરી ઉપાય તરીકે ચાલુ લોન અને હાફપેઇંગ વિદ્યાર્થીઓને પણ આવતા સત્રથી બંધ કરવા અને એમ લાગે છે કે સામાન્ય સમિતિ કદાચ આ પગલું યોજે.

૨ આથી કદાચ આવું બને તો વિદ્યાલયના આશ્રય વિના સ્વતંત્રપણે વિદ્યાર્થીઓએ પોતાનો અભ્યાસ જારી રાખવા અને આગળ વધારવા પોતાની મેળે સગવડતા કરવા તૈયાર રહેવું. છતાંય વિદ્યાર્થીઓને ખાત્રી આપવામાં આવે છે કે વ્યવસ્થાપક સમિતિ અને સામાન્ય સમિતિ આપણી જ્ઞાતિ અને ભૂત વિદ્યાર્થીઓની ઉદારતાથી પૂરતું ફંડ એકઠું કરવા, છેલ્લી હદ સુધી ખર્ચો ઓછો કરી અને તેથી આ કટોકટીના સંજોગો દૂર કરવા પોતાથી બનતું કરશે; અને સાથે સાથે વિદ્યાર્થીઓને ખર્ચો ઓછો કરવામાં સહાનુભૂતિ આપવા અને પોતે આવા ગંભીર પ્રસંગે કંઇ કંઇ સેવાઓ આપી શકશે તે સંબંધી વ્યવસ્થાપક સમિતિને સૂચનાઓ જણાવવા અને પોતાથી બનતી મદદ આપવા કહેવામાં આવે છે. બંધુઓ! સંસ્થાનો છેલ્લો વાર્ષિક અહેવાલ તપાસતાં માલુમ પડશે કે દીધેલી લોનનો ઘણો ખરો ભાગ હજુ પાછો રીફંડ નથી થયો. આર્થિક મુશ્કેલીઓને લીધે સંસ્થા પોતાનું કામકાજ ઠીક પાયા પર ચલાવી શકે તેમ નથી. લોનમાંથી જો પૈસા રીફંડ થાય તો અમારી મુશ્કેલીઓ ઓછી થાય અને અમારે સહન કરવાનુ રહે નહિ. આજે ભૂત વિદ્યાર્થીઓએ મોટે ભાગે પૈસાં પાછા નથી વાળ્યા અને તેથી અમારે સહન કરવાનું રહે છે. વિદ્યાલયની મદદ આજે સૌથીયે વધારે વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ આગળ વધારી રહ્યા છે. વિદ્યાલયની મદદ ન મલે તો તેઓ પોતાનો અભ્યાસ ચાલુ રાખી શકે તેમ નથી. તેઓ ચાલુ રાખી શકે તેવા સંજોગોમાં નથી અને ખાસ કરીને આ દિવસોમાં કે જ્યારે ચોમેર ગંભીર આર્થિક મુશ્કેલીઓ ઉભી થાય છે, ધંધા રોજગારની સખ્ત મંદી છે અને જ્યારે વિદ્યાપીઠોની ફી અને ભણવાનો ખર્ચ ખૂબ વધ્યો છે ત્યારે વિદ્યાર્થીઓ માટે પોતાનો અભ્યાસ ચાલુ રાખવો એ ઘણું કપરું કામ છે. વિદ્યાર્થીઓ માટે પરિસ્થિતિઓ ઉલટી ગંભીર ને ગંભીર થતી જાય છે.

અમે આશા રાખીએ છીએ કે અમારા બંધુઓ આ કઠિનાઈ દૂર કરવા યથાશક્તિ પોતાનો ફાળો આપી વિદ્યાલયને સહાયભુત થશે કે જેથી અમારે શોષાવું ન પડે. વિદ્યાલયથી છૂટા થઇને સ્વતંત્રપણે અમે ક્યાં જઇશું? બંધુઓ, યાદ લાવો કે તમેય એક વખત વિદ્યાર્થીઓ હતા. શું અમારે અમારો અભ્યાસ અધવચ્ચ છોડી દેવો? તમારા બંધુઓને સહાય આપવી અને તેઓનાં કાર્યમાં સહાનુભૂતિ દર્શાવવી એ તમારી ફર્જ છે. એટલી ફર્જ કયારે અદા કરશો? તમારા ભાંડુઓ તરફ પ્રેમ દર્શાવવાની આ અમુલ્ય તક તમને સાંપડી છે. આટલુંયે તમે નહિ કરો?

શાંતિલાલ જેઠાલાલ ઝવેરી.
મંત્રી, મહાવીર સ્ટુડન્ટસ યુનીઅન.

માનવી, એ ભૂલોની પરંપરા છે. ભૂલોમાંથી માનવીનું મનુષ્યત્વ ફૂલવાય છે. એટલે ભૂલોમાંથી પર હોવાનો દાવો એ કેવળ મૂર્ખતા છે. કોઇ સાધુ કે સંસારીને ગુણોનો ભંડાર કલ્પવામાં આવે, કે ભૂલો અને દોષોનો પોટલો કલ્પી દ્વેષ-ભાવના ફેલાવાય-આવું એક મન્તવ્ય "જૈનત્વ" ને નથી અજવાળતું. વૈમનસ્ય કે દ્વેષવૃત્તિ કોઇના અન્યાય કે જુલ્મને નથી રીટાવી શકતી; પ્રેમના ઓવારણાંઓ આંખના પલકારા માત્રમાં વિદ્રોહી ઉપર પણ વિજય મેળવે છે. "જૈનત્વ" સ્વાર્થ ભોગે પરમાર્થ ફેલાવવાનું શિખવે છે.

કોઇપણ વ્યક્તિ પરત્વેના દ્વેષરાગને તિલાંજલી આપી, મહાવીરે પ્રરૂપેલા 'પ્રેમ તત્વ' ને ફેલાવીએ તો 'જૈનત્વ' ને અજવાળવું વેગળું નથી. ફીરકા કે ગચ્છોની મોટાઇના મતાગ્રહોને સળગાવીએ તો મહાવીર સર્જીત 'વિશ્વ બંધુત્વ' ની ઉજળી ભાવનાને દીપાવવામાં વિલંબ નહિ થાય, અહંભાવ અને અન્યાયનાં આંધળાં પડળોને વીદારી ન્યાયાન્યાય કે સત્યાસત્યને સ્વતંત્ર રીતે વીચારતાં શીખી જઇએ તો સમાજ જીવનની સિતમ ચકકીઓમાં પિસાતાં પિતા મહાવીરનાં સંતાનોને 'શાંતિ' નો માર્ગ મળી જાય. 'વીરત્વ' ને અજવાળવા વૈમનસ્ય, વેર અને છેતરપીંડીને તિલાંજલી દઇએ. 'જૈનત્વ' ને જગાવવા પરના ભોગે જીવન જીવવામાંથી વિરકત બનીએ **જૈનત્વને વિશ્વવ્યાપી કરવા બાહર અને સૂક્ષ્મ અહિંસાની મહાવીરે પ્રરૂપેલા 'ધ્વજ' ને પવિત્ર દિલથી વાંદી લઇએ-ત્યારે "જૈનત્વ" ની મધુરી ફોરમો વિશ્વભરમાં ઉડાડવાનું હરાજ કિલ્લાઓ ચણવા જેવું નહિ રહે.**

સ્વીકાર અને સમાલોચના.

મેવાડનો પુનરૂદ્ધાર—લેખક જગજીવન માવજી કપાશી, પ્રકાશક શેઠ દેવચંદ દામજી કુંડલાકર, અધિપતિ જૈન, મળવાનું ઠેકાણું જૈન સસ્તી વાંચનમાળા, મુ. પાલીતાણા કાઠિયાવાડ. કિંમત રૂા. ૨-૦-૦ બે.

જૈન સમાજ અને ઇતર સમાજે આજે પણ એ વીર પુરૂષનું પ્રેમથી નામ લે છે, ઇતિહાસ પ્રસિદ્ધ મહારાણા પ્રતાપના અવનતિના ટાઇમમાં આ મહાપુરૂષે પોતાની અઢળક દૌલત મહારાણાને ચરણે ધરી રાષ્ટ્ર પ્રેમનું જવલંત ઉદાહરણ પૂરૂ પાડયું હતુ. તે સંબંધી વિસ્તૃત વિવેચન પ્રસ્તુત પુસ્તકમાં કરવામાં આવ્યું છે. સાથે હીરવિજયસૂરિ અને સમ્રાટ્ર અકબર સંબંધી પણ કેટલુંક લખવામાં આવ્યું છે, એકંદરે આ નોવેલ રસિક અને બોધપ્રદ છે.

'કેળવણીનું સીદાતું ક્ષેત્ર'

લેખક :—
નાનાલાલ દોશી.

આપણી સામાજિક ફરજો વિષે આપણી પ્રજામાં ઘણુંજ ઓછું જ્ઞાન છે. ઈંગ્લાંડ જેવા દેશમાં જ્યારે કોઇ મૃત્યુ પામે છે ત્યારે તેના અંત (વીલ) માં અમુક રકમ યા તો સાહિત્ય સંગ્રહ કે એમ કંઇ દેશ હિત માટે તે મૂકી જાય છે, એટલુંજ નહિ પરંતુ તે પ્રજા, ધનના સંગ્રહ કરતાં ધનના સદ્વ્યયમાં વિશેષ માને છે અને એ પ્રજા એટલું વિશાળ સામ્રાજ્ય ભોગવી રહી હોય તો તે આ ગુણોને લીધેજ છે. જ્યારે જ્યારે દેશ એવી અણીની જરૂરીઆત પર આવી રહ્યો હોય છે, ત્યારે ત્યારે આંગ્લદેશની પ્રજા મગજનું સમતોલપણું ગુમાવ્યા વગર વ્યક્તિનાં શ્રેય કરતાં દેશહિતને આગળ મુકી તન કે ધનનો આત્મભોગ કરતાં પાછી પાની કરતી નથી. જે પ્રજા સમજુ છે, તે પ્રજા મનુષ્યની જરૂરીઆતો પુરી પાડી, તેના જીવનમાં સહેલાઇથી વિશેષ સુખ સગવડ કેમ વધારવી તે યોજવામાં ખરો ધર્મ સમજે છે. લાખોની સંખ્યા શારીરિક નબળાઇ કે જરૂરીઆતની ગેરહાજરીના અભાવે અનેક રીતે પિડાતા હોય ત્યારે તે પ્રજા જમણવારો કે મરણવારો પાછળ લાખો કરોડો રૂપીઆના મુગટો કે દેવાલયો પાછળ નથી ગાળતી. આજે અમારો ખરો વિરોધ દેવમંદિરો કે ઉપાશ્રયોની સામે નથી પરંતુ બીન બીન જરૂરીઆતવાળા સ્થળોએ ફક્ત કીર્તિ સ્થંભો તરીકજ તે ચણાતા હોય અથવા વિવેક દ્રષ્ટિ ભુલી તેવા સંસારીઓ થતા હોય ત્યારે વીસમી-સદીના પ્રગતિશાળી યુવકગણે તે વિષે પોતાના અભિપ્રાય વ્યક્ત કરવામાં કશી પણ શિથિલતા દાખવવી હિતકારક નથી. થોડી ઘણી બોર્ડીંગો અને તે પણ વર્તમાન જીવનોપયોગી સાધનો વિહીન-તે આપણી કેળવણી ક્ષેત્રમાં રણમાં લીલી ભૂમિ સમાન છે છતાં જરૂરીયાતથી ઘણાં ઓછા છે. આજે આપણી સારી સંસ્થાઓ નાણાંને અભાવે કેટલાએ વિદ્યાર્થીઓને લાચારીથી નિરાશ કરે છે તેનું મુખ્ય કારણ એજ છે કે સમાજે જેટલું કેળવણી માટે ધન વાપરવું જોઇએ, તેટલું તે ક્ષેત્રમાં નથી વપરાતું. આજે હિંદના જાહેર જીવનમાં આપણો ફાળો ઘણોજ ઓછો છે. પારસી કોમ જેવી નાનકડી કોમે કળા-કૌશલ્ય, ઉદ્યોગ, સાહિત્ય, શિક્ષણ કે સાર્વજનિક ઉપયોગમાં જે ફાળો આપ્યો છે તે દ્રષ્ટિએ જોતાં આપણે ઘણાંજ પછાત છીએ, આજે આપણી પાસે નથી દેશમાન્ય જૈન નેતાઓ, નથી સુંદર ચિત્રકારો, પત્રકારો કે ટીકાકારો, તેમ નથી કોઇ સાહિત્યની પુલવાડીને બ્હેકાવતા કે આંતર રાષ્ટ્રીય માનપાન ધરાવતા સાક્ષરરત્નો. આપણું જાહેર જીવન ધારાસભા કે રાજ સભામાં અમુક પ્રતિનિધિત્વ માગ્યાથી નહિ વધે: આપણું જીવન શાસનકાર (રાજ્યકર્તા) ના ટુકડા સ્વીકારે નહિ ખીલે, આપણું જાહેર જીવન ખીલવવાનો એકજ રસ્તો છે અને તે એ કે આપણા શ્રીમંતો અઘટિત સમાજ રચનાથી ઉપસ્થિત થયેલી અસમાનતા દૂર કરવા અને તેમના ભાગ્યોદયે મળેલી લક્ષ્મીનો સદ્વ્યય કરવા સમાજને ચરણે તેમના ધનભંડારો ખૂલ્લા મૂકે, અને કેળવણીના પ્રચાર કરે. આ એક સમાજ અને દેશની શાંતિ, સહિસલામતી અને સ્થિરતા માટેનો રસ્તો છે, કારણ કે જો એક બાજુના મનુષ્યગણને પતિત દશામાં સબડવા દેવામાં આવે તો તે સમાજ તેવા ક્ષણને લઇ નાશ પામે છે, અથવા અરાજકતામાંથી તેનો પુનર્જન્મ થાય છે. આજે આપણી પ્રજા પર કેળવણીનો કર બહુ ઓછો છે. શ્રીમંતોએ તેમ સમજીને પણ ઉચ્ચ કેળવણી માટે તેમની ધનવેલીઓની દોરી ઢીલી કરવી જોઇએ છે.

સમાજના પુનરૂદ્ધાર માટે કેળવણી એ એકજ રસ્તો છે. આપણું મોક્ષ કેળવણીમાંજ સમાયલું છે. આપણે શહેરોના ભાપકા અને રોનકદ્વાર ઇમારતો પરની દ્રષ્ટિ પરથી ગામડાની અજ્ઞાન જનતાપર દ્રષ્ટિ ફેરવીએ તો એમ જરૂર લાગશે કે આપણે સામાજિક સ્વરાજ્યથી ઘણે દૂર છીએ અને દરેક વ્યક્તિનું ખરું શારીરિક કે માનસિક સુખ ત્યારેજ તેને મળે છે કે જ્યારે તે સામાજિક બંધનો અને ચીલાઓમાંથી કંઇક પ્રકારે મુક્તિ મેળવે છે.

સમાજની ઉન્નાત માટે કે સમૂહના હિત માટે જેને લેશ માત્ર પણ લાગણી હોય તેવા દરેક નહાના કે મોટા સૌ બંધુઓને અમારી એજ વિનંતિ છે કે સંસ્થાઓની નાણા વિષયક સ્થિતિ તપાસી, શિક્ષણ ક્ષેત્રને નવપલ્લવિત બનાવવા તન, મન, ધનથી બનતી સેવા અર્પે.

સાચું કાર્ય.

[૨૪ માં અંકમાં **"લોહીનાં આંસુ"** છપાયેલા. આ સંબંધમાં શ્રી **"મહુવાકર"** આવેલા કાગળોનો પ્રત્યુત્તર સામટા જવાબ રૂપે લખે છે. સમાજના સાચા હિતચિંતકો વાંચે, વિચારે અને અમલમાં મુકવા પ્રેરાય એજ અભ્યર્થના.—તંત્રી]

પત્ર મળ્યો. "લોહીનાં આંસુ" વાંચી ખરેખર તમને ભારે દુઃખ થયું હશે? બીજા પણ એવા પત્રો આવ્યા છે. એ ભાઇને દેશમાં જવા જેટલી મદદ મળી ગઈ છે. તે ભાઈ દેશમાં પહોંચી ગયા છે. કમભાગ્યે મુંબઇ આવવું પડશે તો તમને મળશે. અને બનતી મદદ-સહાનુભૂતિ મેળવશે. પણ સમાજના અનેક દુઃખી, દુઃખી થઇ રહેલા તમારી આસપાસની ચાલીઓમાં ઘણાંએ છે. મુંબઇમાં છે એમ નથી પણ ગૂજરાત-કાઠિયાવાડના ગામડાંઓમાં-શહેરોમાં, વિધવાઓ, બાળકો, યુવકો ભારે ચિંતામય એકાર જીવન ગાળી રહ્યા છે-લાખોના દાન લુંટાવી દેનાર, હજારોના પૂણ્ય કાર્ય કરનારના હૃદયના તાર ઝણઝણી ઉઠે. યુવકો, તે માટે સમાજથી આજની દશાનો અભ્યાસ કરે અને એક નહિ પણ હજારોને મદદ-રાહત, કોળીઓ અન્ન-રોજી-કામ મળે અને જીવન મળે વેળી વ્યવસ્થિત યોજના ઉપાડી લ્યે ત્યારેજ સ્વામી ભાઇઓનો આર્તનાદ બોલ્યો થાય.

ધર્મની વાતો ભુખ્યા પેટે ન થાય. સાચો ધર્મ પરમાત્માના બાળકોની સાચી સેવામાં રહ્યો છે. તે હવે કયાં સુધી ગળે નહિ ઉતરે?

કોઈ દાનવીરોને જરા પુછી જુઓ-તેઓ ઉદાર થાય તો સારી વાત છે, નહિ તો **યુવાનો! ભીખ માંગીએ પણ જૈન સહાયક ફંડ બોલાવો.**

"મહુવાકર"

....અ....વ....ન....વા....

આલમને ઓવારે—

—બ્રીટનમાં રશીઅન માલની આયાત અટકાવનારો કાયદો બ્રીટીશ પાર્લામેન્ટે પસાર કર્યો છે. તેના જવાબ રૂપે રશીઅન પાર્લામેન્ટે બ્રીટીશ માલના બહિષ્કારનો ઠરાવ પસાર કર્યો છે.

—અખીલ હિંદ પુસ્તકાલય પરિષદનું આઠમું અધિવેશન બેઝવાડા ખાતે ડો૦ વી. શીવરામના પ્રમુખપદે મળ્યું હતું.

—ચીન-જપાનની લડાઇ ચાલુ છે. લુવાનદી આગળથી સખ્ત માર ખાઇ જાપાન પાછું હટ્યું છે. અત્યારે ચીનનો ૧૫૦૦ ચોરસ માઇલ જેટલો પ્રદેશ જાપાનના કબજામાં છે.

—કલકત્તાના "લોકમાન્ય" પત્રની અઠવાડીક આવૃત્તિની બે હજાર કોપીઓ હીંદીના પ્રચારાર્થે મફત વહેંચવાનું તે પત્રના કાર્યકર્તાઓએ ઠરાવ્યું છે.

—મેવાડમાં આવેલા બેગમ, ગ્યાલીઅરમાં આવેલા રીંગોલી અને ઇન્દોર આગળ આવેલા નાનદ્યાઇ ગામની આજુબાજુના ૩૦૦ કરતાં વધુ ગામડાંને છેલ્લા પાંચ સાત માસથી હડકાયા શિયાળ ત્રાસ આપી રહ્યાં છે. લગભગ ૧૫૦ થી ૨૦૦ જેટલાને આ શિયાળોએ બચકાં ભર્યાં છે. તેમાંથી ૫૦ જેટલા હડકવા લાગતાં મરણ પામ્યા છે.

સ્થાનિક—સ્વદેશી લીગ અને અસ્પૃશ્ય સેવક સમાજની મુંબાઇની પ્રાંતિક બોર્ડના આશ્રય હેઠળ ચામડાના સામાનનું એક પ્રદર્શન તા. ૨૨મી થી શરૂ થયું છે. (૨) એક શ્રીમંત ગુજરાતી બુકસેલર છગનલાલ ધનામલનો એક માસથી પત્તો નથી; અને ભેદ ભરેલી રીતે અદૃશ્ય થયા છે. છુપી પોલીસ તપાસ ચલાવે છે.

અમદાવાદ—ચૈત્ર વદ ૧૨ ના દિવસે મુનિશ્રી મોહનલાલજીની જયંતિ ખરતરગચ્છને ઉપાશ્રયે ઉજવાઇ હતી. તે પ્રસંગે પ્રમુખશ્રી મુનીશ્રી માણેક, તથા શ્રી વીરજલાલ શાહ બાર-એટ-લો, શ્રી અમૃતલાલ મોહનલાલ ઝવેરી વગેરેઓએ પ્રાસંગીક વિવેચનો કર્યા હતા. કવિશ્રી નહાનાલાલે અમેરિકામાં આ વખતે મળનાર "સર્વ ધર્મ પરિષદ"માં જૈન ધર્મનો પ્રચાર કરવાને કોઇ જૈન વિદ્વાનને મોકલવા સૂચન કર્યું હતું.

(અનુસંધાન પૃ. ૨૦૭ ઉપરથી)

વીરસંઘના પહેલા ઉમેદવાર.

વીરસંઘ જેવી સંસ્થા સ્થપાશે તો હું તેનો પહેલો સભ્ય થવાને તયાર છું. હું તે માટે તમારા આશીર્વાદ માંગું છું.

વ્યવહારીક પરિણામ—

અત્રે ભરાયેલી જૈન પરિષદનું પરિણામ ગમે તે આવે પણ તેનું એક વ્યવહારીક પરીણામ એ આવ્યું છે કે પંજાબ, મારવાડના પ્રાંતો, સંયુક્તપ્રાંતો અને રજપુતાનાની સ્ત્રીઓ જેઓ મોટે ભાગે પડદો પાળે છે અને કાઠીઆવાડની સ્ત્રીઓ જેઓ ઘુમટો ખેંચે છે તેઓ અજમેરના બજારમાં ખુલ્લે મોંઢે છુટથી હરેફરે છે અને દુકાનોએથી માલની ખરીદી કરે છે આ તરફ સ્ત્રીઓ ખુલ્લે મોંઢે ફરતી ન હોવાથી આ સ્ત્રીઓને તેવી ફરતી જોવાથી કોઇ કાંઇ અડપલું કે અટકચાળું ન કરે તે માટે આર્યસમાજી સ્વયંસેવકો શહેરમાં તેમજ પરિષદના મંડપમાં ફરે છે. પણ સવાલ એ પુછાય છે કે હવે એ સ્ત્રીઓ પડદો અને ઘુમટો હંમેશ માટે છોડશે કે?

યુવક સંગઠ્ઠન.

સેવા ભાવી યુવક બંધુઓ,

તમોને અત્યારની આપણી સામાજીક સ્થિતિ નીહાળી, એમાં થઇ રહેલ ભિન્ન-ભિન્નતા નીરખી અવશ્ય દિલગીરી પેદા થતી હશે. સાચા જૈનને જરૂર તેમ થવું જ જોઇએ તેથી જ સંગઠ્ઠન કરવાની ખાસ આવશ્યકતા ઉભી થાય છે.

વર્તમાન પરિસ્થિતિ જોતાં જેઓ સ્વ જ્ઞાતને શાસન પ્રેમી તરીકે ઓળખાવી માત્ર અમુક સાધુઓની મોરલીએ નાચી રહ્યાં છે તેમની સંખ્યા બાજુ પર રાખી, જેઓ એથી જુદા વિચાર ધરાવે છે અને જેઓને અયોગ્ય દીક્ષા સંબંધી કે તેવી બીજા પ્રકારની ધમાલો ગમતી નથી, અને જેઓને માત્ર મુંગુ કામ કરી સમાજમાં સંપ, શાંતિ અને ઉદારવૃત્તિ વધારવાની હૃદય ગત અભિલાષા છે તેવા દરેક યુવક માનસ વાળા ભાઇઓનું સંગઠ્ઠન જેમ બને તેમ જલ્દી કરવું એવી અમારી ભાવના છે.

જૈન સમાજમાં કેટલાક તકરારી પ્રશ્નો વર્તે છે તેને બાજુ પર રાખી, ઉપરોકત ભાવના વાળા આપણે બધા બંધુઓ એક સાથે બેસી, વિચારોની આપલે કરી, વિશાળ ધોરણે એવો એકાદો કાર્યક્રમ ઘડી કાઢીએ કે જેથી આપણે ગૂજરાત કાઠિયાવાડ અને મુંબઇ ઇલાકામાં એક એવું યુથ ઉભું કરી શકીએ કે જે સોસાયટીનો સામનો કરવા ઉપરાંત એના તરફથી ફેલાવાતા જુદા જુદાનો પ્રતિકાર કરે અને જૈન સમાજનો મોટો ભાગ કેવું માનસ ધરાવે છે તેનો જૈને તર જગતને ખ્યાલ આપે.

તમો અમારા વિચારો સાથે સહમત થતા હોતો તેમ જણાવી અગર એ સંબંધી જે કાંઇ સૂચના કરવાની હોય તે કરી, નીચેની બાબતોના ખુલાસા સહિત જરૂર જવાબ આપવા કૃપા કરશો.

[**નોંધ**—તમારા મંડળમાં, અગર તો મિત્ર વર્ગમાં આ પત્ર વંચાવી એમનો અભિપ્રાય મોકલશો.]

(૧) સંગઠ્ઠન માટે જેમ સંખ્યા વધુ થાય ને પ્રદેશ વિસ્તાર વૃદ્ધિ પામે તેવો મુખ્ય ઉદ્દેશ રાખવો.

(૨) પહેલી તકે પરિષદ કે સંમેલન ભરવું.

(૩) કયા સ્થળે અને કેટલા સમયના ગાળામાં ભરવું.

(૪) પરિષદ કે સંમેલન ભરવામાં આવે તો તમો ભાગ લઇ શકશો ?

(૫) મંડળ કે મિત્ર વર્ગના કેટલા સભ્યો ભાગ લેશે ?

(૬) હાલ તમારા શહેરમાં જે સંસ્થા વિદ્યમાન હોય તેના નામ ઠેકાણાં તથા બલણ શું છે તે જણાવો.

(૭) પરિષદ કે સંમેલન સફળ બનાવવા સારૂ બીજા કરવાના કાર્યો.

સૂચના—ઉપરની બાબતો સંબંધી તમારો અભિપ્રાય દર્શાવી જવાબ અવશ્ય મોકલશો.

યાદ રાખશો કે મોટા કાર્યોની શરૂઆત નાનામાંથી થાય છે. માટે આ નાનું લાગતું કાર્ય ઉપેક્ષા કરવા જેવું નથી. ચાર ચાર ગાઉ કાપતાં લાંબો પંથ કપાય.

લિ૦ **શ્રી સંગઠ્ઠન કમિટિ.**
C/o મુંબઇ જૈન યુવક સંઘ.
૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, **મુંબઇ ૩.**

પૃષ્ઠ ૨૦૮-૯ પર '**સાચું જૈનત્વ ક્યાં છે?**' એ શીર્ષક હેઠળ છપાયેલ લેખકના **લેખક શ્રી. કનૈયાલાલ દુર્લભરામ ભણસાલી** છે. મૂળ સ્થળે તેમનું નામ છાપવું રહી ગયું છે.

રકમ ડુલ! વહીવટદારો ખુલાશો કરશે?

પાલીતાણામાં વર્ધમાન તપની ઓળી લગભગ ૩૦-૩૫ વર્ષથી ચાલે છે અને આ સંસ્થાનો વહીવટ જામનગરના રહીશ શેઠ લાલચંદ લીલાધર ઘણા વર્ષોથી પોતે કરતા આવ્યા છે.

સદરહુ સંસ્થાનો હિસાબ, સદરહુ વહીવટદાર જનતાની જાણ માટે બહાર પ્રસિદ્ધ કરતા નહોતા તેમજ આ સંસ્થાનું ટ્રસ્ટડીડ પણ કરાવતા નહોતા. તેથી ટ્રસ્ટડીડ કરાવવા તથા હિસાબ બહાર પાડવા માટે મજકુર વહીવટદારને વકીલ મારફતે નોટીસ આપવાની ફરજ પડેલી અને ત્યારબાદ રાજકોટના પોલીટીકલ એજન્ટ સાહેબને લખવાં ફરજ પડેલી અને તેથી સાહેબે દરેક વહીવટદાર સામે યોગ્ય પગલાં લેવા હુકમ કરેલો. આ બધી તજવીજો મારે ૧૯૨૫-૨૬ ની સાલમાં કરવી પડેલી ત્યારેજ મજકુર વહીવટદારે આંઠ વરસે હિસાબ બહાર પાડેલો.

આ સંસ્થામાં, જૈનો પોતાના છોકરાને પૈસાનું દુઃખ ન પાંતાં, પેટે પાટા બાંધી મોટી રકમોની મદદો કરે છે. અને એવી મદદોથી હાલ આ સંસ્થામાં આશરે એક લાખ ઉપરાંતનું ફંડ પણ થયેલું છે.

સદરહુ વહીવટદાર શેઠ લાલચંદ લીલાધરભાઇની આગલી પ્રશંસા ઘણી સારી અને નામાંકિત થયેલી છે, (!) જે નીચેની હકીકત વાંચવાથી જૈનોની ખાત્રી થશે.

તા. ૧૦મી નવેમ્બર સને ૧૯૨૨ના વીરશાસન ઉપરથી ઉતારો.

મહુમ માણેકબાઇનું વીલ અને ધર્મશાળાના મુનિમો કોર્ટ:—

દક્ષિણ જીલ્લાના ગામ શાહાપુરવાળા બાઇ માણેકબાઇ પાલીતાણે ઘણાં વર્ષો ઉપર જાત્રાએ આવેલી. તે બાઇ પાલીતાણામાં ગુજરી ગયેલી તેથી તેની તમામ જંગમ મિલકત આ વહીવટદારે, તથા બીજા તેમના મદદગારોએ, પોતે તે મિલકતની વ્યવસ્થા કરવા વહીવટદાર થવા યુક્તિ રમી તમામ દર દાગીના રોકડ વગેરે મિલકત કબ્જે લીધી. વીલમાં લખ્યા પ્રમાણે વ્યવસ્થા તેમણે દશ બાર વરસ સુધી ન કરી. ત્યારે કોઇ જૈને દરબારશ્રીને અરજ કરી. દરબારશ્રીએ તેમની પાસેથી બાઇની તમામ મિલકત કે જે સોના રૂપાના દાગીના તથા રોકડ રૂપીયા વગેરે જે તેમના કબ્જે હતું તે લઇ લીધું. (વધુ વિગત ઉપરના પેપરમાં જુઓ.)

આ બાઇ સદરહુ સંસ્થાના અંગના આશરે છ-સાત હજાર રૂપીઆ પોતાના મળતીઆ—તેમના અંગત મિત્ર બંધાતના રહીશ **ચીમનલાલ પરશોતમ** જે હાલ અમદાવાદમાં રહે છે તેમને પોતાની આપખુદી સત્તાથી વગર અવેજે (કોઇ પણ જાતની સીકયોરીટી વગર) ધીરવામાં આવેલા છે. આ બાઇએ અમદાવાદમાં હાલમાં નાદારીની અરજી પણ તોંધાવવામાં આવેલી છે. આ હકીકત જો સત્ય હોય તો આ રકમ માટે કમીટીમાં રહેલા બધા વહીવટદારો પોતાની જાત જવાબદારી માને છે કે કેમ અને આવી રકમ આમ ધીરવાને માટે બધા વહીવટદારોની મંજુરી લેવાયલી કે કેમ?

આ સંબંધી સને ૧૯૨૫-૨૬ ની સાલોમાં હીસાબ બહાર પાડવા યોગ્ય સીકયોરીટીમાં નાણાં રોકડા, ટ્રસ્ટડીડ કરાવવા વગેરે બાબતો ઉપર ઘણી લખાણપટી ચાલેલી છે. તે જો કોઇ

અજમેરમાં પધારેલા મુનિશ્રીઓના પ્રવચનોમાંથી.

મુનિશ્રી ચોથમલજી મહારાજ.

તેમણે લાઉડ સ્પીકરમાં, જૈન ધર્મની ઉન્નતિ કેમ થાય તેનો માર્ગ બતાવતાં જણાવ્યું કે "બાળલગ્ન-વૃદ્ધ લગ્ન બંધ કરવા જોઇએ અને કોઇપણ કુંવારો રહેવો ન જોઇએ કારણ કે કુંવારા રહેવાથી આપણી વસ્તી ઘટી જાય છે માટે એક પણ ભાઇ કુંવારો હોય ત્યાં સુધી કોઇ પણ ભાઇએ ફરીવાર લગ્ન કરવું નહી." આ ઉપરાંત "આપણામાં અસ્પૃશ્યતા છેજ નહી. અસ્પૃશ્યતામાં જૈન ધર્મ માનતો નથી. જો માનતો હોત તો મુનીશ્રી મેતાર્યમુની અને હરીકેશ મરછી જેવાઓને દીક્ષા શા માટે આપત? જૈનધર્મમાં કોઇ પણ જાતનો ભેદભાવ નથી."

મુનિશ્રી નાનચંદ્રજીએ

સ્ત્રીઓને સંબોધી જણાવ્યું કે "બ્હેનો, તમે અત્રે આભુષણ અને ઝીણાં વસ્ત્રો મઝી આવ્યાં છો તે ઠીક કર્યું નથી. તમારે આભુષણ સજવાં ન જોઇએ કારણ કે તમારામાં તે સાચવવાની શકિત નથી. તમારા વડીલોમાં પણ તમારૂં અને તેનું રક્ષણ કરવાની શકિત નથી. તેઓ નામર્દ જાની ગયા છે. તમારે આવી બાહેરનાં પણ અંતરના સદગુણ, સેવા અને સંયમ જેવાં આભુષણ સજવાં જોઇએ."

આગળ ચાલતાં તેમણે જણાવ્યું કે "આજે બધાને સેવા જોઇએ છે. કોઇને સેવા આપવી નથી પણ સેવા આપ્યા વિના સેવા મળતી નથી. મહાવીર સ્વામીએ સેવા કરવાની આજ્ઞા કરી છે અને ગાંધીજી પણ તેમજ કહે છે. તમે કીડી અને ચકલાં તરફ દયા કરો છો પણ માણસો તરફ દયા બતાવતા નથી, કીડીને મોર નાખો છો પણ ઘરમાં વિધવા હોય તો તે તમારે ફાળે આવી નથી જણાવી તેને ખાવાનું પણ આપતા નથી. આથી તમારે માણસો પ્રત્યે પણ દયા બતાવવી જોઇએ." વળી તેમણે આગળ ચાલતા જણાવ્યું કે "આપણે જનસમુહના ઉદ્ધાર અને કલ્યાણ માટે ફંડ ભેગુ કરવું જોઇએ."

તે પછી તેમણે અજમેરમાં પ્રાણીઓની સેવા માટેની પાંજરાપોળ જેવી સંસ્થા અને ઢોરની હોસ્પીટલ ચલાવી છે અને યુરોપીયનો ચલાવે છે તે તરફ લક્ષ ખેંચી તેને મદદ કરવાની અપીલ કરી હતી અને તેનો જોત જોતામાં સારો જવાબ મળ્યો હતો આ સંસ્થા અજમેરની પોલીસના હસ્તામી વડા હસ્તક છે અને બાબુબાળા શ્રી શાંતિવીજયજી મહારાજે તે માટે રૂ. ૫૦૦૦૦ ભેગા કરાવી આપવાનું વચન આપ્યું હતું તેમાંના રૂ. ૪૦૦૦૦ તો ભરાઇ ગયા છે. આ સંસ્થા પાછળ માસીક રૂ. ૭૦૦ તો ખરચ છે અને અનેક યુરોપીયન બાનુઓ અને ગ્રહસ્થો તેમાં કામ કરી રહ્યાં છે.

ગ્રહસ્થને તમામ પત્રવ્યવહાર જોવાની જરૂર હોય તો અમારી પાસે આવી જશો, કે જેથી ખાત્રી થશે. આ સંબંધી વધુ હકીકત જાણવા મજકુર વહીવટદારને હાલમાં પત્ર લખેલો છે. આશા છે કે દરેક વહીવટદારો આ સંબંધી વધુ ખુલાસો જૈન જનતાની જાણ માટે પ્રસિદ્ધ કરશે.

વધુ હકીકત વીગતવાર નાદારી અરજીની નકલ લેઇ જણાવીશું.

અમદાવાદ હાજા પટેલની પોળ. } **બાલાભાઇ અચરતલાલની સહી દા. પોતે**

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩ માં છાપ્યું છે. અને ગોકલદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

આપણી પરિષદો.

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

તંત્રીઃ રતિલાલ ચીમનલાલ કોઠારી. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વર્ષ ૨ જું; અંક ૨૭ મો.
સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ | વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦ | શનીવાર, તા૦ ૬-૫-૩૩.

સુધારો અને ક્રાન્તિ

સુધારકો ઘણાય થઇ ગયા પરંતુ 'સુધારા' ના નામને દીપાવનાર તો કોઇક વીરલજ થયા છે, અને ગણ્યા ગાંઠ્યા સુધારકો જમાનાના જમાના વીત્યા તોય 'અંધકાર'નો નાશ કરી શકયા નથી. હવે તો ક્રાન્તિની મસાલ સળગાવવાનીજ જરૂર છે. સુધારક થવાનું હું પસંદ કરતો નથી. સુધારો એ મોટામાં મોટું "હંબગ" છે. મહાવીર સુધારક થઇ ગયા, લ્યુથર સુધારક થઇ ગયો. પરંતુ આજે એના અનુયાયીઓમાં દંભ પ્રવર્તે છે. આ બધું દીવા જેવું બતાવે છે કે આજનો સુધારો એ 'હંબગ' છે. નર્યો દંભ છે. ગમે તેટલા સુધારા કરો તોય એ દંભ, એ માનસ કાયમ રહેવાનુંજ. તેથીજ સમાજની પુનઃ રચના કરવાની આવશ્યકતા છે. સાંપ્રત સમાજ બંધારણનો નાશ કરવો ને નૂતન બંધારણ ઘડવું એજ ક્રાન્તિકારોના મુદ્દા છે. ક્રાન્તિનો અર્થ 'સુધારો' મુદ્દલ થશે નહિં. કૈંક સુધારકો ક્રાન્તિના નામે સુધારાને અપનાવવાનું સુધારક પત્રોની કટારોમાં લખે છે. તેમના વિચાર ને રહેણીકરણી જોશો તોજ એમને પૂરેપૂરા પીછાણી શકશો. એ આદર્શ અમલમાં મૂકવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં જાણે ઉભી પુછડીએ ભાગતા ન હોય! એ આદર્શ સુધારાપંથીઓ–એવા સુધારકો ક્રાન્તિના નામે જનતાને ઠગે એ બધું હવે વધુવાર ચલાવી નહિં લેવું જોઇએ.

"સુધારો તો ચાલુ વ્યવસ્થામાં છુટછાટ મુકવાની વાતો કરે છે, ક્રાન્તિ એ ઉદ્દામ કાર્યક્રમ છે, જ્યારે સુધારો એ માયાવી છે; ક્રાન્તિના અણુએ અણુએ સમાજહિત સમાયું છે, જ્યારે સુધારાની રગે રગે વ્યક્તિગત સ્વાર્થ ભર્યો છે." એ બેનો મેળ કદિયે નહિંજ મળવાનો. ક્રાન્તિના આન્દોલન પચતાં સુધારારૂપી પ્રતારણા નાબુદ થશે.

સમાજ અંધકારમાંથી બહાર આવે અને તેમાં 'પ્રકાશ' પડે એવું દરેક હૃદય ઇચ્છે. સુધારકો અને સ્થિતિચૂસ્તો Die-heards નું જુનવાણી માનસ તો હવે જવુંજ જોઇએ.

અંધારામાં હતો ત્યાં લગી હું પણ માનતો કે 'ક્રાન્તિ એટલે સુધારો.' સુધારાના આન્દોલનને વિપ્લવનું નામ આપનારાઓમાંનો હું એક હતો. પરંતુ આજે મારી એ ભ્રમણા દૂર થઇ છે.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चवस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥
(આચારાંગ સૂત્ર.)

પ્રબુદ્ધ જૈન.

શનીવાર, તા૦ ૬-૫-૩૩.

આપણી પરિષદો.

સારાયે આર્યાવર્તમાં હમણાં હમણાં પરિષદો, સંમેલનો, અધિવેશનો વગેરેનો મોહ ઠીક પ્રમાણમાં વ્યાપક બની રહ્યો છે. દરેક જ્ઞાતિઓ, પેટા જ્ઞાતિઓ અને પ્રાન્તો પોતપોતાનું સંગઠ્ઠન સાધવા પ્રયત્નો કરી રહ્યા છે. આપણી પણ અનેક પરિષદો થઇ ગઇ, જેમકે–પોરવાડ સંમેલન, સ્થા. જૈન કોન્ફરન્સ, સ્થા. સાધુ સંમેલન, નવયુવક પરિષદ, શિક્ષણ પરિષદ મહિલા પરિષદ, આ બધી પરિષદોનું અવલોકન કરતાં એટલું તો જરૂર જણાય છે કે તેનો ઉદ્દેશ સંગઠ્ઠન સાધી ઉન્નતિના રાહ તરફ આગળ વધવાનો હોય છે. પરંતુ અત્યાર સુધીનો એ બાબતનો અમારો અભ્યાસ સાફ સુણાવે છે કે જે ધ્યેયથી આવા સંમેલનો યોજાય છે તે ધ્યેયને સમેલનની પૂર્ણાહૂતિ પછી અભરાઇએ ચઢાવી દેવામાં આવે છે, અર્થાત્ કોઇ પણ જાતનું એ ધ્યેયને અનુસરીને કાર્ય કરવામાં આવતું નથી. તેમજ ઠરાવોની હારમાળાઓ ગુંથીને તેને કાગળમાં રહેવા દેવા ઉપરાંત જરાયે આપણે મહત્વ આપતા નથી. આ બીના આપણે માટે પીછેહઠ કરનારી છે, એટલુંજ નહિ પરંતુ સમાજ, ધર્મ અને આપણો પોતાનો પણ નાશ નોતરનારી છે. તેમાં જરાયે શક નથી. એથી અમે એમ કહેવા નથી માંગતા કે આથી સંમેલનો નિરર્થક છે. પરંતુ એ સંમેલનોનો અર્થ ઠરાવોની હારમાળા ઘડી પાસ કરાવવામાં ન સમજતાં જેટલું કાર્ય આપણે કરી શકીએ, આચરી શકીએ તેવા પ્રકારના શક્ય અમુકજ ઠરાવ ઘડી માર્ગ નક્કી કરવામાં આવે અને તદનુસાર રચનાત્મક કાર્યક્રમ અમલમાં આવે તેવો અર્થ સમજવો જોઇએ. તોજ આપણે ઉન્નતિના રાહ ઉપર આગળ વધી શકીશું.

પોરવાડ સંમેલન–જે સ્થાનમાં આ સંમેલન ભરવામાં આવ્યું હતું તેની આસપાસ પોરવાડોના હજારો ઘર છે. પ્રજા બહુજ અજ્ઞાન અને કુપ્રથાઓમાં ફસાએલ છે. કન્યાવિક્રય અને નિરર્થક કુથલીઓમાં પોતાનું જીવન વ્યતીત કરે છે. આવા લોકોને કંઇક વ્યવહારિક શિક્ષણ મળે, તેનું મનુષ્યત્વ ખીલે તે માટે સંમેલને કંઇક રચનાત્મક કાર્યક્રમ અમલમાં લાવવાની અગત્યતા હતી. પ્રમુખ શ્રીયુત દલીચંદ વીરચંદ શ્રોફે પણ પોતાના વક્તવ્યમાં આ બાબતને સ્વીકારી છે. સંમેલને તેવા પ્રકારના ઠરાવો પણ ઘડયા છે. પરંતુ જેમ બીજે સ્થળે થાય છે તેમ ઠરાવો માત્ર કાગળમાંજ રહે, અને ત્રણ દિવસના શંભુ મેળાનો આનંદ લઇ લોકો પોતપોતાને ઘેર બેસે છે. આવું ન બને તે માટે તેના ઉત્સાહી પ્રમુખ શ્રીયુત દલીચંદ વીરચંદ શ્રોફ અને બીજા કાર્યકર્ત્તાઓને વિનવીએ છીએ. પરિષદમાં જે ઠરાવો થયા છે, એ ઠરાવની પાછળ જનતાનું પીઠ બળ ઉભું કરી જો અમલમાં મૂકવામાં આવે તો આ પરિષદની સફળતામાં જરાયે શંકાને સ્થાન ન રહે. માત્ર ઠરાવો પાસ કરવામાંજ સંમેલનની સફળતા મનાતી હોય તો પછી તેમાં કશું કહેવાનુંજ રહેતું નથી. તેની સાથે થયેલ મહિલા પરિષદ પણ કંઇક જરૂર ઉપયોગી નીવડી હતી. પોરવાડ મહિલાઓમાં પ્રચાર કાર્ય માટે મહિલા સમાજના પ્રમુખ શ્રી. સૌ. રૂક્ષ્મીણી બ્હેને એક બે બ્હેનોનો સાથ સાધી જાતે સ્થળે સ્થળે ફરવાની જરૂર છે.

સાધુ સંમેલન–આ એક સ્થા. કોમ માટે ધન્ય ઘડી હતી, કે સારાયે ભારતમાં વિચરતા તેમના દરેક સાધુઓનું સંમેલન અજમેરમાં મળ્યું હતું. આવા સંમેલનો જરૂર ઇચ્છનીય છે. કારણકે સમાજની ઉન્નતિ અને અવનતિની ચાવી આ લોકો પાસે છે. તેઓ પોતે જ્યાં સડો દેખાય તેને દૂર કરી સંગઠ્ઠિત બની જાય અને સમાજોન્નતિ માટે કાંઇ પણ પ્રયત્ન કરે તો સમાજની ઉન્નતિ અનિવાર્ય બની જાય છે. આ પરિસ્થિતિનો વિચાર કરીનેજ આ સંમેલન યોજાયું હતું. જો કે આ સંમેલને કંઇ નક્કર કાર્ય કર્યું છે કે નહિં, તેની ભાંજગડમાં ન ઉતરતાં માત્ર એટલો લાભ તો જરૂર દેખાય છે કે સાધુઓ જે એક બીજાના સહવાસમાં આવતા ન હોતા, એક સંપ્રદાયના સાધુ બીજા સંપ્રદાય જોડે કોઇ પણ જાતનો સહકાર આપતા ન હતા તે વસ્તુ આવા સંમેલનથી અવશ્ય થવા પામી છે. આમાં પણ ઘણોજ કલેશ થવા ઉપરાંત મારામારીના સંજોગો પણ ઉપસ્થિત થયા હતા. છતાં કાર્યકર્ત્તાઓની કુશળતાને અંગે એ પ્રસંગ નિર્વિઘ્ને પસાર થયો હતો. બીજા પ્રાંતનાં સાધુઓ કરતાં ગુજરાત અને પંજાબના સાધુઓ ખૂબ ઉદાર જણાય છે. વિશ્વપ્રેમ આકર્ષવા માટે આવી ઉદારતા જરૂરી છે. આમ એક રીતે આપણે આ પરિષદની સફળતા સ્વીકારવીજ જોઇએ. આ સંમેલન દર અગીઆર વરસે મળવાનું હોઇ આ વખતની બેઠકમાં નહિં તો આવતી બેઠકમાં સમાજની ઉન્નતિ માટે જરૂર વિચાર કરશે, એ આશા રાખવી અસ્થાને તો નથીજ. આપણાં સાધુઓ આનું અનુકરણ કરે તો જે લાભ સ્થા. કોમને મળ્યો છે, તેના કરતાં આપણને અનેક ગણો સારો લાભ મળી શકશે; કારણ કે આપણા સાધુઓ સુશિક્ષીત છે, ઉદાર છે, જો કે હઠાગ્રહ, મમત્વ અને શિથિલતા જરૂર છે, પરંતુ તેનું નિવારણ અશક્ય નથી.

સ્થા. કોન્ફરન્સ—અનેક ઝઘડા અને કંટાળાઓને અંગે આ કોન્ફરન્સનું નવમું અધિવેશન ભરાયું હોતું, તે આ સાધુ સંમેલનનો લાભ લઇ ત્યાં મળ્યું. તેની બેઠક બહુજ દબદબા સહિત થઇ, પરંતુ બહારથી જોતાં તે વિરાટ સ્વરૂપમાં જણાઇ હતી, તેટલીજ અંદરથી પોલી હતી કોન્ફરન્સે કંઇ આમવર્ગને લાભ થાય તેવું હજુ સુધી એકે પગલું ભર્યું નથી. આજે વેપાર, ધંધા અને ઉદ્યોગોની પાયમાલી થઇ રહી છે, રોટીનો પ્રશ્ન મુશ્કેલ બન્યો છે, તેવી પરિસ્થિતિમાં કોન્ફરન્સે કંઇ એવું પગલું ભરવું જોઇતું હતું કે બેકારીનો કંઇક નિવેડો આવે અને લોકોને રાહત મળે. જો સ્થા. કોન્ફરન્સ અને તેના વરાયેલા પ્રમુખ ધારે તો આ બાબત મુશ્કેલ નથી. તે સિવાય **વીરસંઘની** યોજના બહુજ સુંદર છે. આ યોજનાનો અમલ જેટલો જલ્દી થાય તેટલો સમાજને ખૂબ ફાયદાકારક

છે. આવા વીરસંઘના નેતૃત્વમાં નવરત્ન શ્રીમાન **દુર્લભજી ઝવેરી** જેવા સેવાની કફની પહેરી સમાજોન્નતિના કાર્યમાં આત્મસમર્પણ કરવાની પહેલ કરે, એ સ્થા. ફેામનું સદ્‌ભાગ્ય છે. અમે ઇચ્છીયે છીયે કે આવા સેવાભાવી સજ્જનોનો સંઘ શીઘ્ર અસ્તિત્વમાં આવે. તે શિવાય શિક્ષણ સંસ્થાઓ અને સાહિત્ય માટે પણ ઠીકઠીક વિચાર કરવામાં આવ્યો છે. અયોગ્ય દીક્ષાનો પ્રશ્ન જે આપણામાં ખુબ ચર્ચાઇ રહયો છે, તેના સંબંધમાં પ્રમુખશ્રીએ એક જુદોજ માર્ગ બતાવ્યો છે. લાગતા વળગતાઓએ આ બાબત વિચારવા જેવી છે. અમને એ જાણીને આશ્ચર્ય થાય છે કે ફેાન્ફરન્સ જેવી સંસ્થાઓને સંપૂર્ણ અનુભવ હોવા છતાં પણ ઠરાવોની હારમાળાનો મોહ છોડાતો નથી, અને કેટલાક એવા ઠરાવો કરવામાં આવે છે કે જેની સાથે જનતાને જરાએ નિસ્બત હોતી નથી. અમે અને વખત જણાવી ગયા છીયે કે સંખ્યાબંધ ઠરાવોનો મોહ નહિ રાખતાં જેટલા આપણે આચરણમાં લાવી શકીએ, જનતાને કેળવી પીઢબળ ઉભું કરી રચનાત્મક કાર્યક્રમ અમલમાં મુકી શકીએ તેવા ઠરાવોજ ઘડવા જોઇએ પછી તે એક બેજ કાં ન હોય! મરી ગયેલા ભાઇઓ આવી સંસ્થાઓમાં પહેલાં યાદ કરી જે દિલગીરીના ઠરાવો મુકવાનો શિરસ્તો પડી ગયો છે, તે અન્યવહારૂ છે. મંગળાચરણમાંજ દિલગીરી હોય તો પછી આગળ બીજું શું કાર્ય થવાનું હતું? અમે આશા રાખીએ છીયે કે અમારી આ સૂચના ઉપર ફેાન્ફરન્સના અધિષ્ટાતાઓ ધ્યાન આપશે. આમ ફેાન્ફરન્સનું નવમું અધિવેશન અનેક વિઘ્નોનો સામનો કરી અત્યારે તો પાર ઉતર્યું છે. અમે ઇચ્છીએ છીયે કે એ ફેાન્ફરન્સ દ્વારા કડક રચનાત્મક કાર્યક્રમ અમલમાં આવે અને સમાજ અને ધર્મની ઉન્નતિ થાય.

શિક્ષણ પરીષદ—મુનિશ્રી જીનવિજયજીના પ્રમુખપણા નીચે આ શિક્ષણ પરિષદે શિક્ષણનો પ્રશ્ન બહુજ સારી રીતે છણ્યો છે. આપણા સમાજમાં અનેક સામાજીક સંસ્થાઓ છે, લાખો રૂપીઆ આપણે તે સંસ્થાઓની પાછળ વ્યય કરીએ છીએ છતાં તેમાંથી આપણે જોઇએ તેવું પરિણામ લાવી શકતા નથી, આપણી સંસ્થામાંથી એક વિદ્યાર્થી તૈયાર થઇને નિકળે કે તરતજ તેને પોતાની પામરતાનો ખ્યાલ આવે છે, તેને બેકારીનો બાહુ ડરાવે છે, જ્યાંસુધી તે શિક્ષણ લે છે ત્યાંસુધી તો તે આશાવાદી રહે છે. પરંતુ જ્યારે તૈયાર થાય છે ત્યારે તેના હવાઇ કિલ્લાઓ બધા જમીનદોસ્ત બને છે, તેનું કારણ આપણે સ્વાશ્રયી બનવાનું શિક્ષણ આપી શકતા નથી એ છે. વ્યવહારૂ હુન્નર ઉદ્યોગ અને જીવનની જરૂરીઆતની તમામ વસ્તુના ઉત્પાદનના જ્ઞાન વગરનું આજે શિક્ષણ અપાય રહ્યું છે, આ બાબત જરાયે નભાવી લેવા જેવી નથી. જ્યાંસુધી આ બાબતો શિક્ષણ સંસ્થાઓના સંચાલકોના લક્ષ્યમાં ન આવે અને આધુનિક અપાતી શિક્ષણ પધ્ધતિ જ્યાં સુધી ફેરવવામાં ન આવે ત્યાંસુધી શિક્ષણનો પ્રશ્ન આપણને મુંઝવ્યાજ કરશે. મુનિશ્રીએ આ શિક્ષણ પધ્ધતિ જ્યાં સુધી ન ફરે ત્યાં સુધી દરેક સંસ્થાઓને બોર્ડીંગ હાઉસના રૂપમાં ફેરવી નાંખવાની સુચના કરી છે. અને તેમાં રહેનારા વિદ્યાર્થીઓ કોલેજ યા હાઇસ્કુલોમાં વ્યવહારૂ કેળવણી લીએ માટે ખાસ ભાર મુકયો છે. મુનિશ્રીના આ વિચારો સાથે અમે સહમત થઇએ છીએ અને આધુનિક અપાતી કેળવણીમાં કયાં કયાં ખામી છે, તે તપાસી તેનો યોગ્ય નિકાલ લાવવાની શિક્ષણ સંસ્થાઓના સંચાલકોને વિનંતિ કરીએ છીએ.

નવયુવક પરિષદ-સ્થા. ફેામમાં આ પરિષદ પ્રાથમિક છે. તેના પ્રમુખ બાબુ અચલસિંહજી અને સ્વાગત પ્રમુખ શ્રીયુત્ સુગનચંદજી લુણાવત સમાજસેવી અને ઉત્સાહી સદ્‌ગૃહસ્થો છે. શ્રીમાન મગનભલજી ફોટેચા અને શ્રીયુત્ ડાહ્યાલાલ એમ. મહેતા તેના મંત્રીઓ છે. આ લોકો ધારે તો સ્થા. નવયુવકોનું સંગઠ્ઠન સાધી ઘણું કરી શકે તેમ છે. જોકે આનો ઉદ્દેશ તો ફેાન્ફરન્સમાં એક યુવક પાર્ટી ઉભી કરવાનો છે. પરંતુ યુવકોની ફરજ તો ખૂબ વિશાળ છે. સમગ્ર જગતના વાતાવરણમાં આજે યુવક શકિતજ કાર્ય કરી રહી છે, રાજકારણમાં કે અર્થશાસ્ત્રના ઉંડાણમાં યુવકોજ તળીયાં ઘસી રહ્યાં છે. માનવ જાત યુવકો ઉપર પોતાના હવાઇ કિલ્લાઓ રચી રહી છે, નવચેતન પ્રેરણા અને ઉત્સાહના મહાસાગરમાં યુવકો ઉપરજ સમાજ ધર્મ અને રાષ્ટ્રની ઉન્નતિનો આધાર છે, અને તેથીજ નવયુવકોને દરેક પ્રકારની સ્વતંત્ર દેશોમાં તાલીમ આપવામાં આવે છે. સ્થા. ફેામ અને તેના આગેવાનો અગર યુવકોને સમાજ સેવાની તાલીમ આપે તો ઘણું થઇ શકે તેમ છે, તેમનાથી ઘણું કાર્ય કરાવી શકાય છે. સ્થા. ફેામમાં ઘણા ઉત્સાહી નવયુવકો છે, તેઓ વિખરાયેલી હાલતમાં છે. તેમને એક કરી સ્થા. ફેામજ નહિ, પરંતુ સમસ્ત જનતાની સેવા કરવાનો વિશાળ ઉદ્દેશ ધરાવતો જોઇએ. અને તદનુસાર કાર્ય કરવું જોઇએ. અમને આશા છે કે યુવકો પોતાની ફરજ સમજશે.

મહિલા પરિષદ—જ્યાંસુધી આપણે સ્ત્રીશકિતને નહિ કેળવીએ, તેનું સંગઠ્ઠન સાધવા અને આજના રાષ્ટ્રયુગના આંદોલનોના પ્રવાહમાં નહિ ખેંચીએ ત્યાં સુધી આપણી ઉન્નતિ અશકય છે. આ બાબત સમાજના લક્ષ્યમાં મોડી મોડી પણ આવી છે. જ્યાં જ્યાં કોઇ સંમેલનો કે પરિષદો મળે છે, ત્યાં ત્યાં મહિલા પરિષદને પણ ગૌણ રીતે સ્થાન અપાય છે. પરંતુ એથી મહિલાઓમાં જાગૃતિ આવે તેના કરતાં જો તેમની સ્વતંત્ર બેઠક અલગ રીતેજ મળે અને તેમાં દરેક કાર્ય સ્ત્રીશકિત કરે તો મહિલા પરિષદોના ઉજવળ ભાવી માટે જરાયે શંકા ન રહે. આમ આ પરિષદોનું અવલોકન અમે રજુ કર્યું છે. બાકી તો આ પરિષદો કેટલી ઉપયોગી છે, તેનો જવાબ તો જનતાજ આપશે.

केसरीयाजीके संबंध में

शिरोही स्टेट के जैनसंघ की प्रतिनिधि सभा आचार्य वल्लभसूरि के नेतृत्व में हुई थी। उस समय पर महाराजने जैन तीर्थों की सुव्यवस्था करने का उपदेश दिया था और निम्नोक्त तार महाराणा उदेपुर और अमलदारो पर भेजा गया था।

"श्री केसरीयानाथ रिखभदेवजी के मंदीर की ध्वजारोपण की क्रिया जैनो के स्थापित हक्क के विरूद्ध करने का समाचार रून कर हमें बहुत दुःख होता है, अगर यह सच्चा हो तो हम सब उस के सामने हमारा प्रबल विरोध प्रदर्शित करतें हैं, और नम्रनापूर्वक अर्ज करते हैं कि समस्त जैन जनता की धार्मिक लागणी की कदर कर ध्वजारोपण की क्रिया करने का जैनो का हक्क कायम रहना चाहिए।"

—शिरोही स्टेट जैनसंघ.

નોંધ.

બ્હેન જડાવ વિષે વધુ.

તા૦ ૨૨-૪-૩૩ ના અંકમાં બ્હેન જડાવની કથની છપાયા પછી અમારી મેનેજીંગ કમીટીએ એ બાઇને બચાવી લેવાના કરેલા ઠરાવ અનુસાર અમારી તરફથી બે ભાઇઓ ફરીથી આબુરોડ ગયા હતા. ત્યાં સતત પરિશ્રમને અંગે તેને સમજાવવામાં આવી, અને આ કાર્યમાં ઘણે અંશે ફત્તેહ પણ મળી હતી. છતાં પણ છેલ્લી ઘડીએ આપણા સમાજના (જૈન ભાઇઓએજ) જેઓ મુખ્યત્વે કરીને યુવક સંઘની કોઇ પણ પ્રવૃત્તિના વિરોધી જ છે, તેવાઓએ ખોટી 'હા' 'હા' કરી બાઇને ઉંધે માર્ગે દોરી. અને એવી ગભરાવી મૂકી કે છેલ્લી ઘડીએ એ બાઇના કર્મમાં મજુરી અને નિરાશાજ લખાયેલી હોવાથી તેને સત્ય માર્ગ ન સૂઝ્યો અને તે ન આવી.

આ બાબતમાં હજુ પ્રયત્નો ચાલુ હોવાથી હાલ વિગતવાર ઇતિહાસ બ્હાર પાડવો અમોને વ્યાજબી લાગતો નથી. અમોએ કરેલા પ્રયાસો, અમોને કેટલેક અંશે મળેલી ફત્તેહ અને વિઘ્નસંતોષીઓએ કરેલાં વિઘ્ન એ સઘળું આગળ ઉપર બ્હાર પાડીશું. હાલ એ બાઇના હિત ખાતર પણ વધુ વિગતો બ્હાર પાડવા અમોને યોગ્ય લાગતી નથી.

'જૈન જ્યોતિ'ની ભ્રમણા—

બ્હેન જડાવની કથનીને અંગે અમારા બ્રાન્ચપત્રીએ જે વિગતો મેળવી તા. ૨૨-૪-૩૩ ના અંકમાં બ્હાર પાડી છે, તેનો સાર ભાઇબંધ "જૈન જ્યોતિ" 'પાંમરોની પાપલીલા'ના હેડીંગથી પોતાના માસીકમાં છાપે છે, અને તે છાપતાં તેમાંથી અમુક મુદ્દાઓ તારવી તે પરત્વે પોતાના વિચારો જાહેર કરે છે, અને છેવટના એક બે પેરીગ્રાફમાં પ્રબુદ્ધ જૈનને અંગે પોતાને યોગ્ય લાગતું મંતવ્ય રજુ કરે છે.

આ સંબંધમાં અમોને જણાવતાં દિલગીરી થાય છે કે ભાઇબંધ 'જ્યોતિકારે' અમારા સાથે પત્ર વ્યવહાર કર્યા પછી અથવા તો અમારા તરફથી સાચા સમાચારો મેળવ્યા પછી ટીકા કરી હોત તો તે વ્યાજબી ગણાત. અને અમોને લાગે છે કે જેટલા ઉંડાણમાં ઉતરી અમોએ એ બાબત હાથમાં લીધી છે, તેટલાજ ઉંડાણમાં 'જ્યોતિકાર' ઉતર્યા હોત તો જરૂર તેમને ટીકા કરવાનો પ્રસંગ નજ આવત. ખેર! હવે આ સ્થળે અમો તેની કેટલીક ભ્રમણાઓના જવાબો અને ખુલાસાઓ આપવા યોગ્ય ધારીએ છીએ કે જેથી સત્ય વસ્તુ તેઓ તેમજ જનતા સારી રીતે જાણી શકે.

પ્રથમ તો એ ભાઇએ આખા વૃતાંત ઉપરથી ૭ મુદ્દાઓ સાર રૂપે કાઢ્યા છે, તેમાંના કેટલાક મુદ્દાઓ અમારી માન્યતા મુજબ કંઇક ઉતાવળે અને વગર વિચાર્યે તારવ્યા છે. પહેલા મુદ્દામાં તેઓ જણાવે છે. કે 'પામર આત્માઓ ગમે તે સ્થિતિમાં પણ પામરતાજ બતાવે છે' આ વાત ઠીક છે, પરંતુ એવા આત્માઓને પણ જો યોગ્ય સમયે સ્વચ્છ વાતાવરણમાં લાવી યોગ્ય ઉપદેશ દ્વારા તેના વિચારોનું પરિવર્તન કરવામાં આવે તો જરૂર તેને પોતાની પામરતાનું ભાન થાય છે, અને પશ્ચાતાપ કરે છે. બીજા અને ત્રીજા મુદ્દા સાથે અમે ઘણે ભાગે સંમત છીએ. ચોથા મુદ્દામાં જ્યોતિકાર જણાવે છે કે 'કોઇ એકલવિહારી પાપાત્મા જે ખરી રીતે જૈન સાધુજ નથી. તેની ઘટનાને સમસ્ત સાધુ સંસ્થાને નામે ચડાવવી એ સત્યનો દ્રોહ કરવા બરાબર છે.' આ મુદ્દાથી એ ભાઈ સાધુ સંસ્થાનો બચાવ કરે છે, એ ઠીક છે, પરંતુ અમારો આશય કદાપિ એવો હોયજ નહિ. આખીએ કથનીનું મૂળ સાધુ સાધ્વી હોવાથીજ અમારે તેઓને ઉદ્દેશીને લખવું પડયું છે. સમસ્ત સાધુ સમાજને દોષિત ઠરાવવાની એ કથનીમાં છાયા પણ નથી, છતાં સાથે સાથે એટલું પણ કહીએ છીએ કે જો ભાઇબંધ જ્યોતિકાર શિલ્પશાસ્ત્રોનાં વર્ણન લખવા કરતાં આવા વિષયોમાં વધારે ઉંડા ઉતર્યા હોત, અને કેટલો સ્વેચ્છાચાર ચાલે છે, તેની જરા સાધુ જગતમાં ફરી તપાસ લીધી હોત તો તેમને પણ અમારા કથનને પુષ્ટિ આપવીજ પડત. હવે જ્યોતિકાર પાંચમા મુદ્દામાં એક બીજા ભાઇની તપાસને અંગે બાઇને પણ હલકી ચીતરે છે, આ સ્થળે આખીયે કથની ઉપરથી જણાય તો છે કે બાઇ કાચા કાનની અને ભોળી છે. છતાં પણ જે બીજા ભાઇએ તપાસ કરી છે તેણે શું તપાસ કરી છે? કેવી રીતે તપાસ કરી છે? અથવા તો એ બાઇનું વિશેષ અધઃપતન તેણે કયાં જોયું? એ સઘળું ખુલાસાવાર બ્હાર પાડવાની જ્યોતિકારની ફરજ છે, કારણ કે સ્પષ્ટ ખુલાસાઓ વિના હાલનું જગત મોભ્રમ કથાનકોમાં બીલ્કુલ શ્રધ્ધા ધરાવતું નથી. છઠ્ઠા મુદ્દામાં એ ભાઇ જણાવે છે કે, એને બચાવવાનો પ્રયત્ન સંગીન રૂપમાં થયો હોય એમ જણાતું નથી. માત્ર આગ્રહજ આવાં કાર્ય માટે સાધનભૂત ન નીવડે, તેને માટે સમયનો ભોગ જરૂરી છે. ઇત્યાદિ, આ સંબંધમાં અમારે જણાવવું જોઇએ કે બચાવવાનો પ્રયત્ન થયો છે કે નહિ? કેટલા રૂપે થયો છે? માત્ર આગ્રહ થયો છે કે રચનાત્મક પ્રયાસો થયા છે એ સઘળા વીગત માત્ર એક અનુમાન ઉપરથી ચીતરી કાઢવા કરતાં અમારા સાથે પત્ર વ્યવહાર કર્યો હોત તો તેને ઘણુંયે જાણવાનું મળ્યું હોત. સાતમાં મુદ્દામાં એ ભાઇ જૈન આગેવાનો પાસેથી બચાવની આશા રાખે છે. એથી અમોને હસવું આવે છે. અમારો જાતિ અનુભવ કહે છે કે ઘઈ બેઠેલા જૈન આગેવાનો ધર્મના બ્હાના નીચે કહે છે કે 'એવીઓ કાલ વટલતી હોય તો ભલે આજ વટલે અમારા ધર્મમાં એવાઓની જરૂરજ નથી!' આવી પામર મનોદશાના આગેવાનો પાસેથી ભાઇબંધ પત્રકાર શેની આશા રાખે છે તે સમજી શકાતું નથી.

હવે છેવટના પેરીગ્રાફમાં 'પ્રબુદ્ધ જૈન' ના પ્રતિનિધિ ઉપર આક્ષેપ કરે છે કે 'તેણે સમયનો ભોગ આપ્યો નથી.' આ વાકય લખતાં પહેલાં જો મણે ત્રણ પૈસાના પોસ્ટકાર્ડથી પણ હકીકત મંગાવી હોત તો જરૂર આ વાકય તેમને લખવાં ન પડત. એક અનુમાનિક વસ્તુને નિશ્ચયાત્મક બનાવી દેવી એ એક જાહેર પત્રકારને જરાપણ શોભતું નથી.

આ બાબતમાં અમારા પ્રતિનિધિ જેટલા ઉંડાણમાં ઉતર્યા છે, અને જેટલી નક્કર હકીકતો મેળવી છે તેટલી ભાગ્યેજ બીજાએ મેળવી હશે. અમારા પ્રયત્નો હજુ ચાલુજ છે. જે ઉપર આપેલી ટૂંકી નોંધ ઉપરથી જ્યોતિકાર જોઇ શકશે.

આ વિષયમાં ત્યાર પછી ઘણા બનાવો બની ગયા છે, પરંતુ એ બનાવો અમારી તપાસ ચાલુ છે તે તેથી હાલ સવિસ્તર અમો બ્હાર પાડી શકતા નથી. વખત આવ્યે સઘળી ઘટનાઓ બ્હાર પાડીશું. છેવટમાં ભાઇબંધ જ્યોતિને જણાવવાનું કે આવી સામાજિક બાબતોમાં નર્યો અનુમાન દોરવા કરતાં પૂરતી તપાસને પરિણામે લેખો બ્હાર પડે તે વધારે ઇચ્છનીય છે.

સમાજ સૂત્રધારોની રગશીયા પ્રવૃત્તિથી થતું નુકશાન.

લેખક:—ભોગીલાલ પેથાપુરી.

આજથી લગભગ પચાસ વર્ષ પૂર્વેની આપણી કોમની સ્થિતિ તેમજ આજની સ્થિતિનો માત્ર વિચાર કરતાં વજ્ર હૃદયનો મનુષ્ય પણ આંસુ સાર્યા સિવાય નહિ રહે. પ્રથમનાં એક બીજાના શુદ્ધ હૃદય, એક બીજા પ્રત્યેની અમીદૃષ્ટિ અને પરહિત કરવાની પ્રબળ ભાવના મનુષ્યોના હૃદયમાં અહોનિશ રટન કરતી રહેતી. આ વસ્તુનો જ્યારે તે સમયે સુકાળ હતો ત્યારે ઘરમાં લક્ષ્મીની રેલમછેલ હતી. જાહેરમાં પ્રતિષ્ઠા હતી. કંઇપણ ઉન્નત કાર્ય કરી માનવ જીવન સફળ કરવાની મહત્વાકાંક્ષા રહેતી હતી.

આજે પણ એના એ મનુષ્યો છે. માત્ર વિચાર વર્તનમાં તફાવત પડયો છે. અમી દૃષ્ટિને બદલે દ્વેષ બુદ્ધિએ વિજય મેળવ્યો છે; પારકાનું હિત કરવાના વિચારો પૂર નેસમાં ઉભરાય છે; શાન્તિના સામ્રાજ્યને બદલે કુસંપનું મહારાજ્ય પ્રવર્તેલું દેખાય છે; અને ન્યાયને બદલે અન્યાયે ઘર ઘાલ્યું છે. આથી લક્ષ્મી દેવીનો કોપ સમસ્ત પ્રજા ઉપર જાણે ઉતરી પડયો ન હોય તેમ સમાજ આજે ખુબ આર્થિક સંકડામણમાં આવી ગયો છે અને એને લક્ષને ધર્મ કાર્ય વિષે વિચાર સરખો કરવાનુંયે એને સૂઝતું નથી.

આવી પરિસ્થિતિમાંથી કોમને બચાવવી તો બાજુએ રહી પરંતુ ઉલટા નકમા—અર્થ વિનાના ઝગડા વધારી કોમમાં કંકાસના ઝેરી બીજ રોપી વધુને વધુ નાશને, હજુ સમાજ સત્તાધારીઓ તેમજ બડેખાંવમાં અપવા માગનાર નોતરી રહ્યા છે. ન્યાય નીતિનું છડે ચોક લીલામ કરી, સમાજમાં હોળી પેટાવી ઠંડે કલેજે જોયા કરવાની પડી ગયેલી ટેવ હજુ દૂર થઇ નથી. નજીવી બાબતોને મોટું સ્વરૂપ આપી તેની પાછળ કીંમતી સમયની બરબાદી તેમજ ધર્મના નામે એકઠો કરેલો ધન સંચય પાણીના રેલે ખર્ચતાં પણ ડરતા નથી. આજે અન્યાયને વળગી સમાજને છિન્ન ભિન્ન કરવાની નીતિ અખત્યાર કરવામાં આવી છે. જેઓ પોતાનું ધારેલું કાર્ય પાર પાડવા પાપાચારથી જરા પણ ડરતા નથી, તેમનામાં ન્યાયને સ્થાન નથી, નીતિને સ્થાન નથી. સાથેજ તેઓ સત્યને બાજુએ મૂકી પોતાની કલેશ નીતિ ચાલુ રાખે છે અને સમાજને આ સ્થિતિમાંથી ઉન્નત સ્થિતિમાં જોવાની રહેજ પણ પરવા કરતા નથી એજ એક દિલગીરીભર્યું છે.

ગત જાહોજલાલી સંભારી આંસુ સારે શું વળવાનું છે? જરા આંખ ઉઘાડી તપાસો તો એજ જણાશે કે કંઇપણ સમાજ માટે આજે વ્યવહારૂ પગલાં લેવાની જરૂરીઆત છે. સમાજને ઉપયોગી-આર્થિક, ધાર્મિક અને સામાજિક પરિસ્થિતિ ઉન્નત બને તેવું વાતાવરણ પેદા કરવાની જરૂર છે, અને આખા સમાજને એ નવસર્જીત વાતાવરણમાં ઓત પ્રોત કરી, આદર્શ વિચારો રજુ કરી દરેક વ્યક્તિના હૃદયમાં સ્થાન મેળવવાની જરૂર છે.

અત્યારે સમાજ બહુજ કફોડી સ્થિતિમાં જઇ પડયો છે, નથી ન્યાય કે નીતિનું નામ નીશાન કે નથી દાદ કે ફરીયાદ કોઇ સાંભળનાર. સૌ પોત પોતાના મનસ્વી પ્રમાણે રગશીઆ પ્રવૃત્તિ ચલાવે જાય છે. પરંતુ તે આજનો યુવક સમાજ ચલાવી લેવા તૈયાર નથી એ ભુલી જવાનું નથી. જમાનાને અનુસરી વિચારોની ફેરબદલી કરવીજ પડશે. જ્યારે જ્યારે સમાજ નવસર્જીત બને છે ત્યારે વિચારોના પરિવર્તન સાથે સમાજની ચાલી આવતી પ્રણાલીકામાં ફેરબદલી ન કરે તો તે નાશને નોતરે છે. અરસપરસમાં મતભેદ ગમે તેટલા હોય પણ તે એવા ન હોવા જોઇએ કે એથી સમસ્ત કોમ તેમાં બળીને ખાખ થઇ જાય. અત્યારે આજુબાજુ લક્ષ ન આપતાં તમારી નીતિ ચાલુજ રાખશો તો યાદ રાખજો કે જરૂર દિવસે તમારે ફરજીઆત એ બદલેજ છુટકો થશે. અને નવા પ્રવાહમાં ભળી ન્યાય નીતિને વળગી સમાજોન્નતિના કાર્યમાં સહૃદય સાથ આપી અત્યાર સુધી ચલાવેલી તમારી પોપશાહી માટે પસ્તાવું પડશે.

આજે સમાજમાં ગણ્યા ગાંઠયાની જોહુકમીના પરિણામે સમસ્ત પ્રજાને તેના છાંટા ઉડી રહ્યા છે, પરંતુ આ દરેક જ્યાંસુધી આપણે રગશીયા પ્રવૃત્તિને દુર કરી નથી ત્યાંસુધીજ આપણી શાન્તિનો ગેરલાભ લઇ અમુક વ્યક્તિઓ છડેચોક અન્યાયનું સામ્રાજ્ય પ્રવર્તાવી ભોળી પ્રજાને અધોગતિની ઉંડી ખાઇમાં ધકેલી રહ્યા છે. તેથી પ્રજાને આપણે સફાળી જાગ્રત કરી તેની પોતાની શક્તિનું તેને ભાન કરાવવું એ આપણી ફરજ છે.

સમાજને રાહત આપ્યા સિવાય એમની સત્તાના અમરપટા કાયમ રાખવા માંગતા હશે તો જરૂરથી તેઓ ભૂલજ ખાય છે. સાચો રસ્તો તો એ છે કે એવા લેભાગુ નાશનીતિને નોતરનાર મનુષ્યોની પુરેપુરી તપાસ કરી સમાજમાંથી તેમનું સ્થાન અલગ રાખી રહેલી સમાજને ઉન્નત પંથનું દર્શન કરાવવું, એ દરેક યુવકની એક અનિવાર્ય ફરજ છે.

હવે આ દરેક બાબત લક્ષમાં લઇ આપણે એ વિચાર પર આવીએ કે હવે જમાનો એ નથી રહ્યો કે "**રાણાજીના ભાલે ભાલો કરે.**" અત્યારે જમાનો એ નથી રહ્યો કે રગશીયા પ્રવૃત્તિ ઠંડા કલેજે ચલાવી લેવાય. આજે તો જમાનો એ માંગે છે, જેમાં ન્યાય અને નીતિનું દર્શન હોય, હૃદયની શુદ્ધ ભાવના હોય અને તેને ગ્રહણ કરતાં સમાજની આર્થિક તેમજ ધાર્મિક સ્થિતિ ઉન્નત બનતી જતી હોય.

આશા છે કે, આ પ્રશ્ન સમાજની દરેક વ્યક્તિ છણે અને વ્યવહારૂ પગલાં લઇ સમાજમાંથી અશાંતિ દૂર કરી સાચી શાન્તિ પ્રાપ્ત કરે.

લાભ લેવા ચૂકશો નહીં.

પંડિત હીરાલાલ હંસરાજ તરફથી પ્રસિદ્ધ થયેલાં તમામ ગ્રંથો દિવાળી સુધી

અર્ધી કિંમતે મળશે.

તા. ક.-આચારાંગ સૂત્ર છપાય છે તેની અર્ધી કિંમત સમજવી નહિ.

લખો:—**પંડિત હિરાલાલ હંસરાજ.**

જામનગર.

બુદ્ધિ—મદ.

લેખકઃ લાલચંદ જયચંદ વોરા.

પાશ્ચાત્ય સંસ્કૃતિના, પાશ્ચાત્ય શાસનના અને પાશ્ચાત્ય રિવાજોના અંધ અનુકરણથી અત્યારે સમાજની અંદર પૈસાનો નશો ચડયો હોય એમ જોવાય છે. આ નશામાં માત્ર શ્રીમંતો કે જમીનદારો જ નથી સમાયા પણ વિદ્વાનો અને મુનિવરો પણ ફસાયા છે, ગરીબો અને તવંગરો સૌ ફસાયા છે. **અત્યારનો પૈસો એ વાંઝણી વિદ્યાનો પાક છે, અન્યાયોપાર્જીત દ્રવ્ય** યાંત્રીક સાધનો કે જે માનવભક્ષીનું કામ કરી રહેલ છે, તેનો ઉતાર એ આજનું નાણું છે એમ કહીએ તો એમાં જરાયે ખોટું નથી. છેલ્લા એક બે સૈકામાં જેને શોધને વૈજ્ઞાનિક પ્રયોગો કહેવામાં આવે છે તે દીર્ઘ વિચાર કરતાં, કુદરત સામેની આપણી ગેરવ્યાજબી લડાઇ છે–કુદરત દ્રોહ છે.

કુદરત આજે પોતાનો માર્ગ કરવા બેઠેલ છે, અને વાંઝણી વિદ્યાના પાકરૂપ નાણાના નશાને ઠારવા પ્રયત્ન કરી રહેલ છે. કુદરતના સ્વભાવમાં જ એ હોય છે કે રોગને બહાર કાઢી જીવનને નિરોગી રાખવું. આપણે જ્યારે કુદરત વિરૂદ્ધ ચાલી, આપણા ખાન–પાન, વ્યવહાર, રહેણી–કરણી અને હાજતોમાં આપણી વિષયેચ્છાને તૃપ્ત કરીએ છીએ ત્યારે કુદરત આપણને ઠપકો દેવા આવે છે, ઝીણા ઝીણા રોગો દ્વારા આપણને નોટીસો દે છે, અને જ્યારે આપણે કુદરતની નોટીસોને પણ અવગણીએ છીએ ત્યારે છેવટે પંચ મહાભૂતાદિ સ્થૂલ સાધનોને વીંખી–પીંખીને કુદરત જુદા કરી નાંખે છે. તેમ અત્યારે જગતના અત્યારના સ્થૂલ વ્યવહારમાં, જે અસમાનતા, અથડામણ, બુદ્ધિનો અતિરેક જોવામાં આવે છે તેના સામે જ્ઞાનનો પ્રકાશ ધરવાને કુદરતજ તૈયાર થયેલ છે. તેને ઝીલવા દરેક નવજુવાને તૈયારી કરવાની છે—કરવી પડશે.

પ્રત્યેક વેળા નવજુવાનને સંબોધવામાં આવે છે તેનું શું કારણ ? નવજુવાનને આગળ કરવામાં વકતા, લેખક કે સમાજની શું નેમ હશે ? આ વસ્તુનો વિચાર કરતાં જણાય છે કે નવજુવાન એટલે માત્ર અમુક વર્ષનો માનવી નહિ, પણ જેના મન અને શરીર તાઝગીથી ભરેલા છે, જેનામાં અનેક મહત્વાકાંક્ષાઓ ભરી છે જેને પોતાના દેશ, સમાજ અને ધર્મ પ્રત્યેનું સાચું ભાન છે, જેને પોતાની જવાબદારીનું ભાન છે, તે નવજુવાનને શિરે અત્યારની પરિસ્થિતિ સુધારવાનું આ આહ્વાહન છે. જે યુવાન કે યુવતી આ યુગમાં પોતાના પુરૂષાર્થને નહિ કેળવે, તેને આવતી કાલે, પોતાના આ સમયને માટે, આ ઉપયોગી સમયના ગેરવ્યય માટે શરમાવાનો વખત આવશે એમાં શક નથી.

કહેવાય છે કે યુવાન પરિસ્થિતિથી દબાએલ છે, યુવાન તેના માબાપોથી દબાએલ છે, યુવાન પાસે નાણાની સગવડ નથી, યુવાન ઉપર કુટુંબના ભરણપોષણની જવાબદારી આવેલી છે, યુવાનને મરવાનોય સમય નથી—શું કરવું ?

મુનિમહારાજ કહે છે કે "ધરમ કરો, અને શાસન દેવો સહાય કરશે." બુદ્ધિવાદીઓ કહે છે કે "બુદ્ધિના બળે નાણા મેળવો, નાણાં મેળવવામાં નીતિ–બીતિનો વિચાર ન કરો; નાણા હશે તો જગત તમને ચાટતું આવશે." શ્રીમંતો કહે છે કે "અમારી ચાકરી કરો, ખુશામત કરો, જગતમાં કોઇ ભૂખ્યું છેજ નહિ." રાષ્ટ્રવાદીઓ કહે છે "તમારૂં ધન તમારા દેશમાં રાખવાનો પ્રયત્ન કરો." જગતમાં ગમે તે બળ અત્યારે કામ કરી રહેલ હોય પણ સૌથી મોટું કામ કરી રહેલ છે તે તો કુદરતજ છે. બુદ્ધિનો અતિરેક એટલો બધો થયો છે કે જે બુદ્ધિને હૃદય સાથે જોડાયું હોવું જોઇએ, જે બુદ્ધિ વિચાર, વાણી અને વર્તનમાં એકતા સાધનારી હોવી જોઇએ, તે બુદ્ધિ આજે ઘણે ભાગે વાંઝણી જોવામાં આવે છે. જૈન સમાજમાં અનેક બુદ્ધિમાન સાધુઓ પડયા છે, તેઓ હવે શાસનને જીવાડવા માટે બુદ્ધિનો ઉપયોગ કરવા લાગ્યા છે, એટલુજ નહિ પણ એમ કહી પોતાના અંતરાત્માને છેતરી રહ્યા છે. પોતે એમ જરૂર સ્વીકારે છે કે "જગતના માનવીઓ, અરે ! યુવાનો અત્યારે યોગ્ય માર્ગ દર્શન માટે વલખાં મારી રહ્યાં છે." ત્યારે અને તે સમયે તેમની જીજ્ઞાસા વૃત્તિનો યોગ્ય લાભ લેવાને બદલે તેમને–તેમની ભાવનાઓને કચરવાનો પ્રયત્ન થાય છે. યુવાનો અકળાય છે અને પોતે અખતરાઓ રચે છે. એમાંથી અથડામણો થાય છે. યુવાનો નાસ્તિક તરીકે જાહેર થાય છે અને વિદ્વાન વર્ગ પોતાના કાર્ય પરત્વે નિરાશા સાંપડતા ધમપછાડા મારે છે.

ઇચ્છાએ કે અનિચ્છાએ યુવાનોએ અત્યારની પરિસ્થિતિનો ઉકેલ કરવાનો છે. નૈતિક બળ અને શ્રદ્ધા વિના, બુદ્ધિ મદ કે નાણાના નશાનો સામનો કદી નહિ કરી શકાય. આસુરી સંપદ્ સામે યુદ્ધ કરવામાંજ યુવાનોની યુવાની શોભશે–યુવાનની યુગ–દીક્ષા દીપશે.

પ્રભુ ! એ નવ–દીક્ષાના માર્ગે નવયુવાનને દોરો.

સ્વીકાર અને સમાલોચના.

જગતશેઠ—લેખક રા, સુશીલ. પ્રકાશક દેવચંદ દામજી કુંડલાકર, મળવાનું ઠેકાણું જૈન સસ્તીવાંચનમાળા મુ. પાલીતાણા (કાઠીઆવાડ) મુલ્ય સવા રૂપીઓ. ૧–૪–૦.

આજે કેટલાક ઇતિહાસ પ્રેમીઓ જગતશેઠને અંગ્રેજ રાજ્યના એક સ્થાપક તરીકે ઓળખાવે છે રા. સુશીલ પડકાર કરે છે કે ઇતિહાસકારોએ બંગાળના ગૌરવરૂપ એ મહાન પુરૂષને અન્યાય કર્યો છે, તે સંબંધી ઐતિહાસિક પાત્રોની સંકલના કરી જગતશેઠના જીવન ઉપર ખુબ સર્ચલાઇટ મૂકી છે.

પંચ પ્રતિક્રમણ સૂત્ર—જૈન સસ્તી વાંચનમાળા મુ. પાલીતાણા કાઠીઆવાડ. મૂલ્ય બાર આના ૦–૧૨–૦. આમાં પંચ પ્રતિક્રમણ વિધિ સહિત આપવામાં આવેલ છે.

પંચ પ્રતિક્રમણ સૂત્ર—પ્રકાશક જૈન સસ્તી વાંચનમાળા મુ. પાલીતાણા કાઠીઆવાડ મૂલ્ય આઠ આના ૦–૮–૦ આમાં મોટા અક્ષરો છે. અને વિધિવિધાન, પચ્ચખ્ખાણ, છ દ્વો વગેરે ઉપયોગી સંગ્રહ છે. તે શિવાય ઉપરોકત વાંચનમાળા તરફથી નીચેના પુસ્તકો પણ અવલોકનાર્થે મળ્યાં છે.

શ્રી રત્નાકર પચ્ચીશી—પદ્યાત્મક રહસ્ય અને ભાષાન્તર કર્ત્તા મારતર શામજી હેમચંદ દેશાઇ ઓટાદવાલા—કિંમત ત્રણ પૈસા ૦–૦–૯. શ્રી રત્નાકરસૂરિએ આત્મનિંદા ગર્ભિત ભગવાનની સ્તુતિ કરી છે આ કાવ્ય જૈન સમાજમાં ખૂબ પ્રિય થઇ પડયું છે, તેનું પદ્યાત્મક ભાષાન્તર તથા અર્થ આપવામાં આવેલ છે. તે શિવાય પ્રભાવના કરવા લાયક પણ બીજા ટૂકટો મળ્યાં છે.

દેવસી હાઇ પ્રતિક્રમણ સૂત્ર. મૂલ્ય ત્રણ આના. આમાં સંક્ષિપ્ત ભાવાર્થ અને કેટલાક વધારા આપવામાં આવ્યા છે

શ્રાવકના બાર વ્રતની ટીપ—કિંમત ૦-૧-૦ એક આનો, સો નકલના રૂપીઆ પાંચ.

મહાસતી ચંદનબાળા—કિંમત દોઢ આનો, સો કોપીના આઠ રૂપીઆ.

મહાસતી સુલસા—કિંમત પોણો આનો, સો કોપીના ત્રણ રૂપીઆ.

મહાસતી મૃગાવતી—કિંમત પોણો આનો, સો કોપીના ત્રણ રૂપીઆ.

મહાસતી રાજેમતી—કિંમત પોણો આનો, સો કોપીના ત્રણ રૂપીઆ.

મહાસતી સીતા—કિંમત એક આનો, સો કોપીના પાંચ રૂપીઆ.

માંગલીક ગીતો—કિંમત બે આના, સો કોપીના દશ રૂપીઆ.

સમાધિ વિચાર—કિંમત દોઢ આનો, સો કોપીના આઠ રૂપીઆ.

સ્નાત્ર પૂજા—કિંમત અર્ધો આનો, સો કોપીના અઢી રૂપીઆ.

ચૈત્યવંદન ગુરૂવંદન—વિધિ સહિત કિંમત એક આનો, સો કોપીના પાંચ રૂપીઆ.

શ્રી સ્થાપના અને વિધિયુકત સામાયિક સૂત્ર—કિંમત લખી નથી.

જિનેંદ્ર સ્તુતિ—કિંમત સવા આનો સો કોપીના છ રૂપીઆ.

શત્રુંજય તીર્થોદ્ધાર રાસ—તથા નવાણું યાત્રાની વિધિ કિંમત બે આના સો કોપીના આઠ રૂપીઆ.

ઉપરોકત દરેક ટ્રેકટ જૈન સસ્તી વાંચનમાળા મુ. પાલીતાણા કાઠીયાવાડ એ સરનામે મળી શકશે.

ભારતીય દર્શનોમાં જૈન દર્શનનું સ્થાન—પ્રકાશક પોપટલાલ સાકરચંદ શાહ શ્રી જૈન વિદ્યાશાળા, મુ. ભાવનગર કાઠીઆવાડ લેખક શ્રી હરિસત્ય ભટ્ટાચાર્ય એમ. એ. બી. એલ.

શ્રીયુત હરિસત્ય ભટ્ટાચાર્યે ઇંગ્લીશમાં જૈનેતર વિદ્વાનની અભ્યાસક દ્રષ્ટીએ પ્રસ્તુત નિબંધ લખ્યો હતો. રા. સુશીલે તેનો આમાં અનુવાદ કરેલ છે. એકંદરે ષટ દર્શનમાં જૈન દર્શન સર્વ શ્રેષ્ટ બતાવવામાં આવેલ છે એક દ્રષ્ટિએ પ્રસ્તુત નિબંધ વાંચવા લાયક છે.

ગાયન ગોષ્ટી—લેખક ચંદ્રસેન જૈન વૈદ્ય. પ્રકાશક જૈન યુવક સંઘ મુ. ઇટાવા મૂલ્ય સપ્રેમ ગાયન. હીંદીમાં ગવાતાં નવા રાગોમાં આ ગાયનો બનાવવામાં આવ્યાં છે, એકંદરે ગાયનો ઠીક છે, હિંદી પ્રેમીઓ માટે ઉપયોગી છે.

પ્રમાણ નય તત્વાલોક પ્રસ્તાવના—લેખક અનેકાંતી મુનિશ્રી હિમાંશુ વિજયજી મહારાજ. પ્રકાશક શ્રી વિજય ધર્મસૂરિ ગ્રંથમાળા, દીપચંદજી બાંડીઆ ટે. નીમક મંડી. મુ. ઉજ્જૈન (માળવા) મુલ્ય ૦-૩-૦ પ્રમાણ નય તત્વાલોકની સાથે પ્રસ્તાવના માટે અમારો અભિપ્રાય પ્રસિધ્ધ થઇ ચૂકયો છે.

....અ....વ....ન....વા....

આલમને ઓવારે—

—યરોડાના તપસ્વી પૂ૦ બાપુજીએ તા. ૮મી મેથી ૨૧ દિવસના બિન શરતી અખંડ ઉપવાસ આદરવાનો નિર્ણય કર્યો છે. આ ઉપવાસ હરિજન વિષેના ધર્મ કાર્ય સાથે સંબંધ ધરાવે છે.

—મૌલાના શૌકતઅલી હિંદમાં આવ્યા. તેઓ દેશની શાન્તિ ને સુલેહ માટે પ્રયાસ કરવાની ઉછેદ રાખે છે. વાઇસરોય અને મહાત્માજીની મુલાકાત લેવા તેમનો ઇરાદો છે.

—શેઠ જમનાલાલજી નાદુરસ્ત તબીયતને લઇને હીમાલયના પ્રદેશમાં આલમોરા મુકામે માનસિક અને શારીરિક આરામ માટે ઉપડી ગયા છે.

—મુંબઇના શાહ સોદાગર ઇંદોરવાલા સર હુકમચંદ સ્વરૂપચંદે "સ્વાધીન ભારત" ના તંત્રીપર બદનક્ષી કરવાની ફરીયાદી નોંધાવી છે.

સ્થાનિકઃ—વ્યાપારી મંદીને કારણ પાંચ મીલો બંધ પડી છે. (૧) હીરાબાગમાં બુકમેલરનો ધંધો કરનાર મારવાડી જૈન છગનમલ ગઇ તા. ૨૨-૪-૩૩ ના રોજ ગુમ થયા છે. પોલીસે આ સંબંધમાં કેટલીક ચમકાવનારી વિગતો બહાર પાડી છે. તપાસ ચાલુ છે. (૩) અમદાવાદ તરફની જમના નામની એક પરણેલી છોકરીને નસાડવા તથા રૂા. ૨૦૦) માં વેચી દેવાના કાવત્રા માટે રેવાશંકર નાગજી, ચંદુલાલ લાલચંદ અને વિશ્વનાથ પુંજીરામ પકડાયા છે.

જામનગરઃ—તા. ૨૦ મી ના સ્ટેટ ગેઝેટમાં જણાવ્યું છે કે આ ઉપરથી જાહેર કરવામાં આવે છે, કે કામ માટે અગર મળવા માટે તમામ વીઝિટરોની મુલાકાત દરરોજ સવારના ૯ થી ૧૨ અને બપોરના ૨ થી ૪ સુધીમાં રવિવાર અને જાહેર તહેવાર સહિત તમામ દિવસે શ્રી હજુર સાહેબ બાહાદુર પોતે બીરાજતા હશે ત્યારે લેશે.

આમબેરા (ચીખલી)ઃ—ગામમાં ધર્મશાળા, લાઇબ્રેરી અને પરબ ખુલ્લી મુકવાનો મેળાવડો મામલતદાર મી. રાજે ના પ્રમુખપણા નીચે ઉજવાયો હતો. સ્વ. શેઠ ગોવિંદજી ખુશાલજીની ઇચ્છા મુજબ રા. રા. મગનલાલ દુર્લભજી શાહે ઉપરોકત સંસ્થાઓ જાહેર જનતા માટે બંધાવી છે. ઉપરાંત જાહેર હવાડા ઉપર છાપરૂ બંધાવી તથા પરબના નિભાવ માટે જમીન આપી સ્વ૦ શેઠે પોતાની ફરજ અદા કરી છે. રા. મગનલાલભાઇએ ચીખલી હાઇસ્કુલની બોર્ડીંગને જમીન લેવા માટે રૂા. ૫૦૧) અને વ્યાયામશાળાને રૂા. ૨૧) ભેટ આપવાનું જાહેર કર્યું હતું.

પાટણઃ—પાટણથી તા. ૩૦-૪-૩૩ ના રોજ પાટણ જૈન સંઘનું ડેપ્યુટેશન શિરોહી શ્રી. વિજયવલ્લભસૂરીશ્વરને આમંત્રણ આપવા ગયું હતું. તેઓ શ્રી જેઠ સુદ ૮ પહેલાં પાટણ પધારવા વકી છે. (૨) શ્રી કેશવલાલ મંગળચંદ શાહે જૈન યુવક સંઘ પાટણ તરફથી નીચેનો તાર શ્રી વડોદરા સ્ટેટ જૈન પ્રજા-કમીટીને મોકલ્યો છે. "તમારૂં આમંત્રણ આજે મલ્યું. આર્બીટ્રેશન સામે સવાલો માટે તૈયાર છીએ તેનો (આર્બીટ્રેશનનો) ચુકાદો બન્નેને બંધનકર્તા છે. તારથી જવાબ આપો.

हिन्दी विभाग.

जैनधर्म का ऐतिहाजिक गौरव

—बाबु सुगनचंदजी लुणावत.

[बाबु सुगनचंदजी लुणावतने अखिल भारतवर्षीय स्था. जैन नवयुवक परिषद के प्रथम अधिवेशनके स्वागताध्यक्षके स्थानसे जो स्पीच दीथी उसका कुछ भाग अपनी समाजको उपयोगी होनेसे उध्धृत किया है. -तंत्री हिंदी विभाग]

सज्जनों, हमारे जैनधर्म की उत्पत्ति और इसका इतिहास जैन समाज ही के लिए नहीं वरन् मनुष्य-जाति के लिए आशीर्वाद रूप है। विश्व-बन्धुत्व और अहिंसा के जिस महान् ध्येय को लेकर इस विश्व-व्यापी धर्म की सृष्टि हुई है, वह ध्येय इतना ऊँचा और इतना पवित्र है कि ज्यों-ज्यों संसार आगे बढता जायगा और वैज्ञानिक खोज ज्यों-ज्यों तरक्की करती जायगी त्यों-त्यों इस ध्येय की महत्ता का संसार स्वागत करता चला जायगा। संसार के सब से बडे महापुरुष ने आज जिस मार्ग से सारे संसारको आश्चर्य चकित कर रक्खा है, मुझे कहने दीजिये, कि वह मार्ग आज से ढाई हजार वर्ष पूर्व हमारे परमपूज्य तीर्थंकर भगवान महावीर ने निश्चित किया था। भगवान महावीर के जीवन और उनके सिद्धान्तों में जैनधर्म की विशालता का बीज छिपा हुआ है, मगर ऐसे विश्व-व्यापी और विशाल धर्म की आज क्या स्थिति हो रही है। संसार की आंखों के सामने आज हम ग्यारह लाख जैनियों की क्या स्थिति है यह बात वर्णन करते हुए भी हमारा हृदय द्रवीभूत हो जाता है। आज हमारी जगत प्रसिद्ध वीर अहिंसा में से कायरता का जन्म होता है और हम लोग कायर जाति के नाम से मशहूर हो रहे हैं। धर्म के विशाल और विश्व-व्यापी सिद्धान्तों को एक ओर रख कर हम लोग छोटी २ बातों और छोटे २ मतभेदों के पीछे अज्ञानियों की तरह लडते हुए अपने संगठन और शक्तियों को नष्ट कर रहे हैं।

सज्जनों! अगर यही स्थिति रही तो आप स्वयं सोच सकते हैं कि उन्नति की इस घुडदौड में हम कहाँ तक अपने अस्तित्व की रक्षा कर सकेंगे। मेरा ख्याल है कि केवल इतिहास के पृष्ठों पर ही हमारा नाम शेष रह जायगा। अत एव यदि जीवित जातियों में हमें अपनी गणना करवाना है, यदि इतिहास के पृष्ठों पर हमारे पूर्वजों के गौरव के साथ २ हमें अपना नाम अंकित करवाना है, यदि संसार के अन्दर सच्चे जैनी बनकर रहना है तो सज्जनों, अब उस पुरानी लकीर को पीटने से काम नहीं चल सकता। संसार में होने वाले परिवर्तनों के साथ २ हमें भी हमारी कार्य-पद्धति (Constitution) के प्रवाह को परिवर्तन करना पडेगा।

नवयुवक शक्ति को जागृत करने की आवश्यकता

इन परिवर्तनों में हमें सबसे पहले इस बात की जरूरत है कि हम लोग हमारे समाज की नवयुवक शक्ति को संगठित और जागृत करें। संसार के इतिहास में नवयुवक शक्ति ने जो महान कार्य सम्पन्न किये हैं वे इतिहास के पृष्ठों पर स्वर्णाक्षरों में अङ्कित हैं। मगर आज हमारे देश के नवयुवकों का क्या हाल है? चारित्र-बल और संगठनबल के अभाव की वजह से उनके मुख-मण्डल तेजोविहीन हो रहे हैं। उनकी शक्तियाँ जीर्ण हो रही हैं और जो चाहते हैं उनको करने में वे अपने आपको असमर्थ पाते हैं। ऐसी स्थिति में हमारे लिए सब से बडी आवश्यकता इस बात की है कि हमारे जैन नवयुवकों का एक मजबूत संगठन हो जो हमारे नवयुवकों को चरित्र-बल के उच्च आदर्श पर पहुँचाने में सहायक हों। जबतक हमारे नवयुवकों का चरित्र-बल एक उच्च आदर्श पर नहीं पहुँचेगा, तबतक किसी भी प्रकारके सुधार की आशा करना व्यर्थ है। इसलिए एक अखिल भारतवर्षीय जन नवयुवक-संघ की स्थापना होगा आवश्यकीय है। इसके कम से कम ५०००) नवयुवक सदस्य हों ऐसे जो संघ के एक इशारे पर जहाँ चाहे वहाँ पर एकत्रित हो सके। अगर इतना बडा संगठन हमारे जैन-नवयुवकों का होजाय तो समाज के अन्दर बहूत शीघ्र सुधार की धारा प्रवाहित हो सकती है।

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩ માં છાપ્યું છે. અને ગોકલદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

યુવક સંગઠન.

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બળવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

તંત્રીઃ રતિલાલ ચીમનલાલ કોઠારી. | શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વર્ષ ૨ જું, અંક ૨૮ મો.
સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ | વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦ | શનીવાર, તા૦ ૧૩-૫-૩૬.

મહાવીર અને બુદ્ધનો પુરોગામી યુગયુગના અંતરે કાપી સમસ્ત વિશ્વના અનિષ્ટ તત્વો સામે જેહાદ જગાડી રહ્યો છે.

કોઇ મહાન જવાળામુખી ફાટી નીકળે અને ઉલ્કાપાત મચે તેમ આજે સમસ્ત વિશ્વમાં ઉલ્કાપાત મચી રહ્યો છે. જગતના તમામ લડવીરોએ એ ઉલ્કાપાતને ખાળવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેનું પરિણામ નિષ્ફળતામાં સાંપડયું છે. ગીતાજીમાં શ્રીકૃષ્ણે કહ્યું છે કે "જ્યારે જ્યારે ધર્મની પડતી થાય છે ત્યારે જગતના અનિષ્ટ તત્વોનો નાશ કરવા માટે મારો જન્મ થાય છે." એ સનાતન વાણી આજના વાતાવરણમાં ઉંડા ઉતરતાં સત્ય નિવડતી હોય તેમ જણાય છે. હરિજનોદ્ધારની પવિત્ર પ્રવૃત્તિમાં અનિષ્ટ તત્વોએ સામ્રાજ્ય જમાવ્યું ત્યારે જગતની મહાન વિભૂતિ, સાબરમતિના સંત અને યરોડાના યોગીશ્વરે તેની સામે આધ્યાત્મિક શસ્ત્રોને સજ્જ કરી ૨૧ દિવસના ઉપવાસની ઉદ્‌ઘોષણા એક શુશનુમા સવારે જાહેર કરી જેહાદ જગાડી. ન કલ્પ શકાય વિચારી શકાય એવી એ વ્યૂહ રચના સાંભળી ઘડીભર જગત આશ્ચર્ય અને ઉદ્વેગના મહાસાગરમાં ડૂબી જાય છે. અનેક માંધાતા સમા મહાપુરૂષો એ જગત વંદ્યને તેના નિશ્ચયથી ડોલાવવા યરોડા તરફ દોટ મૂકે છે. છતાં એ પુરૂષોત્તમ અણનમ રહે છે, અને વદે છે કે "જ્યાં સુધી એ કરોડો માનવીઓના મનુષ્યત્વની પીછાણ કરવામાં ન આવે ત્યાં સુધી આર્યાવર્તની ઉન્નતિ નથી. હિન્દુ ધર્મનો જય નથી. હિન્દુ ધર્મમાં મારે રહેવું જ હોય તો તેમાં બાઝી ગયેલા અનિષ્ટ તત્વોના થરોને દૂર કર્યે જ છૂટકો છે. તે માટે રાજકીય સત્તા કે કરોડો રૂપીઆના અસ્પૃશ્યોદ્ધાર માટેના ફંડો જોઇતું કામ નહિ આપે પરંતુ હૃદયપલટાની જરૂર છે, અને એ પલટો આધ્યાત્મિક શસ્ત્રોથીજ શકય છે જ્યાંસુધી હૃદયમાં મલીનતાભરી હોય ત્યાં સુધી કોઇ પણ પ્રવૃત્તિને સાચો વેગ મળી શકે નહિ. એ મલિનતાને દૂર કરવામાં ઉપવાસ રામબાણ ઇલાજ છે. હિન્દુ ધર્મમાં ઉપવાસનું મહાત્મ્ય ડગલે અને પગલે નજરે પડે છે. મારા ઉપવાસથી કોઇ એમ ન સમજે કે કોઇ વ્યકિતને ઉદ્દેશી હું આ પ્રાયશ્ચિત કરી રહ્યો છું, કે કોઇને દબાવવાનો આમાં લેશ માત્ર પણ આશય છે. પણ હિન્દુ ધર્મમાં ઘૂસી ગયેલા અનિષ્ટ તત્વોને દૂર કરવા માટેનો આ ઉપવાસની પાછળ આશય રહેલો છે. મારી સાથે કોઇ પણ વ્યકિત ઉપવાસ ન કરે, કારણકે ઉપવાસ કરવામાં મન, વચન અને કાયા ઉપર કાબુ રાખવાનો ખૂબ અભ્યાસ કેળવવો જોઇએ છે. જેણે એ અભ્યાસ કેળવ્યો હોય તે ભલે ઉપવાસ કરે. પરંતુ અભ્યાસ વગરના મનુષ્યો એ રસ્તે જાય તેમાં હું સલામતી માનતો નથી."

બુદ્ધ અને મહાવીરના જીવનની સ્પર્ધા કરનાર એ પુરૂષોત્તમના ઉપવાસનો આજે છઠ્ઠો દિવસ છે. તેમની અખંડ જ્યોતના કિરણો સમસ્ત આર્યાવર્તના ખૂણે ખૂણામાં પ્રસરી ગયાં છે. અસ્પૃશ્યતાના મહાન દૈત્યનો એ કિરણોથી નાશ થઈ રહ્યો છે.

વાંચક! તહારા શરીરના કોઇ પણ અણુમાં આ દૈત્ય ન ઘૂસી જાય તે માટે તકેદારી રાખજે. હૃદયમાં એ દૈત્ય હોય તો તેને સત્વર હડસેલી દેજે. તેમાંજ તારી અને જગતની સલામતી છે "અસ્પૃશ્યતાના દૈત્યનો નાશ થાવ! મહાત્માજી ઘણું જીવો!"

પુરિસા ! સચ્ચમેવ સમભિજાણાહિ ।
સચ્ચસ્સ આણાએ સે ઉવટ્ઠિએ મેહાવી મારં તરઇ ॥

(આચારાંગ સૂત્ર.)

પ્રબુદ્ધ જૈન.

શનીવાર, તા૦ ૧૩-૫-૩૩.

યુવક સંગઠ્ઠન.

આપણા જૈન સમાજની આર્થિક, સામાજિક અને ધાર્મિક સ્થિતિ જોતાં સમાજની સ્થિતિ જોખમાઇ રહી છે, એમ કબુલ કરવું પડશે. પૃથ્વીના પટપર સવાસો વર્ષ પહેલાં જે માનવ વસ્તી હતી તેમાં સારો વધારો થવાથી આજે તે એક અબજ ને સીત્તેર કરોડની સંખ્યા સુધી પહોંચી ગઇ છે. એટલે છેલ્લાં સો-સવાસો વર્ષમાં દુનિયાની વસ્તીમાં ઘણો મોટો વધારો થયો. ત્યારે આપણા સમાજની વસ્તી અડધાથી પણ ઓછી થઇ. એજ પ્રમાણે ચાલુ ઘટાડો કાયમ રહે તો સો વર્ષ બાદ જૈન સમાજ હસ્તીમાં રહેશે કે નહિ એ સમજી શકાય તેમ છે.

આ ભયંકર સ્થિતિની ચિકિત્સા કરશું તો દશા વિશાના, ઓશવાળ શ્રીમાળીના, ખરત્તર તપા, આદિના ઉંચ નીચના ભેદ, સ્ત્રીઓનો નીચો દરજ્જો, વિધવાઓની ભયંકર સ્થિતિ, બાળ લગ્ન, કેળવણીનો અભાવ, કુરૂઢીના બંધનો, સંઘ ઉજમણાં ને જમણો પાછળ ધર્મના નામે લાખોનો ધુમાડા, ધર્મના ઠેકેદારો તરીકે સાધુઓની સત્તા, આ સ્થિતિમાં સમાજ રૂપી શરીર, કલેવર બનીને ધસડાઇ રહ્યું છે. ત્યાં તો દાઝયા ઉપર ડામની પેઠે આસ્તિક નાસ્તિકનો પ્રશ્ન ઉભો કરીને, તેમ અયોગ્ય દીક્ષા પાછલ પાગલ બનીને રામવિજયો ને સાગરાનંદો સમાજના નબળા શરીરને ફટકા ઉપર ફટકા લગાવી રહ્યા છે. એટલે ઠેર ઠેર કલેશની હોળીઓ સળગાવી, અંદર અંદર કુસંપના બીજ વાવી રહ્યા છે, અને તેને ઝેરના સીંચન સીંચી રહ્યાં છે. તેમ રૂઢીચૂસ્ત બધુચકો સમાજની નાડ તપાસ્યા સિવાય ઝેરી વૃક્ષના કયારાનું રક્ષણ કરવા કુહાડીના હાથા બની સમાજ રૂપી વૃક્ષને કાપી રહ્યા છે.

આ ભયંકર પરિસ્થિતિમાંથી સમાજને બચાવવા એટલે સમાજ પરિવર્તન કરવા એક યુવાન ગમે તેટલો પ્રમાણિક પ્રયાસ કરે, છતાં પક્ષ બળ સિવાય તે ફાવી શકતો નથી. સમાજ પરિવર્તન કરી શકતો નથી. સાચું પરિવર્તન-સુધારો કે ઉન્નાત ત્યારે થાય છે, જ્યારે સારીયે સમાજના યુવાનો એના પ્રમાદને ખંખેરી નાખી ઉભા થઇ જાય. જ્યાં યુવકસંઘો હોય તેને જાગ્રત કરે, ન હોય ત્યાં નવા સ્થાપે અને સાથે રહી સમાજ પ્રગતિના કામ આદરે

યુવાનની પરીક્ષા ઉંમર ઉપર નથી, પણ જેની નાડીઓનાં લોહી ઠંડા નથી પડી ગયાં, જેનામાં સાહસીક કાર્યો કરવાની તાલાવેલી છે. જેનામાં પ્રગતિકારી કાર્યો કરી મરી ફીટવાની તમન્ના છે, જેઓ સમાજના હિત ખાતર કોયનીય પરવા નથી કરતા અને જેઓ સાહસના જંગમાં શરવીરની પેઠે ઝૂકાવે છે, તેજ સાચો યુવાન. તેવા સાચા યુવાનો જ્યાં હોય ત્યાં યુવક સંગઠ્ઠન માટે કમર કસે અને કામે લાગી જાય.

સમાજ પ્રગતિના અંગે યુવકોનાં સંગઠ્ઠન કરવા, ભાવનગરના યુવાનોએ દેસકા પહેલાં એક યુવક પરિષદ ભરેલી. ત્યાર પછી તો સમાજ ઉપર અનેક પ્રકારની આફતોના ઓળા ઉતર્યા; યુવાનોમાં કંઇક જાગ્રતિ આવી, સંઘ બહારનાં હથિયાર બુઠાં બન્યાં; ધર્મના ઠેકેદારોની લીલાઓ ખુલ્લી થવા માંડી, તેમની સત્તા તૂટવાનાં વાગતાં તુતીંગોથી તે બેબાકળા બની જેમ આવે તેમ વાણી વિલાસ સેવવા માંડયા; છતાં છૂટી છવાઇ યુવક પ્રવૃત્તિ તો ચાલુજ રહી. એ છૂટી છવાઇ પ્રવૃત્તિને સમૂહના રૂપમાં ફેરવવાની જરૂર છે. અને જ્યારે સમૂહના રૂપમાં એટલે યુવક સંગઠ્ઠનમાંથી પ્રગતિની જ્યોત પ્રગટશે, ત્યારે તેને બુઝાવવાની પેરવી કરનારા સમાજ શત્રુઓને પાછા હઠી જવું પડશે. અથવા સમાજ સાથે સહકારનો હાથ લંબાવવો પડશે.

આ પ્રગટેલી જ્યોતને સાચવવી છે ? એનામાં વધુ જોમ પૂરવું છે ? તો કોઇ પણ મધ્યસ્થ સ્થળે અખીલ ભારતના શ્વેતાંબર મૂર્તિપૂજક યુવકો અને યુવતીઓની પરિષદ ભરો. અને યુવક પરિષદને શોભે તેવા રચનાત્મક કાર્યક્રમ ઘડો. ઠરાવોની હારમાળાનો હાયકો બનાવી પરિષદની કોટમાં પહેરાવવાની લાલચમાં ન ઉતરતાં, યુવક ચળવળને શોભાસ્પદ ઠરાવો કરી સમાજનું ઓકા ખાતું સુકાન હાથમાં લ્યો

યુવક ચળવળ, યુવક સંઘો અને મંડળો અસ્તિત્વમાં આવ્યા છે, છતાં સંગઠ્ઠનના અભાવે આપણી પ્રવૃત્તિઓ એકધારી ચાલી શકતી નથી. આજે સમાજમાં ઘણા પ્રશ્નો અણઉકેલ પડયા છે, જેને આપણે ઉકેલી શકવાની શકિત ધરાવીએ છીએ. પરંતુ સંગઠ્ઠનના અભાવેજ ઉકેલી શકતા નથી. તેમ સુધારકોમાં ખપતા અને યુવાનોમાં ગણાતા કોઇ યુવાનો સંઘો પાછળ હજારો ખર્ચીને દીશા ભૂલ કરે છે. આપણી આર્થિક સ્થિતિ જોતાં ધર્મના નામે ધતીંગો ચાલી રહ્યાં છે. તેના ઓઠા નીચે ભોળી જનતામાં મોક્ષ નાટક આવવાની દાંભીક વાતો કરીને સ્વાર્થીઓ સ્વાર્થ સાધી રહ્યા છે. એમ લોકો સમજવા લાગ્યા છે, છતાં તેના માનસને જુદી દિશા તરફ વાળવી જરૂરી છે. તેના ઉપાસકો અનેક તરકીબો ઉભી કરે છે અને જેઓ કેળવણીમાં પછાત છે તેવો અણસમજુ વર્ગ ખરા નેતૃત્વના અભાવે દિશા ભુલ કરે તે બનવા જોગ છે. આથી યુવાનોએ સંગઠ્ઠન કરવા એકત્ર થઇ નેતૃત્વ લે ની જરૂર છે.

સમાજની વિષમ પરિસ્થિતિ જોતાં સાચા યુવાનનું લોહી ઉકળી આવવું જોઇએ. તેનામાં યુવાની હોય, સેવાની ધગશ હોય, રગેરગમાં બલિદાનનું રકત વહેતું હોય તો, તેને યુવક પ્રવૃત્તિ આગળ ધપાવવા યુવક સંગઠ્ઠનની સિદ્ધિ પાછળ દિવાના બનવું જોઇએ. ભલે રૂઢીના ગુલામો દિવાના કહે: પણ એ દિવાનીમાંજ સમાજની ઉન્નતિ છે.

ખુશ ખબર:-જગદ્વંદ્ય મહાત્માજીને સરકાર તરફથી તા. ૮-૫-૩૩ ના રાતના નવ વાગ્યે છોડી મુકવામાં આવ્યા છે, મહાત્માજી **જેલ**ડી ઠાકરસીને ત્યાં રહ્યા છે, અને સરોજીની નાયડુની પ્રેમાળ દેખરેખ નીચે ૨૧ ઉપવાસ પુરા કરશે. તા ૮-૫-૩૩ ના બપોર પછી આ ઉપવાસ શરૂ થયા છે. અને તે તા. ૨૯-૫-૩૩ સુધી ચાલશે.

નોંધ.

ઘરમેળે સમાધાનઃ—

જ્યારે સંન્યસ્ત દીક્ષા એકટ વડોદરાની ધારાસભાની એરણપર આવવાના કલાકો ગણાઇ રહ્યા છે, ત્યારે શાસન પક્ષ (!) તરફથી અનેક પ્રકારના તરકટો, પ્રપંચો અને માયાવી જાળ પાથરવા માટેના પ્રયત્નો થઈ રહ્યા છે. એક બાજુથી સ્થળે સ્થળે માણસો મોકલી, એક કે બે ઘર હોય તેવા ગામોના સંઘોના નામોથી દીક્ષા એકટની વિરૂદ્ધ ન્યાયમંત્રી ઉપર તારો કરવામાં આવે છે, ત્યારે બીજી બાજુથી એમ પણ ઠસાવવામાં આવે છે કે અમે ઘરમેળે સમાધાન કરવા પણ ઉત્સુક છીએ. આમ જાણી બુઝીને લોકોને અવળે રસ્તે દોરવાનો પ્રયત્ન કરવામાં આવે છે અને ધારાસભાના સભ્યો ભ્રમણામાં પડે તેમ વડોદરા સ્ટેટ આખાના જૈનોનો કેમ જાણે વિરોધ ન હોય તેમ સંખ્યાબંધ ગામોના નામોની હારમાળા વીરશાસનમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ ગામોનો સાચો વિરોધ છે કે તેના નામે હુંબક ચલાવવામાં આવ્યું છે, તે તો કોઇ માણસ તપાસ કરે ત્યારેજ સાચી બીના જણાય. પણ એ બાબત તો નિશ્ચિત છે કે વડોદરા સ્ટેટના જૈનોનો અભિપ્રાય માંગવામાં આવે તો ઘણો મોટો ભાગ દીક્ષા એકટ તરફ પોતાની સંમતિ આપશે, એ બાબત નિર્વિવાદ છે.

આમ એક બાજુ વિરોધાભાસ ઉભો કરવામાં આવે છે, ત્યારે બીજી બાજુ ધારાસભાના સભ્યોનું લક્ષ્ય દોરવા એમ પણ ઠસાવવામાં આવે છે કે દીક્ષા એ અમારો ખાનગી પ્રશ્ન છે. તેને અમે ઘર-મેળે છણવા માંગાજ છીએ. અમે તે સંબંધી સમાધાન કરવાના પ્રયત્ન કરીએ છીએ. પણ આ બીના તદ્દન તરકટી અને અવળે રસ્તે દોરવનારી છે. એમ અમે સાફ શબ્દોમાં લાગતા વળગતાને ચેતવણી આપીએ છીએ. કોઇ સરકાર પ્રજાના હિતને ખાતર ગુંડા એકટ ધારાપોથીમાં દાખલ કરતી હોય અને પછી ગુંડાઓ કહે કે અમે પ્રજા જોડે ઘરમેળે સમાધાન કરવા માંગીએ છીએ, એવી આ વાત છે. કોઇ પણ સરકાર ગુંડાઓની આ ચાલબાજી નહિ ચલાવી લે. તેમ **જૈન** સમાજમાં દીક્ષા, દીક્ષા ને દીક્ષાની ધૂનમાં મસ્ત બનેલા ગમે તે પ્રકારે બાળકોને લલચાવી, ફોસલાવી, વિકય લઇ અયોગ્ય રીતે દીક્ષા આપતા ગુંડાઓ ધર્મની આડ ધરી સમાજના ધર્માંધ વિભાગનો સાથ શોધી દીક્ષા એકટ રદ કરવાની માંગણી કરે એ કોઇ પણ શાણી સરકાર ન સ્વીકારે એ દીવા જેવું છે. અમને એ ખાત્રી છે કે, નાગદાર શ્રીમંત સરકાર અને ધારાસભાના સભ્યો અમુક વ્યકિતઓના વિરોધાભાસને વશ ન થતાં પોતાની પ્રજા પ્રત્યેની ફરજ બજાવશે અને ધાર્મિક ગુંડાઓથી ત્રાસેલી પ્રજાને શાંતિ આપશે.

તે સિવાય પોરવાડ મહાસંમેલનના પ્રમુખ કે જેઓ યુવક-સંઘના કાર્યકર્તાઓમાં એક અગ્રગણ્ય વ્યકિત છે, તેમના મહા સંમેલનના પ્રમુખ તરીકેના વકતવ્યમાંથી અમુકજ બાબત ગ્રહણ કરી સમાજને ઉંધે રસ્તે દોરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે; કારણ કે એ મહા પ્રમુખના બીજા બધા વિચારોને બાજુએ મૂકી તેમણે દીક્ષાના તેમના મંતવ્યને રજુ કર્યું છે. તેનો અર્થ પણ ખૂબ અવળો કરવામાં આવેલ છે.

શ્રીયુત દલીચંદભાઇ કહે છે કેઃ—

"આપણા સ્વધર્મી બંધુઓની આજે માનસિક પરિસ્થિતિ કેવા પ્રકારની બંધાઇ છે, તેનું ચિત્ર દૃષ્ટિ સમક્ષ ખડું થાય છે. મુખ્યતઃ દીક્ષા પ્રકરણની કેટલીક ગેરસમજના પરિણામે આપણા બંધુઓ બે પક્ષમાં વહેંચાઇ જાય એ અપાર કમનશીબીની બીના છે, આવી બાબતમાં મમત્વ કે દુરાગ્રહને સ્થાનજ ન હોઇ શકે. એ આપણો ખાનગી પ્રશ્ન છે, અને તે ઘરમેળેજ છણાવો જોઇએ. શુધ્ધ હૃદયથી નિખાલસ દિલથી અને પારમાર્થિક દૃષ્ટિથી એકત્ર બની તેનો નિકાલ લાવવો ઇષ્ટ છે. જેથી ભગવતી દીક્ષા જગતની સન્મુખ સંપૂર્ણ ઉજ્વળ સ્વરૂપમાં પ્રકાશી શકે."

ઉપરોકત શબ્દોને આગળ કરી એ લોકો કહે છે કે દીક્ષા જેવા પ્રશ્નમાં રાજ્યની દખલગીરી ન વહોરવી જોઇએ. પરંતુ આમાં જરા ઉંડા ઉતરતાં જણાશે કે એ તદ્દન મધલાળ છે; કારણ કે, આપણે એમ માની લઇએ કે દીક્ષાના પ્રશ્ન માટે સમજુતી ઉપર આવ્યા, પરંતુ સમજુતીનો અમલ કરાવવા આપણી પાસે કોઇ સત્તા છે કે એ ધાર્મિક ગુંડાઓ ઉપર આપણે અંકુશ રાખી શકીશું? સંઘ સત્તા આજે નામશેષ થઇ ગઇ છે, બંધારણ તૂટી પડયું છે, સૌ કોઇ સ્વતંત્ર છે, કોઇ કોઇને કહી શકે તેમ નથી. તેવી પરિસ્થિતિમાં સમજુતી શકય છે? પ્રમુખ શ્રી દલીચંદભાઇ કહે છે કે, શુદ્ધ દિલથી, નિખાલસ હૃદયથી અને પારમાર્થિક દૃષ્ટિથી એકત્ર બની તેનો નિકાલ લાવવો ઘટે છે. પ્રમુખશ્રીના આ નિખાલસ શબ્દો સાફ સાફ જણાવે છે કે આજની દીક્ષા પાછળ શુદ્ધ હૃદય નથી, નિખાલસ દિલ નથી, તેમજ પારમાર્થિક દૃષ્ટિ પણ દેખાતી નથી. કેવળ સ્વાર્થ અને મમત્વ સિવાય કશું જણાતું નથી. શુદ્ધ દિલ, નિખાલસ વૃત્તિ અને પારમાર્થિક દૃષ્ટિથીજ જો કોઇ પણ કાર્ય કરવામાં આવતું હોત તો સમાજ અને શાસનની જે આજે અધોગતિ થઇ રહી છે તે ન થવા પામત. શાસન અને સમાજની આવી અધોગતિ કરનાર સ્વાર્થાંધ, મમત્વી, હઠાગ્રહીઓ અને ધર્માંધ ગુંડાઓ પાસે શુદ્ધ દિલ, નિખાલસ વૃત્તિ અને પારમાર્થિક દૃષ્ટિની આશાજ શીરીતે રખાય? તે સમજમાં આવતું નથી. આ લોકો જો શાસન માટેજ લડતા હોત તો શાસનમાં આજે બીજા અનેક સળગતા પ્રશ્નો છે. તેમાંથી એક દીક્ષાનોજ પ્રશ્ન તેમજ તેમને કેમ સાલ્યો તે કોઇ કહેશે?

સમાજના તીર્થ સ્થાનો લુટાઇ રહ્યાં છે, સમાજમાં કેળવણી માટેનાં કોઇ જાતના સાચાં સાધનો નથી, બેકારી અને ઝગડાઓ તેને કોરીને ખાઇ રહ્યા છે, સમાજની દોઢેક લાખ વિધવાઓ કે જેમાં બાલવિધવાનું પ્રમાણ વધારે છે તે નિકાલ માંગે છે; દેવદ્રવ્યનો પ્રશ્ન અટપટો બન્યો છે, ગુરૂમંદિરોનું પ્રમાણ વધતું ચાલ્યું છે, અનેક મંદિરો એવાં છે કે જ્યાં આર્થિક સ્થિતિના અભાવે આશાતના થઇ રહી છે, સાધુઓમાં તિવ્ર મતભેદ ફેલાઇ રહ્યો છે, સંઘનું બંધારણ શિથિલ બન્યું છે, નાતજાત અને કન્યા વિકયને પ્રતાપે સમાજની સ્થિતિ દિન પ્રતિદિન ઘસાતી ચાલી છે, આવી પરિસ્થિતિમાં કેવળ દીક્ષા પાછળજ બધી શકિતઓને ખર્ચવાની તમન્ના પાછળ કોઇ મહા ભયાનક સ્વાર્થ રહેલો હોય તેમ માનવાને દરેક કારણ છે. આમ બધી પરિસ્થિતિનો વિચાર કરતાં જણાશે કે ઘરમેળે સમાધાન કરવાની વાતો તદ્દન તરકટ છે. સમાધાન કોની જોડે? જ્યાં પ્રમાણિક મતભેદ હોય, શુભ વૃત્તિ હોય, અને શાસનોન્નતિ કરવાની દરેકને ખંત હોય ત્યાંજ સમાધાન સંભવે. બાકી પ્રપંચ જાળ છે. કોઇ ભાઇ એ જાળમાં ન ફસે.

વડોદરા સ્ટેટ ધારાસભાના સભાસદો જોગ—

ભ્રમની જાળ

સાચો ત્યાગ—સમજપૂર્વકનો ત્યાગ એ દીક્ષા છે. તેથી દીક્ષા પવિત્ર છે, તરણ તારણ છે. પરંતુ તેમાં કાવાદાવા ને લોભ લાલચનો ભેળ થયો, તેથી તેની સુધારણા અર્થે સાધુ સંસ્થાઓએ ઠરાવો કર્યા. થોડોક વખત તે તરફ લક્ષ અપાયું. પરંતુ ચેલા ચેલકીના ભૂખ્યા ગુરૂઓએ તેની અવગણના કરી અને સગીરોને સંતાડવાના, જે આવ્યો તેને મૂંડી નાખવાના થોકબંધ કીસ્સા બનવા માંડયા. એટલે શ્રી સંઘોએ ઠરાવો કરવાની શરૂઆત કરી, ત્યાં અંદર અંદર લડાવી મારી કલેશની હોળીઓ સળગાવી. તેનો પૂરાવો કંઇ ખોળવા જવો પડે તેમ નથી પાટણ મોજુદ છે. એટલે આ વિષમ સ્થિતિમાં પ્રજાના હિત ખાતર રાજ્યે કાયદો ઘડવોજ જોઇએ. સતી થવાના રિવાજને ધર્મ માનવામાં આવતો હતો છતાં તેની અટકાયત કાયદાથીજ થઇ. જ્યારે દીક્ષાની અટકાયત નથી. પણ જે કાયદો તૈયાર થયો છે, તે તો સાચા ત્યાગીને ઉત્તેજન આપનારો છે, લેભાગુઓ માટે ચોકસાઇ કરનારો છે. એટલે ધર્મમાં હાથ નાંખવાની જે દલીલ કરવામાં આવે છે તે તો ભ્રમ જાળ છે.

ચોરી—અમારા શાસ્ત્રોએ એટલે શાસ્ત્રકારોએ દીક્ષાની લાયકાત માટે કડક નિયમો બાંધ્યા છે. છતાં તેની ઉપરવટ થઇને તેનાજ હિમાયતીઓ સગીરોને સંતાડે છે, નસાડે છે, અને સાધારણ સ્થિતિના વાલીઓ સમજાવટમાં ઉતરે તો ખાનગીમાં પૈસાથી કબજે કરી છોકરા ખરીદે છે. જેઓ ન માને તેમના બાળકોને નસાડી છુપા સ્થાને મૂંડી નાંખે છે. છતાં તેના હિમાયતીઓ કહે છે કે તેવું કશું બનતુંજ નથી. આ જુઠાણાના પૂરાવામાં સરૈયદ, ચાણસ્મા, છાણી, ડભોઇ અને મહેસાણાના કીસ્સા કોર્ટના ચોપડે મોજુદ છે. બાકી ખાનગી તો અનેક કાવાદાવા ચાલુ બન્યાજ કરે છે, ને તેની નોંધો છાપાઓમાં આવ્યાજ કરે છે. એટલે તે કૃત્ય ગમે તેટલું છૂપાવવામાં આવે છતાં છુપાવી શકાય તેમ નથી. જે ઉંમર લાયકને દીક્ષાઓ આપવામાં આવે છે તેનો મોટો ભાગ દેવાદાર, બેકાર, કુટુંબ નિર્વાહથી કંટાળેલો હોય છે. એટલે તેને આડું અવળું સમજાવી મૂંડી નાંખવામાં આવે છે. આથી સાચા ત્યાગીઓનું નહિ, પણ એદીઓનું ટોળું મોટું થવાથી અમારી સમાજમાં ભયંકર પરિણામો આવે છે. આપ સમજી શકશો કે દશ વર્ષ પહેલાં દીક્ષા છોડનારાઓની જેટલી સંખ્યા હતી તેના કરતાં હાલમાં ઘણીજ વધારે થઇ ગઇ છે, જેઓ દીક્ષા લે છે, તેમાંથી અનેક દીક્ષા છોડીને પાછા કરે છે. તેનું કારણ? આત્મકલ્યાણ કરતાં પેટ કલ્યાણ માટેજ દીક્ષા લેનારાઓનો મોટો ભાગ છે. એટલે થોડો વખત પાળીને નાશી છૂટે છે. આ વસ્તુ પણ તેના હિમાયતીઓ સમજે છે. છતાં જેઓને પોતાના ગુરૂઓની ભૂખ ભાગવા મહેનત કરવાની છે, તેઓ તેના ઉપર ઢાંકપીછોડો કરી લોકોને ધર્મનું નામ આગળ કરી ઉંધા રસ્તે દોરે છે.

વિરોધીઓ એટલે અયોગ્ય દીક્ષાના હિમાયતીઓ એમ કહે છે કે "સુધારકો સાધુ સંસ્થાને ઉતારી પાડવા ખોટો પ્રચાર કરે છે." આ તેમનું કહેવું તદ્દન ખોટું છે; કારણ કે, ભાગવતી દીક્ષા અને સાધુ સંસ્થા માટે અમને પૂરેપૂરું માન છે. તેમ સાચા ત્યાગીઓને અમારા શીર ઝૂકે છે. પરંતુ પંચમહાવ્રત ઉચરવા છતાં જેઓ તેને ઉંચા મૂકી જેમ આવે તેમ સ્વચ્છંદતાથી વર્તે છે, તેમ જે આવ્યો તેને છાનોમાનો મૂંડી નાખવામાં ધર્મ સમજે છે તેમાં સુધારકો સુધારો ઇચ્છે છે, એટલે સાચા ત્યાગીઓની ઝંખના ઝંખે છે, અને કાષ્ટની હોડી જેવા મહાત્માઓની જરૂર સ્વીકારે છે—ઘંટીના પડ જેવાની નહિ.

વડોદરા રાજ્યની જૈન પ્રજાના આંકડા મૂકી વિરોધીઓ જે જાળ બીછાવે છે, તેનો સાચો ઉકેલ આ પ્રમાણે છે.

વડોદરા રાજ્યના ત્રણ હજાર ગામમાં એકવીસ લાખ માણસની વસ્તી તેમાં તેતાલીસ હજાર જૈનો આદ કરતાં બાકીના વીસ લાખને સત્તાવન હજારમાં કોઇનોએ વિરોધ નહિ પણ મૌન, એટલે નિર્બંધ તરફ સહાનુભૂતિ સમજાય. હવે તેતાલીસ હજાર જૈનોમાં કોનો અને કેટલો વિરોધ છે તે જોઇએ

જુબાનીઓ લઇને તપાસ કરવા નીમાયેલ કમીટી આગળ અયોગ્ય દીક્ષાના હિમાયતી પરદેશીઓનોજ વિરોધ હોવાથી તેજ બીરાદરોએ ગામડે ગામડે ફરી લોકોને ઉંઠા ભણાવી તારો અને કાગળો મોકલાવેલાં તે ચાલ કમીટી આગળ ખુલ્લી થઇ જવાથી, આ વખતે વડોદરા રાજ્યની જૈન પ્રજાનો વિરોધ છે તેવો દેખાવ કરવા અયોગ્ય દીક્ષાના હિમાયતી પરદેશીઓએ પડદા પાછળ ઉભા [illegible] ને 'મંગલદાસની' વડોદરા રાજ્યની જૈન પ્રજા નામની એક કમીટી નીમી, ફારસ ભજવવાનો દાવ ખેલ્યો. તેમાં નાસીપાસ થતાં પગારદાર રોજીયાઓ રોકી વડોદરા રાજ્યના ગામડે ગામડે મોકલ્યા. પગારદારો તો ભણેલા પોપટની પેઠે જ્યાં ઉતરે ત્યાંથી તે ગામના નામનો તાર કે કાગળ ન્યાયમંત્રી ઉપર મોકલે. તે બિચારાઓને થોડીજ ખબર હોય છે કે આ ગામમાં જૈનોનું ઘર છે કે નહિ! જે ચારસો પાંસઠ ગામનો આંકડો રજુ કરવામાં આવ્યો છે, તેનાં કોઇ ગામોમાં તો જૈનોનું ઘરજ નથી, ત્યારે કોઇ ગામમાં એક, બે કે પાંચ જૈન ઘરોની વસ્તી છે. તે પણ આડું અવળું સમજાવીને, અને ન સમજે તો તેમના નામના તાર કાગળ પાઠવીને ચારસો પાંસઠનો આંકડો બતાવાય તો આ સિવાય જે શહેરોમાં જૈનોની મોટી વસ્તી છે, ત્યાં જૈનો તરફથી કે ચતુર્વિધ સંઘના નામે ઠરાવો મોકલાવ્યા છે.

વડોદરા રાજ્યમાં, વડોદરા, પાટણ, નવસારી, અમરેલી સિધ્ધપુર, ડભોઇ પેટલાદ, વિસનગર વગેરે મોટા શહેરોમાં લગભગ પંદર હજાર જૈનોની વસ્તી. તેમાં બહુ ત્યારે એક આની ભાગ અયોગ્ય દીક્ષાનો હિમાયતી, એટલે તેનો પંદર આની ભાગ તો નિર્બંધની તરફેણમાંજ ગામડાઓમાં જે સેંકડો જૈનોની વસ્તીવાળા ગામો છે તે તરફેણમાં હોવાથી, ત્યાં ચાલવાજી ન ચાલી, એટલે જ્યાં એકથી પાંચ જૈન ઘરોની વસ્તી છે, તેવા ગામોના નામોનો દુરૂપયોગ કરવામાં પરદેશીઓ ફાવ્યા છે. છતાં આપણે એમ માની લઇએ કે તેઓએ વિરોધ કર્યો છે તો વડોદરા રાજ્યની એકવીસ લાખ માણસની વસ્તીમાં પંદર વટકા ફેલાવાયેલો વર્ગ, એટલે કેળવણી રહીત ગામડાંઓના ભોલી જનતાને ધર્મના નામે ખોટી રીતે ભંભેરવામાં આવી હોય છતાં તેની સંખ્યા મૂકીએ તો યેથી ત્રણ હજાર ગણાય.

ચતુર્વિધ સંઘના નામે જે રમત રમાઇ છે, તે તો સાગરજીના કહેવા મુજબ એક શ્રાવક, એક શ્રાવિકા, એક સાધુ ને એક સાધ્વી એટલે ચતુર્વિધ સંઘ. આવા ચતુર્વિધ સંઘના નામને આગળ કરી, સગીરોને નસાડવામાં જેઓ પાવરધા છે, તેવા સાધુઓએ ઉપાશ્રયની ચાર દિવાલો વચમાં તેમના ભક્તોની હાજરીમાં ઠરાવ કરી મોકલાવેલા છે. એટલે તે ચતુર્વિધ સંઘ કેવડો છે તે સમજી શકો છો..

વડોદરા રાજ્યની જૈન સંસ્થાઓના નામે જે વિરોધ દેખાડવામાં આવે છે, તે જોશો તો સમજી શકાશે કે તેમાંની બાર સંસ્થાઓ તો ચાણસ્મા જેવા ગામડાની છે. બાકીની નરોડા, લીંચ, સંખલપુર, પાંચોર ને ચારભડા જેવા ગામડાંઓની બાકી રહી, પાટણ, પટેલાદ, છાણી ને ડભોઇની સંસ્થાઓ. આ પ્રમાણે ત્રીસ સંસ્થાઓમાં સગીરોને ભણાવતી પાઠશાળાઓ, સંગીત મંડળીઓ, સાધુઓએજ ઉભી કરેલી સોસાયટીની શાખાઓ શિવાય કોઇપણ એવી સંસ્થા નથી કે જેના ઉપર વડોદરા રાજ્યની જૈન પ્રજાના પ્રતિનિધિ તરીકેનું વજન મૂકી શકાય એટલે તે પણ બાલી દેખાવ પુરતીજ છે.

સાધુઓનો વિરોધ સમજી શકાય તેવો છે, કારણ કે તેઓમાં જેઓ અયોગ્ય દીક્ષાના હિમાયતી છે, તેઓને આ નિયંધ ખૂંચે તેમ છે. કારણકે ચેલા, ચેલકીના મોહને ફટકો પડેછે. એટલે તેઓ વિરોધ કરે તેમાં નવાઇ નથી. તેઓ ધર્મના રક્ષણ ખાતર વિરોધ કરે છે, એમ જે કહેવામાં આવેછે તે તો નર્યો દંભ છે. તેઓના આગેવાન શ્રી સાગરાનંદજી તો ત્યાં સુધી કહે છે કે દીક્ષા માંગે ગમે તે કરવું પડે તો પણ પાપ નથી, ને તેઓ બરાબર અમલમાં મુકે છે. તેના દાખલા તરીકે વડોદરા ન્યાયમંત્રી સાથે વાતચીત કરતાં તેઓએ જણાવેલ કે "મેં દીક્ષા લીધી ત્યારે વાલીઓએ કબજો લેવા કોર્ટનો આશરો લીધેલો છતાં નાસીપાસ થયેલા." પંચ વ્રતધારી આવું જુઠું નજ ચલાવે. પરંતુ તેમના સિધ્ધાન્ત પ્રમાણે હાકે રાખે એ બનવા જોગ છે. બાકી સાચી વાત તો એવી છે કે હાલના સિધ્ધસૂરિએ તેમને સગીરપણામાં દીક્ષા આપેલી, તેનો વાલીઓએ કોર્ટથી કબજો લીધેલો. એથી સાગરજી વરસ દોઢ વરસ સંસારના સુખ ભોગવી બીજી વાર જવેરસાગર પાસે દીક્ષા લીધેલી, છતાં સત્યને છોડી દઇ કેટલી અસત્ય વાત થાય છે. આ તો સાધારણ વાત છે. બાકી સગીરોને મુંડી નાખવામાં સાગરજી પ્રખ્યાત છે. એટલે તેઓ અને તેમના ચીલે ચાલનારા બુમરાણ ન કરે તો તેમના હાલના ધંધાને ધોકો પહોંચે.

જેઓ વડોદરા રાજ્યની પ્રજા નથી–પરદેશીઓ છે, તેઓનો વિરોધ પણ નકામો છે. કારણકે વડોદરા રાજ્ય જે કાયદો ઘડે છે તે તેની પ્રજાને લાગુ પડવાનો છે, નહિ કે અન્ય પ્રજાને. છતાં દેખાવ કરવા ખાતર અયોગ્ય દીક્ષાના હિમાયતીઓની મોરલી પર નાચતા માનવીઓ મોરાં બની શોરબકોર કરે છે. ભલે પછી બુદ્ધિનું પ્રદર્શન ભરાય.

હવે આ નિયંધની તરફેણનો વિચાર કરશો તો વડોદરા રાજ્યની એકવીસ લાખ પ્રજામાંથી ત્રણ-ચાર હજાર માણસો સિવાય સારીયે પ્રજા તેની તરફેણમાં છે. જેઓ વિરોધ કરે છે તે ગણ્યા ગાંઠયા અયોગ્ય દીક્ષાના હિમાયતી જૈનોજ છે.

(અનુસંધાન પૃ. ૨૨૭ ઉપર જુઓ.)

'ધર્મપ્રિય'ને પડકાર!

'જૈન જગત'ના હેડીંગ નીચે લોકોને ઉંધે રસ્તે દોરવવાની બાજી.

હમણાં કેટલાક સમયથી મુંબઇ સમાચારમાં ધર્મપ્રિય'ના તખલ્લુસથી જૈન જગત્ લખનાર કોઇ ભાઇ પડદામાં રહી કેટલીક ગેરસમજ ફેલાવે છે. જો કે આનો જવાબ દેવો બીન જરૂરી છે. છતાં પણ જનતા ઉંધે માર્ગે ન દોરવાઇ જાય તે માટે કંઇક લખવું આજની સમજી છું. ભાઇ ધર્મપ્રિયે મુંબઇ સમાચાર તા. ૪-૫-૩૩ ના અંકમાં જૈન જગત્ના હેડીંગ નીચે સમાજમાં થયેલાં સંમેલનોની તેમની દૃષ્ટિએ સમાલોચના કરી છે. તેમાં કેટલીક એવી અસત્ય અને અર્ધ સત્ય બીના રજુ કરી છે કે. જૈન નામ ધરાવતો કોઇપણ શખ્સ એવું ન લખે. તેમાં આજના યુવાનો માટે ભાઇ ધર્મપ્રિય લખે છે કે " આજે સામાન્ય રીતે આપણા યુવાનોમાંથી કેટલાકોની મનોદશા બહુ વિચિત્ર પ્રકારની બની ગઇ છે. સંમેલન શબ્દ આવ્યો કે તેમાં તેઓ તરતજ વિધવા વિવાહ, દેવદ્રવ્ય ભક્ષણ, દીક્ષા વિરોધ, એવા ઠરાવો ખેંચી લાવે છે, અને તે એક યા બીજી રીતે પસાર કરાવે છે. આવા ઠરાવો પસાર થાય છે ત્યારેજ તેમને પરિષદ ભર્યાનો સાચો સંતોષ વળે છે."

ભાઈ ધર્મપ્રિયનો આ આક્ષેપ તદ્દન નિરર્થક છે. કોઇ પણ યુવક પરિષદે વિધવા વિવાહનો ઠરાવ પસાર કર્યો નથી. આજે સમાજમાં વિધવાનો પ્રશ્ન સળગતો બન્યો છે. લગભગ અગ્યાર લાખ જૈનોની વસ્તીમાં દોઢેક લાખ વિધવા અને તેમાં પણ અર્ધો અર્ધ બાળ વિધવાનું પ્રમાણ સમાજ પાસે નિકાલ માંગે છે. તેમની પાસે આજીવિકાના સાધન નથી, સારા સંયોગોમાં સંયમી જીવન ગાળી શકે તેવા કોઇપણ જાતના પ્રયત્ન કરવામાં આવ્યા નથી, એ સમાજ માટે કમનશીબી ભર્યો બનાવ છે. આ વિધવાના પ્રશ્નને યુવક પરિષદો તેમજ સંમેલનો છણે છે પણ તેમાં સફળતા મળતી નથી. અધુરામાં પૂરં આવા લેખકો એ સંમેલનના કાર્યકર્તાઓને એવા ગભરાવી મૂકે છે કે, સંમેલન યા પરિષદને આ પ્રશ્ન પડતોજ મૂકવો પડે છે. વિધવાને પુનર્લગ્ન કરવાની છૂટ આપવામાં અલબત્ત કેટલાક યુવાનો જરૂર માને છે. પરંતુ તેમનું બળ બહુજ અલ્પ છે. આમ હોવા છતાં પણ કહેવું કે યુવાનો વિધવાઓનાં પુનર્લગ્ન કરવા માંગે છે, તે યુવાનોને અન્યાય કરવા બરોબર છે. ભાઇ ધર્મપ્રિયે સમજવું જોઇએ કે આવો ખોટો પ્રચાર યુવકો સામે કરી તમારૂં કોઇપણ સાધ્ય સિદ્ધ નહિ કરી શકાય. દેવદ્રવ્ય ભક્ષણની બાબતમાં પણ તેવોજ ગપાટો હાંકવામાં આવે છે. યુવકોએ કદિ દેવદ્રવ્ય ભક્ષણ કરવાનો મનસુબો કર્યો નથી. અત્યાર સુધીના તેમના વકતવ્યમાં આ બાબત કયાંય પણ નહિ જોઇ શકાય. યુવકો દેવદ્રવ્ય માટે એ જરૂર માંગે છે કે તે દ્રવ્યનો બીજા જિનમંદિરોમાં વ્યવસ્થવો જોઇએ. મુંબઇ જેવા શહેરમાં એક મંદિરમાં લાખો રૂપીયા બેન્કો, શેરો અને એવી બીજી સીકયોરીટીમાં પડયા હોય છે ત્યારે મુંબઇની બહાર બીજા મંદિરો દ્રવ્યના અભાવે જર્જરિત થઈ રહ્યાં છે. કોઇપણ

જાતની વ્યવસ્થા નથી. આવાં મંદિરોના જીર્ણોદ્ધાર માટે દેવદ્રવ્યની રકમ વપરાય તેમાં શું ખોટું છે? બીજું જ્યાં દેવદ્રવ્યનો ખૂબ ભરાવો થઇ ગયો છે, તેવાં સ્થાનમાં દેવદ્રવ્યની આવકના જે સાધનો છે, તેની કલ્પના સાધારણ ખાતામાં લઇ જવાની સંધ કરે અને તેને સાધારણ ખાતામાં લઇ જવામાં આવે તેથી કોઇ જાતનું ધર્મવિરૂદ્ધ યુવકોને જણાતું નથી. અને તેમ તે ઉઘાડું બોલે છે. આમાં દેવદ્રવ્યના ભક્ષણની બાબત ક્યાં આવી? આમ લોકોને અસત્ય ભરમાવી કયો ધડરીયો ગઢ જીતવો છે? તે સમજમાં આવતું નથી. ત્રીજી બાબત ભાઇ ધર્મપ્રિય દીક્ષાનો વિરોધ જણાવે છે. આ વાત તદ્દન હબગ છે. યુવકો વારંવાર કહે છે કે, અમે દીક્ષાના વિરોધી નથી. પરંતુ આજે નસાડી, ભગાડી, સંતાડી, વિકય લઈ જે નાના બાળકોને મૂંડવામાં આવે છે તે સામે અગારો વિરોધ છે. કોઇ યોગ્ય જીવ સંઘ અને વાલીની આજ્ઞાપૂર્વક દીક્ષા લેતો હોય તો તેમાં તેમનો જરાયે વિરોધ નથી. છતાં પણ કહેવું કે યુવકો દીક્ષાનો વિરોધ કરે છે એ સૂર્ય સામે ધૂળ ઉડાડવા બરોબર છે. આમ ગમે તેટલું યુવકો સામે અસત્ય પ્રચાર કાર્ય કરવામાં આવે તેમાં અયોગ્ય ગુરૂઓનું કશું વળવાનું નથી. આમ યુવકો સામે ખોટું પ્રચાર કાર્ય કરવા કરતાં ભાઇ ધર્મપ્રિય તેમનાં માનેલા ગુરૂદેવોને અયોગ્ય દીક્ષા બંધ કરવાનું સમજાવે તો સમાજની સારી સેવા બજાવી શકશે. પણ આવા માણસો માટે એ આશા રાખવી અસ્થાને છે; કારણકે તેમની આજીવીકાજ આના ઉપર હોય છે. આગલ જતાં તે લખે છે કે—

" જૈન જગતના હવે પછીના સંમેલનો, પેટા સંમેલનો વગેરે જે કાંઇ ભરાય તે સઘળા સંમેલનો વગેરેના ચાલકોને મારી એ ખાસ સૂચના છે કે તેમણે વડોદરાના દીક્ષાદ્રોહી એકટનો અને એવાજ બીજા પ્રસંગોનો જરૂર વિરોધ કરવો જોઇએ. એકવાર એમ માની લઇએ કે દીક્ષાના સંબંધમાં કાંઇપણ પ્રતિબંધ મૂકવાનો સમય આવી પહોંચ્યો છે તો પણ એ પ્રતિબંધ ભલે જૈન જગત પોતાની મેળે મૂકે. એ પ્રતિબંધ મુકવાની સત્તા રાજસંસ્થાના હાથમાં તો નજ જવા દેવી જોઇએ. " આના જવાબમાં જણાવવું જોઇએ કે સંઘસત્તા જેવી કોઇ વસ્તુ અસ્તિત્વમાં નથી સંઘસત્તા ઉપર અયોગ્ય દીક્ષાના હિમાયતીઓએ તરાપ મારી છે. સંઘનું બંધારણ શિથિલ થઇ ગયું છે. સૌ સ્વતંત્ર છે. કોઇ કોઇને કહી શકે તેમ નથી. સાધુઓ કોઇની સત્તા સ્વીકારે એવા સંયોગો નથી. આવી પરિસ્થિતિમાં કહેવું કે " જૈન જગત પોતાની મેળે ભલે એ પ્રતિબંધ મૂકે." એ જનતાને છેતરવા બરોબર છે. આવા મીઠા શબ્દોથી ભોળવવાના જમાના વહી ગયા છે. જૈન જગત પાસે એવી કઇ સત્તા છે કે આવા સ્વચ્છંદી સાધુઓ ઉપર તે અંકુશ મૂકી શકે? હું સમાજના જવાબદાર માણસોને વિનંતિ કરું છું કે તેઓ આવા મીઠા શબ્દોની જાળમાં ન ફસાય. અયોગ્ય દીક્ષાના હિમાયતીઓ દરેક પ્રયત્નો વડોદરાના દીક્ષા એકટને રદ કરાવવા માટે કરી ચૂકયા છે. છતાં તેમાં ફાવ્યા નથી. એટલે ઘરમેળે સમાધાનની વાતો કરે છે. આશ્ચર્યની વાત તો એ છે કે આ લોકો શાસનની ઉન્નતીને નામે કેવળ દીક્ષા એકટને રદ કરાવવા મથી રહ્યા છે. શું એ એકટ રદ થાય તેમાંજ શાસન સેવા સમાયેલી છે? આજે કેસરીયાજી પ્રકરણ જેવા બીજા ઘણાંયે પ્રશ્નો શાસન સેવા માટે ખડા છે. તે તરફ શાસન પ્રેમી (?) તરીકે પોતાની જાતને ઓળખાવતા કોઇ પણ માણસે આંખ આડા કાન કર્યા છે. આ શું સૂચવે છે? તેઓ શાસન સેવાને નામે જનતાને ઉંધા પાટા બંધાવે છે. આવા નિર્બલ સમાજ માટે રાજસત્તા કાનુન ન ઘડે તો રાજય પોતાની ફરજ ભૂલે છે, એમ કહેવાય. પ્રજાના કોઇ પણ સડેલા અંગની જવાબદારી રાજયની હોય છે. આમ દરેક બાબતોનો વિચાર કરી વડોદરા રાજય દીક્ષા એકટને ધારાપોથીમાં દાખલ કરે એ આવશ્યક છે. દીક્ષા એકટને અસ્તિત્વમાં આણવા બદલ હું નામદાર શ્રીમંત ગાયકવાડ સરકાર અને તેમના અમલદાર વર્ગને ધન્યવાદ આપું છું, અને વિનંતી કરું છું કે કેટલાક ધર્માંધ ભકતો અને સ્વાર્થાંધ સાધુઓના ચચરાટને ન ગણકારતાં આપ આપની ફરજ બજાવ્યે જજો.

આગળ જતાં ધર્મપ્રિય પોરવાડ સંમેલનના પ્રમુખ શ્રીયુત દલીચંદ વીરચંદ ઓફના વકતવ્યમાંથી દીક્ષા સંબંધના તેમના વિચારો ટાંકી બતાવે છે. પણ તેમાં તેઓ ભૂલ ખાય છે. પ્રમુખ દલીચંદભાઇ કહે છે કે " દીક્ષા એ આપણો ખાનગી પ્રશ્ન છે. તેને ઘરમેળેજ છણવો જોઇએ. શુદ્ધ હૃદયથી, નિખાલસ દિલથી અને પારમાર્થિક દ્રષ્ટિથી એકત્ર બની તેનો નિકાલ લાવવો ઘટે છે " પ્રમુખના આ શબ્દો તદ્દન સાચા છે. પરંતુ શુદ્ધ હૃદય અને નિખાલસ દિલ કયાંથી લાવવાં? જો શુદ્ધ હૃદય નિખાલસ દિલ અને પારમાર્થિક દ્રષ્ટિથીજ દરેક કાર્ય થતા હોત તો જૈન સમાજની આજે જે સ્થિતિ છે તે કરતાં કંઇક જુદીજ હોત. આજે શુદ્ધ હૃદયને બદલે મેલાં હૃદય બન્યાં છે, નિખાલસ વૃત્તિને બદલે દ્વેષ, ઇર્ષ્યા અને મમત્વનું સામ્રાજ્ય નજરે પડે છે, અને પારમાર્થિક દ્રષ્ટિને બદલે સ્વાર્થાંધતા વધારે જણાય છે. ત્યાં આવા પ્રશ્નો છણાવાની વાતજ કયાં રહી? તે સિવાય ધર્મપ્રિય સંમેલનો, પરિષદો અને કોન્ફરન્સો તરફ નાપસંદગી જાહેર કરે છે. સંમેલનો પરિષદો અને કોન્ફરન્સો માટે આવા વિચાર ધરાવનાર કઇ કોટિનો માનવ હોવો જોઇએ એ જનતા સ્વયં વિચારશે. છેવટે એટલું જણાવવું જરૂરી સમજું છું કે આવા અસત્ય સંભાષણોથી જનતાએ સાવધાન રહેવું

—જીવતલાલ ચંદ્રભાણ કોઠારી.

લાભ લેવા ચૂકશો નહીં.

પંડિત હીરાલાલ હંસરાજ તરફથી પ્રસિદ્ધ થયેલાં તમામ ગ્રંથો દિવાળી સુધી

અર્ધી કિંમતે મળશે.

તા. ક.-આચારાંગ સૂત્ર છપાય છે તેની અર્ધી કિંમત સમજવી નહિ.

લખો:—**પંડિત હિરાલાલ હંસરાજ.**

જામનગર.

અયોગ્ય દીક્ષાના ખપ્પરમાં

લેખક:—શા. મણીલાલ કુલચંદ પાદરાવાળા.

[એક તરફ વડોદરામાં, આવતી તા. ૧૫ મી એ મળવાની ધારાસભામાં **'સન્યાસ-દીક્ષા નિયામક એકટ'** આવવાનો છે, એની તો ચર્ચા ચાલીજ રહી છે, એટલામાં અત્યન્ત ભયંકર અને **અયોગ્ય દીક્ષાની** આહૂતિમાં હોમાતા ત્રણ કરૂણ કિસ્સા વડોદરાની ભાગોળમાંજ બને છે.]

બાળા સાધ્વીનું કરૂણ મૃત્યુ.

આજે વડોદરા, છાણી અને પાદરામાં ઘરે ઘરે આ ચર્ચા સંભળાઇ રહી છે:

"અરે રે બિચારી બાર વર્ષની બાળા સાધ્વી રેલના પાટા નીચે તે શી રીતે આવી ગઈ?"

"શું બિચારીને અંતરંગમાં કંઈ દુઃખ તો નહિં હોય?"

"ત્રિકમ લલ્લુની છોડીને વેષ પહેરાવી નસાડી મૂકતાં આ બિચારી ભુખલી બોઇ."

સાગરજીએ છાણીમાં પડાવ નાખી દમણાં દમણાં છોકરી-ઓને મૂંડવાનું મશીન શરૂ કર્યું છે. 'હાથો જુગારી ભમણું રમે' એની માફક ધારાસભામાં કાયદો નહિં આવવા દેવા માટે સાગરજી અને રામવિજયજીએ ધમપછાડ તો ઘણીયે કરી, પરંતુ જ્યારે એમ લાગ્યું કે-કદાચિત્ ધારાસભામાં પાસ નહિં થાય, તો પણ ગાયકવાડ સરકારની ઇચ્છા કાયદો કરવાની છે, એટલે વહેલા મોડા થશે તો ખરોજ, એટલે હવે આંધળીયા નાખીને છોડી તો છોડી ને છોકરો તો છોકરો, જે હાથ આવ્યો તેના માથે અસ્ત્રો ફેરવવાનું શરૂ કરી દીધું છે, પરન્તુ **अति सर्वत्र वर्जयेत्** એ વાક્યને સાગરજી ભૂલી જાય છે. જે માણસ અતિ છાકટો બને છે, તે નીચેજ પડે છે. સાગરજીના અતિ શિષ્ય-લોભના પાપનું જાણે પ્રાયશ્ચિત્તજ ન હોય, એની માફક **એક બિચારી બાર વર્ષની બાળા સાધ્વીનું રેલના પાટા નીચે આવી તા. ૬-૫-૩૩ ની રવિવારે પીલોલ અને સમળાયા સ્ટેશનની વચમાં મૃત્યુ થાય છે.**

આ દુઃખદાયક કરૂણ કિસ્સો સાંભળતાંજ ગમે તેવાને પણ કંપારી છૂટે છે. મરનાર સાધ્વીને લગભગ **એક વર્ષ પહેલાં મૂંડી નાખવામાં આવી હતી.** તે વખતે તેની ઉંમર લગ-ભગ અગિયાર વર્ષની હતી. અત્યારે લગભગ બાર વર્ષની હતી. આ છોકરીનું નામ **ભુખલી હતું.** એના પિતાનું નામ **ચંદુ-લાલ નગીનદાસ અને તે રહેવાસી છાણીના.**

બહાર આવેલી વાત પ્રમાણે તા. ૪ ની રાત્રે **છાણીવાળા ત્રિકમ લલ્લુની** છોકરી **વસન્તીને** રાત્રે ઉપાશ્રયમાં સુવાડી રાત્રે ને રાત્રે વાળ મૂંડી નાખ્યા. ને ૫ મીની રવિવારે વેષ પહેરાવ્યો. અને **'વસન્તી'** ના **સુલોચનાશ્રી** બનાવી દીધી. લગભગ ૧૨-૧૩ વર્ષની આ છોકરી. લોકોમાં કોલાહલ થશે, આ ભયથી સાગરજીએ ચોક્કસ સાધ્વીઓને સાંજના ગોધરા તરફ વિહાર કરાવી દીધો. (જે કે આ સાધ્વીઓ સુરત તરફ જવાની હતી, કારણ કે સાગરજીની સવારી ધારાસભા પછી સુરત તરફ કુચ કરવાની હતી, પરન્તુ સુરત તરફની યુવક સંઘની સેવાની વિદ્યમાનતાનો ભય થતાં ગોધરા-દાહોદ તરફ રવાના કરી.) પરન્તુ કમનસીબે પહેલા દિવસે **પીલોલ** મુકામ કરી બીજા દિવસે રવિવારે વિહાર કરતાં માર્ગમાં ઉપરની

બાર વર્ષની બાળા સાધ્વીનું મૃત્યુ.

થાય છે. આ કરૂણ કિસ્સાથી ચારે તરફ હાહાકાર વર્તાઇ રહ્યો છે; એનું મૃત્યુ ગમે તે રીતે ગમે તે કારણે થયું હોય, એના ઉંડાણમાં અમને ઉતરવાની જરૂર નથી, પરન્તુ અત્યારે આવી નહાની નહાની બાળાઓને મૂંડવાની, અને દોડંદોડ કરાવવાની જે ધૂન સાગરજીને લાગી છે, તે તરફ તમામ લોકો ધિક્કારજ વરસાવી રહ્યા છે.

પાદરાની બે બાળાઓને મૂંડી નાખી.

ઉપરનો કરૂણ કિસ્સો બને છે એના બે દિવસ પહેલાંજ-તેજ છાણીના ઉપાશ્રયમાં પાદરાની બે બાળાઓને મૂંડી નાખવાની પણ ક્રિયા થઈ હતી. કહેવાય છે કે-તા. ૨-૫-૩૩ ના દિવસે પાદરાના મોહનલાલ ત્રિભુવનદાસની બે છોડીઓ આવેલી; જેની ઉંમર ૧૬ અને ૧૩ વર્ષની હતી. નામ જસી અને કાન્તા.

આ છોડીઓની તપાસ થતાં બીજા દિવસે રાત્રે છાણીના ઉપાશ્રયમાંથી માથું મુંડેલી સ્થિતિમાં મળી. ધણી ધમાલને અંતે તે બન્ને છોકરીઓને મધ્યરાત્રિએ એના પિતાએ પોતાના કબજે કરી અને તે પાદરે લાવ્યા.

જો કે-આ દિવસે સાગરજી છાણીમાં ન હતા, પરન્તુ તેમના આંધિઆઓ તેમની સલાહ પ્રમાણે આ બધું કાવતું કરતા હતા: "મને તો કંઇ ખબર નથી. હું તો વડોદરા હતો." એમ કહેવાનું મળે, એટલા માટેજ વડોદરા પહોંચી ગયા હોય, તોપણ કોને ખબર છે?

ઉપરના કિસ્સાઓ ઉપરથી જૈન સમાજે સાવધાન થવાની જરૂર છે.

અમે ધારાસભાના વિદ્વાન્ અને સુધારા પ્રેમી સભ્યોને પણ પ્રાર્થના કરીએ છીએ કે અત્યારે જૈનસમાજમાં કેવા કેવા અત્યાચારો થઇ રહ્યા છે તે તરફ આપ અવશ્ય ધ્યાન આપશો. કયાં છે આત્મકલ્યાણ માટેની દીક્ષા? કયાં છે વૈરા-ગ્યની ભાવના? કુદરત આવા અત્યાચારોને સહન કરવા તૈયાર નથી. દુનિઆ સાચું સાધુત્વ માગે છે, હવે અંધાધૂંધી અને સ્વચ્છંદતાથી કામ કર્યું પાલવે તેમ નથી. એવું જાણવા છતાં સાગરજી અને રામવિજયજી જેટલા જલ્દી આગ્રહી સાધુઓ કયાં સુધી અત્યાચાર કરી રહ્યા છે, એ આપના જાણવામાં આવેલા અનેક કિસ્સાઓમાં ઉપરના ભયંકર કિસ્સાઓનો વધારો થાય છે.

અમે સાગરજીને માત્ર એટલુંજ જણાવીશું કે મહારાજ! હવે ઘણું થયું છે. જૈનસમાજને વધુ પાપના બોજામાં ન નાખો, પાપનાં પ્રાયશ્ચિતો ન માલૂમ કેટલાંયે ભોગવવાં પડશે? જૈનસમાજનું આટલું તો અધઃપતન થઇ રહ્યું છે, હજુ કેટલું અધઃપતન કરાવવા ધાર્યું છે, શાસનદેવ, અમને આવા પાપાચારોથી બચાવો!! અને એમને સત્વર સદ્બુદ્ધિ આપો!

સાગરજીની ગુંડાશાહી

શાંતમૂર્તિ મુનિ મહારાજ શ્રી હંસવિજયજીના શિષ્ય મુનિશ્રી દોલતવિજયજીના શિષ્ય મુનિશ્રી ધર્મવિજય તા. ૯-૫-૩૩ ને મંગળવારના પ્રભાતે વડોદરાથી છાણી કેટલાક પુસ્તકો લેવા માટે ગોધરાવાળા ભાઇ રસીકલાલ વાડીલાલને સાથે લઇ ગયા હતા. પાછળથી અહીંની શ્રી હંસવિજયજી ફ્રી લાયબ્રેરીવાલા કેશવલાલ માસ્તર પણ ગયા હતા.

છાણી ગયા પછી ભાઇ રસીકલાલ સાગરજી પાસે ગયા. ત્યાં સાધુઓ તરફથી ધર્મવિજયને–એકલ વિહારી, ભ્રષ્ટાચારી વગેરે અપમાનજનક શબ્દોથી સંબોધવામાં આવતાં ભાઇ રસીકલાલ ઉઠી ગયા હતા. ખુદ ત્યાંના સાધુઓમાં આવા અપમાન જનક શબ્દોથી અંદર અંદર ચકમક ઝરી હતી.

મુનિ ધર્મવિજય પાસે એક ભાઇ આવી તેમને કાઢેલા હેન્ડબીલ માટે પુછ-પરછ કરી હતી. તેનો જવાબ આપવાથી, તે જઇ એક સાધુને સાગરાનંદના સમુદાયમાંથી લઇ આવ્યા, તે સાધુએ આવી, હેન્ડબીલ પુરવાર કરી આપવા શાસ્ત્રાર્થ કરવા ધર્મવિજયજીને કહેતાં, ધર્મવિજયજીએ રીતસર લેખીત રીતે શાસ્ત્રાર્થ કરવા જણાવ્યું; પોતાને એકલવિહારી, ભ્રષ્ટાચારી વગેરે શબ્દો કહેવા માટે તેમણે (ધર્મવિજયજીએ) તે સાધુને ઠપકો આપી જણાવ્યું કે "હું એકલવિહારી નથી, છતાં આવી ખોટી રીતે કહેવું તે સાધુ માટે વ્યાજબી નથી."

બીજી બાજુએ સાગરાનંદજીએ કેટલાક છોકરાઓ એકઠા કરી ધર્મવિજયજી ઉપર પત્થરનો મારો ચલાવવાની શાસ્ત્રાજ્ઞા ફરમાવી! છોકરાઓએ સૈનીકોને છાજે તેવી રીતે મારો ચલાવ્યો. પરંતુ મહારાજ ધર્મવિજયે અગમચેતી વાપરવાથી જીવલેણ ઇજા ન થતાં સામાન્ય ઇજા થઇ, મામલા ઉશ્કેરાયેલો અને ગભરાટવાળો બનવાથી શેઠ × × × × × × ધર્મવિજયજી પાસે આવી જલ્દી વિહાર કરી જવા જણાવ્યું. કારણ કે ઉનાલાના તાપના દિવસ, ઉપાશ્રયના ઉઘાડા બારણા, આવા પરિસ્થિતિ વચ્ચે તેમને રાત્રીના ધર્મવિજયજી ઉપર બીજે હુમલો થવાનો ભય લાગ્યો તેમજ અંદર અંદર કલેશ થાય એવો ડર પણ બતાવ્યો તેથી એકલા પડેલા ધર્મવિજયે કલેશના નિમિત્ત રૂપ નહિ બનવા સાંજના સાડા છ વાગે વિહાર કરી, નિઝામપુરા આવી મહાદેવના શિવાલયમાં રાત ગાળી બુધવારે સવારે વડોદરા આવ્યા.

પંચમહાવ્રતના ઓઠા નીચે ચરી ખાનારા, આવી રીતે મનુષ્યત્વની હદ કુદાવી જાય છે, અને તેને ધર્મઘેલા પેમલાઓ પોષી માથેલા સાંઢ બનાવે છે. એ સમાજે સમજવાની જરૂર છે.

(અનુસંધાન પૃ. ૨૨૭ ઉપરથી)

આપણું વિદ્યાલયઃ—

બાર બાર વર્ષથી તેને સમૃધ્ધ બનાવી મજબૂત કરવાના પ્રયત્ન કરનાર તેનો આત્મા શ્રીયુત મોતીચંદભાઇ બે વર્ષની જેલ જાત્રાએ સીધાવવાથી આપણું શ્રી મહાવીર વિદ્યાલય આર્થિક સ્થિતિ અંગે હાલ કટોકટીના વખતમાંથી પસાર થઇ રહ્યું છે. અમને નવાઇ તો એજ લાગે છે કે કાર્યવાહી કમીટીમાં વિદ્વાનો, ધનીકો અને લાગવગ ધરાવતા સજ્જનો બીરાજે છે, છતાં એક મોતીચંદભાઇની ગેરહાજરીમાં આવી સ્થિતિ ઉભી થવા પામે, છતાં કોઈ બહાર નથી આવતું. એ નવાઇ જેવી વાત છે. અમે તો માનીએ છીએ કે એ કમીટીમાંથી એક નહિ પણ અનેક મોતીચંદભાઇ થઇ શકે તેવા છે. છતાં આ પરિસ્થિતિ જોતાં એમ કહેવાઇ જાય કે ધંધામાંથી ગરદન ઉંચી કરવાની કોઇને ફુરસદ નથી.

તા. ૩૦–૪–૩૩ ની કમીટીએ, આર્થિક સ્થિતિ અંગે ખુબ ચર્ચા કરીને વિદ્યાર્થી લોન અંગે વિચારણા કરી વિદ્યાર્થીઓ ઉપર સેક્રેટરીએ જે સરકયુલર મોકલાવ્યો છે તે સમજ ફેરથી લખાયો હોય તેમ લાગે છે. તેમાં જે મુદ્દાનું લખાણ છે, તેવું કમીટીએ નકકી કર્યું નથી. એટલે તે લખાણને સુધારવાની જરૂર છે. નહિ તો તેનો ખોટો અર્થ થવા સંભવ છે, કારણ કે અમુક વર્ષની મુદત સુધી આપેલી બોળાધરીમાં જેમ ફેરફાર થઇ શકતો નથી, તેવો લોનનો કીસ્સો છે. એટલે હાલ તો તે ચર્ચામાં વધુ ન ઉતરતાં સૌને વિનવીએ કે આપણા વિદ્યાલયની ગંભીર આર્થિક સ્થિતિ માટે તેની મેનેજીંગ કમીટીના સભ્યો, કાર્યકર્તાઓ, વિદ્યાલય પ્રત્યે પ્રેમ ધરાવનાર જૈન સજ્જનો, વિદ્યાલયની આર્થિક સ્થિતિ સુધારવા પ્રયત્ન આદરે અને પોતાનો યોગ્ય ફાળો વિદ્યાલયને મોકલી આપે. તેમ વિદ્યાર્થી બંધુઓ કરકસર કરીને પોતા માટે બહારથી મદદ મેળવાય તેટલી મેળવીને વિદ્યાલયને જેટલી બને તેટલી મદદ કરે. વિદ્યાલય એ જૈન સમાજનું નાક છે. તેને મૂશ્કેલ સ્થિતિમાંથી બચાવી લેવું એ દરેક જૈનની ફરજ છે.

પરીક્ષાનું પરિણામ.

શ્રી વાણિજ્ય વિદ્યામંદિર, પાટણના પ્રથમ વર્ષની પરીક્ષામાં સોળ વિદ્યાર્થીઓ પેસ થયા, જેમાંથી નીચેના પાસ થયા છે. ગુજરાતી, તથા અંગ્રેજી નામું, અંગ્રેજી, હિન્દી, રાજ્યબંધારણ આદિ વિષયો હતા.

પ્રથમ વર્ગ

૧	કેશવલાલ નાનચંદ દોશી	૭૧૩
૨	અમૃતલાલ મણીલાલ શાહ	૬૯૭

બીજો વર્ગ

૧	ચીમનલાલ મનસુખલાલ શાહ	૬૩૬
૨	જીવણલાલ મણીલાલ ઝવેરી	૬૩૩
૩	મહાસુખલાલ ભાઇચંદ શાહ	૬૦૯
૪	શાન્તિલાલ પોપટલાલ ઝવરી	૫૯૭
૫	મોહનલાલ નાનચંદ શાહ	૫૮૯
૬	જયંતિલાલ ખુબચંદ શાહ	૫૮૭
૭	રમણીકલાલ મણીલાલ શાહ	૫૭૩
૮	બાબુલાલ દુર્લભદાસ શાહ	૫૬૭
૯	શાન્તિલાલ જમનાદાસ પરીખ	૫૪૨

પાસ વર્ગ

૧	ચંપકલાલ કેશવલાલ શાહ	૪૪૭
૨	જયંતિલાલ મણીલાલ શાહ	૪૪૫

કોલેરાની અકસીર દવા.

કોલેરાનો રોગ જ્યાં જ્યાં પ્રવર્તતો હોય ત્યાં સહેજે સાધ્ય, અકસીર અને કોઇપણ રીતે નુકશાની ન કરે એવી દવા લીંબુનો રસ છે. આ લીંબુનો રસ પાંચ તોલા ઠંડા પાણી સાથે દિવસમાં ત્રણ વાર લેવો. દરેક વખત એક લીંબુનો ઉપયોગ કરવો. આ દવા અનુભવ સિદ્ધ છે અને તેથી દરદીને અચૂક ફાયદો થાય છે.

મરડા અને આની દવા અમારા તરફથી સેમ્પલ પોસ્ટથી મફત મોકલી આપવામાં આવે છે.

મોહનલાલ મગનભાઇ
ડોશીવાડાની પોલ, અમદાવાદ.

સામાજિક વાયરા

યુવાન યુગલ ગુમ.

વઢવાણ શહેરના ઓઘડ હક્કાના પૌત્ર મણીલાલ તથા પત્નીને અયોગ્ય દીક્ષાના હિમાયતીઓએ તા. ૬-૫-૩૩ ના રોજ નસાડયાના સમાચાર મળે છે.

વાત એમ છે કે એ ભાઇને થોડા માસ અગાઉથી દીક્ષા લેવા માટે અયોગ્ય દીક્ષાનાં દલાલો તરફથી સ્વર્ગ અને મોક્ષ મેળવવાના પાઠોથી સમજાવામાં આવતા. આથી ભાઇને કંઇક અસર થઇ. તેવામાં અયોગ્ય દીક્ષાના પ્રખર હિમાયતી વ્યક્તિ રામવિજયના વઢવાણમાં પનોતાં પગલાં થયાં કે દીક્ષા માટેના થીઝનેસનું કેન્વાસીંગ તેઓ તરફથી શરૂ થયું ને આ ભાઇએ ઉમેદવારી નોંધાવી.

આ ભાઇ દીક્ષા માટે જ્યારે જીદ કરતા ત્યારે વાલીઓ અભ્યાસ માટે શિખામણ આપતા. સાથે એ પણ કહેતા કે તારામાં યોગ્યતા આવતાં અમે યોગ્ય રીતે દીક્ષા અપાવીશું. પણ એ ભાઇને એ દલીલ ગળે નહોતી ઉતરતી. એટલે એક દિવસ એની વિધવા માને સમજાવી નાસી જવા પ્રયત્ન કરેલ. માને ખબર પડતાં વિધવા માએ અનેક વિનવણીઓ કરીને સમજાવેલ, એટલે એ વખતે નાસભાગનું પતી ગયું. પણ ત્રીજેજ દિવસે જ્યારે તેની મા આવશ્યક કરવા બેસે છે, ત્યારે તે અને તેના પત્નિ બપોરના બાર વાગતાં ગુમ થયા છે. તેને નસાડવામાં ધર્મનો દંભ ખેલતી કહેવાતી ધાર્મિક સંસ્થાનો હાથ સંભળાય છે.

અયોગ્ય દીક્ષાના હિમાયતીઓ એના બાલ-બચ્ચાંને સલામત રાખી, અરે! તેમનાજ ગુરૂજી મૂંડી નાંખે તો સાધુવેષ ઉતરાવી પાછા લઈ આવવાની હિંમત દાખવનાર કહેવાતા ધર્મિઓ, પારકા છોકરાંને જતિ કરવામાં પાવરધા બનેલા આ વિધવા બાઇને દુઃખમાં ડુબાડી એ યુગલને હાલ તો નસાડવામાં ફાવ્યા છે.

સાગરજી સમજાવે છે.

વડોદરા રાજ્યની જૈન પ્રજાના નામની આપ મેળે બની બેઠેલ કમીટીની વડોદરા શાખા તરફથી તા. ૨-૩-૪ મે ૧૯૩૩ના દિવસો શાસ્ત્રાધારે દીક્ષાનું વય સમજાવવા રાખવામાં આવેલા. આ સાધારણ પ્રસંગની મહત્તા વધારવા કમીટી તરફથી બાનગીમાં લગ્નના કાર્ડ જેવાં બે હજાર આમંત્રણ કાર્ડો કાઢવામાં આવેલાં. તેમ જાહેર વર્તમાન પત્રોમાં પણ જાહેરાત કરી આમંત્રણો થયેલાં ને હજારો માણસની હાજરીની આશાઓ બંધાએલી. પણ સાગરજી શું દલીલ કરવાના છે? જે વ્યાખ્યાન પીઠ ઉપરથી ઘલકારે છે તેજ કહેવાના છે. નવું શું છે? ફાયદો શો છે? તારણ શું છે? આથી પરિણામે ત્રણે દિવસ ચારથી પાંચ હજાર ભાઇ બહેનોએ આ પ્રસંગનો લાભ (!) લીધેલો. તેમાં પ્રોફેસર દોશી સાહેબ અને છેલ્લે દિક્ષાસે વકીલ શ્રીયુત નીકતે હતા. આ પ્રસંગને જાહેરાતમાં લાવવા મહેનત અને ખરચ ઠીક થયેલો. છતાં શ્રીયુત સાગરાનંદજીએ શાસ્ત્રાજ્ઞા પ્રમાણે કહ્યું કે.

"સોળ વરસથી ઓછી ઉંમરવાળા સગીરને માબાપની રજા અને તેની ઇચ્છા હોય તો દીક્ષા આપી શકાય."

૨ સોળ વરસથી વધારે ઉંમરવાળાને ગામ કે અન્ય ગામમાં માબાપે અનુમતિ આપી હોય કે ન આપી હોય તોપણ તેને દીક્ષા આપી શકાય." ઉપરાંત પૂછેલા સવાલોમાં "શિષ્યચોરી સોળ વરસની અંદરવાળા માટે ગણાય અને આર્યરક્ષિતને ૧૬ વર્ષની ઉંમરે દીક્ષા આપવાથી શિષ્યચોરી કહી છે." તેની સાબેતીમાં પોતાની પાસેની પ્રત બતાવી. ત્યારે ભાઇ કેશવલાલ ઉત્તમચંદ ગાંધીએ કહ્યું કે, મારા જોવામાં આવેલી પ્રતમાં દીક્ષા માટેની આર્યરક્ષિતની વય વરસ બાવીસની શબ્દોમાં લખી છે." સાગરજી કહે છે "શાસ્ત્રકારોએ શિષ્યચોરી માટે સોળ વરસ સુધીની ઉંમર ઠરાવેલી છે, એટલે બાવીસ વરસ માની શકાય નહિ, બાવીસ વરસ માનતાં સોળ વરસ મનાય." ધન્ય સાગરજી! પહેલા પ્રશ્નનો ઠીક ઉકેલ કર્યો! છે બુદ્ધિ કોઇના બાપના! બીજા પ્રશ્નમાં જણાવ્યું કે સોળ વર્ષ ઉપરનાને છુપી રીતે દીક્ષા આપવામાં શાસ્ત્રાધારે દોષ નથી." વિશેષમાં જણાવ્યું કે "સોળ વરસની અંદરના દીક્ષા લેવા આવનાર અહિંસા, મૃષાવાદ, અદત્તાદાન, બ્રહ્મચર્યને પરિગ્રહના જાણકારજ હોય છે-તેવા જાણકારજ દીક્ષા લેવા આવે છે." વાહ! સાગરજી, આ દલીલમાં પણ તમારી અક્કલને હુશિયારી તરી આવે છે. શી તમારી વિદ્વતા! જ્યાં સ્વાર્થ છે, ત્યાં દલીલો સુઝે છે.

સાગરજી! ચોરી તે તો ચોરીજ કહેવાયને? પછી તે ગમે તે કીંમતની હોય. તેમ ગમે તે ઉંમરે છુપી રીતે દીક્ષા આપેલી હોય પણ તેને કોઇ સાહુકારી તો નજ કહે. એ તો ચોરીજ કહેવાય અને એ ચોરીનો ગળથુથી પીવરાવવાનાંજ આ પરિણામ છે!

પૂજા, સેવા, પ્રતિક્રમણ ને ગુરૂભક્તિથી બાળકમાં પંચ મહાવ્રતના પાલનની જવાબદારીનું ભાન નથી આવતું. ને આવેછે તેમ કહેવું તે નરી મૂર્ખાઈ છે. પ્રભુ મહાવીરના મુખ્ય શ્રાવકો પણ બાર વ્રત ગ્રહણ કરવા છતાં દીક્ષા માટે પોતાની અશક્તિ બતાવે છે, ત્યારે તેજ પ્રભુ મહાવીરના પ્રતિનિધિનો દાવો કરતા મુનિગણે સગીરોને દીક્ષા માટે સર્વ રીતે યોગ્ય માની, મનાવેછે એ પાંચમા આરાની પરિવર્તન બુદ્ધિ લીલાનુંજ પરિણામ છે!

(અનુસંધાન પૃ. ૨૨૭ B જુઓ.)

(અનુસંધાન પૃ. ૨૨૫ ઉપરથી)

જૈન પ્રજાનો તો સમ્પૂર્ણ ટેકો છે. ભારતવર્ષના મૂર્તિપૂજક જૈનોનું પ્રતિનિધિત્વ ધરાવતી અમારી જૈન સભાએ તેને વધાવ્યો છે. સ્થાનકવાસી સાધુઓ સહ અજમેરમાં ભરાયેલી જૈન પરિષદે સગીર દીક્ષા બંધ કરી દીક્ષાની લાયકાત માટે નિયમો કર્યા છે. એટલે જૈન સમાજ નિયમો માગે છે. સ્થા. જૈન સાધુઓ સંઘ સત્તાને સ્વિકારે છે અને અમારા એટલે મૂ. પૂ. જૈન સાધુઓ અવગણે છે. તેથી પ્રજા હિત ખાતર રાજ્યને કાયદો ઘડવાની જરૂર છે.

આપ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ છો. આપનામાં પ્રજાને વિશ્વાસ છે. એટલે બાળકોના હિતનો વિચાર કરીને, તેમ જે કુટુંબો અને બહેનો મૂશ્કેલીમાં આવી પડે છે તેના બચાવ ખાતર, તેમ અમારી સમાજની સાધુ સંસ્થાના ભલા ખાતર દીક્ષા નિયંધને ટેકો આપી એકવીશ લાંબના આશીર્વાદ મેળવશો.

हिन्दी विभाग.

अपनी समाजका पुनरुत्थान कैसे हो!

—शेठ अचलसिंहजी.

[बाबु अचलसिंहजीने अखील भारतवर्षीय स्था. जैन नवयुवक परिषदके प्रथम अधिवेशनके अध्यक्ष-स्थानसे जो स्पीच दीथी उससे उध्धृत.]

संगठन—

अपनी समाजमें संगठन का इतना अभाव है, कि इससे समाज के टुकडे २ हो रहे हैं। यहाँ तक कहीं दस-पाँच आदमी मील कर नहीं बैठ सकते। अगर बैठते हैं तो बजाय एक्य पैदा करने के एक दूसरे से लडने-झगड ने लगते हैं। कोई भी समाज, जाति, सम्प्रदाय अथवा राज्य या ताकत वगैर संगठन के कभी उन्नति-तरक्की-नहीं कर सकती; भूत और वर्तमान समय में जो साधु-साधु और श्रावक-श्रावक में फूट-वैमनस्य और कलह-द्वेष होता रहा है, उससे हजारों गृहस्थों की जैनधर्म से श्रद्धा हट गई है और नतीजा यह हुआ कि वे आज आर्यसमाजी आदि होगये हैं। और बहुत से भाई अभी तक धर्म-रहित बने हुये हैं। अगर यही अवस्था कायम रही तो जिस जैन-समाज की आज १२ लाख की संख्या शुमार की जाती है वह धीरे-धीरे कम होती जायगी और अन्त में बिलकुल लुप्त हो जायगी।

समझ में नहीं आता कि जिस जैनधर्म का सिद्धान्त इतना दिव्य और महान है कि वह स्वप्न में भी किसी से द्वेष करने को महा पाप समझता है. उसके अनुयायी साधु-श्रावक आपस में इस प्रकार का राग-द्वेष करते हैं, जिससे कि जैनधर्म और समाज की जड पर कुठाराघात होता है। इसे देखकर अनेक पुरुषों के जी दहल जाते हैं और बहुत से विचारशील पुरुष इस उच्च और महान धर्म में पैदा होते हुए भी अपने को एक बडी बुरी अवस्था में पाते हैं, और इसे वह एक दुर्भाग्य समझ कर इससे पृथक् होते जाते हैं।

यह बडे हर्ष का विषय है कि स्थानकवासी समाज के पूज्य मुनिवरों ने अब आपस में मत-भेद को मिटाकर अपने साधु-वर्ग को फिर एक सूत्र में बाँध दिया है। आज जैन-समाज के लिये यह बडे गौरव की बात है और मुझे विश्वास है कि जैनधर्म के अन्य सम्प्रदायावलम्बी भी इसका अनुकरण करेंगे और सम्पूर्ण जैन-समाज को एक सुसंगठित समाज बना देंगे।

सब बुराइयों का मुख्य कारण आपस की फूट, बेसमझी और ना-तजुरबेकारी है। अगर जैनधर्मानुयायी उन्नति करना चाहते हैं तो उन्हें प्रेमपूर्वक संगठन करने की अत्यन्त आवश्यकता है।

United we stand, Divided we fall. अर्थात् संगठित रूप में हम उभरते हैं और विभाजित रूप में हम नीचे की ओर गिरते हैं।

जिस तरह एक वृक्षों का समूह बडी से बडी जोरदार आँधी का मुकाबिला आसानी से कर सकता है; जिस तरह थोडे तन्तु मिलकर एक मजबूत रस्सी बन जाते हैं और बडे से बडे मस्त हाथी को बाँध लेते हैं; जिस तरह छोटे २ शब्द बनकर बडे ग्रन्थ बन जाते हैं; जिस तरह छोटी २ बूँदें अथाह सागर बन जाता है; ठीक इसी प्रकार अगर आज जैन समाज की तमाम बिखरी हुई शक्तियों को एकत्रित किया जाय और देश, काल निमित्त के अनुसार काम लिया जाय तो समाज का उद्धार होना कोई बडी बात नहीं।

हमारी संस्थाएँ

समाजों व जातियों का उद्धार वर्तमान समय में संस्थाओं व सभाओं द्वारा हो सकता है। किन्तु संस्थाओं की सफलता उनके कार्यकर्ताओं पर निर्भर है। अगर एक संस्था के कार्यकर्ता निपुण, विद्वान, अनुभवी और परिश्रमी हैं तो उस संस्था का कार्य दिनोंदिन उन्नति को प्राप्त होता जाता है और अगर संस्थाओं के कार्यकर्ताओं में उक्त गुणों का अभाव होता है, तो वह संस्था बजाय उन्नतिके अवनतिको प्राप्त होती जाती है।

इस समय हमारे समाज में जैन-संस्थाओं की कमी नहीं, प्रत्येक सम्प्रदाय और फिरको में अपनी २ अलग सम्प्रदाय व कोनफरेंस हैं, परन्तु उनमें से कितनी सफलतापूर्वक काम कर रही हैं? इसका कारण कुछ तो संस्थाओंका दुषित संगठन है और कुछ सच्चे कार्यकर्ताओंकी कमी है।

वर्तमान समय में गांधीजी के आन्दोलन ने हर जाति व समाज में कार्यकर्ताओं (Workers) की काफी तादाद पैदा कर दी है। और अगर एक समाज अपने नवयुवकों की सक्ति से लाभ उठाना चाहती है तो उसके लिये यह एक स्वर्णमय समय है। इसलिये निम्नलिखित बातें संगठन पैदा करने के वास्ते अत्यंत आवश्यक हैं—

(१) आपस में प्रेमपूर्वक रहना अर्थात् एक दूसरे की जहाँ तक मुमकीन हो मदद करते रहना चाहिये। अगर कोइ व्यक्ति किसी किस्म की मदद नहीं कर सकता हो तो कम से कम हार्दिक सहानुभूति अवश्य करते रहना चाहिये।

(अपूर्ण)

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩ માં છાપ્યુ છે. અને ગોકલદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

કંગાલ મનોદશાનાં આવરણ.

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

તંત્રીઃ રતિલાલ ચીમનલાલ કોઠારી. / સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ
શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર. / વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦
વર્ષ ૨ જું; અંક ૨૯ મો. / શનીવાર, તા૦ ૨૦-૫-૩૬.

અંતરની વંદના.

"ઓ પ્યારા! આટલો બધો એકાગ્ર શ્રમ હું લઉં છું, તારી સાક્ષીએ મારી બધી કરણીઓ એકજ કલ્યાણમય હેતુની સાધના અર્થે યોજાય છે. મારી પાસે કોઇ વસ્તુની કમીના નથી, એ છતાં ઓ હૃદય, તું આટલું બધું સંતપ્ત શા માટે રહે છે? મારા જીવનમાં એ જંપ અને શાંન્તિ કેમ વસતા નથી?"

"ઓ ઘેલા! જંપ અને શાંન્તિની વાત શીદને કરે છે? એ તને કયાંથી સૂઝે છે? તારા જીવનમાં અજંપા અને અશાન્તિ વધારેને વધારે ઉભરાવા જોઇએ, પેલાં ભૂખ્યાં બાળકોની કાળી ચીસો હજી એવીને એવી કાન ઉપર આવ્યા કરે છે, નવસ્ત્રાં અને ભૂખમરો વેઠતાં કામદાર સ્ત્રી પુરૂષોની હારની હાર હજી ડોળા ફાડીને સામે ઉભી છે, અને તને શાંન્તિ શી રીતે મળી શકે? હજી તારી સન્મુખજ કેટ કેટલા ગરીબ માણસો થોડા જન્મ-શ્રીમંતો માટે રાત દિવસ વૈતરૂં કરે છે, અને બદલામાં તિરસ્કારના અને અપમાનના ચાબખા મૂંગે મહોંએ બરદાસ કરી લ્યે છે! આ હાલતમાં ભાઇ, તને જંપ અને શાંન્તિની વાત કેમ સૂઝે છે?"

"પણ આ યાતના હવે સહી નથી જાતી. એને ટાળવાનો મારો પુરૂષાર્થ મને વધારેને વધારે વ્યગ્ર બનાવે છે. એ વ્યગ્રતા હવે છેલ્લી સ્થિતિએ પહોંચી છે. ઓ પ્યારા, મને હવે એમાંથી મુક્તિ આપ; હું એવું શું કરૂં કે જેથી મારો આ ત્રાસ ઓછો થાય? ઓ, મને માર્ગ બતાવ!"

"એનો તો એકજ માર્ગ છે. તારૂં સર્વસ્વ તો તેં એને અર્પી દીધું છે. અને એટલેજ તો તને આટલો બધો સંતાપ થાય છે ને? હવે તારૂં જીવન હોમી દે. હવે એ અર્થે તારા દેહની ખાખ કરી નાંખ, હવે જીંદગી પૂરી કરી નાંખ. એ સર્વસમર્પણ તને તું માગે છે તે કદાચ આપી રહેશે. ઓ મુક્તિકામી, હજી બધારે પુરૂષાર્થ કર!"

આ પ્રેરણા અદ્‌ભુત છે. આવી સર્વસમર્પણની તમન્ના કોઇ ધન્ય જીવનમાંજ પ્રગટે છે. લેનીન અને ગાંધી આવી વિચાર-સરણીમાંથીજ ઉભા થાય છે. લીંકન અને વીલ્યમ લોઇડ ગેરીસન સમા માનવીની ગુલામી તોડવા ઝુઝનારા જોદ્ધાઓ પણ આવી વિચાર-સરણીમાંથી પાકે છે. અન્યાયી સમાજમાં જીવવું તેમને અસહ્ય બને છે. સામાજીક અન્યાયો તેમનાથી બરદાસ નથી થઇ શકતા. તેઓ માનવીના માનવી ઉપર ગુજરતા જુલ્મો નાબુદ કરવા મથે છે, પ્રયત્નમાં જીવન હોમે છે. એ પુરૂષાર્થથી માનવજાતને આગળ લઇ જાય છે.

આ બધા મુક્તિકામી જોદ્ધાઓના માર્ગો જુદા જુદા હોય છે. કોઇ લેનીન, નેપોલીયનની જેમ, લશ્કર જમાવી, સંહાર કાંડ રચી, સત્તા હાથ કરી, એ સત્તાને બળે સામાજીક અન્યાયો નિવારે છે-પૃથ્વીના પટ ઉપરથી શ્રીમંત અને ગરીબના, અમીરના અને કંગાલના, સેવાના અને સેવકના ભેદ મૂંસી નાંખે છે. એને સામ્રાટ ઝાર નહિ જોઇએ, એને ક્રોટયાધિપતિ ફોર્ડ નહિ જોઇએ, એને અકિંચન વહીવો નહિ જોઇએ. એ બધા એની સામેથી અદ્રશ્ય થવાં જોઇએ. અને એને સ્થાને સમાનભાવે જીવન જીવતાં સમાનભાવે જીવનશ્રમ લેતાં સુખનું સ્મિત ફરકાવતાં સમાન માનવીઓ નજરે ચડવાં જોઇએ. એને સ્થાને સામાનતા સર્વોપરિ સમાજીક સિધ્ધાન્તની સ્થાપના થવી જોઇએ. કયે માર્ગે એ થાય છે, કઇ રીતે એ બને છે, એ એને મન ગૌણ વસ્તુ છે. એને ઝારને ફાંસીને લાકડે લટકાવવામાં સંકોચ નથી. એને ફોર્ડની લક્ષ્મી આંચકી લેતાં આંચકો નથી. એ બધું એ અનન્ય સ્વસ્થતા પૂર્વક એક જ પરમ સાધ્યની સાધના અર્થે કરે છે.

અને કોઇ ગાંધી સાધક તો એ એકજ પરમ સાધ્યના હોય છે; પરંતુ એને મન એ સાધન તો માર્ગ, એ સાધનાની રીતિ એ સર્વોપરિ મહત્વની વસ્તુ છે. બન્નેમાં પ્રેરણા-સામગ્રી એકજ છે. હિન્દની ગુલામી ગાંધીજીને અસહ્ય છે, ઓ કારાવાસને વધાવી લ્યે છે. હરિજનોની સામાજીક અવદશા એને એટલીજ અસહ્ય છે. એ એ અસહ્યતાના ત્રાસમાંથી ઉગરવા ઉપવાસ આદરે છે. બન્નેમાં ધ્યેયસ્થાન એકજ લાગે છે. માનવી માનવીનો ગુલામ ન રહે, મહાલયો અને ઝુપડાંઓ સાથે રહે, ધનપતિઓ અને શ્રમજીવીઓના માનવ જાતને પીડતા ભેદ ભુંસાઇ જાય, ઓ ધ્યેયને એ વરેલા છે. પ્રેરણા એક છે, અને સાધ્ય પણ એક છે.

મહાત્માજી આજે એવી એ પ્રેરણાથી પ્રેરિત બનીને એ પરમ સાધ્યની સાધનામાં બેઠા છે. એ સાધ્યને અર્થે જાણે એ આજે પોતાના દેહમાંથી અજલિઓ ભરી ભરીને લોહી આપી રહ્યા છે. સાધ્યની સાધનામાં એ સર્વસમર્પણ કરી રહ્યા છે. એના અંતરમાં નાદ ગાજે છે; 'કાં તો અસ્પૃશ્યતા મરશે, અને કાં તો હું મરીશ' માનવીના જીવનમાં આ વિરલ પ્રસંગ છે. ઇતિહાસમાં આ અપૂર્વ ઘટના છે. એને આજે બુદ્ધિથી તપાસવાનું ન હોય. એને અંતરની વંદના જ શોભે. એમાંથી આજે મહાત્માજીના સમકાલીનો બને તેટલી માનવ-કલ્યાણની પ્રેરણા મેળવી કૃતાર્થ બને.

'ફુલછાબમાંથી'

પુરિસા ! સચ્ચમેવ સમભિજાણાહિ ।
સચ્ચસ્સ આણાએ સે ઉવટ્ઠિએ મેહાવી મારં તરઇ ॥

(આચારાંગ સૂત્ર.)

પ્રબુદ્ધ જૈન.

શનીવાર, તા૦ ૨૦-૫-૩૩.

કંગાલ મનોદશાનાં આવરણ

બ્હેન જડાવનાં વિતકની વાતો 'પ્રબુદ્ધ'નાં પાનાં હજુ સુકાઇ નથી; એનાં પીડનનાં પુરોગામી પડઘા હજુય કૈં કૈં હૃદયોમાં અરેરાટી નીપજાવે છે; એનાં બચાવને સારૂ, એના સુરક્ષિત આશ્રયને સારૂ હજુ તો કોઇ સક્ષમ પ્રયત્ન કરવામાં આવ્યા નથી; આવે વખતે જૈન આગેવાનોની ફરજ સ્પષ્ટ છે કે કોઇ પણ રીતે એ બ્હેનને સમજાવટથી બચાવીને વાત્સલ્ય-ભર્યું આશ્રય સ્થાન આપવું જોઇએ. પણ એમ કરવાને બદલે 'જૈન જ્યોતિ'ના અધિપતિ રા. ધીરજલાલ ટોકરશી શાહ જેવા-જેના પર વિશ્વાસ રાખી શકાય તેવા માણસો-'દશા' 'વિશા'ની છેકજ ક્ષુલ્લક વાતો સાથે હમદર્દી ભર્યા પ્રચંડ જૈનમતને અવળે રસ્તે દોરવવા પ્રયત્ન કરે એ દુઃખ ભરી વાત છે. એ એક આપણી શરમ કથા છે.

બ્હેન જડાવના આ કિસ્સાથી સારાય જૈન સમાજમાં જે લાગણી પેદા થઇ છે તે આવકારદાયક છે. જૈન જ્યોતિના તંત્રી અને બીજા કેટલાક સજ્જનો પીડીતના આર્તનાદે બરેડી જઇ પહોંચે છે, એ કર્તવ્ય પરાયણતા જોઇ અમે સાનંદ હર્ષ અનુભવીએ છીએ. કેટલાક સજ્જનોએ બ્હેન જડાવને આશ્રય આપવાની તત્પરતા બતાવી તે જોઇ અમે ગર્વ અનુભવીએ છીએ; પણ બ્હેન જડાવનાં વિતક સાંભળ-વાનાં બદલે છૂટા છવાયા માણસોની કલ્પિત ગપ્પો ઉપરથી ભાઇ ધીરજલાલ જૈન જ્યોતિમાં જે રીતે એ વસ્તુ ચીતરે છે અને અમારા ઉપર આક્ષેપો મૂકે છે, તે જોતાં આર્થિક મુંઝવણે મરી જવા પડેલું "જૈન જ્યોતિ" એના નિર્વાહના આ રીતે સાધનો મેળવીને His master's voice બજાવે છે એમ લાગ્યા વિના રહેતું નથી. વળી આ આક્ષેપોની પોલી પગથાર પર પાંજરાપોળનું છીદ્રાળું સાતવારીયું પણ નૃત્ય કરવા લાગી જાય છે. આ બન્નેની નીતિ વિષે ભાગ્યેજ કંઇ કહેવાનું રહે છે. એમની એ નીતિથી પ્રજા ઠગાશે નહિ એમ અમે ચોક્કસ માનીએ છીએ.

કોઇ પણ જાતની તપાસ વિના, નિર્ભેળ અજ્ઞાન ભરી રીતે 'જૈન જ્યોતિ' એના બચાવનો આગલા અંકમા એ બ્હેનને 'નીતિ ભ્રષ્ટ' તરીકે આલેખે છે. સંજોગે દબાવેલી, રોટી ટુકડા માટે ટળવળતી, નિરાધાર બ્હેન જબરજસ્તીના ભોગ થઇ પડે એ વસ્તુ તિરસ્કારને બદલે કરૂણા ઉપજાવે એવી છે. આપણી ચોપાસનું વાતાવરણ આપણે તપાસીએ, નીતિનો દંભ કરવાને બદલે, દંભની જવનિકા ચીરી વાસ્તવીક સામાજીક વાતાવરણ આપણે જોઇ લઇએ તો નાકનાં ટેરવાં ચઢાવી આ બ્હેનને અનીતિવાન કહી ધિક્કારવી ન્યાયી નહિ લાગે.

વળી જૈન જ્યોતિ લખે છે તે મુજબ, બરેડીના કોઇ ચુનીલાલોએ કે મીયાચંદોએ કાળજીભરી દેખરેખ રાખીજ ન હોતી. આટલા બધા જૈનોની વસ્તી છતાં એ બ્હેનને એક મુસ્લીમ બીરાદર આશ્રય આપે, એને વાસણો આપે, એના પૈસા સંઘરે, એ માનવ પ્રેમની દૃષ્ટિએ જેટલું એ મુસ્લીમ બીરાદરને અભિનંદનીય છે, તેટલુંજ જૈન જગતને શરમાવનારૂં છે. જમાલ અબ્દુલની નેકીદારી વિષે અમને શંકા નથીજ; ઉલટું એ નિરાધાર, તરછોડાયલી, ત્રાસે કમકમી રહેલી વિધ-વાને પણ વિશ્વાસ ઉત્પન્ન કરાવે તેવું વર્તન એ બંધુની યોગ્યતા પુરવાર કરે છે. છતાં નેક મુસ્લીમ ધર્મપ્રિય હોઇ શકે, અને તેથી એ બ્હેન જડાવને કાયમને માટે મુસ્લીમ બનાવી આશ્રય આપે એ અશકય નથીજ. વળી અનેક વિતકોમાં વિંટળાઇ રહેલી બ્હેન જડાવ પણ સુરક્ષિત આશ્રયને અભાવે ને જૈન સમાજની એના પ્રત્યેની બેદરકારીને કારણે જૈન ધર્મ પરનો એનો બધોય વિશ્વાસ ગુમાવી દઇને મુસ્લીમ ધર્મે આકર્ષાઇ એ ધર્મ અપનાવે એ રોજીંદા છાપાનાં સમાચાર જે વાંચતો હોય તે અસંભવિત માની નહિ શકે. આ વ્યવહાર-સત્યના પાયા પર અમે અનુમાન દોરેલું. એટલે એ બ્હેન મુસ્લીમ બને એ જેટલું શકય તે વેળાએ હતું તેટલુંજ શકય આ લખતી વેળા પણ છે.

વળી રા. ધીરજલાલ 'પબ્લીક ફંડ પર પોતે નથી નભતા,' એવું કહી તપાસની જવાબદારીમાંથી મુક્ત બનવા ચાહે છે. પેટ ભરવા, ધંધાદારી સાધનો તરીકે પત્રો કાઢનાર પ્રજા પાસેથી ફંડની કઈ દૃષ્ટિએ આશા રાખી શકે એ સમજવું કપરૂં છે. પ્રજા ફંડ આપે છે-કાર્યોમાં મદદ કરે છે-નિર્ભેળ સેવા પ્રેમીઓને. આજીવિકાનાં સાધન તરીકે પત્રો કાઢનારની સાથે પ્રજાને માત્ર વ્યાપારી સંબંધ છે. લોકોને ગમે તો એનાં ગ્રાહક થાય. એટલે એવી રીતે રળવાની દૃષ્ટિએ પત્ર કાઢનારે પ્રજા પાસેથી ફંડના સ્વપ્નાં સેવવાં એની કલ્પના કરવી જેટલી મૂર્ખતા ભરેલી છે તેટલીજ ફંડ ન મળે બળાપો કરવામાં મૂર્ખતાની અવધિ રહેલી છે.

અમને ભાઇ ધીરજલાલ પાલણપુર મળ્યા હતા. અંગત વાત-ચીતોનો આશ્રય લઇ "પ્રબુદ્ધ જૈનના તંત્રી એ કબુલ કરી છે" એમ લખી એ જનતાને ઉંધે રસ્તે દોરવવા માંગે છે આમ શા માટે કરવું પડે છે, એ ભેદ સમજવો મુસ્કેલ છે. એ લખે છે તેમ રા. કનૈયાલાલ ભણુસાલી પાલણપુરવાળા બ્હેન જડાવના કિસ્સા અંગે બરેડી ગયા નહોતા. એ તો ગયા હતા મુનીશ્રી તિલોકચંદજીના દર્શનાર્થે. 'મુંબઇવાળાઓએ બધી વાત ચૂંથી નાંખી છે.' એ શબ્દો મુનિશ્રી તિલોકચંદજીના હોઇ શકેજ નહિ. આમ લખી રા. ધીરજલાલ વિશ્રામક વસ્તુ ઉભી કરે છે. એટલુંજ નહિ પણ સાવ જુઠ્ઠી વાતો બનાવી કાઢે છે. અમારા શરૂઆતના પ્રયત્નો મુનિશ્રી જાણે છે અને સંપૂર્ણ સહાનુભૂતિ દર્શાવી ભવિષ્યમાં આ પ્રકરણ અંગે એમણે અમને મમતાભરી સલાહ પણ આપી હતી. વળી આ ઘટના પરત્વે પોતે એકખબર હતા એ પણ એમણે સ્પષ્ટ રીતે જણાવ્યું હતું. એટલે એમને વિષેની રા. ધીરજ-લાલની ગુલબાંગો સ્વાર્થની ઇમારત રચવાના હેતુ પ્રેરીત હોય એ બનવા જોગ છે.

આ બધી ચર્ચા પછી એક દુઃખભરી વિચાર સરણી ઉભી થાય છે. આપણામાં અનેક મતભેદો ભલે હોય; સિદ્ધાંત

સમાજ–વિશુદ્ધિનો સોનેરી કળશ

ત્રણ ત્રણ વર્ષ થયાં જે પ્રશ્નની છણાવટ થઇ રહી હતી, સારાયે જૈન સમાજમાં જે પ્રશ્ને ખૂબ ઉલ્કાપાત મચાવ્યો હતો, જે પ્રશ્નને મુંબઇ જૈન યુવક સંઘે સામાજીક વિશુદ્ધિની સાધનોના ધ્યેય રૂપે ગણી પ્રચંડ પ્રચાર આદર્યો હતો, તે પ્રશ્ન હવે વ્યવસ્થીત સ્વરૂપ પકડે છે, એ જૈન સમાજ પર પરમ ઉપકારક વસ્તુ છે. તે સ્વીકાર્યા વિના કોઈ જૈન વિચારવાદીને ચાલશે નહિ.

આજનો જમાનો છે ધર્મ વિશુદ્ધિનો. જે માનવ ધર્મ ન હોય એ ધર્મ નથી. સ્થૂલ આડંબરોમાં અને માત્ર અંધ શ્રદ્ધાળુઓની આસ્થા પર રચાયેલો હોય એ ધર્મ નથી. મધ્ય યુગમાં બધાય હિન્દુ ધર્મોમાં સડો પેસી ગયેલો. પાખંડાચારીઓ જગે જગે ધર્મના સ્થાનકો પર ચોટકી બેઠેલા અને એક સૈકા પર મહર્ષિ દયાનંદે હરેક ધર્મના એ પાખંડાચારીઓની પાપલીલા પરની જવનિકા ખેંચી લીધી, તેમજ ધર્મ વિશુદ્ધિનો યજ્ઞ ભારત વર્ષમાં શરૂ થયો. મહર્ષિ દયાનંદે એ વેળા જૈન ધર્મને બાજુએ રાખ્યો હતો. તેનું કારણ કે એ વેળા જૈન ધર્મના ઉપદેશકોમાં ભ્રષ્ટતા પેઠી ન હોતી. પણ છેલ્લા દશકામાં 'અંધશ્રદ્ધા'ના વ્યાપાર કરવાની કેટલાક આચાર્યોએ સમાજમાં હાનીકારક પ્રવૃત્તિ આદરી, અને સ્વર્ગમાં સીટ રીઝર્વડ કરાવવા ઇચ્છતા માલેતુજાર મોટરીઆઓએ ધર્મનો સટ્ટો કરવા માંડયો. પરિણામ એ આવ્યું કે ઘર ઘરમાં તકરારો પેદા થઇ, ભાઇ ભાઇ, પિતા પુત્ર, મા–બ્હેનના સુજન્ય જૂના સંબંધ તૂટવા માંડયા ને પ્રત્યેક ઘરમાં પ્રગટેલી કલહની અંધારી પછેડી જૈન સમાજની પ્રગતીનાં બધાય કાર્યો પર ઢંકાઇ ગઇ.

શ્રી. મહાસુખભાઇ ચુનીલાલે આ સમાજ વિચ્છેદક ચાલબાજીઓને ભૂસવા પહેલો પ્રયત્ન આદર્યો અને પછી તો 'બાળમુંડન'ની પ્રવૃત્તિ સ્હામે પૂર ધમાલ ચાલી. ગુજરાત આ યુદ્ધનું રણક્ષેત્ર બન્યું. અને ગુજરાતનો મોટો ભાગ વડોદરા રાજ્યને તાબે. ત્યાં આ કલહના પડઘા પ્હોંચ્યા વડોદરાની ધારાસભામાં, શ્રી. લલ્લુભાઇ કાશીરભાઇએ આશરે બે વર્ષ પર 'ધર્મનું આ ફોરસ' અટકાવવા વડોદરાની ધારાસભામાં એક પ્રસ્તાવ રજુ કર્યો. પણ તે પસાર થયો નહિ. એ બે વર્ષના આંતર ગાળામાં એ 'વિષ વૃક્ષ' ખૂબ ફાલ્યું, દક્ષીણ અમેરીકામાં જે ગુલામનો વ્યાપાર સદીઓ પહેલાં ચાલતો હતો, તેની જાણે કે પુનરાવૃત્તિ થઇ. ધર્મને નામે, એકારોનો, રખડતાંઓનો, અંધ શ્રધ્ધાળુઓનો, એ સાધુઓએ વ્યાપાર જોરશોરથી શરૂ કર્યો, "પૈસા કોઇના થયા નથી." એમ થાપડો ખાઇ ખાઇને વૈરાગી બનેલા મોટોરીઆઓએ આ વ્યાપાર પાછળ એમની તમામ સંપત્તિ રોકી દીધી. ચોરીઓના, લુંટફાટના, અવ્યવસ્થા, અને મહાવ્યથાના જૈન ધર્મે અગાઉ કોઇ દિ ન જોયા હોય તેવા કારમા કિસ્સા બનવા માંડયા. નિરાધારનાં બાળકો, લાડથેલી પ્રિયતમાઓના પતિઓ, સમાજના આશા આપતા યુવાનો, 'ઓઘો' લઇ, જવાબદારીથી મુક્ત બની; ભાગી નીકળવા માંડયા. ઠામ ઠામ કેસો શરૂ થયા, અને સારાયે ભારત વર્ષમાં આ નાલાયકોએ જૈન ધર્મને હીણતા લગાડી.

ધર્મ વિશુદ્ધિના પરમ પ્રેરક મહર્ષિ દયાનંદના સર સયાજીરાવ સંસ્કાર પુત્ર છે. એમણે પ્રજાનાં સુખી જીવનના વિનાશનો આ કોલાહલ સાંભળ્યો ને મહર્ષિ દયાનંદનો જીવન આદેશ એમને આ પાખંડ રોકવા પ્રેરી રહ્યો. એમણે એક સમિતી નીમી. રાવ બહાદુર ગોવિન્દભાઇએ–સમિતિએ–એક રિપોર્ટ ઘડયો. અને દીક્ષા નિયામક કાનુન કરવાની સૂચના કરી. ઘડીભર ધર્મની દુકાનોમાં દુકાનદારોના શ્વાસ થંભી ગયા. પણ તેમણે શુધ્ધિ આવતાં 'અરણ્ય રૂદન' શરૂ કર્યું, બેનકુરીનાં પ્રદર્શનો ભર્યા અને બુધ્ધી ગુમાવી અવિનય ભર્યા અસહકારની દમદાટી પણ દઇ દીધી. પણ એ લોકો સર સયાજીરાવને સમજ્યા ન હોતા. **સર સયાજીરાવ એવી નિર્વીર્ય ધમકીઓને સ્વસ્થ હૈયે ઘોળીને પી જાય એટલા કાબેલ પુરૂષ છે. આ લોકોની સ્વાર્થ ભરી રમત સમજી શકે એવા એ વિચક્ષણ પુરૂષ છે.** મક્કમ ડગલે કામ આગળ વધ્યું ગયું. અને રાજ તરફથી દીક્ષા નિયામક કાનુનનો ખરડો ધારાસભામાં મૂકવામાં આવ્યો અને પસાર થયો.

સર સયાજીરાવે આ રીતે જૈન ધર્મની આ સદીમાં અમર એવી સેવા બજાવી છે. જૈન ધર્મમાં છેલ્લી પચ્ચીસીમાં પેઠેલા પાપને એમણે આ રીતે અટકાવ્યું છે. એમણે આશા રાખી છે જૈન ધર્મને વિશુદ્ધ જોવાની! એમની એ આશા અમર રહો. સર સયાજીરાવનું નામ આપણા હૈયામાં અમર રહો!

વડોદરા સ્ટેટનું આ પગલું બીજા સ્ટેટોને અનુકરણ રૂપ બનો.

ભેદો ભલે હોય: આવી વસ્તુના નિકાલને માટે વિચારણા ભલે જુદી હોય; એ બ્હેનને બચાવવા આપણે ભલે જુદી જુદી રીતે પ્રયાસ સાધીએ પણ સ્વાર્થ પ્રેરીત મહત્વતાના હેતુ પાછળ, કોઇ આ આખી વસ્તુના ઝીણવટ ભરી દૃષ્ટિએ નિકાલ કરવાના પ્રયાસમાં સાથ આપવાને બદલે એ પ્રયાસનેજ તોડી પાડી બધુંય ચૂંથી નાંખે એ અસહ્ય છે. ભાઇ ધીરજલાલે જે રીતે આ પ્રશ્ન ચીંધી નાંખ્યો છે એ એમને શરમાવનારૂં હોવું જોઇએ, કોઇ ઘેરી કંગાલ મનોદશાના આવરણોથી એ આચ્છાદાયેલા ન હોત તો એમણે આમ નજ કર્યું હોત એ વિષે અમને શંકા નથી.

આ વિચાર વંટોળ પછી પણ બ્હેન જડાવની સમસ્યા નગ્ન સત્યોમાં એમની એમજ સમાજ પાસે પડેલી છે. એ સમસ્યા ઉકેલ માંગે છે. અનેક જડાવો 'ભ્રષ્ટાચારીઓની ભઠ્ઠીમાં' તવાતી કો અગોચર ખૂણે પડી પડી સહાનુભૂતિ ભારી સામાજીક સહૃદયતા માંગે છે. એક જડાવની સમસ્યાનો ઉકેલ હજારો અણજાણી જડાવોનો ઉદ્ધાર કરશે એ નિર્વિવાદ છે.

અને સાધુતાના સ્વાંગની પાછળ શયતાનીયત આચરતા નરાધમો સ્હામે સમાજે સ્પષ્ટ તિરસ્કાર દર્શાવવો જોઇએ છે. આંખ ખોલીને તમે જુઓ ને અયોગ્ય વર્તન ચલાવી લેવાનો મ્હાવરો તમે કેળવો નહિ, તો શયતાનોની આખી જમાતને આપણે હડસેલી શકીશું. એ બધો કચરો જલાવી દેશું તો, એવી દુર્ગંધ મીટાવી દેશું તો, જૈનત્વની મધુર ફોરમ આપણને મુગ્ધ કરશે અને વિશુદ્ધ બનેલો સાધુ સમાજ આપણામાં પૂજ્યતાનો ભાવ પ્રગટાવી આપણો ઉદ્ધાર કરશે.

સન્યાસ દીક્ષા નિયામક એકટ.

વડોદરાની ધારાસભામાં ૩ વિરૂધ્ધ ૧૮ મતે પસાર.

(ટુંકો હેવાલ.)

મંગળવારની બેઠક.

સંન્યાસ દીક્ષા નિયામક નિબંધના મુસદ્દા પર આજે વાદવીવાદ ચાલવાનો છે એવી ખબર આગળથી પડી ગયેલી હોવાથી ચર્ચા સાંભળવા અને પરીણામ જાણવા માટે આજે જૈનોની હાજરી વિશેષ જણાતી હતી. ગઇ કાલે રાત્રે પણ સંભ્યોના મત ખેંચવા માટે પ્રયત્નો થયાના સમાચાર મળ્યા છે.

પ્રમુખ કામચલાઉ દીવાન શ્રી. રામલાલ દેશાઇએ આવી બેઠક લેતાં કામકાજનો આરંભ થયો હતો.

સન્યાસ દીક્ષા નિયામક નિબંધ.

સન્યાસ દીક્ષા નિયામક નિબંધનો મુસદ્દો ન્યાયમંત્રી શ્રી. ધુરંધરે રજુ કરતાં જણાવ્યું કે આ મુસદ્દાનો ઇતિહાસ તમે બધા સારી રીતે જાણો છો. શ્રી. લલ્લુભાઇ કીશોરભાઇએ આ બાબત રજુ કર્યા પછી આ બાબતની ચર્ચા ચાલે છે. આ સવાલ અગત્યનો છે. આ મુસદ્દાનું નામ સન્યાસ દીક્ષા નિયામક નિબંધ રાખવામાં આવ્યું છે. મુળ મુસદ્દો પ્રગટ થયા પછી આવેલા પ્રજામત વિષે તપાસ કરવા રા. બા. ગોવિંદભાઇના પ્રમુખપણા નીચે એક સમિતી નેમાઈ હતી, સમિતિએ બારીકાઇથી તપાસ અને વિચાર ચલાવ્યો હતો. તે પછી મુસદ્દો પ્રગટ થયો છે, આ મુસદ્દાએ જૈનોમાં ભારે ખળભળાટ મચાવ્યો છે. જો કે મુસદ્દો હિંદુઓને પણ લાગુ પડે છે. જુના વિચારના જૈનો તરફથી લગભગ ૫૦૦૦ તાર આવ્યા છે, જ્યારે નવા વિચારવાળાઓ તરફથી લગભગ ૨૮૦૦ તાર આવ્યા છે.

નસાડી ભગાડીને અપાતી દીક્ષા.

શ્રી. ધુરંધરે આગળ ચાલતાં જણાવ્યું કે જૈનોમાં નસાડી ભગાડીને દીક્ષા આપવામાં આવે છે. એના ટેકામાં કેટલાક દાખલા આપવામાં આવ્યા હતા, તેમાંના થોડાક ખોટા માલુમ પડયા છે. છતાં નાના બાળકોને નસાડીને દીક્ષા આપવામાં આવે છે તે વાત છુપાવી શકાઇ નથી.

શ્રી. ધુરંધરે તે પછી કુસુમવિજયજી માટે કોર્ટમાં થયેલી ફરિયાદ અને તેના આવેલાં પરિણામ વીષે લંબાણથી વિવેચન કર્યું હતું.

સગીરનું હિત.

શ્રી. ધુરંધરે જણાવ્યું કે સગીરનું હિત જાળવવાની રાજ્યની ફરજ છે. રાજા પ્રજાના પાલક ગણાય છે. અને સગીરોના હિતને નુકશાન પહોંચવાનો ભય ઉભો થાય છે ત્યારે રાજા વચ્ચે પડે છે, સગીરને કરાર કરવાનો કે મીલ્કતની વહેંચણી કરવાનો હક નથી તો તેને તેની મીલ્કત ઉરાડી દેવાનો કે મીલ્કત છોડી દેવાનો હક હોવો જોઇતો નથી.

આ ઠરાવનો વિરોધ કરતાં શ્રી. વિદ્યાશંકરે (પાટણ) લંબાણ વિવેચન કર્યું હતું. આ સમયે શ્રી. ન્યાયમંત્રી સાહેબે વિદ્યાશંકરભાઇને કેટલીક સમજુત આપી હતી.

શ્રી. લલ્લુભાઇનો ઠરાવને ટેકો.

શ્રી. લલ્લુભાઇએ જણાવ્યું કે સાધુઓની જમાત છોકરાંઓને ફોસલાવી મફતનું ખાવાનું મળશે અને છોકરામાં માન મળશે ઇત્યાદિ સમજાવી લઇ જાય છે. શું આ લોકો પર અંકુશ મુકવાની જરૂર નથી? આ કાયદા સામે જૈન સીવાય બીજી કોમોનો વીરોધ છેજ નહી.

થોડાક સાધુઓનોજ ખળભળાટ.

શું જૈનોએ પોતાને આ કાયદામાંથી બાતલ રાખવાની માંગણી કરી છે? આ સવાલ તપાસવાનો છે. આ બાબત સૌથી પહેલાં મેં ધારાસભા સમક્ષ આણી હતી તે વખતે ધારાસભા બે ભાગમાં વહેંચાઇ ગઇ હતી સરકારને આ બાબતની જરૂર જણાતાં તેણે પોતે હમણાં આ મુસદ્દો આણ્યો છે. શ્રી. વીદ્યાશંકર જણાવે છે કે જૈનો આ કાયદાની વીરૂદ્ધ છે, પણ હું જે પ્રદેશમાંથી આવ્યો છું ત્યાંના જૈનો અને વીદ્વાનો તો આ કાયદાની તરફેણમાં છે. સગીરોને દીક્ષા આપનારા સાધુઓના ગોડયાઓએજ આ વિરૂદ્ધતા ઉપાડી લીધી છે. કેટલીકવાર ગણ્યાગાંઠયા માણસો સંઘને નામે વીરોધ કરે છે. કેટલેક ઠેકાણે તો ભલતું સમજાવી સહીઓ લેવાય છે.

ન્યાયમંત્રીનો જવાબ.

ન્યાયમંત્રી શ્રી. ધુરંધરે તે પછી જવાબ આપતાં જણાવ્યું કે સમીતીએ ૧૪ સગીર બાળકોના બનાવ પર આધાર રાખ્યો છે. સાધુઓને બોલાવવામાં આવ્યા નથી. એમ શ્રી. વીદ્યાશંકર કહે છે પણ સાધુઓ દુર હતા. અને તેમણે ચોમાસામાં આવી શકશે નહી જણાવી ચાર મહીના તપાસ મુલતવી રાખવાની માંગણી કરી હતી. સમીતી બેઠકો વખત થોભી શકે નહી. સાધુઓની જબાની લેવાની સમીતીની ઇચ્છા હતીજ, પણ સાધુઓ આવ્યા ન હતા.

તેમણે તે પછી શ્રી. મહાવીર સ્વામીનો દાખલો આપી જણાવ્યું કે તેમણે મોટી વયે દીક્ષા લીધી હતી. અને તે પણ સગાંઓની સંમતીથી દીક્ષા લીધી હતી. સગીરોને નસાડીને દીક્ષા આપવાના બનાવ ઘણા વધી પડવાથી સરકારને આ કાયદો લાવવો પડયો છે. શ્રી. લલ્લુભાઇએ તરફેણમાં ઘણું કહેલું છે, એટલે જેને તે દલીલ રજુ કરવા માંગી વખત લેવા માંગતો નથી.

કાયદો ઘડવાની જરૂર.

તે પછી આવો કાયદો ઘડવાની જરૂરની તરફેણમાં ૧૮ અને વીરૂધ્ધમાં ૩ મત પડવાથી કાયદો ઘડવાની દરખાસ્ત પસાર થઇ હતી.

નીચલા ગ્રહસ્થોએ વીરૂદ્ધ મત આપ્યા હતા.

૧ શ્રી૦ વીદ્યાશંકર કરૂણાશંકર.

૨ શ્રી૦ સોમનાથ મહાસુખરામ દવે.

૩ શ્રી૦ પીરજાદા મીર ખારાસાહેબ.

આ પછી તે ઠરાવ ઉપર કલમવાર ચર્ચા ચલાવવામાં આવી હતી, અને ત્રીજી અને ચોથી કલમોમાં નજીવા સુધારા સાથ બીજી બધી કલમો એકને એમ પસાર કરવામાં આવી હતી, અને એ રીતે દીક્ષા નિયામક એકટ ૩ વિરૂદ્ધ અને ૧૮ મતે પહેલીવારના વાંચનમાંથી પસાર થયો હતો. આ કાયદો બહુજ જલ્દી અમલમાં આવશે, તેમ તપાસ કરતાં જણાય છે.

ભાઇ જડાવના સંબંધમાં જનતાને ઉંધે રસ્તે દોરવવાનો પ્રપંચ.

જૈન જ્યોતિની કુટીલ નીતિ.

વીરશાસનની ડંખીલી વૃત્તિ.

એક પત્રકાર પત્રકાર મટી જ્યારે પક્ષકાર બને છે, ત્યારે ગમે તેવી અસત્ય બીના રજુ કરવી હોય તોપણ તે ખચકાતો નથી; જ્યારે એક પક્ષનો એ ગમે તે કારણોથી ગુલામ બને છે, ત્યારે બીજા પક્ષને કોઈ પણ રીતે ઉતારી પાડવાનો પ્રયત્ન ન કરે તો જે સાધ્યથી પોતાની નીતિથી ઉલ્ટો ચાલે છે, તે સાધ્ય સિદ્ધ થઇ શકતું નથી. ભાઇબંધ જૈન જ્યોતિનું પણ એવું જ બન્યું છે. તેમાં અમને આર્થિક સંકટજ કારણભૂત જણાય છે. ખેર! એ સંબંધી લખવાનો અત્યારે અમારો જરાયે ઉદ્દેશ નથી, અત્યારે તો જે આક્ષેપો તેણે પ્રબુદ્ધ જૈન અને તેના પ્રતિનિધિ ઉપર કરેલ છે કે જે તદ્દન અર્ધદગ્ધ અને સત્યથી વેગળા છે, તે સંબંધી જનતામાં ગેરસમજ ન ફેલાય તે માટે ખુલાસો કરવો જરૂરી છે. જૈન જ્યોતિના તંત્રી તરફથી વૈશાખના અંકમાં ભાઇ જડાવની મુલાકાતવાળો લેખમાં સાત મુદ્દાઓ ઉપર ભાર દઇને લખવામાં આવ્યું છે.

આ અર્થ વગરના સાત મુદ્દાને તારવી એ ભાઇબંધે અમારા ઉપર અણછાજતો હુમલો કર્યો છે. જો કંઇક અર્થવાળા મુદ્દા તારવ્યા હોત તો અમે તેનો સહર્ષ સ્વીકાર કર્યો હોત. સાત મુદ્દામાંથી પહેલો મુદ્દો "વીશા ઓસવાળ નહિ પણ દશાઓશવાળ છે." એ બાબત જો કે 'ભ્રષ્ટાચારીઓની ભઠ્ઠીમાં' ને કશો સંબંધ નથી, છતાં અમારા પ્રતિનિધિઓ જોડેની વાતચીતમાં એ ભાઇએજ વીશા ઓશવાળ કહેલું. બીજા મુદ્દામાં કાલબ્દીમાં જે ક્રમ બતાવેલું છે, તે એ ભાઇએ કહ્યુંજ નથી, પરંતુ દક્ષિણના કોઈ નજીક ગામડામાંજ પરણવાની વાત કરી હતી. ત્રીજા મુદ્દાના જવાબમાં ભાઇનાજ શબ્દો હતા કે "મે માસરૂં જોયુજ નથી." ચોથા મુદ્દામાં ઉંમર સંબંધી ગણિતશાસ્ત્રી તરીકે અનુમાન બાંધી ભાઇની ઉંમર બત્રીસ વર્ષની છે, તેમ સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ ભાઇએજ વીશ એકવીશ વર્ષની ઉંમર બતાવેલી, તેમ છતાં મૂળ લેખમાં જો ભાઇબંધ જૈન જ્યોતિના તંત્રીએ ઉંડા ઉતરી તપાસ કરી હોત તો તદ્દન અસત્ય આક્ષેપ ન કરત. "પ્રબુદ્ધ જૈન" તા૦ ૨૨-૪-૩૩ ના અંકમાં 'ભ્રષ્ટાચારીની ભઠ્ઠીમાં' એ હેડીંગ નીચે પૃષ્ઠ ૧૯૯ ઉપર પેલી ફોલમમાંજ તે સંબંધી જણાવ્યું છે કે 'દુઃખથી પીડાતી આ ભાઇ વીશ વર્ષની હોવા છતાં ત્રીસથી પાંત્રીસની લાગતી.' આ ખુલ્લા શબ્દો લખવા છતાં પણ આ મુદ્દો ક્રમ તારવી કઢાયો તે સમજાતું નથી. દશ વર્ષના દીક્ષા પર્યાયની બીના પણ કપોળ કલ્પિત છે, કારણ કે તે ભાઇએજ કહેલું કે લગભગ ત્રણ વરસ દીક્ષા પાળેલી. પાંચમાં મુદ્દામાં મીયાચંદભાઇ અને ચુનીભાઇનો ઉપકાર ભર્યો હાથ હતો તેમ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પણ ખુદ ભાઇનાજ મોઢેથી એ શબ્દો સાંભળેલા કે 'મારી દેખરેખ પોસીનાના એક મુસલીમ રાખે છે. છઠ્ઠા મુદ્દામાં મુસલીમ લત્તો અને હિન્દુ લત્તો ભીન્ન ભીન્ન નથી તેમ લખવામાં આવ્યું છે. પણ અમારા પ્રતિનિધિ જ્યારે એ ભાઇની તપાસ માટે તેને ઘેર ગયેલા ત્યારે આમપાસ મુસલમાનનીજ વસ્તી જણાએલ, એટલેજ તેમ લખવામાં આવ્યું છે. સાતમાં મુદ્દામાં જમાલ અબ્દુલની છાપ ત્યાં નેકીદાર આદમી તરીકેની છે, અને તે જાતે છીપા છે.' પણ એમાં અમે જમાલનું નામજ લખ્યું નથી. છતાં નેક મુસલમાન પોતાના ધર્મમાં ખેંચવા દરેક પ્રયત્ન કરે છે, એ લક્ષ્યથીજ લખવામાં આવેલ છે.

આમ આ સાતે મુદ્દા બીનપાયાદાર છે, છતાં તેની જોડે અમારો લખવાનો કશો ઉદ્દેશ નથી. અમે તો એમ કહેવા માંગીએ છીએ કે આજે સમાજમાં ધર્મના ઓઠા નીચે કેવા કેવા શયતાનીયત ભરેલા દાવો ખેલાઈ રહ્યા છે! ભાઇ જડાવની સફેદ પછેડીની ઓથમાં રહી કેવી ભયંકર સ્થિતિ એક ધર્મના ધજાદાર તરફથી કરવામાં આવી છે, સમાજ પણ તેના ઉપર કેટલી હદ સુધી બેદરકાર રહે છે, એ જણાવવાનોજ અમારો મુખ્ય ઉદ્દેશ હતો. અને એ ઉદ્દેશથી પ્રેરાઇનેજ અમે પ્રમાણિકપણે એ લેખને સ્થાન આપ્યું હતું.

ઉપરોક્ત મુદ્દાના તારણ ઉપરથી એમ જણાય છે કે ભાઇ ધીરજલાલ ખરેડી ગયા હતા, પરંતુ ભાઇ જોડે વાતચિતનો પ્રસંગ મેળવ્યો હોય તેમ જણાતું નથી. સ્થાનિક પંચમાંના કેટલાક સોસાયટીના ભકતો પાસેથી અર્ધ સત્ય હકીકતો મેળવી લખવામાં આવ્યું છે, આ સોસાયટીના ભકતોને પણ અમારા પ્રતિનિધિઓ મળ્યા હતા. તેમાંના એક બંધુ તો યુવક સંઘના એટલા હડહડતા દુશ્મન છે કે યુવક સંઘ તરફથી ગમે તેવું સારૂં કામ થતું હોય તોપણ તે ન થવા દેવું એવા નિશ્ચયના છે. અમારા કામને ચૂંથી નાંખવામાં એ ભાઇ જવાબદાર છે. એ ભાઇ એટલે સુધી બોલ્યા છે કે "એ ભાઇ કાલે વટલાતી હોય તો આજે ભલે વટલાય, અમારે જૈનોની વસ્તી વધારવી નથી, અમારે સો સમકિતધારી જૈનો હશે તો બસ છે." આવી મનોદશા સેવનાર એ ભાઇનું હાલ નામ આપવું કવખતનું છે, ભવિષ્યમાં જોઇ લેવાશે, તે સિવાય ચુનીભાઇની તપાસ કરેલ પણ તેઓ શિરોહી ગયા હતા. ત્યાર પછી મીયાચંદને મળવા અમારા પ્રતિનિધિ ગયેલા. તે વખતે તે ભાઇએ કેટલીક આડી અવળી વાતો કરી પછી મુદ્દાની વાત ઉપર આવતાં બોલ્યા કે "તમે એ ભાઇની ખર્ચી માટે બે વર્ષના, મહીને દશ લેખે ૨૪૦) રૂપીઆ મને આપો તો એક બે મહિના પછી એ ભાઇને સમજાવીને તમારી તરફ મોકલાવું" આ શબ્દો સાંભળી કેટલીક શંકા થઈ. રૂપીઆની ક્રમ માંગણી કરવામાં આવી તે તો અણ ઉકેલ કોયડોજ છે.

એ ભાઇને સારા સંયોગોમાં મૂકી તેના જીવન સુધારની અમારી પવિત્ર મુરાદ હતી, અને છે. તેના સંબંધમાં જનતાને

સંપૂર્ણ વિશ્વાસ છે. તે સિવાય જે એકલ વિહારી સાધુને સાધુ તરીકેજ સ્વીકારતા નથી, છતાં તેનોજ આશ્રય લેવામાં આવે છે. એ ઘટનાની પાછળ કોઈ ભયંકર મુરાદ હોય તેમ જણાય છે, પ્રિયંકરવિજય જેવા એકલ વિહારી સાધુનો જે ઉલ્લેખ કરાયો છે, એજ વસ્તુસ્થિતિ બતાવે છે કે ભાઇ ધીરજલાલની નીતિમાં પલ્ટો થયો છે. તેના ટેકામાં હમણાંજ જાણ્યું છે કે સોસાયટીના ભાડુતીઓ જોડે એ ભાઇ પણ વીરમગામના સ્ટેશન ઉપર રથા. કોન્ફરન્સના પ્રમુખ શ્રીયુત હેમચંદ રામજીને દીક્ષા સંબંધીનો હરાવ ન આવે તે માટે સમજાવવા ગયેલા. આવા બન્ને બાજુ ઢોલકી વગાડતા પક્ષકાર ઉપર કેટલો વિશ્વાસ રાખવો એ જનતા સ્વયં સમજી લેશે. આગળ જતાં એજ લેખમાં પ્રબુદ્ધમાં આવેલી 'જૈન જ્યોતિની ભ્રમણા' એ હેડીંગ નીચેની નોંધનો જવાબ આપતાં એવા શબ્દો વાપરવામાં આવ્યા છે કે જનતા ભ્રમણામાં પડે. એ ભાઇ જણાવે છે કે "અમારા જેવા કોઇ પણ જાતના પબ્લીકના ફંડ ઉપર નહિ નભનાર સામાન્ય સ્થિતિના માણસને એવી ફરફમર કરવી પડે તો તે ક્ષંતવ્યજ લેખાય." ઉપરના શબ્દોમાં એ ભાઇ જણાવવા માંગે છે કે 'હું પબ્લીકના ફંડ ઉપર નભતો નથી.' એ વાત તદ્દન અસત્ય છે. અમે ખાત્રી પૂર્વક માનીએ છીએ કે પ્રબુદ્ધ અને યુવક સંઘ સેવાવૃત્તિથીજ કાર્ય કરે છે, ત્યારે એ ભાઇ આજીવિકા અર્થેજ સેવાના સાજ સજે છે. તેને અંગે કોર મરડવી પડે કે દંભ સેવવો પડે તેમાં નવાઇ નથી. અનેક સાધુઓના મરકા લઇ એ ભાઇનું અત્યાર સુધીનું જીવન નભ્યું છે, અને છેવટનો નીતિ પલ્ટો પણ તેને ટેકા આપે છે. યુવક સંઘ પાસે પબ્લીકનું ફંડ નથી, પરંતુ જ્યારે જ્યારે પૈસા જોઇએ ત્યારે પોતાના સભ્યોમાંથી તે મેળવે છે અને તેનો હિસાબ યુવક સંઘને ચોપડે રહે છે. કોઈ પણ સભ્ય તેનો જોઇ શકે છે.

આગળ જતાં તેમાંજ લખવામાં આવ્યું છે કે "આ બાબતમાં અમેજ બતાવી શકીએ એવું તપાસ દરમ્યાનનું વલણ મિથ્યાભિમાની છે." આ આક્ષેપ તદ્દન ઉપજાવી કાઢેલ છે. અમે એવો દાવો કર્યોજ નથી. અમે તો એમ કહેવા માંગતા હતા કે 'આ બાબતમાં અમારા પ્રતિનિધિ જેટલા ઉંડા ઉતર્યા છે, તેટલા ભાગ્યેજ બીજા ઉતર્યા હશે' તેમાં એ બાબત ક્યાં આવી? આવી જુઠ્ઠી વિચાર સરણી ઉત્પન્ન કરી લોકોને ઇરાદા પૂર્વક અવળે રસ્તે દોરવવામાં ધીરજલાલનો ઉદ્દેશ સ્પષ્ટ છે. જૈન સમાજને એવન કુફ બનાવવાની તક કોણ લ્યે છે, એ હવે છૂપુ નથી. 'સાધુ ન જોઇએ, ધર્મ ન જોઇએ, પ્રાચીન પુરતકોના પ્રમાણ ન ન જોઇએ,' એમ કદિ યુવક સંઘે જાહેર કર્યું નથી. આ બીના કયાંથી ઉપજાવી કાઢવામાં આવેલ છે, તે સમજાતું નથી. અમે તો કહીએ છીએ કે અમે સાચા સાધુ માંગીએ છીએ, શુદ્ધ ધર્મ અને શાસ્ત્રોને માનીએ છીએ. તદુપરાંત એમ કહેવામાં આવ્યું છે કે તે બાબને મુસલમાન બનાવવા જેવી કોઈ વસ્તુજ નથી. આના સંબંધમાં અમોનેનીચેના કારણો જણાયાં કે જેણે અમારા અનુમાનને પુષ્ટિ આપી.

મુસ્લીમ થવાના ભયનાં કારણો—

(૧) એ બાઈ ઉપર એક મુસ્લિમનો ઉપકાર ભર્યો હાથ છે અને તેનીજ સીધી દેખરેખ નીચે રહે છે. એવો જાતિ અનુભવ છે.

(૨) એ બાઇએ અત્યાર સુધી પોતાના ઉપયોગમાં મુસ્લીમનાં કેટલાંક વાસણો લીધાં છે. જો ત્યાંના પંચની દેખરેખ નીચે હત તો મુસલમાનના વાસણો બાઇ ન વાપરત.

(૩) એ બાઇએ મજુરી કરીને બચાવેલ બાર રૂપીઆ એક મુસ્લીમ બાઇને ત્યાં જમા કરાવેલ છે, કે જેની ચીઠ્ઠી અમારી પાસે મોજુદ છે. જો તેને ખરેડીના પંચની કોઇ પણ વ્યકતિ ઉપર શ્રદ્ધા હત તો મુસલમાનોને ત્યાં પોતાના પરસેવાના ટીપાથી પ્રાપ્ત કરેલ બાર રૂપીઆ કેમ રાખ્યા? કોઇ પંચમાંથી તેની રકમ જમા કરવા યોગ્ય માણસ ન મળ્યો?

(૪) એ બાઇ મુસ્લીમ વાતાવરણમાં છે; કારણ કે અમારા પ્રતિનિધિ જ્યારે એ બાઇને સમજાવી, અને તેણી આવવા તૈયાર થઇ, ત્યારે બીજા જમાલેજ તેનો વિરોધ કરેલો અને તેને ત્યાં એ બેઠેલી હતી, અને પછી બાજુના મુસ્લીમોના ઘરમાં ગઇ હતી.

આ બધી બાબતોનો વિચાર કરી, હમણાં મુસલમાન કેમ બનાવાય છે તેનો અભ્યાસ કરવામાં આવે તો એજ નિશ્ચય થાય છે કે તેનું મુસ્લીમ થવું અશકય નથી, અને તેથીજ ભવિષ્યમાં મુસ્લીમ થઇ ન જાય તેવો ઉલ્લેખ કરાયો છે.

આટલી વાત સ્પષ્ટ કરી હવે શુક્રવારીયાના તંત્રીની નોંધ ઉપર આવીએ.

શુક્રવારીયાની ઝેરીલી દૃષ્ટિ—

ભાઇ ધીરજલાલ ટોકરશીની નોંધ ઉપરથી શુક્રવારીયાને જાણે કોઇ પ્રબુધ્ધ સામે મોટો મુદ્દો મળી ગયો હોય તેમ છેડાઇ પડ્યું છે, જૈન જ્યોતિને માખણ લગાડી, ખરેડીના મહાજનને ઉશ્કેરે છે. પરંતુ યુવક સંઘને એની કશી પરવા નથી, પ્રબુદ્ધ જૈન કદિ જુઠું લખતુંજ નથી, તેને શુક્રવારીયાની જેમ અસત્ય વસ્તુ ઉપર સત્યનો ઓપ ચઢાવવો નથી, ભ્રષ્ટાચારી ટોળાબંધ સાધુઓનો આશ્રય શોધી ધર્મ અને સાધુ સંસ્થાની પોલોને પોષવી નથી, સંઘ સત્તાની અવગણના કરવી નથી. એટલે તેને અસત્ય વસ્તુ આલેખવાની જરાયે જરૂર નથી. તે સિવાય જેણે આવી બાબતોમાં જરાયે ભાગ ન લીધો હોય તેને ટીકા કરવાનો હક્ક શો છે? આવા કિસ્સાઓ અનેક બને છે, શુક્રવારીયા જેવાં સાધુઓની પોલ ઉઘડતાં જાણે ધર્મનો નાશ ન થઇ જતો હોય, તેમ દોડા દોડ કરી મૂકે છે. તેવા ગલીચ પત્રકાર અને સોસાયટી ભકતોજ આવા કિસ્સાઓ માટે જવાબદાર છે. આવા કિસ્સાઓજ એ સોસાયટી અને તેના માનેલા ગુરૂઓનો નાશ જલદી કરશે. આવા લેભાગુઓ જો જૈન સમાજમાં પાકયા ન હત તો જે સ્થિતિ આજે સમાજની છે તે ન હોત, વિધવા વિવાહ સંબંધી ઉલ્લેખ કરતાં પણ આ ઝેર શાસન ચૂકયું નથી એજ એની ઝેરીલી વૃત્તિ દાખવે છે, જ્યાંસુધી આવાં ઝેર શાસન સમાજમાં અસ્તિત્વ ધરાવે છે, ત્યાંસુધી સમાજની ઉનતિ અશકય છે. તેનો નાશ થયેજ છૂટકો છે. અમે જો ખરેડીનો ખુલાસો કરીશું તો સોસાયટીનાં અનેક પાપો પીપળે ચઢીને પોકારશે એ ઝેર શાસનના તંત્રી શ્રી સમજી લ્યે. સમય આવ્યે એ પણ થશે.

—મંત્રીઓ, જૈન યુવક સંઘ.

સામાજિક વાયરા

મહુવા—એમ સંભળાય છે કે આચાર્ય નેમિસૂરિના જન્મ સ્થાન પર તૈયાર થતા ગુરૂમંદિરને શ્રી મહાવીર સ્વામિના દહેરાસર ખાતા તરફથી એક મોટી રકમ ધીરવામાં આવી છે. તેના સંબંધમાં આચાર્યશ્રી વચન આપ્યા મુજબ દેવદ્રવ્યની લેણી રકમ લાવી શકયા નથી. પૂર્વાચાર્યોની મૂર્તિના ઓઠાં નીચે પોતાની મૂર્તિ બેસાડવાના અને તે રીતે દેવ તરીકે પૂજાવાના કોડ પૂરા કરવા દેવદ્રવ્યનો ઉપયોગ આવી રીતે થઇ શકે ખરો કે? કોઇ સાધારણ માણસ જો દેવદ્રવ્યની મીલ્કત અંગત રીતે વાપરે તો તેને સાતમી નરક બતાવાય છે. જ્યારે એક શાસન નાયક અને સૂરિસમ્રાટ તે રીતે કરે તો તે માટે કયું સ્થાન નિયત થશે? આ પ્રશ્ન ઉગ્ર સ્વરૂપ ધારણ કરતો જાય છે, અને વાત એટલે સુધી વધી છે કે એક ગૃહસ્થે સોલીસીટર મારફત તે બાબત માટે કાયદેસર નોટીસ આપી છે. કેટલાક કહે છે કે મહુવા ઉપર નેમિસૂરિનો ઉપકાર છે, એટલે તેમની પ્રતિમા પધરાવાય તેમાં આપણી કૃતજ્ઞતા છે. પરંતુ જો ઉપકારનો જ પ્રશ્ન હોય તો સ્વ. વિજયધર્મસૂરિનો કયાં ઉપકાર ઓછો છે? તેમની પણ મૂર્તિ પધરાવવી જોઇએ. આમ આ મામલો હાલ તો ઉકાણે ચઢયો છે. જોઇએ છીએ શું પરિણામ આવે છે?

જિનમંદિર કરતાં ગુરૂમંદિર ઉંચુ—દેવાધિદેવ ભગવાન મહાવીર સ્વામીની જીવંત અવસ્થામાં પ્રતિષ્ઠિત થયેલ તેઓશ્રીના મંદિર કરતાં પણ ગુરૂમંદિરની ઉંચાઇ વધી ગઇ છે. એટલે જિનમંદિર ઢંકાય જાય છે. તેથી કેટલાક શ્રદ્ધાળુ ભકતોના મનમાં શંકા ઉપસ્થિત થઇ છે કે ગામના લોકો ઉપર આફત ઉતરશે. તેના ટેકામાં ગત દિવાળીના દિવસે લક્ષ્મીપૂજન પછી દર્શનના સમયે શ્રી જીવિત સ્વામિના મંદિરની ધજા વારંવાર ઓલવવા છતાં ત્રણ વખત સળગી ઉઠી હતી. આથી લોકોનો વ્હેમ મજબૂત બન્યો છે, એટલુંજ નહિ પણ કેટલીક આસામીઓ પણ નબળી પડી ગઇ છે, અને પડતી જાય છે. આમ ગુરૂમંદિર તરફ લોકો વ્હેમની દૃષ્ટિએ જુએ છે. પણ આચાર્ય શ્રીના દાબથી કોઇ બોલતું નથી. આ વાત કોઇ આચાર્ય શ્રીના કાને નાંખશે કે?

જ્ઞાતિ ચર્ચા—એમ કહેવાય છે કે પાલીતાણામાં જ્યારે ઘોળ ભેગો થયો હતો ત્યારે મહુવાના પ્રતિનિધિ તરીકે ગયેલ રા. દુર્લભદાસ નાનચંદે ગુજરાત બાજુ ઘોળ બહાર પૈસા લઇ પોતાની પુત્રીનાં લગ્ન કરેલ છે. જ્ઞાતિની એક મીટીંગમાં આ બાબત રજુ કરવામાં આવી હતી પરંતુ તેનું કંઇ પણ પરિણામ લાવ્યા સિવાય તે મીટીંગ બરખાસ્ત થઇ હતી. તે મીટીંગમાં એવી વાત ચર્ચાઇ હતી કે રા. દુર્લભદાસે પુત્રીના હિત ખાતરજ આ પગલું ભર્યું છે. તેમના જમાઇ અત્રે આવી ગયા, ઉંમર નાની છે. ઘોળમાં આવા મૂરતીઓ તેમને ન મળત. અને કન્યાવિક્રય માટે તો સજા થતી જ નથી. એટલે આ બાબતમાં કશું ન થાય તો બોટું નથી.

ચિત્તલ અને પાલીતાણાનું મહાજન વિચારશે કે?—ઉપરોકત મહુવા જ્ઞાતિનો દાખલો લઇ લાંબા વરસથી ઘોળમાં વસતા અને ઘોળમાંજ કુટુંબ કબીલાવાળા અને ઘોળમાં રહેવા ઉત્સુક મુરતીયાને કન્યા આપવા બદલ ચિત્તલ અને પાલીતાણાના મહાજને શ્રીયુત્ વીરચંદ પાનાચંદને જે સજા કરી છે તે માટે ફરી વિચારણા કરશે કે?

ભાવનગર—એકડા જ્ઞાતિની મીટીંગ મળી હતી. રંઘોળા મુકામે પ્રતિનિધિઓ ભેગા મળ્યા હતા, અને ગોઠવણ મુજબ ઠરાવો પાસ કરવામાં આવ્યા છે. અત્રે દેશ અને કોમની સેવા બજાવનાર શ્રીયુત્ વીરચંદ પાનાચંદ શાહ સાથે જમવાના ગુન્હા બદલ જ્ઞાતિએ શ્રીયુત્ દેવચંદ દામજી કુંડલાકરને પૂછતાં તેમણે જણાવ્યું કે શ્રી વીરચંદભાઇ જમવાને ટાઇમે મારે ઘેર આવ્યા હતા, સામાન્ય રીતે વિવેક થતાં તેઓ મારે ત્યાં જમ્યા હતા. તે માટે હું ગુન્હેગાર છું. જે સજા કરવી હોય તે કરો. આવા એક જ્ઞાતિના આગેવાન તેમજ યુક્તિ પ્રયુક્તિમાં અજોડ, અને એકડાની જ્ઞાતિના પાયા સમાન ગણાતા શ્રી દેવચંદભાઇની આ સ્થિતિ કેમ કરવામાં આવી? તે કોયડો હજુ ઉકેલાયોજ નથી. નવાઇની વાત તો એ છે કે શ્રી વીરચંદભાઇ જોડે પાલીતાણા, ભાવનગર, કુંડલા, મહુવા, તળાજા, શિહોર, અમરેલી વગેરે ઘણા તાલુકાના આગેવાન ગૃહસ્થો જમ્યા છે, પણ તેમનું તો કોઇ ભાવેય પૂછતું નથી!

ગોહિલવાડ વીશાશ્રીમાળી જ્ઞાતિ સંમેલન:—રંઘોળા મુકામે જ્ઞાતિ સંમેલન મળ્યું છે. ભાવનગર સાથે માન ભરી સુલેહ થવાથી રંઘોળાને યશ મળ્યો છે તેમ સંભળાય છે,

ચર્ચા પત્ર.

સીહોરથી એક ભાઇ નીચે મુજબનું ચર્ચા પત્ર રજુ કરે છે.

હાલમાં રંઘોળા મુકામે વીસાશ્રીમાલી ન્યાતનું સંમેલન ભેગુ થએલ છે, બેકારીના વખતમાં બોટા ખરચ ઘટાડવાના છે, તેવા વખતમાં સીહોરમાં વીશાશ્રીમાલી તપગચ્છવાળા કર વધારવા વિચાર કરે છે. ૧૫ વર્ષ પહેલાં હતો તેનાથી કેટલો કર વધારેલ છે? કર વધારી મુડી ભેગી કરી શું કરવું છે? પૈસા ભેગા કરી કોઇને સ્કોલરશીપ આપી છે? કે ધંધે રોજગાર લગાડેલ છે? કાયદો ગરીબ માટે છે. ગરીબને રૂપીઆ અગર બીજું કંઇ જોઇએ તો "સૌને ભેગા કરો" તેમ કહે. ખૂદ શેઠને જોઇએ તો કોઇ પૂછે? તેવા દાખલા જોઇશે તો હવે પછી મોકલીશ. લી૦ **શીહોરવાસી.**

લાભ લેવા ચૂકશો નહીં.

પંડિત હીરાલાલ હંસરાજ તરફથી પ્રસિદ્ધ થયેલાં
તમામ ગ્રંથો દિવાળી સુધી
અર્ધી કિંમતે મળશે.

તા. ક.-આચારાંગ સૂત્ર છપાય છે તેની અર્ધી કિંમત સમજવી નહિ.

લખો:—**પંડિત હિરાલાલ હંસરાજ.**
જામનગર.

हिन्दी विभाग.

श्री महाराष्ट्र जैन युवक संघकी नासिकमें स्थापना.

ता. १४-५-३३ रवीवार को मेन रोड पर श्रीमान् शेठ पृथ्वीराजजी निमाणी के हाथोंसें श्री महाराष्ट्र जैन युवक-संघ की स्थापना हुइ, स्थापनेके समय तिनों सम्प्रदाय के सभ्य उपस्थित थे.

यहां पर ता. २०-२१-२२ मइ, को नासिक जिल्हा ओसवाल सभा होनेवाली है. इस लिये उसके जोडेसें कार्य-कर्ताओंको यह भ्रम हुवा की इससे ओसवाल सभा के कार्य को धक्का लगेगा, क्योंकी ओसवाल सभा और युवक संघके बहुतसे कार्यकर्ता एकही है. संघके मुख्य कार्यकर्ता श्री माणिकलालजी भटेवरा, और हेमराजजी चंडालीया ने ओस-वाल सभा के प्रचारका कार्य फेर जिल्हेमें किया है. इसलिये कुछ लोग इस संघके स्थापनाको विरोधी थे. इस लिये स्था-पना के समय श्रीमान् शेठ चांदमलजी बरमेचा, श्रीमान मनोहरमलजी गोटी ओर श्रीमान चुनीलालजी रांका बी. ए. नें विरोध किया. विरोध करनेके लिये श्री. चुनीलालजी रांका बी. ए. ने संघके स्थापनोत्सवमें न जाने के लिये व्हॉलेंटिय-रोंको नोटीस दिया था. और छोटे छोटे (व्हॉलेंटियर) बेन्चों को मारा भी, फिर भी स्थापना के समय सब लोग आये, परंतु स्थामनाका निर्णय होनो पर श्री. चुनीलालजी रांका बी. ए. उठकर चले गये तथा आ ओडे सभ्योंको खीचनेकी कोशीस कीं, परंतु असफल रहें.

स्थापना के विरोध के उत्तर में अध्यक्ष महोदय श्री. पृथ्वीराजजी निमाणीनें कहां-कीं यह कोइ विरोधी संघ नही है. किंतु संघ के ओसवाल भाई आपके इस अधिवेशनमें आपको ऐसी मदत देंगे. जिससे आपकी सभा गरीबोंके लिये भी कुछ ठोस काम कर सके तथा दोखावटी प्रस्तावोमें समय पूरी न होजाय.

बाद में साहित्यरत्न दरबारीलालजी न्यायतीर्थ नें कहा के ओसवाल सभा समाज सुधारक कार्य करे ऐसी इस संघ की आवश्यकता है. क्योंकी ओसवाल सभा उतनेही कार्य कर सकती है जितने पर सभा से काम लिया जा सके. जब की संघका कार्यक्षेत्र इससे विशाल है. यह संघ तिनों सम्प्र-दायोंके लिये तथा समस्त महाराष्ट्र के लिये है. तिनों सम्प्र-दायोंकी हफताकीं इस समय कितनी आवश्यकता है इसके कहनेकी जरुरत नहीं है, इत्यादि!

इसके बाद कुछ चर्चा हुवा तब विरोधी भाइयोंका समाधान होने पर सर्वानुमत से संघकी स्थापना हुइ. ऐसा निर्णय हुवा.

संघके सेक्रेटरी श्रीयुत् माणिकलालजी भटेवरानें संघका उद्देश पढकर सुनाये, और संघ की स्थापना हुइ. नासिक जिल्हेकी बहु संख्यांक जैन समाज संघसे परिचित है. और उसमें सहानुभूति रखती है.

अपनी समाजका पुनरुत्थान कैसे हो?

—शेठ अचलसिंहजी.

(गतांक से चालु.)

(२) अपनी समाज में एक दो व्यक्तियों को अपना अगुआ अवश्य बनाये रखना चाहिये। जो कोई नई बात की जाय वह आपस में प्रेमपूर्वक मिलकर करनी चाहिये। अगर एक दूसरे की शिकायत करता है तो या तो रुबरु बैठकर या किसी योग्य मनुष्य को बिच में डालकर मामले-को या गलत-फहमी को साफ कर लेनी चाहिये, न कि बगैर सोचे जो चाहे सो कह डालें या कर डालें।

(३) हर एक स्थान पर एक धर्म स्थान होना चाहिये, जहाँ प्रतिदिन, प्रति सप्ताह अथवा प्रति महीने में एक समय तो अवश्य मिलकर धार्मिक संबंधी बातों पर बिचार किया जा सके जिससे धार्मिक उन्नति होती रहे।

(४) व्यक्ति व्यक्ति से गृह बनता है, गृहों से समाज बनता है, समाजों से देश बनता है। यदि हर व्यक्ति अपने को संगठित कर लेता है तो परिणाम यह होता है कि समाज और समाज से देश आसानी से संगठित हो जाता है। स्थानीय समाज को अपना संगठन करना चाहिये और जब तमाम गाँव, कस्बे, तहसील और नगर की समाजें संगठित हो जायगी, तब उसका परिणाम यह होगा कि आपका सम्पूर्ण प्रांत अवश्य संगठित हो जायगा।

कुरीतियाँ

कुरीतियाँ, जो कि बहुत समय से जैन-समाज में चली आती हैं,उन्होंने जैन-समाज की जडों को खोखला कर दिया है और यदि यही हालत रही तो एक दिन वह आएगा जब जैन-समाज रुपी वृक्ष बिल्कुल नष्ट हो कर गिर जाएगा। इस-लिए यह अत्यन्त आवश्यक है कि देश, काल-समयानु-सार-जो कुरीतियाँ हैं उनको बिल्कुल निर्मूल कर देना चाहिये। तब ही आप अन्य समाजों की तरह उन्नति कर सकेंगे। मैं समाज का ध्यान निम्न कुरीतियों की ओर दिलाना चाहता हूँ, जिनको शीघ्र दूर करने की अत्यन्त आवश्यकता है:— [अपूर्ण.]

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩ માં છાપ્યુ છે. અને ગોકલદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

ઉપવાસનું રહસ્ય.

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

તંત્રીઃ રતિલાલ ચીમનલાલ કોઠારી. | સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦ | વર્ષ ૨ જું, અંક ૩૦ મો. | શનીવાર, તા૦ ૨૭-૫-૩૩.

સામયિક પ્રેરણા.

आकुलीभूतमालोक्य, जने पापं प्रसत्वरम् ।
तमुद्धर्त्तुं ततो नेतुं, श्रेयांसं चोज्ज्वलं पथम् ॥

—જનતામાં ફેલાયેલ પાપ જોઈ વ્યાકુળ થએલા અને તેમાંથી તેનો ઉદ્ધાર કરી, ઉજ્જવળ કલ્યાણકારક માર્ગ પર તેને લઇ જવા સારૂ—

अतिघोरं तपस्यन्तं, विश्वविस्मयभाजनम् ।
महाकारुणिकं विश्व वत्सलं पुरुषोत्तमम् ॥

—સહુને વિસ્મય પમાડે એવો અતિઘોર તપ આદરી બેઠેલા મહાકારૂણિક, વિશ્વવત્સલ પુરૂષોત્તમ—

अनुयात **महात्मानं** भो भो भारतमानवाः ।
बुध्यध्वं च तदादर्शं, प्रपद्यध्वं च मुक्तये ॥

—**મહાત્માજીને** હે ભારતના માનવીઓ! તમે અનુસરો! તેનો આદર્શ સમજો અને મુક્તિ માટે અપનાવો!—

दुःखमार्गानपाकर्तुं, सर्वान् विश्वस्य साम्प्रतम् ।
दृश्यते धुरि भूपीठे, स एवैको व्यवस्थिताम् ॥

—જગતના સઘળા દુઃખમાર્ગોને ખસેડવા માટે આ સમયમાં પૃથ્વી પીઠ પર પ્રયત્ન કરનારાઓમાં આ એકજ મહા પુરૂષ મુખ્ય દેખાય છે.—

विजानीध्वं महान्तं तं, जगत्कुशलभावनम् ।
न सन्तमवमन्यध्वं, तमावेशप्रवेशतः ॥

—જગતભરનું કુશળ ચિન્તવી રહેલ એ મહાન આત્માને ઓળખો! આવેશમાં આવી એ સંતને ન અવગણો!—

—ન્યાય વિજયજી

પોકાર

ચૂપ ન રહેજો—જ્યારે પોકાર પાડવો એ તમારૂં કર્તવ્ય છે એમ તમને લાગે ત્યારે; મૌન ન સેવજો-જ્યારે વિરોધની ઘોષણા કરવી એ તમારો ધર્મ છે એમ તમને સમજાય ત્યારે.

એ ચુપકીદી, એ મૌન માનવીઓને કાયર બનાવી નાંખે છે.

માનવજાતિ એ વિરોધના બળે આગે બઢતી રહી છે.

જો કોઇ બળાને અન્યાય, જૂલ્મ અને લાલસાની સામે અવાજ ના ઉઠાવ્યો હોત, તો આજે પણ ધર્માન્ધતાના જુનને સ્થાપેલા માણસોને જીવતાં બાળી મૂકવાના કાનુનનું રાજ્ય ચાલી રહ્યું હોત; આજે પણ સાવ મામુલી તકરારોના દંડ તરીકે માનવીઓનો શિરોવધ થતો હોત.

અનેકના ઉપર ગુજરતો અન્યાય ટાળવા થોડા વિરલાઓએ વિરોધ પોકારવાનું સામર્થ્ય બતાવવું જોઇએ; અને એ ગેરન્ઇસાફ નાબૂદ થાય એટલા માટે ફેરી ફરીને વિરોધનો અવાજ બહાર કાઢવોજ જોઇએ.

આજનો માનવી ગત કાળના એ સ્વાર્પણ-ધર્મના પૂજારી વીરો અને વીરાંગનાઓનાં સ્તુતિગાન કરે કે આજે, આ યુગમાં અને પૃથ્વી ઉપર માનવીના પોકારના અવાજને નહિ તો કોઇ સત્તા ચુંગળાવી શકે, કે નહિ તો દબાવી શકે.

જ્યાં સુધી ગેરઇન્સાફના પાયા ઉપર રચાયેલી આજની રચના નહિ બદલે ત્યાં સુધી, બહાદૂર પુરૂષની વાણી અને આચાર તમામ અનર્થો સામે જોશથી વિરોધનો અવાજ કાઢ્યા કરશે, તમામ સીતમો સામે અથાકપણે પોકારનો ઢોલ પીટયે જશે, ગરીબોને સતાવી દૌલતની રક્ષા કરનારા દૌલતના તાબેદાર કાયદાઓના ગેરકાયદેપણા સામે છેવટ સુધી લડયા કરશે.

(કુલછાબમાંથી)

પુરિસા ! સચ્ચમેવ સમભિજાણાહિ ।
સચ્ચસ્સ આણાએ સે ઉવટ્ઠિએ મેહાવી મારં તરઇ ॥

(આચારાંગ સૂત્ર.)

પ્રબુદ્ધ જૈન.

શનીવાર, તા૦ ૨૭-૫-૩૩.

ઉપવાસનું રહસ્ય.

આપણા શાસ્ત્રોમાં ડગલે અને પગલે ઉપવાસનું મહાત્મ્ય વર્ણવવામાં આવ્યું છે. અનેક મહાત્માઓ એ તપશ્ચર્યાના પ્રભાવે સાધ્યને સિદ્ધ કરી શકયા છે. પરમાત્મા મહાવીર દેવે દીક્ષા પર્યાયના પ્રથમના બાર વરસ દરમ્યાન લગભગ અગીયાર વરસ સુધી એ કઠીન તપશ્ચર્યાની આરાધના કરી કર્મને ભસ્મ કર્યાં અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તપશ્ચર્યા માટે-પછી તે તીર્થંકર હોય કે ગણધર હોય, વાસુદેવ હોય કે ચક્રવર્તિ હોય, પ્રતિ વાસુદેવ હોય કે બળદેવ હોય, રાજા હોય કે રંક હોય, સ્ત્રી હોય કે પુરૂષ હોય, દરેકને ફરમાન છે. દર પખવાડીએ એક ઉપવાસ તો દરેકને કરવોજ જોઇએ. વૈદિક દ્રષ્ટિએ આપણે તપાસીએ તો તેમાં જણાશે કે દર પખવાડીએ એક જુલાબ લેવોજ જોઇએ. તોજ તબીયત સારી રહે-અજીર્ણ ન થાય. ઉપવાસ કરનારને જુલાબની જરૂર રહેતી નથી, તેથી પેટનો કચરો બળી જાય છે. આમ ઉપવાસ એ શારીરિક દ્રષ્ટિએ તેમજ આધ્યાત્મિક દ્રષ્ટિએ ઘણોજ ફાયદાકારક છે. તેમાં બે મત છેજ નહિ.

જૈન સમાજના ઉપવાસ બીજા સમાજે કરતાં બહુજ કડક અને સાચા હોય છે, કારણ કે તેમાં કેવળ ગરમ પાણી સિવાય કોઇ પણ ચીજનો ઉપયોગ થઇ શકતો નથી. અને તે પણ દિવસના છેલ્લા ત્રણ પ્રહર સુધી. સૂર્યાસ્તથી છેક સૂર્યોદય સુધી તે પણ બંધ રહે છે. આવા અદ્‌ભૂત ઉપવાસોનું ફળ પણ અદ્‌ભૂતજ મળે છે. તેમાં આત્મકલ્યાણ સિવાય કોઇપણ જાતની ઇચ્છા ન જોઇએ. ક્રોધ કે ધર્ષાને સ્થાન ન હોવું જોઇએ. માન કે લોભની તમન્ના ન જોઇએ. માયા, મત્સર કે રાગદ્વેષથી દૂર રહેવું જોઇએ. તોજ એ ઉપવાસ ધાર્યું ફળ આપે છે, એટલુંજ નહિ પણ આત્મકલ્યાણની બહુજ નજીક ઘસડી જાય છે.

મુનિ ભરતવિજયજીના ઉપવાસને એ દ્રષ્ટિએ કસી જોઇએ તો આપણને જણાયા સિવાય નહિ રહે કે આમાં આત્મકલ્યાણની બીલકુલ ભાવના નથી. અગર જો આત્મકલ્યાણની ભાવના હત તો તેમનું આત્મ નિવેદન બહાર પડતજ નહિ. આપણામાં સેંકડો મુનિવરો અને ગૃહસ્થોએ સેંકડો ઉપવાસો કરેલ છે. પરંતુ કોઇએ આત્મ નિર્ણયની ઢાંડી પીટી નથી, છતા સોળ ઉપવાસમાંજ ભરતવિજયજીના ઉપવાસની ઢાંડીઓ પીટાય છે. એટલુંજ નહિ પણ ત્યારપછી ધર્મસાગરજી અને ચન્દ્રવિજયજીના નામો પણ એ ઉપવાસને બ્હાને બહાર પાડવામાં આવે છે. ત્યારે એ અયોગ્ય દીક્ષા લેવા માનવીઓની લીલા પામતાં મુશ્કેલીઓ નડતી નથી. સામુદાયિક કર્મની શાંતિને નામે મુનિ ભરતવિજયજી અને તેની પાછળ ચાલનારા ધર્મસાગરજી અને ચન્દ્રવિજયજીઓ જે આત્માનર્ણયો બહાર પાડયા છે, તેમ તેઓએ પોતાના ચારિત્રના સ્ખલન અને તેના પ્રાયશ્ચિત માટે કદિ આત્મનિર્ણયની જાહેરાત કરી છે? હજુ તો ગઇ કાલનીજ એ વાત છે. ચાતુર્માસનો સમય છે, નદી, નાળાં અને રસ્તાઓ પાણીથી ખદબદી રહ્યાં છે, ત્યારે એક સાધુ પોતાની સાંસારિક અવસ્થાના પુત્રને મેળવવાનો દાવો અમદાવાદની કોર્ટમાં, સાણંદથી રાત્રિના વખતે મોટરમાં દોડી આવી માંડે છે. તેમાં વકીલને વકીલાતનામું કરી આપે છે એટલુંજ નહિ પણ સ્ટેંપની ટીકીટો પણ ચોડે છે. એ બધામાં શું સાધુતાજ હતી? એક ઇતર દર્શનીય મેજીસ્ટ્રેટના મુખથી ઉપરોક્ત સાધુ ઉપર કડક ટીકા થાય છે, જૈન શાસન નિંદાય છે. અનેક લોકો અધર્મ પામે છે. આ બધા માટે એ પીત વસ્ત્રધારીએ કદિ પ્રાયશ્ચિતની જાહેર હિંમત કરી છે? શામાટે આ બાબતને દાબી જુદાંજ કારણો બતાવાય છે? ચંદ્રવિજયજી અને ધર્મસાગરજી માટે તો અમારે કશું કહેવાનુંજ નથી. કારણકે આ બધાં તો પુતળાં છે. મદારી જેમ નચાવે તેમ નાચનારા એ મહાનુભાવો છે. બાકી દોરી સંચાર કરનાર તો જુદાજ છે.

આમ આ રમત વડોદરા સ્ટેટની ધારાસભામાં જે અયોગ્ય દીક્ષાને રોકતો કાયદો પસાર થયો છે, તેની સામે જનતાને ઉશ્કેરવા માટે રમાઇ રહી છે. મહાત્માજી જેમ આત્મ નિર્ણયો કરી ઉપવાસની જાહેરાત કરી, જે રીતે જગતને ડોલાવે છે, તે રીતનાં કદાચ દોરી સંચાર કરનારાઓએ ભરત વિજયજીના ઉપવાસ પાછળ સ્વપ્નાં સેવ્યાં હશે પણ તેમનાં એ સ્વપ્નાંઓ સરી જવાજ સર્જાયાં છે, એ ઉપવાસ શરૂ થયે અઠવાડીયું પસાર થયું છે, છતાં સમાજ જરા પણ સનસનાટી અનુભવ્યા સિવાય સ્વસ્થ છે. કારણકે સમાજને સ્વાર્થ સિવાય આમાં કશી રમત દેખાતી નથી ઉપવાસનો શુભ હેતુ હત તો તેમણે તેમના આત્મ નિવેદનમાં જે અસત્ય બાબત આલેખી છે તે ન હોત. તેમાં તેઓશ્રીએ લખ્યું છે કે "ત્યાગ ધર્મ સ્વીકારવાની સ્વતંત્રતાનો વિચ્છેદ કરનારો સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ તા. ૧૬-૫-૩૩ ની વડોદરા રાજ્યની ધારાસભામાં રજુ થયો, જૈન ધર્મથી અજાણ સભાસદોએ જે રીતે એના ઉપર અતિશયોક્તિ ભર્યાં વિવેચનો કર્યાં ને અપ્રમાણિક દાખલાઓના આધાર લઇ તેની પુષ્ટિ કરી આ નિબંધને પસાર કર્યો, એણે મારા હૃદયને સખ્ત આઘાત પહોંચાડયો છે. આ મુસદ્દાને કાયદાનું રૂપ આપવા માટે અત્યાર સુધીની જે રીતો અખત્યાર કરવામાં આવી છે, તે અન્યાયની એક પરંપરા છે, એમ મારૂં માનવું છે." ભરત વિજયજીના આ ઉદ્‌ગારો તદ્દન અસત્ય છે, કારણકે વડોદરા સ્ટેટની ધારાસભાએ જે દીક્ષા બીલ પસાર કર્યો છે તે ત્યાગ ધર્મ સ્વીકારવાની સ્વતંત્રતાનો વિચ્છેદ કરતો નથી, પરંતુ શુદ્ધ ત્યાગ ધર્મનો પોષક છે. તેથી ત્યાગમાર્ગ ઉજ્વલ બની શકશે. તે સિવાય મુનિશ્રીએ ધારાસભાના સભાસદોને જૈન ધર્મથી અજાણ, અતિશયોક્તિ ભર્યાં વિવેચનો કરનાર અને અપ્રમાણિક દાખલાઓ રજુ કરનાર તરીકે ચીતર્યા છે, એ ધારાસભાના સભાસદો માટે મહાન્ અન્યાય કર્યો છે. આ પ્રશ્નનો ત્રણ ત્રણ વર્ષ

ધારાસભાના સભાસદોએ અભ્યાસ કર્યો છે, ધર્મ અને શાસ્ત્રોના પુરાવાઓ રજુ કરી, ત્યાગ ધર્મનો માર્ગ નિષ્કંટક બનાવ્યો છે, અને તેમ કરી શાસન અને સમાજની ન ભૂલી શકાય તેવી સેવા બજાવી છે. તેવા સાચા સેવકો માટે ભરત વિજયજી ઉપરોક્ત અસત્ય શબ્દો વાપરી માનવતાની હદ કુદાવી ગયા છે. તેમાં મુસદ્દીગીરી અને આત્મ કલ્યાણનું દિવાળું છે, એ ખૂબ સમજવું જોઇએ. આગળ જતાં એ આત્મ નિર્ણયમાં લખે છે કે "આ વસ્તુસ્થિતિનો ગંભીરપણે વિચાર કરતાં મને લાગે છે કે સામુદાયિક કર્મનો ઉદયજ આનું મુખ્ય કારણ છે. નહિતર ત્યાગ ધર્મને સ્વીકારનારા કેટલાક જૈન સાધુઓનું જ ત્યાગ વિરૂદ્ધ મંતવ્ય થવું, અલ્પ સંખ્યામાં પણ જૈન સમાજમાંથી તેને ટેકો આપનારા નિકળવા, ત્યાગધર્મ વિરૂદ્ધ ભયંકર જાળો બિછાવવી, વિદ્વાન આર્ય રાજવીને ત્યાગના અચરણને રોકવાનો વિચાર થવો, એ શક્ય નથી." આ બાબત પણ તદ્દન કપોલ કલ્પિત અને જુઠી છે. કારણ કે ત્યાગ ધર્મને સ્વીકારનારા કોઈ પણ જૈન સાધુનું ત્યાગ વિરૂદ્ધ મંતવ્ય થયું જ નથી. પરંતુ ત્યાગના નામે ગમે તેવાં અયોગ્ય કાર્યો થાય, યોગ્ય ન હોય છતાં ત્યાગ ધર્મનું દાન કરી ત્યાગ ધર્મનું લીલામ થતું અટકાવવાનું મંતવ્ય જરૂર થયું છે. તેને ત્યાગ વિરૂદ્ધનું મંતવ્ય કઇ રીતે કહી શકાય?

ત્યાગધર્મ વિરૂદ્ધ જૈન સમાજમાં કોઇએ ટેકો આપ્યો નથી, પણ ત્યાગધર્મના બુરખા નીચે જે પ્રપંચી, તરકટી, અને માનવને ન છાજે તેવા દાવો ખેલાઈ રહ્યા છે, તે સામે જૈન સમાજે જરૂર વિરોધ ઉઠાવ્યો છે, એટલુંજ નહિ પણ ત્યાગધર્મને વગોવનારાની બાજી ઉંધી વળે અને તે ઉજ્વળ બને તે માટે તેવા ઠરાવને જૈન સમાજે સંપૂર્ણપણે ટેકો આપ્યો છે. ત્યાગધર્મની વિરૂદ્ધ કોઇએ જાળો બીછાવીજ નથી. તેમજ વિદ્વાન આર્ય રાજવી માટે જે ઇસારો કરવામાં આવ્યો છે તે પણ તદ્દન અસત્ય છે, કારણ કે સર સયાજીરાવ તો ઇચ્છે છે કે જૈન સમાજમાં સાચા સાધુ પાકે, ત્યાગધર્મ ઉજ્વળ બને, 'હા' તેઓશ્રી ત્યાગ ધર્મના બ્હાનાં નીચે જે પાખંડ પોષાઇ રહ્યું છે તેને પોષવા માંગતા નથી, એ બાબતમાં શકજ નથી.

આમ આ ઉપવાસની પાછળ કોઇ શુભેચ્છા નથી, પરંતુ કોઇ અદ્રશ્ય લાલસાના પાયા ઉપર એ ઉપવાસનું ચણતર કરવામાં આવ્યું છે. એટલે સમાજને મન આ ઉપવાસની કશીએ અસર નથી. આ ઉપવાસ સામુદાયિક કર્મના ઉદય માટેજ જો થયા હત તો તેમાં જૈન સમાજની ચાલી રહેલી ભયંકર અધોગતિ, કુસંપ, કલેશ અને કંકાસ તરફ જરૂર દૃષ્ટિપાત કરવામાં આવ્યો હત, પણ તેમ બન્યું નથી એજ કહી આપે છે કે સામુદાયિક કર્મના ઉદય માટે આ ઉપવાસો નથી, પરંતુ શ્રી રામવિજયજીની ભયંકર લાલસા રોધનારૂં જે કર્મ ઉપસ્થિત થયું છે, તેની શાંતિ માટે છે. આજના સામુદાયિક કર્મના ઉદય માટે તો દાનસૂરિ, લબ્ધિસૂરિ, સાગરાનંદજી કે રામવિજયજીને ઉપવાસો કરવાની જરૂર હતી તેને બદલે ભરતવિજયજી, ચન્દ્રવિજયજી કે ધર્મ સાગરજીને ઉપવાસ કરવાની કેમ ફરજ પડે છે! એ જાણીને તો આશ્ચર્યની અવધિજ થાય છે. શાશન દેવ સર્વેને સન્મતિ આપો.

સ્વીકાર અને સમાલોચના.

નીચેનાં પુસ્તકો સમાલોચનાર્થે જૈન સસ્તી વાંચનમાલા-વાળા ભાઇ અચરતલાલ જગજીવન તરફથી અમોને મળ્યાં છે. આ પુસ્તકો જૈન સસ્તી વાંચનમાળા મુ. પાલીતાણા (કાઠિયાવાડ) એ શીરનામેથી મળી શકશે.

જૈન રત્ન સંગ્રહ—સંગ્રાહક શ્રીમતી પાનબાઇ, કિંમત રૂા. ૨-૮-૦

ઉપરોક્ત પુસ્તકના પહેલા ખંડમાં વિવિધ છંદો, સ્તુતિઓ, દોહા, ચૈત્યવંદનો, સ્તવનો, થોયો, અને આરતી, મંગળદીવો વગેરે છે. બીજા ખંડમાં નવસ્મરણ અને જાપ આપેલ છે. ત્રીજામાં વિવિધ પૂજા સંગ્રહ છે. ચોથામાં દેવવંદન, મહાવીરનું ચોઢાળીયું, નવપદ સ્વરૂપ વર્ણન, ઓળી કરણવિધિ, આરાધન વિધિ, દુહા, પચ્ચખ્ખાણો, પોરસીનો કાળ, સૂર્યોદય નવકારસી કાળ, ચોવીસ તીર્થંકરના માતાપિતાદિનો ફોડો, પાર્શ્વનાથ પ્રભુના ૧૦૦ નામો આપવામાં આવ્યા છે. પાંચમામાં જુદી જુદી સજ્ઝાયો, ગહુંલીઓ, આધ્યાત્મિક પદો, ખમતખામણા, અમૂલ્યબોધ અને જન્મ મરણ સૂતક વિચારાદિ સંગ્રહ છે. એકંદર સંગ્રહ ઠીક છે.

શ્રી શત્રુંજય મહાતીર્થાદિ યાત્રા વિચાર,—કિંમત ૦-૧૦-૦ સો નકલના રૂા. ૫૦) આમાં ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ તેમજ ધનપાળ પંચાશિકા, મહાદેવ સ્તોત્ર, શ્રી શત્રુંજય મહાતીર્થાદિના કલ્પો વગેરેનો ઉપયોગી સંગ્રહ છે.

શ્રી શત્રુંજય મહાતીર્થ સ્તવનાવલી—આમાં શત્રુંજયને લગતાં ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ, અને દુહાઓનો સંગ્રહ છે. કિંમત લખવામાં આવી નથી.

શ્રી જૈન સજ્ઝાયમાળા—ભા૦ ૧—૨ કિંમત ૦-૧૦-૦ આમાં જુદી જુદી સજ્ઝાયો આપવામાં આવી છે.

શ્રી પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ અને જૈન તીર્થમાળા—લેખક મણીલાલ ન્યાલચંદ કિંમત ૧-૮-૦ આમાં પાર્શ્વનાથ ભગવાનના ચમત્કારનું વર્ણન છે. તે સિવાય જુદા જુદા તીર્થોનું વર્ણન છે.

સજ્ઝાયમાળા—સંગ્રાહક મોહનલાલ રૂગનાથ કિંમત ૦-૬-૦ આ પુસ્તકમાં જુદી જુદી સજ્ઝાયો આપવામાં આવી છે.

શ્રી ગિરનાર તીર્થનો ઇતિહાસ—(સચિત્ર) કિંમત ૧-૮-૦ આમાં ગિરનાર સંબંધી વિસ્તૃત વિવેચન કરવામાં આવ્યું છે. એક જાતની ગાઇડનું કામ પણ સારે એવું આ પુસ્તક છે.

ઉપરોક્ત પુસ્તકોની જે કિંમત છે. તેમાંથી પણ કેટલોક ઘટાડો કરવામાં આવ્યો છે. તે સંબંધી પત્ર વ્યવહાર જૈન સસ્તી વાંચનમાળા મુ૦ પાલીતાણા (કાઠિયાવાડ) એ શીરનામે કરવો.

કચ્છ પ્રકાશ—તંત્રી એલ. એચ. લાલન ઠે૦ ગૌમુખ ભુવન, ગસજીદ બંદર રોડ, કિંમત એક પૈસો દર રવિવારે પ્રગટ થાય છે. અમને તેના ત્રણ અંકો અવલોકનાર્થે મળ્યા છે. નિયમિત, શિષ્ટ ભાષામાં તેમજ ઉપયોગી લેખો અને સમાચારો આપવામાં આવશે તો જરૂર ઉપરોક્ત સાપ્તાહિક લોકપ્રિય નિવડશે.

દીક્ષાધિકાર દ્વાત્રિંશિકા—લેખક મુનીશ્રી ન્યાયવિજયજી મહારાજે દીક્ષાધિકાર સંબંધમાં બત્રીસ શ્લોકો બનાવ્યા છે. તે અર્થ સહિત આમાં આપવામાં આવ્યા છે. મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મહારાજની કૃતિ માટે શું કહેવાનું હોય?

—કુરિવાજોની કારમી કહાણી—

અને

પ્રજા દેહને શુષ્ક બનાવતા જંગલી રિતરિવાજો.

લેખકઃ—નાનાલાલ દોશી.

મુંબઇ જેવી પચરંગી પ્રજાનાં ધામમાં રહેનાર મનુષ્યને આપણી સામાજીક રૂઢિઓ અને તે રૂઢિઓ પાછળ થતા અસંખ્ય ખર્ચોનું કે રૂઢિની ગુલામ થઇ પડેલ પ્રજાના માનસનું કંઇજ પ્રતિબિંબ ન મળે. આવા ગરિબાઇ અને બેકારીના વખતમાં કોઇપણ રક્તપિપાસુ રાક્ષસ અસંખ્ય કુટુંબોમાં દુઃખના ડુંગરો સર્જવતો હોય તો તે આ રૂઢિ રાક્ષસ છે. આ પ્રશ્ન ફક્ત જૈનોને લાગુ પડે છે તેટલુંજ નહિ પરંતુ હિંદુઓના અઢારે વર્ણને તે સરખો લાગુ પડે છે. રજપુત બેહુત કે વણિક યા તો બ્રાહ્મણ કોઇપણ કોમ આ રૂઢિઓથી મુક્ત નથી. ઉચ્ચ વર્ણ કહેવાતી કોમોમાં આ સડો વધારે ને વધારે પેસેલો છે. અને તેને લઇ માનવ જાત સંહારક, પીછે હઠ કરાવનારાં ઘણાંએ અપકૃત્યો જોઇ, સાંભળી હૃદય થરથરે છે. હિંદની ગામડાંમાં વસતી સમગ્ર પ્રજાને ખરૂં સ્વરાજ્ય આ ગુલામીમાંથી મુક્તિ મળશે, ત્યારેજ મળશે. ગાંધીજીના લડતનું એક અંગ સામાજીક સુધારણા છે; તેને લઇનેજ આજે ગાંધીજીનું નામ હિંદને ખૂણે ખૂણે આબાળ વૃદ્ધ સૌ ઉચ્ચારે છે.

દેશની ખરી દોલત આવા આવા પ્રસંગોમાં વેડફાઇ જતી હોવાને લઇ, પ્રજા પોતાની જરૂરિઆતો પાછળ પુરતું ધન નથી બચાવી શકતી—જે ધન મરણ—લગ્ન—શ્રીમંત—વિ. વિ. પ્રસંગોને લગતા જમણવારો અને કરો પાછળ ખર્ચાય છે, તેટલુંજ ધન આજે હિંદના બાળકોના શારિરીક—કે માનસિક વિકાસાર્થે ખર્ચાતું હોય તો હિંદની સર્વ કોમો—એટલે કે સમગ્ર હિંદ—ફક્ત પૈસે ટકે નહિ, પરંતુ સર્વાંગે સમૃદ્ધિવાન જન્યું હોય.

આજની જ્ઞાતિ સંસ્થાઓ શું કરી શકે?

આજે જ્ઞાતિ સંસ્થાઓ સ્વાર્થી, પીછેહઠ મતિવાળા અને જુના વિચારના લોકોની બનેલી હોય છે. આ જ્ઞાતિ સંસ્થા ભૂતકાળમાં જ્યારે સર્જન પામી ત્યારે ન્યાયી, હિતકારી અને જરૂરી હશે તેમાં શંકા લાવવાનું કંઇ કારણ નથી, પરંતુ આજે જ્ઞાતિઓ અને જ્ઞાતિ સંચાલકોના માનસ એવાં ખાબોચીયાં જેવાં સંકુચિત થઇ ગયાં છે કે આજનો સમજુ વર્ગ જ્ઞાતિ યાને મર્યાદિત સમુદાય વ્યવહારના કેટલાક લાભો છોડી દઇ તેનું ઉચ્છેદન માંગે છે અને એ ઉચ્છેદન આજની આપખૂદી જ્ઞાતિ સત્તાને આભારી છે. આજે પ્રત્યેક જ્ઞાતિમાં 'સોનેરી ટોળી' હોય છે અને એ ટોળી તેના બહિષ્કારના શસ્ત્રથી નબળા પોચા માણસોની પાયમાલી માટે મીટ માંડી રહી હોય છે.

જ્ઞાતિ સંસ્થાઓ જો આવાં અનિષ્ટ કાર્યો માટેજ હોય તો તેનું અસ્તિત્વ યુવક વર્ગ નજ સ્વીકારે. છતાં એ અત્યારની જ્ઞાતિઓ તેમના ઇતિહાસના છેલ્લા પ્રકરણોમાં કંઇક ઉજ્વળ કારકિર્દી આલેખાવવા માંગતી હોય તો આજે તેમની ફરજ પ્રજા ઉપર બોટા અને દેશ કાળને અત્યંત પ્રતિકુળ એવા મરણ પાછળના અસહ્ય ખર્ચો તેને વિષેના રડવા કુટવાના રિવાજો, લગ્નના બોટા અને બીન જરૂરી. આડંબરો અને શ્રીમંત અને તેવા ઝીણા ઝીણા અનેક પ્રસંગે ગરીબો પર પડતા ખર્ચોથી તેમને બચાવવા પ્રયત્ન કરે, તેટલુંજ નહિ પરંતુ હિતકર નિયમોનું ફરજીયાત પાલન કરાવે. અને એ બચાવ કરેલ ધનનો કેળવણી—વ્યાયામ—કળા કે ઉદ્યોગ એવા સદ્‌વ્યયના સાધનો પાછળ ઉપયોગ કરાવે. આ પંથે વિચરવામાં ખરૂં સંગીન કાર્ય થઇ શકશે અને નાનકડો પ્રત્યેક પ્રજાદેહ પ્રફુલ્લિત પુલવાડી જેવો દીપશે—પમરશે.

યુવક સંઘોનું કર્તવ્ય—

યુવકોને નવ સૃષ્ટિનું સર્જન કરતાં હજી ઘણું સહન કરવાનું છે. ગામડાંઓમાં હજી જુની સૃષ્ટિના થર અણુ-ઉખેડેલ પડયા છે. આજે બોટા ખર્ચો પાછળ વિધૂર બાઇ સમાજની શરમે ગજા ઉપરાંત ખર્ચ કરશે. કાલે તેનાં સંતાનોની કેળવણી-અને ઉછેર પાછળ તેને દળાણું દળવું પડશે. સમાજ અને સમાજની કહેવાતી વ્યક્તિઓ આ માટે જવાબદાર છે. આજે યુવક સંઘો દીક્ષા જેવા પ્રશ્ન પાછળ જે ઉહાપોહ કરે છે તેટલોજ બલકે તેથી વધારે ઉહાપોહ ઉપરોક્ત રૂઢિઓના નિકંદન પાછળ કરવાની જરૂર છે. દીક્ષાથી પાંચ પચ્ચીસ મૂંડાશે, પરંતુ આ કુરિવાજોથી સમાજના ફેફસાં સડી જશે તે વાત નિર્વિવાદ છે. જેમ "શારદા એકટ" અમલમાં આવ્યો તેમ હું ઇચ્છું કે આવા રિત રિવાજો માટે અનેક હુકમો અમલમાં આવે. આ માટે યુવક સંઘો ઠરાવો કરી બેસી રહે તેમ હું નથી કહેતો, પરંતુ યુવક સંઘના પ્રત્યેક સભાસદે સભાસદ બનતાં પહેલાં આવી કસોટીમાંથી અવિચળ રહેવાની પ્રતિજ્ઞા લેવી જોઇએ. આજે આપણું કાર્ય જેટલું સંગીન પદ્ધતિસર થવું જોઇએ તેવું નથી થતું—આજે આપણાં આંદોલનોથી ગ્રામ્ય વર્ગો અપરિચિત છે—આપણા ઠરાવો પાછળ જે કાર્યબળ જોઇએ તે નથી માલમ પડતું. આપણું મનજ આપણને દગો દે છે. આ પરિસ્થિતિમાંથી ઉગરવું હોય તો યુવક વર્ગે સહન કર્યા સિવાય છૂટકો નથી, આપણે જેટલું કરીએ તેટલું સંગીન થશે તો તે ઉગી નીકળશે. આપણી પ્રત્યેક જ્ઞાતિ પેટા જ્ઞાતિઓના સંચાલકોને, આમંત્રી સમજાવી આ ખર્ચો કમી કરાવવા બનતું કરવું જોઇએ. આજે વાત વાતમાં આપણી પ્રાચીન સંસ્કૃતિનું ડિમ્ ડિમ્ લગાડીએ છીએ. આપણાં પુસ્તક ભંડારો અને અને આપણા પત્થરથી ચણેલા કીર્તિસ્તંભો જોઇ રાચીએ છીએ. પરંતુ તેમાં નથી આપણું ખરૂં ગૌરવ ટકી રહેવાનું. આપણું ખરૂં ગૌરવ આપણી વર્તમાન નીતિરીતિમાં—રહેણી કરણી અને આચાર વિચારમાં—તેમજ આપણા વર્તમાન નૈતિક અને આર્થિક બળમાં છે અને તે ત્યારેજ આવી શકે કે જ્યારે દરેક માનવીને તેના વ્યક્તિગત સ્વાતંત્ર્યમાં કોઇ બલેલ ન કરે. આજ તો માણસ જન્મે ત્યારથી તે તેના અંત સુધી તેને જ્ઞાતિની જાસુસીથી બીવાનું રહ્યું.

હવે તો કારજ પાછળ થતાં કરજો ને લગ્ન પ્રસંગોના બોટા દેખાવોઓને તિલાંજલી આપી ગરિબોને તેમની પતિત દશામાંથી ઉગારવા પ્રત્યેક હિતચિંતકે બનતો ભોગ આપી આપણા નિર્ધન ભાઇ બહેનોને મનુષ્ય તરીકેનું જીવન જીવવાનું સામર્થ્ય ભેગું કરવા યત્કિંચિત્ મદદ આપવાનું કામ પરમ આવશ્યક છે.

?

--Fedist.

"જ્યે જ્વાલામુખી ઉરના ઉંડાણમાં"

× × × ×

એક સ્થળે નોંધાયું છે કે "કેવળ સમાજ ઉદ્ધારની 'ધગશ' લઇ ફરનારાં પાત્રો તો સર્જવાં હજુ બાકી છે–જૈન જગતમાં અને લેખકની કલ્પના સૃષ્ટિમાં."

આજે યુવાન માનસ પર જે એક પ્રબળ મોજું ફરી વળ્યું છે, તેણે યુવાન હૃદયમાં ધગશ પેદા કરી છે, એ નિર્વિવાદ છે પણ એ સપાટી પર દેખાતી ધગશની પાછળ હૃદયને બાળી ખાક કરી નાંખનાર જ્વાળામુખી ન જળી રહ્યો હોય તો એ ધગશ ઠંડી પડી જતાં વાર નજ લાગે, એ પણ એટલુંજ સ્પષ્ટ છે. લખવાનો આશય એ છે કે હવે માત્ર પોકળ સુધારાની વાતો ઉંચી મૂકી ક્રાન્તિના માર્ગે કુચ કરવાની ઘડી આવી ચુકી છે. એ આપણે યુવાનો જલ્દી સમજી લઇએ તોજ સમાજનું શ્રેય સાધી શકાશે.

× × × ×

સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ કાયદાનું રૂપ પામના વડોદરાની ધારાસભામાંથી પસાર થયો છે. અયોગ્ય દીક્ષાની જલતી ભઠ્ઠીમાંથીજ એ નિબંધનો જન્મ થયો છે. તે ભઠ્ઠીમાં એક પછી એક કુમળાં ગભરૂ બાળકોનો ભોગ અપાયેજ જાય છે. 'આજ્ઞા એજ ધર્મ' ના થેકેદારોએ હવે કુમળાં બાળકોને બદલે નિર્દોષ કુમારિકાઓને પોતાની પ્રપંચજાળનો ભોગ બનાવવા માંડી છે. ક્રમણાં ક્રમણામાં પ્રસિદ્ધ થએલા સમાચારો એટલા ચોંકાવનારા છે કે જો જૈન સમાજ જેવી "મુડદા સમાજ" ને બદલે કોઇ ચેતનવંતી સમાજ હોત તો કેટલાય ધડાકાઓ થયા હોત! પરંતુ પીળાં વસ્ત્ર દેખી પોમલા માફક નાચનારા હોય અને એ પોમલાઓની પ્રેમભક્તિ પર વારી જનારા હોય ત્યાં 'સ્મશાન શાન્તિ' સિવાય બીજું શું સંભવે?

× × × ×

દીક્ષા સંબંધમાં ઘણું લખાયું છે. જાહેર સમક્ષ લખાણો અને ભાષણોદ્વારા શાસ્ત્રના આધારો અને રદીયા આપતી હુકીકતો રજુ થઇ ચૂકી છે. હવે એ પ્રશ્નને અંગે કાગળ અને શાહી બગાડવી વ્યર્થ લાગે છે. પરંતુ બીજી રીતે વિચારતાં એ પણ સ્પષ્ટ સમજાય છે કે આ આર્થેાડોક્ષોના પીલરો રદ્દામે તોપના મોરચા માંડવામાં નહિ આવે, અને એ પીલરોનું નગ્ન સ્વરૂપ તેમનું સાચું માનસ સમાજ પાસે નહિ ધરવામાં આવે ત્યાંસુધી સમાજની આંખ ઉઘડવાની નથી. હજુ સમાજને એ વાતનું ભાન નથી, કે આ પીળાં વસ્ત્રને પ્રતાપે પોષાઈ રહેલા પાખંડીઓ માત્ર પાખંડીઓજ નથી, પરંતુ ભયંકર વિષધરો છે. તેમની વિષજ્વાલાઓ સમાજની સુંદર વાડીને બાળી ખાખ કરી નાંખે તે પહેલાંજ એમને 'નાથી' લેવાની પરમ આવશ્યકતા છે. અયોગ્ય દીક્ષાની પ્રવૃત્તિ પાછળ માત્ર 'ધર્મઘેલછા' નથી, પણ વિકૃત માનસમાંથી પેદા થતાં 'પ્રબળ પ્રલોભનો' કામ કરી રહ્યાં છે. આપણને આજે જો તે નહિ સમજાતું હોય તો 'આવતી કાલે' આપણને તે જરૂર સમજાવશે.

× × × ×

શ્રી મોતીચંદભાઇને જેલ ન મળી હોત તો તેમની કિંમત સમાજને આટલી વ્હેલી ન થાત. શ્રી મોતીચંદભાઈ જેલ ગયા તેટલા ખાતર આ નથી લખાતું, પણ એટલા માટે લખાય છે કે મહાવીર વિદ્યાલયનો કાંકરે કાંકરો ઉરાડી મૂકવાની મલીન મનોદશાએ જે પ્રબળ વંટોળ ચઢાવેલો તેની સામે મક્કમપણે ઉભા રહી પોતાની અપૂર્વ કાર્ય દક્ષતાથી વિદ્યાલયને બચાવી લેનાર અને તેને વધુ વ્યવસ્થિત, તેની આર્થિક સ્થિતિ વધુ સદ્ધર બનાવનાર મોતીચંદભાઇ જતાં આજે વિદ્યાલયનો આર્થિક પ્રશ્ન વિકટ બન્યો છે. જે સમાચારો ઉપલબ્ધ છે તેથી સહુમજાય છે કે કમિટી આ બધાનું નિવારણ કરી શકે તેમ છે. પણ ધંધો આડે આવે છે. ગમે તે હોય, ઉંડુ નિરીક્ષણ કરનારને જરા જુદું સહુમજવાનો સંભવ છે. શ્રી મોતીચંદભાઇ ફકીર ન હતા, તેઓ સોલીસીટરનો ધીકતો ધંધો કરનાર એક પેઢીના ભાગીદાર હતા. પણ તેઓને વિદ્યાલય માટે 'ધગશ' હતી, તેમના હૃદયમાં કેળવણી માટે ઉંડે ઉંડે જ્વાલામુખી ધીકતો હતો. એટલે એ પોતાની ફરજમાં સદા જાગ્રત રહેતા. આજે પણ કેળવણીનો પ્રશ્ન જ્વાળામુખી માફક જેના અંતરમાં ધીકતો હશે તેને માટે કશુંય અશકય નથી. કમિટીના સભ્યોની સેવાની નોંધ લેવા સાથે એટલી ચીમકી લગાવવી આવશ્યક છે કે વિદ્યાલયને પેઢી ન ગણતાં, એ તો ભવિષ્યની 'મહાવીર વિદ્યાપીઠ'ની નાનકડી આવૃત્તિ છે. તેને ગમે તે ભોગે રક્ષજો, પોષજો અને વિકસાવજો કે જેથી વિદ્યાદાન અર્થે આવનારને પાછા ફરવું ન પડે.

× × × +

વિદ્યાલયદ્વારા કેળવણી લઇ પ્રવૃત્તિમાં પડેલા વિદ્યાર્થીઓ અને વર્તમાનકાળે કેળવણી લઇ રહેલા વિદ્યાર્થીઓએ પણ પોતાની ફરજ વિચારવાની છે જ. વિદ્યાલયને પાંખી વાળવાની હોય તેમણે પાંખી વાળવી ઘટે છે. અને ચાલુ વિદ્યાર્થીઓએ પણ વિદ્યાલયની આવક વધે તેવી આવશ્યક પ્રવૃત્તિઓ કરવી ઘટે છે. યુવાન માણસ વાતાવરણમાંથી એવા કેટલાય ઉપાય શોધી શકે છે. યુવાનો માટે શું અશકય છે? 'જો જલે જ્વાળામુખી ઉરનાં ઉંડાણમાં' એ હૃદયની સ્થિતિ હશે તો.

× × × ×

સલામતિ શોધવામાં પુરૂષાર્થ હણાય છે એ આપણે કયારે સહુમજશું? એ કાકા કાલેલકરનું વાકય પ્રત્યેકે મનન કરવા જેવું નથી?

લાભ લેવા ચૂકશો નહીં.

પંડિત હીરાલાલ હંસરાજ તરફથી પ્રસિદ્ધ થયેલાં
તમામ ગ્રંથો દિવાળી સુધી
અર્ધી કિંમતે મળશે.

તા. ક.-આચારાંગ સૂત્ર છપાય છે તેની અર્ધી કિંમત સમજવી નહિ.

લખો:—**પંડિત હિરાલાલ હંસરાજ.**
જામનગર.

ભરતવિજયજી કોણ? અને તેમણે આદરેલા ઉપવાસ શા માટે?

માજીસ્ટ્રેટે કરેલી સખ્ત ટીકા માટે તો આ તપશ્ચર્યા નહીં હોય?

(લેખક:—**મહાસુખભાઇ ચુનીલાલ—વિસનગર.**)

વડોદરા રાજ્યની તા. ૧૬-૫-૩૩ ની ધારા સભાની બેઠકમાં સન્યાસ દીક્ષા નિયામક નિયમોનો મુસદ્દો પસાર થવાથી અને સગીરની ઉંમરની મર્યાદા ૧૬ ને બદલે વધારી ૧૮ ની કરવાથી, એટલે કે "લેને ગઇપૂત, ઔર ભોગાઈ ખસગ" જેવો ફીસ્સો બનવાથી અયોગ્ય દીક્ષાના અને ખાસ કરી બાળ દીક્ષાના ચુસ્ત હીમાયતી શ્રી રામવિજયજીના શિષ્ય શ્રી ભરતવિજયજીના હૃદયને સખ્ત આઘાત પહોંચવાથી તેમણે તા. ૧૮-૫-૩૩ થી સોળ ઉપવાસની તપશ્ચર્યા આદરી છે. તેનો હેતુ સામુદાયિક કર્મની નિર્જરા-નિવારણ અર્થે અને પોતાના આત્માની શાંતિ માટે છે એમ તે પોતાની સહી સાથેની લેખી આત્મનિર્ણય પત્રિકામાં જણાવે છે. આ નિર્ણય જણાવવામાં તેમણે ધારા સભાના સભાસદોને જૈન ધર્મથી અજાણ અતિશયોક્તિ કરનાર અને અપ્રમાણિક દાખલા આપનાર માન્યા છે. અને મુસદ્દાને કાયદાનું રૂપ આપવા માટે વડોદરા સરકારે અખત્યાર કરેલી રાજનીતિને તેમણે અન્યાયની એક પરંપરા માની છે. શુદ્ધિ માટે આદરેલી તપસ્યામાં પણ આવાં અશુદ્ધિના નિંદા અને દ્વેષનાં ભરેલાં પરમાણુઓ મેળવવામાં આવે છે, તે તપસ્વીની બલિહારી છે!!

આ મહાન તપસ્વી કોણ અને તેમની તપસ્યા શા માટે? તેનો ભેદ જાણવા વાચકો ઉત્તેજીત હોય તે માટે તે વાચકો આગળ રજુ કરું છું—હું ટુંકામાંજ પતાવીશ.

પાટણના વતની કાંતિલાલ જેમને માત્ર ૧૩ વરસની કાચી વયે સન ૧૯૩૦ માં દીક્ષા અપાઇ કુસુમવિજય નામ અપાયેલું તે ગયા ચોમાસામાં વઢવાણમાં શ્રી રામવિજયજી પાસે ચોમાસું રહેલા, તે તેમની પ્રવૃત્તિથી કંટાળી અને પોતાની ખરી સ્થિતિનું ભાન થવાથી તા. ૮-૧૧-૩૨ ના રોજ સાધુવેષ છોડી પોતાની માની પાસે પાટણ જવા નીકળ્યા. પણ દીક્ષા પાર્ટીએ તેમને અમદાવાદ લઇ જવાથી બટલો ફોરટે ચડેલો અને તે કાંતિલાલે પોતાની મા ગજી પાસે જવાની ઇચ્છા બતાવેલી હોવાથી ફોરટ તરફથી માને સોંપવામાં આવેલો તે વખતે ચોમાસું પુરૂં નહીં થયેલું હોવા છતાં આચાર વિરૂદ્ધ સાનંદથી એકદમ દોડી આવી અમદાવાદની કોરટમાં પોતાના પુત્ર કાંતિલાલને પાછો મેળવવા જેમણે અરજી આપી હતી તે ભરતવિજયજી, યાને કાંતિલાલના સંસારી પિતાશ્રી ભોગીલાલ. તથા બાઇ ગજીને કલ્પાંત કરાવી રોતી કકળતી મુકી દીક્ષા લેનાર તેના સંસારી પતિ. હું ધારૂં છું કે આટલી ઓળખાણ બસ છે.

આ ભરતવિજયજીની તપશ્ચર્યાનો હેતુ સામુદાયિક કર્મની નિર્જરા અને પોતાના આત્માની શાંતિ છે એમ જણાય છે. આ ઉપરાંત ભરતવિજયજી જાણતા હોય કે કેમ તે તો જ્ઞાનિ મહારાજ જાણે, પરંતુ તા. ૧૯-૫-૩૩ ના વીર શાસનમાં "સામુદાયિક પાપના પ્રક્ષાલન માટે" એ મથાળાવાળા લેખમાં તંત્રી મહાશય પોતાની કલ્પનામાં બીજું કારણ શોધી કાઢી જણાવે છે કે—

"મુનિરાજ શ્રી ભરતવિજયજીને આવી આત્મવેદના થવાનું બીજું પણ કારણ હોઇ શકે. તેઓશ્રીના સંસારી પુત્ર કાંતિલાલ જે સાધુ અવસ્થામાં કુસુમવિજયજી હતા તેમણે સાધુવેષ છોડતી વખતે વઢવાણમાં કરેલા સ્ટેટમેન્ટ વિરૂદ્ધ અને તદ્દન ખોટું સ્ટેટમેન્ટ વડોદરા રાજ્યના ન્યાયમંત્રી સાહેબ સમક્ષ દીક્ષા વિરોધીઓની શીખવણીથી કર્યું હતું. એક પુણ્યપિતા કે જેમણે પોતાના સંતાનના ભવોભવના આત્મિક કલ્યાણનાજ શુભાશયથી તેના સંસ્કાર જોઇ દીક્ષા અપાવી હતી અને પોતે પણ લીધી હતી. તેવા પિતાનો પુત્ર કર્મોદયે પતિત થાય એથી દુઃખ તો થાય, પરંતુ એ ધર્મદ્રોહીઓની ચઢવણીનું હથીઆર બનીને પવિત્ર ધર્મના પ્રતિબંધ માટે દાખલારૂપ બને તેમજ પોતાના પુજ્ય પિતાની શુભેચ્છાને પણ કલંકિત કરતાં ન શરમાય ત્યારે તેના પુણ્યવાન પિતાને થતું દુઃખ અનિર્વચનીય બને છે."

આ પ્રમાણે કારણો દુનિયાને અવળા રસ્તે દોરવા માટે જણાવવામાં આવે છે, પરંતુ ભરતવિજયનો અને તેમના ભક્તોનો ભવાડો અમદાવાદના સીટી માજીસ્ટ્રેટની કોર્ટમાં કેવો બન્યો છે તે જાણવા જોગ હોવાથી અને આ તપશ્ચર્યા આદરવાનો અંતરનો ગુહ્ય હેતુ શો છે તેનો ખ્યાલ આપવા માટે સીટી માજીસ્ટ્રેટ મે. ધીરજલાલ ભાઇએ તા. ૧૨-૧૧-૩૨ ના રોજ ચુકાદો આપતાં જે મુદ્દાની હકીકત તેમાં જણાવી છે તે વાંચકો આગલ રજુ કરૂં છું.—

"તે છોકરાની માએ (ગજી) અને પૂર્વાશ્રમના બાપે (ભરતવિજય) છોકરાને (કાંતિલાલ) પોતપોતાને તાબે લેવા લેખી અરજીઓ આપી છે, મને આશ્ચર્ય લાગે છે કે પૂર્વાશ્રમના બાપે તેના સગા સંબંધીના તમામ દુનિયાદારીના વ્યવહાર છોડી દીધા છે, છતાં પણ તે છોકરાને તેના પુત્ર તરીકે માની હીન સંબંધ ધરાવવા પ્રયત્ન કરે છે. છોકરાના પૂર્વાશ્રમના બાપને આવા ખેદજનક બનાવમાં ઘસડવા અને આ કોરટમાં હાજર કરી વકીલાતનામું દાખલ કરવા અને સ્ટેપ-પાળી અરજી આપવા દીક્ષા પાર્ટી કેવા ઘેલછાભરેલા પ્રયત્નો કરે છે, તે જોઈ મને ઘણીજ અજાયબી ઉત્પન્ન થાય છે, બિચારા સાધુને પોતાનું પહેલું અને પાંચમું મહાવ્રત કે જે તેણે દીક્ષા લેતી વખતે લીધેલું તેનો ભંગ કરવાની ફરજ પડે છે. જેની શિક્ષા દશવૈકાલિક સૂત્રમાં જણાવ્યા પ્રમાણે ઘણીજ ભારે છે એટલે કે તે આ અવતારમાં નિંદાને પાત્ર છે અને આવતા ભવમાં નરકમાં જાય છે. આ હકીકત જણાવતાં મને ઘણીજ ગ્લાનિ ઉત્પન્ન થાય છે, પરંતુ દીક્ષા પાર્ટીના આગેવાનો છોકરાને પોતાના પક્ષમાં લેવા કેટલી હદ સુધી પ્રયત્ન કરે છે તે માત્ર બતાવવાને અને બંને પક્ષમાં સુલેહનો ભંગ થવાને કેવો ગંભીર સંભવ છે તે દર્શાવવાને આ હકીકત જણાવવી પડે છે."

આ પ્રમાણે માજીસ્ટ્રેટે ચુકાદામાં કરેલી ટીકા ઉપરથી વાંચકોને ખ્યાલ આવશે કે નથી સામુદાયિક કર્મનું કારણ કે નથી કુસુમવિજયના સ્ટેટમેન્ટનું કારણ. પણ ભરતવિજયજીએ

સામાજિક વાયરા

શ્રી કેસરીયાજી—સંબંધી છાપાઓમાં અવાર નવાર આવ્યા કરે છે, પરંતુ એ બાબતે સમાજનું લક્ષ્ય હોય તેમ જણાતું નથી. શાસન સેવાની મોટી મોટી વાતો કરનારા, શાસન માટે મરીફીટવાની તમન્ના સેવનારા શ્રી કેસરીયાજી માટે કેમ મૌન છે? શું તેમને કેસરીયાજી જોડે. કશું લાગતું વળગતું નથી? સામુદાયિક કર્મના નિવારણ માટે સોળ સોળ ઉપવાસની બાંગ પુકારાય છે. સોસાયટી સમાચારોના વધારા બહે પગે તે માટે તૈયાર રહે છે. આત્મ નિર્ણયોની જાહેરાત થાય છે. કેવળ દીક્ષાના એકટ માટે એ બધું બની શકે છે. પરંતુ કેસરીયાજી માટે કોઇનેયે આત્મ નિર્ણય કરવાની પુરસદ નથી 'દીક્ષા'–પછી તે સાચી હો યા ખોટી, યોગ્ય હો યા અયોગ્ય–ની ધૂનમાં મસ્ત બનેલ રામસાગર પાર્ટી જ્યારે કેસરીયાજી પાછળ મૌન સેવે છે, ત્યારે શાસન અને સમાજ માટે તેમને કશું લાગતું નથી, એમ જણાયા સિવાય રહેતું નથી અને દીક્ષાના સંબંધમાં એમનો કોઇ ભયંકર સ્વાર્થ સંકળાયો હોય તેમ માનવાને મજબુત કારણો ઉપસ્થિત થાય છે. સોળ ઉપવાસ થાય કે વીશ આપણા સમાજમાં બબ્બે મહિનાના ઉપવાસ કરનાર પડયા છે. એટલે સોળ ઉપવાસમાં કંઇ આશ્ચર્ય જનક આત્મનિર્ણય નથી. તેમ તેનાથી કંઇ સોસાયટીની મુરાદ બર આવવાની નથી. સમાજ પાખંડીઓથી તદ્દન સાવધાન છે. બાકી, હા આજે જો કેસરીયાજી માટે એ આત્મ નિર્ણય બહાર આવ્યો હોત, તો તે માટે સમાજમાં અપૂર્વ જાગ્રતિનાં પૂર આવત હજુ બગડી ગયું નથી કોઇ નીકળશે કે?

× × × ×

સામુદાયિક કર્મનો ઉદય—કહેવાય છે કે જ્યારે સામુદાયિક કર્મનો ઉદય થાય છે, ત્યારે સંઘ, અને શાસન ઉપર આફતો આવે છે અને તે ભયંકર સ્થિતિ ખડી કરે છે. તે કાર્યના નિવારણ માટે સમસ્ત સંઘની જવાબદારી છે. તેવી આફતો દૂર કરવા માટે આયંબિલ એ રામબાણ ઇલાજ છે. ઇતિહાસમાં એવા અનેક દાખલા બન્યાના પૂરાવાઓ મળી રહે છે કે ઉપરોક્ત કર્મના ઉદય વખતે આયંબિલનોજ ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રત્યેક વ્યકતિને વારા પ્રમાણે એ તપસ્યાની આરાધના કરવી પડી છે. પરંતુ એ ભયંકર આફત વખતે કોઇ એક વ્યકિતને કેવળ કપોલ કલ્પિત આત્મ નિર્ણય કરી સોળ ઉપવાસની બાંગ પૂકારવાનો કશો હક્ક નથી. પહેલાં પોતાના કર્મોનો ક્ષય કરવાની પેરવી રચી પછીજ સામુદાયિક કર્મની શાંતિ માટે જો આવા પ્રયત્નો કરવામાં આવ્યા હોત તો કશુંજ કહેવાનું ન હતું. આ વાત તો બીજીજ છે. આ ઉપવાસમાં કોઇ સામુદાયિક કર્મના ઉદયની શાંતિ ન સમજે પરંતુ ઉપવાસ પાછળ ભયંકર મુરાદ છે. દીક્ષાના એકટ માટે કોઇ અનેરો દાવ ખેલાય છે. ખરી રીતે આવા ઉપવાસો રામવિજયજી, સાગરજી કે દાનસૂરિને કરવા જોઇતા હતા. પણ તેમ બન્યું નથી. ભરત વિજયજી જેવાને હથિયાર બનાવી કંઇ જુદીજ રમત રમાઇ છે. સમાજ સાવધાન!

મુંબઇ—પંન્યાસ મુનિશ્રી ભક્તિ વિજયજીનું આગમન મુંબઇ તરફ થઇ રહ્યું છે. મુંબઇ જેવી અલબેલી નગરીમાં પંન્યાસજીનું આગમન જરૂર આવકારદાયી નીવડત, જો તેઓ ગુરૂને બેવફા નિવડયા ન હોત તો. પરંતુ વિજય ધર્મ સૂરિને બેવફા બનેલ કોઇ અવ્યકત લાલસા અને પદવી મોહથી તણાઇ એ મહામના રામસાગરનું હથિયાર બનેલ છે. તેઓ ચારિત્રશીલ છે, વ્યાખ્યાતા છે, ક્રિયા કાંડી છે, પરંતુ વ્યવહારની ખામી છે. અભિમાન રૂપી ગજ અને ઇર્ષ્યાની આગ તેમને સતાવે છે. રૂઢિચૂસ્તતા એમને બહુ પ્રિય છે. આમ એ પોતાની બધીયે શકિતનો વ્યય સમાજ સેવાને બદલે રામસાગરની સેવા માટે કર્યે જાય છે. એક વખતે મુંબઇને નર્કની બાણ ચીતરનાર પં. ભક્તિ વિજયજી એજ નર્કની બાણમાં આવવાને તયારી તૈયારીઓ કરી રહ્યા છે. ત્યારે આ સાધુઓના વચનથી કીંમત કેટલી?

વડોદરા—અત્રેથી રામવિજયજી તેમના શિષ્ય સાથે પાદરા તરફ વિહાર કરી ગયા છે. સંભળાય છે કે તેમની માનસીક સ્થિતિ સારી નથી. વડોદરા સ્ટેટ ધારાસભામાં દીક્ષા એકટ પસાર થવાથી તેમની પ્રવૃત્તિને સખ્ત ફટકો પડયો છે. અન્યાય, કુત્સિત આચરણ અને સાધુતાના દંભના આવરણો કયાંસુધી નભે? હું એમના હૃદયના આઘાત પ્રત્યે મારી હમદર્દી જાહેર કરૂં છું. અને ઇચ્છું છું કે શાશન દેવ એમને સન્મતિ આપો.

પાટણપુર—આચાર્યશ્રી વલ્લભસૂરિનું ચાતુર્માસ અંત્રે નક્કી થયાનું જણાવવા માં આવેલ છે. છતાં સૂરિજી પ્રવર્તકજી શ્રી કાંતિવિજયજી મહારાજને મળવા માટે પાટણ પધારશે લગભગ એકાદ મહિનો ત્યાં સ્થિરતા કરી પુનઃ પાલનપુર આવશે. જો કે સુબ્રિજી પરેલાં પાટણ ચાતુર્માસ કરવાના હતા. પરંતુ એમ સંભળાય છે કે કોઇ માણસે એવો નિશ્ચય કર્યો છે કે દશવીશ હજારનો ખર્ચ થાય તો ભલે થાય પણ સૂરિજીને ચાતુર્માસ રહેવા દેવા નહિ. એટલે ધાંધલીઆઓ નકામું ધાંધલ ન મચાવે અને સંઘમાં અશાંતિ ન થાય તે માટે તેઓશ્રીએ પાટણમાં ચાતુર્માસ કરવાનું માંડી વાળ્યું છે.

પાંચ મહાવ્રત પૈકી પહેલા અને પાંચમા વ્રતનો ભંગ કરી દશવૈકાલિક સૂત્રાનુસાર આ ભવમાં નિંદાને પાત્ર થયેલા હોવાથી અને આવતા ભવમાં નરકમાં જવાની શિક્ષાનો ભય ઉત્પન્ન થવાનો હોવાથી તે પાપોની નિર્જરા કે પ્રક્ષાલન કે પ્રાયશ્ચિત કે આલવણ તરીકે આ સોળ ઉપવાસ ખેંચી કાઢવાનો નિર્ણય કર્યો હોય એમ ચોખ્ખે ચોખ્ખું દીવા જેવું જણાઇ આવે છે. કરેલાં પાપોનો પશ્ચાત્તાપ થવાથી તેમનું હૃદય ડંખતું હોય અને હંમેશાં અશાંતિ રહેતી હોય તેથી આત્મશાંતિ માટે આવી તપશ્ચર્યા આદરે તો તે માટે કોનાથી ના પાડી શકાય? અધિષ્ઠાતા દેવોને મારી નમ્ર પ્રાર્થના છે કે ઉપવાસમાં ભરતવિજયજીને મદદ કરે અને ફરી પંચ મહાવ્રત પૈકી એક પણ વ્રતનો ભંગ કરવાનો પ્રસંગ ન બને તેવા તેમને અને તેમની દીક્ષા પાર્ટીને સન્મતિ આપે.

हिन्दी विभाग.

अपनी समाजका पुनरुत्थान कैसे हो?

—शेठ अचलसिंहजी.

[गतांक से चालु]

(१) बाल-विवाह, वृद्ध-विवाह और अनमेल-विवाह को रोकना चाहिये।

(२) पर्दा जो स्वास्थ्य, पुरुषार्थ, और गृहस्थ जीवन के वास्ते महा-हानिकारक है उसका सर्वथा बहिष्कार होनाचाहिये।

(३) नुकता को कतई बन्द करना और विवाह की बेशुमार फिजूल खर्चियों को दूर करना चाहिये।

(४) जेवर, रेशमी वस्त्र और हाथीदाँत आदी की बनी हुई अपवित्र चीजों में जो फिजूल खर्च होता है उसे रोकना चाहिये।

(५) कुछ लोभी और अज्ञानी पुरुष लडकियों पर रुपया लेते हैं ओर कुछ धनी पुरुष लडकों पर रुपया माँगते हैं, उसे रोकना चाहिये।

(६) वेश्यानृत्य आदि बुरी रिवाजें बन्द करनाचाहिये।

स्वदेशी

देश और समाज के सामने बेकारी की समस्या दिन पर दिन बढती जा रही है। हजारों युवक कोलेजों और स्कूलों से डिग्रियाँ लेकर बेकार फिर रहे हैं, पर उनके लिये कोई काम नहीं है। अधिकांश व्यवसाय के लोगों की आज सबसे बडी शिकायह है कि उनके व्ययसायमें अब शिथिलता बढती जा रही है, देश की सम्पत्ति का यदि ह्रास हो तो वहाँ का कोई भी अङ्ग फलफूल नहीं सकता। शरीर का यदि कोई भी अङ्ग सबल बनना चाहता है तो उसके लिये यह आवश्यक है कि शरीर की केन्द्रीय शक्तियाँ बढती जायँ। यदि शरीर में फेंफडा कमजोर है तो धीरे धीरे शरीर के सभी अङ्ग रक्तहीन होकर निर्जीव हो जायेंगे। सारे देश इस बात का अनुभव करते हैं और वे अपने देश की सम्पत्ति बढाने में लगे हुये हैं। आज इंगलैण्ड, अमेरिका, रूस सभी देशों में स्वदेशी का युग है। रूस जैसा अन्तर्राष्ट्रीय-वाद को मानने वाला देश भी पञ्चवर्षीय योजना द्वारा देश की उत्पादक शक्ति को बढाने में लगा हुआ है। अमेरिका का प्रेसीडेन्ट रूजवेल्ट और इंगलेंड का युवराज प्रिन्स ओफ वेल्स भी अपनी अपनी जातियों को स्वदेशी का सन्देश दे रहें हैं। इस स्वदेशी के युग में प्रत्येक भारतवासी का भी कर्तव्य है कि वह सोचे कि उसे कया करना चाहिये? जिस देश में चार करोडसे भी अधिक लोगों को एक ही बार भोजन मिलता हो वह देश किस तरह प्रति वर्ष करोडों रुपया विदेशी चीजें खरीद कर बाहर फेंक सकता है? इस कारण प्रत्येक भारतवासी का कर्तव्य है कि उनको अपने दीन और हीन भाइयों की अवस्था पर ध्यान रखते हुये स्वदेशी वस्तुओं का ही इस्तैमाल करना चाहिये और मुख्यता जैनियों का धारण उनका धर्म एकेन्द्री से लेकर पंचेन्द्री जीव तक दया पालने का है।

मुझे पूर्ण विश्वास है कि मेरे नवयुवक स्वयम् स्वदेशी वस्तु का प्रयोग करेंगे और अन्य जनता को करावेंगे।

शारीरिक शक्ति

आज जब मैं जैन जाति के युवकों की शारीरिक स्थिति को देखता हूँ तो मेरे दिल को बडा धक्का लगता है। जबकी उनके मस्तिष्क में विचार होने चाहिये, जबकी उनके रगों में खून का जोश होना चाहिये, जब की उनके चहरे पर चमक और हाथों में कार्य शक्ति होनी चाहिये तब हम उन्हें क्या पाते है? उनके शरीर का पूर्ण-विकाश होने भी नहीं पाता कि उनका शरीर शिथिल होने लगता है, चहरे पर हवाइ उडने लगती है और शीघ्रही वे केवल डाक्टरों और वैद्यों के मतलब के हो जाते है। इसका कारण क्या है? समाज में फैली हुइ सामाजिक कुरीतियाँ हमारा रहन-सहन का गलत तरीका और व्यायाम की कमी। मैं नवयुवकों से जोर से अपील करता हूँ कि वे शारीरिक आवश्यकता की अब अवहेलना न करें और शक्ति की उपासना प्रारम्भ कर दें। नियमित व्यायाम करना हर सफलता की कुञ्जी है। इस युग में निर्बल होना सब पापों की जड है। निर्बल मनुष्य किसी धर्म का सच्चा पालन नहीं कर सकता।

साम्प्रदायिक बन्धनों को छोडो?

यह युग संगठन का युग है। सब धर्म और जातियाँ साम्प्रदायिक मत-भेद को छोडकर विस्तीर्ण क्षेत्र में आ रही हैं। उस समय भी जैन-जाति क्या पारस्परिक मत-भेद और मनोमालिन्य में ही लगी रहेगी? क्या यह सम्भव नहीं है कि हम सम्प्रदाय के तंग दायरों को छोड कर महावीर भगवान् के एक झंडे के नीचे आकर खडे हो जायँ। अब तो जैन-जाति एक भाव, एक शक्ति, एक प्रवाह में संयुक्त करनेकी आवश्यकता है। यह बडे हर्ष की बात हैं कि जैन-जाति के युवकों में यह सद्-भावना उत्पन्न हो गइ है और मुझे विश्वास है कि अब वह समय शीघ्र ही आने वाला है जब हम जैन-धर्म के अनुयायियों को एक संगठन में जैन सिद्धान्तों का प्रचार करते हुये देखेगें।

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩ માં છાપ્યું છે. અને ગોકલદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

સિદ્ધાંતની સમાધાની ન હોય.

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

તંત્રીઃ રતિલાલ ચીમનલાલ કોઠારી. | સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦ | વર્ષ ૨ જું, અંક ૩૬ મો. | શનીવાર, તા૦ ૩-૬-૩૩.

ગયળી પ્રેરણા.

એ સુવર્ણ સંધ્યા જંગલને મનોહરતા બક્ષી રહી હતી, પવનની મીઠી લહરીઓથી ડોલતાં ઝાડો મુસાફરોને આવકાર આપી રહ્યાં હતાં, પક્ષીઓનો કિલકિલાટ ધ્વની વાતાવરણને મધુર સંગીતમય બનાવી રહ્યો હતો. એ વખતે હું પણ એ મીઠા પવનની મોજ માણવા, એ સંગીતના સૂરો સાંભળવા મારા ગામથી દૂર દૂર ચાલી રહ્યો હતો, અનેક વિચાર તરંગોમાં લીન આત્માને કશીએ ગમ ન્હોતી; ક્ષણમાં જંગલની દિવ્ય કુદરતી રચના નિહાળતાં એ જગન્નિયંતાના મહાન ઉપકારોની સ્મૃતિ થતી હતી, તો ક્ષણમાં સંસારમાંની અનેક વ્યાધિઓનો ચિતાર આવતાં એ સ્મૃતિઓ નિરાશાના અને દુઃખના કાળા પડદા પાછળ વીલીન થતી હતી. ઘડીકમાં પક્ષિઓનું સુખી જીવન આનંદ કરાવતું હતું, તો ઘડીમાં મારા બંધુઓના દુઃખોની સ્મૃતિ એ આનંદને ભસ્મ કરી દેતી હતી, પરંતુ એ વિચાર પરંપરામાં લીન બનેલા મને ન્હોતું રહ્યું ભાન કે સંધ્યાનું સુંદર સ્વરૂપ બદલાઇ તે જગ્યાએ અંધારી રાત આવી ગઇ હતી. પક્ષીઓના કિલકિલાટ ધ્વનિ બંધ થયા હતા, મારા આત્માને પણ નિરાશાના આવરણો ઢાંકવા માંડયા હતાં, એ નિરાશાના આવરણથી દુઃખી થતો આત્મા પોકારી ઉઠયો,

"હે પ્રભો! શું ત્યારે મારા બંધુઓને હું કંઇ પણ માર્ગદર્શક નહિ બની શકું? શું મારી ઇચ્છાઓ પાર નહિ પડે?"

જંગલમાંથી તેના જવાબ રૂપે ગયળી અવાજ આવ્યો,

"તારો એ અધિકાર નથી, તારામાં એ લાયકાત નથી."

આવા ગયળી જવાબથી દિગ્મૂઢ બનેલા મને દિશાઓ શૂન્યકાર જણાઇ, હું મને પોતાને ભુલી જતો હોઉં એમ લાગ્યું છતાં પણ કંઇક શાંતિ પ્રાપ્ત કરી પુનઃ હું બોલ્યો! "શું મારો અધિકાર નથી? શું હું લાયક નથી? હે દેવ! મારો આત્મા ચીરી તપાસી જુઓ કે મારા અણુએ અણુમાં મારા સમાજના હિતની ભાવના ભરી છે કે નહિ? વધારે શું કહું? આપની ખાત્રી માટે મારા પ્રાણ અર્પવા પણ તૈયાર છું"

પુનઃ જવાબ આવ્યો,

"વત્સ! તારામાં ભાવનાઓ ભરી છે, તે હું જાણું છું, પરંતુ એકલી ભાવનાઓ કાર્યસિદ્ધિ નથી કરી શકતી, તારા ઉદ્યમમાં ખામી છે, તારા નિર્જીવ પ્રયત્નો તારી ભાવનાઓ ખીલવી શકતા નથી, અને તેથીજ કહું છું કે તું હજુ લાયક નથી."

મેં ગદ્‌ગદ કંઠે કહ્યું, હે પરમોપકારી પ્રભો! તમારૂં કહેવું અક્ષરશઃ સત્ય છે, હું આજેજ મારી નિદ્રા ઉડાડી મારા પ્રયત્નોને ભગીરથ સ્વરૂપમાં જનતા સમક્ષ મૂકું છું, અને આપની પાસે પ્રતિજ્ઞા કરૂં છું કે મારૂં કામ પૂર્ણ કરી પુનઃ એક વાર આ જંગલમાં આવી આપના મધુર કંઠે સાંભળીશ કેઃ-

"તારો અધિકાર છે, તું લાયક છે."

"પ્રભો હું જાઉં છું."

પુરિસા ! સચ્ચમેવ સમભિજાણાહિ ।
સચ્ચસ્સ આણાએ સે ઉવટ્ઠિએ મેહાવી મારં તરઇ ॥

(આચારાંગ સૂત્ર.)

પ્રબુદ્ધ જૈન.

શનીવાર, તા૦ ૩-૬-૩૩.

સિદ્ધાંતની સમાધાની ન હોય.

છેલ્લાં કેટલાંક વર્ષોથી જૈનોમાં કલહનાં બીજ રોપાયાં છે. એ બીજ રોપનાર સમાજ શત્રુ ભાગવાન કોણ છે એ હવે વિવાદાસ્પદ રહ્યું નથી. એ કલહે ઘર ઘરની શાંતિનો ભંગ કર્યો છે અને સમાજની પ્રગતિ થંભાવી નાંખી છે. એ કલહથી બે પક્ષો પડયા છે. એક પોતાને સોસાયટી પક્ષ કહેવડાવે છે અને બીજાનું નામ આપવામાં આવે છે સંઘપક્ષ. એક છે સુધારાવાદી પક્ષ, બીજો છે પ્રગતિવિરોધક પુરાણવાદી પક્ષ. એક માને છે પીળાં વસ્ત્રોમાં જ પ્રભુતા, એને પીળાં ભેખધારીઓ વધારવા છે. એ વધારતાં પિતા માતાઓ રઝળે, પ્રિયતમા પતિસૂની બની પોક મૂકે, નહાનાં બાલુડાં છત્ર ગુમાવી બેસી અનાથ થઇ જાય, એની એને ચિંતા નથી. એ પીળાં વસ્ત્રધારીઓની જમાતમાં પાખંડ પેસી જાય, અનાચારીઓનાં જુથ વસે, સાધુના આચાર વિચાર પળાય નહિ, એ બધું નિભાવી લેવા તૈયાર છે. કોઇપણ ભોગે, કોઇપણ સંસ્કારના માનવો ભલે મળે, માત્ર એને સંખ્યા વધુને વધુ એકઠી કરવી છે. એને છે એટલો સંખ્યામોહ. એ લોકો ધર્મની સેવા બજાવે કે નહિ એની એને ચિંતા નથી.

બીજો પક્ષ આ પરિસ્થિતિ સામે લાલ આંખ રાખી રહ્યો છે. એને સાધુઓની સામે વિરોધ નથી, પણ એને સાચા સાધુઓ જોઇએ છે. લબાડ ને અનાચારીઓ સાધુના સ્વાંગની પાછળ છૂપાઇને સમાજને અવળે રસ્તે દોરે એ વસ્તુ એ મીટાવવા ચાહે છે. એને સંખ્યા સમૃદ્ધિનો મોહ નથી. ભલેને આંગળીને વેઢે ગણાય એટલાજ સાધુ રહે. પણ એ સાધુઓ સાચા ત્યાગીઓ હોવા જોઇએ. આ એની માન્યતા છે, અને એથી એ વાણીનાં શસ્ત્ર ઉગામે છે અસાધુતાના વિનાશાર્થે. એ કર્તવ્ય આદરે છે સાધુઓની શુધ્ધિ અર્થે. એ ચેતવે છે ધર્મમાં પેસી ગયેલા દંભની સામે. બાળમૂંડન પ્રવૃત્તિનો આ પક્ષ વિરોધી છે. કુદરતના આંગણે ખેલતા બાળકોનો વિકાસ થવા દેવો જોઇએ. સંસારી ફરજે એ બાળકોને બજાવવા દેવી જોઇએ. સંસારને એમને પૂરો જાણી લેવા દેવો જોઇએ. એ પછી એને વૈરાગ્ય આવે તો ભલે આવે. એ વૈરાગ્ય અપરિપક્વ નહિ હોય, એ વૈરાગ્ય અજ્ઞાનનો નહિ હોય. એ વૈરાગ્ય તૃપ્તિનો હશે. એ વૈરાગ્ય સમજપૂર્વકનો હશે. પણ લોભ ને લાલચોમાં ફસાવીને, બાળસાધુઓની સંખ્યા વધારીને ચેલાધન ઘેલા સાધુઓના અત્યાચારોમાં આ પક્ષ માત્ર સાધુ સમાજનો જ નહિ પણ જૈન સમાજનો નાશ ભાળે છે. એ વિનાશનાં ઝેર સમાજ શરીરમાં ન ઉતરે, એની એ કાળજી રાખી રહ્યો છે.

આમ આ બન્ને પક્ષ વચ્ચે અથડામણ થઇ રહી છે. દર અઠવાડીએ એનાં તિરંદાજો વાણીમાં શર સંધાન આદરે છે. અને સાચું ત્રાજવું દરપળે વધુને વધુ સુધારવાદી પક્ષે નમતું જાય છે. દરપળે એમનો વિજય થઇ રહ્યો છે. છતાં પોતપોતાના પક્ષને મજબૂત કરવાના પ્રયાસો બન્ને પક્ષમાં થઇ રહ્યા છે. અને કલહ ઘટયો નથી.

એ અરસામાં સુધારક પક્ષને વડોદરા સ્ટેટ ધારાસભાનો સાથ મળ્યો. ખાસ કરીને જે મુદ્દા માટે જૈન સમાજ બે વિભાગોમાં વિભકત થયો છે, એ અયોગ્ય દીક્ષાને અટકાવનારો અને શુધ્ધ દીક્ષાનો પોષક વડોદરા સ્ટેટ ધારાસભામાં કાયદો પસાર થયો. વડોદરા સ્ટેટ એટલે અયોગ્યદીક્ષાઘેલા માનવીઓને સાનુકૂળ સ્થળ. આવા સ્થળમાં જ્યારે ઉપરોક્ત કાયદો ઉપસ્થિત થયો એટલે તેમની પ્રવૃત્તિ ઉપર સખ્ત ફટકો પડયો. કોઇ પણ ઉપાયે એ કાયદાને દફનાવવા માટેના પ્રયત્ન થયા. છેક જ્યારે દરેક પ્રયત્નમાં નિષ્ફળતા સાંપડી ત્યારે સામુદાયિક ફર્મનું તૂત ઉભું કરી તેના નિવારણ માટે અમુક સાધુઓ પાસે ઉપવાસો કરાવ્યા. તેની જાહેરાત કરી. પણ તેનું ફળ જ્યારે કશું દેખાયું નહિ ત્યારે સમાધાનની વાત આવી છે. રૂઢિચૂસ્તો અને ભદ્રંભદ્રો જ્યારે દરેક પ્રકારના પ્રયત્નોમાં નિષ્ફળ નિવડે છે, ત્યારેજ સમાધાનના સૂર છોડેછે.

કેટલાક માણસો બન્ને પક્ષના મોવડીઓને–એક તરફે રામવિજયજી અને સાગરાનંદજીને અને બીજી તરફ વિજય વલ્લભસૂરિજીને–એકત્રિત કરવા પ્રયત્ન કરેછે. જો આ બાબત તરફ કોઇપણ જાતની ચાલબાજી ન હોય. અને કેવળ પ્રમાણિકપણે શાસન, ધર્મ અને સમાજની ઉન્નતિની ઈચ્છાથીજ સંપ માટેના પ્રયત્ન થતા હોય તો તે ઇચ્છનીય છે. એમનો એ પ્રયત્ન સફળ હો. જૈન જગતમાંથી કલહ અદૃશ્ય હો. એ અમારી ભાવના છે.

સમાધાનીની શર્તો કે વિચારણા ગમે તે હોય પણ સિધ્ધાંત ની બાંધછોડ ન હોઇ શકે. સિધ્ધાંત જતા કરવા પડે, સાચનો માર્ગ છોડી દેવો પડે તો સમાધાની ન થાય એ નિભાવી લેવાશે; પણ કલહ મિટાવવા જૈનોનું અકલ્યાણ કરવાનું કે એ પરત્વે ચૂપ રહેવાનું પાતક આપણે ન વ્હોરીએ.

સુલેહ જોઇતી હોય, સુલેહ થવા દેવી હોય તો ધર્મના નામે ભોળી જનતાને ઠગવાનું બંધ કરો. સાધુ સંખ્યાનો મોહ છોડી દો. સાધુતાના દંભની પાછળ શયતાનીયત આચરવી રહેવા દો. ચારિત્ર શુધ્ધ ન રાખી શકો એમ હો તો પ્રતિષ્ઠામાં પુળો મૂકી સંસારમાં ભળી જાઓ. જુઠ છોડો, કાવત્રાં ત્યાગો અને આત્માની વિશુધ્ધી આદરો–તો સુલેહ દૂર નથી, તો જૈન જગતની તમે સારી સેવા કરી શકશો. તો તમે સાધુતાના નામે ભેળવેલું 'લુણ' હલાલ કરી શકશો.

આકી જગતે કદી જોયું નથી કે ધર્મે પાખંડ સાથે સુલેહ કરી હોય ! સાધુ ને શયતાન હાથ મીલાવી રાખ્યા હોય ! એ કદી બન્યું નથી. એમના રાહ જુદા છે. સિધ્ધાંત એ સત્યવાદીનું જીવન સર્વસ્વ છે. જીંદગીની સમાધાની થઈ શકે પણ સિધ્ધાંતની સમાધાની ન હોઇ શકે !

સામાજિક વાયરા

મહુવા—દુર્લભદાસ નાનચંદ લખી જણાવે છે કે તમારા તા. ૨૦-૫-૩૩ ના અંકમાં 'સામાજીક વાયરા' ના હેડીંગ નીચે જ્ઞાતિ ચર્ચા નામના સમાચાર પ્રગટ થયા છે. તેમાં મારા સંબંધી લખવામાં આવ્યું છે. તે માટે ખુલાસો કરવો જરૂરી સમજું છું. સંવત ૧૯૮૩ ની સાલથી મારી પડતીના પગરણ મંડાયા. હું બેકાર હાલતમાં આવી પડયો. શેઠ કશળચંદ કમળશીના સંઘ વખતે મારી પાસે ફક્ત પાંચ રૂપીઆની પુંજી હતી. એ પુંજી કયાં સુધી ચાલે? તે પણ ખર્ચાઈ ગઇ. છેવટે શેઠ મોતીચંદ કુંરજી પાસેથી કટકે કટકે લગભગ ચાળીસ-પચાસ રૂપીઆ ઉપાડયા. અને દિવાળી સુધી નભાવ્યું. પછી બહુજ મુશ્કેલી નડી. ઘરમાં એક મીઠાનો કાંકરો પણ નહતો. આવી ખરાબ સ્થિતિમાં મુનિશ્રી કપુર વિજયજી ઉપર મારી ખરાબ હાલતનો કાગળ લખ્યો. તે વખતે તેઓશ્રીનું ચાતુર્માસ ભાવનગર હતું. મારૂં કાર્ડ જે વખતે મુનિશ્રી પાસે પહોંચ્યું તે વખતે તેઓશ્રી પાસે શેઠ કુંવરજી આણંદજી તથા ન્યાયાધીશ જીવરાજભાઇ બેઠા હતા. મુનિશ્રીએ તેઓને મારૂં કાર્ડ આપ્યું. તેમણે વાંચીને મારા ઉપર રૂા. ૨૫) નું મનીઓર્ડર કર્યું અને બરી હકીકત માંગી. મેં તે બધી હકીકત લખી. તે રૂપીઆથી ઘરમાં જોઇતી ચીજો લાવ્યો અને સારી ચીજો બધી વેચી નાંખી મારૂં ગુજરાન ચલાવવા લાગ્યો. ત્યારબાદ અમારા લોંકાગચ્છના શેઠના ઘરમાં છોકરાની વહુ ગુજરી ગઇ અને તે છોકરો મોળો હતો એટલે તેના પાંચ રૂપીઆ ખર્ચે તોજ કન્યા મળે તેમ હતું. મેં અમુક ગૃહસ્થો સાથે મારી નાની છોકરી માટે કહેવડાવ્યું કે રૂા. હજાર આપે તો હું મારી નાની છોકરી આપવા ખુશી છું. પરંતુ કંઇ જવાબ મળ્યો નહિ. ત્યારપછી અમારા ગોળમાં મહુવા પાસે તાલીઢા કરીને ગામ છે, ત્યાં એક મૂરતીઓ એક આંખે આંધળો, વરણે શ્યામ છતાં ત્યાં આપવાની ઇચ્છાથી ઘણો પ્રયાસ કરતાં ત્યાં પણ બંધ બેઠું નહિ. આમ ગોળમાં કોઇ ઠેકાણે પત્તો ન ખાવાથી મેં ગુજરાત તરફ નજર કરી, અને નવસારીનો એક મૂરતીઓ ધ્યાનમાં આવતાં ત્યાં રૂપીયા પાંચ હજારથી નક્કી કર્યું. પાંચસો રૂપીઆ પહેલા લીધા અને મારી જેની જોડે લેવડદેવળ હતી તે બધી ચુકાવી દીધી. ત્યાર પછી લગ્નમાં લગભગ હજારેક રૂપીઆનું ખર્ચ થયું. બસોએક રૂપીઆનું બીજું ખર્ચ થયું. આમ આઠસોક રૂપીઆ બચ્યા. તેમાંથી ત્રણ હજાર રૂપીઆ ભાવનગર સ્ટેટ બેંકમાં મૂકયા છે. તેનું વ્યાજ દર વરસે રૂા. ૧૨૦) મળે છે, અને આઠસો રૂપીઆ બીજે ઠેકાણે મૂકયા જેનું વ્યાજ વરસે છત્રીસ રૂપીઆ આવે છે. આમ એકસો ને છપ્પન રૂપીઆની વાર્ષિક આવક છે. અત્યારે મારી વૃદ્ધાવસ્થા છે—લગભગ સડસઠ પૂરાં થઇ અઠસઠમું વર્ષ બેઠું છે. આંખે સૂજતું નથી, કાને સંભળાતું નથી, એટલે કામ ધંધો કરી શકું તેવી સ્થિતિમાં નથી અને લગભગ દોઢસો રૂપીઆનું વાર્ષિક ખર્ચ છે. આ મારી કર્મકથા છે. મારે માટે હમણા ત્રણ દિવસથી મહાજન ભેગું થાય છે. કદાચ મને ન્યાત બહાર પણ મૂકે. આ બીકથી મારૂં શરીર ક્ષીણ થતું જાય છે.

[ભાઈ દુર્લભદાસની કર્મકથની દુઃખથી ભરપૂર છે. કયા સંજોગોમાં પોતાની પુત્રીને તેમણે વેળા બહાર આપી તેનો પણ ખુલાસો કર્યો છે. એટલે ન્યાતના આગેવાનોની સ્પષ્ટ ફરજ છે કે આ બાબતને અહિંથીજ પડતી મૂકે.]

શિરોહી—બરેડીવાલી બેન જડાવ, કે જે 'પ્રબુદ્ધ જૈન'થી પ્રસિદ્ધ થઇ ચુકી છે. તેને સુરત શ્રાવિકાશ્રમવાળા વાલી બ્હેનને સુપ્રત કરેલ છે. એટલે હવે તેની વિશેષ ચિંતા કરવા જેવું નથી. એક જડાવ બ્હેન જેવી બીજી બ્હેન બામણવાડાજીની પાસેના ગામમાં રહે છે. તેની સ્થિતિ પણ જડાવ જેવીજ છે. તેને પણ વાલી બ્હેનને સુપ્રત કરવાનો પ્રયત્ન થઇ રહ્યો છે. એ ખુશી થવા જેવું છે, કે પ્રબુદ્ધ જૈનના પ્રયાસથી સમાજની હમદર્દી આવી બ્હેનો સંબંધી ખેંચાઇ છે કે જે અનેક જડાવોને આશિર્વાદ સમાન નીવડશે.

ભાવનગર—આચાર્ય શ્રી તેમિસૂરિજી, આચાર્ય શ્રી ઉદયસૂરિજી, નંદનસૂરિજી વગેરે સૂરિ પ્રવરોનું ચાતુર્માસ અત્રે નક્કી થયું છે. વર્ષો પછી ભાવનગરમાં સૂરિજીનું આગમન થવાથી લોકોમાં અપૂર્વ ઉત્સાહ આવ્યો છે. એ ઉત્સાહનો પ્રવાહ જો યોગ્ય રીતે વાળવામાં આવે તો સમાજને એ ઉત્સાહ ઘણોજ ઉપયોગી થઈ પડશે. નવકારશી, ઉજમણાં, ઉપધાન, સંઘ અને નવા દેવમંદિરોમાં પૈસાનો વ્યય ન કરાવતાં જો સમાજની કેળવણી પાછળ સૂરિજી પોતાનું લક્ષ્ય ખેંચશે તો જરૂર સમાજ, શાસન, અને ધર્મની સેવા બજાવી શકશે.

અંધેરી—અત્રે સોસાયટીના કેટલાક માણસોનું સંમેલન મળ્યું હતું. જેમાં જૈન જ્યોતિના અધિપતિ ભાઇ ધીરજલાલ ટોકરશી, ચીમનલાલ કડીઆ વગેરે જાણીતા સદ્ગૃહસ્થોએ હાજરી આપી હતી. સંમેલનનું પ્રયોજન વડોદરા સ્ટેટ ધારાસભામાંથી દીક્ષા એક્ટ પસાર થયા પછીની પરિસ્થિતિ વીચારવાનું હતું.

સમાધાન—સંભળાય છે કે મુંબઇ, પાટણ, વડોદરા, દેહગામ, ખંભાત અને સુરતથી સમાધાન માટે કાસદોની દોડધામ ચાલુ થઇ રહી છે. પરંતુ સમાધાન માટે તો કેટલાય અવસર પસાર થઇ ગયા, છતાં સમાધાન થયું નથી. અને હવે જ્યારે ધારાસભામાંથી દીક્ષાનો કાયદો પસાર થયા પછી સમાધાનની બાંગ પુકારવામાં આવે છે, ત્યારે એ સમાધાન પાછળ કોઇ ભયંકર મુત્સદ્દીગીરીના દાવ ખેલાઇ રહ્યા હોય તેમ માનવાને મજબુત કારણો ઉપસ્થિત થાય છે. લાગતા વળગતાઓ ચેતીને ચાલે!

જૈન પોલીટીકલ કોન્ફરન્સ—સંભળાય છે કે વડોદરા સ્ટેટને દમદાટી આપવા માટે કેટલાક રામભક્તોએ પોલીટીકલ કોન્સરન્સ નામનું એક નવું તૂત ઉભું કર્યું છે. જેમાં પચીસ હજાર રૂપીઆ ભેગા કરી ચારસો વોલંટીયરોને સત્યાગ્રહ માટે તૈયાર કરવાની મુરાદ જાહેર પાડી છે. આવી દમદાટી એક સ્ટેટને આપવી એ બાલીશતા છે, કારણ કે વડોદરા સ્ટેટ આવી દમદાટીથી કદિ પણ નમતું નહિ મૂકે. સુધારવાદી સામે આવા વિરોધોનો ડગલે ને પગલે ખડા થાય છે, સર સયાજીરાવને એવા ઘણા અનુભવો થયા છે, એવા વિરોધોને અવગણીને પણ એ નામદારે જનતાનું હિત લક્ષ્યમાં રાખી સુધારાનો અમલ કર્યો છે.

આવા એક અગ્રગણ્ય સુધારકવાદી રાજવીને સત્યાગ્રહની દમદાટી આપવી એ હાસ્યાસ્પદ છે તેટલુજ દયાજનક છે, કારણ કે તે કહેવાતી સેનાના કમાન્ડીંગ ઓફીસરો રામ સાગરો છે.

અમર અરવિન્દ.

જૈન યુવાનોને આદર્શ અર્પતી નવલિકા.

અન્તે યુવક સંઘની ઉજ્વળ કારકીર્દી રૂપ અરવિંદ પકડાયો.

આપણા નગરનો માનવ સમુદાય ખળભળી ઉઠયો. છતાં અરવિંદની માતા સુશીલા બહાર ધીર ગંભીર હતી. તેના હૃદય માં ઉંડે ઉંડે વેદનાના ભડકા ઉઠતા હતા. છતાં એ વીર માતા હતી. અજબ ધૈર્યથી તેણે શાન્તિજ ધારી રાખી.

સુશીલાનું આવું વર્તન જોઇ લોકો માંહોમાંહે વાતો કરવા લાગ્યા. "અરવિંદ પકડાયો, પણ સુશીલાને લાગે છે કાંઇ? જાણે એનો દીકરોજ નહિ. કહે છે કે અરવિંદને દેહાંત દંડની શિક્ષા પણ થાય. આવી વાત છે, છતાં સુશીલાને તો જાણે લાગણીજ નથી."

સમાજ તો વહેતી સરિતાનાં નીર. એ તે ખાલ્યાં ખળાતાં હશે?

એ અલ્પજ્ઞ માનવોને જન્મદાત્રીના હૃદયની મહત્તાનું મહત્વ ક્યાંથી સમજાય?

માતા તો માનવ-વંશની વેલડીએ જીવનની કુંપળો ખીલવતી એક લતાજ છે ને? બાળકને એ હૈયાના હીરથી પોષે. આત્માનાં અમૃત સીંચતી એ માતાનું હૃદય તો સાગરસમું વિશાળ છે. માતા તો દેવ પાડવી અમૃતનિર્ઝરિણી સરિતા છે. સંસારને માંડવડે પ્રભુતાની છોળો ઉરાડતી એની આંખોમાં અમરતાના પ્રકાશ છે, હૈયા વાટે તો ઉછળે છે અવિરામ વાત્સલ્ય છોળો.

સુશીલા કારાગૃહપાલ પાસે અરવિન્દને મળવાની રજા લેવા ગઇ. વીરપુત્રની વીર પ્રસૂતાને જોઇ એ સહૃદય કારાગૃહપાલની આંખોમાં ઝળઝળીયાં આવ્યાં તે બોલ્યો, "માતા! તહારો અરવિંદ તો અરવિંદજ છે. એ સાચો વીર છે, તારૂં દૂધ એણે ઉજાળ્યું છે."

અરવિંદ સાચેજ નગરનું ચેતન હતો—નગરનું નૂર હતો. દેશ સેવાર્થે મૃત્યુના કાળ-જડબામાં એણે હાથ ઘાલ્યો હતો, જીવનને સફળ કરવા.....

સુશીલા અરવિન્દને મળી. માતાને જોઇ અરવિન્દના નયનો નાચી ઉઠયાં. તે બોલ્યો.

"બા? તું આવી? અન્તે મ્હારા અંતરની અભિલાષો અને તહારી પ્રાર્થનાઓ ફળી. આજે દેશને માટે હું લોખંડી સળીયા પાછળ પૂરાયો એ જાણી તહને આનંદજ થશે."

સુશીલાના મુખપ્રદેશે વિષણ્ણતાની રેખાઓ ખેંચાઇ. આરસની પ્રતિમાવત્ નિસ્તબ્ધ ઉભીજ રહી. તહેણે રચેલા આશાના મિનારાઓ તૂટી પડયા. તહેની સ્નેહકિરણો વર્ષાવતી આંખમાં આંસુ ઉભરાયાં, પરન્તુ અરવિંદ ન જુએ તેમ તહેણે નિજ પાલવ છેડલાથી લૂછી નાખ્યાં.

એક અનુચર અરવિંદ માટે લોખંડની થાળીમાં ખાવાનું લાવ્યો. એ થાળીમાં હતાં જુવારનો રોટલો અને ભાજી.

સુશીલાના મનમાં આ જોઇ ઝાળ ઉઠી. મિષ્ટાન્ન વિના જે અરવિંદ જમતો પણ નહિ તેને આવાં કદાન!" એ વિચારે સુશીલાનું સ્નેહાળ હૈયું રડી ઉઠયું.

એ લોખંડી થાળી પોતાની પાસે ખેંચી મંદ સ્મિત કરતાં અરવિંદ બોલ્યોઃ—

"બા! અમારા મિષ્ટાન્નનો જરા સ્વાદ તો જો! જાણે કે દેવ-આજ્ઞાએ નિજ અમૃત સ્રાવિયાં હાથે અમૃત સિંચ્યાં. જરા પ્રસાદ તો લે."

સુશીલાએ કાંઇક નિશ્ચય કર્યો. હાથ લંબાવી જુવારના રોટલાનો કકડો લઇ સાડીના છેડે બાંધ્યો.

(૨)

સુશીલા ઘેર ગઇ. અરવિંદના જેવું જેલજીવન નગરમાં રહીને ગાળવાનો દૃઢ સંકલ્પ કર્યો.

જુવારનો જાડો ભરડો રોટલો અને ભાજી એ એનો આહાર, તૂટેલી સાદડી એ એની શય્યા.

જેલ-જીવનના આકરા અનુભવોના અખતરા સુશીલાએ નગરમાંજ આદર્યા.

જેલના બધા રાજદ્વારી કેદીઓએ અન્ન ત્યાગ કર્યો છે. તે જાણતાં સુશીલાએ પણ ઉપવાસ કરવા માંડયા.

અરવિંદના કેસનો નિકાલ થતાં પૂર્વજ સુશીલા તહેને મળવા ફરી જેલમાં ગઇ.

અરવિંદના મુખ ઉપર દેશ પ્રેમની જ્યોત ઝળહળતી હતી. સુશીલાના દર્શને એમાં અનેરાં ઓજસ ભળ્યાં. તે બોલ્યો, "બા! તું તો ખરી! કેટલા દિવસ ઉગેને આથમે તું દેખાઈ! અને શરીરમાંની સ્ફૂર્તિ ક્યાં છે? શરીર કેટલું સૂકાઇ ગયું?"

"અને તું કેટલો સુકાયો, અરવિંદ!" સુશીલાએ ઉભરાતી વાત્સલ્ય ઉર્મિથી અરવિંદના ગાલ ઉપર હાથ ફેરવ્યા.

અરવિંદ ખડખડાટ હસ્યો. પાષાણની દિવાલોએ તહેનો હાસ્યનો પડઘો પાડયો.

"વાહ, વાહ! પરીક્ષક તો ઠીક છે તું! બે માસમાં તો બાર પૌંડ વજન વધ્યું." અરવિંદ બોલ્યો.

સુશીલાએ કારાગૃહપાલ તરફ પ્રજ્ઞાર્થક દૃષ્ટિપાત કર્યો.

તેણે માથું હલાવી, 'હા' પાડી.

સુશીલાએ પાલવ ઢાળી પ્રભુને પ્રાર્થના કરી.

"હે દેવાધિદેવ! મારા અરવિંદને તું અમર કરજે!"

(૩)

અન્તે કેસનો ચૂકાદો થયો. અરવિંદને કોઇ આરોપ ઘડી કાઢી દેહાંત દંડની શિક્ષા કરી.

માતા અને પુત્રનું એ છેલ્લું મિલન હતું.

"બા! શોક મા કર! શું તું ભૂલી ગઇ કે મૃત્યુ તો પાર્થિવ જગતમાં અનિવાર્ય છે?"

સુશીલાએ અરવિંદને હૃદયસરસો ચાંપ્યો. એના કપોલને ચુંબનની ઝડીઓ વર્ષાવી. આંસુઓની ઉષ્ણ ધારાએ તે અરવિંદના શિર પર અભિષેક કરતી હતી. માતાના આંસુની ઉષ્ણતાએ તો હિમાદ્રીઓ પિગળે; અરવિંદનું કોમલ હૃદય દ્રવ્યું, પરંતુ મનોનિગ્રહ કરી તહેણે ચિત્તવૃત્તિ પલટાતી અટકાવી.

ધર્મસાગરજીની તપશ્ચર્યા !!

તેમનાં પરાક્રમોની પરંપરા.

જામ સરકારનો મનાઈ હુકમ અને સંઘનો ઠરાવ.

(લેખકઃ-મહાસુખભાઇ ચુનીલાલ-વીસનગર)

વડોદરા રાજ્યની ધારાસભાની તા. ૧૬-૫-૩૩ની બેઠક માં સંન્યાસ દીક્ષાનિયામક નિબંધનો મુસદ્દો પસાર થવાથી છંછેડાઇ સામુદાયિક પાપની નિર્જરાના બ્હાના નીચે તા. ૧૮-૫-૩૩ થી વડોદરામાં ભરતવિજયે અને તા. ૨૧-૫-૩૩ થી છાણીમાં છેદસૂત્રો આચાર્ય સાગરાનંદસૂરિના પ્રશિષ્ય ધર્મસાગરે સોળ ઉપવાસ શરૂ કર્યા છે. ભરતવિજયજીની ઓળખાણ પંચ મહાવ્રત ભંગ કર્યા સંબંધીની મેજીસ્ટ્રેટની ટીકા સાથે મેં ગયા લેખમાં કરાવી છે અને તેવાજ મુદ્દાની પણ જુદા પ્રકારની ઓળખાણ આ ધર્મસાગરની હોવાથી તે વાંચકો આગળ રજુ કરું છું:—

આ ધર્મસાગરનું સંસારી નામ મુળચંદ નહાલચંદ હતું. તે સિધ્ધપુર તાલુકાના ઉનાવા ગામના વતની છે. પ્રથમ પોતાના માત્ર નવ વરસના કુમળા છોકરા મોતીલાલને દીક્ષા આપવા માટે જામનગરમાં સાગરાનંદ પાસે લઇ ગયા. તા. ૨૭-૬-૨૯ સંવત ૧૯૮૫ ના જેઠ વદ ૫ ને ગુરૂવારે સવારે દીક્ષાનો દિવસ નકકી કર્યો. પરંતુ જામનગરમાં તેમના વિરૂદ્ધ એટલી બધી કડવી લાગણી ફેલાઇ ગઇ કે સંઘમાં તથા સરકારમાં ઠામઠામ તિરસ્કાર થવા લાગ્યો. જામનગરના સંઘે ઠરાવ કર્યો કેઃ—

"મહારાજશ્રી આ દીક્ષા અટકાવે, અને તેમ નહીં કરે તો સંઘે મહારાજશ્રીના હંમેશના વ્યાખ્યાનમાં હાજરી આપવી નહીં. મનાઇ છતાં વ્યાખ્યાનમાં જે કોઇ જાય તેમને સંઘની આણ છે."

જામ સરકારમાં થયેલી અરજી ઉપરથી સરકારે સાગરાનંદ ને ખબર આપી કે "તમારે અહીં ૨૧ વરસની ઉંમર અંદર ના સગીરોને દીક્ષા આપવી નહી. તેમજ સંઘમાં વિક્ષેપ થાય તેવી પ્રવૃત્તિ હાથ ધરવી નહી."

આ બાબતની સાગરાનંદના ભકતોની કબુલાત પણ સરકારે લીધેલી.

આ પ્રમાણે સરકાર અને સંઘ વિરૂદ્ધ પડવાથી સાગરાનંદસૂરિની મુરાદ બર આવી નહી તેથી તે છોકરાને અને તેનાં સગાંને યુક્તિ પ્રયુક્તિથી ત્યાંથી ખસેડી ઉનાવા લઇ જવાના બ્હાને વીરમગામથી પરભારા અમદાવાદ લઈ જવામાં આવ્યા અને કપટ જાળથી સગાંને અંધારામાં રાખી આચાર્ય સિદ્ધિવિજયજીએ તેમના ભકતોની મદદથી અમદાવાદમાં મોતીલાલને ઝાંપડાની પોળમાં તા૦ ૭-૭-૨૯ સંવત ૧૯૮૫ ના અશાડ સુદ ૧ ને રવીવારે સવારે દીક્ષા આપી મહોદયસાગર નામ રાખી ચંદ્રસાગરના ચેલા તરીકે જાહેર કરી દીધા. આ મૂળચંદભાઇનું પહેલું પરાક્રમ.

આમ મોતીલાલને દીક્ષા આપાવ્યા પછી જામનગર સંઘના ઠરાવને ઠોકરે મારી મૂળચંદે પોતાની યુવાન પત્ની નામે બાઇ મણી તથા ચાર વરસનો છોકરો અને બે વરસની છોડીને રઝળતાં મુકી તા૦ ૧૨-૧૨-૨૯ ના રોજે જામનગરમાંજ સાગરાનંદ સૂરિની પાસેજ દીક્ષા લીધી. આથી જામનગરના સંઘમાં ઘણોજ કલેશ થયો, જેના પરિણામે સંઘે ઠરાવ કર્યો કે—

"સંઘની રજા શીવાય સાગરાનંદ સૂરિએ મુળચંદને દીક્ષા આપીછે માટે સાગરાનંદ સૂરિને જૈન સાધુ તરીકે માનવા નહીં," આ તેમનું બીજું પરાક્રમ.

આ પ્રમાણે પોતે દીક્ષા લઇ પોતાના સાડા છ વરસના બીજા છોકરા નામે અમૃતલાલને રાધનપુર સ્ટેટના સંખેશ્વર ગામમાં ભકતોની મારફત લાવી યાત્રિકોના સખ્ત વિરોધ હોવા છતાં બાળ દીક્ષાના એડવોકેટ અને છેદસૂત્રી સાગરાનંદ સૂરિએ સંવત ૧૯૮૮ ના માગશર વદ ૧૦ ની મધ્યરાત્રીએ દીક્ષા આપી જેના પરિણામે મારામારી અને પુષ્કળ ધમાલ થઇ હતી. આ તેમનું—ત્રીજુ પરાક્રમ.

એ રીતે મૂળચંદે પોતાના બીજા છોકરા અમૃતલાલને દીક્ષા અપાવી. હવે બાકીમાં તેમના ધર્મપત્ની બાઇ મણી અને એક નાની છોડી છે. ઉનાવામાં બધાં કુટુંબી જનો વિરૂદ્ધ હોવાથી તેમને મેસાણામાં અયોગ્ય દીક્ષાના હીમાયતીઓએ રાખેલી છે. તે બાઇ મણીની સહીથી (મણી અંબાલાલ મેસાણા) તા. ૨૦-૪-૩૨ના સાંજ વર્તમાનમાં જંબુસરની બેન સરોજ-

---

માતાનાં આંસુ લૂછતો અરવિંદ ગંભીરતાથી બોલ્યો, "બા, જીવનની સર્વ તપશ્ચર્યા હારે હારાં આંસુઓથી ધોઇ નાખવી છે શું?"

"ના, અરવિંદ! ના!" સુશીલા રડતી હતી, "પણ તારૂં શું થશે?"

"શું થવાનું છે!" અરવિંદના મુખે ગંભીરતાની છાયા પથરાઇ. "આવતી કાલે અરૂણના ઉજાશ પૂર્વે હું ફાંસીના માંચડે ચડીશ. બીજું શું થવાનું છે? બા! ગયા વર્ષે આપણો પાડોશી આનન્દલાલ શાથી મરી ગયો?

"સમજી, અરવિંદ હું સમજી, તારૂં મૃત્યુ તો વીરોચિત સજ્યું છે." શાન્ત સ્વરે સુશીલા બોલી.

"આવું વીરોચિત મૃત્યુ તે તુજ પુણ્યે લાધ્યું મને, તું રોજ આશીષ આપતી મ્હને, "અમર થજે, અરવિંદ! "અરવિંદ! અમર થજે, બેટા!" સુશીલાએ આશિર્વાદ આપ્યો.

"દેશ માટે દેહનાં દાન, એનાથી માનવ જીવનની બીજી શું સાર્થકતા હોય? "અરવિંદ માતાને પગે લાગીને બોલ્યો.

સુશીલાએ અરવિંદના વદનને નિહાળી નિહાળીને જોયું. તેના મસ્તકે વાત્સલ્યથી હાથ ફેરવ્યો; અને આશીષ આપી. "ઇશ્વર તને અક્ષય કીર્તિ આપો. પ્રભુ તને અમર પદ આપો. "ઘેલી છે બા! તું તો?" અરવિંદ ખડખડાટ હસી પડયો.

મૃત્યુ આરે રમતા દેવકુમાર શા અરવિંદને માતા અતૃપ્ત નયનોએ જોઇ રહી.

કારાગૃહપાલે કહ્યું, "માજી! મુલાકાતનો સમય કયારનોયે થઇ ગયો."

સુશીલા નગરમાં ગઇ, પણ તેણે મન તો કારાગૃહમાંજ મૂકી દીધું.

ઉષાના અજવાળા પૂર્વે અરવિંદનો આત્મા અમર સ્વાતંત્ર્યમાં વિરમી ગયો.

માતાના આશીર્વચને અરવિંદ હજીયે અમર છે.

"મયૂર"

શાસનપ્રેમીનું ભયંકર કાવતરું.

એક મુનિને ગોચરીમાં આપેલું ઝેર!

સોસાયટી બકતોની ભયંકર અંધતા.

ને શીખામણનો લેખ પણ હતો. (બાઇ આવું લખી જાણતી હોય કે નહીં તે તો જ્ઞાની મહારાજ જાણે) તેમાં તે જણાવે છે કે "હું પણ એજ દીક્ષા માર્ગે જવાની પ્રબળ ઇચ્છાવાળી છું, પરંતુ નાની પુત્રી યોગ્ય ઉમરની થયે જો તેની ઇચ્છા હોય તો સાથે લઇને દીક્ષા લેવા માટે રોકાઇ છું. જો તેમ ન કરું તો તેના બીજા સંસારી સંબંધીઓ મારા જેવું તેનું હિત ન જુએ અને તેની ઇચ્છા ન હોય તો એ સંસારના ખાડામાં ગબડાવી દે એવો મને ભય છે."

આ પ્રમાણે શીખામણ આપવામાં પોતાને તથા પોતાની નાની દીકરીને દીક્ષા આપવાની ભાવના પ્રકટ કરેછે. આ ઉપરથી વાંચકોને ખ્યાલ આવશે કે મુળચંદભાઇ ઉર્ફે ધર્મસાગરજીએ પોતાના કુટુંબની કેવી દશા કરી મુકીછે, તેમનાં પરાક્રમોથી જામનગરના સંઘમાં કુસંપનું ઝેર અને ૬॥ વરસના બાળને અપાયેલી બાળદીક્ષા તથા રાત્રિદીક્ષાથી થયેલું શાસ્ત્ર ઉલ્લંઘન બરોબર પ્રાયશ્ચિતને પાત્ર છે. આ બધું તેમનાજ નિમિત્તે થયેલું છે, એટલે તે પાપો ધોયા સિવાય ચારિત્ર્ય શુદ્ધ થઇ શકેજ નહીં માટેજ તેમની દીક્ષાપાર્ટીનું અને પોતાના કુટુંબની કરેલી દશાનું તથા બીજા સગાં સંબંધીઓને કરાવેલાં કલ્પાંતનું પાપ ધોવા અર્થેજ આ સોળ ઉપવાસ આદરેલા જણાયછે. પોતાના પાપ સામું જોવું નહીં અને સામુદાયિક પાપનું નામ મુકી દુનિયાને અવળે માર્ગે દોરવી તે શું દુનિયા સમજતી નથી? વીસનગર, તા. ૨૯-૫-૩૩.

જૈનાચાર્ય શ્રી વિજયવલ્લભ સૂરીશ્વરજીના વિદ્વાન શિષ્ય મુનિરાજશ્રી વિબુધવિજયજી અને વિચક્ષણવિજયજીએ ગત ચાતુર્માસ મદ્રાસમાં કર્યું હતું. તે પ્રસંગે તેઓશ્રીને ફસાવવા માટે બાર વ્રતધારી કે જે દેશ વિરતિઆરાધક સમાજનો સભ્ય છે અને પગમાં જોડા પણ પહેરતો નથી. તેવા એક સોસાયટી બકત શાસનપ્રેમીએ એક સફળ પ્રયત્ન કર્યો હતો. વાત એમ હતી કે આ શાસનપ્રેમી કેટલાય દિવસથી એ વિચારમાં હતો કે કયારે આ સાધુઓ મારે ત્યાં ગોચરી આવે અને હું તેનું કાટલું કરું? પણ એ પ્રસિદ્ધ હતો. મુનીશ્રીને વાંદતો પણ નહિ, તેમની પાસે જતો પણ નહિ. એટલે મહારાજ કદિ તેને ત્યાં ગોચરી જતા નહિ. આમ કેટલાક દિવસ નીકળી ગયા. મહારાજને વિહાર કરવાનો ટાઇમ આવ્યો ત્યારે એક દિવસ સમય જોઇને જ્યારે મહારાજશ્રી સાથે લગભગ તેમના છ સાત મુખ્ય શ્રાવક સાથે હતા, ત્યારે ગોચરી માટે અત્યંત આગ્રહભરી વિનંતિ કરી. મહારાજશ્રી પણ તેના મીઠા શબ્દોની જાળમાં ફસી તેને ત્યાં ગોચરી ગયા, અને એક તરપણી માં દુધ લીધું. મહારાજને ખબર નહોતી અને ગોચરી વિબુધવિજયજી ગયેલા કે જે ત્રણ વરસથી મૌન વ્રતધારી છે, તેમણે કંઇ કહ્યું પણ નહિ. દુધ ઉપાશ્રયમાં લાવ્યા. જ્યારે દુધ પીવા લાગ્યા ત્યારે વિચક્ષણવિજયજીએ કહ્યું કે મહારાજ દુધ ઠીક નથી. તેમણે થોડું પીધું અને બાકીનું રાખ્યું. અને વિબુધવિજયજી બધું પી ગયા લગભગ અર્ધો કલાક નહિ થયો હોય ત્યાં મહારાજને ચકરી આવી. આગેવાનોને બોલાવવામાં આવ્યા. ડોકટરને બોલાવ્યો. ડોકટરે આવી ઉલ્ટી કરાવી તો લીલું લીલું ઝેર બહાર નીકળ્યું. બાકી જે દુધ હતું તેને એક મોટા દવાખાનામાં તપાસ માટે મોકલ્યું, ત્યાં તે તપાસતાં ઝેર મિશ્રિત દુધ સાબીત થયું. એ દુધમાં એક એવો પદાર્થ મેળવવામાં આવ્યે. હતો કે, અર્ધા કલાકમાં બેભાન બેહોશ થઇ જાય. આગેવાનોએ કહ્યું કે આપણે ફેજદારી કરશું. પણ મુનિવરોએ કહ્યું કે ગામલોક આગળ ન વધારો, કારણ કે અમારે અદાલતમાં જવું પડશે, અને તે અમે અમારી મર્યાદા ની બહાર સમજીએ છીએ. ઝેર દેવાવાળાનું ભલું થાય? અમે અગર એ ઝેરથી મરી પણ જાત તો અમારી પાછળ કોણ રોવાવાળું હતું? આવા શાસન પ્રેમીઓથી જૈન સમાજ સાવધાન! પ્રભુ આવા શાસન પ્રેમીઓથી બચાવે.

એક નજરે જોનારના આધારે.

L. T. B. "જૈન"માંથી ઉધૃત.

સ્વીકાર અને સમાલોચના.

મુનિરાજશ્રી વિદ્યાવિજયજી:—(હિંદીમાં સંક્ષિપ્ત ચરિત્ર) લેખક વિદ્યા રત્ન પં. સૂર્યનારાયણજી વ્યાસ જ્યોતિષાચાર્ય વીણા નામના હિંદી માસીકના સન ૧૯૩૩ ના એપ્રિલના અંકમાંથી ઉપરોક્ત સંક્ષિપ્ત ચરિત્ર ઉધૃત કરવામાં આવ્યું છે.

મુનિરાજ શ્રી વિદ્યાવિજયજીથી જૈન જનતા ભાગ્યેજ અજાણી હશે. જ્યાં જ્યાં તેઓશ્રી વીચરે છે, ત્યાં ત્યાં જૈન સમાજ શાસન અને ધર્મની પ્રભાવનાજ થાય છે. તેમની વકતૃત્વ અને લેખક શકિત અજોડ છે. ઇતર દર્શનીય વિદ્વાનો ઉપર પણ તેમની બહુજ સુંદર છાપ છે. જર્મન વિદુષી ક્રોઝે જેવી મહા પ્રતિભા સંપન્ન સુંદરીને જૈન દર્શનનું જ્ઞાન આપી સંપૂર્ણ જૈન બનાવવાનું એમને માન ઘટે છે. આવા એક વિદ્વાન મુનિરાજનું જૈનેતર વિદ્વાન ચરિત્ર લખે એ જૈન સમાજને ગૌરવનો વિષય છે. ચરિત્ર અતિશયોક્તિ વગરનું અને સુંદર છે.

દીક્ષા અને કાનુન:—લેખક મુનિરાજશ્રી સંપત્ત વિજયજી મહારાજ, પ્રકાશક શ્રી વડોદરા જૈન યુવક સંઘ, ઘડીઆળી પોળ, મું૦ વડોદરા.

હાલની દીક્ષાના સંબંધમાં મુનીશ્રીએ ઠીક પ્રકાશ પાડયો છે. અને સાથે એ પણ સિદ્ધ કર્યું છે કે રાજા કાનુન કરે તો તેમાં ધર્મ અને સમાજમાં કશી દખલગીરી નથી, એકંદર નિબંધ વાંચવા લાયક છે.

જૈન જાગૃતિ (માસીક)—તંત્રી ડાહ્યાલાલ મણીલાલ મહેતા અંક ૧ લો વર્ષ ૧ લું, લવાજમ રૂા૦ ૨-૮-૦ છુટક નકલના ત્રણ આના, પ્રકાશક હરખચંદ ત્રિભોવન શાહ ૫૧ સુતારચાલ મું૦ મુંબઈ ૨.

જૈન સમાજમાં નીકળતાં અમુક માસિકોમાં, આ માસિક કંઇક જુદીજ દીશા સૂચવે છે. તેની અંદરનાં લેખો જોતાં એમ જણાય છે કે તેનું ભાવિ ઉજ્વળ છે. કોઇ પણ ગચ્છ, વાડા, કે સંપ્રદાયના મમત્વમાં ન તણાતાં કેવળ નિષ્પક્ષ દૃષ્ટિએ જૈનત્વનેજ ઉદ્દેશીને જો લખવામાં આવશે અને અંકો નિયમિત બહાર પડશે તો જૈન જગતમાં એ અજોડ બનશે. તેના તંત્રીશ્રી ઉત્સાહી અને પ્રખર લેખક છે. તંત્રી મંડળ પણ સારૂં મળ્યું છે. એટલે રા. ડાહ્યાલાલ ધારશે તો આ માસિકને ખીલવી શકશે. અમે જૈન જાગૃતિની સફળતા ઇચ્છીએ છીએ.

નવ નોટીસો—પ્રકાશક મણીલાલ પુલચંદ ઠેકાણું આપવામાં આવ્યું નથી વડોદરાના શ્રી દિવાન સાહેબ ઉપર સાગરાનંદે લખેલ નવ નિવેદનો સંબંધી આમાં હકીકત આપવામાં આવી છે.

દંભનો પૂરખો—પ્રકાશક મંત્રીઓ જૈન યુવક સંઘ મું૦ પાટણ (ઉ. ગુ.) આ નિબંધમાં સાગરાનંદજી સાથે અયોગ્ય દીક્ષાને અંગે શાસ્ત્રાર્થ કરવા જે પ્રજ્ઞાક્ષીય (!) કમીટી તરફથી આમંત્રણ કરવામાં આવ્યું હતું, તેના સંબંધમાં ભાઇ કેશવલાલ મંગલચંદ શાહ દંભના પૂરખાને દૂર કરે છે.

નીચેના પુસ્તકો સમાલોચનાર્થે જૈન સસ્તી વાંચનમાળા વાળા ભાઇ અચરતલાલ જગજીવન તરફથી અમોને મળ્યાં છે. આ પુસ્તકો જૈન સસ્તી વાંચનમાળા મું૦ પાલીતાણા (કાઠિયાવાડ) એ શીર્ષનામેથી મળી શકશે.

શ્રી પંચ પ્રતિક્રમણ સૂત્ર—કિંમત રૂા૦ ૦-૧૦-૦ આમાં પંચપ્રતિક્રમણ, તથા વિધિઓ, પચ્ચખાણ વગેરે આપવામાં આવ્યા છે.

શ્રી સ્તવન સંગ્રહ—કિંમત રૂા૦ ૦-૮-૦ જુદા જુદા રસીક સ્તવનોનો આમાં સંગ્રહ છે.

જૈન તીર્થમાળા—કિંમત રૂા૦ ૦-૮-૦ જુદા જુદા મુખ્ય તીર્થોનું વિસ્તૃત વિવેચન કરવામાં આવ્યું છે. યાત્રાએ જનાર બંધુ માટે આ ઘણુંજ ઉપયોગી છે.

નૂતન સ્તવનવલી—કિંમત રૂા૦ ૦-૬-૦ નવીન રાગોવાળા સ્તવનો આમાં સંગ્રહ કરવામાં આવ્યાં છે. ભક્ત હૃદયો માટે આ ઉપયોગી છે.

નિત્ય સ્મરણ સ્તોત્ર સંગ્રહ—કિંમત લખી નથી આમાં નિત્ય સ્મરણ કરવા યોગ્ય સ્તોત્રો અને છંદો આપવામાં આવેલ છે.

વિશ્વરચના પ્રબંધ—લેખક મુનીશ્રી દર્શનવિજયજી કિંમત રૂા૦ ૧-૮-૦ આ પુસ્તકમાં સૃષ્ટિની ઉત્પત્તિ કેમ થઇ, તે સંબંધી ખૂબ વિચારણા કરવામાં આવી છે. તે સિવાય ખગોળ, ભૂગોળ, વિગેરેનું જ્ઞાન પણ આપવામાં આવ્યું છે. એકંદર પુસ્તક ખૂબ ઉપયોગી અને વિચારણીય છે.

દિન શુદ્ધિ દીપિકા અને **વિશ્વપ્રભા**—લેખક મુનીશ્રી દર્શનવિજયજી સંપાદક મુનીશ્રી જ્ઞાનવિજયજી કિંમત રૂા૦ ૨-૮-૦ ટપાલ ખર્ચ અલગ. ઉપરોક્ત પુસ્તકમાં શ્રીમાન્ રત્નશેખરસૂરિ કૃત દિન શુદ્ધિનું ભાષાન્તર આપવામાં આવ્યું છે, તથા લગ્ન શુદ્ધિ સંબંધી પણ લખવામાં આવ્યું છે. જ્યોતિષ પ્રેમીઓ માટે આ ગ્રંથ ઘણોજ ઉપયોગી છે.

પ્રતિભા સુંદરી અથવા **પૂર્વકર્મનું પ્રાબલ્ય**—લેખક રા. અદ્યાયી કિંમત રૂા૦ ૧-૮-૦ પૂર્વકાળની આર્ય મહિલાઓમાં પતિભાસુંદરીનું વિદુષી તરીકેનું સ્થાન અપૂર્વ છે. જ્યોતિષ શાસ્ત્ર ઉપર તેનો સંપૂર્ણ કાબુ હતો. મિહિરની એ અર્ધાંગનાએ અવંતિપતિ વીર વિક્રમાદિત્યની સભાને પોતાના જ્ઞાનના પ્રતાપે છક્ક કરી દીધી હતી. તેનું સવિસ્તર વર્ણન આપવામાં આવ્યું છે. એકંદર પુસ્તક ઘણુંજ મનનીય છે.

ઉપરોક્ત પુસ્તકોની જે કિંમત છે, તેમાંથી પણ કેટલોક ઘટાડો કરવામાં આવ્યો છે. તે સંબંધી પત્રવ્યવહાર જૈન સસ્તી વાંચનમાળા મું૦ પાલીતાણા (કાઠીઆવાડ) એ શીરનામે કરવો.

....અ....વ....ન....વા....

—પૂજ્ય મહાત્માજી અગ્નિ પરીક્ષામાંથી સહીસલામત પાર ઉતર્યા છે. જગતના કલ્યાણ માટે તેમને નવું આયુષ્ય મળ્યું છે. પ્રભુ! એમને ચીરંજીવ બનાવ!

—બૌદ્ધ મતના સંગઠ્ઠન માટે બૌદ્ધ ભિક્ષુ સંઘે એકનાથ નામના ઇટાલીયન બૌદ્ધ ભિક્ષુને આગેવાન તરીકે જાહેર કર્યા છે. તેઓ ૮૦ ભિક્ષુઓ સાથે ધર્મનો પ્રચાર કરવા હિંદને ગામડે ગામડે ભ્રમણ કરશે.

—શ્રી શેઠ લાલભાઇ કલ્યાણભાઇ ઝવેરીએ પૂજ્ય મહાત્માજી સાથે એકવીસ દિવસના મૌન ઉપવાસ કર્યા હતા.

—ઓલ ઇન્ડીયા કોંગ્રેસ કમીટીના જનરલ સેક્રેટરી શ્રી. જયરામદાસ દોલતરામને મુંબઇ છોડી હૈદ્રાબાદ (સિંધ) ચાલ્યા જવા અને પરવાનગી વગર પાછા નહિ આવવા નોટીસ મળી છે.

—અલ્વર નરેશને ૪૮ કલાકમાં રાજ્ય છોડી જવા સરકારી હુકમ નીકળ્યો-એ વર્ષ માટે તેઓને રાજ્ય છોડવા ફરજ પડી છે. હાલમાં આબુ રહી તેઓ અમેરીકા જશે.

—યુરોપથી હેરોલ્ડ નામનો એક એકવીસ વર્ષનો યુવાન પગે ચાલી હિંદ આવવા નીકળ્યો છે.

રાણકપુર—દહેરાસરના રંગમંડપમાંથી ૭ મૂર્તિઓના નાક ખંડન કરવા માટે ૭ મુસલમાનોને પકડવામાં આવ્યા હતા. તેમને રૂા. ૭૫)ના જામીન પર છોડી મૂકવામાં આવ્યા છે.

લીંબડી—શ્રી ભવાન નથુ જણાવે છે કે મણીલાલને આણંદ સાગરજીએ ગુમ કરેલ છે. ત્રણ માસથી ગોત કરીએ છીએ પણ પત્તો લાગતો નથી. વડોદરા, અમદાવાદ, મુંબઇ એમ બધે મદારાજ તેને સંતાડે છે. હજુ દીક્ષા લીધી નથી. હાલમાં તેને મુંબઇ રાખવામાં આવેલ છે. જો કોઇ ભાઇને પત્તો લાગે તો નીચેના શીરનામે જવાબ લખે. શાહ ભવાન નથુ, હવેલી શેરી મુ. લીંબડી (કાઠીયાવાડ.)

નોટ—ભાઇ મણીલાલનો પત્તો અમદાવાદમાંથી મળી ગયાના ખબર મળેલા છે.

ખંભાત—ખંભાત પોર્ટને કસ્ટમ્સ પોર્ટ ગણવાનું બંધ કરી બ્રીટીશ સરકારે ખંભાત સંસ્થાનને પર રાજ્ય તરીકે જાહેર કર્યું છે. તે સામે ખંભાતની પ્રજાએ વિરોધ જાહેર કર્યો છે.

અજીમગઢ—રાજા વિજયસિંગ દુધેડીયા અવસાન પામ્યા છે. તેમના અમર આત્માને શાન્તિ ઇચ્છીએ છીએ.

श्री अखिल भारतवर्षिय पोरवाल महासम्मेलन.

प्रथम अधिवेशन का आवक व्यय का हिसाब.

मिति संवत् १९८९ का ज्येष्ठ वदि ११ तक.

जमा.

१२९०३-४-०	टीकट प्रवेश बेचांन
५०२६-०-०	रु. १००) तक और उससे अधिक
३०७८-०-०	रु. २५) तक और उससे अधिक
२९९९-८-०	रु. ५) तक और उससे अधिक
१३५६-०-०	रु. २) तक और उससे अधिक
३५८-४-०	रु. १) तक और उससे अधिक
८५-८-०	रु. ०॥ आठ आने वाले
७०-०-०	आगामी निभाव फण्ड
५-४-०	महावीर अखबार के वार्षिक मूल्य तालके
५-३-६	पखा
१००-०-०	जैन मित्र मंडळ, बम्बई.
२६-१३-०	शा. भीमाजी मोतीजी, अहमदाबाद.
१३११०-८-६	

नामे.

९१६-८-०	छपाई
१६२-११-६	तार वो पोस्टेज
१५-१३-०	सामान दफ्तर तालके
३७७-८-०	वोलनटियर तालके सफर खर्च
२०९-८-६	रोशनी
२५-६-६	अखबार
५६-६-३	स्टेशनरी
१३४३-०-३	पैडाल खर्च
४७५-०-०	रेडियो (लाउड स्पीकर)
९५-१०-९	झंडी वो बावटा खर्च
७७-१३-०	बोर्ड खर्च
१९३-१-०	बेजेज (तकमा)
५९०-७-०	मोटर वो मोटर का सामान
५७८-१-९	पेट्रोल खर्च
५९४-३-३	कार्यकर्ताओ वो वोलनटियरों के वो विद्यार्थीयों का भोजन खर्च
१६२७-४-३	तंबू वो रावटी
६४-१४-०	झुंपा बनाई तालके खर्च
६७७-१४-६	नोकारसी वालां के सामान विगेरे बंदोबस्त करने में खर्चा हुआ जिस में से सामान बेचते जो रुपये १८८०-१४-६ रहे उस में से १२०३) तीन नोकारसी वाला के साथ उदडे ठेहराये से बाद बाकी सरे।
३२३-११-३	मुतफरकात मटके, डब्बे, परब, पानी विगेरे
१०३-८-०	इनाम तालके खर्च
३४४-०-६	तनखा तालके खर्च
९-७-०	मकान किराया तालके
४१-०-०	सम्मेलन के फोटो तालके खर्च
६०१-३-९	सफर खर्च
२१०१-०-०	शा. रायचंदजी पदमाजी ट्रेजरर मंडवारिया वाला पास
४०१)	शा. जीताजी खुमाजी कवराडा वाला
४०१)	शा. ताराचंदजी जेसाजी भैसवाडा
४०१)	शा. किस्तुरचंदजी आयदानजी लुणावा
५१)	दोसी समर्थमलजी किस्तुरचंदजी सिरोही
३०)	ड्राइवर रायचन्द सिरोही
२५)	शा. नवलाजी नगाजी वोकली
११)	शा. सोनमलजी जोरजी सिरोही

नामे.

७)=	शा. अजयराजजी जवानमलजी सिरोही
५)	शा. पूनमचन्दजी जगदीशजी वासा
५)	कपूरचन्दजी गुलाबचन्दजी सिरोही
५)	वहित्रा मिसरीमलजी सिरोही
५)	गुजराती कुम्हार खांना सिरोही
१)	धांणेटिया रूपचंदजी सिरोही
५१)	गांव बेडा पंच पोरवाल टिकटोकी बाकी
८)	गांव पाडीव पंच पोरवाल
१३०१२-१-०	
९८।=॥)	श्री पोते बाकी
१३११०॥०॥	

नोटः—रावटी, कलतान, बांसवा थेाडा सा फुटकर सामान पडा है जो बेचने के बाद पैदायश में जमा होगा।

राजमल ध. एकाउन्टेन्ट

S. R. Singhi. महामंत्री

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩ માં છાપ્યુ છે. અને ગોકલદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યુ છે.

ઉષાનું આગમન.

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આને.

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

તંત્રીઃ રતિલાલ ચીમનલાલ કોઠારી. | સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦ | વર્ષ ૨ જું, અંક ૬૨ મો. શનીવાર, તા૦ ૧૮-૬-૩૨.

— આશામય જગત્ —

અહો! કુદરતની રમત કંઇ અજબ છે! અગાધ સૃષ્ટિ સપાટી ઉપર અલૌકિક જાદુઈ શેતરંજી બીછાવીને તેના ઉપર પ્રત્યેક નરવાનરને નચાવનાર મહાન જાદુગર કે મદારીના હાથમાં રમતી ચમત્કારી લાકડી તેજ સંસાર સાગરનાં મગરમચ્છ અને દેડકાંઓની અધિષ્ઠાતા દેવી-**આશા!**

અજર અમરત્વના સિંહાસન ઉપર વિરાજમાન થવાનો પરવાનો દેવોનેજ અપાએલો છે તે સર્વમાન્ય સત્ય છે પણ મહાન મદારીનાં માંકડાઓએ તો તેની જાદુઈ લાકડીનેજ દેવી માનીને "ભાઇ, **આશા અમર છે.**" અમરપટો લખી આપ્યો છે.

વિચારવંત સહેલાઇથી જોઇ શકશેજ કે બીછાવેલ ચોપાટના સજીવ સોંગઠા આશારૂપી મદીરાથી ગાંડા કરવામાં આવતાં નહોત તો તેની રમત ટુંક મુદ્દતમાં સંકેલાઇ ગઇ હોત. ખેલાડી મહા ઉસ્તાદ છે. અને સોગઠાં દેવીના નિશામાં ચકચૂર છે.

આશાદેવીની પ્રતિભાશાળી પ્રચંડ છાયાથી આખું વિશ્વ આચ્છાદીત થયેલું છે. બિજનું રોપણ સુંદર વૃક્ષની આશામાંજ કરવામાં આવે છે. આ વૃક્ષ પાંચ વર્ષમાં ફળશે-તેને મધુરી કેરીઓ લાગશે-તેની ઘટાદાર શિતળ છાયાતળે સૂર્યદેવના કોપથી છુપાઇ જવાનુ બની શકશે-અસંખ્ય પક્ષિઓનું વિશ્રાંતિ સ્થાન બનીને તેમના કીલકીલાટ સંગીત ધારાથી આસપાસનો પ્રદેશ સુવાસિત બનાવશે. અને તેના અમૃત ફળો ખાવા હું ભાગ્યશાળી આજથી પાંચ વર્ષે થઇશ. આવા આશામૃતનું પાન કરતો કરતો મનુષ્ય બીજા રોપણ કરે છે ભાગ્યની સંપૂર્ણ કૃપા હોય, તેનું પ્રારબ્ધ પાંસરૂં હોય તો તેનો પુરૂષાર્થ બરોબર અમૃતજ નીકળે છે. પણ આધુનિક સમયમાં ઘણું ખરૂં બને છે તેમ "પ્રારબ્ધ યોગ, પ્રભુ કૃપા અને મનુષ્ય પ્રયત્ન" તે ત્રિપુટીનો સંયોગ ઘણા ઓછા પ્રમાણમાં થાય છે. અને જ્યાં ઉપર યુકત ત્રિપુટી બરી મિત્રાચારીમાં આવી જાય છે ત્યાં મંગળ, મંગળ, અને મંગળજ વર્તિ રહે છે.

આશા દેવી પ્રસંગોપાત રૂપાંતર પામ્યા કરે છે. પુરૂષાર્થ હોય, પ્રારબ્ધ સાનુકૂળ હોય, અને પરમાત્માની કૃપા હોય તો દેવી મંગળ સ્વરૂપે દર્શન દઇ મનકામના પુરે છે, પણ જો ઉપર યુક્ત ત્રિપુટીનો યોગ્ય સંયોગ ન સધાયો હોય તો નીરાશા રૂપી અંધાર પછેડો નાખીને માણસ ઉપર દુઃખનું આવરણ નાંખી દે છે.

ગમે તેમ હોય, પણ એટલું તો નિઃશંક છે કે યોગ્ય દિશામાં યોગ્ય પુરૂષાર્થ આદરિને આશા દેવીનું અર્ચન, શ્રદ્ધા પુષ્પથી કરવામાં આવે તો પુરૂષાર્થ વાડીમાં આપણો ઉસ્તાદ ખેલાડી પ્રારબ્ધ દેવી સાથે પ્રેમવિહાર કરવા આવ્યા વગર રહી શકતો નથી. વાસ્તવીક રીતે "આશા અમર છે" ઉકતીનો જનક પુરૂષાર્થ છે. જ્યાં જીવન છે ત્યાં પુરૂષાર્થ છે, જ્યાં પુરૂષાર્થ છે ત્યાં આશા છે અને જ્યાં આશા છે ત્યાં અમરત્વ છે.

પ્રિય વાંચક! સંસાર સાગરના અનેક અનિવાર્ય અડકો સાથે અથડાવાથી પણ જોજે હિંમત હારતો! પુરૂષાર્થ છોડતો! દુઃખ ધરતો! આશા દેવીનો કર છોડી તારૂં જહાંજ ડુબવા દેતો! ખબરદાર! યાદ કરજે કે તું એક ઉસ્તાદ ખેલાડીનું મર્કટ છે અને એની મરજી અનુસારજ તારે વિવિધ વેશમાં ખેલ ભજવવાના છે.

—પી. જી. મહેતા.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

(આચારાંગ સૂત્ર.)

પ્રબુદ્ધ જૈન.

શનીવાર, તા૦ ૧૦-૬-૩૩.

ઉષાનું આગમન.

આખાયે દિવસના પરિશ્રમથી કંટાળી, રાત્રિનો ગાઢ અંધકાર અને નિઃસ્તબ્ધ શાન્તિ માનવને નિદ્રા બક્ષે છે. અને એ રાત્રિના ગાઢ અંધકાર પછી ઉષાનું આગમન પૃથ્વી ઉપર થાય છે. તે વખતે માનવ નવીન આશા, તાઝગી, વિચાર વિમળતા અને ઉત્સુક થઇ ઉષાનું સ્વાગત કરે છે, તેમજ કર્તવ્ય પરાયણ થઇ, પોતાના કામમાં લાગી જઇ ઇપ્સિત સિદ્ધિને પ્રાપ્ત કરે છે. એજ પ્રમાણે જૈન સમાજે પણ મહાવીર નિર્વાણ પછી નવસો વરસ સુધી ખૂબ કાર્ય કર્યું. જગતને અહિંસાનો સંદેશ પહોંચાડયો; નીતિ અને ધર્મથી રાષ્ટ્રની ઉન્નતિ સાધી. ગચ્છ, વાડા અને મમત્વમાં ન ફસાતાં વિશ્વબંધુત્વની દિવ્ય સાંકળમાં સમગ્ર જગતને સજ્જ કરવાના સફળ પ્રયત્ન કરવામાં આવ્યાં, હુન્નર, ઉદ્યોગ અને રાજકરણમાં અનેરૂં સ્થાન મેળવ્યું. રાજા, મહારાજા અને ચક્રવર્તિઓ સુદ્ધાંને એ સમાજમાં ભેળવી ગૌરવ લેતા કર્યા. અને સમસ્ત આર્યાવર્તના એક છેડાથી લઇ બીજા છેડા સુધી જૈન સમાજની ગૌરવ ગાથા ગવડાવી. આમ સારાયે વિશ્વમાં જૈન સમાજ દૃષ્ટાંત રૂપ થઇ પડયો. ઉન્નત સમાજોમાં એનું સ્થાન પહેલું આવ્યું. પણ અહિંથી ઇતિહાસ પલટાયો. ખરેખર જેની ઉન્નતિ થાય છે, તેની અવનતિ પણ જરૂર છે. ચઢતી પછી પડતી અને પડતી પછી ચઢતી, તડકા પછી છાંયો અને છાંયા પછી તડકો, રાત પછી દિવસ અને દિવસ પછી રાત એ કુદરતનો અટલ નિયમ છે.

જૈન સમાજ આટલી ઉન્નતિ પ્રાપ્ત કર્યા પછી શ્રમિત થયો. તેને ખૂબ કંટાળો આવ્યો, અને એ કંટાળાથી, વિશ્રાંતિ લઈ નિદ્રાધીન થયો, દેવર્ધિગણી ક્ષમાશ્રમણ જેવા મહાપુરૂષે સારાયે નેતાઓને એકઠા કરી પરિસ્થિતિનો વિચાર કર્યો. વલ્લભીપુરમાં એ માટે વિચારોની ખૂબ આપ લે કરી. અને શાસ્ત્રો લખાવ્યાં. પણ તેની અસર થઈ નહિં. જેમ એક સ્વપ્ન-સૃષ્ટિમાં આપણે વિચરતા હોઇએ, અને તેમાં જેમ ક્ષણિક જાગૃત આવી પાછી વીલીન થઇ જાય છે, તેમ સમાજની સ્થિતિ થઇ. જૈન સમાજને વિશાળ બનાવવાના પ્રયત્નો તો દૂર રહ્યા પણ જે હતા તેને પણ રાખવા મુશ્કેલ બન્યા. આંતર કલહની આગ ફાટી નીકળી અને તેની ચીનગારીઓ સમાજના મૂળભૂત ગણાતા ક્ષમાં શ્રમણોમાં ઉડી. બસ થઇ ચૂકયું. ક્ષમા-શ્રમણો આપસમાં લડવા લાગ્યા, તે લડાઇને માટે જેમ રાજાઓ પોતાના રાજ્યની સલામતી માટે સૈન્યને અગત્યનું અંગ ગણી તેને તૈયાર રાખી પોષ્યે જાય છે, તેમ પોતાના ભક્તોનાં નાનાં વર્તુલો તૈયાર કર્યાં, તેને પોષવા લાગ્યા. અને તેની વચ્ચો વચ્ચ નહી વાકયોની ખૂબ ગોલા લડાઇ કરી. આ ગોલા લડાઇમાં સારોયે જૈન સમાજ નાના વર્તુલોમાં ફેરવાઇ ગયો, તેની અવિભક્તાનો નાશ થયો, ગચ્છ, વાડા અને સંપ્રદાયો ઉત્પન્ન થયા. તેણે મહાન્ આંતરકલહ ઉપર ઘી રેડયું, અને એ આગને છેક સમાજના મૂળ સુધી પહોંચાડી દીધી. ત્યારપછી તો સાધુઓમાં ત્યાગને બદલે શિથિલતાએ ઘર કર્યું. ચૈત્યવાસીઓ ઉત્પન્ન થયા, મહાવીરના આકરા નિયમો પાળવા મુશ્કેલ બન્યા એટલે તે પુરૂષોત્તમના નામે પોતાની શિથિલતા ઢાંકવા માટે નવાં નવાં શાસ્ત્રોની ઉત્પત્તિ કરી. અને ત્યાંસુધી ભદ્રિક લોકોની અજ્ઞાનતાનો લાભ લઇ પોતાના મૂળ ઉંડાને ઉંડા ઉતારી દીધાં. ધર્મને નામે દહેરાસારો, ઉજમણાઓ, ઉપધાન, આંગી, ઓલી અને પૂજના બાને જેટલા લોકો પાસેથી પૈસા પડાવાય, તેટલા પડાવ્યા અને તેનો ઉપયોગ આપસની લડાઇમાં કર્યો. આમાં સમાજને મહાવીરનો ધર્મ ભુલાવી દઇ વ્યકિતનો ધર્મ શિખવ્યો આવી લડાઇમાં કેટલાકોને તિરસ્કાર છૂટયો. અને બીજા સમાજમાં ભળવા લાગ્યા; આમ દિનપ્રતિદિન સમાજ ધસાતો ચાલ્યો, ત્યારબાદ હરિભદ્રસૂરિ અને હેમચંદ્રાચાર્ય જેવા પુરૂષોત્તમોએ એ સ્થિતિ નિવારવાને ખૂબ પ્રયત્નો કર્યા, પણ તેમાં કાયમી સુધારો ન થયો. પાછી પરિસ્થિતિ જ્યાંને ત્યાં આવીને ઉભી રહી. આ પરિસ્થિતિને દૂર કરવા કોઇએ સાચો રાહ ન લીધો. દિવસે દિવસે એ પરિસ્થિતિને ખૂબ પોષણ મળ્યું. કોઇક હિરવિજયસૂરિ કે મેનસૂરિ જેવાએ તેને દાબવાનો પ્રયત્ન કર્યો પણ મૂળમાથી ન કાઢી શકયા. આમ લગભગ આજ સુધી ચાલ્યું.

કરોડોની સંખ્યાનો જૈન સમાજ લાખોની સંખ્યામાં આવીને ઉભો રહ્યો. વિદ્યા, કળા, હુન્નર, ઉદ્યોગ અને રાજકરણનાં ક્ષેત્રમાંથી સમાજનું સ્થાન સાવ ભુંસાઈ ગયું. ત્યારે જુવાનો ચેત્યા. તેમણે આ નાના વર્તુલો અને સાધુસાહી સામે જેહાદ પોકારી. વૃદ્ધો થરથરી ઉઠયા. પોતાની રહીસહી પ્રતિષ્ઠા માટે તેઓએ એક ઠેકાણે મરણીઓ પ્રયત્ન કર્યો. પરંતુ તેમાં નિષ્ફળતા સાંપડી. યુવક જગતનો વિજય થયો. સંઘના બંધારણ માટે નવેસરથી વિચારણાઓ શરૂ થઇ. પાશ્ચાત્ય પ્રદેશોના યુવક આંદોલનોની અસર સમાજના યુવકો ઉપર પણ થઇ અને તેઓ સફાળા જાગ્યા, અને જૈન સમાજ એક અવિભક્ત અંગ છે એમ જાહેર કર્યું. તેમાં વાડા, ગચ્છ કે નાના વર્તુલને સ્થાન ન હોઇ શકે તે માટે પ્રોપેગંડા શરૂ કર્યો, ધાર્મિક વિધિ વિધાનમાં જ્યાં જ્યાં વિકાર થયો હતો, ત્યાં તેને ખુલ્લો પાડવામાં આવ્યો, એ યુવાનીના આંદોલનોમાંથી કોઇ ન્યાયવિજયો કે વિદ્યાવિજયો ઉત્પન્ન થયા અને તેમણે યુવક માનસના પ્રતિબિંબો સમગ્ર સમાજમાં ફેલાવી દીધાં. આમ આજે લગભગ પંદરસો વરસના ગાળા પછી જૈન સમાજ નિદ્રામાંથી જાગ્રત થયો છે. અને એ જૈન સમાજ રૂપ પૃથ્વી ઉપર ઉષાનું આગમન થઇ રહ્યું છે. ઉષાના આગમનની સાથેજ કોઇ નવીન જ્યોત, નૂતન આશા અને સમગ્ર સમાજને એકતાર કરવાના કોઇ પ્રબળ મનોરથો મહાન્ સંદેશોથી તૈયાર થઇ યુવાનો એ ઉષાનું સ્વાગત કરવા કટિબદ્ધ થઇ રહ્યા છે. અમે ઇચ્છીએ છીએ કે યુવકો કર્તવ્ય પરાયણ થઇ પોતાની ઇપ્સિત સિદ્ધિ પ્રાપ્ત કરે.

પાટણમાં—યુગવીર શ્રી વિજયાનંદસૂરીશ્વરજીની જયંતિ.

જયેષ્ઠ સુધી ૮ ને દિવસે સવારે આઠ વાગે શ્રીપોળીયા-ઉપાશ્રયમાં ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજીની જયંતિ ઉજવવામાં આવી હતી. આચાર્ય શ્રી વિજયવલ્લભ સૂરિશ્વરજી, શ્રધ્ધેય પ્રવર્તકજી કાન્તિવિજયજી મહારાજ, શાંત મૂર્તિ શ્રી હંસવિજયજી, પં. શ્રી ઉમંગવિજયજી મહારાજ તથા બહોળો શિષ્ય સમુદાય, રા. મૂળચંદ આશારામ વૈરાટી—વકીલ ઉમેદચંદભાઇ, ફોટોગ્રાફર મગનલાલભાઇ તથા અન્ય ગૃહસ્થો અને બહેનોની સંખ્યા ઘણી હતી.

મુંબઇ સ્વયં સેવક બેન્ડે મધુર ગીત બજાવ્યું હતું. ભાઇશ્રી મોહનલાલ ધામીએ ગુરૂદેવ શ્રી આત્મરામજી સૂરીશ્વરનું પોતે બનાવેલું કાવ્ય ગાયું હતું. કેશવલાલ ભોજકે સ્તુતિ કરી હતી.

ભાઇશ્રી હીરાલાલ મણીયારે ધર્મના આચાર્યોને સંબોધીને જણાવ્યું હતું કે દેશ દેશમાં ક્રાન્તિ લેહેર ફેલાઇ રહી છે. ધર્માચાર્યોએ સંગઠ્ઠન પૂર્વક સમાજ અને ધર્મના ઉત્થાનમાં ફાળો આપવો જોઇએ. આત્મારામજી મહારાજે એક યુગવીર તરીકે ધર્મનો ધ્વજ દેશ વિદેશમાં ફરકાવ્યો, તેમ આપણે કયારે જોઇશું?

ભાઇશ્રી કેશવલાલ મંગળચંદે જયંતિ ઉજવવાનો ઉદ્દેશ બતાવતાં જણાવ્યું કે આચાર્ય શ્રી સત્યના પૂજારી હતા. સત્યને માટે એમણે જે જે સહન કર્યું, તે આજે કોઇ સહન કરવા તૈયાર જણાતા નથીજ. વીરપુરૂષના જીવનમાંથી આપણે પ્રેરણા મેળવવીજ જોઇએ.

રા. મૂળચંદભાઇ આશારામ વૈરાટીએ જણાવ્યું હતું કે જૈન ધર્મની ઉદારતા ભારી છે. જૈન ધર્મ માને છે કે વેશને નહિ પણ ચારિત્રને પૂજો. અમુક સાધુને માથું ન નમાવશો એમ જૈન ધર્મ કહેતો નથી. સમાજ ઉત્થાન સિવાય ધર્મની જાગૃતિ અસંભવનીય છે.

વકીલ વેલચંદભાઇએ જણાવ્યું કે છેલ્લા ૧૦૦ વર્ષમાં આવા કોઇ મહાપુરૂષ આપણને મળ્યા નથી. તેમના વિચારો બહુ ઉત્તમ પ્રકારના અને ઉદાર હતા. જૈન ધર્મના બાળકો, યુવકો આજે કેવા નિર્બળ જણાય છે? અખાડાઓમાં જૈનો કેમ રસ લેતા નથી? જૈનોએ જીવવું હોય તો શારીરિક શકિત ખાસ આવશ્યક છે.

ભાઇશ્રી પ્રેમચંદ હરીચંદ દોશીએ આચાર્યશ્રીનું જીવન ટુંકમાં બતાવતાં જણાવ્યું કે એ વીર પુરૂષની શતાબ્દી ચાર વર્ષ પછી આવે છે. ભારતના જૈનો એ મહાપુરૂષને અંજલી આપવા કંઇક નવીન કરશે કે? ચાર વર્ષમાં ભારત જૈન સેવા સંઘ, જૈન ગુરૂકુળ, કન્યા ગુરૂકુળ અને મુનિ સંમેલન કરીને આપણે સમાજ અને ધર્મમાં નવચેતન રેડી શકીએ તો કેવું સારૂં! એક બીજા વીરચંદ રાઘવજીને જૈન સમાજ ૪૦ વર્ષમાં પણ નહિ ઉત્પન્ન કરી શકે?

પંન્યાસજી ઉમંગ વિજયજીએ ગુરૂસ્તુતિ કર્યા પછી ગુરૂ મહારાજે કેવી કેવી મુશ્કેલીમાં ધર્મ ઝંડો ફરકાવ્યો હતો, તે સમજાવ્યું હતું.

પં. ન્યાયવિજયજીએ જણાવ્યું કે આજના વેરઝેરના વાતાવરણને ઠારીને શાંતિ કરવી એજ એક મહાપુરૂષની જયંતિની સાર્થકતા છે.

શ્રી ચરણ વિજયજી મહારાજશ્રીએ ગુરૂદેવના સિદ્ધાંત માટેની મક્કમતા વિષે બોલતાં જણાવ્યું કે અમદાવાદમાં એમની આંખોમાં મોતીઓ આવતો હતો તે વખતે મલ્લી નાથજીની માનતા ખૂબ થતી હતી, કોઇ ગૃહસ્થે આચાર્યશ્રીને મલ્લીનાથજીની માનતા માનવા કહ્યું. આચાર્યશ્રીએ તેનો સખ્ત વિરોધ કર્યો અને પોતે આંખ માટે એવી માનતા કદી ન કરી. એ મહાપુરૂષ ક્ષત્રિય હતા. અને તેમણે ધર્મને દીપાવ્યો.

મુનિ મહારાજશ્રી કપુરવિજયજીએ તેમના ગુણગાન કરી જૈન સમાજને માટે તે મહાપુરૂષને કેટલી ધગશ હતી તે બતાવ્યું હતું.

આચાર્ય શ્રી વિજય વલ્લભ સૂરિજીએ જણાવ્યું કે ઉપદેશ પાટપર બેસી દેવાય તે માન્યતા આજે ભુલાવી જોઇએ. કોઇ સાંભળનાર હોય તો ઘેર બેઠે પણ સંભળાવવાનો અમારો ધર્મ છે. ભગવાન મહાવીરે પણ ખુલ્લા મેદાનમાં—સમોસરણમાં ઉપદેશ આપ્યો હતો. જે મહાપુરૂષની આજે જયંતિ છે. તેમના આત્માની અટલતા, સત્યતા, ઉદારતા પ્રસિદ્ધ છે. બસો વર્ષમાં આચાર્ય પદવી નહતી. તે મહાપુરૂષ તેને ખેંચી લાવ્યા તે વખતે અંધ શ્રદ્ધા કેટલી હતી! આજે શું દશા છે? **સંઘ એક મહાન શક્તિ** છે. વ્યકિત ગત સત્તા નભી શકતી નથી. સમષ્ટી જે કરી શકે તે કરોડપતિ કે શ્રીમંત સયાજી મહારાજ પણ ન કરી શકે. આચાર્ય મહારાજે વીરચંદભાઇને વિલાયત મોકલ્યા. તેમાં તેમના વિચારોની ઉદારતા જણાઇ આવે છે. એટલુંજ નહિ તે વખતના સંઘનું સંગઠ્ઠન અને આચાર્યશ્રી તથા સંઘના ઉચ્ચ વ્યવહારનું દ્રષ્ટાંત મળે છે. હજીપણ અમદાવાદનો સંઘ ધારે તે કરી શકે તેમ છે. મુનિ સંમેલન પણ અશકય નથી. અમારી પુઠે કેટલી લુંટ ચલાવી છે, તે દેખાઇ આવે છે. હવે જાગવું જોઇએ. ધર્મની જાગૃતિ માટે અજ્ઞાન રૂપી અંધકારનો નાશ કરવો જોઇએ.

ત્યારબાદ બેન્ડે સલામી આપી હતી અને લાહુની પ્રભાવના કરવામાં આવી હતી.

બપોરના શ્રી પંચાસરાના દહેરાસરમાં મોટી પુજા ભણાવવામાં આવી હતી અને હજારો સ્ત્રી પુરૂષોનું સાંજે સરઘસ કાઢવામાં આવ્યું હતું. રાત્રે રાત્રીજગો પણ પંચાસરામાં થયો હતો.

× × ×

પાટણમાં અભિનંદન—આચાર્યશ્રી વલ્લભસૂરિના સ્વાગત માટે મુંબઇ જૈન સ્વયં સેવક મંડળનું બેન્ડ આવ્યું હતું, તેને અભિનંદન આપવા તા૦ ૪-૬-૩૩ ની રાતના શકરાભાઇ લલ્લુભાઇના પ્રમુખ પણ નીચે એક મેલાવડો ભર્યો હતો તે સમયે, સમયોચીત વીવેચનો થયા હતાં અને રૂા. ૫૧) શકરાભાઇએ ભેટ આપ્યા હતા અને પ્રમુખના હાર પહેરાવી મેલાવડો વિસર્જન થયો હતો.

વીસમી સદીમાં સ્ત્રીઓની વિકૃત દશા.

સ્વતંત્રતા એવી તો શું ચીજ છે કે તે આબાલ વૃદ્ધ દરેક વ્યક્તિને ગમે છે! પશુ પક્ષીમાં પણ સ્વતંત્રતાની ધગશ હોય છે. ઘણી વખત તેમની સ્થિતિ એવી કફોડી થઇ પડે છે કે પોતાના ઉપર માલીકના સિક્કા પસંદ કરતા નથી હોતા. હાલમાં સ્વતંત્રતાનો જયઘોષ સારાયે ભારતવર્ષમાં ગાજી રહ્યો છે. ત્યારે આપણા હિંદુ સમાજની સ્ત્રીઓને શું પસંદ છે? ખાવા, પીવા, કપડાં, લત્તા કે દાગીના શિવાય કયાં છે તેમની સ્વતંત્ર મનોદશા? અને હોય પણ કયાંથી?

ઘણા જમાનાથી ચાલી આવતા રિતરિવાજોએ એક ધર્મના પાયા તરીકે માની તેની ઘેંસછા સેવી રહ્યા હોય, ત્યાં સ્વતંત્ર મનોદશાની આશાજ કયાંથી? આ રિતરિવાજોની જાળ એવી ચાલાકીથી પાથરવામાં આવી છે કે તેમાં કેવી રીતનાં તરફડીયાં મારી રહી છે, તેની તેને પોતાનેજ ખબર હોતી નથી. આની અંદર સ્ત્રીઓ કરતાં પુરૂષોનો દોષ કાંઇ ઓછો ન ગણાય? જ્યાં ગુલામી વૃત્તિ હોય ત્યાં સ્વતંત્રતાની ધગશ પણ કયાંથી સ્પર્શ કરી શકે? હજારો વર્ષોથી સ્ત્રી એ એક પુરૂષોનું સુખ સગવડ સાચવનારૂં હાલતું ચાલતું પુતળું માની બેઠેલાઓને આ ધગશ પણ કયાંથી ઉત્પન્ન થાય?

દેવી, સહચરી કે પત્નીના મીઠા શબ્દોની મોહજાળમાં ફસાવી નાનપણથીજ એમના મગજ ઉપર એવા વિચારો લાદવામાં આવે છે કે **પતિ એજ પરમેશ્વર,** પછી ભલે તે મીઠા શબ્દોની પાછળ તાંડવ નૃત્ય કરે! સ્ત્રીના દીક્ષની પરવા કર્યા સિવાય પાશવ વૃત્તિ ચલાવે! પોતાની વાસનાની તૃપ્તી થતાં બીજી હાડમાંસની પુતળીની શોધમાં ફરે! તેનો છળ કરે છતાં પત્નીએ તો પતિજ માનવો રહ્યો. હિંદુ સમાજ સવાર ઉઠે કાનમાં એવો મંત્ર પોકારી પોકારી ફૂંકે છે કે, **પતિ એટલે પરમેશ્વર!** આ પ્રચલીત માન્યતા વિના સમજે–અજ્ઞાનતાથી માની લઇ પશુ–પતિની પૂજા કરે છે.

પતિ એ પરમેશ્વર કયારે માની શકાય કે જ્યારે પતિનો તે દૃઢ ભકત હોય; પ્રેમથી એક બીજાની જોડે તેઓ સંલગ્નથી જોડાયાં હોય, સાચા સાંસારિક પ્રેમનો જેમણે સાચો માર્ગ જોયો હોય યા ગૃહણ કર્યો હોય; બન્ને એક જીવ થવાથી આ સંસારે એક સ્વર્ગ વસાવી શકીશું તેવી મનોભાવના હોય; તેવા માટે તો પતિ એ પરમેશ્વરજ છે. પરંતુ હાલમાં શું નજરે આવે છે? ઘણે ઠેકાણે તો વિલાસ ભોગવવાનું રમકડુંજ માને છે, ઘણે ઠેકાણે ગુલામડી કે ચાકરડી સમજે છે. પતિદેવની ઇચ્છાનો જરા ભંગ થયો કે જાણે તેમનાં મા–બાપ મારી ન નાંખ્યા હોય તેવી રીતની માર–પીટ કરી અધમુઇ કરી નાંખે છે. સ્ત્રીના પ્રેમની પરવા નથી, પણ તેમના હાડમાંસનીજ પરવા હોય છે, ભલે પુરૂષો સ્ત્રીના પતિ હોવાનો કે માલીક હોવાનો દાવો કરે છતાં તે તેમની પતિ તરીકેની ફરજ સમજતા નહિ હોવાથી અજાજતું પગલું ભરી સંસારની ધૂળધાણી કરી મૂકે છે.

સ્ત્રી એટલે ભાવી પ્રજાનું સત્વ, જગતની માતા. આવા નારી રત્નોની પળે પળે છળ કરે, ડગલે પગલે છૂંદી નાંખવાના પ્રયાસો આદરે ત્યાં પતિ તરીકે જીવવાનો હકકજ શું છે?

પતિ પત્નિ એટલે કાંઇ ઢીંગલા ઢીંગલીના ખેલ નથી. પણ તે સંબંધમાંથી બન્ને આત્મા સ્વર્ગીય સુખ ભોગવી, ઉચ્ચતમ જ્ઞાન પ્રાપ્ત કરી, ઉંચ્ચ ભૂમિકામાં વિહરે તેનેજ પતિ પત્નિ કહી શકાય. દેવી, સહચરી કે અર્ધાંગના કહી આનંદ માનીએ છીએ, પરંતુ તે પ્રમાણે વર્તન કરવા તૈયાર હોતા નથી, તો પછી તેમ કહેવાનો અધિકારજ શો છે?

પરમેશ્વરે દરેક જીવને સરખા ગણ્યા છે. સ્ત્રી પુરૂષ એવા સંબંધથી ગુંથાએલ છે કે બે જીવ વિના જીવનની અપૂર્ણતા રહે. ત્યારે જે હક્કો પુરૂષ જાતિ ધરાવે છે તે દરેક સ્ત્રી જાતિને મળવા જોઇએ. તેમાં કોઇથી ના પાડી શકાય તેમ નથી. મનુષ્ય જાતિમાં પોતાના જીવનના નિર્વાહ અને આરોગ્ય સંરક્ષણ માટે જે જે શકિતઓ આપી છે. તે દરેક સંપૂર્ણ ખીલવવાનો જેટલો પુરૂષને હક્ક છે, તેટલો સ્ત્રીઓને પણ હોવો જોઇએ. પણ અત્યારે તો સમાજમાં ઉલ્ટીજ પરિસ્થિતિ છે. છોકરીને ભણાવવા એટલે વંઠી ગયેલી માનવી, આ પ્રચલીત પ્રથા ઘણે ઠેકાણે જોવામાં આવે છે. પણ કયાં ખબર છે કે સ્ત્રીઓને અજ્ઞાન રાખવામાં સમાજની કેટલી અધમ દશા પ્રાપ્ત થઇ છે? સ્ત્રીઓને અભણ રાખવામાં સંસાર વિષમય બને છે. કજીયા કંકાસની હોળી તો, એવું કોઇકજ ઘર બાકી હશે કે જ્યાં નહિ થતી હોય! જો સ્ત્રીને મનુષ્યત્વ પ્રાપ્ત કરે તેટલી પુરતી કાળજી લઇ કેળવણી આપવામાં આવી હોત તો સમાજમાં આવું વાતાવરણ પેદા થવા ન પામત. ફરજંદો માયકાંગલા કે નિર્બળ ન પાકત. સંસાર અત્યારે સ્મશાન ભૂમિ જેવો લાગે છે, તે ન લાગત.

સ્ત્રી પણ એક મનુષ્ય તો છે. તે કોઇથી ના પાડી શકાય તેમ તથી. તો સ્ત્રીઓને અજ્ઞાન રાખવાની જરૂર શી છે? તે તો ખુલ્લે ખુલ્લો પ્રભુદ્રોહજ છે, સ્ત્રીને સુખવિલાસ ભોગવવાનું પુતળું ગણી હજારો વર્ષોથી મદ અને સત્તાના ગુમાનમાં વધુને વધુ રેંશવા તૈયાર થાઓ છો તેથીજ સ્વતંત્રતાનું વાતાવરણ નથી તેમને સ્પર્શી શકતું, યા નથી તમોને સ્પર્શ કરી શકતું. હજારો વર્ષથી ચાલી આવતી અને ભોગવાતી પોલાદી સત્તા એકદમ છોડવાનું દિલ તો ન થાય, પણ કયાં સુધી ટકાવી રાખવા ઇચ્છા છે? સમાજની સ્થિતિ કફોડી થઇ રહી છે, લાખો બ્હેનોનું જીવન ધૂળધાણી થઇ રહ્યું છે. છતાં સત્તા ચાલુ રાખવાની ઘેંસછા સેવી રહ્યા છો, તો એથી બીજી શરમાવનારી બાબત કઇ હોઇ શકે?

સ્ત્રીઓમાં જ્ઞાન છે, બુદ્ધિ છે, વિચાર કરવાની શકિત છે, તો તેમને યોગ્ય અને અનુકુળ આવે તેવા દરેક ઉપાયો યોજવાનો અધિકાર હોવો જોઇએ. પણ અફસોસ! પાપી સ્વાર્થ વૃત્તિ તેમ કરતાં અટકાવે છે. જમાનો પલટાનો જાય છે. વીસમી સદીની વિચાર શ્રેણી સમસ્ત ભારતમાં નવચેતન રેડે છે. ત્યાં ગુજરાતની નારી રત્નની આ દશા? અત્યારે થોડી આનંદની વાત તો એ છે કે ઘણી બ્હેનોએ પુરૂષોની રાક્ષસી સત્તા સામે બંડ ઉઠાવ્યું છે. એ વાત તો દીવા જેવા સ્પષ્ટ છે કે કોઇ પણ બાબતનો અતિરેક થાય છે, ત્યારે એવા જડબાતોડ પેદા થાય છે કે, તે બાબતોને મૂળમાંથી ઉખાડી ફેંકી દે છે. હજુ પણ

કુંભકર્ણની નિંદ્રામાં સુતેલાને એજ સ્ત્રીશક્તિ થપ્પડ મારી ઉઠાડશે અને પસ્તાવાનો વખત લાવશે. **માટે પાણી પહેલાં પાળ બાંધી** સમાનતાથી જોતાં શીખો.

હું બહેનોને પૂછીશ કે આટલા વર્ષોથી ચાલી આવતી ગુલામગીરી તમોને સાલે છે? જો સાલતી હોય તો તમારી ફરીયાદો રજુ કરતાં કેમ અચકાઓ છો? તમો એમ માનો છો કે પુરૂષો સમજશે અને તમને કેળવણી યા બીજી જરૂરીયાતો પુરી પાડશે? જો એમજ માનતા હો તો તમારી ભૂલ છે. જેની મનોદશા ગુલામ છે, જેને શેહાઇ કે માલીકના સિક્કા સેંકડો વર્ષોથી લાગ્યા આવ્યા છે, અને જેઓ તમારી સ્થિતિ એક ગુલામડી કે ચાકરડીથી ચડતી જોવા ઇચ્છતા નથી, તેઓ શું આપોઆપ સત્તા છોડી તમોને સાથનો પુરાં પાડશે? એમાં તમારી અણસમજ છે. તે પ્રશ્નનો તો તમારે જાતેજ ઉકેલ કરવો પડશે. ગણ્યા ગાંઠ્યા સુધારકો કે લેખકોથી આ પ્રશ્ન નહિ ઉકેલાય. પણ જ્યારે તમારી ફરીયાદો રજુ કરતાં થશો, તમારી સ્થિતિ જ્યારે તમોને સાલશે, ત્યારેજ તમોને સ્વતંત્રતાની ધગશની જાણ થશે. આજે ઘણી બહેનો પોલાદી સત્તા સામે ઝુંબેશ ઉઠાવી જાહેર જીવનમાં ભાગ લઇ રહી છે. તેવી રીતે તેમના પગલે ચાલી સમાજના આપખુદી નાયકોને બતાવી આપો કે સ્ત્રીઓ શું નથી કરી શકતી. જો આટલીજ પ્રતિજ્ઞા દૃઢ મનથી કરવામાં આવે તો એવી કોઇ સમાજની રાક્ષસી પ્રથા નથી કે તમોને તેમ કરતાં અટકાવી શકે. તમો ચોક્કસ માનજો કે તમારી પાછળ યુવાનોનું પીઠ બળ છે. તમારી ગુલામી સ્થિતિ તેઓ સહન કરી શકતા નથી. જ્યાં સમાજ એક તસુ પણ નમવા તૈયાર ન હોય ત્યાં બંડ જાહેર કર્યા સિવાય બીજો માર્ગજ શું? સમાજ સૂત્રધારોને સાફ સાફ જણાવી દો કે કેળવણી તેમજ મનુષ્યત્વ પ્રાપ્ત કરવે તેવાં દરેક સાધનો પુરાં પાડો. **પાણી પેલાં પાળ બાંધો.** પાછળથી પસ્તાવાનો વખત ન આવે. છુટકે અગર ન છુટકે હમારી ભુજાઓના બળે અમો તે પેદા કરીશુંજ પણ તમારી મોટમપણાની આમન્યા કાયમ રાખવી હોય તો હઠવાદ છોડી ગુલામી મનોભાવનાને તિલાંજલી આપી સ્ત્રી સન્માનતાના હક્કથી જોતાં શીખો. તો અત્યારે જે સ્વતંત્રતા મેળવવા માટે ધખી રહ્યા છીએ, તે ત્વરીત ગતીએ પ્રાપ્ત થાય અને સંસાર આનંદમય બને. —ભોગીલાલ પેથાપુરી.

પાટણ—વિજય વલ્લભસૂરિજીનું અત્રે બહુજ ધામધૂમ પૂર્વક સ્વાગત કરવામાં આવ્યું છે, લોકોમાં અજબ ઉત્સાહના પૂર ઉલટયાં છે, આ સ્વાગતમાં ભાગ લેવા મુંબઇથી પણ કેટલાક ભાઇઓ આવ્યા હતા, જૈન સ્વયંસેવક મંડળ મુંબઇનું બેંડ બોલાવવામાં આવ્યું હતું, સૂરિજી મહારાજને સ્વાગત જોઇ ઉંડી અસર થઇ હતી, તેઓશ્રીએ વ્યાખ્યાનમાં હાલની પરિસ્થિતિ અંગે ઉંડા ખેદની લાગણી પ્રદર્શિત કરી હતી અને સંઘમાં દરેક રીતે સંપ થાય તેવી ભાવના રજુ કરી હતી. સોસાયટી પક્ષના કેટલાક માણસો સૂરિજી પાસે આવી સંપની વાતો કરે છે. છતાં હજુ કોઈ જવાબદાર માણસ સૂરિજી પાસે આવેલ નથી. છતાં સૂરિજી મહારાજે તો જાહેર કરી દીધું છે કે હું બધી રીતે તૈયાર છું.

શત્રુંજયના સંકટ સમયે શાસનપ્રેમી સાધુઓ ક્યાં સીધાવ્યા હતા?

શાસન સેવા કે સ્વાર્થ?

(લેખક—મહાસુખભાઈ ચુનીલાલ, વિસનગર.)

અયોગ્ય દીક્ષાના હીમાયતી સાધુઓ શાસન સેવાના બ્હાના નીચે સંન્યાસ દીક્ષા નિયામક નિયમોનો વિરોધ કરવા વડોદરામાં ભગીરથ પ્રયત્ન કરી રહ્યા હતા, સંખ્યાબંધ સાધુઓ વડોદરામાં ઉતરી પડયા હતા. શ્રીમંત મહારાજા સાહેબને તો મળી શકવા નહોતા, પરંતુ બીજા નાના મોટા અમલદારોને મળી મુસદ્દા વિરૂદ્ધ જેટલી વરાળ કાઢી શકાય તેટલી કાઢી હતી. સંન્યાસ દીક્ષા મુસદ્દાની કમીટીના રીપોર્ટ વિરૂદ્ધ તેમજ તેના પ્રમુખ રા. બા. ગોવિંદભાઇની વિરૂદ્ધ બખાળા કાઢવા બાકી રાખી નથી. વીરશાસન, જૈન પ્રવચન, સોસાયટી સમાચાર, સિદ્ધચક્ર વીગેરે તેમનાં વાજીંત્રપત્રોમાં અનેક બેસુરો નીકળી રહ્યા હતા અને તા૦ ૧૫-૫-૩૩ ની ધારાસભા વખતે તો વિરોધ દર્શાવવા આકાશપાતાળ એક કરી તન તોડ મહેનત કરી રહ્યા હતા. ઝોળીથી ઉધરાવેલો પૈસો તો કાંકરાની માફક ખરચાતો હતો દોડ દોડા અને તારનો પાર ન હોતો. પરંતુ આટલી બધી ધમાલ છતાં માત્ર મુસદ્દા વિરૂદ્ધ ત્રણજ મત મળ્યા, અને પંદર મત તરફેણમાં મળ્યા અને મુસદ્દો પસાર થયો એટલુંજ નહીં પણ લેને ગઇ પૂત ઔર ખો આઇ ખસમ જેવું બન્યું સગીરની ઉંમર ૧૬ વરસની હતી તે વધારી ૧૮ ની કરી. આથી તેમના હાથ હેઠા પડયા. આ બધું દીક્ષાના નામે થતી અયોગ્ય અને આચાર વિચાર અને શાસ્ત્ર વિરૂદ્ધની પ્રવૃત્તિનું પરિણામ આવ્યું છે, તે તરફ નહીં જોતાં સામા પક્ષના અધર્મનું પાપ ઉદય આવ્યું છે એવો ખોટો સામુદાયિક પાપના ઉદયનો આક્ષેપ મુકી ભરતવિજયે સોળ, ચંદ્રવિજયે એકવીસ, ધર્મસાગરે સોળ પ્રમોદવિજયે આઠ, અને સાધ્વી જરમરશ્રીએ આઠ ઉપવાસ શરૂ કર્યા. ઘણા ખરાના પુરા થયા અને બાકીના ૨-૩ દિવસમાં પૂરા થશે. આટલો બધો તેમનો પ્રયત્ન!!

હવે હું મુસદ્દાનો વિરોધ કરનાર અયોગ્ય દીક્ષાના હીમાયતી કહેવાતા શાસન પ્રેમી સાધુઓને પુછું છું કે જૈનોનું મોટામાં મોટું અને પવિત્રમાંનું પવિત્ર તીર્થ શ્રી શત્રુંજય છે તેની ઉપર આફત આવવામાં બાકી રહી નથી. ભારત વર્ષના સકળ સંઘની પ્રતિનિધિ રૂપ ગણાતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ જૈન કોન્ફરન્સની મહાન સભા મુંબઇમાં બોલાવી ઠરાવ કરી શત્રુંજયની જાત્રાએ નહીં જવા ફરમાન બહાર પાડયું તે અન્વયે સંવત ૧૯૮૨ ના ચૈત્ર સુદ ૧૨ થી તે સંવત ૧૯૮૪ ના જેઠ સુદ ૧૩ સુધી એટલે ૨૬ માસ સુધી તે જાત્રા બંધ રહી. આ વખતે ધર્મની ધગશવાળા અને શાસન પ્રેમી સાધુઓ ક્યાં સીધાવ્યા હતા? કોઇપણ સાધુએ પાલીતાણાના ઠાકોરના ઠરાવ વિરૂદ્ધ જરા પણ હીલચાલ કરી હોય એમ જણાતું નથી. જેવી વડોદરામાં છાવણી જમાવી તેવી છાવણી કેમ પાલીતાણામાં

ચર્ચા પત્રો.

[આ ચર્ચા પત્રો સાથે તંત્રી સંમતજ છે, એમ કોઇએ સમજવું નહિ.]

(૧) જૈન સંઘના વહીવટદારોનું અંધારૂં—

અમદાવાદથી બાલાભાઇ અમરતલાલ લખી જણાવે છે કે—

ખેડા જીલ્લામાં કપડવંજ તાલુકામાં આંતરોલી ગામ છે. ત્યાં જૈનોની ઘણી સારી વસ્તી છે, તેમજ સુંદર અને સુશોભિત ભવ્ય જૈન દહેરાસર છે. પ્રથમ આ દહેરાસરનો વહીવટ ત્યાંના એક શેઠ જેઠાભાઇ વખતચંદ કરતા હતા. તેમના ગેરવહીવટને અંગે ટ્રસ્ટ ખાતાને ઘણું નુકશાન થવાથી તેમના વહીવટ બાબત મારે ખેડા જીલ્લાના મે. કલેકટર સાહેબની મારફત કપડવંજના મામલતદારને ત્યાં તજવીજ ચલાવવી પડેલી. તે તજવીજના પરિણામે તેમનો વહીવટ તે ગામના એક બીજા ગૃહસ્થને સોંપવામાં આવેલો.

હાલમાં મારા સાંભળવામાં આવ્યું છે કે અમદાવાદ નીશા પોળના એક ગૃહસ્થ કે જેમનું નામ મુળચંદ અનોપચંદ સંઘેસર છે. તેમણે ભગવાનને મુગટ કરાવવા સોનું તોલા ૨૦) તથા ચાંદી તોલા ૭૫૦ મજકુર જેઠાભાઇ વખતચંદજીના પત્રથી

જમાવી સામનો કીધો નહોતો? શું સંન્યાસ દીક્ષાના મુસદ્દા કરતાં શત્રુંજય તીર્થની આફત ઉતરતી હતી? શું તે તીર્થનું રક્ષણ બાલદીક્ષાના રક્ષણ કરતાં ઓછા મહત્વનું હતું? શું તે ધર્મનું કામ નહોતું? તે અણીના વખતે તો કોઇ સાધુ બહાર આવ્યા નહોતા. વાર્ષિક સાડે હજારની રકમનો અમલ્ય વેરો તીર્થ ઉપર પડયો તે વખતે સામુદાયિક પાપની નિર્જરા માટે પોતાના નામની સહી સાથે આત્મ નિવેદન પ્રકટ કરી કોઇ આવા ઉપવાસ કરનાર સાધુઓ બહાર આવી પત્રિકાઓ ઉપર પત્રિકાઓ પોતાના ભકતો દ્વારાએ પ્રસિદ્ધ કરાવનાર કોઇ જણાયા નહોતા. જો ધર્મની ખરી ધગશ હોત તો તે વખતે કાર્ય કરી બતાવ્યું હોત. પણ અફસોસ! તેમાંનું કાંઇજ જોવામાં આવ્યું નહોતું: ધર્મની ધગશ કહેવામાં, પણ સાધવામાં સ્વાર્થ સિવાય બીજું કાંઇજ નહીં આ બંને પ્રસંગોએ કહેવાતા શાસન-પ્રેમી સાધુઓની અને તેમના ભકતોની ખરેખરી કસોટી કરાવી છે. યેનકેન પ્રકારેણ ચેલા મુંડવાનો ધંધો જે હાથમાં લઇ બેઠા હતા તે ધંધો આવો કાયદો થવાથી તુટી પડશે અને પોતાના ચેલા બનાવાની દીક્ષા ફેકટરીઓ લીકવીડેશનમાં જશે. એવા ભયથી કેવળ ચેલા બનાવવાના સ્વાર્થની ખાતર ધર્મના બ્હાના નીચે મુસદ્દા વિરૂદ્ધ ધમાલ મચાવી રહ્યા છે તે દુનિયા અને વડોદરા સરકાર બરાબર સમજી ગઇ છે.

જો ખરેખર ધર્મની ખાતરજ હોત તો શત્રુંજય તીર્થના રક્ષણ માટે તેઓ આથી પણ વધારે પ્રયત્ન કરી સત્યાગ્રહ આદરી ઉપવાસો કરી અણસન કરી દેહદમન કરી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને પુરેપુરી મદદ કરી હોત. પણ દુનિયા જોઇ રહી છે કે તે વખતે સાધુઓએ ધર્મની ખાતર જે કાંઇ કરવું જોઇતું હતું તે કાંઇ પણ કર્યું જ નહીં અને જ્યારે શિષ્ય પરિવાર વધારવાની પોતાની સ્વાર્થી પ્રવૃત્તિમાં અટકાવ કરનારો પ્રસંગ ઉભો થયો ત્યારે આચાર, વિચાર, વ્રત વગેરે કોરે મુકી ધમાલ મચાવી રહ્યા. ખરા સદ્‌ગુણોની અને ખરા ધર્મની કસોટી આવા પ્રસંગોથીજ થાય છે.

એક અંબાલાલ નગીનદાસને આશરે ત્રણ ચાર વર્ષ ઉપર આપવામાં આવેલું. આ બાબત ઘણી ઘણી વાર સૂચનાઓ કરવા છતાં તે સંબંધી મુગટ કરાવતા નથી તેમ સોના તથા ચાંદીનો સીધો જવાબ દેતા નથી, અને આ બધું આંતરોલીના રહેવાસી અમદાવાદમાં રહેતાં પોપટલાલ મનસુખરામને આપવાનું કહેવામાં આવે છે.

આમાં સત્ય હકીકત શું છે તે આંતરોલી ગામના સદરહુ વહીવટદારો તથા જૈન સંઘ જાહેર પાડશે. હાલમાં આંતરોલી ગામમાં જૈનોમાં ન્યાતો જમે છે. આ પ્રસંગે સદરહુ બાબતની હીલચાલ થયેલી પણ કાંઇ યોગ્ય ખુલાસો મળ્યો નથી।

વળી સાંભળવા મુજબ આ દહેરાસર સંબંધી બીજી પણ ઘણી ઘણી ગેરવ્યવસ્થાઓ ચાલે છે. આ સંબંધી વધુ તજવીજ કરવાને માટે થોડા વખતમાં હું મજકુર દહેરાસરનો હીસાબ જોવા જવાનો છું. હવે જોવાનું એ છે કે હીસાબ બતાવે છે કે કેમ? જો બતાવશે તો હકીકત પબ્લીશ કરીશ. કદાચ નહીં બતલાવે તો પછી મારે ખેડા જીલ્લાના મે. કલેકટર તથા નડીયાદના ડીસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટમાં કાયદેસર તજવીજ કરવા પગલાં લેવાં પડશે.

(૨) વિરમગામના આગેવાનોને નમ્ર સૂચના—

વીરમગામમાં ઝવેરી માણેકચંદ ખેતસીભાઇએ એક વીલ કરેલું અને તે વીલના ફરમાન મુજબ એક લાયબ્રેરી યાને પુસ્તક સંગ્રહ કાઢેલું હતું. આ સંસ્થાના આશરે રૂા. ૧૧૦૦૦) કાઢેલા તેના ટ્રસ્ટીઓ તરીકે વીરમગામના જૈન ગ્રહસ્થો પૈકી શેઠ પોપટલાલ કેવળદાસ તથા ભાઇલાલ છગનલાલ પટવાને નીમેલા. તે પુસ્તકાલય માટે મકાન પણ એક ઇલાયદુ જુદું કાઢેલું છે. સદરહુ સંસ્થાનો વહીવટ યોગ્ય રીતે થતો નથી. વળી સદરહુ મરનાર ગૃહસ્થે આશરે રૂા. ૧૫૦૦) ના વ્યાજમાંથી સારા માર્ગ માટે વાપરવા, લખેલ છે. તો તે રકમ કઇ કઇ જગ્યાએ વાપરમાં આવે છે, તે સંબંધી યોગ્ય ખુલાસો વહીવટદારો કરશે એવી આશા રાખીયે છીએ. અમારા સાંભળવામાં આવ્યું છે કે આ રકમમાંથી અમુક રકમ કેસરીયાજી જતાં રસ્તામાં પોતાની આપખુદ સત્તાથી વાપરેલી છે. તો તે સંબંધી સત્ય ખુલાસો બહાર પાડશે.

પ્રગતિ કરતા મારવાડને—ફોજલાલ જોગાણી લખે છે કે પ્રગતિ કરતા મારવાડને દેખીને હૃદયમાં આનંદ થાય છે. હમણાંજ પોરવાડ સંમેલન ભરાયું. ઇચ્છવા જોગ ઠરાવો પસાર થયા તે બાબત કાર્યવાહકોને અભીનંદન. પણ મને જરા એક વાત કહી દેવા દો. બીજા ઠરાવમાં માનસિક અને શારીરિક કેળવણી આપતી સંસ્થાઓ ખૂબ પ્રમાણમાં ખોલવી ને તે માટે કમીટી પણ નિયુક્ત કરી.

મારવાડમાં વિદ્યાનો પ્રચાર વધતો જાય છે, સાથે સાથે શારીરિક વિકાસ પણ વધે એવા ઉદ્દેશથી સંમેલન વ્યાયામ-શાળાઓને અસ્તીત્વમાં લાવવાને ઠરાવે છે. પણ વ્યાયામ શું ચીજ છે એ વાત જ્યારે પ્રજા ન સમજે ત્યારે એવા ઠરાવો કરવાથી શું ફાયદો? કેળવણીના એક મુખ્ય અંગના પ્રચાર કાર્ય કરવા માટે જ્યારે સંમેલનમાં ત્રણ મીનીટનો વખત ન આપી શકે ત્યારે જોવાનું એ રહે છે કે આ ઠરાવો કાગળના પાનામાં તો નહીં રહે ને?

કેસરીયાજીનું તીર્થ

અને

આપણા ત્યાગીઓ તથા માતબર સંસ્થાઓ.

લેખક—રમેશ મહેતા.

આપણા સમાજમાં લાંબા વખતથી અયોગ્ય દીક્ષાના અંગે કેટલાક સ્વાર્થી સાધુઓએ ભયંકર ઉપદ્રવ શરૂ કરીને શ્રીમંત ભકતોને પોતાના સાથમાં રાખી જુદી જુદી રીતે સમાજની હાલહવાલી કરી છે અને એનો લાભ હાલ તુરત તો કેસરીયાજીના પંડયા અને ઉદેપુરના મહારાણાએ લેવા માંડયો છે. મહારાણાએ કેસરીયાજીના ભંડારની લાખોની રકમ–ઝવેરાત વગેરે રક્ષણના બહાને પોતાના ખજાનામાં મુકી છે. અને હવે પંડયાઓએ એ તીર્થને પોતાનું વૈષ્ણવોનું છે, એમ જણાવી ઉદેપુર નરેશ પાસે ન્યાય માંગે છે. કેસરીયાજીને ધ્વજા ચડાવવાના જૈનોના સ્થાપીત હકકને બાજુએ મૂકીને જીર્ણ થયેલા ધ્વજની જગ્યાએ રાજય તરફથી વૈદિક-વિધિ અનુસાર નાની ધ્વજા ચડાવવાની પંડયાઓને રજા આપવામાં આવી, પંડયાઓએ વૈદિકવિધિથી ધ્વજા ચઢાવી અને હાલ તુરત ભંડારના ખર્ચે એક બ્રાહ્મણ રાખી હંમેશા વૈદિક વિધિ મુજબ ધ્વજાપૂજનની ક્રિયા કરવામાં આવે છે, એવા સમાચાર સર્વત્ર પ્રગટ થયા છે.

આશ્ચર્ય સાથે સવાલ એ થાય છે કે જે તીર્થ જૈનોનું પુરાણું હોય, લાખો જૈન બંધુઓ તેને માને છે, હજારો જૈનો તેના દર્શનાર્થે પ્રતિવર્ષે જાય છે, એવા એક પુરાણા તીર્થને માટે તીર્થોનું રક્ષણ કરવાનો દાવો ધરાવતી આપણી આણંદજી કલ્યાણજીની પેઢી તદ્દન ચુપ બેઠી છે અને જનતાને ખરી વિગતોથી જાણકાર કરવાની તસ્દી લીધી નથી. શ્રી કોન્ફરન્સના સેક્રેટરીઓએ જ્યારે તક મળતાં આ બાબતમાં પેઢીનું ધ્યાન ખેંચ્યું ત્યારે લાંબા અંતરે પેઢી કાગળનો જવાબ આપે છે કે "અમે તપાસ કરીયે છીએ, પત્ર વહેવાર કર્યો છે, રાણાની મુલાકાતો ગોઠવાય છે. માટે તમો કાંઇ કરશો નહિ. અમો તમને જણાવતા રહીશું. "છતાં આખી જૈન જનતાને આ બાબતથી તદ્દન અંધારામાં રાખી, પેઢીએ તેના ઉપર રાખેલા વિશ્વાસનો ભંગ કર્યો છે, અને કેસરીયાજી તીર્થના આપણા સ્થાપીત હકકનું રક્ષણ કરવા દેખાડેલી બેદરકારી માટે એ પેઢીના દરેકે દરેક કાર્યકર્તાઓ જવાબદાર છે. તેઓએ જૈન જનતાએ તેમના ઉપર રાખેલા વિશ્વાસનો ભંગ કરી મોટો વિશ્વાસઘાત કર્યો છે.

દીક્ષાના ઝગડા પાછળ પોતાનું તમામ વિર્ય ખરચી નાંખવા મથી રહેલા અમારા કહેવાતા સાધુઓ પણ આને માટે જવાબદાર છે. પુરાણું અને જૈનોનું પ્રિય તીર્થ, તેની પાસેથી જ્યારે લાંચ લેવા માટે મામુલી પંડયા અને રાજય તૈયાર થાય ત્યારે એ કહેવાતા ત્યાગીઓની ફરજ હતી કે એ તીર્થને રક્ષવા માટે સમાજને ચેતવી, તેનામાં આત્મ ભાન જાગ્રત કરી તેના હકકને રક્ષવા કટીબદ્ધ થવાનો ઉપદેશ કરવાની હતી દીક્ષાનો પ્રશ્ન તેમનો હોઇ તેઓ આ તીર્થને હાથ રાખી ગમે તે વખતે પોતે ઉપાડી શકત છતાં જૈને તીર્થની, ધર્મની કે સમાજની કશી પડી નથી, એવાઓએ ખરા અણીના વખતે દીક્ષાના ઝગડામાં સમાજને વેરણ છેરણ કરી નાંખી તેની રહીસહી શકિતનો નાશ કરવામાં આનંદ માન્યો છે.

અને આપણે, આપણા સુરબ્બીઓ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, શ્રીમતિ કોન્ફરન્સ અને અન્ય ગણાતા શ્રીમંતો ઉપર આધાર રાખી ચુપચુપ મૌન દશામાં ચલાવી રહ્યા છીએ. ઓ સમાજના યુવાનો! સમજો. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તમારી છે, શ્રી કોન્ફરન્સ પણ તમારી છે, અને એ આગેવાનો પણ તમોએજ કોમના નેતા તરીકે ગણેલા છે. તમારી ફરજ છે કે એ પેઢીને, એ દેવીને, એ આગેવાનોને અને એ ત્યાગીઓને ચોકખું સુણાવી દો કે ફરજ ભુલતા, જનતાને અંધારામાં રાખતા અને તેમાંથી નીપજતા દરેક પ્રકારના પરીણામો માટે તમો જવાબદાર છો. અને તમારી પાસેથી તેનો હીસાબ લેવામાં આવશે. હવે વધુ વખત પોલ ચલાવી લેવામાં આવશે નહિ.

અજ્ઞાત મુલ્કમાં વ્યાયામશાળાઓને હસ્તીમાં લાવવી હોય તો વ્યાયામ ને તેની જીવનમાં ઉપયોગીતા એ પ્રશ્ન પ્રજાના મગજ ઉપર બળજબર ઠસાવવો જોઇએ નહીં તો પ્રજા આ ચીજને સમજી શકવાની નથી તો પછી અપનાવવાની તો વાતજ શી?

દશ હજાર મનુષ્ય મેદની વચ્ચે ફકત ત્રણ મીનીટનો સમય આપી વ્યાયામને જો કાર્યવાહકોએ કરવાની છુટ આપી હોત તો વ્યાયામના પ્રચારની ધારેલી અસર થઇ શકત કે જે બીજાં કોઇપણ સાધનોથી જલ્દી થવાનો સંભવ નથી. જ્યારે ત્રણ મીનીટનો વખત માગ્યો ત્યારે સેક્રેટરી સાહેબ બોલ્યા કે "આ સરકસ માટેનું પ્લેટફોર્મ નથી. અહીંયાં આની જરૂર નથી, જે કાર્યવાહકોના મગજમાં આ. વિચાર ઘુમે છે તે ભવિષ્યના પ્રચાર માટે શું કરી શકવાના છે! પ્રજા જીવનમાં વ્યાયામને મહત્વનું સ્થાન અપાવવું હોય તો મદાન સમારંભો ને સંમેલનોમાં તેની ઉપયોગીતા પ્રજાને ઠાંસી ઠાંસીને સમજાવવી એ સૌની ફરજ છે. આ સિવાય કોઇપણ રીતે પ્રજા તેને સાચા માનશે નહીં ને પ્રગતિ થશે નહીં. ને અત્યારનાં દુબળાં, માય કાંગલાં ને નમાલાં શરીર રહેશેજ રહેશે.

લાભ લેવા ચૂકશો નહીં.

પંડિત હીરાલાલ હંસરાજ તરફથી પ્રસિદ્ધ થયેલાં તમામ ગ્રંથો દિવાળી સુધી

અર્ધી કિંમતે મળશે.

તા. ક.-આચારાંગ સૂત્ર છપાય છે તેની અર્ધી કિંમત સમજવી નહિ.

લખો:—**પંડિત હિરાલાલ હંસરાજ.**

જામનગર.

हिन्दी विभाग.

श्रीकेसरीयाजी के लिये शिरोही का प्रस्ताव.

श्रीकेसरीयाजी (रिखभदेवजी) धुलेवा (मेवाड) में पंडों का अत्याचार बढ जाने के कारण वहांपर अनुचित कार्य्यवाही हो रही है। संवत १९३४ में रियासत मेवाड से ट्रस्टी तरीके इन्तज़ाम किया जाकर आठ जैन श्वेताम्बरों की एक कमेटी मुकर्रर हो कर प्रबंध देवस्थान के ताल्लुक हुआ। संवत १९३५ में रियासत मेवाडने इश्तहार के जरिये यह घोषणा की थी कि केसरीयाजी तीर्थ की खर्च व आमदनी की व्यवस्था जैनों की राय से होगी, लेकिन इस कमेटी की राय के वगैर रियासत अपनी इच्छा अनुसार कार्य करती है

पुजन–पक्षाल की जो बोली बोली जाती है उस की आमदनी भण्डार में जमा होने का कहा जाता है लेकिन मालुम हुआ है कि पंडोने जो इकरार लिख दिये थे, तथा संवत् १९०६ व १९१६ में रियासत मेवाड से इस आमदनी में से रु. १) रोजान पडों को देने का हुक्म हुआ था और मोजूदा महाराणासाहबने संवत् १९७९ की कार्तिक वद ६ तथा संवत् १९८७ में जो हुक्म दिआ था उन के खिलाफ संवत् १९८९ के श्रावण शुदि १२ को एकतरफा हुक्म पूजा–पक्षाल की कुल आमदनी पंडों को दिलाई जावे एसा हुक्म हांसिल किया है। पंडों का इस आमदनी पर कोई अधिकार नही है। भंडार में जमा होनी चाहिये जैसा के बोली के वक्त हंमेशा कहा जाता है।

इस के अलावा भोग लगाने व दीगर जैन रीतियों को बंध करने की कार्य्यवाही करने इस तीर्थ को वैष्णव तीर्थ करार देने की पंडे कार्य्यवाही कर रहे है। इस लिये मनमानी व अनुचित कार्य्यवाही का विरोध करने के लिये आज श्री सिरोही जैन संघ की यह सभा न्यायांभोनिधि जैनाचार्य श्री श्री १००८ श्रीविजयानंदसूरिजी महाराज के पट्टधर आचार्य महाराज श्रीविजयवल्लभसूरिजी की अध्यक्षता में निम्न लिखित प्रस्ताव सर्वानुमते पास कर दिये है।

१ यह सभा यह ठहराव करती है कि श्रीकेसरीयाजी तीर्थ की व्यवस्था जिस प्रकार संवत १९०६ के अनुसार होती आ रही थी उस के विरुद्ध पंडोंने राज्य से एकतरफा हुक्म प्राप्त कर लिया है कि पूजन–पक्षाल और बोलियों का कुल रुपया पंडों को ही मीला करे। यह हुक्म बिलकुल अनुचित और जैनसमाज की धार्मिक लागनी को दुःखानेवाला है। अतः यह सभा श्रीमान महाराणासाहब उदयपुर से प्रार्थना करती है कि इस अनुचित हुक्म को शीघ्रही रद करने की कृपा करे।

२ यह सभा श्रीमान महाराणाजी साहब से प्रार्थना करती है कि इस एकतरफा हुक्म के अनुसार पूजा–पक्षाल की बोली दिलाने का हुक्म होना सुनने में आया है सो रद किया जाय और यह आमदनी पंडों को नही दी जाय।

३ यह सभा प्रस्ताव करती है कि रिखवदेवजी जैन तीर्थ है और हमेशा से ध्वजादंड आदि जैन रीति अनुसार होता है। अब वैष्णव रीति अनुसार जो ध्वजादंड चढाने का निश्चय किया गया है वह रद किया जाय और हमेशां माफिक दरेक कार्य जैनधर्मानुसार किया जाय।

४ जब तक हमारा पैसा सुरक्षित न हो जाय तब तक सब यात्रियों को चाहिये कि तीर्थपर पूजन–पक्षाल की बोली, बडी पूजन, आंगी वरघोडे, भंडार में, आरती में, पंडों सो रूमाल ले कर, हस्ताक्षर कर कुछ देना, मूल गभारे की पेटियों में पैसे डालना, गरम पानीवाले, केसर घिसनेवालों को इनाम आदि किसी प्रकार की बोली या पैसा किसी को भी न देवे क्यों कि उन सब को भंडार से तन्खाह मिलती है।

६ अगर किसी के कोई बोलया आदि कोई खर्च करना होवे तो रकम जैसा कि आचार्य महाराज श्रीविजयवल्लभसूरिजीने देशना में फरमाया है कि केसरीयाजी को न भेजते दूसरे तीर्थ या मंदिर में लगाना शास्त्रों के विरूद्ध नही है। श्रीकेसरीयाजी के नाम से किसी भी तीर्थ में या मंदिर के नाम से खर्च कर सकते है।

निवेदक—

श्रीश्वेताम्बर जैन संघ–सिरोही.

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩ માં છાપ્યું છે. અને ગોકલદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

સુયોગનું સંધાન.

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

તંત્રીઃ રતિલાલ ચીમનલાલ કોઠારી. | સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦ | વર્ષ ૨ જું, અંક ૩૩ મો. | શનીવાર, તા૦ ૧૭-૬-૩૩.

મહાન્ સાહિત્યાચાર્ય શાસ્ત્રવિશારદ્ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજીની જીવન છાયા.

કયો સંસ્કારી જીવાત્મા એ પ્રચંડ, પ્રભાવિક, આત્મબળી, મહાન્ સાહિત્યાચાર્ય, અવધૂત, જ્ઞાની પુરૂષ શ્રીમદ્ બુદ્ધિસાગરજીને નથી પિછાનતો? સાગરની પિછાન! જ્વલંત જ્યોતિનાં દર્શન! ઉજ્વલ ચારિત્રવાન, અદ્ભૂત યોગીશ્વરની અલખ ધૂનના પરિચય! સાચા આદર્શ સાધુના સોણલાંના સાક્ષાત્કાર! મહાન કર્મયોગી, મસ્ત ત્યાગીનાં પ્રભુ પ્રેમના તનમનાટ કરતા હૃદય તારનાં રણકારનાં ગુંજનના શ્રવણ! કોણ અજાણ છે એનાથી?—એ સૌથી?

એ તો માત્ર જૈનોનાજ સાધુ ન હતા, હતાં સમસ્ત વિશ્વના—અઢારે વર્ણના. એમનો ઉપદેશ ઉપાશ્રય માટેજ નહોતો નિર્માયો. વિશ્વના ચોકમાં એનો આહલેક ગજ્યો, છવાયો. ને હજીયે એના પડઘા તો વિરમ્યા નથી. એમનાં સત્ય-આત્મજ્ઞાન-સ્વાનુભવ ને પ્રભુ સાક્ષાત્કારના અનેરાં ચૈતન ભર્યાં જીવન, એ તો ભારતવર્ષનો—યુગ યુગનો અનેરો ઉલ્લાસ ભર્યો—નવચેતન આદર્શ! ગ્રંથના ગંભીર પણ ઉંડા તત્વજ્ઞાનની મિમાંસાથી ઉભરાતાં વચન પુષ્પો તો સાધુઓનાં અંતર દ્વારે પણ સુરભિ પ્રસરાવનાર મહા રસાયણ! એના મસ્ત લખ અલખની એંધાણ આપતાં પદેપદે અમૃત સાગર ઉછાળતા પ્રભુનેયે ઘડીભર પોતાની વચે બોલાવતાં. કોઇ દેવ-દૂત-ફિરસ્તાની ફુંકો સમાન મહા કાવ્યો, જ્ઞાન, સાહિત્ય અને સ્વાનુભવિ, મણીધરોને ડોલાવવા મુરલીની ગજ્જ સારતાં. અરે! એની ભાગ્યમૂર્તિ મસ્ત આનંદઘનજી, ચીદાનંદજી, દેવચંદ્રજીનીયે ભૂતકાળ ગાથા સ્મૃતિપટે તાજી દેતી. એના ગૂઢ પણ વિશાળ ગ્રંથાલેખન, સવાસો મહાગ્રંથોના આલેખન, મહાન યોગીથી યશોવિજયજીનોયે સાક્ષાત્કાર કરાવતાં કહો, કહો, શું બાકીયે એ મહાન્ આદર્શના અવતારને માટે? આવા મહાન શાસન-ધર્મ, કોમ, સાહિત્ય અને સ્વદેશ ભક્તની કીર્તિની ઉષ્મા સૂર્યનીયે પેલેપાર જાય તો આશ્ચર્ય શું! એનાં યશ સૌરભ-કીર્તિકીરણો—મહાન કાર્યોના પ્રચંડ સૂર્ય પ્રકાશથી પામર, અજ્ઞાન, કુપમંડુકોનાં નેત્રો અંજાય. પરગુણે દુઃખી ઘુકડાલોનાં નેત્રો અંજાય તો શું આશ્ચર્ય?

વડોદરા—શ્રીમંત સયાજીરાવ ગાયકવાડનું વડોદરા રાજ્ય કવિ પ્રેમાનંદ વડોદરામાં, કવિ દયારામ તથા શ્રીમદ્ કવિરાજ યશોવિજયજી, (ડભોઇના) વડોદરામાં તથા કવિરાજ શ્રી બુદ્ધિસાગરજી, વિજાપુર તાબે વડોદરામાં થયા. આમ વડોદરા ખરેજ કવિરત્નોની ખાણ—ગઢભાગીજ ગણાય.

એ દયા સાગરે પોતાના જન્મથી વડોદરા રાજ્યના વિદ્યાપુર (બિજાપુર) નગરને, એક કણબી કુટુંબને, સંવત ૧૯૩૦ ના શિવરાત્રીના રોજ અજવાળ્યું હતું. જન્મ દિવસ પણ શિવરાત્રી, પિતા પણ શિવજી! માતા અંબા, જન્મભૂમિ વિદ્યાપુર ને પોતે બુદ્ધિસાગર. એ શિવ-નિર્વાણ પામેજ. એમાં શું નવાઇ!

બાલ્યાવસ્થાથીજ મહાન થવા સર્જાયેલા એમણે પરણી સંસારમાં ઝંપલાવ્યા સાફ નાજ પાડી, પોતાના ઠરાવમાં મક્કમ રહ્યા—બાલબ્રહ્મચારી રહ્યા. હા! સુમતિ સજુણીને વર્યા હતા! મુક્તિ-રમણીને છેવટે પામ્યા! ૐ

વર્તમાનકાળે વિચારતા તમામ સાધુ વર્યોના વડિલો એક કાળે જેમના પ્રતિ બહુમાન અને પૂજ્યભાવ ધરાવતા, એવા મહાન પ્રાતઃસ્મરણીય શ્રી રવિ સાગરજી તથા શ્રી સુખસાગરજી રૂપી વૈરાગ્ય સાગરમાં શ્રીમદ્ સ્નાન કરવા ભાગ્યશાળી બનેલા અને એજ સ્નાનના પરિણામે એઓ સંસાર ત્યાગી બહેચરભાઇને બદલે બુદ્ધિસાગર સંવત ૧૯૫૭ માં પાલણપુર મુકામે થયા.

સાધુ ધર્મનું પ્રતિપાલન તેમાંયે મહાન કઠીન આચારવાળા સાગર ગચ્છમાં મહાન ક્રિયોદ્ધારક શ્રી રવિસાગરજી મહારાજ અને શ્રી સુખસાગરજી મહારાજના શિષ્ય તરીકે રહેવું એ કઠીન

(અનુસંધાન પૃષ્ઠ ૨૬૬ ઉપર)

પુરિસા ! સચ્ચમેવ સમભિજાણાહિ ।
સચ્ચસ્સ આણાએ સે ઉવટ્ઠિએ મેહાવી મારં તરઇ ॥
(આચારાંગ સૂત્ર.)

પ્રબુદ્ધ જૈન.

શનીવાર, તા૦ ૧૭-૬-૩૩.

સુયોગનું સંધાન.

આખા દિવસના અવિશ્રાંત પરિભ્રમણ પછી સાયંકાળ થતાં પક્ષીઓ પોતાના નિવાસસ્થાન તરફ પાછા વળે છે, ખેડુતો પોતાના ગૃહ તરફ પાછા ફરે છે, તેમજ ચાતુર્માસ નજીક આવતાં સર્વે મુનિરાજો પોતપોતાને માફક આવતાં શહેરો યાતો ગામોમાં ચાતુર્માસ પર્યંત સ્થાયી નિવાસ માટે પહોંચી રહ્યા છે. આ વર્ષે ઘણા લાંબા સમયે એવો એક સુયોગ સાંપડયો છે કે જો તે સુયોગનો બરાબર લાભ લેવામાં આવે તો જૈન કોમો કદિ નહિ મેળવેલો લાભ મેળવી શકે.

આપણા શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘમાં જે કલહની હોળી સારાય સમાજને બાળીને ભસ્મ કરવા બેઠી છે, જે કલહાનલની આંધીએ સારાયે સમાજના પ્રતિષ્ઠિત મુનિવરોને અને શ્રાવકોને આંધળા કરી દીધા છે, જે કલહના મૂળ ઉંડાં અને ઉંડા દિન પરત્વે જતાં જાય છે, તેને નિવારવાનો તેની જ્વાળાઓ શાંત કરવાનો એક સુયોગ જૈન કોમને આજે સાંપડયો છે.

કોમમાં વિદ્વાન અને અગ્રગણ્ય ગણાતા આચાર્યો અને મુનિવરોનો મ્હોટો ભાગ આ વર્ષે ગુજરાતની ભૂમિ પર ચાતુર્માસ રહેવા આવી લાગ્યો છે. વિજયવલ્લભ સૂરિજી કહો કે વિજયનેમિસૂરિજી કહો, સાગરાનંદજી કહો કે વિજય નીતિસૂરિજી કહો, વિદ્યાવિજય કહો કે ન્યાયવિજય કહો એ સઘળા આચાર્યો અને મુનિવરો આજે ગુજરાતમાં આવી રહ્યા છે, તેઓ જો ધારે તો આ વૈમનસ્યની જ્વાળાઓ બુઝાવી શકે તેમ છે, તેઓ જો ધારે તો જૈન શાસનની જગત ભરમાં જે હાંસી અને હીલના થઈ રહી છે, તે અટકાવી જૈન ધર્મના ગૌરવને ઉજ્જવળ બનાવી શકે તેમ છે.

આ કલહાનલનું મૂળ શું છે, તેની ઉત્પત્તિ કેવી રીતે થઇ છે, અને એને કોણ કોણ નીભાવી રહ્યા છે, એ ઘોધા ઉંડાણમાં ઉતરવાની વિશેષ જરૂર અમોને લાગતી નથી, કારણકે અતિ મંથનથી જેમ વિષ પ્રાપ્ત થાય છે, અતિ ઉંડા ઉતરવાથી જેમ કાદવમાં લપટાય છે, તેમ આ કલહના મૂળ શોધવા ઉંડાણમાં ઉતરતાં તેના ઘણાએ ફણુગા ફુટી નીકળશે, અને એ સઘળાનું નિવારણ કરતાં યુગના યુગ વહી જશે.

કોઇ કોઇ સ્થળેથી મુનિરાજો તરફથી કહેવામાં આવે છે કે આ કલહનું મૂળ અમે નથી, શ્રાવકો છે, જ્યારે શ્રાવકો કહે છે કે આ કલહનું મૂળ સાધુઓ છે. પરંતુ આ બધી વિસંવાદી વાતો છે, એનાં મૂળ શોધ્યાં શોધાય તેમ નથી. આજે તો ૩ માસ પૂર્વે બનેલો અજમેરનો દાખલો આપણી સામે મોજુદ છે, લગભગ સો સો અને બસો બસો માઇલોનો લાંબો વિહાર કરી અજમેર મુકામે સ્થાનકવાસી મુનિઓએ ભેગા મળીને જે કાર્ય કર્યું છે, અને યુવાનોએ એ કાર્યને જે રીતિએ પાર પાડવામાં સહાયતા કરી છે, તે પ્રસંગને દ્રષ્ટિ સમીપ રાખી પ્રભુ મહાવીરના વડિલ પુત્રો હોવાનો દાવો કરતા આચાર્યો અને મુનિવરોનો શાસનની ડોલતી નૌકાને સ્થિર કરવાનો ધર્મ છે.

અમારું કહેવાનું તાત્પર્ય એ છે કે આ ચાતુર્માસ પછી માગશર યા પોષ માસમાં આ સર્વ સાધુઓ ગુજરાતના મધ્ય સ્થળમાં એકજ ભૂમિકા પર બેસી ઉંચ નીચનો ભેદ ભાવ રાખ્યા શિવાય, માનાપમાનની દરકાર કર્યા શિવાય માત્ર જૈન શાસનનું ગૌરવ અમારે ઉજ્જવળ રાખવું છે, એ એકજ પુનિત ભાવનાથી પ્રેરાઇ સમાનતાનું વાતાવરણ સર્જી પોત-પોતાના મંતવ્યો. રજુ કરી તેમાંથી યોગ્ય તોડ કાઢે એકજ અવાજ પ્રચંડ ગર્જના રૂપે બહાર પાડે, અને જગતને બતાવી આપે કે જૈનત્વ હજુ મરી ગયું નથી.

આ બધું કરવા માટે આવતા ચોમાસાના ચાર માસ દરમ્યાન ભૂમિકા તૈયાર કરવાની જરૂર છે, વાતાવરણ ઉત્પન્ન કરવાની જરૂર છે, અને એ દિશામાં અમોને જાણીને હર્ષ થાય છે કે મુનિ મહારાજશ્રી વિદ્યાવિજયજીએ એક પ્રાથમિક સૂચનાઓ રૂપે યોજના બહાર પાડી મંગલાચરણ કર્યું છે. આ સૂચનાઓને અન્ય આચાર્યો અને મુનિવરો વધાવી લેશે, યાતો તેમાં યોગ્ય ફેરફાર સૂચવી માર્ગ બતાવશે તો જરૂર સમાધાનીના માર્ગમાં આગળ વધી શકાશે.

સાથે સાથે ભાવનગરમાં પણ આજ કાલ આવીજ કંઇ મંત્રણાઓ થતી સંભળાય છે, અને પાટણથી વિજયવલ્લભ સૂરિએ પણ કંઇક એવાજ ઉદ્‌ગાર કાઢયા છે, જેથી લાગે છે કે આ યોગનો લાભ લેવા સર્વ કોઇની ઇચ્છા તો છેજ.

આ વિષયમાં અત્યાર પૂર્વે અનેક વાર નાના મોટા પ્રયત્નો થઇ ગયા છે, છતાં પણ કેટલાક આવા કલેશોને નિભાવવામાં સ્વાર્થ શોધનારા યા તો વિદ્વાસંતોષીઓ, યાતો ગર્વથી મદોન્મત્ત બનેલાઓ તરફથી આવા પ્રયત્નોમાં અનેક પ્રકારનાં વિક્ષેપો નંખાવાથી આ દિશામાં હજી સુધી ફતેહ મળી શકી નથી. અમો ભાર મુકીને કહીએ છીએ કે જૈનાચાર્યોને જો પોતાની ફરજનું જરાપણ ભાન હોય, કોમમાંથી વિખવાદ સદાને માટે નાબુદ કરવાની તેમનામાં જરાપણ તમન્ના હોય, અને જો તેઓ તે કાર્યને વિજયવંત બનાવવા પોતાનો ધર્મ સમજતા હોય તો તેઓએ સ્વાર્થવશ કજીયા નિભાવનારાઓના બતરાઓનો કે તેના રોષનો કે તેના કચવાટથી આપણું બળ નરમ પડી જશે એવા ખોટા ભયનો બીલકુલ ડર રાખ્યા વગર આ મળેલી તકનો સંપૂર્ણ સદુપયોગ કરવા કટિબદ્ધ થવું જોઇએ. અને આપણા અગ્રગણ્ય ગણાતા જૈન આગેવાનોએ પણ પોતાની લાગવગનો દરેક પ્રકારે સંપૂર્ણ ઉપયોગ કરી આ હીલચાલમાં પૂરેપૂરો સહકાર આપી પોતાના અગ્રપદને સાર્થક કરવું જોઇએ. સાથે સાથે આ સુયોગને નહિ જતો કરવા માટે જૈનોના બહોર વર્તમાનપત્રોએ પણ આંદોલનો કરવાની જરૂર છે, અને આ રીતે જો ચારે બાજુએથી શુભ શરૂઆત કરવામાં આવશે અને જૈન કોમના ભાગ્યમાં જો યશરેખા લખાયેલી હશે તો જરૂર યશસ્વી પરિણામો લાવી શકાશે.

ચ.....મ.....ત્કા.....ર.

આ ઇતિહાસ કથા કે દંતકથા નથી. કેટલીક વેળા સામાન્ય જનસમૂહને સદ્‌માર્ગે પ્રેરે તેવી આ ઉપદેશક કલ્પના કથા છે. એ કથાકાર કહે છે કે ગર્દભરાજ કોઇક મરી ગયેલા સિંહનું ચર્મ પરિધાન કરી વનરાજ વેષે પશુ પક્ષીઓને ડારતા ફરતા હતા. પણ એક દિવસ એમના સ્વભાવને સહજ 'ભુંકાર' એ બરાડવા માંડયા અને એમના એ જન્મ લક્ષણને સમજી ગયેલાં પશુ પક્ષીઓએ એનાં હાડમાંસ ચૂંથી નાંખ્યા.

નોંધ.

અમે શું માંગીએ છીએ ?

ભાવનગરથી એક ભાઇ લખી જણાવે છે કે "અત્રે સોસાયટીવાળા આવ્યા હતા અને વિજયનેમિસુરિ પાસે કબુલાત આપી ગયા છે, કે કોઇપણ હિસાબે ઝગડો પતાવી લેવો છે. અને આપ જે કરો તે અમારે કબુલ છે વિજયવલ્લભ સૂરિ પાસે અત્રેથી કેટલાક ભાઇઓ ગયા છે. તે લોકો તેઓશ્રી પાસેથી ખુલાસો લેવા ગયેલ છે કે સોસાયટીવાળાએ કબુલાત આપી છે અને તમો આપો એટલે સમાધાન થાય." આગળ ચાલતાં એ પત્રમાં જણાવે છે કે ".....એ કહ્યું કે.....ને લખજો કે હવે પ્રબુદ્ધ જૈન અને.....માં એક બીજાના આક્ષેપવાળા લખાણો બંધ કરે પેપરવાળાઓને અમુક માણસ તરફથી લખવામાં આવ્યું છે કે હવે લખશો નહિ."

ઉપરોક્ત પત્રથી જરૂર માનવાને કારણ મળે છે કે સુલેહની વાતો ચાલી રહી છે, એટલુંજ નહિ પણ તે ઝગડાને પોષનાવાળા તરફથી એ વસ્તુ ઉદ્‌ઘાવી છે એ સદ્‌ભાગ્યની નિશાની ગણાય પરંતુ અહિં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આ ઝગડો પતે શી રીતે ? કયા કયા પ્રશ્નોથી આટલો ઉગ્ર મતભેદ જાગ્યો, એ પ્રશ્નની વિચારણા કરવી પડશે અને તે અમારી દ્રષ્ટિએ નીચેના પ્રશ્નો તરફ અમે સમાજનું ધ્યાન ખેંચવા માંગીએ છીએ.

૧. સમાજનું બંધારણ સંઘ સત્તા સર્વોપરિ મનાવી જોઇએ અને તેમાં મેજોરીટીથી કામકાજ થવું જોઇએ.

૨. દીક્ષા, દેવદ્રવ્ય વિગેરે સાધુઓની શિથિલતા આ પ્રશ્નોનો નિવેડો આવે તોજ સુલેહ થઇ શકે.

૩. કેટલાક સાધુઓ સામે સાધુતાને ભયંકર ઓપ લગાડનારા આક્ષેપો મૂકવામાં આવે છે. આ આક્ષેપોમાં કેટલું સત્ય છે, તે સંબંધી ખૂબ તપાસ કરવી અને તેમાં ડોકટરી સાધનો પણ ઉપયોગમાં લેવાં. તેમાં જે દોષિત જણાય તેને સમાજની બહાર કાઢી મુકવા અને સાધુતામાંથી સડો દૂર કરવો.

ઉપરોક્ત બીના ઉપર આચાર્ય શ્રી વિજયનેમિસુરિજી ધ્યાન આપશે તોજ તે દીશામાં તેઓ સ્તુત્ય પગલાં ભરી શકશે. ઉપરોક્ત પ્રશ્નોનો નિવેડો ન આવે તો કોઇપણ સુલેહ યુવકોને માન્ય નથી એમ અમારૂં માનવું છે. આશા છે કે આચાર્ય શ્રી યુવકોનું હાર્દ સમજે અને સમાજમાં ઘૂસી ગયેલ સડાને સાફ કરી જૈન ધર્મ, સમાજ અને શાસનને ઉજ્જવળ બનાવે. જો કે અમારા ઉપર ખાસ કોઇ 'રૂક જાવો'નો ઓરીસીયલ હુકમ આવ્યો નથી પરંતુ ઉપરોક્ત પ્રશ્નોનો નિવેડો લાવવાની શરતે જો સુલેહમાં અમારો સહકાર માંગવામાં આવશે તો અમે જરૂર સાથ આપીશું.

હમણાંજ સુધારકના સ્વાંગ પાછળ જર્જરીત પુરાણવાદી કોઇ પત્રકારનો વેશ પરિધાન કરી પડયો છે, અને છે તેવા તેમના સાચા સ્વાંગમાં એમને આવી જવું પડયું છે. બસ, અહિં સુધીજ આપણી ઉપરોક્ત કલ્પનાકથાને સામ્ય છે. પછી એ વેશ પરિધાન કરનારની ગર્દભરાજની માફક દશા થઇ કે નહિં તે જાણવામાં નથી.

× × × ×

'જ્યોતિકાર' પાંચસો પાટીદાર જૈન બન્યા છે, એ સમાચાર આપે છે. અને 'બીજા જૈન પત્રોમાં ઉલ્લેખ કરવાને અત્યાર સુધી જણાયો નથી તે વસ્તુ' તેમના દિલમાં 'આશ્ચર્ય અને દિલગીરી ઉત્પન્ન કરે છે' એમ જાહેર જનતાને કહે છે. આશ્ચર્ય અને દિલગીરી, આ વ્યક્તિ સ્વાતંત્ર્યના જમાનામાં ગમે તેને ઉત્પન્ન કરવાનો હક્ક છે, પણ ભલા ભાઇ! એક સમાચાર તમે છાપો એ બીજાને ન ગળ્યા હોય અને દર વખતે તમે આશ્ચર્ય અને દિલગીરી પેદાજ કર્યા કરો તો આ સંસારનું શું થશે ? એક સુધારક તરીકે કોઇ જાગણીવશ થઇ કર્તવ્યમૂઢ બની જાય એ ચલાવી લેવા જેવું નથીજ.

× + ×

'જ્યોતિકાર' ની નોંધ એક વિદ્વાન માણસના વિચારો છે એમ ધારી આદિથી અંત સુધી અમે વાંચીએ છીએ, વિચારીએ છીએ, પચાવીએ જાએ, પણ આ વેળા એમની બધી નોંધમાંથી જે ઉગ્રભાષા (ઘણી વેળા એ કહે કે એ ઉગ્રભાષા લખે છે.) છે તે 'જીનદાસમાં જાહેર હિમ્મતનો અભાવ' દર્શાવતાં ખૂબ મોળી પડી જાય છે. કોણ જાણે કેમ .પણ એના તાણા વાણા અમને તો કાચા સુતરના લાગે છે. આમ સાચા વિદ્વાનની વાણી નિર્બળતા ધારણ કરે એ અમારા જેવા ઉત્સાહીને જરાક નિરાશ કરે છે. આતો અમારો અંગત મત છે–કદાચ કોઇને એ વાંચીને પાનો પણ ચડયો હોય !

× × × ×

" જ્યોતિકાર " ભડવીર યોદ્ધાની જેમ " વિચાર સ્વાંતંત્ર્ય દબાવવાનાં વલખાં " મારનારને સચોટ વીંધી નાંખે છે ! એ કહે છે 'અઢાર કલાક સુધી ગમે તેવી કાળી મજુરી કરે છે–કરી શકે છે, તે કોઇની એવી ધમકીથી પોતાને યોગ્ય લાગેલું કામ છોડી દે એમ માનવું, એ મૂર્ખાઇની પરાકાષ્ઠા છે ! જ્યોતિકાર " આ પ્રકારની ગુંડાશાહીથી " ડરી જવાની ના પાડે છે, એ વસ્તુની સાથે એ કહે છે તેટલા પૂરતું તો આપણે સમ્મત થઇએ. પણ સિદ્ધાંતની દ્રષ્ટિએ એ ખોટી વાત લાગે છે. અઢાર તો શું પણ ચોવીસ કલાક સુધીની, કાળી કે ધોળી ગમે તેવી મજુરી કરે તોપણ, યોગ્ય લાગેલાં કામ છોડી દેનાર 'જ્યોતિકાર' જો શોધશે તો જડી આવશે. અને પછી એ વિચારશે તો જોને એ 'મૂર્ખાઇની પરાકાષ્ઠા' કહે છે તે એમને સુધારવું પડશે.

× × × ×

ભાઇ જડાવ વિષે લખતાં જ્યોતિકાર એમનો કક્કો ખરો કરવા મથે છે, પ્રયત્ન કરવા નકામા છે, કારણ કે સત્યને જનતા જાણી ચૂકી છે. આ વસ્તુ જ્યોતિકાર જેટલી વહેલી સમજશે તેટલો એમને લાભ થશે.

× × × ×

પુરાણવાદી, સુધારક, અને સમાધાન સેવક એ ત્રણે વસ્તુ એક આદમીમાં એક સાથે ભાગ્યેજ જડી જશે. અમારા એક મિત્રે એક એવો આદમી બતાવ્યો છે કે જેનામાં પ્રત્યેક પ્રકારના 'શંભુમેળા'નાં દર્શન થાય. આ માનવીનો પરિચય આપવાનો મને લોભ છે. સમય આવ્યે જરૂર થશે. —Starmoon.

પદ્માની પ્રતિજ્ઞા.

લેખક,
શ્રી પદ્મકુમાર.

પ્રકરણ ૧ લું.

યુવકોમાં જાગૃતિ.

"મિત્ર શરત્! આજે કાં એકાએક સભા બોલાવી? કાલે આપણે મળ્યા ત્યારે તો તેં વાત સરખી પણ નહોતી કરી."

"મારો વિચાર તો હતો, પણ જે કામ રજુ કરવાનાં હતાં તેમાં કાલે રાત્રિના જે પત્ર મળ્યો તે અતિ અગત્યનો હોવાથી મારે ઉતાવળ કરવી પડી."

આમ મિત્રો વચ્ચે વાર્તાલાપ ચાલી રહ્યો છે, ત્યાં તો સભ્યોના પગલાં જોરથી સંભળાવા લાગ્યાં. અન્ય કોઇ પ્રસંગે જ્યાં ફોરમ થતાં વીસને ત્રીસ મીનીટના મણકા મૂકવા પડતા ત્યાં આજે હોલ ચીકાર ભરાઇ ગયો. પ્રમુખશ્રી પણ વખતસર આવી પહોંચ્યા અને યુવક મંડળને છાજે તેવી રીતે આ પહેલીજ વાર સરકયુલરમાં લખ્યા સમયે કામ શરૂ થયું.

મંત્રી શરતે એજન્ડા પરના કાર્યનો ખ્યાલ આપ્યો અને ગત સભાની મીનીટ વાંચી સંભળાવી પ્રમુખની સહી લીધી કે તરતજ ચર્ચા શરૂ થઇ.

પ્રથમ યુવક સંઘ તરફથી આવેલ પત્ર જેમાં સંગઠ્ઠન અને પરિષદ ભરવા સંબંધી ખાસ ઉલ્લેખ હતો તે વાંચવામાં આવ્યો. પ્રમુખશ્રી ચન્દ્રકાન્તે સ્વવિચાર પ્રદર્શીત કરતાં જણાવ્યું કે "બંધુઓ! આ પત્ર પર ઠરાવ કરતાં પહેલાં એમાંના ભાવ બરાબર સમજી લેવાની જરૂર છે. પરિષદોને અધિવેશનો ભરી ત્રણ દિવસ ધામધુમ કરી, સુંદર ઠરાવોની હારમાળા સિનેમાંના ચિત્રપટ માફક ફેરવી વાળવાનો યુગ પુરો થયો છે. રાજકારણમાં મહાત્માજીના આગમન પછી કોઈ અનેરો રંગ પૂરાયો છે. જનતા હવે ઠરાવો પાછળ રચનાત્મક કામ માંગે છે. ઠરાવોના સુંદર વાકયાલંકારોથી કે એનાં બહારના આડંબરી ભભકાથી છેતરાય તેવી ભોળી નથી રહી. આમ જ્યાં પરિસ્થિતિ બદલાઇ રહી હોય ત્યાં એ સંબંધમાં જે કાંઇ કરવું ઘટે તે વિચાર પૂર્વકનુંજ હોય."

નાનાલાલ—"હાલ પત્ર લખી સંમતિ આપવી. હજુ પરિષદ ભરાય તો ખરી! આવા વખતમાં કોણ એ ખર્ચ ઉપાડવાનું છે? શા સારૂ આપણે નકારો ભરી ખોટું લગાડવું?"

પ્રેમચંદ—"હું પણ એજ વિચારનો છું. જ્યાં સુધી વિધવા-વિવાહ ને દેવ દ્રવ્યના ઠરાવો કરવાના મોહ છે ત્યાં સુધી ભાગ્યેજ ગુજરાતના કોઇ શહેરમાં એના ગણેશાય નમઃ થવાનાં. ના ભણવાની જરૂર શી? ભરાશે ત્યારે ડેલીગેટ મોકલવાનું જોઇ લેવાશે."

શરત–"ભાઇઓ, હાલ આ ચર્ચા અસ્થાને છે. પત્ર આપણો અભિપ્રાય માગે છે. મંડળના બંધારણ અનુસાર એ સંબંધમાં આપણને વ્યાજબી લાગે તે ઉત્તર મોકલવો ઘટે. ભૂતકાળના ઠરાવો સામે લાલ આંખ કરવાનો કે ભરનાર પરિષદને અત્યારથી બાંધી લેવાનો આ પ્રસંગ નથી. જો તમોને રૂચે તો મારી ઇચ્છા આ પ્રમાણે લખી જણાવવાની છે:–

"તમારો પત્ર મળ્યો, પરિષદ ભરાય તે જરૂરનું છે, પણ હાલના સંયોગ જોતાં એમાં સંગઠ્ઠન પર ખાસ ભાર મૂકવો જોઇએ. વડોદરાના દીક્ષા સંબંધી ઠરાવ પરત્વે યુવક માનસ કેવું છે એ પણ સાથે અરૂંજ. માત્ર તકરારી અને જેના પર સમાજમાં તીવ્ર મતભેદ છે એવા સવાલો, જેવાકે–દેવદ્રવ્ય, વિધવા વિવાહ, હાલમાં હાથ ન ધરવા. અમારું મંડળ પરિષદમાં જરૂર ભાગ લેશે."

સુધાચંદ્ર—'ભાઇશ્રી શરતનો જવાબ મને તો ઠીક લાગે છે. હવે આપણે દહીં-દુધીયા વૃત્તિ છોડી દેવી જોઇએ. તેવીજ રીતે ડેલીગેશનના ખરચા નકામાં ન કરવા જોઇએ. પરિષદ કંઈ કાર્ય કરી શકે તેમ હોય તોજ એમાં ભાગ લીધો વ્યાજબી ગણાય. વડોદરા રાજ્યના ઠરાવ ઉપર જરૂર યુવક હરફો કેવા ભાવ ધરાવે છે, એ જેમ જાહેર કરવું જરૂરનું છે તેમ બીજી બાજુથી સમાધાનના જે યત્નો ચાલી રહેલા છે અને સંઘ સત્તા કાયમ કરવાની જે વાતો બહાર આવી રહી છે તે તરફની આપણી નીતિ સ્પષ્ટ શબ્દોમાં જાહેર કરવી જોઇએ.

પરિષદોએ પુરાતત્ત્વ ખાતાના હથિયાર બનવા કરતાં કે તત્વોની ઉંડી ભાષામાં ડોકીયા કરવા કરતાં સમાજ જે વાત તાત્કાલિક ઝીલી શકે તેવાં કાર્યો ઉપાડી લેવાની આશા ધરવી જોઇએ. જે ઠરાવોની પાછળ લોહીનું પીછળા ન હોય અને જે માત્ર કાગળપર જીવવા સર્જાયો હોય તેવા ઠરાવની કીંમત પણ શી? એ કરતાં એવી બાબતોમાં મૌન સેવવું શું ખોટું?"

સભા તરફથી શરતચંદ્રના જવાબને વધાવી લેવાયો.

બીજું કાર્ય શરૂ કરતાં મી૦ શરતચંદ્રે જણાવ્યું કે—

"સૌ૦ પદ્માવતી બ્હેનનો આ પત્ર અતિ મહત્વનો છે. સૌનું એ પ્રતિ ધ્યાન ખેંચવામાં આવે છે. આપણે સાચા યુવકો છીએ કે નામધારી તેના મૂલ્ય હવેજ અંકાશે."

"તમારા મંડળના આશયો મેં વાંચ્યા છે. સભ્યોમાંના ઘણાંને હું નામથી ઓળખું છું. બાકી મારે થોડો પરિચય માત્ર મી૦ જ્ઞાનચંદ્ર સાથેજ છે. આ પત્રથી પ્રથમ તમોને આશ્ચર્ય થશે, પણ તેની મને ઝાઝી દરકાર નથી. તમારા આશયો સારા છે અને તે પાર પડે એવી મારી અભિલાષા છે. છતાં મને કહેવા દો કે યુવાનો માત્ર વાતો કરી જાણનારા છે. કેટલીક વાર તેઓ જાતેજ પોતાના આશયોનું ખૂન કરી નાંખે છે. સમય આવે તેઓ જાહેર હિંમત દાખવી શકતાજ નથી, અને તેથીજ તેમની આવી કરપોકતાથીજ સંસ્થાઓ પ્રગતિ સાધી શકતી નથી. આજે સંસ્થાઓનાં કાર્યમાં જે અવિશ્વાસ દૃષ્ટિગોચર થાય છે, તેનું કારણ પણ ઉપર કહ્યું તેજ છે. એટલું હું કબુલ કરૂં છું કે યુવાનોને ધનિક વર્ગ તરફથી જોઇતા પ્રમાણમાં ટેકો મળતો નથી, ને તેથી કેટલીક વાર પૈસાના અભાવે તેમનાં કાર્યો માર્યા જાય છે; પણ એ ખરૂં નથી કે સર્વ સંસ્થાઓ પૈસા પરજ અવલંબી રહી છે!

જો ઉદ્દેશને વળગી રહેવામાં આવે તો જરૂર એના કાર્યના મૂલ્ય અંકાય છે. તમારું મંડળ એવી રીતે કામ કરવા ઇચ્છતું

હોય તો હું તેમાં યથાશક્તિ સહાય આપવા માંગુ છું પાકો વિચાર કરીનેજ આનો જવાબ આપજો.

યાદ રાખજો કે સભાના માચડેથી હાવભાવ પૂર્વક અમૂક જાતના ઠરાવ કરી જવા સહેલા છે, પણ પાળતી વેળા ભલ-ભલાને પીછે હઠ કરતાં મેં જોયા છે. એક બાબુને વિધવા-વિવાહની હિમાયત કરતા જોઈ જ્યારે એક દુઃખી વિધવા તેમનો આશ્રય શોધવા ગઇ ત્યારે એ પરાક્રમશાળી આત્મા, એવા તો છુ મંતર થઇ ગયા કે પુનઃ દેખાયાજ નહિ. તપાસ કરતાં માલમ પડયું કે એ ભાઇ પોતે કુંવારા હતા, એટલે વિધવાનો હાથ પકડવામાં તેમને બીજું કાંઈ ગુમાવાપણું તો હતુંજ નહિં, પણ જ્ઞાત બહાર થવાના ભયથીજ અક-ળાયા, એમાં વળી જ્ઞાતમાંથી કન્યા મળવાની આશા બંધાઈ એટલે ફરીથી દેખાયાજ નહિં. આવા ચામાચીડીયા વૃત્તિના યુવાનોને હું સહાયક બનવા નથી ઇચ્છતી. **મારે તો સિદ્ધા-ન્ત ખાતર લોહી આપનાર યુવાનો જોઇએ છે.** ભલેને થોડી સંખ્યા હોય! તેની ફીકર નથી. નવસર્જનની વાતો કરવા કરતાં કરી દેખાડનારાની જરૂર છે. તમારૂં મંડળ મારા વિચાર સાથે મળતું થતું હોય તો કાલે બપોરના બે વાગે મને મળવા સારૂ ગમે તે એક સભ્ય જરૂર આવે. એ વેળાએ કેટલીક વાતચીત કરવાની છે."

"બોલો ભાઇઓ, શું વિચાર છે? અબળા જાત છે પણ જોયા વિચાર કેવા છે!"

મણીલાલ–"પણ એ બાઇ કઇ જ્ઞાતના છે? મારી ઓળખમાં આવતાં નથી."

પ્રેમચંદ–"ગમે તેમ હોય આપણે શું જવાબ આપવો તેનો વિચાર કરોને! એ કોણ છે તે જણાયા વગર ઓછુંજ રહેવાનું છે? મી. જ્ઞાનચંદ્ર જાણે છે, પણ આજે તે હજી સુધી સભામાં આવ્યા નથી. નહિંતો બધું સમજાત."

સુબાચંદ્ર—"આપણો ઉદ્દેશ તો વિચાર પૂર્વક નિયત કરાયેલો છે. તો પછી એના પાલનમાં ભીતિ શી ધરવાની? ઠરાવ કરો કે એમની પાસે મી. શરતચંદ્ર જાય."

ત્યાં તો મી. જ્ઞાનચંદ્ર આવી પહોંચ્યા. પોતાના એક સગાના ગંભીર માંદગીને કારણે આવતાં વિલંબ થયો એમ જણાવી શું વાત ચાલી રહી છે એમ પ્રશ્ન કર્યો.

પ્રમુખ–"પદ્માવતી કોણ છે એ તમો જાણો છો?

જ્ઞાનચંદ્ર–હા, તારકપુરના નાથાભાઈની પુત્રી, અને આપણી ગુણાવતીમાં શેઠ પાનાચંદ છે તેમના ઘણીઆણી."

"હં, હં, પેલા બડપણમાં પરણી લાવેલા તેજ કન્યા કે? એમને સમજાવવા સારૂ મંડળ તરફથી મી. માણેકલાલ ગયેલા નહિ વારૂ?"

નાનાલાલે જુનો ઇતિહાસ ઉકેલતાં કહ્યું.

સભ્યોમાંના ઘણાખરાને આટલી વાત પરથી એ વર્ષ પૂર્વનો કિસ્સો યાદ આવી ગયો.

સૌએ એકમતે ઠરાવ્યું કે આવતી કાલે મી. શરતચંદ્રે તથા જ્ઞાનચંદ્રે પદ્માવતી બેનને મળવું. અને તેમની વા। સાંભળી ઘટતું કરવું.

જ્ઞાનચંદ્રના મુખથી બે પછી કેટલીક બાતમી ઉક્ત બ્રહ્મ-નના વિચાર સંબંધી મળતાં સૌને ઘણો આનંદ થયો.

શ્રી જિનશાસનના જયકાર પૂર્વક સૌ વિખરાયા.

કુંભકર્ણની નિદ્રામાં ઉંઘતા જૈનોની દિલ કંપાવનારી દુર્દશા.

લેખકઃ–**માણેકલાલ હરગોવિંદ શાહ.**

લગભગ બે વર્ષથી કાનને બહેરા બનાવી મૂકે, આંખે અંધારા આવે હૃદયને હચમચાવી નાંખે, તેવા **કેસરીયાજીના** ઝગડા પ્રત્યે **જૈન** કોમ કેટલી બેદરકારી દર્શાવી રહી છે! ધર્મ ઉપર એક એકથી ભયંકર આક્રમણો થવા છતાં પણ બાર લાખ જૈનોને પેટમાંથી પાણી હાલતું નથી, એ એક આશ્ચર્યની અવધિ કહેવાય. કેસરીયાજી પછી તાત્કાલિક બનેલો **રાણકપુરજીના** ક્રોડો રૂપીઆના ખર્ચે જંગલને મંગલ મય બનાવનાર મંદિરોમાં ધોળે દિવસે **નાદિરશાહી** ચલાવી મુસલમોએ મૂર્તિઓ તોડી જૈન કોમને હત વીર્ય બનાવી મૂકી છે. જે સ્થાનો આપણા બાપદાદાઓએ ક્રોડો રૂપીઆના ખર્ચે બંધાવ્યા છે, જે તીર્થોની દુનિયાની પ્રત્યેક વ્યક્તિ પ્રશંસા કરી રહી છે, જ્યાં દેવભૂવનો વસેલાં છે કે, જેનાં દર્શન માત્રથી કરેલાં પાપોનો ક્ષય થાય તે સ્થાનોએ આપણી મા, બ્હેનોની ઇજ્જતો લૂંટાય, સાધુઓને હાથે બેડીઓ પહેરાવાય, લાખો રૂપીઆની મિલ્કતની ફનાગીરી થાય અને આખા તીર્થોનાં તીર્થો અન્ય હજમ કરે તે બધુંય **જૈન** કોમ ડોળા ફાડીને દેખી રહે! ઓ પ્રભુ!!!.....કયાં ગયા,... કયાં ગયા એ વીર પુત્રો? કયાં ગયા એ હેમચંદ્રાચાર્યો અને આત્મારામજીઓ? કયાં ગયાએ ધર્મની ખાતર જાનફના કરનાર કુમારપાળો, વસ્તુપાળો અને તેજપાળો? કયાં ગયા એ તીર્થ પ્રેમી હેમાભાઇ હઠીભાઇ અને લાલભાઇ દલપતભાઇઓ? હાય!!! અત્યારે તો તેમનાં નામ સંભાળી આંસુ સારવાનાંજ રહ્યાં!

અરે! વર્તમાન કાળમાં પણ શાસન સમ્રાટો અને કવિ-કુલ કિરિટો, શાસનપ્રેમી પ્રસિદ્ધ વકતાઓ અને આગમોદ્ધાર-કોનો દાવો રાખનાર સાધુઓ, અને જૈન કોમની ઉદ્ધારક આણંદજી કલ્યાણજીની પેઢીઓ, કોન્ફરન્સો, સોસાયટીઓ અને યુવક સંઘો કયા અંધકારમાં ગોથાં ખાઇ અદ્રશ્ય થઇ ગયાં છે, તે સમજાતું નથી. બાર બાર લાખની વસ્તી હોવા છતાં પણ મહાવીરના નામને કલંક લગાડનારા વીરપુત્રોનો દાવો રાખનાર, ભાષણોદ્વારા રટજો ઘૂજાવનાર, લેખોદ્વારા પેપરોનાં પાનાં ભરનાર અંદર અંદરનાં કલેશોમાં અધોગતિએ પહોંચનાર જૈન કોમની આંખ હજુ ઉઘડતી નથી. તો આવા કટોકટીને પ્રસંગે ઓ! નવયુવકો, સાવધાન બનો! વૃધ્ધોની સાથે તમો કુંભકર્ણની નિદ્રામાં ન ઘોરો, તમો જાગ્રત થાઓ, વૃધ્ધોને જાગ્રત કરો અને નવયુવકોનું એક સત્યાગ્રહી મંડળ બની અણી વખતે સફલતા પ્રાપ્ત કરો. સમય પડે ધર્મની ખાતર એક વખત સેંકડો મસ્તકો કુલ કરી, શીખોના એ જરિયાંવાલા બાગની પુનરાવૃત્તિ કરી બતાવી એ પંડિત સુખ-દેવોને બતાવો કે જૈન કોમ હજુ જાગૃત છે, હયાત છે, શકિત સંપન્ન છે, અને તેનો ઉપયોગ પણ કરી શકે છે!

જો અત્યારે આપણે કાંઇ પણ નહિ કરી બતાવી દુનિ-યાને જૈન કોમની નિર્માલ્ય દશાનું દિગ્દર્શન કરાવતા જઇશું તો ભવિષ્યમાં બાજીરાવ પેશ્વાની માફક (૫૬) કિલ્લા ગુમાવી બેસીશું. માટે હજુ પણ ચેતો!

શાસન દેવ સમાજને અપૂર્વ બળ સમર્પણ કરે તેવી પ્રાર્થના સાથે વીરમીશ.....ૐ શાન્તિઃ.....

સ્વાગતનાં સંસ્મરણાં.

જ્યેષ્ઠ વદી પાંચમ ને સોમવારના નવ વાગે મને એક ભાઇએ પૂછ્યું "મી. આજ તમે સ્વાગત માટે ગયા નથી?" મેં કહ્યું "કોનું સ્વાગત? શું મહાત્માજી કે કોઇ રાષ્ટ્ર નેતા મોહમયીનું આંગણું આજે પુનિત કરવાના છે?" ત્યારે પેલા ભાઇએ કહ્યું કે "રાષ્ટ્રનેતા તો નહિ, પણ રામપાર્ટીના એક લીડર પં. ભક્તિવિજયજી તેમના સપરિવાર પધાર્યા છે. અને શાન્તિનાથજીના મંદિરથી સામૈયાનું નક્કી કરવામાં આવ્યું છે."

હજુ અમારી આ વાત ચાલતી હતી ત્યાં તો બેન્ડના સુમધુર સરોદો મારે કાને અથડાયા. પેલા ભાઇ પણ દોડ્યા. પં. ભક્તિવિજયજી સામૈયા સાથે ઝવેરી બજારનાં મધ્ય ભાગમાં આવી પહોંચ્યા હતા. મને પણ પોતાના મહાન ગુરૂ વિજય ધર્મસૂરિની ભૂલ જોનાર એ પંન્યાસજીનું સામૈયું જોવાની ઇચ્છા થઇ, અને જેમ તેમ કરી નીચે આવ્યો, પણ વરઘોડો અમારા મકાનથી આગળ વધી ગયો હતો. હું તેની પાછળ પડ્યો અને એ સાજનમાં ભળી ધક્કા મુકી કરી આગળ વધ્યો, અને વરઘોડાને પાછળ ધકેલી હું એકદમ આગળ આવ્યો. એક સલામત જગ્યાએ બેસી વરઘોડો પસાર થવાની રાહ જોવા લાગ્યો. ત્યાં તો શણગારેલી સુરતીલાલાની સાંબેલા જેવી એક પછી એક મોટરો આવતી જોઈ. તેમાં બાળકોને શણગારીને બેસાડવામાં આવ્યા હતા. છ સાત મોટરો હશે અને તેની જોડે લગભગ ચારેક બેન્ડ જોયાં. યંગમેન્સ જૈન વોલીંટીયર કોરનો ધ્વજ ફરકતો હતો અને કેટલાક વોલીંટીયરો વ્યવસ્થા જાળવતા હતા.

એકાએક સાજન અટકયું. કેટલીક ગુરૂભકત સુંદરીઓ ગહૂંળી કરી પંન્યાસજીનું ભાવભીનું સ્વાગત કરતી હતી, ત્યાં તો અજબ સૂર સંભળાયો "નહિ ડરવાના, નહિ ડરવાના, અમો શાસન સેવા કરવાના." મારૂ લક્ષ્ય એ બાજુ ખેચાયું. કેટલાક રાધનપુરી તોફાની પોરીયાઓ ઉંચે સુરેથી એ લલકારી રહ્યા હતા, મને થયું કે આ જુવાનીઆ તો બસ કોઇ રામપાર્ટીના સાધુ આવે તો તેના સામૈયામાં જવું, ભર બજારમાં આવાં ગીતો લલકારવાં અને દૂધપાક પુરી ઉપર હાથ મારવામાંજ શાસન સેવા સમજે છે કે શું? શાસન સેવા કરવી હોય તો આમ ભર બજારમાં ધૂમો મારવાથી એ ન થઇ શકે. તે માટે કેસરીયાજી પ્રકરણ, રાણકપુરજી અને બીજાં એવા અનેક ક્ષેત્રો છે કે જ્યાં આ તોફાની પોરીયા ઓની જરૂર છે. બાકી અદ્દિ મોટી ધૂમો પાડવાથી તો ખરે-ખર મને એમ થાય છે કે "તમે કરવાના તમે કરવાના શાસન હિલણા કરવાના." એથી સમાજ ધર્મ કે એમનું કદિ ભલું થવાનું નથી.

× × × ×

સ્વાગતમાં ખાસ કરીને રાધનપુરીઓનો મોટો ભાગ દેખાતો હતો. જો કે બીજા પણ કેટલાક માણસો હતાં પણ તેતો પાંચ, પચ્ચાસ હશે, બાકી તો બધા પેલા મોસાયટીના ભડવીરોજ હશે. મને એ બાબત નિહાળી આશ્ચર્ય થયું કે વિજયધર્મ સૂરિના એક વિદ્વાન ચારિત્રશીલ, વ્યાખ્યાતા અને શકિત સંપન્ન વિખ્યાત શિષ્ય મોહમયીને આંગણે પધારે ત્યારે તેમના સ્વાગતમાં માત્ર અમુક માણસોજ આવે એ તો શરમજનક ગણાય. તેમની સોનેરી કીર્તિમાં આ કલંક છે. જો તેઓશ્રી રામપાર્ટીના હથિયાર ન બન્યા હોત તો તેમની આજે આ દશા ન હોત. સાજનમાં લાલ પાઘડીથી સજજ થયેલાં લગભગ પચાશેક માણસ હશે જેમાં રાધનપુરી પટ્ટણી અને સુરતીનો સમાવેશ થઇ જાય છે. ધોળી ટોપી તો કયાંયે દેખાતીજ નહતી. એટલે એમ માનવાને કારણ મળે છે કે પંન્યાસજીનું સ્થાન ધોળી ટોપી વાળાઓમાં બીલકુલ નથી, પ્રખર સુધારકના શિષ્ય હોઇને સુધારક સમાજમાં સ્થાન ન હોય તો એબ-જનક લેખાવું જોઇએ. પંન્યાસજી મહારાજ સમજશે કે?

× × × +

આ પાંચશો માણસોના સામૈયાં સાથે કોઇ ગજગામીનીની માફક ગૌરવ ભર્યાં પગલાં ભરતાં પંન્યાસજી મહારાજ ઝવેરી બજાર, હનુમાન ગલી, કાલુપોદેરી રોડ, વિઠલવાડી, મારવાડી બજાર, કંસારા બજાર, ગુલાલવાડી થઇ લાલબાગ પધાર્યા હતા. શ્રીજીનું ચાતુર્માસ અહિંજ નક્કી કરવામાં આવ્યું છે. વધુ વિગત હવે પછી. —પ્રેક્ષક.

સ્વ. બુદ્ધિસાગરજીની જીવનછાયા.

(પૃષ્ટ. ૨૬૧ થી ચાલુ.)

હતું. છતાં આચાર પ્રતિપાલન, સદ્બોધદ્વારા ભવ્ય જીવોને પ્રતિબોધવા, અધ્યયન યોગ સાધવા સ્વાનુભવનાં પુસ્તકોનાં આલેખન. આ સૌ કરનાર આ આદર્શ સાધુને પેથાપુરના શ્રી સંઘે કાશી—બનારસ, વડોદરા, મુંબઇ આદિ સ્થોળોના મહા પંડિતો સમક્ષ ૧૯૭૦ માં આચાર્ય પદવી આપી.

આખા જીવનમાં જ્ઞાનચર્ચા, ગ્રંથાલેખન, યોગસાધના, ધર્મોપદેશ, શાસ્ત્રપઠન પાઠન તથા વિશ્વોપકાર, આ સિવાય અન્ય કાર્યમાં લક્ષજ નથી આપ્યું. કદિયે અઢેલીને બેઠા નથી. દિવસે નિંદ્રા લીધી નથી. મુખવાસ ચાખ્યો નથી. કોઇનાયે ઝગડામાં કદિયે પડયા નથી. નિજાત્મને છુટી પરમાં માથું માર્યું નથી.

મહાત્મા ગાંધીજી, લાલા લજપતરાય, શ્રીમંત ગાયકવાડ સરકાર, શેઠ લાલભાઇ દલપતભાઇ, મહાન આચાર્યો ઇ. જેવા મહાન પુરૂષો સાથે ગૂઢ ચર્ચાઓ ચલાવનાર છતાં બાલક સાથે બાલક સમા નિર્દોષ! નદીનાળાં, કોતર કે ગુફા, ડુંગરાને જોતાંજ તે તરફ દોડી જઇ ધ્યાનમાં બેસી જનાર એ બાલ બ્રહ્મચારી યોગીશ્વરના દેહનાં દર્શન કરનારજ એ યોગીને પીછાની શકે!

માત્ર ચોવીસજ વર્ષમાં લગભગ સવાસો ઉપરાંત મહાગ્રંથોના લેખન! તે પણ કર્મયોગ, આનંદઘન પદ ભાવાર્થ, અગીઆર ભજન સંગ્રહના ભાગો જેવાં ગ્રંથો લખી નાખનારની શકિતના શાં વર્ણન!

ઉત્કૃષ્ટ કવિત્વ શકિત! વાતવાતમાં ખળખળ વહેતી ગંગાના નિરંકુશ સ્રોતસમી હજારો કડીઓનાં કાવ્ય, ભજનો, સ્તવનો જે મુખમાંથી, કલમમાંથી સરીજ પડે! તેમાં વિદ્વાનો પણ

મુગ્ધ બને, એમાં અધ્યાત્મ જ્ઞાનનાંજ પરિમલ ફેરે એ કવિત્વ શક્તિ!

પ્રખર વકતૃત્વ! જે વકતૃત્વે શ્રીમંત ગાયકવાડ સરકારને પણ મુગ્ધ કર્યા! એકજ શ્લોક પર આઠ આઠ માસ મુંબઇ લાલબાગમાં વિવેચન કરવા છતાં તે અપૂર્ણ રહે! એ વકતૃત્વની શ્રોતીઓનેજ એની ખરી ખુબીની ખબર પડે.

તેમની ભકિત દશા! તેમના ગ્રંથોમાં ઝળકે છે તેમજ તેમના જીવનમાં ઝળકી છે.

વૈરાગ્યભાવ, અધ્યાત્મદશા, મરતદશા, પ્રેમદશા, વૈરાગ્યદશા, યોગધ્યાનદશા, કર્મયોગની દશા, કર્મવીરની દશા, પ્રભુવિરહદશા, સ્વદેશભકત તરીકેની દશા, ગુરૂભકત તરીકેની દશા, આનંદમૂર્તિ તથા જાગ્રત સંત તરીકેની દશાની અલૌકિકતા માટે આવડા નાનાશા લેખમાં કાંઇ ન લખી શકાય. એના માટે તો પુસ્તકોનાં પુસ્તકો ભરવા પડે ને તે ભરાએજ.

એમનાં ગ્રંથ.લેખન માટે, એમની સાહિત્ય સેવા માટે એમની ગુરૂભકિત માટે, શું ગુર્જર રાષ્ટ્ર અજ્ઞાન છે! ના, ભારતવર્ષના ઉધ્ધાર માટેની તલપવાલા જીગરમાંજ પોતાના આત્માના ઉદ્ધારની તેમની ધગશ જોવા જેવી હતી.

જૈન ધર્મ એ વિશ્વધર્મ છે એજ ધર્મના જ્ઞાતા પુરૂષોના ચરણોપાસે બેસી વિશ્વે એકવાર ધર્મનું શિક્ષણ લીધું હતું. તેજ સમય પુનઃ પ્રગટાવવા એ જન્મ્યા ત્યાં સુધી મથ્યા ને દેહ મૃત્યુ સુધી એજ આરાધન આરાધ્યાં ને એમાંજ અર્પ્યા.

એમને માનવ કેમ કહ્યા જાય! જે મૃત્યુ પહેલાં, મહીનાઓ પૂર્વ પોતાનાં મૃત્યુનો નિર્દેષ કરી જાય છે, ને તેજ પ્રમાણે ઇચ્છા મૃત્યુ પ્રાપ્ત કરી શકે છે. જેઓ જીવતાંએ ચમત્કાર રૂપ હતા જીવન વિસર્જન થતાં અનેક ચમત્કારો વડે વિશ્વને મુગ્ધ કરે છે. પ્રાયઃ કોઇએ ન લીધેલું એવું પરમ શાંતિ સમાધિધ્યાન આત્મસાધન પૂર્વકનું-સ્વજન પરિવાર સમક્ષ સ્વજન્મભૂમિમાંજ જરાવર ફરેલા સમયે-ચઢતે પહોરે મૃત્યુ પામી, અઢારે વર્ણના પૂર્ણ સત્કાર સહીત, શિબિકામાં બીરાજી, ચંદન ચિતામાં પોઢી નિર્વાણને પામ્યા એવાં મૃત્યુ કયા મહા પુરૂષે મેળવ્યાં છે? વિરલ!

એમનાં આદ્યંત જીવન માટે તો જનતાએ થોડી ધીરજ ધરવીજ નહી. આતો "જીવન છાય" એમાં શું સમાય?

આવા મહાન શાસનોદ્ધારક, મહાજ્ઞાની આચાર્ય ભગવંતો. અમારા ભારત વર્ષમાં અનેક પ્રગટો એ સિવાય અન્ય શું ઇચ્છાય?

ગુરૂદેવ તમારે ચરણે કોટિ, કોટિ વંદન!

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

લેખક. એમ. એમ. શાહ.

ઓઘા માટે બારીક ઉન.

સાધુ, સાધ્વીને ઓઘા માટે બારીક ઉનની જરૂર હોય તો ભાવ માટે લખો:—

ઇન્ડીયન વાર્ન સપ્લાઇઝ ડીપો.

પોષ્ટ બોકસ નંબર ૬૭૦,

મુંબઇ, નં. ૧.

અ.....વ.....ન.....વા.

પાટણ—અત્રેથી મુનિશ્રી વિદ્યાવિજયજી મહારાજને ચાતુર્માસ માટે વિનંતિ કરવા કેટલાક ભાઇઓ ગયેલા. પરંતુ દેહગામના સંઘનો અત્યંત આગ્રહ હોઇ, તેમણે સ્પષ્ટ ખુલાસો ન આપતાં એમ જણાવ્યું હતું કે તમો દેહગામ આવજો. આમ તેઓ પાટણ પાછા આવેલા. હવે મુનિશ્રી દેહગામમાં બિરાજે છે. તેમને વિનંતિ કરવા જે ચાર ભાઇઓ દેહગામ જવાના હતા, પરંતુ સાગરના ઉપાશ્રયના બે સાધુઓ તેમને અટકાવે છે. આમ કરવાનો શો હેતુ હશે? (૨) અત્રે આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીએ જ્યેષ્ઠ સુદી તેરસના દિવસે સાગર ગચ્છના ઉપાશ્રયે ભાષણ કરતાં કહ્યું હતું કે "આજકાલ ઘણાં સાધુઓ શિથિલાચારી થઇ બેઠરીઓ, ઇન્ડીપેનો વગેરે વાપરે છે. "લોચપણ હાથે કરતા નથી." વગેરે સાધુ સંસ્થાની નબળાઇઓ માટે એમણે ગદ્‌ગદિત ઉદ્‌ગારો કાઢયા હતા. પરંતુ તેમનાજ શિષ્ય સમુદાયમાં ઠીંમતિમાં ઠીંમતિ ઇન્ડીપેનો વપરાય છે અને તે એક બે નહિં પણ ચાર ચાર અને પાંચ પાંચ ગૃહસ્થો પાસે મંગાવે છે. જૈન સમાજની આવી બેકાર હાલતમાં જૈન સાધુ પચીસ પચીસ રૂપાઆની ઇન્ડીપેન વાપરે એ કોઇ રીતે ઉચિત નથી. આચાર્ય શ્રી લક્ષ્ય આપશે કે? (૩) જેઠ વદિ પાંચમના દિવસે આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ પાસે કેટલાક ચાણસ્માના છોકરાઓ પહોંચી ગયા હતા, અને તેમનું ભયંકર અપમાન કર્યું હતું. આ લોકો ચાણસ્માથી લબ્ધિસૂરિના સામૈયા માટે આવ્યા હતા. એક બાજુ સમાધાનની વાત ચાલે છે, ત્યારે આ બીના કોઇપણ રીતે ઉચિત નથી. (૪) એક જૈન બાનદાન વિધવાએ પોતાને ગર્ભ રહેવાથી તેને પડાવી નાંખવામાં આવ્યો છે, અને પંચેન્દ્રિય જીવનો ઘાત કર્યો છે તેમ સંભળાય છે.

ઉમેદપુર—પં. લલીતવિજયજી ઉમેદપુર જૈન બાલાશ્રમની કુલ સરમુખત્યારી ભોગવે છે. સાધુઓને સરમુખત્યારી શું? તેમણે ઉપદેશ આપીને અલગ બેસી જવું જોઇએ. કોઇ પણ બાબતમાં માથું મારવું એ સાધુ ધર્મથી વિરૂદ્ધ છે એટલે કોઇપણ સાધુએ કોઇપણ સંસ્થાઓમાં માથું નહિ મારવું જોઇએ.

આબુ—અનંત જીવ પ્રતિપાળ, યોગ લબ્ધિ સંપન્ન, રાજરાજેશ્વર મુનિશ્રી શાન્તિ વિજયજીના સદુપદેશથી પાંજરાપોળ માટે એક ફંડ ઉભું થયેલું. તેમાં લગભગ ચાલીશ, પચાસ હજાર ભરાયાનું સાંભળ્યું છે. પરંતુ હજુ પાંજરાપોળ ખુલ્લી મૂકાઇ નથી. તેનું શું કારણ છે? લાગતાં વળગતાંઓએ એ બાબતનો ખુલાસો કરવો જરૂરી છે. **-પાટણ નિવાસી.**

વડોદરા—જ્યેષ્ઠ વદિ પાંચમનાં અત્રે આચાર્ય શ્રી વિજયેન્દ્ર સૂરિજી અને ન્યાય તીર્થ ન્યાય વિજય મહારાજનું બહુ ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મુનિશ્રી ન્યાય વિજયજી અને વડોદરા એક બીજામાં ઓતપ્રોત છે. તેમનાં ડગલે ત્યાં યુવાનોમાં ઉત્સાહ રેડાય છે તેમની વાગધારાનું પાન કરવા વડોદરા હંમેશાં ખડે પગે તૈયાર રહે છે.

દેહગામ—મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મહારાજ અત્રે ચાતુર્માસ માટે જ્યેષ્ઠ સુદિ ૧૩ ના દિવસે પધાર્યા છે. અસાધારણ ઉત્સાહ અને ભકિતપૂર્વક આખા ગામે પ્રવેશ કરાવ્યો અહિં યુવકો ઉત્સાહી છે. અને સંખ્યા પણ ખૂબ છે, વળી બધા સુધારક વિચારના છે એટલે મુનિરાજ શ્રી ધારે તો યુથ કોન્ફરન્સ બોલાવી યુવકોને સંગઠિત બનાવી શકશે.

हिन्दी विभाग.

— शिक्षण विकास. —

सच्चा ज्ञानही जैन तप है.

भगवान् महावीर का तप केवल देह दमन नहीं परन्तु पूर्णता प्राप्ति के उद्देश से यथार्थ दृष्टिपूर्वक आचरण में आए हुए उपयोगी त्याग का नियम है। इस तप में जिस तरह शुष्क देह-दमन को स्थान नहीं था उसी तरह मोहजन्य शरीर-पालन -पोषण को भी स्थान नहीं है। उक्त तप में एक ओर सम्यक्ज्ञान और दूसरी ओर सम्यक्चारित्र दोनोंने उचितस्थान पाया था।

शब्दोंका स्पष्टीकरण.

यहाँ में कुल शब्दों के अर्थ का खुलासा कर देना चाहता हूं। भगवानके सम्यक्ज्ञान और आज कुछ काममें आते हुए विद्या शब्द के अर्थमें फर्क है। इसी प्रकार आजकाल के प्रचलित क्रिया काण्ड या 'किया' शब्दके अर्थ में और भगवान के सम्यक्चारित्रमें भी अन्तर है। सम्यक्ज्ञान अर्थात् वीतरागत्वमें परिणाम होनेवाला आत्मलक्षी ज्ञान और विद्या अर्थात् किसी भी विषयका सिर्फ शास्त्रीयज्ञान, जैसे कि भौतिक विद्या, रसायनविद्या आदि। इस प्रकार सम्यक् चारित्र अर्थात् आत्मशुद्धि और क्रियाकाण्ड अर्थात् बाह्यलक्षी विधि विधान! विद्या स्वयं सम्यग्ज्ञान नहीं है; परन्तु, यदि सम्यग्ज्ञान होगा, तो यह विद्या आध्यात्मिक कहलायगी। इसी प्रकार बाह्य क्रियाकलाप या बाह्य आचार ये स्वयं सम्यक् चारित्र नहीं हैं; परन्तु यदि ये सम्यक् चारित्रकी भावनामें से, फूलमें सुवास की तरह, बिना प्रयत्न केही उत्पन्न हुए हों, तो आध्यात्मिक हैं। इतने परसे हम समझ सकेंगे कि वर्तमान विद्या और क्रिया शब्दका सम्यग्ज्ञान और सम्यक् चारित्रके साथ क्या और कितना सम्बंध है। हम अक्सर प्रचलित विद्या और क्रियाको सम्यग्ज्ञान और सम्यक् चारित्र के साथ मिलाकर ऐसा मान लिया करते हैं कि विद्याभ्यास करना तो सम्यक्ज्ञान प्राप्त करना और बाह्य क्रियाओंका आचरण करना सम्यक् चारित्र है। यदि हम इस भ्रान्तिसे मुक्त हो जायेंगे तो अनेक बहेमों और उलझनोंसे बच जायेंगे।

निर्भय; निष्पक्ष समालोचनाके विना सत्य नहीं जाना जा सकता!

मनुष्यामात्रकी यद्यपि यह एक सामान्य प्रकृति है कि अपनी प्रशंसा सुनना उसे अच्छा लगता है और दोष सुनना पसन्द नहीं आता; फिर भी जैन समाजमें यह आदत कुछ अधिक पुष्ट की गई है, विशेषतः धर्म और सम्प्रदायके विषयमें! इसका फल यह हुआ है कि यदि कोई मनुष्य किसी दूसरे कि सचेभी दोषोंको प्रकट करना चाहे तो वह एक तो उसके सम्मुख कह नहीं सकता है और यदि कहता है तो वह टीकापात्र-जिसके कि दोष बतलाये गये हैं उसे केवल निन्दा समझकर उसकी और द्वेषदृष्टि रखने लगता है इससे सच कहकर मार्ग दिखलानेवालोंकी संख्या प्रायः लुप्त हो गई हैं और हम अपनी संस्थाओंकी त्रुटियों या दोषोंको अच्छी तरह समझ ही नहीं सकते हैं।

जब कोई जैनभिक्षु, जैन गृहस्थ या जैन संस्था किसी जैनेतर विद्वान् या आफिसर को आमंत्रित करती है या मिलती है, तब वह उससेअपनी सच्ची समालोचना सुनना पसन्द नहीं करती; वह उससे केवल प्रशंसाका प्रमाणपत्र या सर्टिफिकेट प्राप्त करना चाहती है। इससे वह जैनेतर विद्वान् या ओफिसर केवल प्रशंसाके-भलेही वह सच्ची हो या झुठी-गीत गा दिया करते हैं और ऐसा करनेपर ही उसका जैन समाजमें सम्मान होता है। यदि कोई जैन विद्वान् या जैन आफिसर किसीकी सच्ची समालोचना करनेका प्रामाणिक विचार करता है, तो उसे समाजकी दृष्टिमें स्वार्थी या नास्तिक प्रकट करनेका प्रयत्न होता है। यह मनोदशा गृहस्थों और साधुओ दोनोंके लिए हानिकारक है और दोनोंकी निर्बलताकी निशानी है। जिस तरह झुठे दोष कहना या सच्चे दोष भी द्वेषबुद्धिसे कहना अधर्म है, उसी प्रकार केवल सच्चे या झुठे गुणोंकी प्रशंसा सुननेमें खुश होना भी अधर्म है। इस स्थलमें शिक्षासंस्थाओं, उनकी पद्धतियों और उनके संचालकोंके विषयमें जो कुछ कहा जायगा उसमें संभव है कि टीका या समालोचनाकी दृष्टि मुख्य मालुम हो; परन्तु इस दृष्टिको रखनेका मुख्य कारण यह है जो त्रुटियाँ हो उन्हे पहले जान लेना और फिर उनको दूर करनेका प्रयत्न करना। इस भाषणमें जो आलोचना की जायगी उसका यह अर्थ हरगिज नहीं है कि उसकी दूसरी उसकी बाजू नहीं है, परंतु उसका यह अभिप्राय तो अवश्य है कि हम प्रगति और सुधार काम चाहते हैं इस लिए त्रुटियाँ-दोषोंकी और विशेष ध्यान देने लगें और खुशामदी वातावरणवाली मनोदशा से मुक्त हो जायें। यह कहने की तो शायद ही जरुरत है कि यदि समालोचना करने वालेमें विनय और समभाव न हो, तो उसकी समालोचना झुठी खुशामद करनेसे भी अधिक हानिकारक सिद्धी होती है।

—जिनविजयजी.

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩ માં છાપ્યું છે. અને ગોકલદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

તીર્થ રક્ષા.

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

તંત્રીઃ રતિલાલ ચીમનલાલ કોઠારી. | સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦ | વર્ષ ૨ જું, અંક ૩૪ મો. શનીવાર, તા૦ ૨૪-૬-૩૩.

પોકળ પાયાની મહેલાત.

ઓ ! ગગનચુંબી મહેલાત બાંધવાની મુરાદ ધરાવનાર માનવ-ઈજનેર આ તું શું કરી રહ્યો છો ? આ પથરાળ જમીન પર બાંધેલા પોકળ પાયા ઉપર તારી ભવ્ય મહેલાત કેમ ટકી શકશે ? આ પોકળ પાયા પર બાંધવા ધારેલી ઇમારત ગંજીપાના પાનાના બંગલાસમ એકજ પવનના સપાટે ક્ષણમાં જમીનદોસ્ત થઇ જશે એનું તને કયાં ભાન છે ? આ સ્થિતિ શું તું નથી જાણતો ? જો તું એટલો પણ અજ્ઞાત હો તો તારૂં અજ્ઞાન દયાને પાત્ર છે, એટલુંજ નહિ પણ તારે એ બાંધકામની મિથ્યા મોહનીથી દૂર થવું એ તારો ધર્મ છે, પરંતુ જો તારામાં એ અજ્ઞાનતાને બદલે દંભ અને કલુષિતતાએ વાસો કર્યો હશે, જો તારા માલીકને છેતરી અનીતિની લક્ષ્મી ઉપાર્જન કરવાની દુષ્ટ ભાવનાએ ઘર કર્યું હશે, તો યાદ રાખજે કે એ દંભ અને કલુષિતતાના કાળા પડદાઓ ચીરાતાં જરા પણ વાર નહિ લાગે, અને એ પડદા ચીરાતાં જગત્ જ્યારે નગ્ન સત્ય જોશે, ત્યારે એક માનવી તરીકે આ જગત્ પર જીવવું પણ તને ભારે પડશે.

ઓ કળાના ઉપાસક ! યાદ રાખજે કે દંભથી ઘેરાઇ આ કઠોર ભૂમિકા પર નર્યાં કાદવ અને મેલથી તૈયાર કરેલા પોકળ પાયા પર મહેલાત બાંધશે તો તે કદી ટકી શકશે નહિ. જો આ ઇમારત બાંધવાની તારી શુભ નિષ્ઠા હોય, ખરેજ મહેલાત મજબુત બનાવવી હોય, અને ખરેજ માલીકની પાસેથી હક્કની મજુરી મેળવવી હોય તો આ ઉંડી ભૂમિકાને પ્રથમ સાફ કરી તેમાં તારા અંતરની ભાવનાઓ અને આત્મસમર્પણની તાલાવેલીઓ રૂપ સીમેન્ટ અને કોન્ક્રીટના મજબુત થર પાથરી નિખાલસતાના શુદ્ધ ઝરણાથી તેનું સીંચન કરી તેના પાયાઓ એવા મજબુત બનાવ કે એ ઇમારત અન્ય ઇમારતોની સ્પર્ધા કરતી ગગનચુંબી મહેલાત બની રહે, અને કાળના અનેક તડકા છાંયા તેની ઉંચી અટારીઓ પરથી સદાય પસાર થાય છતાં હજારો વર્ષ એ તારી કીર્તિગાથાનું જગત્ને દિવ્ય ગાન સુણાવતી ઉભી રહે, અને તારી ભાવી પ્રજા પણ એ ઇમારતનું અખંડ બાંધકામ જોઇ ગૌરવથી પોતાનું મસ્તક ઉંચું રાખી જગતમાં વિચરી શકે.

—ઉઉઉઉઉઉઉઉ—

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

પ્રબુદ્ધ જૈન.

શનીવાર, તા૦ ૨૪-૬-૩૩.

તીર્થરક્ષા—એક અગત્યનો પ્રશ્ન.

આજથી સેંકડો વર્ષો પૂર્વે એક સમય એવો હશે કે જ્યારે તીર્થ ધામોની વધારે જરૂરીયાત જણાઇ હશે, તે સમયના શ્રીમંત જૈનોને એ વસ્તુ વધારે અગત્યની જણાઇ હશે, અને એ સમયની જૈનોની વિપુલ વસ્તી, અઢળક દ્રવ્ય અને ધર્મની જાહોજલાલી જોતાં વિપુલ વસ્તીના લાભ માટે એ માર્ગે દ્રવ્ય પણ વિપુલ ખરચવામાં આવ્યું હોય એ સંભવિત છે. સૌરાષ્ટ્રના શત્રુંજય અને ગીરનાર પર્વતોથી માંડી મરૂભૂમિના કિનારા પર ઉભેલા અર્બુદાચળના પહાડો, અને ઠેઠ પૂર્વમાં સમેતશિખરની ટેકરીઓ સુધી જ્યાં જ્યાં નજર નાખશું ત્યાં ત્યાં આપણા અઢળક દ્રવ્યના વ્યયથી બંધાયેલાં, જૈનોની પૂર્વકાળની જાહોજલાલીનું તાદ્રશ્ય ભાન કરાવનારાં ભવ્ય જિનમંદિરો દ્રષ્ટિએ પડશે, અને આજે પણ આપણે મગરૂબીથી કહી શકીએ છીએ કે આ વિષયમાં જેટલું દ્રવ્ય જૈનોએ ખરચ્યું છે એટલું કોઇ પણ અન્ય પંથવાળાઓ ખરચી શકયા નથી.

આ તીર્થધામોને ઉત્પન્ન કરનારાઓને એવું ભાગ્યે સ્વપ્નમાં પણ હશે કે ભવિષ્યમાં એક એવો સમય આવશે કે જ્યારે આ આપણા ઉત્પન્ન કરેલાં તીર્થધામોને વધુ સુશોભિત કરવાં તો એક બાજુ રહ્યાં, પરંતુ સાચવી રાખવાં એ પણ ભવિષ્યના જૈનોને માટે બહુજ અગત્યનો અને વિકટ પ્રશ્ન થઇ પડશે. આજે આપણે શું જોઇએ છીએ ? શત્રુંજય તીર્થ પર કરોડો રૂપીઆ ખરચાયા, અને એના સંરક્ષણ માટે જેઓને નિયુક્ત કર્યા તેઓજ એના માલીક બન્યા, અને આપણી નિર્બળતાએ નીચી મુંડીએ ઓ.સ્વીકારી આજે લાખો રૂપીયા સામા આપતા થયા. એવીજ રીતે કેસરીયાજી તીર્થમાં આપણી ભક્તિ અને દયાળુતાનો લાભ આપણે તે સ્થળના પંડયાઓને પ્રથમ આપ્યો, આપણી ઉદારતાનાં પ્રદર્શન પણ આપણે કર્યાં. આજે એ દયા, એ ઉદારતાનો લાભ કેવો વિપરીત લેવાય છે, એ આપણે જાણી ચુકયા છીએ. એજ રીતે સમ્મેતશિખરની રક્ષા પાછળ લાખો રૂપીઆ ખરચાયા છે, પાવાપુરી માટે ખરચાય છે. અને હજુ કયાં કયાં ખરચવાના પ્રસંગો આવી લાગશે એ કોણ જાણે છે ?

આ બધું આપણી નજરો સામે બની રહ્યું છે, આપણા જાણતા છતાં બની રહ્યું છે, છતાં એ માટે નથી લાગી દીક્ષાવેક્ષા મુનિવરોને કે નથી લાગી સુધારા માટે મથનારા સુધારકોને. કોઇને ઉંચી આંખ કરી જોવાની પણ ઇચ્છા થતી હોય તેવું દેખાતું નથી. એટલુંજ નહિ પણ આવાં મહાન્ તીર્થોના રક્ષણની વાત પ્રત્યે આંખવિચામણાં કરી પોતાની કીર્તિને આગળ લાવવા મથનારા મુનિરાજો અને તેમના ભક્તો તરફથી નવાં તીર્થો ઉત્પન્ન કરાવાય છે, નવા શિલાલેખો કોતરવાય છે, અને નવી પેઢીઓ બોલાવાય છે અને આ જાણીએ છીએ ત્યારે આપણી પામરતા કયાંસુધી વધી છે તેનું સહેજે ભાન થાય છે. વૈશ્યછાગે હમણાં હમણાં એવું ઉગ્ર સ્વરૂપ ધર્યું છે કે જે ગામમાં એક પણ જૈનની વસ્તી ન હોય, ને જ્યાંના જીર્ણ મંદિરો પડી ભાંગવાની તૈયારીમાં હોય, તેવાં સ્થળોમાં પણ આસપાસથી અથવા તો કોઇ જમીનમાંથી મૂર્તિ મળતાં આસપાસ વસનારાઓને પોતાના ગામને તીર્થભૂમિ બનાવવાની તમન્ના જાગે છે, અને શ્રદ્ધાળુ શ્રાવકો પાસેથી ટીપ કરાવી એકાદ મંદિર ઉભું કરી તીર્થભૂમિ તરીકે જાહેર કરે છે, આમ કરવામાં કેટલાક, સ્વાર્થ લોલુપોનો સ્વાર્થ પણ સમાયેલો હોય છે. અમો આ ભાઇઓને તેમજ ઉપદેશક સાધુઓને ભાર મૂકીને કહીએ છીએ કે આજે તમારું છે તેટલું સાચવી રાખો તો ઘણું છે. આજે જ્યાં જૈનોની વસ્તી લાખોથી હજારોની સંખ્યામાં ઘટી ગઇ છે. જ્યાં પૂજા કરનારાઓ પણ ભાગ્યેજ થોડા મળે છે, ત્યાં નવાં તીર્થધામો શું ઉપયોગનાં થશે ? ઓ વિચારો, અને એ ખોટી કીર્તિની લાલસાએ જનતાને ઉંધે માર્ગે નહિ દોરતાં આપણા પવિત્ર તીર્થોવિગેરેના રક્ષણ માટે સઘળું ધ્યાન આપો તેમાંજ ખરી શાસન સેવા છે.

આ સિવાય એક બીજો વિષમ ભય પણ આપણા દેવાલયો ઉપર ટગટગી રહ્યો છે, જે ભય મુખ્યત્વે કરી સ્થાનિક કાર્યકરોની બેદરકારી અથવા તો "ચલાવી લેવા"ની પામર મનોદશાને આભારી છે, તે એ છે કે હાલમાં ઘણે મોટે ભાગે આપણા જિનાલયોનાં પૂજારીઓ અને ગોઠીઓ વૈષ્ણવ સંપ્રદાયનાજ રહે છે, અને તેઓ પોતાની પૂજા સેવા માટે એકાદ શિવલિંગ યાતો હનુમાનજીની મૂર્તિ મંદિરના એકાદ ખુણામાં સ્થાપન કરી દે છે, અરે ! એટલુંજ નહિ પણ ઘણા સ્થળોએ તો તે દેવોની નાની મોટી દેરીઓ બાંધેલી અમારા જોવામાં આવી છે. આ ઉપરાંત કેટલાક સ્થળે તો મુસલમાન ચોકીદારોએ પોતાની સગવડ ખાતર મંદિરના દરવાજા પાસે નાની મસીદ જેવા આકારની દેરી બનાવી માંહી કબર જેવી સ્થાપના કરી લીલી અટલસ તેના ઉપર નાંખેલી અમારા જોવામાં આવી છે. આ ચીજ શરૂઆતમાં અતિ નાની દેખાય છે, અને તેથી તે પ્રત્યે ઉપેક્ષાવૃત્તિથી જોવામાં આવે છે, પરંતુ એ બીજ વૃક્ષરૂપે ફાલતાં ભવિષ્યમાં તેના કડવાં ફળ ભાવિપ્રજાને ભોગવવાં પડે છે, અર્થાત્ કે શરૂઆતમાં સગવડ ખાતર નાની દેરી કરનારાઓ ભવિષ્યમાં આપણી બેદરકારીના પરિણામે આખાં મંદિરના માલીક થઇ પડે છે. આ માટે સ્થાનિક કાર્યકર્તાઓજ ખાસ કરી જવાબદાર છે.

આવાં તીર્થોના સંબંધમાં આપણી આણંદજી કલ્યાણજીની પેઢી મુખ્યતયા કામ કરનારી ગણાય છે, તેમજ આપણી કોન્ફરન્સ પણ અવારનવાર જોઇતાં પગલાં ભરે છે, છતાં પણ એ કાર્ય એટલું બધું શિથિલ થાય છે કે એ ગતિએ ચાલતાં કદિ પણ પાર જવાની આશા રાખી શકાય નહિ. અમો આ સ્થળે આખા ભારતવર્ષના પ્રતિનિધિઓ ધરાવતી એક તીર્થ રક્ષક બોર્ડ સ્થાપાવાની ઘણી અગત્ય માનીએ છીએ. અને કોમના આગેવાનો અને સુધારકો આ મહત્વના પ્રશ્નને તુરતજ ઉપાડી યોગ્ય ધારાધોરણોસર મજબુત હાથે કામ કરી શકે એવી વગદાર બોર્ડ વહેલામાં વહેલી તકે સ્થાપના કરવાનું હાથ પર લેશે તો એક મહાન્ કાર્ય થયેલ ગણાશે. અને એટલું થતાં તીર્થરક્ષાના મહાન્ સવાલની મુશ્કેલીઓનો અંત લાવવાની સુગમતા થશે.

પદ્મા ની પ્રતિજ્ઞા.

(સામાજીક નવલિકા)

લેખક,
શ્રી પદ્મકુમાર.

પ્રકરણ ૨ જું.

વસિયતનામું કે પ્રતિજ્ઞા?

"પદ્મા, ત્યારે મારા જેવા મરણોન્મુખ પતિની આજ્ઞા તું શિરસાવંદ્ય નહિજ કરવાની કે?"

લાંબા સમયથી જેને શય્યામાંથી જાતે ઉઠી બેઠા થવાની શક્તિ પણ ગુમાવી દીધા છે એવા, અને મલમલના પહેરણનું ઢાંકણ છતાં સ્પષ્ટતાથી ગણી શકાય એવા હાડકાના માળખા રૂપ બનેલા, પાનાચંદ શેઠે તદ્દન પડી ગયેલા સાદમાં સ્વપત્ની પદ્માને ઉદ્દેશી પ્રશ્ન કર્યો. પદ્માએ કંઇ જવાબ ન આપતાં મૌનનુંજ અવલંબન કર્યું.

પુનઃ પદ્માના ઉચ્ચાર પૂર્વક શેઠે બકવા માંડયું, "શા સારૂ આજે તું ઉત્તર સરખો પણ દેતી નથી? જોકે આજે મારૂં હૃદય કબુલે છે કે મેં તારૂં પાણિગ્રહણ કરવામાં ગંભીર ભૂલ કરી છે. મારા જેવા સાઠી વટાવી ચુકેલાને ત્યાં આવીને સંસાર માણવાની વાત તો દૂર રહી પણ સૌભાગ્ય ગુમાવી વૈધવ્ય પ્રાપ્ત કરવાની ઘટિકાઓ ગણાઈ રહી છે, ત્યાં બીજા સુખની શી વાત? લગ્ન કરીને માંડ છ મહીના ઠીક વ્યતિત કર્યા. પાછળથી તો આ લકવાનું ભૂત વળગ્યું છે, એમાંથી ઉઠવા વારોજ આજ અઢાર મહીના થયા છતાં કયાં આવ્યો છે? મને તો ખાત્રી છે કે આ ભવમાં મારા થોડાક કલાકોજ બાકી છે. નિશદિન તું મારી જે સેવા ઉઠાવે છે તે હું જાણું છું. મારા જીવન સાથે તારૂં સુખ પણ નષ્ટ થઇ જવાનું. એ વિચારે મારૂં અંતર વલોવી નાંખ્યું છે? પેલા માણેકલાલે તો મને સમજાવવામાં બાકી નહોતી રાખી, પણ સ્વાર્થ લાલસા, કામવાસનામાં અંધ બનેલ ને ધનના ગર્વથી જે ધરતી ગજાવી રહેલ તે કેમ એ માને? ॥ **अर्थी दोषो न पश्यति** ॥ એ વાત તે વેળા ગળે ન ઉતરી, પણ આજે તારા સામે દૃષ્ટિ કરતાં જરૂર સોંસરી ઉતરે છે. મારો હાથ પકડવા માત્રથીજ તારાજેવું કુસુમ હતું નહતું થઇ જશે એ વિચારે મારૂં મન આજે બહાવરૂં બન્યું છે. તું જરા હસીને જવાબ તો આપ? વીલ કરવામાં મારો હેતુ શુભ છે. નારી જાતને હેરાન કરનારા ઘણા નીકળી આવે છે. મારે પણ પીતરાયા છે. માટે મારી સર્વ દોલત તને સોંપી જવાની મારી ઇચ્છા હોવાથી હું જે આજ્ઞા આપી રહ્યો છું તેનો અમલ કર. કાયાનો ભરૂસો નહિં માટે વિલંબ ન કર."

વૃદ્ધ પતિની આર્દ્ર વાણીએ પદ્માનું મૌન તોડાવ્યું આજરીની પથારી આગલ ખબર કહેવડા આવનારનો ડાયરો જામે તે પૂર્વેજ હૃદય સાફ કરવાનું પદ્માને વ્યાજબી લાગ્યું. તે બોલી ".....મોટા મોટા પણ તમો યુવાન સુધારકને પિછાની શકયા. છતાં બગડી બાજી સુધરનાર નથી. સમાજ જ્યાં અજ્ઞાનતાથી આકંઠ ભરેલો હોય, જ્યાં સ્વાર્થની રમતો રમનારા એના સૂત્રધારો હોય ત્યાં અમ સરખી નારી જાતને કચરાવાનું હોય એમાં નવાઈ પણ શી? અફસોસ એટલોજ થાય છે કે આમ છતાં અમારો શુષુપ્ત આત્મા જાગ્રત કેમ નથી થતો? નારી જે શક્તિનો અવતાર સાચેજ હોય તો હવે તેને આ સામે પડકાર કરવોજ જોઇએ. અસ્તુ. તમો માલિક છો, તમારી મિલકતને ગમે તે પ્રકારે ખરચી નાંખવાનો તમોને સર્વ પ્રકારનો હક્ક છે. પણ જે તમો કહો છો તેમ કેવળ અમારા–એટલે મારા તેમજ બાળાં તારાના હિત ખાતરજ વીલ કરવા તૈયાર થયા હો તો હું તેમાં ચોકખી ના ભણું છું. એ સામે મુખ્ય કારણ તો એ છે કે વર્તમાન કાળના ટ્રસ્ટીઓ માટેનો મારો મત તદ્દન વિપરીત છે અને જે મહાશયના નામો તમે આમેજ કરવા માંગો છો. તેઓના કરતુકોથી હું સારી રીતે વાકેફગાર છું. એ કરતાં તો તમો જે આપવું હોય તે આપી વસિયતનામાના લફરામાંથી હાથ ઉઠાવી નાંખો એજ સારૂં છે!"

"મુગ્ધા! તારી સમજ ફેર થાય છે. મારી લાખેકની મિલકતમાંથી પચીશ હજાર શુભ માર્ગે ખરચીશ. બાકીની તો તમોને સોંપી જવા માંગુ છું. "**તારા**" પણ બાળ વિધવાને તું પણ હજી તેવીજ.....સુખ પૂર્વક ખાવ ને ધર્મ ધ્યાન કરો તેવું મારી આજ્ઞાના પ્રમાણમાં મૂકવું તો જોઇએને! મારી સત્તામાં રહેલ સગવડ આપી તને સુખી કરવાનો મારો ધર્મ છે."

"જો એમજ છે તો શા માટે, વિશ્વાસ મૂકી એ વાતની વાતની પરવ નથી છોડતા?"

"અરે! પણ આ ટ્રસ્ટીઓ કયાં પારકા છે? એક તો જ્ઞાતિ શેઠના ભાઇ થાય છે જ્યારે લાલચંદશા તો મારા લંગોટીઆ દોસ્ત છે. આટલી બધી રકમ તમ સરખા બૈરાના હાથમાં કેમ સોંપાય? તમ સરખી બાળાઓને એના વહીવટની ગમ પણ કયાંથી હોય?"

"હું, હં, જોયા તમારા ભાઇબંધ. ઉજળા ઠગ જોવાજ. પેલી બિચારી **ડાહી**એ ધણીની આખી મિલકત સંબંધે તો પૂછયું પણ નહોતું, માત્ર પોતાના નામે જે રૂપીઆ હતા તે ખરચી નાંખી દીક્ષાની વાત કરી ત્યાં તો આ ટ્રસ્ટી બાવાએ ચોકખો નકારો ભણ્યો. તત્તજ કલમ બતાવી કે એ રકમ જીવતાં તને સોંપી શકાયજ નહિં. વાત સાધુજીને પહોંચી ને દલીલોનો તો વર્ષાદ વરસ્યો. એકાદે તો એટલે સુધી ટોણો માર્યો કે તો પછી વીલની રકમ શા સારૂ ઘેર જમે રાખો છો? કાં સહર જમીનગીરીમાં નથી રોકતા? પણ એ બધું ધુળપર લીંપણ! આખરે પેલી બાપડીએ એ મૂડી પર ખારૂં પાણી છાંટી પ્રવજ્યા લીધી. આ તે ટ્રસ્ટી કે ધણીનો પણ ધણી! આવા તો કેટલાય દાખલા રજુ કરી શકાય કે જેમાં ટ્રસ્ટી કરવાથી સઘળી મૂડી ચાંઉ થયેલી હોય છે! કેટલાકમાં તો ટ્રસ્ટીઓને ત્યાં પાંચ પંદર ધક્કા ખાવ ત્યારે બાંધેલી રકમ કે વ્યાજ માંડ હાથમાં ધરાય! આ કરતાં તો દળણાં દળી પેટ ભરવું શું ખોટું?

તમો કયાં નથી જાણતા કે ટ્રસ્ટડીડ હોવા છતાં જ્યાં ધર્માદાની રકમો હડપ થઇ ગઇ, ત્યાં તમારી ઇસ્કામતની શી બાંહેધરી ? ટ્રસ્ટી થવાના સમયે તો જાણે કેમ મહાન્ ઉપકાર કરતા ન હોય તેવો દેખાવ કરનારા પાછળથી સર્વ તંત્રના સ્વતંત્ર ધણી રણી થઈ જાય છે. મરનાર ધણીના બાયડી છોકરાની કે રાંડીરાંડ વિધવાની પછી ભાગ્યેજ તેમને પડી હોય છે. કંઇ કહેવા જતાં તરતજ સંભળાવે છે કે શું પગાર બગાર લઇએ છીએ ? વસ્તુતઃ જોવામાં આવે તો સારી જેવી રકમ એક યા બીજે માર્ગે હાથપર રાખી એ વડે ઠીક ઠીક ધંધો જમાવે છે ! આવી ગુલામી જાતે ધારણ કરવાની મને જરાપણ ઇચ્છા નથી. અજાણ્યાજાત છતાં મારામાં પણ અનંત શક્તિવાળો આત્મા વસે છે. સ્વમાન શું ચીજ છે તે હું સમજું છું.”

“ પણ તું આમ શા સારૂ રાતીપીળી થાય છે? તો પછી તું પસંદ કરે તેવા ગ્રહસ્થોની નીમણુંક કરું. અત્યારના કાયદા તું નથી જાણતી. એમાં ડગલે ને પગલે મરદની જરૂર પડવાની.”

“ જો તમો ઇચ્છતા હો તો જ્ઞાનચંદ્રને બોલાવા મોકલું તે પ્રમાણિક ને ભરૂંસાલાયક છે.”

“ મને તેની મુદ્દલ ના નથી. ઝટ તેમ કર !”

ત્યાં તો પાડોશના મ્હાલી ડોશી બહારથીજ રાડ પાડતાં આવ્યા. “ અલી પદ્મા, શા સારૂ માંદાને આટલી બધી તરદી આપે છે? તેને તો બોલાવ્યા ચલાવ્યા વગર પડી રહેવા દઇએ. આજની વેજાઓને કયાં ગમ છે?

ગંગા માશી તો પૂરા બેઠા પણ નહિં ને “ કેમ છે પાનાભાઇ? બહુજ લેવાઇ ગયા લાગો છો? આ દવાથી કંઇ ટીકી ન લાગતી હોય તો, પેલા આયરિશ મિશનવાળાને બોલાવોને ?” ઇત્યાદિ પ્રશ્ન માળા ચાલુ કરી. ત્યાં બીજા બે સગાનાં બૈરાં આવ્યાં.

વળી કમળાશી કાકા ને હીરાચંદ શેઠ તથા મિત્ર લાલચંદ પણ આવી પુગ્યા. જોત જોતામાં તો આજરીની પથારી આસપાસ નાનકડી મંડળી જામી ગઇ. પદ્મા તો આધું ઓઢી એક ખુણા તરફ બેઠી. નાની તારા રસોડામાં પિતા સારૂ ચા બનાવતી હતી.

લાલચંદે મિત્રની બબર પૂછતાં વીતની વાત કહાડી, ને કમળાશી ડોસા તરફ જોયું.

ડોસાએ ટાપશી પુરી કે, “ જુવાન બાઇના હાથમાં આટલું ધન સોંપવું જ નહિ. એમ કરવામાં તો આબરૂ બગડવાનો ચોકખો ભય છે ! ધન દેખીને કામી દોડતાજ આવે. ખરચ પુરતું મળે ને અંકુશ રહે એવું કરવું.

હીરાચંદ શેઠે ડોકું ધુણાવી મુંગી સંમતિ આપી, સૌ પાનાચંદના મુખ તરફ જોઇ રહ્યા !

—ચાલુ.

પાટણ—શેઠ જીવતલાલ પરતાપશી આદિ છ ગૃહસ્થોનું એક ડેપ્યુટેશન ભાવ નગરથી વિજય નેમિસૂરિના કહેવાથી કંઇક સમાધાનીની આશાએ અત્રે આવ્યું હતું, અને આચાર્ય શ્રી વિજયવલ્લભ સૂરિજી આદિને મળી કંઇક મંત્રણા કરી છે, સૂરિજી તરફથી હાર્દિક સહકાર મળવાની સંમતિ મળી હોય એવા સમાચાર સંભળાય છે.

અભ્યાસીઓને સૂચના.

૫ં સુખલાલજીનું નિવેદન.

કાશી હિંદુ યુનિવર્સિટીમાં જૈન શાસ્ત્રોના અભ્યાસ માટેની સારી સગવડ વાસ્તે એક જૈન ‘ચેર’ સ્થપાયેલી છે. હું ત્યાં આવતા જુલાઇ માસથી એ કામ કરવા જવાનો છું, તેથી ઉચ્ચતર અભ્યાસ કરવા ઇચ્છનાર વિદ્યાર્થીઓને થોડી માહિતી અને કાંઇક સૂચના આપવા ઇચ્છું છું.

૧ ત્યાં હિંદુ યુનીવર્સીટીમાં બે વિભાગો છે, જ્યાં જૈન વિષયનો અભ્યાસ કરી શકાય. એ આર્ટસ કોલેજમાં એમ. એ. સુધીના વિદ્યાર્થીઓ વાસ્તે સગવડ છે. અને ઓરિએંટલ કોલેજમાં પ્રાચીન ઢબે જૈન દર્શનની છેલ્લી શાસ્ત્રીય પરીક્ષા સુધીની સગવડ છે.

૨ જૈન અભ્યાસક્રમમાં ભાષાની દૃષ્ટિએ પ્રાકૃત અને તેના સાહિત્યને સ્થાન છે, તેમજ દર્શનની દૃષ્ટિએ એમાં જૈન તત્વજ્ઞાનને સ્થાન છે.

૩ સાહિત્ય અને તત્વજ્ઞાનનો અભ્યાસ માટેનો વિસિષ્ટ અને બંને કોલેજોમાં જૂદો જૂદો અભ્યાસક્રમ છે, જેની વિગતવાર માહિતી ત્યાંના અભ્યાસક્રમ (Curriculum) ઉપરથી કોઇ પણ મેળવી શકશે. ઉપરની વસ્તુ ધ્યાનમાં રાખી જેઓ ત્યાં અભ્યાસ કરવા ઇચ્છતા હોય તેઓ કાંઇ વિશેષ માહિતી માટે પૂછવા ઇચ્છે તો મને તા. ૩૦-૬-૩૩ સુધી અમદાવાદ નીચેને ઠેકાણે જાતે મળીને અગર પત્ર લખીને પૂછી શકે. જુન પછી પત્ર લખવા ઇચ્છનાર કાશી હિંદુ યુનિવર્સિટીને ઠેકાણે મારા ઉપર પત્ર લખી શકે. જેઓ કોલેજમાં ભણતા હોય અને સંસ્કૃત સારૂં જાણતા હોય અગર તે શીખવા પૂરા ઇંતેજાર હોય તેઓને બી. એ. સુધીમાં અને ત્યારપછી જૈન વિષય લેવામાં વધારે સફળતા મળશે.

જેઓ માત્ર સંસ્કૃતદ્વારા જ જૈન દર્શનની છેલ્લી પરીક્ષા સુધી ત્યાં તૈયાર થવા ઇચ્છતા હોય તેમણે પણ જો સંસ્કૃત ભાષા સારી રીતે તૈયાર કરી હશે તો તેમને અભ્યાસ કરવાની તક સારી મળશે અને સફળતા પણ વધારે મળશે.

એ કહેવાની ભાગ્યે જ જરૂર છે કે ઉક્ત જૈન અભ્યાસક્રમમાં શ્વેતાંબર અને દિગંબર બંને સંપ્રદાયના શ્રેષ્ઠતર સાહિત્યનું સમુચિત સ્થાન છે. કોઇપણ ફિરકાના જરાપણ ભેદભાવ સિવાય એ અભ્યાસક્રમ ચાલતો હોઇ ત્યાં જૈન સંપ્રદાયના દરેક ફિરકાને એક સરખું સ્થાન છે. એ જ રીતે જૈનેતર છતાં જૈન સંસ્કૃતિ, જૈન સાહિત્ય અને જૈન તત્વજ્ઞાનનો અભ્યાસ કરવા કોઇ ઇચ્છે તો તેને માટે પણ એ એક યોગ્ય સાધન છે. જેઓ જૈન શાસ્ત્રોનો વિશાળ અને ગંભીર અભ્યાસ કરવા ઇચ્છતા હોય તેઓ યોગ્ય તૈયારી સાથે આવશે તો હું તેમને અભ્યાસ કરાવવામાં મારાથી બનતી બધી સહાયતા આપીશ.

ઠે૦ (૧) અમદાવાદ, ભારતીના નિવાસ સોસાયટી નં. ૧૮.

(૨) હિંદુ યુનીવર્સિટી, ઓરીએંટલ કોલેજ

બનારસ.

શ્રી બગવાડામાં જૈન વિ. આશ્રમ અને એ. વી. સ્કુલના ઉદ્‌ઘાટન પ્રસંગે, શેઠ રણછોડભાઈ રાયચંદ ઝવેરીના કેળવણી સંબંધી મનનીય ઉદ્‌ગારો.

બંધુઓ અને બહેનો,

××× આજે કેળવણીનો પ્રશ્ન એટલો બધો ગુંચવાડાભર્યો થઇ પડયો છે કે તેની કાર્યદિશા, પદ્ધતિ અને વિસ્તાર અંગે ઘણું વિચારવાનું રહે છે. આપ જાણો છો કે આજે આપણે વિસમી સદીની નવીન ભાવનાઓ વચ્ચે જીવવાનું છે. જાપાન, અમેરિકા અને યુરોપ જેવા સુધારા અને કેળવણીની ટોચે પહોંચેલા દેશોની હરિફાઇ સામે ટક્કર ઝીલવાની છે, અને એ સ્થિતિ હિંદીઓ અને ખાસ કરી જૈનો માટે દિવસોદિવસ વધુ અને વધુ વિચારણીય થઇ પડે છે. તેનો વિચાર આપણે વખતો વખત જરૂર કરવો પડે તેમ છે, અને તેમાંથી ભાવિ પ્રજા માટે શક્ય માર્ગ જરૂર કાઢવો રહે છે. આપણે આવા ભારીક સંજોગો વચ્ચે આપણા બાળકોની કેળવણી વિષે પુરતી કાળજી રાખી શિક્ષણના સાધનો યોજવાં જોઇએ, એમાં સંદેહ નથી. જેમ આધ્યાત્મિક દૃષ્ટિએ જ્ઞાન વિના મોક્ષ નથી, તેમ જ્યાં સુધી સંસારમાં રહેવું છે, ત્યાંસુધી વ્યવહારિક દૃષ્ટિએ પણ તે જ્ઞાન મેળવ્યા વિના આપણો ઉદય નથી.

આપણે સામાન્ય રીતે વેપારી કોમ તરીકે જીવન ગુજારી રહ્યા છીએ અને આજના ધંધારોજગારની દ્રષ્ટિએ પણ આપણાં બાળકોને કેળવણી આપ્યા વિના લેશ પણ ચાલે તેવું નથી. આજે વ્યાપારનું કેન્દ્ર હિંદ મટી ઈંગ્લંડ અને અમેરિકા બન્યાં છે અને તેથી અર્થશાસ્ત્રના સિદ્ધાંતો પર રચાયેલી વ્યાપારી પદ્ધતિઓનો પુરો અભ્યાસ કરવો ઘટે; નહિંતો આજે આપણે જે દશા ભોગવીએ છીએ તેના કરતાં આપણાં બાળકોનો માર્ગ વિશેષ મુશ્કેલ બનશે. આવા સંજોગોમાં દેશની પ્રચલિત કેળવણીની પદ્ધતિનો લાભ બને તેટલો લેવો જરૂરી છે.

બંધુઓ, આજે જે જાતની કેળવણી આપણાં બાળકોને મળે છે તે પદ્ધતિ સદંતર પ્રશંસનીય તો નથી બલ્કે તેમાં અનેક ખામીઓ છે, પરંતુ તેનો વિચાર કરવાનું આ સ્થાન નથી, તેમ હાલ તે સમય નથી. એટલે જ્યાં સુધી હિંદને અનુકુળ ફેરફાર કરી યોગ્ય તત્વો દાખલ ન કરી શકીએ ત્યાં સુધી તેનો ત્યાગ કરવાની ઘાતક નીતિ અખત્યાર ન કરતાં, તેનો જરૂરી લાભ ઉઠાવવો એ આવશ્યક છે.

હાલની કેળવણીની પદ્ધતિના યોજકોએ મોટે ભાગે જડવાદી દેશોનું આંધળું અનુકરણ કરેલું હોવાથી તેનાથી ધાર્મિક ભાવના અને અધ્યાત્મિક સંસ્કૃતિ પરત્વે અભિરૂચિ ધરાવનાર આપણા દેશની શિક્ષણ પિપાસા તૃપ્ત થતી નથી. પરંતુ જૈન સમાજ આ બાબતમાં અન્ય કોમોની તુલનાએ, વધારે સાધનો અને સગવડો ધાર્મિક અભ્યાસ માટે ધરાવતી હોઇ તેને આધુનિક કેળવણીનાં બનાબ પરિણામોની ઓછી ધાસ્તી રાખવાની રહે છે. દરેક સ્થળે ધાર્મિક અભ્યાસ માટે યુનીવર્સીટીથી અલગ સગવડો આપણે રાખીએ છીએ અને તે રીતે આ સોસાયટીએ પણ પોતાની શાળા માટે ધાર્મિક અભ્યાસની ગોઠવણ રાખી છે, એ ખુશી થવા જેવું છે. આથી વિદ્યાર્થીઓ યુનીવર્સીટીની શિક્ષણ પદ્ધતિ સાથેજ આપણી ધાર્મિક શ્રેણીમાં પણ તેટલાજ પાર ઉતરશે એવી મ્હારી ભાવના છે.

યુનીવર્સીટીની આધુનિક કેળવણીમાં જેમ ધાર્મિક અભ્યાસને અવકાશ નથી એ તેની એક મ્હોટી ત્રુટિ છે, તેમ વધુમાં એક એવો પણ આક્ષેપ છે કે યુનીવર્સીટીમાં શિક્ષણ પામેલાઓમાં મ્હોટે ભાગે ખોટી મ્હોટાઇ—અમુક થાય અને અમુક ન થાય, એવા બોટા ખ્યાલો બંધાય છે અને પરિણામે કેટલીકવાર માઠાં પણ આવે છે. આમાંથી બચવા માટે આપણી સોસાયટી ખૂબ કાળજી રાખે અને વિદ્યાર્થીઓ નમ્ર સ્વભાવી, સાદા જીવનને ચાહનારા અને પોતાના ઉપર આધાર રાખનારા બને એવી તજવીજ રાખે—એ મારી ખાસ ભલામણ છે. ખરી વિદ્યા એજ છે કે જેની વડે વિનય અને પાત્રતા પ્રાપ્ત થાય.

આપણા ઉછરતાં બાળકોને સારી કેળવણી મળી શકે તો તે પોતાનું અને પોતાના કુટુંબનું ગુજરાન સારી રીતે કરી શકશે, એટલુંજ નહિ, પણ પોતાની અક્કલ હુશિયારીથી આગળ વધી પોતાની જ્ઞાતિનું, સમાજનું અને દેશનું હિત કરી શકશે. આજે તમો જોશો તો એવાજ કેળવાયલા અને વિદ્વાન નરરત્નો દેશના હિતની લડત ચલાવી રહ્યા છે. આખા દેશનું સુકાન એમના હાથમાં છે અને તેઓજ પોતાના ડહાપણ અને ચાતુર્યથી દેશનો ઉદ્ધાર કરશે.

આ પ્રસંગે સર્વે ગૃહસ્થોને મારી વિનંતિ છે કે તેઓ પોતાના પૈસાનો વ્યય, જમણવારો, જ્ઞાતિનાં બોટા રિવાજો વિગેરેમાં નહિ કરતાં, આવી કેળવણીની સંસ્થાઓને પોષવામાં કરશે કે જેમાંથી સારા કેળવાયલા કાર્યકર્તાઓ પેદા થાય અને જૈન સમાજનો તેમજ દેશનો ઉદ્ધાર કરી શકે.

વ્યવહારિક કેળવણી ઉપરાંત બીજી અગત્યની જે બાબત છે તે શારીરિક કેળવણીને અંગેની છે. "પહેલું સુખ તે જાતે નર્યા" એ સુત્રને અવશ્ય ધ્યાનમાં રાખવું જોઇએ. જ્યાંસુધી આપણાં બાળકોની શારીરિક તંદુરસ્તી સારી ન હોય ત્યાંસુધી આપણે સારા નાગરીકોની આશા ઓછી રાખી શકીએ. તંદુરસ્તી જો સારી હોય તો મગજશક્તિ પણ સારી હોઈ શકે. અભ્યાસ પણ ખંતથી કરી શકે અને શહેરી તરીકે સ્વરક્ષણ માટે પોતાના શારીરિક બળનો ઉપયોગ કરી પોતાનું અને અન્યનું પણ રક્ષણ કરી શકે. આ સંસ્થામાં શારીરિક કસરત અંગે સંચાલકોએ જરૂર પ્રબંધ કર્યો હશે એમ હું માનું છું. અને જો તેમ ન કરવામાં આવ્યું હોય તો જરૂર તાકીદે તે માટે ગોઠવણ કરવામાં આવે એમ હું ઇચ્છીશ.

ઓઘા માટે બારીક ઉન.

સાધુ, સાધ્વીને ઓઘા માટે બારીક ઉનની જરૂર હોય તો ભાવ માટે લખો:—

ઇન્ડીયન વાર્ન સપ્લાઇઝ કંપની.

પોષ્ટ બોકસ નંબર ૭૭૦,

મુંબઈ, નં. ૧.

ધુતારાઓથી સાવધાન!

લેખક—એક જાણકાર.

"ખોલીયા વસે ત્યાં ધુતારા ભૂખે ન મરે." એ કહેવતને અનુસારે આજકાલ કેટલાક ધૂર્તો શિષ્ય આપવાને બહાને ભોળા સાધુઓ અને ભદ્રિક શ્રાવકોને ધુતી રહ્યા છે. જેનો એક તાજો દાખલો અત્રે જણાવીને શિષ્યલોભી મુનિઓ અને તેવા ભક્ત શ્રાવકોને સાવધાન કરીએ છીએ.

જાલોર (મારવાડ) માં એક યતિ રહે છે; જેનું નામ **દેવેન્દ્રસાગર** છે. તે મધ્યમ કદનો અને ઘઉંવર્ણો છે. તેના શરીરમાં–ખાસ કરીને હાથ પગમાં ધોળા કોઢનાં ચાઠાં છે. ભણેલો છે અને થોડું પણ મીઠું બોલનાર માણસ છે.

દેવેન્દ્રસાગર પહેલાં ખરતર ગચ્છનો સાધુ હતો. પણ પાછળથી સાધુપણાનો ત્યાગ કરી યતિવેષે રહે છે. એ ત્રણ વર્ષ પૂર્વે તે મેવાડની એક જૈન બોર્ડિંગના ઉપદેશક તરીકે મારવાડમાં ચાર છોકરાઓને સાથે લઈને ગયેલ અને શિવગંજ, અગવરી, જાલોર વગેરે ઘણાં ગામોમાંથી બોર્ડિંગની ટીપ કરેલી, પણ પાછળથી જણાયું છે કે એ ટીપનો પણ તેણે દુરૂપયોગ કર્યો છે.

ટીપના નામે પૈસા ખાટવાનો ધંધો પડી ભાગ્યા પછી એણે જાલોરમાં જઈને એક દવાખાનું ખોલ્યું છે, અને તેના ઉપર "શ્રી ચંદ્રઔષધાલય, સંસ્થાપક–આયુર્વેદી ભૂષણ યતિ પં. દેવેન્દ્રસાગરજી મહારાજ મું૦ જાલોર (મારવાડ)" આ પ્રમાણે પાટીયું માર્યું છે. ખુબી એ છે કે આયુર્વેદિનો-પૂરો એકડો પણ નહિ જાણનાર એ યતિ જાલોરમાં આયુર્વેદિ ભૂષણ બનીને ફાર્મસીઓની દવાઓ મંગાવીને લોકોને ઠગે છે.

સાથે સાથે તે પોતાની પાસે રખડેલ છોકરાઓને રાખે છે. ભોળા દાવપેચમાં ન સમજનાર સાધુઓને છોકરાઓના હાથે પત્ર લખાવીને દીક્ષાને માટે લલચાવે છે અને જ્યારે શિષ્યાર્થી ગુરૂ તેમને દીક્ષા આપવા માટે તૈયાર થાય છે ત્યારે છોકરાઓની માર્ગખરચીને બહાને કંઈ રકમ મંગાવે છે અને પોતાના ધૂર્ત સહાયક આ યતિને સાથે લઈને તે સાધુની પાસે જાય છે, એ વખતે યતિ પોતે ખરેખર સાધુનો વેષ ભજવે છે. ઉન્હું પાણી પીએ છે, જયણા અને વિવેકની વાતો કરે છે, અને નિત્ય નિયમ માળા મંત્ર વગેરેનો આડંબર બતાવીને સાધુજી મહારાજ પર પોતાની છાપ પાડે છે. ત્યાં એ પોતાનું મૂળ નામ પ્રકટ કરતો નથી, પણ લક્ષ્મીવિજય અથવા એવું જ અન્ય કોઈ નામ ધારણ કરી લ્યે છે. પ્રસિદ્ધ પ્રસિદ્ધ સાધુઓ અને આચાર્યોને પોતે ઓળખે છે અને તે બધા પોતાને ઓળખે છે એમ કહીને તે આગલા માણસોને જાળમાં ફસાવે છે, અને છેવટે પોતાના મતલબની વાત કરતાં છોકરાઓનાં સંબંધમાં જણાવે છે કે "એ છોકરાઓ કુળવાન અને બહુજ ગુણી છે, પાટ દીપાવશે. એમને સંભાળજો અને દીક્ષાના અવસરે મને પણ ખબર આપશો. જેથી આવીને હું પણ કંઈક ખર્ચ કરૂં. એની માતાએ એ છોકરા મને સંભાળ માટે આપેલ છે. તે ગરીબ હોવાથી તેના ખર્ચનો બંદોબસ્ત કરવો એજ માત્ર જરૂરનું છે" એમ કહીને તે છોકરાઓની માતાના ભરણ-પોષણના ખર્ચ માટે ૫૦૦) થી ૭૦૦) રૂપીઆની માંગણી કરે છે અને હા, ના, થતાં છેવટે જે કાંઈ બસો, ચારસો નક્કી થાય તે પ્રથમ મોટા છોકરાના હાથમાં અપાવે છે અને તે પછી તે રકમ પોતે લઈ લીએ છે, અને છોકરાઓને ત્યાં મૂકીને પોતે ત્યાંથી ચાલી નીકળે છે અને કોઈ મોટા સ્ટેશને જઈને છોકરાઓની રાહ જોતો રહે છે. છોકરાઓ પણ સાંજે, બપોરે જ્યારે લાગ મળે ત્યારે ત્યાંથી નાશી જાય છે અને આગળ જઈને બધા મળી જાય છે.

ચાલુ સાલના ફાગણ માસમાંજ તે આવી જાતની ઠગબાજીથી ગુજરાતમાં એક સાધુને લલચાવીને બે છોકરાઓ આપી તેના બદલામાં રૂા. ૩૩૨) શ્રાવકોની પાસેથી લઈને ભાગી ગયેલ હતો, અને કેટલોક સમય આમતેમ રખડીને પાછો જાલોરમાં જઈને રહ્યો છે. જે બે છોકરાઓને તે જાલોરથી ગુજરાત લઈ આવ્યો હતો, તેઓનાં નામ સંપતરાય, રતનલાલ હતાં, પણ એ નામ એણે પોતે કલ્પી કાઢેલાં હતાં. એ પોતાની પાસેના છોકરાંઓના મૂળ નામો રાખતો નથી, પણ નવાં નામ આપે છે અને એકાદ ઠેકાણે ઠગાઇ કરીને તેમનાં નવા નામ પાડે છે.

દેવેન્દ્રસાગરે જે સંપતરાયના હાથે ગુજરાતમાંથી રૂા. ૩૩૨) મેળવ્યા, તે સંપતરાય ખરી રીતે ગામ **અગવરી** (મારવાડ) નો **ચુનીલાલ** છે. એના બાપ ભણુતમલ ઘણા વર્ષ થયાં ગુજરી ગયેલ છે, એની માતાએ બદચલનથી પોતાની પાસે જે બે પાંચ હજારની આજીવીકા હતી તે ગુમાવી દીધી અને છેવટે તેની નજર પોતાના છોકરાઓ ઉપર પડી. અનેક સાધુ સાધ્વી-ઓને પોતાના છોકરા વહોરાવાનો લોભ આપીને ઠગ્યા અને અંતે ચુનીલાલને અમદાવાદમાં અને બીજા છોટા છોકરાને પોતાનામાં સાધુઓને આપી લગભગ હજાર બારસોની રકમ મેળવી. અને એ બધું કર્યા પછી હાલમાં તે અમદાવાદમાં કોઇની સાથે પુનર્લગ્ન કરીને રહી છે.

સુનીલાલ લગભગ ચાર વર્ષ પૂર્વે અમદાવાદમાં દીક્ષા લઈને મહેન્દ્રવિજય નામનો બાળ સાધુ બન્યો અને ગયા ચોમા-સામાંજ ફલોદીથી સાધુપણામાંથી નાસીને જાલોરમાં દેવેન્દ્ર-સાગરના હાથે ચઢયો. દીક્ષા છોડયા પછી મગનલાલ બન્યો, અને યતિની પાસે જઈ તે મગનકુમાર, સંપતરાય, પાર્શ્વકુમાર વિગેરે જુદા જુદા નામોથી પ્રસિદ્ધ થયો.

ગયા જ્યેષ્ઠ શુદી ૧૩ ના દિવસે તે વિવિધ નામધારી ચુની-લાલે કોસીલાવ (મારવાડ) માં એક સાધુની પાસે દીક્ષા લીધી છે, અને **પુષ્પવિમલ** નામથી પ્રસિદ્ધ થયેલ છે. આ દીક્ષા સમયે તેણે પોતાને ગુડાબાલોતરા નિવાસી ભણુતકુંવરજીના પુત્ર પાર્શ્વકુમારના નામથી જાહેર કરેલ. પણ ખરી રીતે એ અગ-વરીનો છે. ગુડાબાલોતરામાં એનો મામો છે. શિષ્યલોભી સાધુઓની બલીહારી છે. કારણ કે આવા પતિત અને નાદાન માણસોને એમના સિવાય બીજો કોણ આશ્રય આપે? પણ આનું પરિણામ એમને આગળ જતાં માલમ પડશે!

નવાં નવાં નામો આપીને છોકરાંઓને વેચનાર યતિ દેવેન્દ્ર-સાગર જેવા ધૂર્તોથી અને તેનું હથિયાર બનનાર નાદાન છોક-રાઓથી જૈન સમાજ અને ખાસ કરીને શિષ્યાર્થી સાધુઓ ચેતીને રહે એ ઇચ્છાએ ઉપરની હકીકત જાહેર કરવાની જરૂર પડી છે.

છેવટે જાલોરના જૈન સંઘને સૂચના કરવાની કે આવા ધૂર્તોને પોતાના ઉપાશ્રયમાં સ્થાન આપીને તે પાપના પોષણમાં મદદગાર ન બને એ જરૂરનું છે. શાસનદેવ સર્વેને સદ્‌બુદ્ધિ આપો એજ ઇચ્છા.

અ.....વ.....ન.....વા.

પાટણ—(૧) આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીની વીસ દિવસની અહિંની સ્થિરતા દરમ્યાન જુદા જુદા વ્યાખ્યાનો આપ્યાં હતા. **"પાટણના જ્ઞાનભંડારોની વર્તમાન સ્થિતિ અને આપણું કર્તવ્ય"** એ વિષય ઉપર અસરકારક વિવેચન કરવાથી જ્યેષ્ઠ વદ ત્રીજના દિવસે કનાસાના પાડામાં એક ભાઇએ સોનાની કંઠી ઉતારી આપવાથી ત્યાંજ ફાળાની શરૂઆત થઇ હતી. સોના રૂપાના દાગીના, રોકડ ગીનીઓ, અને વચનો મળી અત્યાર સુધી બારથી તેર હજાર રૂપીઆનો સરવાળો થયો છે. (૨) કાકાના પાડાના વ્યાખ્યાન પ્રસંગે ભાવનગરના સંઘના ડેપ્યુટેશનમાંના એક ગૃહસ્થ ભાઇશ્રી વલ્લભદાસભાઇના જ્ઞાનમંદિર ઉપરના વિવેચનથી અને ભાઇ પુલચંદ હરીચંદ દોશીના અસરકારક વ્યાખ્યાનથી અને પોતે મીઠાઇનો ત્યાગ જ્ઞાનમંદિર ન થાય ત્યાં સુધી માટે કર્યાનું જાહેર કરી બીજાઓને પણ તે મુજબ ત્યાગ કરવા વિનંતિ કરતાં સેંકડો ભાઇ બહેનોએ જુદી જુદી ચીજોના ત્યાગ કર્યા હતા. (૩) મુંબઇમાં વસતા પાટણ નિવાસીઓમાં તેમજ પાટણમાં ફાળો કરવા મુંબઇની તેમજ સ્થાનિક એમ બે કમીટીઓ નીમવામાં આવી છે. બહેનો પણ સ્ત્રી વર્ગમાંથી ફાળો ઉઘરાવવા મહોલ્લે મહોલ્લે ફરીને સુંદર કાર્ય કરી રહી છે. બહેનોએ પણ પોતાની શરૂઆત કનાસાના પાડેથી કરી છે (૪) જેઠ વદ ૧૧ ના દિવસે આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ અત્રેથી વિહાર કરી ચાણસ્મા, મેસાણા થઇ પાલણપુર ચાતુર્માસ કરવા ગયા છે. (૫) જેઠ વદ ૧૧ ના દિવસે આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરિએ ડોસીવાડા બજારમાં "સાચું સુખ શામાં છે?" એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપ્યું હતું, સભ્ય ભાષાની જ્યાં ખામી હોય, જ્યાં જીભ અંગારાજ વર્ષાવતી હોય ત્યાં પૂછવુંજ શું?—આચાર્યશ્રીએ પ્રતિજ્ઞા કરી છે કે "અસાઢ સુદી ત્રીજ સુધીમાં છએ જ્ઞાતિઓમાં કન્યાની આપલે કરવામાં નહિ આવે તેમજ ગુરૂ મંદિર માટે ફાળો કરવામાં નહિ આવે તો ચાતુર્માસ કરીશ નહિ!" એમ સાંભળ્યું છે.

અમદાવાદ—જૈન પત્રમાં "અમદાવાદના અવનવા" મોકલનાર જૈન ભાઇને સોમવારે આશરે અગીયાર વાગાના સુમારે પાંજરાપોળના મકાનમાં કામ કરવા જતાં સોસાયટી ભક્તોએ પાંચપંદરના ટોળામાં ભેગા થઇને પુષ્કળ ચીઢો માર માર્યો છે, આ વાત કોર્ટે જાય એમ સંભળાય છે.

અવસાન—એક ખબરપત્રી લખી જણાવે છે કે શ્રી. શ્વેતાંબર સ્થાનકવાસી જૈન સંપ્રદાયના પુજ્ય મહારાજ શ્રી મંનાલાલજી મહારાજ બીલાવર ખાતે ગઇ તા. ૨૦-૬-૩૩ ના દીને અવસાન પામ્યા છે. તેઓશ્રી વયોવૃદ્ધ હતા અને તબીયત નાદુરસ્ત હોવા છતાં કેલ્લાં અજમેરમાં ભરાયેલાં સાધુ સંમેલનમાં પધાર્યા હતા અને બે પુજ્યો વચ્ચે જે ભેદભાવ હતો તેનું અજમેરમાં સમાધાન થઇ ગયું તેથી તેમને ઘણી શાન્તિ મળી હતી. પ્રભુ તેમના આત્માને પરમ શાન્તિ આપો.

બીછાનું છોડયું—૨૧ દિવસના ઉપવાસ પછી મહાત્મા ગાંધીજીએ તા. ૨૨-૬-૩૩ ના રોજ પહેલીજવાર પોતાના બીછાનાનો ત્યાગ કરી ધીમે ધીમે હોલમાં ગતે ફરવાનું શરૂ કર્યું છે.

પાટણના વર્તમાન સંબંધી ખુલાસો.

[તા. ૧૭-૬-૩૩ના 'પ્રબુદ્ધ જૈન'ના અંકમાં 'અવનવા' ના મથાળા નીચે 'પાટણ નિવાસી' તરફથી જે સમાચાર પ્રગટ થયા છે, તે સંબંધમાં શાહ કેશવલાલ મંગળચંદ નીચે પ્રમાણે ખુલાસા લખી મોકલે છે.]

૧. મુનિ મહારાજ શ્રી વિદ્યાવિજયજીને વિનંતિ કરવા માટે વડોદરા ગયેલા તે મારીજ પ્રેરણા અને સંમતિથી. છેવટનો નિર્ણય દેહગામ ગયા પછી આપવાનું કહેલું હોવાથી દેહગામ પધાર્યાના સમાચાર મળતાંજ ત્યાં જવાની તૈયારી ચાલતી હતી. એક બે ભાઇઓની અંગત અગવડના અંગે બે દિવસની ઢીલ પછી એક ડેપ્યુટેશન દેહગામ મોકલ્યું હતું. પરંતુ અઠ્ઠાવીસ વર્ષે દેહગામ આવેલા હોવાથી, ગામલોકના અતિ આગ્રહથી શ્રી વિદ્યાવિજયજીનું ચાતુર્માસ દેહગામમાંજ નિશ્ચિત થવાથી ડેપ્યુટેશન પરત પાટણ આવ્યું છે.

૨. "વિજયવલ્લભસૂરીશ્વરજીના સમુદાયમાં પચ્ચીસ પચ્ચીસની ઇન્દીપેનો વપરાય છે, અને તે એક બે નહિ પણ ચાર ચાર, પાંચ પાંચ, ગૃહસ્થો પાસે મંગાવાય છે." એ તદ્દન અસત્ય છે. એટલું સત્ય જરૂર છે કે ભાઇ પાટણ નિવાસીઓજ પોતાના શ્રીમંત બનેવીના દેવગત થયા પછી તેઓની વસ્તુઓ (પોતાની પાસે આવેલી તે) પૈકી એક કીંમતી ઇન્દીપેન એક વિદ્વાન અને સંશોધન કાર્ય કરનાર મુનિરાજને ઉપયોગી થઇ પડશે એમ ધારી આપેલી. અને બીજા એક શ્રીમંત ગૃહસ્થે સદરહુ મુનિરાજની સાથેજ સંશોધન કાર્ય કરનારને ઉપયોગી માની લાવી આપી હતી. આ સિવાય બીજા કોઇ પાસે આ મુનિરાજોએ મંગાવી નથી કે માંગણી પણ કરી નથી. તેમ તેઓની પાસે છે પણ નહિં. ભાઇ પાટણનિવાસીએ આપતાં પહેલાં વિચાર કરવાની જરૂર હતી. હવે પસ્તાવો કર્યે શું વળે?

૩. એક જૈન ખાનદાન વિધવા બહેનના ગર્ભપાતના સમાચારમાં તો અવધિજ કરી છે. આ આખીયે વસ્તુ તદ્દન અસત્ય છે. આ સમાચાર પ્રબુદ્ધમાં પ્રગટ થયા પછી પાટણમાં અનેક અટકળો અને અનુમાનો કરવામાં આવે છે, અને આથી કેટલીક ચારિત્રસંપન્ન વિધવા બહેનો ઉપર પણ કલંકો જાણ્યે અજાણ્યે લોકો તરફથી મૂકાઇ રહ્યા છે.

લી૦ કેશવલાલ મંગળચંદ.

શ્રી મુંબઇ માંગરોળ જૈન સભા.

સ્વ. ભગુભાઇ ફત્તેચંદ કારભારી સ્કોલરશિપ.

આ સભા તરફથી જૈન શ્વે. મૂર્તિપૂજક વિદ્યાર્થીઓ જેઓએ પ્રિવિયસની પરીક્ષા પાસ કરી હોય અને કમર્શિયલ કોલેજમાં અભ્યાસ કરવા માંગતા હોય તેઓમાં સર્વથી ઉંચે નંબરે પાસ થનાર વિદ્યાર્થીને સ્વ. ભગુભાઇ ફત્તેચંદ કારભારી સ્કોલરશિપ રૂા. એંસીની આપવાની છે. સ્કોલરશિપ લેવા ઇચ્છનાર ઉમેદવાર વિદ્યાર્થીઓએ પોતાની પ્રિવિયસની પરીક્ષાના માર્કસ સાથેની અરજીઓ સભાના સેક્રેટરી ઉપર (ઠે. ૫૬૬, પાયધુની મુંબઇ, ૩) તા૦ ૩૧-૭-૩૩ સુધીમાં મોકલી આપવી. લી.

મકનજી જે. મહેતા,
રમણિકલાલ કે. ઝવેરી,
માનદ્ મંત્રીઓ.

हिन्दी विभाग.

मन्दिर और पूंजीवाद.

[श्री भँवरलाल सींधी]

मन्दिर ! मन्दिर !! मन्दिर !!! शब्द का आदर कहाँ नहीं ? ये शब्द आज ही नहीं किन्तु सदासे भारतीय वायू-मण्डल को निनादित करते रहे हैं। सच पूछा जाय तो इस गौरव से यह स्वर्णमयी भारत भूमि सदा से परिप्लावित थी, जैन धर्म ने इस शब्द को सम्पूर्ण संसार में प्रतिध्वनित कर दिया था। मेघ की प्रबल गर्जना में क्या रहस्य है ? देव मन्दिर का अनोखा सामञ्जस्य। जलाशयों की उत्ताल वीचियों में क्या छिपा खजाना है ? प्रकृति देवी के मन-मन्दिर का अटूट प्रवाह। वृक्षों की सुरीली झुर, मुर में क्या संकेत है? प्रकृति के सुन्दर मन्दिर की वीणा ध्वनि। निर्बलों के करुणा क्रन्दन में किस की झलक है ? एक दुःखी हृदय-मन्दिर की प्रदीप्त वह्नि-शिखा की !

यदि तलस्पर्शी बुद्धि से देखा जाय तो यह अखिल विश्व ही एक विशाल मन्दिर है ! मनुष्य आत्मा भी मन्दिर है !! मन्दिर शब्द की परिभाषा कितनी विशाल, पवित्र और सुन्दर है. उसका आदर्श कितना उंचा है, यह तो विदित हो गया होगा। ऐसे पवित्र स्थान में सरल सुन्दरता का आभास, शान्ति का सुखद वातावरण, और विश्वप्रेम की विशद झांकी वाञ्छनीय है। वहां धनी और निर्धन का संघर्ष नहीं होना चाहिये, उँच और नीच का विचार निर्मूल है। ताम्बे और सोने का भूल्य वहां समान होना चाहिये। किन्तु शोक और लज्जाका विषय है कि आज उस पूंजीवादने जो वर्तमान संसार की एक मुख्य सृष्टि कही जाती है, हमारे पवित्र मन्दिरों तक की अपनी कालिमा से अछूता नहीं छोड़ा है।

आज यह बात लिखते हुए लेखनी कांपने लगती है कि उन मन्दिरोंमें जिनका हमने उपर वर्णन किया है और जो धार्मिक संस्थाएं है वहां भी पूंजीवादियों का दौरदौरा है। मैं यहां विशेष कर जैन श्वेताम्बर मन्दिरों के विषय में ही लिख रहा हूं। जो मन्दिरे चित्त की एकाग्रता साधनका उत्तम सोपान है वहां भी धनियों का ही वोलबाला है। समाजका प्रत्येक व्यक्ति तो इतना लब्ध ज्ञान और उच्च चारित्री होता नहीं है कि बिना किसी पात्र और आश्रय के ही चित्त की एकाग्रता कर सके, इस लिये मन्दिरों की स्थापना की गई थी। वहां मनुष्य बैठ कर चित्त की एकाग्रता लावें और संसार के अन्य बन्धन छोर इच्छाओं से विरक्त होने का अभ्यास करें।

आज भन्दिरों में पूंजीवादी लोग कैसे २ कार्य कर रहे है—यह विषय सबको कुछ न कुछ अंशमें विदित है। जिन स्थानोंमें राग और द्वेषका लेशमात्र भी नहीं होना चाहिये, वहीं इस पूंजीवाद के कारण राग द्वेष का अंकुर प्रस्फुटित होकर मानव-संसार में घोर संघर्ष का कारण बनता है। संसार के समस्त परिग्रह का त्याग करने वाले महा पुरुषों की मूर्ति के चारों और आज कितना परिग्रह दिखाई देता है ?

आज जैन मन्दिरों में बड़े २ तीर्थ स्थानों में प्रक्षाल और आरती की बोली बोली जाती है। इस प्रकार केवल धनी पुरुष ही सर्व प्रथम प्रक्षाल व आरती कर पाते है, गरीब लोग उस समदर्शी, पतित पावन, राग—द्वेष त्यागी, भगवान की सेवा कर अपनी इच्छा पूर्ण नहीं कर सकते। बड़े २ लखपति और करोडपति सेठों को 'आगे पधारो सा' इत्यादि शब्दों से आह्वान करते हैं—खड़े होकर स्वागत करते है, जब कि एक गरीब भाई को चाहे बैठने भर को जगह न मिले, कोई परवाह नहीं। उस समदर्शी और विश्व प्रेमी भगवान के सामने यह कलुषित अभिनय ! हाय ! न जाने कब तक होता रहेगा—न जाने यह राग द्वेष उत्पादक संघर्ष कब तक चलता रहेगा ? मैं नहीं समझ सकता कि यह बात हमारे जैन धर्म को क्या महत्व देती है ? अन्य लोग जब हमारे मन्दिरों की यह दशा देखते है, तो खूब खिल खिला कर हँसते है। पर खेद है कि हम तब भी अपनी दशा पर विचार नहीं करते। जब सारा शिक्षित समाज सम्मिलित वाणी से पुकार रहा है कि इस पूंजीवाद ने ही समाज और देश को रसातल में पहुंचा दिया है—महात्मा टालस्टाय ने अपने सरस और चित्ताकर्षक लेखों और पुस्तको में खूब समझा दिया है, कि यदि कोई समाज और देश पूर्ण और वास्तविक उन्नति चाहता है, यदि जातीय जीवन का, विश्व प्रेम का, और देश के समुचित उत्थान का सच्चा सर्वोत्कृष्ट और संतोष प्रद साधन चाहता है—तो वह पूंजीवादियों की सत्ता को जड से उखाड फेंक दे।

भगवान महावीर की संतानो ! विश्व प्रेमी वीर के पुत्र !! जैन धर्म के स्तम्भो !! क्या अब भी आपकी आंखें नहीं खुलेगी, क्या यही जैन धर्मका आदेश है ? यही विश्व प्रेम है ? प्यारे युवको और समाजके नौनिहालो ! यह विषय विचारणीय है—धर्म मार्ग में रोड़े अटकाने वाला है। पूंजीवादीयों की काली करतूतों के कारण धर्म का वास्तविक स्वरूप विलीन प्रायः हो रहा हैं। अब इन निन्दनी कार्यों की शीघ्र ही इति श्री कर देना चाहिये और इस अपवादको मिटा देना चाहिये कि जैन मन्दिरोंमें पूंजीवाद का साम्राज्य है।

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩ માં છાપ્યુ છે. અને ગોકલદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

સમાધાનીના સૂર.

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

તંત્રીઃ રતિલાલ ચીમનલાલ કોઠારી. | સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ
શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦
વર્ષ ૨ જું, અંક ૩૫ મો. | શનીવાર, તા૦ ૧-૭-૩૨.

સેવાના સંદેશ

તેના આગમનને પચ્ચીસો પચ્ચીસો વર્ષનાં વ્હાણાં વાયાં, તે આવ્યા, મહાશક્તિની છોળો ઉરાડતા, કાળજુના આર્યાવર્તને કાંઠે, ઘવાયેલી, અવળે પંથે વળેલી, ખિન્નહૃદયા માનવ જાતને સવળે રસ્તે વાળવા, તેને સાથ દેવા, આત્મ-ભાન કરાવવા તે આવ્યા. તેના પ્રેમના, અહિંસાના, સત્યના, સહનશીલતાના, મરદા-નગીના સંદેશ અનેરા હતા. આર્યાવર્તનાં માનવબાલોમાં નવચેતનના પૂર રેડતા હતા. તેના સેવાજીવનના ઉંચ આદેશ જગતને ડોલાવતા હતા.

આજે જીવન સંગ્રામમાં આપણને આજ શિક્ષણની જરૂર છે. કાર્યના, હિંમ-તના, મર્દાનગીના, પ્રેમના, અહિંસાના, મહાઆદેશો એજ પ્રભુની પ્રેરણા નથી? "ભાગતો માં; તારા જીવન સંગ્રામમાંથી ભાગતો માં, તારી ફરજમાં લીન થઇ રહેજે."

"ઓ! પિતા મહાવીરના પુત્ર! જીવન છાયામાં બેઠો રહે, જાતિની સેવા કર!"

"ઓ માનવ! તારી જાતને તું કંગાલ કલ્પતો માં. તું વીર્યહિન પ્રાણી નથી, તું અમૃત છે! તું દૈવી તેજ છે!"

આજે પિતા મહાવીરના પુત્રો તે સંદેશ દીનતાથી યાચે છે, વિખુટાયેલા, ગાડરીયા પ્રવાહમાં તે ખેંચાયા છે, તેમને સેવાને એક પંથે વાળવાની જરૂર છે. સ્વાર્થી એકાંતમાંથી ઢંઢોળવાની આવશ્યકતા છે. "ઉઠ! ઓ યુવાન! આંખ ઉઘાડ, અને જો તારી આસપાસ અજ્ઞાન અને વ્હેમના સામ્રાજ્ય સ્થપાયાં છે. યુવાન! ઉઠ અને જો કે તારા ફરતાં જુદાઇ અને પ્રેમ હીનતાના કોટ ચણાયા છે. અને તેમાંથી આત્મ નબળાઇના ઉઠતા સૂરો સાંભળ? પ્રવૃત્તિથી તું કેટલા વખત સુધી પછાત રહ્યો છે, અને વિચાર કે જ્યાં સુધી મંજા આળસ ખંખેરી ઉઠતી નથી, ત્યાં સુધી આગળ વધવાની આશા-સિદ્ધિ બહુ દૂર છે, અને તે કાજેજ તને કહું છું,

ઓ યુવાન! ઉઠ!

પુરિસા ! સચ્ચમેવ સમભિજાણાહિ ।
સચ્ચસ્સ આણાએ સે ઉવટ્ઠિએ મેહાવી મારં તરઇ ॥
(આચારાંગ સૂત્ર.)

પ્રબુદ્ધ જૈન.

શનીવાર, તા૦ ૧-૭-૩૩.

સમાધાનીના સૂર.

ભૂતકાળનાં ઇતિહાસ તરફ નજર કરશું તો ગુજરાતમાં જૈન સમાજ અગ્રસ્થાન ભોગવતું હતું. તેના અગ્રગણ્ય મહાત્માઓ અને શ્રાવકો દેશ અને સમાજના હિતમાં જ્યારે જ્યારે જરૂર જણાય ત્યારે સેવા કરવામાં પાછી પાની કરતા નહિ. પરંતુ જ્યારથી તે દિશા બદલાઇ અને સેવાને બદલે સ્વાર્થ-સાધના શરૂ થઇ ત્યારથી પડતીના પગરણ મંડાયા તેમ કહેવું વધારે પડતું નથી. વર્તમાન યુગમાં સામાજીક અને ધાર્મિક દૃષ્ટિએ આપણે સમાજની સ્થિતિનો વિચાર કરશું તો તેનું અધઃપતન થઇ રહ્યું છે, એટલે દિવસે દિવસે તેની નૌકા તોફાનમાં જ ધસડાતી જાય છે, તેમાંયે સમાજની પડતી જ ઇચ્છનારો, સમાજ માટે લેશ પણ દરકાર નહિ રાખનારો, અને રૂઢી અને ક્રિયાકાંડ પાછળ પાગલ બની જેમ આવે તેમ ઉપદેશ આપનારો વર્ગ જ્યારથી બહાર આવ્યો, ત્યારથી સમાજમાં વિરોધનો વંટોળ જોરથી ફુંકાઇ રહ્યો હતો. છતાં માતા પિતા, પત્નિ અને બાળબચ્ચાંને રડતાં, રઝળતાં રાખી તેમની રજા કે ભરણ પોષણના બંદોબસ્ત વિના લાયક કે નાલાયક જે આવ્યો તેને, તેમ સગીર બાળકોને નમાડીને, ખરીદીને-અયોગ્ય દીક્ષા આપવાની પ્રવૃત્તિને નિર્લજ રીતે કોઇ ખાનગીમાં ને કોઇ જાહેરમાં આદરી રહ્યા હતા અને તેને તેમના ગણ્યાગાંઠ્યા ભકતો પોષી રહ્યા હતા. આથી જૈન સમાજની જર્જરીત થઇ તોફાનમાં સપડાયેલી નૌકા ડુબું ડુબું થતી કોઇ નિડર, બાહોશ, ને સમાજને ધર્મ માટે ધગશ ધરાવતી સેવાભાવી માણસ (કપ્તાન) ની વાટ જોતી હતી. છતાં જૈન સમાજના કમભાગ્યે હજુ સુધી કોઇ સાચો સેવક બહાર આવ્યો નથી.

ભ્રષ્ટાચારીઓની પાપલીલાઓથી, અયોગ્ય દીક્ષાના અખાડાઓથી, ક્રિયાકાંડને રૂઢીમાં ધર્મના નામે થતી ઘેલછાથી સમાજની ખરી કમાણીના પૈસા અયોગ્ય દીશાએ વહી જતા હોવાથી પિતાં મહાવીરના હુકમને ઉંચો મૂકી, જેમ આવે તેમ આચરતા અને ઉપદેશતા સાધુ-સાધ્વીઓની વર્તણુકથી જૈન સમાજમાં વિરોધનો વંટોળીયો જોરથી ફુંકાયો અને તેની હવા શહેરોમાં; ગામડામાં અરે! ઘેર ઘેર પહોંચી વળી.

હવા, પાણી અને સુખસગવડનું ધામ હોવાથી આ વિરોધના વંટોળીયાએ ગુજરાતના ઘરે ઘરે જાગૃતિ આણી, એટલે યુવાનો સાચા રાહના પંથે ધપવા માંડયા એ વિરોધીઓથી એટલે અયોગ્ય દીક્ષાના હિમાયતીઓથી નં સહન થયું, તેથી કલેસ કંકાસના પેટારા રચાયા, સંઘો વચમાં પડ્યા, તેની અવગણના થઇ ત્યારે જેનું રાજ્ય સારાયે ગૂજરાતમાં પથરાયેલું છે, સુધારક રાજવી તરીકે જેની ખ્યાતી છે, તેવા નામદાર ગાયકવાડ સરકારના રાજ્યની ધારાસભાએ અયોગ્ય દિક્ષા અટકાયતનું અને યોગ્ય દીક્ષાને સંમતિ આપતું એક બીલ પસાર કર્યું, (જેને ફંધવા વિરોધીઓ તરફથી અનેક ષડયંત્રો ગોઠવાયેલા આ કથની ઘણી લાંબી છે, એટલે તેમાં ન ઉતરતાં મૂળ મુદ્દા ઉપર આવીયે) અને થોડા મહિનામાં હજુર શેરો થતાં કાયદા તરીકે બહાર પડશે, એમ નક્કી હોવાથી અયોગ્ય દીક્ષાના હિમાયતીઓએ દોડાદોડ આદરી અને ડાહ્યા ડમરા બની જઇ સમાધાનની હવા ફેલાવવાની શરૂઆત આદરી છે.

સમાધાન—

સમાધાન શ્રેષ્ઠ છે. એવો કોઇ જ પાષાણ હૃદયી હશે કે જે સમાધાન ન ઇચ્છે! સૌ ઇચ્છે. તેમાંજ સમાજની પ્રગતિ છે, તેમાંજ શોભા છે, પરંતુ એ સાચું સમાધાન હોવું જોઇએ. પ્રગતિના પંથે લઇ જનારૂં હોવું જોઇએ. બાકી વડોદરા રાજ્યના અયોગ્ય દિક્ષા એકટ સામે રમત રમવા અંગે આવી ચાલ ચલાતી હોય તો એ રમતના આગેવાનો સમજી લ્યે કે હવે એવી રમતો રમવાના દિવસો વહી ગયા છે. હવે તો નીખાલસ ભાવે સમાજ અને ધર્મની પ્રગતિને અંગે સાચી વીચારણાઓ શરૂ થાય, તોજ સાચું સમાધાન થશે.

હાલમાં સમાધાનની જે વાતો બહાર આવી છે—આવે છે, તેમાં કંઇક રમત જેવું લાગે છે એટલે તે અંગે વધુ વીચારણાની જરૂર લાગવાથી અમારા વિચારો રજુ કરીએ છીએ, એટલે કોઇ એવો નિર્ણય ન કરે કે અમે શાન્તિના ઉપાસકો નથી. અમે સમાજમાં નામની શાન્તિ નથી ઇચ્છતા. પરંતુ સાચી શાન્તિ ઇચ્છીએ—સાચી સુધારણા ઇચ્છીએ છીએ.

અયોગ્ય દિક્ષાનું મૂખ્ય ધામ 'ગુજરાત' એ સૌ સારી પેઠે જાણે છે, એ ગુજરાતમાં ગાયકવાડ સરકાર કાયદા ઘડે એ તેના હિમાયતિઓને ન પાલવે એ પણ સમજી શકાય તેવી વાત છે. આ કાયદો ધારાસભામાંથી પાસ થતાં તેના વિરોધીઓએ દોડાદોડી આદરી અને તેમનું મૂખ્ય પત્ર 'વીરશાસન' કહે છે તે પ્રમાણે અંધેરી મુકામે તેની મંત્રણા ચાલી અને સમાધાન કરવાના વધુ મજબુત પ્રયાસની જરૂરીઆત જણાઇ, અને સોસાયટીનાં અગ્રણીઓ ભાવનગર જઇ આચાર્ય વિજયનેમિસૂરિને વિનવણી કરી અને વિચારણા બાદ સાધુ સંમેલન ભરવાનો નિર્ણય થયો, ત્યારે ભાવનગર જૈન સંઘના મૂખ્ય આગેવાનો હાજર હતા એમ વીરશાસન કહે છે.

ભાવનગરથી એક ડેપ્યુટેશન (જેઓને કોઇએ નીમ્યા નહોતા) પાટણ બિરાજતા આચાર્ય વિજયવલ્લભસૂરિને મળ્યું, અને તેમણે પણ સંતોષ દેખાડયો.

આ સર્વ હકિકતો ઉપરથી એટલું સમજાય છે કે ચોમાસું ઉતરે ગુજરાતમાં કોઇ સ્થળે નેમિસૂરી સાધુ સંમેલન બોલાવશે, અને ચર્ચા થશે, અને નેમિસૂરી છેવટનો નિર્ણય આપશે, અને બંને પક્ષો કબુલ રાખશે. આ પણ ન સમજાય તેવી વાત છે, કારણ કે એક બાજુ સાધુ સંમેલનની વાતો થાય છે, અને બીજી બાજુ નેમિસૂરિની લવાદીની વાત થાય છે અને તે પણ કયા પ્રશ્નની લવાદી? એ પણ કશું નહિ! બધું એ બાંધે બચકે, છતાં તેને બહુ મહત્તા આપતાં પેપરો દીક્ષાનો પ્રશ્ન ગણુતા હોય એમ લાગે છે.

દિક્ષા જેવી પવિત્ર વસ્તુની આટલી વગોવણી કરાવી તેના સ્થાનને નીચે પાડનાર શ્રાવકો નથી, પણ સાધુઓ છે, કારણ

દીક્ષા આપવાનો તેમનો ધંધો છે, તેમાંએ જેઓ એ પદ્ધતિઓને ખુલ્લી રીતે આચરી રહ્યા છે તેઓ જૈન સમાજની નજરે ચડેલા છે અને જેઓ ખાનગીમાં આચરે છે તેઓ છુપું કરનારા છે તેથી જેમનાં નામો અંજાણ્યા છે તેમનો પત્તો નથી, કારણ કે તેમને વગોવણીથી સમાજમાં હલકા પડવું પાલવે તેમ નથી, અથવા નિડર નથી. બાકી તો બધાંએ એટલે સાધુ સમુદાયમાં પંચાણું ટકા અયોગ્ય દીક્ષાના હિમાયતી છે, કોઇ છુપાં કરે છે ને કોઇ બત્રીસીએ ચડીને કરે છે તેઓ દીક્ષાના સંબંધમાં નિર્ણય કરી શકે ?

તેઓ તો અયોગ્ય દિક્ષાના ઉપાસકોજ છે, એટલે તો અત્યારસુધી ચું ચાં કર્યા સિવાય ચાલવા દીધું. કોઇ આચાર્ય કે પન્યાસે અયોગ્ય દીક્ષા સામે વાંધો ઉઠાવ્યો છે? દીક્ષાના પ્રશ્નમાં બધાએ એક માળાના મણકા છે, એટલે દીક્ષાના પ્રશ્નનો ઉકેલ કરવાનો સાચો તોડ તે કહાડી શકવાનાજ નથી. તેમને અધિકાર નથી, છતાં વડોદરા ધારાસભાએ પસાર કરેલ ખરડો કાયદાનું સ્વરૂપ લે તે પહેલાં કોઇ જાતનો પાસો નાંખવાની આ રમત દેખાય છે, સાચા સમાધાનનો આ રસ્તો નથી, ખુદ આ. વિજયનેમીસૂરિ અયોગ્ય દીક્ષાના સંપૂર્ણ હિમાયતી છે, તો પછી તેઓ શું નિર્ણય આપશે તે સમજી શકાય તેવી વાત છે એટલે અમને તો "કોડી ધોઇને કાદવ કહાડવા જેવું" લાગે છે, બાકી સમાધાનનો સાચો રસ્તો આ છે, આપણા સમાજમાં જૈન સમાજના પ્રતિનિધિત્વવાળી કોઇ સંસ્થા હોય તો તે કોન્ફરન્સ છે, તે આગેવાની લ્યે અને દીક્ષા નિયમાવલીનો ખરડો તૈયાર કરી તેના ઉપર દરેક સાધુની સહીઓ લ્યે અને જે સ્થળે તેની વિરૂદ્ધ વર્તન કરવામાં આવે તેજ સ્થળનો સંઘ તે સાધુને પુછી શકે, છેવટે સંઘ બહાર પણ કરી શકે, આ પ્રમાણે થાય તોજ દીક્ષાના પ્રશ્નનો સાચો તોડ નીકળશે. બાકી સાધુ સંમેલન ઠરાવ કરશે કે કોઇએ અયોગ્ય દીક્ષા આપવી નહિં. એનો અર્થજ કશો નથી. વડોદરામાં મળેલ સાધુ સંમેલને ઠરાવો કર્યા હતા, આજે તે કરનારાઓ છડેચોક તેનો ધિક્કાર કરી તેની વિરૂદ્ધનું વર્તન ચલાવે છે, તેને કોણ પૂછનાર છે ? તે તો એકજ સમુદાયનું સંમેલન હતું છતાં કશુંયે ન ચાલ્યું. તો આતો તમામ સમુદાય ભેગા થવાની વાતો ચાલે છે. એમનામાં કેટલો સંપ છે, સમાજની કેટલી ધગશ છે, એ સમાજથી હવે લગારે અજાણ્યું નથી, અને સમાજ પ્રગતિના પ્રશ્નોનો તોડ સમાજ કહાડી શકશે, એટલે દીક્ષાની નિયમાવલીમાં સાધુની સહીઓ થયા બાદ સમાજ પ્રગતિ અંગે સમાજે નિર્ણયો કરવાની જરૂર છે. સાધુ સંસ્થામાં જે સડો પેઠો છે તે સાફ કરવાનું કામ તેમનું છે, એટલે તે પ્રસંગે એકઠા થઇ વિચારણા અને યોગ્ય તપાસો કરી તેને લગતા ઠરાવો કરે સંઘ સત્તા સ્વિકારે, તે તેમના ઠરાવો અમલમાં મુકાશે, અને તેની વિરૂદ્ધ વર્તનારને સંઘ પૂછી શકશે આમાં લવાદી કે ફેંસલાનો કયાં સંભવ છે ? આથીજ અમે પ્રમાણીકપણે જણાવીએ છીએ કે સમાધાનનો સાચો રસ્તો આદરો અને રમત છોડો.

તા. ૨૩ જુન ૧૯૩૩ નું વીરશાસન લખે છે કે પૂ. આચાર્ય વિજયનેમીસૂરીશ્વરજી જે શાસ્ત્રીય પ્રશ્નોના નિવેડા લાવે તે કબુલ કરવાની કબુલાતો મળી છે. બંન્ને પ્રશ્નમાં એકજ મુદ્દો નીકળે છે કે " શાસ્ત્રીય પ્રશ્નોના નિવેડા લાવે તે સ્વીકારવાની બંન્ને પક્ષ તરફથી કબુલાત મળી છે."

આ વાંચીને અમે અજાયબ થઇએ છીએ કે બંન્ને પક્ષ તરફથી કબુલાત આપવાનું કહેવામાં આવે છે તે વાતજ પાયા વગરની છે. કારણ કે જે પ્રશ્નોનો વાંધો છે, જેના અંગે સમાજમાં ખળભળાટ છે, તે પ્રશ્નો અંગે એક બાજુ ફઈ-ચુસ્તો છે, બીજી બાજુ સુધારકો ને કોન્ફરન્સ છે, ત્યારે અત્યાર સુધી જે હકીકતો બહાર આવી છે તે ઉપરથી દીવા જેવું સમજાય છે કે—

કોન્ફરન્સ કે સુધારકો તરફથી કોઇ જાતની કબુલાતો આપવામાં આવી નથી, તેમ આમાં તેમનો સાથ હોય તે પણ જણાયું નથી. છતાં વીરશાસનને આવો ગપગોળો ઉડાડવાનું શું પ્રયોજન હશે તે સમજાતું નથી, છતાં તે અંધારામાં હોય તો તેને સાફ સાફ કહેવાની જરૂર લાગે છે કે સુધારકોએ કોઇ જાતની લેખીત કે મોઢાની કબુલાત આપી નથી, તેમ તેની લગામ કોઇ સાધુ કે શ્રાવકના હાથમાં સોંપાઇ નથી અને કોઇ તેમ માની લેવાને તૈયાર હોય તો તે ભ્રમણા છે. સુધારકોના બંધારણીય મંડળો—સંઘો અને સંસ્થાઓ છે, અને જ્યાંસુધી એની કાર્યવાહી કમીટીઓના નિર્ણયો બહાર ન આવે ત્યાંસુધી વીરશાસન ગમે તેમ લખે તો કોઇ ભોળવાતા નહિં, અમે ફરીથી જાહેર કરીએ છીએ કે અમારી સંસ્થાઓ એની બુદ્ધિથી સ્વતંત્ર વિચાર કરી શકે છે એટલે એ કોઇની મોરલીએ નાચતી સંસ્થા નથી, તેમ તેને કોઈ જાતની કબુલાત તો શું ! પણ સમાધાનની જે વાતો બહાર આવી છે તેની સાથે હજુ સુધી તેને કશો સંબંધ સરખોએ હોય એ પણ અમે માનતા નથી. એટલે યુવાનો આવા જુઠાણાથી લગારે ભોળવાય નહિ અને જાગતાજ રહે.

આપખુદી સત્તા.

અમદાવાદ માંડવીની પોળમાં કાકાબળીયાની પોળ આવેલી છે તેમાં જૈન દહેરાસર તથા ઉપાશ્રય આવેલાં છે. પોળમાં જૈનોનાં ૧૨-૧૩ ઘર છે એટલે દરેક વહીવટદાર બની જવા મથવા લાગ્યા, અને આપખુદી સત્તા ચલાવવા લાગ્યા. થોડા દિવસ ઉપર મુનિશ્રી નીતિવિજયજીના સંઘાડાના અમુક સાધ્વીઓ આ પોળના ઉપાશ્રયમાં ઉતરવા આવેલા, પરંતુ કહેવાતા નવા વહીવટદાર મોહનલાલ સાંકળચંદે ઉપાશ્રય ઉઘાડી આપ્યો નહિં. તેથી આવેલા સાધ્વીઓ લગભગ અડધો કલાક સુધી ઉભા રહ્યા પણ દહેરાને ઉતરવાની જગ્યા આપી નહિં.

થોડા વખત ઉપર એક ગૃહસ્થના બીજના ફરમાન મુજબ વરસગાંઠને દિવસે પૂજા હતી તે વખતે આ વહીવટદાર પણ પૂજામાં ન્હોતા હાજર રહ્યા. કોણ જાણે તેમને શું અડચણ આવી હશે ! તે ઉપરાંત દહેરાસરના ઘુંમટના અંગે લગભગ સાતસોથી આઠસો રૂપીઆનું નુકશાન પણ કર્યું છે.

જો કે તે ભાઇને હજુ ખબર નથી કે ખરો વહીવટદાર કોણ છે અને સરકારી રેકર્ડમાં કોનું નામ છે. ફક્ત આ વાત જૈનોની જાણ માટેજ પ્રસિદ્ધ કરવામાં આવી છે કે આવા વહીવટદારો કેવો વહીવટ ચલાવે છે.

સુદાશેઠની પોળવાળા ગૃહસ્થોને ધન્યવાદ આપીએ છીએ કે તેઓને ખબર પડતાં તુરતજ તેજ પોળના ઉપાશ્રયમાં ઉતરવાની સગવડ કરી આપી છે.

બાલાભાઈ અમૃતલાલ.

ધર્મને નામે !!

જગતમાં ચારે દિશાએ પરિભ્રમણ કરતાં મનુષ્યને એક જાતની અદ્‌ભૂત શક્તિ પ્રાપ્ત થાય છે કે તેનું વર્ણન કરવું અશક્યજ છે. તેવી રીતે પરિભ્રમણ કરતાં મનુષ્યને અનેરો આનંદ, સુખ તેમજ શાન્તિ મળે છે, અને જગત્ આજે એવા મનુષ્યની ઝંખના કરે છે. અફસોસની વાત તો એ છે કે અત્યારે સૌ પોત પોતાના જીવનની સંચારદોરી પાછળ લાગવાથી તે વસ્તુનું વિસ્મરણ થયેલું છે, અને સમાજ તેમજ ધર્મને હાનિકારક નીવડે છે, એ ભૂલવાની જરૂર નથી. આપણા સામાજીક વ્યવહાર વર્તન તપાસો, ધાર્મિક સંસ્થાઓ, દેવળો તપાસો તો નર્યો દંભજ નજરે આવશે. અને તેમાં આવા મનુષ્યનોજ અભાવ હોય છે.

આજે આપણે દેવમંદિરો તપાસો ત્યાં નર્યા આડંબરી, ક્રિયાધારીનાં ટોળાં સિવાય બીજું શું છે? નવ અંગે પૂજા કરવાના ભાવો એમનામાં ક્યાં દેખા દે છે? જ્યારે પૂજા કરવા અને પરમેશ્વરની ભક્તિ કરવા દેવમંદિરમાં આવે ત્યારે પણ તેમની સંસારની મનોવાંછના નથી છૂટતી, અને આંગળીના ટેરવાં પરમેશ્વર સન્મુખ રાખી, તેમના વિચારો તથા આંતરિક મનોદશા માયાવી જગામાં ગુંથાએલા હોય ત્યારે શું એ નવઅંગે પૂજાનું ફળ મળી શકે?

વળી ચૈત્યવંદન કરતી વખતે તો જાણે પરમેશ્વર કાને સાંભળતા ન હોય તેમ બરાડા પાડયા સિવાય તો જાણે ચૈત્યવંદન થઇજ ના શકે? ફકત મારો સુર સારો કેમ ગણાય? યાતો સમાજ મને ધર્મનિષ્ઠ કેમ ગણે? એ આશય સિવાય બીજો કાંઇજ અર્થ જણાતો નથી. પરંતુ એજ ચૈત્યવંદન મનનપૂર્વક હૃદયના ઉમળકા સાથે કરવામાં આવે તો દેવમંદિરમાં પણ વાતાવરણ ધમાલીયું ન બને.

ઘણા એમ પણ કહેનારા મળી આવે છે કે "કેમ ભાઇ પૂજા કરવા નથી જતાં? શું પરમેશ્વર સાંધી રાખે છે?" જ્યારે આવા શબ્દો સાંભળવામાં આવે છે ત્યારે તેઓની અજ્ઞાનતા પર હસવું આવે છે. એ કહેનાર વ્યકિત કદાચ પૂજા કરવા દેવમંદિરમાં પધરતી હશે પરંતુ તે લોકલાગણીને વશ થઇનેજ. તેઓ પૂજા કરવાનો નિયમ લોકલજ્જાએ કદાચ સાંધે પરંતુ આગળ જતાં એમનો નિયમ એવુંસ્વરૂપ પકડે છે કે તે એક વેઠરૂપજ લાગે.

આ વાત તો જાણે પુરૂષ વર્ગની થઇ. પરંતુ સ્ત્રી વર્ગની સ્થિતિ તો વિચિત્રજ છે. ચોખા કે બદામ મુકવાજ જોઇએ. નહિ તો પરમેશ્વર રાજી ન રહે. આવી તો માન્યતા છે. અને એ માન્યતા કદાચ માની લઇએ કે અગાઉ સત્ય હશે; પરંતુ આજની સ્થિતિએ, તો **લો દેવ ચોખા ને મૂકો મારો કેડો!** એવુજ ધમાલીયું વાતાવરણ નજરે આવ્યા સિવાય નહિ રહે. એટલે તેમાં પણ દંભ સિવાય બીજું કાંઇજ જણાતું હોય તેમ લાગતું નથી.

એ સિવાય દેવમંદિરોમાં રાખેલા પૂજારીઓની વાત જણાવું તો જૈન સમાજ ચોંકી ઉઠે! ઘણા ઠેકાણે તો દેવમંદિરો માં પાણી ભરેલાં હશે. અથવા ઘણે ઠેકાણે તો મૂર્તિની પૂજા, પ્રક્ષાલન થાય છે કે કેમ તેની પણ પરવા હોતી નથી. અને જતે દિવસે એ પૂજારીઓ દેવમંદિરો ઉપર સત્તા જમાવી માલીક

લેખક:
ભોગીલાલ પેથાપુરી.

થઇ પડે છે. એનો તાજેતર દાખલો **કેસરીયાજી તીર્થ** અદ્‌લનો છે. આજે એ પવિત્ર તીર્થ પંડયાઓએ પોતાની હકુમત નીચે લઇ પોતાનો વાવટો ફરકાવ્યો છે, અને આપણી સમાજ 'ધરમ, ધરમ,' કરતી નીરાંતે ઉંઘે છે. સમાજ સૂત્રધારો તેનો વહીવટ કરે, પરંતુ પોતાની વ્યવહાર નીતિ આગળ એ સંસ્થા સંભાળવાની કેટલે પડી હોય? અને આજે એ તીર્થ ગુમાવ્યું એનું પૂણ્ય એ સૂત્રધારોના શિરે રહે છે, તેવું કોણ કબુલ ન કરે? ખરૂં જોતાં એદરકારીના પરિણામેજ આ સ્થિતિ થવા પામી છે. જ્યારે સમાજના સૂત્રધારો પર સમાજ વિશ્વાસ મુકી તે કાર્ય સોંપે, પરંતુ તેમાં શિથિલતા પોષી ને ફરજ અદા કેવી રીતે કરવી તેની તેઓને પડી હોતી નથી. અને એથીજ પરિણામ આવું દુઃખજનક આવે છે.

વળી સાધુમહારાજોના નિવાસ સ્થાન તપાસો. ઘણાક એના ઉપાશ્રયો મળી આવશે કે તેમાંથી સંસાર વ્યવહારની સંચા દોરી ખેંચાઇ રહી હોય! જે જગ્યા ધર્મ ધ્યાન કરવાની છે, અને જે જગ્યામાં પ્રવેશ કરવાથી મનની ભાવના શુદ્ધ થવી જોઇએ, તે બદલે તે ઠેકાણે આજે જવાથી ઇર્ષ્યાની આગ જલે છે; કલુષિત ઉપદેશ દ્વારાએ વાતાવરણ મલીન થયેલું હોય છે, અને આત્મ કલ્યાણની ભાવના બદલાતી ચાલી વધુને વધુ કાળાશ તરફ ઘસડાય છે. આ દરેક ઉપસ્થિત થવાના કારણો એ ભવ્ય મકાનોમાં વસતા ચારિત્રવાન ગણાતા સાધુઓ પર છે. તેમને સુખ શાન્તિ માટે નિશ્ચિંત સ્થાન આપ્યું, જોઇતી સામગ્રી અને સાધનો પુરા પાડયાં; એથી એ આરામારામી બન્યા, બરી વસ્તુ ભૂલ્યા, માયામાં લપટાઇ આદર્શને ગુમાવ્યો; અને અવળી દિશાએ વળી જનતાને તે માર્ગે દોરવા ઉપદેશ આપવા લાગ્યાં. તેમની અજ્ઞાનતામાં સંપડતા ભકતો 'જી, હા,' 'જી, હા,' કરી, તેમના પર વિશ્વાસ મુકી, તેમને પરમેશ્વર માની, તેમનાં ચરણોમાં મા, બ્હેન, બેટી સહિત–શિર ઝુકાવવા લાગ્યા. એથી એ વધુને વધુ અનાચારો સેવતા થયા; સઘને હાડકાનો માળો ગણવા લાગ્યા–સંઘ સત્તાને ઠોકર મારી; અમુક જગ્યા–ગચ્છાઓ સાધી, એઓથી ગલીચ વાતાવરણ પ્રસરાવી જેને સત્ય ધર્મ કહેવામાં આવે છે તેના પર ઢાંક પીછોડો કરવા લાગ્યા. આ સઘળાનું પરિણામ આજે કેવું સમાજ અનુભવી રહ્યો છે એ જનતા સારી રીતે જાણે છે.

મારૂં એમ પણ કહેવું નથી કે આ દરેક અસત્ય થાય છે. પરંતુ આજે ઘણે ભાગે આવા લેભાગુઓની નીતિને સ્થાન આપવાથી સાચા મહાત્માઓ પણ તેમની સાથે સંડોવાય છે. સમાજ તો તોલવાના કાંટા માફક માપ કાઢી શકે છે. પરંતુ દરેક વ્યકિત સરખી નહિ હોવાથી આવા લેભાગુના ફંદામાં ફસી પડે છે. એવાઓની જાણ માટેજ આ સત્યવસ્તુ પ્રકાશમાં લાવવાની જરૂર રહે છે.

અત્રે એ વાત યાદ રાખવાની જરૂર છે કે જેટલા આવા લેભાગુ સાધુઓ સમાજને નુકશાન કર્તા છે, એટલાજ બલ્કે એથી વધુ એમના અંધ ભકતો કે જેઓ મોં માંગી વસ્તુઓ પુરી પાડી, તેમના પર શ્રદ્ધા રાખી, ધન સંચય પાણીના રેલે ખચે છે. આ બન્નેની એક સરખી કલુષિત વૃત્તિ. દાંભિક

આપણા તીર્થો.

ફીરચંદભાઇ શીવલાલ કોઠારી.

જગતમાં તીર્થો પણ ધર્મ પામવાનું મહાન નિમિત્ત કારણ છે, એમ જે શાસ્ત્રોમાં ઉલ્લેખ આવે છે તે યથા તથ્યજ છે; અને તેમાં જરાયે શંકાને સ્થાન નથી. જે ધન કુબેરોએ કેવળ ધર્મ ભાવનાથી પોતાની અઢળક સંપત્તિ નિર્જન વેગનમાં, પહાડોની ટોચ ઉપર કે ખીણોમાં તેમજ વળી વૈભવશાળી મહાન શહેરોમાં ગગનચુંબિત ભવ્ય દેવાલયો બાંધવામાં ખર્ચી છે, તેમણે પોતે ધર્મને આરાધ્યો, એટલુંજ નહિં પરંતુ ભાવિ પ્રજાને માટે અણમુલો વારસો પણ મુકતા ગયા છે. જે સમયે એ ધર્મ પ્રિય ભાઇઓએ દેવાલયો બાંધવામાં આટલા નાણાનો ખર્ચ કર્યો હશે, તે સમયે સાથે સાથે દેવાલયોના રક્ષણ અને વ્યવસ્થા અને સમારકામ માટે કેટલી અને કેવી ભવ્ય વ્યવસ્થા કરી હશે તેની કલ્પના પણ આવવી મુશ્કેલ છે. આપણા પ્રાચીન તીર્થોમાં જેવી ચમત્કૃતિ અને ભવ્યતા તે સમયમાં હતી તેવીજ ચમત્કૃતિ અને ભવ્યતા આજે પણ છે. યાત્રા નિમિતે આવતા શ્રદ્ધાળુ ભકતો, કળાના રસિક કળાકારો, ધન સંપત્તિ ધરાવનાર ધનિકો, અરે કેવળ નાસ્તિક ગણાતા એવા નાસ્તિકો પણ આ ભવ્ય દેવાલયો જોતાંજ, બે ઘડી સંસારની અનેક જાતની અટપટ ભૂલી જઇ ઇશ્વરની સમીપ પોતાની જાતને મુકી, સ્વર્ગ સુખની લ્હેર-માં પડે એ નિર્વિવાદ છે. છતાં પણ કાળે પોતાનો લોખંડી પંજો આ તીર્થો ઉપર લગાવ્યો છે. જેમ જેમ કાળ બદલાતો ગયો, જડવાદના સંસર્ગથી, કેવળ બુદ્ધિવાદના પ્રયોગોથી માણસમાં શ્રદ્ધા, કળા, દાન, ભકિત અને ભાવના ઘટતા ગયા, તેમ તેમ આ દેવાલયો તરફથી પોતાની અંતર ભાવના દૂર થવા લાગી; દેવાલયના ટ્રસ્ટીઓ પણ આ કારમા પંજામાં ફસાયા; જૈન ધર્મનો ઝંડો ફરકાવનાર એવા મહાન પુરૂષો તીર્થોની રક્ષા અને ભવ્યતા સાચવી રાખવાના મતના હોવા છતાં પણ માન પ્રકૃતિને કારણે જુના ભવ્ય તીર્થો તરફ આજે બેદરકાર જણાય છે. જે પૂર્વાચાર્યોના ઉપદેશથી ધર્મપ્રિય જનોએ આટલી આટલી સંપત્તિ નાખીને પોતાની સાથે જગતના ઉપકારને ખાતર જે દેવાલયો બંધાવ્યા છે, જેના પવિત્ર વાતાવરણો આટલા કાળ ગયા છતાં પણ જેમને તેમ ઉભાજ છે. તેને માત્ર આપણી આળસને કારણે અવ્યવસ્થાને કારણે, અપવિત્ર બનાવીએ છીએ. આપણને સૌને એ શરમાવનારૂં છે. આજે તીર્થોની સ્થિતિ ખંડીયેર જેવી બની ગઇ છે, પૂરતા પ્રમાણમાં ચોકખાઇ પણ જળવાતી નથી, અરે કેટલેક ઠેકાણે તો પંખીઓ પોતાના માળા કરીને રહેલ છે, ચરકના ઢગલા થાય છે. ધૂપ, દીપ કે પૂજા પૂરતા પ્રમાણમાં કે વ્યવસ્થિત રીતે થતા હશે કે કેમ તેની પણ મ્હને શંકા છે; અત્યાર સુધીમાં જે તીર્થોના દર્શનનો મ્હને મ્હારા પૂર્વ કર્મના પુણ્યને લઇને લાભ મળ્યો છે, ત્યાં મ્હેં કાર્યવાહકોની આળસ, અવિવેકી સ્વભાવવાળા, યાત્રુઓ પાસેથી કેવળ નાણાનીજ વાંચ્છા કરતા નાના નોકરીયાતો, અજાણ્યા કે મધ્યમ કે ગરીબ યાત્રુ તરફની અવિવેકતાએ તો હદ વાળી છે, જે યાત્રુઓ મહામહેનતે દૂર દૂર અજાણ્યા પ્રદેશમાં યાત્રાએ જાય ત્યાં તેઓને માટે પેઢીઓ તરફથી જે સુંદર અને ભાવભીની વ્યવસ્થા થવી જોઇએ તેને બદલે યાત્રુઓને ફરી પાછી યાત્રા કરવાની ભાવનાજ ન થાય એવા વર્તનો મેં અનુભવ્યા છે; પેઢીના માણસો કેવળ પેઢીનું દફ્તરી કામ કરી અગર જાણીતા શ્રીમંતો તરફ પોતાની ખુશામતખોરી બતાવી પેઢી તરફની નીમકહલાલીનું ચિત્ર આલેખી પોતાની બાહોશી બતાવી તીર્થો તરફની પોતાની લાગણી વ્યકત કરતા જણાય છે. જે સ્થિતિ આજે મંદિરોની થઇ રહી છે, તે જોતાં હરકોઇ માણસને એમ થઇજ આવે કે જમાનો જે નાસ્તિકવાદ તરફ ઢળતો જાય છે, તે કંઇક અંશે બરાબર છે. પ્રાચિન તીર્થોએ જે આકર્ષણ અન્ય દર્શનીઓનું કર્યું છે અને દરેકને મુખે જૈન ધર્મની વિશાળતાના અને ભવ્યતાના વખાણો કરાવ્યા છે તેજ સમયના આજના તીર્થો આજે પોતાનાજ ભકતોને આકરા થઇ પડયા છે. આનું કારણ શું હશે? તે વિષે સંપૂર્ણપણે વિચાર કરવાની નથી પડી સાધુઓને કે નથી પડી શ્રીમંતોને કે નથી પડી પેઢીના ટ્રસ્ટીઓને! સૌ કોઇ પોતપોતાની ગુંથણીમાં પડયા છે.

એક બાજુ પ્રાચીન તીર્થોના સમારકામ માટે વિનંતિપત્રો લખાય છે, પ્રાચીન તીર્થોનીભવ્યતાના આડંબર ભર્યા લેખો લખાય છે, લોકોને એટલે દૂર યાત્રા કરવા માટે આકર્ષવા તેની મહત્તાના ભારે ગુણોના લખાણો અને ભાષણો થાય છે, ત્યારે બીજી બાજુ એ તીર્થો એટલા તીર્થો આગળ રહી શકયા છે કે નહિ, યાત્રાએ આવનાર યાત્રિકને પુરતી સામગ્રી મળે છે કે કેમ તેની પરવા કરનાર પણ કોઇ નથી.

જે સ્થિતિ મંદીરોની થઇ રહી છે તેથી ઘણી વધારે બરાબર સ્થિતિ ધર્મશાળાઓની છે. ધર્મશાળા એ નામજ કેટલું પવિત્ર છે કે માણસો તેનો આશ્રય લે કે તેનામાં ધર્મની ભાવનાજ પ્રેરાય! તેને બદલે આજે એ શ્રીમંતોનું આરોગ્ય ભૂવન બનેલ છે, ત્યાં નથી શૌચાદિ ધર્મનું પાલન થતું, ત્યાં નથી ભક્ષ્યાભક્ષ્યનું પાલન થતું, ત્યાં નથી સામાન્ય ધર્મ અજ્ઞાનું પાલન થતું. આ બધી સ્થિતિ મ્હેં નજરે જોઇ છે. મ્હને ઘણુંએ સાંભળાવવાનું મન થાય, પણ મ્હારા જેવા અલ્પજ્ઞ નહાના માણસનું કોણ સાંભળે? જ્યાં મોટા મોટા લક્ષ્મીનંદનો પડયા હોય, જ્યાં પેઢીના હોદ્દેદારો આગળ ખુશામતીઆ વર્ગનો આપી પોતાની વફાદારી બતાવી પોતાનું સ્થિતિસ્થાપકપણું જાળવી રાખતા હોય, ત્યાં પછી નહાની નહાની ફરીયાદો કોણ સાંભળે! ટુંકામાં કેટલેક ઠેકાણે એટલી ખબરદારી રખાય છે કે રખેને કોઇ સ્થાનકવાસી ભાઇ અગર કોઇ અન્ય દર્શની ભાઇ ધર્મશાળાનો આશરો લઇ પ્રભુના દર્શન ન કરી જાય! આ વસ્તુ જ્યારે મ્હેં અનુભવી ત્યારે મ્હને અફસોસનો પાર ન રહ્યો કે કાર્યકર્તાઓ આટલીએ સામાન્ય બુદ્ધિ ન વાપરે કે જે ભાઇઓ પોતાના મંતવ્યને બાજુએ મુકીને મૂર્તિપૂજા તરફ પોતાનો ભાવ પ્રગટ કરે તેને

આચારવિચાર એ ઉપદેશ દ્વારાએ વપરાતી વાણીથી સમાજ આ સ્થિતિએ પહોંચ્યો છે.

હવે આવી રીતની પરિસ્થિતિમાંથી સમાજને ઉગારવા માટે એ ચાર સુધારકો કે પેપરોનું કામ નથી. તેના માટે તો **આજનો નવલોહીઓ પ્રત્યેક યુવાન મોરચા માંડવા તૈયાર થાય,** તેઓના દંભ, અજ્ઞાનતા અને અંધશ્રદ્ધાના પડદા ચીરી સમાજને સવેળા જાગ્રત કરવાનું બીડું ઝડપે તો આજે સમાજમાં જે કોલાહલ છે, જે મતભેદો અને સમાજ વિઘાતક પ્રવૃત્તિઓ ચાલે છે, તે બંધ થઇ સમાજમાં શાન્તિ સ્થપાય અને સાથે સાથે સાધુસંસ્થા પણ ઉન્નત થતી ચાલે.....

પદ્માની પ્રતિજ્ઞા.

(સામાજીક નવલિકા)

લેખક,
શ્રી પદ્મકુમાર.

પ્રકરણ ૨ જું. (ચાલુ)

પાનાચંદ—મારો વિચાર પણ હતોજ, છતાં વાત હાલ તો વાંધામાં પડી છે!

હીરાચંદ શેઠ—ત્યારે પેલા ધરમચંદની વાત ખરી લાગે છે! જો જો જુવાન બાઇના ભરૂંસે રહેતા! (નજીકમાં આવી) મેં તો પુનરલગ્નનું સાંભળ્યું છે! પેલા નાસ્તિકોના મંડળમાં કાગળ પણ ગયો છે!

'મિત્ર, શેઠની વાત સોટચના સોના જેવી સમજવી. આંખ દબાઇ ને કંઇ થયું નહિં તો જાણજો કે બધા પર પાણી ફર્યું. વારૂ પેલા જીવદયાના ફંડ માટે અને આંબાવાડીયાના દેવળના જીર્ણોદ્ધાર માટે શો વિચાર કર્યો? ચોમાસાના પારણામાં પણ ઘટાડો તો છેજ.' લાલચંદશાએ તો સવાલોની હારમાળા રચી નાંખી.

પાનાચંદ—એ સંબંધમાં કાલે છેવટનો નિર્ણય થઇ જશે. આજે મારૂં મગજ કામ નથી કરી શકતું.

'વારૂ ત્યારે કાલે,' એમ કહી ત્રિપુટી ઘર બહાર નીકળી બેરાં સમુહ પણ વિખરાયો ત્યાં તો જ્ઞાનચંદ્ર ને શરતચંદ્રરૂપ મિત્ર યુગલના પગલાં થયાં. પદ્મા પણ પાસે આવી, પાનાચંદ શેઠના અંગપર દવા ચોળવા લાગી.

જ્ઞાનચંદ્રને શેઠે ટુંકમાં બધી વાત સમજાવી અભિપ્રાય માંગ્યો. શરતચંદ્ર સાથે વાત કરી જ્ઞાનચંદ્રે જણાવ્યું કે—

મુરબ્બી, તમો કહો છો તે રીતે ટ્રસ્ટીની જરૂર તો ખરી પણ પદ્મા બ્હેન, શિક્ષિત હોઇ, હિસાબ કિતાબ સારી રીતે રાખી શકે તેવાં છે વળી નજીકના કોઇ એવા પીતરાઇ નથી કે જેનો હકક ચાલી શકે, તેથી અમોને ટ્રસ્ટીની જરૂર જણાતી નથી. પાનાચંદશેઠના ચહેરાપર આ સાંભળતાં કરચલી પડી.

દરેક પ્રકારની સગવડ અને વ્યવસ્થા કરી આપી તેની શ્રદ્ધા અચળ રહે એવો પ્રબંધ કરવો જોઇએ!

ટુંકમાં મ્હારી, પૂજ્ય પૂરૂષો, ભાવીક શ્રીમંતો અને પેઢીના ટ્રસ્ટીઓને વિનંતી છે કે જે પ્રાચીન તીર્થો આપણી પૂર્વ સંસ્કૃતીના સ્મરણ ચિન્હો છે. તેને બહુ માન પૂર્વક સંભાળી રાખવા આપણી તમામ શક્તિ ખર્ચવાનું લક્ષ રાખવા ન ભૂલવું જોઇએ. મ્હારા આ વખતના મારવાડના અનુભવો લખતાં મ્હને શરમ ઉપજાવે એવા અનુભવ્યા છે. એ અનુભવો બ્હાર પાડવાથી જે શ્રદ્ધા આજે, ઘટતી જાય છે તેમાં ઓર ઉમેરો થાય. પણ એ ન થાય એટલા માટેજ હું એવા પ્રસંગોની નોંધ નથી લખતો. સૌને મ્હારી નમ્ર વિનંતિ છે કે જે કાર્ય પદ્ધતી આજે સરમુખત્યારીપણે ચાલી રહી છે તેમાં તાત્કાળીક સુધારો થવાની જરૂર છે. જેટલે અંશે આપણી શુદ્ધતા વધશે એટલે અંશે પ્રાચીન તીર્થો જગતના માનવીને પવિત્ર વાતાવરણો પૂરા પાડશે.

યાત્રાળુઓ માટે તમામ જાતની મંદીર કે ધર્મશાળાને લગતી વિવેકભરી અને ચોકખી સગવડ પૂરી પાડવાની સગવડ કરવી જોઇએ. યાત્રાળુઓને નાહકના, ખોટા ખર્ચોમાં ન ઉતરવું પડે તેની પણ ખાસ સાવચેતી કારખાના તરફથી થવી જોઇએ.

પદ્માની નજર બહાર એ ન ગયું. તે તરતજ બોલી ઉઠી, 'નાથ, વીલ કે ટ્રસ્ટીની બાબત ઉપરછલ્લી જણાય છે, એ સિવાય તમારા મનમાં બીજું કંઇ ભૂત ભરાયું છે તે વિના આટલી બધી મુંઝવણ ન હોય. માટે જે હોય તે સ્પષ્ટ કહો કે ઝટ એનો ઉપાય થાય.'

'તો પછી તું દુઃખ ન ધરતી, મને શંકા રહે છે કે તહારા હાથમાં આટલું ધન આવતાંજ તું પુનરલગ્ન કરવાની, કેમકે યુવાની, નિરંકુશતા અને ધનનો યોગ! એમાંથી એ પરિણામ સહજ આવેજ. વળી અત્યારે વાયરો પણ એ જાતનો વાય છે!'

આ શબ્દો કાને પડતાંજ પદ્માનો જુસ્સો ભભૂકી ઉઠયો. એક વાઘણ તડુકી ઉઠે તેવા ગર્જારવથી તે બોલવા લાગી—

'મારૂં અનુમાન સાચું પડયું. અબળ નારીજાતિની અતુટ સેવા ભક્તિ છતાં અમારે માટેનો સંશય પુરૂષ હૃદયમાં ઘણે ખરે અંશે હોવાનોજ. એ પોતાની નિર્બળતાના માપે સારી આલમને માપવાનો, એમાંજ પ્રધાનતાને બુદ્ધિ પ્રગલ્ભતા નહિં! દલીલ કરી તમોને કંટાળો આપવાનું મને ઉચિત નથી જણાતું. આ બંધુઓની સાક્ષીએ હું પ્રતિજ્ઞા કરૂં છું કે—હવે પછીનું મારૂં શેષ જીવન પવિત્રપણે વૈધવ્યમાંજ હું વ્યતીત કરીશ. સાદા બ્હાનપાન ને શ્વેત વસ્ત્રો એ મ્હારો કાયમનો શણગાર. તમારી આબરૂને જરા પણ ક્ષતિ પહોંચે તેવું એક પણ કાર્ય મારા હાથે નહિંજ થાય. તમારી આ દોલત પણ ધર્મ માર્ગે અને સમાજના શ્રેય માટે ખરચવાની મારી અભિલાષા છે. હા, બાળા તારા માટે હું કંઇ કહી શકું નહીં, એ બિચારીએ શ્વસુરગૃહનો ઉમરો સરખો જોયો નથી. ભલે હું તેની સાવકી મા છું, છતાં મારાથી તેના શરીરે કરજાત વૈધવ્યનો ચાંલ્લો નહીંજ કરી શકાય. હજી તે ચૌદ વર્ષની છે, જ્યારે પાકી ઉમ્મરની થશે ત્યારે તેની ઇચ્છા હશે તેમજ હું વર્તીશ. નથી તો તમારા અંકુશથી કે નથી તો આ સ્વાર્થી સમાજના ભયથી હું આમ કરતી એ ધ્યાનમાં રાખજો. મને જે ધર્મના તત્વો સમજવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે તેના બળથીજ હું આ પ્રતિજ્ઞા લેવા પ્રેરાયેલી છું. ભીષ્મપિતામહ જેમ એ પાળી બતાવવાનું બળ મારી છાતીમાં છે. બાકી તમારી કે મારા પિતાની કરણી સામું નજર કરતાં તો મ્હારૂં અંતર બળી જાય છે. મારૂં જીવતર બાબ કરનાર આ સમાજ સામે, ઉપરોકત પ્રતિજ્ઞા બળથી મેં ઝુઝવાનો સંકલ્પ કરી રાખ્યો છે. તમારા પણ એ વાત પર આશીર્વાદ વરસશે એવી મને આશા છે. તમોને હવે કોઈ વાતની શંકા છે?'

જ્ઞાનચંદ્રને શરત તો યુવાન બાળાનું આવું શૌર્ય જોઇ દિંગ થઇ ગયા. સાચું યૌવન કેવું હોય છે તેની આજેજ તેમને ઝાંખી થઇ.

પાનાચંદ—પદ્મા, પદ્મા, તહને ધન્ય છે. મારા આશીર્વાદ તહારા કાર્ય માટે અવશ્ય છે. મારે વીલ કે ટ્રસ્ટીની હવે અગત્ય નથી. મારી મિલ્કતની તું સર્વાધિકારી છું. તહારા ખોળામાં હું શાંતિથી દેહ તજીશ—તહેં ધર્મને શોભાવ્યો છે.

શેઠે જ્ઞાનચંદ્ર સાથે કેટલીક મસલત કરી. બીજી તરફ શરત સાથે પદ્માએ કેટલીક વાતો કરી, પછી ઉભય મિત્રો છુટા પડયા. પદ્મા પણ હળવા હૃદયે રસોડામાં સિધાવી. (અપૂર્ણ)

અ...વ...ન...વા.

પાલનપુરના અવનવા:—આચાર્ય વિજયવલ્લભસૂરી શિષ્ય સમુદાય સાથે અસાડ શુદ ૩ પધાર્યા. પંચીસ વર્ષના લાંબા ગાળાથી ચોમાસુ થતુ હોવાથી સમાજમાં અજબ ઉત્સાહ પ્રગટયો છે, મહારાજશ્રીના આગમનથી બોર્ડિંગ અને કેળવણીના ખાતાં પગભાર થવા સંભવ છે.

બોર્ડિંગનું હાલનું મકાન જર્જરીત દશામાં છે, ભેજ અને વરસાદના પાણીથી વિદ્યાર્થીઓને અત્યંત ત્રાસ પડે છે, બીજુ મકાન કેમ શોધાતું નથી ? વ્યવસ્થાપકો એક રાત ત્યાં ગાળે તો ત્રાસની ખબર પડે.

પંદર વર્ષથી વીરવિદ્યોતેજક સભાની લાયબ્રેરીનો હાલના મકાનમાં સુંદર લાભ લેવાય છે. પણ અંદર અંદરના મતભેદથી મકાનના માલીકે ખાલી કરવાની નોટીસ આપી છે.

સુધારા કમીટી લાંબા ગાળે બંધ રહી છે. યા બંધ કરવામાં આવી છે, આ વખતે મહારાજશ્રીના સુયોગનો લાભ લઇ જમાનાને ઓળખી સંઘનું વ્યવસ્થિત બંધારણ કરશો ?

શ્રી અમુલખ ખુબચંદ ઝવેરી સ્મારક ભુવનના મકાન માટે ટ્રસ્ટીઓની નીમણુંક કરવાની યોજના સેક્રેટરી કયારે ઘડવા ધારે છે ?

સ્થા કન્યાશાળા ઠીક પ્રગતિ કરી રહી છે, અંગ્રેજી અભ્યાસ દાખલ કરવાનું નકકી કર્યું છે.

સ્થા. પાંજરાપોળ પહેલાં કરતાં ચાલુ કમીટી અને મંત્રીઓના પ્રયાસથી વ્યવસ્થીત કંઇક થઇ છે. જો કે તેનું માન તો મુંગી સેવા આપનાર બે વ્યકિતઓને ઘટે છે. નવી કમીટી નીમવા સેક્રેટરીઓની મહાજન બોલાવવાની વિનંતિ છતાં કેમ બોલાવાતું નથી ? પાંજરાપોળનું કામ સુંદર ચાલતું હતું. પણ મુંગી સેવા આપનાર ભાઇઓના મતભેદના કારણે કામ બગડે છે, આશા છે કે એ બે ભાઇઓ મતભેદ ભૂલી જઇ પાંજરાપોળ આદર્શ કેમ બને તેવા પ્રયાસો કરશે.

છોકરો ગુમ—ઘાટકોપર નવરોજ ગલીના સામે રહેતા નાગરદાસ નેમચંદનો અમૃતલાલ નામનો ૭ વર્ષની ઉંમરનો છોકરો, ધઉ વાને, કપાળ પાસે સપેત ડાઘ, ગાલ ભરેલા, સેજ તોતડો, ઉઘાડે માથે ચડ્ડી અને પહેરણવાળો ગુમ થઇ ગયો છે, તે કોઇ ભાઇની નજરે પડે તો ઉપરના સરનામે ખબર આપવા મહેરબાની કરશો.

ભાવનગર તરફ—સમાધાન અને સંમેલનની હવા ફેલાવનાર સોસાયટી સ્થંભોમાંથી બે મુંબઇના અને આઠ બીજા ગામોના મળી દસ ભાઇઓ ગયા શુક્રવારે ભાવનગર તરફ ઉપડી ગયા છે. આ દોડાદોડીનો શું હેતુ હશે ?

વેષ! પલટો—વિજયલબ્ધીસૂરિના શિષ્ય લગ્નવિજયજી જેઓનો અઢાર વર્ષનો દિક્ષાપર્યાય હતો તેમણે આગલા પખવાડીયામાં વડોદરાની અંદર સાધુવેશ છોડી દઇ યતિપણું ધારણ કર્યું છે, અઢાર વર્ષના દિક્ષાપર્યાયવાળા આ સાધુના પતન કારણો કોઇ જણાવશે ?

વ્યાખ્યાનમાળા.

મુંબઇ તા૦ ૨૮–મુંબઈ યુનીવર્સીટી તરફથી "હંસ્કર વસનજી માધવજી લેકચર શીપ" ની ચાલુ વર્ષની વ્યાખ્યાનમાળા તા૦ ૨૮ મી જુનથી શરૂ થઇ છે, જે વખતે ગુજરાતના પ્રસિદ્ધ ઇતિહાસવેત્તા ગુજરાત પુરાતત્વ મંદિરના ભુતપૂર્વ આચાર્ય અને કવીવર્ય ટાગોરના શાન્તિ નિકેતનના જૈન પ્રોફેસોરીના અધ્યાપક પંડીત મુની જિનવિજયજી ગુજરાતના ઇતિહાસ પર નીચે જણાવેલી તારીખે મુંબઇ યુનિવર્સીટી બીલ્ડીંગ લેકચર રૂમ પહેલે મજલે સાંજના ૬ વાગતાં વ્યાખ્યાન આપ્યાં અને સોમવાર તા૦ ૩–૭–૩૩ ના રોજ તેજ સ્થળે "પ્રાચીન ગુજરાતની સંસ્કૃતિનું વિહંગાવલોકન" ઉપર ભાષણ આપશે.

ગુરૂવાર તા૦ ૨૯–૬–૩૩ "ગુજરાતનો સંક્ષિપ્ત રાજકીય ઇતિહાસ."

શુક્રવાર તા૦ ૩૦–૬–૩૩ "ગુજરાતનું ધાર્મિક અને સાંપ્રદાયીક જીવન."

શનીવાર તા૦ ૧–૭–૩૩ "ગુજરાતનું સામાજીક રાષ્ટ્રીય જીવન."

ભાવનગરમાં નેમીસૂરિએ સંઘની રજા સિવાય આપેલી દિક્ષા.

નેમીસૂરિએ ભાવનગરમાં એક મારવાડીને સંઘની રજા લીધા સીવાય કોઇપણ આગેવાનોની હાજરી સીવાય દિક્ષા આપ્યાના તાર મારફતે ખબર મલ્યા છે, સંઘની રજા નહીં લીધેલી હોવાથી ભાવનગરમાં ઘણી ચરચાઓ થાય છે.

તંત્રી નોંધ:—સમાધાનના કહેવાતા વાતાવરણમાં તટસ્થ તરીકેનો દેખાવ કરતા નેમીસૂરિની મનોદશા આ બનાવથી અચાનક રીતે ખુલ્લી પડી ગઇ છે, જૈન સમાજ અને સંઘોને સવેળા ચેતવા માટે અમો આ દિક્ષાને લાલ બત્તી સમજીએ છીએ.

તંત્રી.

ફરીયાદ નોંધાવી:—અમદાવાદમાં ગોસાઇની પોળમાં રહેતા શા. ગીરધરલાલ કુંગરસીને તા. ૧૯–૬–૩૩ ના રોજ તેઓ રતનપોળમાં આવેલી ખોડાં ઢોરની પાંજરાપોળમાં કંઇક તપાસ કરવા જતા હતા, ત્યાં કેટલાંક યંગમેન્સ સોસાયટીના સભ્યોએ માર મારવાથી એ ભાઇએ અગદાવાદની કોર્ટમાં શા. બાપાલાલ ચુનીલાલ સામે ફરીયાદ નોંધાવી છે.

સુધારો:—તા૦ ૨૪–૬–૩૩ ના પ્રબુદ્ધ જૈનના અંકમાં શા. જીવતલાલ પ્રતાપશી વિગેરે પાટણ ગયાના જે સમાચાર છપાયા છે. તેમાં ભુલ છે, તેને બદલે ત્યાં ભાવનગરના બે પાંચ ગૃહસ્થાનું ડેપ્યુટેશન પાટણ ગયું હતું એમ જોઇએ.

ઓઘા માટે બારીક ઉન.

સાધુ, સાધ્વીને ઓઘા માટે બારીક ઉનની જરૂર હોય તો ભાવ માટે લખો:—

ઇન્ડીયન વાર્ન સપ્લાઇઝ ડીપો.
પોષ્ટ બોકસ નંબર ૭૭૦,
મુંબઇ, નં. ૧.

हिन्दी विभाग.

श्री महाराष्ट्र जैन युवक संघ
और
सामाजिक आन्दोलन.

हमारी जैन जातिको पुनर्संङ्गठित हुए आज लगभग २४५८ वर्ष व्यतीत हो गये। भगवान् महावीर ने किस प्रकार हमारे समाज को संगठित किया, उसको अहिंसा का पाठ पढ़ाया तथा अपने दिव्य उपदेशोंद्वारा हमें पतितावस्था से उबारा ये बातें न्यूनाधिकरूपमें सबको विदित है।

किन्तु आज उसी वीर के अनुगामियों में फूट और कलह की भेरी बज रही है। श्वेताम्बर और दिगम्बर, बाइस टोला और तेरा पन्थी इत्यादि के संघर्ष की ओट में जैन जाति एक गहन आवर्तकी ओर अग्रसर हो रही है कि यदि इस खडखडाती हुई समाज का हाथ पकड कर कूल निकट नहीं पहुँचा दी जायगी तो संसार में जैन जाति का नाम निशान केवल इतिहास के पृष्ठों का ही विषय रह जायगा।

देश के नवयुवकों का ध्यान इस और अधिक आकर्षित होता है, अतः उनके हृदय में सत्यानाशी फूट और रूढियों और समाज की शक्ति का नाश करने वाली कुरीतियों के प्रति घोर विरोधी भाव पाये जाते हैं।

ऐसी अवस्था को देख कर नासिक के जैन नवयुवकों ने जाति के पारस्परिक वैमनस्य के विरोध के लिए, समाज के यथेष्ट उन्नति के लिए, नवयुवकों में समाज और देश की सेवा के भाव भरने के लिए तारीख १४ मइ १९३३ को नासिक में श्री महाराष्ट्र जैन युवक संघ को जन्म दिया. यह संघ तिनों सम्प्रदायों के लिये तथा समस्त महाराष्ट्र के लिये है।

आधुनिक युग की आवश्यकताओं के अनुसार इसका मुख्य उद्देश सामाजिक कुरीतियों का नाश, जैन जाति का संगठन और समाज सेवा है। संघ अपने समाज में प्रचलित कुरीतियों का नाश करने का प्रयत्न करता है, जैसे ओसर मोसर, बालविवाह वृद्धविवाह इत्यादि का घोर विरोध करना. ऐसें कार्यों में संघ ने आज्ञातीत सफलता भी प्राप्त की हैं। युवकों में जागृति फैलाने के उद्देश से संघ ने समय समय पर समाज के नेताओं और विद्वानोंद्वारा भाषण दिए जाने का प्रयत्न किया हैं।

संघ के अध्यक्ष श्रीमान् शेठ राजमलजी लखीचंदजी ललवाणीजी का 'जैन युवक' इस विषय पर तारीख २४ मइ १९३३ को भाषण हुवा। उपरोक्त समय पर श्रीमान् साहित्यरत्न–दरबारीलालजी–न्यायतीर्थ का ही सांप्रदायिक ऐक्य करने के लिए बहुत महत्वपूर्ण विवेचन हुवा था। संघ के सेक्रेटरी श्रीयुत् माणिकलालजी भटेवरानें संघ को आगामी वर्ष के कार्य की रूपरेखा बतलाई थी। इसी वक्त मंचरनिवासी श्रीमान राजमलजी साहेब समदडियाजी ने रु. १५ की और श्रीमान जुगराजजी साहेब घोडनदीवाले ने रु. ५ की संघ को मदत दी है।

–मोसर–पत्रिका प्रचार और उसका प्रभाव–

संघ ने मोसर (प्रेत–भोज) के बारे में हरएक दृष्टि से पत्रिकांए छपवाई हैं, और इस धर्मविरुद्ध कुप्रथा को नष्ट करने के लिए महाराष्ट्र में बृहद् आन्दोलन चलाया है। इस आन्दोलन से श्री नासिक जिल्हा ओसवाल सभा के अधिवेशन में ४७ वर्ष से कम उमर की व्यक्ति का मोसर न करने का प्रस्ताव पास हुआ है, और इस मोसर के प्रथा को निंदनीय ठराया है।

नासिक जिल्हे में येवलें गांव में तारीख १७–१८ जून १९३३ को कै. देविचंदजी साहाब तातेड जिन को उमर ७६–८० वर्ष से जादा थी उनका मोसर हुवा है। किन्तु मृत्यु–भोज के बारे में कोई शर्त उम्र की नहीं होनी चाहिये कि इतनी उम्र वाले का भोज न हो और इतनी उम्र वाले का हो, क्यों कि है तो हर हालत में मृत्यु समय का खाना ही। सो इस लिये इस समय पर संघ ने मृत्यु–भोज विषयक पत्रिकाओंका जोर से प्रचार किया। उस के प्रभाव से बहुत से सज्जनोंनें उपरोक्त मृत्यु–भोज में भाग नहीं लिया था। इसी ही तरह से यदि मृत्यु–भोज में भाग न लेनेवालों की बहु संख्या हो जावे तो ऐसी कुप्रथा बन्द होने में बहुत देरी न लगेगी।

मृत्यु–भोज में भाग न लेने वालों की बहु संख्या करके अपनी संगठन शक्तिद्वारा ऐसे घृणित तथा नीच प्रथा को सर्वथा बन्द कर देने के लिए संघ ने प्रतिज्ञा–पत्रिका छपवा कर प्रतिज्ञा–पत्रिकाओं पर हस्ताक्षर कराने का काम बडे जोर से चलाया है।

अन्त में हम समाज के प्रत्येक नवयुवक से प्रार्थना करते है कि वह अपनी शक्ति और क्षमता के अनुसार इस संघ के हरएक कार्य में सहयोग दे–संस्थाओं के कार्यकर्तागण अपनी लेखनी से, पत्रकार अपने पत्रों में इस विषय पर चर्चा करके तथा जनता अपना सहयोग और शुभाशीष दे। हमे पूर्ण आशा है कि महाराष्ट्र का हरएक जैन व्यक्ति इस संघ का सभासद बने और संघ के कार्य में सहयोग दे।

–माणिकलाल भटेवरा–मंत्री.

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩ માં છાપ્યું છે. અને ગોકલદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬–૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

સા વ ધા ન.

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.

પ્ર બુ દ્ધ જૈ ન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

તંત્રીઃ રતિલાલ ચીમનલાલ કોઠારી. / સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ
શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. / વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦
વર્ષ ૨ જું, અંક ૩૬ મો. / શનીવાર, તા૦ ૮-૭-૩૩.

જૈ ન સા ધુ અ ને સ્વ દે શી.

'હાથવણાટની, શુદ્ધ સ્વદેશી સુતર અને સાધનોથી ઉત્પન્ન થયેલી ખાદી બીજા બધી જાતનાં વસ્ત્રો કરતાં ઘણીજ બહકે સદતર શુદ્ધ અને પવિત્ર છે.....શુદ્ધ ખાદી અહિંસાની દ્રષ્ટિએ બીજાં કપડાં કરતાં વધારે આદરપાત્ર છે.....ખાદીનો પ્રચાર અને તેનું ઉત્તેજન જૈન ધર્મની અહિંસાની ભાવનાને જીવનમાં ઉતારવાનો એક રાજમાર્ગ છે, એમાં જરા પણ સંશય નથી.'

"આજે ૧૮ ઉપરાંત વર્ષ થયાં શુદ્ધ ખાદીજ માત્ર વહોરૂં છું, અને પહેરૂં છું. ઘર સળગતું હોય, માતાની બેઈજ્જત થતી નજરે દેખાતી હોય, ગરીબો ટળવળતા હોય, બેહુતો કરોથી દબાઇ હતાશ જીવન ગાળતા હોય, વગેરે દેખી સહૃદય આત્માથીએ વખતે તટસ્થ નજ રહી શકાય. એજ પ્રમાણે હજારોને ખાદી પહેરવા ઉપદેશ આપી ખાદી પહેરતા કર્યા છે. અધર્મ, અત્યાચાર, પાપ અને અપ્રીતિ વગેરેની પ્રજામાં સેવના થતી જોઇ ધર્મપ્રેમી આત્માઓને ધરતીકંપના સખત આંચકા કરતાં વધારે આઘાત લાગે છે, એટલે એવા આત્માઓ એ દોષોના પરિહાર માટે તત્પર, ઉત્સુક અને આગ્રહી બને છે. આ કાર્ય બૌદ્ધ અને જૈન ભિક્ષુઓએ પૂર્વકાળે સુન્દર રીતે કર્યું હતું, અને આજે પણ જૈન મુનિઓએ એ કાર્યને અપનાવી લેવું જોઇએ. તેત્રીસ કોટિ માનવોની સેવા બજાવવા માટે આ સમય અમૂલ્યમાં અમૂલ્ય છે.....રાષ્ટ્ર સેવા અને ધર્મ સેવા એ બે વસ્તુ અલગ નથી. રાષ્ટ્ર ન હોય તો ધર્મને સ્થાનજ કયાંથી હોઇ શકે? રાષ્ટ્રનું ગૌરવ એ ધર્મનું ગૌરવ છે."

આ બધા ઉપરથી મહારૂં વક્તાવ્ય એ છે કે વર્તમાન સમયે રાષ્ટ્રની સેવામાં ધર્મસેવાની સુંદર તક છે. દારૂથી હિંસાથી અને અજ્ઞાનથી જો પ્રજાના જાન માલનો નાશ થતો હોય તો, કોઇપણ ભોગે એ અપવિત્રતાનો નાશ ધર્મે કરવો જ જોઇએ. અપવિત્ર વસ્તુના પ્રચારને રોકવા માટે ધર્મની સંસ્થા છે. આ લખનાર એમ માને છે કે રાષ્ટ્રની, સમાજની, વ્યકિતની ગુલામી દૂર કરવા કે ઓછી કરવામાં આ યુગમાં વિશ્વનું કલ્યાણ અને વિશ્વબંધુત્વ સધાય છે. પરતંત્રતાથી જો યુગયુગ પોષાયેલી સંસ્કૃતિનો નાશ થતો હોય, તો પરતંત્રતાનો નાશ કર્યે જ છુટકો."

મુનિ, ત્રિલોકચંદ્રજી.

પુરિસા ! સચ્ચમેવ સમભિજાણાહિ ।
સચ્ચસ્સ આણાએ સે ઉવટ્ઠિએ મેહાવી મારં તરઇ ॥
(આચારાંગ સૂત્ર.)

પ્રબુદ્ધ જૈન.

શનીવાર, તા૦ ૮-૭-૩૩.

સા વ ધા ન.

જ્યારે સમાજના બળતા પ્રશ્નો સમાજને જલાવી રહ્યા હોય, અને જ્યારે સમાજ પ્રગતિમાં મસ્ત રહેનાર યુવાન બળુ બળુ થઇ રહ્યો હોય; ત્યારે તે બળતરા સમાવવા બળતા પ્રશ્નોનો નિકાલ કે નિર્ણય લાવવા તે નીચે ઉપર થઇ રહ્યો હોય છે. તેવામાં કોઇ સ્થળેથી સમાધાનીની મધુરી વાતો બહાર આવે છે તો તે આનંદની ઉર્મીઓમાં આવી જઇ વિચારણાનું દ્વાર બંધ કરી મૌન સેવે અથવા શું થાય છે તે જોયા કરવાની ઉમેદમાં સાચા ખોટાનો વિચાર કર્યા સિવાય બેસી રહે તો સુધારાને બદલે બગાડો થાય. અને જર્જરીત સમાજનૌકા ખરાબા સાથે અથડાઇને ભૂકો થઇ જાય. તે ન થાય અને સાચું સમાધાન થાય તે ખાતર વિચારણાની જરૂર છે.

સમાજની નિર્નાયકતાનો લાભ લઇ કેટલાક સાધુઓએ આપ-ખુદ સરમુખત્યાર બની જેમ આવે તેમ ફેંકે રાખી સમાજોન્નતિના માર્ગો રૂંધ્યા, એટલુંજ નહિ પણ સમાજની નૌકાને ખરાબા સાથે અફાળી ભૂકો કરવાની સ્થિતિ ઉત્પન્ન કરી તે સામે યુવાનોએ અને સંઘોએ માથું ઉચકયું ત્યારે સાધુ સમાજ ચોંકયો, અને તૂટી પડતી સત્તાને ટકાવવા અથવા તો તેનું રક્ષણ કરવા ભાઇઓ ભાઇમાં ફાટફુટ પડાવી, કુહાડાના હાથા બનાવી જેટલું થાય તેટલું કરવાનાં વલખાં માર્યા; છતાં કશું વળ્યું નહિ, અને ઉપરથી વડોદરાની ધારાસભામાં અયોગ્ય દીક્ષા પ્રતિબંધની દરખાસ્ત આવી. તેને રૂંધવા અયોગ્ય દીક્ષાના હિમાયતી શ્રી સિદ્ધસૂરિએ સંવત ૧૯૮૭ ના માહ માસમાં ભોયણી મુકામે સાધુ સંમેલન બોલાવવાના આમંત્રણ કહાડયાનું બહાર આવ્યું; છતાં પરિણામ તો શૂન્યમાંજ આવ્યું.

આવી રીતે સિદ્ધસૂરિ તેમ બીજાઓએ સાધુ સંમેલન ભરવાની અનેકવાર હીલચાલો કરી છે; છતાં પરિણામે નિષ્ફળતાજ મળી છે. કારણ કે તેમાં સાચી ધગશના બદલે પક્ષાપક્ષી અને દોરી સંચારની રમતના લીધે બીજું શું પરિણામ આવે?

વડોદરાની ધારાસભાએ અયોગ્ય દીક્ષાનિષેધ પાસ કર્યો ત્યારથી તેના વિરોધીઓ એટલે રૂઢી ચુસ્તોએ ફેર સંમેલન અને સમાધાનીની હવા ફેલાવી છે, તેમનું માનવું છે કે સંમેલનના નામે ઠરાવો કરીને વડોદરા સરકારનું ધ્યાન ખેંચશું તો "અયોગ્ય દીક્ષા નિષેધ" કાયદાનું રૂપ લેતો અટકે.

આ સિવાય સમાજ પ્રગતિ કે સાધુ સંસ્થાની ઉન્નતિ અંગે તેમને કશું કરવાનું હોય તેમ જણાતું નથી. કારણ કે તેમનું વીરશાસન તા. ૨૩ જુન ૩૩ ના અંકમાં લખે છે કે "પૂ. આચાર્યશ્રી તો પવિત્ર પંચાંગીમય આગમ ગ્રંથો પ્રમાણેજ નિર્ણયો કરશે એ વાત વગર દલિલે સિદ્ધ છે"

"કોઇ પણ વ્યક્તિએ આ સંમેલનને શરતી બનાવી દેવાનો પ્રયત્ન પહેલેથી છેલ્લે સુધી નજ કરવો જોઇએ, અને સુચનાઓ સુચવવાની પણ અમો જરૂર જોતા નથી."

પ્રશ્ન પહેલો:—સૂરિજી પવિત્ર પંચાંગીમય આગમ ગ્રંથો પ્રમાણેજ નિર્ણય કરશે. એટલે દેશ કાળને બાજુએ મુકી નિર્ણયો કરશે એ સમાજ કબુલ રાખી શકશે? કારણ કે હવે દીક્ષાનો કે સંઘની સત્તાનો માત્ર સવાલ નથી અને કદાચ તે ગણવામાં આવતો હોય તો બન્ને પક્ષને આધાર મળે તેવા અનેક પૂરાવા આજ સુધી રજુ થયા છે, તેમ દ્રવ્ય ક્ષેત્ર, કાળ અને ભાવ પ્રમાણે સંઘે, વિદ્વાનોએ અને સમયના જાણકારોએ ભૂતકાળમાં અનેક પ્રશ્નોના ઉકેલ કર્યા છે તે કોઇથી ના પાડી શકાય તેમ નથી. એટલે દ્રવ્ય ક્ષેત્ર, કાળ અને ભાવને ઉંચા મૂકી વાત કરવી તે સમાધાનનો સાચો રાહ નથી, પણ સમાજને ઉંડા ભણાવવા જેવી વાત છે. એટલે સાચું સમાધાન નથી, સાચી શાન્તિ નથી પણ થીગડથાગડ કરવા જેવી વાત છે, તે સમાધાનના સૂત્રધારો સમજે. તેમ સમાજની દૃષ્ટિએ આસ્તિક નાસ્તિકના પ્રશ્નથી માંડી અનેક પ્રશ્ન નિકાલ માંગે છે અને તેનો નિકાલ ન થાય ત્યાં સુધી ધુંધવાનો અગ્નિ શાંત પડવાનોજ નથી.

આસ્તિક, નાસ્તિક, પટ્ટધર, ઉત્સૂત્ર ભાષણ, વિજય વલ્લભ-સૂરીનો વડોદરા કપાવવો, દીક્ષા અને સંઘ સત્તા, શ્રાવકોનું સુખ સાધુ ન ઇચ્છે, શુદ્ધિ, દેવદ્રવ્ય, ગૂજરાતજ વિહારનું મૂખ્ય ધામ, ચારિત્રના મોહને બદલે પદવી પરિવાર, કીર્તિના મોહની ઘેલછા, સાધ્વીઓના કલેશમય જીવન, દીક્ષા લીધા પછી બાનગી મીલ્કત રાખવાના ચાલુ મોહ, આચારંગની વિરૂદ્ધ સાધુઓના આચાર, ઉપાશ્રયો, મંદિરો, જ્ઞાન મંદિરો અને ગુરૂમંદિરો. વિગેરે ધાર્મિક અને સામાજીક અનેક પ્રશ્નો સમાધાન માગે છે. તે આગમ પંચાંગીની વાતો કરવાથી કે સમાધાન સમાધાનની અર્થ વગરની હવા ફેલાવવાથી સાચુ સમાધાન નહિ થાય; પણ સાચુ સમાધાન ત્યારેજ થશે જ્યારે સમયને માન આપી દેશકાળને અનુસરી નિખાલસ ભાવે પ્રગતિના રાહે ખુલ્લી રીતે નિર્ણયો કરવામાં આવે તોજ સાચી શાન્તિ સ્થપાય ને આગ ઓલાય.

બીજો પ્રશ્ન:—કોઇ પણ વ્યક્તિએ આ સંમેલનને શરતી બનાવી દેવાનો પ્રયત્ન પહેલેથી છેલ્લે સુધી નજ કરવો, તેમ સુચનાઓની પણ જરૂર લાગતી નથી, એટલે એનો અર્થ એ થયો કે અંધારામાં ભૂસકો મારવો? તો અમારે સાફ સાફ કહેવું પડશે કે એવો બેરબ્યાજબી વિશ્વાસ ન મૂકવાના ઘણા કારણો છે અને તે આગલા અંકમાં જણાવી ગયા છીએ, તેથી સમાજનો વિશ્વાસ ઉત્પન્ન કરવો હોય તો પડદા પાછળની રમતો છોડી દઇ સાચા દિલે બહાર આવી આપણી કોન્ફરન્સ જેવી મોભાદાર સંસ્થાની આગેવાની નીચે મંત્રણાઓ ચલાવી સાધુ તેમ શ્રાવકનું સંમેલન ભરો, અને જેટલા પ્રશ્નો નિકાલ માંગે છે તેનો મુસદ્દો તૈયાર કરી જાહેર ચર્ચા અને વાટાઘાટ માટે અગાઉથી સમાજ આગળ રજુ કરી દરેકના અભિપ્રાયો મેળવો. તોજ શંકાનું સમાધાન થાય અને સાચી નિષ્ઠાના બ્યાજ આવે, બાકી બાંધે બચકે સમાજ વિશ્વાસ નહિ મૂકે, અને એકેકા સાધુ સંમેલનથી કશુંએ નહિ વળે. તેમાં "શ્રાવકનું સુખ ન ઇચ્છનારા" પડયા છે. આગમ ને છેદના અવળા અર્થ કરનારા પડયા છે. કોઇ સુધારકોને પીસી

નાંખવાની ઇચ્છાવાળા પડયા છે. એવા હોળીનું નાળીયેર ગણાતા સંમેલનમાં પધારી સમાજનું શું લીલું મારવાના છે? એટલે સમાજને જલાવતા પ્રશ્નોનો તોડ સમાજ કરે તે વધારે ઇષ્ટ છે. આથીજ અમે સાધુ અને શ્રાવક બંન્નેના સંમેલનો ભરવાની ભલામણ કરીએ છીએ.

વાતાવરણ:—વાતાવરણ અંગે એમ કહેવામાં આવે છે કે જેઓ દ્વેષાગ્નિ કલમ ચલાવતા હોય તેઓ બંધ કરે. આથી જેઓ ચલાવતા હતા તેમણે બંધ કરવાની છે. અમને તે સાથે કશીએ નિસ્બત નથી, છતાં એટલું કહેવું પડે છે કે સુલેહનું વાતાવરણ ઉત્પન્ન કરવામાં જેટલી લખાણની જરૂર છે તેટલીજ જીભની અને વર્તણુકની જરૂર છે. ત્યારે જેના ભક્તો સંમેલન અને સમાધાન અંગે શુદ્ધ વાતાવરણ ઉત્પન્ન કરવાની ડાહી ડાહી વાતો કરે છે, તેમનાજ ગુરૂ લબ્ધીસૂરિ પાટણમાં વ્યાસપીઠ ઉપરથી પોતાનો ચોકો મજબુત કરવા જેમ આવે તેમ ઝેરીલી ભાષામાં ફેંકે રાખે છે. અને સાગરના ઉપાશ્રયે આચાર્ય વિજયવલ્લભસૂરિજીનું સહન ન થાય તેવું મૂર્ખાઓ મારફત અપમાન કરાવી રાચે છે. આ સમાધાનીનું લક્ષણ છે કે અંતરમાં છુપાએલા દ્વેષનું પ્રતિબીંબ છે?

સમાધાન નિમિત્તે જેમને આગેવાન કર્યાનું કહેવાય છે. તે આચાર્ય વિજય નેમિસૂરિએ સમાધાનીના સૂર બહાર પડયા પછી લગભગ એક મહિને એક મારવાડી બંધુને ભાવનગરમાં યોગ્ય જાહેરાત કર્યા સિવાય દીક્ષા આપી છે. જ્યારે સુલેહ સમાધાનનું વાતાવરણ ઉત્પન્ન કરવાની પેરવીઓ ચાલતી હોય, ત્યારે તેના લવાદે સમાજને વિશ્વાસમાં લેવા સંઘની સંમતિ લઇ, પેપરોમાં જાહેરાત કરી, યોગ્યતાની પૂરતી તપાસ બાદ દીક્ષા આપી હોત તો વાતાવરણ આપ મેળે સુધરત. બાકી ઉપદેશ દેવો છે જુદો, અને વર્તણુંક ચલાવવી છે જુદી. એથી સમાજમાં વધારે અવિશ્વાસજ ઉભો થાયને!

સમાધાન સૌને વ્હાલું છે, પરંતુ રમત રમવાથી કે સેંકડે અડધા ટકાના મનુષ્યોની બનેલી સોસાયટીના સભ્યોની ધાંધલ, દોડધામ, કે દોરવણીથી ગમે તેવું ફારસ ભજવાય તેથી સમાજ નહિં છેતરાય.

યુવાનોને:—સમાધાન અને સાધુ સંમેલન અંગે જે હકીકતો બહાર આવી છે તેથી તમે અજાણ તો નહિં હો? જે પ્રશ્નો, સમાધાન માંગે છે–જેવી રીતે સમાધાન થવું જોઇએ તેના કરતાં તેથી ઉલ્ટી રીતે વર્તણુંક દેખાય છે. એટલે ભીનું સંકેલી લઇ આગ ઉપર રાખ ઢાંકવાની રમત જણાય છે, છતાં તમે કેમ મૌન છો?

જો તગારામાં શાસન અને સમાજોન્નતિની તમન્નાની સાચી ચીરાગ પ્રગટી હોય તો મૌન તોડીને વિચારણા કરો. આ જમાનો કાર્યનો છે, સંગઠ્ઠનનો છે, કર્તવ્ય બજાવવાનો છે, સડાઓ નાબુદ કરવાનો છે. એટલે સંમેલન કે સમાધાન અંગે ચર્ચાઓ કરો, તમારા મંડળની કાર્યવાહી સમિતિઓ બોલાવી નિર્ણયો કરી જનતાને જણાવો, અને ભવિષ્ય માટેનો કાર્યક્રમ નક્કિ કરો.

તમે જાણો છો કે દરેક સમાજમાં પરિવર્તન યુગનો ઉદય થઇ ચૂકયો છે. આપણી સમાજ તે વસ્તુ ઝંખી રહી છે, તેને તે રસ્તે લઇ જઇ તેની પ્રગતિ કરવામાં ભીનું સંકેલવાથી સાધ્ય નહિ સધાય, સમાજ સુધારણા એ સુગમ નથી,

સાધુ સમાધાનનો રસ્તો.

કેટલોક સમય થયા બાલદીક્ષા તેમજ માતા પિતા તથા પત્નિને રડતાં, કકળતાં, રઝળતાં રાખી તેમની રજા વિના દીક્ષા આપવાની ચાલતી પદ્ધતિના સંબંધમાં પન્યાસ રામવિજયજી તથા તેમનો પરિવાર તેમજ સાગરાનંદસૂરિ જગજાત્રીસીએ ચડયા છે, તેમજ તે લોકો બીજાઓ કરતાં નિડર નિર્લજ્જ બની ખુલ્લી રીતે તેવી પ્રવૃત્તિ કરી રહ્યા છે. એટલે જૈન જૈનેત્તર સમુદાયની નજર તે લોકો ઉપર ચોંટી છે. પેપરોમાં સભાઓમાં અને યુવકોમાં તેમનાંજ જુલમ ગવાઇ રહ્યા છે. પણ બરી રીતે તો લગભગ દરેક આચાર્ય, પન્યાસ અને સાધુઓ શ્રી રામવિજયજી અને સાગરાનંદસૂરિનાજ વિચારના છે. ફક્ત નિન્દાની અને અપમાનની બીક બહાર પડતાં નથી. છતાં કોણ બાળદીક્ષા નથી આપતું? અને અયોગ્ય દીક્ષાના વિરૂદ્ધ કોણે જાહેરમાં પોતાનો મત દર્શાવ્યો છે? વિજયનેમિસૂરિ, વિજયમોહનસૂરિ, વિજયનીતિસૂરિ, વિજયસિદ્ધિસૂરિ વિગેરે તમામ બાળદીક્ષા અને અયોગ્ય દીક્ષાના હિમાયતિ છે. આ બધા છાનાં કાર્યો કરી રહ્યા છે. જૈનોની અને સંઘોની બહીક દેખાવમાં શાંત થઇને બેઠા છે તેથી એમ માની લેવાનું નથી કે બીજા આચાર્ય પન્યાસ સાધુઓ અયોગ્ય દીક્ષાના વિરોધિ છે. જો તેઓ અયોગ્ય દીક્ષાના વિરોધી હોત તો રામવિજયજી અને સાગરાનંદસૂરિથી થતી શાસનની નિંદા જોઇ શકત નહિં. તેમજ તેનો વિરોધ કર્યા વિના પણ રહેત નહિં. પણ બધા માસીઆઇ ભાઇ છે!

વિજયનેમિસૂરિના શિષ્ય દર્શનસૂરિએ થોડા વખત પહેલાં ભાવનગરના એક ગૃહસ્થનો છોકરો નસાડયો હતો. સાંભળવા પ્રમાણે વિજયનેમિસૂરિએ જુદે જુદે સ્થળે સંતાડવા નસાડવા ખાતર ખાસ એક મોટર રોકી હતી. ત્યારે તેનો કેસ કોર્ટે ચડયો, પોલીસ કેસ થયો અને દર્શનસૂરિ ભાવનગરની હદમાં આવે તો પકડવા એમ નક્કી થયું. આથી દર્શનસૂરિને ઘોઘામાં રોકાઇ રહેવું પડયું; એટલે અમદાવાદથી વિજયનેમીસૂરિના ભક્તોની દોડાદોડ શરૂ થઇ. સમાધાનની વિષ્ટિની વાતો ચર્ચાવા માંડી, અને છેવટ સમજાવી પટાવી છોકરાના બાપને અમદાવાદમાં વિજયનેમિસૂરિએ સમજુતી કરી કે તમો રાજીનામું આપો તો અમુક દિવસમાં તમારો છોકરો સોંપી દેવામાં આવશે. આ શરતે ભાવનગરમાં છોકરાના બાપે રાજીનામું આપ્યું, ત્યારબાદ થોડા દિવસમાં તેનો છોકરો ઘેર આવ્યો.

આ રસ્તો વિજયનેમિસૂરિને નિરૂપાયે લેવો પડયો. ક્રમકે પોતાને ગોહિલવાડમાં આવવું હતું. બેદાનાનેસમાં કાર્ય કરવું હતું. વળી ભાવનગરના જૈનોને પોતાના કરવા હતા, તેથી ભાવનગરના છોકરાને પાછો આપ્યા વિના છૂટકો ન હતો.

હાલમાં સાંભળવા પ્રમાણે વડોદરા રાજ્યમાં બાળદીક્ષા અને અયોગ્ય દીક્ષાની સામે ધારાસભામાં કાયદા પસાર થયા.

કારણ એક હથ્થુ સત્તાના ઠેકેદારો તેની સત્તા ટકાવવા અનેક રમતો રમશે તેની સામે ધ્યેયમાં અડગ ઉભા રહીને આગળ ધપ્યા કરશો તોજ રૂઢીવાદનો અને અંધ શ્રદ્ધાનો નાશ કરી શકશો.

સમાજના અય નવજુવાન! ઉઠ, તારા કર્તવ્યનો અને જવાબદારીનો વિચાર કર.

પછી સમાધાનની વાત થતી સંભળાય છે. તેમાં વિજયનેમિસૂરિને વચમાં નાખવાની હીલચાલ થતી પણ સાંભળવામાં આવી છે. વિજયનેમિસૂરિ પોતેજ અયોગ્ય દીક્ષાના હિમાયતી છે. તો તેમને તટસ્થ માનવા જૈનો કેમ ભુલ કરતા હશે? તે સમજાતું નથી. હજુ તો ભાવનગરના સંઘની કસોટી થવાની છે. કેમકે ભાવનગરના સંઘે અયોગ્ય દિક્ષાના સંબંધમાં વિરોધ દર્શાવી જે ઠરાવ કરેલ છે. તે ઠરાવ વિજયનેમિસૂરિ રેવા દે કે રદ કરાવે છે તે જોવાનું છે.

સમાધાનનો રસ્તો અમોને તો એકજ લાગે છે કે બાલ-હરણ તથા બાલદિક્ષા અને માતા પિતા પત્નિ તેમજ તેમનાં બાળબચ્ચાંઓનાં ભરણ પોષણના બંદોબસ્ત કર્યાની તેમજ તેમની રજાની ખાતરી સ્થાનિક સંઘ તરફથી આપવામાં ન આવે ત્યાંસુધી સંઘ રજા આપી શકે નહિં. અને સંઘની રજા વિના કોઇપણ આચાર્ય, ઉપાધ્યાય, પંન્યાસ કે સાધુ દિક્ષા આપી શકે નહિં. આવી કબુલાતની સહીઓ દરેક આચાર્ય ઉપાધ્યાય પન્યાસ અને સાધુઓની લેવી જોઇએ. આવી સહીઓ દરેક કરી આપે એટલે સમાધાન આપોઆપ થઇ જાય તેમ છે. તેમાં એક એવી પણ કલમ ઉમેરવી કે આચાર્ય,ઉપાધ્યાય, પન્યાસ, કે મુખ્ય ગુરૂની પરવાનગી વિના કોઇ પણ શિષ્ય અયોગ્ય દિક્ષા આપશે તો તેને સમુદાયમાંથી દૂર કરવામાં આવશે.

ઉપર મુજબ કરવામાં આવે તોજ સાચો સમાધાન થયો ગણાય. તે શિવાય સમાધાનની વાતો કરવી એ માત્ર કાલક્ષેપ કરવા જેવું છે. સાધુસાધુઓ અંદર અંદર ઠરાવ કરી કહે કે અમોએ ઠરાવ કર્યો છે કે અયોગ્ય દિક્ષા કોઇ આપે નહિં, આવી વાતોથી જૈનોએ કે જૈન સંઘોએ છેતરાઇ જવાનું નથી. કેમકે સાધુ સાધુઓમાં જ્યાં એક બીજા વચ્ચે સંપ નથી; ત્યાં તેમના કરેલા ઠરાવ છાર ઉપર લીપના જેવો છે.

અમોએ ઉપર જે સહીઓ લેવાની સૂચવી છે, તે પણ જવાબદાર કોન્ફરન્સ જેવી સંસ્થા લે અને દરેક આચાર્ય, ઉપાધ્યાય, પન્યાસ, સાધુઓ પણ તે સંસ્થાને સહીઓ આપે તોજ ઉપયોગી છે; સિવાય લીધેલી સહીઓ પણ પડી રહેવાની છે. માટે યુવકોને અમારી ખાસ ભલામણ છે કે આવી હીલ-ચાલથી છેતરાઇ જવાનું નથી, કેમકે સમાધાન શબ્દનો ઉપયોગ બે પક્ષ વચ્ચે થયેલ વૈમનસ્ય દૂર કરવાનું હોય છે. અયોગ્ય દિક્ષા પ્રવૃત્તિવાળા અને અયોગ્ય દિક્ષાના વિરોધી વચ્ચે વૈમનસ્ય દૂર તોજ થઇ શકે કે જો દરેક આચાર્ય, ઉપાધ્યાય, પન્યાસો અને સાધુઓએ અયોગ્ય દિક્ષા ન આપવી એવી કબુલાત આપે તોજ. નહીં તો અમોને તો આ એક જાતનો વશ કાઢયો હોય એમ લાગે છે; કેમકે આવી વાતો કરી તેનો લાભ વડોદરાની ધારાસભામાં મોકલી થયેલ ઠરાવને રદ કરવવા સિવાય બીજું નથી. સમાધાનની ઇચ્છા હતી તો વડોદના રાજ્યે અયોગ્ય સંન્યાસ દિક્ષા પ્રતિબંધક ઠરાવની હકીકત જાહેરમાં મૂકી ત્યારેજ કરી લેવું ન હતું.

('સમય ધર્મ'માંથી.)

પાઠશાળાઓને મદદ.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તરફથી પાઠશાળાઓને મદદ આપવાની છે તે માટે છાપેલાં ફાર્મ મંગાવી તા. ૨૫ જુલાઇ ૧૯૩૩ સુધીમાં ઓનરરી સેક્રેટરીઓને (ઠે૦ ૨૦, પાયધુની, ગોડીજીની ચાલ, મુંબઇ ૩) અરજી મોકલી આપવી.

વીરચંદ પાનાચંદ શાહ,
સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી
ઓનરરી સેક્રેટરીઓ.

(અનુસંધાન પૃ. ૨૮૬ ઉપરથી.)

'ખિરજના ફળ મીઠાં છે' આખરે પુત્રીને માટે સારું ઘર મલ્યું ' હવે ત્રિભોવનથી ન રહેવાયું એ સમજી ચુકી કે પોતાની માથી કંઇજ લીલું થવાનું નથી અને પોતે જો મુંગી રહીતો, જીવતર એળે જવાનું એ ચોકકસ. એટલે જુસ્સો એકઠો કરી, લજ્જાને હડસેલી દઇ એ છંછેડાયલી નાગણ સમ તાડુકી ઉઠી–

' પિતાજી એક શબ્દ પણ આગળ ન ઉચ્ચારો. સારૂ ઘર હોય તો તમો ત્યાં જઇને પ્હાલજો. હું તો પગ પણ મૂકવાની નથી. તમોને ચોકખા શબ્દમાં જણાવું છું કે મારો વિવાહ મારી સંમતિ વિના કોઇનાથી પણ થઇ શકશેજ નહિં–તમારા સરખા લક્ષ્મીના લાલચુ–લોહીના વેપાર કરનારના હાથે મારા જીવનના શ્રેયની આશા! એકનું તો તમોએ કર્યું તે સારી સમાજ જાણે છે. તમારા આ ઢોંગથી આપણો ધર્મ પણ લજ-વાય છે! ચંડાળ ચરખા અધમ પણ પોતાની દિકરીઓને આવી રીતે વેચતા નથી. પશુના ગળા પર છરી ફેરવનારા તે પાપી કરતાં મારા જેવીના જીવનને કાયમને સારૂ વેડફી નાંખ-નાર તમો વધુ પાપી છો. ઉપરથી ધર્મીપણાના આડંબર રાખી તમો આ શું કામ કરી રહ્યા છો? એનો કંઇ ખ્યાલ છે? તમારા આવા હલકટ કાર્યોની ક્ષમા શું અષ્ટ પ્રકારીથી પ્રભુ આપશે કે? હજુ કંકુમાં પાણી પડે તે પહેલાં ચેતી જાવ-યાદ રાખજો કે તમારો આ જુલ્મ હું નહીંજ સહન કરું. પદ્મા ને વીમળા સરખી કક્ષાની નથી એ રખે વીસરી જતાં. તમ સરખા સ્વાર્થીઓ જ્યારે વડિલપણાનો આદર્શ વીસરી જઇ ન કર-વાના કામો કરવા લાગે ત્યારે મારા સરખી બાળાઓએ વિનય લજ્જાને વેગળી મૂકી તમારા જ્હેરા કાનપર આ સાચા બંબ ફેંકવાજ જોઇએ.'

આટલું બોલી ત્રિભોવન તરતજ રસોડાની બહાર નીકળી પડી.

એની મા તો સાંભળીજ રહી! એના જમાનામાં દિકરીને ગાય દોરે ત્યાં જાય' એ ઉક્તિ સિવાય ભાગ્યેજ તેણીએ બીજું કંઇ સાંભળેલું!

નાથાભાઇ તો જાણે ગાઢ નિદ્રામાંથી જાણે કોઇ માઠું સ્વપ્ન જોઇ ઝબકી ઉઠે તેમ પોકારી ઉઠયા.

"આ શો ગજબ!"

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ તરફથી

શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કૉલરશિપ (પ્રાઇઝ)

દરેક રૂપીઆ ૪૦ નું.

છેલ્લી મેટ્રીકયુલેશનની પરીક્ષામાં ફતેહમંદ નિવડેલા જૈન વિદ્યાર્થીઓ માટે.

મર્હુમ શેઠ ફકીરચંદ પ્રેમચંદના નામથી સોંપવામાં આવેલા ફંડમાંથી કૉન્ફરન્સ ઑફીસ તરફથી એક સ્કૉલરશિપ છેલ્લી મેટ્રીકયુલેશનની પરીક્ષામાં–**સંસ્કૃત વિષયમાં સૌથી ઉંચા નંબરે પાસ થનાર જૈન**ને, તેમજ બીજી સ્કૉલરશિપ **સુરતના રહેવાસી અને કુલ્લે સૌથી વધારે માર્કસ મેળવનાર જૈન**ને આપવા માટે નક્કી કરવામાં આવ્યું છે. એ સ્કૉલરશિપોનો લાભ લેવા ઇચ્છનાર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓએ–માર્કસ વગેરે સર્વ વિગત સાથે –નીચેના સ્થળે તા. ૨૦–૭–૩૩ સુધીમાં અરજી કરવી.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ,
૨૦, પાયધુની, મુંબઇ ૩,
તા. ૧૧–૬–૧૯૩૩.

શા. રણછોડભાઇ રાયચંદ ઝવેરી
મોહનલાલ ભગવાનદાસ ઝવેરી સોલિસિટર.
રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

પદ્માની પ્રતિજ્ઞા.

(સામાજીક નવલિકા)

લેખક,
શ્રી પદ્મકુમાર.

પ્રકરણ ૩.

આ શો ગજબ!

'અરે, અમો તો તમારી રાહ જોઇ જોઈ થાકયા!'

નાથાભાઇને આવતા જોઈ એક સાથે દુર્ગાદાસ કાપડીઆ અને તુલજાશંકર ગોર બોલી ઉઠયા.

નાથાભાઇ—'મને મોડું તો ન થાત, પણ આજે જરા પન્યાસજી મહારાજને વાંદવા ગયો ત્યાં મુનિ સંમેલનની વાત નિકળી. રોજ તો પ્રભુજીની અષ્ટ પ્રકારી રચુ એટલે દોઢ કલાક તો મારો દેગાસરમાં જાય. કોઇકવાર સારી સંખ્યામાં પુજો આવી ગયા હોય તો આંગી રચતાં કલાક વધારે પણ થાય. ખરૂં તો એજ છે ને? આતમ કલ્યાણમાં જે સમય ગયો તે લેખે, બાકીતો આ સંસાર અસાર છે. આરંભ સમારંભમાંથી કયાં ઉંચા અવાતાનું? સૌ સ્વારથના સગા! કેમ દુર્ગાભાઇ બોલતા નથી?'

'ખરૂં તો એજ છે, સંસાર બોટો તે સત્તર વખત બોટો. ભલેને એમાં પડયા હોઇએ પણ સત્યને બોળખતાં તો શિખવુંજ જોઇએના?'

દુર્ગાદાસભાઇએ પ્રત્યુત્તર આપતાં કોઇ ઉંડુ સત્ય આલેખ્યું.

'ત્યારેતો શેઠ, તમો પણ સાચા ભગત ખરા. તુલજાશંકરે ગાદીપર બેઠક લેતાં વાતની શરૂઆત કરી આગળ ચલાવ્યું 'જુઓને આજના જુવાનોને આપણી આ પૂજાવિધિ કયાં ગળે ઉતરે છે? તેઓને ડગલે ને પગલે આડંબર ને હંબગ દેખાય છે! હરિ, હરિ, આ તે કેવો કળજુગ આવ્યો છે! ઉંચ નીચના ભેદ ભુંસાવા માંડયા છે. નાત જાતના બંધનપર પાણી ફરવા લાગ્યાં છે અને પેલો મહાત્મા જેમ નચાવે તેમ બધા આંધળીયા કરી નાચી રહ્યા છે!'

આટલું બોલતાં તો જાણે ભૂદેવને કંઠે પ્રાણ આવ્યા હોય એવો ચહેરો કરી વાણી વિસ્તારતાં ગોર મહારાજ મુદ્દાની વાતપર આવ્યા—

'જુઓને નાથાભાઇ, આવા ઘોર નારિતકતાના જમાનામાં પણ કંઈ ધર્મચુસ્તો નથી પડયા! આ (દુર્ગાદાસ તરફ આંગળી ચીંધીને) શેઠનો મણિલાલ! જાણે રામનોજ અવતાર. એ કદિ પણ મ્હોંમાંથી અપશકન ન વદે! પિતાની આજ્ઞા કદિ ઉલંઘે પણ નહિં, રોજ વાખ્યાનને વ્રત પચ્ચખાણ તો ખરાંજ વળી ધંધામાં પણ પલોટાઇ ગયો એવો કે સોનો મહિનો તો થઇ ચુકયોજ. તમારી વિમળી માટે આ કરતાં સારો મુરતીયો કયાંથી મળવાનો છે? આ તો બીજે ચોકકું એમતું હતું પણ તમે મને વાત કરેલી એટલે શેઠને અહીં તેડી લાવ્યો.'

'જો સારૂં ઘર મળતું હોય તો હું કંઇ મ્હોં ધોવા જઉં તેમ નથી. વિમળી હવે મોટી થઇ છે, એટલે મારે પણ સગપણ તો કરવાનું છે. પણ શરત કેવા પ્રકારની છે તે તો જણાવો.

'મને કયાં ખબર નથી? પણ પદ્માબેનવાળા ઘરની વાત જુદી અને આ ઘરની વાત જુદી. પાનાચંદ શેઠ ઉમ્મરે ઉતરેલા એટલે દશહજાર પોષાયા, આ તો જુવાન વર, ખાનદાન ઘર, માત્ર ગામડે વસેલા એટલેજ વાંધો, છતાં બે હજારની તો હા પાડે છે! હવેતો ખુશીને!

'પાંચ હજારથી એક દમડી પણ ઓછી નહીં. આવી ભણેલ-સ્વરૂપવાન ને ઉમ્મર લાયક કન્યા શોધી તો લાવો.'

ત્રણ હજારનો ફેર ટાળવાની રકઝક ખુબ ચાલી. ગોરે પણ સોદ્દો ગોઠવવામાં કચાશ ન રાખી. તેમનું પુષ્ટ શરીર પરસેવાથી નીતરવા લાગ્યું. પાણીનો લોટો મૂકવા આવેલી વિમળી પણ થોડી ઘણી વાત પામી ગઇ. રસોડામાં પાછા ફરતાંજ પ્રશ્ન કર્યો—

'માતુશ્રી બહાર શાની ભાંજગડ ચાલે છે વારૂ?'

અડધી પડધી વાત જાણનાર માએ સરળતાથી જવાબ આપ્યો—

'દીકરી' હવે તું મોટી થઈ એટલે તહારો વિવાહ કરવો પડશેને તેની એ વાતચીત હશે. જોને, બિચારી પદ્માને સુખ જોયું છતાં ભાગ્ય નડયું. તહારે માટે તો ઘરડો વર જોવાની મેં સખત ના પાડી છે. આ દુર્ગાદાસનું કુટુંબ આપણી સમાજમાં મોભાદાર ગણાય છે. પાસે બે પૈસાનો જીવ પણ ખરો. વળી વહેવારમાં પણ સમજે, ધરમ મારગે પણ ખરચે છે.'

વીમળા તો ઘડીભર વિચારમાં પડી. જયાં કરીયાણા માફક કન્યાવિક્રયના સોદ્દા ચાલી રહ્યાં હતાં ત્યાં માતાની આ બધી લાગણીનો શો અર્થ! મોટી બ્હેન પદ્માનું જીવન કેવી રીતે વેડફાઇ ગયું તે તેણીની નજર સામેજ હતું. પદ્મા ને વીમળાની વયમાં માત્ર બે વર્ષનોજ ગાળો હતો. ઉભયને કન્યાશાળાની કેળવણી સારા પ્રમાણમાં મળી હતી. પોતાનું શ્રેય શામાં છે એ જોતાં તેમને આવડતું. છતાં નમ્ર સ્વભાવી પદ્મા જે કાર્ય મુંગી રીતે સહન કરી ગઇ તે આ વીમળાથી સહી શકાય તેમ હતુંજ નહીં. જુસ્સાથી તે બોલી ઉઠી—

'માતા, તું પિતાજીના પુરા કર્ત્તવ્યથી વાકેફ નથી. એ ગાઢ સુખ નથી જોતાં પણ સદ્દેદ ઘોળીઆ જોઇ રહ્યા છે! મોટા બ્હેનના દશ હજારથી તેમની તૃષ્ણા ન છીપાઇ! કે જેથી આજે ગાઢ લીલામ કરવા બેઠાં છે! તમો મારા માતા પિતા છો કે દુશ્મન! તહારૂં વાત્સલ્ય કયાં છુપાયું?'

બેઠકમાં પણ વીમળાના શબ્દો આછા પાતળા સંભળાયા. નાથાભાઇના તીવ્ર કાન એ પામી ગયા. આખરે ચાર હજારમાં સોદ્દો નક્કી કર્યો, અર્થાત્ એટલે રૂપીએ પોતાની પુત્રી વીમળાનું વેચાણ કર્યું. સંસારની અસારતા પર ઘડી પહેલાં ઉભળકા આણનાર અને આત્મકલ્યાણના બણગા ફુંકનાર આજ મહાશય! આ વેળા ધર્મ સાંભર્યો સરખો પણ નહીં વહેવાઈ તથા ગોરને શુભ દિને ચાંલ્લા કરવાની વાત કરી વહેલાં વહેલાં રસોડામાં આવ્યા.

આવતાં ભેરજ ધવલશેઠનો પાઠ બજાવતાં બ્હેન કહી વીમળીને જાણે શુભ સમાચાર ન આપતાં હોય એમ હસીને કહેવા લાગ્યા-વિમળીને સંભળાવવાની ઇચ્છા છતાં પત્નીને ઉદ્દેશીને બોલ્યા—

(અનુસંધાન પૃ. ૨૮૮ ઉપર જુવો.)

ત્યાગ ધર્મની હાંસી માટે કોણ જવાબદાર છે?

નવયુગ પીછાનવા સાધુ વર્ગની બેપરવા છે.

લેખક, ?

રશીયાએ જ્યારે સમસ્ત રાષ્ટ્રનું પુનર્વિધાન કર્યું ત્યારે-ધર્મમંદિરો-મઠો અને મઠાધીશો વિગેરેને પહેલી ઘડીએજ પાણીચું આપ્યું હતું, આનું મુખ્ય કારણ તો એ હતું કે પાદરીઓએ ધર્મને નામે અનાચાર કરવામાં કે દંભ સેવવામાં કશીએ મણા નહોતી રાખી. રાજાઓ અને મૂડીવાદીઓના જન્મ હકકોને દૈવી હકક તરીકે ડોકા બેસાડવામાં તેઓ સામેલ હતા-અને પ્રજા ધર્મને નામે એટલી અંધ ભક્ત અને શિથિલ બની ગઇ હતી કે પોતાના વ્યકિતત્વને પીછાણ્યા વિના કલ્પિત ઇશ્વરનેજ પ્રાર્થના કર્યા કરતી, જ્યારે અસહ્ય દુઃખો પડયાં ત્યારે એજ પ્રજાએ રાજાને પદભ્રષ્ટ કરી તેના બધા બાંધીઆઓને પણ તેજ રસ્તે રવાના કર્યા. આ બનાવ એક ઐતિહાસિક બનાવ થઇ ગયો છે. જો કે તે અગાઉ પણ આવા બનાવો બનેલા પણ આવા જવલંત અને દ્રષ્ટાંત રૂપ નહિં. અત્યારે જ્યાં જ્યાં નજર કરશો ત્યાં ત્યાં ધર્મના નાયકો અને ધનિકોની દોસ્તી દ્રષ્ય થશે, આને હું અકુદરતી નથીજ લેખતો. પરંતુ ખરો વિષય તો એજ તપાસવાનો છે કે આ એક બીજાનું ભેરૂપણું સમાજને કેટલું હિતકર છે? આજે મોટા મોટા ધર્મના નેતાઓ નવયુગથી બીએ છે. તેઓ સત્તાની સહાય લે છે, તેઓ એમ સમજે છે કે આજકાલના અણસમજુ યુવાનો શાસ્ત્ર પ્રણેતાઓની આજ્ઞાનું ઉલ્લંઘન કરી નાસ્તિકતા પ્રચારે છે. તેઓ તેમાં મંદિરોની મઠોની, ઉપાશ્રયોની અને પોતાની સલામતી નથી સમજતા. આને લઇ તેઓએ જુની પ્રથાઓના પૂજકોને પડખે રાખ્યા છે અને તેમના ધન વડે તેઓ નવા નવા સમયાનુકુળ થતા ક્રાન્તિકારક સુધારાઓનો સામનો કરી રહ્યા છે. પરંતુ તેમની આવી માન્યતા અસ્થાને છે. આજનું વિચાર પરિવર્તન વિનાશ માટે નથી પરંતુ તે નવસર્જન માટે છે-સમાજની કાંઇક ઉન્નતિ માટે છે. ધર્મ-સમાજ-રાષ્ટ્રને વિભકત રાખી પ્રજાની અંદર ખોટા ભેદ ભાવોનું વિષ પ્રસર્યું છે તે કાઢવા માટે આજે જ્યાં ત્યાં ઉકળાટ છે. અમે તો ત્રણે ક્ષેત્રોને જુદાં જુદાં ન ગણતાં તેમને ગુંથાએલા જોઇએ છીએ અને અમારા જીવન વ્યવહારમાં કાલ્પનિક દિવાલો ન ઉભી કરતાં અમારા જીવનને તે સંગઠિત પ્રવાહમાં ઓતપ્રોત કરવા ઇચ્છીએ છીએ. આજે પ્રજા, વાદવિવાદથી આથડા આથડામાંથી બહાર નીકળી કંઇક નવો પ્રકાશ માગે છે. આજે યુગો થયાં ધર્મયુદ્ધો થતાં તેને તિલાંજલી આપી વિશ્વ બંધુત્વને ચીલે ચાલવાના મનોરથો જાગ્યા છે. કદાચ રાજ્યો માંહોમાંહે લડવા તૈયારી કરી રહ્યાં હોય પરંતુ પ્રત્યેક રાજ્યના પ્રજાજનો શાંતિ માટે પોકાર કરી રહ્યા છે. આજે માનવ સંહાર માટે કોઇ તૈયાર નથી.

આજે આપણાં સાધુ વર્ગને વિજ્ઞપ્તિ કરી દરેક કામ થાય છે. વખત એવો પણ આવે કે એ રાહ છોડી જુદો રાહ લેવો પડે. હમણાં એક પરિષદમાં, મ્હારૂં સાંભળ્યું જો સાચું હોય તો એક વિદ્વાન બંધુ બોલેલા-" કે સ્પેનના ગોધાઓની લડાઇ જોયેલી પરંતુ એવીજ લડાઇ આજે સાધુઓની નિહાળી. ઉમેરતાં તે ભાઇએ કહેલું કે ત્યાગી વર્ગ પોતાના કુસંપો દૂર નહિં કરે અને સમાજમાં કલહ કરાવશે તો તેના વસ્ત્રો ખેંચી લેવામાં આવશે." આ શબ્દો પાછળ કંઇક વેદના જરૂર હશે. એ વાત ખરી છે કે આજના ગરીબ લોકો સમૂહોના મોટા ખર્ચોને કે તેમના આડંબરોને પોષી શકે તેમ નથી. આજે જ્યાં કયાંય એકાદ આચાર્ય કે પદવીધર હશે ત્યાં આવા ખર્ચો આડંબર રૂપે થાય છે. આને ભકિતરસ કહેવામાં આવે છે. અમે પુચ્છીએ કે આ ધન તેજ મૂર્તિના પૂજકો યા ભકતોના મનુષ્યપણાને વધારે ઉજ્વળ બનાવવામાં વપરાય તો ધર્મનો શું જય નથી થતો?

પંચ મહાવ્રતધારીઓ બની પાંચે મહાવ્રતમાં શિથિલ ન હોય એવા કેટલા છે? આજે અહિં હું દોષ આલેખવા માટે નથી બેઠો **પરંતુ જેમના હાથમાં અમૂક અંશે પ્રજાનું ઘડતર છે, જેમની ઉપર શ્રદ્ધા રાખી પ્રજા ઘેલી બને છે. અને જેની પાછળ પોતે જાન માલ કુરબ્બ ન કરવામાં અનુયાયી અચકાતા નથી તેવા ગુરૂવર્ગમાં કોઇ અજબ શિથિલતા અને બે પરવાઇ જણાતી હોય—તે શિથિલતા સામે આ પોકાર છે. આજે પ્રજા વેશપલટાને નથી પૂજતી આજે તો હૃદય પલટાની જરૂર છે.**

પ્રજાને જરૂરી એવાં કેળવણી-વ્યાયામ વિ-સાધનો ઉપર અણઘટતા પ્રહાર કરી ધનિકોને તે ન પોષવાનું કહેતા આજે ઘણાને સાંભળ્યા છે. યુવકોને ઉદ્ધત કહી તેમની વિચાર સ્વાતંત્ર્યતાનું બળ ન સહેવાની શકિતને લઇ તેમના દરેક રચનાત્મક કાર્ય પદ્ધતિને પ્રથમથીજ અવગણી તેમને સાથ ન આપવા તેઓએ વર્તન કર્યું છે-સુચન કર્યું છે. શ્રાવક વર્ગમાં શિરિક્ષતા હોય તો તે કાઢવી તે તમારી ફરજ છે. સમાજના પોષણ તરીકેનો તે બદલો છે. આજે ધર્મ ઝનુની જૈનો કરતાં ચેતનવંત-પ્રાણવંત જૈનો જેઓ રાષ્ટ્રને રાજકરણ-કે સામાજીક વિગેરે બાબતોમાં ફાળો આપે તેવા જૈનોની જરૂર છે. જે સંગઠ્ઠનનો સૂર સંભળાય છે તે સૂરને સત્કારી તમારા અંદર અંદરના કલહો બંધ કરી અનુયાયી વર્ગને સન્માર્ગે દોરવો તે તમારૂં કામ છે. સમયને વાંચી દુરંદેશીપણાથી પ્રજાને ધર્મ અને રાષ્ટ્રનું અભિન્નત્વ સમજાવવાના તમારે પ્રયત્નો કરવા જોઇએ. યુવકોનો સાથ માગી તેમના શુભારંભોને ઉત્તેજી સહધર્મીઓની સુખ વૃદ્ધિ કરવા તેમની દુઃખદ દશા ટાળવા તમારે પ્રેરણા આપવી જોઇએ. પ્રજા તે વખતે તમને ખરા દીલથી પૂજશે. તે વખતે તમારો સગભાવ ખીલશે અને ખરૂં સાધુત્વ શોભાવ્યું કહેવાશે. નહિં તો પછી સમય તો સૌની ખબર લેશેજ.

ઓઘા માટે બારીક ઉન.

સાધુ, સાધ્વીને ઓઘા માટે બારીક ઉનની જરૂર હોય તો ભાવ માટે લખો:—

ઇન્ડીયન વાર્ન સપ્લાઇઝ ડીપો.

પોષ્ટ બોકસ નંબર ૭૬૭, મુંબઈ, નં. ૧.

?

"આંગણે ઉષાને મ્હને ઉડવું ગમે,
હો મ્હને ઉડવું ગમે.
× × × ×
પાંખના, ન માર્ગ જ્ઞાન,
પથ વિરાટ, નભવિતાન;
આશનાં અનન્ત ગાન
અંતરે શમે,
હો મ્હારે અંતરે શમે.
—આંગણે૦—"

(પ્રસ્થાન પોશ/૮૯)

* * * *

'દિક્ષા નિયામક નિયંધ' ધારાસભામાં પસાર થયો. હવે કાયદાનું રૂપ પામશે, સૌ જાણતા હતા કે ધડાકો થશેજ. પણ થયો ત્યારે જૈન જગતનાં સ્થંભી ગયેલાં નીર વહેવા માંડયાં. અને સુલેહની વાતોરૂપી મોંજા ધીમે ધીમે કિનારા તરફ દોડવા લાગ્યાં. પ્રબુદ્ધ જૈન'નું તંત્રીખાતું પડદા પાછળ ચાલતી સુલેહની મંત્રણાઓની યુક્તિઓ અને ભેદો પારખવામાં રોકાયું હશે! અને સુલેહની વાતો ચાલતી હોય ત્યારે જુના પોપડા ઉખેડવા એ ગુન્હો ગણાય. એટલે 'ફ્રેીસ્ટ' સુલેહની મિમાંસા કરવાનું મુલતવી રાખી એટલું કહી દેવાનું સાહસ કરે છે, કે: યુવાનો! ચેતજો!! હજુ "દીલ્હી દુરસ્ત"—દીલ્હી દુર છે. અગર જો સુલેહ થશે તોપણ તે થોડા દહાડા પછી only piece of paper–માત્ર કાગળનો ટુકડોજ–ગણાશે.

* * *

'આર્ય સંસારમાં ઘેર ઘેર માટીના ચુલા' એ કહેવત આપણા સાંસારિક જીવનમાં ડોકીયું કરતાં આજે પણ સાચીજ જણાય છે. ભુતકાળની ભવ્યતા પર વારી જનારા પુરાણવાદીઓને જરા રસ પડશે એમ ધારી થોડાં વર્ષો પહેલાં 'સુન્દરી સુબોધ' માસિકમાં સંસ્કૃતમાંથી બે ત્રણ શ્લોકનાં સમશ્લોકી ગુજરાતી ભાષાંતર છપાએલાં, તેમાંથી એક–સ્મરણમાં છે તેવું–નીચે ઉતારૂં છું:

"ગાજે છે વરસાદ?–ના, ના ગાજો દીએ સાસુજી
ચમકે છે શું વીજ?–ના, ચપળા એ નણંદી તણી જીભડી.
ઘેરાયું આકાશ?–નાં, પતિજીએ ગાઢાં ધર્યાં રૂષણાં.
વરસે છે વરસાદ?–ના, ના, ગરીબડી વહુ તણાં–
–આંસુડાં.

'કળજગ' નામે આજની સાસુ વહુની નિંદા ભલે કરે, પણ એમના, સત્યયુગની સાસુઓ અને નણંદોનાં પરાક્રમો ઉપરના શ્લોકમાં આલેખાયાં છે, તે વાંચ્યા પછી એટલુંજ કહેવું બસ નથી કે: સત્યયુગનો એ વારસો આપણને ન મલ્યો હોતતો આજનો સંસાર વધારે સુખી હોત!

× × ×

ઉપરનો ઉતારો રખે કોઈ માત્ર ટાઢયલું માને. દિક્ષાનો મહત્વનો પ્રશ્ન આજે વિકટ બની આપણને મુઝવી રહ્યો છે. તેનાથી કેટલાય વિકટ અને મહત્વના આપણા સાંસારિક પ્રશ્નોનો આપણે ઉકેલ કરવાનો છેજ. જૈન કોમને કેળવણીનો પ્રકાશ જરા મોડો સાંપડયો એટલે દરેક દિશામાં તેની પ્રગતિ જરા પાછળ છે. અલબત આપણા સાંસારિક જીવનને ઉન્નત બનાવવા માટે અગાઉ આંદોલનો નથી થયાં એમ નથી. પરંતુ એ આંદોલનો દ્વારા આપણા અર્ધાંગ (સ્ત્રી સમાજ) નો પ્રશ્ન માત્ર પુરૂષની દ્રષ્ટિએ અને શાસ્ત્રના નામે ચઢી ગયેલાં કેટલાંક લખાણોને અવલંબીને જ ચર્ચાયો–વિચારાયો છે. આજે સમાજમાં એવા યુવાનો મળીજ આવશે કે જેઓ એ રીતનો જબ્બર વિરોધ કરે છે. એમાં નારી જગતનું અપમાન રહેમજે છે. સ્ત્રી એક વ્યક્તિ છે. અને સ્ત્રી જગતના એવા કેટલાય પ્રશ્નો છે, કે જેની વિચારણા એમના જીવન વિકાસની દ્રષ્ટિએજ થવાની આવશ્યકતા છે. સ્ત્રી શક્તિનો પ્રભાવ ગુજરાતે પણ અનુભવ્યો છે. અબળા ગણાતી એ કેવાં પ્રબળ પરાક્રમો કરી શકે છે, તે જાણ્યા પછી પણ આપણે એ વર્ગને અન્યાયની પરંપરા નીચે દબાવ્યે જવો એ પુરૂષ વર્ગની–તેમાંય યુવાન વર્ગની–નરી પામરતા છે. યુવાનો એટલું ખુબ યાદ રાખે કે જ્યાંસુધી એ તમારૂં અંગ અપંગ છે ત્યાંસુધી તમારી બધી 'આશાઓનાં અનન્તગાન અંતરેજ શમવાનાં છે.'

* * * *

આપણા તીર્થો તરફ આપણને જેટલો મોહ છે, તેનાથી કેટલાય ગણી ભયંકર બેદરકારી આપણા તીર્થો તરફ આપણે બતાવી રહ્યા છીએ. અને તેનાં બુરાં પરિણામો પ્રત્યક્ષપણે આપણે અનુભવી રહ્યા છીએ. વળી અઢળક સંપત્તિ ખરચી બંધાવેલા જીનમંદિરોને સંભાળવાની તાકાદ જ્યારે આપણે ગુમાવી બેઠા છીએ ત્યારે નવાં તીર્થો ઉભાં કરવાં એથી વધારે બીજી કઇ મુર્ખાઈ હશે? અને તેમાંય વળી ગુરૂમંદિરો પણ એક પછી એક બંધાવા માંડયાં છે. ગુરૂમંદિરોની પ્રથાની વર્તમાન શરૂઆત વખતેજ 'જૈન પ્રકાશ'માં શ્રી. મૌક્તિકે એ પ્રથા સામે પોકાર ઉઠાવેલો પણ તે બ્હેરા કાનો ઉપર પડવા સરખું થવા સાથે જૈન જગતમાં સુધારક ગણાતા મુનિશ્રી વિદ્યાવિજયજીએ પોતાના પ્રચાર પત્રમાં તંત્રી લેખો દ્વારા ખુબ કૂર મશ્કરી ઉડાવેલી. આજેય એથી ભિન્ન મનોદશા સર્વત્ર પ્રસરતી હોવાનું માનવું એ ચોકસ ભુલજ છે. માટે કોઇનીય સંકમાં તણાયા સિવાય ગુરૂમંદિરોની પ્રથા રહામે પ્રચંડ પોકાર ઉઠાવવાની આવશ્યકતા છેજ એટલું જૈન જગત રહેમજી લ્યે!

* * * *

જેમ જેમ યુવક પ્રવૃત્તિ આગળ ધપતી જાય છે તેમ તેમ એક પછી એક પ્રશ્નો ઉકેલ માટે આપણી દ્રષ્ટિ સમક્ષ આવવાનાજ. હજુ તો આપણે 'આવતી કાલનાં' પ્રશ્નો વિચારવાના બાકી છે. ત્યાં 'વર્તમાન કાળના' પ્રશ્નોની વિચારણામાંજ યુવાનો થાકી જશે તો 'સમાજ ઉદ્ધાર'નું મહત્વનું કાર્ય પછી કોણ કરશે? કોઇ જીર્ણ મનોદશા ભલે માનતી હોય કે નવસર્જન તો વૃદ્ધોજ કરી શકશે. આ માત્ર માની લીધેલી માન્યતા છે. અગર તો 'યુવાન'ની વ્યાખ્યા રહેમજવામાં થયેલી ભૂલ છે. યુવાનો! નવસર્જન તહમારેજ કરવાનું છે–તહમારેજ કરવું પડશે. માટે મેદાને પડયા પછી પાછા હઠવું એ 'વીર'નું ભુષણ નથી. એક વિદ્વાને કહ્યું છે કે–'અપૂર્ણતા એ માનવનું લક્ષણ છે, તો સંપૂર્ણતા એ માનવનું લક્ષ્ય છે.' આ વાક્યનું પ્રત્યેક યુવાન મનન કરે અને કર્તવ્યમાં તત્પર બને!

1-7-33

—FEDIST.

हिन्दी विभाग.

जैनियो ! सच्चे जैनी बनो ।

वर्तमान जैन समाज रूढिधर्म और दलबन्दी के कारण क्षीण होता हुआ मृत्यु की तरफ अग्रसर हो रहा है। इसका कारण जैन–धर्म के वास्तविक रूप की अज्ञानता है। इसका एक मात्र उपाय हमारा सच्चा जैन बनना है। सच्चे जैनत्व को प्राप्त करके हम केवल जैन समाजमें ही नहीं किन्तु समस्त संसारमें प्रेममय सुख, शान्ति का राज्य स्थापित कर सकते हैं।

(१) आत्म स्वतन्त्रता जैन धर्मका प्रधान लक्ष्य है। वह ईश्वर की भी गुलामी स्वीकार नहीं करता, क्यों की आत्मासे ही परमात्मा होजाना उसका मुख्य सिद्धान्त है। यह समानाधिकार का निर्मल और उच्चतम रूप है।

(२) विचार या व्यवहार संकीर्णता के लिये जैन धर्ममें कोई स्थान नहीं है। परस्पर विरोधी विचारों को निर्विरोध करना ही स्याद्वाद है। मैं जो मानता हूँ वही ठीक है, इसप्रकार के हठको जैन धर्ममें एकान्तवाद, या मिथ्यात्व (झुठ) के नामसे कहा गया है। नीचातिनीच दुःखमय परिस्थिति से जीव मात्र का उद्धार करना जैन धर्मका मुख्य ध्येय है। इस लिये प्रत्येक जैन को सहनशील और उदार होना आवश्यक है।

(३) जैन–धर्मके ध्येय और सिद्धान्तमें इतना दृढ निश्चय होना आवश्यक है, कि जिससे बदनामी का डर, [लोक भय] स्वर्ग नरक का भय [परलोक भय] तकलीफों का डर, मृत्यु भय, छिपी बातों के खुलने का डर, [गुप्त भय] अकेलेपन का डर, [अनरक्षा भय] और आकस्मिक आदि किसी भी प्रकार के भयसे अपने मार्गसे विचलित न हो।

(४) प्रत्येक जैनको लालच और स्वार्थ छोडकर अनासक्त होकर जीव मात्रका उपकार करना चाहिये।

(५) प्रत्येक जैनकी अन्तर्दृष्टि होनी चाहिये। किसीके बाह्यरूपको देखकर घृणा करना उचित नहीं है।

(६) प्रत्येक जैन को विचारवान–विवेकी और परीक्षाप्रधानी होना चाहिये। प्रचलित कुरीतियों और रूढियोंका अनुगामी न होना चाहिये ! अहितकर शास्त्रो और भेषियोंके बाह्यरूप को देखकर लुभाना नहीं चाहिये। उनके अन्तरङ्गको देखकर परख करो।

(७) किसीभी अज्ञान या निर्बल व्यक्तिद्वारा किये हुये अयोग्याचरणको गुप्त रीतिसे सुधार करना उचित है। परन्तु उद्दंडी ढोंगियों और समाजकी कमजोरीसे लाभ उठाने वालोंके असली रूपको प्रकट करके धर्म मार्ग को रखते हुये वृद्धि करना उचित है।

(८) कोईभी व्यक्ति यहि धर्माचरणसे च्युत हो जावे तो उसे जैसे बने तैसे स्थिर करना उचित है। बहिष्कार करना उचित नहीं।

(९) सहधर्मियोंसे माँ बच्चे जैसा शुद्ध निष्कपट प्रेम रखना चाहिये।

(१०) प्रत्येक जैनका यह पवित्र कर्तव्य है, कि वह जिस प्रकारसे होसके उस प्रकार संसारका अज्ञानान्धकार दूर करके घर–घर और कोने–कोनेमें वीर भगवान्के दिव्य सन्देश को पहुँचा कर जैन–धर्मके महत्वको जगद् व्यापी करदे।

समाजके सभी विचारवानों और विशेषतः उत्साही नवयुवकों से हमारी अपील है कि वे इस पवित्र कार्यमें सहयोग दें। जैन समाजके सच्चे कर्मवीर सेवकोंके लिये यह एक बड़ा उपयुक्त क्षेत्र है।

चौधरी वसन्तलाल जैन,
सञ्चालक–जैन युवक संघ इटावा.

केशरीयाजी तीर्थ संबंधमां पेथापुर जैन संघनो ठरावो.

(१) केशरीयाजी तीर्थ संबंधमां त्यांना पंडयाओओ जे आपखुदी अने अघटीत वर्तनथी जैनोनी लागणी दुभावी छे ते बदल आजनी सभा सख्त शब्दोमां तिरस्कार जाहेर करे छे, अने वधुमां दुःखना पूरक माने छे के श्री जैन श्वेतांम्बर मूर्तिपूजक कोमना हक्कने धरादा पूर्वक नुकशान पोचाडवानी जे प्रवृति ग्रहण करवामां आवी छे. प्रवृति नष्ट करवा उदेपुर नरेशने विनंती करे छे.

(२) अखील भारतीय जैन श्वेतांम्बर मूर्तिपूजक कोमने नम्र अरज गुजरे छे के केशरीयाजी तीर्थमां अर्पातुं द्रव्य पंडयाओना हस्तकमां जवा न पामे तेवी दरेक पुरती काळजी लेवी, अने वधुमां आणंदजी कल्याणजीनी पेढीने पण आ प्रकरणने लगतो योग्य उद्योगरत्न करवा तेमज दुभावेली लागणी शांन्त करवा जे जे योग्य पगलांओ लेवां घटे ते लेवा सूचना करे छे.

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩ માં છાપ્યું છે. અને ગોકલદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬–૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

આપણી સંસ્કૃતિ.

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

તંત્રીઃ રતિલાલ ચીમનલાલ કોઠારી. | સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ | શ્રી. મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦ | વર્ષ ૨ જું, અંક ૩૭ મો. | શનીવાર, તા૦ ૧૫-૭-૩૩.

મહારાષ્ટ્રના પાટનગર પૂનાને આંગણે મંત્રણા કરવા મળેલા રાષ્ટ્રનેતાઓના નિર્ણય તરફ સમસ્ત દેશનું ધ્યાન ખેંચાઇ રહ્યું છે; આ યાદગાર ઐતિહાસિક બેઠક તા. ૧૨-૧૩ જુલાઇએ તીલક મંદિરમાં મળી હતી. દેશના જુદા જુદા ખુણાઓમાંથી લગભગ દોઢસો અગ્રણીઓએ હાજરી આપી હતી. શ્રી. અણેએ પ્રમુખસ્થાન લીધા બાદ મહાત્માજીએ કેટલાક યોગ્ય મુદ્દાઓ રજુ કર્યા હતા. બન્ને દિવસોમાં ઉલીગેટાએ સ્પષ્ટ અભિપ્રાયો આપતાં મોટા ભાગનો સૂર સત્યાગ્રહ ખેંચી લઈ દેશ સમક્ષ બીજો રચનાત્મક કાર્યક્રમ ઘડી, અમલમાં મુકવા તરફ હતો. પરિષદમાં જાહેર થયેલા હેરફેર વિચારો સંબંધી ગાંધીજી શું અનુમાન પર આવશે તે કહેવું મુશ્કેલ છે. સહુ કોઇ ગાંધીજીના નિવેદનની રાહ જોઈ રહ્યા છે, જેઓ "ભાવી માર્ગ" આજે જાહેર કરવાના છે.

'તટસ્થ'

એ ભીરૂ વાણી કોણ ઉચ્ચારે છે? અમે તટસ્થ છીએ, અમે નિષ્પક્ષ છીએ, અમે પ્રેક્ષક છીએ, અમે એકકે છાવણીમાં નથી—એ કાયરનાં વચનો કોણ બોલે છે?

'તટસ્થ' એ ફીક્કો શબ્દ દુર્બળની જીવ્હા ઉપર વસે છે, અને એ સ્થાને એ શોભે છે, પરંતુ જે પુરૂષો તેમની બુદ્ધિના નિરધારો મુજબ નિજના શોણિતનો ધોધ વહાવી શકે છે, જે નરસિંહના વિચારો, અને ઉર્મિઓનો એક પ્રવાહ બંધાય છે, જે માનવવીરોનાં બુદ્ધિ અને હૃદય વચ્ચે એકાત્મ ભાવ વર્તે છે, તેઓ કદિ 'તટસ્થ' હોઇ શકેજ નહિ. કદિ નહિ, કદિ નહિ, મર્દ કદિ 'તટસ્થ' હોઈ શકેજ નહિ!

'તટસ્થ' એ શબ્દ અર્થહીન છે, વાણીની દુનિયામાં એ નપુંસક છે, જ્યારે આ સ્તબ્ધ જગત સન્મુખ મહા કોયડાઓ ઉભા છે, ત્યારે કોઈ વીર્યવાન નર 'નિષ્પક્ષ' રહી શકેજ નહિ. એવા પુરૂષને એના સિદ્ધાન્તો હોય છે; અણુનમ એ સિદ્ધાન્તોની રક્ષા કરતો ઉભો હોય છે; એ ગર્જે છે, એ એની વિચારણાનાં આન્દોલનો ઉભાં કરે છે; એ નિર્ભીકપણે જગતની સમસ્યાઓના ઉકેલમાં પોતાનો ફાળો આપે છે; 'રાહ ભૂલો છો' એવી દુન્યવી ડહાપણની વાણી એને ચળાવતી નથી.

વિવેકબુદ્ધિના શાસન અનુસાર તમે નિરૂપયોગી વાણી ભલે ન વદો; વાણીદ્વાર ઉપર મૌનનું તાળું તમે ભલે મારો, પરંતુ આજે 'તટસ્થ' કેમ રહી શકાય? આજે, જ્યારે જખમી જગત આશાયેશ માંગે છે, જ્યારે પીડિત માનવજાત પીડનમુક્તિના માર્ગો શોધે છે, ત્યારે કોણ પોતાના સ્થાપિત જીવનસૂત્રો વિનાનો રહી શકે? 'તટસ્થ' રહેવું, અભિપ્રાય વિહીન ઉભવું, સિદ્ધાન્તવિહોણા જીવવું, એ કાયરનું કામ છે.

(કુલ છાપ)

પુરિસા ! સચ્ચમેવ સમભિજાણાહિ ।
સચ્ચસ્સ આણાએ સે ઉવટ્ઠિએ મેહાવી મારં તરઇ ॥
(આચારાંગ સૂત્ર.)

પ્રબુદ્ધ જૈન.

શનિવાર, તા૦ ૧૫-૭-૩૩.

આપણી સંસ્કૃતિ.

સંસ્કૃતિથી આપણું જીવન ઘડાય છે, જે સમાજની સંસ્કૃતિ સારામાં સારી હોય છે, તે સમાજ હંમેશ ઉન્નત પંથમાં અગ્રેસર હોય છે, સમસ્ત વિશ્વના વિશાળ પટમાં આપણે નજર કરીશું તો જણાશે કે સંસ્કૃતિથીજ માનવતા પ્રગટે છે. આપણા સમાજના ભૂતકાળ તરફ આપણે જવા જોઇએ તો ખ્યાલ આવશે કે ભૂતકાળના ઉન્નતસંસ્મરણ આપણી સંસ્કૃતિને આભારી હતાં, આજે એ સંસ્કૃતિમાં વિકાર થયો છે, એ વિકારને જ્યાં સુધી દૂર કરવામાં ન આવે ત્યાં સુધી આપણી ઉન્નતિ અશકય છે, સંસ્કૃતિ એટલે આપણા મન ઉપર અનેક પ્રકારના સંસ્કારો પડે છે, તેમાં જે સારા સંસ્કારો હોય, ગ્રાહ્ય હોય, તેવા સંસ્કારના સમૂહને સંસ્કૃતિ કહેવામાં આવે છે, આવા સંસ્કારો જે આપણા ઉપર પડે છે, એ સંસ્કારો આપણે બીજાને પણ આપી શકીએ છીએ, એટલે કે આપણા બાળકોને પણ આપણા સંસ્કારોનો વારસો મળે છે.

પંડિત સુખલાલજી કહે છે કે "જે સંસ્કૃતિમાં ગુણો ઘણાં હોય અને દોષો થોડા હોય તે સંસ્કૃતિને ચલાવી લેવાય પણ દોષો ઘણા હોય, અને ગુણ બહુજ ઓછા હોય તે સંસ્કૃતિ કયાંય ચલાવી ન લેવાય. કારણ કે એથી આપણો નાશ થાય છે" આપણી હાલની સંસ્કૃતિ આપણે તપાસીશું તો તેમાં ગુણો કરતાં દોષો ખૂબ નજરે પડશે. પહેલાંની આપણી સંસ્કૃતિમાં નિર્ભયતાને પ્રથમ સ્થાન હતું અને તેથીજ, ઉદાયન, કોણીક, વસ્તુપાળ, તેજપાળ, ભામાશા, જગડુશા વગેરે જેવા રણવીર મહારથીઓ આપણે જગતને આપી શકયા હતા, એ નિર્ભયતાનું સ્થાન ભિરૂતાએ લીધું છે, આપણા મહોલ્લામાં કોઇ પઠાણ આવ્યો હોય અને તે તોફાન કરતો હોય તો આપણે કોઇ ઉઠીશું નહિં. અને તે કદાચ આપણા ઉપર હુમલો લાવ્યો હોય તો આપણાં બૈરી છોકરાંને તેને હવાલે કરી નાશી જવા સુધી તૈયાર થઇશું. મુંબઇમાં હિંદુ મુસ્લીમ હુલ્લડ વખતે આવા સેંકડો કિસ્સાઓ બન્યા છે, આ વસ્તુ આપણી સંસ્કૃતિને બીલકુલ બંધ બેસતી નથી, તેને પહેલી તકે દૂર કરવાની જરૂર છે. જો આપણને જૈન સિદ્ધાંત ઉપર શ્રદ્ધા હોય તો ભિરૂતા એક મીનીટ પણ ન ટકી શકે, કારણ કે જે ભાવીભાવ છે તેને કોઇ મિથ્યા કરી શકતું નથી, એ ભિરૂતાનો નાશ કરવા માટે આપણે શરીરને સુદ્રઢ બનાવવું જોઇએ. અને તેને માટે વ્યાયામ અપૂર્વ સાધન છે, સ્થળે સ્થળે વ્યાયામના અખાડા ખોલવા જોઇએ. અને તેમાં તાલીમ લઇ શરીરને મજબૂત બનાવવું જોઇશે. જ્યારે આપણી શકિત ઉપર આપણને વિશ્વાસ ઉત્પન્ન થશે ત્યારે ભિરૂતાનો આપોઆપ નાશ થશે.

બીજું સ્થાન પૂર્વની આપણી સંસ્કૃતિમાં વ્યવસ્થાનું હતું અને દરેક બાબતમાં આપણે વ્યવસ્થિત હતા, આજે એ બાબતનો નાશ થયો છે, તેને સ્થાને અવ્યવસ્થા ઘર કરી બેઠી છે, આપણાં ઘરમાં, સંઘમાં, મંદિરમાં, ઉપાશ્રયોમાં, ફંડોમાં મહોલ્લાઓમાં, કુટુંબમાં અને છેક જીવનમાં પણ અવ્યવસ્થા નજરે પડશે, જ્યારથી આ અવ્યવસ્થા પેઠી ત્યારથીજ આપણા અધઃપતનની શરૂઆત થઇ છે, વ્યવસ્થા એ જીવનના, રાષ્ટ્રના, ધર્મના, સમાજના, અને વિશ્વના વિકાસમાં અગ્રસ્થાન ભોગવે છે, જો વ્યવસ્થા ન હોય તો અંધાધુંધી ફેલાય. આજે આપણા સમાજમાં વ્યવસ્થાની ગેરહાજરીથી અંધાધુંધી ફેલાઇ છે, કોઈ જવાબદાર નથી, કોઇ કોઇને કડી શકે તેમ નથી, એવી પરિસ્થિતિમાં ઉન્નતિ કઇ રીતે શકય બની શકે? આપણે જો ઉન્નતિ ઇચ્છતા હોઇએ તો આપણે વ્યવસ્થિત બની જવું જોઇએ.

ત્રીજી બાબતમાં આળસ્યતા છે. એક કુટુંબમાં દસ માણસો હોય તેમાં એક માણસ કમાતો હોય અને નવ માણસ ઘરમાં બેસી રહેતાં હોય, તે આપણા આર્થિક પતનનું મોટામાં મોટું કારણ છે, આ બાબત પણ ચલાવવા જેવી નથી, તે માટે હુન્નર ઉદ્યોગ, વગેરે શીખવા માટે શાળાઓ કાઢવાની જરૂર છે. સ્ત્રીઓ માટે ભરત, ગુથણ, શીવણ, વગેરે ઘરગથ્થુ હુન્નરો શીખવાના સાધનો ઉભાં કરવાની અનિવાર્ય આવશ્યકતા છે. આમ કરવાથી આપણે આપણા પગ ઉપર ઉભા રહેવાની યોગ્યતા મેળવી શકીશું. સૌની જવાબદારી સૌ કોઇ સમજી શકશે, અને જે એક બીજાનો આર્થિક બોજ જે આપણા ઉપર પડે છે તે નહિ પડે. તેથી આપણી આર્થિક પરિસ્થિતિ આપણે સદ્ધર બનાવી શકીશું અને આળસનું સ્થાન સ્ફુરતિ, તનમનાટ, અને પુરૂષાર્થ બીલકુલ ખીલવાની અભીલાષા લઇ લેશે.

ચોથી બાબત ધર્મ અને સદાચાર છે, ભૂતકાળમાં આપણે ત્યાં ધર્મ અને સદાચાર કસોટીએ ચઢતા, ધર્મ એટલે કર્તવ્ય, જે સમયે જેવા પ્રકારનું આપણું કર્તવ્ય હોય, તે કર્તવ્યને સમજી તેને બરાબર બજાવવું તેનું નામ ધર્મ છે, જ્યારે આજે તો એ વસ્તુ ભૂલાઇ ગઇ છે, અને કંદ મૂળ ન ખવાય, લીલોતરી ન ખવાય, અમુક વસ્તુ ન વપરાય, આમ ન થાય, તેમ ન થાય, એમાંજ ધર્મ માનવાનું શીખવવામાં આવ્યું છે. આ બાબત જુદી છે. ધર્મ એ આત્માની જોડે સંબંધ ધરાવે છે, જ્યારે ઉપરોક્ત બાબતો બધી કુઆચાર દાખવે છે, તેની જોડે ધર્મને કશોજ સંબંધ નથી. ધર્મ એ અમુક વસ્તુ ન વાપરવાથી, પ્રતિક્રમણ, પૂજા, સામાયિક કે દાનથી થતો નથી, પરંતુ જીવનનો વિકાસ કઇ રીતે થઇ શકે તે માટેના સાધનો વિચારી તે સાધનોને ઉપયોગમાં લેવાથીજ થઇ શકે છે. અલબત જો પ્રતિક્રમણ, પૂજા કે સામાયિકમાં આત્મચિંતવન થતું હોય તો જરૂર તે ધર્મ છે પણ આજના આપણા પ્રતિક્રમણ, સામાયિક કે પૂજામાં આત્મચિંતવનને સ્થાનજ નથી કેવળ એક યંત્ર હોય અને તે જે રીતે પોતાનું કાર્ય કર્યા કરે છે, તેજ રીતે આપણે પ્રતિક્રમણ, સામાયિક કે પૂજા કર્યાજ કરીયે છીએ, તેથી કશો લાભ નથી. જો એ સમજણ પૂર્વક થતું હોય તો જરૂર ધર્મ છે, સદાચારના સંબંધમાં પણ આપણે બહુજ પછાત છીએ, આપણા આચરણો ગમે

અ.....વ.....ન.....વા.

સ્થાનિક—વિસાઓસવાળ જૈન જ્ઞાતિના રવજી મોરારજી લાલન ઉંમર વર્ષ ત્રેવીસનાએ તેજ ફ્રામની માળવિધવા પાંચી બાઇ સાથે હીરાબાગમાં ગઇ તા૦ ૨-૭-૩૩ ના રોજ પુનર્લગ્ન કર્યાં હતા. જે વખતે હજારો માણસોએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. (૨) મુંબઈ જૈન સ્વંય સેવક મંડળ તેમજ જુદી જુદી સંસ્થાઓ તરફથી માંગરોળ દરબારના ગૌ-વધની છુટ આપનારા ફરમાન સામે વિરોધ દર્શાવવા અનેક સભાઓ થઇ હતી અને ફ્રામ ફ્રામ વચ્ચે વૈમનસ્ય ફેલાવનાર ફરમાન છે તરત બંધ લેવા ઠરાવો થયાં હતાં.

ભાવનગર—જે ભાઇને અગાઉ દીક્ષાના સમાચાર પ્રબુદ્ધમાં પ્રસિદ્ધ થયા હતા. તેમનું નામ બાલચંદજી છે. વ્યાખ્યાન ઉદય સૂરી માનવ સમૂહ વચ્ચે વાંચતા હતા, બીજી તરફ સગા સંબંધીઓની સંમતિના ફોનફરન્સના ઠરાવનું ઉલ્લંઘન કરી આ. નેમીવિજયજીના શિષ્ય લાવણ્ય વિજયજીએ મૂંડન ક્રીયા દૂરના એક ભાગમાં શરૂ કરી ઓટોપી દીધી હતી. સુલેહના સુત્રધાર કહેવાય છે કે એજ વખતે ફોનફરન્સના અગ્રણીઓને શાન્તી સ્થાપવા નોતરે છે. સમયની બલીહારી!

તળાજા—રામવિજયજીના એક શિષ્યે અગાઉ દીક્ષા છોડી દીધેલી એમને ફરીથી વેશ પરિધાન કરાવવામાં આવ્યો છે. (વધુ આવતા અંકે)

પાલણપુર—કન્યાશાળામાં વાર્ષિક મેલાવડો થયો. તે વખતે આચાર્યશ્રીએ સમાજની કન્યા કેળવણીની બેદરકારી તરફ આગેવાનોનું ખાસ ધ્યાન ખેંચ્યુ હતું. (૨) એક ગ્રહસ્થ તરફથી ઉજમણાં અને જમેણવારો પાછળ દસ હજાર ખર્ચવાનું સંભળાય છે. સમયને ઓળખી આ રકમનો વ્યય મહારાજ શ્રી કેળવણી તરફ કરાવે તો?

દહેગામ—મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી અને તેમના શિષ્ય હિમાણંસુ વિજયજી પાંચ જાહેર ભાષણો જુદા જુદા વિષયો ઉપર આપવાના છે.

સોલાપુર—છોટાલાલ મહેતા જેઓ દિગમ્બર છે તેમના વિવાહ શેઠ જેઠાલાલ પીતામ્બરદાસ શાહ શ્વેતાંબર જૈનની કુમારીકા સુંદરબાઇ સાથે લગ્ન કરવામાં આવ્યા હતા. આ આંતર જાતિય વિવાહથી સોલાપુરના દરી ચુસ્તોમાં ખૂબ ખળભળાટ થઇ રહ્યો છે.

સોના પાછળ ચાંદી ચાલી—મુંબઇના બારામાંથી ગયા અઠવાડીયે અમેરીકાના દેવાના ભરણાના હપ્તા પેટે ચાંદીના નવલાખ પાટા રૂા. ૧૪૬૪૯૪૫૭ ની કીંમતના રવાના થયા છે ઉપરાંત ૧૩૭૬૧૬૮ ની કીંમતની ચાંદી લંડન ગઇ તેતો જુદી. હીંદવાસીઓની આંખ ખુલશે કે?

તેમાં હોય, પણ મહારાજનું વ્યાખ્યાન સાંભળતા હોઇએ, આગેવાનો સાથે "જીલજ્યે" "જીલજ્યે" કરતા હોઇએ તો સદાચારીમાં ખપીએ, કારણ કે મહારાજ અને આગેવાનો તો આપણને સુશીલજ કહેવાના પણ તેથી આપણો જીવન વિકાસ નહિ થાય. આપણે ખૂદ નૈતિક બંધનોને અનુસરી આપણા આચરણો સુધારવાં જોઇએ અને જ્યાં જ્યાં નૈતિક અધઃ પતન જણાતું હોય ત્યાં ત્યાં તેને ન ચલાવી લેતાં તેની સામે બળવાજ પોકારવો જોઇએ. આમ થાય તોજ આપણી સંસ્કૃતિ આપણને ઉન્નત બનાવી શકશે. જગતના બીજા ઉન્નત સમાજોની હરોલમાં આપણે આવી શકીશું. અને સમસ્ત વિશ્વમાં આપણે આપણું અસ્તિત્વ સિદ્ધ કરી શકીશું.

(અનુસંધાન ૩૦૦ થી)

કરવાની તો દૂર રહી-વડોદરાના કાયદા માટે અમોને દોષિત ઠરાવે છે! હોય! તેથી તો આ કાળ કળજુગ કહેવાય છે! માટે તો હૃદયથી વેગળા જઇ સંમેલન માટે હકારો ભણવો પડયો છે.

પાટ પરના પત્રો દેખાડી, પન્નાસજી બોલ્યા—એમાં પણ પણ એવુંજ ભર્યું છે! હવે તો આભ ફાટયુ છે! છતાં વીરના સંતાન હિંમત હારે? જ્યાં સારાસાર સમજવાની બુદ્ધિજ બ્હેર મારી ગઇ છે ત્યાં કોને કહેવું? પેલા ઠંડા પાણી પીનારના ઉપવાસોથી ધરતી હાલી ઉઠી જ્યારે અમારા મુનિઓના ઉપવાસનુ કંઇ પરિણામજ ન મળે! ઉલટા 'શત્રુંજય વેળા કયાં ગયા હતાં? 'કેશરીયાજી માટે શું કર્યું?' એવા સામા પ્રશ્નો ધરે છે! પ્રભુ! પ્રભુ!! છતાં ગભરાવાનુ શું? શ્રદ્ધા રાખો સૌ સારા વાના થશે? તો એકવાત પૂછું? શેઠે નમ્રતાથી નમી જઇ સવાલ કર્યો. ખુશીથી તમારા જેવા પરમ આર્હત ને મનાઇ હોયજ નહી તો પછી સૂરિસમ્રાટને શા સારૂ આગેવાન કર્યા. આપેજ કહેવું કે તટસ્થ એટલે દુધ દહીં યા-બેવડા દોષિત.....એમાં પણ હેતુ છે. અવસરે જણાવીશ. બાકી 'ગજે ગધેડાને બાપ કહેવો પડે' એ કહેવત તમો નથી જાણતા?

ખરૂં, બાપજી, તમો શાસનના હીરા છો. જે કરતા હશો તે બ્યાજબીજ હશે. સંમેલન કરો કે પરબ્રહ્મ ભરો પણ સંયમના મારગ તો ઉંઘાડાજ રાખજો. એ વિના ભવજળ તરવાનો બીજો છેજ કયાં?

હવે પેલા કોંગ્રેસવાળા શું કરે છે? મારીને દેશનું સત્યાનાશ વાળ્યું. મેં તો બે વર્ષ પૂર્વે લાલબાગની વ્યાસપીઠપરથી એ સત્ય ઉચ્ચાર્યું હતું પણ રમા-રામાના ઉપાસકોને ગળે એ ઉતરે કયાંથી?

સાહેબ, હું કંઇ છાપા બાપા વાંચતો નથી પણ મારો ચિમન કહેતો હતો કે પુનામાં એકઠા થવાના છે!

ધંધા બાપા તદ્દન બંધ થઇ ગયાં છે. આજે તો ખરચા કહાડતાં નાકે દમ આવે છે! એ તો ઘરડાની આબરૂયે રળી ખાઇએ છીએ.

લ્યો ત્યારે રજા લઇશ. કંઇ બીજું કામ છે?

ના, ના, પડિકમણામાં તો આવશોને?

હા, એ તો ચુકુજ નહિં. પૂજા, સમાયકને પડિકમણું તો ખરૂંજ.

હું, એક વાત કહેવાની ભૂલ્યો. તમો ઉપદેશમાં પેલા યુવાનીઆનું બળ નરમ પડે તેવા બાબકા મારતાજ રહેજો. એ લોકો બહુ જોરમાં આવ્યા છે. કામ ધંધા વિનાના દિ' ઉગ્યે કંઇ ને કંઇ હવાબાઓ છોડેજ રાખે છે એમાં પેલી પદ્મડી મળી. મને તો લાગે છે કે પાના ડોસા પહોંચ્યા કે જરૂર નાતરે જવાની!

શું જમાનો આવ્યો છે! કયાં સતી નાગિલા! ને કયાં આ અવલચંડી પદ્મણી!

એ તો અધર્મ બહુ પ્રસરે ત્યારેજ ધર્મના મૂલ્ય અંકાય. અમો તો એ સારૂ તૈયારજ બેઠા છે.

ત્રિકાળ વંદના!

ધર્મ લાભ.

પુના—સેવા સદનમાં અભ્યાસ કરતી શ્રી કાશીબાઈ પાંજપેના કરમે ગુજરાતી જૈન યુવક લક્ષ્મીચંદ પીતાંબર સાથે ઉજવવામાં આવ્યા છે, લગ્ન વીધી આર્યસમાજની પદ્ધતિ અનુસાર કરવામાં આવી હતી.

અયોગ્ય દિક્ષાના ખપ્પરમાં ફસાયેલી

યુવાન વિધવાની આત્મકથા.

શિરોહી જીલ્લામાં આવેલ ઉડગામની રહીશ વિધવા બાઇ ચીમનીને ચૌદસના રોજ આ. નીતિ વિજયજીની શિષ્યાઓએ અલોપ કરી દીધી હતી. આપ્તજનોની શોધાશોધ અનુસાર મળેલી ખબર મુજબ ઉપરોક્ત સાધ્વીઓ પર સખ્ત દબાણ કર્યું, અને દમદાટી આપી ત્યારે અશાડ શુ. ૫ ના રોજ ગુમ કરનાર સાધ્વી જ્ઞાનશ્રી અને સંભાશ્રીએ ન છુટકે પાલણપુરમાં તેમના દિક્ષા ઓજન્ટ ××××× ની વિધવા 'ચંદન' પર ચીઠ્ઠી લખી આપી. આ ભેદી પત્રમાં લખ્યું હતું કે "હમારા પુરા ફન્જેના થાય છે × × × જરૂર બતાવજો ભૂલશો નહિં," આમ બાઇ ચીમનીની શોધમાં થેાડાક સગાઓને પીંડવાડા રાખી, તેના કાકી, સસરા તથા માશી પાલણપુર આવ્યા, અહીં આવી દિક્ષાના દલાલને શોધી કાઢી તેઓ અચલગચ્છના ઉપાશ્રયમાં આવ્યા, ત્યાં પાંચ દિવસના સુમતિશ્રી એક બાજુ બેઠા હતાં. આ રીતે બાઇ ચીમનીનો પત્તો લાગવાથી પિંડવાડા તાર કર્યો કે જેથી બીજાઓ આવે નહિ અને નકામો ખર્ચ ન થાય. ઉપરના બનાવની જાણ થતાં સુમતિશ્રીની મુલાકાતે હું પણ ગયેા, ઉપાશ્રયના એક ખુણામાં લાજ કાઢી ઓઘાના ઓઠા તળે લપાઇને આ નવાં સાધ્વી બેઠાં હતાં.

કેટલાક પશ્નો પૂછતાં તેઓએ પોતાના આત્મનિવેદનમાં જણાવ્યું કે મ્હારી ઉંમર હાલ ઓગણીસ વર્ષની છે. બારમા વર્ષે શિરોહી નજીક ઉડગામમાં શાહ પરતાપચંદજી પૂનમચંદજી સાથે મારૂં લગ્ન થયું હતું. અમારા લગ્ન જીવનને ત્રણ વર્ષ થયાં ન થયાં, ત્યાં તો વિધિના કારમા ઘાએ હું વિધવા થઇ (આ વખતે બાઇ ખુબ રડી પડી હતી) હિન્દુ સમાજ અને તેમાં જૈન સમાજમાં વિધવાઓનું સ્થાન છે તેવી મ્હારી હાલત થઇ, ને હું નકામી ગણાઇ. મારા પહેલાના દાગીના વિ. મ્હારા દિયરજીએ લઇ લીધા અને તેઓ ઘરને તાળું મારી ધારવાડ નજીક નાણીખીંદુર ધંધો કરવા માટે ગયા, બે વર્ષ મજુરી કરી ભાઇ! મ્હેં મ્હારૂં ગુજરાન જેમ તેમ ચલાવ્યું. ત્યારબાદ ગામના બીજા આપ્તજનો વિગેરેએ મ્હારા દીયરજીને સમજાવ્યા ને અમારી વચ્ચે સંપ થયેા. મ્હારાં સાસુ, સસરા, મા વિગેરે કયારનાંએ પરલોક સિધાવ્યા છે, નજીકના સગામાં ફક્ત દીયરજી છે. મ્હારાં વિધવા મામી અને હું જેસલમેરના સંઘમાં જ્ઞાનશ્રી, તથા સંભાશ્રી સાથે ગયા હતાં. ચેલી બનાવવાના મોહે રસ્તામાં મ્હને ખૂબ સમજાવી, મ્હને પણ લાગ્યું કે મ્હારા જેવા વિધવા માટે આના જેવું બીજું શું ઉત્તમ હોય? આ રીતે ક્ષણિક કહેા કે સમજણ પૂર્વકનેા કહેા, પણ મ્હારામાં વૈરાગ્ય ઉદ્ભવ્યેા, જ્ઞાનશ્રીને લાગ્યું કે આ ગામમાં મારી મુંડન ક્રિયા કરવી તે સલામતી ભર્યું નથી. એટલે મ્હને સમજાવી ચીઠ્ઠી લખી જેઠ વદી ચૌદશના રોજ આ તરફ રવાના કરતાં કહ્યું કે દીક્ષા લઇ પછી તમે આવી જજો. હું સંધરીશ, એટલે હું એકલી મોટર, ટ્રેનમાં પાલણપુર આવી અને મળેલ સૂચના અનુસાર ચંદનબાઇને મળી. સાંજે જગાણા જે અહિથી બે ત્રણ માઇલ દૂર છે, ત્યાં જઇ બીજે દિવસે સંસારી કપડાં કાઢી, મ્હારી સાથે લાવેલાં કપડાં, ત્રણ પાતરાં, સાદેા ઓધેા અને એક તરપણી, વિગેરે આપ મેળે બ્રહી, મ્હારાં ગુરૂણીજીનાં કહેવા અનુસાર ગુરૂ તરિકે જ્ઞાનશ્રી ધાર્યાં અને સુમતિશ્રી નામ રાખ્યું. પછી નક્કી કર્યા મુજબ એક અન્ય જાતિની બાઇને છ આના આપવા કરી સાથે લઇ પાલણપુર આવી, ચેદા મહેતાની ધર્મશાળામાં ગઇ, ત્યાં તો બીજા ઉતરેલાં સાધ્વીઓએ મ્હને અનેક રીતે પૂછવા માંડયું. તેઓને જવાબ આપતાં મ્હેં જાદું કહેવા માંડયું, કે પાલીતાણામાં દીક્ષા લીધી હતી. દાંડો વગેરે ખોવાઇ ગયાં છે, અને મ્હારા ગુરૂણીએ તજી દીધી છે. હજુ મેં જોગ કર્યા નથી, છ માસ પછી કરવાની છું, પછી મ્હને એક ઓરડી મૂકી દઇ ઉતરવા હા પાડી, ત્યાં તો નક્કી કર્યા મુજબ ચંદનબાઇ આવી પહોંચ્યા ને દીક્ષાના બાર દિવસવતી એક બાઇ પાસેથી મ્હને દાંડો, કંડા-સણની દાણી, કાચનું લુગડું, ગરણું વિગેરે લાવી આપ્યું. અને બીજા પાતરાં વગેરે પછી મળી રહેશે તેમ કહ્યું. થેાડાક કલાક પછી અહીં રહેલા સાધ્વીજીઓને મ્હેં ભણાવવા અંગે કહ્યું, ત્યારે તેમણે મ્હને કહ્યું કે 'અમારી ચેલી હોય તો ભણાવીએ' વિગેરે. બાદ બીજે દિવસે અચલગચ્છના ઉપાશ્રયથી પ્રભાશ્રી મ્હને બોલાવવા આવ્યાં અને અહિં રહેતાં સાધ્વીઓને તેઓએ કહ્યું કે 'આ તો મ્હારા ગુરૂણીજીના ગામની છે હું ઓળખું છું' એમ કહી મ્હને લઇ ચાલ્યાં. પાછળથી ચંદનબાઇ મ્હારો સામાન અહીં લાવ્યાં અને હું છેલ્લા પાંચેક દીવસથી આ ઉપાશ્રયમાં આવી રહી છું, અત્યારે મ્હારા કાકાજી અને માસી આવેલાં છે. મ્હારો વિચાર મુંડાયેલા માથે જવાનો નથી. એટલામાં મ્હારી બાજુમાં બેઠેલા તેના સગાઓ તથા સ્થાનિક મદદ કરવા આવેલા ભાઇઓએ આ બ્હેનને સગજાવ્યાં ને કહ્યું કે 'જવામાં વાંધો નથી' એટલે સગા સ્નેહી સાથે નીકળી અને દરવાજા બહાર ધર્મશાળામાં જઇ વેશ પરિવર્તન કરી પાંચ દિવસના સુમતીશ્રી પાછા ચીમનીબાઇ બની લોકલગાં પોતાના ગામ તરફ ઉપડી ગયાં. —બબરપત્રી.

નોંધ:—એક બાજુ જૈન સમાજમાં સુલેહનો વાવટો લઇ શાન્તિ કરાવવા વાતાવરણ ઉભું કરવાની વાતો થાય છે, બીજી તરફ મૂંડનક્રિયાનો ધમધોકાર ધંધો ચાલે છે. અમે એ કહેવાતા સુલેહના ફીરસ્તાઓને પૂછીએ છીએ કે શું બીકતો ધંધો ચાલુ રાખીને સુલેહ કરાવવા માંગો છો? —તંત્રી.

ધી કલ્યાણચંદ નવલચંદ જવેરી જૈન બાઇઝ.

(ઇનામ રૂા૦ ૧૨૦)

મુંબાઇ યુનીવરસીટીની છેલ્લી મેટ્રીકયુલેસનની પરીક્ષામાં જૈન વિદ્યાર્થીઓમાંથી જે જૈન વિદ્યાર્થીએ વધારે માર્કસ મેલવ્યા હોય અને આગલ અભ્યાસ રાખવાનો હોય તેને ઉપલું રૂા૦ ૧૨૦) નું ઇનામ આપવામાં આવશે. ઉમેદવારોએ તા૦ ૩૧-૭-૩૩ સુધીમાં સીટ નંબર માર્કસ અને બીજા પર્ટીકયુલર્સ સાથે નીચેના સરનામે અરજી કરવી.

૧૩૪ ખારા કુવા
મુંબાઇ

ઓ. સે. ક. ન. જવેરી જૈન બાઇઝ.

ક્રાન્તિ ચક્ર.

જ્યારે જગત્ ઉપર કોઇ મોટો ફેરફાર થવાનો હોય ત્યારે ક્રાન્તિ ચક્રનો વેગ વધી જાય છે. આરોગ્યરૂપી અજવાળા ઉપર જ્યારે મહારોગોરૂપી અંધકાર પોતાની પછેડી પાથરે છે, ત્યારે એ અંધકારના પૂજારીઓ આનંદે છે, પણ આ યુગમાં તો સૌ કોઇ સમયનો સુસવાટો અનુભવી રહેલ છે, એટલુંજ નહિ પણ સમાજનો મોટો ભાગ કોઈ ધડાકાની આગાહી કરી રહેલ છે. અંધકારથી નાચનારા અને રાચનારા પણ અંદરથી મુંઝાઇ રહ્યા છે, એટલે માનવ-રાજના માથાનું ક્રાન્તિચક્ર માનવીના અહંભાવને નવો પાઠ શિખવશે.

ક્રાન્તિ કહે છે કે, ઓ માનવી! તું ગમે તે જાતની પદ્ધી ભોગવનો હો! તહારા રાજત્વમાં ભેદભાવના ભરી છે, એને ઉકેલ્યા વિના આરો નથી. પુરૂષ રાજને બાળક લાગે છે તેથી રૂઆબથી અહ-રાજ ચલાવવા માંગે છે. સાસુઓ અને શેઠો, વહુઓ અને નોકરો પાસેથી ધાકદાગ ધાર્યું કરાવવા ચાહે છે. ગુરૂઓ શિષ્યને અંધ શ્રદ્ધામાં રાખવા મથી રહ્યા છે, અને રાજવીઓ પ્રજાને સત્તા-સોટી દેખાડે છે, ધર્માન્ધોને, અંત્યજોથી આભડછેટ લાગે છે, અને શ્રીમંતોને ગરીબ ગોઝારા દેખાય છે. રાજત્વના લોભ અને મદમાં મનુષ્ય ભાન ભૂલી બેઠો છે, તહેને ક્રાન્તિના રણકાર સંભળાય છે.

ક્રાન્તિના પ્રકાર અનેક ગણાય. 'બુદ્ધિવાદીઓ કહે છે, "સૌ બુદ્ધિ સ્વિકારો અને જગત્ તમારા બળને નમશે." રાષ્ટ્ર પ્રેમીઓ કહે છે, "રાજદ્વારી મુક્તિમાંજ સામાજીક, અને આર્થિક શાંતિ છે, એવી રાજદ્વારી ક્રાન્તિ જગાવવા પ્રાણ ન્યોચ્છાવનાર કરવા જોઇએ સુધારકો સામાજીક ક્રાન્તિને મહત્ત્વ આપી રહ્યા છે."

ક્રાન્તિ એક મુખી નથી પણ અનેક મુખી છે અને તેથી અનેક દિશાએ કાર્ય થવું જોઇએ. હવે કાર્ય જો નિષ્કામ હોય, કાર્યની પાછળ ઐહિક અને અકરામની લાલસા ન હોય તો તે સામાજીક કાર્ય કહી શકાય. સામાજીક ક્રાન્તિની ગતિ ધીમી પણ સરળ છે અને તેમાં પુરી તાકાત જોઇએ.

અત્યારે સામાજીક પ્રવાહની દિશા ઉત્કર્ષની દિશાએ છે પણ તેમાં અહિર્મૂળ થવાય તો તે સામાજીક ક્રાન્તિને અવરોધે છે એમ કહી શકાય, સામાજીક ક્રાન્તિની ગતિ ગમે તેટલી ધીમી હોય પણ તેમાં સાત્વિક રસ હોય.

દાખલા તરીકે ખાદી ઉત્પન્ન, વપરાશ કે પ્રચાર જો સામાજીક ક્રાન્તિની દ્રષ્ટિએ કરવામાં આવે તો તેની પાછળ સાત્વિકતા અને શુદ્ધી રહેલા છે, સાથોસાથ આર્થીક ઉકેલ આવી જાય છે. અસ્પૃશ્યતા નિવારણને લઇએ તો તેમાં ધાર્મિક ક્રાન્તિ રહેલી છે. ધર્મ કૃતિમાં જે ઉચ્ચ-નિચના ભેદોએ ગોટાળો અને જડવાદ પેદા કર્યો છે તે ફેરવાઇ જશે. ક્રાન્તિ કરશે અને સમાજ શુદ્ધિને માર્ગે લઇ જશે. આ બન્ને વસ્તુઓ રાજકીય દ્રષ્ટિએ અવલોકવામાં આવે તો જે સામાજીક ક્રાન્તિની સંગિનતા આપણે જોવા ઇચ્છીએ છીએ, તેમાં જરા મોળપ દેખાય છે, અલબત્ત સામાજીક ક્રાન્તિની વચમાં કોઇ આવરણો આવી પડે, પછી ભલે તે હિમાલય પહાડ જેવડા હોય, તે આવરણોને છેદી નાંખવા પ્રાણાર્પણ સુદ્ધાં કરવાની તત્પરતા હોવી જોઇએ.

?

"જીર્ણ-નકામાને-સંહારી,
યુવાન નવસર્જના પ્રેરે!"

: યૌવન :

× × ×

જ્યારે જ્યારે આપણી જ્ઞાતિ-સંસ્થા વિષે બોલવામાં આવે છે ત્યારે પુરાણવાદીઓ તહેનો અન્યાય કરતાં કહે છે કે "જ્ઞાતિ સંસ્થાની ઉત્પત્તિ તેનાથી ફાયદા હશે તોજ થઇ હશેને! અને અનેક હુમલા છતાં આજે તે હૈયાતિ ભોગવે છે તે પણ તેની ઉપયોગિતા હશે તોજને!" જ્ઞાતિ સંસ્થાની ઉત્પત્તિ કયા સંજોગોમાં અને કયા કારણસર થઇ હશે તેના ચુંથણા તે સંસ્થાના અભ્યાસી 'સાક્ષરો' ભલે કર્યા કરે. મહને તો એક નિરક્ષર બંધુએ કરેલી વ્યાખ્યા બહુ ગમે છે. આ રહ્યા તે વિચારોઃ-

"ભાઇ! ન્યાત-ન્યાત શું કરો છો? ન્યાત તો એક વાડો છે. ન્યાતની બહાર કન્યા અપાય નહિં અને ન્યાતની બહારથી કન્યા લેવાય નહિં. આપો તો તમારો બહિષ્કાર અને લાવો તો 'ભાણે ખપતી'ની ખાત્રી અને થોડો યા વધારે દંડઃ આવા પ્રકારની મર્યાદાને લીધે બહારથી જરૂર પડે થોડું સહન કરીને ભરતી થાય પણ બહાર કન્યા ન જાય. એટલે ફરજીયાત અંદરો અંદર પસંદગી કરવીજ પડે. અભણ અને અપંગ પણ લગ્નના લ્હાવા લઇ શકે. બબ્બેવાર પરણનારની ઉમેદ બર આવે અને કોઇ ધરડોજીવ પાછળ 'વારસ' મૂકી જવાની આશાએ કે ધડપણ પળાય તેટલા ખાતર થોડે ચડવાનો વીચાર કરે તો તેની આશા નિષ્ફળ નજ જાય. અને વળી બેચાર મોરકણા ઢોર હોય, તેમની ઇચ્છા અને સ્વાર્થ મૂજબના કાયદાકાનુનો એટલે પુછવાનુંજ શું! આખાય વાડા ઉપર એક ચક્રે એમનુંજ રાજ્ય ચાલે! અને મારકણા ઢોરથી કોણ ના બ્હીયે? કારણ કે મારકણા ઢોર જે વાતો કરે છે

સામાજીક ક્રાન્તિ એ ગણ્યા ગાંઠ્યાનું નહિં, પણ લાખો કરોડોનું ક્ષેત્ર છે, એ ક્રાન્તિ પાછળ દરેક કાટખુણાની ચોક્કસતા નક્કી થવાની છે. સામાજીક, આર્થિક, રાજકિય અને વ્યવહારિક એ બધી ક્રાન્તિ માંહે સામાજીક ક્રાન્તિનું બળ એવું છે કે એક કાટખુણો સરખો કરતાં બાકીના ત્રણે કાટખુણા સરખા થઇ રહે.

સામાજીક ક્રાન્તિમાં લગ્ન શુદ્ધિનો પ્રશ્ન અત્યારે મુખ્યપણે ગણવામાં આવે છે અને તે યોગ્ય છે. મનુષ્ય એ સામાજીક પ્રાણી છે અને સમાજના સહકાર અને સહ-શિક્ષણ વડે તે ઉન્નત રહી શકે છે. એટલે લગ્નની અત્યારની પ્રણાલીકામાં જબ્બર ક્રાન્તિ લાવવાનું કાર્ય આધુનિક સુધારકોનું છે. અનેક અથડામણો અને મુશ્કેલીઓ સહન કરીને પણ સમાજ શરીરના સાથી રૂપ-મુખ્ય અંગરૂપ સ્ત્રીઓની સામાજીક ઉન્નતી અર્થે લગ્ન પદ્ધતિમાં એકદમ ફેરફાર થવો જોઇએ, બલકે બન્ને પાત્રોએ પસંદગી કરીને સ્વેચ્છા પૂર્વકના લગ્ન કરવા જોઇએ, અને પ્રજાના માબાપ થતાં પહેલાં તેઓને એ દિશાનું વ્યવહારિક જ્ઞાન મળવું જોઇએ. ક્રાન્તિકારો આ દિશાએ પ્રયત્ન કરશે?

લેખક-**લાલચંદ જયચંદ વોરા.**

તે વાડાના લાભની છે, એમ માનવાની ફરજ બીજાં ઢોરોનાં મનમાં તેમણે પોતાની **શેહથી** કે શીંગડાને જોરે ફસાવી દીધી હોય છે. કોઇ પાંચ પંદર ઢોર સંપે અને વાડાના ભુક્કા કાઢી નાંખે તો જુઓ બીજાં ઢોર પડેલા માર્ગે જાય છે કે નહિં ?"

ઉપલા અભિપ્રાય સાથે આપણી હાલની જ્ઞાતી સંસ્થાઓની કાર્ય પ્રણાલી મેળવતાં આપણે એ અભિપ્રાય સાચો હોવાનું કબુલવુંજ પડશે. × × ×

અને પ્રત્યેક દિવસે માનવ સમાજ જ્યારે વીશાળતામાં જવા ઉતાવળો થઇ રહ્યો છે, સમાજમાંથી અસમાનતા–અન્યાય, અત્યાચાર અને અવિચારને હાંકી કાઢવાના સ્વપ્ન સાચાં કોઇના હૃદયમાં એ વિચાર ઉદ્ભવે તોપણ વડિલોની મર્યાદા તેમને ડારતી સદાય ઉભીજ હોય છે! બીજી તરફ છોકરાઓ કેળવણી સંસ્કાર અને પ્રસરતા જતાં સ્વાતંત્ર્યના વાતાવરણની અસરને લીધે કંઇક સીધા યા આડકતરો પોતાનો અવાજ રજુ કરે છે. કેટલાક પ્રસંગોમાં વડિલો જરા નમતું મુકે છે; પણ મોટે ભાગે વડિલો પસંદ કરવાનો પોતાનો હક્ક ગમે તે ભોગે સાચવીજ રાખે છે. મનના મેલ વગરના, અસમાન વિચારના અને વડિલોએ 'હા'વા લેવા ખાતર જોડી આપેલાં 'જોડલાં' જીવનનો ભાર ખેંચે જાય છે.

પિતાના વારસામાં છોકરીઓનો કૈં હકકજ ન પહોંચે

આ. ને મિ સૂ રિ ને ચ ૨ ણે.

૧

મુનિ શ્રી રામવિજયજી મહારાજે ખંભાતમાં પ્રવેશ કર્યો અને બીજી બાજુ સમાધાન માટે પ્રયાસોની વાતો ચાલી રહી છે; પરંતુ ખંભાતમાં આજે એક પ્રશ્ન વધુ ચર્ચાસ્પદ બન્યો. કહે છે કે–વતરા મુકામે સાડા છ વર્ષના એક બાળકને દીક્ષા આપવામાં આવી. આમાં વાત એમ પણ ચાલી છે કે આ નવદીક્ષિત માટે વાણંદને બોલાવવામાં આવેલા ત્યારે તે વાણંદે પણ બાળકની પરિસ્થિતિનો વિચાર કરી બાળકના કેશ ઉતારવાની ના પાડી હતી, અને લાલચ પછી પણ વાણંદે કેશમુંડન ન કર્યું ત્યારે કોઇ બીજાએ હાથો હાથ પતાવ્યું. આમાં પ્રશ્ન માત્ર એ છે કે જો આ દીક્ષા બ્યાજબી લાગતી હતી તો ખંભાત નજીક હોવા છતાં વતરામાં એ કામ એકાએક કેમ પતાવવું પડયું ? નવદીક્ષિતને સાધવામાં કહે છે કે નાણાંનો ઉપયોગ કરવામાં આવેલ એ વાત સત્ય હો વા અસત્ય પરંતુ આજના કલહના ઓસરતા પાણીમાં, આવી ચર્ચાસ્પદ દીક્ષાના નહીં ઇચ્છવા યોગ્ય વરઘોડા કઢાવી, જનતાને ચર્ચાનો વિષય આપવામાં લાભ શું છે? હજુ પણ જો આની આ ઘેલછાનાપૂર ચાલુજ રહે તો સમાધાનને દુર કરવાની કે દરેક રાજ્યોને દીક્ષાની નિયમાવલી યોજવાની શું આ તરકીબ નથી લાગતી ?

૨

અયોગ્ય દીક્ષાની દુનિયામાં સાધ્વીજીઓના ભજવાતા ભાગનો ઇતિહાસ જેટલા પ્રમાણમાં રચાય છે તેટલો જો કે બહાર આવ્યો નથી, એમ છતાં આજના બદલાતા વાતાવરણમાં તેમનો હિસ્સો કંઇ કમ નથી; અને કવચિત્ કવચિત્ તો એ પરાક્રમના પ્રકારનો બહાર આવતા હતા. કહે છે કે કલોલ તાલુકાના એક વિભાગમાં આવો એક પ્રસંગ વૈશાક શુદ ૭ ના બની ગયો હતો, આજે પણ ચર્ચાઇ રહ્યો છે. કહે છે કે કલોલ તાલુકાની વેડુ ગામની ચંપા નામની એક બાઇને સાધ્વીશ્રી મંગળાશ્રીએ કલોલ અને સેરિસા વચ્ચે કપડા પહેરાવી અને ભોયણી તરફ વિહાર કર્યો કેટલીક વખત ગમે તેટલી છાની રીતે અપાતી દીક્ષાઓ બહાર આવી જાય છે તેમ આ કિસ્સામાં પણ બન્યું. ચંપાના વાલીઓને વેડ ગામમાં આ સમાચાર મળ્યા. તેઓ અજાયબ થયા, કારણ કે આ પ્રસંગ પડદા પાછળજ બોજાયો હતો. એટલે એકાએક વાત આવતા તેઓ મોટર લઇને ચંપાની શોધમાં નીકળ્યા. ભોયણી ગામે ચંપા, સાધ્વી શ્રી મંગળાશ્રીજી વગેરે મળી આવ્યા. વાલીઓએ ચંપાની માગણી કરી. હા–ના ચાલી, આખર તોફાન ચાલતા બાઇના કપડા ખેંચી લેવામાં આવ્યા અને બાઇને મોટરદ્વારા પોતાના વતનમાં લઇ જવામાં આવી.

સંઘના સહકાર વિના છૂપી રીતે અપાતી દીક્ષાઓની પાછળ હંમેશા સંઘને શરમાવનારા આવા પરિણામો રહેલાં છે, અને ધીમે ધીમે આ ઘેલછા સાધુ–સંસ્થામાંથી સાધ્વી–સંસ્થામાં પણ એટલાજ કાવા–દાવાથી પ્રચલીત થતી આવી છે. આ પ્રથાપર જેટલો અંકુશ મુકવામાં આવે તેટલો સમાજને લાભ છે. "જૈન"

પાડવા મથી રહ્યો છે, ત્યારે સંકુચિત મનોદશા સેવવી એ પાપજ ગણાય. અને તેમાં કેવળ પોતાની કેવળ વ્યકિતગત સગવડો સચવાતી હોય તેટલાજ ખાતર કેળવાયલા ગણાતા અને ઉંચી આકાંક્ષાઓ ધરાવવાનું દાવો કરનારાઓ જો જ્ઞાતિ સંસ્થાની જોહુકમી આગળ માથું નમાવી ઉભા રહે તો તો 'પામરતાની' અવધીજ થાય ! × × ×

જ્ઞાતી સંસ્થાદ્વારા વધારેમાં વધારે તો સ્ત્રી વર્ગનેજ સહન કરવું પડે છે. કેળવણીના અભાવે પતીની પસંદગીમાં પોતાનો અવાજ હોઇ શકે એવું ભાન બાલિકાઓના હૃદયમાં ઉગ્યુંજ નથી હોતું ! અને કદાચ કેળવણી કે સાદી સમજથી પ્રેરાય એટલે તેણે તો પરણીને સાસરામાંજ નિભાવ કરવાનો–સુખ હોય કે દુઃખ અને વિધવાની સ્થીતિ માટે તો લખવાનુંજ શું હોય ! પિયેરીયાં "હૈયા સગડી" માને. સાસરામાં 'કાળમૂખી' ગણાઇ ધિક્કારને પાત્ર બને. ઘણાય દાખલાઓમાં વિધવાઓને તેનો પતી જવાના કારણસરજ સાસરાની મીલ્કતમાંથી ભાગ તો શું પણ 'પોષણ' જેટલું મળવાના પણ ફાંફાં પડે છે. તેણે તો સાસરામાં કે પિયેરમાં ગુલામી કરવાની વાતો કોઇ સાધ્વીનું શરણ શોધી પેટ ભરવાનો માર્ગ શોધવો રહ્યો. જ્ઞાતિ સંસ્થા તેમને ન્યાય નથી આપતી અને તેમની ઉપર અત્યાચારો ગુજારવામાં પોતાનો પૂરેપુરો ફાળો આપે છે એટલે

પદ્માની પ્રતિજ્ઞા.

(સામાજીક નવલિકા)

લેખક,
શ્રી પદ્મકુમાર.

પ્રકરણ ૪ થું.

ભૂતકાળમાં ડોકીયું.

'મહારાજ સાહેબ, લ્યો આપની ટપાલ, આજે કંઈ ઢગલા બંધ કાગળો જોઇ, વિચાર આવ્યો કે લાવને જાતેજ આપી આવું.'

ઉપાશ્રયનો દાદર ચઢી, પન્યાસજી મહારાજવાળા ખંડમાં પ્રવેશ કરતાં શેઠ ધવલચંદે જણાવ્યું.

આમ છતાં પન્યાસજી મહારાજ તરફથી કંઇ ઉત્તર ન મળ્યો.

'સાહેબ, આજે કંઇ ખાસ ઉંડા વિચારમાં હતા?'

'અરે, ના, ના, એ તો સહજ. ઠીક થયું કે તમો આવ્યા.'

'પન્યાસે વિચાર માળા અટકાવી જવાબ દીધો. તરતજ આવેલી ટપાલ હાથમાં લઇ એક પછી એક જોવા માંડી. મુદ્રાની સમિપસ્થ પાટ પર રાખી બાકીની મુખ્ય શિષ્યને બોલાવી સુપરત કરી. શેઠ સહ વાતમાં જોડાયા—

'જુઓને શેઠ, આ વેળાના વિહારમાં મેં અનુભવ્યું એ પરથી કહું છું કે આ તરફના જૈન સમાજમાં ધર્મ ભાવનાના પૂર સાવ ઓસરવા લાગ્યાં છે! તમારી સત્તાના તેજ મને તો ઝાંખા પડી ગયા દીસે છે. આમ કેમ બન્યું એનાજ હું વિચાર કરતો હતો! આજે તારકપુરમાં ભારોભાર નાસ્તિકો ભરાયા છે! ધર્મી છે પણ નાથાશા જેવા અપવાદ રૂપ. ગુણાવતીમાં પગ મૂકયા ને દિવસ તો પૂરા પાંચ થયા છે ત્યાં તો કંઇને કંઇ ચર્ચાઓના જન્મ થયા ભાળું છું. અહીંના જુવાનો પણ તમોને ગણકારતા નથી. મોટા શેઠના સમયમાં તો કોઇનામાં ફૂંકાર કરવાની તાકત નહોતી! તેઓ ધારે તે કરી શકતા. તેથીજ 'ગુણાવતી'ની ધર્મ ભાવના મોખરે આવવા પામી છે. પણ આજે એ બધું ભુંસાતું લાગે છે! નગર ને કસાર એ તો નાના ગામ છતાં ત્યાંપણ સુધારાનો ઝેરી વાયુ પહોંચ્યો છે! આ બધું કેમ બની ગયું?

'સાહેબ, એ ઇતિહાસ લાંબો છે, છતાં તમો પૂછો છો ત્યારે રહેવાનો મારો ધર્મ છે, મેં તો ધર્મને જીવંત રાખવા, તમારો સાચો ઉપદેશ પ્રચારવા બહુએ પ્રયાસો સેવ્યા, પણ કંઇ ફળજ ન બેઠા. હું તમોનેજ સાચા ગુરૂ માની, જ્યારથી તમારી વાણી સાંભળી ત્યારથી એ પાછળ લાગ્યો છું. નથી જોયો વેપાર ને નથી રાખી સંસારની દરકાર. કેટલાયે વીતકો વીત્યા. ધન ઘટયાં ને શોક વધ્યા. છતાં ધાર્યું પરિણામ ન આવ્યું. હવે તો હાથ હેઠા પડયા છે. તમો કંઇ રસ્તો કહાડો.

આ ગુણાવતીમાં અમારી એક લાકડીયે તંત્ર ચાલતું. જ્યાં અમે ત્યાં સમાજનો પંદર આની ભાગ. એક આની માથું ઉચકતો પણ એને શીરે કચરાનાનુજ. કેટલાયને દંડી નાંખ્યા ને કેટલાયના ગુલામી ખત લખાવી લીધા એતો હજુ ગઇ કાલની વાત છે!

પણ પેલા જુવાનીઆનું મંડળ બંધાયું ત્યારથી રાહુની દશા બેઠી! મેં બનાવ્યુ એ ટીમકુડા તે શું કરવાના? પણ આજે તો તેનીજ હાક વાગે છે. એમાં પાના ડોસાએ ઘી હોમ્યું. આમ તો રોજ સમાક કરે ને પડિકમણું ન ચુકે પણ છોકરા સાટું ઘડપણમાં બીજી કરી. આજે તો એ ગરવા પડયા છે પણ પેલી રંડાનો આ યુવકડાઓને જબરો ટેકો મળ્યો છે. એક તો વાંદરા ને તેમાં દારૂ પીવા જેવું થયું. એટલી મૂડી છતાં રાતો સવાકો ધર્મદામાં નથી કહ્યો. મારો હીરાચંદ ગયો તે પાછો આવ્યો! બાઈ પાય તેટલું પાણી પીવે છે! પેલા એક સમયના શ્રીચંદ, જેણે આપે 'શાસન પંથી' કહેલા તે તો પીઠ ફેરવી બેઠા છે. એમાં તમારૂં 'રમણ-ભ્રમણ' પ્રકરણ ઉપન્યુ. સૂરિજીના કહ્યા મુજબ જોરથી બંધ બાંધવા માંડયા ત્યાં તો સાવ તૂટી પડયું. વખાણમાં મારી સાથે બેસનારા પેલા બધા સામા પડયા. ત્યારથીજ અમારી હાર શરૂ થઇ! આજે તો અમારી દશા ન્યાત બહાર જેવી છે! ઘરમ સારૂ આ જહેમત ઉઠાવી છતાં વાત વીપરીત થઇ પડી છે. અમારા ધર્મમાંથીજ પેલા જસાએ અને વેલચંદે મહારાજ સામે કાદવ ઉરાડયો! આમ અમારો તરાપો પોતાના પાપે ડુબવા બેઠો છે!

તારકપુરમાં તમે નાથાશા ને ધર્મી કહો છો પણ એણે પાના શેઠના દશ હજાર ખાવા લીધા હતા. વળી આજે બીજી ફોકરીના ભાર લેવા બેઠો છે! ગઇ કાલે જે સુવ્રની ઉછામણી

એકંદરે જ્ઞાતિ એ સ્ત્રી વર્ગને માટે 'સીતમ ચક્કી' સિવાય બીજું શું ગણાય?

× × ×

આજે પ્રત્યેક વિચારશીલ યુવાનને જ્ઞાતિના મનસ્વી બંધારણઃ પટેલીઆઓની જોહુકમી વલણઃ લગ્ન માટેની પસંદગીનું સાંકડું ક્ષેત્રઃ બીસ્સામાંથી બહાર કાઢવામાં આવતાં કાયદા કાનુનોના આધારે ગુજરવામાં આવતો અન્યાય અને અત્યાચારઃ આ બધું જરૂર ખૂંચે છે. એટલે છૂટા છવાયા હુમલાઓ તો થયાજ કરે છે. પરંતુ જરૂર છે, તે વ્યવસ્થિત હુમલાની.

× × ×

જ્ઞાતિ સંસ્થા ભલેને એક કિલ્લો હોય! પણ એક યા બીજી રીતે તેમાં ગાબડાં પડવાં શરૂ થઈ ચૂક્યાં છે. "મારકણાં" ઢોરની બ્હીકને ઉંચી મૂકી એમની સામેજ થનારાજ નહિ પણ એ 'વાડ'ને તોડનારા આજે હિન્દુ સમાજમાં પાકયા છે. અને શાન્ત જણાતી સપાટી નીચે જ્ઞાતિ સંસ્થા સામે ઉગ્ર રોશ ધરાવનારા વર્ગનું સમય બોકીકરણ કરી રહ્યો છે અને આ બોકીકરણ સામાજિક ક્રાન્તિનું એક પ્રબળ મોજું જરૂર લાવશેજ! એમ કહેવું વધારે પડતું નથી. કયારે લાવશે તે નકકી ન કહી શકાય! પણ જો જ્ઞાતિ સંસ્થાને નિભાવી રાખનારા ચેતે તો તેમને 'કાળ' સહસ્ત્ર જીભ્હોએ પોકારીને કહી રહ્યો છે, કે "જ્ઞાતિસંસ્થા પ્રાણવાન બને અને તેમાં સમાનાર વ્યકિતનાં જીવન વિકાશમાં પ્રેરણા અને સહાય આપનાર નિવડે તેવી બનાવવા શીઘ્ર પ્રયત્ન આદરો યા તો જ્ઞાતિ સંસ્થાનો નાશ નજરે નીહાળવા તત્પર રહો!"

8-7-33

—Fedist.

हिन्दी विभाग.

दिगम्बर जैन जातियाँ।

(लेखक:—माणिकलाल अमोलकचन्द भटेवरा)

संसार के किसी भी धर्म को लीजिये; उसमें आंतरिक भेदभाव, शाखाऐं प्रशाखाऐं तो होंगी ही,—जैसे कि बौद्धों में हीनयान, महायान, ईसाइयों में रोमन कैथोलिक, प्रोटेस्टेंट, मुसलमानों में शिया, सुन्नी, जैनों में श्वेताम्बर, दिगम्बर, स्थानकवासी तेरापन्थी आदि। किसी भी धर्म का संस्थापक तो संसार के—समाज के भले के लिये ही धर्म का स्थापन करता है; वह स्वयं तो ये भेदभाव के बीज बो ही नहीं सकता। फिर प्रश्न उठता है कि ये आंतरिक भेदभाव आये कहां से? मनन करने से ज्ञान होता है कि प्रत्येक धर्म पर पडौसी धर्मों का और देशकालानुसार अन्यपरिस्थितिओं का प्रभाव पडता है; और इन प्रभावों और परिस्थितिओं के अनुसार धर्म की आंतरव्यवस्था में परिवर्तन करने या न करने पर आपस में मतभेद हो जाता है; और प्रत्येक पक्ष अपना कक्का खरा करने के लिये अपने को एक जुदा पन्थ मानने लगता है। इस भेदभाव का फल यह होता है कि धर्म का असल ध्येय (Goal) लुप्त हो जाता है और उसका स्थान रूढिया ले लेती हैं। बौद्ध, ईसाई आदि धर्मों के समान जैन धर्म भी अपने समयका एक मिशनरी धर्म है। ब्राह्मण (सनातन) धर्म में चलती हुई घोर हिंसा और जाति भेद—उँच नीच भाव को नाश करना ही जैन धर्म का उद्देश्य है। फिर भला जैन धर्म में ही जिस की दृष्टि में न कोई उँच न कोई नीच ही हो सकता है, जातिभेद और उँच नीच भाव हो यह क्या कम आश्चर्य और दुख की बात नहीं है?

आज जैन धर्म के अनुयायियों की क्या दशा है? शनैः शनैः ब्राह्मण धर्म की तरह उनमें भी सौ से अधिक शाखा प्रशाखाऐं हैं। दिगम्बर जैनों में नीम्न लिखित जातियाँ हैं:—

१ खंडेलवाल २ अग्रवाल ३ जैसवाल ४ जैसवाल (दसा) ५ परवार ६ पद्मावती परवार ७ परवार दसा ८ परवार (चोसके) ९ पल्लीवाल १० गोलालारे ११ बिनैक्या १२ नूतनजैन १३ ओसवाल १४ ओसवाल (वीसा) १५ गंगेरवाल १६ बडेले १७ बरैय्या १८ फतेह पुरिया १९ दि. जैन २० पोरवाल २१ बुढेले २२ लोहिया २३ गोलसिंघारे २४ खैरोबा २५ लमेचु २६ गोलापूर्व २७ गोलापूर्व (पचविसे) २८ चरनागरे २९ धाकड ३० कटनेरा ३१ पोरवाड ३२ पोरवाड (जांगडा) ३३ पोरवाड (जांगडावीसा) ३४ धवल जैन ३५ कासार ३६ बघेरवाल ३७ आयोध्यावासी (तारन पन्थ) ३८ आयोध्यावासी ३९ लाड जैन ४० कृष्णपक्षी ४१ काम्बोज ४२ समैय्या ४३ असाटी ४४ दशाहूमड ४५ बीसाहूमड ४६ पंचम ४७ चतुर्थ ४८ बदनेरे ४९ पांपडीवाल ५० भवसागर ५१ नेमा ५२ नरसिंहपुरा ५३ नरसिंहपुरा दसा ५४ गुर्जर ५५ सैतवाल ५६ मेवाडा ५७ मेवाडा (दसा) ५८ नागदा (बीसा) ५९ नागदा (दसा) ६० चितोडा (दसा) ६१ चितोडा (बीसा) ६२ श्रीमाल ६३ श्रीमाल दसा ६४ सेलवार ६५ श्रावक ६६ सादर (जैन) ६७ बोगार ६८ वैश्य (जैन) ६९ इन्द्र (जैन) ७० पुरोहित ७१ क्षत्रिय (जैन) ७२ जैन दिगम्बर ७३ तगर ७४ चौधले ७५ मिश्र जैन ७६ संकवाल ७७ खुरसाले ७८ हर दर ७९ उपाध्याय ८० ठगर बोगार ८१ ब्राह्मण जैन ८२ गांधी ८३ नाई जैन ८४ बढई जैन ८५ पोगरा जैन ८६ सुकर जैन ८७ महेश्री ८८ अन्य धर्मी. अस्तु.

कोई कोई शाखा में तो तीन तीन या चार चार तक ही घर हैं। और इतनी अल्पसंख्यक होने से बेटी व्यवहार का क्षेत्र संकुचित होने के कारण वे बडी तेजी से नाश के मुँह में जा रही हैं, फिर भी धर्म डुबने के भयसे दूसरी जातियों से सम्बन्ध करके अपनी रक्षा नहीं कर सकती हैं। प्रति वर्ष जैन धर्म के अनुयायी कम होते जाते हैं। अगर अब भी न संभलें तो शायद बहुत ही थोडे वर्षों में जैन धर्म का अस्तित्व केवल इतिहास के पृष्ठों पर ही रह जायगा।

महावीर पुत्रों, जागो, अब तो इन अन्तर्भेदों को दुर करो और जैन धर्म की रक्षा करो। तथास्तु।

ओल्या ओ दुर्गाभाइ साथे ओ केटुं थयुं छे? केटलाकनु मानवुं छे के ओ भाइओ कसारना दहेराना पैसा डुआव्या छे. ते दिन आपने श्रीयंदने बोलावता साइ जे भाइ हपडा आपता हता ते छती स्त्रीये रांड राखी रह्या छे!

अमारी मोटी संस्थाना पैसा तणीया झाटक साफ थई गया छे. ओवा डूब्या छे के पाछ पण वसुल न थाय! धरमना पर्वो पण मारे पदरना पैसे उजववा पडे छे. मारे आ निवृत्तिनी वेळा उपाधिओनो पार नथी. हुं ते शुं करुं?'

शेठ, न मुंझाशो, धर्मीने त्यांज संकट आवे छे? जुओने श्रीपाळ महाराजने केवा कष्टो वेठवा पडया हता? अमारी पाछळ पण ओछा धमसाण नथी मंडाया. आगमना ज्ञातुकार आचार्यो,—अमारी शासन माटेनी आटली दाझनी प्रशंसा

(अनुसधान पृ. २९५ उपर.)

आ पत्र मनसुखलाल हीरालाल लालने जैन भास्करोदय प्रिन्टींग प्रेस, धनजी स्ट्रीट, मुंबइ नं. ३ मां छापयुं छे. अने गोकलदास मगनलाल शाहे 'जैन युवक संघ' माटे २६-३०, धनजी स्ट्रीट, मुंबइ ३, मांथी प्रगट कर्युं छे.

જ્ઞાન મંદિરની આવશ્યકતા.

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

તંત્રીઃ રતિલાલ ચીમનલાલ કોઠારી. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વર્ષ ૨ જું, અંક ૩૮ મો.
સહતંત્રીઃ કેશવલાલ મગળચંદ શાહ | વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦ | શનીવાર, તા૦ ૨૨-૭-૩૩.

જૈન સાધુ સંમેલનનો—નિષ્કંટક માર્ગ.

"જૈન સાધુસંમેલન" ની પ્રવૃત્તિને અંગે અત્યારે જે તનતોડ પ્રયત્ન થઇ રહ્યા છે, એ જોઇ કોઈ પણ વ્યકિત આનંદિત થયા વિના નજ રહી શકે. પરંતુ તે પ્રવૃત્તિના આસપાસનું વાતાવરણ જોતાં સૌના હૃદયમાં કેટલાક પ્રશ્નો અનાયાસેજ આવી ઉભા થાય છે. એટલે સૌની જાણ ખાતર અને ખાસ કરી તેને લગતી મૂખ્ય હીલચાલ કરનારના ધ્યાન ઉપર લાવવા માટે તે પ્રશ્નો ચર્ચાવા આવશ્યક છે. એમ માની આ અલ્પ પ્રયાસ કરવામાં આવે છે.

મુનિ સંમેલન માટે અત્યારે જે પ્રવૃત્તિ થઈ રહી છે. તેમાં મૂખ્ય હીલચાલ કરનારાઓ, એક પાક્ષિક છે એ વસ્તુ આપણે જતી કરીએ તો પણ તેમની અહીં-તહીંની વિચિત્ર દોડાદોડ અને ગુપ્ત મંત્રણાઓ એ બરેબર 'સંમેલનના અંદર કોઇ છુપો ભેદ સમાયો છે, એવી શંકા ઉત્પન્ન કરે છે. માત્ર અમુક વ્યકિતને બોલાવી લીધી અને તેને અમુક વાતો પૂછી લીધી એટલા માત્રથી આ સંમેલન કયારેય પણ નિષ્પક્ષ કે સફળ થયું અથવા તેની કોઈ વિશિષ્ટ અસર સ્વસમાજ કે પરસમાજ ઉપર પડે એમ જરાય માની લેવાનું નથી.

સાધુ સંમેલનને અંગે આટલા બધા સમયથી અને આટલી બધી હીલચાલ થવા છતાં હજુ સુધી એને લગતી હીલચાલોમાં એકજ પક્ષ મૂખ્ય ભાગ ભજવે છે અને ગુપ્ત મંત્રણાઓ કરે જાય છે, એનો અર્થ બીજો શો કરી શકાય ?

આજે એ વસ્તુ સૌનું ધ્યાન ખેંચી રહી છે કે-સાધુ સંમેલન માટે પાટણ, જામનગર, અમદાવાદ આદિની અમુક એક પાક્ષિક વ્યકિતઓ એકલે હાથે આટલી ગડમથલ અને દોડાદોડી કેમ કરી રહી છે?

આ સિવાય અત્યારે સંમેલનને અંગે જે કેટલીક બીનજોખમી જાહેરાતો બહાર પાડવામાં આવે છે, જેમાં એ વાત પણ ફેલાવવામાં આવે છે કે "**આચાર્ય મહારાજ શ્રીવિજયનેમિસૂરિજી જે રીતે સમાધાન કરી આપે તે સૌએ મંજૂર રાખવું.**" આને અંગે કહેવું જોઇએ કે—આ જાતનું બંધન કોઇ પણ વ્યકિત માન્ય રાખી શકેજ નહિં, જો સંમેલનના આરંભમાં આવી શોધમ, બીનપાયાદાર અને બીનજોખમી જાહેરાતો બહાર પાડવામાં આવશે તો સંમેલનનું ગૌરવ પહેલેથીજ ઉડી જશે. અત્યારની પરિસ્થિતિમાં કોઈ પણ એક વ્યકિતના નિર્ણયને માન્ય કરી શકાય તેમ છેજ કયાં? આજે જૈન સમાજમાં એવી તટસ્થ કોઇજ વ્યકિત નથી કે જે એકના આપેલા નિર્ણયને કબૂલ રાખી શકાય.

સમ્મેલન ભરવા પહેલાં એ સ્પષ્ટ થવું આવશ્યક છે કે સંમેલન શા માટે ભરવામાં આવે છે? અને તેમાં કયા કયા પ્રશ્નો ચર્ચવા આવશ્યક છે અથવા ચર્ચાશે? બધાય પ્રશ્નો કરતાં આજે જનતા એજ વિચારી રહી છે કે જૈન સાધુઓ એકત્ર થઇ પોતાના જીવનના આન્તર અને બાહ્ય આચાર તેમજ વ્યવહારને અંગે શું કરવા માગે છે?

જો સાધુ સંમેલનના મૂળમાં આવો કોઈ પવિત્ર ઉદ્દેશ નહિં હોય અને માત્ર "કલેશ શાંતિ" ના ઓઠા તળે કેવળ પોત-પોતાની માન્યતાઓને (બીજા શબ્દોમાં કહીએ તો આગ્રહોને) જીવિત રાખવાની મનોવૃત્તિજ કામ કરતી હશે તો એકત્રિત થયેલા આવા સંમેલનથી કશુંજ કાર્ય સરવાનું નથી કે નથી ધર્મની ઉન્નતિ થવાની.

આ લખવાનો અર્થ કોઇ એવો ન કરે-કે-સંમ્મેલનમાં ગમે તે પ્રકારે અડચણ ઉભી કરવાનો આ એક માર્ગ શોધવામાં આવ્યો છે. પરંતુ 'સંમ્મેલન સફળ કેમ થઇ શકે?" એ સૂચવાનો માત્ર એક ઉદ્દેશ છે.

પાટણ
તા૦ ૧૬-૭-૩૩

—મુનિ પૂણ્યવિજયજી.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥
(આચારાંગ સૂત્ર.)

પ્રબુદ્ધ જૈન.

શનિવાર, તા૦ ૨૨-૭-૩૩.

જ્ઞાન મંદિરની આવશ્યકતા.

'જ્ઞાન વગર મુક્તિ નથી' એમ આપણા શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે, આપણે પણ એ જ્ઞાનને મેળવવા તરફનું બહુમાન કરીયે છીએ, પણ તે ઉપલકીયું. કારણ જો સાચેજ આપણે જ્ઞાનને પ્રધાનપદ આપ્યું હોત, અરે! આપણું લક્ષ્ય તે તરફ કેંદ્રિત કર્યું હોત તો આજે જે આપણા પૂર્વજોનો અમૂલ્ય વારસો નષ્ટ પ્રાયઃ થઇ ગયો છે તે ન થાત. જ્ઞાનનો મહિમા સમજવા માટે, તેનું પર્વ ઉજવવા માટે ત્રણસો સાઠ દિવસમાંથી એક દિવસ પસંદ કરવામાં આવ્યો છે, અને તે કાર્તિક સુદિ પંચમીનો દિવસ છે. તે દિવસે આપણે બનાવટી જ્ઞાન મંદિર ઉભાં કરીએ છીએ, તેમાં મતિ, શ્રુત, અવધિ, મનઃ પર્યાય અને કેવળની કલ્પના કરી પાંચ પોથીઓ મૂકીએ છીએ, તેને શ્રદ્ધાથી, 'પૂજી પંચમી તપ તુમે કરેરે પ્રાણી' ની ધુન પણ લગાડીએ છીએ; પણ તેનું ફળ કશુંજ નથી. ઉજમણામાં પણ જ્ઞાનનો ઉદ્યોત કરવા અમુક પુસ્તકો છપાવવામાં આવે છે અને તે પાછળ અનેક રૂપીઆ નિરર્થક વેડફી નાંખવામાં આવે છે, આ નિરર્થક વ્યયનો સદવાળો કરવામાં આવે તો લાખોનો થાય. આટલા રૂપીઆથી આપણે સમાજમાં એક સારામાં સારૂ જ્ઞાન મંદિર ઉભું કરી શકત કે જેની જોડી જગતમાં બીજે કયાંયે ન હોત પણ " વો દિન કહાંસે કે મોયાં કે પાઉમે જુતિયાં " જૈન સમાજ જો પોતાની ઉન્નતિ, કયે રસ્તે છે તે સમજી શક્યો હોત તો તેની આ સ્થિતિ ન હોત

જૈન સાહિત્ય એટલું બધું વિશાળ છે કે તેને સંસ્કૃત સાહિત્યમાંથી બાદ કરી નાંખવામાં આવે તો તેની શી દશા થાય તે સમજવું મૂશ્કેલ નથી. આ આપણા અમૂલ્ય ખજાનાને આપણે ઉધેઇ અને કંસારીઓનો ખોરાક બનવા દીધો છે. આ આપણે માટે ઓછી શરમભરનારી બીના નથી. જેસલમીર પાટણ, ખંભાત, અને બીજે સ્થળે જ્યાં જ્યાં આપણા ભંડારો છે ત્યાં ત્યાં આવીજ સ્થિતિ પ્રવર્તી રહી છે. કેટલેક સ્થળેતો એ સાહિત્ય કંઇ ખુલ્લી હવા પણ પામતું નથી. આ સ્થિતિએ સાહિત્યના મોટા ભાગનો નાશ કરી નાંખ્યો છે.

પાટણના ભંડારોના સંશોધક પ્રવર્તકજી શ્રી કાંતિવિજયજી મહારાજ, તેમના વિદ્વાન શિષ્યો મુની શ્રી ચતુરવિજયજી અને પુણ્યવિજયજી કે જેઓ આજ આઠ આઠ વર્ષથી પાટણમાં સ્થિરતા કરી ત્યાંના જ્ઞાન ભંડારોને વ્યવસ્થિત કરી સમાજ ઉપર મહાન ઉપકાર કરી રહ્યા છે, તેમની મુલાકાત લેતાં તેમણે સાહિત્યની કફોડી હાલતનું હૃદય દ્રાવક વિવેચન કર્યું હતું; એટલુંજ નહિ પણ તાડપત્રીની ભેનમુન પ્રતોનો ભૂકકો બની ગયેલો અને તેનો ભરેલો કોથળો પણ બતાવ્યો હતો. આ સ્થિતિને ટાળવા માટે તેમણે એક વિશાળ જ્ઞાન મંદિર ઉભું કરવાની આવશ્યકતા જણાવી હતી, કે જેમાં તાડપત્રીની ભેનમુન પ્રતો કે જેની અબજોની કિમ્મત ખરચતાં પણ ન મળી શકે તેનું રક્ષણ થાય અને કોઇપણ માનવીને તેનો લાભ ઉઠાવવો હોય તો સરલતાથી ઉઠાવી શકે. ઉપરોકત મુનિઓનો આ અભિપ્રાય જ્ઞાન માટે અમને વજનદાર જણાય છે, આપણે હસ્ત લિખિત આગમોનું રક્ષણ કરવા માંગતા હોઇએ, મહાવીરના જગદુદ્ધારક સાહિત્યને જગત સમક્ષ મૂકવા માંગતા હોઇએ તો એક સમાજવ્યાપી જ્ઞાન મંદિરની જરૂરત છે કે જેમાં દરેક ભંડારોની પ્રતો અને પુસ્તકોનું રક્ષણ થઇ શકે, અને તેનો વહિવટ સમસ્ત સમાજ કરે તે માટે નીચેની યોજના અમે સુચવીએ છીએ.

(૧) એ જ્ઞાન મંદિર એવા મધ્ય સ્થળે બનાવવું જોઇએ. કે જ્યાં જવા માટે દરેકને સગવડતા પડે.

(૨) સમસ્ત સમાજની માલીકીનું એ જ્ઞાન મંદિર બનવું જોઇએ અને તેમાં જ્યાં જ્યાંથી હસ્ત લિખિત પ્રતો ઉપલબ્ધ થાય ત્યાં ત્યાંથી તેને એકત્ર કરી મૂકવી.

(૩) જેના જેના હાથમાં ભંડારો હોય અથવા જે આવા જૂના ભંડારોનો વહીવટ કર્તા હોય તેમને તે જ્ઞાન મંદિરની મેનેજીંગ, કમીટીમાં કાયમનું સ્થાન આપવુ અને બાકીનાઓ માટે ચુંટણીનું ધોરણ સ્વીકારવું.

આવું વિશાળ જ્ઞાન મંદિર બાંધવા માટે લાખો રૂપીઆની જરૂરીઆત પડવાની અને તેને માટે સાધનો ઉભાં કરવાંજ જોઇએ. તે માટે અમે જ્ઞાન ખાતા તરફ સમાજનું લક્ષ ખેંચીએ છીએ. આપણા મંદિરોમાં, કેટલાક શ્રીમંત ગ્રહસ્થોને ત્યાં, અને પર્યુષણની ઉપજમાં, જ્ઞાન ખાતા જરૂર હોય છે. તે બધી આવક એકત્રિત કરવામાં આવે તો જ્ઞાનમંદિર માટે લાખો રૂપીઆ અશકય નથી.

સમાજની પ્રતિભાસંપન્ન વ્યકિતઓ જો આ દિશા તરફ પ્રયત્ન કરે તો અમને જરૂર આશા છે કે આ દિશામાં સારામાં સારી પ્રગતિ કરી શકશે. આજે આપણે આપસઆપસની લડાઇમાં અને બિભત્સ સાહિત્યમાં કેટલા પૈસાનો નિરર્થક ધૂમાડો કરી સાધુઓની વૃત્તિઓ પોષી રહ્યા છીએ? એ સંબંધી જો ગણત્રી કરવામાં આવે તો આજની આપણી અધોગતિ તરફ જરૂર દુઃખ થવાનું. આ સ્થિતિ એક મીનીટ પણ ચલાવી લેવી નહિ જોઇએ. ખૂબીની વાત તો એ છે કે એ સાધુઓની વૃત્તિઓ પોષવા માટે આપણે આપણા જ્ઞાનખાતાઓનો ઉપયોગ કરીએ છીએ. સાધુઓ જ્ઞાન નિમિત્તે ઉપદેશ આપી ભોળી જનતા પાસેથી રકમ મેળવી તેનો આપાસ આપસના કલેશમાં ઉપયોગ કરે છે. આ ઘટના તરફ જનતાને સાવધાન થવાની જરૂરત છે, અઢાર પાપસ્થાનક સેવીને આપણે પરસેવાને ટીપે જે પૈસા પેદા કરીએ છીએ, તેનો આ રીતે વ્યય થાય તે કોઇ પણ રીતે ઇચ્છવા યોગ્ય નથી હવે તો સાધુઓને સ્પષ્ટ સુણાવી દેવું જોઇએ કે મહારાજ અમારા પૈસાનો આ રીતે ઉપયોગ કરવાનો નથી. આવા બધા પૈસા એકત્રિત કરવામાં આવે તો પણ એક સારામાં સારૂ જ્ઞાન મંદિર ઉભું કરી શકાય. અમે ઇચ્છીએ છીએ કે સમાજનું આ તરફ લક્ષ ખેંચાઇ સારામાં સારૂં જ્ઞાન મંદિર ઉભું કરવામાં આવે.

પ્રાસંગિક નોંધ.

સમાધાનની મંત્રણા (?)

સમાજમાં જુદી જુદી રીતે સમાધાનીની હવા તેના પ્રયોજકોએ પ્રસરાવવાનું ષટ્ યંત્ર ભર્યા હેવાલોદ્વારા ચાલુજ રાખ્યું છે. એક તરફી મંત્રણાઓ અને નિવેદનો આમ ચાલ્યા કરે તો અમે નથી માનતા કે કોઇપણ દીવસ આ વિષવાદ ભર્યા વાતાવરણમાંથી સમાજ છુટકારાનો દમ મેળવી શકે અને સાચી શાંતિ ફેલાય.

આ સંબંધમાં આ. વિજયવલ્લભસુરિજીના સંઘાડાના વયોવૃદ્ધ પૂ. કાન્તિવિજયના શિષ્ય ચતુર વિજયજીના એક વિદ્વાન શિષ્ય પુણ્ય વિજયજી સ્પષ્ટ રીતે પોતાનું નિવેદન બહાર પાડે છે, જે અન્યત્ર જોઇ શકાશે. આ નિવેદન પરથી જરૂર જણાઇ રહેશે કે આ. નેમીસૂરિને સરપંચ તરીકે નીમ્યાજ નથી એ સ્પષ્ટ છે. તે ઉપરાંત અમને વિશ્વાસનીય રથળેથી ખબર મળે છે કે પાટણ ગયેલ ભાવનગરની જવાબદાર વ્યક્તિઓને આ. વિજયવલ્લભસુરિજીએ એમજ કહ્યું હતું કે "હું સંઘને માનુ છું મને વાંધો હોયજ નહિ, એટલે ભાવનગરનો સંઘ કરે તે મને મંજુર છે." આશા છે કે આ વસ્તુપર પાટણ ગયેલ ભાઇઓ જરૂર વધુ પ્રકાશ નાખશેજ. જેથી બીન જરૂરી ગુંચવાડાઓ પેદા ન થાય. અત્રે મુનિશ્રી પુણ્યવિજયજીની માફક હીંમતપૂર્વક બીજા મુનિરાજોને પણ આ સંબંધમાં પોતાના મંતવ્યો જાહેર પાડવા વિનંતી કરીએ છીએ.

જે બાબતોથી સમાજને વાકેફ રાખવો જોઇએ તેના પર ઢાંકપિછોડો કરવાથી કશું પણ વળવાનું નથી. આ બાબત જેટલી જલ્દી સમજશે તેટલું જલ્દી સંમેલન સફળ બનશે અમે ઇચ્છીએ છીએ કે સંમેલનની મંત્રણા કઇ રીતે ચાલે છે, કેટલી આગળ વધી છે, અને કઇ રીતે સફળ બનાવવા ધારી છે તે સંબંધી એક સત્તાવાર નિવેદન લાગતા વળગતાઓ કરી સમાજને વિશ્વાસમાં લેશે કે જેથી સંમેલન સફળતાથી પાર ઉતરે.

ભોજનશાળા—

કેટલાક ઉત્સાહી ભાઇઓએ સંપ્રદાય કે વાડાના ભેદને તજી દઇ, વિશાળ ભાવનાથી જૈન સમાજમાં કેલ્હા બે માસથી એક ભોજનશાળા ખોલી છે. જેની અંદર તંદુરસ્તી અને ધર્મ પણ સચવાય તેવી સુંદર વ્યવસ્થા છે. આ આર્થીક મુશ્કેલીના યુગમાં સામાન્ય વર્ગને મદદ કરતા થઇ પડે તેવા હેતુથી માસીક ચાર્જ દસ રૂપીયાજ રાખવામાં આવ્યા છે. અમારી તપાસમાં અમને જણાયું છે કે, ભોજનશાળામાં રસોઇની સુંદર વ્યવસ્થા છે; અને તે મારવાડી ભાઇ ધુળાજીની નિઃસ્વાર્થ સેવા ભરી દેખરેખને આભારી છે. આ ભોજનશાળા ખોલવામાં શેઠ માણેકચંદ જેચંદનો ઉત્સાહ ભર્યો સહકાર અને ધગશ અજોડ ગણાય. ભોજનશાળામાં તપાસ કરતા અમને જણાયું કે અનાજ વિગેરે સ્વચ્છ અને સુંદર વપરાય છે.

અમને એમ લાગે છે કે હાલ બસો માણસોથી વધુ જગાડી શકાય નહીં તેવા સાંકડી જગ્યા છે; લગભગ સાડા ચારસો પાસ લેનારા ભાઇઓ, અને સીત્તેરથી એંસી માણસો દરરોજના છુટક જમે છે. આ રીતે આંટલી નહાની જગ્યામાં

સમાધાનની વાતોથી ચેતો.

અયોગ્ય દીક્ષા અને સમાજ પ્રગતિને રૂંધતા અનેક પ્રશ્નો અંગે સમાધાનના ગુલબાનો ઉડાવી ભોળી જનતાને ઉંધે રસ્તે વાળવા જે પેરવીઓ થાય છે, તે પેરવીઓ કરનારા કાં તો સમાજને છેતરે છે અગર સાગરાનંદ કે રામવિજય જેવાની બનાવટી વાતોથી છેતરાય છે. તેઓ અને સમાજ ન છેતરાય તે ખાતર રામવિજયના વ્યાખ્યાનોના ઉતારા કરનાર "જૈન પ્રવચન" નામના અઠવાડીક ૯-૭-૩૩ ના અંકમાં પાને ૮૯ માં **શાંતિનો સુંદર ઉપાય** એ મથાળા નીચે રામવિજય કહે છે કે—

"આવા પ્રશ્નો આમ પૂછવા કરતાં આવા સંઘળાય પ્રશ્નોના ઉત્તર સઘળાય સુવિહિત સૂરિવરો આદિ તરફથી મેળવી તેને યોગ્ય સ્વરૂપમાં જાહેર કરવા જેવા છે. જો એમ થાય તો આ ધોંધાટ એકદમ સમી જાય તેમ છે. કારણ કે—જનતાનો મોટો ભાગ શાસ્ત્રમાં શ્રદ્ધા સંપન્ન છે. 'ભગવાને ફરમાવેલાં અનુષ્ઠાનો જે આરાધે તે પુણ્યશાલી છે; **એજ કારણે એને આરાધવામાં જે ધનનો વ્યય થાય છે તેને જે ધુમાડો કહે તે પ્રભુ શાસનની બહાર છે;** વળી પ્રભુ શાસનનો પાયો દીક્ષા છે, દીક્ષા વિના પ્રભુ શાસન ટકી શકતું નથી **અને આઠ વર્ષની દીક્ષા, તીર્થ ચાલે ત્યાં સુધી કાયમ છે.** એથી જે વર્ષે પોતાની રાજીથી અને માતા પીતાની આજ્ઞાથી દીક્ષા લેતાને રોકવાનો પ્રયત્ન કરનારા પ્રભુની આજ્ઞા સામે વિરોધ કરનારા છે; અને સોળ વર્ષ પછીની વયે આજ્ઞા ન મળવાથી આજ્ઞા વિનાપણ દીક્ષા લેનારા યોગ્યજ છે, અને શાસ્ત્રાજ્ઞા મુજબજ વર્તનારા છે.' આ બધી માન્યતામા હું નથી માનતો કે એક પણ શાસ્ત્રાનુસારિ મુનિવરોનો વિરોધ હોય. આવે સમયે આવી વસ્તુઓની જાહેરાત જોરશોરથી અને

સાડા પાંચસો માણસને જમાડવા તે જમનારાઓની સુખાકારીને ખૂબ નુકશાન કરતા છે. તેમજ જગ્યાની સંકુચીતતાના કારણે અસ્તવ્યસ્તતા અને ધોંધાટ વિશેષ રહે છે; માટે હાલની જગ્યા વીલંબ કર્યા વગર તાત્કાલીક બદલવાની જરૂર છે. બીજી તરફ અમને એમ જણાયું છે કે વિશેષ સામાન્ય માણસો આનો લાભ લેવા આવે છે, પણ જગ્યાના અભાવે તેઓને મળતો નથી. જે પાંચસો માણસો જમે છે, તેમાંના બસો માણસો લગભગ પચાસ રૂપીયા ઉપરાંતની આવકવાળા છે. તેવા ભાઇઓએ બુદ્ધીનો ઉપયોગ કરી આ ભોજનશાળા, તેમનાથી ઓછી આવકવાળાઓના લાભની ખાતર છોડી દેવા જોઇએ. કાર્યવાહકોએ પણ આ વાત ધ્યાનમાં લઇ ઉપરના ભાઇઓ જો ન સમજે તો તેઓના નવા પાસ બંધ કરી નહાનાઓને (કે જેઓની આવક પચાસની અંદર હોય) આપવા જોઇએ.

મોટી સંખ્યામાં જમાડવા માટે જુદા જુદા લત્તામાં બે ત્રણ ખાંચો ખોલવી જોઇએ. જેથી દરેક જૈન ભાઇ આનો પૂરતો લાભ લઇ શકશે. આશા છે કે તેના કાર્યવાહકો આ તરફ પૂરતું ધ્યાન આપશે. અંતમાં જે ભાઇઓ આસંસ્થા નેનિઃસ્વાર્થ રીતે મદદ કરે છે તેઓ ઉત્સાહી રહીને વધુ કાર્ય કરી શકે તે બદલ સમાજના ધનિકોએ પોતાની ફરજ સમજી આર્થિક ફાળો આપવો જોઇએ. મુંબઇ જેવા ખર્ચાળ શહેરમાં આવી અનેક સંસ્થાઓની આવશ્યકતા ગણાય એ શંકા રહીત છે.

અ.....વ.....ન.....વા.

દિગંબર જૈન કૉલેજ:—જૈન સમાજ એક એવો સમાજ છે, કે જેની અત્યાર સુધી કોઇ પણ કૉલેજ જેવી વિશાળ કેળવણી સંસ્થા નથી, ઇસાઇઓની ક્રિશ્ચિયન કૉલેજ, મુસલમાનોની અલીગઢ કૉલેજ, આર્યસમાજની દયાનંદ કૉલેજ, સનાતન ધર્મીઓની સનાતન કૉલેજ, રાધા સ્વામીવાળાની દયાલસિંહ કૉલેજ, શીખોની ખાલસા કૉલેજ, અને હિન્દુઓની હિન્દુ યુનીવર્સીટી મૌજુદ છે. આ બધી કૉલેજો પોત પોતાના ધર્મસિદ્ધાંતોની છાપ વિદ્યાર્થી ઉપર પાડે છે, આપણા સમાજના વિદ્યાર્થીઓ પણ એ કૉલેજોમાં અભ્યાસ કરે છે, તેના ઉપર તે તે ધર્મના સંસ્કારો પડે છે, આ બાબત ચલાવવા જેવી નથી, તે માટે દિગંબર જૈન સમાજનું ધ્યાન ખેંચાયું છે. ન્યાયાચાર્ય ગણેશપ્રસાદજી વર્ણી તે માટે પ્રયત્ન કરી રહ્યા છે, તેમાં તેઓશ્રી ઘણે અંશે સફળતા મળી છે. સંભવ છે, કે પાંચ છ લાખ રૂપીઆ એકત્ર થતાં કૉલેજ ખુલ્લી જશે દિગંબર સમાજની જેમ આપણું લક્ષ્ય તે તરફ શા માટે ન ખેંચાવું જોઇએ? આશા છે કે આ પ્રશ્ન ઉપર સમાજના સૂત્રધારો લક્ષ્ય આપશે. અને ઘટતું કરશે.

સ્થાનિક:—કેલ્યા અઢવાડીયામાં રૂ. ૫૧,૬૭,૪૨૪ નું સોનું પરદેશ ગયું છે. અત્યાર સુધીમા ૧,૪૪,૮૯,૯૮,૩૨૭ નું સીધાવ્યું હજુ કેટલુંયે જશે. (૨) રાજસ્થાન પ્રજા પરિષદ મહાવીર વિદ્યાલયના હોલમાં શ્રી કેલકરના પ્રમુખ પણા નીચે તા૦ ૨૨-૨૩ મીએ ભરાશે. (૩) કચ્છી વીસાઓશવાળ જ્ઞાતિમાં શ્રી રવજી-લાલને કરેલા પુનર્લગ્નને લીધે ખૂબ ખળભળાટ થયાં છે. કહેવાય છે કે થોડા વખતમાં તેમને ન્યાત બ્હાર કરવા જ્ઞાતીની સભા મળનાર છે.

માંગરોળ:—રાજ્ય તરફથી બહાર પડેલ ગૌવધના ફરમાનથી હિન્દુ જનતાની લાગણી ખૂબ દુખાઇ છે અને એની વિરોધ દર્શન સભાઓ ઠેર ઠેર મળ્યાના ખબરો મળે છે. (૨) રાજ્ય તરફથી જેનો જન્મ માંગરોળ સ્ટેટમાં ન થયો હોય તેવા સહુને પરદેશી ગણી રાજ્યમાં આવવાની મનાઇ ઓર્ડીનન્સ દ્વારા કરવામાં આવી છે.

અમદાવાદ:—ઉડતી અફવા સંભળાય છે કે સાધુ સંમેલન આવતા શિયાળામાં ભરાશે. (૨) તા૦ ૧૯ મીના સુપ્રભાતે પૂ. મહાત્માજી આશ્રમવાસીઓને મળવા આવી પુગ્યા છે. તેમનો ભવ્ય સત્કાર કરવામાં આવ્યો હતો.

મહાત્માજીનો સરકારને તાર:—મહાત્માજી અમદાવાદ આવ્યા પછી મીરાંબેન કે જેઓ સાબરમતિ જેલમાં સજા ભોગવી રહ્યાં છે, તેમને મળવા માટે તેઓશ્રીએ મુંબઇ સરકારને તારથી વિનંતિ કરી છે, એમ જણાય કે મીરાંબેને અત્યાર સુધી કોઇની મુલાકાત નહિ લીધેલ હોવાથી મહાત્માજીની માંગણી મંજુર થશે.

વાઇસરોયનો ઇન્કાર:—ના. વાઇસરોયને રાજદ્વારી મેટર માટે વાટાઘાટ ચલાવવા માટે મળવાની પરવાનગી માંગતો એક તાર મહાત્માજીએ ના. વાઇસરોય ઉપર કર્યો હતો. તેના જવાબમાં ના. વાઇસરોયે સ્પષ્ટ ઇન્કાર કર્યો હતો, અને જ્યાંસુધી સવિનય કાનુન ભંગની ચળવળ બીન શરતે ખેંચી લેવામાં ન આવે ત્યાં સુધી મળવાની અશક્તિ બતાવી કરી હતી.

હિન્દુ મહા સભા:—નું આગામી અધિવેશન અજમેરમાં મળશે અને તેના પ્રમુખ સ્થાન માટે નેપાલના મહારાજા અને ડોકટર આંબેડકરના નામો સૂચવામાં છે.

પાટણ:—હેમચંદ્રાચાર્ય જૈન સભાના પ્રમુખ શાહ-જગજીવન-ઉત્તમચંદના અવસાન બદલ તેની કાર્યવાહક સમિતિએ શોક જનક ઠરાવ કરી તેમની સેવાની નોંધ લીધી હતી.

બેંગલોર:—બેંગલોરના જૈન સંઘ તરફથી ઉદેપુરના મહારાણા તરફ કેસરીયાજી તીર્થ સંબંધમાં રાજ્ય તરફથી જે ડખલ ગીરીઓ થઇ રહી છે તે સંબંધમાં વિક્ષેપ ન પડે અને જૈન સમાજને સંપૂર્ણ ન્યાય મળે તેવી વિનંતી કરતો તાર કરવામાં આવ્યો હતો. (૨) કોન્ફરન્સ ઓફીસ પર બીજે તાર કરતાં ઉપર લખ્યું હતું કે કેસરીયાજીનો અવાજ આપને ન પહોંચ્યો હોય એમ લાગે છે. મહેરબાની કરી જાગો. નહીં તો સ્થાપીત હક્કો નકામા ગુમાવી બેસશું.

સ્પષ્ટતાપૂર્વક કરી આ વસ્તુઓની સર્વ પ્રકારે સુંદરતા સમજાવવી એ શાસનના શિરતાજસમા સૂરિવરોની અને શાસનના શણગાર સમા મુનિવરોની અનિવાર્ય ફરજ છે. શ્રી તીર્થંકરદેવની સમાનતા ધરાવનાર સૂરિવરો પોતામાં હોવી જોઇતી નિર્ભીકતાનો પરિચય આવે સમયે પણ કેમ ન આપે? અવશ્ય આપેજ.

પ્રભુ આજ્ઞાને ઉંચી મૂકી સ્વચ્છંદપણે ચાલનાર, પ્રભુના નામે જેમ આવે તેમ હાંકે રાખનાર રામવિજય, જેને માટે સમાજમાં કુસંપ છે તેનું સમાધાન કરવાની હૃદય પલટાથી વાત કરે છે કે સમાજને છેતરવા જેવી વાત કરે છે તે તેમના ઉપરના શબ્દો ઉપરથી 'સમાજ' ચેતી જાય અને સમજી લે કે સમાધાનની વાતો સાચી વાતો નથી પણ બાજીગરોની રમત છે; એટલે એ રમતના મ્હોરા થવા પહેલાં સમાજમાં આગને પેટાવનારાઓ પાસેથી લેખીત લખાવી લ્યે, પછી આગળ પગલાં માંડે નહિ તો કર્યું કરાવ્યું મટ્ટીમાં મીલાવી વધુ આગ પેટાવશે. લે૦—મયૂર.

લખનારાઓને જવાબ.

શાહ દુલભજદાસ નાનચંદ જ્ઞાતિની સામે તમે ઉપવાસ કરવા માંગો છો અને વિસાશ્રીમાળી ન્યાત સામેની તમારી ફરીયાદો છે. આ સંબંધનો તમારો લેખ જનતાને નકામો હોવાથી છાપી શકતા નથી.

એક ભાઇ—તમારો લેખ મળ્યો, ખૂબ લંબાણથી લખાયો હોઇ છાપી શકાય તેમ નથી, ટુકમાં તમે પાલનપુરનાં મૂ. સમાજમાં પ્રગતી, સંઘ વ્યવસ્થા, ધાર્મિક હિસાબો, જ્ઞાતિ પટેલોના માનસની વિકૃતી, પેલા તેર વૃત ધારી ભાઇની ડખલગીરી, અનુભવ વીહીન ચાલતી આપણી સંસ્થાઓ વિ. કેટલાક બળતા પ્રશ્નો માટે ઉભરા કાઢી નિરાકરણ માંગો છો. તો આ સંબંધમાં અમે ઇચ્છીએ છીએ કે દરેક વિષય પર તમે અભ્યાસ પૂર્વક મુદ્દાસરનું લખાણ શિષ્ટ ભાષામાં લખશો. તો જરૂર પ્રબુદ્ધમાં સ્થાન આપીશું.

એક ભાઇ—ભાવનગરથી તમારો પત્ર મળ્યો. સાધુઓના ગુપ્ત રોગો સંબંધમાં તમે લખવા માંગો છો. અમે છાપી શકતા નથી.

?

"સ્વપ્ન સિદ્ધિ તણા ધ્રુવ તારકે,
નવ યુવાન અખંડ ધપ્યે જતો,
અહત એક અદમ્ય ઉત્સાહથી,
અચળ પાન્થ પળ્યેજ પથે જતો."

(મ. મ. ઝવેરીઃ પ્રસ્થાનઃ)

× × × ×

"ભારતીય નવરાષ્ટ્રનું જ્યારે આજે ઘડતર થઇ રહ્યું છે, ત્યારે એ રાષ્ટ્ર ઘડતરના કાર્યમાં પોતાનો જે કૈં અલ્પ ફાળો આપવાનો હોય તે આપવાનું વિસરી જઇ સમાજ કે વ્યક્તિ, આપસઆપસમાં કલેશની હોળી સળગાવે એ ભયંકર ભૂલ નથી ?" એક પ્રસંગે એક સજ્જન બંધુએ આપણા સમાજના ઝગડા સંબંધમાં ટકોર કરતાં આનગીમાં ઉપલો પ્રશ્ન રજુ કરેલો. એ પ્રશ્નના ઉત્તરને અંગે જે ચર્ચા થયેલી તે અહીં ઉતારવી તે વર્તમાન વાતાવરણને અનુસરી વ્યાજબી નથી પણ તેથી એ પ્રશ્ન આપણે વિચારવા જેવો નથી એમ ન કહી શકાય. × × ×

ગુરૂડમવાદ અને મુડીવાદ એ બન્ને સજોડે જન્મેલાં બાળકો જેવાંજ છે; અને એ બન્નેમાંથી એકને ટકાવી રાખવા બીજાનો ઉપયોગ હંમેશાં થયો છે, થાય છે, અને જ્યાંસુધી જનતા તેની ગુલામી ફેંકી દેવાનો નિશ્ચય ન કરે ત્યાંસુધી થયાજ કરશે.

× × × ×

ધર્મના ઓઠા નીચે પોષાઇ રહેલા ધર્માચાર્યો સ્વર્ગ અને નર્કના દ્વારની કુંચીઓના ઝુમખાં ખખડાવતાં-સ્વર્ગની લાલચ અને નર્કની બીક બતાવતા-પોતાના અનુયાયીઓને સર્વદા ડારતાજ રહે છે. પોતાના આત્મકલ્યાણનો સુવિહિત માર્ગ કયો છે તેનો વિચાર કરવાની તકલીફ તેણેજ ઉઠાવવાની છે, એવી શ્રદ્ધા ગુમાવી બેઠેલો વર્ગ ધર્માચાર્યોનેજ પોતાના "તારણ હાર" માની બેસે છે. એટલે 'શાસ્ત્ર'ની 'આજ્ઞા'ના ઓઠા નીચે પોતાનીજ "આજ્ઞાઓ" અનઉલ્લંઘનીય અને શિરસાવંદ્ય છે એમ એ અંધ શ્રદ્ધાળુ અનુયાયીઓના દીલમાં ઠસાવી દેવાનું ધર્માચાર્યોને સહેલું થઇ પડે છે. ધર્મના નહી પણ વ્યક્તિના ગુલામ બનેલા વર્ગને રાજી કેમ રાખવો તેમાં પાવરધા બનેલા આચાર્યવાદ યથાસ્થાને અને પ્રસંગે મુડીવાદનો ઉપયોગ કરવાનું ભાગ્યેજ ચુકે છે; અને બીજી બાજુએ મુડીવાદ શોષણ ક્રિયા દ્વારા પોતાના ભંડારો ભર્યા રાખવા સદાય પ્રયત્નશીલ હોય છેજ. 'એરણ'ની ચોરી કરી 'સોય'નું દાન કરવાથી જો 'દાનેશ્વરી' થવાતું હોય તો તેમ કરવામાં 'મુડીવાદીઓ' ને ભાગ્યેજ વાંધો હોય છે. ધર્માચાર્યો શાસ્ત્રના આધારો બતાવી જે માર્ગ સુચન કરે તે દિશામાં પોતાની અઢળક સંપત્તિમાંથી અલ્પ ભાગ ખરચી નાંખી દાનેશ્વરી, ધનકુબેર, તિર્થોદ્ધાર કે સંઘપતિઓનાં બિરૂદ મુડીવાદીઓ મેળવી લ્યે છે. અંધશ્રદ્ધાળુ આમ વર્ગ પોતાના 'તારણહારો' તરફની અંધશ્રદ્ધાથી પ્રેરાઈ આ કાર્યમાં પોતાનો સહકાર આપે છે. અને 'મુડીવાદીઓ' તરફ માનની નજરે નિહાળતો બની રહે છે. અને આ પ્રકારે મુડીવાદ 'આચાર્યવાદ' નો ઉપયોગ કરી સમાજના આગેવાન તરીકેનું પોતાનું સ્થાન કબજે કરી લ્યે છે; અને એ સ્થાનેથી પોતાની લાગવગ ચલાવી ધર્માચાર્યોને બહુ પ્રીય એવાં સૂરિ સમ્રાટ, ચક્રચૂડામણી, સર્વ શાસ્ત્ર પારંગત, કવિકુલ કિરટ, કલીકાલકલ્પતરૂ, મરૂધર ઉદ્ધારક, વિ. બિરૂદોથી નવાજે છે, અને એ પ્રકારે એમની પ્રસન્નતા મેળવતો રહે છે. × × ×—

આમ આચાર્યવાદ અને મુડીવાદ સજોડે પગલા માંડતો જનતાના હૃદયમાં પોતાનાં સિંહાસન જમાવે છે, અને એ સિંહાસન સદાય અડોલ અને અચલ રહે તે માટે જરૂરી હોય તેટલાં સર્વ પ્રયત્નો કર્યા કરે છે.

* * * *

સંસાર પરિવર્તન શીલ છે. સર્જન અને વિનાશ એ કુદરતી ક્રમ છે. એ ક્રમને વિકૃત બનાવવાના-રોકવાના-માનવીય પ્રયત્નો અન્તે નિષ્ફળ નીવડે છે. અને એ અચલ સિંહાસનો ડોલાયમાન થવાની નહી પણ ઉખડી જવાની ઘડી આવી ચુકે છે. × × ×—

સ્વાતંત્ર્ય પ્રિયતા એ યૌવનનો એક મહદ્ ગુણ છે. એટલે 'ગુલામી' યૌવનને ડંખે છે. 'ત્યાગ' ને માથું નમાવવા, 'વિતરાગતા' ને પૂજવા, અને ભૂત માત્ર તરફના બંધુભાવથી-પ્રેરાઇ તેમનાં દુઃખો તરફ સમભાવી બની દયાભીના દીલે થતાં દાન કરનારાઓ તરફ બહુમાનથી નિહાળવા એ સર્વદા તૈયાર હોવા છતાં, 'આચાર્યવાદ' કે 'મુડીવાદ'ના પાખંડને નિભાવી રાખવા એ સત્તા પાસે માથું નમાવવા-નીચે ઢરગીઝ ના પાડે છે.

એટલે "યૌવન" અકારૂં બને છે. સત્તાના ભૂતને આ પ્રકારની "અવગણના" એ પોતાનું ભયંકર અપમાન લાગે છે. અને યૌવનને નમાવવાના પ્રયત્નો શરૂ કરે છે. "યૌવન" એ પ્રયત્નોને નિષ્ફળ બનાવવા સામનો કરે છે. આમ યુદ્ધના મંડાણ થાય છે.

× × × ×

એક તરફ અંધ શ્રદ્ધાળુ જનતાની શ્રદ્ધા, અને સહકાર શ્રીમંતોની લાગવગ અને ધનનો પ્રવાહ તેમજ પૈસાના જોરે ખરીદી શકાય તેવાં અન્ય સાધનો અને એ સર્વનો ઉપયોગ કેમ કરવો તે વિચારવાની 'પીળાં વસ્ત્ર'ના પ્રતાપે મળતી સગવડ અને પુરસદ આમ સત્તાના ઠેકેદારો યુદ્ધમાં ઉતરે છે. બીજી તરફ પોતાનીજ તાકાત ઉપર નિર્ભર એવો યુવાન વર્ગ એ સત્તાની ગુલામીને ફેંકી દેવા, નવાં ક્ષેત્રો ખેડવા, નવા માર્ગો-ચીલા-પાડવા મથતો રહીમે ઝઝુમી રહે છે. યુવાનોને પોતાની એકલતા સાલે છે; પણ 'સમય'નું બળ તેમની તરફેણમાં હોવાથી યૌવન હતાશ બનવાની તૈયારીમાં હોય, એટલામાંજ વાતાવરણમાંથી તેને પ્રેરણા મળે છે. યૌવન શ્રદ્ધાન્વિત બની ઝઝુમ્યા કરે છે. સમયે જેનો વિનાશ નિર્ખ્યો છે, તે સત્તા-આચાર્યવાદની કે મુડીવાદની-નાં સિંહાસન ડોલવા માંડે છે. યૌવન પોતાના કાર્યમાં મક્કમ બને છે. પ્રેરણાદ્વારા મળેલી શ્રદ્ધા અચળ શ્રદ્ધા બનાવે છે; અને આખરે એ સમય આવે છે, કે જ્યારે જનતાના હૃદયમાંથી 'સમાજ ઉદ્ધાર'ના મહાન્ કાર્યની આડે આવનાર આચાર્યવાદ અને મુડીવાદ પદભ્રષ્ટ થાય છે. * * *

આમ ઘડાતા રાષ્ટ્રના એક અંગને પ્રાણવાન બનાવવાનું કાર્ય કરી 'યૌવન' રાષ્ટ્ર ઘડતરમાં પોતાનો ફાળો આપેજ છે. કારણકે વ્યક્તિ સમાજનું અને સમાજ રાષ્ટ્રનું અંગ છે, અને જેટલે અંશે તેની શુદ્ધિ થાય છે, તેટલે અંશે રાષ્ટ્ર ઘડતરનું કાર્ય સુલભ બને છે, માટે 'સમાજ ઉદ્ધાર'ના મહત્ત્વના કાર્યને 'લક્ષ્ય' સ્થાને રાખી અચળ શ્રદ્ધા અને અદમ્ય ઉત્સાહથી કાર્યરત રહેવું એજ આપણું યુવાનોનું આજે સાચું કર્તવ્ય છે !

14-7-33

—FEDIST.

બળતા પ્રશ્નો.

સમાજ સમક્ષ આજે અનેક પ્રશ્નો પડેલા છે. આ બધાય પ્રશ્નો આજે સમાજના મોટી પક્ષોના બન્યા છે. કેટલાક પ્રશ્નો સમાજની ઉન્નતિના હોવા છતાં ધર્મના નામે તેનો વિરોધ કરવામાં આવે છે. વિરોધ કરતાં કહેવાય છે કે ગ્રહસ્થના કલ્યાણમાં–સામાજિક ઉત્થાનમાં સાધુઓને કાંઇ લેવા દેવા નથી; તેમાં અર્થ અને કામના ઉપદેશનું બ્હાનું દેખાડાય છે. આ વાત પ્રમાણિકપણે અને સત્ય રીતે રજુ થાય છે, કે કેમ તે એક પ્રશ્ન છે. સાધુઓ માત્ર દીક્ષાનો ઉપદેશજ આપી શકે; તે માત્ર ગૃહસ્થના આત્મ કલ્યાણ માટેજ આંગુલિ નિર્દેશ કરી શકે; આ વાત સત્ય હોય તો પણ આ વસ્તુ દંભથી ઉચ્ચારવામાં આવે છે. જે સમાજના નામે, જે સમાજના ધર્મના નામે અને જે રીતે આ વસ્તુ રજૂ કરવામાં આવે છે, તે બધુંય ગંભિર વિચારણા માંગે છે.

જે સમાજ સાધુ સંસ્થાને નિભાવી રહ્યો છે, તેના ઐહિક અને પારલૌકિક કલ્યાણમાં તેમજ તેના આર્થિક વિકાસમાંજ તે સંસ્થા નભવાનું બળ છે, તેની તો કોઇજ ના ન પાડી શકે. સમાજને ઠોકરે મારી સાધુ સસ્થા દીર્ઘકાળ જીવંત નજ રહી શકે; સમાજ સાથે જે સંસ્થા સમાજપર નભે છે તે સંસ્થાને કાંઈ પણ લેવા દેવા ન હોય તેવું બનેજ નહીં. પારલૌકિક કલ્યાણની અભિલાષાવાળા સમક્ષ દીક્ષાનો પ્રશ્ન મૂકવામાં આવે તે સામા કોઇને કાંઈ વાંધો નજ હોય; પરંતુ ગૃહસ્થ ધર્મનો તેમાં છેદ ઉડાવવામાં આવે, ધર્મના નીતિ નિયમો પ્રતિ બેદરકારી બતાવવામાં આવે, ગૃહસ્થ જીવનની કક્ષાને ઉચ્ચ બનાવવા પ્રતિ ઉપેક્ષા ધરાવાય અને સમાજની આર્થિક સ્થિતિ પ્રતિ આંખ આડા કાન કરવામાં આવે તો આજે સાધુ સંસ્થા 'આત્ર કુહાડા પગપર' એ વસ્તુસ્થિતિ નોતરી રહ્યા છે. આજે આપણામાં નીતિમય જીવન જેવું કાંઈ નથી. તેવું જીવન ગાળનાર ધર્મી કે આસ્તિક ગણાય એ ધોરણ છે; આજે અતિ તિવ્રતા પણ ક્રિયા કાંડી હોય તો તે ધર્મી અને આસ્તિક ગણાય છે. દીક્ષાના ધોધમાં તણાઇ સમાજના નીતિમય જીવનને છોડી ઉઠાવી દેવો, તેમાં આપઘાત નહીં તો બીજુ શું છે? જે સમાજમાં નીતિવાન અને પ્રમાણિક ગૃહસ્થોજ ન હોય તે સમાજ પ્રમાણિક અને પ્રભાવત્વ સાધુઓની ભેટ કયાંથીજ આપે? અને તેવા સાધુઓ ન હોય તો સમાજપર પ્રતિભા કે પ્રભાવ પણ કયાંથીજ પડી શકે!

આજે તો 'ગારે તેની તલવાર' નો યુગ છે. આજે તો 'જીવન મરણ' ના પ્રશ્ન આંખ સામા પડયા છે. આજે તો આપણું 'અસ્તિત્વ' ટકાવવું એજ મુખ્ય પ્રશ્ન છે. આ મૂળ પ્રશ્ન છોડી દેવામાં આવે તો સમાજ છિન્ન ભિન્ન થઇ જાય, અને તેમ થાય તો પછી સાધુનું સ્થાન કોના પર રહેવાનું છે? આપણા માટે ધર્મ અને સામાજિક શરમને અંગે અનેક ધંધાઓ બંધ થયેલાં છે: પરંતુ કર્માદાનના ધંધા કરતા ધનિકોનાં માન અને તે ધંધા પર નભી તાગડધિન્ના કરતા સાધુઓ પણ કરે છે જ્યારે નીતિમય જીવન ગાળતા અને સામાન્ય ધંધા કરતા આમ વર્ગની તેજ સાધુઓ ઉપેક્ષા કરે છે. આ વસ્તુના મૂળમાં શું હોઈ શકે તે પણ તેટલુંજ વિચારણીય છે. સામાન્ય માણસો તેવી કોટીના કંધધંધા કરવા જાય તો તેના પર ઘા કરવા સમાજ અને સાધુઓ તૈયાર છે; પરંતુ ધનિકો કર્માદાનના ધંધા કરે તેના પેટા ધંધા કરી કમાતા અન્ય ધનિકો માટે સમાજ કે સાધુઓ કાંઇ કરી શકતા નથી. કારણ શું છે? સમાજની નીતિ, બળ, હિંમત, નૈતિક હિંમત, નિડરતા, અને કક્ષાનું માપ આ પ્રશ્ન આપે છે.

લોર્ડ કર્ઝનના સમયમાં હિન્દનો અર્ધો વેપાર જૈનોના હાથમાંથી પસાર થતો હતો, આજે ત્રીસ વર્ષ પછી હિંદનો ત્રીજા ભાગનો વેપાર પણ જૈનોના હાથમાંથી પસાર થાય છે કે કેમ તે એક પ્રશ્ન છે. આપણા હાથમાંથી જે વેપાર સરી પડયા અને જે લોકો ધંધા વિનાના થઇ પડયા તેમની આર્થિક દશા સુધારવા સમાજે કંઇ કર્યું છે ખરૂં? સમાજની તે માટે ફરજ છે ખરી? સમાજમાં ટીપ પર નભતા લોકોની સંખ્યા વધી છે ખરી? આવી સંખ્યા વધી યા વધતી હોય તો તે અટકાવવા શું કરવું તે સમાજનો પ્રશ્ન છે ખરો? સમાજની દયાપર નભવાનો હકક અપંગ, અશકત અને નિરાધારનો છે, છતાંય અનેક સશકત માણસો આવી રીતે નભે છે તે પ્રશ્ન ગંભીર વિચારણા નથી માગતો? આ સ્થિતિ પ્રત્યક્ષ હોવા છતાં પ્રમાણીક કામ કરી પોતાનું ગુજરાન ચલાવવા માગતા, માણસની સ્થિતિ સુધારવા કેળવણીની સંસ્થાઓ દ્વારા માણસ કાયમની કમાવાની તાકાત મેળવે તેમ કરવામાં કયો અધર્મ હોઇ શકે તેજ સમજાતું નથી સમાજમાં અનેક માણસોને ભીખ માગવી પડે તે સમાજને માટે શરમ ભરેલું છે; પરંતુ તેવા માણસો સમાજમાં ન વધી પડે તે અર્થે કેળવણી દ્વારા, અન્ય ગૃહહસ્થ્યુ ઉદ્યોગો દ્વારા કે અન્ય ઉપાયો દ્વારા સમાજ પોતાના માણસોની કમાવાની શકિત વધારે તે ઇષ્ટ છે, કમકે તેથી સમાજમાં સ્વાશ્રયી, સ્વતંત્ર અને પ્રતિભાસંપન્ન વ્યક્તિઓ નીપજશે. આમાં અર્થ કામનો ઉપદેશ નથી; પરંતુ સમાજની ઉન્નતિનો–તેના ભાવીનો ગૂઢ પ્રશ્ન છે; સામાજિક વિકાસનો, તેની શુદ્ધિનો પ્રશ્ન છે. સમાજમાં સ્વાશ્રયી, સ્વતંત્ર અને પ્રભાવશાલી વ્યકિતઓ હશે તો તેમાંની કોઇક વ્યકિત સાધુ તરીકે થશે તો તે જરૂર સમાજ પર પોતાની છાપ પાડી શકશે.

આત્મકલ્યાણ કે પરકલ્યાણ કોણ કરી શકે તે માટે શાસ્ત્રમાં એક વચન છે. 'કમ્મે શૂરા વો ધમ્મે શૂરા' અર્થાત જે કાર્યમાં શૂરવીર છે તે ધર્મમાં પણ શૂરવીર છે, તેનો અર્થ એ નથી કે જે પાપ કર્મમાં શૂરવીર છે તે ધર્મ કર્મમાં શુરવીર છે, જેમ કે ગણ્યા ગાંઠયા એવા દ્રષ્ટાંતો છે કે જે ગૂઢ પાપી હતા તે ઘડીના છઠ્ઠા ભાગમાં ધર્મમાં આવી આત્મ કલ્યાણ કરી ગયા. પરંતુ તેનો મૂળ ભાવ તો એ છે કે જે વીર્યવાન છે, સત્વશાલી છે, સ્વાશ્રયી છે, જે નિર્વાહ મેળવવા અને તેનો ઉપભોગ કરવા સ્વતંત્ર અને શકિતસંપન્ન છે તેજ ધર્મના આચરણ માટે અને તેના પ્રચાર માટે પૂર્ણ લાયક છે.

ભ૦ મહાવીરને આપણા 'લોકોત્તર' પુરૂષ માની તેમના જીવનમાંથી કાંઇપણ લેવાની ના પાડીએ છીએ. ભ૦ મહાવીર પણ આપણા જેવાજ હતા, પરંતુ તેમનો આત્મા વીર્યવાન અને સત્વશીલ હતો, અને પરિણામે તેઓ પરમાત્મા બન્યા. તેમણે ધર્મનો ઉપદેશ આપ્યો તે વાત પણ સાચી; તેમણે સાધુ અને ગ્રહસ્થ સંઘ બનાવ્યા તે વાત પણ સાચી, પરંતુ તેમના અને આજના સાધુઓના ઉપદેશ વચ્ચે કેટલું અંતર છે! ભ૦ મહાવીર તો ટુંકમાં સાધુ અને ગ્રહસ્થ ધર્મનો ઉપદેશ આપી તેમાં રહેલ ભાવ અને તીવ્ર તાપ સમજાવતા, ત્યારબાદ જેને જેવો ભાવ થાય તેવાં વ્રત આપતા. આ વ્રતો નસાડી

નવો ફાલ.

શત્રુંજયોદ્ધારક સમરસિંહ : લેખક શ્રીયુત નાગકુમાર મકાતી બી. એ. એલ. એલ. બી. સહતંત્રી જૈન જ્યોતિ પ્રકાશકઃ શ્રીયુત ધીરજલાલ ટોકરશી શાહ, જ્યોતિ કાર્યાલય, હવેલીની પોળ, રાયપુર અમદાવાદ. કિંમત ૦-૧૩-૦

શ્રીયુત મકાતીએ 'જૈન જ્યોતિ' માસિકમાં હપ્તે હપ્તે લખેલી આ વાર્તા પુસ્તક રૂપે જ્યોતિ કાર્યાલય તરફથી બહાર પડી છે. પરમ પવિત્ર તીર્થાધિરાજ શ્રી શત્રુંજયના સોળ મહાન ઉદ્ધારકો થઇ ગયા તેમાં સમરશા પંદરમા ઉદ્ધારક હતા. રા. મકાતીએ ભારે જહેમત ઉઠાવી, તેમના જીવન ઉપર સર્ચલાઇટ ફેંકી જૈન સાહિત્યમાં અનોખી ભાત પાડી છે.

કુબેરના ધન ભંડારો હોય, સર્વ પ્રકારની સત્તા હોય, સમૃદ્ધિ હોય છતાં તીર્થનો ઉદ્ધાર નથી થઇ શકતો પણ અડગ ધૈર્ય, નિશ્ચય, યુવાનીનો અચળ ઉત્સાહ, આપભોગની તમન્ના, વ્યવહાર દક્ષતા, અને શુરવીરતાજ આવા કાર્યો તરફ પ્રેરે છે. સમરસિંહની દૃઢ પ્રતિજ્ઞા, અલપખાન જેવા યવનનો મિત્રપ્રેમ, અને પ્રતિજ્ઞાપાલન મૃણાલનો વ્હાલસોયો પતિપ્રેમ, પવિત્ર તીર્થનો ઉદ્ધાર ન થાય ત્યાં સુધી બ્રહ્મચારિણી રહેવાની આર્ય લલનાની અડગપ્રતિજ્ઞા વગેરે વસ્તુ ગુંથણીનું આમાં સરળ રીતે આલેખન કરવામાં આવ્યું છે. છતાં રા. મકાતીને અમે એક સૂચના તો જરૂર કરીએ છીએ કે તેઓશ્રી ભાષાનો સમન્વય સાધી શકયા નથી. સંયમ પ્રયોગના પરિચ્છેદમાં "મૃણાલે એકદમ સફેદ સાદાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં. રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ થયેલી મૃણાલનું સૌંદર્ય તેને અલૌકિક લાગ્યું." સફેદ અને રંગબેરંગી વસ્ત્રોનો સમન્વય કઇ રીતે થઇ શકે. અમે ઇચ્છીએ છીએ કે રા. મકાતી આ બાબત તરફ જરૂર ધ્યાન આપશે.

જ્યોતિ કાર્યાલય તરફથી રા. ધીરજલાલે આવાં પુસ્તકો બહાર લાવી જૈન સમાજ અને સાહિત્યની ન ભૂલી શકાય તેવી સેવા કરી છે તે બદલ અમે ધન્યવાદ આપ્યા સિવાય રહી શકતા નથી.

ભગાડીને નહી, ઉપાશ્રયના ખૂણે નહી. પોતાના બાંધિયા ઓવા સંઘ સમક્ષ નહીં, પરંતુ પર્ષદાની સમક્ષ આપતા. ભ૦ મહાવીર દીક્ષા લેનારને રજા લેવા મોકલતા ન હતા તે વાત બરાબર છે; પરંતુ ભ૦ મહાવીર કેવળજ્ઞાની હતા, સર્વજ્ઞ હતા અને જેમને તેમણે વ્રતો આપ્યાં તે નાના કે યુવાનો નહોતાં; તેઓ બધાય પોતાનો ભાર પોતાના વારસોને સોંપેલો એવા હતા. ભ૦ મહાવીર પછી ગણધર ગૌતમ અને સુધર્માએ દીક્ષાઓ કેમ આપી તેનાં દૃષ્ટાંતો શાસ્ત્રોના પાને છેજ. મેતાર્ય અતિમુકત, જંબુસ્વામી, શાળીભદ્ર અને ધન્નો આદિને તેમણે રજા લેવા મોકલ્યાજ હતા, વડીલ કે તેના લાગતા વળગતાંની રજા ન લેવાય તો બીજા વ્રતનો ચોકખો ભંગ ગણાય અને તે ઉપરાંત તે કારણે અન્ય વ્રતોનાં રક્ષણને બાધ આવે તે તે સમજતા અને તદ્નુસાર આચરણ કરતા. આજના આપણા સાધુઓ તો ગણધર, ગૌતમ અને સુધર્મા કરતાં પણ વધુ જ્ઞાન સંપન્ન છે, કેમકે તેમને તેમના આચાર પાળવા નથી અને ધર્મી ગણાવું છે અને ધર્મના ધુરંધર બનવું છે! તેમને તો ભ૦ મહાવીરનો આચાર સ્વીકાર્ય છે. કારણ કે તેઓ ભ૦ મહાવીરનો જેટલા જ્ઞાનવાન, પ્રતિભાવાન, ઓજસ્વી, તપસ્વી, ધ્યાની અને વિતરાગ છે !!!

'ચી.'

એક પત્રનો જવાબ.

ભાઇશ્રી !

તમારા પત્ર પછી સિદ્ધાંત અને તેની મર્યાદા વિષે વિચારો આવ્યાજ કરે છે. વ્યકિત અને સમુદાય માટે ધર્મની વ્યાખ્યા ભલે એક હોય, પણ અચલ વ્યવહારની મર્યાદા સૌની નોખી નોખી હોય છે; તમારા પત્રમાંજ તમે છેલ્લે કહ્યું છે કે અમુક વર્ગ કે વ્યકિત પ્રતિ-ઘૃણા નજ હોવી જોઇએ, અને મેં પણ એજ આશય લેખમાં બતાવેલ છે એ તમે જોશો: બાકી મુડીવાદ કે શ્રીમંતાઈ પ્રતિ-ઘૃણા ઉપજે તે તો સ્વાભાવિકજ છે.

અત્યારે યુવાનોનું માનસ કંઇક કરવા ચાહે છે. રૂશીયાના યુવાનોએ ભૂલ કરી કે કેમ તે અત્યારે આપણે કેમ કહી શકી એ! એવી અનેકવિધ ભૂલોમાંથી યુવાનોનું બળ અને પુરૂષાર્થ કેળવાવાના છે. એવી અનેક ભૂલો ક્ષંતવ્ય ગણાશે. મ્હારો કહેવા આશય એ પણ છે કે સામ્રાજ્યવાદી અને મુડીવાદના પાપે યુવાન જગતને કેટલુંય અનિચ્છાએ કાર્ય કરવાનું હોય છે, કેટલુંક ત્વરીત ગતિયે અને કેટલુંક પ્રકોપને લઇ કરવું પડે છે. કાળ એ ક્ષંતવ્ય ગણાશે.

સેવા અને દાનની વ્યાખ્યા વિષે તમે ઠીક લખ્યું છે, અને ખરેજ સેવાની ઉત્પત્તિ તમે કહો છો તેમ જીવનની અવ્યવસ્થામાંથીજ જન્મી છે; પણ મ્હને લાગે છે કે દાન અને સેવા એ સમાજ ધર્મના અંગો છે-અવશેષો છે, અને હંમેશા રહેવાના. દાન અને સેવા પાછળ કંઇ દરેક વેળા અહં સ્વાર્થ કે કુટિલતા નથી હોતા. રૂઢીની પરાધિનતાને લઇ એ બધું કોઇક વેળા જન્મે છે; પણ મોટે ભાગે તો દાન અને સેવા ભાવનામાં શ્રદ્ધા, પ્રેમ અને નિઃસ્વાર્થ વૃત્તિના પ્રવાહજ હોય છે. સામાજીક સ્થિતિમાં અને મર્યાદામાં રહેનાર જન સમૂહનો મોટો ભાગ ઉપરોકત બળેજ પુરૂષાર્થ અને મોક્ષ સાધી રહેલ છે. આ મોક્ષ, તે પરલોકનો કે મોત પછીનો નહિં, પણ આ દેહ અને તેનો સંસાર અમૃતમય બનાવવા માટે મુખ્યતઃ છે. એટલે માણસે પોતાની શકિત-મર્યાદા પ્રમાણે બંધનો તોડવા જોઇએ. આમ કરનારને કોઇ દાન કહે, કોઇ સેવા કહે, વસ્તુતઃ આ બધા નામો મનુષ્યની આત્મ ભાવનાના પૂરક છે. એને જો શ્રમ, ઉપાસના અને અપરિગ્રહ સ્વીકારાય તો જીવનની અત્યારની અવ્યવસ્થા અને અજ્ઞાનતાને દૂર કરવામાં યથાશકિત હિસ્સો પૂરો લેખાશે; કે જેથી જગતને કેટલો લાભ થયો એ પ્રત્યક્ષ દેખાય, પણ એવા દાની, સેવાભાવી, ત્યાગી કે યોગીને તો જરૂર આત્મશાંતિ મળેજ. તેના પોતામાં તો જરૂર વ્યવસ્થા અને શાંતિ આવેજ. 'અહિંસા ધર્મને કેટલાક ધર્મ ચુસ્તોએ વધારે પામર કરી મુકેલ છે, અને જૈનોએ સવિશેષે.' આ હું સ્વિકારૂં છું, છતાં એજ જૈન જનતામાંથી અત્યારના અહિંસક આન્દોલનો, અનેક ઢંકાઇ રહેલી વ્યકિતઓ અને શકિતઓને બહાર લાવશેજ, અને અહિંસા ધર્મને દીપાવશે. દેહ માત્ર પાપ છે, વાસના યુકત છે, છતાં એ દેહ વાટેજ, દેહ મુકિત સાધી શકાય છે, તેમ દાન-દયા, સેવા કે ત્યાગ, કર્મ, યોગ અને સ્વાર્પણ એ બધા અત્યારના સમાજ ધર્મના આવશ્યક અંગો હોઇને, તેનું શુદ્ધ ચોકીકરણ કરવું જોઇએ. આપ એવા શુદ્ધ સેવક થવા પ્રયત્ન કરશો જોઇએ. અસ્તુ:

લી૦ × × × ના વંદન.

हिन्दी विभाग.

हाथी दांत का चूड़ा.

(लेखक:—माणिकलाल अमोलकचन्द भटेवरा.)

हमारे बापदादा जो कुछ करते आये हैं, भले ही अब वह अच्छा हो या बुरा, उन्हों ने समझ कर किया हो या भूल से, अब उसकी आवश्यकता हो या न; ऐसी प्रथाओं से हमारा धर्म रहता हो या जाता; और यह क्यों है इसका हमें ज्ञान हो या न; परन्तु उस लकीर को बराबर पकड़े रहना हमने धर्म समझ रक्खा है। पुराने विचार के लोगों का कहना है—कि हमारे बुजुर्ग जो कुछ करते आये हैं वह ठीक ही है। वह मूर्ख थोडे ही थे, आजकल तुम्हें क्या मालूम? हम यदि उस से विपरीत करें, तो बापदादाओं को मूर्ख बनायें न? युवक भी तो अपने बापदादाओं को मूर्ख नहीं ठहराते। वे मानते हैं कि वे बडे बुद्धिशाली एवं समयानुसार कार्य चलाने वाले बुजुर्ग थे, और प्रत्येक पद्धति को वे किसी उद्देश से चलाते थे, परन्तु वह जो कुछ भी कर गये हों वह सब ठीक ही है, और वह भूल कर ही नहीं सकते थे, ऐसा नहीं।

लिखने का तात्पर्य केवल इतना है कि हम अपनी बुद्धि को थोडा सा कष्ट दें। और अच्छी प्रकार सोच समझ कर कार्य करें। भले ही वह पुरानी पद्धति के अनुसार हो या उसमें कुछ नवीनता हो। यह कोई नहीं कहता कि बापदादों की सारी ही बातें छोड़ दो, लेकिन जो समाज व धर्म के लिए जहर बन चुकी हों कम से कम उन्हे तो छूने से भी डरना हमारा कर्तव्य है।

ऐसी ही एक प्रथा हमारे मारवाड़ देश की पूज्य देवियों में बापदादाओं से चली आ रही है। मारवाड़ की देवियां हाथीदांत की चूडिया एक सौभाग्य सूचक चिन्ह समझाती है। और बडे ही चान से हाथों में प्रायः कन्धे से लगाकर कलई तक पन्द्रह-पन्द्रह, बीस-बीस पहनती है। न जाने इस से कोई बुद्धि विशेष या सुन्दरता का भास होता हो? सच्ची सुन्दरता सच्ची शोभा तो ज्ञान में और शील धर्म में है, न कि इन गहनों में। फिर भला हाथों को इन से कसकर हमेशा के लिये क्यों कमजोर बना लिया जाय। और भी हाथों में हाथीदांत के चूड़ो न होना एक अशुभ चिन्ह माना जाता है। यदि इस मान्यता में कुछ भी सत्यता का अंश प्रतीत होता हो तो गुजरात, दक्कन, बंगाल, पञ्जाब और राजपुताना में भी कई प्रान्तों में तथा अन्य देशों में जहाँ कि इस प्रथा का विस्तार नहीं है वहां कि स्त्री समाज तो सौभाग्य और सुन्दरता हीन ही होगी? या बिना इस के प्रयोग किये वहाँ की स्त्रीयों का विवाह मंगलोत्सव होता ही नहीं होगा? इस का उपयोग न करने वाली जातियाँ तो अशुभ ही समझी जाती होगी? नहीं, नहीं, स्वप्न में भी नहीं, हम प्रत्यक्ष देखते है और यह सत्य भी है कि वहाँ के पुरुष हमारी अपेक्षा अधिक बलशाली व दीर्घायु है। फिर ऐसा वहम रखने से क्या लाभ?

प्राचीन ऐतिहासिक व शास्त्रोक्त बातों को श्रवण करने से पता लगता है कि इष्टदेव व शंखेश्वरीदेवी हम पर अति ही तुष्टमान थी और इसके परिणाम स्वरुप हम भी सब प्रकार से प्रतिष्ठित थे पर अब दुनिया के तले दबे हुए हैं कारण कि स्त्री—समाज हाथों में चूडें बंगडियाँ डालकर मन्दिर जैसे पवित्र स्थानों में जाकर आशातना का कारण बनती है जिस के फल-स्वरूप देवी देवता भी हम पर से शुभ-दृष्टि बिलग कर देते हैं इसी से तो हम अज्ञान के गहरे गह्वर में गर्त हैं। हमारे आंख होते हुए हम अन्धे है। कान होते हुए भी वीर-वचनों का श्रवण करते हुवे भी बहरें बने हुवे हैं।

हृदय होते हुए भी शुभा शुभ का भेद मालूम नहीं कर सकते। पुरुष नाम धराते हुए भी पुरुषार्थ खो दिया। धर्म, समाज व देश के प्रतिपालक व स्तम्भ स्वरूप पुरुषों की जन्म-दात्री स्त्री-समाज के होते हुए भी देश समाज व धर्म की शोचनीय अवस्था हो रही है। कारण एक मात्र हमारी आत्मा का अनुत्थान क्यों कि आत्मोन्नति के मार्ग में पडे हुए है हिंसारूपी कांटे। इस में कोई संशय नहीं कि तुम इस चूडे से होनेवाली हिंसा को बन्द कर, इतने मूक प्राणियों की रक्षाकर उनकी शुभाशीष ले अपनी उन्नति न कर सको? (अपूर्ण)

જૈન શિક્ષણ સંસ્થાઓને.

આથી જૈન સમાજના તમામ શ્રીરકાની શાળાઓ, પાઠશાળાઓ, છાત્રાલયો, વિદ્યાલયો, ગુરૂકુળો અને શિક્ષણ સંસ્થાઓને જણાવવાનું કે જૈન જ્યોતિ માસિકનો આસો માસનો અંક **ખાસ શિક્ષણાંક** તરીકે પ્રગટ થવાનો છે. તેમાં દરેક સંસ્થાનો પરિચય આપવાનો છે તે માટે ખાસ ફોર્મ કાઢવામાં આવ્યા છે, તો એ પૈસાની ટીકીટો બીડી દરેક સંસ્થાએ નીચેના સરનામેથી તરત મંગાવી લક્ષ ભરી મોકલી આપવાં.

જ્યોતિ કાર્યાલય.

હવેલીની પોળ, રાયપુર અમદાવાદ.

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩ માં છાપ્યું છે. અને ગોકલદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

પ્રણાલિકાવાદ (૨).

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બળવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

તંત્રીઃ રતિલાલ ચીમનલાલ કોઠારી. | શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વર્ષ ૨ જું, અંક ૪૨ મો.
સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ | વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦ | શનીવાર, તા૦ ૧૯-૮-૩૩.

સાગરાનંદજીની નવી ચઢાઈ!

હોડમાં મૂકેલો શિષ્ય.

[નીચેની ચેલેંજ સુરતથી સાગરાનંદસૂરીએ મુંબઇ સમાચારમાં તા. ૧૫-૮-૩૩ ના રોજ બહાર પડાવી છે. આ ચેલેંજથી સમસ્ત જૈન સમાજમાં ખૂબ ખળભળાટ મચ્યો છે. કારણ કે આજ સુધીમાં તેમની તેર સ્વારીઓ કરતાં આ ચાદમી સ્વારીમાં નીચેની નવી તા છે. પાંડવોએ જેમ દ્રૌપદીને સરતમાં મૂકી હતી તેમ સાગરાનંદજી શરતના મેદાનમાં ચેલો મૂકનાર છે. જનતા કાગના ડોળે રાહ જોઇ રહી છે કે દરેક સ્વારીમાં છેલ્લી ઘડીએ પીઠ ફેર કરનાર આ વખતે કેટલા આગળ ધપશે?]

સાહેબ, શ્રી સાગરાનંદસૂરીશ્વરજી જણાવે છે કે પર્યુષણપર્વમાં ગાડરીયા પ્રવાહ પ્રમાણે શાસનરસીક ભવ્ય આત્માઓએ તણાવું નહીં. અને તત્ત્વતરંગીની પુસ્તકના આધારે જો શ્રી વિજયદાનસૂરીશ્વરજી તેમજ વિજયમાણેકસિંહસૂરીજી જો મારી સાથે શાસ્ત્રાર્થ કરી મને હરાવે તો હું મારી ભૂલ કબુલ કરવા તૈયાર છું તેમજ તે બે જણા મારા શિષ્ય સમુદાયમાંથી જે શિષ્યને માગે તેને વિજય ગચ્છમાં આપવા તૈયાર છું જો તેઓ હારે તો તેમને પોતાની હાર કબુલ કરી એક ઉપવાસનું પ્રાયશ્ચિત લેવું.

આ મંત્રણ.

મુંબઇ, તા. ૧૬-૮-૩૩.

શ્રીમતી,
શ્રીમાન્,

મુ.

સવિનય નિવેદન કે અત્યારે આપણા સમાજની પરિસ્થિતિ વિચારણા માગે છે. સમાજમાં ઐક્ય સંગઠ્ઠન અને રચનાત્મક કાર્યની જરૂર છે. યુવકોની શક્તિઓ જુદી જુદી દિશામાં વપરાઇ રહી છે, તેને સ્થાને સંયુક્તબળ ઉત્પન્ન કરવાની આવશ્યકતા છે. એમ લાગવાથી **શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સમાજમાં સમયધર્મને અનુસરનારા, નવી ભાવનાઓ સ્વિકારનારા, વિચાર સ્વાતંત્ર્યને માનનારા ઉદ્દેશવાળી સંસ્થાઓ** એકત્ર થઇ વિચારણા કરે, એ હેતુથી આપને નિમંત્રણ આપતા અમને હર્ષ થાય છે.

મધ્યસ્થ સ્થળે એકત્ર થવાય તો ઘણા ભાઇઓ લાભ લઇ શકે. આથી વડોદરા સ્થળ પસંદ કરવામાં આવ્યું અને ત્યાંના શ્રી જૈન યુવક સંઘે દરેક સગવડ જાળવવાનું હર્ષથી સ્વિકાર્યું છે.

આ પ્રસંગે આપની સલાહ અને સહકારની ખાસ જરૂર છે. તો આપની સંસ્થા તરફથી પ્રતિનિધિઓ મોકલી આભારી કરશો. કમિટીનું કામકાજ તા. ૩ સપ્ટેમ્બર ૧૯૩૩ ભાદરવા શુદ ૧૪ રવિવાર સંવત ૧૯૮૯ ના રોજ શરૂ થશે, તે પ્રસંગે જરૂર પધારશો.

વિચાર કરવાના મુખ્ય મુદ્દા.

સમાજમાં ઐક્ય, યુવક સંગઠ્ઠન, રચનાત્મક કાર્ય, કેસરીયાજી પ્રકરણ વિ૦

પહેલા પેરામાં જણાવેલ ઉદ્દેશને અનુસરનારી સંસ્થાઓ વધુમાં વધુ બે પ્રતિનિધિઓ મોકલી શકશે.

લિ૦ સેવકો,

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ,
૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ,
મુંબઇ નં. ૩.

જમનાદાસ અમરચંદ ગાંધી
મણીલાલ મહોકમચંદ શાહ
અમીચંદ ખેમચંદ શાહ
રતિલાલ ચીમનલાલ કોઠારી
માનદ મંત્રીઓ.

સૂચનાઃ—આપ તરફથી આવનાર પ્રતિનિધિના નામ તા. ૨૯ ઓગષ્ટ ૧૯૩૩ ભાદરવા શુદ ૯ મંગળવાર પહેલા લખી જણાવશો.

પુરિસા ! સચ્ચમેવ સમભિજાણાહિ ।
સચ્ચસ્સ આણાએ સે ઉવટ્ઠિએ મેહાવી મારં તરઇ ॥
(આચારાંગ સૂત્ર.)

પ્રબુદ્ધ જૈન.

શનિવાર, તા૦ ૧૯-૮-૩૩.

પ્રણાલિકાવાદ.

(૨)

પર્યુષણ પર્વમાં અનેક બાબતો કર્તવ્ય તરીકે મનાય છે, તેમાં જીવદયાનો પણ સમાવેશ થાય છે. જીવદયાને બહાને જૈન સમાજમાંથી આ મહાપર્વમાં લગભગ બે લાખ રૂપીઆ ઉપરાંત જતા હશે. એ બધાનો ઉપયોગ મચ્છીમારો તથા કસાઇઓને આપવામાં થાય છે. પર્યુષણ જેવા દિવસોમાં એઓ જાણી જુઈને એવા ધંધા કરે છે. આપણે એ લોકોને ખોટું ઉત્તેજન આપીએ છીએ. અને મન માનતા પૈસા પડાવે છે. તે સિવાય પાંજરાપોળમાં પણ તે પૈસાનો વ્યય થાય છે. આજની પાંજરા-પોળોની વ્યવસ્થા જોવામાં આવે તો એમજ થાય કે આતે પાંજરાપોળ કે છૂપાં કસાઇખાના ? ઢોરો બચવાને બદલે ત્યાં વધારે સડે છે, આપણા દાનના પ્રવાહમાં પરિવર્તન થવાની જરૂર છે. અરે ! જુઓ આ બધી બાબતોને ટળી જાય તેવી ભીષણ યાતનાથી સમાજ પીડાઇ રહ્યો છે, અને તે યાતના બેકારી. આ બેકારીથી સમાજ બે હાલ થઇ રહ્યો છે. પશુ-દયામાં માનતા જૈનો માનવદયા પ્રત્યે મૌન કેમ છે ? કીડી મંકોડી સુદ્ધાં નાનાં જીવો પ્રત્યે અપ્રતિમ ભાવ દેખાડનારા જૈનો પોતાના સ્વધર્મીબંધુઓ તરફ આટલા બેદરકાર કેમ રહે છે, તે સમજી શકાતું નથી. વર્ષોથી આપણે પશુદયામાંજ માનતા આવ્યા છીએ, પણ માનવી તરીકેની આપણી ફરજો આપણે બજાવી નથી. ખાસ કરીને આપણે આપણા બંધુઓ પ્રત્યે વાત્સલ્યતા બતાવવાની જરૂર છે, કે જેઓ અન્ન અને વસ્ત્રો વગર ટળવળે છે. આર્થિક સંજોગોની ચક્કીમાં પીસાઇ પોતાની પવિત્રતાને ગીરો મૂકનાર બહેનોને બચાવવાની અત્યંત આવશ્યકતા છે. આજીવિકાના સાધન વિહોના અનેક બંધુઓ સ્વધર્મનો ત્યાગ કરી અન્ય ધર્મ અને અન્ય સમાજનો આશરો લઇ રહ્યા છે, તેવા બંધુઓને સહાયો આપવાની અનિવાર્ય જરૂર છે. જો પશુદયામાં ખર્યાતા આપણા બે લાખ રૂપી-આનો ઉપયોગ આવા આપણા દુઃખી ભાઇ-બહેનો પાછળ કરીએ તો બસોથી પાંચસો કુટુંબોને જીવતદાન આપ્યાનું મહા પૂણ્ય હાંસણ કરી શકીએ. શું આ વાત તરફ લક્ષ્ય આપ-વાની જરૂર જણાતી નથી ? માત્ર આપણી માન્યતા ફેરવવાની જરૂર છે. પશુદયા કરતાં મનુષ્યદયામાં અનેકગણો લાભ સમાયો છે, શ્રી જૈન દીલ્સુરી સમજનાર માણસને સમજાવવો પડે તેમ નથી. આપણે બીજા પુણ્યળ પૈસા ખરચીએ છીએ. એ બધા પૈસા તદ્દન બીન જરૂરી ખાતામાં ખર્ચાઇ જાય છે, કે જે ખાતાઓને એ પૈસાની બીલકુલ જરૂર હોતી નથી. માટે દાનનો પ્રવાહ બદલી જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં ત્યાંજ પૈસા ખરચવામાં આવે, તો સમાજને જરૂર લાભ થાય. પરંતુ જ્યાં જરૂરજ ન હોય ત્યાં પૈસા બચાવવાનો તો લાભ થવાને બદલે હાની થવાનો વધારે સંભવ છે. દાખલા તરીકે આપણે દેવદ્રવ્યની કલ્પના કરી લાખો રૂપીઆ ખડા કર્યા, તેમાં ભરતીજ ગયા, તેનો ઉપયોગ શો ? કશોજ નહિ, કાંતો તેને સરકારી નોટોમાં રોકવા પડયા અથવા તો તેનો વહીવટ ટ્રસ્ટીઓ મનસ્વીપણે કરવા લાગ્યા, હજારો રૂપીઆનાં ગોટાળા થવા લાગ્યા અને ન ઇચ્છવા યોગ્ય પરિસ્થિતિ ઉભી થઇ. આમ દેવદ્રવ્યની ભરતી ન થવા દેતાં જોઇતા પ્રમાણમાજ રકમ એકત્રિત થઇ હોત તો આ સ્થિતિ આવત ? દેવદ્રવ્યને બદલે સાધારણ દ્રવ્યને પોષવામાં આવ્યું હોત તો આપણી ઘણી ઉપાધી ટળી જાત, પણ પ્રણાલિકાવાદમાં અંધ બનેલા સમાજને, તેની કશી જાણે જીકરજ ન હોય તેમ એ પરવા છે. આ સ્થિતિ ટાળવાની જરૂર છે. શા માટે આપણે દેવદ્રવ્યમાં ભરતી કર્યાજ કરવી જોઇએ ? આ મહાપર્વમાં પ્રભુનો એકમને દિવસે જન્મવંચાય છે અને તેમાં સુપનાં અને પારણાંની નિમિત્તે લાખો રૂપીઆની ઉપજ કરવામાં આવે છે. આ ઉપજનો અમુક ભાગ સાધારણ ખાતામાં કેટલેક ઠેકાણે લઇ જવામાં આવે છે. કેટલેક સ્થળે જ્ઞાનખાતાનો ભાગ પણ હોય છે. એમ જ્યાં જ્યાં જે જે ખાતામાં જરૂર જણાય ત્યાં ત્યાં તે રકમનો ઉપયોગ થતો ગયો, પણ જ્યારથી દેવ-દ્રવ્યની ચર્ચા થઇ ત્યારથી તે ઉપજને પણ દેવદ્રવ્ય તરીકે ઠોકી બેસાડવામાં આવી અને બીજા ખાતાં પોષાતાં બંધ થયા આમાં પણ આપણી અંધશ્રદ્ધાનોજ ઉપયોગ કરાયો છે. આપણે અંધશ્રદ્ધાને દૂર કરી શા માટે ઉપરોક્ત આવકને સાધારણ ખાતામાં ન લઇ જવી કે જેથી સાતે ક્ષેત્રો પૂષ્ટ થઇ શકે ? આવી ઝીણી બાબતો તો ઘણી છે. પણ મુખ્ય બાબતો આપણે તપાસીએ.

આમ કરીને આ પર્વને આપણે આધ્યાત્મિક પર્વ તરીકે ઓળખવું જોઇએ અને તેમાં આત્માનો વિકાસ કરવો જોઇએ, તેની શક્તિએ તે વિસ્તૃત બનાવવી જોઇએ. તેને બદલે કેવળ શુષ્ક ક્રિયા કર્યેજ જઇએ છીએ. આપણે પ્રતિક્રમણ, પોષધ વગેરે કરીએ છીએ, પણ પ્રતિક્રમણ એટલે શું ? પ્રતિક્રમણ શા માટે કરવામાં આવે છે ? પ્રતિક્રમણથી લાભ શું ? એ બાબતોનો ઘણા ઓછા માણસોનો ખ્યાલ હશે. કેવળ એક પોપટને અમુક બાબતો શીખવવામાં આવે અને તે બોલી જાય તેમ આપણે પ્રતિક્રમણ કરીએ છીએ. એથી કશોજ લાભ નથી. હવે તો પ્રતિક્રમણના સૂત્રો બોલવા માટે ઉઘાડણી પણ ઘૂસી ગઇ છે. જાણે કે એ સૂત્રોનું લીલામ કેમ કરવામાં ન આવતું હોય તેવું દ્રશ્ય ખડું થાય છે. આ બધી બીના ન ઇચ્છવા યોગ્ય છે. જે વસ્તુથી આત્મશક્તિનો વિકાસ કર-વાનો હોય છે તેને બજારૂ ન બનાવવી જોઇએ. પ્રતિક્રમણના દરેક સૂત્રોમાં ગંભીર અર્થો સમાયેલ છે અને તે બધાને સીધો આત્માની જોડે સંબંધ છે. આવી મહાન પ્રક્રિયાને આપણે સમજણ પૂર્વક આચરવી ઘટે છે. આશ્ચર્યની બીના તો એ છે કે ધર્મગુરૂ તરીકેનું બીલ્લુ ધરાવનાર કહેવાતા સાધુઓ પણ આ વસ્તુસ્થિતિ સમજી શકયા નથી એક આચાર્યને પૂછવામાં આવે કે આચાર્યના છત્રીસ ગુણ કયા ? તો તેનું તેને ભાન નહિ હોય; એ પ્રશ્નનો ઉત્તર આપવામાં એ ગલ્લા-તલ્લા કરશે આવી પરિસ્થિત પ્રવર્તતી હોય ત્યાં વસ્તુ સ્થિતિનું

મુનિસંમેલન કાર્યસાધક કેમ બને?

લેખક:—અભ્યાસી.

મુનિસંમેલન મેળવવાની જાહેરાત થઇ ચૂકી; કેટલાક સાધુઓના તે માટેની સંગતિના ઉત્તરો પણ આવી ગયા. આજે આ સંમેલન માટે તડામાર તૈયારીઓ થઇ હોવાના સૂર પણ આવતા જાય છે; અને તેથીજ જૈન સમાજ તેના પ્રતિ આશાની નજરે મીટ માંડી જોઇ રહ્યો છે.

પરંતુ મુનિ-સંમેલન કાર્યસાધક બનાવવું હોય તો અનેક પ્રકારનાં સક્ષ પગલાં ભરવાંજ જોઇએ. આજે આપણને પક્ષાઘાત થયો છે, તે માટે ઇલેકટ્રીક આપ્યા વિના ન ચાલે તેમ સમાજમાં પક્ષોરૂપ પક્ષાઘાત છે, એને દુર કરવા સક્ષ પગલાં રૂપ ઇલેકટ્રીક આપ્યા વિના આરોજ નથી.

આ સંમેલન માત્ર તપાગચ્છ, સાગરગચ્છ પૂરતું ન હોય; તેમાં ખરતરગચ્છના, પાયચંદગચ્છના, અને અન્ય અનેક ગચ્છના સાધુઓને સ્થાન હોય. આવા પ્રસંગે કૂપમંડુકતા રાખવામાં આવશે તો સ્વાર્થીઓના સ્વાર્થ તરતજ જણાઇ આવવાના છે.

આ ઉપરાંત વાતાવરણની સ્વચ્છતા જરૂરની છે, આ માટે પરસ્પર મતભેદવાળા સાધુઓમાં જે મનોભેદ આજે વર્તે છે તે દુર કરવાની આવશ્યકતા છે. આ મનોભેદ કેમ દુર કરવા તેની યોજના સાધુસંમેલનના સંચાલકોએ વિચારી તેનો અમલ કરવાનો છે કે જેથી સંમેલન મળતાં પહેલાં તે મનોભેદ દુર થઇ જાય અને પ્રમાણિક ચર્ચા, વિચાર વિનિમય થઇ શકે. આ ઉપરાંત આને અંગે તીવ્ર પગલાં ભરવાની આવશ્યકતા છે અને તે કયા તે પાછળ ચર્ચીશું.

સંમેલન માટે સ્થાન ગૂજરાતની બહારજ હોય; પક્ષાપક્ષી ગૂજરાતમાં છે, ને ગૂજરાતમાં આ સંમેલન ભરાય તો તે કામજ કરી શકાવાનું નથી. બે દ્રષ્ટિએ મને તો મારવાડ અને મેવાડ પસંદ કરવાનું મન થાય છે. એક તો પક્ષાપક્ષી તે તરફ તીવ્ર સ્વરૂપમાં પ્રચલિત નથી અને બીજું કેસરીયાજી પ્રકરણને અંગે ત્યાંના પ્રશ્નની ગંભીર વિચારણા માટે કે તેના ઉકેલ માટે કયા પગલાં લેવાં તેની યોજના માટે તે વધુ પસંદ કરવા યોગ્ય ક્ષેત્ર છે.

બીજું પક્ષાપક્ષી વધારવા માટે હવે પ્રયત્ન કોઇપણ પક્ષ ન કરે; પર્યુષણ દરમિયાન કે તે પછી સંમેલન થાય ત્યાં સુધી પક્ષાપક્ષી કે તેને લગતાં કારણો વિષે કોઇની નિંદા કે સ્તૂતિ કરવી મૂકી દેવામાં આવે, શ્રાવકોને પણ આ બાબતમાં ખૂબ સાવધાન રહેવાનું છે; આ પ્રસંગે માત્ર સાધુ સંમેલન સમક્ષ કયા કયા પ્રશ્નો રજુ થઇ શકે તેનોજ નિર્દોષ કરી પક્ષાપક્ષી દૂર મૂકે. આટલું થાય તો માર્ગ કાંઇક સાફ થાય. આ ઉપરાંત આ સંમેલનમાં કોઇપણ પક્ષના શ્રાવકોની હાજરી ન હોવી જોઇએ; હાજરી હોય તો તે માત્ર ત્યાંના સ્થાનિક સંઘના માણસોની. બહારના શ્રાવકોની હાજરીની ત્યાં જરૂર નથી, કેમકે તેથી પ્રશ્નો વધુ ચુંથાય છે અને ગુંચવણવાળા બનવાનો સંભવ છે.

આ ઉપરાંત દરેક પક્ષના સાધુઓએ પોતપોતાનો પત્ર વ્યવહાર બંધ કરવો જોઇએ. આજથી તે સંમેલન ભરાય અને તે ચાલે ત્યાં સુધી પોતપોતાના પક્ષના શ્રાવકો સાથેનો પત્ર વ્યવહાર બંધ થવો જોઇએ અથવા તો સંમેલન પૂરતો પત્ર વ્યવહાર છૂટો રાખી બીજા બધા પત્ર વ્યવહાર પર અંકુશ મૂકાવો જોઇએ; કારણ કે પત્ર વ્યવહાર દ્વારાજ પ્રશ્નો વધુ ગૂંચવાશે અને તેનો ઉકેલ નહિ આવે; માટેજ આની આવશ્યકતા છે.

આ બધા ઉપરાંત છેવટનું કામ ખૂબ વિકટ છે; અને તે એકતંત્ર ઉભું કરવાનું. જે નીતિ-નિયમો, ઠરાવો કે નિર્ણયો સંમેલન કરે તે બધાનું પાલન વ્યવસ્થિત થઇ શકે તેની નિરીક્ષા કરવી અને તેના ભંગ માટે કડક પગલાં લેવાં. આ શક્ય બને તે માટે જે નિર્ણયો, ઠરાવો કે નીતિ-નિયમો કરવામાં આવે તે બધાં સંમેલન તરફથીજ છપાવાય અને તેના પાલન માટે જે સમિતિ નિમાય તેમાં દરેક પક્ષ કે સંઘાડાના સાધુને સ્થાન હોવું જોઇએ. આમ બને તોજ તેના પાલન માટે દરેક પક્ષ કે સંઘાડો ચાંપતી દેખરેખ રાખશે-આંખ આડા કાન નહિ કરે, તેમજ તે બધા સાધુઓને અંકૂશ રૂપ થઇ પડશે.

માત્ર ગાયકવાડ સરકારનો કાયદો રદ કરાવવા પૂરતોજ જો સંમેલન ભરવાનો હેતુ હોય તો તે નિરૂપયોગીજ છે; કેમકે જૈન આલમે સ્પષ્ટ જોઇ લીધું છે કે જ્યારે શિષ્યમોહપર તરાપ પડે છે, ત્યારેજ સાધુઓ તે દુર કરવા ભેગા મળવા માંગે છે, તેમને પોતાની અંદર જે કાંઇ બાજબી ગેરબાજબી વર્તન થાય છે તે તરફ માત્ર આંખ આડા કાન કરવા છે, પાલીતાણા તીર્થ માટે પણ તેમને આટલી તાલાવેલી નહોતીજ લાગી અને આજે કેસરીયાજીનો પ્રશ્ન ડોળા કાઢી ઉભો છે તેના માટે કાંઇ આપભોગ આપી ન્યાય મેળવવા હજી કાંઇ નથી થયું જણાતું.

એટલે માત્ર એકજ કામ માટે સંમેલન હોય તો તે નિષ્ફળજ જવાનું છે; સાધુ સંઘને લગતા સર્વ પ્રશ્નો છણવા માટેજ તે એકઠું થતું હોય તો તેને રૂઢીચુસ્ત અને સુધારક એ બંને વધાવી લે છે, સુધારક એટલુંજ કહે છે કે શાસ્ત્રાનુસાર વર્તન થઇ શકતું હોય તો બદલીને તેમાં ફેરફાર કરો; તેમ કરવાને બદલે શાસ્ત્રાનુસાર વર્તન ન કરવાં છતાં શાસ્ત્રા-

(અનુસંધાન પૃ. ૩૩૮ ઉપર)

સાચું જ્ઞાન કયાંથી મળે? પણ આ બાબતને કયાં સુધી નભાવ્યાજ કરવી છે? હવે તો પરિસ્થિતિમાં પલ્ટો આણવાની જરૂર છે. જ્યાં કલેશ કંકાસ અને સ્વાર્થની મારામારી હોય ત્યાં આત્મ શક્તિના વિકાસની આશા વધારે પડતી છે. એટલે તેની સામે તો જેહાદ પોકારવાની જરૂર છે. ધર્મગુરૂઓને ખુલ્લું જણાવી દેવું જોઇએ કે હવે તમે સાચા રાહ ઉપર આવો તમને "હા જી, હા," કરવાને અમે જરાયે તૈયાર નથી અત્યાર સુધી "હા જી, હા," કરી સમાજ અને ધર્મને એવડા નીવડી અમે અમારૂં અધ:પતન થવા દીધું, પણ હવે તેમ કરવાને અમે તૈયાર નથી. હજુ પણ તમારે જો તમારો રાહ બદલવોજ ન હોય તો ઉપાશ્રયો ખાલી કરો. અમારે ઉપાશ્રયોને કલેશ અને કંકાસગૃહો બનાવવા નથી; પરંતુ આત્મ વિકાસાલયો બનાવવાં છે. તેમાં કલેશ અને કંકાસને સ્થાન નહીં. જોઇએ ત્યાં તો આત્મ શાન્તિજ હોય. આમ પડકાર આપવાની જરૂર છે. જૈન સમાજ આ બાબત કયારે સમજશે?

પદ્માની પ્રતિજ્ઞા.

(સામાજીક નવલિકા)

લેખક,
શ્રી પદ્મકુમાર.

પ્રકરણ ૭ મું.

નવ સર્જનનાં મંડાણ.

લગભગ બે વર્ષના ગાળામાં, ગુણાવતી નગરી ને તારકપુર શહેર સાવ બદલાઇ ગયાં છે એમ કહીએ તો ચાલે. જો કે હોલ પણ માત્ર પદ્માવતી એકલીજ નહિં પણ શરતચંદ્ર ને વિમળા તથા અન્ય પંદર સભ્યો પણ જ્ઞાતિની બહારજ ગણાય છે. ધરાર પટેલોએ તે સર્વના વ્યવહાર કાપી ન્યાત જમણમાંથી તેમને બાતલ કરેલાં છે. શરતચંદ્ર ને વિમળાએ પરસ્પરની ઇચ્છાથી સાદાઈમાં લગ્ન પતાવી દીધાં છે. આજે પતિ-પત્નિ રૂપ ગૃહસંસારની ધુરા તેઓ વહન કરતાં સ્નેહ સામ્રાજ્યમાં વિના સંકોચે વર્તે છે. વિમળાનું આ પગલું પણ જ્ઞાતિરૂપ સડેલા તંત્રને કણા માફક ખુંચતું હતું: છતાં આ યુવતિયુગ્મ ને યુવાન વીરોના અડગ નિશ્ચય સામે તેમનું કંઇપણ જોર આવતું નહિં. જમણનો મોહ ને 'જ્ઞાતિબહાર' ની શિક્ષા ઘોળી-પી ને આ જુવાનોએ જે છાપ પાડી એના ફળ હવે બેસવા લાગ્યાં હતાં.

સુધારણા કરવા મથદાને પડેલ આ ટુકડીએ જાણે કંઇ બન્યુંજ નથી એવી રીતે દેખાવ રાખી એક પછી એક રચનાત્મક કાર્યો ઉપાડવા માંડ્યાં.

યુવક મંડળની અઠવાડીક ભાષણશ્રેણી ગોઠવાઇ, નગરીના તેમજ બહારના સારા વકતાઓના ભાષણો ગોઠવાયા. વળી 'સેવક' નામા એક માસિક પણ શરૂ કર્યું, 'નવજીવન' માફક કલમપર અંકુશ રાખી સાદી ને સરળ ભાષામાં-સામાજીક પ્રશ્નો છણવા લાગ્યા. ધાર્મિક વિષયમાં પણ મનનીય લેખો પ્રગટ થયા. પ્રથમ અંકેજ જનતાનું આકર્ષણ થયું. વૃદ્ધને આ વાત રૂચતી આવે તેમ હતુંજ નહીં; એટલે એ વર્ગે એ સામે આડા કાન કર્યા પણ પ્રૌઢ ને જુની ચાલે ચાલનારા જુવાનો પોતાની આંખો બંધ કરી આ પ્રવૃત્તિ પ્રત્યે બેદરકારી દાખવે એ સંભવિત હતુંજ નહિં. પ્રારંભમાં તો વારે કવારે વિરોધના ચાળા દાખવ્યા. આ જુથને તોડવા-સમાજમાં ઉતારી પાડવા યત્નો સેવ્યા પણ થોડા સમયમાંજ સત્યનો જય થયો અને વિરોધીઓનો મોટો ભાગ ભાષણ-માસિકનો લાભ લેવા લાગ્યો. બીજી તરફ પદ્માવતીએ 'યશોદા બ્રાહ્મિકાશાળા' સ્થાપી. એમાં ધાર્મિક ને હુન્નરનું શિક્ષણ સ્ત્રીયોને આપવાનું આરંભ્યું, પખવાડીક પરીક્ષા અને સારા સારા પુસ્તકોને ઘરગથ્થુ ચીજોના ઇનામ અપાવા માંડયા. એટલે એક વેળા જે બૈરાંઓ પદ્મા સામે મુખ મચકોડતા ને વિમળાને વંઠેલી કહેતાં શરમાતા નહિં તે આજે હોંશે હોંશે શાળામાં આવવા લાગ્યા. જોતજોતામાં તો શાળાનું મકાન નાનું પડવા લાગ્યું.

બીજે ધડાકો 'મૃગાવતી વિધવાશ્રમ' ઉઘાડીને કર્યો. થોડો કચવાટ થયો. ડોશીઓએ ઉઘાડે મુખે તો નહિ પણ પ્રછન્નપણે સરસ્વતી વરસાવી. આમ છતાં એમાં પણ વિધવાઓ આવવા લાગી. આપણા સંસારની વિધવા એટલે 'અપશુકનની મૂર્તિ!' અરે જેનો અવાજ નથી એવું મુંગુ પ્રાણી! એના પલ્લાના પૈસાપર એનો હક નહિં તો બીજા તે કયા સુખ એને હોય? કેટલાક ઘરોમાં અમાપ વૈતરાં પછી પૂરા રોટલા પણ ન મળે! દયાયેલું જીવન ન વેઠી શકાય છતાં કોઇના આશ્વાસન વગર એ સહન કરનારી બહેનોએ 'પદ્મા'પર આશીર્વાદ વરસાવી આશ્રમનો આશરો લીધો. વિમળાની હિંમતે એમનામાં પણ પ્રાણ પૂર્યો. ખોટું દેખાવાના કે સાસરા-પિયરના ભયોને તિલાંજલી દીધી. અહીંથીજ તેમને સુખે રોટલો ખાવા વારો આવ્યો. પાનાચંદ શેઠના દ્રવ્યે, પદ્માવતીની આવડતથી સમાજમાં કોઇ અનેરી ભાત પાડી, નવી રોશની પ્રગટાવી.

એની સાથે જમણમાં વાંધો લેનાર આજે એની સંસ્થાના પ્રશંસક બન્યા-જ્ઞાન પ્રચારથી પોતાની ભુલો તેઓ જોવા લાગ્યા.

વિદ્યાર્થી વર્ગમાં-ફ્રી પુસ્તકોની લ્હાણી કરી અભ્યાસમાં જે સાનુકુળતા શરત-જ્ઞાન ને સુધાચંદ્રની ત્રિપુટીએ કરી આપી હતી તેનાથી એટલી હદે એ વર્ગમાં આ ટુકડી પ્રત્યે પ્રેમ જન્મ્યો હતો કે એક હાકલ પડતાંજ એમના સારૂ આ વિદ્યાર્થીઓ ગમે તેવા સંકટો સહવા તૈયાર થતાં પાછા ન પડે.

વળી તારકપુરમાં 'ગુરૂકુળ' માટે જગ્યા પણ પદ્માવતીએ લીધી હતી. આમ કેળવણી ને સમાજ તરફ એનું લક્ષ્ય અગ્રપદ ભોગવતું.

આમ છતાં પોતે રહેણી કરણીમાં તદ્દન સાદી ને આહાર પણ સાદો લેતી. પાંચ તિથિ વ્રત વિના ખાલી જવા દેતીજ નહિ. દેવદર્શન-સામાયિક-ધર્મગ્રંથવાંચન અને પાંચતિથિ પ્રતિક્રમણ તો બરાબર-યુવાની દિવાની છે એ તેણી સમજતી ને રૂપવતી વિધવાના શીરે સ્વછંદી માનવી તરફના કેવા ભયો આવી પડે છે એનો તેને એકાદ પ્રસંગથી અનુભવ થયો હતો, એટલે એ માટે સદા તે ચેતતીજ રહેતી. શોખના પદાર્થોને સેવન તેમજ પરિધાનમાંથી તેણે કાયમનો દેશવટો દીધો હતો. પુત્રી તારાને તેણી સાથેજ રાખતી. તારા પુખ્ત વયની થયા બાદ જે અભિપ્રાય દર્શાવે એટલે કે એ દેહલગ્નની વિધવા ફરી પરણવા ઇચ્છે તો તે પ્રમાણે કરવા તત્પર હોવાથી તેનો વેશ શોભાગવંતીને શોભે તેવોજ રાખ્યો હતો. આમ છતાં પાનાચંદ શેઠના મૃત્યુ પછી કોઇપણ આંગળી ચીંધે તેવું એક પણ કાર્ય પોતા મારફતે થવા દીધું નહોતું. ઉપરોકત રચનાત્મક કામોમાં તે જરૂર પુરતોજ ભાગ લેતી ને બપપુરતીજ યુવાનો સહ ચર્ચા ચલાવતી. જગતના નેત્રોમાં રક્તતા પ્રસરે તેવું થવા દેવાની પણ તે વિરૂદ્ધ હતી.

તેથીજ આજે નગરીનો મોટો ભાગ તેના તરફ માનથી જોતો. આજે તે પૂર્વેની 'પદમડી' નહોતી રહી પણ 'પદ્માવતી બ્હેન' યાને 'ગંગા સ્વરૂપ પદ્માવતી' તરીકે ઓળખાતી-ધરાર પટેલોના ઘરના બૈરાં પણ તેનું આદર્શ વિધવા જીવન નિરખી પ્રશંસા કરતાં. સામી મળે તો માન આપવાનું ચુકતા નહિં.

આમ આ ટુકડીના મુંગા કામે સમાજની શિકલ ફેરવી નાંખી છે. દરેક સંસ્થાઓ પગભર થવા લાગી છે. અજ્ઞાનતા

સામાજીક બળતા પ્રશ્નો.

સમાજની આજે છીન્ન ભીન્ન દશા થઇ છે તે તો સ્પષ્ટજ છે. તેનાં કારણો શાં? આપણે તે દશા કેમ ચલાવી લઇ શકીએ છીએ? આમ ચાલવા દેવાથી આપણી પ્રગતિ પણ થંભી ગઇ છે, એટલુંજ નહિ પણ સમાજ અવનતિના ખાડા તરફ ગતિ કરી રહ્યો છે તે સમાજ કે તેના નાયકો જાણે છે ખરા?

આપણે ઇતિહાસ તપાસીશું તો જણાશે કે સાધુઓના મતભેદ સાથે સમાજ પણ તેમના ઝગડાઓમાં જૂના કાળથી સંડોવાતો આવ્યો છે; શ્વેતાંબર-દિગંબરના મતભેદ, દેરાવાસી અને સ્થાનકવાસીના મતભેદ, દેવસૂર અને આનંદસૂરના મતભેદ, યતિ અને સંવેગી સાધુઓના મતભેદ અને આજના દીક્ષાની લાયકાત તપાસવા ન તપાસવાના મતભેદ, આ બધા પ્રશ્નો આપણે વિગતથી તપાસીએ તો તે સત્યની પ્રતીતિ થશે. આમ ધાર્મિક બાબતોના મતભેદ સમાજ નથી સહી શકતો. તે ઉપરાંત સામાજીક બાબતોમાં પણ કેટલીક વખત જાણ્યે અજાણ્યે આપણે સાધુઓની મુરબ્બીયટ સ્વીકારીએ છીએ, આ કારણે આપણે સ્વતંત્ર કાર્ય કરવા, સાહસો કરવા શક્તિમાન રહ્યાં નથી. આ વસ્તુ ઇષ્ટ છે કે અનિષ્ટ તે એક જુદો પ્રશ્ન છે; પરંતુ સામાજીક વિકાસની દ્રષ્ટિએ સમાજ આથી પાંગળો બન્યો છે, તેની કાર્યકર શક્તિનો હ્રાસ થયો છે, તેની તો ના પાડી શકાય તેમ નથી.

આ વસ્તુને જરા લંબાવી જોતાં જણાશે કે જ્યારે જ્યારે સમાજમાં તડાં પડયાં છે, ત્યારે ત્યારે તે સામાજીક કારણે કે પ્રશ્નોને લઇને નહિ, પરંતુ તે ધર્મના નામેજ પડયાં છે. સમાજમાં આવાં તડાં પાડવામાં ધર્મ હોઈ શકે કે કેમ, તેનું કલ્યાણ હોઇ શકે કે કેમ તે ગંભીર અને વિચારણીય બીના છે. ભ૦ પાર્શ્વનાથ અને ભ૦ મહાવીરના સમયમાં શું મતભેદ નહિજ હોય? અને હશે તો સમાજમાં આવાં તડાં પડેલાં ખરા? અને તે પડયાં હોય તો તેમાં તેમનો કાંઇ ફાળો હશે ખરો? આ પ્રશ્નનો જવાબ ઇતિહાસમાં નથી. તે પછીના કાળમાં ધાર્મિક ઉપરાંત સામાજીક બાબતોમાં સાધુઓ હસ્તક્ષેપ કરતા હશે ખરા? ધાર્મિક બાબતમાં તે કારણે તડાં પડેલાં જોઇએ છીએ તેમાં તેમ લાગે છે. સામાજીક બાબતમાં તેમ જણાતું નથી. આજે તો જરા તરા મતભેદને આસમાનના છાપરે ચઢાવી સમાજને છીન્ન ભીન્ન કરવાનો કેટલાક સાધુઓને ધન્ધો મળ્યો લાગે છે; તેમને બીજા સાધુઓ અટકાવી પણ શકતા નથી. આ પાંગળી દશા માટે આપણે પોતેજ જવાબદાર છીએ. જ્યાં સુધી આપણે તેમના આ ધન્ધા પર કુહાડાનો ઘા નહિ કરીએ ત્યાં સુધી આપણાથી સામાજીક પ્રશ્નો છણવાની, તેનો નિકાલ સ્વતંત્ર બુદ્ધિથી કરવાની અને સામાજીક અવનતિ અટકાવી પ્રગતિ કરવાની શક્તિ આવવાની નથી.

ધાર્મિક અને સામાજીક પ્રશ્નોની બાબતમાં સાધુઓની મુરબ્બીયટ જાળવવાથી લાભ પણ થયો છે અને તે સાંપ્રદાયિકતાના રક્ષણનો. આ કારણે આપણે રૂઢ બંધનો તોડી શકયા નથી અને વાડામાં બંધાવાથી માત્ર એકાંત દૃષ્ટિએ દરેક વસ્તુનાં માપ કાઢતા થયા છીએ. જૂના શાસ્ત્રોનાં શ્રવણ મનન પરથી જણાય છે કે શ્રીમદ્ દેવર્દ્ધિગણિ ક્ષમા શ્રમણના સમય સુધી તો પક્ષાપક્ષીનું વાતાવરણ ખૂબ તીવ્ર ન હતું; તે કાળના સાધુઓ ભદ્રિક, સંસારભીરૂ અને અસત્યથી દૂર ભાગવાવાળા હતા. પરિણામ એ થતું કે મતભેદ હોય તે બાબત પણ શાસ્ત્રના પાને ચઢતી અને "તત્વ કેવળી ભગવાન જાણે" એમ કહેવામાં આવતું. આજે તે પ્રકારની તટસ્થતા નથી રહી. પરંતુ લગભગ પંદરમાં સૈકા પછી ધર્મનું ઘેન આપણને ચઢવા લાગ્યું. તેમાં સાગર અને વિજયના મતભેદથી માંડીને આપણે આજની સ્થિતિ પર આવ્યા છીએ. પરિણામે સાધુઓ સાહિત્યમાં, આધ્યાત્મિક કલ્યાણમાં, સામાજીક હિતમાં જે ફાળો આપી શકે તે આપી શકયા નથી અને સમાજ ત્યારથી ડહોળાતો ચાલ્યો છે, તેની અગ્રગણ્યતા અને જે મોભો પહેલાં હતો તે આજે નથી રહ્યાં. આમ આપણે ઐતિહાસિક દૃષ્ટિએ વસ્તુનું પૃથક્કરણ કરી આપણે કયાં ઉભા છીએ તે સ્પષ્ટતાથી જોવું જોઇએ. આપણને લાગે કે જૂની પ્રણાલીથી આપણો વિકાસ અટકી પડયોજ છે તો તેને ડામી દેવીજ જોઇએ.

આજની પરિસ્થિતિમાં આ વસ્તુ કેમ બની શકે એ પણ પ્રશ્ન છે. આજે સ્થાનિક સંઘોમાં અને જુદા જુદા સ્થાનના સંઘોમાં વિચારભેદ થયેલોજ છે; પરંતુ તે પ્રમાણીક વિચારભેદ હોત તો સમાજને બાધા રૂપ ન હોત. જે જમાનામાં પરસ્પર મળવાનાં, વિચારોની આપલે કરવાનાં, મતભેદ રજુ કરી તેનો નિકાલ કરવાનાં સાધનો ન હતાં, તે જમાનામાં આપણા સંઘો સગળા હતા, કેમકે તેઓ એકતાર હતાં; અને આ બધા માટે સગવડ હોવા છતાં અને મતભેદ મીટાવવાની સામગ્રી હાથમાં છતાં આપણા મતભેદ અને કદાગ્રહ વધતા જાય છે. આ વસ્તુ કેમ સુધરી શકે? આજે દરેક સ્થાનિક સંઘ પાસે પોતાનું લેખીત બંધારણજ નથી; સમાજના આગેવાનો આવા બંધારણની અગત્યતા સ્વીકારતા નથી, કેમકે તેમ કરવામાં આવે તો તેમની સત્તા મર્યાદિત બની જાય; અને તે મર્યાદાની ઉપરવટ જઇ શકે નહિ. લેખીત બંધારણની હસ્તીમાં તો તેવી કાંઇ જોહાકી કરવામાં આવે તો તે જોહા-

---

અંધકાર ચીરાઇ જવાથી જ્ઞાન-રશ્મિના કિરણો પ્રકાશવા માંડયાં છે એટલેજ નર-નારી ને ઉગતી પ્રજાના હૃદયમાં આત્મામંથન ઉદ્ભવાવવા માંડયા છે કે શેઠ કે એમના સલાહકારો ગમે તેમ કહેતા હોય છતાં 'પદ્મા એન,' શરતચંદ્ર આદિનું કહેવું શું ખોટું છે? સાચો ધન ખરચવાનો માર્ગ તો તેઓએ પકડયો તેજ છે! એમના જેવા લાઇ બ્રહ્મોનો શા સારૂ સમાજ બહિષ્કૃત હોય!

આ હૃદયપલટો એ મહત્વની વસ્તુ છે. પદ્માવતીની પ્રતિજ્ઞા નવલિકાનો પ્રારંભ અહીંથી પૂર્ણ થતો હોવાથી એ 'પલટા દ્વારા' કેવા કેવા પરિવર્તન થયાં. વિરોધી વર્ગે પરાજય પમાડવા સારૂ-ધર્મના ધુરંધરો કહેવડાવતાં છતાં કેવા કેવા મલિન ઉપાયો યોજયા ઇત્યાદિ બાબતો ભવિષ્ય માટે રહેવા દઇશું. એમ કરવામાં અન્ય કારણ પણ છે. એમાં માત્ર પદ્માવતીની એકલી કથા નથી પણ આખી ટુકડીના પરાક્રમોની રૂપરેખા છે. વળી આવશ્યક સંકલનાની પણ જરૂર રહી-એટલે 'પદ્માની પ્રતિજ્ઞા' તો અત્રેજ પૂર્ણ થાય છે. (સંપૂર્ણ.)

કીને તેમનાજ સાધન વડે પગસ્ત કરી શકે. સમાજના આગેવાનો પોતાની આ સત્તા–આ મહામોલું શસ્ત્ર ક્રોડે ખરા? પણ તે આગેવાનો જાણતા નથી કે સંઘ કે જ્ઞાતિઓમાં જોહુકમી કરવાના દહાડા તો કયારનાયે વહી ગયા છે અને વિના અંધારણે પણ હવે તેવી જોહુકમી થઇ શકતી નથી. માત્ર માનીલીધેલ સત્તા અને શાસ્ત્રના રહસ્યના ભ્રમમાં સમાજની પ્રગતિને તેઓ આધા રૂપ થઇ પડયા છે. અંધારણ અમુક પ્રકારનું હોવું જોઇએ તે કહેવાનો આશય અહીં નથી, પરંતુ સમાજ આગે જે જરૂરી નીતિ નિયમોની મર્યાદા યોગ્ય લાગે તેટલા, અને સમાજ સ્વીકારે તેટલા શબ્દમાં લખાય તો સમાજની અનેક રીતે વેડફાઈ જતી શક્તિ બચે અને તેનો વિકાસ સાધવામાં ઉપયોગ થઇ શકે.

બીજો પ્રશ્ન આપણી જ્ઞાતિ અને સંઘની શિક્ષા પ્રણાલીનો છે. સમાજની કોઇ વ્યક્તિ ગુન્હો કરે તો તેના આખા કુટુંબને સજા કરવી આ આપણી પ્રણાલી છે. ગુન્હો કરે તેનેજ માત્ર સજા હોઇ શકે; પણ ગુન્હો કરનારના અંગત કે જરા દૂરના સગાંવ્હાલાંને સજા કરવામાં માત્ર દ્વેષ બેસાડવા સિવાય બીજો કાંઇ હેતુ ન હોઇ શકે. આવી સજા રૂપ અન્યાય આપણે કેટલા કાળથી કરતા આવ્યા છીએ, તે આપણે જાણતા નથી પણ તેમાં હજી પણ આપણે ગર્વ માનીએ છીએ. માનસ શાસ્ત્રની દ્રષ્ટિએ આવી સજા ખૂબ અસહ્ય અને પ્રગતિરોધક છે. જ્યારે ગુન્હો ન કરનાર વ્યકિતઓને ગુન્હાની સજા ભોગવવી પડે છે, ત્યારે સમાજનું સમસ્ત વાતાવરણ તે બગાડે છે, સમાજને ડોળી નાંખે છે અને તેની સત્તાને પણ પાંગળી કરી નાંખે છે, એ વાત સમાજના આગેવાનો સમજી શકતાજ નથી, ભલે આંતરિક કે બાહ્ય દબાણના કારણે. પછી ગુન્હો કરનાર અને તેના કુટુંબીઓ માફી માંગે કે દંડ ભરે, છતાં પણ આવો અન્યાય વેઠનારનાં માનસ કાળક્રમે ગુન્હાહિત થઇ જાય છે અને મળતી તક ફરી તેઓ તેવાજ પ્રકારનો ગુન્હો કરે છે. આમ હોવાથી આપણે આપણી શિક્ષા પ્રણાલી સુધારી માત્ર ગુન્હો કરનાર વ્યકિતનેજ સજા કરવાનું ધોરણ સ્વીકારીએ તેમાં ન્યાય છે, હિત છે અને તે દ્વારા અનેક સામાજીક સંઘર્ષણો ઓછાં કરીએ છીએ. આ રીતે સામાજીક વિકાસ થવાનો છે તેટલી શ્રદ્ધા જો આપણને હોય તો તે વિકાસ થયા વિના રહેવાનોજ નથી.

આ ઉપરાંત ત્રીજો પ્રશ્ન સાધુઓની મુરબ્બીવટનો છે; તે સ્વીકારવી કે ફગાવી દેવી તે સમાજે વિચારવાનું છે. સંઘ યા જ્ઞાતિની વ્યવસ્થા વ્યવહાર પુરતી છે, અર્થાત્ તે અર્થ અને કામ જોડે સંકળાયેલો છે; આમાં તેમને ભાગ લેવા–દેવાનો પ્રશ્ન બેહુદો લાગે છે. આમાં તો અર્થ, કામને સીધો આ પ્રશ્ન લાગે વળગે છે; છતાં તેમાં માથું મારવામાં તેમને બાધ નથી, એ નવાઇ જેવું છે. આપણે સાધુઓને સચ્ચારિત્રશીલ રાખવા હોય, આપણી સગી આંખ તેમને પ્રભાવશીલ અને તેજસ્વી જોવાની આપણને તમન્ના હોય તો તેમની મુરબ્બીવટ આપણે ફેંકી દેવી પડશેજ. આમ કરીશું તોજ આપણે આપણા પ્રશ્નો ઉકેલતાં, સંકેલતા, સમાધાન કરતાં શીખીશું સામાજીક પ્રશ્નો એ વ્યવહારિક અને સમાધાનીય પ્રશ્નો છે; તેમાં તડજોડને પહેલું સ્થાન છે. આવા પ્રશ્નો વિચારતી વખતે સમાધાનવૃત્તિ પ્રધાનપદે હોવી જોઇએ. એક બે પ્રશ્નોની છણાવટમાં આટલો શ્રમ લેવાય તો સમાજમાં સમાધાનવૃત્તિનું વાતાવરણ પ્રસરે અને ગુન્હા કરવાનું માનસ ન્યૂન થવા માંડે; પરિણામે સમાજમાં શાન્તિ પ્રસરે અને શાન્તિ તે સામાજીક વિકાસ માટે અગત્યનું અંગ છે

આમ આપણે માત્ર સંઘ અને જ્ઞાતિસંસ્થા જે નિરર્થક બની છે, જે સત્તાધીશ છે છતાં આજે પાંગળી થઇ ગઇ છે, તેની નિરર્થકતા અને પાંગળાપણું દૂર કરવા શું કરવું તેટલા પૂરતીજ ચર્ચા અત્રે કરી છે. તેમાંથી ઉપસ્થિત થતાં અનેક ગૌણ પ્રશ્નો છણ્યા નથી, પરંતુ તે તો સમાધાનવૃત્તિનું વાતાવરણ જામતાં આપોઆપ છણાઇ જશેજ. તે પહેલાં સમાધાનવૃત્તિ ઉત્પન્ન કરવા જે પગલાં ભરવાં જોઇએ તે મુદ્દાઓ સ્વીકારવા સમાજ તૈયાર છે? "ચી."

(અનુસંધાન પૃ. ૩૩૯ ઉપરથી)

દેખાતી? સર્વસ્વ અર્પણ કરવાનો ઉપદેશ બીજા માટે છે? તમારે ને તમારા ગોવાનોને જોયા કરવાનું છે? પોપા બન્યા, દુધપાક–પૂરીથી પેટ ભર્યાં, વરઘોડા કાઢયા, શાન્તિસ્નાત્ર ભણાવ્યાં, ઓળીઓ કરી, એમાં ધર્મનો ને શાસનનો ઉદ્ધાર થઇ ગયો એમને? સમજાવશો, એની પાછળ પૈસા વેડફી સમાજનું શું ભલું કરો છો? એથી તો સમાજ લાલચુ બને છે, બેકાર બને છે, એની ઉપરે આફતના ઓળા ઉતરે છે; છતાં તમે તો ધરમ ધરમ પોકાર્યાજ કરો છો. તમારી સ્થિતિના કંઇ ખ્યાલ આવે છે? સ્વતંત્ર બુદ્ધિથી વિચારી શકો છો?

નવીન—તમારી માન્યતા પ્રમાણે કદાચ અમે વિચાર ન કરી શકતા હોઇએ પણ તમે તો કરી શકો છો, છતાં રડવા–કૂટવા જાઓ છો!

કુસુમ—મેં તો વિચાર કરીજ રાખ્યો છે કે "હવેથી રોવા–કૂટવા જવું નહિ અને જે જતાં હોય તેને તેથી થતા ગેરફાયદા સમજાવી પાછાં વાળવાં. સાદાઇ અને સંયમ ખાતર શુદ્ધ ખાદી પહેરવી, ગૃહકાર્યમાંથી જેટલો વખત બચે તેટલો વખત સમાજ, હરિજન અને દેશ સેવામાં ગાળી માનવ જન્મ સાર્થક કરવો.

(અનુસંધાન પૃ. ૩૩૫ ઉપરથી)

નુસાર વર્તન કરવાનો જે દાવો-દંભ ચાલે છે તે ઇષ્ટ નથી. પ્રજા તેથી વિકાસ નથી કરી શકતી, પ્રજા પણ તેજ શીખે છે અને તેથી પ્રજાની અવનતિ થાય છે.

ઉપરનાં એકેએક પગલાં કડકજ લાગવાનાં છે અને તે અમલમાં મૂકી શકાય તેવાં નથી કહી તેને ફેંકી દેવાના છે; આટલું જાણવા છતાં પણ સમાજમાં આવી સૂચના નહોતી થઈ તે બાને ગેરસમજ રહે તે દુર કરવા પૂરતીજ આ જાહેરાત છે. સંમેલનનો હેતુ સ્વચ્છ હશે, સાધુ સંઘની વ્યવસ્થા કરવાની શુભ ધારણા હશે, સંમતિ આપનાર સાધુઓએ પોતપોતાના બને અંતકરણથી તે આપી હશે તો આ નિમંત્રણો બંધનરૂપ ન લાગતાં કલ્યાણમય લાગવાના છે. અને આજ વસ્તુની કસોટી કરવી હોય તો એક પ્રસંગ આપણી પાસે આજે ઉભો છે, તેનું એકધારું પાલન સર્વ તરફથી થાય તો મુનિસંમેલન માટે વાતાવરણ કાંઇક સ્વચ્છ બન્યું છે તેની ખાત્રી થાય.

સ્વ. શ્રી નગીનદાસ શાહ સ્મારક ફંડમાં અત્યાર અગાઉ રૂ. ૨૮૨।। મળ્યા હતા, તે ઉપરાંત તાજેતર રૂ. ૧૦ નવસારી જૈન યુવક મંડળ તરફથી મળ્યા છે કુલ્લે રૂ. ૨૯૨।। થયા.

સુધરેલું રડવું–કૂટવું.

લેખક—અમૃત ઝવેરી.

કેમ ભાભી! આ કાળો સાડલો પહેરી કયાં જઈ આવ્યાં?

કુસુમ—એ તો આપણી પોળમાં રતન ડોસી ગૂજરી ગયાં છે ત્યાં 'મો વાળવા' ગઇ હતી.

નવીન—ભાભી, તમે સુધરેલાં, ભણેલાં, વિચારક છતાં રોવા-કૂટવા જાઓ, પછી બીજાઓ માટે કહેવું જ શું? તમને આ શોભતું નથી.

કુસુમ—એમાં તમને આટલું બધું કેમ લાગી આવે છે?

નવીન—કેમ ન લાગી આવે? તમારા જેવા ભણેલા, સુધારાની મોટી મોટી વાતો કરનારા પતિના પત્નિ, સંસ્કારી મા–બાપનાં પુત્રા, જ્યારે રડવા-કૂટવાના જંગલી રિવાજને પોષણ આપે ત્યારે મને કેમ ન લાગે?

કુસુમ—સુધારાની વાતો કરીએ તેમાં બોટું શું કરીએ છીએ? જેમ પુરૂષો વાતો કરે છે તેમ અમે પણ વાતો કરીએ છીએ!

નવીન—એમાં રડવાને ને વાતો શું સંબંધ છે? કે માથે આવી પડેલ આરોપમાંથી બચવા ખાલી પુરૂષોપર ટીકા કરો છો, એના કરતાં ભૂલ કબુલ કરી હવે ન જવાનો નિશ્ચય કરોને!

કુસુમ—પુરૂષોની વાતો અને રડવાને સંબંધ છે એટલેજ વાત કરું છું. બાકી બચાવ ખાતર પુરૂષોને વગોવતી નથી. સમજ્યા!

નવીન—આ તમારી દલીલજ બોટી છે.

કુસુમ—બોટી છે? તો સાંભળો! જોઓ સુધારકો કહેવરાવે છે, સુધારાના લાંબાલચ્ચ ઉદ્દેશોવાળાં મંડળો ચલાવે છે, તેઓ જાહેર સ્થાનેથી વિધવા ઉન્નતિની, જ્ઞાતિ અને ગોળ બંધારણના ત્રાસની, દેવદ્રવ્યની, વ્યાયામની, રોવા–કૂટવાની, જમણવારોની, રૂઢીબંધનોની, વિગેરે સુધારાનો રાગડા તાણીને વાતો કરે છે, ઠરાવો કરે છે, જેમ અમે કૂદીને છાતી કૂટીએ છીએ તેમ સભાઓવાળા વાતો (ભાષણો) કરતી વખતે એકટીંગ સાથે કૂદીકૂદીને હાથ પછાડે છે. આ બધું એક પ્રકારનું સુધરેલું રડવું કૂટવું છે. ફકત ફેર એટલો કે અમે પ્રમુખ વિના કામ ચલાવીએ છીએ, અને તમે કહેવાતા સુધરેલા પુરૂષો એક મોટા પ્રમુખની દેખરેખ નીચે રડો–કૂટો છો.

નવીન—તમે તમારો નકામો બચાવ કરો છો. સભાઓનાં ભાષણો કયાં અને તમારૂં બૈરાઓનું રડવું–કૂટવું કયાં!! તમારી વાતમાં સમજણજ પડતી નથી.

કુસુમ—હજી સમજણ ન પડી? તમે શાસનપ્રેમી એટલે બુદ્ધિને આગળ ચલાવવાની તસ્દી ઓછી લ્યો, એટલે શાની સમજ પડે!

નવીન—ગમે તેમ છતાં એ સુધારકો કરતાં અમે ઘણા સારા છીએ. પણ આપણે બીજા મુદ્દે ઉતરી પડયા, એટલે એને પડતો મૂકી, રડવાનો ને સભાનો સંબંધ દલીલથી સમજાવો.

કુસુમ—સભાઓમાં લાંબાલચ્ચ ભાષણો થાય, ઠરાવો થાય, છતાં સ્થિતિ તેની તે; કારણ કે ઘર ઉપર ઘોડા આવે ત્યારે જુદીજ વર્તણુંક. જુઓ! નંદુબેન તેર વર્ષની ઉંમરે વિધવા થયાં છે; તેમની ઇચ્છા લગ્ન કરવાની છે; છતાં તમારા-ભાઇ બાપની આબરૂના ઓઠા નીચે તેમને કેવી રીતે સમજાવે છે! અને જાહેરમાં કેવાં ભાષણ કરે છે? તેવીજ રીતે પેલા સાગલાગ જ્ઞાતિ અને ગોળના બંધારણ સામે કેટલીએ વરાળ કાઢે છે, છતાં પોતાની દીકરીને ન્યાતમાંજ દેવાના વિચારના છે. બહાર દે તો છોકરા રખડી પડવાની ધાસ્તી લાગે છે! અને બીજાઓને જ્ઞાતિ–ગોળ તોડવાની શિખામણ આપે છે. તેવીજ રીતે સુધારકોએ રોવા કૂટવામાં, દેવદ્રવ્યમાં જમણવારોમાં પોતાના ઘેરથી કેટલા સુધારા શરૂ કર્યા? કશુંએ નહિ. એતો ભાષણો અને ઠરાવો કરવા પૂરતીજ વાતો. એટલેજ હું એને રોવા–કૂટવાની શ્રેણીમાં મૂકું છું. સમજ્યાને નવીનભાઇ!

નવીન—તમારી વાત હવે બરાબર સમજાઇ. એ સુધારકો વાતોમાંજ શૂરા છે, એમ તમે સમજો છો છતાં સુધારક કહેવરાવવામાં અભિમાન ધરાવો છો, એ પણ નવાઇજ છેને!

કુસુમ—એમાં લગારે નવાઇ નથી. તમારા કહેવાતા ધર્મિષ્ટોળા કરતાં એ લાખ દરજ્જે સારા છે, એમ તમે કોઇ કોઇ વાર કબુલ પણ કરી ગયા છો. છતાં તમારા જેવો કોલેજીઅન, એક વખત શુદ્ધ ખાદીમાંજ રહેનારો, એક વખત મહાસભાના સીપાઇ તરીકે મહાસભામાં જનારો, ખાદીમાંજ લગ્ન કરનારો, એ કહેવાતા શાસન ટોળામાં ભળેલો જોઇ મને નવાઇ લાગે છે.

નવીન—તમને ભલે નવાઇ લાગે. બાકી તમારે કબુલ કરવું પડશે કે અમારામાં ધર્મપ્રત્યે પૂરી વફાદારી છે. અમે બોલીએ તેટલું કરીએ છીએ. જુઓ! આજ શહેરમાં ઉપાશ્રયમાં ચૌદસ જેવી તીથીએ ત્રણ-ચાર પોષા થતાં તેની જગ્યાએ પોણોસો પોષા હાલમાં થાય છે; વરસગાં ચાર-પાંચ વરઘોડા ચઢે છે; હજારો રૂપીઆ ખર્ચીને તીર્થના સ્થળે ઓળીઓ થાય છે; વર્ષમાં વીસ-પચ્ચીસ જમણો થાય છે, શાન્તિસ્નાત્રો થાય છે, ઘીની બોલીઓથી હજારોની આવક થાય છે; આ બધી જૈન ધર્મની ઉન્નતિ અને જાહોજલાલી નથી?

કુસુમ—તમારા જેવા ભણેલા ને વિચારક યુવકમાં વિચાર શકિતની આટલી ઉણપ જોઇ મારે તમને તમારા હિત ખાતર સાફ સાફ કહેવું જોઇએ કે, જેટલો સુધારકોમાં દંભ છે તેનાં કરતાં તમારામાં ઘણો વધારે છે. પેલો **રજની** તમારો આગેવાન છે. રાત્રિ ભોજન ન કરવાની મોટી બડાઇ હાંકે છે અને આપણે ત્યાંજ અષ્ટમીની રાત્રે માલમલીદા ઉપાડયા હતા. પેલો તમારો સુરેશ તમારૂં છાપું ચલાવે છે, ને ધર્મની ડાહી ડાહી વાતો કરે છે, તે સીઝર પીવામાં, નાટક–સીનેમાં જોવામાં અને હોટલ–ચેટલ અને મોજ મજાહ ઉડાડવામાં પૈસાનું કેટલું પાણી કરે છે? હમણાંજ તગારી સોસાયટીનો ઉત્સવ ઉજવાયો ને લાંબાલચ્ચ નિવેદનમાં યુવાનોને ઉદ્દેશીને કહેવામાં આવ્યું છે કે "શાસનને માટે મરવાનું અહોભાગ્ય પણ વીરલાનેજ સાંપડે છે, શાસનની સેવા કરતાં સર્વસ્વ અર્પણ કરવું એથી અધિક સફળ જીવન કયું હોઇ શકે?" આ તમારી હાકલ રોવા જેવી નથી તો બીજું શું છે? આજે કેસરીયાજી તીર્થ જવા એહું કે–ગયું છે, રાણકપુરમાં પ્રતિમાઓ ખંડીત થઇ, છતાં તમે સભાઓ ભરી, ઠરાવો કરી ચૂપચાપ થઇ ગયા. શું એમાં શાસનની સેવા નથી

(અનુસંધાન પૃ. ૩૩૮ ઉપર)

સાચું સ્વામિવાત્સલ્ય.

લેખકઃ—**મનસુખલાલ લાલન.**

પર્યુષણપર્વ અનેક રીતે મહાન છે. એ પર્વના આઠે દિવસોમાં દાન, શીલ, તપ અને ભાવનાના અમોઘ સિદ્ધાંતોનું બનતી શક્તિએ પાલન કરવામાં આવે છે. અને જૈન દર્શનના અને સચ્ચારિત્રના મૂળ સ્થંભરૂપ એ ચારેનો જેટલો લાભ એ દિવસોમાં લેવાય છે, એટલો ભાગ્યે અન્ય દિવસોમાં લઈ શકાય છે.

સાથે સાથે આ દિવસોમાં પ્રભાવના, પૂજા, સ્વામિવાત્સલ્ય, સેવાભક્તિ આદિ અનેક ક્રિયાઓ નાનાં યા મોટાં સ્વરૂપમાં કરવામાં આવે છે, અને તેનો યથાયોગ્ય લાભ લેવાય છે. આ સ્થળે એ સર્વ વસ્તુઓનું નિરૂપણ કરવાનો અવકાશ નહિ હોવાથી એ સર્વમાં જે અત્યારે વધારે જરૂરી અને મહત્વપૂર્ણ બાબત છે, તેના માટેજ આપણે વિચાર કરીશું. 'સ્વામિવચ્છલ' એ શબ્દ મૂળ 'સાહમ્મિવચ્છલ' અથવા 'સાધર્મિકવાત્સલ્ય' છે. તેનો અપભ્રંશ થઇ હાલ સ્વામિવચ્છલ કહેવાય છે. આ સ્વામિવચ્છલના શબ્દનો ઉપયોગ અત્યારે જે રીતિએ કરવામાં આવે છે, તે કરતાં ઘણુંજ વિશાળ સ્વરૂપમાં આ શબ્દનો વિસ્તાર થઇ શકે છે સ્વામિવચ્છલ એટલે આપણ સમાન ધર્મિભાઇઓ પ્રત્યે પ્રેમભાવના દર્શન, આ પ્રેમભાવ—આ વાત્સલ્યભાવના આપણે અનેક રૂપે દેખાડી શકીએ તેમ છીએ. અત્યારે 'સ્વામિવચ્છલ' નો અર્થ માત્ર ટોળી, સંઘ જમણ, અથવાતો નવકારશીના જમણુમાંજ સમાવવામાં આવે છે. આ અર્થ અને આ ભાવના આ રીતિએ એટલી સંકુચિત બની ગઇ છે કે, એ શબ્દની વિશાળતા અને મહત્તા તદ્દન ભુલી જવામાં આવી છે. આ શબ્દનો વિશાળ અર્થ એ છે કે આપણા ભાઇઓ—ભલે પછી સહધર્મી હો, કે સહજ્ઞાતિના હો,—તેનું દુઃખ નિવારણ થાય, તેની હરકતો આપણે હાથે દુર થાય અને તેને પોતાનું જીવન ભારરૂપ ન લાગે એવા તેને જરૂરીયાતનાં સાધનો આપણા દ્વારા પુરાં પાડવામાં આવે, તો તેજ ખરેખરૂં સાધર્મિકવાત્સલ્ય છે, એજ ખરેખરી પ્રેમભાવના છે, એજ ખરેખરી આત્માની ઉદારતાનું દર્શન છે અને ખરેખરૂં સ્વામિવાત્સલ્ય એજ છે.

આ ઉપરથી મારૂં કહેવું એવું નથી કે હાલ જે જમણવારો આદિ થાય છે તે સ્વામિવચ્છલ નથી—તેમાં પ્રેમભાવનાનો અંશ પણ નથી. અલબત્ત તેમાં જમણ કરનારની ભાવના તો ઉંચીજ હોય છે, પરંતુ જેટલી તેની ઉત્તમ ભાવના હોય છે, તેટલા પ્રમાણમાં તેનાં ફળ ઉત્તમ દેખાતાં નથી. આપણા શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે જે સમયે જે ક્ષેત્ર દ્રવ્યનું હોય, જે ક્ષેત્ર સીદાતું હોય તેમાં દ્રવ્યનો વ્યય કરવો જોઇએ. આજે આપણે જોઇએ છીએ કે જૈન ધર્મની વિજય પતાકાને ઉડતી રાખનાર જૈન પ્રજા કહો કે જૈન સંઘ કહો કે શ્રાવક સમુદાય કહો, તે એટલી હદ સુધી બેકારીના બીહામણાં પંજામાં સપડાયો છે કે જો વખતસર તેઓને માટે યોગ્ય સગવડો કરવામાં ન આવે તો તેનાં કલ્પનાતીત ભયંકર પરિણામો આવી પડવા સંભવ છે. પૂર્વે એક કાળ એવો હશે કે જે સમયે જૈનો વિપુલ ધનસંપત્તિના ભોક્તા હોઇ તેઓને અન્ય કોઇપણ પ્રકારની અગવડ કે સાધનની ન્યૂનતા નહિ હોય, અને તે સમયે સંઘ જમણો, નોકારસીઓ, જ્ઞાતિ ભોજનો આદિ કરવામાં બીલકુલ આંચ નહિ લાગતી હોય. પરંતુ આજે સમય તદ્દન પલટી ગયો છે, આજે આપણા જ્ઞાતિબંધુઓ દિવસે ને દિવસે બેકારીના સપાટામાં સપડાવા લાગ્યા છે. આજે અનેક ઉછરતા યુવાનો નોકરી યા ધંધો નહિ મળવાથી સટ્ટાના ફંદામાં ફસાઇ પાયમાલીની ઉંડી ગર્તા તરફ પગલાં પાડી રહ્યા છે. એવા સમયે ઓ શ્રીમંતો! તેઓને ગુપ્ત દાન આપી, તેઓને નોકરીએ વળગાડી, તેઓને નાના નાના ધંધાની જોગવાઇ કરી આપી તમારી પુણ્યલબ્ધ લક્ષ્મીનો સદ્વ્યય કરો. અને એજ સાચું સ્વામિવાત્સલ્ય છે. એ ક્ષેત્રમાં વાવેલું બીજ તમોને આગામી જન્મમાં અનેક વૈભવોના મનોહર ફળો આપશે, તેઓના અંતરની ઉંડી આશિષો તમારા ભાવિમાં હંમેશને માટે ઉજ્વળ અમૃતની ધારાઓ વરસાવશે.

આજે એક દિવસના ભોજનથી કે એક દિવસની લ્હાણી કે પ્રભાવનાથી, અથવા એકાદ થાળી કે વાટકાનો થોકડો લઇ ચાર-પાંચ-છના ખોટા ઘુમાટા મારવાથી કે નાનાં બચ્ચાંઓને શણગારી સ્વપ્નાનાં ઘીની બોલીમાં એકબીજાથી સરસાઇ ભોગવવાની મહત્ત્વકાંક્ષાઓથી તમે જેટલું ક્ષુલ્લક પુણ્ય ઉપાર્જન કરશો તેથી અનંતગણું પૂણ્ય એક સાધર્મિના અંતરની ભલી આશિષોથી મેળવશો.

સમાજના વિચારવંત શ્રીમંતો! આપ જરા ઉંડા ઉતરી તપાસ કરશો તો ઉપરનું લખેલું જરાપણ અધટીત લાગશે નહિ. આપ જ્યારે કીર્તિદાનનો મોહ છોડશો, જ્યારે ઘડીભરની વાહવાહની ક્ષણિક વાદળીઓની છાયામાંથી શાશ્વત તેજના અંબારમાં આપના દીલને ખુલ્લાં મૂકશો, આપ જ્યારે ગુપ્ત દાનની મહત્તાને આપના હૃદયપટમાં ઉતારશો અને સાચાં સ્વામિવાત્સલ્યની વિશાળ ભાવનાઓને તમારા અંતરમાં પોષશો તે દિવસે સ્પષ્ટ માલુમ પડશે કે કીર્તિદાનનો ક્ષણિક મોહ જેટલો કાર્યસાધક નથી નીવડતો તેથી હજારગણો વધુ કાર્યસાધક એ સાચા સ્વામિવાત્સલ્યની અર્થાત કે પોતાના સાધર્મિ બંધુઓની, પોતાના સ્વજનોની, સાચી સેવાની ભાવનાથી નીવડે છે.

બંધુઓ! અંતમાં જણાવવાનું કે આપ જરા શ્રીમંતોની દુનિયામાંથી એકાદ દિવસ ગરીબો અને સાધારણ જૈનોની દુનિયામાં આવીને વસો, તેઓની અંતરની ઉંડી જ્વાળાઓ તમારા સ્વનેત્રે જુઓ અને જો તમોને એ હૃદયની જ્વાળાઓથી, એ હૃદયની વેદનાઓથી જરાપણ કમકમાટી કે લાગણીની ઉર્મિઓ આવે તો આપના પુણ્યોપાર્જિત પૈસાના બહેણ આ માર્ગે વાળી એ પુનિત ધોધથી તેમની જ્વાળાઓને હોલવો અને એ રીતે સાચું સાધર્મિક વાત્સલ્ય કરી આલોક અને પરભવનું ભાથું બાંધો! ઇતિ શમ્!

☞ **આવતો અંક બંધ.**

આવતો અંક—પર્યુષણના ધાર્મિક તહેવારોના કારણે બંધ રહેશે વ્યવસ્થાપક.

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩ માં છાપ્યું છે. અને ગોકલદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

યુવક પ્રતિનિધિઓનું સંમેલન.

Reg. No. B. 2917.

છુટક નકલ ૧ આનો.

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

તંત્રીઃ રતિલાલ ચીમનલાલ કોઠારી. | સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦ | વર્ષ ૨ જું, અંક ૪૩-૪૪ મો. શનીવાર, તા૦ ૨-૬-૩૩.

સમાજ વેદી પર.

સમાજની વેદિ પર આપણે ખૂબ ભારે બલિદાન દેવાનાં છે; યુવકો જે વસ્તુ ઇચ્છે છે તે સમાજની વેદિ પર કોઇને કોઇ પ્રકારનું બલિદાન દીધા વિના અલભ્યજ રહેશે. સમાજ જે રૂઢ અને બંધનમાં જકડાયેલો છે તેને તેનાં બંધનોમાંથી મુક્તિ આપવાનું કાર્ય સરળ નથી, તેમજ તે તાત્કાલિક બની જાય તેમ પણ નથી આપણે એમ માનીએ કે કોઇ યુગપ્રધાન કે દેવ આવીને આપણે ઉદ્ધાર કરશે તો તે પણ શક્ય નથી; કારણ કે યુગપ્રધાન કે દેવ આપી પોતાનું કાર્ય કરી શકે તે માટે જમીન સાફ કરવીજ જોઇએ. અને તે કામ આજના યુવકોનુંજ છે.

ભવિષ્યનો યુગ પ્રધાન કેવો હશે તેની તુલના જુના કાળના યુગપ્રધાન સાથે કરશો તો ભૂલજ ખાશો. જે વખતે સાધન સામગ્રીનો અભાવ હોય; જે વખતે વ્યવહારનાં સાધનો સુલભ ન હોય તે કાળે તો માત્ર સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનાં જાણકાર જરૂર યુગપ્રધાન બની શકે. અને સમાજને દોરી શકે; પણ આજના યુગમાં જ્યારે ગુજરાતી ભાષામાં, અંગ્રેજી ભાષામાં, જર્મન ભાષામાં, જૈન સાહિત્યના જેવા વિચારોની છણાવટ થતી રહી હોય ત્યારે તે તે ભાષાના જ્ઞાન વિના યુગપ્રધાન પદ શી રીતે મળે. નવા યુગના યુગ પ્રધાનને માત્ર સંસ્કૃત, પ્રાકૃતભાષા જાણવી તે પૂરતી નહિ હોય; તે ઉપરાંત ગુજરાતી ભાષા તો તેણે ઘોળીને પી જવીજ પડશે અને સમજવા પૂરતી અંગ્રેજી અને જર્મન ભાષા તેણે શીખવીજ પડવાની છે. આમ ભાષાના વિસ્તૃત જ્ઞાનથી તે શ્રુતસંપન્ન થાય તોજ તે સાધુ સંઘ અને ગૃહસ્થ સંઘ પર પોતાની તેજસ્વિતાની, પ્રભાની, ઓજસની છાપ પાડી શકે; તેની પ્રભાવના તે કાંઇ પતાસા, લાડુ, બદામ, કે શ્રીફળદ્વારા તે નહિ કરે, તે તો પ્રજા સન્મુખ જ્ઞાનના અનેક કિરણો ફેંકશે, અનેક ચિનગારીઓ વેરશે; જ્ઞાનના સમુદ્ર સમાન અનેક ગંભીર ગ્રંથરત્નો રચશે અને તે ગ્રંથ રત્નો સામાન્ય કોટીના નહિ, પરંતુ પ્રમાણભૂત બને તે પ્રકારે તેની રચના કરશે. આટલું જે વ્યક્તિમાં દેખાય તે વ્યક્તિ આપણા સમાજમાં યુગપ્રધાન છે એમ ચોક્કસ માનવાનું છે. ભાવિ યુગપ્રધાનનું આ આછું સ્વરૂપ છે; તે યુગપ્રધાને ઓળખવાનું આ એક માપ છે.

આવો યુગપ્રધાન સમાજમાં ઉત્પન્ન થાય, સમાજને તેની છિન્ન ભિન્ન સ્થિતિમાંથી તે તારે એ બધું તે કરી શકે તે માટે ભૂમિકા તૈયાર જોઇએજ. તે ભૂમિકા તૈયાર કરવાની ફરજ આપણા માથેજ રહેલી છે. યુગપ્રધાન જે થશે તે આપણામાંથીજ ઉત્પન્ન થશે; એટલે સમાજમાં નીતિ, પ્રમાણિકતા, સત્ય પ્રતિ પ્રેમ આદિ ઉચ્ચ હોવાં જોઇએ; સમાજમાંથી દંભ, છેતરપીંડી, આદિ અનેક કાળિમાઓ નીકળી જવી જોઇએ. સમાજમાં આટલું જ્યાં સુધી ન થાય ત્યાં સુધી યુગપ્રધાનના માત્ર આપણે સ્વપ્ન સેવવાનાંજ રહ્યાં. આ ઉપરાંત તેને તૈયાર થવા માટે બાહ્ય સાધનોની જરૂર પણ છે અને તે સમાજ સેવાની ભાવના અને તે ભાવના સિદ્ધ કરવા અર્થે સ્વાર્પણ; આ ઉપરાંત તેની તાલીમ માટે તેવું પુસ્તકાલય, વાંચનાલય અને સંગ્રહસ્થાન આ સર્વનો જોગ બને ત્યારે પણ તેનો ઉપયોગ કઇ દ્રષ્ટિથી કરવો, પોતાનો અનુભવ પ્રજા સન્મુખ કેવી રીતે રજૂ કરવો, પોતાનાં ચિંતનનાં પરિણામો જનસમૂહને કેવી રીતે પાવાં, આ બધી કળા તે હસ્તસિદ્ધ કરે તેવાં તેને ગુરૂ કે ગુરૂઓ મળવા જોઇએ.

આજની પરિસ્થિતિનો વિચાર કરીએ તો આપણા સમાજમાં ઉપરોક્ત સગવડો છે ખરી? ન હોય તે માટે પ્રયત્નો થાય છે ખરા? સમાજમાં તેમ ન હોય તો સમાજ બહાર આવું વાતાવરણ છે? આ બધાથી આપણને યુગપ્રધાનના આગમન શક્ય છે કે અશક્ય તે તોલી શકાય. ઉપરની વસ્તુસ્થિતિ પરથી એટલુંજ જણાય છે કે આવાં કેટલાંક સાધનો સમાજમાં છે, સમાજ બહાર પણ છે, કેટલાંક સાધનો તૈયાર નથી તે તૈયાર થવાની અણી પર પણ છે. આમ ભૂમિકા તૈયાર થઈ રહી છે. આવી ભૂમિકા તૈયાર કરવામાં યુવકોનું સ્થાન ક્યાં છે?

પુરિસા ! સચ્ચમેવ સમભિજાણાહિ ।
સચ્ચસ્સ આણાએ સે ઉવટ્ઠિએ મેહાવી મારં તરઇ ॥
(આચારાંગ સૂત્ર.)

પ્રબુદ્ધ જૈન.

શનિવાર, તા૦ ૨-૯-૩૩.

યુવક પ્રતિનિધિઓનું સંમેલન.

જ્યારે સામાજીક પરિસ્થિતિ દિન પ્રતિદિન બગડતી જતી હોય, જુનવાણી અને નૂતનયુગનાં આંદોલનો વચ્ચે સંઘર્ષણ ચાલતું હોય, જુદી જુદી વિચારસરણીમાં સમાજ વિભક્ત થઇ પોતાની નિરર્થક શક્તિ વેડફી રાખ્યો હોય અને સમસ્ત સમાજ એક છેડાથી લઇ બીજા છેડા સુધી અશાંતિની આગમાં સળગતો હોય ત્યારે સ્વાભાવિક યુવકો ઉપર આશાની મીટ મંડાય એ અવાસ્તવિક નથી.

સમસ્ત વિશ્વમાં દૃષ્ટિ નાંખવામાં આવે તો જણાશે કે દરેક ક્ષેત્રોમાં આજે યુવક શક્તિજ કાર્ય કરી રહી છે. જે ક્ષેત્રોમાં નવલોહી નથી એ ક્ષેત્રોના નાશની નોબત વાગી રહી છે. શા માટે જૈન સમાજ પોતાના નવલોહીયા સંતાનોને એકત્રિત થવાની હાકલ ન કરે? વૃદ્ધ અને પીઢ શક્તિ ખૂબ શ્રમિત થઇ છે, આગમ અને શાસ્ત્રોના વમળમાં અટવાઇ એ શક્તિ નિરર્થક અત્યાર આગમચ સાબીત થઇ ચુકી છે. હવેથી સમાજની લગામ નવલોહિયાં યુવાનોના હાથમાં આવે છે. સમાધાનીના અનેક પ્રયત્નો થઇ ચૂકયા, વૃદ્ધો અને મુત્સદ્દીઓએ યુવાનોને હલકા પાડવામાં કશી કચાશ રાખી નથી, છતાં સમાજ એ જાળમાં ફસાયો નથી, સમાધાન કોની સાથે કરવાનું છે એ પ્રતિસ્પર્દ્ધિ સમાજના આપ મેળે બની બેઠેલા માંધાતાઓને સાંપડયો નથી છતાં અશાંતિ ચાલુજ છે એટલુંજ નહિ પણ એ અશાંતિ જેમ જેમ સમય વ્યતીત થતો જાય છે તેમ તેમ વ્યાપક સ્વરૂપ પકડતી જાય છે. આ બાબતજ બતાવી આપે છે કે યુવકોએ હવે એકત્રિત થવાની જરૂર છે. અને મજબૂત સંગઠ્ઠન સાધી સમાજની પ્રગતિમાં કઇ વસ્તુ રોધક છે તે વસ્તુ શોધી તેને પહેલી તકે દુર કરવાની જરૂર છે.

સમાજની હાલની પરિસ્થિતિ માટે કોણ જવાબદાર છે, એ વસ્તુ છણ્યા પહેલાં આપણે એ ટાળવાને માટે કેટલો ફાળો આપી શકીએ, અથવા સમાજની ઉન્નતિ કઇ રીતે સાધી શકીએ, એ વિચારવાની પહેલી ફરજ છે, અને એ આપણે ત્યારેજ વિચારી શકીએ કે જ્યારે આ ણે આપસમાં વિચારોની આપ લે કરી કોઇપણ રાહ નક્કી કરીએ. આમ વિભિન્ન યુવક શક્તિને એકત્રિત થવાની અનિવાર્ય આવશ્યકતા છે. આ ભૂમિકા ઉપરજ મુંબઇ જૈન યુવક સંઘે વડોદરા મુકામે યુવકોને એકત્રિત કરવાનું આમંત્રણ કર્યું છે. કોઇપણ બાબત નક્કી કર્યા સિવાય આમાં કેવળ યુવકોને એકત્રિત કરવાનો પવિત્ર ઉદ્દેશ રખાયો છે. પછી હાલની પરિસ્થિતિનો વિચાર કરી એ ચાહે તે રૂપરેખા નક્કી કરે. તેના માટે મુંબઈ જૈન યુવક સંઘ જવાબદાર નથી. પ્રમુખપણ અગાઉથી નક્કી કરવામાં આવેલ નથી. ત્યાં જે જે પ્રતિનિધિઓ આવશે તેમાંથી જ પ્રમુખ ચૂંટી કઢાશે. આમ ટૂંકા ખર્ચમાં કશી ધામધૂમ સિવાય આજે સાંજના યુવક સંમેલન મળશે, તે પ્રસંગનો લાભ લેવાને અમે યુવકોને મજબૂત ભલામણ કરીએ છીએ.

આ સંમેલનમાં એમ કોઇ ન સમજે કે જેમ આપણી કોન્ફરન્સો, યુવક પરિષદો, કે સોસાયટીઓ ત્રણ દહાડાનો જલસો કરી ઠરાવોની મોટી હારમાળા રચી વિખરાઇ જશે. એવું તો આપણે ઘણી વખત કર્યું, એથી સમાજની કશી પ્રગતિ થઇ નથી. એટલે આ સંમેલનમાં કોઇ ભાઇ ઠરાવોની હારામાળાની આશા ન રાખે. ઠરાવો પાસ કરાવવામાં, શબ્દોની મારામારીમાં અને મમત્વથી આપણે અત્યાર સુધી કશું કરી શકયા નથી, એટલે નિરર્થક સમયની બરબાદી ન થાય, અને કંઇક રચનાત્મક કાર્યક્રમ અસ્તિત્વમાં આવે, તે તરફ પ્રતિનિધિઓનું અમે ધ્યાન ખેંચવાની રજા લઇએ છીએ. જ્યાં સુધી બને ત્યાં સુધી દરેક સભ્યો એકમત બને એ ઇચ્છવા યોગ્ય છે.

સંગઠ્ઠન સિવાય આપણી કદિ પ્રગતિ નથી. કોઇપણ સમાજે, રાષ્ટ્રે કે દેશે સંગઠ્ઠન સિવાય પ્રગતિ સાધી નથી, જ્યાં જ્યાં ઉન્નતિના આપણને દર્શન થશે ત્યાં સંગઠ્ઠને મુખ્ય ભાગ ભજવ્યો હશે. દુનીઆના દરેક સમાજે, રાષ્ટ્રો અને ધર્મોએ સંગઠ્ઠન દ્વારાજ ઉન્નતિનો સાક્ષાત્કાર અનુભવ્યો છે. આપણે પણ આપણી ઉન્નતિ ઇચ્છતા હોઇએ, આપણું શ્રેય સાધવા માંગતા હોઇએ અને છૂટીછવાઇ વિભક્ત યુવક શક્તિનો સદુપયોગ કરવા માંગતાં હોઇએ તો સંગઠ્ઠન સાધવાની પહેલી જરૂર છે આપણું સંગઠ્ઠન કેમ મજબુત બને એ તરફજ આપણી બધી શક્તિઓને કેન્દ્રિત કરવી જોઇએ. વિચાર ભેદ તો દરેક સ્થળે હોય અને તે આવશ્યક છે. પરંતુ તેની પાછળ પ્રમાણિકતા જોઇએ. યુવકોને સિદ્ધાંતોમાં તો મતભેદ ન હોય, પણ એ સિદ્ધાંતોને અમલમાં કેમ મૂકવા, એમાંજ મતભેદ હોય. એ મતભેદ દુર કરવા માટેજ આપસમાં વિચારોની આપલે કરવાની જરૂર હોય છે. આટલી સૂચના કરી અમે ઇચ્છીએ છીએ કે યુવક સંમેલન સફળ નિવડો અને તે દ્વારા યુવક સંગઠ્ઠન સાધી સમાજની પર્યાપ્ત પ્રગતિ થાઓ!

હિન્દુ સંસ્કૃતિના પાટનગર વડોદરાના આંગણે દેશકાળમાં માનનારા જુદા જુદા ગામના યુવાનોના મંડળોના પ્રતિનિધિઓનું સંમેલન શનિવાર તા. ૨-૯-૩૩ ની રાત્રે ૮॥ વાગે અને રવિવાર તા. ૩-૯-૩૩ ના બપોરે મળશે. અતિથીઓનું સ્વાગત કરવાનું કામ વડોદરા જૈન યુવક સંઘે ઉત્સાહ ભેર શરૂ કરી દીધું છે. સિરોહી, જુન્નેર વગેરે દૂરદૂરના મળી ત્રીસેક સંસ્થાઓના ૬૦ લગભગ પ્રતિનિધિઓના નામો નોંધાઈ ચુકયા છે.

વ્યાયામ અને બ્રહ્મચર્ય.

લેખક:–અમૃત ઝવેરી.

વ્યાયામ અને બ્રહ્મચર્યને નિકટનો સંબંધ છે. સુદ્રઢ શરીર, બ્રહ્મચર્યનું સેવન કરે તો તેનું શરીર અતિ શકિતવંત બને. બ્રહ્મચારી જો વ્યાયામ–પ્રિય બને, અડગ અને અસ્ખલીત બ્રહ્મચર્ય જાળવે. આ બે ઘટનાઓમાં રહેલું તાત્પર્ય આપણે તારવવાનું છે.

ફસ્ટપુસ્ટ મલ્લો બ્રહ્મચર્યના ક્ષણીક ભંગથી શત્રુઓથી પરાજીત થયેલા આપણે સાંભળ્યા છે, દ્રષ્ટાંત:-એક મલ્લ પ્રતિસ્પર્ધિ રહીત હતો. સર્વે પ્રતિમલ્લોનો વિજેતા હતો; પણ માત્ર એક દિવસના બ્રહ્મચર્ય ભંગથી ગાડી ખેંચનાર બ્રહ્મચારી મજુરના હાથે મહાત થયો. બ્રહ્મચર્યનો મહિમા, પ્રભાવ અને તેજ માત્ર શરીરબળ પર છે, તેટલુંજ નહિ, પણ મનોબળ પર અદ્ભૂત છે. મજબુત મનોબળથી વિજયની વરમાળા પહેરતો × × યુદ્ધ જે સવારે લઢાયું, તેની આગલી રાત્રે બ્રહ્મચર્ય ખંડિત કરવાથી પરાભવ પામ્યો અને કારાગૃહવાસી બન્યો. બ્રહ્મચર્યનું સેવન મનસંયમનો રામબાણ ઉપાય છે.

બ્રહ્મચારીને વ્યાયામ જીવનશકિત છે. વ્યાયામ કેટલા પ્રકારના છે, કેવી જાતના બંધારણવાળાને કેવા વ્યાયામ કેટલા પ્રમાણમાં લેવા જોઇએ, તે તો કોઇ વ્યાયામશાસ્ત્રી સમજાવી શકે; પણ બ્રહ્મચર્ય વ્રત એટલે વીર્યરક્ષણ. વીર્ય એ શરીરનો રાજા છે. વીર્ય શરીરની દરેક શકિતને ફોરવે છે. વીર્ય શરીરના દરેક સંચાઓનું તેલ છે. વીર્ય જીવનદીપકની જ્યોત છે. વીર્ય સેનાપતિ એટલા માટે કહેવાય છે કે તેની પૂંઠે શરીરના સર્વ અવયવો સૈનિકો રૂપે કામ કરે છે. "નાયક વિના લશ્કર કુવામાં," તેમ વીર્યરૂપી સેનાધિપતિ વગર શરીરના દરેક અવયવો નિઃસહાય, પરવશ અને પરાધીન હોય છે. મહાન યોગીઓના યોગભંગનું કારણ વિશ્વમોહીનીનું એક કટાક્ષ બને છે. વિશ્વામિત્રના અનેક વર્ષોનું તપ મેનકાના એકજ દ્રષ્ટીપાતથી ચળ્યું. આથી યોગી આસનથી ચ્યુત થયો. કારણકે શારિરીક સેનાપતિ વીર્ય સ્ખલીત થયું, આ વીર્યરૂપી સેનાધિપતિને જીતવા સંયમમાં રાખવા વ્યાયામ અંકુશની જરૂર છે. નિયમિત વ્યાયામથી વીર્ય મજબુત બને છે. પરીણામે જીવી શકાય છે. અને બીજી ઉપયોગી પ્રવૃત્તિઓમાં ફોરવી શકાય છે. બ્રહ્મચર્ય રક્ષા અને વ્યાયામની આટલે અંશે નિકટતા.

બ્રહ્મચર્ય રક્ષાના મુખ્ય ચાર ટેકા છે. તેમાંના એકના પણ અભાવે બ્રહ્મચર્ય પાલન દુષ્કર બને છે. પ્રથમ સાદો ખોરાક, 'આહાર તેવો ઓડકાર' તેમ ગરમ અને ભારે પદાર્થોના ખાવાથી ઇંદ્રિયો વધારે ચંચળ બને છે, અને તેની અસર બ્રહ્મચર્યપર થાય છે. માટે સાદો અને હલકો ખોરાક આવશ્યક છે.

બીજું શુદ્ધ હવા; મલીન અને ગલીચ વાતાવરણમાં રહેનાર તંદુરસ્તી જાળવી શકતા નથી. બહારના અશુદ્ધ પરમાણુઓ તેમના મગજપર બરાબ અસર ઉત્પન્ન કરે છે. મગજનો સંદેશો શરીરની સર્વ ઇન્દ્રિયો પર ત્વરીત પહોંચે છે, અને તેથી બ્રહ્મચારી મલીન હવા, વાતાવરણ કે સ્થાનનો ભોગી બને છે, માટે શુદ્ધ હવા અને પવિત્ર વાતાવરણના સ્થળે બ્રહ્મચારીને રહેવું ઘટે. શુદ્ધ હવાથી શરીર બળની વૃદ્ધિ વિજ્ઞાન શાસ્ત્રના નિયમ પ્રમાણે થાય છે. અને શુધ્ધ વાતાવરણથી મન ઉપર ઉત્તમ પ્રકારના સંસ્કારો પડે છે.

ત્રીજું નિયમીત વ્યાયામ; બ્રહ્મચર્ય અને વ્યાયામ ને કેટલો સંબંધ છે એ સ્પષ્ટ થઇ ગયું છે એટલે બ્રહ્મચારીએ તો જરૂર નિયમિત વ્યાયામ કરવોજ જોઇએ.

ચોથું:–પરીપકવ વયે લગ્ન:–ગ્રહસ્થ જીવનમાં ભર યુવાનીમાં બ્રહ્મચારી રહેવું એ લોખંડના ચણા આવવા જેવું છે. અટલે એ વયમાં અખંડ બ્રહ્મચર્ય પાળનાર વીરલાજ કહેવાય. છતાં જેઓ સ્વદારા સંતોષ વ્રત (એક પત્નિવ્રત) પાળે અને સંયમ જાળવે તો કુમાર અવસ્થામાં પાળેલ અખંડ બ્રહ્મચર્ય અને વ્યાયામના સેવનથી તૈયાર થયેલ મજબુત શરીર અને સ્થિર મન ધાર્યું કામ આપી શકે. આથી કોઇ એવો અર્થ ન કરે કે ગૃહસ્થજીવનમાં વીર્યને વેડફી નાંખી વ્યાયામથી અળગા રહેવું. કુમાર અવસ્થામાં જેટલી જરૂર વ્યાયામની છે તેનાથી ગૃહસ્થ જીવનમાં વધારે છે. તે સૌ સમજે, અને વીર્ય રક્ષા માટે જેટલો અને તેટલો વધુ સંયમ જાળવે.

નિર્માલ્ય અને સત્વહીન પ્રજા ધર્મ કે રાષ્ટ્રની અધોગતિનું કારણ છે. ધર્મના ઉધ્ધારાર્થે અને હિંદુ ધર્મને પુનર્જીવીત કરવા માટે સત્તરમી શતાબ્દિમાં સમર્થ રામદાસ સ્વામીએ ઠેરઠેર મઠો સ્થાપ્યા હતા. આ મઠોમાં શારિરીક કેળવણી અને લશ્કરી તાલીમ આપવામાં આવતા. આથી મરાઠા જાતિ લડાયક પ્રજા તરીકે મોગલો સામે શીર સાટે લડી, અને હિંદુ જાતિને રક્ષી–બચાવી. આ બધું સબળ બાંધાની પ્રજાનું કૌવત હતું.

મનુષ્યની મીલ્કતમાં અમુલ્યમાં અમુલ્ય આપણું શરીર છે. તેની પૂરતી કાળજી રાખવાને મનુષ્ય બંધાયેલો છે. શારીરિક અને માનસિક ઉન્નતિ પ્રત્યેક મનુષ્ય સાધી શકે તેમ છે. તેને માટે તો યોગ્ય કાળજી રાખવીજ જોઇએ. શરીરની સુધારણા અર્થે "ઓસડના આહાર કરનાર" માણસો જે ફાંફાં મારે છે તેને બદલે વ્યાયામ, ખુલ્લી હવા, ખોરાક અને સંયમ જેવા કુદરતી વૈદોની મદદથી શરીર સંપત્તિ અને મનની બીલવણી થાય છે.

એટલા માટે લોકોકિત છે કે,

"શરીરે સુખી તો સુખી સર્વ રીતે,
શરીરે દુઃખી તો દુઃખી સર્વ રીતે"

શરીર સર્વ સુખોનું વિશ્રાંતિગૃહ છે. નિર્બળ અને નિઃસત્વ માણસો કુટુંબ, દેશ કે દુનિયાને ભારભૂત છે, જીવતાં છતાં નકામાં છે, એટલે દરેક સિદ્ધિ સાધવા શરીર સુદ્રઢ બનાવી સંયમી બનો.

સ્થાનીક—રતલામથી એક સાધ્વીને સુરતના એક શાસન પ્રેમીને ત્યાં ટ્રેનમાં બેસાડી લાવવામાં આવેલ છે. કહેવાય છે કે તેના મગજની અસ્થિરતા હતી. બીજી તરફ આને માટે જુદી જુદી વાતો થાય છે. સાચું શું? સત્તાવાર ખુલાસો થશે?

યુવકો માટે કાર્ય દિશા.

આજે રચનાત્મક કાર્યની આવશ્યકતા છે. રચનાત્મક કાર્ય વિના સમાજનો વિકાસ કે તેની ઉન્નતિ થઇ શકતી નથી. રચનાત્મક કાર્યજ યુવકો અને પ્રજા સમક્ષ નવા દ્રષ્ટિબિંદુ, ભાવની, કાર્ય રજુ કરે છે. આવી તક મળતાં પ્રજા ધીમે ધીમે જૂની પરિસ્થિતિ, રૂઢિઓ, દ્રષ્ટિબિંદુ, ભાવના છોડતી જાય છે. આવું રચનાત્મક કાર્ય સતત ચાલું રહેવું જોઇએ, તેમ બને તો તેમાંથી પ્રજાને નવીન પ્રેરણા, તાજગી અને બળ મળતાંજ રહે અને પરિણામે વિકાસ સધાતો જાય. પરંતુ જો આવું રચનાત્મક કાર્ય શરૂ થઇ અટકી પડે તો તેનો પ્રત્યાઘાત થાય છે અને કરેલ કામ તથા તેની અસર નાશ પામે, એટલું જ નહિ પણ સમાજ પર તેની ચેતનશક્તિની બાબતમાં પણ ભ્રમ પેદા થાય છે. આ તરંતુ સનાતન સત્ય છે અને તે સ્વીકાર્યેજ છૂટકો છે.

પ્રથમ તો આવા રચનાત્મક કાર્ય માટે વાતાવરણ હોવું જોઇએ; તે માટે કેટલાક યુવકો પોતાના તન, મન, ધન, કીર્તિ અને સગવડોનો ભોગ આપવા તૈયાર હોવા જોઇએ; રચનાત્મક કાર્ય માટે આવા સેવકો અને આટલા આત્મભોગ યા ત્યાગની આવશ્યકતા છે. આ પ્રકારના સ્વાર્થત્યાગ–સ્વાર્પણનું વાતાવરણ મ૦ ગાંધીજીએ ઉત્પન્ન કર્યું છે. તે આપણને કેટલું સ્પર્શી શકયું છે તેનું માપ કાઢી શકાય તેમ નથી. તેમ છતાં પણ જે વાતાવરણ અને ભૂમિકા આજે તૈયાર છે તેનો લાભ લેવાનું આપણે ચૂકીશું તો ભવિષ્યમાં લાંબા સમય માટે આવું વાતાવરણ, આવા યુવકો અને આવી સગવડ પ્રજાને મળવાનાં નથીજ.

આવા થોડા યુવકોનું એક જૂથ સમાજ હિત અર્થે પોતાના ધ્યેય અને તેનાં સાધનો પરસ્પર ચર્ચા કરી નક્કી કરે, તે ઉપરાંત દુનિયાના વ્યવહારૂ માણસ કરતાં પોતાનામાં શી વિશેષતા છે, તેટલા પૂરતાં નિયમન સ્વેચ્છાએ પાળવાની તે જૂથની તૈયારી હોવી જોઇએ. આવો સમૂહ એક સ્થાને રહે, ત્યાં એક પ્રાચીન અને અર્વાચીન, જૈન અને જૈનેતર, એમ અનેક વિષયોના ગ્રંથોવાળું સુલભ પુસ્તકાલય હોવું જોઇએ; તે ઉપરાંત પ્રચલીત વાતાવરણ અને પ્રશ્નોથી અજ્ઞાત ન રહી શકાય તે માટે પ્રચલીત દૈનિક, સાપ્તાહિક અને માસિકવાળું વાંચનાલય હોવું જોઇએ. આવી સંસ્થામાં રહી દિવસના અમુક કલાક વાંચનમાં, અમૂક કલાક શિક્ષણમાં, અમૂક કલાક ચર્ચામાં અને અમૂક કલાક પ્રચારમાં એમ કામ કરવાની તૈયારી હોવી જોઇએ. આ જૂથ પોતે કેળવણીના અખતરા કરે, આપણી સંસ્થાઓનાં નિરીક્ષણ કરે, જરૂર પડયે સલાહ પણ આપે અને આમ વાંચન, મનન, ચર્ચા અને અખતરા આદિના પરિણામોનો પ્રચાર કરવા બાબ્યાનો રાખવામાં આવે કે માસિક યા ગ્રંથશ્રેણિ મારફત છપાવવામાં આવે. આમ તેની પ્રવૃત્તિ અનેકવિધ હોય અને તેનાં સાધનો પણ સર્વાંગ સંપૂર્ણ હોય તો આ જૂથ પ્રજામાં થતા ફેરફારો, પ્રજામાં ફેરફાર થતી મનોવૃત્તિ આદિથી પરિચિત રહી શકે.

આવા જૂથનું કાર્ય ક્ષેત્ર તો મર્યાદિત હોવું જોઇએ; પ્રથમ પ્રયત્ન મર્યાદિત ક્ષેત્રમાં થાય, તેના છાંટા ભલે બીજે ઉડે, તે પ્રયત્ન સફળ થતો જણાય ત્યારે તે વિસ્તારી શકાય. આવા જૂથનું નામ ગમે તે રાખો તેની દરકત નથી. આ એક ગૃહસ્થ-ત્યાગી બનવાની સંસ્થા છે. આવા જૂથને માથે પોતાના કુટુંબના ભરણ પોષણની ચિંતા ન હોવી જોઇએ; તેટલું ખર્ચ સમાજે ઉપાડી લેવું જોઇએ.

આ મુજબ યુવકને કામ કરવાનું ખૂબ વિશાળ ક્ષેત્ર છે; આવું સુંદર અને વિસ્તૃત કામ મૂકી યુવકોએ શા માટે નાશાત્મક કાર્યમાં લાગી જવું જોઇએ? નાશાત્મક કાર્ય પ્રત્યાઘાત જનક છે, આપણે તેનું નામ દેવું છોડી દઇ આપણા કામે લાગી જઇએ તો તેનું નામ લીધા વિના જે અનાવશ્યક છે તે જરૂર લોપ પામશેજ. નાશાત્મક કાર્યમાં યુવકો પોતાની શક્તિ વેડફી નાંખે તેના બદલે આવા ક્ષેત્રમાં તે વપરાય તો કેટલું ઇષ્ટ બને!

પૂરાતન પાટણે આ કાર્યનું એક અંગ પૂરવા શરૂઆત કરી છે; તેણે જ્ઞાનમંદિરની યોજના કરી છે. તેમાં માત્ર પ્રાચીન સાહિત્યજ સંગ્રહાશે એમ તો નહિંજ બને; તેને નિરંતર વિસ્તૃત બનાવતા રહેવુંજ પડવાનું છે. આ જ્ઞાન યુગમાં માત્ર પ્રાચીન સાહિત્યની રક્ષા પૂરતો ઉદ્દેશ નજ રાખી શકાય; તેને તો અપ-ટુ-ડેટ બનાવતા રહેવું જોઇએ. આમ એક પુસ્તકાલય ચાલે તેથી ઇતિકર્તવ્યતા પણ નથી. તેની સાથે નવીન સાહિત્ય, ચર્ચાતાં હોય તેવા સાપ્તાહિકો અને માસિકોનું વાંચનાલય પણ તેની સાથે રહેવું જોઇએ. આ અંગ આમ સંપૂર્ણ બને તે ઇષ્ટ છે અને પાટણના જૈનો તે કામ ઉપાડે છે તે પુરૂં કરશેજ.

તેનુ બીજું અંગ પૂર્ણ કરવાનું કામ કોઇ બીજું એક ગૂજરાતનું શહેર ઉપાડી લે તો તે શકય બને; પુસ્તકાલય–જ્ઞાનમંદિરમાં બેસી તેનો ઉપયોગ સાર્વજનિક રીતે કરી શકાય તે માટે તેની આજુ બાજુ અભ્યાસીઓને રહેવાની વ્યવસ્થા હોય; આટલું કરી શકાય તો અભ્યાસીઓને ખૂબ રાહત મળી જાય, અને રચનાત્મક કાર્યની જે વિચારણા કરી છે તે માટે આજીવન સભ્યો મળી શકે તો તેમને માટે ત્યાં પાસેજ રહેવા કરવાની અનુકૂળતા કરી શકાય અને તે દ્વારા તેની પાસેથી સમાજને અનેક પ્રકારની ઉપયોગી બાતમીઓ મળી શકે. આવા જુથને કામ કરવાની સગવડ પૂરતી રકમનો બોજો કયું શહેર ઉપાડવા તૈયાર થશે?

સમાજ પોતાનું હિત સાધવા ઇચ્છતો હોય, પોતાનો વિકાસ ઇચ્છતો હોય, પોતાની રૂઢ સ્થિતિમાંથી મુક્તિ ઇચ્છતો હોય તો તેને આજે કે કાલે આ કર્યા વિના છૂટકો નથી, તો શા માટે સમાજ આ વસ્તુસ્થિતિ માટે આજેજ તૈયારી ન કરે? જૈન સમાજ પાસે કોઇપણ કાર્ય માટે નાણાં મળવાં શકય છે; જૈન સમાજની ઉદારતા પર રાષ્ટ્રની, આર્યસમાજની, સંપ્રદાયની એવી અનેક સંસ્થાઓ નભેજ છે, તો આવી સંસ્થા માટે–રચનાત્મક કાર્ય માટે, પોતાના સમાજના ભાવી કલ્યાણ માટે નાણાંની તાણ રહે તે સંભવીતજ નથી. સમાજ આજથી વિચાર કરી રાખે કે ગમે ત્યારે પણ સમાજને ગૃહસ્થ–ત્યાગી સંઘ ઉભો કરવાનોજ છે, અને તેના માટે પ્રબંધ પણ કરવાનોજ છે–અને તે પ્રબંધ કરવાનો છે તે માટે આજથી વ્યવસ્થા કરે.

યુવકોમાં પણ કેટલાક શ્રીમંત હશેજ; તેઓ ભાવી પ્રગ-

તિનાં સ્વપ્નાં સેવે છે, ભાવિ પ્રગતિ કેવી હોય તેનાં હવાઇ કીલ્લા બાંધે છે; પરંતુ તેની પાછળ-તે મનોરથસૃષ્ટિ ઉત્પન્ન કરવા પાછળ ક્રિયાનું બળ નથી. આ બળ પેદા કરવા જે રચનાત્મક કાર્યની દિશા દોરી છે, તેમાં તથ્ય જણાય તો પોતાનો અધિકમાં અધિક ફાળો હોવો જોઇએ. આવો ફાળો યુવકોનો સુંદર હોય કેમકે યુવકો સુધારો માંગે છે; અને જેઓ સુધારો માંગે છે તેમની એટલી ફરજ તો સ્પષ્ટજ છે કે તન, મન, ધનનો ભોગ આપવો. યુવકજ તેથી અધિક ફાળો જ્ઞાનમંદિરમાં કે આવા ગૃહસ્થ ત્યાગી મંધની સંસ્થા ઉભી કરવામાં આપે; યુવકોજ પોતાના જીવન તેમાં સમર્પે અને યુવકોજ તેમાં પોતાની બુદ્ધિ, ચાતુર્ય અને અનુભવ સમર્પે તોજ સમાજની ઉન્નતિ શકય બને.

યુવક માનસનો અનુભવ અને તેમાં પણ કેળાવાયેલ ગણ્યાતા વર્ગનો અનુભવ એમ સૂચવે છે કે તેઓ કોઇપણ પ્રવૃત્તિમાં પૂરતો સાથ નથી આપતા; અને આવા કોઇ કાર્ય માટે નાણાં આપવાના હોય તો તેમાં પણ તેઓ ઉદારતાથી તો નથીજ આપતા. યુવકોના માટે આથી બીજું શરમાવનારૂં શું હોઇ શકે? જે વસ્તુસ્થિતિ આપણે ઉભી કરવી હોય તે માટે આપણે સતત પ્રયત્ન કરવા તૈયાર ન હોઇએ, તે પ્રતિ ઉદાસીન બનીએ; તે ઉત્પન્ન કરવા માટેની સગવડ આપવાની આપણી તૈયારી ન હોય તો આપણે સુધારો કે નવીન પરિસ્થિતિ ઉભીજ ક્યાંથી કરી શકીએ?

સમાજના યુવકોને આ વસ્તુ ગંભીર રીતે વિચારવાની છે; પોતે પોતાની ફરજ પ્રમાણિકતાથી બજાવે છે. એટલે આત્મ સંતોષ કોઇપણ પ્રકારે કાર્ય કર્યા વિના મળવાનો નથી; અને કાર્યનું પરિણામ પણ કાર્ય શરૂ કર્યા વિના કે તે માટે સગવડ, સાધન પૂરાં પાડયા વિના મળવાનું નથી. આ સઘળું તેઓ ખૂબ વિચારે, ચર્ચે, અને તેમાં તથ્ય જણાય તો પોતે તેવા કાર્યમાં વાપરવાના સમર્પણની તૈયારી કરે. સમાજમાં આવું વાતાવરણ આજે શકય છે ખરૂં?

'ચી.'

ચેતવણી.

"સમય ધર્મ" તા. ૨૭-૮-૩૩ માં જણાવવામાં આવ્યું છે કે પાલીતાણામાં શ્રી શત્રુંજયના ડુંગર ઉપર શ્રી પુજની ટુંકને નામે ઓળખાતી જગા છે, જ્યાં દહેરી તથા એકાદ બે ઓરડા છે, અને જ્યાં પાર્શ્વનાથ પ્રભુના પગલાં તથા પદ્માવતીજીના પણ પગલાં આદિ હતાં, ત્યાં હાલમાં એક હનુમાનજીની મૂર્તિ પણ બેસાડી દેવામાં આવેલ, હવે તે જગા જીર્ણ થવાથી પગલાં વિગેરે બીજે સ્થળે લઇ જતાં તેની સાથે હનુમાનજીની મૂર્તિને પણ લઇ જઇ બીજે સ્થળે બેસાડવામાં આવ્યા છે. અને તેની રોજ પખાલ પૂજા થાય છે. વળી ત્યાં એક બાવો જે પોતાને નેમવિજયજીનો શિષ્ય જણાવે છે, તે ધામા નાંખી પડયો છે. અને તે બાવો ત્યાં શંખ વગાડે છે, ભોરપીંછ લાંબે છે, અને આમપાસ પોતાના ભક્તોનું ટોળું જમાવે છે, એટલુંજ નહિ પણ રાતવાસો પણ ત્યાંજ રહે છે. આણંદજી કલ્યાણની પેઢીએ આ બાબતની તુરત તપાસ કરી યોગ્ય પગલાં ભરવાં જોઇએ, નહિતર નાની ભુલના ભવિષ્યમાં ભયંકર પરિણામ આવશે.

—: નવો ફાળો :—

શ્રી શાંત અધ્યાત્મિક ભજન માળા:—પ્રકાશક અને યોજક રાજ કવિ ભોગીલાલ રતનચંદ છે. રતનપોળ, પીપળાવાળો ખાંચો મું. અમદાવાદ મૂલ્ય ૦-૧૦-૦

શ્રી બુદ્ધિ સાગરસૂરિ, કબીરજી પરચુરણ સાક્ષરોના અને છેલ્લે સ્વોપરી શ્રીમદ્ આનંદજી અધ્યાત્મિક ભજનોનો આમાં સંગ્રહ બહાર પાડવામાં આવ્યો છે એકંદરે ભજનો અને પદો, મનોરંજક સુંદર રાગરાગિણીમાં અર્થથી પરિપૂર્ણ છે, અધ્યાત્મ પ્રેમીઓ માટે આ ગ્રંથ ઉપયોગી છે.

શ્રી પ્રભુચરણે:—પ્રકાશક ભાયાણી હરીલાલ જીવરાજ કાપડીયા મુ. ભાવનગર મૂલ્ય ૦-૪-૦

આમાં શ્રીમદ્ રત્નચંદ્રનું અપૂર્વ અવસર એવો ક્યારે આવશે વગેરે પદો છે; તેમજ બીજાં પણ પદો છે તેના કર્તા કોણ છે તે જણાવ્યું નથી, પ્રકાશકે તે માટે જરા જહમત લઇ કંઇક પ્રકાશ પાડયો હોત તો ઇચ્છવા યોગ્ય થઇ પડત. સાથે આમસિદ્ધ શાસ્ત્ર પણ આપવામાં આવ્યું છે અમને બસર છે ત્યાં સુધી તે શ્રીમદ્ રાજચંદ્રજી કૃત છે.

શ્રી અધ્યાત્મ મહાવીર—પર્યુષણ ક્ષમાપનાના મૂળ લેખક ગોકળદાસ નાનજી. પ્રકાશક ભાયાણી હરીલાલ જીવરાજ કાપડીઆ મુ૦ ભાવનગર. કિંમત ૦-૬-૦

શ્રીયુત ગોકળદાસ ગાંધી અધ્યાત્મ પ્રેમી છે, તેઓશ્રીએ ઉપરોક્ત એક નિબંધ લખ્યો હતો. હવેનું વિસનગરથી ભાઇશ્રી ભાયાણીએ વિવેચન કર્યું છે. એકંદરે આધ્યાત્મિક કલ્પનાઓ બહુજ સુંદર છે. અધ્યાત્મ પ્રેમીઓને આ નિબંધ વાંચવાની ભલામણ કરીએ છીએ.

જીવભેદ ગણીત પટ:—તૈયાર કરનાર તથા પ્રકાશક ભાયાણી હરિલાલ જીવરાજ ભાઇ કાપડીઆ:- મુ. ભાવનગર, જૈન કન્યાશાળા, અને જૈન શાળાને ભેટ. બાલકના માટે મૂલ્ય. ૦-૧-૦ આમાં જીવ વિચારનો નકશો ચીતરવામાં આવ્યો છે, તેનાં ચૌદરાજ લોકનું ચિત્ર પણ બતાવેલું છે.

શ્રી સ્તવન પ્રબંધ:—રચાયતા ન્યાય સાહિત્ય તીર્થ મુનીશ્રી હિમાંશુ વિજયજી અનુવાદક વ્યાકરણ તીર્થ પં૦ અમૃતલાલ તારાચંદ દોશી. પ્રકાશક દીપચંદજી. શ્રી વિજય ધર્મસૂરિ જૈન ગ્રંથમાલા. જી ઉજ્જૈન (માળવા) કિંમત ૦-૪-૦

શાંતમૂર્તિ મુનિશ્રી જયંત વિજયજી મહારાજનું આમાં જીવન ચરિત્ર ઉતારાયું છે. સમાજ માટે બીન ઉપયોગી છે.

—અમેરીકામાં આવેલા ફ્લોરીડા ખાતેની રોલીન્સ કોલેજના પ્રમુખે ઇતિહાસિક સુપ્રસિદ્ધ નરોના ઉદ્યાન માટે સાબરમતી આશ્રમમાંથી ગાંધીજીના નામ સાથેનો એક પત્થર મંગાવ્યો હતો, જે પ્રમાણે ગાંધીજી જે જગ્યાએ આશ્રમમાં રહેતા હતા તેના ઓટલાની નજદીકમાંથી એક પત્થર ખોદી કઢાડીને મોકલી આપવામાં આવ્યો છે.

—ચીનમાં લુંટારૂઓએ એરહોનું શહેર લુંટી સૌથી શ્રીમંત પ૩ ચીનાઇ વેપારીઓનું હરણ કરી તેમને પર્વતોમાં કેદ રાખ્યા છે. અને નાણાં મળ્યે તેમને છોડવાનો ઇરાદો છે.

સા મા જિ ક ત્રુ ટિ ઓ.

BY—ALARAM.

પ્રબુદ્ધ જૈનમાં રા. બ. આદવલેનો માગધી ભાષાના અભ્યાસની અગવડતા માટેનો પત્ર હતો; તે ખરેજ આજના ધર્મગુરુઓના માનસનું પ્રતિબિંબ છે. ઉપાશ્રયોમાં બરાડા પાડીને "આપણું શાસ્ત્ર અદ્વીતિય છે, તેને માટે જ્ઞાન ભંડારો ખુલવા જોઇએ, તેનો બહોળો પ્રચાર થવો જોઇએ." આમ કહેતાં ઘણાં મુનિરાજોને સાંભળ્યાં છે. પરંતુ પ્રચારના જે કંઇ સાધનો પ્રાપ્ય છે, તેનો આપણે લાભ લેતા નથી, તેને ઉત્તેજી શકતા નથી, તે ઘણી ખેદજનક વીના છે. કોલેજોમાં માગધી સંબંધી પુરેપૂરી સગવડ નથી હોતી. આપણાં મુનિરાજો અને વિદ્વાનો જ્યાં જ્યાં કોલેજ હોય એવે સ્થાને બીરાજતા હોય તો ત્યાંના અધ્યાપકને આમંત્રી અગવડતા દુર કરવા પ્રયત્ન કરે. આપણા જ્ઞાનભંડારો પાછળ ઘણાંએ દ્રવ્ય ખર્ચાય છે. પરંતુ તે ધન સાધુ–મુનિરાજોની નામના ખાતર–ફકત તેમના ઉપયોગની ખાતર, અને કોટલીક વખત તો પ્રતો ઉધઇ ખાઇ જવા ખાતરજ. આ કાર્ય માટે વિદ્વાન પંડિતો જેવા કે પં. સુખલાલજી, બેચરદાસ, દરબારીલાલજી વગેરેની એક સમિતિ નિમાય અને કંઇપણ અગવડતા હોય તો તેઓ કોન્ફરન્સ કે એજ્યુકેશન બોર્ડ દ્વારા તે નિવારવા જણાવે. એમ બને તો વિશેષ સારૂં. અન્ય પ્રજાઓ અને કોમોને સાહિત્ય પાન કરાવવું હોય તો તે માટે વધારે ઉત્સૂક બનવાની આપણને આવશ્યકતા છે. આજે બીજા ધર્મશાસ્ત્રો સંબંધી પર ભાષામાં અનેક પુસ્તકો મળે છે, ત્યારે જૈન ધર્મ સંબંધી એવા ગણ્યા ગાંઠયા પુસ્તકો છે કે જેની નોંધ લઇ શકાય. સમાજોપયોગી અનેક બાબતો તરફ આજના કહેવાતા અગ્રગણ્યો દુર્લક્ષ કરે છે તેમાંની આ એક બાબત છે.

× × × ×

સ્વમાન અને સ્વાશ્રય માટે કસરતશાળાઓની હવે અનિવાર્ય જરૂર છે. આપણી કોમ શારીરિક ખીલવણીમાં અત્યંત પછાત છે, અને આપણે મૃતઃપ્રાય જીવન ગાળીએ છીએ. સુદૃઢ જીવન જીવવાનો શોખ કેળવવા માટે આપણે વ્યાયામ વીરોની જરૂર છે. સ્વમાન અને સ્વાશ્રય માટે વ્યાયામનું અવલંબન લીધા વિના છૂટકો નથી. **યુવક સંઘ જેવી યુવકોની સંસ્થાઓ ફકત અઠવાડિક પત્ર અથવા પ્રાસંગિક ઠરાવો સિવાય આવી પ્રવૃત્તિઓ માટે વિવિધ શિક્ષણ સંસ્થાઓ અને યુવક સંઘોને આ સંબંધી પ્રેરણા આપે તો ઘણું રચનાત્મક કાર્ય થશે.** કસરતશાળા એ કંઇ ખર્ચાળ સંસ્થા નથી. પ્રત્યેક શેરીમાં તે વિના ખર્ચે ચલાવી શકાય છે. આપણા સારા સમાજ–નાયકો અકાળ મૃત્યુ પામે છે. અને આપણી આમ પ્રજાનાં શરીર સંસારની ઉપાધીઓને લઇ ત્રુટિ જાય છે, તેનો ઇલાજ વ્યાયામ સિવાય કશો નથી. આપણા પૂર્વજોનું દ્રષ્ટાંત લઇએ કે આજની કેળવાયેલી પ્રજાઓનું દ્રષ્ટાંત લઇએ તો આપણે સમજી શકીશું કે સુદૃઢ દેહધારી પ્રજાજ સ્વતંત્રતા પોષી શકે છે, અને ભોગવી શકે છે. આપણે વ્યાયામવીરો ઘડશું તો આપણા અનેક પ્રશ્નોનો આપ મેળે ઉકેલ થશે, આપણે પર કોમોના આક્રમણ સિવાય તેમની સાથે શાંતિથી રહી શકીશું. જે પ્રજા શક્તિમાન હોય તેજ ખરી અહિંસા સમજી શકે છે–પાળી શકે છે. આપણા કરતાં વિશેષ લાચાર સ્થિતિ અન્ય પ્રજાની નહીંજ હોય. જેટલી માનસિક કેળવણીની જરૂર આપણે સમજ્યા છીએ તેનાં કરતાં અધિક આજે શારીરિક શિક્ષણની જરૂર છે, આપણે વ્યાપારી પ્રજા હોઇ, આપણી રહેણી કરણી અને જીવનનું નિત્ય કર્મ એટલું શિથિલ અને એશ આરામી થઇ ગયું છે કે આપણી આબરૂ અને સલામતી માટે આપણે પરાવલંબી બન્યા છીએ; આપણે માંદુ અને ટાયલાખોર જીવન જીવીએ છીએ. આપણે વિશ્વાસ ખોયો છે, નિશ્ચયાત્મકપણું ત્યજ્યું છે. માટે વ્યાયામનો શોખ ઉત્પન્ન કરવાની ચળવળ આજના યુવકોએ ઉપાડી લેવી જોઇએ.

× × × ×

સ્કોલરશીપો અને વ્યાજવાળી ઉછીની રકમો માટે કેન્દ્રસ્થાનની જરૂરીઆત—આ પ્રશ્ન તરફ કોઇનું ખાસ ધ્યાન ખેંચાયુજ નથી. આજે આ બાબતનાં ઘણાંએ ફંડો છે. તે ફંડોનું (સિવાય કે ટ્રસ્ટ કલોઝથી બાંધીત હોય યા તો ફકત સ્થાનિકજ હોય.) એકાદ કેન્દ્રસ્થાન હોય તો તે વિદ્યાર્થીઓને અને સંચાલકોને પરસ્પર લાભદાયી છે. આજે ઘણા વિદ્યાર્થીઓ મદદના અભાવે અભ્યાસમાં હેરાન થાય છે, યા અભ્યાસ છોડી દે છે. બીજી બાજુ આવા ફંડના સંચાલકો જેમાંના ઘણાં પૈસાદાર હોવાથી અને ઓછા અવકાશવાળા હોવાથી તેઓ વિદ્યાર્થીની પરિસ્થિતિથી વાકેફ ન હોઇ, અને શિક્ષિત ન હોઇ, વિદ્યાર્થીઓની મુશ્કેલી સમજી શકતા નથી. આવા ફંડોનું કેન્દ્રસ્થાન બને, જેમાં સૌ ફંડના પ્રતિનિધિઓ પ્રતિનિધિત્વ ધરાવે તેવી ગોઠવણની પુરી આવશ્યકતા છે. વિદ્યાર્થીઓને ગુપ્ત મદદના અભાવે (ગુપ્ત મદદ વિષે આપણે બહુ ઓછું શીખ્યા છીએ.) લાચારી ભોગવવી પડે છે. જ્યારે ધનવાનો અંગત ઉપકાર કરતા હોય તેવી ભાવનાવાળા હોય છે. સમાજ દ્રષ્ટિથી વિચારતાં આજના ધનાવાન નેતાઓને આવડતું જ નથી. અને સમાજની અયોગ્ય ધન–હેંચણી વિષે તેમને સ્વપ્ને પણ ખ્યાલ હોતો નથી. આવે સમયે વિદ્યાર્થીઓની પરિસ્થિતિથી વાકેફ હોય અને વિદ્યાર્થીઓ પ્રત્યે મમતા અને લાગણીવાળા હોય તેવા ગૃહસ્થોની સમિતિ નીમી આ કાર્ય સરળ બનાવવા વિવિધ ફંડોના સંચાલકો એકત્ર થાય તો તે ઘણું ખુશી થવા જેવું છે. શિક્ષણ સંસ્થાઓના સંચાલકો આમાં સહાય પુરી શકે, અને શિક્ષિત ભાઇઓ આ કાર્ય ઉપાડી લે તેમ ઇચ્છું છું. મુંબઇની શિક્ષણ સંસ્થાઓ (જૈન એજ્યુ. બોર્ડ જેવી) આ કાર્યની પહેલ કરશે કે?

સાચી ક્ષમાપના.

તમામ અંગત સ્વાર્થો અને ઇર્ષ્યાઓને કુસંપી વાસનાઓને નામૂદ કરો. મહાવીર પિતાના પુત્રો બની એક બંધુભાવ કેલાવા અનન્ય પ્રેમથી એક બીજાને ચ્હાતા શીખો, કરેલા વિરોધની ખરા હૃદયથી માફી માગો. દુભાવેલા હૃદયને પ્રેમથી માફી આપો.

ખરી ક્ષમાપના છાપેલ–નવીન–કાર્ડથી–કંકોત્રીથી નથી. એ કૃત્રિમતા છે. ખોટુ ખર્ચ છે. હૃદયના ભાવો તેમાં નથી આવતા હૃદયના–ભાવથી પશ્ચાતાપથી ક્ષમા ભાવથી ક્ષમાપના આપો. એજ સાચી ક્ષમાપના છે.

જૈનોની નિર્નાયકતાનું અને જ્ઞાનની ન્યૂનતાનું પ્રદર્શન.

લેખકઃ—**મહાસુખભાઇ ચુનીલાલ—વિસનગર.**

શ્વે. મૂ. પૂજક જૈનોનાં ધાર્મિક પર્યુષણ પર્વ ભાદરવા શુદ ૪ શુક્રવાર તા૦ ૨૫-૮-૩૩ ના રોજ પૂરા થયાં; પરંતુ સખેદ હૃદયે કહેવું પડે છે કે, આ વખતે એક સરખી રીતે નહિ ઉજવાતાં ભિન્ન ભિન્ન મતે ઉજવાઇ જૈનોની નિર્નાયકતાનું અને જ્ઞાનની ન્યૂનતાનું પ્રદર્શન કરાવ્યું છે. સમાજના મોટા ભાગે શ્રાવણ વદ બીજી બારસ ને શુક્રવારે પર્યુષણ શરૂ કરી ભાદરવા શુદ ૪ ને શુક્રવારે સંવત્સરી કરી છે. કેઇએ શ્રાવણ વદ પહેલી બારસે ગુરૂવારે આરંભ કરી ભાદરવાસુદ ત્રીજને ગુરૂવારે સંવત્સરી કરી છે. કેટલાકે અમાવાસ્યાને સોમવારે સવારે આશરે ૮।।। થી ૧૧।।। વાગ્યા સુધી સૂર્યગ્રહણ હોવાથી આખો દિવસ શાસ્ત્રાનુસાર નિષેધનો ગણી તે દિવસનું કલ્પસૂત્રનું વ્યાખ્યાન ચૌદશના દિવસે વાંચી ગ્રહણનો દિવસ પડતર રાખેલો, જ્યારે કેટલાકે તે દિવસનો નિષેધ નહિ ગણતાં માત્ર ગ્રહણના વખત જેટલોજ બાધ ગણી ગ્રહણ પહેલાનાં અને તે પછીનાં વખતમાં કલ્પસૂત્ર વાંચ્યું. આ સંબંધી પોતાનો મત સ્થાપન કરનારાઓએ આગળથી પત્રિકાઓ બહાર પાડેલી અને જાહેર વર્તમાન પત્રોમાં પણ લેખો લખેલા—એકપક્ષે તો હાર જીતની ચેલેન્જ પણ ફેંકેલી. એમ ભીન્ન મત પ્રમાણે પર્વો ઉજવાયાં

આ ત્રણે પક્ષના આગેવાનો આચાર્ય પદવી ધરાવનારા હોવાથી જૈન સમાજે કયા રસ્તે જવું એ ગુંચવાડા ભરેલું થઇ પડેલું અને તેથીજ આ વખતે જૈન સમાજ ત્રણ પક્ષમાં વહેંચાઇ ગયેલી. સૌ પોતપોતાના રાગી ગુરૂ પ્રમાણે ચાલેલા. આ ઉપરથી એટલું તો નક્કી થાય છે કે જૈન સમાજના ધર્મરક્ષક તરીકે ગણાતા મુનિમહારાજો અને આચાર્યોમાં કોઇ એવો નાયકજ નથી કે જેની આજ્ઞા પ્રમાણે આખો જૈન સમાજ એકજ માર્ગે ચાલે. જૈનેતર પ્રજાપણ ટીકા કરે છેકે, જૈનોમાં આ વખતે આવા ભેદ કેમ ઉભા થયા છે? એકની સંવત્સરી આજ ને બીજાની કાલ એ શું? આનો જવાબ જૈન સમાજ શું આપી શકે? તે તો બિચારો દરદી જેવો છે! દરથી પીડાતો દરદી સાજા થવા પૈસા ખરચી મોટા વિદ્વાન અને બાહોશ એમ. ડી. ડોકટરોની સલાહ લે એ સ્વાભાવિક છે. એક ડોકટરને પુછતાં અમુક વ્યાધિ કહેછે, જ્યારે બીજો એમ. ડી. ડોકટર બીજો વ્યાધિ બતાવે છે, ત્રીજાને પુછતાં તે કોઇ જુદુજ દરદ જાહેર કરે છે. આ પ્રમાણે એમ. ડી. ડોકટરોમાંજ મતભેદ હોય છે, ત્યારે દરદીએ શું કરવું? કોની દવા લેવી? ત્રણે મોટી પદથી ધારણ કરનાર વિદ્વાન ડોકટરો છે. કોઇ લેભાગુ ડોકટર કે ઉંટવૈદ્યું કરનાર નથી કે જેથી તેમનો મત મારી નાંખવો. આથી દરદીનું દર્દ નહિ મટતાં ઉલટું માનસિક મુંઝવણનો તેમાં વધારો થાય છે; અને ડોકટર ઉપરથી શ્રદ્ધા ઉડી જાય છે. આવી દરદી જેવી જૈન સમાજની સ્થિતિ હોવાથી તે શું જવાબ આપી શકે?

આ ઉપરથી વાંચકોને ખ્યાલ આવશે કે નિર્નાયક જેવી આચાર્યોની સ્થિતિ બની જવાથી છિન્નભિન્ન અવસ્થા ઉભી થયેલી છે. "સબ સરદાર" બની ગયા છે. હજુ પણ સુધારવા પ્રયત્ન નહિ થાય તો આથી પણ ગંભીર સ્થિતિ ઉભી થશે. પર્યુષણમાં સુદ ૧ ના વ્યાખ્યાનમાં સબ સરદાર બનેલા નિર્નાયક પાંચસો સુભટનું દૃષ્ટાંત સાધુઓએ અને આચાર્યોએ સંભળાવ્યું અને જૈનોએ સાંભળ્યું; પરંતુ તે બધું પોથીમાંજ રહ્યું, ખુદ બોધ આપનાર સાધુજ તે પ્રમાણે ન ચાલે તો પછી શ્રોતાજનોની વાતજ શું કરવી? એને પોથીમાંનાં રીંગણાંની વાત નહિ તો બીજું શું સમજવું?

હવે ગ્રહણ સંબંધી જણાવતાં ખરેખર ગ્લાનિ થાય છે. પર્યુષણમાં સુદ-૨ ના દિવસે આચાર્યોએ અને મુનિમહારાજઓએ ગણધરવાદ વાંચ્યો પણ તેમાં શું આવ્યું તેનો વાંચનારે ઉંડો વિચાર કર્યો? અગીઆર ગણધરો કોણ હતા? વિદ્વાન બ્રાહ્મણો હતા. તેમના હૃદયની શંકાઓ શ્રી મહાવીર ભગવાને જાણી એટલુંજ નહિ પણ શાસ્ત્રાર્થ કરી તે તમામ દૂર કરી. શ્રી મહાવીરના આવા અપૂર્વ જ્ઞાનથી એઓ એટલા બધા આકર્ષાયા કે તેઓ દીક્ષા લઇ મહાવીરના શિષ્ય બન્યા. આવી મહાવીર ભગવાનની અદ્વિતીય વિદ્વતા હતી. પરંતુ હાલમાં તેમના પ્રતિનિધિ રૂપ ગણાતા મહાવીર પ્રભુનો વેષ ધારણ કરનાર આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓ વિદ્યા-જ્ઞાનમાં એવા શિથિલ બની ગયા છે કે જૈન શાસ્ત્રોમાં મોટા મોટા જ્યોતિષના ગ્રંથો હોવા છતાં તેનો અભ્યાસ કરી સ્વતંત્ર જૈન પંચાંગ બનાવી શકતા નથી. દહેરાસરની પ્રતિષ્ઠા કે એવા બીજા મંગલ મુહૂર્ત જોવાં હોય છે તો બ્રાહ્મણનાં બનાવેલાં ટીપણાં હાથમાં લઇ દિવસ જોઇ આપે છે. કહેવાતાં જૈન પંચાંગો તો માત્ર નામનાંજ હોય છે. મૂળ બ્રાહ્મણોનાં ટીપણાં ઉપરથી ગણત્રી કરી મોટી તીથીઓનો ક્ષય ન કરાય અગર ડબલ ન કરાય, રોહિણી નક્ષત્ર વગેરે કયારે આવે છે, વીગેરે નક્કી કરી બહાર પાડવામાં આવે છે. પણ દિવસનું કાળમાન કોણ નક્કી કરે છે તેનો જુઓ-તે બધો આધાર બ્રાહ્મણોનાં ટીપણાંનો લેવાય છે. શ્રી મહાવીર ભગવાનનો વેષ ધારણ કરનાર માટે આ શોભતું કરમાવા જેવું નથી! મહાવીર ભગવાને જ્ઞાન વડે જ્યારે બ્રાહ્મણોને મહાત કર્યા, ત્યારે તેમનો વેષ ધારણ કરનાર આચાર્યો બ્રાહ્મણોનાંજ બનાવેલા ટીપણાંના આધારે ચાલી, પાળવાના પર્વના દિવસો નક્કી કરવા લાગ્યા. સૂર્યગ્રહણ સંબંધી તમામ આધાર તેમનાં પંચાંગોનેજ અવલંબીને રહેલો છે. ગ્રહણો થવાથી વાતાવરણમાં કેટલો બધો મહાન ફેરફાર થાય છે, તેનો ખ્યાલ તે સંબંધીનાં શાસ્ત્રો વાંચે તેનેજ આવી શકે, અને તેના ખ્યાલ ઉપરથીજ તેનો શા માટે સર્વથા નિષેધ કરવામાં આવે છે, તે સમજાઇ શકે. ગયા સૂર્યગ્રહણ સંબંધી તા૦ ૧૮-૮-૩૩ ના ટાઇમ્સ ઓફ ઇન્ડીઆમાં ગ્રહણના જુદાં જુદાં સમજુતી અને ચિત્રો સાથે સવિસ્તર લેખ પ્રગટ થયેલો છે, તેમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે—

"No attempt should be made to look at the sun without the prolection of a dark glass or serious injury to the eye sight may result" મતલબ કે "કાળા કાચના રક્ષણ સિવાય સૂર્ય તરફ જોવાનો પ્રયત્ન કરવો નહિ, નહિ તો આંખને ગંભીર ઇજા થવા સંભવ છે." આ પ્રમાણે ખાસ સુચના આપે છે.

જો એ પ્રમાણે આપણા આચાર્યો તે દિશામાં અભ્યાસ

અ.....વ.....ન.....વા.

—દી૦ મુનિમહારાજ શ્રી જયસાગરજી મહારાજ સામે દીગમ્બર અવસ્થામાં ફરવા સામે નીઝામ સરકાર તરફથી મુકાયલો પ્રતિબંધ વગર સરતે પાછો ખેંચી લેવાયો છે અને મુનિમહારાજશ્રીએ ૧૪ દિવસ પછી અપવાસ છોડયા હતા.

સુરત—સાગરાનન્દ સૂરિના શિષ્ય ચન્દ્રસાગરની સહિથી લાલ પત્રિકા જહાર પડી હતી, તેમાં પર્યુષણ પર્વ અને કલ્પવાંચનના સંબંધમાં પોતના ગુરૂના નિર્ણય સંબંધમાં શરૂઆતમાં લખ્યું છે કે "શ્રીમાન દાનવિજયજી ખુલાસો કરશે?" શું દાનસૂરિજી સાધુ મટી તેમની નજરે શ્રીમાન બન્યા? એકજ પાર્ટીના બે આચાર્યોના જુદા જુદા મંતવ્યોના કારણે સંવત્સરી શાસનપ્રેમી (!) છાવણીમાં ભીન્ન ભીન્ન તીથીએ કરવામાં આવી હતી, બેમાંથી પ્રમાણીક અને સત્ય કથન કોનું હશે?

ભાવનગર–નંદનસૂરિજી તળાજાથી અહિં આવતી વખતે એક તેર વર્ષના છોકરાને ત્રાપજથી સાથે લાવ્યા છે. તેનાં મા-બાપ છે. વિજયનેમિસૂરિ તેમનાં સંસારીપણાના મામા થાય. તે છોકરો પંચ પ્રતિક્રમણ શુધી ભણેલો છે. હાલ મહારાજની પાસે અભ્યાસ કરે છે. કહેવાય છે કે અભ્યાસનું તો જહાનું છે, અને કારતક મહિના લગભગ દીક્ષા આપી દેવાશે. તેની મા ખુબ કલ્પાંત કરે છે, તેથી તેને ત્રાપજ મોકલવામાં આવ્યો હતો. સાંભળવા મુજબ તેનો બાપ દીક્ષા આપવાની તરફેણમાં છે, અને લગભગ ત્રણ હજાર રૂપીયા આપવાનું નક્કી થયું છે. સાચું શું? તે તો ચોમાસું ઉતરે જણાઇ રહેશે.

અમદાવાદ—જૈન કુમારીકા બેન સુલોચના અમૃતલાલ ચોકસી જેઓ ગાંધીજી સાથે રાસ મુકામે કુવમાં જવા જોડાયેલા હતા તેઓને ૬ માસની સખત મજુરી સાથે સજા થઇ છે, પાછલથી તેમના પિતાશ્રી અમૃતલાલ દલસુખરામ પણ બેડા જીલ્લાના એક ગામથી ઉપડતી ટુકડીમાં જોડાયેલા, તેમને પકડવામાં આવ્યા હતા અને ૬ માસની સખ્ત મજુરીની સજા થઇ છે. (૨) યંગમેન્સ જૈન સોસાયટીમાં નોકરી કરતા મંગળદાસ નાનાલાલ શાહ સામે અરીબુ ખાઇ આપઘાત કરવાની કોશીશ માટે કેસ થયો છે, કહેવાય છે કે તેણે સોસાયટીના હિસાબમાં ગોટાળો કરેલો જે પકડાઇ જવાના ભયે તેણે આ પગલું ભર્યું હતું.

પાટણ—સોસાયટીના એક ભાઇ કહેવાય છે કે પુનર્લગ્ન કરીને આવ્યા છે. કેટલાક સોસાયટીના સભાસદો સત્કાર કરવા પણ ગયેલા. એમની આ ઉદાર વૃત્તિને માટે ધન્યવાદ!

પાલણપુર—આચાર્યશ્રીના ચાતુર્માસ દરમ્યાન કેળવણીની સંસ્થાઓ પગભર થશે એમ ખુબ આશાઓ હતી. પર્યુષણ ગયાં. સૌ ભેગા થયેલા વીખરાઇ પણ જશે, છતાં હજુ કશી પ્રગતિ થઇ હોય તેમ લાગતું નથી. (૨) પ્રણાલિકા મુજબ અઠ્ઠાઇ વિ૦ તપો ખર્ચાળ હોય છે. પણ અહિં આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીનું ચોમાસું હતું, એટલે એમની પ્રેરણાથી સંઘે આ અંગે પણ ખર્ચાઓ તદ્દન બંધ કર્યો: તેથી પચાસ ઉપરાંત અઠ્ઠાઇ અને વધુ ઉપવાસોનાં તપો થયાં હતાં. (૩) **જૈન** શ્વે. કોન્ફરન્સનું ચૌદમું અધિવેશન નાતાલના ટાંકણે અહિં ભરવા સંબંધમાં હીલચાલ ચાલી રહી છે (૪) થરાદના ઠાકોર સાહેબ અત્રે થોડા દિવસ પહેલા આવેલા, તેઓશ્રી પાછા જતી વખતે સ્ટેશનપર બેઠા હતા ત્યાં કેટલાક કસાઇઓ બકરાં-ઘેટાં લઈ જતા હતા, તે તેમના જોવામાં આવ્યા અને એ મૂક પ્રાણીઓના કરૂણ આર્તનાદે તેમના દિલમાં અનુકંપા પ્રગટાવી, તેથી તેજ વખતે રૂ. ૧૨૦ રોકડા આપી તે મૂકપ્રાણીઓને બચાવી અત્રેની પાંજરાપોળમાં મોકલાવી આપ્યા.

કાંડાકરા (કચ્છ)—ગોરજી સાધ્વીશ્રીને ભારે કનડગત કરે છે એવા મતલબની એક અરજી ના૦ પોલીશ કમીશનરને અહીંના કેટલાક ગૃહસ્થો તરફથી થતાં તે અરજીના આધારે મુંદ્રા ફોજદાર પર લખાઇ આવતા મુજબ અત્રેના ઉપાશ્રયમાં પોલીશ સીપાઇ ને રક્ષણ કાજે રાખવામાં આવેલ છે એમ સોકોઇ કહે છે.

સ્થાનિક—શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળના આશ્રય નીચે તા. ૩૧-૮-૩૩ ભાદરવા શુદ ૧૧ ગુરૂવારે સવારે ૮-૩૦ કલાકે ભૂલેશ્વર લાલબાગના જૈન દેરાસરના ઉપાશ્રયમાં પન્યાસજી મહારાજ ભક્તિવિજયજી ગણીના પ્રમુખપણા નીચે જગદ્‌ગુરૂ હિરવિજયસૂરિશ્વરજી મહારાજની જયંતિ ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે જાણીતા આગેવાનોએ હાજરી આપી હતી. બાળાઓએ ગુરૂશ્રીના જીવન ચરિત્ર ઉપરની કવિતાથી મંગળાચરણ કર્યું હતું અને ત્યારબાદ મુનિ મહારાજ શ્રી સુબોધવિજયજી તથા પન્યાસજી મહારાજ શ્રી ભક્તિવિજયજી એ ગુરૂશ્રીના જીવનચરિત્ર ઉપર વિવેચન કરી તેમના પગલે ચાલવા ઉપદેશ કર્યો હતો. અને બધા ભાઇઓને એકત્ર થઇ જૈન શાસનને દીપવવાના કાર્યો કરવા અનુરોધ કર્યો હતો. બાદ અમૃતલાલ કાળીદાસે ગુરૂશ્રીના જીવન ચરિત્ર ઉપર બોલતાં જણાવ્યું હતું કે જૈન સમાજની ખરી ઉન્નતિ–જૈન ધર્મની ખરી ઉન્નતિ ત્યારેજ થશે કે જ્યારે જૈનો પોતાના મતભેદો ભૂલી જઇ એકત્ર થઇ શાસનના કાર્યો કરવા તત્પર થશે. બાદ હિરવિજયસૂરિશ્વર મહારાજની જય બોલાવી મેળાવડો વીસર્જન થયો હતો.

કરે તો આવા ધાર્મિક કામોમાં બીજાના આધારે ચાલવાનું રહે નહિં; અગરતો આપણે ગ્રહણમાં પાળવાની ક્રિયામાં ભુલતા હોઇએ તો આપણી ભુલો સુધારી શકીએ. આપણે આગળ વધેલા હોઇએ તો બ્રાહ્મણો આપણો આધાર લે.

આથી વાંચકોને ખ્યાલ આવશે કે આપણે જ્ઞાનમાં કેટલા બધા પાછા હઠીએ છીએ, આવી આપણી સ્થિતિ છે; છતાં નિર્બાયકતા મટાડી અહંતા દૂર કરી એકત્ર મળવા ધ્યાન આપતા નથી. ઉલટ દિનપ્રતિદિન વિરોધ કરી છિન્નભિન્ન થવાને પ્રયત્ન કરી રહ્યા છીએ. આ વખતના પર્યુષણે અને સૂર્યગ્રહણે જૈન સમાજની પરિસ્થિતિનું ખરેખર પ્રદર્શન કરાવી આંખો ઉઘાડી છે, તે તરફ આચાર્યો ધ્યાન આપશે? સુજ્ઞેષુ કિં બહુના? તા. ૨૮-૮-૩૩

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩ માં છાપ્યું છે. અને ગોકલદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

સંમેલનની સફળતા.

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.

પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

તંત્રીઃ રતિલાલ ચીમનલાલ કોઠારી. | સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦ | વર્ષ ૨ જું, અંક ૪૫ મો. | શનીવાર, તા૦ ૯-૯-૩૩.

અં....તિ....મ વિ....દા....ય.

વ્હાલા વાંચક !

આપ સૌએ દૈનિક વર્તમાનપત્રો દ્વારા જાણ્યું હશે, કે પ્રેસ એકટની ચુંગાલમાં પ્રબુધ્ધ સપડાયું છે. તા. ૩-૯-૩૩ ના ૩૧ મા અંકમાં છપાયેલ 'અમર અરવિંદ' ની નવલિકા ના૦ મુંબઇ સરકારના સ્વદેશ ખાતાને રાજદ્વારી હોવાની લાગવાથી, તેઓએ ત્રણ ત્રણ હજારની બે, એમ કુલ્લે છ હજારની જામીનગીરી લેવાનું નકકી કર્યું; ને તા. ૧૪-૯-૩૩ સુધી ભરી જવાને લગતો હુકમ સી. આઇ. ડી. ખાતાના ઇન્સ્પેકટર રા. સા. પટવર્ધન, તા. ૫-૯-૩૩ ના બપોરના ૧૨-૩૦ કલાકે સંઘની ઓફીસમાં આવી તેના પ્રકાશક, મી. ગોકળદાસ શાહ તેમજ જે પ્રેસમાં છપાય છે તેના માલીક મી. મનસુખલાલ લાલનને પહોંચાડી ગયા હતા, અને તેથી આમ અણધાર્યો બનાવે 'પ્રબુધ્ધ'ને સમાજની સેવા કરતાં ફરજીઆત અટકવું પડે છે. વર્તમાન અંક 'પ્રબુધ્ધ' નું છેલ્લું કિરણ છે. મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના ઉત્સાહી સભ્યોને આ પત્ર દ્વારા સમાજમાં જાગૃતિ, નિડરતા ને વિચાર શકિત ખીલવવા માટેના કામમાં અત્યાર સુધીમાં આર્થિક, નોટીસો વિગેરેની ધમકીઓ અને રૂઢીચુસ્તો તરફથી નવા વિચારોનો પ્રવાહ અટકાવવા થતા પ્રયાસો વિગેરે મુશ્કેલીઓનો અનેક રીતે સામનો કરવો પડયો છે. છતાં એ બધી વીકટતાઓને હઠાવી સુવાનોના માનીતા પત્રને જીવંત રાખવા માટે તેઓએ તનતોડ મ્હેનત કરી જૈન સમાજને પ્રબુધ્ધ કરવા ખૂબ જહેમત ઉઠાવી એ નીર્વીવાદ છે.

"અત્યારની આપણી ડામાડોળ સ્થિતિ, મુનિ સંમેલન અને કોન્ફરન્સ ભરાવાના ભણકારા, યુવક મહામંડળની સ્થાપના, આ બધા સંયોગોમાં સમાજને આવા એક નીડર, સ્વતંત્ર સાપ્તાહિકની ખાસ જરૂર હતી, પણ સંજોગોએ ઘેરાવું પડયું. જૈન સમાજમાં નિકળતા પત્રોમાં આ રીતે પહેલું વહેલુંજ આ પત્ર બંધ થાય છે. અત્યારની પરિસ્થિતિ વિચારતાં બીજો ઠરાવ ન થાય ત્યાંલગી 'પ્રબુધ્ધ' બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

પત્રકારીત્વનો પંથ વિકટ અને તલવારની ધાર જેવો હોય છે. તટસ્થ વૃત્તિ જાળવવા પ્રયત્ન કર્યો હશે; છતાં ય અજાણે કોઇને અન્યાય થઇ ગયો હોય, કોઇ પણ વ્યકિતની આજ પર્યંત લાગણી દુભાઈ હોય, અથવા ખોટું લગાડવાનો પ્રસંગ આવ્યો હોય તો એ માટે ક્ષમા માંગી લઉં છું.

'પ્રબુધ્ધ' ના સંચાલન અંગે અનેક વાતો લખવાનું મન થાય છે, પણ વાંચક મિત્રો પાસેથી વિદાય લેતી વખતે એ અંતરની ઉર્મીઓ, વેદનાઓ, હૃદયમાંજ સંયોગોવશાત સમાવી દેવી પડે છે.

આજ પર્યંત જેમણે પોતાની લેખન શકિત દ્વારા, યા અવનવા બનાવોદ્વારા વાંકેફ કરી પ્રબુધ્ધ ખીલવવામાં ફાળો આપ્યો છે, તેઓનો તેમજ બોર્ડમાંના મ્હારા સહયોગી મિત્રોનો અને જૈન ભાસ્કરોદય પ્રેસના માલિક શ્રી. મનસુખલાલ લાલન વિગેરેનો સાથ લાધ્યો ન હોત તો સાપ્તાહિક પત્રનો આ બોજો નિયમિત અને આટલી સરળતાથી પાર પાડી શકત કે કેમ તે શંકાભર્યું છે, આમ જુદીજુદી દ્રષ્ટીએ મળેલા સૌના સહકાર બદલ સર્વનો આભાર માનું છું.

અંતિમ વિદાય લેતાં પહેલાં વાંચકો સાથેનો મીઠો સંબંધ તૂટતાં ઉદ્ભવતો શોક, યત્કિંચિત સેવાના મળેલા લાભના હર્ષ સાથે મિશ્ર થાય છે; અને આંતરધ્વની પોકારે કે 'પ્રબુદ્ધ' પ્રબુદ્ધ સ્વરૂપે અસ્ત ભલે થાય પણ તેના આંદોલનો જૈન જગતમાં અમર રહેશે.

ગ્રાહકો પ્રત્યે !

આ પત્રનું ચાલુ વર્ષ વિજયાદશમીએ પુરૂં થાય છે. બે વર્ષની ઉજ્જવળ કારકીર્દી પછી ત્રીજા વર્ષના કંઈક અવનવા મનોરથો ઘડાતા હતા, ત્યાં અકસ્માતિક સંયોગોમાં અમારી વિચાર ધારા તૂટી, અને બે ત્રણ અંક પહેલાં પ્રબુદ્ધનું પ્રકાશન બંધ કરવું પડે છે. આશા છે કે આગીયે ઘટના ધ્યાનમાં લઈ આપ ખુટતા અંકોના રૂણમાંથી યુવક સંઘને મુકત કરી આપનો સાથ આપશો.

રતિલાલ. સી. કોઠારી.
તંત્રી, "પ્રબુધ્ધ જૈન"

પુરિસા ! સચ્ચમેવ સમભિજાણાહિ ।
સચ્ચસ્સ આણાએ સે ઉવટ્ઠિએ મેહાવી મારં તરઇ ॥
(આચારાંગ સૂત્ર.)

પ્રબુદ્ધ જૈન.

શનિવાર, તા૦ ૯-૯-૩૩.

સંમેલનની સફળતા.

લાંબા સમયથી જે સંમેલનની રાહ જોવાઈ રહી હતી, વર્ષોથી સમાજ જે સંગઠનની ઝંખના કરતો હતો, આખરે એ સંગઠન મુંબઇ જૈન યુવક સંઘના નિખાલસ પ્રયાસથી અસ્તિત્વમાં આવ્યું છે, કોઇપણ જાતના દેખાવ કે જલસા વગર યુવક પ્રતિનિધિઓનું સંમેલન સફળ નિવડ્યું છે. જે ઉદ્દેશથી, જે ધારણાથી એ સંમેલન યોજાયું હતું, એ ધારણા હમણાં તો પાર પડી છે; અનેક વખતના નિષ્ફળ પ્રયત્નો પછી આ સફળતા જરૂર આશા આપે છે, અને હવે કંઇક રચનાત્મક કાર્યક્રમ યોજાઇ અમલમાં મૂકાશે એ સમાજ આશા રાખે તો તે વધારે પડતી નથી.

સર સયાજીરાવનું વડોદરા વિધવિધ પ્રવૃત્તિ અને પ્રેરણાનું કેન્દ્ર છે, ત્યાંના કેટલાક રાજકીય સુધારાઓનું બ્રીટીશ હિંદ પણ અનુકરણ કરે છે. એવા સ્વતંત્ર વાતાવરણમાંથી પ્રેરણા મેળવી યુથ ફેડરેશન અસ્તિત્વમાં આવ્યું છે. તેના પ્રમુખ પણ બહુજ કાર્યદક્ષ મળ્યા છે. આવા પ્રમુખ યુથ ફેડરેશનને સાંપડયા એ સમાજના સદ્ભાગ્યની નિશાની ગણાય. હવે હાથ જોડી બેસી ન રહેતાં કંઇક સમાજ પ્રગતિની દિશામાં પગલાં માંડે તેવા ઉપાયો યોજવાની જરૂર છે.

સંમેલનમાં લગભગ સવાસો યુવકોએ ભાગ લીધો હતો અને ચર્ચા દરમ્યાન દરેક પ્રતિનિધિઓએ પોતાનું મંતવ્ય રજુ કર્યું હતું. દરેક પ્રતિનિધિ સમાજની કઇ રીતે પ્રગતિ થાય એ ઇચ્છતો હોઇ કશો મતભેદ ઉપસ્થિત થયો નહોતો. તે એજ બતાવી આપે છે કે આજે યુવકો શબ્દોની વ્યર્થ મારામારીમાં ન પડતાં કર્ત્તવ્ય પંથે પડવા માંગે છે, આ તકનો કાર્યવાહક સમિતિએ સંપૂર્ણ લાભ લેવો આવશ્યક છે.

આજે અનેક મંડળો જેવાં કે કોન્ફરન્સ, અખીલ ભારતીય જૈન યુવક પરિષદ વિગેરે કાર્યવાહક સમિતિઓ કશું કાર્ય કરતી નથી અને તે બાતાઓને તદ્દન સુવાડી દીધેલ સ્થિતિમાં મૂકી દીધેલ છે; તેવી પરિસ્થિતિ આ યુવક મહામંડળની કાર્યવાહક કમીટી નહિ કરે–એ સૂચવવું અસ્થાને તો નથી જ.

આ મહામંડળમાં લગભગ ચૌદ મંડળો જોડાયાં છે, હાલ તુરત આટલું જોડાણ પણ ઘણુંજ ઉપયોગી છે. આ મંડળની કાર્યવાહક સમિતિ સફળ પ્રયત્નો કરશે તો સમાજમાં દેશકાળને અનુસરવાના ઉદ્દેશવાળાં સેંકડો મંડળોને તેમાં જોડાવાની ફરજ પાડી શકાશે. આ મહામંડળના ઉદ્દેશો પણ બહુ જ સુંદર છે. દેશકાળને અનુસરનારાં મંડળોને અનુકૂળ ઉદ્દેશોજ રખાયા છે; એટલે દરેક મંડળને આમાં જોડાવાનો અમુલ્ય અવસર સાંપડયો છે. અમે ઇચ્છીએ છીએ કે સમયને અનુસરનારા મંડળો આ અમૂલ્ય સંગઠનની તક હાથથી ન જવા દેતાં તેમાં જોડાઇ સંગઠનને મજબૂત બનાવશે અને તે દ્વારા સમાજની પ્રગતિ સાધવા પોતાનો ફાળો આપશે.

આ મહામંડળે જે ઉદ્દેશો ઘડયા છે તે ખરેખર સમાજની પરિસ્થિતિનો અચ્છો ખ્યાલ આપે છે. જૈન સમાજમાં આજે શારીરિક અને માનસિક બળનો તદ્દન અભાવ છે. ખોટા ખરચા અને કુરિવાજોમાં તે ડૂબતો જાય છે; કેળવણીનો અભાવ છે; કુસંપ અને ઇર્ષામાં હોમાઇ અધઃપતન તરફ ઘસડાઇ રહ્યો છે. તેનું સાહિત્ય ઉધઇ અને કીડાઓનું ભોગ બની રહ્યું છે. સંગઠનનો બિલકુલ અભાવ છે. સમાજ સેવા માટેની તમન્ના નથી, રાષ્ટ્રભાવના પણ નથી. આ બધી પરિસ્થિતિનો ઉપરોક્ત મહામંડળો સામનો કરવા માટે કટિબદ્ધ થવું પડશે; ત્યારેજ સમાજ પ્રગતિની સાચી દિશામાં પગલાં ભરશે.

હવે યુવકોએ પણ નિરર્થક વાતો, શાબ્દિક યુદ્ધો અને વ્યર્થ વિતંડાવાદમાં ન ઉતરતાં દરેક રીતે પોતાનો સહકાર આપી આ મહામંડળને ફત્તેહ અપાવવી જોઇશે, કોઇપણ યુવક, 'યુવક મંડળ'ના સભ્ય વગરનો ન હોવો જોઇએ. જ્યાં જ્યાં યુવક સંઘોનું અસ્તિત્વ હોય ત્યાં ત્યાં દેશકાળમાં માનનારા દરેક યુવકોએ યુવક સંઘમાં જોડાઇ જવું જોઇએ; અને તે દ્વારા યુવક મહામંડળને પોતાની સેવા અર્પવી જોઇએ. જ્યાં જ્યાં યુવક સંઘો કે મંડળો ન હોય ત્યાં ત્યાં સ્થાનિક વિચારક યુવકોએ બંધારણીય પ્રગતિ કરવા સંઘ અથવા મંડળના બંધારણ ઘડી કાઢી તેમાં એક વિચારના દરેક યુવકોએ જોડાઇ સમાજની પ્રગતિમાં પોતાનો ફાળો નોંધાવવાની જરૂર છે. મહામંડળ એટલે યુવકોની એક મધ્યસ્થ સંસ્થા, તે દ્વારા પ્રેરણા મેળવીનેજ યુવક સંઘો સમાજને પ્રગતિશીલ બનાવી શકશે.

આટલું સૂચવ્યા પછી અમે શ્રી જૈન યુવક મહામંડળના પ્રમુખ, મંત્રીઓ અને સભ્યોનું ધ્યાન ખેંચવાની રજા લઇએ છીએ, કે આરંભમાં તો આપણે બહુજ સારો ઉત્સાહ બતાવીએ છીએ, મોટાં મોટાં ભાષણો અને વ્યાખ્યાનોની હારમાળાઓ ઉપસ્થિત કરી સમાજને મોટી મોટી આશા આપીએ છીએ પણ એ આશાનો શતાંશ ભાગ પણ આપણે પાર પાડી શકતા નથી; એટલુંજ નહિ પણ આપણે માથે એ આક્ષેપ આવે છે કે યુવકો વાતોડીયા છે, યુવકો કશું કરતા નથી કેવળ વિતંડાવાદ સિવાય બીજો સમાજને કશો લાભ આપી શકતા નથી. આ આક્ષેપને જુઠો પાડવા માટે કંઇક રચનાત્મક કાર્યક્રમ યોજી અમલમાં મૂકી સમાજની આશાના તંતુઓને મજબૂત કરવાની અગત્ય છે. જો કે સંમેલન પ્રસંગે પ્રમુખ મહાશયે જે કુનેહથી કામકાજ શરૂ કરી, સંમેલનને સફળતા અપાવી છે, એ જોતાં તેઓશ્રી જરૂર પ્રેરણાનો દીપક જલતો રાખી યુવકોને તેમનાં કર્ત્તવ્યોનું ભાન કરાવશે, અને એ રીતે જૈન યુવક મહામંડળનું અસ્તિત્વ કાયમને માટે સિદ્ધ કરશે એ આશા વધારે પડતી તો નથીજ.

સામાજીક બળતા પ્રશ્નો.

જે સમાજમાં અભયદાનનો મહિમા છે તે સમાજમાં અભય યા નિર્ભયતા નથી રહી; આજે તેનું સ્થાન ભીરૂતા બીક લીધું છે. સમાજના ધનિકો, વગવસીલાવાળા અને ચારિત્રશિથીલો, કોઇપણ સામાજિક નિયમન, ઠરાવ, કાયદા, કે બંધનનો ભંગ કરે તો તેની ખબર લેવાની શક્તિ સમાજમાં નથી હોતી; આથી ઉલટું કોઇ ગરીબ કે સાધારણ માણસ અજાણતાં પણ તેમ કરી દેતો તેને શિક્ષા કરી દંડી નાંખવામાં આવે છે. આમ એક વર્ગને સ્વચ્છંદે ખેલવાનો પરવાનો આપી તે પ્રતિ ઉપેક્ષા–મધ્યસ્થ ભાવ અને બીજા વર્ગને દંડી નાંખી ગુંડા શાહી ચલાવવામાં આપણે વ્યવહાર કુશળતા બતાવવાનું અભિમાન લઇએ છીએ. જે વર્ગ પ્રતિ સમાજ ઉપેક્ષા–માધ્યસ્થ વૃત્તિ બતાવે છે તે સબળાનો માધ્યસ્થ ભાવ નથી; પરંતુ તે તેની નિર્બળતાની નીશાની છે. જો તે સબળાનો મધ્યસ્થ ભાવ હોય તો ગરીબ કે સાધારણ માણસ પ્રતિ પણ તેજ વૃત્તિ દેખાડવી જોઇએ; પરંતુ આપણે તેમ કરતા નથી તેજ બતાવે છે કે આપણે અપ્રમાણિક બનીએ છીએ અને તે અપ્રમાણિકતા ભીરૂતામાંથી ઉત્પન્ન થયેલી હોય છે.

સત્તાના જોરે અન્યાય.

આજે તો સમાજના વાડા માત્ર ગરણુ–પરણુ અને જમણુ પૂરતા છે. તે કારણે તેના નિયમન, ઠરાવ કે કાયદા માત્ર વ્યવહાર સાચવવા પૂરતા છે. કેટલીક વાર સમાજ કોઇની ઉશ્કેરણીથી દોઢડાહ્યો બને છે અને પોતાની શક્તિની ઉપરવટ થઇ કેટલાંક બંધનો સમાજ પર લાદવા જાય છે, અથવા તો જે બંધનો રીતસર નથી તે બંધનો છે તેમ સ્વીકારી લઇ માની લીધેલ ગુન્હેગારને શિક્ષા કરવા તૈયાર થઇ જાય છે. શરૂઆતમાં પોતાની સત્તાના જોરે આવો અન્યાય કરવામાં બાધ નડતો નથી, પરંતુ કાળક્રમે પ્રત્યાઘાતની અસર તને લાગે છે અને તેની સત્તાને પક્ષાઘાત લાગુ પડે છે. પરિણામ એ આવે છે કે આવી જોહુકમી કરવાથી તેની સત્તા એટલી બધી પાંગળી બની જાય છે કે જે હિતકર નિયમન હોય છે તેનો અમલ કરવા કે કરાવવાની પણ સમાજની તાકાત રહેતી નથી. સમાજે પોતાની તાકાતનો વિચાર કરી વ્યવહાર માટે નિયમન, ઠરાવ કે કાયદા ઘડવા જોઇએ. તે અમલમા મૂકવા સદા જાગૃત રહેવું જોઇએ; અને તેમ ન બની શકે તેમ હોય તો પોલનો લાભ સર્વને સરખી રીતે મળે તેમ કરવું જોઇએ. આમાંજ પ્રમાણીકતા છે; ભીરૂતાનું મોત રહેલું છે. આમ થાય તો સમાજનું બળ ટકી રહે; તેથી વીરૂદ્ધ વર્તીએ તો તે છિન્ન ભિન્ન થઇ જાય એટલુંજ નહીં પણ સમાજમાં અનાચાર વૃત્તિનો જન્મ થાય અને તે ફાલે ફુલે.

આતો સમાજની સંહારાત્મક શક્તિનો પરચો બતાવ્યો; પરંતુ આજે તો સમાજ પાસે રચનાત્મક કાર્યજ નથી. કોઇ પણ જ્ઞાતિ કે સંઘ રચનાત્મક કાર્ય કરવાની જવાબદારી આજે સ્વીકારાતી નથી સમાજની ઉન્નતિ તેનો વિકાસ સાધવો હોય તો દરેક સામાજિક સંસ્થાએ પોતાના કાર્યક્રમમાં રચનાત્મક કામની જવાબદારી સ્વીકારવી જોઇએ. જે ધર્મમાં સહધર્મી વાત્સલ્યની ભાવના છે, તે ધર્મના અનુયાયીઓની વ્યવહારૂ સંસ્થાઓમાં સામાજિક વિકાસ માટે સ્થાન ન હોત તેજ એહુંદુ છે. આજ સુધી આપણે માત્ર શિક્ષા કરવા પ્રતિ લક્ષ્ય આપ્યું છે; હવે આપણે વધુ ઉપયોગી બનવું હોય તો રચનાત્મક કાર્ય પ્રતિ લક્ષ્ય આપીએ. રચનાત્મક કામમાં સમાજના બાળકોની કેળવણી, તેના અનાશ્રિતોનું પાલન, તેમાંના બેકારોને ધંધે લગાડવાની યોજના, વિધવાઓ માટે પ્રમાણિક જીવન ગાળવાની વ્યવસ્થિત યોજના, મંદવાડ પ્રસંગે દવાદારૂ કે તેનાં સાધનોની સગવડ, રહેવા માટે સારાં નિવાસ સ્થાન, અપંગો, અંધ, લંગડાં, લુલાં, કાયમી મંદવાડવાળા, આદિ માટે ભરણ પોષણની જવાબદારી આ બધું આપણે આજે, અને આજે નહિ તો કાલે વિચારવું પડવાનું છે.

આપણે નજરે જોઇએ છે કે હિંદમાં પારસી કોમની વસ્તી એક લાખની છે; છતાં હિંદના સમાજમાં તેનું સ્થાન છે. જ્યારે જૈનોની વસ્તી બાર લાખની હોવા છતાં હિંદના સમાજમાં આપણું સ્થાન નથી. રચનાત્મક કાર્યની જવાબદારીના સ્વીકાર અને અસ્વિકાર એ કારણે આ બે કોમનાં વિકાસ અને વિકાર સ્પષ્ટજ છે. આટલું આપણી આંખ સમક્ષ હોવા છતાંય આપણે આવા રચનાત્મક કામથી હજી પણ હાથ ખંખેરી નાંખવાના હોઇએ તો આપણે વિકાસની વાતો–સમાજની ઉન્નતિની ભાવનાઓ મૂકી દેવી જોઇએ.

અજ્ઞાન મિટાવો.

છાત્રાલયોના જીવનમાં સ્વાશ્રયની તાલીમના સંસ્કાર દાખલ કરીએ, વિદ્યાર્થીઓમાં પેટ પૂર્તિ કરતાં ઉચ્ચ ઉદ્દેશ છે તેનો ખ્યાલ આપીએ, આત્મ ત્યાગની ભાવના જગવીએ, અને તેમની મારફત સમાજમાં કેળવણીનો પ્રચાર કરવાની કોઇ યોજના તૈયાર કરીએ, તો થોડા વખતમાં સમાજનું સામાન્ય અજ્ઞાન મિટાવી શકીએ અને તેમ થાય તો સમાજ જાગૃત બને અને તે જાગૃતિનો ઉપયોગ કોમના વિકાસ માટે ઉપયોગી બને.

સમાજના બાળકો એ આવતી કાલના યુવકો છે, તે આવતી કાલના નાગરિકો છે; તેમની તાલીમ આવા કેળવાયેલાના હાથમાં આવે તો તેથી બાળકો ધાર્મિક અને સામાજિક પ્રશ્નો સાચી દ્રષ્ટિએ, વિવેક દ્રષ્ટિએ વિચારી શકે, ચર્ચી શકે અને તેનો અમલ કરી શકે. આજના યુવકોમાં અકર્મણ્યતા દાખલ થઇ છે તેનો તેથી નાશ થાય; આ અકર્મણ્યતાનો નાશ આવું જવાબદારી ભર્યું કામ યુવકોને સોંપવાથીજ થઇ શકે.

દરેક સમાજમાં બેકાર પણ હોય છે અને નિરાશ્રિત પણ હોય છે; બેકાર માણસોને ધંધે લગાડવાની અને નીરાશ્રિતને તેના જીવન નિર્વાહનાં સાધનો મળે તેમ વ્યવસ્થા કરવાની જવાબદારી આપણા પરજ છે. આપણે ગમે તેમ ટીપ કરી જે આવ્યો તેને જે બન્યું તે આપી વિદાય કરીએ છીએ; પરંતુ આપણે તે બેકાર છે કે નિરાશ્રિત છે તે વચ્ચે ભેદ જોતા નથી, તે સશક્ત છે કે અશક્ત છે તે જોતા નથી. આનું પરિણામ એ આવ્યું કે સમાજમાં કેટલીક વ્યક્તિઓ ભીખારી વેડા કરતી થઈ છે અને તે એક વૃત્તિ નહિ, પણ ધંધો પણ થઇ પડયો છે. આવી રીતે આ ધંધાને પોષવામાં લાભ નથી, ગેર લાભ છે; સમાજ આ રીતે આ ભીખારી

અનુસંધાન પૃ. ૩૫૯ ઉપર

નગદ સત્ય ધ્યાનમાં લ્યો !

સમૂહબળ ઉભું કરી એકત્રિત બનવાની આવશ્યકતા.

વડોદરા ખાતે મળેલ જૈન યુવક પ્રતિનિધિઓના સંમેલનમાં મુંબઇ જૈન યુવક સંઘ તરફથી તેના મંત્રી શ્રી. રતિલાલ કોઠારીએ નીચેનું પ્રાથમીક નિવેદન કર્યું હતું.

ભાઇઓ,

આજે આપણે ભિન્ન ભિન્ન યુવક સંઘના પ્રતિનિધિઓ અહિં એકત્ર થઈ શકયા છીએ એ આપણું પરમ સદ્‌ભાગ્ય છે. આજે આપણો દેશ ભારે કટોકટીના સમયમાંથી પસાર થાય છે, અને આપણો સમાજ પણ મહાન ઉત્ક્રાન્તિમાંથી પસાર થઇ રહ્યો છે; આજે ચોતરફ ભિન્ન ભિન્ન વર્ગો વચ્ચે અથડામણો થઇ રહી છે. આજે મોટા વર્ગો જે જે અસંગઠ્ઠિત નાના વર્ગો છે, તેને ગળી રહ્યા છે. અત્યારના તિવ્ર-સ્થિતિ કલહમાં આપણું એક કોમ તરીકે અસ્તિત્વ અસાધારણ જોખમમાં આવી પડયું છે. દિનપ્રતિદિન આપણી સંખ્યા ઘટતી જાય છે એ આપ સર્વ જાણો છો. શિખો, પારસીઓ ગાફેક આપણે પણ આપણું કોમી સંગઠ્ઠન નહિ કરીએ તો કાળાન્તરે આપણું અસ્તિત્વ નામુદ થતાં વાર નહિ લાગે. પણ આ નગદ સત્ય નથી. આપણા સાધુઓના ધ્યાનમાં આવતું કે, નથી સત્તાધારી શેઠીઆઓના મગજમાં ઉતરતું. **આજે આપણી કોન્ફરન્સ, આપણા સાધુઓ અને શેઠીઆઓની ચાલુ પ્રતિકૂળતા અથવા તો ઉપેક્ષા બુદ્ધિથી અશકયજ થઇ પડે છે.** આવા વખતે ડૂબતી કોમને કોઇ બચાવી શકે તેમ હોય, તો કોમના પ્રાણ સમાન ઉગતી વયના અને ઉંચા મનોરથો ધારણ કરનાર યુવકોજ છે. આપણે યુવકો કેવળ ઉન્નતિનાં સ્વપ્નો સેવ્યા કરીએ તેમાં આપણી કોમનો કશો ઉદ્ધાર થઇ શકે નહિ. પણ જ્યારે આપણે કોમને બચાવવાની અને અન્ય કોમો વચ્ચે આગળ લાવવાની વ્યવસ્થિત પ્રવૃત્તિઓ આદરીએ તોજ આપણે કંઇક સંગીન પરિણામો લાવી શકીએ. આપણે એક તો વ્યવસ્થિત પ્રગતિ સાધવા માટે સ્થળે સ્થળે યુવક સંઘો સ્થાપવા જોઇએ અને બીજું પ્રત્યેક યુવકે પ્રતિજ્ઞા લેવી જોઇએ કે, ગમે તે સંકટ–ગમે તે મુશ્કેલી આવે પણ જે વાત મારૂં હૃદય કબુલ નહિ કરે-તે વાત પછી તે ધાર્મિક પરંપરાને લગતી હો કે સામાજીક રૂઢિને લગતી હો–હું કદિ નહિ સ્વીકારૂં. આવા દ્રઢ નિશ્ચયોવાળા યુવકો યુવક સંઘો સ્થાપીને નવી સૃષ્ટિનું સૃજન કરી શકે; અને જ્યાં અંધારૂં છે–નિરાશા છે, જડતા છે, ત્યાં પ્રકાશ–આશા, ચૈતન્ય લાવી શકે. આપણે બધા આ ભાવનાથી પ્રેરાઇએ–આપણા ભિન્ન ભિન્ન યુવક સંઘોને સંગઠ્ઠિત કરીએ; અને સર્વત્ર નવી ભાવના, નવો વિચાર–નવા આંદોલનનો પડકાર કરીએ. જ્યાં જ્યાં રૂઢિના નામે, વ્યવહારના નામે, અયોગ્ય પ્રવૃત્તિ ચાલતી હોય, ખોટો દ્રવ્ય વ્યય થતો હોય, અજ્ઞ સ્ત્રી બાળકોની અંધશ્રદ્ધાનો ખોટો લાભ લેવાતો હોય ત્યાં આપણો યુવક છાતી કાઢીને ઉભો રહે અને તેના સામે થતા અન્યાયને–અધર્મને, અયોગ્ય પ્રવૃત્તિને, કોઇપણ ભોગે અટકાવે. આપણી કોમના એવા કેટલાય પ્રશ્નો છે કે જેના તાત્કાલિક નિરાકરણની ખૂબ અપેક્ષા છે. છેલ્લાં છેલ્લાં ચાર પાંચ વર્ષ દરમ્યાન દીક્ષાના પ્રશ્ને આપણી પ્રજાનું ખૂબ ધ્યાન ખેંચ્યું છે. તેવાજ અગત્યના બીજા પણ અનેક પ્રશ્નો છે. દાખલા તરીકે દેવદ્રવ્ય–આપણી વર્તમાન બેકારી–કેળવણીનો પ્રચાર–તીર્થોની રક્ષા–આ ઉપરાંત સામાજીક દિશાએ પણ વિધવાઓનો ઉદ્ધાર–એકજ ધર્મ પાળતી ભિન્ન ભિન્ન જાતીઓ વચ્ચે લગ્ન વ્યવહારની સરળતા–બાળ લગ્ન–રડવા, કૂટવા તથા મરણ પાછળ જમવા જગાડવાના કુરિવાજો–આવા અનેક પ્રશ્નોનો નિકાલ લાવ્યા સિવાય છૂટકોજ નથી. આજે આપણા દ્રવ્યનો મોટા ભાગે ધર્મના નામે ચાલતી રૂઢીઓ પાછળ બરબાદ થઇ રહ્યો છે, તે એકદમ અટકાવવાની અને તે પ્રવાહ કેળવણી પાછળ વહેતો કરવાની ખાસ જરૂર સૌ કોઇ સ્વીકારે છે. આપણે વાતો તો મોટી કરીએ છીએ, પણ નાની મોટી કસોટીના સમયે આપણે સંગઠ્ઠનના અભાવે ટકી શકતા નથી અને એક બીજાના સહકાર વિના આપણું સુધારાનું નાવ આગલ વધતું નથી. આપણાથી મોટી વાતને ન પકડાયતો એક પછી એક નાની વાતને પકડીએ; પણ જે કાંઇ પકડીએ તેને પાર ઉતાર્યા સિવાય કદી પણ ન છોડીએ. આ બધું દરેક માણસ વ્યક્તિગત કરવા માંગે તો બહુજ ઓછું પરિણામ આવે છે, પણ જો સરખા વિચારના આપણે યુવકો એકત્રિત થઇને નવવિચારને અમલમાં મૂકવા ઝૂંબેશ ઉઠાવીએ તો થોડા સમયમાં આપણે જરૂર ભારે મદદનું પરિણામ નિપજાવી શકીએ; આ આશયથીજ આજે, આપ સર્વ ભાઇઓને અહિં બોલાવ્યા છે, કે જેથી આપણે એકમેકના કાર્યને સંયોજિત કેમ કરી શકીએ અને એકમેકને પડતી મૂશ્કેલીઓ બરોબર સમજીને સમૂહ બળથી કેમ દૂર કરી શકીએ. આપ સર્વ ભાઇઓ આ સંબંધમાં ખુલ્લા દિલથી પોતપોતાના વિચારો પ્રગટ કરો એમ હું અંતઃકરણથી ઇચ્છું; અંતમાં અમારા મુંબઇ જૈન યુવક સંઘના નિમંત્રણને માન આપી આપ સૌ દૂર દૂરથી આવ્યા છો તે માટે અમારા સંઘ તરફથી આપ સર્વ ભાઇઓનો હું ઉપકાર માનું છું. આ બાબતમાં આપણે વડોદરા જૈન યુવક સંઘના ખાસ આભારી છીએ. તેમણે આપણને અહિં એકત્ર કરવાની જવાબદારી માથે લીધી ન હોત તો આપણે અહિં આ રીતે મળી શકયા જ ન હોત. આજે આવા શુભ ઉદ્દેશથી આપણે મળ્યા છીએ, તો સંગીન કાર્યની યોજના ઘડીને ઉઠીશું એવી આપણે જરૂર આશા રાખીએ. આટલા આરંભિક નિવેદન બાદ આપણું હવેનું કાર્ય વ્યવસ્થિત રીતે ચાલે તે માટે કોઇ નિયામક પ્રમુખની ચુંટણી કરવા આપને હું વિજ્ઞપ્તિ કરૂં છું.

"આવો મહાવીરના ઝંડા નીચે, ક્રોધ કાંધે મીલાવી–હૃદયે હૃદય મીલાવી; અવનત થતા આપણા વીરના ઝંડાને ફરી એક વાર વંદે વીરમ્‌ની જય ગર્જનાએ આપણા હજારો હાથોના બળે, આપણા હજારો હૃદયના બળે, ઉંચે, ઠેઠ ઉંચે હિમાલયના શિખર પર ફરફરાવીયે!"

વડોદરા મુકામે ભરાયેલ પ્રતિનિધિ સંમેલનના કાર્યની સફળતા ઇચ્છનારા સંદેશાઓમાં મુનિરાજો, સંસ્થાઓ, અને વ્યક્તિઓ તરફથી અનેક તારો અને કાગળો આવેલા તે પૈકીના થોડાક નીચે મુકીએ છીએ.

મુનિ મહારાજોના સંદેશાઓ.

વ્હાલા યુવકો!

વારંવાર કહેતો આવ્યો છું તેમ આજે પણ કહું છું કે તમે જૈન ધર્મને એના સાચા સ્વરૂપમાં ઓળખો. જૈન ધર્મ એ જાતિ નથી, પણ જીવન છે. જૈન એ જાતિ સૂચક શબ્દ નથી, પણ જીવન સૂચક શબ્દ છે, એ આધ્યાત્મિક જીવન છે, એ ઉચ્ચ અને પવિત્ર જીવન છે, એ જીવન દુનિયાનો કોઇપણ માણસ મેળવી શકે છે.

પણ, બંધુઓ! આંખ ખોલીને જુઓ કે આજે તમારી આસપાસ કેવું વાતાવરણ છે? આજે તમારી–સમાજની શી દશા છે? અજ્ઞાનનાં વાદળ જેમ ધર્મની અધોગતિ કરી રહ્યા છે તેમ સમાજનો કલ્પરવાણુ વાળી રહ્યાં છે. આજે જ્યાં જોઇએ ત્યાં ઝઘડાની લ્હાય સળગી રહી છે, અને એમાં સમાજ ભડભડ બળી રહ્યો છે. પ્યારા યુવકો! આ તમારાથી કેમ જોયું જાય? સમાજ વિનાશને પંથે ધસડાતો જતો હોય અને તમે યુવકો આંખ ફાડી જોયા કરો! શરમની વાત છે! તમારો કર્તવ્ય ધર્મ તમારે સમજવો જોઇએ. સાચો યુવક હોય તેના હૃદયમાં શુદ્ધ સેવાભાવની ધગશ હોવી જોઇએ; યુગધર્મની ભવ્ય પ્રેરણાઓ ઝીલવાને, ક્રાન્તિનાં મહાન્ આન્દોલનોમાં ઝુકી પડવાને તે સહર્ષ તૈયાર બેઠેલો હોવો જોઇએ તેની મહાન્ ભાવનામાં એમજ લાગવું જોઇએ કે જગતની અશાન્તિ અને પ્રજાની દુઃખી સ્થિતિનાં મૂળીયાં મારી નબળાઇમાં જ સમાયાં છે. આવું યુવક જીવન જુદ્ધામાં પણ હોઈ શકે અને જુવાનીયામાં પણ હોઈ શકે, પણ મારે દિલગીરી સાથે કહેવું પડે છે કે, ઘણા યુવકો એવા નજરે પડે છે કે જેમની ભાવનાઓ લગભગ મરી ગયેલી હોય છે અને જેમનાં કાયર અને બ્હીકણ મન, જેમનાં મૂઢ અને નિર્બળ અંતઃકરણ સુધારાનું નામ સાંભળતાં જ ભડકી ઉઠે છે. આવાઓ ખરેખર પોતાની યુવકતાને લજવે છે.

પ્રિય યુવકો! તમારું નામ જગતભરના ક્રાન્તિના ઇતિહાસોમાં સુવર્ણાક્ષરે કોતરાયલું છે. રાષ્ટ્ર, સમાજ અને ધર્મનાં પુનર્વિધાન અને સંસ્કરણ જ્યાં જ્યાં થયાં છે ત્યા તમારા આત્મબળ પર થયાં છે. તમે કર્મશક્તિના અવતાર રૂપ છો. તમારો ધર્મ, તમારો સ્ટેજ અને તમારું કર્તવ્ય સમજી જાઓ! તમારામાં સુસ્તી કે જડતા ન પાલવે. બંખેરી નાંખો કાયરતાનાં જાળાં અને કમર કસીને સમૂહબળે બ્હાર આવો!

આજે સહુથી પહેલી જરૂર તમારા બધામાં મજબૂત સંગઠ્ઠન થવાની છે. તમામ યુવક સંઘો એક સૂત્રમાં પરોવાઇ જવા જોઇએ. જેમ દેવલોકમાં એક વિમાનમાં ઘંટા વાગતાં તમામ વિમાનોના ઘંટા તત્કાળજ ગડગડી ઉઠે છે, તેમ એક અવાજ પડતાં તમામ યુવક સંઘો તેને એકી સાથે ઝીલીલ્યે. સંગઠ્ઠન શક્તિ એ મોટામાં મોટું બળ છે; એ વગર વિજય નથી એ ભાગ્યેજ સમજાવવાની જરૂર હોય.

જે રૂઢિઓના પડ સમાજને ભરખી રહ્યાં છે, અને જે સડાઓથી ધર્મ સડી રહ્યો છે તેની સામે તમારે બધાએ એકત્રિત થઇને "જળવો" જગાડવાનો છે. આ તમારું મુખ્ય ધ્યેય હોવું જોઇએ. યુવક જીવનનું આ મહાન્ કર્તવ્ય છે. આ કામ તમારું છે એ તમારે નોંધી લેવું જોઇએ; તમે જો "ગળીયા બળદ" થઇ બેસી જાઓ તો તો જુલ્મ થાય! ધર્મ રસાતલમાં જાય! અને એનો શ્રાપ તમારે માથે ઉતરે!

સજ્જનો! તમારું કાર્યક્ષેત્ર મોટું અને ગંભીર છે, ઉતાવળ કરી નહિ પાલવે; શાન્તિ ને ધીરજ પહેલી હોવી જોઇશે, તમારા નૈતિક જીવનમાં જો ખોડખાંપણ હશે તો તમે સફળતા નહિ મેળવી શકવાના. જેટલું ચારિત્રબળ તમારું ઉજ્જવળ હશે, તેટલા તમે વધુ ફાવવાના; મનોબળને મજબૂત બનાવો! તમે પોતે ખમતાં શિખો! અને ખાસ ધ્યાનમાં રાખો કે તમારા અભિમત સિદ્ધાંતો તમારા જીવન સાથે વણાઇ જવા જોઇએ તોજ તમારી વાણીનો પ્રભાવ પડશે, તોજ જનતા તમારી પાછળ દોરાશે અને તોજ તમારું મિશન આગળ ધપશે. કોઇની શેહમાં ન પડતાં, કોઇના કે કોઇ પ્રકારના પ્રલોભનથી ન ડગતાં માત્ર સત્યના પૂજક બની ભગવાન મહાવીરના શાસનનો જયઘોષ કરતા કર્મક્ષેત્રમાં કુદી પડો! વિજય તમારો છે.

લી૦ **ન્યાયવિજયજી.**

જૈન યુવક સંઘને સંદેશ.

વર્તમાન પરિસ્થિતિમાં આપણા યુવક વર્ગની, ખાસ કરી કાર્યપરિણત યુવક વર્ગની ફરજ શોજ છે કે–પ્રત્યેક કાર્ય કરવા પહેલાં અત્યારની આપણી પરિસ્થિતિનો ધીરજ અને શાન્તિથી પૂર્ણ વિચાર કરી જે રીતે જૈન ધર્મની અભિવૃદ્ધિ થાય અને જૈન સમાજ એ વસ્તુને ઝીલી શકે તે પદ્ધતિએ તે કાર્યને સમાજ સમક્ષ રજુ કરે અને તેમ કરવામાં ભાષાની મધૂરતા, વિચારોની સ્થિરતા અને શિષ્ટતા-પ્રમાણિકતામાં લેશ પણ ઉણપ ન આવવા દે એ વધારે ઇચ્છવા યોગ્ય છે. સમાજનું માનસ અત્યારે અતિક્રોમળ છે; તેને એકદમ આઘાત પહોંચાડવાથી આપણું ઇષ્ટ કાર્ય વેગવાન બનવાને બદલે તેમાં મંદતા આવવાનો સંભવ છે.

આ સિવાય અત્યારનો આપણો યુવકવર્ગ આપણા ધાર્મિક રીત રિવાજો શા ઉદ્દેશથી ઘડાયા છે? એની કઇ દ્રષ્ટિએ અને કેટલી આવશ્યકતા છે? તેમજ એ રિવાજો આપણા જીવન વિકાસમાં કેવા અને કેટલા ઉપયોગી છે? એ આદિનો બરાબર અભ્યાસ કરી જીવન વિકાસ માટે ઉપયોગ કરે.

અત્યારના આપણા પુનર્ રચનમાં ધર્મ તત્વ કે જે આપણા જીવન સાથે સદાને માટે એકાંત આવશ્યક છે, જેના અભાવમાં અત્યારનું આપણું નવીન–નિર્માણ મડદા જેવું છે, તેને આઘાત ન પહોંચે તે રીતે આપણો યુવક વર્ગ પ્રવૃત્તિશીલ બને.

જેમ અત્યારે આપણે ધર્મની રક્ષાનો વિચાર કરીએ છીએ તેજ રીતે જૈન સમાજની દિનપ્રતિદિન વધતી જતી નૈતિક શિથિલતા, અનેક જાતના કુરિવાજો, વિદ્યાવિષયક મંદતા, વ્યાપારિક કંગાલ સ્થિતિ, આપણા સ્ત્રી વર્ગની દરેક બાબતમાં શિથિલતા, આદિ સમાજને લગતા આવશ્યક પ્રશ્નોને

યોગ્ય રીતે ચર્ચવાનું પણ ભૂલવું ન જોઇએ. જે સમાજનું વ્યાવહારિક અથવા બાહ્ય જીવન નિર્માલ્ય હશે તે સમાજનું ધાર્મિક જીવન કયારેય પણ વિશદ નહિ બને.

ટુંકમાં હું એટલુંજ કહું છું કે–આપણે આપણી ધાર્મિક બાબતોનો વિચાર કરવા સાથે, જે સમાજને એ પ્રશ્નો સાથે સંબંધ છે, તે સમાજને લગતા દરેક યોગ્ય પ્રશ્નોનો વિચાર કરવો અતિ જરૂરી છે. આ બન્નેય પૈકીના એક પણ અંગને ગૌણ કરવામાં આવશે તો બન્નેય મડદા જેવાજ બની રહેશે.

પાટણ
તા. ૧-૬-૧૯૩૩. } **મુનિ પુણ્યવિજય.**

શ્રી જૈન યુવક સંઘોના પ્રતિનિધિઓ જોગ—

ધર્મ લાભ–ભાઇઓ, આજે તમે બધા જે કાર્ય માટે એકત્રિત થયા છો એ કાર્ય નિર્વિઘ્નતાપૂર્વક સફળ થાઓ, એવું અંતઃકરણથી ઇચ્છું છું.

યુવક સંઘોએ પોતાના માથે જે જવાબદારી અત્યારે ધારણ કરેલી છે, એ જવાબદારીને પૂરી પાડવા માટે સૌથી પહેલાં યુવક સંઘોનું એક સંગઠન થવાની જરૂર છે. આજે બધી શક્તિઓ છિન્નભિન્ન છે. છિન્નભિન્ન અવસ્થામાં કોઇપણ શક્તિ સફળતા ન મેળવી શકે, એ કહેવાની કંઇ જરૂર નજ હોય. અતએવ સૌથી પહેલાં યુવક સંઘોને સંગઠિત કરો, કોઇપણ એક સ્થળે કે જ્યાં કાર્ય કરનારા ઉત્સાહી અને સમયનો ભોગ આપી શકે તેવા હોય, ત્યાં એક હેડકવાર્ટર મુકરર કરવું. મુખ્ય ઓફીસ તરફથી નિકળતી સૂચનાઓ પ્રમાણેજ બધા સંઘો કાર્ય કર્યા કરે, એવું થવું જોઇએ. તેની સાથે સાથે પ્રત્યેક ગામમાં યુવક સંઘની એક એક શાખા તો હોવીજ જોઇએ. એનું કાર્ય તે તે પ્રાન્તના મુખ્ય મુખ્ય યુવક સંઘના સંચાલકો કરે એવું કાર્ય એમના માથે સોંપવું જોઇએ, અને ત્રીજી બાબત એ કે, જેમ બને તેમ તાકીદે યુવક સંઘની કોન્ફરન્સ બોલાવવી જોઇએ.

આમ ઘણી વ્યવસ્થાઓ કરવાની જરૂર છે. અત્યારે તે સંબંધી વધારે સૂચનાઓ કરવી અનાવશ્યક છે. આશા છે કે બહુ ગંભીરતા અને શાન્તિપૂર્વક બધું કાર્ય આટોપશો.

અહિં ગુરૂમહારાજની જયન્તિની સભા પૂનમે રાખી છે, સભાપતિ ગોવિંદભાઇ થવાના છે. આશા છે કે તમે બધા પૂનમની સવાર સુધીમાં જરૂર આ પ્રસંગનો લાભ લેવા આવશો. ભાદરવા શુ. ૧૧, ૨૪૫૯. **—વિદ્યાવિજય.**

સંસ્થાઓના સંદેશા.

મહારાષ્ટ્રીય કોન્ફરન્સ—હાજરી આપી શકીશું નહીં. દરેક રીતે સફળ થાય એમ ઇચ્છીએ છીએ. અમલમાં મુકી શકાય તેવા ઠરાવો પસાર કરશો.

જૈન યુવકોદય મંડળ રાધનપુર—આમંત્રણ બદલ આભાર વરસાદને લઇને રસ્તાઓ ખરાબ થઇ ગયેલ હોવાથી આવી શકવું અશકય છે. અમારી પુરેપુરી સંમતિ છે. દરેક પ્રકારે સફળતા ઇચ્છીએ છીએ.

શ્રી જૈન જ્ઞાન પ્રચારક મંડળ જુન્નેર—વિ. લખવાનું કે અમોએ પ્રતિનિધિનું નામ મોકલેલ હતું. પણ તેઓશ્રીને અત્યંત જરૂરીયાતનું કામ હોવાથી આવવાનું રદીત થયું છે. આપણા કાર્યમાં ફત્તેહ ઇચ્છીએ છીએ.

શ્રી જૈન યુવક મંડળ મહુવા—વિનંતી સાથ લખવાનું કે પરિષદ તરફથી આમંત્રણ મળ્યું તેને માટે ઉપરોક્ત મંડળની સભા એકત્ર થઇ હતી, જેમાં નીચે મુજબ ઠરાવ પસાર થયો હતો.

સમાજમાં ઐકય, યુવક સંગઠન, રચનાત્મક કાર્ય કેસરીયાજી પ્રકરણ વિગેરેમાં અમો સહાનુભૂતિ દર્શાવીએ છીએ અને અમો ઇચ્છીએ છીએ કે આ પરિષદ જૈન સમાજમાં છિન્ન ભિન્ન થતી જતી પરિસ્થિતિની સુધારણા કરવામાં સફળ નીવડે. લી૦

પનાલાલ લલ્લુભાઇ શાહ.
ઉપરોક્ત સભાના પ્રમુખ.

જૈન યુવક સંઘ ધીણોજ.

આપની સંસ્થા તરફથી તમામ ગામોના "જૈન યુવક સંઘ" ના "પ્રતિનિધિ" મંડળની બેઠક વડોદરામાં મેળવવા માટે જે શુભ પ્રયત્ન કરવામાં આવ્યો છે, તે બદલ અમો આપની સંસ્થાના કાર્યવાહકોને અભિનંદન આપીએ છીએ.

વિશેષમાં જૈન સમાજમાં આજે જે વીખવાદ ચાલી રહ્યો છે, તેનો અંત લાવવા માટે આ પ્રતિનિધિ મંડળ ઘટતું કરશે તેવી આશા છે. અમારી સંસ્થા તરફથી પ્રતિનિધિ નથી મોકલી શકયા તેને માટે દીલગીર છીએ. અમો આ પ્રતિનિધિ મંડળની સફળતાપૂર્વક ફત્તેહ ઇચ્છીએ છીએ. કેસરીયાજી જેવું આપણું એક મહાન તીર્થ આપણા હાથમાંથી સરી જતું કોઇપણ જૈન ઇચ્છે નહિ તે માટે પણ આ પ્રતિનિધિ મંડળ યોગ્ય કરશેજ તેવી આશા છે.

વિશેષમાં સાંભળવા મુજબ સાધુ સંમેલનની વાર્તા પણ સમાજમાં ચર્ચાઇ રહેલ છે તેને માટે પણ ઘટતું કરશેજ તેવી આશા છે.

જૈન મિત્ર મંડળ, બોટાદ.

× × × આજની પરિસ્થિતિ સંબંધી વિચારણા કરવા અને વિચારણાની અંતે કાર્ય પદ્ધતિ ઉપર સહુ એક મત થઇ સંયુક્ત શક્તિથી સમાજ હિત સાધવાની શુભ ભાવનાથી સહુ ભાઇઓનું ત્યાં એકત્ર થવું જાણી આનંદ થાય છે. અને આપ સહુના શુભ પ્રયાસમાં અમારો સંપૂર્ણ સહકાર છે × × ×

શ્રી હા. વિ. ઓ. યુવક મંડળ, જામનગર.

× × × આપની કમિટી જરૂર સંગીન કાર્ય કરી સમાજને ઘોર નિદ્રામાંથી ઉઠાડે એજ પ્રભુ પ્રાર્થના. સામાજીક, ધાર્મિક વિષય ઉપર આજે યુવાનોના સંગઠનની ખાસ જરૂર છે. પરંતુ ભાષણો કે ઠરાવ પસાર કરવાથી કાંઇપણ કાર્ય સિદ્ધ થતું નથી. × × × આપે ઉપાડેલું કાર્ય ફલિભૂત થાય એજ ઇચ્છા.

આ ઉપરાંત શ્રી ભીમજી હ. સુશીલ, શ્રી ચંદ્રકાન્ત સુતરીયા, શ્રી હરિલાલ શીવલાલ શાહ, નેમીનાથ બ્રહ્મચર્યાશ્રમ, ચાંદવડ, શ્રી ચીમનલાલ દ. શાહ, વિગેરેના સંદેશાઓ પ્રેરણાત્મક હતા.

ઓ યુવાન! તારે સમાજને જીવાડવો હોય તો, સામાજીક ધર્મના નામે ચાલતી અર્થહીન રૂઢીઓને તોડી પાડ બાળ લગ્ન-વૃદ્ધ લગ્નને અટકાવવા કટીબદ્ધ થા–નાની જ્ઞાતિઓને જમીનદોસ્ત કરી સારા જૈન સમાજમાં–રોટી બેટીનો વ્યવહાર ચાલુ કરાવવા પ્રયત્ન કર!

જૈન યુવક મહામંડળની સ્થાપના.

સંગઠ્ઠનની યોજના મંજુર થઇ; કેસરીયાજી અંગે ઠરાવ.

પ્રમુખસ્થાને વડોદરાના સરસુબા મણીલાલ બાલાભાઈ નાણાવટી.

સમાજની પરિસ્થિતિની સુધારણા અંગે-સેવા અંગે-યુવકોને સમૂહબળમાં એકત્રિત કરવા ઘણા વખતથી લખાતું-ચર્ચાતું, એટલે તેને અંગે બની શકે તે ગોઠવણ કરવા મુંબઇ જૈન યુવક સંઘે ચાલુ સાલના કાર્યક્રમમાં એક સંગઠ્ઠન કમિટી નીમેલી. આ કમિટીએ પત્ર વહેવાર, તેમ મુસાફરી કરીને આખરે વડોદરા પસંદ કરેલું; અને ત્યાંના શ્રી જૈન યુવક સંઘે દરેક સગવડ બજાવવાનું હર્ષથી સ્વિકાર્યું, એટલે શ્રી મુંબઇ જૈન યુવક સંઘે સમગ્ર ધર્મને માનનારી સંસ્થાઓને આમંત્રી ભાદરવા શુદ ૧૩ વડોદરા મુકામે પ્રતિનિધિ સંમેલન ભરવાનો નિરધાર કર્યો.

પંદર દિવસનો ટુંકો ગાળો-વચગાં પર્યુષણપર્વ, છતાં પર્યુષણ પછી છે દિવસમાં સંસ્થાઓના પ્રતિનિધિના નામો ચુંટાઇને આવેલા તેનો વિગતવાર હેવાલ આજ અંકમાં બીજા પાના પર રજુ કરવામાં આવ્યો છે.

કામકાજની શરૂઆત.

તા. ૨-૯-૩૩ ના રોજ રાત્રિના આઠ વાગે સર સયાજીરાવની પૂનિત ભૂમિ વડોદરામાં ઘડીયાળીની પોળમાં જૈન ધર્મશાળાની અંદર જુદી જુદી સંસ્થાઓના એકતાલીસ પ્રતિનિધિઓ અને લગભગ પોણોસો પ્રેક્ષકોની હાજરીમાં વડોદરા રાજ્યના **સરસુબા, અને જૈન કોમના એક પ્રતિષ્ઠિત આગેવાન શ્રી. મણીલાલ બાલાભાઇ નાણાવટીના પ્રમુખપણા** નીચે પ્રતિનિધિ સંમેલનની બેઠક ભરવામાં આવી હતી; પ્રતિનિધિઓ અને પ્રેક્ષકોમાં શ્રીયુત દલીચંદ વીરચંદ, શ્રીયુત મહાસુખભાઇ ચુનીલાલ, શ્રીયુત ઉમાભાઇ લીલાચંદ ઝવેરી, શ્રીયુત સકરાભાઇ લલ્લુભાઇ, ડો. અમીચંદ છગનલાલ, શ્રીયુત મૂળચંદ આશારામ વૈરાટી, શ્રીયુત મણીલાલ રાજવૈદ્ય શ્રીયુત મણીલાલ ખુશાલચંદ વિગેરે આગેવાનો નજરે પડતા હતા.

શરૂઆતમાં મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી શા. અમીચંદ બેમચંદે આમંત્રણ પત્રિકા વાંચી અને અન્ય મંત્રી શ્રી. રતિલાલ સી. કોઠારીએ પ્રાથમિક નિવેદન વાંચી સંભળાવ્યા બાદ વિસનગર નિવાસી શ્રી. મહાસુખભાઇ ચુનીલાલે પ્રમુખની દરખાસ્ત મૂકતાં જણાવ્યું કે "બંધુઓ, આપણા સમાજમાં જે સુધારાની આવશ્યકતા છે તે થતી નથી, અને કરવાની જરૂર છે છતાં નથી કરતા એટલે આપણા સામાજિક કોમોમાં સરકાર હાથ નાંખે છે તે આપણા માટે શરમાવા જેવું છે.

પ્રમુખશ્રીની દરખાસ્ત.

સમાજ સુધારણા, સંગઠ્ઠન વિના, જોઇએ તેવી થવી અસંભવિત છે, તેથી સંગઠ્ઠનનો વિચાર કરી નિર્ણય કરવા આપણે એકત્ર થયા છીએ. તો આપણને દોરવણી કરનારની-આગેવાનની-પ્રમુખની જરૂર છે; તેથી હું શ્રીયુત મણીલાલ બાલાભાઇ નાણાવટીની પ્રમુખ તરીકેની દરખાસ્ત મુકું છું. જેઓમાં ઉત્સાહ, અને જૈન સુધારા માટેની બહુ તાલાવેલી છે; તેમ તેઓને બહુ અનુભવ છે. રાજકિય પ્રકરણ અને રાજ્યસત્તા જેના ખ્યાલમાં હોય તેવા અનુભવી ગૃહસ્થને પ્રમુખ તરીકે નીમીશું તો આજની નૌકા તેઓ બરાબર પાર ઉતારશે; આથી હું તેમને પ્રમુખ તરીકે નીમવાની દરખાસ્ત મૂકું છું, તેને વડોદરા નિવાસી શ્રીયુત ઉમાભાઇ લીલાચંદ ઝવેરીના ટેકો અપાયા બાદ તાલીયોના ગડગડાટ વચ્ચે પ્રમુખશ્રીએ પ્રમુખસ્થાન લીધું હતું.

પ્રમુખસ્થાનેથી વક્તવ્ય.

"ભાઇઓ આજ બપોરે મને આવવાનું આમંત્રણ મળ્યું હતું. એટલે વિષય ઉપર તૈયારી કરવાનો વખત મળ્યો નહોતો. તેમ ભાષણોમાં વખત ગુમાવવા કરતાં આપણે એક બીજાના વિચારો જાણી નિર્ણય ઉપર આવી, આગળ ઉપર કઇ રીતે કામ કરી શકીએ તેજ મુદ્દાની દલીલોથી વિચાર કરશું તો વખત ઓછો જશે અને કામ જલદી આટોપાશે.

યુવાન વિચારોમાં વયને સ્થાન નથી; જેના વિચારો યુવાન છે, તેજ યુવાન ગણાય, તે માને કે હું નિર્ભય છું, શક્તિમાન છું. તેજ યુવક, ભલે ગમે તે ઉમરનો હોય છતાં તે યુવાનજ છે.

મ્હારે તમારૂં ધ્યાન ફરીથી એ મુદ્દા પર ખેંચવાનું કે ભાષણો કરી વખત ન ગુમાવતાં જે કાર્ય અંગે ભેગા થયા છીએ તેની ચર્ચા શરૂ કરીએ, મ્હારે જે કાંઇ કહેવાનું હશે, તે વિષયો આવતા જશે, તેમ કહેતો જઇશ."

પ્રમુખશ્રીના ટુંકા અને મુદ્દાસર વિવેચન પછી શા. અમીચંદ બેમચંદે સંમેલનની ફતેહ ઇચ્છનાર જુદે જુદે સ્થળેથી આવેલ સંદેશાઓ વાંચી સંભળાવ્યા હતા. બાદ મંત્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ યુવક સંગઠ્ઠન અંગેનું કાર્ય રજુ કર્યું હતું, જે અંગે પ્રમુખશ્રીએ અસરકારક શબ્દોમાં ટુંક વિવેચન કર્યા બાદ તે (સંગઠ્ઠન) અંગે ભાઇ જમનાદાસ ગાંધી, મહાસુખભાઇ ચુનીલાલ, ડો. અમીચંદ છગનલાલ, રતિલાલ બી. શાહ, માણેકલાલ એ. ભટેવરા, કેશવલાલ મંગળચંદ વિગેરે જુદા જુદા પ્રતિનિધિઓએ પોતાના વિચારો છુટથી દર્શાવ્યા બાદ-પ્રમુખસ્થાનેથી નીચે મુજબ ઠરાવ મૂકવામાં આવ્યો હતો.

હિન્દુસ્તાનમાં આપણી શ્વે. મૂ. જૈન કોમમાં જે યુવક સંઘોને તેને લગતી સંસ્થાઓ હોય તેનું સંગઠ્ઠન કરવાની આવશ્યકતા આ સભા સ્વિકારે છે.

સર્વાનુમતે પાસ થયા બાદ-પ્રમુખશ્રીએ સામાન્ય ધ્યેય-ફીડ નક્કી કરવા સંબંધી પ્રતિનિધિઓના અભિપ્રાય જાણી, નીચે મુજબ પ્રમુખસ્થાનેથી ઠરાવ મૂકયો હતો.

"આ સભા જૈન યુવક સંઘોના સંગઠ્ઠન માટે સામાન્ય ધ્યેય નક્કી કરવાનું ઠરાવે છે;" જે ત્રણ વિરૂદ્ધ મતે પાસ થયો હતો.

"ધ્યેયનો ખરડો તૈયાર કરવા નીચેના ગૃહસ્થોની કમિટી નીમવામાં આવે છે" જેને આવતી કાલની સભામાં ખરડો રજુ કરવો.

૧ પ્રમુખ સાહેબ મણીલાલ બાલાભાઇ–નાણાવટી.
૨ ભાઇશ્રી ઉમાભાઇ લીલાચંદ ઝવેરી–વડોદરા.
૩ ,, રતિલાલ ખ્હેચરદાસ–ખંભાત.
૪ ,, મહાસુખભાઇ ચુનીલાલ શેઠ–વીસનગર.
૫ ,, ડો. અમીચંદ છગનલાલ- સુરત.
૬ ,, કેશવલાલ મંગળચંદ શાહ–પાટણ.
૭ ,, જમનાદાસ અગરચંદ ગાંધી–મુંબઇ.
૮ ,, મણીલાલ ખુશાલચંદ પરીખ–પાલણપુર.

મજકુર કામકાજ વખતે રાતનો લાંબો સમય થવાથી, બીજા દીવસે આચાર્ય વિજયધર્મસૂરીની જયંતિ અને કમિટીને ખરડાનું કાર્ય હોવાથી, બીજે દિવસે એટલે તા. ૩-૯-૩૩ ના રાત્રિના સાડા સાત વાગે પ્રતિનિધિ મીટીંગ મળવાનું જાહેર થતાં આજનું કામ પુરૂં કરી સભા વિસર્જન થઇ હતી.

બીજા દીવસની બેઠક.

તા. ૩-૯-૩૩ ના રોજ રાતના સાડા સાત વાગે બીજા દીવસની બેઠક મળતાં સઘળા પ્રતિનિધિઓ હાજર થતાં કામકાજ ચાલુ કરવામાં આવતાં, પ્રથમ કાર્ય તરીકે ગઇ કાલની મીટીંગે નીમેલી કમિટીનું ધ્યેય-ઉદ્દેશનો ખરડો ચર્ચા માટે પ્રમુખશ્રીએ રજુ કર્યો હતો. એકે એક કલમ ઉપર કેટલીક ચર્ચા બાદ સુધારા વધારા સાથે પ્રમુખસ્થાનેથી રજુ કરવામાં આવ્યો હતો જે સર્વાનુમતે પાસ થયો હતો.

મહામંડળનો ઉદ્દેશ.

૧ જૈન સમાજનું શારીરિક તેમજ માનસિક બળ ખીલવવું અને તે હેતુસર જુદા જુદા ઉપાયો યોજવા.
૨ સમાજમાં જે ખર્ચાળ અને ખોટા રિવાજો હોય તે દૂર કરવા.
૩ સ્ત્રી તેમજ પુરૂષોમાં કેળવણી પ્રચાર માટે હરેક તરેહના ઉપાયો યોજવા.
૪ જૈન સમાજમાં ઐકયતા અને સંગઠ્ઠન થાય તેવા સતત્ પ્રયત્નો કરવા અને જ્યાં કુસંપ હોય ત્યાં ટાળવા પ્રયત્ન કરવા.
૫ જૈન સિદ્ધાન્તોનો પ્રચાર જૈન તેમજ જૈનેતર પ્રજામાં કરવો.
૬ સમાજ સેવા માટે ઉત્સુકતા અને તૈયારી રાખવી.
૭ હાલમાં જૈન કોમની જે સંસ્થા હોય તેની સાથે સહકાર કરી ઉપરના કાર્યક્રમમાં મદદ કરતા થવું.
૮ સ્વદેશીના પ્રચાર માટે દરેક બનતા પ્રયત્ન કરવા.

ઉપર પ્રમાણે ઉદ્દેશ પાસ થયા પછી ઉપરના ઉદ્દેશને માન્ય રાખનારી જે સંસ્થાઓ જોડાય અને એકત્રિત સંસ્થા બને તેનું નામ નક્કી કરવાની ચર્ચા થતાં "જૈન યુવક મહામંડળ" નું નામ પાસ થવા પહેલાં ભાઇ માણેકલાલ ઓ. ભટેવરાએ સુચના તરીકે ઉપરોક્ત જૈન યુવક મહામંડળને All India Jain Yuvak Sangh's federation એ નામથી ઓળખવું; કારણ કે શબ્દના અર્થમાંજ સમાયલું છે કે દરેક સંઘ ઉપરોક્ત ઉદ્દેશોને અમલમાં મૂકે તેમજ સાથે સાથે પોતાની જરૂરીયાત પ્રમાણે કંઇ વધારે રચનાત્મક કાર્ય પોતાના સંઘને નામે ઉપાડી શકે; અલબત્ત એ કાર્ય મહામંડળના ઉદ્દેશોની વિરૂદ્ધ ન જ હોઇ શકે. Federation શબ્દ વાપરવામાં ન આવે તો સંઘનું કામ ક્રાન્તિકારક નીવડી શકે નહિં. થોડી ચર્ચા બાદ–સૂચનાનો સ્વિકાર કરી, સંસ્થાનું નામ **"શ્રી જૈન યુવક મહામંડળ"** (All India Jain Yuwak Sangh's Federation) સર્વાનુમતે પાસ થયા બાદ હાલ જે યુવક મંડળો, સંઘો, અસ્તિત્વમાં છે તેઓ કેવા બંધારણથી અને કેવી રીતે કામ કરે છે, તેની માહીતી મેળવવી અને જેઓ મહામંડળના ઉદ્દેશને અનુસરી જોડાવા તૈયાર હોય, તેમના અભિપ્રાય મંગાવવા અને જેઓ જોડાવા માંગતા હોય તેમને જોડીને, મહામંડળના કાર્યની શરૂઆત કરવાના મુદ્દા ઉપર ચર્ચાની શરૂઆત થઇ.

એકત્રિત થઇનેજ છુટા પડો.

ભાઇ માણેકલાલ ઓ. ભટેવરાએ ટુંકું પણ સચોટ વિવેચન કરતાં જણાવ્યું કે આપણે અહિંથી "સુધરેલું રડવું કુટવું" કરીને પાછા વળવાનું નથી; કારણ કે પાછળથી યુવક સંઘો પાસે જઇને તેમને મહા મંડળના ઉદ્દેશો પહોંચાડવા એવો જો આ સભાનો નિર્ણય હોય તો મ્હારો સખ્ત વિરોધ છે. દરેક દરેક યુવક સંઘનો પ્રતિનિધિ અત્રે હાજર છે અને તેથી દરેક યુવક સંઘ પણ હાજર છે; તો તેમને હાલને હાલજ કેમ ન જોડી દેવા? પ્રતિનિધિઓ અહિંયા ફક્ત અત્રે ઘડેલા મહામંડળના ઉદ્દેશો સંભળાવવા સંઘોના Messanger તરીકે નથી આવ્યા, પણ હાલના યુવકોને પાનખર ઋતુનાં પાંદડા જેવી વિખરાયેલી સ્થિતિમાંથી તેમનું એક મથાળા હેઠળ સંગઠ્ઠન કરવાને મળ્યા છીએ; તેથી તે કામ હાલજ આટોપી કાઢવું જોઇએ. આપણે ફક્ત ગપ્પાં હાંકીને પાછા જઇશું તો કોમમાં આ સભાની હુંશા તુંશી થશે અને યુવાનો ઉપર એક મહાન્ ભૂલનો 'Historical Blunder' આક્ષેપ મૂકાશે. દરેકે દરેક યુવાનને પોતાના જાતિધર્મના ઉત્કર્ષ માટે ધગશ હોય છે; અને તે ધગશને અમલમાં મૂકવાની આવી તક જો આપણે ગુમાવી બેસીશું તો આપણને શરમાવાનું થશે; માટે એકત્રીત સંસ્થા અહિંજ સ્થાપીને આપણે પાછા જવાનું છે; અને આ મહામંડળમાં હમારો શ્રી મહારાષ્ટ્ર યુવક સંઘ જોડાવાની પહેલ કરવા તૈયાર છે; અને એવી રીતે બીજા સંઘોને જોડીને એક Working Commitee નીમાવી જોઇએ કે જેથી આ મહામંડળનું કામ આજથીજ શરૂ થઇ ગયેલું ગણાય."

તેમના આટલા ધગશ ભર્યા પ્રવચનથી સભાના વ્હેણ બદલાયાં, એટલે નવી ચીનગારી ઉતરી પડવાથી પ્રમુખ સાહેબ તેમજ સભાએ એ ચિનગારીને સર્વાનુમતે વધાવી લઇ મહા મંડળનું કામ તે વખતથીજ શરૂ થઇ જવુંજ જોઇએ એમ નક્કી કરવામાં આવ્યું. જેના પરિણામે ત્રેવીસ સંસ્થાઓમાંથી પધારેલા પ્રતિનિધિઓમાંથી હાલ તુરત આ મહામંડળમાં નિચેની ચૌદ સંસ્થાઓ જોડાઇ.

૧ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ મુંબઇ.
૨ શ્રી વડોદરા જૈન યુવક સંઘ વડોદરા.
૩ શ્રી અમદાવાદ જૈન યુથલીગ અમદાવાદ.
૪ શ્રી પાટણ જૈન યુવક સંઘ પાટણ.

૫ શ્રી મહારાષ્ટ્ર જૈન યુવક સંઘ નાસિક.
૬ શ્રી જૈન સ્વયંસેવક મંડળ મુંબઇ.
૭ શ્રી જૈન યુવક મંડળ ભાવનગર.
૮ શ્રી જૈન સેવા મંડળ ખંભાત.
૯ શ્રી ભરૂચ જૈન યુવક સંઘ ભરૂચ.
૧૦ તરૂણ ભારત જૈન કલબ મુંબઇ.
૧૧ શ્રી મહાવીર ચારીત્રાશ્રમ સોનગઢ.
૧૨ સ્તંભ તીર્થ જૈન મંડળ મુંબઇ.
૧૩ વીશાશ્રીમાળી જૈન યુવક મંડળ ભાવનગર.
૧૪ જૈન સત્ય પ્રચારક મંડળ મુંબઇ.

ઉપરના મંડળો મહામંડળમાં જોડાયા બાદ મહામંડળનું કાર્ય ચાલુ કરવા ઉપરના મંડળોમાંથી નીચેના સાત સભ્યોની એક વર્કીંગ કમિટી નીમવામાં આવી.

૧ જમનાદાસ અમરચંદ ગાંધી
૨ મણીલાલ એમ. શાહ. } મંત્રીઓ.
૩ અમીચંદ ખેમચંદ શાહ.
૪ માણેકલાલ એ. ભટેવરા નાસીક.
૫ કેશવલાલ મંગળચંદ શાહ પાટણ.
૬ મૂળચંદ આશારામ વૈરાટી અમદાવાદ.
૭ ઉમાભાઇ લીલાભાઇ ઝવેરી વડોદરા.

ઉપર પ્રમાણે સાત સભ્યોની નિમણુંક બાદ શ્રીયુત મણીલાલ બાલાભાઇ નાણાવટી અને શા. દલીચંદ વીરચંદને કોઓપરેડ મેમ્બર તરીકે દાખલ કરી નવની કમિટી નક્કી કરવામાં આવી.

ઓફીસ. મહામંડળની હેડ ઓફીસ હાલ સુરત મુંબઇ ખાતે રાખવાની દરખાસ્ત મહાસુખભાઇ–ચુનીલાલે મૂકી હતી; અને અનુમોદન શેઠ સકરાભાઇ લલ્લુભાઇએ આપ્યા બાદ તે ઠરાવ સર્વાનુમતે પાસ થયો હતો.

કેસરીયાજી પ્રકરણ.

મહામંડળને–સંગઠ્ઠનને લગતું કામકાજ પુરૂં થયા બાદ શ્રી કેસરીયાજી તીર્થના અંગે પ્રમુખશ્રીએ પ્રતિનિધિઓને વિચારો જણાવવાની સૂચના કરતાં ભાઇ મણીલાલ જેમલ શેઠે જણાવ્યું કે "આજે દરેક જૈન યુવક સંસ્થા જાણે છે કે આપણું કેસરીયાજી કેટલું મુસ્કેલીમાં ઉભેલું છે; છતાં કોણ યુવક, કોણ શ્રીમંત, કોણ વિદ્વાન, કે સાધુ, કોઇના ધ્યાનમાં આવતું નથી તે શરમાવા જેવું છે. આપણી પેઢી અને કોન્ફરન્સ શું કરે છે તેનાથી જનતા અજાણ છે, છતાં એમ સંભળાય છે કે પેઢી કાંઇક કરે છે. શું કરે છે ? તે આપણે જાણતા નથી અને તેની આશાએ જ જો યુવકો એસી રહે તો જેવી રીતે પાલીતાણાનું કલંક હોરીને ગુલામીખત લખાઇ લીધું છે, તેવીજ સ્થિતિ ઉભી ન થાય માટે યુવાનોએ વિચાર કરવાની જરૂર છે. આપણે કામ કરશું તો જેઓ કાંઇ પણ કરતા હશે તેના પણ હાથ મજબુત થશે; માટે આપણે પહેલા તકે લોક મત તૈયાર કરવા પ્રોપેગેન્ડા કરવાની જરૂર છે. ઉદેપુરે આપણા તીર્થ ઉપર હાથ નાંખ્યો છે, છતાં આપણે જો ભોગ નહિ આપીએ તો તીર્થની રક્ષા જરાય નહિ થઇ શકે. તમે કદાચ એમ માનતા હો કે આપણે પૈસાના જોરે જીતીશું; તો પણ ભવિષ્યમાં તો આફતજ છે. તેથી મ્હારી દરેક યુવકને આગ્રહપૂર્વક વિનંતિ છે કે ભોગ વિના ચુમાવેલું નહિ મેળવી શકાય. તેથી દરેક યુવાને પોતાના વ્હાલા તીર્થ માટે જેટલો અને તેટલો ભોગ આપવાની જરૂર છે. ભોગ પાષાણ હૃદયી મનુષ્યને પણ નમાવી શકે છે." બાદ ભાઇ મણીલાલ ખુશાલચંદ પરીખે જણાવ્યું કે " પૈસાથી આ કામ થાય તેમ જણાતું નથી. કઠીનમાં કઠીન પ્રશ્ન છે અને જો આટલેથી ડરી જઇશું તો કાંઇ થવાનું નથી. જો કે હું શારિરીક દ્રષ્ટિએ કામ કરી શકું તેમ નથી છતાં તૈયાર છું; અને દરેક યુવકને અરજ કરૂં છું કે આપણે તૈયાર થવું જોઇએ. એટલામાં વચમાં એક અવાજ થયો કે **આપણા સાધુઓ શું કરે છે.** આ પ્રશ્ન પર જુદા જુદા પ્રતિનિધિઓ તરફથી ખૂબ ઉહાપોહ થતાં આણંદજી કલ્યાણજીની પેઢીના બે ત્રણ પ્રતિનિધિઓએ ટુંકમાં પરિસ્થિતિ સમજાવતાં છેવટે પ્રમુખસ્થાનેથી સર્વાનુમતે નીચે મુજબનો ઠરાવ પાસ થયો હતો.

'આ સભા આગ્રહપૂર્વક શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને ભલામણ કરે છે કે કેસરીયાજી પ્રકરણનો નિકાલ જલદીથી થાય એવા પ્રયત્નો કરે.'

ત્યારબાદ પ્રમુખશ્રીએ કહ્યું હતું કે આપણે ભાષણો કરવા એકત્રિત થયા નહોતા પણ રચનાત્મક દ્રષ્ટિએ યુવાનો કેમ એકત્રિત થઇ કાર્ય કરી શકે તે અત્રે નિર્ણય કરવા ભેગા થયા હતા; અનેક ચર્ચાઓ અને વિચારોના પરિણામે મહામંડળ સ્થાપી શકયા છીએ અને આ રીતે આપણા મહત્વના કામની શરૂઆત થાય છે. ભાષણો કરવા કરતાં આપણે યુવક મિત્રો સંગઠીત બળ એકત્ર કરી કાર્યમાં મંડી પડીએ અને તોજ ભેગા થયા એનું પરિણામ લાવ્યા ગણાઇશું. એથી તમે મારી પાસે વધુ વકતવ્યની આશા નહિ રાખતા કામે મંડી પડશો એમ હું ઇચ્છું છું.

આભાર.

શ્રી મહાસુખભાઇ ચુનીલાલે પ્રમુખશ્રીનો આભાર માનવાની દરખાસ્ત મુકતાં કહ્યું હતું કે કુનેહથી અને શાન્તિ પૂર્વક કામ લઇ આપણને વીતંડાવાદમાં ન ઉતરવા દેતાં સૌને છૂટથી સાંભળી આપણું કાર્ય નિર્વીઘ્ને પાર પાડયું છે; આશા છે કે ભવિષ્યમાં યુવાનોને તેઓશ્રી પૂરતો સાથ આપશે. બાદ રતિલાલ સી. ઝોહારીએ એ દરખાસ્તને ટેકો આપતાં શ્રી વડોદરા જૈન યુવક સંઘનો આભાર માનવાનું ઉમેર્યું હતું.

મુંબઇ જૈન યુવક સંઘનો આભાર.

નાસીકવાળા માણેકલાલ એ. ભટેવરાએ કહ્યું હતું કે શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો આપણે ખાસ આભાર માનવો જોઇએ; કારણ કે તેઓએ પરિશ્રમ લઇ આપણ સૌને એકત્રિત કર્યા છે. અત્યાર સુધી આ સંઘે આપણા સમાજમાં ચૈતન્ય લાવવા ખૂબ જહેમત ઉઠાવી છે, તે બદલ આપણે સૌ તેમના ખૂબ ઋણી છીએ અને હું આભાર માનવાની દરખાસ્ત મુકું છું. તેને સુરતવાળા ડો. અમીચંદ છગનલાલે અનુમોદન આપતાં કહ્યું હતું કે મુંબઇ જૈન યુવક સંઘેજ આપણને અત્યાર સુધી જાગૃત રાખ્યા છે, અને બીજી આપણી યુવાન સંસ્થાઓને દોરવણી આપી છે. તેઓએ સમાજમાં પ્રોપેગેન્ડા દ્વારા ખૂબ આંદોલન ખડું કર્યું છે. આજે પણ આપણને એકત્રીત કર્યા અને આપણે આ મહામંડળ સ્થાપી શકયા છીએ તે તેમને જ આભારી છે.

ત્યાર બાદ શ્રી રતિલાલ ખંભાતવાળાએ અનુમોદન આપ્યું હતું અને પછી સૌ વીરપ્રભુનો જય બોલી વીસરજન થયા હતા.

સમાજ નૌકાને સ્થિર કરી પ્રગતિના પંથે ધપાવવાની મહેચ્છાએ જુદે જુદે સ્થળેથી ચુંટાયેલ પ્રતિનિધિઓની યાદી.

૧	શ્રી	વેલચંદ ઉમેદચંદ વકીલ	અમદાવાદ
૨	,,	લલ્લુભાઇ જે. ઘડીયાલી	,,
૩	,,	સમર્થમલ સીંધી	સીરોહી
૪	,,	તારાચંદ દોશી	,,
૫	,,	બી. પી. સીંધી	,,
૬	x ,,	બુધાલાલ યુ. મ્હેતા	સાણંદ
૭	,,	બાલાભાઇ અચરતલાલ	અમદાવાદ
૮	x ,,	સકરાભાઇ લલ્લુભાઇ	,,
૯	x ,,	ઉમેદચંદ નેમચંદ શાહ	ભરૂચ
૧૦	x ,,	ધરમચંદ ત્રિભોવનદાસ શાહ	,,
૧૧	x ,,	જાદવજી વીરજી દેશાઇ	મુંબઇ
૧૨	x ,,	દુર્લભદાસ ઝવેરચંદ શેઠ	સોનગઢ
૧૩	x ,,	મોહનલાલ પાનાચંદ	નવસારી
૧૪	x ,,	છગનલાલ દેવચંદ	,,
૧૫	x ,,	ઠાકોરદાસ છગનલાલ શાહ	રાંદેર
૧૬	x ,,	નાથાભાઇ સોમચંદ શાહ	,,
૧૭	,,	રતીલાલ મોહનલાલ વકીલ	પાદરા
૧૮	,,	બાપુલાલ મલુકચંદ શાહ	,,
૧૯	x ,,	અમીચંદ છગનલાલ ડો.	સુરત
૨૦	x ,,	મણીલાલ એમ. શાહ	મુંબઇ
૨૧	x ,,	જમનાદાસ અમરચંદ ગાંધી	,,
૨૨	x ,,	હરગોવન ગીરધરલાલ શાહ	ભાવનગર
૨૩	x ,,	અમરચંદ કુંવરજી શાહ	,,
૨૪	x ,,	માણેકલાલ એ. ભટેવરા	નાશિક
૨૫	,,	બુલાખીદાસ અનોપચંદ શાહ	દેહગામ
૨૬	,,	મણીલાલ ડાહ્યાલાલ	જુન્નેર
૨૭	x ,,	દીપચંદ પાનાચંદ માસ્તર	ખંભાત
૨૮	x ,,	ચીમનલાલ જેઠાલાલ શાહ	,,
૨૯	x ,,	રતીલાલ ખેચરદાસ શાહ	,,
૩૦	,,	નાગરદાસ મગનલાલ દોશી	ભાવનગર
૩૧	,,	યશવંતરાય ગીરજાશંકર પાઠક	,,
૩૨	x ,,	મૂળચંદ આશારામ વૈરાટી	અમદાવાદ
૩૩	x ,,	કેશવલાલ હરખચંદ ઓસવાલ	નાસીક
૩૪	x ,,	લલ્લુભાઇ છોટાલાલ	મુંબઇ
૩૫	,,	ધનરાજ ઝવેરચંદ પરમાર	સુરત
૩૬	,,	ખીમચંદ ઝવેરચંદ વકીલ	,,
૩૭	x ,,	લલ્લુભાઇ રણછોડભાઇ શેઠ	,,
૩૮	,,	હીરાચંદ જીવણજી	,,
૩૯	x ,,	કેશવલાલ મંગળચંદ શાહ	પાટણ
૪૦	x ,,	મણીલાલ ગભરૂચંદ શાહ	,,
૪૧	x ,,	નાનુભાઇ મોતીલાલ	મુંબઇ
૪૨	x ,,	મણીલાલ ખુશાલચંદ પરીખ	પાલણપુર
૪૩	,,	એલ. એચ. લાલન	મુંબઇ
૪૪	,,	નાગરદાસ ગઢીઆ	,,
૪૫	,,	વીરજી પાલણ નાગડા	,,
૪૬	,,	જેઠાભાઇ વીરજી કારાણી	,,
૪૭	,,	ભાયચંદ અમરચંદ શાહ	ભાવનગર
૪૮	x ,,	મનસુખલાલ હીરાલાલ લાલન	જામનગર
૪૯	x ,,	મણીભાઇ જેમલભાઇ શેઠ	મુંબઇ
૫૦	,,	મોહનલાલ દીપચંદ ચોકસી	,,
૫૧	x ,,	રતિલાલ ભીખાભાઇ	,,
૫૨	x ,,	મણીલાલ બાલાભાઇ નાણાવટી	વડોદરા
૫૩	x ,,	કલ્યાણચંદ કેશવલાલ ઝવેરી	,,
૫૪	x ,,	ઉમાભાઇ લીલાભાઇ ઝવેરી	,,
૫૫	x ,,	ચીમનલાલ ભાઇલાલ શેઠ	,,
૫૬	x ,,	ઉત્તમચંદ નગીનદાસ ઝવેરી	,,
૫૭	x ,,	મહાસુખભાઇ ચુનીલાલ	વીસનગર
૫૮	x ,,	ઉત્તમચંદ હરગોવનદાસ	ભાવનગર
૫૯	x ,,	અમીચંદ એમચંદ શાહ	મુંબઇ
૬૦	x ,,	રતિલાલ સી. ઝોકારી	,,
૬૧	x ,,	અંબાલાલ ચતુરભાઇ	પેટલાદ
૬૨	x ,,	દલીચંદ વીરચંદ શેઠ	સુરત

x આ નિશાનીના નામો સિવાયના જે પ્રતિનિધિના નામો છે તેઓ ફેલ્લી ઘડીએ અણધાર્યા કામને લઇને આવી નહિ શકયા હોવાથી તેઓએ સંમતિના પત્રો અને સુચનાઓ મોકલી હતી.

(અનુ. પૃ.....૩૬૦ થી)

દાવો કરે છે કે તે તેમનું છે. ભોપાળની દિગમ્બર જૈન પંચાયતે તે સંબંધમાં તપાસ કમીશન નીમવાની ભલામણ કરી છે.

સ્વ. આ. વિજય ધર્મ સૂરિજીની અગીયારમી સંવત્સરી ઉજવાયાના હેવાલો વડોદરા, ભાવનગર, કલકત્તા મુંબઇ, પેથાપુર, દેહગામ, મહુવા, વગેરે જુદી જુદી જગ્યાએથી મળ્યા છે, અને એ બધા હેવાલો ઉપરથી જણાય છે કે ખુબ ઉત્સાહ અને ધામધુમ પૂર્વક દરેક સ્થળે સ્વ. સૂરિજીને અંજલિ અર્પવામાં આવી હતી. અને તેઓશ્રીના ગુણનુવાદ કરવામાં આવ્યા હતા.

પાટણ—વડોદરા રાજ્યના ધર્માધિકારી મે. નાડકરની સાહેબ તરફથી તા૦ ૩-૯-૩૩ ના રોજ બપોરના ત્રણ વાગે મુનિશ્રી પૂણ્યવિજયજીનું જૈન દર્શન એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન થયું હતું. મુનિશ્રીએ વિદ્વતા પૂર્વક સુંદર વિવેચન કર્યું હતું (એઓશ્રીનું વિગતવાર ભાષણ ખુબ મોડું મળવાથી અમે છાપી શકયા નથી.)

પાલણપુર—કન્યા કેળવણી માટે માસીક વચનો દશ વર્ષ માટે લેવાનું શરૂ થયું છે પુરતા વચનો મળેથી આદર્શ કન્યાશાળા ખોલાશે. (૨) શ્રી. ફોન્ફરન્સ ભરવા લગભગ નકકી થએલ પણ ના. નવાબ સાહેબ યુરોપ જતા હોવાથી મુલતવી રહ્યું હતું. તેઓશ્રીએ એકાએક પ્રવાસ બંધ રાખ્યો છે. મંત્રણાઓ ચાલે છે. મુંબઇના આગેવાનોના નિર્ણય પર લગભગ અધિવેશન ભરવાનું અવલંબી રહ્યું છે. (૩) એક હરિજન ભાઇએ પર્યુષણમાં અઠ્ઠાઇ કરી હતી ઉપાશ્રયે વાસક્ષેપ નંખાવા આવતાં એક મુનિશ્રીએ દુરથી તેને વાસક્ષેપ નાખ્યો, એ ઉપરથી કેટલાક રૂઢીચુસ્તોએ નકામો ખળભળાટ કર્યો હતો.

સહકાર આપી સંગઠ્ઠન શક્ય બનાવો.

ભાઇશ્રી,

આપ દરેકની એ માન્યતા હતી કે સંગઠ્ઠન સિવાય આપણે પ્રગતિ કરી શકીશું નહિં એ ભાવનાને અનુસરી વડોદરા મુકામે જુદા જુદા મંડળોના પ્રતિનિધિઓનું એક સંમેલન ભરવામાં આવેલું; અને તેમાં **શ્રી જૈન યુવક મહામંડળ** ની સ્થાપના થઇ છે તે આપ સૌ જાહેર પત્રો દ્વારા જાણી ચુકયા હશો.

બંધુઓ! જે મહામંડળની સ્થાપના થઇ છે તેમાં નીચેની ચૌદ સંસ્થાઓ જોડાઇ છે.

૧ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ	મુંબઇ	૮ શ્રી જૈન સેવા મંડળ	ખંભાત
૨ શ્રી વડોદરા જૈન યુવક સંઘ	વડોદરા	૯ શ્રી ભરૂચ જૈન યુવક સંઘ	ભરૂચ
૩ શ્રી અમદાવાદ જૈન યુથલીગ	અમદાવાદ	૧૦ તરૂણ ભારત જૈન કલબ	મુંબઇ
૪ શ્રી પાટણ જૈન યુવક સંઘ	પાટણ	૧૧ શ્રી મહાવીર ચારિત્રાશ્રમ	સોનગઢ
૫ શ્રી મહારાષ્ટ્ર જૈન યુવક સંઘ	નાસિક	૧૨ શ્રી સ્તંભતીર્થ જૈન મંડળ	મુંબઇ
૬ શ્રી જૈન સ્વયંસેવક મંડળ	મુંબઇ	૧૩ શ્રી વીસાશ્રીમાળી જૈન યુવક મંડળ	મુંબઇ
૭ શ્રી જૈન યુવક મંડળ	ભાવનગર	૧૪ જૈન સત્ય પ્રચારક મંડળ	મુંબઇ

મજકુર ચૌદ સંસ્થાઓમાંથી એક કામચલાઉ વર્કીંગ કમિટી નીમવામાં આવી છે, અને હાલ તેને જુદી જુદી સંસ્થાઓને મહામંડળના છત્ર નીચે એકત્ર કરવાનું, તેમ જ્યાં યુવાનોની સંસ્થાઓ ન હોય ત્યાં સ્થાપવાનું કામ હાથમાં લીધું છે આથી આપને તિનુપ્તિ કરવાની કે આપની સંસ્થા 'મહામંડળમાં' ન જોડાઇ હોય તો જોડવાનો નિર્ણય કરી નીચેના સરનામે જણાવવા મહેરબાની કરશો.

મહામંડળના ઉદ્દેશો નીચે મુજબ છે.

૧ જૈન સમાજનું શારીરિક તેમજ માનસીક બળ ખીલવવું અને તે હેતુસર જુદા જુદા ઉપાયો યોજવા.
૨ સમાજમાં ખર્ચાળ અને ખોટા રિવાજો હોય તે દુર કરવા.
૩ સ્ત્રી તેમજ પુરૂષ કેળવણી પ્રચાર માટે દરેક તરેહના ઉપાયો યોજવા.
૪ જૈન સમાજમાં ઐકયતા અને સંગઠ્ઠન થાય તેવા સતત પ્રયત્નો કરવા અને જ્યાં કુસંપ હોય ત્યાં ટાળવા પ્રયત્ન કરવો.
૫ જૈન સિદ્ધાન્તોનો પ્રચાર જૈન તેમજ જૈનેતર પ્રજામાં કરવો.
૬ સમાજ સેવા માટે ઉત્સુકતા અને તૈયારી રાખવી.
૭ હાલમાં જૈન કોમની જે સંસ્થાઓ હોય તેની સાથે સહકાર કરી ઉપરના કાર્યક્રમમાં મદદ કરતા થવું.
૮ સ્વદેશીના પ્રચાર માટે દરેક પ્રાન્તો કરવા.

આજે સમાજની સ્થિતિ છિન્ન ભિન્ન દશા ભોગવે છે તેમાંથી તેને ઉગારી લેવી હોય તો આપણે સમૂહ બળમાં એકત્ર થવાની જરૂર છે. મહામંડળના ઉદ્દેશો એટલા તો વિશાળ છે કે પ્રત્યેક નુતન વિચારવાદી અને સામાજીક સેવા કરતા સાથે રહી કામ કરી શકે. જ્યાં સુધી આપણે છુટા તારોની પેઠે વિખરાયલ રહીશું ત્યાં સુધી આપણી શક્તિઓનો વેગ ધીરો રહેશે; આથી આપણી શક્તિઓના સમૂહને મહામંડળમાં એકત્ર કરશું તો જરૂર સુંદર પરિણામ લાવી શકીશું.

સમાજના અનેક સળગતાં પ્રશ્નો ઉકેલ માંગે છે; તે દરેક પ્રશ્નોના ઉકેલ આપણે એક ઝંડા નીચે એકત્ર થઇશું તો જરૂર થોડે થોડે પણ કરી શકીશું; અમે ઇચ્છીએ છીએ કે આપ સત્વર આપની સંસ્થાને મહામંડળના સાથે જોડી દો અને સામાજીક ઉત્કાન્તિના આ પ્રયાસને સફળ બનાવો.

C/o મુંબઇ જૈન યુવક સંઘ.
૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ,
મુંબઇ ૩.

મણીલાલ એમ. શાહ.
જમનાદાસ અમરચંદ ગાંધી.
મંત્રીઓ.

(અનુ: પૃ .....૩૫૧ થી)

વેડાને ઉત્તેજન નજ આપે. પણ નિરાશ્રિતો માટે તેને કંઇક કરવું જોઇએ.

વિધવાઓનું સ્થાન.

હવે આપણે સમાજમાં વિધવાઓના સ્થાન પર આવીએ. પતિ ગુજરી જતાં વિધવા તેના કુટુંબમાં બોજા રૂપ થઇ પડે છે. માબાપની મીલકતમાં તેનો ભાગ હોતો નથી, પુત્ર ન હોયતો ધણીની મિલકત પર પણ તેનો હક્ક નથી. તે અપશુકનિયાળ મનાય છે; આમ તે હડધૂત થાય છે. તેની પાસે જે કાંઇ સ્ત્રી ધન હોય છે તે સાચવવાની કે તે ટકાવી રાખવાની તેનામાં તાકાત હોતી નથી; તેના જેઠ, દિયર કે ભાઇઓ તે સ્ત્રી ધન પણ લૂટી લેવાની, ઝડપી લેવાની બધીય તૈયારીઓ કરે છે. તે પ્રમાણિક રીતે પોતાનું જીવન શુદ્ધ ગાળી શકે તેવું વાતાવરણ પણ આપણી પાસે નથી. આટલાજ માટે આપણે વિધવાઓને સારી તાલીમ આપી પોતાના સ્ત્રી ધનનું રક્ષણ કરી શકે, પોતાના હકકોની માવજત કરી શકે, કોઇ તેને હડધૂત ન કરી શકે, તેટલી કેળવણી આપવાની વ્યવસ્થા કરી શકીએ, આ ઉપરાંત વિધવાઓનો સહકાર સમાજિક કાર્યોમાં પણ લઇ શકાય. વિધવાઓ માટે વિધવાશ્રમ કાઢી ત્યાં પવિત્ર જીવન ગાળવાનું વાતાવરણ જમાવી શકાય અને વિધવાઓને ત્યાં રાખી પ્રામાણિક પવિત્ર જીવન ગાળવાની અનુકુળતા કરી શકાય; નાનાં બાળકોની કેળવણીનું કે બાળિકાઓની કામ તેમને સોંપી શકાય, બાળાશ્રમોની વ્યવસ્થા તેમને સોંપી શકાય. આમ આપણે વિધવા જે સમાજને બોજારૂપ લાગે છે તેનો સાચો ઉપયોગ કરી શકીએ અને તેને પવિત્ર જીવન ગાળવાની અનુકુળતા કરી એમાંએ કામ એકી સાથે કરી શકીએ તેમ છીએ. "ચી."

અ.....વ.....ન.....વ.

પાટણ—પાટણમાં દીક્ષાના ઠરાવ અંગે સોસાયટી તરફથી કે. શા. જેશંગલાલ પ્રેમચંદ તથા શા. ભોગીલાલ હાલાભાઈએ સંઘ પક્ષના છત્રીસ ભાઈઓ ઉપર ઈંજેમેશનની ફરીયાદ અંગે ફરીયાદ પક્ષ તરફથી વડોદરા હાઈકોર્ટમાં કરવામાં આવેલી બે અપીલોને નામંજુર કરી આરોપી પક્ષ તરફથી પ્રાંત ન્યાયાધીશ આપેલા ચુકાદા વિરૂદ્ધ કરેલી અપીલ મંજુર કરી છત્રીસ આરોપીઓને હાઈકોર્ટના નામદાર ચીફ જસ્ટીસ સુરિજી અને ડામનિક આગેવાનો રૂબરૂ ચર્ચાની સુરિજી જણાવ્યું કે શ્રી પુણ્યવિજયજીનો લેખ "પ્રબુદ્ધ જૈન" આવેલ છે. અને સાગરજી ને દાનસૂરિજી પરસ્પર વિરોધી લેખો લખ્યા છે. વિગેરે કારણોને આગે પ્રથમ ૬ વિજયવલ્લભસૂરીશ્વરજી, પ્રવર્તક શ્રી કાંતિવિજયજી, શાન્ત મૂર્તિ શ્રી હંસવિજયજી મામરજી અને હાસૂરિ વિગેરે પાસે જઈ કુમુદ્રાત લાવો. કોઈ પણ સાધુ વિરોધી હોય ત્યાં સુધી હું વચમાં ન પડી શકું. મંત્રણા ચાલુછે. અમદાવાદથી કસ્તુરભાઈ શેઠ આવવાના છે.



વડોદરા યુવક સંમેલનમાં આવેલા જુદા જુદા મંડળોના ફોટલાક પ્રતિનિધિઓ ઉપરના ગ્રુપમાં નજરે પડે છે. મધ્યમાં ખુરશીપર સંમેલનના પ્રમુખ શ્રી. મણીલાલ બાલાભ.ઈ નાણાવટી દેખાય છે. જેઓ જૈન કોમના જાણીતા આગેવાન છે; અને વડોદરા રાજ્યમાં ૧૯૦૪ માં ન્યુડીશીયલ ખાતાના પ્રેસીડેન્સર તરીકે જોડાઇ આપ બળે આગળ વધતાં વધતાં જુદા જુદા હોદ્દાઓ ભોગવી હાલ સરસુબાના જવાબદાર આસને બિરાજે છે.

અને મે. મોતીભાઇ દેસાઇ સાહેબની બેંચે નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો ઠરાવ તા૦ ૧-૬-૩૩ ના રોજ આપ્યો છે.

ભાવનગર-સાધુ સંમેલનની મંત્રણા—અત્રે તા૦ ૬ ઠ્ઠી ના રોજ આ. શ્રી વિજયનેમિસૂરિ પાસે અમદાવાદથી પ્રતાપ શેઠ આ. ક. ની કમીટીના સભ્યો, પાટણથી શેઠ નગીનદાસ, મુંબઇથી શેઠ જીવતલાલ પ્રતાપસી શ્રી પોપટલાલ ધારશી, ઝવેરી પનાજી વિગેરે ગૃહસ્થો આવેલ છે. તેઓએ સંમેલન ભરવાની મંત્રણા તા૦ ૭ મી ના રોજ

(૨) શ્રી વિદ્યાવિજયજીનો "જન્મ વાંચન" ના દિવસે નાળીયેર વધેરાય કે? નો લેખ જૈન પત્રમાં છાપવા માટે કહેવાય છે કે સે. દેવચંદ દામજીને સંઘ બહાર કરવાના પ્રયત્નો થયા. પરંતુ એ શસ્ત્ર કોઇ અગમ્ય કારણે હાલ તો પડતું મુકવું પડયું છે.

લોહાળા—તા૦ ૫ મી એ. જૈનોએ એવો દાવો કર્યો છે કે રૂષભદેવનું દેવળ તેમનું પોતાનું છે. પરંતુ દિગમ્બરો એવો

(અનુ.....૩૫૮)

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩ માં છાપ્યું છે. અને ગોકલદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.